

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## ભાગ-૧











—: પ્રકાશક :—
શ્રી કુંદકુંદકહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ

वीतरागाय नमः।

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## (ભાગ - ૧)

**શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર
પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક**

(નાટક સમયસાર – ઉત્થાનિકા પદ ૧ થી ૫૧,
જીવ દ્વાર પદ ૧ થી ૩૫, અજીવ દ્વાર પદ ૧ થી ૭)

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન નં. ૧ થી ૩૩)

–: પ્રકાશક :–
શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ-૪૦૦૦૫૬

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૭૧ વીર સં. ૨૫૪૧ ઈ.સ. ૨૦૧૫

-: પ્રકાશન તિથિ :-

શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, પાર્લા-સાંતાક્રુઝ પ્રતિષ્ઠા પ્રસંગે
તા. ૧૭-૫-૨૦૧૫ થી ૨૨-૫-૨૦૧૫, વૈશાખ વદ-૧૪ થી જેઠ સુદ ૫

**નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન ભાગ-૧**

*** પુસ્તક પુરસ્કર્તા ***

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ**

## : પ્રાપ્તિસ્થાન :

* **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**
જિ. ભાવનગર
**ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

* **શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર**
**C/o શ્રી કુંદકુંદકહાન દિગંબર**
**જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ**
૪૭, ચર્ચ રોડ, ધનજી મહેતા ગ્રાઉન્ડ સામે
વિલેપાર્લા-(વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
**ફોન નં. ૦૨૨-૨૬૬૩૧૧૬૫**


* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લા (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨-૨૬૧૩ ૦૮૨૦ / ૨૬૧૦ ૪૯૧૨

* **શ્રી સીમંધર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
સોનીવાડી સામે, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ-૪૦૦૦૯૨**
**ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
**સોનગઢ (જિ. ભાવનગર)**
**મો. ૦૯૯૦૪૧૦૪૪૩૨**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## પૂજ્ય ગુરુદેવશ્રી વિષે બહેનશ્રીના ઉદ્‌ગાર

આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગ્રામ કરીએ એટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. તેમનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવી વાણી હતી. ગુરુદેવે તો સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. 'તરણ—તારણ' પોતે તરીને બીજાને તારનાર હતા.

✽

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસમાંથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઉતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

✽

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ, દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્‌ રાજચંદ્રના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો....શ્રુતની ધારા જુદી જ....

મને તત્ત્વની ઝંખના ઘણી. અંદરથી પોકાર આવતો પણ માર્ગની સ્પષ્ટતા તો ગુરુદેવે જ કરી. જેનાથી ઉપકાર થયો હોય તેનું નામ કેમ ભુલાય?

# પ્રસ્તાવના

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાયભાવાય: સર્વ ભાવાન્તરચ્છિદે ।।**

સદેહે વિદેહ જઈ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરનાર, ભરતક્ષેત્રમાં સીમંધર લઘુનંદન, જ્ઞાનસામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ, શુદ્ધાત્મામાં નિરંતર કેલી કરનાર હાલતા-ચાલતા સિદ્ધ સમ ભગવાન **શ્રી કુંદકુંદાચાર્ય** વિક્રમ સંવત ૪૯ની સાલમાં થયા હતા.

ભગવાન મહાવીરથી ચાલતા આવતા જ્ઞાનમાં આચાર્યોની પરંપરાથી શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદ પૂર્વના દસમાં વસ્તુ અધિકારના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા અને પરંપરાથી તે જ્ઞાન ભગવાન **કુંદકુંદ આચાર્ય**ને પ્રાપ્ત થયું હતું.

ભગવાન **કુંદકુંદ આચાર્ય** વિ.સં. ૪૯માં સદેહે મહાવિદેહમાં ૮ દિવસ ગયા હતા. તેમણે શ્રી સીમંધર ભગવાનના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મચર્ચાનો અમૂલ્ય ખજાનો હૃદયગત કરીને ભરતક્ષેત્રમાં આવી પંચ પરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મશાસ્ત્ર છે. જેમાં શ્રી **કુંદકુંદઆચાર્યે** ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે, જે ભવરહિત અશરીરી થવાનું શાસ્ત્ર છે.

શ્રી **કુંદકુંદઆચાર્ય** બાદ લગભગ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાન હૃદયને ખોલનાર, સિદ્ધપદ સાધક, મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી શ્રી સમયસાર શાસ્ત્રની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય **શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ**ને થયું. તેમણે “આત્મખ્યાતિ” નામની ટીકાની રચના કરી. તે ઉપરાંત તે ગાથા ઉપર ૨૭૮ માર્મિક કળશો તેમજ પરિશિષ્ટની રચના કરી. આ ટીકા વાંચતા પરમાર્થતત્ત્વના મધુર રસાસ્વાદી ધર્મજિજ્ઞાસુઓના હૃદયમાં નિઃસંદેહ આત્માનો અપાર મહિમા આવે છે, કેમકે આચાર્યદેવે તેમાં પરમ હિતોપદેશક, સર્વજ્ઞ

વીતરાગ તીર્થંકર ભગવંતોના હાર્દ ખોલીને અધ્યાત્મતત્ત્વના નિધાનો ઠાંસીઠાંસીને ભરી દીધા છે. અધ્યાત્મતત્ત્વના હાર્દને સર્વાંગ પ્રકાશનારી આ ''આત્મખ્યાતિ'' જેવી સુંદર ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન અધ્યાત્મગ્રંથની લખાયેલી નથી.

શ્રી સમયસાર કળશ ઉપર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલજી પાંડેએ ટીકા લખી છે, જે વિ.સં. સત્તરમી શતાબ્દીમાં થયા હતા. તે તેમણે રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી ભાષામાં લખેલી છે. સામાન્યબુદ્ધિના જિજ્ઞાસુ જીવો પણ સરળતાથી સમજી શકે એ રીતે વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક અને જોરદાર શૈલીથી ખુલ્લા કર્યા છે. ટીકામાં સ્થાને-સ્થાને નિર્વિકલ્પ સહજ સ્વાનુભવનું અતિશય મહત્વ બતાવ્યું છે અને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે. તેઓ કવિવર શ્રી બનારસીદાસથી થોડાક વર્ષો પહેલાં જ થઈ ગયા હોય એમ વિદ્વાનોનું માનવું છે.

શ્રી સમયસાર કળશની વિદ્વાન પં. રાજમલજીએ ટીકા કરી અને તેના ઉપરથી વિદ્વાન પં. કવિવર શ્રી બનારસીદાસજીએ ''નાટક સમયસાર''ની રચના કરી છે. આ ગ્રંથ અધ્યાત્મનું એક ઉજ્જવલ રત્ન છે.

પં. બનારસીદાસજીનો જન્મ વિ.સં. ૧૬૪૩ના મહા મહિનામાં મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી ગામમાં થયો હતો. તેમનું કુળ શ્રીમાળ હતું અને ગોત્ર બિહોલિયા હતું. વિદ્વાન કવિવર શ્રી બનારસીદાસજીએ પંડિત રાજમલજી રચિત ''સમયસાર કળશ'' ઉપરથી ''નાટક સમયસાર''ની રચના કરી હતી. તેમાં મંગલાચરણ તથા ઉત્થાનિકાના ૫૧ કળશ, જીવ દ્વારના ૩૫ કળશ, અજીવ દ્વાર—૧૪, કર્તા કર્મ ક્રિયા દ્વાર—૩૬, પુણ્ય-પાપ એકત્વ દ્વાર—૧૬, આસ્રવ દ્વાર—૧૫, સંવર દ્વાર—૧૧, નિર્જરા દ્વાર—૬૧, બંધ દ્વાર—૫૮, મોક્ષ દ્વાર—૫૩, સર્વવિશુદ્ધિ દ્વાર—૧૩૭, સ્યાદ્‌વાદ દ્વાર—૨૧+૧, સાધક સાધ્ય દ્વાર—૫૬, ચૌદ ગુણસ્થાનાધિકાર (ચતુર્દશ ગુણસ્થાનાધિકાર)—૧૧૫, ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિના—૪૦ પદની રચના કરવામાં આવી છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજુદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ, અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્મજ્ઞસંત, અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં, અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો

સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર**, અધ્યાત્મ યુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી** અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા **બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી, સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે. તેમ જ સોનગઢમાં એક જ રાતમાં સમ્યગ્દર્શન પામી **શ્રી નિહાલચંદ સોગાની**એ સોનગઢથી પોતાની મોક્ષયાત્રા શરૂ કરી.

પરમ દેવાધિદેવ ચરમતીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે "પરમાગમ સમયસાર" વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે, તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી, જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર ભારતવર્ષ તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિકયુગમાં દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો છે, તે જિનશાસન પ્રભાવક, કરુણામૂર્તિ પરમોપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે.

પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ ૪૫-૪૫ વર્ષો સુધી અલૌકિક પ્રવચનો તથા તત્ત્વચર્ચાઓ દ્વારા મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા. તેમણે ૧૫ શાસ્ત્રો ઉપર સળંગ તેમજ અન્ય સાત શાસ્ત્ર ઉપર અમુક પ્રવચનો તથા અમુક શાસ્ત્રો ઉપર ઘણીવાર પ્રવચનો કરેલા છે. અંદાજે ૯૪૦૦ કલાકના પ્રવચનો ટેપ તથા સીડીમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.

જો અક્ષરશઃ પ્રવચનના પુસ્તક બનાવવામાં આવે તો તેના ઘણા ફાયદા મુમુક્ષુઓને થાય. પ્રવચનમાં આવેલ બાબતને શાંતચિત્તે વિશેષ ઘોલન કરી શકે. ન સમજાતી બાબતને પૂછી શકે, તેમ જ કઈ અપેક્ષા અને ન્યાય પૂજ્ય ગુરુદેવ કાઢીને આપે છે તેનું અવલોકન પણ કરી શકે વગેરે. જુદા જુદા મંડળો તથા વ્યક્તિઓની ભાવના હતી કે બધા શાસ્ત્રોના અક્ષરશઃ પ્રવચન છપાય તો મુમુક્ષુઓને ઘણું લાભનું કારણ થશે.

અમારા પાર્લા મંડળમાં ટ્રસ્ટીઓ સમક્ષ મુમુક્ષુઓએ રજૂઆત કરતાં તેઓએ સહર્ષ અનુમોદના આપી અને પાર્લા મંડળે શ્રી નાટક સમયસાર ઉપર અક્ષરશઃ પ્રવચનો છપાવવાનું નક્કી કર્યું અને તે સંબંધી સંપૂર્ણ કાર્યવાહી શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદારને સોંપવામાં આવી. જેવી કે મુમુક્ષુઓ પાસે પ્રવચનો લખાવવા, તેને તપાસવા, કંપોઝ કરાવવા, બે વાર પ્રૂફ રીડિંગ તથા ભાષાકીય ચેક કરાવવા તથા છપાવવા વગેરે.

પાર્લા મંડળના નીચેના મુમુક્ષુઓએ કુલ ૧૯૭ પ્રવચનો છે તે અક્ષરશઃ લખી આપેલ છે. જેના નામ આ પ્રમાણે છે. વીણાબેન નંદુ–૯૩, મંજુબેન ગાલા–૪૧, નીતાબેન મધુભાઈ દોશી–૭, ફોરમબેન મનહરભાઈ પારેખ–૨, ઝરણાબેન કેતનભાઈ શાહ–૧, આશીષભાઈ કીર્તિભાઈ કોઠારી–૮, કેતનભાઈ ગોપાણી–૧, રૂપાબેન જયંતભાઈ બ્રોકર–૧, ઉષાબેન અરૂણભાઈ શાહ–૨, મનીષભાઈ ઇંદુબેન પીપલીયા–૧, વંદનાબેન સાવલા–૩, જયાબેન ગાલા–૧, દીવાળીબેન ગડા–૭, બેલાબેન દફતરી–૧, હેતલબેન અમિતભાઈ કોઠારી–૮, ભારતીબેન સાવલા–૨, અમીબેન રવાણી–૧, મિનાક્ષીબેન નંદુ–૧, પારૂલબેન અનુજભાઈ શેઠ–૧, પ્રીતિબેન ભાવેશભાઈ શાહ–૩, આશાબેન જીતેન્દ્રભાઈ મહેતા–૧, સૌમિલભાઈ મહેતા–૧, અજયભાઈ શાહ–૧, રજનીબેન જયેશભાઈ–૧, ઝવેરબેન છેડા–૧, હંસાબેન રાંભીયા-૧ તેમજ પ્રવચનો લખાવવામાં શ્રી લક્ષ્મીબેન સાવલાએ પણ ઘણો જ સાથ-સહકાર આપેલ છે.

પ્રવચનો તપાસી આપનાર મુમુક્ષુઓના નામ આ પ્રમાણે છે. દિલીપભાઈ સવાઈલાલ શેઠ–૬, પ્રીતિબેન ભાવેશભાઈ શાહ–૧, કિરીટભાઈ જોબાળિયા–૧૧, ચંદ્રકાંતભાઈ કેશવલાલ શાહ–૧, સ્વાતિબેન મોદી તથા કલ્પેશભાઈ મોદી–૧૦, અનિલભાઈ અજમેરા–૧, પારૂલબેન અનુજભાઈ શેઠ–૩, અનીલભાઈ પુનાતર–૧, રાજીવભાઈ ચંદ્રકાંતભાઈ વાધર–૧, બીપિનભાઈ શાહ–૧, ભવ્યભાઈ મહેતા–૬, જયંતભાઈ બ્રોકર–૩, મનીષભાઈ પીપલીયા–૧, દીવાળીબેન ગડા–૨ આશીષભાઈ કોઠારી–૧, રમીલાબેન પ્રતાપભાઈ શાહ, નીતાબેન મધુભાઈ દોશી–૨, લક્ષ્મીબેન સાવલા–૫, ફોરમબેન મનહરભાઈ પારેખ–૨, ઉષાબેન અરૂણભાઈ શાહ–૩, રજનીભાઈ શેઠ–૧, સૌમિલભાઈ મહેતા, આશીષભાઈ કીર્તિભાઈ કોઠારીએ પ્રવચન તપાસી આપેલ છે.

આ ઉપરાંત અન્ય મુમુક્ષુઓએ પણ પ્રવચનો ચેક કરવામાં મદદ કરી છે જે આ પ્રમાણે છે. શ્રીમતી મીનાબેન ભરતભાઈ, સોનગઢ, શ્રી આશીષભાઈ ગાંધી-મલાડ, શ્રી અતુલભાઈ ગાંધી-મલાડ, શ્રી કૌશિકભાઈ-મુલુંડ.

આ ઉપરાંત અતિ સૌથી મહત્વની અને ખૂબ જ ચીવટપૂર્વક સંપૂર્ણ જવાબદારી મલાડ મંડળના મુમુક્ષુ શ્રી અતુલભાઈ પ્રેમજીભાઈ જૈને નિભાવી છે. જેમકે તપાસેલ પ્રવચનને સાંભળીને તપાસવા અને કંપોઝ થયેલ પ્રૂફને પ્રવચન સાંભળીને તપાસવા વગેરે. ભાષાકીય રીતે શ્રી જયેશભાઈ નાગરદાસ કોઠારી (બોટાદ/કાંદીવલી)એ તપાસી આપેલ છે. ઉપરોક્ત સર્વે મુમુક્ષુઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચન ગ્રંથને સુંદર તથા સમયસર છાપી આપવા બદલ સ્મૃતિ ઑફસેટના નિલયભાઈ, નિજેશભાઈ તથા જ્ઞાનચંદજી જૈન સોનગઢનો આભાર માને છે.

જેટલા પ્રવચનો હિંદીમાં થયેલા છે, એની ભાષા હિંદી રાખીને ગુજરાતી લિપીમાં લખેલા છે. જ્યાં શબ્દો સ્પષ્ટ સંભળાતાં નથી ત્યાં .......(ડોટ) મૂકેલ છે. અમે અમારો પૂરો પ્રયાસ કર્યો છે કે ક્યાંય ભૂલ ન રહી જાય છતાં જો અમારાથી શરતચૂકથી જો કોઈ ભૂલ રહી ગઈ હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા માંગીએ છીએ. જો કોઈ ભૂલ તમારા ખ્યાલમાં આવે તો ધ્યાન દોરવા વિનંતી, જેથી આગળના પ્રકાશનમાં સુધારી શકાય.

કુલ ૧૯૭ પ્રવચન ૬ ભાગમાં પ્રકાશિત થશે. તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનરાશી અન્યત્ર છાપવામાં આવેલ છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુઓને વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે ભેટ આપવામાં આવશે.

અમારા પાર્લા જિનમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે નાટક સમયસારના અક્ષરશઃ પ્રવચન ભાગ-૧ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

અંતમાં, શ્રી નાટક સમયસાર ઉપરના અક્ષરશઃ પ્રવચનોનો સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણતા પ્રાપ્ત કરી જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી મંગલ ભાવના.

નૂતન શિખરબંધ જિનમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ
તા. ૧૭-૫-૧૫ થી ૨૨-૫-૧૫
વૈશાખ વદ-૧૪ થી જેઠ સુદ-૫
વિ.સં. ૨૦૭૧ વિ.સં. ૨૫૪૧

લિ.
શ્રી કુંદકુંદકહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ
ટ્રસ્ટ પાર્લા—સાંતાક્રુઝના
જય જિનેન્દ્ર

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**



# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમ | અધિકાર તથા પદ નંબર | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ કળશ નં. ૧-૨ | ૧ |
| ૨. | મંગલાચરણ પદ ૨, ૩, ૪, ૫ | ૧૯ |
| ૩. | મંગલાચરણ પદ ૫, ૬, ૭ | ૩૭ |
| ૪. | ઉત્થાનિકા પદ ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ | ૫૩ |
| ૫. | ઉત્થાનિકા પદ ૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૧૮ | ૬૯ |
| ૬. | ઉત્થાનિકા પદ ૧૮ થી ૨૧ | ૮૭ |
| ૭. | ઉત્થાનિકા પદ નં. ૨૨ થી ૨૬ | ૧૦૨ |
| ૮. | ઉત્થાનિકા પદ નં. ૨૮ થી ૩૦ | ૧૧૯ |
| ૯. | ઉપલબ્ધ નથી | ૧૩૪ |
| ૧૦. | ઉત્થાનિકા પદ નં. ૩૧,૩૨,૩૩ (હિંદી) | ૧૩૪ |
| ૧૧. | ઉત્થાનિકા પદ ૩૪, ૩૫, ૩૬ | ૧૪૯ |
| ૧૨. | ઉત્થાનિકા પદ ૩૬ | ૧૬૫ |
| ૧૩. | ઉત્થાનિકા પદ ૩૭ થી ૪૧ (હિંદી) | ૧૮૧ |
| ૧૪. | ઉત્થાનિકા પદ નં. ૪૩ થી ૫૧ | ૧૯૫ |
| ૧૫. | જીવદ્વાર, પદ નં. ૧, ૨ | ૨૧૨ |
| ૧૬. | જીવદ્વાર પદ ૩, ૪ (હિંદી) | ૨૨૯ |
| ૧૭. | જીવદ્વાર પદ ૫, ૬ | ૨૪૪ |
| ૧૮. | જીવદ્વાર પદ ૬, ૭, ૮. | ૨૬૦ |
| ૧૯. | જીવદ્વાર પદ ૯, ૧૦ | ૨૭૫ |
| ૨૦. | જીવદ્વાર પદ ૧૦,૧૧ ઉ | ૨૯૧ |
| ૨૧. | જીવદ્વાર પદ્ય ૧૨, ૧૩ | ૩૦૫ |
| ૨૨. | જીવદ્વાર પદ ૧૪, ૧૫ | ૩૨૧ |
| ૨૩. | જીવદ્વાર પદ ૧૬, ૧૭, ૧૮ | ૩૩૫ |
| ૨૪. | જીવદ્વાર પદ ૧૯, ૨૦, ૨૧ | ૩૫૧ |
| ૨૫. | જીવદ્વાર પદ ૨૨, ૨૩ | ૩૬૫ |
| ૨૬. | જીવદ્વાર પદ ૨૪ થી ૨૮ | ૩૮૦ |
| ૨૭. | જીવદ્વાર પદ ૨૮ થી ૩૨ | ૩૯૮ |
| ૨૮. | જીવદ્વાર પદ નં. ૩૨, ૩૩, ૩૪ | ૪૧૬ |
| ૨૯. | જીવદ્વાર પદ ૩૪–૩૫ | ૪૩૩ |
| ૩૦. | જીવદ્વારના સાર | ૪૪૯ |
| ૩૧. | જીવદ્વારનો સાર, અજીવદ્વાર પદ ૧, ૨ | ૪૬૫ |
| ૩૨. | અજીવ દ્વાર પદ ૨, ૩, ૪ | ૪૮૧ |
| ૩૩. | અજીવદ્વાર પદ ૪, ૫, ૬, ૭ | ૪૯૭ |

ૐ

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

# શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર

## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ
## શ્રી કાનજીસ્વામીના પ્રવચન

**પ્રવચન નં. ૧, ૧૭-૧-૭૧, રવિવાર, પોષ વદ ૬**
**મંગલાચરણ કળશ નં. ૧-૨ પર પ્રવચન**

આ સમયસારની છેલ્લી ગાથામાં છે.

કહે છે, કે આ 'સમયસાર' મારું કરેલ નથી (એમ) અમૃતચંદ્રાચાર્ય કહે છે, કે એ તો શબ્દથી બન્યું છે. હવે કહે છે કે જો નિમિત્ત નૈમિત્તિક વ્યવહારથી કહીએ (તો એમ કહેવાય છે જ કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું.) કારણ કે શબ્દ છે—એ શબ્દની રચનાથી શાસ્ત્ર બન્યું છે. કારણ કે શબ્દની રચના પરમાણુની પર્યાય, રજકણોની અવસ્થા છે. પરમાણુ છે, જડ છે, એ અવસ્થા અક્ષર, અક્ષરપણે થાય છે. આત્મા એને કરી શકતો નથી. તે સમયે, તે જ પ્રકારે ભાષાના પરમાણુઓ જે રીતે અક્ષરરૂપે પરિણમવાના હોય છે, તે રીતે પરિણમે છે. આત્મા એ ભાષાને કરી શકે એમ નથી.

એ તો પહેલા કહ્યું હતું કાલે. પહેલા નિશાળ ધૂળી નિશાળથી હાલતું, 'સિદ્ધો વર્ણમ સમામ્નાયઃ' નિશાળમાં ૭૦ વર્ષ પહેલાંની વાત છે. ૭૨ (વર્ષ) પહેલાં આ શબ્દ જોયેલો ધૂળી નિશાળમાં, 'સિદ્ધો વર્ણમ સમામ્નાયઃ' અક્ષરની આમ્નાય અનાદિની છે. એવો એનો અર્થ છે. બધું ચાલતું હતું પંડિતજી! તમારે ચાલતું હશે ત્યાં. અમારે ધૂળી નિશાળમાં ધૂળી નિશાળ. આપણે મોક્ષમાર્ગ પ્રકાશમાં છે એ શબ્દ. અક્ષરના રજકણો છે એની જે અવસ્થા છે એ તો અનાદિની નક્કી થઈ ગયેલી છે. એ અક્ષરોથી બને છે.

આત્મા વાણી ને બનાવે એમ છે (નહિ,) એમ પહેલી વાત થઈ ગઈ.

હવે કહે છે કે નિમિત્ત નૈમિત્તિકથી, વ્યવહારથી કહીયે, એટલે રચનાકાળમાં કોનું નિમિત્ત હતું. વિકલ્પ અને જ્ઞાન કોનું ઉપસ્થિત હતું, એનાથી જો વાત કરીએ તો એમ પણ કહેવાય છે કે અમુક કાળે અમુક પુરુષે કર્યું, કહેવાય છે હોં! કર્યું છે નહિ. કારણ કે (એ વખતે) નિમિત્ત હતું એમ ગણીને પરમાણુની પર્યાય તો પરમાણુથી જ થઈ છે. એમાં કાંઈ ત્રણ કાળમાં, કોઈ એનો કર્તા–હર્તા નથી પણ (એમાં) નિમિત્તપણું કોનું હતું, તેનાથી કહીએ તો એમ પણ કહેવાય કે આ કાર્ય અમુક પુરુષે કર્યું, આ ન્યાયે.

પાછો આનો અર્થ એવો કરે છે કે નિમિત્તથી, વ્યવહારથી તો કરી શકાય છે કે નહિ? ખોટી વાત છે તદ્દન વળી. પરમાણું એના કારણે પરિણમે, વળી વ્યવહારે આત્મા કરે એનો અર્થ શું થયો? (શ્રોતા : અનેકાન્ત), અનેકાન્ત એટલે શું? એની વ્યાખ્યા ફુદડીવાદ છે કાંઈ? જડ, જડની અવસ્થા પણ કરે અને આત્મા પણ કરે, એમ બે વાત છે? એમ નથી. પણ નિમિત્તપણે એનું જ્ઞાન કરાવવા શાસ્ત્રની રચના અમે કરીએ, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. (શાસ્ત્રની રચના કરી) એમ નથી છતાં કહેવું એનું નામ વ્યવહાર છે. પુરુષે કર્યું એમ આ ન્યાયે 'આત્મખ્યાતિ' ટીકા અમૃતચંદ્રાચાર્યકૃત છે.

આ હિસાબે વ્યવહારથી (કહેવાય છે) તેથી તેને વાંચનારા (માટે) ઉપકાર માનવાની અપેક્ષાએ (કહેવાયું છે.) સાંભળનારા વડે તેમનો ઉપકાર માનવો પણ વ્યાજબી છે. જેના શબ્દોમાં (ઉપદેશમાં) જેનું નિમિત્ત હતું એનો ઉપકાર માનવો પણ વ્યવહારે યથાર્થ છે. કારણ કે તેને (ઉપદેશને) વાંચવા, સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે. ભગવાન આત્માનું જેવું સ્વરૂપ છે એવું આ વાંચનથી અંતરની યોગ્યતાથી તે સમજવામાં આવે છે, તેનું શ્રદ્ધાન તથા આચરણ થાય છે. વાસ્તવિક આત્માનું જ્ઞાન થતાં, એની શ્રદ્ધા થતાં, એમાં આચરણમાં રમણતાનું ચારિત્રપણું પ્રગટ થાય છે. મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાઆચરણ દૂર થાય છે. (એમ) અસ્તિ–નાસ્તિ કરી. સત્ય સમજવાથી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ-આચરણનો નાશ થાય છે, પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. આમ 'શ્રી સમયસાર'ની ટીકા અમૃતચંદ્રાચાર્ય દેવ વિરચિત 'આત્મખ્યાતિ' પૂરી થઈ.

(શ્રોતા : નિરંતર અભ્યાસ કરો તો બીજું કામ ક્યારે કરવું?) એની રટણ લગાડવી જોઈએ એનું નામ નિરંતર અભ્યાસ. વકીલાતનો અભ્યાસ કરતા હશે ત્યારે (વાત) કેવી લાગતી હશે? એમ ને એમ લગની લાગી રહેવાની, આ ગોખવું ને આનું આ કરવું ને આનું આ કરવું. (શ્રોતા : કઈ દલીલ લાગુ પડશે તે બધું ગોખવું પડે ને?) હા,

એમ ને એમ ન હાલે. આહાહા!......વારંવાર એના અભ્યાસની (લગની લાગવી જોઈએ). વસ્તુ સ્વરૂપ આવું છે, આવું તત્ત્વ છે. સર્વજ્ઞએ જોયેલું, સર્વજ્ઞએ કહ્યું, એવું જ સ્વરૂપ વેદનમાં આવે એવી જાત છે. એને આ અભ્યાસ દ્વારા સમજી, શ્રદ્ધા કરવી, આચરણ કરવું.

હવે પં. જયચન્દ્રજી ટીકા પૂર્ણ કરે છે.

**कुन्दकुन्दमुनि कियो गाथाबंध प्राकृत है प्राभृतसमय शुद्ध आतम दिखावनू,**
**सुधाचंद्रसूरि करी संस्कृत टीकावर आत्मख्याति नाम यथा तथ्य भावनू;**
**देशकी वचनिकामें लिखि जयचंद्र पढै संक्षेप अर्थ अल्पबुद्धिकूं पावनू,**
**पढो सुनो मन लाय शुद्ध आत्मा लखाय ज्ञानरूप गहौ चिदानंद दसावनूं ।**

આ ૧૯મી વાર આ 'સમયસાર' સભામાં પૂરું થાય છે. ૩૯ વર્ષ થયા (પરિવર્તનને). ૧૯મી વાર પહેલેથી તે આ (સંવત) ૨૪ના ભાદરવા વદ એકમે શરૂ કર્યું, તે આજ આ પૂરું થાય છે. અઢી વર્ષે, એમ એવા ૧૯મી વાર પૂરું થાય છે. ૧૯મી વાર ઓલા 'સમયસારનાટક'ની સભામાં (વાંચવાની) ભાઈ નવનીતભાઈની માંગણી હતી. એથી થઈ છે હોં!.......'कुंदकुंद मुनि कियो गाथा बंध' કુંદકુંદઆચાર્ય સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં સંતમુનિ આનન્દકંદના અનુભવનારા હતા. એમણે ગાથા કરી. પ્રાકૃત, પ્રાકૃત સમય, સમય પ્રાકૃત કે સાથ સારસમયસાર 'शुद्ध आतम दिखावनू।' (શ્રોતા :—શુદ્ધ આત્મા દેખાડું.)

પુણ્ય-પાપ વિનાનો વસ્તુનો જે સ્વભાવ એને દેખાડવા માટે 'સમયસાર' કહ્યો. સુધાચંદ્રસૂરિ—સુધા નામ અમૃત, અમૃતચંદ્રસૂરીએ ટીકા કરી આની ('સમયસાર'ની) સંસ્કૃત ટીકા હોં એ પણ પ્રધાન ટીકા, અલૌકિક ટીકા, 'आत्मख्याति' નામ. એનું નામ 'આત્મખ્યાતિ' આપ્યું ટીકાનું નામ. આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ આવો આત્મા છે. એમ વાણી દ્વારા વસ્તુને પ્રસિદ્ધ, વાચ્ય અને વસ્તુને પ્રસિદ્ધ કરી છે. 'यथावत भावनु' જેમ છે તેમ તેની ભાવના કરી છે. 'देशकी वचनिकामें लिखंत जयचंद्र' જયપુરના (પંડિત) જયચંદ્ર હતા. તેમને ચાલતી ભાષામાં દેશ એટલે ચાલતી (ભાષા) વચનિકામાં લખી.

'पढै संक्षेप अर्थ', બહુ ટૂંકો અર્થ લખ્યો છે. 'अल्पबुद्धिको पावुं'. અલ્પ બુદ્ધિવાળા લોકોને પામી શકાય છે. વિશેષ તો મહા-ગહન વસ્તુ છે. અલૌકિક વસ્તુ છે. આત્મા એટલે શું? એને બતાવવા માટે મહા-ગહન વાણી છે. સાધારણ બુદ્ધિવાળાને સમજવા માટે તો થોડું લખ્યું છે. 'पढो सुनो मन लाय' મનને એમાં મૂકીને, ગોઠવીને, ભાવ શુદ્ધ

લહાય, 'शुद्ध आत्मा लखाय' શુદ્ધ ચિદાનંદસ્વરૂપ, એકલો જ્ઞાતાદ્રષ્ટાનું સત્વ—તત્ત્વથી લખાય, નામ જણાય. 'ज्ञानरूप गहो' એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. એમાં બીજો વિકલ્પ કે શરીર વાણી કાંઈ છે નહિ એવું લખો. 'गहौ चिदानंद दर्शावुं'—જ્ઞાનાનંદના દર્શાવા, દેખવા માટે જ્ઞાનરૂપ છે એમ અનુભવ કરો.'समयसार अविकार का वर्णन कर्म सुनंत, द्रव्य-भाव-नो कर्म तजी, आत्मतत्त्व लखंत' 'સમયસાર'નો, અવિકારી 'સમયસાર' એટલે આત્મા સચ્ચિદાનંદપ્રભુ, પૂર્ણાનંદનો નાથ, એવો નિર્દોષ આત્મા એનું वर्णन कर्म सुनंत, વર્ણન કરનાર અને સાંભળનાર.

'द्रव्य-भाव-नो कर्म तजि', દ્રવ્યકર્મ-જડ, ભાવકર્મ—પુણ્ય-પાપના વિકલ્પ, નોકર્મ—શરીર, ત્રણેને 'तजि, आत्मतत्त्व लखंत', ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એમ લખંત એટલે જાણે છે. આ પ્રમાણે આ 'સમયપ્રાભૃત' નામના શાસ્ત્રની 'આત્મખ્યાતિ' નામની સંસ્કૃત ટીકાની ચાલતી ભાષામાં વચનિકા લખી છે. સંસ્કૃત ટીકાનો અર્થ પણ લખ્યો છે અને અતિ સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે. વિસ્તાર કર્યો નથી. સંસ્કૃત ટીકામાં તો ન્યાયથી સિદ્ધ થયેલા પ્રયોગો છે. તેમનો વિસ્તાર કરવામાં આવે તો અનુમાન પ્રમાણના પાંચ અંગો છે. બહુ ન્યાયનો વિષય છે. પ્રતિજ્ઞા કરવી, પછી હેતુ બતાવવો, ઉદાહરણ દાખલો આપવો એની સાથે ઉપનય મેળવવો અને છેલ્લો સરવાળો કરવો.

એક એક વાતમાં પાંચ—પાંચ બોલ ઉત્પન્ન થાય. આહાહા! પ્રતિજ્ઞા દ્વારા અમે આ કહેવા માંગીએ છીએ. એમ એનો હેતુ આ છે, દાખલો આ છે, મેળ આ છે અને સરવાળો આ છે. આ પાંચ બોલ છે. બહુ લાંબી વાત છે. જરી સાધારણ જીવના મગજની (વાત નથી.) સમજાણું? એ પાંચ અંગો સ્પષ્ટતાથી, વ્યાખ્યાન લખતા ગ્રંથ બહુ વધી જાય; તેથી આયુષ્ય થોડું, બુદ્ધિ થોડી, બળ થોડું, સ્થિરતા થોડી એવી અલ્પતાને લીધે, જેટલું બની શક્યું તેટલું સંક્ષેપથી, પ્રયોજન માત્ર લખ્યું છે. જરૂરિયાત આત્માને સમજવાની ને આત્માનો અનુભવ કરવાની છે એટલું પ્રયોજન માત્ર લખ્યું છે.

એ વાંચીને ભવ્ય જીવો! હે લાયક આત્માઓ! પદાર્થને સમજજો. કોઈ અર્થમાં હિનાધિક, હિન અને અધિક દેખાય તો ટીકાના મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો. આ ગ્રંથની ગુરુપરંપરાનો વિચ્છેદ થઈ જશે. મહાઅધ્યાત્મ સ્વરૂપ અલૌકિક જ એની પરંપરા તૂટી જશે. માટે જેટલો બની શકે તેટલો અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્વાદ જિનમતની આજ્ઞા માને, વીતરાગની આજ્ઞા માને તેમને વિપરીત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય, તો અર્થનો વિશેષ (ખુલાસો) બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠગ્રાહી હોતા

નથી. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમ સમજવા માટે તે જીજ્ઞાસા રાખતા હોય છે. હવે અંતમંગળને અર્થે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરી શાસ્ત્ર સમાપ્ત કરીએ છીએ :—

મંગલશ્રી અરહંત નમો ઘાતિયા કર્મ નિવારે,
મંગળ સિદ્ધ મહંત કર્મ આઠોં પરજારે;
આચારજ ઉવજ્ઝાય મુનિ મંગળમય સારે,
દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે;

મંગળ અરિહંત ભગવાન ચાર કર્મનો નાશ કરી પરમાત્મ પદ પ્રગટ કર્યું સદેહે તેને અરિહંત કહીએ. 'ઘાતિયા કર્મ નિવારે' એણે ઘાતિ કર્મ જે આત્માની દશામાં હીણી કરવામાં, નિમિત્તપણામાં કર્મો છે તે તેણે ટાળ્યા છે. 'મંગલ સિદ્ધ મહંત' સિદ્ધ પરમાત્મા એણે તો શરીર રહિત થઈને, એકલો આત્મા આનંદમૂર્તિ થયાં છે. મહંત એટલે મોટો આત્મા, સિદ્ધ હતા એવા થઈ ગયા છે. 'કર્મ આઠેં પરજારે', આઠે કર્મનો એણે નાશ કર્યો છે. પરજારે એટલે બાળ્યાં છે. 'આચારજ ઉવજ્ઝાય', વીતરાગી સંત, આત્માના આનંદમાં, સાધક વીતરાગપણામાં એવાં આચાર્ય, ઉપાધ્યાય એટલે સાચાં તત્ત્વના ભણનારા, મુનિ એટલે સ્વરૂપનાં સાધનારા. મંગળ બધા, ત્રણે મંગળમય સાર. ત્રણે મંગળમય છે. 'દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે' આચાર્ય છે. દીક્ષા દે, શિક્ષા દે. 'દેય ભવ્યજીવનિકૂં તારે'.

અટ્ઠાવીસ મૂલગુણ ધાર જૈ સર્વસાધુ અણગાર હૈ
મૈં નમૂં પંચગુરુચરણ હેતુ કરાર હૈ.

અઠ્યાવીસ મૂળગુણના ધારનારા, પંચમહાવ્રત, સામાયિક કરવી વગેરે એવાં અઠ્યાવીસ (મૂળગુણધારક) સર્વસાધુ અણગાર, જેટલા સંતો આત્માનાં આનંદના સાધકો એ બધાં આવાં હોય છે. 'મૈં નમૂ પંચગુરુચરણકૂં' અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એના ચરણકમલને નમું છું. 'મંગલ હેતુ કરાર', ચોક્કસ તે મંગળના કારણો છે. 'મંગલ હેતુ કરાર' છે. માંગળિકના હેતુ, પાપના નાશ અને પવિત્રતાની પ્રાપ્તિમાં નિમિત્ત છે તેવું મંગળ હેતુ કરાર તક છે.

હવે પોતાનો જરા ઈતિહાસ કહે છે. લખનાર, 'જૈપુર નગરમેં તેરાપંથ શૈલી બડી' જયપુર મોટું નગર છે. જૈનની વસ્તી ઘણી છે. ૨૦૦ તો ત્યાં મંદિરો છે. ૨૦૦ મંદિરો જયપુર. બે વખત ગયા છીએ. આ ૩જી વાર જવાનું છે હવે વૈશાખમાં. 'તેરાપંથ શૈલી' ત્યાં વીસપંથી અને તેરાપંથી એમ બે ભાગ છે ને. તેરાપંથ શૈલી બડી. જયપુર 'બડે બડે ગુની જહાં પઢે ગ્રંથ સાર હૈ', મહા મોટા મોટા ધર્માત્માઓ છે. ત્યાં પઢે છે. 'ગ્રંથ સાર'

ગ્રંથનો સાર પઢે છે. 'જયચંદ્ર નામ મૈં હૂં' એમાં જયચંદ્ર નામનો હું એક થયો. 'તિનિમેં અભ્યાસ' કંઈક મને થોડો અભ્યાસ હતો 'કિયો બુદ્ધિસારુ' મારી બુદ્ધિ પ્રમાણે. બુદ્ધિસારુ એટલે બુદ્ધિ પ્રમાણે, મેં અભ્યાસ શાસ્ત્રનો કર્યો. 'ધર્મરાગ તેં વિચાર હૈ'. ધર્મના પ્રેમથી મેં વિચારીને 'સમયસાર ગ્રંથ તાકી દેશકે વચનરૂપ' 'સમયસાર' ગ્રંથની ચાલતી ભાષામાં ભાષા કરી.

'પઢો સુનૂ, કરો નિરધાર હૈ' ભણો, નહિ તો સાંભળો, કરો નિર્ધાર ભગવાન આત્માનો, કેવો છે આત્મા ઈ (શ્રોતા : સાંભળવાથી કાંઈ થાય નહિ) ઈ બધું વ્યવહારે એમ જ આવે. એય સાંભળ્યું એને કહેવાય. કહે છે એવું સમજ્યો ત્યારે એણે સાંભળ્યું કહેવાય. વાતું બધી લાંબી કરતાં હોય. પૂરું ન થાય ત્યાં સુધી, શરૂ કરવું છે ને બીજું (શાસ્ત્ર), નહિતર એક એકમાં ઘણું સમાણું છે. સમજાણું કાંઈ? 'भाषा पढ़ो सुनो करो निर्धार' પણ ઈ સાંભળીને એણે જે કહ્યું છે તેવું અંતરમાં સ્વસંવેદન આનંદનું ભાન થાય ત્યારે તે પઢ્યો અને સાંભળ્યું એમ કહેવામાં આવે છે. એવી વાત છે. નહિતર ઈ સાંભળીને ઉપરથી કાંઈ કાઢી નાખ્યું એવું તો અનંતવાર કર્યું એવું તો.

'આપાપર ભેદ જાનિ હેય ત્યાગી ઉપાદેય'—આપા નામ કિંમતી ભગવાન આત્મા શુદ્ધ આનંદનું ધામ અને પર એટલે પુણ્ય-પાપ વિકલ્પથી માંડીને બધું પર. ભેદ જાણી, બેની જુદાઈને જાણીને અંતરમાં બેયને પૃથક્-પૃથક્ જાણીને, હેય-પુણ્ય-પાપ આદિ ભાવ હેય (છે), એને ત્યાગી 'ઉપાદેય ગહો શુદ્ધ આત્મકૂં' (પોતાનો આત્મા ઉપાદેય) શુદ્ધ ચિદાનંદ આત્માને ગ્રહો. આહા! જુઓ 'ઉપાદેય ગહો શુદ્ધ આત્મકૂં યહૈ બાત સાર હૈ' કહો એ શેઠ! આ વાત છે.......'સંવત્સર વિક્રમ તણૂં, અષ્ટાદશ શત ઔર, ચૌસઠિ કાર્તિક વદિ દશૈ, પૂર્ણ ગ્રંથ સુઠૌર' ૧૮૬૪ કારતક વદિ દશમે આ ગ્રંથ પૂરો થયો. પછી માથે લખ્યું. શ્રી કુંદકુંદદેવે 'સમયપ્રાભૃત' નામના પ્રાકૃતગાથાબદ્ધ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ 'આત્મખ્યાતિ' નામની ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થ માત્ર દેશભાષા વચનિકા શ્રી હિંમતલાલ જેઠાલાલ હવે નામ આવ્યું આ છેલ્લું. ત્યાં સુધી નામેય નાંખ્યું નહોતું એણે... કરી છે વળી કોકે કીધું .....આ હિંમતલાલ પંડિત.....હિંમતલાલ જેઠાલાલ શાહ એનાથી આ બનાવેલી આ ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો. લ્યો આ છેલ્લું પાનું.

હવે આ 'સમયસાર નાટક', આજ રવિવાર છે. મેળ પણ બધો છે. (સમયસાર નાટક સાંભળવાની) નવનીતભાઈની ભાવના, એમની હાજરીમાં શરૂ થાય છે. કહો સમજાણું કાંઈ? આ એક વાર તો વંચાઈ ગયું છે આખું. પહેલા પણ એકવાર વંચાઈ ગયું છે પણ એ હીરાભાઈના મકાનમાં. બે વાર વંચાણું. આ ત્રીજી વાર. (શ્રોતા : ત્રીજી વાર કાંઈ જૂદુ નીકળશે.)

## (અહીંથી 'શ્રી સમયસાર નાટક' શાસ્ત્ર પરનું વાંચન શરૂ થાય છે.)

આ બનારસીદાસ એક મહા(કવિ), ૩૦૦ વર્ષ પહેલાં ગૃહસ્થ થયા. એના બાપને એક જ પુત્ર હતો. એની જુવાનીમાં વ્યભિચારી થઈ ગયેલાં બનારસીદાસ. એમાંથી વળી કોઈ સંગ મળ્યો, સુધર્યા. કવિ જબ્બર, એણે વિષય સંબંધીના શ્રૃંગારના શાસ્ત્રો ઘણાં રચેલાં. જ્યાં આત્માનું ભાન થયું અને સાચો સંગ મળ્યો. (શ્રૃંગારના શાસ્ત્રો) ગંગાનદીમાં ગોમતીમાં નાખી દીધા. છે ને એક ફોટામાં, બીજામાં નહિ? એમાં નહીં....જુઓ તો ખરા ફોટો. આ કાઢ્યું'તું હમણાં આ, લ્યો.

આ બનારસીદાસ છે. આ એનો માણસ છે.....જેણે ગંગાનદીમાં પાના નાંખી દીધા. કવિ તો કવિ બહુ જબ્બર. સમ્રાટ તુલસીદાસને મળેલાં રામાયણ બનાવ્યું છે ને. તુલસીદાસ ને એ (બનારસીદાસ) ભેગા થયાં. આનું સાંભળીને તુલસીદાસ બહુ સંતોષ પામ્યા. તુલસીદાસનું બધું લખાણ છે. પછી તુલસીદાસે એક પાર્શ્વનાથની સ્તુતિ બનાવી એ આમને ભેટ કરી. આમણે રામાયણની (સ્તુતિ) બનાવી એને ભેટ કરી....આ પાના બધા નદીમાં જાય છે, નાંખે છે.....(નદીમાં)

પછી આ શાસ્ત્ર બનાવ્યું. આત્મભાન થયું છે. જુવાન અવસ્થામાં એકદમ પલટો માર્યો. ઓહોહો! આ ચૈતન્ય વસ્તુ. અરે, હું ક્યાં રહ્યો? શરીરની જુવાની, ફુટડી અવસ્થા, એમાં શૃંગારની વિષયની લંપટીએ ચડી ગયાં. પાછા ફર્યા. આહાહા! અરે! આ શું થયું? પછી આ અધ્યાત્મશાસ્ત્ર, આ 'સમયસાર'ની (વ્યાખ્યા કરી.) એમને રૂપચંદજીને મળેલા, 'ગોમ્મટસાર' બતાવેલું. એમાંથી ભાઈ! સમકિતદશામાં કેવી દશા હોય? એનો કેવો વ્યવહાર હોય? શ્રાવકની દશામાં કેવો અનુભવ હોય? કેવો વ્યવહાર હોય? એવું બધું સમજાવ્યું એટલે દૃષ્ટિ એમની ખીલી ગઈ પછી એમણે આ 'સમયસાર નાટક' બનાવ્યું.

એને રાજમલની ટીકા પહેલી મળી. ટીકા છે ને આપણે, કળશ ટીકા, આમાં નથી અત્યારે? .......કળશ ટીકા છે ને? સમયસાર કળશ ટીકા રાજમલ ટીકા. રાજમલ પણ જબ્બર થઈ ગયાં. એમણે આ (અમૃતચંદ્રાચાર્યના) કળશની ટીકા બનાવેલી. એ ટીકા વાંચીને આ 'સમયસાર નાટક' બનાવ્યું છે. એ બધું આવશે પાછળ, અહીં તો શરૂઆત કરીએ છીએ.

હવે માંગળિક તરીકે ૐ પહેલો અક્ષર છે. ભગવાનની વાણી પહેલી છે. 'ઓમકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે', સર્વજ્ઞપદ જ્યાં પ્રગટ થાય અંદર એટલે એને આવી (છદ્મસ્થ જેવી) વાણી ન હોઈ શકે. અખંડ દશા જ્યાં પ્રગટ થઈ ત્યાં વાણી એકાક્ષરી નીકળે. ૐ એવો ધ્વનિ આખા શરીરમાંથી અવાજ–ધ્વનિ (નીકળે). ઓમકાર

સુની અર્થ ગણધર વિચારે. એમાંથી ગણધરો બાર અંગનું તત્ત્વ ખેંચે. એમાંથી આ શાસ્ત્ર બનાવ્યું છે. પહેલો ૐ ને નમસ્કાર કર્યો છે. ઓમ પાંચ પદનું વાચક છે. 'श्री परमात्मने नमः' પરમ સ્વરૂપ એવો પરમાત્મા દશા આત્માની. જેણે પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રગટ થયાં છે એવા લક્ષ્મીવંત પરમાત્માને હું નમસ્કાર કરું છું. 'स्व. पं. बनारसीदासविरचित समयसार नाटक भाषाटीका सहित हिन्दी टीकाकारकी ओरसे मंगलाचरण' 'બુદ્ધિલાલ શ્રાવક બીજા છે એ આ ટીકા કરવા માંગે છે. એનું આ મંગલાચરણ છે.

## હિન્દી ટીકાકારનું મંગલાચરણ

निज स्वरूपकौ परम रस, जामैं भरौ अपार।
वन्दौं परमानन्दमय, समयसार अविकार॥१॥

પુસ્તક આવ્યાં, છે ને સૌના હાથમાં? અહીં હજી થોડા છે, જોઈતાં હોય તો. એ જયંતિભાઈ થઈ ગયું? ઠીક, નહિ તો છે થોડાં. મંગલાચરણ સૌના હાથમાં જોઈએ ને. કહે છે કે આ 'સમયસાર નાટક'માં શું ભર્યું છે. 'निज स्वरूपकौ परम रस' પ્રભુ આત્માનંદનો રસ કે નિજ સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ ને શાંત રસ છે, એ જેમાં ભરેલો છે. 'जामैं भरौ अपार' જેનો પાર નથી એવો આનંદ સ્વભાવ, આ સમયસાર નાટકમાં જાહેર પ્રસિદ્ધ કરે છે. बन्दौं परमानन्दमय' કહે છે કે એવો જે આત્મા સમયસાર શરીર, કર્મ અને પુણ્યપાપના ભાવકર્મ, વિકારી મેલ એ વિનાનો ચૈતન્યપ્રભુ આત્મા એવો નિજ સ્વભાવ જેણે પ્રગટ કર્યો એવો સમયસાર, અવિકાર 'परमानन्दमय' પરમ અતીન્દ્રિય આનંદમય છે, આનંદવાળોય નહિ એમ. આનંદમય પ્રભુ આત્મા તો પરમ આનંદમય છે. લોકોને ખબર નથી. આત્મા શું છે? કોને કહેવો? એની ખબરુયે નથી. 'वन्दौं परमानन्दमय' એકલો પરમ અતીન્દ્રિય શાંત, શાંત, શાંત અપાર અપરીમિત, અચળ, અતુલ, અનંત એવા પરમ આનંદમય ભગવાન આત્મા એને વંદન કરું છું. અહીં તો કહે છે વંદો બધાં, એમ કહે છે. સમજાણું કાંઈ?

कुन्दकुन्द मुनि-चन्द्रवर, अमृतचंद्र मुनि-इन्द।
आत्मरसी बनारसी, बन्दौ पद अरविन्द॥२॥

કુન્દકુન્દ મુનિ ચંદ્ર, ચંદ્ર, મુનિના ચંદ્રમાં પણ વર પ્રધાન સંવત ૪૯માં નગ્ન મુનિ દિગંબર કુન્દકુન્દાચાર્ય. આ ફોટો છે. ૨૦૦૦ વર્ષ પહેલાં સવંત ૪૯માં થયાં. એ કહે છે મુનિનાં ચન્દ્રમા સમ, મુનિ ચંદ્ર એમાં વર. 'अमृतचन्द मुनि-इन्द' એના પછી આ ટીકા કરનારા અમૃતચંદ્ર થયાં, એમનાં કળશો છે એટલે જેમ દેરાસર ઉપર કળશો હોય

એમ ટીકા ઉપર કળશ કરી છે. એ કળશોનો આમાં અર્થ ભર્યો છે. 'आत्मरसी बनारसी' આ બનારસી છે એ આત્માના રસિક હતાં. આત્માનાં અનુભવી હતાં. ગૃહસ્થાશ્રમમાં હતાં. બાયડી છોકરાં હતાં હો, એની સાથે સમ્યક્ત્વને કાંઈ સંબંધ જ નથી. રસ જ એનો નથી. આત્મા આનંદ સ્વરૂપ જ્યાં ભાન થયું એનો રસ છે હવે, રાગાદિ આવે એનો રસ નથી. સમજાય છે કાંઈ?

મોટા ભરત ચક્રવર્તી આદિ ૯૬ હજાર સ્ત્રી ઘરે હતી. ૯૬ કરોડ પાયદળ (છતાં) આત્મરસી હતાં. એ હું નહીં હોં. હું છું ત્યાં તો આનંદ છે, અતીન્દ્રિય આનંદ એ હું છું. આ (રાગ) જ્યાં છે ત્યાં હું નથી. એવા આત્માના રસિક જીવ બનારસીદાસ. 'बन्दौ पद अरविन्द'. અરવિંદ એટલે કમળ. એના ચરણ કમળને વંદન કરું છું. 'बन्दौ पद अरविन्द' ચરણકમળને નમન કરું છું એ તો બુદ્ધિલાલ શ્રાવકનું (મંગલાચરણ થયું.) હવે પોતે શ્લોક, પાર્શ્વનાથ સ્તુતિ બનાવે છે. અલૌકિક મંગળિક છે. બનારસીદાસ મહાકવિ જબ્બર કવિ છે. એવા શ્રૃંગારમાં હતા, એમાં ગુલાંટ ખાઈને આત્મામાં થઈ ગયા. પાછા ૨૪ તીર્થંકરમાં ૨૩મા પાર્શ્વનાથ ભગવાન કારણ કે (બનારસીદાસ) કાશીમાં—બનારસમાં થયા એટલે માબાપે એમનું નામ(ગામને) લઈને બનારસીદાસ પાડ્યું. પાર્શ્વનાથ ભગવાનેય (શ્રોતા : ત્યાંના જ છે.) કાશી છે ને ત્યાં. પાર્શ્વનાથ (ભગવાન)ની સ્તુતિ લો :

## ગ્રન્થકારનું મંગલાચરણ

करम-भरम जग-तिमिर-हरन खग,
उरग-लखन-पग सिवमगदरसी।
निरखत नयन भविक जस बरखत,
हरखत अमित भविकजन-सरसी॥
मदन-कदन-जित परम-धरमहित,
सुमिरत भगति भगति सब डरसी।
सजल-जलद-तन मुकुट सपत-फन,
कमठ-दलन जिन नमत बनरसी॥१॥

શબ્દાર્થ :—ખગ=(ખ=આકાશ, ગ=ગમન) સૂર્ય. કદન=યુદ્ધ. સજલ=પાણી સહિત. જલદ=(જલ=પાણી, દ=આપનાર) વાદળ. સપત=સાત.

અર્થ :—જે સંસારમાં કર્મના ભ્રમરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્યસમાન છે, જેમના ચરણમાં સાપનું ચિહ્ન છે, જે મોક્ષનો માર્ગ દેખાડનાર છે, જેમનાં દર્શન કરવાથી

ભવ્ય જીવોનાં નેત્રોમાંથી આનંદનાં આંસૂ વહે છે અને અનેક ભવ્યરૂપી સરોવર પ્રસન્ન થઈ જાય છે, જેમણે કામદેવને યુદ્ધમાં હરાવી દીધો છે, જે ઉત્કૃષ્ટ જૈનધર્મના હિતકારી છે, જેમનું સ્મરણ કરવાથી ભક્તજનોના બધા ભયો દૂર ભાગે છે, જેમનું શરીર પાણીથી ભરેલા વાદળા જેવું નીલ(રંગનું) છે, જેમનો મુગટ[૨] સાત ફેણોનો છે, જે કમઠના જીવને અસુર પર્યાયમાં હરાવનાર છે; એવા પાર્શ્વનાથ જિનરાજને (પંડિત) બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૧.

**अर्थ :**–जो संसारमें कर्मके भ्रमरूप अंधकारको दूर करनेके लिए सूर्यके समान हैं, जिनके चरणमें सांपका चिह्न है, जो मोक्षका मार्ग दिखानेवाले हैं, जिनके दर्शन करनेसे भव्यजीवोंके नेत्रोंसे आनंदके आँसू बह निकलते हैं और अनेक भव्यरूपी सरोवर प्रसन्न हो जाते हैं, जिन्होंने कामदेवको युद्धमें हरा दिया है, जो उत्कृष्ट जैनधर्मके हितकारी हैं, जिनका स्मरण करनेसे भक्तजनोंके सब डर दूर भागते हैं, जिनका शरीर पानीसे भरे हुए मेघके समान नीला है, जिनका मुकुट सात फणका है, जो कमठके जीवको असुर पर्यायमें परास्त करनेवाला हैं; ऐसे पार्श्वनाथ जिनराजको (पंडित) बनारसीदासजी नमस्कार करते हैं।।१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ પહેલો શ્લોક ઉપાડ્યો છે. શબ્દ એક એક લખ્યો છે ને ત્યાં વર્ણ ૩૧, છંદ મનહર ચાલ–ઝાંઝરાની, હશે કાંઈક? કહે છે કે ભગવાન પાર્શ્વનાથ ૨૩માં તીર્થંકર કેવાં હતાં? એ મારાં દેવ છે. હું એમનો સેવક છું, હું સાધક છું. એ તો સિદ્ધ પરમાત્મા થયાં છે. અથવા તીર્થંકરપદની સ્તુતિ કરે છે. તીર્થંકર પદે હતા ઈ એ રીતે (સ્તુતિ કરી છે.) એ વખતે તો પાર્શ્વનાથ ભગવાન નો'તા મોક્ષ પધાર્યા (છે) પણ એમણે તીર્થંકર વખતને યાદ કરીને સ્તુતિ કરે છે. કેવાં છે ભગવાન? કર્મ રૂપી મિથ્યાભ્રમ, મિથ્યાભ્રમ એ મિથ્યાત્વરૂપી ભ્રમણા એ જગત એવા તિમિર–અજ્ઞાનનો જે અંધકાર એને હરણ, હરણ કરનારા, ખગ નામ સૂર્ય છે.

'करम-भरम जग-तिमिर-हरन खग', નીચે છે. 'संसारमें कर्मके भ्रमरूप अंधकारको दूर करनेके लिए सूर्यके समान है।'

અર્થ :—'करम-भरम जग-तिमिर-हरन खग', ખ એટલે આકાશ, ગ એટલે ગમન, આકાશમાં ગમન કરનાર એવું જે સૂર્ય. ખગ–ખ નામ આકાશ, ગ નામ ગમન. સૂર્ય આકાશમાં ગમન કરે એવો જે સૂર્ય, એના જે આ ભગવાન ભ્રમણા રૂપી અંધકારને નાશ કરવામાં જેમ સૂર્ય છે એમ ભગવાન અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન છે. કવિ છે આ તો જબરાં, એવાં શબ્દો ગોઠવ્યાં છે જુઓ, આખી સ્તુતિ એવી છે. 'उरग-लखन-पग' જેનાં ભગવાન પરમાત્મા, પાર્શ્વનાથ ભગવાનની હયાતીમાં એમનાં

શરીરમાં સર્પનું ચિહ્ન હતું. 'उरग' ઉરગ એટલે સર્પ, 'लखन'—લક્ષણ 'पग'—પગમાં સર્પનું ચિહ્ન હતું. પાર્શ્વનાથ ભગવાનને નીચે છે જુઓ. 'જીનકે ચરણમેં સાપકા ચિહ્ન થા.' વચમાં છે નીચે.

'उरग-लखन-पग सिवमगदरसी' એ મોક્ષમાર્ગ દિખાનેવાલે હૈ. એ તો મોક્ષના માર્ગના દેખાડવાવાળા ભગવાન છે. પૂર્ણ પદ પ્રાપ્ત કર્યું. પૂર્ણાનંદની જાત સર્વજ્ઞ દશા, ઈચ્છા વિના વાણીનો ઓમ ધ્વનિ નીકળ્યો. જેને લઈને મોક્ષનો માર્ગ જેણે બતાવ્યો એ મોક્ષના માર્ગના બતાવવા વાળા છે; સંસારની રીત સમજાવાવાળા નથી એમ કહે છે. (શ્રોતા : બહુ સારી વાત છે.) કેમ તમારો સંસાર હાલે? કેમ તમે વિદ્યા ભણો? કેમ એમાં આગળ વધો? એવું ભગવાને બતાવ્યું નથી. શિવ એટલે મૂળ પદ આત્મ કલ્યાણ. શિવ નામ મોક્ષ એના માર્ગના દર્શી (એટલે કે) દેખાડનારા છે. (૧) ઈસ છંદમેં અંત વર્ણકો છોડકર સબ વર્ણ (અક્ષર) લઘુ હૈ. મનહર છંદમેં 'અંત ઈક ગુરુ પદ અવશહિં ધરિકેં ઐસા છંદ શાસ્ત્રકા નિયમ હૈ.....

'सिवमगदरसी-निरखत नयन भविक जल बरखत', ભગવાન સર્વજ્ઞ પરમાત્માને દેખવાથી, જીનકે દર્શન કરનેસે ભવ્ય જીવકે નેત્રોસે આનંદકે આંસુ બહ નિકલતે હૈં. એવાં પૂર્ણાનંદ વીતરાગ રસમાં પૂર્ણ તરબોળ થઈને પરમાત્મા(પદ) પ્રગટ થયું છે. એને દેખીને દેખનારને હરખ અને આનંદ આવે છે. આહાહા! આવાં પ્રભુ પૂર્ણ શાંત, શાંત, શાંત રસનું ઢીમ થઈ ગયાં છે. અવિકારી શાંતરસ જેના આત્મામાં પૂર્ણ થઈ ગયો છે. એથી શરીરમાં પણ જાણે શાંતરસ ઝળકતો હોય એવાં ભગવાનને દેખવાથી ભવિ જીવનાં આંખમાંથી 'जल बरखत', જલ બરખત એટલે હરખનાં આંસું આવે છે. 'આહાહા! અરે! આનંદઘનજી કહે છે : 'દેખત મેરે સખી દેખનમેં, જિન પ્રભુ મુખ ચંદ્ર સખી રે મુને દેખન દે'.

મૈં એક ઈન્દ્રિયમાં દેખ્યો નહીં. બે ઈન્દ્રિય કીડી, કાગડાંમાં હું હતો. અરેરે! મને ક્યાંય પરમાત્મા કેવાં, એનાં દર્શન ન થયાં. ક્યાં હતો હું? ક્યાં નિગોદ, લીલફુગ ઓહોહો! આ તે પાણીમાં લીલફુગ—લીલફુગ ગોદડાં છે. (એનો) લોકોને વિશ્વાસ આવવો ભારી કઠણ છે. એક લીલફુગની એક કણીમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં અનંત જીવ છે. અરે! ભગવાન (એ તને) ક્યાં ખબર છે એ જીવ ક્યારે ઈન્દ્રિયમાંથી નીકળીને ઈયળ થાય? ક્યારે માણસ થાય? 'દેખન દે રે સખી દેખન દે. ચંદ્રપ્રભુએ મુખ ચંદ્રમુખ પ્રભુ સખી મને દેખન દે.' ભગવાન વીરનંદ પરમાનંદની મૂર્તિ પોતે આત્મા હોં. આહાહા!

જેને આનંદ સ્વરૂપ ભગવાન એને દેખવાથી જેની દશામાં આનંદના ઝરણાં ઝરે.

આહાહા! દેખ્યાં ન નયને જરી. આવે છે ને, 'મારી નયનને આળસે રે, મારાં નયનને આળસે રે. મેં નીરખ્યાં ન નયને હરી.' હરી એવો ભગવાન આત્મા વિકાર ને અજ્ઞાનનો નાશ કરનાર એવો પોતે ચૈતન્ય પ્રભુ, એને મેં નયનને આળસે મેં ન જોયાં. બીજા જોવાના અજ્ઞાનમાં રોકાતાં પ્રભુને મેં ન જોયો. સમજાણું કાંઈ? એને જોતાં આનંદનાં આંસુ આવે છે આનંદ ઝરે છે. આહાહા! નીરખત—નયન ભવિક, પણ (તે) ભવિ જીવને હોં એમ કહ્યું છે. પાછું ..........પાત્ર જીવને, ઓલાને ખબરેય નહિ શું કહે છે આ? આહાહા!

'निरखत नयन भविक जल बरखत हरखत अमित भविकजन-सरसी' એટલે સરોવર 'भविकजन' રૂપી સરોવરમાં 'अमित अमित हरखत', મર્યાદા વિના-મર્યાદા વિના હરખ આવે છે અંદર. જો આ પરમાત્માની સ્તુતિ કહું, પણ ખરી સ્તુતિ તો પોતાની છે હોં. પરમાત્માનું બહાનું લઈ આત્માની સ્તુતિ કરે છે. આહાહા! પાર્શ્વનાથ ભગવાન મોક્ષમાં છે. 'हरखत अमित भविकजन-सरसी'' ભવિક પ્રાણીના સરોવરમાં અમિત હરખત—મર્યાદા વિનાનો આનંદ પ્રગટ થાય છે. પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિજાનંદ સ્વરૂપ પ્રભુ એને જોતાં ભવી જીવને અંદરમાં આનંદ આવે છે. એવાં પરમાત્માને જોતાં પણ આનંદ આવે છે.

'मदन-कदन-जित परम-धरमहित' મદન નામ કામ—ભોગ એનું કદન એને જીતનારા છે. જીન્હોંને કામદેવકો યુદ્ધમેં હરા દિયા. પાર્શ્વનાથ ભગવાને, એમ આત્મા પણ પોતાના આનંદના સરોવરમાં આવતાં કામની વાસનાનો જેણે નાશ કર્યો. એ નાશ કરનારો ભગવાન આત્મા છે. એ કામ ને વાસનાને રાખે એ આત્મા નહિ. સમજાણું કાંઈ? મદન નામ વાસના ભોગની એનું કદન—યુદ્ધ કામ ભોગ હારે યુદ્ધ માંડ્યું આત્માએ. એમ પરમાત્મા પાર્શ્વનાથ ભગવાને પણ વિષયની વાસનારૂપી એની હારે કામ હારે યુદ્ધ માંડ્યું. પોતાના આનંદના સરોવરમાં પડ્યાં. કહે છે 'परम-धरमहित'' એને જીતીને 'परम' 'परम-धरमहित' ઉત્કૃષ્ટ પરમ ધર્મના હિતકારી થયાં. વીતરાગ સ્વરૂપ કેવું છે, એવું ભગવાને બતાવ્યું. 'परम-धरमहित' પરમ વીતરાગ ધરમહિત. આહાહા! 'सुमिरत भगति' ભક્તો જેને સમરત 'भगति सब डरसी'। ભક્તો જને આવી વીતરાગતા, નિર્વિકલ્પતા, પરમાત્માદશાનું સ્મરણ થતાં એને ભક્તિ નામ 'भय सब नाम डरसी भय सब डार'— ભાગી જાય છે. ભગવાન આવા નિર્ભય એવાં ભગવાનને સ્મરણ કરતાં ભક્તોને ભય રહેતો નથી. આહાહા! જુઓ એક આ સ્તુતિ પહેલી શરૂ થાય છે. આમ હવે રમણીકભાઈ, આહાહા! –'सुमिरत भगति' છે નીચે જુઓ. જિનકા સ્મરણ કરનેસે ભક્તજનોકે સબ દર્દ દૂર ભાગતે હૈ.

'सजल-जलद-तन मुकुट सपत फन, कमठ-दलन जिन नमत बनारसी' કહે છે. 'सजल-जलद'—જેનું શરીર પાણીથી ભર્યું મેઘનાં સમાન નીલું હતું, લીલું એટલે નીલા રંગનું. પાર્શ્વનાથ ભગવાનનું શરીર લીલા રંગનું હતું. મોરની પંખ જેવું. પણ નમણું ઘણું. જેના દરેક અવયવો જાણે કુદરતે રંગ ભર્યા હોય જેમ મોરની કળા ઘડે એમ એવું શરીર હતું કહે છે કે સજલ—જલ સહિત, સજલ એટલે જલ સહિત, જલદ એટલે જલનો દેનાર. દ એટલે દેનાર. જલ સહિત, જલનો દેનાર એવો મેઘ, એવું એનું શરીર નીલું હતું. મેઘના સમાન શરીર નીલું હતું.

'मुकुट सपत फन' જિનકા મુકુટ સાત ફનકા થા લે! મુનિ પણ જ્યારે ધ્યાન કરતાં હતા પાર્શ્વનાથ ભગવાન પહેલા સામે ક્યાંક ફોટો હતો. બીજે હશે. આ તો ફોટો આમ જાણે માથે......કાઢી નાખ્યો હશે. ભગવાનને જ્યારે કેવળજ્ઞાન નહોતું. (મુનિ અવસ્થામાં) ધ્યાનમાં હતા ત્યારે કમઠ (સંવર દેવ)નું વિમાન ઉપરથી નીકળ્યું. (પ્રભુ) ધ્યાનમાં હતાં. જગતના—કુદરતના નિયમ પ્રમાણે એવો નિયમ છે કે એવા આનંદના સાગર સંત જ્યાં બેઠા હોય અને ઉપરથી વિમાન નીકળે અને નમે નહીં તો વિમાન થંભી જાય, હાલી શકે નહીં. સમજાણું કાંઈ? (વિમાન) થંભી ગયું. 'અરે! કોણ છે આ? (સંવર દેવ) હેઠે ઉતરે છે શું? મારા વિમાનને થંભાવ્યું તે?' એમ કહી ક્રોધમાં આવે છે.

ઘણા ભવની હારેહારે ભવ હતા, વિરોધીઓનો આહા! કેટલાં ભવની? આઠ આઠ ભવ. એમણે (સંવરદેવે) વરસાદ વરસાવ્યાં, પથરાં નાખ્યાં, વિજળીના ઝબકારા, ભૂતને પ્રેત કરોડો ભૌં ભૌ કરાંડા કરીને (અવાજ કરે). પ્રભુ તો આનંદમાં ધ્યાનમાં હતાં. એમાં દેવનું આસન ચલ્યું, નીચે (ભવનવાસીમાં) ધરણેન્દ્ર અને પદ્માવતી એમનું આસન ચલ્યું. કેમ છે આમાં? જુઓ જબ ભગવાન પાર્શ્વનાથ સ્વામિકી મુનિ અવસ્થામેં કમઠ કે જીવને ઉપસર્ગ કીયા, ઉપસર્ગ એટલે આ પ્રમાણે, તબ પ્રભુકી રાજ્ય અવસ્થામેં ઉપદેશ પાયે હુએ.

ભગવાન જ્યારે રાજમાં હતાં ત્યારે એક ભવ એનો (તાપસનો) હતો. એનો હતો મામો એવું કાંઈક લાકડામાં સર્પ બે હતાં. એક સર્પ અને સર્પણી. લાકડાંની ધૂણી તાપતો હતો. એનો મામો હતો નહિ? મામો એની માનો બાપ. માનો બાપ, કીધું ને માનો બાપ મામા ફઈના આપણે બધું ઈતિહાસ યાદ નહિ, ભાવનું જોવું એમાં ભગવાન નીકળ્યાં'તા હાથીને હોદ્દે, ગૃહસ્થાશ્રમમાં હતા હજી તો, સાધુ થયાં નહોતાં એમાં અવધિજ્ઞાનમાં જોયું કે લાકડામાં સર્પ છે, હેઠે ઊતર્યા. અરે શું કરે છે આ તું? નીચે સર્પ છે.

અરે, કોણ છે તું વળી? ડાહ્યો થયો. મારી દીકરીનો દીકરો તું વળી મોટો ડાહ્યો

થઈ ગયો. પણ આ (સર્પ) બળે છે અંદર, હોય નહિ આમાં. માર લાકડી, શું કહેવાય એને? (શ્રોતા : કુહાડી) કુહાડી મારી ત્યાં બે નીકળ્યાં. નાગ નાગણ અંદરથી નીકળ્યા. ભગવાને નમો અરિહંતાણં, નવકારમંત્ર સંભળાવ્યો. નાગ મરીને ધરણેન્દ્ર થયા, અત્યારે છે. નાગણી એની સ્ત્રી (પદ્માવતી) રાણી થઈ, અત્યારે છે. (ભવનવાસી સ્વર્ગમાં) નીચે છે. બે દેવ–દેવી છે.

એ જ્યારે ભગવાનને કમઠનો (સંવરદેવનો) ઉપસર્ગ થયો ત્યારે બેઉ આવ્યા. ઓલો (સંવરદેવ) રાજ્યાવસ્થામાં, મુકુટમાં, ગૃહસ્થાશ્રમમાં હતો. આવ્યા નીચે ને (ઉપસર્ગ ટાળ્યા.) ધરણેન્દ્રએ (કમળ) ઉપર ઉપાડ્યા. પાણી બહુ આવ્યું એટલે ઉપર ઉપાડ્યા. ધરણેન્દ્ર ને એની સ્ત્રીએ. ધરણેન્દ્રએ ફેણ માંડી માથે વરસાદ ન પડે માટે એ વખતની વાત છે લો. નાગ નાગણી કે જીવ ને ધરણેન્દ્ર–પદ્માવતી કી પર્યાયમેં ઉપસર્ગ નિવારણ કિયા થા ઔર સાત ફેણનો સર્પ બનાવ્યો, સાત ફેણનો. પ્રભુ કે ઉપર છાયા કરકે અખંડ જલ વૃષ્ટિ સે રક્ષા કી થી, ઉસી પ્રયોજનસે ભગવાન કી પ્રતિમા પર સાત ફેણ કા ચિહ્‌ન પ્રચલિત હૈ આમ તો હજાર–હજાર ફેણવાળા ઝીણા–ઝીણા સર્પ પણ હોય છે. ઔર ઈસીલિયે કવિને મુકુટકી ઉપમા દી. સર્પનું ફેણ એ મુકુટ હતું એમ ભાઈએ કીધું. મુકુટ કીધું ને.....

'सजल-जलद-तन मुकुट सपत फन', એમનો મુગટ હતો સાત ફેણવાળો. (પ્રભુ) નિર્વિકારી વસ્ત્ર વિનાના ધ્યાનમાં આનંદમાં હતા. હજી કેવળજ્ઞાન સર્વજ્ઞપદ નહોતું થયું. ત્યારે એને કહે છે કે નાગે સાત ફેણોવાળો માથે મુગટ કહેવાય (મુગટ રચ્યો) 'कमठ-दलन जिन नमत बनारसी'। કમઠ (સંવરદેવ) નામનો જે અસૂર દેવ એનું દલન કર્યું. કમઠ જીવકો અસૂર પર્યાય પરાસ્ત કરનેવાલા, પરાસ્ત કર્યો.....'जिन' એવા વીતરાગ પરમાત્મા 'नमत' એને આ 'સમયસાર નાટક' બનાવવા પહેલાં હું આવા પરમાત્માને બનારસીદાસ જાતે નમું છું. 'સમયસાર નાટક' દેખ્યાં કે નહિ શેઠ? વાંચ્યાં નહિ, કભી? લો!

(શ્રોતા : આજ મંગળ મુહૂર્ત છે.) આ બનારસીદાસનું મૂળ તો... અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. એમાં કળશો છે કળશ, એમાંથી રાજમલે ટીકા બનાવી છે. એમાંથી આ બનાવ્યું. સમજાણું? નથી અહીંયા, અત્યારે નથી, અત્યારે નથી. બનારસીદાસનું છે ને, રાજમલ ટીકા આપણે છે. હજારો પુસ્તક છપાઈ ગયા છે. છપાઈ બહાર આવી ગયા છે. એમાંથી આ બનાવ્યું છે એમ આગળ કહેશે. કહે છે, એવા પાર્શ્વનાથ જીનરાજકો, જિન છે ને 'जिन', પંડિત બનારસીદાસ નમસ્કાર કરતે હૈં. આહાહા! જુઓ, કેટલું ભર્યું છે એટલામાં તો. કેવા ભગવાન હોય? છદ્મસ્થમાં,

અલ્પજ્ઞાનમાં કેવળી નહોતા ત્યારે કેવા ઉપસર્ગ હતાં? એ ધરણેન્દ્રને નવકાર સંભળાવીએ છીએ. એના પછી આ થયું (ઉપસર્ગ થયો.) ધરણેન્દ્ર ને આવ્યાં ઉપસર્ગ નિવાર્યો વિગેરે વિગેરે વાત થોડી સ્તુતિમાં ઘણી ભરી દીધી છે. એ પહેલી સ્તુતિ કરી લ્યો. આ મંગલાચરણની સ્તુતિ, મંગળિકનો અર્થ એમ છે. મંગલ શબ્દ છે ને ત્રણ અક્ષર એ જ કીધું છે. મંગ નામ પવિત્રતા, લ નામ લાતી જેનાંથી પવિત્રતા પ્રાપ્ત થાય તે ભાવને મંગળ કહેવામાં આવે છે અથવા મંગ નામ પાપને ગ નામ ગાળે.

ભગવાન આનંદ સ્વરૂપમાં આવીને અજ્ઞાન ને રાગદ્વેષને ટાળે એવાં ભાવને મંગળિક કહેવામાં આવે છે. દીકરો થાય મંગલિક કહે, પૈસા બે પાંચ લાખ કાંઈ પેદા થાય મંગલિક કહે. ધૂળેય નથી મંગલિક આ બધાં નાશવાન છે. (શ્રોતા : તે દિ લાપસી કરાય.) લાપસી કરે, મરી જાય. તે દિ નહોતું કીધું? રાય બહાદુરનો ઈલકાબ આવ્યો ને અહીં મરવાની તૈયારી. નેવુંની સાલ પ્રેમચંદભાઈ હતા એક, અમે ત્યાં સદરમાં હતાં નેવુંની સાલમાં. મ્યુનસીપાલિટીનો ઓલો સેક્રેટરી હતો. એમાં હવે કાંઈ લગન હશે ને ગયા હશે ને ખાધા હશે જલેબી, ફલેબી ને બરફીયું. લગ્નમાં તો આપે ને એમાં વળી કાંઈક ઓલા વરની હારે જમે એને બહુ આપે. પંચોળું. ખાધું હશે એમાં.

શરીર સોનાની વીંટી જેવું, આમ લઠ જેવું. છેલ્લે મરવાની તૈયારી કરે ત્યારે કહે, મહારાજને બોલાવો. દેરાવાસી હતા હોં. પણ અહીં છે મહારાજ છે તો મંગલિક સંભળાવે. બિચારાનો શ્વાસ નીકળી જાય એ પહેલાં. એમાં સાયકલ આવી રાવ સાહેબનો ઈલ્કાબ. અહીં મરવાનો ઈલ્કાબની તૈયારી. ઓળખો છો? ભાઈ રતિભાઈ! પ્રેમચંદભાઈના ભાઈ હીરાભાઈ. મ્યુન્સીપાલિટીમાં ઈ મોટા બોકડા—બોકડા મારવા હોય તો એને પૂછીને મરાય, સડેલું ન હોય. તે દી' હવે ખબર છે ને! આવા ધંધા હવે. પગાર મળે ૨૦૦—૫૦૦. ધૂળેય ન મળે આમાં. એની સહી લેવી પડે કે આ બોકડો મારવા જેવો છે કે નથી મારવા જેવો અરરર! (શ્રોતા : ભલામણ, બિમાર બોકડો હોય તો ન મારવા દેવાય) સડેલો હોય......સાંભળ્યું હતું તે'દિ સાંભળ્યું હતું.

ત્યાં પોલીસ આવ્યો ઈ સાયકલ લઈને, રાવ સાહેબનો ઈલ્કાબ. સરકાર તરફથી મળે છે ને. અહીં મરવાનો ઈલ્કાબ તૈયાર છે. મરી ગયા હતા. હું આવ્યો અપાસરામાંથી ત્યાં દેહ છૂટી ગયો હતો. રાત્રે દેહ છૂટી ગયો. શું ધૂળ કરે? બહારનો ઈલ્કાબ શું કરે? શેઠ! સમાજ ભૂષણનો ઈલ્કાબ આપે. શું કાંઈ છે એમાં? અહીંયા શેઠ છે ને શેઠીયાઓ છે મોટા. સમાજ ભૂષણ આહાહા! કહે છે આવા ભગવાનને સ્તવન કરતા માંગલિક થાય છે. પવિત્રતા થાય છે ને પાપ જેનું ગળે છે એ માટે અહીં માંગલિક શરૂ કર્યું છે.

બીજો કળશ, સ્તવન છે આ.

**सकल-करम-खल-दलन,**
**कमठ-सठ-पवन कनक-नग।**
**धवल परम-पद-रमन,**
**जगत-जन-अमल-कमल-खग॥**
**परमत-जलधर-पवन,**
**सजल-धन-सम-तन समकर।**
**पर-अघ-रजहर जलद,**
**सकल-जन-नत भव-भय-हर॥**
**जमदलन नरकपद-छयकरन,**
**अगम अतट भवजलतरन।**
**वक-सबल-मदन-वन-हरदहन,**
**जय जय परम अभयकरन॥२॥**

**શબ્દાર્થ :—**કનક-નગ=(કનક=સોનું, નગ=પહાડ) સુમેરુ. પરમત=જૈનમત સિવાયના બીજા બધા મિથ્યામત. નત=વંદનીય. હર દહન=રુદ્રની અગ્નિ.

અર્થ :—જે સમ્પૂર્ણ દુષ્ટકર્મોનો નાશ કરનાર છે, કમઠના (ઉપસર્ગરૂપ) પવનની સામે મેરુ સમાન છે અર્થાત્ કમઠના જીવે ચલાવેલા ઉગ્ર આંધીના ઉપસર્ગથી જે ચલિત થનાર નથી, નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે, સંસારી જીવો રૂપ કમળોને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે, મિથ્યામતરૂપ વાદળાંને ઉડાડી મૂકવા માટે પ્રચંડ વાયુરૂપ છે, જેમનું શરીર પાણીથી ભરેલા વાદળા સમાન નીલવર્ણનું છે, જે જીવોને સમતા દેનાર છે, અશુભ કર્મોની ધૂળ ધોવા માટે વાદળ સમાન છે, સમસ્ત જીવો દ્વારા વંદનીય છે, જન્મ-મરણોનો ભય દૂર કરનાર છે, જેમણે મૃત્યુને જીત્યું છે, જે નરકગતિથી બચાવનાર છે, જે મહાન અને ગંભીર સંસાર-સાગરથી તારનાર છે, અત્યંત બળવાન કામદેવના વનને બાળવા માટે [૧]રુદ્રની અગ્નિ સમાન છે, જે જીવોને બિલકુલ નિડર બનાવનાર છે, તે (પાર્શ્વનાથ ભગવાન)નો જય હો ! જય હો !! ૨.

**अर्थ :**–जो संपूर्ण दुष्टकर्मोंको नष्ट करनेवाले हैं, कमठकी वायुके समक्ष मेरुके समान

૧. આ વૈષ્ણવમતનું દૃષ્ટાંત છે, તેમના મતમાં કથન છે કે મહાદેવજીએ ત્રીજું નેત્ર ખોલ્યું અને કામદેવને ભસ્મ કરી નાખ્યો. જોકે જૈનમતમાં આ વાર્તા પ્રમાણભૂત નથી તોપણ દૃષ્ટાંત માત્ર લીધું છે.

हैं, अर्थात् कमठके जीवकी चलाई हुई तेज आंधीके उपसर्गसे जो नहीं हिलनेवाले हैं, निर्विकार सिद्धपदमें रमण करते हैं, संसारी जीवोंरूप कमलोंको प्रफुल्लित करनेके लिए सूर्यके समान हैं, मिथ्यामतरूपी मेघोंको उड़ा देनेके लिए प्रचण्ड वायुरूप हैं, जिनका शरीर पानीसे भरे हुए मेघके समान नीलवर्ण है, जो जीवोंको समता देनेवाले हैं, अशुभ कर्मोंकी धूल धोनेके लिए मेघके समान है, संपूर्ण जीवोंके द्वारा वन्दनीय हैं, जन्म-मरणका भय हरनेवाले हैं, जिन्होंने मृत्युको जीता है, जो नरकगतिसे बचानेवाले हैं, जो बड़े और गम्भीर संसार सागरसे तारनेवाले हैं, अत्यन्त बलवान कामदेवके बनको जलानेके लिए रुद्रकी अग्निके समान हैं, जो जीवोंको बिलकुल निडर बतानेवाले हैं; उन (पार्श्वनाथ भगवान)की जय हो!!॥२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'सकल-करम-खल-दलन'—सम्पूर्ण दुष्टकर्मो को नष्ट કરનેવાલા 'सकल-करम-खल' એટલે દુષ્ટ, સકલ કર્મરૂપી દુષ્ટને દલન નામ, નાશ કરનેવાલા આહાહા! એમ સિદ્ધ કર્યું કે કર્મ પહેલાં હતાં. પણ સ્વભાવના ભાન અને આનંદના દ્વારા જેણે (કર્મ) નાશ કર્યાં છે. ઓલામાં આવ્યું તું કરમ, ભરમ, ભ્રાંતિ નાશ કરી'તી. આહાહા! 'सकल-करम-खल', ખલ એટલે દુષ્ટ, કર્મ, દલન નામ નાશ કરનારા 'कमठ-सठ-पवन कनक-नग' । કમઠકી વાયુ કે સમસ્ત મેરું કે સમાન થા. કમઠ નામનો અસુર એણે પવન એટલો વાયુ કર્યો. ઓલા અગ્નિ, પવન, (શ્રોતા : વાયુ) પથરા બધું. એ એને ઉપમા આપી છે. એને 'कमठ-सठ-पवन' કર્મરૂપી સઠરૂપી જે પવન એને 'कनक-नग' પોતે તો સોનાના મેરુ પર્વત જેવાં હતાં. ડગ્યા ડગે નહિ. હલે હલે નહિ. આનંદમાં મહાલતા હતા. અમૃતરસના ઘૂંટડા પીતા હતા અંદર. સમજાણું કાંઈ?

કમઠકી વાયુ કે સમક્ષ, આ તો ઊપમા છે. કમઠે તો કર્યું ઓલું પાણી નાંખ્યું, પથરાં નાખ્યાં, અગ્નિ નાંખ્યું. એ કમઠરૂપી વાયુની પાસે ભગવાન પાર્શ્વનાથ પ્રભુ અંતરમાં હજી સર્વજ્ઞ પદ થયું નહોતું. એ પહેલાંની વાત છે આ. એ કનક-નગ કનક નામ સોનાનો મેરુ છે ને. કનક એટલે સોનાનો મેરુ છે. આ એવા મેરુ સમાન હતાં. 'कनक-नग' નગ એટલે પર્વત. સોનાનો પહાડ મોટો હતો. સોનાનો પહાડ જેમ પવને હલે નહિ, એમ પરમાત્માનાં સાધક અંદર સ્વરૂપમાં સાધતા હતાં. આનંદમાં અંદર મશગુલ થા એને કમઠરૂપી પવને જરી હલાવી શક્યા નહિ. ઈતિહાસ પણ ભેગો કહેતાં જાય છે કે આવું થયું છે. આહાહા! 'धवल परम-पद-रमन'. કહે છે કે નિર્વિકાર સિદ્ધ પદમેં રમન કરતે થે. આહાહા! ધવલ નામ ઉજળો નિર્મલ, પરમપદ આનંદ સ્વરૂપ ભગવાન એમાં રમણ કરતાં હતાં.

'जगत-जन-अमल-कमल-खग', જગતના જનને નિર્મળ કમળનાં ખીલવાં માટે ખગ

નામ સૂર્ય સમાન હતાં. 'जगत-जन-अमल-कमल-खग', સંસારી જીવોરૂપી કમલોકો પ્રફુલ્લિત કરનેકે લીએ ખગ ખ એટલે સૂર્ય, આકાશ, ગ એટલે ગમન કરનારા, ઓલામાં ખગ આવ્યું તું. સંસારી જીવો રૂપ કમળને ખીલવા માટે સૂર્ય કે સમાન થા. સૂર્ય સમાન, કમળને ખીલવા. જેમ ખીલે એમ ભગવાન એવાં હતાં—જેની વાણીને, જેને દેખે ને સાંભળે. એના કમળ અંદર ખીલી જાય. આત્માનું કમળ ખીલી જાય એવાં એ ભગવાન હતાં, એમ કરીને સ્તુતિ કરી છે. વિશેષ કહેશું.

(—પ્રમાણ વચન ગુરુદેવ)

પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ(સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી."

(શ્રી સમયસાર, ગાથા-૧૧ના ભાવાર્થમાંથી)

## પ્રવચન નં. ૨, પોષ વદ–૭, સોમવાર, તા. ૧૮–૧–૧૯૭૧
## મંગલાચરણ પદ ૨, ૩, ૪, ૫ પર પ્રવચન

सकल-करम-खल-दलन,
कमठ-सठ-पवन कनक-नग।
धवल परम-पद-रमन,
जगत-जन-अमल-कमल-खग॥
परमत-जलधर-पवन,
सजल-धन-सम-तन समकर।
पर-अघ-रजहर जलद,
सकल-जन-नत भव-भय-हर॥
जमदलन नरकपद-छयकरन,
अगम अतट भवजलतरन।
वक-सबल-मदन-वन-हरदहन,
जय जय परम अभयकरन॥२॥

**શબ્દાર્થ :—** કનક–નગ=(કનક=સોનું, નગ=પહાડ) સુમેરુ. પરમત=જૈનમત સિવાયના બીજા બધા મિથ્યામત. નત=વંદનીય. હર દહન=રુદ્રની અગ્નિ.

અર્થ :—જે સમ્પૂર્ણ દુષ્ટકર્મોનો નાશ કરનાર છે, કમઠના (ઉપસર્ગરૂપ) પવનની સામે મેરુ સમાન છે અર્થાત્ કમઠના જીવે ચલાવેલા ઉગ્ર આંધીના ઉપસર્ગથી જે ચલિત થનાર નથી, નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે, સંસારી જીવો રૂપ કમળોને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે, મિથ્યામતરૂપ વાદળાંને ઉડાડી મૂકવા માટે પ્રચંડ વાયુરૂપ છે, જેમનું શરીર પાણીથી ભરેલા વાદળા સમાન નીલવર્ણનું છે, જે જીવોને સમતા દેનાર છે, અશુભ કર્મોની ધૂળ ધોવા માટે વાદળ સમાન છે, સમસ્ત જીવો દ્વારા વંદનીય છે, જન્મ–મરણોનો ભય દૂર કરનાર છે, જેમણે મૃત્યુને જીત્યું છે, જે નરકગતિથી બચાવનાર છે, જે મહાન અને ગંભીર સંસાર–સાગરથી તારનાર છે, અત્યંત બળવાન કામદેવના વનને બાળવા માટે [૧]રુદ્રની અગ્નિ સમાન છે, જે જીવોને બિલકુલ નિડર બનાવનાર છે, તે (પાર્શ્વનાથ ભગવાન)નો જય હો ! જય હો !! ૨.

**अर्थ** :–जो संपूर्ण दुष्टकर्मोंको नष्ट करनेवाले हैं, कमठकी वायुके समक्ष मेरुके समान हैं, अर्थात् कमठके जीवकी चलाई हुई तेज आंधीके उपसर्गसे जो नहीं हिलनेवाले हैं, निर्विकार सिद्धपदमें रमण करते हैं, संसारी जीवोंरूप कमलोंको प्रफुल्लित करनेके लिए सूर्यके समान हैं, मिथ्यामतरूपी मेघोंको उड़ा देनेके लिए प्रचण्ड वायुरूप हैं, जिनका शरीर पानीसे भरे हुए मेघके समान नीलवर्ण है, जो जीवोंको समता देनेवाले हैं, अशुभ कर्मोंकी धूल धोनेके लिए मेघके समान है, संपूर्ण जीवोंके द्वारा वन्दनीय हैं, जन्म-मरणका भय हरनेवाले हैं, जिन्होंने मृत्युको जीता है, जो नरकगतिसे बचानेवाले हैं, जो बड़े और गम्भीर संसार सागरसे तारनेवाले हैं, अत्यन्त बलवान कामदेवके बनको जलानेके लिए रुद्रकी अग्निके समान हैं, जो जीवोंको बिलकुल निडर बतानेवाले हैं; उन (पार्श्वनाथ भगवान)की जय हो!!॥२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બનારસીદાસ સમયસાર કળશનું પદ બનાવતાં પહેલાં, પાર્શ્વનાથ ભગવાન જે ૨૩મા તીર્થંકર થયાં. એની (આ) સ્તુતિ કરે છે. પહેલો એક ભાગ થઈ ગયો, આ બીજો ભાગ છે. ખગ સુધી આવ્યું (તું). જુઓ ફરીને જુઓ થોડું. બીજો ભાગ.

सकल–करम–खल–दलन, कमठ–सठ–पवन कनक–नग।
धवल परम–पद–रमन, जगत–जन–अमल–कमल–खग ॥

ત્યાં સુધી આવ્યું છે. જે ભગવાન પાર્શ્વનાથ પરમાત્મા સંપૂર્ણ દુષ્ટકર્મોને નષ્ટ કરવા વાળા છે. 'सकल-करम-खल-दलन' બીજો ભાગ, સકલ કર્મરૂપી 'सठ' નામ દુષ્ટ એને 'दलन' નામ નાશ કરવાને સમર્થ છે અને 'कमठ-सठ' ભલે નામ ન આપ્યું પણ એનો ન્યાય આવી ગયો છે. કમઠ જે સઠ હતો એ અસુર કુમાર દેવ એ રૂપી પવન એની સામે 'कनक-नग' સોનાનો મેરુ જેમ ડગે નહીં. એમ જેણે આત્માનાં ધ્યાનમાં સ્થિર થઈને ડગ્યાં નહીં. બધાં એકાક્ષરી છે ને એટલે પાર્શ્વનાથનું નામ ન આવ્યું પણ વસ્તુ તો એ જ છે ને. કમઠને પહેલા આવી ગયું હતું. લીલું, લીલું જેનું શરીર છે.

'धवल परम पद रमन'। પરમ પવિત્ર પદ—આખું ચૈતન્ય સ્વરૂપ એમાં રમણ કરનારા છે. નિર્વિકાર સિદ્ધપદમેં રમણ કરતે હૈ, એમ 'जगत–जन–अमल–कमल–खग' સંસારી જીવોરૂપી કમળો એને પ્રફુલ્લિત કરવાને સૂર્ય સમાન છે. આહાહા! પૂર્ણ સ્વરૂપ જેને ચૈતન્યની ચમત્કાર દશા પૂર્ણ પ્રગટ થઈ છે, ઈ નિમિત્તરૂપે પરને પણ એમ કરી શકે છે, એમ કહેવામાં આવે છે. છે તો પોતે પોતાનું કરનાર, પણ ઓલી નિમિત્ત એ છે, ઈ પણ આમાં પ્રફુલ્લિત કમળને કરનારા સૂર્ય સમાન છે. ત્યાં સુધી તો કાલે આવ્યું'તું.

'परमत–जलधर–पवन', મિથ્યામતરૂપી મેઘોને ઉડાનેમેં પ્રચંડ વાયુ છે. પ્રચંડ વાયુ 'परमत–जलधर–पवन' અજ્ઞાનરૂપી અજ્ઞાની એકાંત મતવાળા. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે માર્ગ કહ્યો, એનાથી એકાંત મતનાં કલ્પનારા પોતાની કલ્પનાએ માર્ગ સ્થાપ્યા, એવાં બધાં જીવોને ઉડાડવા માટે મેઘ સમાન પ્રચંડ વાયુ છે. અન્યમતિમાં ધર્મનું એકાંતપણું ઉડાડવામાં અનેકાંત ભગવાન સ્વભાવ સમર્થ છે.

'सजल–धन–सम–तन–समकर' પાણીથી ભરેલું જેમ મેઘ હોય એમ જેનું શરીર નીલવર્ણે છે. આવી ગયું નામ, ભલે નામ ન હોય નીલાવર્ણે પાર્શ્વનાથ ભગવાનનું શરીર હતું છે ને? 'सजल–धन सम-तन समकर।' જેનું તન આવું હતું અને સમકર જીવોકો સમતા દેનેવાલા, સમતા વીતરાગપણું કારણ કે એમને વીતરાગતા અમૃત સમતા જેને પૂર્ણ પ્રગટ થઈ'તી. એવું અમૃત સ્વરૂપ આત્મા જે બીજાને સમજાવવામાં દેવામાંય સમર્થ છે. દદાતિ ઇતિ દેવ, પંડિતજી એવું આવે છે 'અષ્ટપાહુડ'માં દેવ. એ નિમિત્તનાં કથન છે ને જે સમજે એને પ્રાપ્ત થાય, એણે દીધું કહેવામાં આવે છે એમ. સમજાણું?

'सजल–धन–सम–तन' ત્યાં સુધી લીધું. 'समकर' જુદું પાડ્યું. સમતાનાં દેનેવાલા છે. 'पर–अध–रजहर जलद' અશુભ કર્મોની ધૂળ ધોવાને લીધે સૂર્ય સમાન છે, મેઘ સમાન છે. ધૂળ જો ઉડતી હોય ઘણી, પણ એમાં વરસાદ ઘણો આવે તો ધૂળ બેસી જાય, ઊડી શકે નહિ. એમ ભગવાનની વાણી સાંભળે અને ભગવાનને જે જાણે, પૂર્ણાનંદ પવિત્ર આનંદની મૂર્તિ એને જાણે, એને કર્મોના રજો, મેઘને (રજને) જેમ ટાળે મેઘ એમ કર્મના રજ ટાળે છે. મેઘ સમાન છે ને. વળી 'सकल–जन–नत–भव–भय–हर, सकल जन. સમ્પૂર્ણ જીવો દ્વારા વંદનિક છે ઈ. 'सकल–जन–नत' નમ્યાં છે જેને એમ. 'सकल–जन–नत' સર્વ જીવો, પ્રાણી, આત્માર્થીઓ જેને નમ્યાં છે. 'भव–भय–हर'. એ ભવના ભયના હરનારાં છે. ચોર્યાસીના અવતાર, દુઃખરૂપી યોનિના અવતાર, જેનાં હરનારા પરમાત્મા એને ઓળખે એની વાત છે હોં! પરમાત્મા કાંઈ ટાળી દેતાં નથી, કાંઈ કર્તા નથી કોઈના. એને ઓળખે અને એ પ્રમાણે જાણીને અનુભવે, ઈ ભવના ટાળનારા છે એમ કહેવામાં છે. વળી કેવાં છે?

'जमदलन जम' નામ મૃત્યુનાં દળનારા છે, નાશ કરનારા છે. પાર્શ્વનાથ ભગવાન ત્રેવીસમા તીર્થંકર. ક્યાં ભાઈને હાથ ન આવ્યું? 'जमदलन' છે. મૃત્યુ જમ નામ મૃત્યુના દલનારા છે. બાળનારા એટલે નાશ કરનારા છે. 'नरकपद–छयकरन', નરકનાં પદને તો મૂળમાંથી નાશ કરનારા છે. જે પરમાત્મા આવું વીતરાગી નિર્દોષ અમૃત સ્વરૂપ જેને (પર્યાયમાં) પ્રગટ્યો એનું જે શરણ લે અંતરમાં, સ્વભાવનું શરણ લે એને નરકપદ હોઈ

શકે નહિ. 'अगम अतट भवजलतरन', લ્યો. કહે છે કે બડે ઔર ગંભીર સંસાર–સાગર. અહો! ચોર્યાસીના અવતાર, મોટા અને ગંભીર, જ્યાં એકેન્દ્રિયના જીવ, કીડી ને કાગડા, કૂતરા એવાં અનંતા, અનંતા યોનિનાં ભવ, મોટા, બડા અને ગંભીર એવો સંસાર સાગર એને તારવાવાળા છે. ચૌર્યાસીના અવતારમાં એક એક યોનિમાં અનંત અનંત વાર જન્મ્યો અને મર્યો એવો ગંભીર અને મોટો સંસાર જળસમુદ્ર એને તારવાને પરમાત્મા સમર્થ છે. એટલે એણે (પરમાત્માએ) જે કર્યું એવું જાણીને કરે એ (જીવ) સમર્થ છે એમ. ભગવાન કાંઈ તારી દેતા નથી. સમજાણું કાંઈ? 'अगम अतट' એમ અગમ નામ કહ્યું ને મહા અને ગંભીર. 'अगम अतट' જેનો છેડો નથી, છેડો નથી. એવો અગમ ગંભીર 'भवजल' ચૌર્યાસીના અવતાર એને તારવામાં ત્રિલોકીનાથ પરમાત્માએ આત્માનું સ્વરૂપ જે કહ્યું એવું જાણે, ઠરે એને ભવસાગર હોઈ શકે નહિ. 'वर–सबल–प्रदन–वन–हरदहन' કહે છે અત્યંત 'वन'નો અર્થ કર્યો. બળવાન કામદેવ કે વનકો જલાને કે લિયે રૂદ્રને અગ્નિ સમાન છે. એ ઉપમા આપી ઉપમા. એ વૈષ્ણવ મતમાં દ્રષ્ટાંત છે. ઉનકે મતમેં કથન હૈ. મહાદેવજીને તીસરા નેત્ર નીકાલા ઔર કામદેવકો ભસ્મ કર દીયા. યદ્યપી જૈનમતમેં યહ વાર્તા અપ્રમાણ હૈ. તથાપિ દ્રષ્ટાંત માત્ર તેથી દ્રષ્ટાંત એક દઈને (સમજાવ્યું છે). વસ્તુએ કાંઈ બની શકે નહિ સમજાણું કાંઈ?

જેણે 'सबल-मदन' સબલ–મદન મહા કામદેવ વાસના, ઉગ્ર અનાદિની જેમાં ઝળહળ બળી રહ્યાં છે પ્રાણી એને એવું જે વન એને 'हरदहन' અગ્નિ જેમ શંકરનું ત્રીજું નેત્ર કામદેવને બાળી નાખે, એમ આ બાળી નાખે છે. 'जय जय परम अभयकरन' જય હો, જય હો, પરમ અભયના દેનારા વીતરાગ સ્વરૂપ પરમાત્મ દશા જેને પ્રગટી એવાં પરમાત્માનો જય હો, એમ કરીને સ્તુતિને માંગલિક કર્યું છે. હવે ત્રીજી સ્તુતિ પાર્શ્વનાથ ભગવાન હવે આમાં ને આમાં આવશે. ઓલા બધા એકાક્ષરી શબ્દો હતાં ને એમાં (એટલે) નામ ન આપ્યું છે તો પાર્શ્વનાથ ભગવાની સ્તુતિ આ તો કવિ છે ને મોટા શીઘ્ર કવિ છે.

जिन्हिके वचन उर धारत जुगल नाग,
भए धरनिंद पदुमावति पलकमैं।
जाकि नाममहिमासौ कुधातु कनक करै,
पारस पखान नामी भयो है खलकमैं।।
जिन्हकी जनमपुरी-नामके प्रभाव हम,
अपनौ स्वरूप लख्यौ भानुसौ भलकमैं।

तेई प्रभु पारस महारसके दाता अब,
दीजै मोहि साता दृगलीलाकी ललकमैं॥३॥

શબ્દાર્થ :—કુધાતુ=લોઢું. પારસ પખાન=પારસ પથ્થર. ખલક=જગત. ભલક=તેજ. મહારસ' અનુભવનો સ્વાદ. સાતા=શાન્તિ.

અર્થ :—જેમની વાણી હૃદયમાં ધારણ કરીને સર્પનું જોડું ક્ષણમાત્રમાં ધરણેન્દ્ર અને પદ્માવતી થયું, જેમના નામના પ્રતાપથી જગતમાં પથ્થર પણ પારસના નામથી પ્રસિદ્ધ છે કે જે લોઢાને સોનું બનાવી દે છે, જેમની જન્મભૂમિના નામના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ જોયું છે–જાણે કે સૂર્યની જ્યોતિ જ પ્રગટ થઈ છે, તે અનુભવ–રસનો સ્વાદ આપનાર પાર્શ્વ જિનરાજ પોતાની પ્રિય દૃષ્ટિથી અમને શાંતિ આપો. ૩.

**अर्थ** :–जिनकी वाणी हृदयमें धारण करके सांपरा जोड़ा क्षणभरमें धरणेन्द्र-पद्मावती हुआ, जिनके नामके प्रतापसे जगतमें पत्थर भी पारसके नामसे प्रसिद्ध है जो लोहेको सोना बना देता है, जिनकी जन्मभूमिके नामके प्रभावसे हमने अपना आत्मस्वरूप देखा है–मानों सूर्यकी ज्योति ही प्रगट हुई हैं; वे अनुभवरसका स्वाद देनेवाले पार्श्वनाथ जिनराज अपनी प्यारी चितवन(दृष्टिसे) हमें शान्ति देवें॥३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जिन्हीके वचन उर धारत जुगल नाग', પાર્શ્વનાથ ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતાં અને વનક્રીડા કરવા હાથીને હોદ્દે નીકળ્યાં હતાં. એમાં એના નાના, એની માનો બાપ, બાવો થયેલાં સાધુ અને તાપણી કરતાં'તા એમાં લાકડામાં બે નાગ અને નાગણી બળતાં હતાં. 'जिन्हीके वचन उर धारत जुगल नाग', નાગ અને નાગણી બે જુગલ એટલે બે, 'भए धरनिंद पदुमावति पलकमैं', ક્ષણમાં ધરણેન્દ્ર ઇન્દ્ર થયા. નીચે ભવનપતિના અને એની પદ્માવતિ રાણી થઈ. જેનાં વચન સંભળાવ્યાં છેલ્લે. મડદું બળી ગયું પેલું તો શરીર, થોડું રહ્યું હતું. 'ઓમ' શબ્દ 'ઓમ' શબ્દ પાંચ પરમેષ્ઠીનો વાચક છે. દેહ છૂટી ગયો બેનો. દેવ અને દેવી થયાં. નીચે, ધરણેન્દ્ર અને પદ્માવતી.

'जाकी नाममहिमासौं कुधातु कनक करै', પારસ પથ્થર હોય છે ને પારસમણિ એ લોઢાને પણ સોનું કરે. લોઢું યથાર્થ, કાટ વિનાનું હોય તો એમ પાર્શ્વનાથ ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા દશા, અમૃતરસના પૂર્ણ પ્રગટ દરિયા; એ કહે છે જે એનો સ્પર્શ કરે, એને જે સાંભળે અને સમજે, ઈ લોઢાને જેમ સોનું કરે પારસ, આ એના જેવા બનાવે. સમજાણું? લોઢાને પારસ પખાન, પારસ પથ્થર થાય છે. કુધાતુ કનક કરે. 'पारस पखान नामी भयौ है खलकमैं' એવો પારસ પથ્થર થાય છે. એ ખલકમાં કહે છે પ્રસિદ્ધ છે, એમ ભગવાન

પણ આ રીતે પ્રસિદ્ધ છે. 'जिन्हकी जनमपुरी–नामके प्रभाव हम', જેની જનમભૂમિ કે નામકે પ્રભાવસે, હમને અપના આત્મ સ્વરૂપ દેખ્યાં. બનારસીદાસ કહે અમને આત્માનો અનુભવ, આત્માનો સ્વાદ જેનાં નામ કાશીમાં આવ્યું છે. બનારસી, બનારસ છે ને.

जिन्हकी जनमपुरी-नामके प्रभाव हम, अपनौ स्वरूप लखयौ भानुसौ भलकमैं આત્મ સ્વરૂપ 'मानो सूर्यकी ज्योति प्रगट हुई'. આહા! શું કહે છે? સર્વજ્ઞ પરમાત્માના (જન્મધામનું) નામ છે ત્યાં, કહે છે બનારસ–કાશી એનું નામ. આ શરીરનું નામ પણ બનારસ આપ્યું. એના નામના એ જ ભવમાં હું આત્માના આનંદમાં અનુભવને પામ્યો છું. બનારસીદાસ કવિ કહે છે. ભાનુ 'मानो सूर्यकी ज्योति प्रगट हुई' પુણ્ય અને પાપના મેલના અંધકારમાં ભગવાન ચૈતન્ય સૂર્ય આગમાં પડ્યો હતો, એને અમે બનારસમાં અંતર સ્વરૂપમાં અંતર સ્પર્શ થઈને જાણે કે સૂર્ય તેજસ્વી જાગ્યો હોય, એમ અમારું ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્ય ચમત્કારથી જાગીને આત્માનો સ્વાદ અમને આવ્યો. કહો સમજાણું કાંઈ? જુઓ, આ પોતાની આત્મજ્ઞાનની પ્રાપ્તિ પણ બનારસમાં બતાવે છે.

પંડિતજી! 'जिन्हकी जनमपुरी–नामके प्रभाव हम', બનારસમાં જન્મ હતો ને પાર્શ્વનાથ ભગવાનનો. પાર્શ્વનાથ ભગવાનનો જન્મ બનારસમાં હતો. એના નામના પ્રભાવથી, 'अपनौ स्वरूप लख्यौ' લખ્યૌ એટલે જાણ્યો છે ને અર્થમાં, જુઓને, આત્મસ્વરૂપ દેખ્યા નિર્વિકલ્પ સ્વરૂપ. હજી તો ગૃહસ્થાશ્રમમાં છે, બૈરા છે, બધું હતું, ક્યાં નડે, એ તો એકકોર પડ્યાં એને ઘેરે બધું (હતું). ભગવાન આત્માના સ્વરૂપમાં અંદર જ્યાં ડુબકી મારે છે, આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ વીતરાગ શાંત આનંદનું ભાન થાય (છે). એ કહે છે કે અમને બનારસમાં થયું છે. કહો સમજાણું કાંઈ? ભાન થયેલાંને ખબર પડતી હશે કે નહિ? કેટલાંક એમ કહે છે, ખબર ન પડે. ભગવાન જાણે (શ્રોતા : ભગવાન આપે એટલે ભગવાનને ખબર પડે.) ભગવાન કેવળી છે. જે હોય એ જાણે. આવા ને આવાં. આત્મા અંદરમાં અજ્ઞાનમાં પડ્યો છે. એમાંથી (દૃષ્ટિ ફેરવીને) ભાન થાય એનો અનુભવ થાય. આ તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. રાગને દ્વેષના પુણ્ય પાપ વિકલ્પની લાગણી વિનાનો પ્રભુ છે. એવું અમને કહે સૂર્યની જ્યોતિની જેમ આત્મા જાગ્યો. કહો સમજાણું? (બનારસીદાસ) દશાશ્રીમાળી દશા હતા શ્રીમાળી.

કહે છે 'तेई प्रभु पारस महारसके दाता अब' હવે તો અમારો આનંદ રસ પૂરો થઈ જાવ. મહારસ છે ને? 'अनुभव-रसका स्वाद देनेवाला' નિમિત્તથી કથન તો એમ જ આવે ને. અનુભવ રસના સ્વાદ દેવાંવાળા. 'तेई प्रभु पारस महारसके' લો, આમાં નામ આવ્યું પારસ નામ આવ્યું. આમાં ઘણાં સવૈયા ઇકતીસા છે ને? ઓલા લઘુ અક્ષર હતાં

એટલે નામ નહોતું આવ્યું. છે તો પારસનાથ નીલું શરીર, કમઠ એ બધાં નામ. પારસનાથની ત્રણ તો સ્તુતિ કરી. ભગવાનની પહેલી કરી. 'जिनराज अपनी प्यारी चिंतनसे हमें शांति देवे। 'दीजै मोहि साता दृगलीलाकी ललकमैं'॥ આંખ મીંચીને ઉઘાડીએ એમાં ક્ષણમાં અમારો પૂર્ણાનંદ પ્રાપ્ત થાઓ, એવી એમને પ્રાર્થના છે. આહાહા! સમજાણું?

'જાગીને જોઉં ત્યાં જગત દીસે નહિ. ઊંઘમાં અટપટીયાં ખેલ દેખે.' ભગવાન આત્માનાં અંતર સ્વરૂપમાં સચ્ચિદાનંદ પ્રભુ, એનું જ્યાં અંતર ભાન થાય તો કહે, મારામાં જગતના પુણ્ય, પાપ, શરીર, વાણી કાંઈ છે જ નહિ. હું તો શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છું. એવો અનુભવ સમ્યક્દર્શન થતાં ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. સમજાણું કાંઈ? સવારે ચાલે છે ઈ, આવા ભાન વિનાના સાધુ થાય તોય બધાં રખડી મરવાના એમ છે. સવારે ઈ હાલે છે, લિંગ. લિંગ ધારણ કરે દિગમ્બર આદિ પણ આત્મા શું ચીજ છે? તેનું તો ભાન નથી, અનુભવ નથી. આત્માના આનંદના જેને સ્વાદ આવ્યાં નથી. આત્મા જાગીને જોયો નથી, હું કોણ છું? એવા અજ્ઞાનીઓ બહાર ભેખ ધારીને નગ્નવેષ ધારણ કરે, એને કાંઈ આત્માનો લાભ છે નહિ. નુકશાન ગણો ત્યાં તો બહુ.

અહીં તો કહે છે 'दीजे मोहि साता' સાતા એટલે અમને અમારો અનુભવ એમ ચિંતન અમારું ચિંતન 'साता' એટલે અનુભવ ઈ ચિંતન, અંતરના આનંદનું ચિંતવન આનંદનું ચિંતન સિદ્ધ થઈ પૂર્ણ થઈ જવું. 'ललकमें' પણ, વિચાર માત્રમાં શાંતિ પ્રગટ થાય, એવી અમારી પ્રાર્થના છે. પ્રાર્થના તો આત્મા પાસે છે પણ આ તો નિમિત્તથી એમ જ બોલાય ને! (પહેલાં) ગરીબ માણસ હોય ને પછી પૈસા ખૂબ થયાં હોય પાંચ, પચાસ લાખ, કરોડ બે કરોડ. ત્યારે એમ કહે ને વડિલોનાં પુણ્ય છે. વડિલોના પુણ્ય, ક્યાં વડિલ પાસે હતાં? એય! ચીમનભાઈ પાસે નહોતાં, તમારા પાસે પૈસા છે એટલાં એય! ચીમનભાઈ. પણ બોલાય એમ, વ્યવહારથી તો એમ જ કહેને ભાઈ મોટા થકી મેળવ્યું છે.... બાપના પુણ્ય છે. પાંચ પચાસ લાખ રળે તો ઘરડાંના પુણ્ય છે એમ બોલે, ભાષામાં શું કહે? વિનયનું નિર્માનનું એ વચન છે.

એમ વીતરાગ તીર્થંકરને કહે છે. ક્ષણમાત્રમાં અમારી લીલા અમને આનંદની પ્રાપ્તિ થાવ. 'ભગવાનની (લીલા)' આપ વડિલ આપ વડિલ છો દેવમાં, એ આપના પુણ્ય પ્રતાપે અમને આવું થઈ જાવ,' એમ વિનયથી નમ્રતાના વચનો છે. કોઈ દેતું નથી અને કોઈથી મળતું નથી. વિનયનાં વાક્ય એમ જ બોલે ને લો! ચિંતન દૃષ્ટિસે હમે શાંતિ દેવેં. 'प्यारी अपनी प्यारी चिंतन अनुभव' એનાથી અમારું પરમાત્મા પદ, પરમાત્મા તમને જે થયું તેવું,

અમને થઈ જાવ', પ્રભુ, અમે પરમાત્મા થવાને લાયક છીએ. પૂર્ણતા પ્રાપ્ત થાય એવી માંગણી છે, લો. આહાહા!

૪થું પદ હવે સિદ્ધ સ્તુતિ. આ પાર્શ્વનાથ ભગવાનની—અરિહંતની હતી. થઈ ગયાં છે એ સિદ્ધપદે. અરિહંતપદે હતાં, એમ સંભારીને કહે છે. હવે સાધુપદની (સ્તુતિ) માંડી છે ને. હવે સિદ્ધ ભગવાન શરીર રહિત જે આત્મા થયાં. (અરિહંત) આ તો શરીર સહિત હતા. જ્યાં સુધી વાણી આદિ હતી એ અરિહંત કહેવાય. શરીર રહિત થઈ ગયાં. એકલો આત્મા. એની સ્તુતિ કરે છે. હવે નમો અરિહંતાણં આવે છે ને એની સ્તુતિ કરી પછી નમો સિદ્ધાણં બીજું પદ છે. સિદ્ધ પદનો અર્થ શરીર રહિત દશા. એકલો આત્મા, અનંત અનંત ગુણની શક્તિથી ભરેલું તત્ત્વ, પ્રગટરૂપ દશાના અનુભવમાં થાય. અનુભવ દશા થઈ જાય પુરી એને સિદ્ધ દશા કહે છે. તે એકલો આત્મા હોય છે, એને કાંઈ બીજું શરીર, વાણી, સંબંધ હોતું નથી.

(શ્રી સિદ્ધની સ્તુતિ. અડિલ્લ છંદ)

अविनाशी अविकार परमरसधाम हैं।
समाधान सरवंग सह अभिराम हैं।।
सुद्ध बुद्ध अविरुद्ध अनादि अनंत हैं।
जगत शिरोमनि सिद्ध सदा जयवंत हैं।।४।।

શબ્દાર્થ :—સરવંગ(સર્વાંગ)=સર્વ આત્મપ્રદેશે. પરમરસ=આત્મસુખ. અભિરામ=પ્રિય.

અર્થ :—જે નિત્ય અને નિર્વિકાર છે, ઉત્કૃષ્ટ સુખનું સ્થાન છે, સહજ શાન્તિથી સર્વાંગે સુંદર છે, નિર્દોષ છે, પૂર્ણજ્ઞાની છે, વિરોધરહિત છે, અનાદિ અનંત છે; તે લોકના શિખામણિ સિદ્ધ ભગવાન સદા જયવંત હો ! ૪.

**अर्थ** :–जो नित्य और निर्विकार हैं, उत्कृष्ट सुखके स्थान हैं, साहजिक शान्तिसे सर्वांग सुन्दर हैं, निर्दोष है, पूर्ण ज्ञानी हैं, विरोधरहित हैं, अनादि-अनन्त हैं; वे लोकके शिरोमणि सिद्ध भगवान सदा जयवन्त होवें।।४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

જે અવિનાશી નિત્ય છે વસ્તુ, ભગવાન આત્મા તો અનાદિ અનંત નિત્ય છે. તે ઉત્પત્તિ થતી નથી સત્‌ની. અવિનાશી છે, વસ્તુનો કોઈ દિ નાશ થાય નહિ. 'उत्कृष्ट सुखके स्थान हैं'. સિદ્ધ તો ઉત્કૃષ્ટ સુખના પ્રાપ્ત થઈ ગયેલાં છે. અનાદિ છે, અવિનાશી છે અને ઉત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થઈ ગઈ એનું નામ મુક્તિ. સંસારના દુઃખનો

નાશ અને અનંત આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. ચાર ગતિમાં રખડતાં, એકલાં દુઃખ હતાં. એ દુઃખનો વ્યય એટલે અભાવ થઈ આત્મામાં પૂર્ણ આનંદ જે છે એવો પ્રગટ પૂર્ણ આનંદ થઈ જવો એનું નામ મુક્તિ, એનું નામ સિદ્ધ પદ, એનું નામ અશરીરી દશા, કહો સમજાણું કાંઈ?

'परमरसधाम'—ઉત્કૃષ્ટ સુખનું સ્થાન છે. પરમ રસ એટલે પરમ સુખ, સમાધાન. 'साहजिक शान्तिसे सर्वांग सुंदर है'. જિનકા પ્રત્યેક આત્મપ્રદેશ વિલક્ષણ શાન્તિસે ભરપૂર હૈ. અહોહો! સિદ્ધ પરમાત્મા આત્માના અસંખ્યપ્રદેશ છે અહીંયા. એ અસંખ્ય પ્રદેશમાં શાન્તિ, શાન્તિ શાન્તિ, શાન્તિ. બરફની જેમ શિલા હોય, પાંચ મણ, દશ મણની હોય છે મુંબઈમાં. મોટા, દશ દશ મણની શિલા હોય છે. આ પણ એક શાંતરસની શિલા છે દેહમાં ભિન્ન, કેમ બેસે? દેહનાં રજકણો, માટીથી ભિન્ન અને પુણ્ય, પાપના વિકલ્પના મેલને દુઃખથી ભિન્ન, એકલો, શાંતરસનો શિલા, શાંતરસની શિલા છે, અરૂપી શિલા છે. એવી અરૂપી શાંતરસની દશા અસંખ્ય પ્રદેશે જેને પ્રગટ થઈ ગઈ છે. એને પરમાત્માને સિદ્ધ અને અશરીરી કહેવામાં આવે છે.

એક ફેરી પ્રશ્ન કર્યો તો ઓલા કેવા નહીં? વઢવાણવાળા શું કહેવાય? ટી.જી. શાહ વઢવાણ વઢવાણ શહેર, ટી.જી. શાહ આવ્યાં તા....કહે : સિદ્ધ ભગવાન અશરીરી થાય તો કોઈનું કરે કે નહિ? શું કરે કહે ઈ? કીધું, કાંઈ ન કરે કોઈનું. પોતાનાં સ્વરૂપનો પૂર્ણ આનંદ જે હતો તે પ્રગટ થઈને અનુભવ કરે. એવા અમારે શું કામનાં? અમે આહીં છીએ તો કોઈકનું કરીએ (એમ) કહે એય! ચીમનભાઈ. બધાં અભિમાનના પુતળાં, કરી દઈએ, ધૂળનેય કરતો નથી. સાંભળને! કહે કાંઈ કરે નહિ? કીધું, કાંઈ ન કરે આંહી શું કરે છે તું? આંહી કરે તો અજ્ઞાનથી રાગને દ્વેષ ને વિકાર કરે. શરીરને જડને હલાવી શકે છે આત્મા? આ તો માટી છે. આહાહા!

એ સિદ્ધ ભગવાન કોઈનું કાંઈ ન કરે! એલાં પણ અમે આંહીં પણ આવાં (સામાન્ય) હોય તો પચ્ચીસ પચાસ માણસનું ધ્યાન રાખીએ, રોટલા નાંખીએ વિગેરે વિગેરે એમ કહે છે ને માણસ કરતાં હશે કે નહિ કાંઈ? આ તમારા બધાં સંચા હાલે, રોટલા નહિ પૂરા પાડતા હો તમે શેઠીયાઓ? (શ્રોતા : ઘણાં મજૂરો હોય, જેવું કારખાનું ૧૦૦ માણસો.) ધૂળે હોય એવું કોણ આપતું'તું ધૂળને? એ તો પુણ્ય પ્રમાણે એને મળે. આપે કોણ એને? (શ્રોતા : શેઠિયો) ધૂળ શેઠિયો કોનો પણ? એ તો એનાં સ્વભાવનો શેઠ છે, કાં વિકારનો શેઠ છે. કાં વિકાર કરે એનો શેઠ ને કાં વિકાર ટાળીને સ્વભાવનું ભાન કરે એ સ્વનો શેઠ. બાકી હરામ વાત બીજી હોય તો. શેઠ! એની સત્તાની બહારમાં એ ક્યાં જાય છે ઈ? આહાહા!

સાત-આઠ હજાર માણસનાં નિર્વાહ કરીએ છીએ. ધૂળેય કરતો નથી સાંભળને હવે. પાવર ચડી જાય મગજને. પોપટભાઈએ કહ્યું'તું. બે અબજ ને ચાલીશ કરોડ, ફાટી જાયને મગજ. (શ્રોતા : કાંઈ ન ફાટે. છ ખંડ હોય તોય ફાટે નહીં.) એ છ ખંડવાળો તો સમકિતિ ને જ્ઞાની હોય કેટલાક.....બે અબજ, બે બસે ચાલીશ લાખ(કરોડ), બસે ચાલીશ કરોડ, બસો ચાલીશ કરોડ. જીભ ફાટી જાય અંદરથી બોલવામાં ધૂળ છે, સાંભળને! એ તારી ક્યાં હતી? એ તો જગતના પથરા છે. બધાંને નભાવ કરી દઈએ છીએ. એક જણાએ કહ્યું શેઠિયો એનાં બનેવીએ, 'હવે શું કરવાં રળો છો? પણ આટલા પૈસા છે ને?' કહે, 'શું અમે રળવાં માટે કરીએ છીએ? સાત આઠ દશ દશ હજાર માણસ પોષાય છે'. બહુ સારી વાત છે. તું પોષતો હશે? મારા હાળા આવા તે કાંઈ. કહો શેઠ! તમારે તો બહુ હોય ને ત્યાં બીડીવાળા ને ઓલા ઘણી દુકાનો ને ઘણાં માણસો રાખતાં હશે. ધૂળેય રાખતું નથી, કહે છે.

અહીં તો કહે છે કે આહાહા! પરમ સમાધાન, સિદ્ધ ભગવાનને સાહજીક શાંતિથી સર્વાંગ સુંદર છે. પુણ્ય, પાપના વિકલ્પો છે, રાગ છે, તે અશાંતિ છે. આકુળતા, કષાય છે. સમજાણું કાંઈ? ચકલા ને આદિ હોય છે? ને, જોયું છે બેઠાં હોય તોય આમ, આમ આખું શરીર ધ્રુજી ઊઠે, બહુ ચકોર હોય, કષાય છે એટલો અંદર ઘણો. નાનાં નાનાં ચકલાં હોય છે ને પગ એના ધ્રુજ્યાં જ કરે ચપળ, ચપળ, ચપળ જેમ વાંદરા અમથો બેઠો બેઠો વાંદરા ચપળ ચપળ આંખ્યું ને બધું હાથ ને બધું આમ, આમ થયા કરતું. આમ આમ થયાં કરતું હોય એનો અર્થ અંદર કષાય, એટલો કષાય છે અંદર રાગ ને દ્વેષ કે જેની ચેષ્ટા શરીરમાં પણ બહાર દેખાય છે.

એમ જેને કષાય ટળી ગયો છે. શાંત, સર્વાંગ-શાંત, અસંખ્ય ચૈતન્યના પ્રદેશે નિજ ક્ષેત્રથી, અસંખ્ય પ્રદેશમાં સમાધાન, 'सहज अभिराम है' શાન્તિ છે. સર્વાંગ સુંદર, સુંદર, સુંદર, આત્માના અંગ હોં, શરીરના, જડના, જડના નથી. આહાહા! (શ્રોતા : શરીર ક્યાં છે?) ઘડીકમાં થઈ જાય છે, ઘડીકમાં થઈ જાય છે. જો કાલે બિચારા આવ્યાતા ને જોને ઓલા ભાઈ. આહાહા! ભાવનગરથી ૩૦-૩૨ વર્ષની ઉંમર હશે બહુ હાલી શકે નહિ. ક્ષયની અસર થઈ ગઈ લાગે છે બાઈને. શરીર કેટલું રૂપાળું ને કેટલી જુવાન અવસ્થા. દસ—બાર વર્ષ થયાં હશે લગ્ન થઈને. બધાં થઈને હાય! હાય! હાય!

ઈ તો પરમાણુની પર્યાય થવાની હોય તે થયાં વિના રહે જ નહિ. તારાં રાખ્યાં શું રહેતા'તા? અમે બહુ ધ્યાન રાખીએ ને ઓલું રાખે ને કબાટ, કબાટ અનેક દવાનું હોય, ફલાણું તો આમ, ફલાણું તો આમ, ફલાણું તો આમ, વીંછી કરડે તો ઓલું શું, ભેખડુંનો કટકો (શ્રોતા : ભેખડનો કટકો) એ બધું કહે છે, સાંભળેલું છે આપણે ક્યાં ન્યાં

(કરવા ગયા હતા?) ફલાણી દવા આ છે આના ઉપર આમ, આના ઉપર આમ છે, ગોળી કામ નહીં કરે, સાંભળને! પરમાણુ (સ્વતંત્રપણે) ફરશે.

આમ જો ને કાલે જોતાં આહાહા! કેવાં બિચારા થઈ ગયા. ભાવનગર નહીં? ભાયાણી હિરાલાલનો દીકરો આવ્યો'તો આંહી બિચારો. બાઈ બિચારી માંડ ઉપાડીને લાવ્યા. અરે! બેન મુંઝાશો નહીં, બાપા, શું થાય કીધું આમાં? આહાહા! આહાહા! એને એમ થયું જાણે હાય! હાય! શું થશે? માંડ માંડ ....શરીર ઝીર્ણ થઈ ગયું સાવ....માંડ ઉપાડીને લાવ્યાં. બેઠા હતા તો માંગળિક સાંભળવા ઊભા ન થઈ શકે. ૩૨ વર્ષની જુવાન બાઈ છે. એ શરીર ફરે ત્યારે કાંઈ તારાં ધાર્યાં નહિ થાય, ન્યાં ધૂળેય નહિ આ તો માટી છે અને પરવસ્તુ છે. પર વસ્તુને કેમ રહેવું એ તારે સાવધાનીથી રહેતાં હશે? (શ્રોતા : બિલકુલ નહીં) સમાધાન અંતરમાં. આહાહા!.! જુઓ, શું ભાષા વાપરી છે!

'समाधान सरवंग सहज' શાન્તિ, શાન્તિ, શાન્તિ અસંખ્ય પ્રદેશે, 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયને, આવે છેને, ઉપશમરસ વરસે રે પ્રભુ તારાં નયનમાં', અંદરમાં, શાંત, શિલા, અવિકારી દશા પ્રગટ થઈ ગઈ છે. શીતળતા, શીતળતા, શીતળતા, શીતળતા એવો બરફ જેમ ઠંડી શિલા હોય એમ આત્મા, વિકાર વિનાની દશા પરમાત્માની થઈ એવી શીતળ શિલા થઈ, એવો જ મારો સ્વભાવ છે. અને હું પ્રગટ કરીને તારા જેવો થાઉં માટે હું સ્તુતિ કરું છું, એમ કહે છે. આહાહા! સર્વાંગ સુંદર શાન્તિ છે હોં. સ્વભાવિક શાન્તિથી એમ. કૃત્રિમ શાન્તિ ઉપરની કરે આમ, અમને મજા છે ને ધૂળ છે ને કાંઈ ન મળે હોળી. અંતરમાં શાન્તિ અકષાયના અંકુરા ફૂટતાં જ્યાં આત્મા રેલમછેલ શાન્તિથી ભળી ગયો. હે પ્રભુ! સર્વાંગ સુંદર આપ થઈ ગયા છો. આહાહા!

'सुद्ध बुद्ध अविरुद्ध' આપ તો મહા શુદ્ધ છો, નિર્દોષ છો, બુદ્ધ છો. પૂર્ણજ્ઞાની છો, અવિરોધ છો, વિરોધ રહિત છે. વિકલ્પમાં રાગની વૃત્તિ, માત્ર બીજાને તારવું એવો વિકલ્પ પણ જેને નથી એવી દશા જ્યાં પ્રગટી છે એને પરમાત્મા અને એને ભગવાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને તેને ભગવાનને પરમાત્મા માનીને માથા ફોડે છે એની સામે આ વર્ણન કરે છે. કે પરમાત્મા આવા હોય. 'शुद्ध बुद्ध अविरुद्ध अनादि अनंत है'. અનાદિ અનંત એ તો આત્મા છે એ વસ્તુ અનાદિ અનંત છે. પર્યાય પ્રગટે ત્યારે પણ એમને એમ પછી સાદિ અનંત રહે છે. આંહી સમુચ્ચય સિદ્ધની વાત છે ને. સિદ્ધો પણ અનાદિ અનંત છે જગતમાં. (શ્રોતા : જગત અનાદિ અનંત છે.) જેમ સંસારી અનાદિનાં છે, તેમ સિદ્ધ પણ અનાદિનાં છે. શરીર રહિત આત્માઓ પણ અનાદિનાં છે.

આખું ગાડું જેમ હોય, પાછળનો ભાગને શું કહેવાય ઈ? ઠાઠુ (શ્રોતા : ઠાઠું) ને મોઢાનો ભાગ એ ગાડું કહેતા બે હારે જ હોય. એમ જગત કહેતાં અશરીરી જીવ અને શરીર સહિત સંસારી બે અનાદિનાં હારે જ હોય. પહેલાં પછી હોય. (નહિ) (શ્રોતા : બિલકુલ ન હોય) આહાહા!

હવે જરા ઝીણી વાત નાખી. અનાદિ અનંત છે. સિદ્ધ પણ અનાદિ અનંત છે. રખડનારા પ્રાણીઓ પણ અનાદિનાં છે અને કેટલાંક તો અનંતકાળ એમને એમ રખડશે. જાણે સિદ્ધ ભગવાન શરીર રહિત થયેલાં, સર્વાંગ શાન્તિ પ્રગટ થયેલાં જીવો પણ અનાદિ અનંત છે સમજાણું કાંઈ? 'वे लोकके शिरोमणि सिद्ध सदा जयवंत होंवे'. 'जगत शिरोमणि सिद्ध सदा जयवंत हैं' લોકને અગ્રે બિરાજમાન છે. ચૌદ બ્રહ્માંડ છે. એને અગ્રે ઉપર લોકમાં પછી ખાલી જગ્યા છે. પછી ખાલી, ખાલી, ખાલી, ખાલી, ખાલી, ખાલી, ખાલીનો અંત નહિ ક્યાંય! ચૌદ બ્રહ્માંડ અસંખ્ય જોજનમાં છે.

(શ્રોતા : ધર્માસ્તિકાય નથી એટલે શું કરે?) ધર્માસ્તિકાય નથી માટે શું? એનો સ્વભાવ જ એવો છે. ખાલી ભાગ આકાશમાં હોય ને. આ તો અમુક ક્ષેત્ર અસંખ્ય જોજનમાં છે. ચૌદ રાજુમાં આમ એક રાજુ છે, આમ ચૌદ રાજુ છે. પછી ખાલી જગ્યો છે. ખાલી, ખાલી, ખાલી, ખાલી, અપાર જેનો કાંઈ પાર ન મળે. એમને એમ આકાશ, આકાશ, આકાશ, આકાશ, આકાશ ચાલ્યો જાય છે. એમાં સિદ્ધ ભગવાન લોકને અગ્રે છે. ચૌદ બ્રહ્માંડ છે. તેથી જગતનાં શિરોમણિ કીધા એને લ્યો! લોકકા શિખામણિ છે. શિખામણિ. આહાહા!

મણિ, મણિ નથી રાખતાં. મોટા કલૈયાં, રાજા-માજા-રાજા પરણે ત્યારે મોટા રાખે છે ને છોગા, મોટા શું કહેવાય? લાખોના કરેલા મણિરતનની કલગી. એવાં જગતનાં કલગીરી છે એ સિદ્ધ. ચૌદ બ્રહ્માંડ લોકમાં ઉપર છે ઠેઠ છેલ્લે. જેમ ધૂમાડો થઈને ઊંચો જ જાય, તેમ શરીર રહિત આત્માની પૂર્ણ દશા થઈ એ ઉપર જ જાય. ખાલી જગ્યામાં ત્યાં આનંદ, પોતાના પૂર્ણ આનંદમાં રમે છે. ત્યાં કોઈ સેવક સેવિકા નથી. ત્યાં રોટલાં દાળને (શ્રોતા : ઓસામણ) ઓસામણ, ઓસામણ, ઓસામણેય છે ત્યાં. (શ્રોતા : જાણવા માટે)

કહ્યું હતું ત્યાં ઓલા લાલનપંડિત, પંડિત લાલન હતાં ને ૯૫ વર્ષે ગુજરી ગયા ત્યાં ૧૬ વર્ષથી ૯૫ વર્ષ સુધી અભ્યાસ જ કર્યો શાસ્ત્રનો. આ બધો શાસ્ત્રનો શું કુશાસ્ત્રનો બધોય. ૧૬ વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ, એક લાલન હતાં શ્વેતામ્બરના પંડિત. આપણે અહીં રહેતા હતાં. ૧૨ મહિના થયા. ૯માં ગુજરી ગયાં ૯ની સાલમાં. ૧૬ વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી શાસ્ત્ર ભણ્યાં. એકલાં શાસ્ત્રો, શાસ્ત્રો, શાસ્ત્રો, શાસ્ત્રો દશ હજાર ને કેટલાંય,

એકવાર વિચાર આવ્યો એને કે માળો, ભગવાન થઈને પરમાત્મા તો હાળું ઓસામણ જોઈએ છીએ ઊનું ઊનું કે ચોખા અને મગની દાળ હોય લચકો ને ઓલું શું કહેવાય? આ ચૂલો તમારો નામ ભૂલી ગયો. ચૂલાની આડોળમાં હેઠે નાખે ને અગ્નિને. ઓલું ઓસામણ ઊનું ઊનું, ઊનું ઊનું ગરમ રાખે એટલે ઊનું ઊનું આપે. ઓસામણની ટેવ પડી ગઈ છે. ઓસામણ મળે કે નહિ ભગવાનમાં (મોક્ષમાં)? તો આપણે ભગવાન થાવું.

મશ્કરી (મશ્કરાં) હતાં ને ટીખળી હતાં. ૯૫ વર્ષની ઉંમર પછી કહે મારું ઠીક ત્યાં તો ઓસામણ છે. શી રીતે? કે જગતને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એને છે. એને ઓસામણનું જ્ઞાન તો ત્યાં છે, માટે ઓસામણ છે ત્યાં ચાલો. (શ્રોતા : સમાધાન થયું.) અહીં તો શું ઓસામણ ખાય છે ક્યાંય? (શ્રોતા : કોઈ ખાતું નથી.) પથરા, માટી, જડ ધૂળ છે પણ જોવે છે એટલું કે જ્ઞાન થાય છે. સારી નરસી કલ્પના કરે, બાકી ઓસામણ ખાય છે? ઓસામણ અડે છે આત્માને? આત્મા તો અરૂપી છે. .........ઠીક, ઓસામણ છે ખરું ત્યારે તો હવે ઠીક હવે ભગવાન થવામાં વાંધો નથી જાવ. શેઠ! એક પંડિત હતાં. ગુજરી ગયાં. ૯ની સાલમાં. અહીં બાર વર્ષ રહ્યાં હતાં. મશ્કરા હતાં બહુ.

અનાદિ અનંત સિદ્ધ ભગવાન લોકનાં શિખામણિ, સદા જયવન્ત હો; સદા જયવન્ત રહો. હવે સાધુની સ્તુતિ. અરિહંતની સ્તુતિ કરી, પહેલી પાર્શ્વનાથ ભગવાન. બીજી સિદ્ધ ભગવાનની સ્તુતિ ઓળખાવે છે જુઓ આવાં અરિહંત ને આવાં સિદ્ધ હોય. આવાં સાચાં અરિહંત અને સાચાં સિદ્ધ આને કહીએ. (અન્યમતી) નામ આપે ભગવાનનું. અન્ન ખાય ને પાછાં ખાય પીએ ને લહેર કરે, ઘોડીયું હોય ને બાયડી હોય ને કહે આ સિદ્ધ ભગવાન છે એમ ન હોય સમજાણું કાંઈ?

સાધુની સ્તુતિ

**ग्यानकौ उजागर-सहज-सुखसागर,**
**सुगुन-रतनागर विराग-रस भर्‌यौ है।**
**सरनकी रीति हरै मरनकौ न भै करै,**
**करनसौ पीठि दे चरन अनुसरयौ है।।**
**धरमको मंडन भरमको विहंडन है,**
**परम नरम ह्वैके करमसौ लर्‌यौ हैं।**
**ऐसो मुनिराज भुवलोकमैं विराजमान,**
**निरखि बनारसी नमस्कार करयौं है।।५।।**

શબ્દાર્થ :—ઉજાગર=પ્રકાશક (રત્નાકર)=મણિઓની ખાણ. ભૈ (ભય)=ડર. કરન (કરણ) ઇન્દ્રિય. ચરન(ચરણ)=ચારિત્ર. વિહંડન=વિનાશ કરનાર. નરમ=કોમળ અર્થાત્ કષાયરહિત. ભુવ(ભૂ)=પૃથ્વી.

અર્થ :–જે જ્ઞાનના પ્રકાશક છે, [૧]સહજ આત્મસુખના સમુદ્ર છે, સમ્યક્ત્વાદિ ગુણરત્નોની ખાણ છે, વૈરાગ્ય–રસથી પરિપૂર્ણ છે, કોઈનો આશ્રય ઇચ્છતા નથી, મૃત્યુથી ડરતા નથી, ઇન્દ્રિય–વિષયોથી વિરક્ત થઈને ચારિત્રનું પાલન કરે છે, જેમનાથી ધર્મની શોભા છે, જે મિથ્યાત્વનો નાશ કરનાર છે, જે કર્મો સાથે અત્યંત શાંતિથી [૨]લડે છે; એવા સાધુ મહાત્મા જે પૃથ્વી ઉપર શોભાયમાન છે તેમનાં દર્શન કરીને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫.

**અર્થ** :–जो ज्ञानके प्रकाशक हैं, साहजिक आत्मसुखके समद्र हैं, सम्यक्त्वादि गुणरत्नोंकी खानि हैं, वैराग्यरससे परिपूर्ण हैं, किसीका आश्रय नहीं चाहते, मृत्युसे नहीं डरते, इन्द्रिय-विषयोंसे विरक्त होकर चारित्र पालन करते हैं, जिनसे धर्मकी शोभा है, जो मिथ्यात्वका नाश करनेवाला हैं, जो कर्मोंके साथ अत्यन्त शान्तिपूर्वक लड़ते हैं; ऐसे साधु महात्मा जो पृथ्वीतल पर शोभायमान हैं उनके दर्शन करके पंडित बनारसीदासजी नमस्कार करते हैं।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ, સાધુનાં આવા ગુણ હોય એને ઓળખાવે છે. (શ્રોતા : એમાં ૨૮ મૂળગુણ તો ક્યાંય આવ્યાં નહિ?) એની વાતેય નથી આમાં, એ તો અંતર ગુણની વાત છે. ૨૮ ગુણ તો રાગ છે. એ વંદનીય છે? પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે, એ વંદનીય છે? એ તો રાગ છે. વંદનીક તો અંતરની દશા, અમૃતનાં રેલાં અંદરથી નીકળ્યાં છે, પ્રગટ થયાં છે, સાધુ-સ્વરૂપને સાધે તે સાધુ. રાગને સાધે? સંયોગને સાધે? એ તો અજ્ઞાની છે. ભગવાન સચ્ચિદાનંદ આનંદનું ધામ પ્રભુ અનંત, અનંત શાન્તિ ને શુદ્ધતાના સ્વભાવનો સમાજનો સાગર પડ્યો ભગવાન. એના સ્વરૂપને નિર્વિકલ્પ શુદ્ધતાથી સાધે એને સાધુ કહીએ. આહાહા!

'ग्यानको उजागर' અહોહો! 'जो ग्यानके प्रकाशक है'। જ્ઞાનનો પ્રકાશક, આત્મા પરમ પવિત્ર શુદ્ધ, એનો એ પ્રકાશક છે. દયા પાળનારો છે ને બોધ દેનારો છે એમ નથી કહ્યું આમાં. એ તો ક્રિયા જડની છે. ભાષા આ તો. ગ્યાનકો ઉજાગર છે એ તો જ્ઞાનને પ્રકાશે છે. કહો સમજાણું? ગ્યાનનો ઉજાગર-પ્રકાશક છે એમ કહે છે. ચાહે તો વિકલ્પ હો કે ન

---

૧. જે આત્મજનિત છે, કોઈ દ્વારા ઉત્પન્ન થતું નથી. ૨. આ કર્મોની લડાઈ ક્રોધ આદિ કષાયોના ઉદ્વેગ રહિત હોય છે. ૩. હૃદયમાં દર્શન કરવાનો અભિપ્રાય છે.

હો, એ તો જ્ઞાનના પ્રકાશ કરનારા સાધુ છે. ચૈતન્યબિંબ ચૈતન્ય ચમત્કાર પ્રકાશ કરનારા છે. શુદ્ધ ઉપયોગી હોય છે ને મુનિ. સહજ સુખસાગર આહાહા! જુઓ તો ખરા! સાધુને આવાં. 'साहजिक आत्मसुखके समुद्र है'. સાહજીકનો અર્થ કર્યો નીચે. 'जो आत्म जनित है, किसीके द्वारा उत्पन्न नहीं होता'. એ પરથી સુખની કલ્પના જે કરે છે આ પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં ઈ તો ધૂળની પરમાં કલ્પના કરે છે. એ સુખ નથી, એ તો દુઃખ છે. ભગવાન સાહજીક સુખ, સ્વભાવિક આનંદનો ધામ ભગવાન, એમાંથી પ્રગટેલું સુખ છે. જુઓ આ સાધુ. આહાહા!

સાહજીક આત્મસુખનું સમુદ્ર છે. સમુદ્રના મધ્ય બિંદુમાંથી જેમ પાણી ઉછળીને કાંઠે ભરતી આવે છે, એમ સાધુ અંતર સ્વરૂપના ધ્યેયને પકડતો, અંતરના આનંદના ઉમળકા વર્તમાન દશાને કાંઠે આવે છે. વર્તમાન દશાને પર્યાયને કાંઠે ઉમળકા સુખના સાગર આવે છે. આહાહા! જુઓ તો વ્યાખ્યા! સમજાણું કાંઈ? સહજ સુખ સાગર, સ્વભાવિક સુખનો સાગર છે. આહાહા! દરિયો ફાટ્યો છે. કહે છે. 'सुगुन–रत्नाकर'- અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ ગુણના રત્નાકર, રતનનો આખો દરિયો છે. આરે, આરે! આવો આત્મા માણસને સાંભળ્યો જાય નહીં.

એક છોકરો કહે, પણ (આત્મા) દેખાતો તો નથી. બાપા દેખાતો નથી, પણ એ જ દેખાય છે. (શ્રોતા : ચોવીસે કલાક દેખાય છે.) જ્યાં હોય ત્યાં એ પોતાની હૈયાતી ન હોય તો આ, આ, આ, આ, આ એમ નક્કી કોણ કરે? અને જાણે કોણ? પોતાની જ્યાં મુખ્યતા આનંદની ને જ્ઞાનની ન હોય તો આ રાગ છે, આ શરીર છે, એવું કોણે જાણ્યું? કઈ ભૂમિકામાં જણાણું? જ્યાં ત્યાં આત્મા જ જણાય છે. આહાહા! સમજાણું કાંઈ? પણ એની સામું નજર ન મળે. પરની સામું નજર એટલે એને એમ લાગે. આ જણાય, આ જણાય.

અહીં તો કહે છે. 'सुगुन–रत्नाकर' અનંત અનંત ગુણોનો રત્નાકર, છે ને? આહાહા! 'सम्यक्त्वादि गुणरत्नोंकी खानी है' છે; અર્થ કર્યો છે સમ્યક્ત્વ દર્શન, આત્મ દર્શનની પ્રતીતિ, આત્માનું જ્ઞાન, આત્માની રમણતા, આત્માની શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવા ગુણોની ખાણ આત્મા છે. આનંદનો કર્તા, આનંદનું કર્મ, આનંદનું સાધન, આનંદનું દાન પોતે દે એવી ગુણની શક્તિથી ભરેલો ભગવાન સાધુ છે. આહાહા! ધન્ય અવતાર છે ને આ જુઓને આ! આ સફળ અવતાર કહેવાય જન્મીને મનુષ્ય અવતાર ધારણ કર્યા ને પાછા એ ના એ, ઢોરનાં જેવાં લખણ. 'મનુષા સ્વરૂપે મૃગા ચરંતી' મનુષ્યના રૂપે મૃગલા છે. સાધુ તો આવા હોય આહાહા! જેનાં જન્મ સફળ થયાં. જેણે અનંતા જન્મમરણને અફળ કરી નાંખ્યાં. આહાહા!

કહે છે, અરે! સમકિત આદિ ગુણરત્નોની તો ખાણ છે. અનંત—અનંત શાન્તિ રત્ન સમ્યક્ત્વ કાઢ્યા જ કરે, તો નીકળ્યા જ કરે એવી ખાણ છે આત્મા. એવા સાધુ છે, કહે છે. આહાહા! જુઓ, આ એકલા ગુણથી વર્ણન કર્યું છે. એ ચેતનજી! પાંચ મહાવ્રત પાળે. ૨૮ મૂળગુણ પાળે, એમ લખ્યું છે આમાં? (શ્રોતા : ૨૭ વર્ષ થયાં.) એમાંય ક્યાંય ઠેકાણા નહીં. ભાઈ! એણે એવાં સાધુપદ સાંભળ્યા નથી. આવા સાધુપદ હોય વીતરાગ માર્ગમાં, વીતરાગી ચૈતન્યપ્રભુ, એના ગુણરત્નનો સાગર પ્રભુ ફાટી નીકળ્યો છે અંદર. સમજાણું કાંઈ? ગુણનો રત્નાકર, ખાણ છે.

વળી વૈરાગ્યરસ ભર્યો છે, દેખો એ ગુણની અસ્તિથી વાત કરી. વૈરાગ્ય, વૈરાગ્ય આખા જગતથી ઉદાસ છે. વૈરાગ્ય રસ, છે ને? વૈરાગ્યરસ તો ભર્યો, ભરી પડ્યો છે. ભરી ગયો છે. ઉદાસ, ઉદાસ આખી દુનિયાથી ઉદાસ. કોઈ ચીજમાં હું નથી. કોઈ ચીજ મારામાં નથી મારામાં છે એ પરમાં નથી. પરથી ઉદાસ, ઉદાસ કોઈથી રાજી થતો નથી. કોઈથી કમળાતો નથી. આહાહા! કમળાતો નથી. સમજાણું? કરમાઈ જવું ઈ ભાષા કરમાવું, કરમાવું, (શ્રોતા : ઢીલું પડી જાય, મુરઝાના). મુરઝાના, વો લીલાં શાક હોયને, મુરઝાય જાય, કરમાઈ જાય, એમ મુનિરાજ વીતરાગ દશા જ્યાં પ્રગટી છે. કેવળજ્ઞાન ભલે હજી થયું નથી. કોઈથી કમળાતો નથી એટલે દુઃખી થતો નથી, કોઈથી રાજી થતો નથી, એવા વૈરાગ્યરસથી ભરેલો છે. આહાહા!

જેના દેહમાં અમૃતરસ દેખાય, જેની વાણીમાં અમૃત ઝરે, આવે છે ને ભાઈ. 'મુખચંદ્ર સે અમૃત ઝરે' 'છ ઢાળા', ભાઈને આખું મોઢે છે. મુખચંદ્ર સે અમૃત ઝરે. આહાહા! અમૃત તો વાણીને કહી દીધું પણ ઓલું અમૃત છે ને ભાન, એ વાણીને અમૃત કહી દીધું. જુઓ આવા સાધુને અમે સ્તુતિ કરીએ છીએ. 'સમયસાર નાટક' બનાવવા પહેલાં આવા અરિહંતને, સિદ્ધને, સાધુ, એને અમે યાદ કરીને 'સમયસાર' કહીશું, એમ કહે છે.

લગ્નનાં પ્રસંગમાં પણ વહાલાં દીકરાં હોય કે વહાલાં દીકરાની વહુ હોય કે ન હોય? યાદ કરે ને અરે! આમાં આવ્યાં નહિ હોં, બહુ દૂર પડ્યું. શું કહેવાય આ? આફ્રિકા બહુ દૂર પડ્યું. અરે! લગ્નમાં ન પોગ્યા હોં, બિચારા આવવાના હતાં, શું થયું હશે? કહે યાદ કરે કે નહિ એમાં? કરે (શ્રોતા : મા, બહુ કરે) બહુ કરે અરે! દીકરો આવ્યો નહિ હોં. (શ્રોતા : સારું ખાવાનું મળે, ગળે ઊતરે નહિ, યાદ આવે) યાદ આવે, સાચી વાત, ઈ તો રાગનાં લખણ છે બધાં.

એય! આ તો વીતરાગ, આહાહા! પ્રભુ! અમે 'સમયસાર નાટક'ને લખીએ છીએ.

પ્રભુ આપને યાદ કરીને લખીએ છીએ હોં! તમારા ગાણાં એમાં આવશે એટલે આપની સ્તુતિ કરીને લખીએ છીએ. લગ્નમાં લખે છે કે નહિ? તમારે આવ્યે અહીં માંડવાની શોભા વધશે. નથી લખતાં? માટે વહેલાં પધારજો. રમણભાઈ! બધાં ગપેગપ સ્વાર્થનાં પૂતળાં. આ તો નિસ્વાર્થ હોય, હે નાથ! અમારા સ્વરૂપના લગન લાગ્યાં એમાં પ્રભુ આપ પધારો અહીંયા અમે એની લગની લગાવીને આ શાસ્ત્ર રચીએ છીએ. પધારો, પધારો, પધારો પ્રભુ! કહે છે, એ તો વૈરાગ્યનાં રસથી પરિપૂર્ણ છે.

'किसीका आश्रय नहि चाहते 'सरनकी रीति हरै' કોઈનું શરણ ન લે ઈ. આહાહા! પોતાનો આત્મા આનંદ સ્વરૂપ શરણ જ્યાં છે, એને શરણ કોનું છે? શ્રાવક માતા–પિતા જેવા છે. આહાર–પાણી આપે તો નભે. એવું શરણ બરણ ધર્મી કોઈનું ઈચ્છતાં નથી. (શ્રોતા : નિષ્કાંક્ષિતપણું) આહાહા! 'सरनकी रीति हरै' એમ કહે છે. 'किसीका आश्रय नहि चाहते'. ભઈ, આવું મુનિપણું છે. કંઈક અમને સહાય આપજો. આહાહા!

એક જણે દીક્ષા લીધી'તી ઘણાં વર્ષની વાત છે. ૬૭ની વાત છે. દીક્ષા લીધી, થોડું ઘણું પૈસા.....ખાંડણી દસ્તો રાખજો આપણે કહે એમાં પૈસા નાખજો. કોઈક દિવસ પાછળથી કામ આવશે સાધુપણામાં. ખાંડણી સમજ્યાને? આ ખાંડનારી ચીજ નહીં? નહીં સમજતે? લોઢાની ઓખલી દસ્તો સાધુ થાય તો સૂંઠ જોઈતી તો ક્યાં લેવા જવું? ભાવનગરમાં સડસઠની વાત છે. ૧૯૬૭ ભાઈએ દીક્ષા લીધી. આવું કરજો હારે હો! પૈસા છે, એ કહે અપાસરામાં મૂકી રાખજો. આપણે હોય તો કામ આવે. આજે ખાનગીમાં દસ્તો રાખવો. આવા સાધુ. એને ય માનનારાં મળે છે ને બધાં. (શ્રોતા : ભૂતને પીપળા મળી જાય)

કહે છે કે અહીં તો કોઈનું શરણ નથી. શરણ આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એનાં શરણ લીધાં, હવે વ્યવહાર વિકલ્પનું પણ શરણ નથી એમ કહે છે. આહાહા! જુઓ તો, એક બનારસીદાસ શૃંગારના (કાવ્ય) બનાવતાં ત્યારે એવાં બનાવ્યાં ને વૈરાગ્યના (કાવ્ય) બનાવ્યા ત્યારે આવાં બનાવ્યાં. ગુલાંટ ખાઈ ગયાં. કહે છે કોઈનો આશ્રય નથી. શરણ કોઈનું નથી, શરણ પોતાનું છે. 'मरनकौ न भय करै' એ મૃત્યનો ભય નથી જેને. 'मृत्युसे नहीं डरते' । અહા! મૃત્યુ કોનું? અનાદિઅનંત ભગવાન આત્મા એનો નાશ થાય નહિ. એની પર્યાયમાં નિર્મળતા છે તેનો નાશ થાય નહિ. મૃત્યુ કોનું?

દેહ તો સંયોગે છે, દેહ છૂટી જાય. સમજાય છે એમાં કાંઈ? મૃત્યુ કોનું? મનથી ડર નથી કાળો નાગ આવે, સિંહ, આમ કેસરિયો સિંહ, જ્યાં સામે દેખે ત્યાં હાય! હાય!

હાય! હાય! કોને ખાય? અરૂપી સચ્ચિદાનંદ આત્મા, એને કોણ ખાય? એને કોણ અડે? મૃત્યુનો જેને ડર નથી. સમજાણું કાંઈ? ભય નથી. નિર્ભય–નિઃશંકમાં ઈ આવે છે ને? 'નિર્ભય' પહેલો તે સમકિતનો પહેલો ગુણ છે. મૃત્યુસે ડરતે નહિ. નિર્ભય છે ને. મરણનો–મરણ ભય નથી. (શ્રોતા :—સાત ભયમાં મરણ ભય.) સાત ભય આવે છે ને? મરણ ભય નથી મુનિ એને કહીએ આહાહા!

'इन्द्रिय-विषयोंसे विरक्त होकर चारित्र पालन करते है' દેખો, શું કહે છે? 'करनसौ पीठि दे' 'करन' નામ ઈન્દ્રિયો કરણ એટલે ઈન્દ્રિયો, એનો પીઠી દે. પુઠ દે છે. અનાદર–એનો આદર કરતાં નથી. 'चरन अनुसरयौ है।' ચારિત્રના, આત્માનાં શાંતિને તેણે અનુસરી છે. માળા ભાષા છે ને!

'करनसौ पीठि दे चरन सो अनुसरयौ है। धरमकौ मंडन भरमको विहंडन है।' ધર્મને તો સ્થાપનારાં છે. 'जिनसे धर्मकी शोभा है' આહાહા! અતીન્દ્રિય આનંદના રસમાં ઝુલતા સંતો એ જગતની શોભા છે, કહે છે. સમજાણું? ધર્મની એને લઈને શોભા છે. આહાહા! મકાનમાં શણગારે છે ને, શીંગડા ને હરણીયાં મોટા, ફલાણાં, ઢીંકણા એ શોભાવાળું ઘર કહેવાય! ધૂળમાંય નથી શોભા. ન્યાં જ્યારે મરે ને આમ–આમ, હાય–હાય! એક જણો ૨૫–૩૦ વર્ષનો જુવાન હતો. મરતો'તો આહાહા! જોયો'તો ત્યાં પાલેજમાં દુકાનની જોડે હતો. બહુ જ જોર, શરીરમાં એટલું જોર ભાઈબંધ હતો પાટીદારનો દીકરો મરવા પડ્યો આહાહા! મકાન ને હજીરા દેખી ને હાય–હાય, પરણેલો હતો પાટીદાર. આ સંસાર કહે છે.

અહીં કહે છે. આ તો ધર્મની શોભા, મુનિ તો શોભા આહાહા! ('धरमकौ मंडन') મંડન સ્થાપનારો એમ, શોભા મંડન–શોભા 'धरमकौ मंडन' કહો અને 'भरमको विहंडन' (શ્રોતા : ભ્રમણાનો નાશ કરનારો) ભ્રમણાનો તો નાશ કરનારો, મિથ્યાત્વનો નાશ કરવાવાળો છે, ભ્રમણા કેવી? ઈન્દ્રીયમાં સુખ છે. આ પુણ્યવાળા છે માટે સારા છે, એવી ભ્રમણા કેવી એને? આહાહા! ભ્રમણાનો તો નાશ કરનારા છે એવા સાધુને, બનારસીદાસ કહે છે, હું 'સમયસાર નાટક' રચવામાં, સ્તુતિ કરીને આ શરૂઆત મંગળાચરણ કરું છું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩, પોષ વદ ૮, મંગળવાર તા. ૧૯-૧-૧૯૭૧
## મંગલાચરણ પદ ૫, ૬, ૭ પર પ્રવચન

સમયસાર (નાટક) મંગલાચરણ ચાલે છે. પાંચમો છે. પાંચમો છે. ભાગ, પાંચમું પદ. સાધુની સ્તુતિ. પહેલા અરિહંતભગવાનની સ્તુતિ કરી પછી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરી હવે સાધુની.

ग्यानकौ उजागर सहज-सुखसागर,
सुगुन-रतनाकर विराग-रस भर्‌यौ है।
सरनकी रीति हरै मरनकौ न भै करै,
करनसौं पीठि दे चरन अनुसर्‌यौ है।।
धरमको मंडन भरमको विहंडन है
परम-नरम ह्वैके करमसौं लर्‌यौ है।
ऐसौ मुनिराज भुवलोकमैं विराजमान,
निरखि बनारसी नमसकार कर्‌यौ है।।५।।

શબ્દાર્થ :—ઉજાગર=પ્રકાશક (રત્નાકર)=મણિઓની ખાણ. ભૈ (ભય)=ડર. કરન (કરણ) ઇન્દ્રિય. ચરન(ચરણ)=ચારિત્ર. વિહંડન=વિનાશ કરનાર. નરમ=કોમળ અર્થાત્ કષાયરહિત. ભુવ(ભૂ)=પૃથ્વી.

અર્થ :–જે જ્ઞાનના પ્રકાશક છે, [૧]સહજ આત્મસુખના સમુદ્ર છે, સમ્યક્ત્વાદિ ગુણરત્નોની ખાણ છે, વૈરાગ્ય–રસથી પરિપૂર્ણ છે, કોઈનો આશ્રય ઇચ્છતા નથી, મૃત્યુથી ડરતા નથી, ઇન્દ્રિય–વિષયોથી વિરક્ત થઈને ચારિત્રનું પાલન કરે છે, જેમનાથી ધર્મની શોભા છે, જે મિથ્યાત્વનો નાશ કરનાર છે, જે કર્મો સાથે અત્યંત શાંતિથી [૨]લડે છે; એવા સાધુ મહાત્મા જે પૃથ્વી ઉપર શોભાયમાન છે તેમનાં દર્શન કરીને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫.

**अर्थ** :–जो ज्ञानके प्रकाशक हैं, साहजिक आत्मसुखके समद्र हैं, सम्यक्त्वादि गुणरत्नोंकी खानि हैं, वैराग्यरससे परिपूर्ण हैं, किसीका आश्रय नहीं चाहते, मृत्युसे नहीं डरते, इन्द्रिय-विषयोंसे विरक्त होकर चारित्र पालन करते हैं, जिनसे धर्मकी शोभा है, जो मिथ्यात्वका नाश करनेवाला

हैं, जो कर्मोंके साथ अत्यन्त शान्तिपूर्वक लड़ते हैं; ऐसे साधु महात्मा जो पृथ्वीतल पर शोभायमान हैं उनके दर्शन करके पंडित बनारसीदासजी नमस्कार करते हैं।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આવા સાધુને આ સમયસાર નાટક રચના કરતા પહેલાં હું સ્મરણ કરીને સ્તુતિ કરું છું અને વળી સાધુપણું કેવું હોય એ પણ જણાવે છે. 'ग्यानकौ उजागर' આત્મા જ્ઞાનાનંદ છે, એનો પ્રકાશ ઉદ્યોત કરનાર છે. ચૈતન્યદરિયો જ્ઞાયક સ્વભાવભાવ એનો એ પ્રકાશનાર, ઉદ્યોત કરનાર એને સાધુ કહીએ. અંતર ચૈતન્ય ભગવાન, પૂર્ણજ્ઞાન સ્વભાવથી ભરેલો છે, એને જ્ઞાનનો એ પ્રકાશ કરનાર ઉદ્યોત કરનાર છે. રાગની ક્રિયા કે પરની કલ્પના કરે છે, એ વાત અહીં લીધી નથી કારણ કે એ વંદનીય નથી. એ તો એ ચીજ (આત્મા)ઉપાધિમાં આવ્યો. સાધુ એને કહીએ કે જે જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યનો પૂર એને પ્રકાશે છે, વિકાસે છે, ઉદ્યોત કરે છે એટલે કે અંતરમાં એકાગ્ર થઈને એ જ્ઞાનને વિશેષ ઉજાળે છે, નિર્મળ કરે છે, એમ કહે છે. 'सहज सुखसागर' જ્ઞાન ને આનંદ બે પહેલાં લીધા. સ્વભાવિક આત્મા આનંદનો સાગર છે, એને એ પોતે અનુભવે અને એ વેદે છે. સાધુ એને કહીએ.

સંસારી એને કહીએ કે જે રાગને, દ્વેષને, અજ્ઞાનને વેદે ઈ સંસારી. પુણ્ય-પાપના ભાવ, વિકારી મલિન ભાવ, એને વેદે, અનુભવે એ સંસારી અજ્ઞાની. (શ્રોતા : દુઃખ સાગર છે તો). દુઃખનો સાગર જ છે. ધૂળમાંય નથી ક્યાંય સુખ. મૂઢ માનીને બેઠો છે. સમજાણું કાંઈ? દુઃખનાં સાગરમાં ડૂબ્યો છે અજ્ઞાની સંસારી પ્રાણી. ભગવાન આનંદ સ્વરૂપ છે એની એને ખબર નથી. આ તો સ્વાભાવિક આત્મા જે અંદરમાં આનંદ સ્વરૂપ છે. એનો તો દરિયો—સાગર જેની વર્તમાન પર્યાય કે અવસ્થામાં કાંઠે સાગર ઉછળી ગયો છે, એમ કહે છે. બે મુખ્ય (ગુણ) કીધા.

પછી 'सुगुन–रतनाकर' એવા અનંત અનંત સમ્યગ્દર્શન આદિ ગુણોનો રત્નાકર નામ દરિયો આત્મા છે, એને સાધુ કહીએ. આહાહા! સમજાણું? 'सुगुन–रतनाकर', સમકિત, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા—એવી જે શક્તિઓ છે એને જેણે અંદર પ્રગટ કરી છે, એવો સુગુણોનો રત્નાકર છે. આહાહા! આવો આત્મા! આત્માની ખબર ન મળે કે આત્મા કેમ છે? કોણ છે? કેમ છે? થાવ સાધુ, થાવ ધર્મી. ક્યાંથી ધર્મી થતો હશે? વસ્તુ સ્વભાવમાં અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો ભગવાન આત્મા, એનાથી પ્રગટ કરીને જેણે અનેક રત્નો પ્રગટ કર્યા છે, પર્યાયમાં, હાલતમાં, કાંઠે દશામાં. ઈ અસ્તિથી વાત કરી.

વૈરાગ્યરસ ભર્યો છે. પરથી ઉદાસપણે, વૈરાગ્યના રસથી સંતો ભરેલા છે. જેને ઇન્દ્રને ઇન્દ્રાણીઓ આવે તોપણ જેને વિકલ્પ ઉઠતો નથી એવો આનંદ રસને વીતરાગ રસમાં પડ્યા છે. આ સાધુ, 'सरनकी रीति हरै' શબ્દ છે ને? કિસીકા આશ્રય નહીં, પરઆશ્રય સ્વરૂપ ભગવાન આત્મા, અપરિમિત–મર્યાદા વિનાનો અનંત ગુણોનો સાગર છે. એનું જેણે શરણ લીધું છે, એને કોઈ બાહ્યના શરણની જરૂર નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ ગૃહસ્થો તો જેના તેના શરણ લે, પૈસાવાળા હોય એની નોકરી કરવા હાટું, આ કરવા હાટું, ધૂળ કરવા હાટું. આ તો કહે છે કે જેને કોઈ શરણ નથી બાહ્ય, બહારનો આશ્રય ચાહનાર નથી. અંતર સ્વરૂપ જેણે આનંદની ખીલવટ થઈ ગઈ છે. કમળની કળી જેમ ખીલે, એમ જેને આત્મા આનંદ ને અનંત ગુણથી ખીલીને શરણભૂત પ્રગટ્યો છે. લ્યો આ શરણ, આહાહા! બાકી બહારનાં બધાં અશરણ છે. 'અરિહંતા શરણમ્' 'સિદ્ધા શરણમ્' આવે છે ને! 'સાહુ શરણમ્' કેવળી પણ્ણત્તો ધમ્મો શરણમ્.' અંતર સ્વરૂપનાં શરણ જેને પ્રગટ્યા છે જેનો આખો ખજાનો અનંત ગુણોની સંખ્યાએ અનંત ગુણનો ખજાનો ખીલીને પ્રગટ્યો છે. એને પર શરણભૂત નથી. પોતાનો સ્વભાવ શરણ છે. પરની જેને ચાહના નથી, એને સાધુ કહીએ, સમજાણું કાંઈ? 'मरणको न भय करे'. મરણનો ડર નથી. દેહ આજ છૂટે કે ગમે ત્યારે છૂટે. છૂટી ચીજ બીજી જ છે, એને ને મારે ક્યાંય લાગવગ નથી. આ તો જડ છે, માટી છે. જગતના અજીવ તત્ત્વો જડપણે થઈને રહેલાં એની સ્થિતિ પૂરી થાવ. એની સાથે મારે કાંઈ સંબંધ નથી. આહાહા! સમજાણું?

'मरणको न भय करे'. શ્રીમદ્‌માં ય આવે છે ને! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ–સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો'. શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં આત્માના ભાન–અનુભવી, એ પણ સાધુપદની ભાવના ભાવે છે. અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.....સિંહ આવ્યો ને શરીર લઈ જાય, મારે જોઈતું નથી, એને જોઈએ તો એ મારો મિત્ર છે. આહાહા! સમતારસમાં ઝૂલતા સંતો આવા હોય છે. સમજાણું કાંઈ? 'પરમ મિત્રને જાણે પામ્યા યોગ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' આવી સંતની દશા અમને ક્યારે પ્રગટે એમ ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહ્યા પણ ભાવના ભાવે છે. અહીં તો કહે છે કે સાક્ષાત્ જેને આવી દશા પ્રગટ થઈ છે. મરણનો જેને ડર નથી.

'करण सौं पीठि दे'. કરણ એટલે ઇન્દ્રિયો. પાંચ ઇન્દ્રિયથી જેણે પીઠ દઈ દીધી છે, ત્યાંથી પાછો હઠી ગયો છે. આહાહા! અને 'चरण अनुसरयो है' અતીન્દ્રિય આનંદનો, શાંતિનો, સ્વભાવનો ચારિત્ર જેણે આદર્યો છે. આહાહા! આ ઇન્દ્રિયો જડ,

માટી, અંદર ખંડ ખંડ ઇન્દ્રિય, એક એક ઇન્દ્રિયના અંશથી એક એક વિષય જણાય એ પણ પર છે. એને છોડીને 'करण सौं पीठी दे', ઇન્દ્રિયોંને તો પુંઠ દીધી છે, વાંસો દીધો છે, કહે છે. આહાહા! 'चरण अनुसरयो है'. ભગવાન આનંદનો નાથ એની રમણતાને અનુસર્યો છે. જુઓ આ સાધુ, આમાં ક્યાંય ૨૮ મૂળગુણ, ૨૭ મૂળગુણ ન આવ્યા એ ચેતનજી! ૨૮ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે, પાળે રાગને પાળતા હશે? આહાહા!

(વ્રતાદિનો વિકલ્પ) હોય છે જ્યાં સુધી વીતરાગતા ન હોય. એવા વિકલ્પ પણ એ કંઈ ગુણરૂપ નથી. આ તો 'चरण अनुसरयो है'. સ્વરૂપ આનંદનું ધામ વીતરાગ શાંતરસથી ભર્યો પ્રભુ, એને અનુસરીને સ્થિરતા જ્યાં જામી ગઈ છે, આહાહા!, એને સાધુ કહેવામાં આવે છે, એને સંભારીને વંદન કરે છે. ત્યાં સુધી આવ્યું હતું કાલે. 'धर्मको मंडन'. એ આત્માની શાંતિરૂપી ધર્મનો તું શોભાવાળો છે, એનો એને શણગાર છે. ધર્મનો જેને શણગાર છે. આહાહા! શરીરમાં ટાપટીપ કરે છે ને. વાળ કરે ને આ કરે ને. સવારમાં જુઓ આ કસૂદામાં જુએ, દર્પણમાં આમ કરે, વાંદરા જેવો લાગે....આ કહે છે, આ શોભા તો મારા આનંદની છે. ધર્મનો મંડન, ચારિત્રરૂપી ધર્મ છે એની શોભાવાળો છે. કહે છે, 'भ्रमको विहंडन' ભ્રમણાનો તો વિહંડન—વિશેષે નાશ કરનારો છે. ક્યાંય સુખબુદ્ધિ, ક્યાંય શરણ કે આશ્રય, એ બુદ્ધિનો તો જેણે નાશ કર્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

એ કવિ છે ને ભાષા કેવી જુઓ ને! 'धरमको मंडन भरमको विहंडन है, परम नरम ह्वैकै करमसौं लस्यौ है।' પરમ નરમ અકષાય સ્વભાવ કરીને, અકષાય સ્વભાવથી કર્મની હારે જેણે લડાઈ યુદ્ધ માંડ્યું છે. આહાહા! અહીં શ્રૃંગારી હતા ત્યારે શ્રૃંગારના (કાવ્ય) કર્યા હતા, ધર્મ પામ્યા પછી આ (નાટક) બનાવ્યું. આહાહા! જુવાન અવસ્થા સાર ૫૫ વર્ષની તો એની સ્થિતિ વર્ણવી છે. અર્ધકથાનક પોતે વર્ણવ્યો છે. ૫૦—૫૫ વર્ષનો ઇતિહાસ પોતાનો, અર્ધ કથાનક એટલે અર્ધ શતક આયુષ્યની, અર્ધ સ્થિતિનું વર્ણન છે. બાકી ૫૫ બાકી હશે ને? આયુષ્ય ૧૧૦ હોય ત્યારે, એમ માનવું. ૩૦૦ વર્ષ થઈ ગયા ને ૩૫૦ વર્ષ. 'परम नरम व्है के', રહીને પરમ નરમ થઈને એમ તદ્દન અકષાય સ્વભાવ એવા થઈને, કર્મની હારે યુદ્ધ માંડ્યું છે. વિકલ્પને ઉત્પન્ન થવા દેતો નથી, એવી જેને લડાઈ અંતરમાં. આહાહા! ભગવાનનો ભેટો થયો છે ને અંદરમાં. એની સાક્ષીના શરણે જઈને રાગને કર્મ સાથે લડાઈ—યુદ્ધ માંડી છે, એને હરાવે ને પોતાની જીત છે. આહાહા!

'ऐसौ मुनिराज भुवलोकमैं विराजमान' ઐસો મુનિરાજ, એવાં મુનિરાજ સંત શરણ નગ્ન દિગંબર, બાહ્યમાં અભ્યંતરમાં આવી દશાએ જ વર્ણવી છે, અહીં તો ઓલી

દશા વર્ણવી જ નથી. આહાહા! જુઓ આવા સાધુ હોય શેઠ! આ શેઠે માંડીને મૂઢએ માન્યા આ સાધુ. અરે! ભગવાન બાપા, સાધુને કલંક લગાડે આ તો, આવા જ બધા સાધુ હશે? ભાઈ! સાધુપદ તો પરમેશ્વરપદ છે. 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાં સે હોય, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહેની ન રહી કોઈ.' આહાહા...! જેની અંતર અભ્યંતર દશા અતીન્દ્રિય શાંતિ ને આનંદથી ઉછળી રહી છે, એવા મુનિરાજ ભુવલોક પૃથ્વીલોકમેં, અહીં કહે છે, બિરાજે છે, વિરાજમાન હૈ. 'निरखी बनारसी नमसकार कर्यो है'. આવા સંતને અંતરમાં જોઈને હું નમસ્કાર કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

'भू' પૃથ્વી કહ્યું ને નીચે 'ऐसे साधु महात्मा जो पृथ्वीतल पर शोभायमान है' આહાહા! જેની પૃથ્વી, દુનિયા એનાથી શોભે છે. આ બધા પૈસાવાળાને, રૂપાળા ને એનાથી પૃથ્વી નથી શોભતી, કહે છે આહાહા! (શ્રોતા : દૃષ્ટિ જુદી છે ને!) વસ્તુ સ્થિતિ એવી છે. દૃષ્ટિ જુદી છે, એનો અર્થ ઈ કે વસ્તુસ્થિતિ એવી છે. આહાહા!....ચૈતન્યના ઓપે આત્મા શોભી રહ્યો છે. એને બનારસીદાસ કહે છે, નમસ્કાર કરું છું. અરિહંતને નમસ્કાર કર્યા. સિદ્ધને કર્યા ને સાધુને ય કર્યા. આહાહા! સાધુમાં ત્રણે આવી ગયા. આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. પંચ પરમેષ્ઠી નમસ્કારમાં આવી ગયા.

હવે સમકિતી, ગૃહસ્થાશ્રમમાં ભલે હો પણ સમકિતી કેવા હોય ધર્મી, નીચલા દરજ્જાવાળા ચોથા ગુણસ્થાનવાળા ધર્મની પહેલી શરૂઆતવાળા કેવા જીવ હોય એનું વર્ણન કરે છે. આહાહા!

'सम्यग्दृष्टिकी स्तुति'

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित भयौ जिम चंदन।
केलि करै सिव मारगमैं,
जग मांहि जिनेसुरके लघु नन्दन॥
सत्यसरूप सदा जिन्हकै,
प्रगट्यौ अवदात मिथ्यात-निकंदन।
सांतदशा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसि वंदन॥६॥

શબ્દાર્થ :—ભેદવિજ્ઞાન=નિજ અને પરનો વિવેક. કેલિ=મોજ. લઘુનંદન=નાના પુત્ર. અવદાત=સ્વચ્છ. મિથ્યાત-નિકંદન=મિથ્યાત્વનો નાશ કરનાર.

અર્થ :—જેમના હૃદયમાં નિજ-પરનો વિવેક પ્રગટ થયો છે, જેમનું ચિત્ત ચંદન સમાન શીતળ છે અર્થાત્ કષાયોનો આતાપ નથી અને નિજ-પર વિવેક થવાથી જે મોક્ષમાર્ગમાં મોજ કરે છે, જે સંસારમાં અરહંતદેવના લઘુપુત્ર છે અર્થાત્ થોડા જ સમયમાં અરહંત પદ પ્રાપ્ત કરનાર છે, જેમને મિથ્યાદર્શનનો નાશ કરનાર સમ્યગ્દર્શન પ્રગટ થયું છે; તે સમ્યગ્દૃષ્ટિ જીવોની આનંદમય અવસ્થાનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૬.

**अर्थ** :-जिनके हृदयमें निज-परका विवेक प्रगट हुआ है, जिनका चित्त चन्दनके समान शीतल है अर्थात् कषायोंका आताप नहीं है, जो निज-पर विवेक होनेसे मोक्षमार्गमें मौज करते हैं, जो संसारमें अरहंतदेवके लघुपुत्र हैं अर्थात् थोड़े ही कालमें अरहंत पद प्राप्त करनेवाले हैं, जिन्हें मिथ्यादर्शनको नष्ट करनेवाला निर्मल सम्यग्दर्शन प्रगट हुआ है; उन सम्यग्दृष्टि जीवोंकी आनंदमय अवस्थाका निश्चय करके पं. बनारसीदासजी हाथ जोड़कर नमस्कार करते हैं।।६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા!.....વંદન કરે છે, મંગલાચરણમાં સ્તુતિ કરે છે ને સાચી ઓળખાણ પણ ભેગી કરે છે. સાચા ધર્મી સમ્યગ્દૃષ્ટિ શરૂઆતમાં કેવા હોય? ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતી ભરત ચક્રવર્તી, ભગવાન ઋષભદેવના પુત્ર હતા. ૯૬ હજાર સ્ત્રીઓ, ૯૬ કરોડ પાયદળ હતા. કંઈ એ નહીં અમે. એ નહીં અમે એ કહે છે, પહેલેથી ભેદવિજ્ઞાન શબ્દ વાપર્યો છે. સ્વપરની જુદાઈનું ભાન છે અંદરમાં. ભેદવિજ્ઞાન છે ને? 'निज-परका विवेक प्रगट हुआ है'.

ઓહો! આ આત્મ તો સચ્ચિદાનંદ પ્રભુ, એ હું અને દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે તેથી માંડીને રાજ પાટ, સ્ત્રીઓ—એ સબ પર બધા જુદા. મારા નહીં, મારામાં નહીં, એનામાં હું નહીં, એવી સમ્યગ્દૃષ્ટિની દશા ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. પહેલો શબ્દ એ વાપર્યો ભેદવિજ્ઞાન. ચૈતન્યને જડને જુદા જાણ્યા છે જેણે. નિજસ્વરૂપ ભગવાન ચૈતન્ય આનંદ જ્યોત અને પુણ્ય-પાપનો વિકલ્પ ઈ વિકારી રાગ ને ઝેર, સ્ત્રી, કુટુંબ શરીર આદિ પર જડ. એમ સ્વને પરને જેણે અંતરમાં જુદા જાણ્યાં, એને સમકિતી અને એને ધર્મની શરૂઆતવાળો કહેવામાં આવે છે. આહાહા!....સમજાણું કાંઈ?

'भेदविज्ञान जग्यौ' ઉત્પન્ન થયો, નવું થયું, એમ કહે છે. અનાદિનો તો રાગ ને શરીર ઈ મારા હતાં, એમ માન્યું હતું. હતા નહીં (શ્રોતા : આવે ક્યાંથી?) એને કહે છે, ભેદ વિજ્ઞાન જગ્યો, વિવેક પ્રગટ્યો. શરીર, વાણી, મન એ બધા કર્મ આદિ પર ચીજ છે. મારા અસ્તિત્વમાં એની ગંધ નથી અને એના અસ્તિત્વમાં મારી ગંધ નથી. આહાહા!

૯૬—૯૬ હજાર સ્ત્રી જે ચક્રવર્તીને ઘરે હોય, જે પદમણિ જેવી હોં મહા! એક

સ્ત્રીને તો એક હજાર દેવ સેવા કરતા હોય છે, એવી તો એક સ્ત્રી હોય છે. એક શું કહેવાય? સ્ત્રી રતન. રતનનો અર્થ એ કે એ સ્ત્રી ઉંચી એમ. દેવ એક હજાર દેવ જેની સેવા કરે, એવી તો ૯૬ હજારમાં એક સ્ત્રી હોય. આ ધાનના ઢોકળા જેવું ન હોય, એની તો દેવ સેવા કરે એવી સ્ત્રી હોય છે. પણ સમકિતી જેને અંતરમાં ભાન થયા છે. અરે અમે જ્યાં છીએ ત્યાં આ નથી, એ અમારા નહીં, અમારામાં નહીં, અમે ત્યાં નહીં, અમારામાંથી આવ્યાં નથી, એનાથી આવીને એને કારણે એનામાં રહ્યાં છે. મારે ને એને કાંઈ સંબંધ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

'जिन्हके घट', ઘટ છે ને, જેના હૃદયમાં. જેના અંતરજ્ઞાનમાં હૃદય એટલે જ્ઞાન. અંદર જ્ઞાન ભાનમાં જેણે સ્વ અને પરને ભેદવિજ્ઞાન દ્વારા, જેણે કરવત દ્વારા જેમ ભિન્ન થઈ જાય. લાકડાના બે કટકા જેમ કરવત દ્વારા થાય. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એક બાજુ ને એક બાજુ દયા, દાન આદિનો કે પાપનો વિકલ્પ—એ બધી ચીજ જ પર છે. મારી હોય એ જુદી પડે નહીં ને જુદી રહે તે મારી નહીં. આહાહા! જુઓ આ સમ્યગ્દષ્ટિની પહેલી દશા. 'जिन्हके घट,' જેના જ્ઞાનમાં એટલે હૃદયમાં એટલે જ્ઞાનમાં સ્વ ને પરમાં ભિન્નતાના જેને અંતરમાં, જેમ સ્વ અને પર છે એમ, જેને ભાન થઈ ગયું છે. આહાહા! 'सीतल चित भयौ जिम चंदन।' જેનું મન ચંદનની સમાન શીતળ છે. 'कषायोंका आताप नहीं है', વિકલ્પથી ભિન્ન છે, એમ કહે છે. આહાહા!

પુણ્ય-પાપની વૃત્તિઓ જે ઉઠે છે, એ તો આતાપ છે. કષાયનો આતાપ છે. ભેદજ્ઞાન થયું છે, એથી કષાયના આતાપથી ધર્મી જીવ જુદો છે. આહાહા! ભારે વાતો ભાઈ! અરે! ક્યાંના ક્યાંય માણસ કલ્પીને બિચારા ધર્મને માને. જીંદગી-કાળી ચાલી જાય છે. સમયે સમયે દેહની સ્થિતિ; પૂરી થવાને લાયક થતી જાય. છે. હાલ્યો જાય છે એક સમય, સમયની જે સ્થિતિ, એમાં એમ માને છે કે અમે બધા આગળ વધ્યા....ધૂળેય વધ્યા નથી. પાપમાં વધ્યા છે ભાઈ! તને આ ખબર નથી. જે તારા નથી, એને તારા માન્યા. જે તારા છે, એને તે ઓળખ્યા નહીં. કહે છે, શીતળ ચિત્ત ભયો શાંત અકષાય સ્વભાવ. અનંતાનુબંધીનો કષાય ગયો છે ને. સમ્યક્ સાથે શીતળ ચિત્ત. કષાયના ચાર ભેદ છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર ભેદ છે અને પાછા ક્રોધના (તીવ્રતમ), તીવ્રતર, તીવ્ર, મંદ આદિના ચાર ભેદ છે. એમાં પહેલો આકડો અનંતાનુબંધી, સંસારમાં રખડવાનો એ કષાયનો જેણે નાશ કર્યો છે. શાંત ચૈતન્યમાંથી શીતળતા પ્રગટી છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

'सीतल चित भयौ जिम चंदन' ...લ્યો, ચંદનની પેઠે કીધું. ચંદન કે સમાન શીતળ. શીતળ એ તો ઉપમા ચંદનની અપાય છે. ક્યાં ચંદન ને ક્યાં શીતળતા

આત્માની? બે ને કાંઈ મેળ ન ખાય. સારામાં સારી ચીજની હારે શીતળતા ઉંચી, એની હારે મેળવે છે. આહાહા! આ જાત જ જુદી ત્યાં એની હારે મેળવવું શું? ચંદનને સમાન જેને અંતરમાં કષાયોનો આતાપ નથી અને 'केलि करै सिव मारगमैं' લ્યો, અહીં તો મોક્ષમાર્ગ આવ્યો ભાઈ, સમકિતમાં મોક્ષમાર્ગ લીધો. એય! ઓલો ના પાડે છે. અરે! ભગવાન! શું કરે છે? અંશે છે, એ તો કબૂલ કરેને પ્રભુ! આહાહા! આ ચોથે ગુણસ્થાનેથી કેલી કરે છે એ માર્ગ, એમ લીધું છે. સમ્યક્ એટલે શું? એની કાંઈ લોકોને ચીજની કિંમત નથી. આહાહા!

(શ્રોતા : બાહ્યના ત્યાગની કિંમત છે). બાહ્યના ત્યાગની કિંમત હિંદુસ્તાન એમાં ભરમાઈ ગયો છે આખો. (શ્રોતા : ધર્મના નામે ઠગાઈ ગયો છે). ધર્મના નામે ઠગાઈ ગયો છે. ઓહોહો....! બાહ્યનો ત્યાગ ને આ લૂગડું ફેરવે ને. આ થયા (સાધુ). કાંઈક ગાય ભજન કરે ને ઠગાઈ ગયો. અંતર વસ્તુ ભગવાન આત્મા અનંતાનુબંધીના કષાય રહિત, એવો જે આત્મા એવું જેને ભાન થયું, ભેદજ્ઞાન થયું. કહે છે કે 'निज पर विवेक होनेसे मोक्षमार्गमें मौज करते हैं', આહાહા! એને રાગાદિ આવે એને એનો પ્રેમ નથી. ધર્મીને રાગાદિ આવે એમ કહેવું, એ પણ એક વ્યવહાર છે. એને તો મોક્ષમાર્ગ છે. (શ્રોતા : એને તો જ્ઞાન આવે) ભારે વાત ભાઈ! એ જયંતિભાઈ, આ જોગ ને આ સાધન ને આ યોગ, આ ધ્યાન ને આ યોગ છે. આમ ને આમ મરી જાય. ૐ ૐ કહીને.

અહીં તો કહે છે કે 'निज पर विवेक होनेसे मोक्षमार्गमें मौज करते हैं'. આહાહા! એ ખાતાં—પીતાં દેખાય, સુતાં દેખાય છતાં, એને કહે છે, મોક્ષમાર્ગમાં જ એની મોજ ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ—શિવમાર્ગ કહ્યો ને? શિવ એટલે મોક્ષમાર્ગમાં જેને મોજું છે, કેલી કરે છે. આહાહા! દુનિયાને એમ લાગે કે આ જુઓ, આ ખાય છે, પીવે છે. અમે, અમારે ખાવાનું સાધન ન હોય એવું તો આ ખાય છે. ભરત ચક્રવર્તીનો ખોરાક બત્રીસ કોળીયાનો છન્નૂ કરોડ પાયદળ પચાવી ન શકે. છન્નૂ કરોડ પાયદળ ન ખાઈ શકે એવો એનો એક ખોરાક (કોળિયો) હોય છે. ૩૨ કોળ જેમાં એકલી ભસ્મ, સોનાની, ત્રાંબાની, લોઢાની, મોતીની. એ વજુભાઈ! (શ્રોતા : એ તો જીરવી ન શકાય.) બીજો ખાય તો મરી જાય.

શ્રીકૃષ્ણ વાસુદેવ એને સિંહ કેસરિયા લાડુ હોય છે. એ બીજો પચવી શકે નહીં. શ્રીકૃષ્ણ વાસુદેવ જ પચાવી શકે. વાસુદેવ હતા ને? ઘણું બળ હતું અંદરમાં. લોકોએ બીજી રીતે ચીતર્યા છે જગતના કર્તા તરીકે, એમ નથી. એ પોતે પોતાના સ્વરૂપના કર્તા થઈ આનંદમાં રહેતા, એનું નામ ભેદજ્ઞાની જ્ઞાની કહેવાય છે, એની એને મોજ હતી. આહાહા! ચંડાળ હોય છે બાહ્યથી, પણ જે અગ્નિમાં રાખથી ઢાંકેલી જેમ અગ્નિ હોય

એમ, એ ચંડાળ પણ ધર્મ પામેલા રાગથી ભિન્ન હોય છે. બહારના શરીર ને રાગથી ઢંકાયેલું ચૈતન્યમૂર્તિ અગ્નિ દેખાય અંદર પડી છે. એને દેવ કહ્યો છે, ચંડાલ હોય તો પણ. ભેદજ્ઞાન જેને પ્રગટ્યો છે. ભેદજ્ઞાનનો અર્થ બે છે, તેને બે પણે જુદાજુદા રાખ્યા છે. એક પણે માન્યું એને અજ્ઞાની કહીએ. બે છે જુદા જુદા, તેને બે જુદા પાડીને આત્માની દૃષ્ટિનું ભાન થયું છે, એને ભેદજ્ઞાની કહીએ. સમજાણું કાંઈ?

'केलि करै सिव मारगमैं, जग मांहि जिनेसुरके लघु नन्दन' છે તો કહે છે, જગમાં—સંસારમાં અત્યારે દેખાય છે, પણ એ અરિહંતદેવના લઘુપુત્ર છે. એ નાના દીકરા છે એને વારસો મળવાને વાર નથી. સાધુ છે ઈ મોટા પુત્ર છે. પહેલા સાધુની વ્યાખ્યા કરી. એ તો ઉત્કૃષ્ટ અંતરમાં આનંદ ને શાંતિ વેદે છે વનમાં વસે આનંદના ધામમાં, એ તો ઉત્કૃષ્ટ પુત્ર છે ભગવાનના. પણ આ એક સર્વજ્ઞનો નાનો પુત્ર છે. લઘુનંદન છે. આહાહા! છોટા લડકા.

'जग मांहि' સંસારમાં અરહંતદેવ, અહીં અરહંત શબ્દ વાપર્યો. લઘુપુત્ર છે, નાના પુત્ર છે. સાધુ, અર્જીકા, શ્રાવક ને શ્રાવિકા ચારે હોય છે ને! એમાં સમકિતી લીધા છે ને! પાંચમાં ગુણસ્થાનવાળા નથી લીધા. ચોથા ગુણસ્થાનવાળા (લીધા છે). શ્રાવક જે છે સાચા એ તો સમકિત આના ઉપરાંત શાંતિ વધી ગયેલી હોય એને શ્રાવક કહીએ. અહીં તો દેશ સંયમ અંતર શાંતિ પ્રગટી છે. આને (સમ્યગ્દૃષ્ટિને) સંયમ નથી પણ અંતરમાં રાગથી ભિન્ન પડેલો ભાવ એમાં શાંતિ એ પ્રકારની પ્રગટી છે એથી કહે છે ઈ વીતરાગના લઘુપુત્ર છે, નાનાનંદન છે. નાના નંદન.

સાધુ મોટા નંદન, સર્વજ્ઞના પુત્ર કહ્યા છે, ગૌતમ સ્વામીએ ધવલામાં કહ્યા છે. જેને અંતરમાં કેવળજ્ઞાન પ્રગટ્યું નથી, પણ કેવળજ્ઞાન પ્રગટવાની તૈયારીના સાધનવાળા છે, એને સર્વજ્ઞના પુત્ર કહ્યા છે. આહાહા! કારણ કે સર્વજ્ઞની પૂર્ણદશાનું પદ—વારસો હવે એને અલ્પકાળમાં એને મળવાનો છે અંતરથી. આ પણ એક વારસો લેનારા. 'थोड़े कालमें अरहंत पद प्राप्त करनेवाले है', દેખો અર્થ કર્યો છે. થોડા કાળમાં ભેદજ્ઞાની જીવ, જેને બે જુદા પડ્યા છે. અંતરથી, રાગનો ભાગ અને સ્વભાવનો ભાગ, બે જુદા પડ્યા છે. એટલે હવે જુદા પડેલા એ પદ પૂર્ણ જુદા થવાને માટે તૈયારી છે. કહે છે, કેવલજ્ઞાન અને પરમાત્મા થવાને તૈયારી છે. આહાહા!

'सत्यसरूप सदा जिन्हकै, प्रगट्यौ अवदात मिथ्यात-निकंदन।' 'मिथ्यादर्शनको नष्ट करनेवाला निर्मल सम्यग्दर्शन प्रगट हुआ है।' સત્યસ્વરૂપ છે ને ઈ? સમ્યગ્દર્શન, સમ્યક્ એટલે સત્‌દર્શન, સત્‌દર્શન એટલે જેવો નિર્વિકારી રાગરહિત આત્મા છે, એવું જેને અંતરદર્શન ને પ્રતીતિ થઈ (છે). સમ્યક્ સત્ દર્શન એટલે પુણ્યપાપના રાગ ને

વિકલ્પ રહિત જેવો ચૈતન્ય શુદ્ધ આનંદ કંદનું ધામ છે, એવું જેને સત્‌દર્શન થયું છે. સત્‌દર્શન એટલે સમ્યક્‌દર્શન. એવા સત્યસ્વરૂપ સદા જીનકે. જેના જ્ઞાનમાં સદાય સત્યસ્વરૂપની પ્રતીતિ—અનુભવ વર્તે છે, એને લઈને મિથ્યાત્વનો નષ્ટ કરવાવાળા છે. મિથ્યાત્વ નિકંદન ભ્રમણાંને ભ્રાંતિ કેમ હશે? કેમ હશે? એમ સંદેહ આદિનો નાશ કરનારા છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વના તો નિકંદન કરનારા છે.

'सांतदशा तिन्हकी पहिचानि,' ઓલા રૂપચંદજીએ વળી સંતદશાનું લખ્યું છે અહીં 'सांतदशा तिन्हकी पहिचानि,' સમ્યગ્દર્શનની અપેક્ષાએ છે ને! 'उन सम्यग्दृष्टि जीवोंकी आनंदमय अवस्थाका निश्चय करके.....' શાંત દશાની વ્યાખ્યા કરી. શુદ્ધ દશા જેને પ્રગટી છે આહાહા!! શાંત નામ શુદ્ધ દશા—અકષાય દશા જીનકી પહિચાની, એને જાણીને 'करै कर जोरि बनारसी वंदन'.

બનારસીદાસ કહે છે કર જોડીને—હાથ જોડીને હું વંદન કરું છું, નમસ્કાર કરું છું. નિશ્ચય કરકે એમ. આનંદનો નિશ્ચય કરીને શાંત દશા જિનકી પહિચાની છે ને! પહિચાની એટલે નિશ્ચય કરીને 'करै कर जोरि बनारसी वंदन' જુઓ એ કવિ પણ કેવા! જ્ઞાની છે ને કવિ છે—બે આહાહા! નીચે કર્યા અર્થ કોઈ સુખસાગર હશે ને 'जो आत्माजनित है, किसीके द्वारा उत्पन्न नहीं होता, वो सुख, सुखका सागर' વો સુખ, સુખનો સાગર, 'यह कर्मोंकी लडाई क्रोध आदि कषायोंके' 'उद्वेग रहित होती है,' શાંત એમ 'हृदयमें दर्शन करनेका अभिप्राय है' આ સમકિતીની વાત કરી.

જુઓ! એક વ્યાખ્યા, સાદા પદો અને ભાવ સાદા ભરેલા. બહુ સંસ્કૃતને વ્યાકરણની જરૂર નહીં જેમાં સમજવા માટે ચાલતી—ચાલતી હિંદી ભાષામાં અ પદ બનાવ્યા. વિશેષ એની સમકિતીની સ્તુતિ છે.

**स्वारथके साचे परमारथके साचे चित्त,**
**साचे साचे बैन कहैं साचे जैनमती हैं।**
**काहूके विरुद्ध नाहि परजाय-बुद्धि नाहि,**
**आतमगवेषी न गृहस्थ है न जती हैं।।**
**सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,**
**अंतरकी लच्छिसौं अडाची लच्छपती हैं।**
**दास भगवन्तके उदास रहैं जगतसौं,**
**सुखिया सदैव ऐसे जीव समकिती हैं।।७।।**

શબ્દાર્થ :—સ્વારથ(સ્વાર્થ, સ્વ=આત્મા, અર્થ=પદાર્થ) આત્મપદાર્થ. પરમારથ ([૧]પરમાર્થ)=પરમ અર્થ અર્થાત્ મોક્ષ. પરજાય(પર્યાય)=શરીર. લચ્છિ=લક્ષ્મી. અજાચી=ન માગનાર.

અર્થ :—જેમને પોતાના આત્માનું સાચું જ્ઞાન છે અને મોક્ષ પદાર્થ ઉપર સાચો પ્રેમ છે, જે હૃદયના સાચા છે અને સત્ય વચન બોલે છે તથા સાચા જૈની[૨] છે, કોઈની સાથે જેમને વિરોધ નથી, શરીરમાં જેમને અહંબુદ્ધિ નથી, જે આત્મસ્વરૂપના શોધક છે, અણુવ્રતી નથી કે મહાવ્રતી નથી[૪] જેમને સદૈવ પોતાના જ હૃદયમાં આત્મહિતની સિદ્ધિ, આત્મશક્તિની રિદ્ધિ અને આત્મગુણોની વૃદ્ધિ પ્રગટ દેખાય છે, જે અંતરંગ લક્ષ્મીથી અયાચી લક્ષપતિ અર્થાત્ સંપન્ન છે, જે જિનરાજના સેવક છે, સંસારથી ઉદાસીન રહે છે, જે આત્મિક સુખથી સદા આનંદરૂપ રહે છે, એ ગુણોના ધારક સમ્યગ્દષ્ટિ જીવ હોય છે.

**अर्थ** :–जिन्हें निज आत्माका सच्चा ज्ञान है और मोक्ष पदार्थसे सच्चा प्रेम है, जो हृदयके सच्चे हैं और सत्य वचन बोलते हैं तथा सच्चे जैनी है, किसीसे भी जिनका विरोध नहीं है, शरीरमें जिनको अहंबुद्धि नहीं है, आत्मस्वरूपके खोजक हैं, न अणुव्रती है, न महाव्रती हैं, जिन्हें सदैव अपने ही हृदयमें आत्महितकी सिद्धि, आत्मशक्तिकी रिद्धि और आत्मगुणोंकी वृद्धि प्रगट दिखती है, जो अन्तरङ्ग लक्ष्मीसे अजाची लक्षपति अर्थात् सम्पन्न हैं, जो जिनराजके सेवक हैं, संसारसे उदासीन रहते हैं, जो आत्मीय सुखसे सदा आनन्दरूप रहते हैं; ऐसे गुणोंके धारक सम्यग्दृष्टि जीव होते हैं।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કવિ છે ને! ભાષા પણ કેવી? 'स्वारथके साचे' સ્વઅર્થ—સ્વઆત્મા પદાર્થ. પોતાનો સ્વ આત્મા તેનો સાચો અર્થ અહીં ભેદજ્ઞાની સમકિતી છે. સ્વાર્થ એટલે કે સ્વ અર્થ. સ્વ-અર્થ એટલે પોતાનો આત્મા. પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન ભગવાન આત્મા એવા સ્વપદાર્થને સાચો થયેલો છે. સ્વપદાર્થની બરાબર પહિચાન કરીને જ્ઞાની થયો છે. જુઓ, આ સમકિતીની વ્યાખ્યા ચાલી. ગૃહસ્થાશ્રમમાં રહ્યા હો, દેવમાં હો, નારકીમાં પણ હોય છે. સમકિતી, પશુમાં પણ હોય છે. ચારે ગતિમાં હોય છે. આહાહા!

સમકિતની વ્યાખ્યા—સાદામાં દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધો, ભગવાનને માનો ઈ સમકિતી. સમકિતની વ્યાખ્યાની હજી ખબર ન મળે. વસ્તુ તો ન મળે પણ સમકિત શું કહેવાય? કેમ થાય ને કેવી રીતે એની રીત છે? એની ખબર ન મળે. ભગવાન સાચા અરિહંત દેવો ગુરુ.....નિર્ગ્રંથ, શ્રદ્ધા અમને ભગવાનની છે, ઈ સમકિત. અહીં એવી શ્રદ્ધા

---

૧. જૈનધર્મમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ—એ ચાર પદાર્થ કહ્યા છે. તેમાં મોક્ષ પરમ પદાર્થ છે. ૨. જિનવરનાં વચનો પર જેમનો અટલ વિશ્વાસ છે. ૩. સમસ્ત નયોના જ્ઞાતા હોવાથી એમના જ્ઞાનમાં કોઈપણ સમ્યક્ વિવક્ષાનો વિરોધ ભાસતો નથી. ૪. અહીં અસંયત સમ્યગ્દષ્ટિને ધ્યાનમાં રાખીને કહ્યાં છે કે જેમને ''ચારિતમોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈં.''

તો અનંતવાર કરી. પરની શ્રદ્ધા, રાગ છે કે વિકલ્પ છે. ભગવાન આત્મા પૂર્ણ એના જ્ઞાનમાં આવી ભાસમાં આત્મા આવો છે, એમ આવીને જેને શ્રદ્ધા અનુભવથી કરે એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી કહેવામાં (આવે છે.) 'આ ધર્મનું પહેલું પગથિયું આહાહા! આવા ધર્મ ભારે ભાઈ!

અહીં જીવ દયા મંડળી કરેને ફલાણું કરે ને કાંઈક બખબખ્યા વગાડે ને લાવો ભગવાનની સેવા કરે ને પુજા કરે ને થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને! ભગવાન ને ભોગ ચઢાવો, અનાજ આપો, ફલાણું કરો, ઢીંકણું કરો, દુઃખીયાના આંસુ લુછો. એય! પૈસા બૈસા દઈને. કાંઈક તો હશે ને એમાં ધર્મ? ધૂળમાંય ધર્મ નથી સાંભળને! વળી ધર્મ તારામાંથી થતો હશે કે પરથી થતો હશે? એ અહીં કહે છે. સ્વાર્થના સાચા છે. પોતાનો સ્વપદાર્થ તેને જે સાધી રહ્યા છે આહાહા! ભલે એ ગૃહસ્થાશ્રમ હો, મારે ને રાગને કે સ્ત્રીને, કુટુંબને કાંઈ સંબંધ નથી સમજાણું કાંઈ?

ધાવ માતા જેમ બાળકને ધવડાવે, એને ખાતરી છે કે આ કાંઈ મારો દીકરો નથી. 'ધાવ ખીલાવે બાળ' આવે છે. સમ્યક્દૃષ્ટિ જીવડા કરે કુટુંબ પ્રતિપાળ. એ અંતરસે ભિન્ન છે, એમ કહે છે. ભિન્ન સ્વરૂપ છે અંદર. 'ધાવ ખીલાવે બાળ' આમ તો ધાવ માતાને પગાર આપતા હોય તે બધાને ઈ ઓલા જેવો સાચવે લ્યો, એવો સાચવે. ઈ તો અહીં ખબર છે કે અહીં મારો દીકરો નથી. મોટો થશે એટલે થઈ રહ્યું, મને અહીં રજા આપી દેશે. એમ ધર્મીને બહારમાં કુટુંબમાં દેખાય, ધાવ માતા જેવું લાગે એને. હું કોઈનો નથી, (કોઈ) મારા નથી. હું એને પાળતો નથી. એની મેં સેવા કરી નથી. એને હું રાખતો નથી. આહાહા! ભારે વાત ભાઈ!

'स्वारथके साचे परमारथके साचे' લ્યો પરમાર્થના સાચા ચીજ છે. 'मोक्षपदार्थसे सच्चा प्रेम है'. પરમાર્થ એટલે એ સ્વ અર્થ અને પરમ અર્થ. પરમ પદાર્થ એવું મોક્ષદશા. જેની પૂર્ણ આનંદની ને પૂર્ણ જ્ઞાનની દશા થાય એનું નામ મોક્ષ. એવો પરમ પદાર્થ મોક્ષ. નીચે અર્થ કર્યો છે પરમાર્થનો 'जैनधर्ममें धर्म, अर्थ, काम, मोक्ष ये चार पदार्थ कहे है' ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષય–ભોગ, મોક્ષ એટલે આનંદ દશા. આ उसमें मोक्ष परम पदार्थ है. આહાહા!

આત્માની પૂર્ણ શાંત આનંદ દશા, એ પરમ પદાર્થ છે મુક્ત દશા. સંસાર દશાની વિકૃત અવસ્થાનો નાશ થઈ નિર્વિકૃત, નિર્વિકારી પૂર્ણાનંદની દશાની પ્રાપ્તિ, એ જગતમાં પરમ પદાર્થ કહેવામાં આવે છે. પુણ્ય ને લક્ષ્મી ને ભોગમાં પણ મોક્ષ પદાર્થ પરમ છે. આ તો બધા નીચ પદાર્થ છે, એ પરમ પદાર્થ છે નહીં. 'स्वारथके साचे परमारथके साचे

चित्त हो' પાછું ન્યાંનું. પ્રેમ છે જેને મોક્ષ પ્રત્યે જ પ્રેમ લાગી લગની. 'साचे-साचे वैन कहें' સત્ વસ્તુ કહે, એ હૃદયના સાચા છે. સત્ વચન બોલતે હૈ. જેવું સ્વરૂપ છે, જેવો ભાવ છે, એવું બોલે છે. ધર્મી સમકિતી, પહેલા દરજ્જાની શરૂઆતવાળો ધર્મી એને પણ આવી દશા અંદર હોય (છે.)

'साचे वेण कहे' —સત્ વસ્તુ કહે. એ હૃદયના સાચા છે—કહે છે. એ સાચું બોલે છે. સચ્ચે જૈની હૈ. 'साचे जैनमति'. જૈનમતિ એટલે આત્માના વીતરાગ સ્વભાવના સાધનારા એ સાચા જૈનમતિ છે. વાડામાં રહેલા અમે જૈન છીએ, જૈન છીએ. એ જૈન નહીં, અહીં કહે છે. પરમ પદાર્થ આત્માનો મોક્ષ એનો પ્રેમ છે અને સ્વ અર્થના સાધનારા છે, એવું સાચું કહે છે અને એવા તે સાચા વીતરાગના દાસ છે. જૈનમતિ સાચા છે. જૈની હૈ, છે ને નીચે 'जिनराजके वचनों पर जिनका अटल विश्वास है' એ તો વ્યવહારની વાત કીધી. જૈનમતિનો અર્થ કર્યો છે ને એ પરમાર્થનો અર્થ કર્યો અને પછી જૈનમતી હૈ. જિનરાજ કે વચનો સે હિત સાધા એમ અર્થ કર્યો પણ જીનરાજનું વચન એટલે વીતરાગભાવ ઈ વીતરાગે બતાવ્યો છે, એવા ભાનસહિત જેનો વીતરાગ ભાવનો વિશ્વાસ છે.

પછી 'काहूके विरुद्धि नाहि' 'किसीसे भी जिनका विरोध नहीं' અહીયાં ત્રગડો (૩) કર્યો છે. 'समस्त नयोंके ज्ञाता होनेसे इनके ज्ञानमें किसी भी सम्यक् विवक्षाका विरोध नहीं भासता' સાચી વાત હોય એમાં કોઈ વિરોધ હોતો નથી. કોઈ નયના જ્ઞાનનો અંશ કોઈ સત્ય હોય, એ સત્યના અંશમાં એને ક્યાંય વિરોધ લાગતો નથી. 'काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि' શરીરની બુદ્ધિને એક સમયની પર્યાયની બુદ્ધિ જેને હોતી નથી આહાહા! 'शरीरमें जिनको अहंबुद्धि नाहि' શરીર તો માટી, જડ છે. આ તો ધૂળ સ્મશાનની રાખ થઈ ને ઉડી જશે. એ ક્યાં એની ચીજ છે? એની છે? એનામાં છે? એના ઉપર બુદ્ધિ નથી, શરીર હું છું, એમ નથી. હું આત્મા આનંદ સ્વરૂપ છું.

બીજી ભાષાએ લઈએ તો એક સમયનો પર્યાયનો અંશ છે. એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. પર્યાયબુદ્ધિ નાહિ, દ્રવ્ય બુદ્ધિ હોય છે, એમ કહે છે આહાહા! ભારે ભાઈ હોં! આવો માર્ગ જગતને સાધારણ પ્રાણીને મળ્યો નથી. એવી ઝપટ મારે ને વ્યવહારની, લોકોને માણસ ભેગા થાય. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર આહાહા! કીડીના નગરા ઘણા હોય એટલે કંઈ માણસ થઈ જાય કીડી? એવા અજ્ઞાન સાંભળનારા અને અજ્ઞાન કહેનારા ઘણાં હોય, એથી કાંઈ સત્ વસ્તુ થઈ જાય? આહાહા! માર્ગ કાંઈ બીજો જ છે.

કહે છે 'काहूके विरुद्धि नाहि–परजाय–बुद्धि नाहि.' એક સમયની દશાની બુદ્ધિ

જેને ઉડી ગઈ છે. પર્યાય બુદ્ધિ અનાદિની હતી, હું શરીર છું, રાગ છું. એ રાગને જાણનાર જે વર્તમાન વ્યક્ત પ્રગટ જ્ઞાન અંશ તેટલો અંશ હું છું. એ તો મિથ્યાભ્રમ અનાદિનો છે. એવી બુદ્ધિ જેની નાશ થઈ. પર્યાય બુદ્ધિ નાહિ. પર્યાયવાન દ્રવ્યબુદ્ધિ હોય છે, એમ કહે છે. પંડિતજી! આહાહા! 'आतमगवेषी' છે. આહાહા! અંતર ભગવાન આનંદને શોધનારો છે ઈ અંદર. શોધે છે. શોધીને શુદ્ધતા પ્રગટ કરે છે. આહાહા! આત્મસ્વરૂપ કે ખોજક–ગવેષી એ રાગનો ગવેષીને એનો ગવેષી–ગોતનારો નથી. આહાહા! ભારે વાત!

'आतमगवेषी' (સમકિતી), न गृहस्थ है न जती है. કારણ કે અંતરભાન થયા છે એટલે ખરેખર ગૃહસ્થપણું એનામાં રહ્યું નથી તેમ સાધ્યું નથી. ગૃહસ્થાશ્રમમાં છે એમ દેખાય, પણ છતાં ગૃહસ્થપણું નથી એનામાં, એનાથી રહિત ભિન્નભાન છે, એમ કહે છે. તે અણુવ્રતી યે નથી ને મહાવ્રતી યે નથી. બીજી ભાષા એમ કરી છે. યહાં જુઓ અસંયત સમ્યગ્દૃષ્ટિ કો ધ્યાન મેં રખ કે કહા હૈ 'जिन्हे चरित मोह वश–लेस संयम पै–शूर नाथ जजै है' ઢાળમાં આવ્યું (છ ઢાળામાં) નીચે લખ્યું–''चरित–मोहवश लेश न संयम पै–शूर नाथ जजै है'.

સમ્યગ્દૃષ્ટિ જીવને આત્માનું ભાન છે. રાગથી ભિન્ન છે, આત્માનું ભાન મોક્ષ સ્વભાવ પૂર્ણ તેનો પ્રેમ છે. પણ હજી જે અણુવ્રત આદિ જે સ્થિરતાનો ભાગ હજુ આવ્યો નથી, મહાવ્રત થયા નથી, મુનિ થયો નથી. કહો સમજાણું કાંઈ? ન ગૃહસ્થ હે, ન જતિ હે. જતિ એટલે સાધુ. આ જતિ નહીં, જતડાની વાત નથી. અહીં જતિ એટલે આત્માના આનંદની યતના–જતના કરે તે જતિ. રાગ ને અજ્ઞાનની જતના કરે તે અજતિ. આહાહા!

'खोजक है, न अणुव्रती है, न महाव्रती है', જુઓ લખ્યું છે ને ચોકડી કરીને પછી. ચારિત્ર મોહ વશ લેશ ન સંયમ એટલે અંદર હજી ચારિત્રમોહના તાબે થઈ જાય છે. રાગદ્વેષ જરી આવે છે તેથી એને સંયમ નથી. હજી અણઈન્દ્રિયની વીતરાગતા વિશેષ પ્રગટી નથી. પણ સુરનાથ જજૈ હે–ઈન્દ્રો જેને માને છે. એમાંય તકરાર વાતો. ઈન્દ્ર તો સમકિતી છે ને એને કેમ પૂજે? ભઈ માન આપે છે, કહે છે સાંભળને! આમાં ચર્ચા ઈ ઘણી બધી ચર્ચાઓ અત્યારે ખૂબ હાલે છે અહીં પછી. ઘેટા જાગ્યા છે હળવે હળવે ખળભળાટ કરતા, એમને એમ પડ્યા'તા ઊંધે કાન.

અહીં તો કીધું છે કે સંયમ નથી, ગૃહસ્થાશ્રમમાં છે. ના, એમાંય નથી, એ તો આત્મામાં છે. સંયમે ય નથી છતાં સુરનાથ જજૈ–ઈન્દ્રો જેને બહુમાન આપે છે, ઈન્દ્રો જેની પ્રશંસા કરે છે. સમજાણું કાંઈ? આનું નામ ભેદવિજ્ઞાન ને સમકિત કહેવામાં આવે

છે. આહાહા! હજુ તો સાંભળ્યું ય ન હોય, એ ટોળીયાજી! જય ભગવાન મહાવીર સાચા, આપણે સમકિતી, લ્યો, જાઓ દેવ-ગુરુ-ધર્મ સાચા. આવું સ્વરૂપ જાણે એને સમકિતી કહેવાય, એમ કહે છે.

'आतमगवेषी न गृहस्थ है न जती है' કેમ કે ગૃહસ્થાશ્રમપણું જે છે બહારથી એ આત્મામાં છે નહિ અને મહાવ્રત, મુનિ તો છે નહીં. આહાહા! રિદ્ધિ—ઓલામાં રિદ્ધિ—સિદ્ધિ, એનામાં સિદ્ધિ—રિદ્ધિ એમ લખ્યું છે. મોઢે છે. 'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,' સિદ્ધિ 'जिन्हे सुदेव अपने हृदयमें आत्महितकी सिद्धि की है' લ્યો. આ સિદ્ધિ આત્માનો રિદ્ધિ—સિદ્ધિ છે, કાંઈ સિદ્ધિ પ્રગટી છે? એમ લખ્યું છે ને! વચન લબ્ધિ. ભાઈ વચન આપો, પૈસા થાય, વાંઝીયાપણું ટળે, છોકરો થાય, છોડીયું છે એકલી. ધૂળેય સિદ્ધિ નથી વળી સાંભળને હવે! રિદ્ધિ—સિદ્ધિમાં. શું ધૂળ હતી? આત્માના હિતની જેને સિદ્ધિ પ્રગટી છે. હૃદય આત્મહિતકી સિદ્ધિ. પૂર્ણ શુદ્ધ કેમ થાઉં? પૂર્ણ શુદ્ધ કેમ થાઉં? એ એની સિદ્ધિ છે. એ સિદ્ધિની લબ્ધિ પ્રગટી છે, એમ કહે છે.

આમાં પૈસાવાળાની બધી કિંમત ઉડી જાય છે આમાં. ચીમનભાઈ! ઝાંખા પડી જાય આમાં. મોઢા આગળ મોઢાના તેજ થઈ ને બેઠા હોય, આમ બેઠા હોય બે કરોડ છે, પાંચ કરોડ છે, દસ કરોડ છે. ધૂળ કરોડ છે, મૂઢ થઈ જાય. આવ્યો છે એના બાપને જોવા. જો ભાઈ આવ્યો છે હમણાં પૂનમ, મલૂકચંદભાઈને જોવા આવ્યો છે ને. અમદાવાદ આવ્યો હતો પણ બાપુજીને આમ થઈ ગયું ને ત્યાં એને બ્લડપ્રેશર વધી ગયું. ત્રણ કરોડ રૂપિયા છે એની પાસે. ધૂળમાં શું ત્યાં હવે ત્રણ કરોડ એને દેખી ને બાપુજીને આમ થયું છે. આમ મોઢું થયું છે લકવાનું...દિલ્લી ગયો' તો આવ્યો છે. આ રહ્યા એના કાકા. જોઈ ને આવ્યા કે નહિ તમે? લ્યો, બાપુજીને આ થયું કહે, ત્યાં એનું બ્લડપ્રેશર વધી ગયું. એક દિવસ માટે આવ્યા' તા ને ત્રણ દિવસ રહેવું પડશે, નહિ નીકળાય હમણાં, એમ ડોક્ટર કહે છે.'

લ્યો, આ રૂપિયા, રૂપિયા તો જડ, માટી, ધૂળ છે. (શ્રોતા : તે રૂપિયા દરિયામાં નાખી દેવાય?) રૂપિયા એના હતા ક્યાં કે નાખે ને નખાશે? એના વડે જડની ક્રિયા થાય તો એના કહેવાય. એના વડે જડની ક્રિયા થતી નથી. એ તો જડ જ્યારે જવાના હોય ત્યારે જાય ને રહેવાના હોય ત્યારે રહે. ક્ષેત્રાંતર થવાનું હોય તો એનામાં ક્રિયાવર્તી ગુણ છે, એને લઈને જાય. આત્મા લઈ શકે ને દઈ શકે એ માન્યતા—ભ્રમ અજ્ઞાનીઓની છે. સમજાણું કાંઈ? આરે આરે! આવો ધર્મ મોંઘો ભાઈ! નાખે કોણ? આપે કોણ? મમતા રાખે ને છોડે, બીજું શું? આહાહા!

કહે છે કે સિદ્ધિ, એ ધર્મીને સિદ્ધિ આત્માની પ્રગટી છે. સિદ્ધ થઈ ગયો છે આત્મા એને કે આજ આત્મા હવે પૂર્ણ થઈ ગયો, હવે વાર છે (નહિ). રિદ્ધિ, લ્યો છે ને? આત્મશક્તિની રિદ્ધિ પ્રગટી છે એ રિદ્ધિ છે. પૈસા ને બાયડી, છોકરા ને ધૂળ ને મોટા બંગલા—એ રિદ્ધિ નથી. ધર્મીની રિદ્ધિ તો આત્માની શાંતિ ને જ્ઞાનાનંદ એ એની રિદ્ધિ છે. જયંતીભાઈ! આ રિદ્ધિ છે ધર્મી પાસે. આહાહા! (શ્રોતા : બધી લૌકિક રિદ્ધિ) લૌકિક એટલે શું? લૌકિક એટલે પણ એની કે દી' હતી? આ તો એની પોતાની છે. રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ જુઓ ક્ષણે ક્ષણે 'आत्मगुणकी वृद्धि प्रगट दिखती है', આહાહા!

આત્મા પરમ આનંદ ને જ્ઞાન સ્વભાવ વસ્તુ એનું જ્યાં અંતર ભાન થઈ ને અંતરમાં છે, એટલી શુદ્ધતા ત્યાં વધતી જાય છે. અશુદ્ધતા ટળતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે, એ એની વૃદ્ધિ છે. દુનિયામાં તો કાંઈ પાંચ—પચાસ લાખ કે કરોડ, બે કરોડ મળે તો ચડતી દેગડી તોડશો નહિ. હમણાં બધું આપણે ચડતું છે, એવી વાતો કરે બધા. ચડતી દેગડી સમજ્યાને? દેગડી આમ ચડાવવું, એક પછી એક ચડેને. આપણી કાઠીયાવાડી ભાષા છે. દેગડી એટલે એક વાસણ ચડાવેને. એક વાસણ પર બીજું, બીજા પર ત્રીજું ને ત્રીજા પર ચોથું એમ પુણ્યની ચડતી દેગડી હોય એને તોડશો નહીં, એમ વાતુ કરે. વધવા ધ્યો. વધવા ધ્યો એટલે તારાથી વધતું'તું? પુણ્યના પૂર્વના રજકણ હોય, બળે ને આ બહારથી દેખાય ને ચડતી દેગડી, એમ વળી કહે.

અહીં તો 'वृद्धि दीसै' કહે છે. પોતાના શાંતિ ને ધર્મની વૃદ્ધિ કહે. 'घटमैं प्रगट सदा, લ્યો वृद्धि प्रगट दिखती है', ઠીક. घटमें બધું લઈ લીધું. 'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,' અંતરમાં રિદ્ધિ, સિદ્ધિ ને વૃદ્ધિ છે. ધર્મીને તો, બાહરમાં રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ છે નહિ. 'अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।' અંતરનો લક્ષ્મીનો અજાચી લક્ષપતી છે, લ્યો. 'जो अंतरंग लक्ष्मीसे अजाची लक्षपति अर्थात् संपन्न' અજાચી—માંગ્યા વિનાની લક્ષ્મી છે. આહાહા! અંતરની અજાચી લક્ષપતિ, લક્ષપતિ છે. લક્ષપતિ નામ સંપન્ન અથવા તો પોતાના આનંદનું, શુદ્ધનું લક્ષ છે. પોતાના દ્રવ્યનું લક્ષ એનો પતિ છે. 'दास भगवन्तके उदास रहैं जगतसौं' એ વીતરાગનો દાસ છે, જગતથી ઉદાસ છે, સંસારથી ઉદાસ રહે છે, લ્યો. 'सुखिया सदैव ऐसे जीव समकिती हैं।' લ્યો. સમકિતી જીવ સદા સુખી છે, આનંદમાં છે. જ્યાં હોય ત્યાં આત્માનાં આનંદમાં સમકિતી હોય છે. સમજાણું કાંઈ?....'सदा आनंदरूप (रहते है) ऐसे गुणोंके धारक सम्यग्दृष्टि जीव होते हैं।' એને સંભારીને મંગલાચરણ કર્યું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪, પોષ વદ ૯, બુધવાર, તા. ૨૦-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ ૮–૯–૧૦–૧૧–૧૨ પર પ્રવચન

આ 'સમયસાર નાટક' એનું મંગલાચરણ થાય છે હજી તો. આઠમો શ્લોક. પહેલા અરિહંતની સ્તુતિ કરી પછી સિદ્ધની કરી, પછી સાધુ માત્ર ને આવી ગયા આચાર્ય ઉપાધ્યાય ને સાધુ, પંચ પરમેષ્ઠીની સ્તુતિ કરી. પછી સમકિતીની સ્તુતિ. પહેલા આવી ગયું છે, ભેદવિજ્ઞાન અને સાધક બે આવી ગયા છે, આ ત્રીજી છે.

(સવૈયા એકત્રીસા)

जाके घट प्रगट विवेक गणधरकौसौ,
　　हिरदै हरखि महामोहकौं हरतु है।
साचौ सुख मानै निजमहिमा अडौल जानै,
　　आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है॥
जैसैं जल-कर्दम कतकफल भिन्न करै,
　　तैसैं जीव-अजीव विलछनु करतु है।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
　　सोई समकिती भवसागर तरतु है॥८॥

શબ્દાર્થ : કર્દમ=કીચડ, કતકફળ=નિર્મળી. વિલછનુ=પૃથક્કરણ. સકતિ=શક્તિ.

અર્થ :—જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વને નષ્ટ કરે છે, સાચા સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોની અવિચળ શ્રદ્ધા કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતાનામાં જ ધારણ કરે છે, જે અનાદિના મળેલ જીવ અને અજીવનું પૃથક્કરણ કીચડથી પાણીનું પૃથક્કરણ કતકફળની જેમ કરે છે, જે આત્મબળ વધારવામાં પ્રયત્ન કરે છે અને જ્ઞાનનો પ્રકાશ કરે છે, તે જ સમ્યગ્દૃષ્ટિ સંસાર–સમુદ્રથી પાર થાય છે. ૮.

**अर्थ** :–जिसके हृदयमें गणधर जैसा निज-परका विवेक प्रगट हुआ है, जो आत्मानुभवसे आनन्दित होकर मिथ्यात्वको नष्ट करता है, जो सच्चे स्वाधीन सुखको सुख मानता है, जो अपने

૧. ગંદા પાણીમાં નિર્મળી (ફટકડી) નાખવાથી કીચડ નીચે બેસી જાય છે અને પાણી ચોખ્ખું થઈ જાય છે.

ज्ञानादि गुणोंका अविचल श्रद्धान करता है, जो अपने सम्यग्दर्शनादि स्वभावको आपहीमें धारण करता है, जो अनादिके मिले हुए जीव और अजीवका पृथक्करण जल-कर्दमसे कतकफलके समान करता है, जो आत्मबल बढ़ानेमें उद्योग करता है और ज्ञानका प्रकाश करता है; वही सम्यग्दृष्टि संसार-समुद्रसे पार होता है।।८।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ આ સમ્યક્‌દર્શન. એનું સ્વરૂપ અને એનું સ્તુતિ. એનું સ્વરૂપ અને એનું સ્તુતિ. 'जाकै घट प्रगट विवेक गणधरकौसौ' જેના હૃદયમાં ગણધર જેવો નિજ પરનો વિવેક પ્રગટ થયો છે. કારણ કે બે ચીજ ન હોય તો ભૂલ કેમ થાય? જે પોતાનું સ્વરૂપ છે એવું જાણવામાં ન આવે અને કંઈક બીજી ચીજ હોય એમાં પોતાનું માને. એટલે દ્વૈત હોય ત્યાં ભૂલ હોય અને એમાંથી ભિન્ન પડે ત્યારે ભૂલ ટળે. સમજાણું કાંઈ? જાકે ઘટ પ્રગટ વિવેક એમ. વિવેક એટલે ભેદજ્ઞાન—સ્વપરની જુદાઈ. આત્મા આનંદ સ્વરૂપ અને વિકલ્પ છે એ રાગ ને આકુળતા સ્વરૂપ, વાણીને બધું પર, એમ ગણધર જેવી જેને ભેદજ્ઞાનની શક્તિ પ્રગટી છે, એમ કહે છે જુઓ.

ચાહે તો તિર્યંચ હો, નારકી હો, દેવ હો, મનુષ્ય તો છે જ (શ્રોતા : દેવી હોય) દેવી હોય, તિર્યંચ ને હોય, મનુષ્યને તો હોય જ છે. આમાં મનુષ્યને મનુષ્યપણું...જેના હૃદયમાં એટલે જ્ઞાનમાં પ્રગટ વિવેક—રાગ અને ચૈતન્ય સ્વભાવ; વિભાવ અને સ્વભાવનો પ્રગટ ભેદજ્ઞાન—જુદાપણું, ગણધર જેવી જેને ભેદશક્તિ પ્રગટી છે. કહો, ક્યાં ગણધર? ૧૪ પૂર્વની રચના કરનાર, બાર અંગને અંતરમુહૂર્તમાં રચે, તીર્થંકરના પુત્રો વજીર દીવાન ને ક્યાં સમકિતી. કહે છે શ્રદ્ધામાં વિવેક તો બેયનો એક સરખો છે, એમાં કંઈ (ફેર નથી). કહો પંડિતજી! ગણધર જેવી વિવેક શક્તિ છે, એ પણ વિવેક(માં) વિકલ્પ છે એ ગણધર પણ પર જાણે છે અને સમ્યક્‌દૃષ્ટિ પણ વિવેકમાં વિકલ્પથી ભિન્ન સ્વરૂપને જાણતા વિકલ્પ પર છે. સમજાણું કાંઈ?

'जाकै घट प्रगट विवेक गणधरकौसौ' ગણધર જેવી જેને ભેદજ્ઞાન શક્તિ પ્રગટી છે. ક્યાં ગણધર, ક્યાં સમકિત, ક્યાં તિર્યંચ, ક્યાં નારકી, વસ્તુ તો આવી છે. સમ્યક્‌માં કાંઈ ફેર (નથી), ભેદજ્ઞાનમાં ફેર નથી, એમ કહેવું છે. જુદા પાડ્યું છે એમાં ફેર (નથી) 'हिरदै हरखि महामोहकौ हरतु है' આત્મ અનુભવથી આનંદીત થઈ, ભેદ પાડ્યું છે ને! રાગ ને શરીર ને કર્મ એનાથી ચૈતન્ય સ્વરૂપ તદ્દન જુદું છે, એવું જ્યાં અંતરમાં ભાન થયું છે, તેથી તેના જ્ઞાનમાં હૃદયમાં એટલે જ્ઞાનમાં આત્મઅનુભવથી હરખ થયો છે. હરખ એટલે સુખ, અહીં સુખના અર્થમાં...સમજાણું કાંઈ? હરખ એટલે દુનિયાનો હરખ, એ નહીં. દુનિયાનો હરખ એ તો પાપભાવ છે. આ તો આત્માનો હરખ એટલે આનંદ. આત્મા

આનંદ સ્વરૂપ છે એનો અનુભવ થતાં આનંદ આવે, એમ કહે છે. આહાહા!

'हिरदै हरखि महामोहकौ हरतु है' મિથ્યાત્વને નાશ કરે છે, મિથ્યાત્વને નષ્ટ કર્યો છે, ભ્રમણાને જેણે નાશ કરી છે. ઈન્દ્રિયોમાં, રાગમાં સુખ છે, એ બુદ્ધિનો નાશ થઈ ગયો છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો છતાં આત્મા અને જડ ને રાગ ને સ્વભાવ, વિભાવને સ્વભાવ, જીવ અને અજીવ, એનો ભિન્નતાના ભાનમાં જ્ઞાનમાં આનંદ આવ્યો છે, અનુભવ કરીને આનંદ આવ્યો છે. એને લઈને મહામોહ મિથ્યાત્વનો નાશ કરે છે. જુઓ, આ મિથ્યાત્વનો નાશ થવાનો આ એક ઉપાય છે. સમજાણું કાંઈ? ભ્રમણાનો નાશ કરવાનો ઉપાય રાગથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરવો ઈ. જ્ઞાન ભેગું આવ્યું છે ને પછી...આવી ગયું જ્ઞાન...મહામોહ કો કરતું હૈ, લ્યો.

ભેદજ્ઞાન તકરાર હાલે છે ને એય હિંમતભાઈ! હિંમતભાઈ મુંબઈમાં તમારે હાલે છે ને. ભેદજ્ઞાનમાં વળી મિથ્યાત્વ હારે ક્યાંથી આવ્યું? એ તો એની ઈ વાત છે. અંતર્મુખથી જ્યાં રાગથી ભિન્ન પડીને ચૈતન્ય સ્વરૂપમાં આરૂઢ થયો, એને આનંદ આવ્યો એટલે મિથ્યાત્વ નાશ થઈ ગયો. મિથ્યાત્વની ઉત્પત્તિ જ નથી ત્યાં પછી શું? કારણ કે સમકિત દ્વારા મિથ્યાત્વનો નાશ થાય એમ ભેદજ્ઞાન દ્વારા મિથ્યાત્વનો નાશ થાય. (શ્રોતા : ગુણ જુદા) ભલે ગુણ જુદા એ તો અપેક્ષાએ વાત છે. ત્યાં ગુણનું ભાન થતાં મિથ્યાત્વનો નાશ થતાં સમકિત થયું અને અજ્ઞાનેય ટળ્યું, બેય ટળ્યું. બેય હારે ટળે છે. સમજાણું કાંઈ?

'हिरदै हरखि महामोहकौ हरतु है' એમ તો અહીયાં કહ્યું જોવો ને. વિવેક થયેલો છે રાગ ને સ્વભાવ (વચ્ચે) પરમાત્મા પોતે આનંદની મૂર્તિ આત્મા છે ને રાગાદિ તે દુઃખરૂપ ને આકુળતા છે. ચાહે તો શુભરાગ હો, છે ભગવાનની ભક્તિનો રાગ નમો અરિહંતાણં, નમો અરિહંતાણં...આહાહા! એ વિકલ્પનો આકુળતા અને આત્માની આનંદતા, એવા બેની જેને વિવેક અંદરથી ભિન્નતા ભાસી છે. એથી આત્મામાં રાગની એકતા હતી ત્યાં દુઃખી હતો, રાગથી એકતા તુટતા આનંદના ઝરણા છૂટ્યાં છે, એમ કહે છે. આહાહા! લ્યો, આ સમકિત, આનું નામ ભેદવિજ્ઞાન.

'महामोहकौ' મહામોહ એટલે મિથ્યાત્વ. 'साचौ सुख मानै' અને સુખ તો મારો આનંદ મારામાં છે, એમ સત્ય આનંદને માને છે. સમકિતી ધર્મની શરૂઆતવાળો જીવ, જન્મ જરાના મરણના ભાવને જેણે નાશ કર્યો છે. એવો ધર્મી શરૂઆતનો સમકિતી 'साचौ सुख मानै' સ્વાધીન આત્માનો આનંદ એને સુખ માને. પુણ્ય ને પાપના રાગમાં, સ્ત્રી કુટુંબ શરીરમાં રાજપાટ ને ઈન્દ્રાસનમાં, ધર્મી સુખ માનતો નથી કેમ કે તે છે નહીં. માનતો નથી કેમ કે એમાં નથી. સમજાણું કાંઈ? બહુ શ્લોકો ટૂંકામાં ઘણું ભરી દીધું છે. 'साचौ सुख मानै

निज महिमा अडोल जानै' પોતાના અનંત ગુણની મહિમા અડોલ શ્રદ્ધામાં, પોતાના ગુણની મહિમા આગળ કોઈની મહિમા જ્ઞાનીને ધર્મીને આવતી નથી. આહાહા! શુભભાવ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એની પણ જ્ઞાનીને મહિમા નથી. આહાહા!

'साचौ सुख मानै निजमहिमा' નિજમહિમા— પોતાના ગુણની આનંદજ્ઞાન આદિ ગુણો, એની મહિમા 'अडोल जानै'—નિઃશંક ડગે નહીં, ડોલે નહીં, હલે નહીં, એવી રીતે. આહાહા! ૮ વર્ષની કન્યા હોય ને જો સમકિત પામે તો આવી હોય. સમજાય છે કાંઈ? સમકિત ક્યાં કો'કની ચીજ છે? એ તો પોતાની ચીજ છે. પોતે શુદ્ધ ચૈતન્યબળ આનંદકંદ અસ્તિત્વ વસ્તુ આવું છે, એવો અંતરમાં વિવેક થતાં એને પોતાના ગુણની જ મહિમા અડોલ પણે ભાસે છે. એને શુભ-અશુભ પરિણામ ને બાહ્યના ચક્રવર્તીના રાજ હોય મનુષ્ય સમકિતીને, એની મહિમા એને ભાસતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

શરીરની સુંદરતા, વાણીની કોમળતા, ઝીણવટથી વાણી નીકળે કંઠની એ બધીની મહિમા ધર્મીને અંતરમાં હોતી નથી. આહાહા! (શ્રોતા : અંતરમાં હોતી નથી તો બહારમાં હોય છે?) અંતરમાં હોતી નથી ને બહારમાં બોલે કોઈ કે આનો કંઠ સારો લ્યો. અમારે ઓલાને કહ્યું હતું પ્રવીણભાઈનો દીકરો છે ને આ મનીષ નથી? લખે છે. ભાવનગર હિંમતભાઈની સાથે પ્રવીણભાઈ આવે છે ને એનો દીકરો મનીષ, એની બાનો કંઠ બહુ ઝીણો. બહુ ઝીણો ત્યાં ગાયું'તું ને ભાવનગર બધા ગાયનવાળા બેઠા હતા. પોતે બહુ ઝીણો કંઠ કંઠનો ઢબ ને દેશીને આવો કંઠ છે એમનો. લાઠી પ્રેમચંદભાઈની દીકરી ને અહીંયા પ્રવિણભાઈ હારે. મનીષને કહ્યું તારી બાનો કંઠ કેટલો ઝીણો! જોયો આમ બધા હજાર પાંચ પાંચ હજાર માણસમાં થંભી જાય. એય કંઠની તો જેની છટા નીકળી જાણે, એવી છે.

આવ્યાતા'ને ભાઈ હમણા ભાવનગર પંચકલ્યાણમાં, બેઠા'તા ઓલા ગવૈયા બધા. ખબર નહોતી કોણ છે, ગવૈયામાં બેન હતા, પ્રવીણભાઈના ઘરેથી. મનીષ છોકરો લખે છે ને. આવે છે લખે. કીધું, કંઠ કેવો તારી બાનો. એ તો ભાષાવર્ગણા છે. એ હોંશિયાર છોકરો છે. અગિયારવર્ષ થયા હશે નવ, નવ થયા કે અગિયાર, અગિયાર વર્ષ ચાલે છે. છોકરો લખે છે સાથે. તારી બાનો કેવો કંઠ કીધો, આમ બધા થંભી જાય એવો આમ. છતાનો, સત્તાનો ઉજાગરો થઈ એવો કંઠ, જુદો કંઠ. એ તો કહે, ભાષાવર્ગણા છે. લ્યો અગિયાર વર્ષનો છોકરો આમ બોલે, ઓલો કહે કે તારો બાપ બોલે છે આ, વળી એમ કહે. ભગવાન !

ઓલો છોકરો મોઢું બરાબર રાખીને, એ તો કંઠ ભાષા વર્ગણા છે, એમાં આત્મા શું છે? તારી બાનો કંઠ ભારે! એ તો ભાષાવર્ગણા છે. ભાષા કોણ બોલે મહારાજ, અહીં સાંભળીને ગયો હશે ત્યાં પૂછ્યું એક જણાને. ભાષા કોણ બોલે? તારો બાપ બોલે છે, ખબર નથી કોણ બોલે છે; એમ હજી ઉત્તર દેવાના ભાષાના ઠેકાણા ના મળે. (શ્રોતા :

એમાં સભ્યતા નથી.) આવી હોય આવી ભાષા હોય? ભાઈ! ભાષા છે, એ આત્મા બોલે છે. આત્મા ના હોય તો ભાષા બોલે, એમ ભલે કહેવાય. આત્મા ના હોય તો ભાષા હોય? એમ કહીને આત્મા બોલે છ, એમ કહે વ્યવહાર નયથી. આ તો આત્મા ક્યાં બોલતો હતો? એ તો જડની અવસ્થા છે. આહાહા! દેખો 'निज महिमा अडोल जानै' એ કંઠ ને શરીર ને રૂપાળું, સુંદર ને નમણાઈ, એની મહિમા જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ?

'आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है' દેખો, પોતાના દર્શન જ્ઞાન આદિ સ્વભાવની આત્મા ધારણા કરે છે. આહાહા! જાણવાનો ભાવ શ્રદ્ધવાનો ભાવ, ઠરવાનો ભાવ, આનંદનો ભાવ એ પોતાનો ભાવ છે. રાગાદિ ને પોતામાં ધારતો નથી. કહો! આ બધા સંચા બંચા ક્યાંય રહી ગયા છે ચીમનભાઈ. (શ્રોતા : મુંબઈ રહી ગયા.) મુંબઈ રહી ગયા ને આંહી છે ને જોરાવરનગરમાં. 'जो अपने सम्यग्दर्शनादि स्वभावको आपहीमें धारण करता है'. ભાષા શું છે? કે આત્મા પોતાનો સ્વભાવ અનંત, આનંદ શાંત આદિ આનંદ આદિ છે એમ ભાન થયું, એથી પોતાના સ્વભાવને ધારે છે, એમ કહે છે. વ્યવહાર ને દયા-દાન, વ્રત ને વિકલ્પને પોતાનામાં ધારતો નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિ થયેલો હો, પોતાનો સ્વભાવ શાંત ને જ્ઞાન ને આનંદ ને શ્રદ્ધા –જે પોતાની નિર્મળ વીતરાગી પર્યાય એવા પોતાના સ્વભાવને પોતે ધારે છે. સમજાણું કાંઈ?

'आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है,' એમ છે ને. સ્વભાવ લે ધરતુ, પર્યાય પ્રગટ કરીને પોતે પોતાને રાખે–ધારે છે. રાગ આદિ, પુણ્ય આદિ પોતામાં સમકિતી ધારતો–રાખતો રક્ષક છે નહીં. રાગનો રક્ષક નથી, જ્ઞાની એમ કહે છે. ધારતામાં આવી ગયું ને ઈ. શ્રીમદ્‌માં આવે છે. સ્વદ્રવ્ય ને ધારે છે સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ. પરદ્રવ્યના ધારક ત્વરાથી તજો. ઈ ભાષા અનેક પ્રકારના કથનશૈલી છે ને. સમજાણું કાંઈ? 'सुभाउ ले धरतु है,' અવિચલ અપને આપ મેં ધારણ કરતા હૈ, લઈને ભાષા તો એમ છે. 'आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है,' નિર્મળ પર્યાય પ્રગટ કરીને પોતે પોતામાં રાખે છે, એનો રક્ષક છે. પુણ્ય-પાપને વ્યવહારને ધારતો જ નથી, કહે છે. એનો રક્ષકેય નથી, એનો ભક્ષકેય નથી, ભોગવનારોય નથી. આહાહા! ભારે વાત ભાઈ!

આમ પડ્યા હોય તો સંસારમાં દેખાય. ઈન્દ્ર આદિ ચક્રવર્તી, એય વૈભવ... વૈભવ...વૈભવ. અત્યારે તો ધૂળમાંય વૈભવ નથી એવા એના વૈભવ હોય. ચક્રવર્તીને તો દેવ આવીને પાંચ બંગલા બનાવે. પાંચ બંગલા હોં મોટા અલૌકિક. ચારેકોર હીરા માણેક ભર્યા હોય. એક એક હીરાની અબજોની કિંમત હોય, એવા વૈભવ. એ મારા નહીં, હું

એને રાખતો નથી, હું એને ધારતો નથી, મેં એને પ્રગટ કર્યા નથી ને પ્રગટ કરીને મારા એ રક્ષક નથી. આહાહા! કહો, પૈસા બૈસા ધૂળમાં ગયા. પૈસા ક્યા આવતા'તા અહીં? આ જુઓ પૈસા છે તો ય કરે છે કાંઈ? ને આમ એ એકલા પડ્યા રહેવું પડે. સાંભળવા માટે આવ્યા છે, ઘરે બેસવા નથી આવ્યા. ના પાડે છે...રાત્રે જાશે નહીં હમણાં. બહુ ચાલશો નહીં પગ થડક ન ખાય. ઠીક ભાઈ હાલો. ઘરે સુવા આવ્યા છો અહીં....એવું છે પરાધીન શરીર એવું ટૂંકું એ પર છે એને કેમ રહેવું એ આત્માને આધીન(નથી), આત્મા એનો રક્ષક ધારક ધારતો નથી. આહાહા!

'जैसे जल-कर्दम कतकफल भिन्न करै' ભારે! જલ અને કાદવ, વચમાં કતકફલ નામ નિર્મળી ઔષધી નાખવાથી જેમ બે જુદા પડી જાય. આહાહા! એમ રાગ વિકલ્પ ને નિર્વિકલ્પ ભગવાન આત્મા, બે ભેદજ્ઞાનથી જુદા પડી જાય છે. આહાહા! કહો સમજાણું કાંઈ? આ કરવાનું છે અને કર્યું હોય તો આમ થાય, એમ કહે છે. આહાહા! જ્યાં કહો કે ભાઈ અમારું આ કામ. પણ આમ કરવાનું ત્યારે સમકિત થાય. આ વિના સમકિત થાય ને સમયક્જ્ઞાન થાય નહીં. સમજાણું કાંઈ?

જૈસે જલ કર્દમ—પાણી ને કાદવ, કતકફલ—નિર્મળી ઔષધી ડાલને નાખવાથી કીચડ નીચે બૈઠ જાય, પાણી સાફ હો જાતા હૈ. એમ આત્મા નિર્મળી ઔષધી એટલે ભેદજ્ઞાન દ્વારા—પ્રજ્ઞા છીણી દ્વારા, બહિર્મુખી લાગણીઓ અને અંતર્મુખી સ્વભાવ બેને ભિન્ન કરીને શુદ્ધતા અનુભવે છે. આહાહા! 'तैसे जीव अजीव विलछनु करतु है,' લ્યો. જલ અને કાદવમાં નિર્મળી ઔષધી નાખવાથી જેમ પાણી નિર્મળ સાફ ચોખ્ખું થઈ જાય છે એમ જીવ અજીવ 'विलछनु करतु है,' બેય ને જુદા પાડે છે પૃથક્કરણ. અજીવ શબ્દે રાગાદિ બધા અજીવ છે. આહાહા! સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વભાવનું દળ, આનંદની મૂર્તિ આત્મા અને રાગાદિ અજીવ, બેની વિલક્ષણ વિલક્ષણ પૃથ્થક પૃથ્થક કરે છે. विलछनु करतु है દેખો. પૃથ્થક્ કરે છે. કર્મને લઈને પૃથ્થક્ થાય ને પરને લઈને થાય, એમ છે નહીં આહાહા! આ ક્રિયા અંદરમાં હોય છે. 'तैसे जीव अजीव विलछनु करतु है,' 'आतम सकति साधै' શક્તિ ઓલો મેળ કરવો છે ને એટલે, નહીંતર શક્તિ છે એ. પદનો મેળ કરવો હોય શબ્દનો એટલે 'આતમ સકતિ' કીધી, હેઠે અર્થ કર્યો છે. સકતિ એટલે શક્તિ એમ. એના શબ્દાર્થમાં સકતિ એટલે શક્તિ એમ. 'आतम सकति साधै' જ્ઞાન દર્શન ને આનંદને સાધે ચાહે તો લડાઈ આદિમાં ઊભા હો. આહાહા!

'आतम सकति साधै ग्यानकौ उदौ आराधै' જ્ઞાનની ઉજાગરી દશા જાગ્રત કરે, પ્રકાશ કરે જ્ઞાનનો. જ્ઞાન શબ્દે આત્મા આખો. આખો.....આત્માને ઉજાગર પ્રકાશ કરે.

આહાહા! જુઓ આ એક કવિ અને પોતે જ્ઞાની છે. કેવું વર્ણન કરે છે. ગૃહસ્થાશ્રમમાં છે હોં બાયડી છોકરા કુટુંબ, ત્રણવાર પરણ્યા હતા, નવ બાળક થયા હતા. સૌને રસ્તે સૌ. એ દુનિયાના સાથ જગતના છે, એને કારણે આવે ને જાય. આહાહા!

એક જણો કહેતો'તો ૮૧માં. રાજકોટ ચોમાસું હતું ને ગઢડા. કામદારના જમાઈ હતા ભાવનગર. ૪૨ કેટલા વર્ષ કાંઈક કીધા? ૪૨ વર્ષ પહેલા, કોણ છે ગઢડાનું કોઈ નથી નહીં? ગઢડા ૪૨ વર્ષ પહેલા હું એકલો ગયો'તો ત્યાં વ્યાપાર ધંધો સોપારીનો, દુકાન મોટી થઈ, પૈસા થયા બાર જણા થયા. બાયડી છોકરા છોડીયું બાર જણા ઘરમાં. સમજ મેં આતે હૈ? બાર જણાં. બાર બાર જણા સમજતે નહીં. એમ તો અનુમાન થાય ને બાર જણ કહ્યા એટલે કંઈક સંખ્યા કહે છે, એમ તો અનુમાન થાય ને. બાર જણા થયા હતા. એકના બાર. વ્યાપાર લાખોના સોપારી ધંધા. એવો ને એવો ગયો એવો આવ્યો. બધા પૈસા ગયા.

એક કામદાર હતા ભાઈ ગઢડાવાળા. દુકાન હતી મોટી સોપારીની મોટી. જેવો ગયો હતો એવો આવ્યો છું પાછો, કહે. પૈસા ગયા, બાયડી છોકરા કુટુંબ બધું મરી ગયું. ચીમનભાઈ! એ કામદાર છે. હા, કામદાર લાલ પાઘડી બાંધતા. ભાવનગરથી ૮૧માં આવ્યા હતા. દુકાન હતી. મુંબઈમાં દુકાન હતી. જેવો કહે એકલો ગયો તેવો એકલો આવ્યો છું, કહે. પણ એ પર ચીજ છે એને સંબંધ શું છે? અહીંયા તો કહે છે. 'ग्यानकौ उदौ आराधै' પોતાની પોતાના જ્ઞાનની દશાનું આરાધન કરે છે. ધર્મી બહાર તો વ્યાપાર વ્યાપારમાં દેખાય ધર્મી, પણ એની સાથે કાંઈ સંબંધ છે નહીં.

'सोई समकिती भवसागर तरतु है' આ સમકિતી ભવસાગર ચોરાસીના અવતાર ભવજળ એને તરે જાય છે તરવાનું. અલ્પકાળમાં એને કેવળ થઈ ને મોક્ષ થવાનો છે. લ્યો આઠમો બોલ થયો. સોઈ સમકિતી એમ કે આવા સમકિતી ભવસાગરને તરે. બીજા માને કે અમે ક્રિયા કરીએ ને મહાવ્રત પાળીએ ને ધૂળ કરીએ છીએ ને ભવસાગરને તરી જઈશું, સંસારને પાર થઈશું. હરામ છે એકેય પણ ભવ ઘટે તો. આત્માના ભાન વિના વસ્તુની ચીજ અંતર સ્થિતિ શું છે, એની દૃષ્ટિને અનુભવ વિના ભવ એકેય ઘટે નહીં. આ આઠ, એ ત્રણ કહ્યા સમકિતીના શ્લોક હવે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ એની સામે. વિપરીત દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ કેવો હોય ઓળખાવે છે. પહેલા સ્તુતિ કરી ને હવે ઓળખાવે છે.

**(મિથ્યાદૃષ્ટિનું લક્ષણ. સવૈયા એકત્રીસા)**

**धरम न जानत बखानत भरमरूप,**
**ठौर ठौर ठानत लराई पच्छपातकी।**

भूल्यौ अभिमानमैं न पाउ धरै धरनीमैं,
हिरदैमैं करनी विचारै उतपातकी॥
फिरै डांवाडोलसौ करमके कलोलिनिमैं,
ह्वै रही अवस्था सु बधूलेकैसे पातकी।
जाकी छाती ताती कारी कुटिल कुवाती भारी,
ऐसौ ब्रह्मघाती है मिथ्याती महापातकी॥९॥

અર્થ :–જે વસ્તુસ્વભાવથી અજાણ છે, જેનું કથન મિથ્યાત્વમય છે અને જે એકાંતનો પક્ષ લઈને ઠેર ઠેર લડ્યા કરે છે, પોતાના મિથ્યાજ્ઞાનના અહંકારમાં ભૂલીને ધરતી પર પગ ટેકવતો નથી અને ચિત્તમાં ઉપદ્રવનો જ વિચાર કરે છે, કર્મના કલ્લોલોથી સંસારમાં ડામાડોળ થઈને ફરે છે અર્થાત્ વિશ્રામ પામતો નથી. તેથી તેની દશા વંટોળિયાનાં પાંદડા જેવી થઈ રહી છે, જે હૃદયમાં (ક્રોધથી) તપ્ત રહે છે, (લોભથી) મલિન રહે છે, (માયાથી) કુટિલ છે, (માનથી) ભારે કુવચન બોલે છે આવો આત્મઘાતી અને મહાપાપી મિથ્યાદૃષ્ટિ છે. ૯

**अर्थ** :–जो वस्तुस्वभावसे अनभिज्ञ है, जिसका कथन मिथ्यात्वमय है और एकान्तका पक्ष लेकर जगह-जगह लडाई करता है, अपने मिथ्याज्ञानके अहंकारमें भूलकर धरतीपर पाँव नहीं टिकाता और चित्तमें उपद्रव ही सोचता है, कर्मके झकोरोंसे संसारमें डाँवाडोल हुआ फिरता है अर्थात् विश्राम नहीं पाता सो ऐसी दशा हो रही है जैसे बघरूडेमें पत्ता उड़ता फिरता है, जो हृदयमें (क्रोधसे) तप्त रहता है, (लोभसे) मलिन रहता है, (मायासे) कुटिल रहता है, (मानसे) बड़े कुबोल बोलता है; ऐसा आत्मघाती और महापापी मिथ्यात्वी होता है॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! 'ऐसौ ब्रह्मघाती है मिथ्याती' મેળ બધો ઘાતીને પાતી બધા શબ્દો. એય પંડિતજી! એ તો જાણે આમાં થોડું થોડું જાણતા હશે ને. આ કરીને મોટા થયા કહેવાય. એક એક શબ્દને આમ મેળ ખાય, જુવોને. 'ऐसौ ब्रह्मघाती है मिथ्याती महापातकी।

धरम न जानत' ધર્મ તો જાણતો નથી અજ્ઞાની, વસ્તુનો શું સ્વભાવ છે? ભગવાન આત્મા જ્ઞાયકનું ચૈતન્યદળ છે. આત્મા ધર્મી અને તેનો ધર્મ તો જ્ઞાન ને આનંદ ને શાંતિ છે, તેનાથી અજ્ઞાની અણભિજ્ઞ છે. અણભિજ્ઞ એટલે જાણનાર (નથી). આહાહા! વસ્તુ સ્વભાવથી અજ્ઞાની છે. વસ્તુ શું સ્વભાવ છે? વસ્તુનું શું કામ છે અમારે ભઈ! એમ અંધારામાંય ગોળ ખાય તો ગળ્યો લાગે, એમ કહે છે. ગોળ ગળ્યો લાગે અને જાણવું

આત્મા છે ને આવું કામ શું છે? અમે તો આ કામ કરીએ એ કરીએ અંદર લાભ થશે. એય, એવું બોલે છે. અંધારે ગોળ ગળ્યો ન લાગે...હવે મરી જઈશ પણ ઝેર આવી જશે તો અંધારે, ગોળને ઠેકાણે. આહાહા!

જોવો ને ઓલા મણિબેન અહીં આવ્યા હતા ને પ્રેમચંદભાઈના બેન. એમના વર હેઠે બિચારા પડી હતી એક શીશી શેની આ? હરડેની કે હિમજની, જે હોય તે. ને એક સોમલ(ઝેર) પડી હતી. બે બે જોડે શીશી હતી. હરડેની લેવા ગયા ત્યાં સોમલ આવી ગયું. જોડે બે શીશી હતી. બેન નહીં ગુજરી ગયા? સર્પ કરડીને પ્રેમચંદભાઈની બેન. વળાના ઉતારામાં સર્પ કરડ્યો નહીં? સુતા'તા ત્યાં સર્પ રહેતો ત્યાં એની ઓલામાં આવી ગયો, પથારીમાં. ઈ જાણે કે ગુંચળુ છે. આમ અડ્યાને કરડ્યું. કરડ્યું ને ઝેર ચડી ગયું. વળાના ઉતારામાં ત્યાં રહે છે ને ભાઈ આ કોઠારી. ઈ ને? વજુભાઈ રહે છે કુવા પાસે.

એમના વરને હાથે ચડી. હાથે ચઢી હેઠે સોમલની શીશી સોમલ. હરડેની ફાકી લેવી હતી. હરડે હરડેની ફાકી નહીં સમજતે? હરડે નહીં સમજતે? હરડે કહો કે હરડ કહો, એ તો એક ભાષા છે શબ્દ... હરડે હરડે કહો કે આ હિમેજ કહો, લ્યોને. એ શીશીમાંથી જરીક લીધી. જ્યાં જાગ્યા તો અરે, આ શું થયું? ડોક્ટર આવે એ પહેલા ખલાસ થઈ ગયા. જુવાન શરીર હતું મોટું લઠ્ઠ હતું...સ્વામીનારાયણ હતા બોટાદના. એમ અજાણ્યા આત્માના સ્વભાવના અજાણ ક્યાંકનું ક્યાંક ખાઈ જાય છે, ક્યાંકનું ક્યાંક માની લે છે, એમ કહે છે. રાગનો અભાવ ને વિકલ્પનો અભાવ, એ આત્મા એમ જાણે અજ્ઞાની, ઝેર ખાય છે ઝેર. આહાહા!

'धरम न जानत बखानत भरमरूप, जिसका कथन मिथ्यात्वमय है।' ઊંધી શ્રદ્ધામાં અભિપ્રાય કોઈ પણ બોલે વાણી ઊંધી શ્રદ્ધા ને ઊંધા ભાવ હોય. કષાયથી રંગાઈ ગયેલો છે ને. આહાહા! કષાયના ચાર બોલ જુદા આવશે 'बखानत भरमरूप' મિથ્યાત્વની ભ્રમણા એને વખાણે છે, લ્યો. 'ठौर ठौर ठानत कराई पच्छपातकी' એકાન્ત નયનો કથન કરીને ઠેકાણે ઠેકાણે લડાઈ ઊભી કરે છે. આહાહા! 'एकान्तका पक्ष लेकर जगह-जगह लडाई करे' નહીં આમ થાતું, નહીં ઐસા હોતા હૈ. આરે ભગવાન! શાંત થાને પ્રભુ! એ તો મિથ્યાતીના અધર્મીના લક્ષણ જ એવા હોય છે. સમજાણું? 'ठौर ठौर ठानत....धरम न जानत, ठौर ठौर ठानत' ન્યાંય મેળ ન્યાંય મેળ બધો. 'लराई पच्छपातकी, भूल्यो अभिमानमैं' બસ હું જાણું છું અભિમાનમાં એનો પગ ઠરે નહીં ક્યાંય, કહે છે. હાલતા પણ પગ એ તો તમારો અભિમાનમાં ડોલે, ડોલતો હોય આહાહા!

'भूल्यो अभिमानमैं–अहंकारमें भूलकर धरती पर पाँव नहीं टिकाता' ઊંચો આમ

કુદે જાણે કે ઓહોહો! અમે જાણે અમે છીએ, અમે છીએ. 'न पाउ धरे धरनीमैं, हिरदेमैं करनी विचारै उतपातकी' હૃદયની અંદર તો ઉપદ્રવ ચિત્તમાં ઉપદ્રવ સોચે. આનું આમ કરવાનું આમ કરવાનું આકુળ-વ્યાકુળ. આકુળ-વ્યાકુળ એ અંદરમાં કહે છે, વિચારૈ ઉતપાત. ઉતપાત એટલે ઉપદ્રવ ઉપદ્રવી બધા ભાવો કરે અંદર તોફાન તોફાન તોફાન. આહાહા! 'फिरै डांवाडोलसौ' ડામાડોળ ફરે 'कर्मके झकोरोंसे, એમ છે ને! फिरै डांवाडोलसौ करमकै कलोकिनीमैं' કરમના ઉદયમાં જોડાવાથી ડામાડોળ ડામાડોળ ક્યાંય ઠેકાણા ન મળે. આહાહા!

તાબુત મોટો હોય ને કાગળનો બહુ ઊંચો, એકવાર હાલે તો હાલ્યા જ કરે આમ. જોયા છે ને તાબુત મોટા. અમારા ઉમરાળામાં બહુ થતા મોટા મોટા તાબુત એટલે ડોલા તાજીયા. એય મોટા ઊંચા ઈંડા મોટા હોય, આવડા આવડા કાગળમાંથી કર્યા હોય ચારબાજુ ચાર મૂક્યા. ડામાડોળ ડોળો હાલ્યો જાય, માથાનું ઠેકાણું નહીં, પગનું ઠેકાણું નહીં, હાલવાનું ઠેકાણું નહીં. એ તો કષાયની એટલી ઉગ્રતા હોય અંદર 'फिरै डांवाडोलसौ करमकै कलोकिनीमैं' 'व्है रही अवस्था सु बधूले कैसे पातकी' સમજાણું? 'विश्राम नहीं पाता' ક્યાંય વિશ્રામ નથી, એ ઠરે એ ઠરવાનું અંદર ઠેકાણું ન મળે. 'सो ऐसी दशा हो रही है जैसे बघरूडमें पत्ता उड़ता फिरता है' શું કહેવાય? પવનનો વંટોળિયો. એ વંટોળિયામાં તરણું ઉડે એમ ફર્યા ફર, ફર્યા ફર, ફર્યા ફર કરે. કષાયનું જોર છે ને અંદર મિથ્યાત્વના જોરને લઈને એ તો જાણે, આમ કરું ને આમ કરી લઉં ને આનાથી કરું આને ખુશ કરી લઉં ને આને નારાજ કરી લઉંને.

'व्है रही अवस्था सु बधूले कैसे पातकी' આહાહા! ઉડતા ફિરતા હૈ બધૂલેમેં જેમ પત્તા ઉડતા ફિરતા હૈ. પાત-પાત એટલે પાંદડું પાત-પાતકી એટલે પાંદડું 'बधूले जैसे पातकी' જેમ પત્તા ઉડે વંટોળિયામાં, ડામાડોળ-ડામાડોળ ક્યાંય સ્થિરતા ન મળે 'जाकी छाती' જોવો, ક્યા શબ્દ વાપરે છે. જેના હૃદયમેં 'छाती ताती' ધર્મની ક્રોધ હોય ક્રોધ. ઘડીકમાં આમનું આમ થઈ જાય, આનું આમ. 'जाकी छाती' જેનું હૃદય ક્રોધ સે તૃપ્ત છે 'कारी' લોભ સે મલિન છે. કારી એટલે કાળી. કારી એટલે કાળી, મેલ હૃદયમાં લોભનો મેલ. કોઈ પણ ના કામમાં એને અંદરમાં લોભ....લોભ...લોભ....લોભ કાંઈક પણ આશા હોય અહીં અહીં કાંઈ અહીં કાંઈ. આહાહા!

'जाकी छाती ताती कारी' એટલે કાળી. કુટીલ માયા, ચારેય સમાવી દીધું છે. માયાથી કુટીલ કુટીલ અને 'कुवाती' માન સે કુવાતી, બડે કુબોલ બોલે, ઠેકાણું ન મળે ભાષાનું...આહાહા! માળે ચાર બોલને સમાવ્યા છે. 'ताती कारी कुटील कुवाती भारी' એમાં કહે છે કે ભારી થઈ ગયો છે. લ્યો, કુટીલ 'मानसे कुवचन बोलता है ऐसा

आत्मघाती' આહાહા! પરનો ઘાત કરે, ન કરે એની સાથે સંબંધ છે નહીં. આત્મઘાતી પોતાના જ્ઞાન આનંદનો ઘાત ક્ષણે ક્ષણે કરે છે. 'ऐसो ब्रह्मघाती है मिथ्याती महापातकी' મહાપાપી મિથ્યાતી હોય છે, લ્યો. આ તો એક સ્વરૂપ બતાવ્યું છે હોં, નહીંતર અહીં મંગલાચરણમાં એનું કામ નથી. આ મંગલાચરણ, મંગલાચરણમાં છે, આમાં આવા હોય છે એમ જરીક બતાવ્યું છે. મંગલાચરણ છે મંગલાચરણ છે પછી ઉત્થાનિકા આવશે. આ તો મંગલાચરણ છે. ઉત્થાનિકા ઓલી કોર આવશે, અગિયારમે પાને. મંગલાચરણ છે બધે. મંગલાચરણ છે મંગલાચરણ હાલ્યું આવે છે. પણ એ...ભૂમિકા એની ભૂમિકા સ્થાપે છે કે આવા અજ્ઞાની હોય!

હવે સિદ્ધને સંભારે છે. એટલું જ્ઞાન કરાવ્યું હોં ફક્ત મિથ્યાત્વીનું...

**बंदौ सिव अवगाहना, अरु बंदौ सिव पंथ।**
**जसुप्रसाद भाषा करौं, नाटकनाम गरंथ॥१०॥**

શબ્દાર્થ :–અવગાહના=આકૃતિ.

અર્થ :–હું સિદ્ધ ભગવાનને અને મોક્ષમાર્ગ (રત્નત્રય)ને નમસ્કાર કરું છું, જેમના પ્રસાદથી દેશભાષામાં નાટક સમયસાર ગ્રંથ રચું છું. ૧૦.

**अर्थ** :–मैं सिद्ध भगवानको और मोक्षमार्ग (रत्नत्रय)को नमस्कार करता हूँ, जिनके प्रसादसे देशभाषामें नाटक समयसार ग्रन्थ रचता हूँ॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

वंदो सिव अवगाहना' મોક્ષ સ્થિત ભગવાનની આકૃતિને હું વંદન કરું છું. જુઓ, ભાષા કેવી કરી છે. કોઈ કહે સિદ્ધને આકૃતિ હોય કે નહીં? એટલે અવગાહના નાખી છે. સિદ્ધપ્રભુ પોતાના અસંખ્ય પ્રદેશની આકૃતિમાં છે એને આકાર હોય છે. આત્મા છે ને, આકાર હોય છે. આહાહા! અસંખ્ય પ્રદેશી પૂર્ણ નિર્મળ શુદ્ધ આનંદઘનનો જેને અવગાહન હોય છે. ચીજ પહોળી હોય કે નહીં? જે ચીજ હોય એને પહોળી (પહોળાઈ) હોય કે નહીં? પહોળી કે આટલી પહોળી. એ અવગાહન નામ લઈને એને વંદન કરે છે. 'वंदो सिव अवगाहना' સિવ એટલે મોક્ષ સિદ્ધાલય. સિદ્ધ ભગવાન કો મેં વંદન કરું છું. 'अरु वंदो सिवपंथ' મોક્ષમાર્ગને હું વંદુ છું. એ સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રને પણ વંદન કરું છું. મોક્ષ અને મોક્ષનો માર્ગ બેય આવી ગયા. જુઓ આ રત્નત્રય, સમ્યક્દર્શનને પણ નમસ્કાર, સમ્યક્જ્ઞાનને નમસ્કાર, સમ્યક્ચારિત્રને નમસ્કાર. 'जसु प्रसाद भाषा करौ' જેના મહેલમાંથી પ્રસાદી આવી એટલે નિર્માણ થયું. આહાહા! જેના પ્રસાદથી ભાષા

કરીએ 'नाटक नाम गरंथ' નામ આનું નાટક સમયસાર નાટક નામનું ગ્રંથ છે. હવે પોતે કવિ સ્વરૂપ પોતાનું વર્ણન કરે છે, પોતાનું વર્ણન હોં. હું રચનાર આવો છું કવિ.

કવિ સ્વરૂપનું વર્ણન (સવૈયા મત્તગયન્દ, વર્ણ ૨૩)

**चेतनरूप अनूप अमूरत,**
**सिद्ध समान सदा पद मेरौ[1]।**
**मोह महातम आतम अंग,**
**कियौ परसंग महा तम घेरौ[2]॥**
**ग्यानकला उपजी अब मोहि,**
**कहौं गुन नाटक आगमकेरौ।**
**जासु प्रसाद सधै सिवमारग,**
**वेगि मिटै भववास बसेरौ॥११॥**

૧. અહીં નિશ્ચયની અપેક્ષાએ કથન છે. ૨. અહીં વ્યવહારની અપેક્ષાએ કથન છે.

શબ્દાર્થ :–અમૂરતિ (અમૂર્તિ)=નિરાકાર. પરસંગ (પ્રસંગ)=સંબંધ

અર્થ :–મારું સ્વરૂપ સદૈવ ચૈતન્યસ્વરૂપ, ઉપમારહિત અને નિરાકાર સિદ્ધ સમાન છે. પરંતુ મોહના મહા અંધકારનો સંગ કરવાથી હું આંધળો બની રહ્યો હતો. હવે મને જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે તેથી હું નાટક સમયસાર ગ્રંથ કહું છું. જેના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને જલદી સંસારનો નિવાસ અર્થાત્ જન્મ–મરણ છૂટી જાય છે. ૧૧

**अर्थ** :–मेरा स्वरूप सदैव चैतन्यस्वरूप उपमा रहित और निराकार सिद्ध सदृश है। परन्तु मोहके महा अंधकारका संग करनेसे अन्धा बन रहा था। अब मुझे ज्ञानकी ज्योति प्रगट हुई है इसलिए नाटक समयसार ग्रन्थको कहता हूँ, जिसके प्रसादसे मोक्षमार्गकी सिद्धि होती है और जल्दी संसारका निवास अर्थात् जन्म-मरण छूट जाता है॥११॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'चेतनरूप अनूप अमूरति सिद्ध समान सदा पद मेरौ', નિશ્ચય, હેઠે કહ્યું છે. નિશ્ચય કેમ છે? હેઠે અર્થ છે. 'मोह महातम आतम अंग कीयो परसंग महातम घेरो' આવો હું છું, છતાં મોહનું મહાત્મ્યમાં આતમના અંગમાં મોહનું મહાત્મ્ય આત્મના અંગમાં લગાવી દીધો છે અસંખ્ય પ્રદેશમાં મિથ્યાત્વનો અંગ (રંગ) લગાવી દીધો છે.

'मोह महातम आतम अंग कीयो परसंग महातम घेरो' પણ મેં પર સંગ કર્યો, એમ કહે છે. કર્મના ઉદયનો, રાગનો મેં સંગ કર્યો છે. મેં સંગ કર્યો કર્મે કાંઈ કરાવ્યું નથી. સિદ્ધ સમાન પદ મારું છે, છતાં પર્યાયમાં, પહેલું દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યની વાત કરી. હવે પર્યાયની વાત એટલે વ્યવહાર. મારી અવસ્થામાં મોહનું મહાતમ્યને કારણે આતમના અંગમાં મેં પરનો સંગ કર્યો.

'महातम घेरो' મહા અંધકારનો ઘેરો લ્યો એ વ્યવહારનું કથન. પર્યાયમાં રાગનો ઘેરો વળ્યો છે, અંધકારનો ઘેરો. ભગવાન સિદ્ધ સમાન છતાં વસ્તુ તો સિદ્ધ સમાન છે. પર્યાયમાં રાગનો અંધકારનો એકતાબુદ્ધિનો ઘેરો વળગ્યો. મહાતમ હેઠે કર્યું છે 'मेरा स्वरूप सदाय चैतन्यस्वरूप उपमारहित' પહેલો, 'निराकार सिद्ध सदृश है' નિશ્ચય. 'परंतु मोहके महा अंधकारका संग करनेसे' દેખો, મોહનો મહા અંધકારનો સંગ કરીને 'अंधा बन रहा था' આંધળો થયો' તો, મારા સ્વરૂપની મને ખબર નહોતી.

'ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगम कैरौ। ज्ञानकी ज्योति प्रगट हुई'. હું તો ચૈતન્ય જ્યોત છું, એવું ભાન થયું હવે. રાગ ને પુણ્ય ને શરીર જે માન્યા હતા, ઈ ભ્રમણા ટળી ગઈ. જ્ઞાનજ્યોતિ હું ચૈતન્ય જ્ઞાતા દ્રષ્ટા મારી ચીજ તો આ છે, એમ જ્ઞાનકલા ઉપજી. કલા કીધી છે ને. अब मोहि મને જ્ઞાનદશા પર્યાય પ્રગટી, એમ કહે છે. અજ્ઞાન ટળી સમ્યક્‌જ્ઞાન થયું આનંદ સહિતનું. 'कहौं गुननाटक' હું હવે કહીશ, કહે છે. પ્રગટ 'નાટક સમયસાર' ગ્રંથ કો કહતા હૂઁ 'कहौं गुन नाटक आगम कैरौ' ગ્રન્થ કર્તા આગમ છે ને એ સમયસાર, ગ્રંથ કીધુ આગમ એટલે

'जासु प्रसाद सधै सिवमारग' જેનાથી પ્રસાદીથી મોક્ષમાર્ગની સિદ્ધિ હોતી હૈ, જે જ્ઞાનકળા, સમ્યક્‌કળા, શાંતિની કળા, રાગથી ભિન્ન ભાવના કળાથી, 'सिवमारग सधै' મોક્ષનો માર્ગ જ્ઞાનકળા દ્વારા શ્રદ્ધે. જુઓ આ મોક્ષનો માર્ગ શ્રદ્ધે, એમ કહે છે. જ્ઞાનકળા ઉપજી અબ મોકુ કહૌ ગુન નાટક આગમકેરૌં. સમયસારના ગુણ કહીશ સમયસારની વ્યાખ્યા કહીશ, એમ કહે છે. આત્માના સ્વભાવનું વર્ણન કરીશ સમયસાર નાટકમાં 'जासु प्रसाद सधै सिवमारग' જ્ઞાનકળાના પ્રસાદથી મારો મોક્ષનો માર્ગ સધાય. 'वेगे मिटै भववास बसेरो । जल्दी संसारका निवास अर्थात् जन्म-मरण छूट जाता है' લ્યો, જન્મમરણ છૂટી જાય એવી જ્ઞાનકળા પ્રગટી, જેનાથી હું અલ્પકાળમાં સંસાર છૂટી જશે, એમ કહે છે. લ્યો, આ ખાત્રી આપે છે આત્મા. કહો સમજાણું કાંઈ?

'वेगे मिटै' એમ પાછો વેગથી એટલે જલ્દી. જલ્દી સંસારનો અંત આવી જશે એમાં. જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી, એવા ભાવનું ભાન થયું, હવે ભવ કેવા? એમ

કહે છે. આહાહા! આ ભવમાં તો આ છે જુઓને. છે કાંઈ સુખ? કેટલી દવાઓ લેવી ને કેટલી ગોળિયું! છોકરા હોય તો કહે, સારા લાગતા નથી અહીં. આહાહા! ભાગી જાય એકાદ બે દી' હો હા કરી જાય. ઓળવો હવે, તમે ત્યાં ને અમે આંહી, પણ ઈ પર ચીજ શું કરે? નજીક હોય તો ય કહે શું ત્યાં? પોતાના ભગવાન આત્મા, કહે છે, વિકારને શરીરથી જુદો પાડ્યો જ્ઞાનકળા જાગી એનાથી અમારું શિવપણું સધાશે. અમે અલ્પકાળમાં સંસારથી મુક્ત થશું. કોઈની તેમાં સહાયની મદદની જરૂર નથી. સંસારનો નિવાસ–જન્મ મરણ છૂટ જાતા હૈ. ભવવાસ કીધું ને. વેગિ મિટૈ ભવવાસ–આ ભવમાં નિવાસ કર્યા છે અનાદિથી, ધૂળમાં જઈને. આહાહા! અનાદિ અનાદિ ભવવાસમાં નિવાસ. ભવવાસનો નિવાસ અલ્પકાળમાં છૂટી જશે. લ્યો, ૧૧મું કાવ્ય કહ્યું. હવે લઘુતા વર્ણન, પોતાની પોતાની લઘુતા વર્ણન કરે છે.

કવિની લઘુતાનું વર્ણન (છન્દ મનહર. વર્ણ ૩૧)

**जैसें कोऊ मूरख महा समुद्र तिरवेकौं,**
**भुजानिसौं उद्यत भयौ है तजि नावरौ।**
**जैसें गिरि ऊपर विरखफल तोरिवेकौं,**
**बावनु पुरुष कोऊ उमगै उतावरौ।।**
**जैसें जलकुंडलमैं निरखि ससि-प्रतिबिम्ब,**
**ताके गहिबेकौं कर नीचौ करै टाबरौ।**
**तैसें मैं अलपबुद्धि नाटक आरंभ कीनौ,**
**गुनी मोहि हसैंगे कहैंगे कोऊ बावरो।।१२।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વિરખ(વૃક્ષ)=ઝાડ. બાવનું(બામન)=બહુ નીચા કદનો મનુષ્ય. ટાબરૌ=બાળક. બાવરૌ=પાગલ

**અર્થ :**–જેવી રીતે કોઈ મૂર્ખ મનુષ્ય પોતાના બાહુબળથી ઘણા મોટા સમુદ્રને તરવાનો પ્રયત્ન કરે અથવા કોઈ ઠીંગણો માણસ પર્વત ઉપરના વૃક્ષમાં લાગેલું ફળ તોડવા માટે જલદીથી ઊછળે, જેવી રીતે કોઈ બાળક પાણીમાં પડેલા ચંદ્રના બિંબને હાથથી પકડે છે, તેવી જ રીતે મંદબુદ્ધિવાળા મેં નાટક સમયસાર(મહાકાર્ય)નો પ્રારંભ કર્યો છે, વિદ્વાનો મશ્કરી કરશે અને કહેશે કે કોઈ પાગલ હશે. ૧૨

**अर्थ :**–जिस प्रकारसे कोई मूर्ख अपने बाहुबलसे बड़ा भारी समुद्र तैरनेका प्रयत्न करे, अथवा कोई बौना मनुष्य पहाड़के वृक्षमें लगे हुए फलको तोड़नेके लिए जल्दीसे उछले, जिस प्रकार

कोई बालक पानीमें पड़े हुए चन्द्रबिम्बको हाथसे पकड़ता है, उसी प्रकार मुझ मन्दबुद्धिने नाटक समयसार (महाकार्य) प्रारम्भ किया है, विद्वान् लोग हँसी करेंगे और कहेंगे कि कोई पागल होगा।।१२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'तजि नावरौ' એનો અર્થ ન થયો. નાવને છોડીને, એમ જોઈએને ? એ અર્થ ન આવ્યો. 'भुजानिसौं उद्यत भयौ है तजि नावरौ' એમ. નાવ બાવ છોડીને ભુજાથી તરવા માગે છે. એ શબ્દાર્થ ન આવ્યો નહીં? રહી ગયો છે. છે ને નથી અર્થમાં પણ નથી. હેઠે નીચે કઠણ શબ્દમાં પણ નથી ને અર્થમાં પણ નથી. 'जिस प्रकार कोई मूर्ख अपने बाहुबलसे बड़ा भारी समुद्र नाव छोड़कर तैरनेका प्रयत्न करे,' એમ જોઈએ. નાવ છે, એને છોડીને ભૂજાથી તરવા માગે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'जैसे गिरि ऊपर विरखफल तोरिवेकौ' જેમ પહાડનાં ઉપર એક ઝાડ હોય, પહાડ ઉપર ઝાડ પાછું એમ, હેઠે ઝાડ હોય તો વળી કાંઈક. પહાડ ઉપર ઝાડ, એનું ફળ તોડવામાં—તોડવેકો બાવનું પુરુષ—નાનો ઢીંચકો બાવનો—ઢીંચકો પુરુષ છે ને. વામન વામન 'बौना' વામન વામન ઢીંચકો, બહુ ઢીચકો હોય બહુ ઢીંચકો. ત્યાં મૈસુરમાં સાઈઠ વર્ષનો છે. સાઈઠ વર્ષનો, છોકરો આવડો લાગે...નામું લખે છે. એ કહે છે કે પહાડ ઉપર ઝાડ એનું ફળ ઊંચે, એને તોડવા માગે. એમ આ હું કરવા માંગું છું, આ સાધ્ય. નિર્માનપણું બતાવે છે 'जैसे गिरि ऊपर विरखफल तोरिवेकौ, बावनु पुरुष कोऊ उमगै उतावरौ' પાછો પહાડ કે ઉપર લગે ફળ તોડને કે લિયે જલ્દી સે ઉછળે ઉતાવળે કીધું ને ઉમગૈ ઉતાવરૌ, ઉત્સાહ કરી ને ઉતાવળ કરે.

'जैसे जलकुंडमें निरखि ससि प्रतिबिंब। कोइ बालक पानीमें पडे हुए चंद्रबिम्बको हाथसे पकड़ता' સરોવરમાં ચંદ્રમાં દેખાય ને હાથમાં પકડવા જાય, ત્યાં ક્યાં ચંદ્રમાં છે? જૈસેં જલકુંડ મે નિરખી, જળના કુંડમાં નિરખી—દેખી સસિ એટલે ચંદ્રનું પ્રતિબિંબ, 'ताकै गहिबेकौ कर नीचौ करै टाबरौ। 'टाबरौ' એટલે બાળક ટાબરૌ નથી આવતું? એને ગ્રહવાને કર નીચો કરે, આમ હાથ નાંખે અંદર. 'चंद्रबिम्बको हाथसे पकड़ता है' જુઓ, નિર્માનતા વર્ણવે છે. એમ આ 'સમયસાર' અલૌકિક શાસ્ત્ર, એને હું એક બાળક મંદબુદ્ધિ કરવા માંગું છું એમ કહ્યું. આહાહા! દેખો સમજાણું કાંઈ?

'तैसै मैं अलपबुद्धि' તેની પેઠે હું અલ્પબુદ્ધિ નાવ છોડીને ભુજાથી દરિયો તરે, એવો હું વામન પુરુષ પહાડ પરના વૃક્ષના ફળને તોડવાને ઉતાવળો થઈને ઉમગે. પાણીમાં ચંદ્રમાને પકડવા બિંબ છે એને પકડવા જેમ બાળક જાય, એમ મેં અલ્પબુદ્ધિ

એની પેઠે કહું છું. 'तैसै मैं अलपबुद्धि नाटक आरंभ कीनौ' 'સમયસાર નાટક'નો મેં આરંભ કર્યો. મંદબુદ્ધિ ને, અર્થમાં એમ કર્યું છે. મંદબુદ્ધિને અલ્પબુદ્ધિ, એવો શબ્દ કર્યો છે. અલ્પબુદ્ધિ છે. કહે છે કે મારી બુદ્ધિ અલ્પબુદ્ધિ છે, એમ કહે છે. કાર્ય મોટું મારે છે, બુદ્ધિ મારી થોડી છે. 'સમયસાર' આહાહા! કુંદકુંદ અમૃત આચાર્ય જેવા મોટા આભના સ્તંભ જેવા ધર્મ ધુરંધર એણે રચ્યું, એને હું હવે પદ્યમાં રચવા માંગુ છું, મારી બુદ્ધિ તો અલ્પ છે. 'नाटक समयसार (महाकार्य) प्रारंभ किया है' મોટું કાર્ય નાટક आरंभ कीनो.

'गुणी मोहि हसेंगे' ગુણીઓ તો મને હસશે, એમ ગુણી શબ્દમાં વિદ્વાન એવો અર્થ કરવો છે ને આંહી. વિદ્વાન લોકો તો હસશે. ગુણી છે એને તો કાંઈ નહીં પણ વિદ્વાન બહુ બુદ્ધિવાળા ગણાય, એમ કહે છે. એ મને હસશે, હસશે હાંસી કરેંગે કે આવું કામ આ શું લઈને બેઠો છે? તારું કામ છે? આ મહાન અમૃતચંદ્ર આચાર્ય, કુંદકુંદ આચાર્ય જેવા ધર્મના થાંભલા, ધર્મના ધુરંધર એણે બનાવ્યું એનો અર્થ તું પદ્યમાં તું આવો માણસ. હસો, વિદ્વાનો હસો. કોઈ પાગલ કરીને કહેગા, કહેંગે કે કોઈ બાવરો પાગલ છે કહે આ માળો આવું કરીને કહે....છતાં હું ભક્તિથી કરવા માંગું છું. ગમે એ મને કહે, પણ હું તો સમયસાર નાટક રચવા માંગું છું. કહેંગે કે કોઈ પાગલ (કહેગા) હોગા. એમ કહો તો કહો પણ હું તો આને લખવા માગું છું. હવે એનો ન્યાય આપશે.

(—પ્રમાણ વચન ગુરુદેવ).

---

સોનું-ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભ ક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે, શાતા-વેદનીય જનિત લૌકિક—સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે. ક્રોધની તરવાર પકડી રાખી છે, માનનો શરાબ પીને બેઠો છે. મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાંઙ્મુખ થઈને જૂઠમાં જ ગુચવાઈ ગયો છે.

(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, મોક્ષ દ્વાર, ૫દ-૨૮)

## પ્રવચન : ૫, પોષ વદ-૧૦, ગુરુવાર, તા. ૨૧-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ પર પ્રવચન

जैसैं काहू रतनसौं बींध्यौ है रतन कोऊ,
तामैं सूत रेसमकी डोरी पोई गई है।
तैसैं बुध टीकाकरि नाटक सुगम कीनौ,
तापरि अलपबुद्धि सूधी परिनई है।।
जैसैं काहू देसके पुरुष जैसी भाषा कहैं,
तैसी तिनिहुंके बालकनि सीख लई है।
तैसैं ज्यौं गरंथकौ अरथ कह्यौ गुरु त्योंहि,
हमारी मति कहिवेकौं सावधान भई है।।१३।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :–બુધ=વિદ્વાન, પરનઈ=થઈ છે.

**અર્થ :**–જેવી રીતે હીરાની કણીથી કોઈ રત્નમાં છિદ્ર પાડી રાખ્યું હોય તો તેમાં રેશમનો દોરો નાખી દેવાય છે, તેવી જ રીતે વિદ્વાન સ્વામી અમૃતચંદ્ર આચાર્યદેવે ટીકા કરીને 'સમયસાર' સરલ કરી દીધું છે, તેથી અલ્પબુદ્ધિવાળા મને સમજવામાં આવી ગયું. અથવા જેવી રીતે કોઈ દેશના રહેવાસી જેવી ભાષા બોલે છે તેવી તેના બાળકો શીખી લે છે; તેવી જ રીતે મને ગુરુ–પરંપરાથી જેવું અર્થજ્ઞાન પ્રાપ્ત થયું છે તેવું જ કહેવા માટે મારી બુદ્ધિ તત્પર થઈ છે. ૧૩.

**अर्थ :**–जिस प्रकार हीराकी कनीसे किसी रत्नमें छेद कर रक्खा हो तो उसमें रेशमका धागा डाल देते हैं, उसी प्रकार विद्वान् स्वामी अमृतचन्द्र आचार्यने टीका करके समयसारको सरल कर दिया है, इससे मुझ अल्पबुद्धिकी समझमें आ गया। अथवा जिस प्रकार किसी देशके निवासी जैसी भाषा बोलते हैं वैसी उनके बालक सीख लेते हैं; उसी प्रकार मुझको गुरु परम्परासे जैसा अर्थज्ञान हुआ है वैसा ही कहनेको मेरी बुद्धि तत्पर हुई है।।१३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બનારસીદાસ કહે છે કે 'जैसैं काहू रतनसौं' હીરાકી 'बींध्यौ है रतन'. કોઈ એક રતનને હીરાની કણીથી, એક રતનને જેમ વીંધેલું હોય, તાર પાડેલો હોય, 'तामैं सूत

रेसमकी डोरी पोई गई है' તૈયાર કાણું હોય એમાં રેશમની દોરી પરોવે. છે ને! '-' એમ. કાણું પાડેલું તૈયાર છે. હીરાની કણીએ રતનમાં, દોરી પરોવવી છે ફક્ત એમાં. 'तो उसमें रेशमका धागा डाल देते है'. સૂત હે ને સૂત—રેશમ. ધાગા, રેશમનો ધાગો એમાં નાંખે છે. 'उसी प्रकार विद्वान स्वामी अमृतचंद्र आचार्यने' એમ 'तैसैं बुध टीका', બુધનો અર્થ એટલું કર્યું અહિંયા, અમૃતચંદ્ર આચાર્ય. બીજામાં જરી અર્થ બીજો એક થોડો કર્યો છે. રાજમલ કવિ ટીકા. બહુ સારી કરી કે અમૃતચંદ્ર આચાર્યે કળશ કર્યા. એમાં રાજમલે ટીકા કરી. 'समयसारको सरल कर दिया है' સાદી ભાષામેં 'સમયસાર'નું સ્વરૂપ સરળ કર્યું છે.

'जैसैं काहू देसके पुरुष, तापरि अलपबुद्धि सूधी परिनई है'. 'इससे मुझ अल्पबुद्धिकी समझमें आ गया', એમ કહે છે. સહેલું કર્યું એટલે સમજમાં આવી ગયું. જેમ હીરાની કણીથી રતનનું છિદ્ર કર્યું હોય તો દોરી પરોવાય, એમ સહેલું કરેલું મારી સમજમાં આવી ગયું. અમૃતચંદ્રઆચાર્યે ઘણું સરળ અને એમાં રાજમલની ટીકા, એથી અલ્પબુદ્ધિ, મારી 'अल्पबुद्धि सूधी परिनई'—સમ્યક્રૂપે પરિણમી છે. 'जैसैं काहू देस' બીજો અર્થ કરે છે હવે, કે ગુરુએ જેવું કહ્યું એવું મેં શીખી લીધું, એ એમ કરે છે. બીજું. પહેલું આ કહ્યું. 'जैसैं काहू देसके पुरुष जैसी भाषा कहै'—દેશના પુરુષ જેવી વચનવાણી કહે, 'तैसी तिनिहुंके बालकनि सीख लई' બાળકે તે પ્રમાણે શીખી લીધી. 'तैसैं गरंथकौ अरथ कह्यौ गुरु'— અમૃતચંદ્ર આચાર્ય 'સમયસાર'નો અર્થ અલૌકિક સમયસાર આહાહા! અને ભરતક્ષેત્રનું અદ્વિતીય નેત્ર. અજોડ....અજોડ સમયસાર. એની કહે છે ટીકા ગ્રંથની, અર્થ કહ્યો અમારા ગુરુએ અમૃતચંદ્ર આચાર્યે. નહીંતર તો એકદમ સમજમાં આ વાત આવે નહીં. (સમજાય) એટલું સરળ કરી દીધું. ટીકાકાર અમૃતચંદ્ર આચાર્યે.

'हमारी मति कहिवेकौं सावधान भई'—જેમ ઓલો બાળક શીખી લે અને કહે, એમ મારી મતિ કહેવાને સાવધાન થઈ છે, લ્યો. 'बालक सीख लेते है, उसी प्रकार मुझको गुरु परम्परासे जैसा अर्थज्ञान हुआ है वैसा ही कहनेको मेरी बुद्धि तत्पर हुई है।' લો બે અર્થ કર્યા. સરળ કર્યું, તેથી સમ્યક્ જ્ઞાનમાં સમજાઈ ગયું અને ગુરુએ જેવું કહ્યું તેવી ભાષા મેં શીખી લીધી. એ રીતે કહેવું, આવી કથની આમ કરવી, એમ શીખીને હવે હું તત્પર થઈને આ 'સમયસાર' કહું છું.

'अब कहते है कि भगवानकी भक्तिसे हमें बुद्धिबल प्राप्त हुआ है।

(સવૈયા એકત્રીસા)

कबहू सुमति व्है कुमतिकौ विनास करै,
कबहू विमल ज्योति अंतर जगति है।

कबहू दया व्है चित्त करत दयालरूप,
　　　　कबहू सुलालसा व्है लोचन लगति है।।
कबहू आरती व्है कै प्रभु सनमुख आवै,
　　　　कबहू सुभारती व्है बाहरि बगति है।
धरै दसा जैसी तब करै रीति तैसी ऐसी,
　　　　हिरदै हमारै भगवंतकी भगति है।।१४।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : સુભારતી=સુંદર વાણી. લાલસા=અભિલાષા. લોચન=નેત્ર.

**અર્થ :**–અમારા હૃદયમાં ભગવાનની એવી ભક્તિ છે કે કોઈવાર તો સુબુદ્ધિરૂપ થઈને કુબુદ્ધિને દૂર કરે છે, કોઈવાર નિર્મળ જ્યોતિ થઈને હૃદયમાં પ્રકાશ આપે છે, કોઈવાર દયાળુ થઈને ચિત્તને દયાળુ બનાવે છે, કોઈવાર અનુભવની પિપાસારૂપ થઈને આંખો સ્થિર કરે છે, કોઈવાર આરતીરૂપ થઈને પ્રભુની સન્મુખ આવે છે, કોઈવાર સુંદર વચનોથી સ્તોત્ર બોલે છે. જ્યારે જેવી અવસ્થા થાય છે ત્યારે તેવી ક્રિયા કરે છે. ૧૪

**अर्थ :**–हमारे हृदयमें भगवानकी ऐसी भक्ति है जो कभी तो सुबुद्धिरूप होकर कुबुद्धिको हटाती है, कभी निर्मल ज्योति होकर हृदयमें प्रकाश डालती है, कभी दयालु होकर चित्तको दयालु बनाती है, कभी अनुभवकी पिपासारूप होकर नेत्रोंको थिर करती है, कभी आरतीरूप होकर प्रभुके सन्मुख आती है, कभी सुन्दर वचनोंमें स्तोत्र बोलती है, जब जैसी अवस्था होती है तब तैसी क्रिया करती है।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

લો એમાં આવશે બધું. એ તો ભગવાનની ભક્તિ અને ભગવાન, આ (ચૈતન્ય) ભગવાન અને ભક્તિ ભેગી છે. ભગવાનની ભક્તિ બેય છે. વાત તો એમ જ આવે ને. નિર્માનપણે તે કેમ બોલે? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ એની ભક્તિથી મારી બુદ્ધિમાં સમ્યક્પણે સમજાઈ ગઈ છે વાત. એમ કહે છે બુદ્ધિ–ભક્તિ છે ને ભક્તિ. ભક્તિ છે ક્યારે ભક્તિ એમ કહેવાય યથાર્થપણે કે પોતાનાં ચૈતનની ભક્તિ જાગી છે, એને વ્યવહાર ભગવાનની ભક્તિ છે, એમ કહેવામાં આવે. એકલી ભક્તિ ભગવાનની એમ ક્યાં હોય છે આહીં. સમજાણું કાંઈ? જુઓ ભગવાનકી ભક્તિસે હમેં બુદ્ધિબળ પ્રાપ્ત હુઆ હૈ એમ જ બોલે ને ભાષા.

'कबहू सुमति कहै कुमतिकौ विनास करै ઈ ભક્તિ. कबहू विमल जोति अंतर जगति है' દેખો આવ્યું. ભગવાનની ભક્તિથી, છે અર્થ. 'हमारे हृदयमें भगवानकी ऐसी

भक्ति है जो कभी तो सुबुद्धिरूप होकर कुबुद्धिको हटाती है'. સમ્યક્‌જ્ઞાન દ્વારા અજ્ઞાનનો નાશ થાય છે. આહાહા! 'कभी निर्मलज्योति होकर हृदयमें प्रकाश डालती है।' લ્યો છે? ચૈતન્ય સ્વભાવ એનો પ્રકાશ થાય છે અંદરમાં. સ્વસન્મુખ થતાં....સમજાણું? છે, આવશે, જુઓ.

'कबहू विमल जोति अंतर जगति है'—સર્વજ્ઞ દેવ પરમ ગુરુ એની જ્યાં ભક્તિ અંતરમાં ઉછળે છે ત્યારે અમારો ચૈતન્યપ્રકાશ પણ પ્રકાશમાં આવે છે, કહે છે. સર્વજ્ઞ સ્વભાવી, હું પણ સર્વજ્ઞ સ્વભાવી છું, એવા ભગવાન પરિપૂર્ણ સર્વજ્ઞ છે એમ જ્યાં ભાન થયું ત્યાં હું પણ સર્વજ્ઞ સ્વભાવ થવાને લાયક છું એવી ચૈતન્યની જ્યોત અંદરમાંથી જાગે છે, કહે છે. શેઠ, આહા! 'कबहू विमल जोति' ચૈતન્ય નિર્મળ શુદ્ધ આનંદ અને જ્ઞાન નિર્મળ એવી જ્યોતિ અંતર જગતી હૈ. અંતરમાં જાગે છે. સમજાણું કાંઈ? 'कबहू दया व्है चित्त करत दयालरूप' કોઈ ભક્તિમાં કુણપ—કરુણા આવી જાય છે ત્યારે દયાળ ચિત્ત થઈ જાય છે. કષાયની મંદતાથી દયાળ પરિણામ બધાં પ્રાણી પ્રત્યે અવિરોધભાવ આવે છે. સમજાણું કાંઈ? છે તો વિકલ્પ, પણ અવિરોધભાવ કરુણામાં આવે છે. 'दयालु होकर चित्तको दयालु बनाती है' એટલો અર્થ કર્યો છે.

'कबहू सुलालसा व्है लोचन लगति है' લ્યો. એ આવ્યું અંતર ભક્તિ ચૈતન્યની આવી. 'कबहू सुलालसा अभिलाषा कर लोचन लगति है' અંદર નેત્ર અંદરમાં ઠરી જાય છે. 'कभी अनुभवकी पिपासारूप होकर नेत्रोंको थिर करती है'. અંતરમાં જ્ઞાનચક્ષુ દ્વારા ચૈતન્યનાં સર્વજ્ઞ સ્વભાવને જોતાં અંતર જ્ઞાનચક્ષુ સર્વજ્ઞ સ્વભાવમાં ઠરી જાય છે. કહો, સમજાણું કાંઈ? 'कबहू सुलालसा ह्वै'—અનુભવની પિપાસા—લાલસા એટલે અંતરની પિપાસા થતાં, ભગવાન આવા છે તો હું પણ એવો છું એવું અંતર્મુખ થતાં, લાલસા નામ અભિલાષ થતાં, પિપાસા થતાં 'लोचन लगति है'—અંતર જ્ઞાનનાં નેત્રો અંતરમાં ઠરે છે. કહો સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મકવિ છે ને. અધ્યાત્મગ્રંથના અર્થ છે.

'लोचन लगति है'—અંતરના નેત્રો અંદરમાં ઠરે છે. 'શુદ્ધતા વિચારે ધ્યાવે' આવશેને આગળમાં એમાં આવશે. 'શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે, શુદ્ધતામાં મગન રહે, અમૃતધારા વરસે'. શુભ અશુભ પરિણામ તો વિકલ્પ અને રાગ છે. દયા—દાન આદિ એ તો રાગ છે, કષાય છે. એનાથી રહિત આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ. સર્વજ્ઞ પરમાત્માની જ્યાં ભક્તિ ઉગી, એવા ત્રિલોકનાં સર્વજ્ઞ સ્વભાવની હયાતિનો જ્યાં સ્વીકાર અંદર થયો તો અંતરમાં સ્વભાવ સન્મુખ જઈને નેત્રો આંખના અંતરનેત્ર ઠરે છે, કહે છે. સમજાણું કાંઈ? 'જો જાણી અર્હંત...' એમ આવે છે ને! જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, એનો મોહનો ક્ષય થાય છે. જે કોઈ અરિહંત ભગવાનનાં આત્માને, એની

શક્તિને, એની દશાને જાણે, એ અંતર વળીને—અંતરમાં વળીને એ મોહનો ક્ષય કરે છે, મિથ્યાત્વનો નાશ કરે છે. રાગની એકતા, સર્વજ્ઞ સ્વભાવી આત્મા એની દૃષ્ટિ થતાં સર્વજ્ઞ સ્વભાવી દૃષ્ટિ થતાં રાગની એકતા તૂટી જાય છે. કહો સમજાણું કાંઈ? ઝીણું તો બધું ઝીણું છે ને આ. સવારેય ઝીણું હતું. આખું ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે. સર્વજ્ઞ તીર્થંકર કેવળીએ જોયેલો આત્મા. એવો આત્મા જેના ખ્યાલમાં આવ્યો, કહે છે, એ તો સર્વજ્ઞ સ્વરૂપીની ભક્તિ થતાં જ્ઞાન એમાં ઠરે છે. સમજાણું કાંઈ? બહારમાં વિકલ્પ છે એટલું એને કષાયની મંદતા(છે ને) અશુભ ટળે છે.

'कबहू आरती व्है कै प्रभु सनमुख आवै', લ્યો એના ય બે અર્થ છે. આરતી અંદરમાં. રતિ આ મર્યાદા રતિ. સમસ્ત પ્રકારે સ્વરૂપમાં રતિ થતાં અંતર્મુખ આનંદસ્વરૂપમાં રતિ—પ્રેમ થતાં પ્રભુ સન્મુખ ગતિ જાય છે. સમજાણું? 'प्रभु सनमुख आवै'—બહારમાં જુઓ તો ભગવાનની સામે આરતી ઉતારવામાં એવો વિકલ્પ હોય છે. ભગવાનની આરતી ઉતરે છે. રાજા મહારાજા હોય છે ને મોટા, બહુ દેશથી આ પાછા આવે ને તો એની આરતી ઉતારે. વાંકાનેરમાં થાતું'તું તમારે. વનેચંદ શેઠ કહેતા'તા. સોનાની ઓલીથી શું કાંઈક કહે, એને કાંઈ બીજી ભાષા છે કાંઈક (શ્રોતા : ગોર....) ગોર....ગોર. એ ગોર કહેતા'તા. ગોર કહેતા'તા. કહેતા'તાને શેઠ પોતે, નગરશેઠ હતા ને? (શ્રોતા : પોતે કરતા હતા) કરતા હતા આમ. સોનાની ઓલી લઈ, શું કહેવાય તમારી....ગીની ગીની. સોનાની લાવીને આમ કાંઈક....ગોર કરે ગોર રાજાને, એમ આત્માને ગોર કરે છે. (આરતી કરે છે.)

અનંત આનંદનો કંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ વારી જાઉં તને એમ એનો અર્થ છે હોં એ અહીંયા. ગોરમાં વારિ જાઉં નો અર્થ એમ વનેચંદ શેઠજી જરીક બતાવતા. કહેતા કે આમ અમે કરતા'તા. રાજા આવે ને દરબાર. દરબાર હતા કે આમ દેખાવ બધો ગરાશિયાનું બીજ હતું, દેખાવમાં; વાંકાનેર દરબાર આવ્યા'તા ને વ્યાખ્યાનમાં આવ્યા'તા. ૯૧માં આવ્યા'તા. (શ્રોતા : ઈ અને એના કુંવર બેય) કુંવર બેય આવ્યા હતા વ્યાખ્યાનમાં. રાજ બીજ દેખાય. રાજ ગ્યા ત્યાં રોયા તે. એ રાજ નાશવાન એમાં શું હતું? અવિનાશી ચૈતન્યનાં રાજની જ્યાં સંભાળ કરે, એની જ્યાં આરતી ઉતારીને વારિ જાઉં તારા આત્માને—મારા સ્વભાવને. અંદરમાં શાંતિ અને જાગૃતિ વીતરાગતાની થાય. એનું નામ આત્માની સન્મુખ થઈને આરતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તમારા એ બધા ગીની પણ વારી જાય એમ ઉતારી નાંખ્યું એમ કહે છે. સોનાની ગીની નાંખીને એમ કહે આ નાંખીને પણ સોનાની ગીનીની ગણતરી શી? એમ કહેતા હશે. ઉતારી ને નાખી દે એટલે લઈ લે માણસો. (શ્રોતા : હજુરીયા લઈ જાય) હજુર

લઈ જાય. બીજું કોણ લઈ જાય? એનો હજુર માણસ હોય ને હજુરિયો. ગીની લઈ લે. ગીનીથી આરતી તારે. લોકોમાં તો ઈ સોનું ઊંચું ગણે તે ઈ ગણે ને. આહીં સમ્યક્ દર્શન ને જ્ઞાન ને શાંતિથી આરતી ઉતારે આત્માની. સમજાણું કાંઈ? (શ્રોતા : ગીનીનું....) ગીની શું હતો? ગીનામાં તો ગૂનો છે. પણ ગીની માને પોતાની, તો ગુનો છે.

આ તો આત્મા ચૈતન્ય રતન મહા ભગવાન પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે કહ્યો, એવો આત્માનું અંતરમાં જ્ઞાન સન્મુખ થતાં આત્માની અંદરમાં લીનતા થઈ જાય, એમ કહે છે. પ્રભુ સન્મુખ આવે જુઓ. દૃષ્ટિ પણ જ્યાં સન્મુખ જાય છે. સ્થિરતા પણ સન્મુખ થાય છે. બહારમાં ભગવાનની ભક્તિમાં આરતી ઉતારતાં પણ પ્રભુ ઉપર લક્ષ જાય છે, બીજું લક્ષ છૂટી જાય છે.

'कबहू सुभारती व्है बाहरि भगति है' લો. 'कभी आरतीरूप होकर....कभी सुंदर वचनोंमें स्तोत्र बोलती है' ભારતી....ભારતી. (શ્રોતા : ભારતી એટલે ભાષા) ભાષા. 'कबहू सुवांग' એવી વાણી—વચન ભગવાનની આમ સ્તુતિ કરે. તીર્થંકરદેવ ત્રિલોકનાથની વાણી દ્વારા ગણધરો સ્તુતિ કરે. ૧૦૦૮ નામ દ્વારા ઈન્દ્રો સ્તુતિ કરે. ગણધરો કરે, ઈન્દ્રો કરે, બીજા સાધારણ સંતો પણ (કરે.) ૧૦૦૮ નામની સ્તુતિ આવે છે. ચાર—પાંચ સ્તુતિ છે. બનારસી દાસે કરેલી છે. આવે છે ને ઓલામાં ય. 'સ્તવન મંજરી' 'સ્તવનમંજરી'માં આવે છે. આ બનારસીદાસની. ભગવાનનાં ૧૦૦૮ નામ. આવે છે. આવ્યાં છે ને આમાં હા. તે 'સ્તવન મંજરી' છે ને આપણે પુસ્તક. એમાં ૧૦૦૮ નામ આઠ. બનારસીદાસ તો બહુ જબ્બર. ગૃહસ્થાશ્રમમાં હતા, બાયડી—છોકરાવાળા હતાં. પણ એ એને ઘેરે રહ્યું ને આ રુચિ અંદર દૃષ્ટિ ઉડી ગઈ હતી આખી. આસક્તિનો ભાવ હોય એ ઉપાધિ છે એમ જાણીને એને ત્યાગવા ચાહે છે. ઈ સવારમાં આવ્યું'તું.

'कबहू सुभारती व्है बाहरि भगति है' એમ ભગવાનની સ્તુતિ કરે છે એમ. બોલતી હે, ભક્તિ બોલતી હે બહાર 'भगति है' ભાષા તો એને પદમાં બહુમાન કરે ને. 'धरै दसा जैसी तब करै रीति तैसी ऐसी' ભગવાનની ભક્તિ. 'जब जैसी अवस्था होती है तब वैसी क्रिया करती है'. બહારની ભક્તિનું આવે તો એ પ્રકારે ક્રિયા થાય. અંદરમાં આનંદની ભક્તિ આવે તો અંદરમાં સ્થિરતા થાય. એવી જ્યાં જ્યાં જે પ્રકારે હોય ક્રિયા તે પ્રમાણે એ ક્રિયા બનતી હોય છે.

'हिरदै हमारै भगवंतकी भगति है' લો. આહાહા! આ ભગવંત પણ હોં. સર્વજ્ઞદેવ કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાણાં છે. આહાહા! લોકોને નામની ખબર ન મળે કે અરિહંત કોને કહેવા? અરિહંત શું છે? અરિહંત ભગવાન એક થઈ ગયા અમારે ત્રણકાળનાં જાણનારા. શું પણ ત્રણકાળનાં જાણનારા? જેને ત્રણકાળ

એક સમયમાં ઝપટમાં લઈ લીધો છે. એ તે કેવડું જ્ઞાન ને કેવડું મોટું, ને કેટલી મહિમા એની. એવા સર્વજ્ઞદેવને....ઉપર કહે છે. હમારી હૃદયમાં ભગવાનની ભક્તિ છે. શ્રીમદ્‌માં એક આવે છે. તમારે એમ કે અમારા દેવ 'સર્વજ્ઞદેવ પરમગુરુ' એમાં આવે છે. દેવ ને ગુરુ બેય નાંખ્યા ભેગા. એવી શૈલીથી નાંખ્યું છે ને. સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ'. સર્વજ્ઞ શક્તિની દિવ્યતા પ્રગટી, એ જ પરમગુરુ છે. એમ જેને અંતરના ભાનમાં આવે છે એને આત્માનાં સન્મુખમાં જઈને શાંતિ વળે છે એમ કહે છે. ભગવંતની ભક્તિ હૈ લ્યો. તબ તૈસી ક્રિયા હોતી હૈ લો. 'हिरदै हमारै भगवंतकी भगति है' લો.

હવે નાટક સમયસારના મહિમાનું વર્ણન કરે છે. (સવૈયા એકત્રીસા)

**मोख चलिवेकौ सौन करमकौ करै बौन,**
**जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।**
**गुनको गरन्थ निरगुनकौ सुगम पंथ,**
**जाकौ जसु कहत सुरेश अकुलत है।।**
**याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमैं,**
**याहीके विपच्छी जगजालमैं रुलत है।**
**हाटकसौ विमल विराटकसौ विसतार,**
**नाटक सुनत हिये फाटक खुलत है।।१५।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : સૌન=સીડી. બૌન=વમન. હાટક=સુવર્ણ, ભૌન=(ભવન) જળ.

**અર્થ :**—આ નાટક મોક્ષમાં જવાને માટે સીડી સ્વરૂપ છે, કર્મરૂપી વિકારનું વમન કરે છે, એના રસરૂપ જળમાં વિદ્વાનો મીઠાની જેમ ઓગળી જાય છે, એ સમ્યગ્દર્શનાદિ ગુણોનો પિંડ છે, સરળ રસ્તો છે, એના મહિમાનું વર્ણન કરતાં ઇન્દ્રો પણ લજ્જિત થાય છે, જેમને આ ગ્રંથના પક્ષરૂપ પાંખો પ્રાપ્ત થઈ છે તેઓ જ્ઞાનરૂપી આકાશમાં વિહાર કરે છે અને જેને આ ગ્રંથના પક્ષરૂપ પાંખો નથી તેઓ જગતની જંજાળમાં ફસાય છે. આ ગ્રંથ શુદ્ધ સુવર્ણ જેવો નિર્મળ છે, વિષ્ણુના વિરાટરૂપ જેવો વિસ્તૃત છે, આ ગ્રંથ સાંભળવાથી હૃદયનાં દ્વાર ખૂલી જાય છે. ૧૫

**अर्थ :**—यह नाटक मोक्षको चलनेके लिए सीढ़ी स्वरूप है, कर्मरूपी विकारका वमन करता है, इसके रसरूप जलमें विद्वान् लोग नमकके समान लीन हो जाते हैं, यह सम्यग्दर्शनादि गुणोंका पिण्ड है, मुक्तिका सरल रास्ता है, इसकी महिमा वर्णन करते हुए इन्द्र भी लज्जित होते हैं, जिन्हें

इस ग्रन्थकी पक्षरूप पंखे प्राप्त हैं वे ज्ञानरूपी आकाशमें विहार करते हैं और जिसको इस ग्रन्थकी पक्षरूप पंख प्राप्त नहीं है वह जगतके जंजालमें फँसता है, यह ग्रन्थ शुद्ध सुवर्णके समान निर्मल है, विष्णुके विराटरूपके सदृश विस्तृत है, इस ग्रन्थके सुननेसे हृदयके कपाट खुल जाते हैं।।१५।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

હવે, 'નાટક સમયસાર'કી મહિમા વર્ણન કરતે હૈં જુઓ હવે. 'સમયસાર'ની મહિમા. કવિ પણ જબ્બર છે ને. 'मोख चलिवेसौ सौन' એ ભગવાન આત્માને મોક્ષ થવાનું આ શુકન છે પહેલું, જેને 'સમયસાર' મળ્યું, જેને 'સમયસાર' ગ્રંથ મળ્યો, એમ કહે છે આહીં તો ભાઈ. આહાહા! જુઓ સીઢી સ્વરૂપ છે 'સમયસાર'. નિમિત્ત રૂપે શાસ્ત્ર, ભાવરૂપે આત્માને 'સમયસાર'. સમજાય છે? 'मोख चलिवेसौ सौन'—શુકન થયાં પહેલા. શુકન થયા કે મોક્ષ તમારો હવે તૈયાર. જેણે 'સમયસાર'નો પક્ષ કર્યો. 'સમયસાર' ભરતક્ષેત્રનો અલૌકિક, કેવળજ્ઞાનીને ભૂલાવે એવું શાસ્ત્ર છે. કેવળજ્ઞાનીની જરૂર ન પડે એવું એ શાસ્ત્ર છે. કેવળજ્ઞાનીની એ જ વાણી છે. સીધી પરંપરાએ આવેલી એવું એ વાત બીજે ક્યાંય છે નહીં. આહાહા! 'मोख चलिवेसौ सौन'—શુકન....શુકન. અથવા સીઢી, અર્થ સીઢી કરી છે. બાકી શુકન છે ઈ, ખરેખર તો એ મોક્ષ જવાનું શુકન થયું એને. 'સમયસાર' કાને પડ્યું અને સાંભળવામાં મળ્યું આહીં તો એ જ છે. મળ્યું સાંભળવા ઈ તો શુકન થઈ ગયાં એના, કહે છે. એય, આહાહા!

'मोख चलिवेकौ सौन करमकौ करै बौन'. કર્મને તો નાશ કરી દે. લો વિકારકા તો વમન. બૌન એટલે વમન. વમન કરવું, વમન કરવું, આને (આત્માને) પ્રાપ્ત થવું અને (વિકારનું) વમન કરવું. ભાષા જુઓ. 'સમયસાર' શાસ્ત્ર અલૌકિક ગ્રંથ. એની મુખ્યતાથી વાત કરે છે પણ એનો વાચ્ય આત્મા બેય કહે છે કે જેને લક્ષમાં આવ્યું એને તો મોક્ષનાં શુકન થઈ ગયા હવે. અને સીઢી થઈ ગઈ હવે ચડવાની. પૂર્ણાનંદની પ્રાપ્તિ થવાની એ શ્રેણી મળી ગઈ.

'करमकौ करै बौन'—કર્મનું તો વમન કરી નાંખે છે. કર્મરૂપી વિકાર.... ભગવાન આત્મા નિર્વિકારી આનંદમૂર્તિ અતીન્દ્રિય સ્વરૂપ એનું જેને લક્ષ થયું એ 'સમયસાર' જેને અંતર પ્રાપ્ત થયું એને તો કર્મના વિકારનું વમન કરી નાંખે છે, ઉલ્ટી કરી નાંખે ઉલ્ટી. ફરીને લેવાનું....લઈ શકે (નહીં.) વમનનો અર્થ ઈ છે. વમી નાખ્યું. એ ફરીને લેવાય નહીં. એમ જેને 'સમયસાર' એવો આત્મા અને 'સમયસાર' એવી વાણી 'સમયસાર'ની મળી, એને વિકારનું વમન થઈ જાય છે. એને વિકાર ફરીને થતો નથી. એમ અપ્રત્યક્ષભાવ કહે છે અહીંયા. આહાહા!

એ આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદનો રત્નાકર, એનું જેને શ્રવણ મળ્યું અને શ્રવણ કરીને જેણે સ્વ સન્મુખની રુચિ કરી. કહે છે કે એણે કર્મનાં વિકારને તો વમનમાં વ્યય કરી નાંખ્યો અને પૂર્ણાનંદની પ્રાપ્તિની શ્રેણી માંડી એણે શુકન થયાં એનાં. આહાહા! કહો સમજાણું કાંઈ? કહે છે કે આ પંચમકાળ છે તો એને મોક્ષને માટે શું? કે જેને 'સમયસાર' મળ્યો એને મોક્ષનું શુકન થઈ ગયું, મોક્ષની સીઢી મંડાઈ ગઈ. પંડિતજી! આહાહા!

'સમયસાર' શાસ્ત્ર એક—એક ગાથા, એની ટીકા ઓહોહો! એકલા રસ ભર્યા છે. સત્‌નાં સત્‌નાં સત્યનાં જ અંદર એકલા અમૃતનાં ઘૂંટડા ભર્યા છે અંદર. એવો આ 'સમયસાર' 'जाके रस–भौन बुध लौन ज्यौं घुलत है' જેના રસ રૂપી 'भौन' એટલે પાણી. જળ. જેના રસરૂપી જળમાં બુધ 'लौन' પાણીમાં જેમ મીઠું ભળી જાય....મીઠું—નમક. 'जाके रस भौन'-ભવન. પણ જળ કહેવું છે. મૂળ તો જળ કહેવું છે. જળ કહ્યું છે ને પાછળ. ભૌનનો અર્થ ભવન કરી જળ, મૂળ તો જળમાં મીઠું ભળી જાય છે. 'जामें रस भौन'. જેનો આત્મરસ જેમ પાણીમાં મીઠું ભળી જાય એમ બુધનું આત્મજ્ઞાન એમાં એકાકાર થઈ જાય. 'घुलत'—એકાકાર થઈ જાય છે. બહુ ટૂંકી ભાષામાં અને....કવિ છે ને, અધ્યાત્મ કવિ છે. એ ઘણું....ઉપમા પણ થોડી આપીને મોટું સમજાવે છે અંદર.

કહે છે જેનો આત્માનો રસ આવ્યો અને 'સમયસાર' અનુભવરસને બતાવે છે. સમજાય છે કાંઈ? લાખ વાતની વાત કરો. ક્રોડ અબજે બધી પણ ઈ આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, પૂર્ણાનંદ પ્રભુ એનો અનુભવ એવો રસ, પાણીમાં જેમ નમક—મીઠું 'घुलत' હૈ, એકમેક થઈ જાય છે. એમ આત્માની દશા આનંદની, આત્મા સાથે એકમેક થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? 'बुध लौन' જે બુદ્ધ હોં જ્ઞાની—તત્ત્વજ્ઞાની એમ. 'रसरूप जलमें विद्वान लोग. बुध' છે ને. વાસ્તવિક તત્ત્વને સમજનાર, 'સમયસાર'નું વાસ્તવિક તત્ત્વને પકડનાર એવા બુદ્ધ નામ જ્ઞાનીઓ, વિદ્વાન લોગ 'नमकके समान लीन' પાણીમાં જેમ મીઠું એકમેક થઈ જાય છે. આહાહા! એમ પોતાની વર્તમાનદશા અંતરમાં લીન થાય છે. એને 'સમયસાર' પ્રાપ્ત થયું ને એને 'સમયસાર'ની વાણી મળી. કહો, આટલાં વખાણ છે આનાં.

'गुनको गरन्थ निरगुनकौ सुगम पंथ', ગુણનો તો ગ્રંથ છે. સમ્યક્‌દર્શન આદિ ગુણોનો તો પિંડ આત્મા છે. 'સમયસાર' એટલે કે આત્મા અને આત્મા એ સમ્યક્‌દર્શન—જ્ઞાન—ચારિત્ર, જીવત્વ આદિ ચૈતન્યશક્તિ આદિ આવે છે ને. એ બધા ગુણનો ગાંઠડો છે. આહાહા! ગુણનો ભંડાર. સમ્યક્‌દર્શન આદિ ગુણોનો પિંડલો છે ઈ તો આમ. પિંડ પડ્યો, પિંડ આખો છે. આહાહા!

'गुनकौ गरन्थ निरगुनकौ सुगम पंथ–निरगुन' એટલે મુક્તિનો તો સરળ રસ્તો છે. જેમાં રાજસ દશ પ્રકૃતિ આદિ, ક્રોધ–માન–માયા–લોભ આદિ નથી. વિકારી ગુણો નથી એવો નિર્ગુણ એવી મુક્તિ. એનો એ સરળ રસ્તો છે. લ્યો આ રસ્તો છે. આહાહા! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ 'સમયસાર', દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત એવું જ્યાં અંતર ભાન થયું, એને કહે છે કે મોક્ષનો તો સર્વ પંથ હાથ આવી ગયો. સરળ રસ્તો આવી ગયો, સરળ. આહાહા! ક્રિયા કરીને દુઃખ વેઠી વેઠીને આત્મા પ્રાપ્ત થશે; મોક્ષ થશે, મરી ગ્યો અનંતકાળથી કહે છે. આ તો સરળ. જેવું એનું સ્વરૂપ છે ચૈતન્ય, આનંદનો સાક્ષાત્કાર થતાં એને સરળપણે મુક્તિ થાય છે. રસ્તો સરળ હાથ આવી ગયો. જેને જોયો એમાં હવે રમવાની રીત એને હાથ આવી ગઈ. સમજાણું કાંઈ? એમ કહે છે. 'ધવલ'માં આવે છે ને ઈ. દિઠમતિ એવું આવે છે.

દિઠમતિ, દિઠમગ્ગિ, મિથ્યાત્વીએ માર્ગ કોઈ દિ' જોયો નથી અને સમકિતીએ દીઠમગ્ગિ માર્ગ જોયો છે કે આ આત્મા આ પવિત્ર શુદ્ધ ચૈતન્ય એમ આમ થાય–એકાગ્ર થાય એ માર્ગ જોયો છે. 'દિઠમગ્ગિ' લીન થાય છે એ માર્ગ, એને રસ્તો હાથ આવી ગયો અને માર્ગનું સહેલાપણું મળી ગયું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! 'गुनकौ गरन्थ निरगुनकौ सुगम पंथ' સુગમ છે ને. સુગમની વ્યાખ્યા કરી. સરળ એમ. સુગમ એટલે સરળ. સુ–ગ–મ.

'जाकौ जसु कहत सुरेश अकुलत है'. 'સમયસાર'નો 'જસ' કહેતાં ઈન્દ્રો અકળાય છે. છે ને? ઈસકો મહિમા વર્ણન કરતે ઈન્દ્ર ભી તો લજ્જિત હોતા હૈ. અરે, કેનું કહું? શું કહું એનું? ઓહો! ભગવાન આત્મા, 'સમયસાર' વાચક અને 'સમયસાર' વાચ્ય, એની વાત કરતાં ઈન્દ્ર પણ લજ્જિત થાય. અરે! નાને મોઢે મોટી વાતું કરું છું આ, એમ થઈ જાય અંદર. એવો આ સુગમ પંથ છે. આ કોઈ દિ' વાંચ્યું નહીં હોય એવું શેઠ! કહો, વાંચ્યું નથી. હવે આ વાંચજો હવે, રાખ્યું છે તો. બહુ સરસ છે આ. આમાં તો ઘરે ઘરે આવે છે ને ઓલામાં. આવે છે ને છેલ્લે ક્યાંક નથી આવતું? પાછળ. શું આવે છે એમ કાંઈક આવે છે. હા, આવે છે એમ હોં.

'पांडे राजमल्ल जिनधर्मी', પોતે (બનારસીદાસ) લખે છે. આ 'કળશટીકા'. આ 'કળશટીકા'....એમાંથી આ બનાવ્યું. 'पांडे राजमल जिनधर्मी, समयसार नाटक के मर्मी' રાજમલ મર્મી હતા. ત્યાં વળી અત્યારના પંડિત કેટલાક એ કહે કે એમાંથી ભૂલ કાઢો–ભૂલ કાઢો, સુધારો. કહો બનારસીદાસ કહે છે કે 'સમયસાર'ના તો મર્મી હતા. 'तीनि गरंथकी टीका कीनी, बालबोध सुगम कर दीनि' જુઓ, જુઓ આહીં સુગમ

આવ્યું અહીંયા. 'तीनि गरंथकी'—તેના ગ્રંથ આપીને, ટીકા કરી બાળબોધ—સાધારણ માણસ સમજે એવી ટીકા. છે ને આ કળશટીકા. 'આગે હૈ કી નહીં કળશટીકા' છે કે નહીં? કળશટીકા હૈ.

આ બહાર પડવાનું પહેલું પાનું નવનીતભાઈથી થયું છે. એ પણ નવનીતભાઈથી થયું. આ નહીં? અમે જંગલમાં ગયા અને તમે આવ્યા સામે. કોક હતું ને હારે એની કહો છો કે ભાઈ, આ પણ તે દિ' આ યાદ આવી તે દિ' વળી આવ્યું. કેટલા વરસથી યાદ? રસ્તામાં નહીં? કે આ એક છે. રાજમલની ટીકા બહુ ઊંચી ઘણી. એનું ગુજરાતી થાય તો ઘણું....લ્યો.

'बालबोध सुगम कर दीनि' પછી. 'इह विधि बोध वचनिका फैली' આ જ્ઞાનની વચનિકા ફેલી જ્ઞાન સમજાવવાને 'समय पाय अध्यात्म शैली. प्रगटी जगमांहि जिनवाणी घर घर नाटक कथा बखानी' પંડિતજી! આમ લખે છે જુઓ, જુઓ. ઘર—ઘર નાટકની ચર્ચા હોને લગી. નાટકની ચર્ચા ઘર—ઘર હોને લગી. કહે, આવું 'સમયસાર' સાધારણ. અરે! સાંભળને હવે. છોકરાને બાળકને આ તત્ત્વ હાથમાં આવવું સહેલું નથી. મનુષ્ય દેહ મળ્યો. 'घर घर नाटक कथा बखानी' લ્યો. જુઓ પોતે લખ્યું છે. પાછળ છે. પાછળ. (શ્રોતા : ઉસ સમય ખૂબ પ્રચાર હુઆ) પ્રચાર હુઆ હૈ. અભી આ પ્રચારકા યુગ હૈ. 'સમયસાર'કા પ્રચારકા યુગ હૈ, શેઠ. 'जाकौ जसु कहत सुरेश अकुलत हैं'—સુર નામ દેવ એનો ઈશ નામ ઈન્દ્ર પણ 'अकुलत' હૈ. અરે, હું કોની વાત કરું? જ્યાં ગણધરો અને સર્વજ્ઞો પણ જેની પૂરી વાત વાણીમાં આવતી નથી. એમાં હું એક ઈન્દ્ર કહે છે કે 'સમયસાર'નાં વખાણ કરતાં, આત્મા ને વાણી બેય હોં, ઈન્દ્ર અકુળાય છે.

'याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमैं', જે કોઈ આ 'સમયસાર'નો પક્ષી થાય, એમ પંખી જેમ ઉડે આકાશમાં, એ પક્ષી એટલે પંખી પાછું કર્યું. 'याहीके जु पच्छी'—એનો આ 'સમયસાર' ત્રિલોકના તીર્થંકરે કહેલો આત્મા અને એની જે વાણી એનો જે પક્ષ કરે તે 'उड़त ग्यानगगनमैं' એ પંખી જેમ જ્ઞાન ગગનમેં ઉડાય, એમ આ 'સમયસાર'નો પક્ષ કરનાર સમ્યક્જ્ઞાનમાં ઉડીને આગળ ઉર્ધ્વમાં ચાલ્યો જાય છે. આહાહા! જુઓને કેટલી વાત છે. (શ્રોતા : પણ આપ તો એમ કહો છો કે આત્માનો અનુભવ કર્યા વિના પક્ષ એવો થાય નહીં.) ઈ આહીં તો અનુભવ થયો એની જ વાત છે આહીં. એનો પક્ષ કર્યો એનો અર્થ ઈ છે. લ્યો, એ ચેતનજી યાદ આવ્યા વળી આમાં. એય ચેતનજી! ક્યાં ગયા? શુદ્ધનયનો પક્ષ. જુઓ અહીંયા આ આવ્યું. પક્ષનો અર્થ ઈ એને જેણે પડખામાં લીધો આત્માને એનો પક્ષ કર્યો. પડખું ફેરવી, રાગને પર્યાયબુદ્ધિ

ફેરવીને સ્વનો પક્ષ કર્યો એ જ્ઞાન ગગનમેં ઉડતે હૈં. હવે ટાણે—ટાણે બધું યાદ આવવું જોઈએ ને બધું કેમ! આહાહા!

એ આહીં છે ને આહીં લખ્યું. જુઓ મુક્તિ. ઈસકી મહિમા હોનેસે, 'जिन्हैं इस ग्रंथकी पक्षरूप पंख प्राप्त' થઈ. જુઓ જેને આ ગ્રંથની હોં, પક્ષરૂપ પંખે પ્રાપ્ત હુઈ દેખો. એના પક્ષનો પંખી, પાંખ લઈ, પક્ષનો પાંખ લઈ, આમ વસ્તુ છે. વસ્તુ આમ છે; ત્રિલોકનાં તીર્થંકરની દિવ્ય ધ્વનિનો આ સાર છે. સમજાણું કાંઈ? કહે છે, જેને ગ્રંથના પક્ષરૂપ પંખે પ્રાપ્ત હુઈ જ્ઞાનરૂપી આકાશમેં વિહાર કરતે હૈં. પંખી આકાશમાં સહેજે સહેજે વિહાર કરે ભવન આડા આવે નહીં, પાણી આડા આવે નહીં, દરિયા આડા આવે નહીં, મેરૂ આડા આવે નહીં, વંટોળિયો આડો આવે નહીં. એય! એમ જેણે 'સમયસાર'નો પક્ષ કર્યો એને આગળ વધવાને કોઈ વિઘ્ન આડા આવે નહીં, એમ કહે છે. આહાહા! ભારે કર્યું ભાઈ. ભૂમિકા કરે છે આ તો હજી. સમજાય છે કાંઈ?

'याहीके विपच्छी'—પક્ષી એટલે પક્ષકાર પક્ષકારનો અર્થ એ, આત્માના અનુભવનો પક્ષ જેણે કર્યો 'ते उडत ग्यानगगनमैं', એ જ્ઞાનરૂપી આકાશ જે અપરંપાર જ્ઞાન છે એવી જ્ઞાનની દશામાં એ આગળ વધી જાય છે. 'याहीकै विपच्छी' લ્યો. પક્ષી અને વિપક્ષી. જેને આ 'સમયસાર'ની પાંખો મળી નથી અને વિપક્ષી એનો....અનાદર કરનાર છે. 'याहीके विपच्छी जगजालमैं रूलत है'. ચોર્યાશીનાં ગતિમાં નર્ક ને નિગોદમાં જનારા છે. આહાહા! સમજાણું કાંઈ? માળે પણ ભારે. એટલે આ ટીકા અહીં....'સમયસાર', કોણ કહેતું હતું? ભાઈ હમણાં રામજીભાઈ કહેતા'તા ભારે કર્યું. ભારે કે કવિ....નહીં રામજીભાઈ? કવિએ જબ્બર કરી છે જુઓ ને પણ. અને પુસ્તકે ય એવું સરસ બન્યું હોં. શબ્દો જુદા, છૂટા કે ઓલા બહુ સરસ બન્યું છે પુસ્તક. ઓલું તો આવું નાનું લાગે આવું ગ્રંથ જેવું લાગે. આ કંઈ મોટા સિદ્ધાંત જેવું લાગે. માણસને બહારની મહિમા છે ને. ઉડાવી (સત્યના) પક્ષને. (શ્રોતા : સત્યનો મુકાબલો કરવો જોઈએ) મુકાબલો કરવો ત્યારે એમ થાય ને કે આહાહા! (શ્રોતા : ઈ એક નામ છે ને)

ચાંદીમાં મઢ્યું'તું જુઓને 'સમયસાર' ચાંદીમાં, એ તો મળ્યું નહીં, નહીંતર તો આ સોનામાં નાંખવું હતું એમ. ટીકા મળી ને આ તો મૂળ અક્ષરો મળ્યા નહીં. કુંદકુંદ આચાર્યનાં મૂળ શ્લોકો એમનાં હાથનાં મળ્યાં નહીં. છે ને ૨૦૦૦ના છેને? તાડપત્ર ઉપર કર્યા'તા તાડપત્ર ઉપર. એમના હસ્તકનાં હોય તો સોનાએ મઢવા હતા એના. ૪૧૫ શ્લોકો સોનામાં, તે દિ' હોં. હવે તો પછી પૈસા વધી ગયા છે એય, શેઠ! આ તો તે દિ' પહેલાંની વાત છે હોં. તે દિ' તો પૈસા પાંચ હજાર આપે તો આમ લોકો ખુશ ખુશ થઈ જતા ને. હવે અહીં પાંચ હજાર તો કાંઈ ગણતરીમાં ન મળે. હવે ૨૫—૨૫ હજાર, ૫૦—

૫૦ હજાર દેનારા સ્હેજે સાધારણ માણસ—સાધારણ માણસ હોય છે. છે શું? પૈસાની કિંમત શું પણ એમાં? આહાહા (શ્રોતા : પૈસાની કિંમત ઘટી ગઈ) ઘટી ગઈ. વાત સાચી છે. એક આનો એક રૂપિયાનો એક આનો થઈ ગયો અત્યારે. એક આનાની કિંમત જેટલો એક રૂપિયો. હવે એની કિંમત શું? આહા!

આવો 'સમયસાર', આવે છે ને 'ઓમકાર સૂની અર્થ ગણધર વિચારે' દ્રવ્યભાવ એમ આવે છે નહીં કંઈ. આપણે પણ દ્રવ્ય.... નહીં ઓલું. છપાવ્યું છે ને. છપાવ્યું છે ને પાનું. આ લ્યો એક બનારસીદાસનું. 'દ્રવ્યભાવ ઓમ.' દ્રવ્ય એટલે ઓમકાર અક્ષર ભાવ એટલે આત્મા. એવું જેને પક્ષ થયો અને ઓંકાર અંદરથી આવ્યો. અંદરથી જાગ્યું કહે છે ઈ, એમ કહે છે. એ તો 'उड़त ग्यानगगनमैं..' અમાપ, અપરિમિત જ્ઞાનમાં એ તો ચાલ્યો ગતિ કરીને ચાલ્યો જાય છે. આહા! એની ગતિને રોકી શકે નહીં કોઈ જગતમાં અને એ રોકવા માટે નીકળ્યો નથી. એ તો ચડવા માટે નીકળ્યો છે કહે છે. આહાહા! જુઓને એક શૈલી બનારસીદાસની પણ.

'याहीके विपच्छी जगजालमैं रूलत हैं' લ્યો. એના જે ગ્રંથની પક્ષરૂપ પંખ નહીં. જેને આવા 'સમયસાર' અમૃત સ્વરૂપ એનો જેને પક્ષ નથી, એ જેને મળ્યું નથી, એનું જેને લક્ષ નથી, એનું જેને દક્ષ નથી, એને પૃથક થતું નથી. તેથી એ જગતમાં જંજાળમાં ફંસતે હૈં. ચોર્યાશી લાખમાં અવતારમાં જગતકે જંજાળમેં ફંસતે હૈં. વિકલ્પથી માંડીને બધો જંજાળ એનો જેને પક્ષ છે. આનો (સમયસારનો) જેને વિપક્ષ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ ઓલો કહે કે ગુરુની વાણીથી. એક મને કહેતો'તો. 'સમયસાર' સાધુ આવ્યા છે, એક નહીં, ઓલા તમારા કોણ દર્શનવિજય? (શ્રોતા : ત્રિપુટી) ત્રિપુટી, એય! હતા કે નહીં અહીં? આહીં આવ્યા'તા. કહે, આ 'સમયસાર' તો ગુરુની વાણી છે. દેવની વાણી અમારે હોય. ભારે વાત છે કીધું. ભવિ છો કે અભવિ કીધું તમે? દર્શનવિજય છે ને નામ. તમારું નામ કેવું કીધું. કહે, દર્શનવિજય. આ ૯૯ની વાત છે. ૯૯ની પોષ મહિનાની વાત છે. પછી આહીંથી નીકળ્યા વિહારમાં. પછી ન્યાં મળ્યા'તા કાંપમાં (વઢવાણ) વિહારમાં. કે ત્યાં મળ્યા'તા. (શ્રોતા : પછી ઢીલા પડી ગયા છે) ઢીલા પડી ગયા છે.

જુઓ ઓલો પુન્યવિજય ગયો. પુન્યવિજય ગયો. (શ્રોતા : પુનમચંદ) પુનમચંદ કહે આપણે બે પક્ષ કરીને કહીએ. હવે રહેવા ધ્યો. ઈ ન્યાં મને પકડ્યો'તો એક શબ્દમાં. હવે ઈ રીતે પૂછ્યું કે તમારું નામ? હું દર્શનવિજય. ભવિ છો કે અભવિ, એ ખબર છે? એ ખબર ન પડે. ભગવાનની વાણીની પરીક્ષા કરવા નીકળ્યા તમે. એ ભવિ—અભવિની

ખબર ન મળે. પછી ઠરી ગયો હોં પછી. પછી કહે, ના...ના....ઈ ગ્યું હવે, કીધું ઈ. હવે ફરવા માંડે. હવે ન ફરે ઈ. હજી ભવિ છું કે અભવિનું ખબર ન મળે. અનંત સંસારમાં કોઈ દિ' ભવ ઘટે નહીં. એવો છું કે નહીં એ ખબર ન મળે અને વીતરાગની વાણીની પરીક્ષા કરવા નીકળ્યા. ગુરુની વાણી ને આ વીતરાગની. ના પણ માળો જરીક ડાહ્યો ને પણ પકડાઈ ગયો'તો.

ન્યાં કહ્યું. ઓલા પૂનચંદજીને કે રહેવા દે. એની સામે કાંઈ કહેવાય એવું નથી કહે. એક વચનેથી મને પકડ્યો'તો ત્યાં. અલ્યા, વીતરાગની વાણી ને વીતરાગની પરીક્ષા! હજી અનંત સંસારી જીવ અભવિ છો એની પણ તને સંદેહ છે. એને ભવનાં અભાવવાળા ભગવાન એની વાણી કેવી હોય એ પરીક્ષા કરવા નીકળે, બને નહીં કોઈ દિ'. સમજાણું કાંઈ? ધનજીભાઈ! આ ઈ કહે છે જુઓ. અહીંયાનો પક્ષી તો જ્ઞાન ગગનમેં ઉડી જાય છે માળા અડીને. ક્યાંય એને રોકનાર નથી. કેવળજ્ઞાનમાં ચાલ્યો જાય છે પૂર્ણ થઈ જાય. આહાહા! એ આહીં કહે, વિપક્ષી એનો વિપરીત કરનારો જગ જાલમેં રૂલત. જગની ચોરાશીની જાળમાં રૂલત રખડશે.

'हाटकसौ विमल', હાટક એટલે સોનું–શુદ્ધ સુવર્ણ એવો ભગવાન વિમલ છે અને વાણી પણ એવી વાણી વિમલ છે. શ્રીમદ્દે કહ્યું ને 'વચનામૃત વીતરાગનાં' લ્યો વાણીને અમૃત કીધું. 'વચનામૃત વીતરાગનાં પરમ શાંત રસ મૂળ', ક્યાંય દુનિયામાં એ ચીજ નથી. સમજાય છે કાંઈ? વીતરાગની વાણી, વીતરાગપણાની, આમ શુદ્ધ સુવર્ણ સમાન ચૈતન્ય–ચૈતન્ય એને બતાવનારી કહે છે, 'हाटकसौ विमल',—સુવર્ણ સમાન નિર્મળ છે એ ગ્રંથ. ગ્રંથ એવો છે ઈ, આહાહા! કેટલાકને 'સમયસાર', કહે નહીં, એ તો સાધુને હોય. એ અમારી નીચે ન હોય. (શ્રોતા : વંચાય જ નહીં.) વંચાય નહીં આહા! અરે ભગવાન શું કરે પણ! (શ્રોતા : વિચારાય નહીં. ગોપિત રાખો). ગોપિત. એ ગોપિત હવે. ગોપાય એવો નથી કાંઈ. એ બહાર આવ્યું ઈ હવે પાછું જાય નહીં.

માતાના પેટમાંથી પુત્ર જન્મ્યો ઈ પાછો જાતો હશે હવે અંદર? જાય ઈ પાછું ફરે નહીં હવે. પંડિતજી! એમ કે આ ગોપવી દો આવી વાત ન કરો બધાને. એલા પણ તું કેમ વાંચ્યું છે? આ તેં કેમ વાંચ્યું છે? અલ્યા બચાવ કરીને આવું તત્ત્વ બહાર આહાહા! ન્યાલનાં ન્યાલનાં ન્યાલ કરી નાંખે એવું છે! એવી વાત છે. એ સાંભળતાં જેની દૃષ્ટિ થાય અને રુચિ થાય, ગ્યો સંસારમાંથી નીકળી ગયો ખલાસ. રાગમાંથી નીકળી ગ્યો ને સ્વભાવમાં એ આવી ગયો. સમજાણું કાંઈ? ઓલા ધ્યાન કરો ને આ કરો ને. આ કહે મરી જશે બિચારા. વસ્તુની ખબર વિના શેનાં ધ્યાન? તત્ત્વ કોને કહેવા એની ખબર ન મળે.

'हाटक सौ विमल विराटकसौ विसतार' વિરાટ એટલે કહે છે ને કૃષ્ણે વિરાટ ઓલું બતાવ્યું. અર્જુનને બતાવ્યું ને મોઢું આમ ફાડીને. 'ગીતા'માં આવે છે. આહાહા! આ તો આખો વિરાટ એવો વિરાટનો વિસ્તાર આખો લોકાલોક જેટલો એમ. એવો જેનો વિસ્તાર છે 'સમયસાર'નો. આહાહા! સમજાણું કાંઈ? 'विराटकसौ विसतार' છે. વિષ્ણુકે વિરાટરૂપ કે સદૃશ વિસ્તૃત આવ્યું. શ્રીકૃષ્ણે અર્જુનને બતાવ્યું છે મોઢું ફાડીને કે આ.....મ—આ તો વિરાટરૂપ છે. એવો 'સમયસાર' વિસ્તાર....ગણધરો પણ વિસ્તાર કરીને થાક્યા. એટલું એમાં 'સમયસાર' તત્ત્વ ભર્યું છે.

'नाटक सुनत हिये फाटक खुलत है' લ્યો, આ ફાટક આવ્યું. આ ફાટક નથી બંધ થાતું તમારે....આ રેલનું. અમારે ઘણીવાર રસ્તામાં આવે. ઘણીવાર બધે ઠેકાણે આવે. આ તો આખો હિન્દુસ્તાન ફર્યા છે ને. ઘણે ઠેકાણે ફાટક આવે બંધ. ફાટક બંધ છે તો હવે ઉતરીને વળી કહે કે ઉઘાડ, વાર છે. ઉઘાડ કહે એટલે ઉઘાડી દે. મોટર દેખે ને, કાંઈક બીજાની લાગે છે મોટરું. 'ફાટક ખુલત હૈ' દેખો. જેને સાંભળવાથી, દેખો 'નાટક સુનત' એમ કહે છે. આ 'સમયસાર'રૂપી નાટક જે સાંભળે, એનાં ફાટક ખૂલી જાય, કપાટ ખૂલી જાય. હૃદયના કપાટ ખૂલ જાતે હૈં. સમજાણું કાંઈ?

ઓલા કહેતા'તા હમણાં નહોતું કહ્યું એનું લઈને ત્યાં કહ્યું'તું શું? ફતેહપુર. એમાં ઉતરીએ છીએ ને એક ઠેકાણે. ચિમનભાઈના મકાનમાં ઉતરીએ છીએ એક કોર. એનો બાપ કોઈ દિ' દેરાસર જાય, કોક દિ' ટાઈમ મળે તો. એમાં સાંભળતાં એકવાર એવી વાત આવી ગઈને વ્યાખ્યાનમાં, અંદર બોલ વાગી ગયાં એને ઓલા ચેતનને. ચેતન છે ને આપણો આ. બોલે છે શીઘ્ર કવિ. ઈ આવ્યો'તો. આઠ દિ' આવ્યો ઈ ચેતનને કહે, એલા મહારાજ કહે છે. કપાટ ફાટી જાય, ફોડી નાંખે એવુ છે આ તો કહે કે કપાટ— છાતીનાં કપાટ ફૂટી જાય. આહાહા! આરે, તૂટીને શું છે એમ સમજાય જાય એમ કહે છે. ન સમજાય એવી વાત ક્યાં છે એમાં આહાહા! સમજનારો ન સમજે એ તે કેમ બને? આહીં કહે છે કે ફાટક ખુલત હૈ, લ્યો. એના હૃદયનાં કપાટ ખૂલી જાય છે.

હવે અનુભવનું વર્ણન કરે છે.

कहौं सुद्ध निहचै कथा, कहौं शुद्ध विवहार।
मुकतिपंथकारन कहौं अनुभौकौ अधिकार॥१६॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ વ્યવહારનય અને મોક્ષમાર્ગમાં કારણભૂત આત્માનુભવની ચર્ચાનું હું વર્ણન કરું છું. ૧૬

**अर्थ** :–शुद्ध निश्चय नय शुद्ध व्यवहारनय और मुक्तिमार्गमें कारणभूत आत्मानुभवकी चर्चा वर्णन करता हूँ।।१६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :** મૂળ તો અનુભવનો અધિકાર કહેશું, એમ કહે છે. કહે છે કે અનુભવમાં તો શુદ્ધ નિશ્ચયકથા, વસ્તુના સ્વભાવની નિશ્ચય પણ કહેશું, ત્રિકાળી ભગવાન અખંડાનંદ અભેદ છે ઈ શું છે કહેશું. 'कहौं शुद्ध विवहार', અને એની વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય કેવી હોય વ્યવહારે એને પણ કહેશું, શુદ્ધ વ્યવહાર હોં. સમજાણું કાંઈ?

'कहौं शुद्ध निहचै कथा, कहौं शुद्ध विवहार, मुकतिपंथकारन कहौं'—મુક્તિના પંથનું, મોક્ષના પંથનું કારણ કહો. 'अनुभौकौ अधिकार'. એ અનુભવ મોક્ષનો પંથ છે. મોક્ષના પંથનું કારણ અનુભવ છે. આમ તો મોક્ષ પંથ કારણ એટલે ઈ. પંથરૂપી કારણ એમ. મોક્ષરૂપી પંથરૂપી કારણ કહું. એને કહેશે. નહીં તો પંથનું કારણ એમ નહીં. 'मुक्तिमार्गमें कारणभूत आत्मानुभवकी चर्चाका वर्णन करता हूँ', લ્યો સમજાણું કાંઈ? આત્માના અનુભવનો અધિકાર કહેશું. આહાહા! સારમાં સાર. લાખ સાંભળે, વાંચે, પણ ઈ કરવાનું એને આત્મા આનંદસ્વરૂપ એનો અનુભવ. એ અનુભવથી એની મોક્ષની ધારા વહે છે. આહાહા!

'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો.' આવે છે ને, 'છહ ઢાળા'માં. (શ્રોતા : લાખ બાતકી બાત હૈ નિશ્ચય ઉર લાવો, તોડિ સકલ દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો) ઈ. આહાહા! જુઓને પણ બનારસીદાસનાં કવિત્વનાં વર્ણન તો જુઓ એને. ખુશાલીમાં, ખુશાલી આનંદની ફાટી છે. આહાહા! આ 'સમયસાર'....આ વાણી વીતરાગની નીતરેલું તત્ત્વ છે એકલું. એને ઘણા તો કહે કે એ ઈ ન સાંભળવું. આપણે તો વ્યવહાર કરવો. આપણે આ કરવું. હવે સાંભળને....એવા મરી જશે. એ વ્યવહાર એટલે આ. શુભ દયા–દાન–વ્રત ને ભક્તિ માને. હવે એ ય વ્યવહારનાં ક્યાં ઠેકાણાં છે. આ તો શુદ્ધ વ્યવહાર. જે મોક્ષપંથ. મોક્ષના કારણરૂપ માર્ગ, એ વ્યવહાર છે. મોક્ષ પોતે એ પણ વ્યવહાર છે. નિશ્ચય તો ત્રિકાળી વસ્તુ અભેદનું વર્ણન કરશું. વ્યવહારમાં મોક્ષનો માર્ગ નિર્મળ વીતરાગી દશા એને વર્ણવું છું.

અનુભવનું લક્ષણ (દોહરા)

वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम।।१७।।

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–આત્મપદાર્થનો વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ

મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. ૧૭

**अर्थ** :–आत्मपदार्थका विचार और ध्यान करनेसे चित्तको जो शान्ति मिलती है तथा आत्मिकरसका आस्वादन करनेसे जो आनन्द मिलता है, उसीको अनुभन कहते हैं।।१७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! વસ્તુ આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ વિચારતાં ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન કરતાં અને એને ધ્યાવતાં, એમાં એકાગ્ર થતાં 'मन पावै विश्राम'– મન છૂટી જાય છે, વિશ્રામ પામી જાય છે. લ્યો આ મોક્ષ માર્ગ. આનું નામ સમ્યક્‌દર્શન અને અનુભવ.

'वस्तु विचारत ध्यावतैं'—વસ્તુ ભગવાન આત્મા, રાગ વિનાનો, વિકલ્પ વિનાનો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય એનો વિચાર કરતાં એટલે જ્ઞાન કરતાં અને ધ્યાવતાં–ધ્યાન કરતાં એમ કહેવું'તું. જ્ઞાન અને સ્થિરતા કરતાં 'मन पावै विश्राम, रस स्वादत सुख ऊपजै। आत्म पदार्थका विचार और ध्यान करनेसे चित्तको जो शान्ति मिलती है तथा आत्मिक रसका आस्वादन करनेसे जो आनन्द मिलता है' લ્યો. 'रस स्वादत' આત્મા આનંદરસ સ્વરૂપ, એની સમ્યક્‌દર્શન દૃષ્ટિ કરતાં જે રસનો સ્વાદ ઉપજે અને એમાં જે સુખ આનંદ પ્રાપ્ત થાય, એને અનુભવ કહેવામાં આવે છે. અનુભવની વ્યાખ્યા આ. સમજાણું કાંઈ? (શ્રોતા : સાતમાની વાત છે) અરે, ચોથા(ગુણસ્થાન)ની વાત છે. સાતમાની ક્યાં વાત છે? આહાહા! મૂળ તત્ત્વ શું છે એને ખ્યાલમાં નથી બોલો એટલે કાંઈકનું કાંઈ મનાવી ને ચડાવી દીધું.

આહીં તો કહે છે કે 'रस स्वादत वस्तु विचारत ध्यावतैं' પહેલેથી વાત છે અનુભવની, એ જ મોક્ષનો માર્ગ છે અને એ મોક્ષમાર્ગ મોક્ષનો, મોક્ષ છે એમ બેય કહે છે. વસ્તુ નામ આત્મપદાર્થ નો વિચાર, એ નવતત્ત્વમાં આત્મતત્ત્વ કેવું એમ કહે છે અહીંયા. આ એક અજીવ છે અને બીજી તો પર્યાયો છે. 'वस्तु विचारत ध्यावतैं' અખંડ અભેદ ચૈતન આત્મપદાર્થનો વિચારજ્ઞાન કરતાં અને એમાં ધ્યાન કરનેસે ચિત્તકો મનને વિશ્રામ મળે છે. શાંતિ મળે છે. એક કોર મન ઠરી જાય છે. આમ ચિત્તમાં શાંતિ મળે છે એમ. 'तथा आत्मिक रसका आस्वादन करनेसे जो आनन्द मिलता है, उसीको अनुभव कहते हैं'. એને અનુભવ કહે છે. એ અનુભવનું વર્ણન 'સમયસાર'માં છે. કહો સમજાણું કાંઈ? 'अनुभव याको नाम'। એનું નામ અનુભવ કહે છે. બીજું જાણપણું હો ન હો. દુનિયાને સમજાવતાં આવડે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનના અનંતગુણનું ધામ ચૈતન્ય રસનું ધામ એના સન્મુખ થઈને એનો અનુભવ કરવો, એ આત્માના આનંદનાં રસની પ્રાપ્તિ કરવી એનું નામ અનુભવ અને એનું નામ ધર્મ. અને એનું નામ સમ્યક્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. આહાહા! કહો સમજાણું કાંઈ?

અનુભવનો મહિમા (દોહરા)

अनुभव चिंतामनि रतन, अनुभव हे रसकूप।
अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप॥१८॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ચિંતામણિ=મનોવાંછિત પદાર્થ આપનાર

**અર્થ :–**અનુભવ ચિંતામણિ રત્ન છે, શાન્તિરસનો કૂવો છે, મોક્ષનો માર્ગ છે અને મોક્ષસ્વરૂપ છે. ૧૮

**अर्थ :–**अनुभव चिंतामणि रत्न है, शान्तिरसका कुआँ है, मुक्तिका मार्ग है और मुक्तिस्वरूप है॥१८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અનુભવ ચિંતામણિ રતન છે. મનોવાંછિત પદાર્થનાં દેવાવાળો અનુભવ છે. શું કહે છે? અહો! ભગવાન અનંતગુણનો રાશી પ્રભુ, એનો આનંદનો સ્વાદ એ તો ચિંતામણિ રતન સમાન છે. ચિંતામણિ રતન ચિંતવે તે આપે. એમ આમાં જેટલી એકાગ્રતા થાય તેટલો આનંદ આપે. કહો આ ચિંતામણિ રતન. ઓલા ચિંતામણિ રતન તો....ક્યાંક આવે છે ક્યાંક ભઈ, ઈ તો અમે જોયું નથી પણ આ છે. એ તો આવે છે. પદ્મનંદીમાં આવે છે. ચિંતામણિ ને કલ્પવૃક્ષ એવાં બધા વાતો કરે, ભઈ અમે તો જોયા નથી કહે. પણ આ છે ખરી અમારી પાસે તો. આહાહા!

'अनुभव चिंतामणि रतन', એ રતન છે રતન. 'अनुभव है रसकूप' એ શાંતિરસનો કૂવો છે. એકલો શાંત અકષાય સ્વભાવ એનો તો મોટો સિંધુ સાગર છે, કૂવો છે. 'अनुभव मारग मोक्षको' અને એ મુક્તિનો માર્ગ અનુભવ છે. કહો શુભભાવ આવે વચમાં એ કોઈ મોક્ષનો માર્ગ નથી, એમ કહે છે. આહાહા! આકરું લાગે માણસને. અનુભવ પોતે મોક્ષસ્વરૂપ જ છે જા કહે છે. એ મુક્તિનો માર્ગ પણ એ અને મુક્તિનું સ્વરૂપ પણ એ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૬, પોષ વદ-૧૧, શુક્રવાર, તા. ૨૨-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ ૧૮ થી ૨૧ પર પ્રવચન

આ ‘સમયસાર નાટક’, ૧૬મા શ્લોકથી અનુભવનો અધિકાર શરૂ થાય છે. ૧૬મો છે ને ૧૮ સુધી એમ થઈ ગયું છે. આ શાસ્ત્રમાં અનુભવનો અધિકાર કહેશું એમ કહે છે. બધી વાતો અનેક પ્રકારની ભલે કહેવાય, પણ આ આત્માનો આનંદનો અનુભવ કેમ થાય? અને એ અનુભવ ધર્મ છે, એનો અધિકાર આમાં કહે છે. ૧૬મા આ આવ્યુંને ‘કહૌ અનુભૌકૌ’ અધિકાર : હવે અનુભવની વ્યાખ્યા કરી ૧૭મા શ્લોકમાં વસ્તુ જે આત્મા તેનો વિચાર કરતાં, આત્મા અનંત આનંદ આદિ ગુણોનો પિંડ છે, એવા નિજાત્માનો વિચાર ને ધ્યાન કરતાં ‘मन पावै विश्राम’ મનને વિશ્રામ મળે અથવા મનને શાંતિ મળે. ‘रस स्वादत सुख ऊपजे’ ઘણો સ્વાદ આખો છે. આત્મા અનંત ગુણોનો પિંડ એનો અનુભવ થતાં આત્માના આનંદના રસનો સ્વાદ આવે છે. ‘अनुभौ ताको नाम’. તેને અનુભવ કહીએ. બહુ સારમાં સાર અનુભવનો અધિકાર છે એમ કહ્યું ને? ‘कहौ अनुभौको अधिकार’ આત્મા અનંત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેને અનુસરીને આનંદનો સ્વાદ લેવો તેનું નામ અનુભવ કહેવામાં આવે છે. આહાહા!

નાની ઉંમરમાં, કહેતા’તાને એક વખત કહ્યું હતું, અમારે ત્યાં. જન્મસ્થાનની જોડે મકાન હતું. મૂળજીભાઈ કરીને ભટ્ટ હતાં ગંભીર. (શ્રોતા : નહાતી વખતે બોલતા) શું કહ્યું? ભુંગળીના હતાં! મારી બા ભુંગળીના હતાં. (મૂળજીભાઈ) બ્રાહ્મણ હતાં. અમે એમને મામા કહેતા. એ નહાતા ત્યારે એમ કહેતા. એ નહાઈને ઓલો પહેરેને જરી ઉનનો કટકો. નહાતી વખતે બોલતા. ૧૦ વરસની ઉંમરની વાત યાદ છે. ૭૦–૭૧ વર્ષ પહેલાની વાત છે. ‘અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.....અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે’.....એ ય શબ્દોને સમજતા ન હોય. પણ એક બોલવું ન્હાય ત્યારે...શ્લોક બોલે.

અહીંયા કહે છે અનુભવ એટલે આત્મા પરમાત્મા સ્વરૂપ જ અંદર શક્તિનું સત્વ ને તત્ત્વ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે આત્મા. સત્ નામ શાશ્વત, ચીજ એટલે જ્ઞાન, આનંદનું ધામ અનંત અનંત શક્તિવાળું તત્ત્વ. એને અનુસરીને આનંદના વેદનમાં આવવું, એનું નામ અનુભવ કહેવામાં આવે છે.

'अनुभव ताको नाम' હજી ૧૮ શ્લોક

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप।**
**अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप।**

આહાહા! અનુભવ—આત્મા પુણ્યપાપના વિકલ્પથી રહિત એવો સચ્ચિદાનંદ નિર્વિકલ્પ ચૈતન્ય સ્વભાવ એનું અંતર્મુખ થઈને વેદન આનંદનું કરવું, એ ચિંતામણિ રતન અનુભવ છે. બાકી બધા ધૂળના રતન છે. અહાહા! સમજાણું કાંઈ?

કરવાનું હોય તો આ છે ધર્મીને. ભારે આકરૂં કામ! 'અનુભવ ચિંતામણિ રતન' ચિંતામણી રતન એક પથ્થરો થાય છે, દેવ અધિષ્ઠિત. જે ચિંતા—ઈચ્છા થાય તે આપે. ઈ પુણ્યને લઈને એ વસ્તુ હોય છે. આ અનુભવ રત્ન ચિંતામણિ, એ તો સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ પોતાની સત્તા, હૈયાતી, આનંદને જ્ઞાન આદિ સમાન ગુણથી પડેલું તત્ત્વ, એનો જે અનુભવ કરવો, પુણ્ય—પાપના શુભ અશુભ રાગ વિનાની ચીજ એનો અનુભવ કરવો એ ચિંતામણિ રતન છે. સમજાણું કાંઈ?

આ બધા કરોડપતિ ને અબજપતિ કહેવાય ને એ બધાં પથરાના બધા ભિખારી છે. પથરાના ભિખારી એય! (શ્રોતા : અહીં આવ્યા પછી એમ જ હોય) અહીંયા આવ્યા પછી હોય, ત્યાં એનું કહેવાનું બીજું છે. ત્યાં તો બીજું કહે લોકો તેમને બધા ચડાવે. પૈસાવાળા છે ને ઢીંકણાવાળા છે. એ તો પાગલ છે બધાં. અહીંયા તો, અનુભવ ચિંતામણિ રતન! આહાહા! સ્વરૂપ ચૈતન્યનો આનંદ અને જ્ઞાનાદિ સ્વભાવ, એનો સ્વાદના અનુભવમાં આવવું, એ તો ચિંતામણિ રતન છે. જેટલે અંશે સ્વરૂપમાં એકાગ્ર થાય એટલે અંશે આનંદની વૃદ્ધિ-શુદ્ધિ થાય. આહાહા! ભારે માર્ગ ભાઈ, સમજાણું કાંઈ? આ દયા, વ્રત, ભક્તિ, પૂજા ને દાન બધા વિકલ્પ છે એ તો કહે છે. એ શુભરાગ છે, એ કંઈ ધર્મ નથી. ધર્મ તો 'अनुभव चिंतामणि रतन, अनुभव है रसकूप'

આત્મા શાંતિનો સાગર છે ત્યારે અનુભવ રસનો કૂપ છે, કૂવો સમજાય છે કાંઈ? અંદર આત્મા શાંતિનું ધામ, ધામ અવિકારી નિર્દોષ સ્વભાવનો રસ કંદ આત્મા છે. એ સાગર છે શાંતિ રસનો સાગર છે આત્મા સ્વભાવ અપરિમિત છે, બેહદ છે, જેના સ્વભાવનો પાર નથી. એવો જે આત્મ સ્વભાવ શાંત રસનો સાગર, એનો અનુભવ તે શાંત રસનો કૂવો છે. આહાહા! 'अनुभव मारग मोखकौ'. એ અનુભવ મોક્ષનો માર્ગ છે. હવે આવી સીધી વાત છે. એને વાત તકરાર એવી કરે અંદર. વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી અનુભવ થાય. વ્યવહાર છે એ તો રાગ છે. વ્યવહાર જેટલી ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા, તપ એ બધું વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિનું ઉત્થાન છે, એ સ્વરૂપ નથી જીવનું.

'अनुभव मारग मोखकौ' મોક્ષનો માર્ગ અનુભવ છે. એનો અર્થ શું થયો? કે આત્મા અખંડ આનંદની સમ્યક્દૃષ્ટિ અભેદદૃષ્ટિ, નિર્વિકલ્પ વીતરાગ દૃષ્ટિ, નિર્વિકલ્પ અંદર સ્વસંવેદન જ્ઞાન અને આત્મના સ્વરૂપમાં સ્થિરતા, રમણતા, આનંદનું ભોજન એવો જે મોક્ષનો માર્ગ એ અનુભવ મોક્ષનો માર્ગ એ છે. બાકી કોઈ મોક્ષનો માર્ગ બીજો નથી. મોક્ષ માર્ગ બે નથી, એમ કહે છે! આહાહા! (શ્રોતા : બાહ્ય સાધન છે.) સાધન ફાધન કોઈ નથી. સાધન પોતે અંદર છે. એ ઉપચાર કહેવામાં અહીં આવ્યો. અહીં સાધન સ્વરૂપનું કરે, ત્યાં રાગની મંદતાના પરિણામને ઉપચાર વ્યવહાર સાધનને નિમિત્ત તરીકે ગણવામાં આવે, વાસ્તવિક છે નહીં. નહીં ને કહેવું તે વ્યવહાર છે. આવી વાત છે શું થાય? જગતને સત્ મળતું નથી ને એમ ને એમ જીવન ચાલ્યા જાય છે. ધર્મના નામે પણ ઉંધે દૃષ્ટિ ને ઉંધે રસ્તે રવાડે ચઢી ગયો. ક્યાંય હાથમાં આવે નહીં આત્મા!

'अनुभव मारग मोखकौ' અહીં તો એક જ વાત કરી. પરમાનંદરૂપ પૂર્ણની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. આત્મામાં પરમાનંદ છે, એની દશામાં પૂર્ણાનંદની પ્રાપ્તિ, અવસ્થામાં પ્રાપ્તિ એનું નામ મુક્તિ છે. સીધું સમજાય એવું છે. આ તો સહેલું તત્ત્વ જ અંદર સહજ છે. સમજાય છે કાંઈ?

'अनुभव मारग मोखकौ' મોક્ષ નામ પૂર્ણ આનંદની દશા, પૂર્ણ થઈ જવી. એનું નામ મોક્ષ એનો માર્ગ પણ આનંદનું વેદન કરવું, અનુભવ તે તેનો માર્ગ. વાત હજી હા પાડતા એને પરસેવા ઊતરે એવી છે. બહારમાં ગૂંચાઈ ગયો છે ને જાણે બહારથી મળશે, આનાથી મળશે. પર આશ્રયની વૃત્તિથી (મળશે) એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? 'અનુભવ માર્ગ મોક્ષનો' એક શબ્દમાં તો બધું લઈ દીધું બનારસીદાસે. પંડિતજી! મોક્ષમાર્ગ દો નહીં હૈ, એક હી કહા જોયું ને આમાં શું કહ્યું, બે મોક્ષમાર્ગ છે. અનુભવ આત્માનો અતીન્દ્રિય સ્વભાવે ભગવાન, એનો સ્વાદ અંતરમાં એકાકાર થઈને આવવો એ અનુભવ એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? 'अनुभव मोख स्वरूप' એ અનુભવ મોક્ષનું સ્વરૂપ જ છે. પૂર્ણ આનંદ પ્રગટ થઈ જવો, પૂર્ણ અતીન્દ્રિય આનંદ જેવો એનો સ્વભાવ છે શક્તિનો અનંત, એવી દશામાં એકાગ્ર થઈ પ્રગટ થઈ જવો, એ અનુભવ મોક્ષ સ્વરૂપ જ છે. આનંદનો અનુભવ એ પૂર્ણ થવાનું નામ મોક્ષ. આહાહા! સમજાણું કાંઈ?

'अनुभव मोख स्वरूप' અહીં તો એમ લીધું છે, હું તો મુક્તિ પંથનું કારણ, અનુભવનો અધિકાર કહીશ! એમ શરૂ કર્યું છે ને! ૧૯માં શ્લોકથી શરૂ કર્યું છે ને! મુક્તિ પંથનું કારણ એવો જે અનુભવ એનો અધિકાર આમાં કહીશ. શેઠ છે ને? 'ઉસમેં હૈ કે

નહીં?' (શ્રોતા : અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ) ના, એની ઉપરનું સોળમું. 'मुकतिपंथ कारन कहौ, अनुभौको अधिकार').

મુક્તિપંથનું કારણ એટલે મુક્તિનો પંથ તે વ્યવહારમોક્ષ અનુભવ એની વાત કહીશ. બાકી વચ્ચે હો, પૂર્ણ ન હોય એને વિકલ્પ આવે વ્યવહાર, પણ એ વિકલ્પ બધાં બંધના કારણ છે. આહાહા! ભગવાન આત્મા પોતે નિજ સ્વરૂપે અબંધ સ્વભાવી ભગવાન આત્મા છે. એના અબંધ સ્વભાવના આશ્રયે અનુભવ થઈને જે અબંધ પરિણામ પ્રગટે એ મોક્ષનો માર્ગ છે. અબંધ પરિણામ પર્યાય પૂર્ણ થઈ જવી એનું નામ મોક્ષ છે. અબંધ કહો કે બંધ નહીં મુક્તિ કહો. મુક્તિની પર્યાય આનંદની પૂર્ણ થઈ જાય એનું નામ મોક્ષ. આહાહા! સમજાણું કાંઈ? અરે! એના નિજ ઘરના રસ્તા હાથ આવે નહીં અને માથા ફોડીને મરી જાય, બહારથી ક્યાંય હાથમાં આવે એમ નથી. મરી ગયો એવા કાયકલેશ કરી કરીને, કહે છે અપવાસ કર્યા, સમજાણું? તપસ્યાઓ કરીને, મહિના મહિનાના અપવાસ કર્યા ધૂળમાંય નથી, કહે છે સાંભળને! આહાહા! અનુભવ મોક્ષનો માર્ગ અને એ જ અનુભવ પૂર્ણ તે મોક્ષ સ્વરૂપ.

ત્યાં સુધી તો આપણે આવ્યું. આજ આ છે. ૧૯ હવે અનુભવને શું શું ઉપમા આવે છે અનુભવને. આહાહા!

સવૈયા (મનહર)

**अनुभौके रसकौं रसायन कहत जग,**
**अनुभौ अभ्यास यहु तीरथकी ठौर है।**
**अनुभौकी जो रसा कहावै सोई पोरसा सु,**
**अनुभौ अधोरसासौं ऊरधकी दौर है।।**
**अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि,**
**अनुभौकौ स्वाद पंच अमृतकौ कौर है।**
**अनुभौ करम तोरै परमसौं प्रीति जोरै,**
**अनुभौ समान न धरम कोऊ और है।।१९।।**

**શબ્દાર્થ** :–રસા=પૃથ્વી. અધોરસા=નરક, પોરસા=ફળદ્રુપ જમીન. ચિત્રાવેલી=એક જાતની જડીબુટ્ટીનું નામ.

**અર્થ** :–અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એક તીર્થભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે, અનુભવ નરકમાંથી

કાઢીને સ્વર્ગ–મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનુ અને ચિત્રાવેલિ સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી. ૧૯.

નોટ :–સંસારમાં પંચામૃત, રસાયણ, કામધેનુ, ચિત્રવેલી આદિ સુખદાયક પદાર્થ પ્રસિદ્ધ છે તેથી એમના દૃષ્ટાંત આપ્યા છે. પરંતુ અનુભવ એ બધાથી નિરાળો અને અનુપમ છે.

**अर्थ** :–अनुभवके रसको जगतके ज्ञानी लोग रसायन कहते हैं, अनुभवका अभ्यास एक तीर्थभूमि है, अनुभवकी भूमि सकल पदार्थोंको उपजानेवाली है, अनुभव नर्कसे निकालकर स्वर्ग-मोक्षमें ले जाता है, इसका आनन्द कामधेनु और चित्रावेलिके समान है, इसका स्वाद पंचामृत भोजनके समान है। यह कर्मोंको क्षय करता है और परम पदसे प्रेम जोड़ता है, इसके समान अन्य कोई धर्म नहीं है॥१९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અનુભવ કર્મ તોડે લ્યો. નિર્જરા અનુભવથી થાય છે. શુભભાવથી નિર્જરા થાય; દયાથી થાય, દાનથી થાય એમ ના પાડે છે અહીંયા.

એનો અર્થ કરે છે, अनुभवके रसको रसायन कहत जग જગતના પ્રાણી, જ્ઞાનીઓ અનુભવના રસને લોગ રસાયન કહતે હૈં, રસાયન–એ લોઢાને સોનુ બનાવે એવી રસાયણ થાય છે. વનસ્પતિનો રસ એવો જેવું લોઢા પર છાંટે તો સોનું થઈ જાય. એમ અનુભવ એ રસાયણ છે. જગતના જીવ એટલે જ્ઞાની એમ, પાછા જગતના અજ્ઞાની નહીં. જગતના જીવો જ્ઞાનીઓ અનુભવના રસને રસાયણ કહે છે. મિથ્યાત્વને તોડી નાખીને આનંદને પ્રાપ્ત કરાવે એવો અનુભવ છે. લોઢાને પલટાવી દે ને સોનું કરે એ રસાયણ. સમજાણું કાંઈ?

આવે છે ને ઈ 'જ્ઞાનાર્ણવ'માં નહીં? શુભચંદ્ર આચાર્ય એના ભાઈ હતાં. દીક્ષા બે જણાએ લીધેલી. બે જણે રસાયણ સાધી બહુ વનસ્પતિનું–રસાયણનું (પાત્ર) મોટો ભરી, લાવ મારા ભાઈને દઉં. શુભચંદ્રાચાર્ય મુનિ હતા. ગયા દેવા. શીશો જેવો આપ્યો એવો પથ્થર પર ફેંકીને ફોડી નાંખ્યું. અમારી પાંચ-પાંચ, દસ- દસ વર્ષની મહેનતું આ રસાયણ, જેનાથી સોના થાય. શું રાડ પાડે છે હવે તું? પત્થરની શીલા પડી હતી તેના પર પેશાબ કર્યો. લે સોનું કેટલું લેવું છે તારે? અહીંયા તો પેશાબ રસાયન થઈ ગયો છે આત્મા રસાયણની વાતો શું કરવી? કહે છે. આહાહા! આવા રસાયણ માટે સાધુપણું લીધું હતું આવા ભીખ માંગવા. શુભચંદ્રાચાર્ય 'જ્ઞાનાર્ણવ' માં કહે છે. આ રસાયણ માટે તે સાધુપણું લીધું હતું? ભીખારીપણું તો છોડ્યું શું કરવા?

રસાયણ તો આત્મા આનંદનો ધામ ભગવાન આત્મા! જેમાં અંતરના અનુભવ થતાં એ અનુભવના રસના સ્વાદથી મિથ્યાત્વનો ક્ષણમાં નાશ થઈને આત્મા જાગૃત ને સાક્ષાત્કાર થાય, એ રસાયણ અનુભવ છે. સમજાણું કાંઈ? 'अनुभौके रसकौ रसायन कहत जग' જ્ઞાની આને કહે રસાયણ અને અજ્ઞાની ઓલાને કહે, એમ કહે છે. અજ્ઞાની ઓલા (જડ) રસાયણને રસાયણ કહે છે. લોઢાના સોના બનાવે ધૂળના. એ ધૂળેય ધૂળ છે. સોનુંય ધૂળ છે. જગતના ડાહ્યા માણસો, ધર્માત્મા જ્ઞાનીઓ અનુભવને રસાયણ કહે છે, શેઠ!

अनुभौ अभ्यास यह तीरथकी ठौर है....अनुभौ का अभ्यास–જેને આત્માના પવિત્ર ધામનો અનુભવ થયો, એ તો પવિત્રતામાં પ્રવેશ કર્યો, એ તીર્થભૂમિ છે. બહારના તીર્થભૂમિમાં ક્યાંય પુણ્યરાગ આદિ મંદ હોય તો શુભ થાય. પવિત્રતા ત્યાં છે (નહિ.) આહાહા! ભગવાન આત્મા પવિત્રતાનું ધામ. એનો જેણે અનુભવ કર્યો એ તો તીર્થમાં ઠરી ગયો, કહે છે. સ્વરૂપનું તીર્થ એ તીર્થ હતું. પવિત્રભૂમિ, એમાં પેઠો, પવિત્ર થઈ ગયો. કહો શેઠ! આ તીર્થ. શેઠનું દેખાય. આમ સમ્મેદશિખર જાય ને ગંગામાં ન્હાય! ધૂળમાંય નથી ત્યાં! ત્યાં ગંગામાં માછલાં બહુ નહાય. આત્મા અંતર આનંદ સ્વરૂપે સચ્ચિદાનંદ પ્રભુ એનો અનુભવ કરવો એ તીર્થ ભૂમિમાં પ્રવેશ છે. તરવાના ઉપાયનું સાધન એવો જે 'ભગવાન' તેમાં પ્રવેશ કર્યો. તીર્થભૂમિમાં ગયો. તરવાના ઉપાયમાં અંતર પેઠો. સમજાણું કાંઈ?

શુભ ભાવને તીર્થ ભૂમિ નથી કીધી એણે. શુભભાવ ભગવાનની ભક્તિ, તીર્થયાત્રા, સમ્મેદશિખર જાત્રા, એ શુભભાવ એને તીર્થ નથી કીધું. તીર્થ તો આ છે. એ તો વ્યવહાર તીર્થ જરી અશુભથી બચવા આવે, વસ્તુ એ નથી. 'अनुभौ अभ्यास' જોયું શું કહે છે? અભ્યાસ હોં અંતરમાં, અનુભવનો અભ્યાસ વારંવાર ચિંતવે તો તીર્થ ભૂમિ થઈ ગઈ એની. આત્મા તીર્થમાં પ્રવેશ કર્યો. ચડી ગયો, એની પવિત્રતા અનુભવમાં પ્રગટ કરી. આહાહા! પશુ તિર્યંચ! પશુ તિર્યંચ પણ આત્માકા અનુભવ કરતે હૈ આત્મામાં, આવે છે નહીં? 'અનુભવ પ્રકાશ'માં ઘણું આવે છે દીપચંદજીમાં, નહીં? અનુભવ તો એમ કહે, તિર્યંચો કરે છે. ગૃહસ્થાશ્રમમાં કોક–કોકવાર ગૃહસ્થો કરે છે. એમાં ઘણું બધું આવે છે. આ કહે. ના આનંદનો અનુભવ ગૃહસ્થાશ્રમમાં હોય નહીં, લ્યો.

એય! ચેતનજી, આ તો અનુભવનું ઘણું આવે છે. અત્યારે મને યાદ નથી એમાં અનુભવમાં ઘણું આવે છે. અનુભવ અભ્યાસી અહો! એ તીર્થનું ઠામ છે. એ તીર્થની ભૂમિ છે. અનુભવ એ તીર્થની ભૂમિ છે. આનંદનો અનુભવ નિર્વિકલ્પ આત્મા એનો નિર્વિકલ્પ અનુભવ કરવો એ તીર્થની ભૂમિ છે. આહાહા! સમજાણું કાંઈ? (આ સ્થળેથી) ભગવાન મોક્ષ પધાર્યા હોય, સાધુ મોક્ષ પધાર્યા હોય. એ બધું વ્યવહાર તીર્થભૂમિ છે,

સ્મરણ માટે, શુભભાવ હોય છે. અશુભથી બચવા માટે હોય છે. વસ્તુ સ્થિતિ તો પવિત્ર તીર્થભૂમિ આત્મા છે.

अनुभौ जो रसा અનુભવની જે ભૂમિકા, પૃથ્વી. આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય રસ કંદ એની સન્મુખનો અનુભવ કરીને જે આનંદનું વેદન આવે, કહે છે, 'अनुभौ जो रसा करावै सोई पोरसा सु. એ ભૂમિમાં બધા પદાર્થો ઊંચા પાકે, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, ઇચ્છા નિરોધ અમૃત, એ બધું આત્મા અનુભવની, રસની ભૂમિકામાં એ બધું પાકે. એ ભૂમિ એવી છે. અહીં કેટલીક ભૂમિ એવી હોય જેમાં ચોખા પાકે. કેટલીક ભૂમિ એવી હોય એમાં કળથી પાકે, ચોખા બોખા ન પાકે. જીંથરીની ધૂળમાં ચોખા પાકે? છે અહીં બધી ઘણી જમીન કળથી પાકે. કળથી આવે છે ને! કળથી બહુ પાકે, અહીંયા ચોખા ક્યાં પાકે? રાજકોટમાં બહાર ચોખા પાકે છે હોં ચોખા! એક ફેરી ચોખાના જવ પડેલા હોં ઝૂંપડી બહાર વાવી પાણી પાય બહુ પાય. ચકરાવો છે ને ઘોડાનો એની કોર હાલે છે. ૯૯માં—ચોખા બહુ પાકેલા.....

આ તો કહે છે એવું જળ આત્મા છે આનંદ. એનો અનુભવ તે 'પોરસા'. ઉત્તમ પદાર્થની ઉત્પન્ન થવાની ભૂમિકા છે. જેમાં અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ પાકે છે એવી ભૂમિકા અનુભવ છે, સમજાણું કાંઈ? ભારે પણ ઈ. હજી એને સમજવાના ઠેકાણા નથી કે વસ્તુ આ છે, એ વળી અંદર જાય શી રીતે? બહાર ભટક કરી કરીને. 'ભટકત દ્વાર દ્વાર લોટન કે કુકરાજા' અહીં મળશે, આંહી મને. ધૂળમાંય નથી. અહીં છે બધું ત્રણ લોકનો નાથ અનંતા સિદ્ધોનો પર્યાયનો સાગર આત્મા. કહે છે કે એનો અનુભવ, ચાહે તો સ્ત્રીનું શરીર હોય ચાહે તો મંડુકનું—દેડકાનું શરીર હોય, હાથીનું હોય, એક હજાર જોજન લાંબા માછલાનું હોય. આહાહા!

કહે છે કે એ અનુભવની ભૂમિકામાં તો રતન આત્માની શાંતિના, સ્વચ્છતાના, પ્રભુતાના, પરમેશ્વરના પુત્રો પાકે ત્યાં, પ્રજા એ પાકે ત્યાં આહાહા! સમજાણું કાંઈ? 'अनुभौ अधोरसासों उरघकी दौर है' આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનો અનુભવ એ 'अधोरसा' હેઠી ભૂમિથી નરકમાંથી નીકળીને 'उरघकी दौर' મોક્ષમાં લઈ જાય તે અનુભવ છે. નરકની અંદર પણ અનુભવ કરનારાં નારકી જીવો છે. સમજાણું કાંઈ? આમાં આવશે શુભશીલમાં, નરકમાં નારકીમાં પણ શીલ છે. આવશે ગાથા. સમ્યક્ અનુભવ, સમ્યક્ ચારિત્ર અંશે અનંતાનુબંધી અભાવની શાંતિ. નારકી જીવો અહીંયા માંસ ખાય, દારૂ પીવે; મરીને નરકે ગ્યાં. એને ય ભાન થઈ જાય છે. આહાહા! વિસ્મય, વિસ્મય, અદ્‌ભૂત! અદ્‌ભૂત! એવું ભાન થતાં નરકના જીવો ત્યાંથી ઊંચે આવીને તીર્થંકર થઈ મોક્ષ જાય; એવો આ અનુભવનું ફળ છે.

શ્રેણિકરાજા પહેલી નરકમાં છે. અત્યારે ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ એ દેહ છે. ૨૫૦૦ વર્ષ ગયા. ૮૧૦૦૦ બાકી છે. ત્યાંથી પહેલા તીર્થંકર થવાના. એ અનુભવના રસમાં એ ફળ પાકવાના છે, એમ કહે છે. પુણ્યપરિણામ હતાં એનાથી બાહર તો સમોસરણ આદિ મળે. પણ જે આનંદનો અનુભવ છે એનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાશે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! તીર્થંકર ગોત્ર બાંધ્યું ને! એ પરિણામથી જ તીર્થંકર થયા ને! એનાથી તીર્થંકર થશે.....ના! એનાથી તો સમવસરણને બહારની ઋદ્ધિયું પ્રાપ્ત થશે. ''अनुभौ अधोरसासो' નીચલી ભૂમિકામાંથી નિકાલકર સ્વર્ગ મોક્ષમાં લે જાતે હૈં, લ્યો! આહાહા!

'उरघकी दौर है!' લઈ જાય છે, લઈ જાય છે, એમ. નરકમાંથી નીકળીને મોક્ષનો પંથ પ્રવાહ છે, એમાંથી લઈ જશે ઊંચે. આત્મા પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છે અંદર. શુદ્ધ આનંદને શુદ્ધ જ્ઞાનનો દરિયો, અનંત ચૈતન્ય રત્નાકરનું સ્વયંભૂ રમણ સમુદ્ર છે ઈ તો! આહાહા! એના સ્વભાવનો અનુભવ સમ્યક્‌દર્શન, જ્ઞાન ને શાંતિ! કહે છે કે એમાં રતન અનંત અનંત પાકે અને ઊંચે લઈ જાય છે માથે. ઊર્ધ્વમાં, સ્વર્ગને મોક્ષ.

'अनुभौकी केलि यहै कमधेनु चित्रावली' અનુભવની મજા, આનંદની મજા આનંદ કામધેનુ, ઈસકા આનંદ, કેલી એટલે આનંદ, અનુભવનો આનંદ એ તો કામધેનુ ગાય છે. કામધેનુ ગાય છે ને! મોટી આવે છે ને! જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે. સવારે ને સાંજે બે વાર—વખતે નહીં. અત્યારે તો ચા ઘણી વખત કરવી પડે તો એ દર વખતે દૂધ આપે. વઢવાણમાં હતી. શું કહેવાય? દાદભા દાદભાને ત્યાં કામધેનું ગાય હતી. દાદભાને હતી, જ્યારે જોઈએ ત્યારે આપે, આહિ કામધેનુ કહે છે. કામધેનુ ગાય. કામધેનુ ઈચ્છે ત્યારે ગાય દૂધ આપે, એમ આ ઈચ્છે ત્યારે આનંદ આપે. આહાહા! (શ્રોતા : હર સમય દૂધ આપે.) શ્રોતા : હર સમય દૂધ આપે...મહેમાન આવે....૨ વાગે દોહે, ૩ વાગે દોહે, ૪ વાગે દોહે દિવસમાં, રાતના દૂધ આપે. આ તો સમયે સમયે આનંદ આનંદનું દૂઝણું. એ ઘરે પાક્યું. સમજાણું કાંઈ? આ રે ભારે વાત થઈ! દુનિયાને ધર્મ શું છે? ક્યાં છે? કેમ છે? આહાહા!

'अनुभौकी केलि' એટલે અનુભવનો આનંદ, એ તો કામધેનુ ગાય, એ તો ચિત્રાવેલી. આહાહા! વનસ્પતિ થાય છે સમજાણું? 'ચિત્રાવેલી' નીકળે, એ વળી કામકુંભ! એ વનસ્પતિ થાય છે? એમ મુકે એટલે બધું નીકળ્યા કરે. ઊંચી ચીજ, જે નાંખે ઈ ચિત્રાવેલી ઉપર નાખે એટલે લડુ નીકળ્યા કરે, દૂધપાક નીકળ્યા કરે, જે ચીજ જોતી હોય એ નીકળ્યા કરે. અહીં તો કહે છે કામધેનુ, ચિત્રાવેલી, કહે છે એમ પદ્મનંદીમાં આવે છે પણ અમે એ તો જોયું નથી પણ આ તો અમે જોયું છે. આહાહા!

અનંત અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એનો જ્યાં સ્વાદ અંદરમાં અનુભવ. કહે છે કે એ તો ચિત્રાવેલી અને કામધેનુ ગાય છે. કામકુંભ થાય છે, ઘડો એવો એ ઘડો હોય કે જે જોઈએ તેમાંથી નીકળ્યા જ કરે. દૂધપાક કાઢવો હોય તો લાખો માણસને જમાડે. એ તો ધૂળને કહે છે. આ તો આત્મા કામકુંભ છે. અતીન્દ્રિય આનંદનો રસ કાઢ્યા જ કરે અંદરથી. આહાહા! એને આત્મા કેવો છે? તેના ગાણા સાંભળ્યા નથી. એ આવો આત્મા હશે! બીજાની કિંમત કરે છે. આ ચીજ બહુ ઊંચી છે, આ ચીજ બહુ ઊંચી છે! પણ એ ચીજનો જાણનાર ઊંચો કે એ ચીજ ઊંચી? આહાહા! જાણનારને જાણ્યો નહીં ને માથા ફોડ બીજી. અનુભવ એ કામધેનુ, ચિત્રાવલી, કામકુંભ, 'ચિંતામણિ', ચિંતામણિ આવી ગયું ને પહેલું! ચિંતામણિ તો પહેલા આવી ગયું.

'अनुभौको स्वाद पंच अमृतकौ कौर है' એ અનુભવનો સ્વાદ એ તો પાંચ અમૃતનો કોળીયો છે, ભોજન છે. પાંચ અમૃતનું ભોજન, રસાયણ, કામધેનુ, ચિત્રાવેલી આદિ સુખદાયક પદાર્થ છે ને એનું દૃષ્ટાંત દીધું છે. આહાહા! માળે કવિ પણ છે ને! કવિ તો આવા કહેવાય, જેને આત્માના ભાન સહિતના ગાણા ગાય. સ્ત્રીના વખાણ કરે કે આનું શરીર આવું છે, ધૂળનું આવું છે. બે દિ શાક ખાય નહીં ત્યાં હેં હેં થઈ જાય. શું તારા શરીરનું છે. ઈયળું પડે, સડે. આહાહા! શરીરમાં શું છે? આ તો માટી છે. માંસને હાંડકા, સડે તો ઈયળો પડે એમાં નાકમાંથી. આમ જ્યાં કરે ત્યાં નાકમાંથી ઈયળો પડે. આમાં શું? કસ્તુરી હોય તો જડ છે. આ તો કહે છે, અનુભવનો સ્વાદ એ તો પાંચ અમૃતનું ભોજન છે. પંચામૃત ભોજન. આહાહા! લગ્નમાં પંચોળું બેસે છે? કે નહીં મૂળ વર. આપણે રિવાજ છે. વર જમાડે ને એની પાસે બેસે મોટાં મોટાં હો. એક અણવર બીજા સારા સગા હોય બે જોડી. એક થાળ મોટો. એમાં ઊંચી ઊંચી ચીજો આપે એને. બરફીને બધું સારું સારું જલેબી ને એને સાધારણ ન હોય. શું કહેવાય તમારે? માવાના 'દહીંથરા' ઓલ્યા માવાના ગુલાબ જાંબુ એ વરને આપે સમજાણું કાંઈ? વર જમેને. પંચોળું કહે ને શું કહેવાય? એય!

અમે અમારા ફાવાભાઈના લગ્નમાં બેઠા'તાં, ઉમરાળામાં. પંચોળામાં બધી ઊંચી ચીજ આપે. નાતને બીજું લાડવાને ગાંઠિયા આપે. બીજા બધા બેઠા હોય એને જાન. શું કહેવાય તેને? જાન. જાનને એટલું બધું ક્યાંથી આપે? એ આપે, પાંચ જણ બેઠા હોય એને બધું આપે. જલેબીને આ ને ઢીકણું. એમ આ તો આત્માનો પંચામૃત સ્વાદ છે. એ પંચોળુ–પંચ પરમેષ્ઠીની હારે ખાવા બેઠો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એ ભગવાન આત્મા આનંદનું ધામ. જેના આગળ દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા, કૂતરા ને મીંદડાના ક્લેવર સડેલા હોય એવાં વિષય લાગે. નિજાનંદનો સ્વાદ આગળ એ બધું

ધૂળ, ધૂળ ને ધૂળ, આહાહા! સમજાણું કાંઈ? આવો આત્મા હોય એ હજી એને ખબર ના મળે. આત્મા એટલે કાંઈક છે, છે, આત્મા છે, છે શું પણ છે?

'अनुभौको स्वाद पंच अमृतकौ कौर है' એ અમૃતનો કોળીયો છે. એ પાંચ અમૃતનો કોળીયો અથવા અમૃતનું ભોજન, 'इसका स्वाद पंचामृत भोजनके समान है'. પંચામૃતનું ભોજન જેમ, એવું ભોજનને સમાન છે. ઘી ટપકતા હોય એવો મૈસૂબ. મૈસૂબ હોય છે ને ચાર શેર ઘી પાયેલો! ૧ શેર ચણાનો લોટ ને ૪ શેર ઘી. મૈસૂબ. મૈસૂબ કહતે હૈ મૈસૂબ. આપણે મૈસૂબ કહીયે એ કાંઈક બીજુ કહે. 'મૈસૂર', અમારે મૈસૂબ. એ ભાષા હોય ને હિંદીની.

અમારા દીક્ષામાં મૈસૂબ કર્યો હતો ઊંચો, બહુ ઊંચો! લસલસતો અંદરથી. દસ રૂપિયાનો મણ. એ અત્યારે પાંચ રૂપિયે શેરે ય ન મળે, એવો મૈસૂબ હતો. પચાસ મણ ઘણું કરીને પચાસ મણ. જે દિવસે દીક્ષા લેતો'તો તે દી' ખુશાલભાઈ તરફથી બધું હતું. જમણ ૨૦૦૦ માણસના પચાસ મણ મૈસૂબ! ચાર આના શેર ઘી જુઓ તો ધૂળ જેવો પણ હોં! આ તો આનંદના રસ જેને પાયા અંદરમાં, એવો આત્મા અંદર વિકારરહિત થઈ અંદર અનુભવ કરે એ રસાસ્વાદના પંચામૃતના ભોજન છે. આહાહા! સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગનું આવું તત્ત્વ છે, એવું સાંભળ્યું ય નથી. મારા પડ્યા રહે વાડામાં. આ કરો ને તે કરો ને ધૂળ કરીને મરી ગ્યાં અનંતવાર.

'अनुभव करम तौरे', ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, આનંદ કંદ એનો અનુભવ તે નિર્જરા કરે કર્મની, કર્મની નિર્જરા એનાથી થાય, અપવાસ–બપવાસ–લાંઘણું કર્યે કર્મની નિર્જરા ન થાય. પંડિતજી! લાંઘણ કરતે હૈં? અપવાસ બપવાસ લાંઘણ કરતે હૈ? લંઘન કરે છે, ત્રાગું કરે છે ત્રાગું! તત્ત્વની ખબર ન મળે, ભગવાન આત્મા કોણ છે? સહજાનંદ સ્વરૂપની મૂર્તિ પોતે છે. એનો જે અનુભવ, કહે છે કે કર્મ તોડે એ નિર્જરા કરે. થોડા અનુભવથી થોડી નિર્જરા, પૂર્ણ અનુભવથી બધી નિર્જરા. મોક્ષને બધું, જુઓ! આ એક થોડા શબ્દોમાં કેટલું ગોઠવી દીધું છે.

'परमसों प्रीति जौरे' 'પરમ' નામ પરમાત્મ સ્વરૂપ પોતાનું અનાદિ અનંત અવિનાશી આનંદ કંદ ધ્રુવ એવો પરમ સ્વરૂપ પોતાનું છે, એની હારે અનુભવની પ્રીતિ થાય, એને રાગ ને પુણ્યની પ્રીતિ ઊડી જાય! આહાહા! છે ને આ પુસ્તકો તો સામે પડ્યા છે. આ. ઓલા ફેરે વાંચ્યુ ત્યારે નહોતા આટલા બધા પુસ્તકો, હવે થોડા દી'માં આવશે, આખા હોં. પણ આ યે એ જ છે ને! 'अनुभौ करम तोरै' આહાહા! સ્વ ચૈતન્ય પ્રભુ અનંત બેહદ અપરિમિત આનંદને જ્ઞાન, શાંતિનો સાગર તેનો આશ્રય કરવો વેદન કરવું,

અનુભવ કરવો; તે કર્મને તોડે. કર્મબંધનને તોડવાની ક્રિયા એ છે. વ્રતને તપ અપવાસ ને બપવાસ એ બધું કર્મ તોડવાની ક્રિયા નથી આહાહા! 'परमसों प्रीति जौरे' પરમ સ્વરૂપ અનંત આનંદનું ધામ શાશ્વત અવિનાશી પ્રભુ એનો પૂર્ણ સ્વભાવ, પરમ સ્વભાવ એની હારે પ્રીતિ, અનુભવથી પ્રીતિ, એમાં લીનતા થાય. આહાહા!

'अनुभौ समान न धरम कोउ और है' અનુભવ સરખો કોઈ બીજો ધર્મ છે નહીં. આહાહા! આ ધર્મ બીજો, ફલાણાનો ધર્મ, ઢીંકણાનો ધર્મ એ કાંઈ નથી. આત્મા અખંડ આનંદ પ્રભુ એનો અનુભવ કરવો એ ધર્મ! બાકી બીજો ધર્મ છે નહીં. (શ્રોતા : પ્રેમ ધર્મ નહીં.) એ જરી આપણી ટીકા કરી'તી. આ બધામાં વ્યાખ્યાતા.... પ્રેમ ધર્મનો જય એમ કહે છે. છે ને ઓલા જિનેન્દ્રવર્ણી, નહીં? જિનેન્દ્રવર્ણી છે...એની બેન તરીકે છે બ્રહ્મચારી એક કૌશલ, ભાષણ બાષણ બહુ કરે. આ બધા સાધારણ નહીં, પણ બોલે છેલ્લું શું? 'પ્રેમ ધર્મનો જય'. એલા આ ક્યાંથી નીકળ્યું, વીતરાગ ધર્મમાં પ્રેમ ધર્મનો જય.

પ્રેમ તો તોડવો છે પર સાથે અને આત્મા સાથે પ્રેમ કરવો. આનંદ સ્વરૂપમાં લીન થવું તે પ્રેમ છે. આ લખ્યું છે ને ? હિતૈષી, દિલ્લી, પ્રકાશ, સન્મતિ સંદેશ. એમાં છે ને હરિભાઈ? હિતૈષી કાગળ લખ્યો હતો આપણને, પછી લઈ જજો. કાગળ વાચ્યો હતો અહીં....મનોરંજક છે એવું કહીને પ્રશ્નોત્તર કરીને....આ તો અનુભવ ધર્મની જય! માણેકલાલજી આહાહા! પ્રભુ તું પણ કોણ છો? શું તું રાગવાળો છો? પુણ્યવાળો, વિકલ્પવાળો, એ તારું સ્વરૂપ છે? શરીરવાળો? ને કર્મવાળો? એ બધાં જડને પર વસ્તુ છે. તું તો આનંદવાળો! જ્ઞાનવાળો! શાંતિવાળો! સહજાત્મસ્વરૂપ અનંતગુણનો પિંડ પ્રભુ છો! આહાહા! એનો અનુભવ 'કર્મને તોડે ને પ્રીતિને જોડે આત્મા, અહીંયા એમ કહે છે.' આ બાજુ કર્મનો વિયોગ થાય ને પૂર્ણ સ્વરૂપમાં અનુભવને લઈને આત્મામાં એકાકાર થાય. બાકી કોઈ ક્રિયાકાંડથી આત્મામાં એકાકાર થવાતું નથી.

જુઓ એક શ્લોકમાં કેટલું મુક્યું છે? લ્યો એ ૧૯મો શ્લોક છે લ્યો. ૧૯મું પદ....૨૦મો, કહે છે એ છ દ્રવ્યનું જ્ઞાન અનુભવનું કારણ છે. આ છ દ્રવ્ય છે ને જગતમાં, ભગવાને જોયાં આત્મામાં એનું જ્ઞાન કરવાની તાકાત એક સમયની છે. એટલે એક સમયનું આવું સામર્થ્ય છે, એવું જો જ્ઞાન કરે તો તેને અંતરમાં, અનુભવમાં જોવામાં એ જ્ઞાન નિમિત્ત કહેવામાં આવે એમ કહે છે. 'ઉનકા વિવેચન કિયા જાતા હૈ'.

છ દ્રવ્યનું વિવેચન છે હવે. આટલા અનુભવની વ્યાખ્યા આવી. અનુભવ કોનો કરવો? કોનો કે આત્માનો. આત્મા સિવાય બીજા ચીજ શું શું છે ને આત્મા શું છે? બેનું

ભેદજ્ઞાન વિના એને અનુભવ થાય નહીં.

जीव द्रव्यका स्वरूप (दोहा)

**चेतनवंत अनंत गुन, परजै सकति अनंत।**
**अलख अखंडित सर्वगत, जीव दरव विरतंत॥२०॥**

અર્થ :–ચૈતન્યરૂપ છે, અનંત ગુણ, અનંત પર્યાય અને અનંત શક્તિ સહિત છે, અમૂર્તિક છે, અખંડિત છે. [૧]સર્વવ્યાપી છે, આ જીવ દ્રવ્યનું સ્વરૂપ કહ્યાં છે. ૨૦

**अर्थ** :–चैतन्यरूप है, अनन्तगुण, अनन्तपर्याय और अनन्त शक्ति सहित है, अमूर्तिक है, अखण्डित है सर्वव्यापी है। यह जीवद्रव्यका स्वरूप कहा है॥२०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જીવ કોને કહેવો? આત્મા કોને કહેવો? ભગવાન આ દેહમાં બિરાજમાન સ્વતત્ત્વ ચૈતન્ય કોને કહેવું? કહે છે. એ તો ચેતનવંત! પહેલું તો 'ચૈતનવંત' અનંત ગુણ, ચેતન્યરૂપ છે એનું ચૈતન્યરૂપ છે. એ કાંઈ જડરૂપ નથી. રંગ, ગંધ, વર્ણ, સ્પર્શ, આ જડ માટી તો ધૂળ છે, એવું એનું રૂપ નથી. એ તો ચૈતન્ય રૂપ, જાગૃત સ્વરૂપ, ચૈતન્ય જ્યોત સ્વરૂપી આત્મા! ચેતન્ય રૂપ अनंतगुन–ગુણ એટલે શક્તિ એની અનંતી છે. આપણે છે ને ૪૭ (શક્તિ) આવી ગઈ. અનંતી, ઓલી શક્તિ આવશે. એક શક્તિની અનંતી. આ તો ગુણ. સમજાણું કાંઈ? શું કીધું?

ગુણ, આ ગુણ, આ ગુણની શક્તિ ત્રિકાળની વાત છે. એક એક શક્તિની અનંતી શક્તિ લેશે પછી. એક એક ગુણની અનંતી પર્યાયને અનંતી શક્તિ 'ચિદ્‌વિલાસમાં' લીધું છે ને. શું કીધું? ચેતનવંત અનંતગુણ ભગવાન ચૈતન્યવંત જાગૃત–ચૈતન્ય છે. ઈ એક દ્રવ્ય એકરૂપે વસ્તુ, પણ તેના ગુણ અનંત છે. જ્ઞાન દર્શન, આનંદ, સત્તા, વિભૂતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ વગેરે અનંત અનંત સંખ્યાએ શક્તિઓ છે. એ શક્તિને ગુણ તરીકે કહ્યા છે.

જો આવો જીવ દ્રવ્ય છે. જીવ દ્રવ્ય જાણ્યા વિના અનુભવ કોનો થાય, એમ કહે છે. चेतनवंत છે, अनंतगुन છે. परजाय જેની અનંત છે. એક એક ગુણની અવસ્થાઓ અનંત છે. હાલત, દશા અને એક એક ગુણની શક્તિ પણ અનંત છે. સમજાણું કાંઈ? 'ચિદ્‌વિલાસ'માં 'ઘણે ઠેકાણે આવે છે. શક્તિમાં આવી ગયું ઘણું. अलख આમાં યે લીધું છે. ચૈતન્યરૂપને અનંતગુણ ને અનંતપર્યાય એની અને અનંતશક્તિ. એક એક ગુણની અનંતી શક્તિ(તાકાત) એમ. એક એક પર્યાયની તો જુદી વાત છે. પણ શક્તિ, એક એક

૧ લોક–અલોક પ્રતિબિમ્બિત થવાથી પૂર્ણજ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી છે.

ગુણની અનંતી શક્તિ છે. પર્યાય તો પર્યાયનો અંશ, અંશ, અંશ. પણ એનું સામર્થ્ય એક શક્તિનું અનંત છે. એમ કે ગુણ છે ને એનો, જ્ઞાન દર્શન, આનંદ ગુણ છે ને એક એક ગુણની અપરિમિત અનંત શક્તિ છે. પર્યાય અનંતીને શક્તિ અનંત એમ.

અહીંયા તો ૧૦ લાખ, ૧૫ લાખ, ૨૦ લાખ ધૂળ લાખ થાય ત્યાં તો, આહાહા! આપણને શું થઈ ગયું? શું મોટા ગૃહસ્થ થયાને, શું મોટા વધી ગયાં? એ તો ધૂળમાંય નથી. એય ખીમજીભાઈ! પાણી ઊતારી નાંખે એવું છે આ બધું! આહાહા! અરે રે ભાઈ! અરે, શરીર હાલ્યા જાય છે. જુઓને એક ઓલું દેખાડ્યું'તું. ૩૬ વર્ષનો જુવાન માણસ કેન્સર છે. દેખાવ એવો છે શરીરનો કાલે છાપામાં આવ્યું છે ૩૬ વર્ષના મુંબઈ, સ્થાનકવાસી. આહાહા! જુવાન માણસ આમ દેખાવ, સ્થાનકવાસી ૩૬ વર્ષનો જાવ. જડ છે તો જડ જાય નહીં તો ક્યાં જાય? ક્યાં આત્મા સાથે રહેવું છે? આ તો કોકની ચીજ, જડની છે. આહાહા!

જે સામે આ ૩૫–૩૫ વર્ષની ઊંમરું અને એમાં કેન્સર થાય. એને થાય હાય હાય! એ કેન્સરની ને એની દરકાર છે પણ આત્મામાં રાગ તે હું છું, એ કેન્સર વળગ્યું છે ને ક્ષય થઈ ગયું એની ય એને ખબર નથી. સમજાણું કાંઈ? કેન્સર થયું છે. એને અનાદિનું! પુણ્ય–પાપના વિકલ્પોની લાગણી, વિકાર તે મારા એ ક્ષયનો રોગ લાગુ પડ્યો છે. એને પોતાની જાતને ભૂલીને કજાતને પોતાની માની છે. આહાહા! એ એનું ક્ષણે ક્ષણે મૃત્યુ થાય છે એમાં, એનું ભાન નથી. આવી જીવતી જ્યોત અનંત ગુણને અનંત આનંદની શાંતિનો સાગર એને ન કબૂલતા, એને ન માનતા, એની સામું ન જોતાં, કૃત્રિમ રાગ આદિને માનતા ને એની સામું જોતાં, એનું માન વધારતાં, જીવનું માન ઘટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા!

વ્યવહારને જે માન આપે છે બહુ, વ્યવહારથી નિશ્ચય થાય, બહુમાન વ્યવહાર ને આપીએ. તારાથી મને લાભ થાશે ને તારાથી મને લાભ થાશે અરે! ચૈતન્યની જીવતી જ્યોત અનંતગુણોનો સાગર એનું તે અપમાન કર્યું છે. આહાહા! કેમ પ્રમોદભાઈ? આહાહા! ઓળખે છે ને! નથી ઓળખતા? કામદાર હતા ને અહીં, આ તેના ભાઈ છે.

'चेतनवंत अनंतगुण, परजै सकति अनंत' એક જીવ દ્રવ્ય એને કહેવું જે વસ્તુ પોતે છે. એક ચૈતન્યરૂપ, ચૈતન્યરૂપ છે. અનંત ગુણો છે, શક્તિઓ છે. એની હાલત–દશાઓ અનંત છે ને એક એક શક્તિનું સામર્થ્ય અનંત છે. એને જીવ દ્રવ્ય કહીએ. 'अलख' છે. ઇન્દ્રિયોથી જણાય એવો નથી, એમ કહે છે 'अलख' ઇન્દ્રિયોથી જણાય એવો નથી. એ તો અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન છે. સમજાણું? એ ઇન્દ્રિયથી લખાય એવો એટલે જણાય એવો નથી. 'અલખ'ને કેમ ઓળખવો, આવે છે ને? 'अखंडित' છે. અખંડ વસ્તુ

દ્રવ્ય સ્વરૂપ ચૈતન્ય પિંડ છે, અખંડ છે. નીચે ૨૦મો બોલ છે. ૨૦મો શ્લોક 'અખંડિત' અખંડ છે. સર્વવ્યાપી છે. એટલે બધાને જાણનાર છે. પ્રસરીને નહીં, પોતામાં રહીને ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો સર્વગત છે. જુઓ નીચે છે 'सर्वगत'.

'लोक अलोक प्रतिबिम्बित होनेसे पूर्णज्ञानकी अपेक्षा सर्वव्यापी है'. બધું જાણે છે. ત્રણકાળ ત્રણલોક પોતાના સ્વભાવમાં રહી, પરને સ્પર્શ્યા વિના, પર ને પોતાના સંબંધવાળું જ્ઞાન, એમાં પરને જાણે છે. ખરેખર પોતાનો પર્યાય એવડો છે, એને જાણે છે. સર્વવ્યાપી છે ભગવાન જ્ઞાનની અપેક્ષાએ હોં. જાણવાના સ્વભાવમાં વિસ્તારતાની અપેક્ષાએ જ્ઞાન આખા લોકમાં કાંઈ વ્યાપી જતું નથી. જગત જુદી ચીજ છે, જીવદ્રવ્ય જુદી ચીજ છે. 'जीव दरब विरतंत' લ્યો. આવા જીવદ્રવ્યનું સ્વરૂપ છે. આવું સ્વરૂપ કહ્યું ભગવાને પરમાર્થ સ્વરૂપ આવું કહ્યું છે. આ જીવ દ્રવ્યની વ્યાખ્યા—છ દ્રવ્યમાં. હજી પછી નવ તત્ત્વના નામ જુદા લેશે. આ તો છ દ્રવ્યના નામ ને આ તો નવ તત્ત્વ જુદાં. હવે પુદ્‌ગલ, જડ, જડ શરીર એની વ્યાખ્યા. આ શરીર પુદ્‌ગલ શું છે? આહાહા! માટી છે. શરીર, વાણી, મન બધું એનું લક્ષણ.

પુદ્‌ગલ દ્રવ્યનું લક્ષણ (દોહરા)

**फरस-वरन-रस-गन्धमय, नरद-पास संठान।**
**अनुरूपी पुद्‌गल दरब, नभ-प्रदेश परवान॥२१॥**

શબ્દાર્થ :–ફરસ=સ્પર્શ. નરદ=ચોપાટના પાસા. સંઠાન=આકાર. પરવાન(પ્રમાણ)=બરાબર.

અર્થ :–પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુરૂપ, આકાશના પ્રદેશ જેવડું, ચોપાટના પાસાના આકારનું, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું છે. ૨૧

**अर्थ** :–पुद्‌गल द्रव्य परमाणुरूप आकाशके प्रदेशके बराबर, चौपड़के पासके आकारका स्पर्श, रस, गन्ध, वर्णवन्त है॥२१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે આ પરમાણું, જ્યાં પુદ્‌ગલ છે જડ, શરીર વાણી ને આ બધું; એ દ્રવ્ય પરમાણુંરૂપ છે. પરમ અણુ નાનું નાનું એક અણુ છે એ મૂળ ચીજ છે. આ તો ઘણાં ભેગા થયેલા છે. કટકાં, કટકાં, કટકાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે તે નાનામાં નાનો પરમાણું. છેલ્લો અંશ રહે એ પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુરૂપ છે. આકાશના પ્રદેશ કે બરાબર હૈ. એમ અરૂપી પુદ્‌ગલ દ્રવ્ય નભ પ્રદેશ. બીજા પદની પહેલી વ્યાખ્યા કરી. વળી કેટલો છે? આ રજકણ એક, એક આકાશના પ્રદેશ પ્રમાણે. આકાશ છે ને સર્વવ્યાપી અરૂપી, એનો એક અંશ છે.

એટલા ભાગમાં એક પરમાણું જગ્યા રોકે તેને પ્રદેશ કહેવાય. પ્રદેશ પ્રમાણે એ પરમાણું છે. એક પરમાણું.

'नभ प्रदेश परवान' નભ એટલે આકાશના પ્રદેશે પરમાણું છે. 'नरद-पास-संठान'. બીજા પદનો અર્થ પછી લીધો. चौपड-चौपड આ બરફીનું ચોસલું હોય ને બરફીના ચોસલું એવો આકારે છે. આ છે ને જુઓ. આવો હોય છે. આટલો હોય કટકો. ચાર બાજુ ચાર ને ઉપર, નીચે એમ છ થાય ને. આવા છ બાજુવાળા એક એક રજકણ છે. બરફીનો કટકો એવડો હોય. નરદ પાસ. ૬ પહેલું का जैसा ચપેટા હોતા હૈ ૬-પહેલું, ૬-પાઠ, ૬-પડખાં કહેને, ૬ કોને ૧, ૨, ૩, ૪.... એ અંશો છે. બધાનાં હોં. દરેક અંશ ચૈતન્યનો એક પ્રદેશ, આકાશના એક પ્રદેશ આવો હોય છે. સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્માએ પરમાણુનું પુદ્‌ગલનું આવું સ્વરૂપ પ્રત્યક્ષ જોયું છે. વળી એ તો આકાર થયો. કદ નાનું કહ્યું પરમાણું. આકાશના પ્રદેશો જેવો તુલના આપી!

'चौपडके पासके आकारका', પછી પૂછે કેવો? સ્પર્શ, રસ, ગંધ ને વર્ણવંત છે. પરમાણુમાં સ્પર્શ છે. ટાઢો, ઉનો એ સ્પર્શ પરમાણુમાં છે, આત્મામાં નથી, આત્મા તો અરંગે, અરૂપે, અરસે, અરૂપી ચિદાનન્દ ભગવાન છે. પરમાણુ એક એક એના પોઈન્ટ છે. એમાં સ્પર્શ છે. એમાં રંગ છે, કાળો, રાતો, લીલો. એમાં ગંધ છે, સુગંધ—દુર્ગંધ. એમાં રસ છે, મીઠો, કડવો. એ બધા જડના પરમાણુનો, પુદ્‌ગલનો સ્વભાવ છે. આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ? એ 'अनुरूपी' એને પહેલો ઠેઠ લઈ લીધો. પુદ્‌ગલનો દ્રવ્ય પરમાણુ એમ. 'नभ प्रदेश परवान' સ્પર્શ, રસ, ગંધમય, 'મય' અભેદ લઈ લીધો. એક એક પરમાણું (પોઈન્ટ)ના રંગ, રસ, ગંધ, સ્પર્શમય છે. આ અભેદ છે. ગુણ ને ગુણી કોઈ જુદા નથી. જેમ સાકર ને સફેદાઈ—મીઠાશ બે અભેદ છે, એમ પરમાણું રજકણમાં પોઈન્ટમાં રંગ, રસ, ગંધ અભેદ છે, એને પુદ્‌ગલ દ્રવ્યનો પરમાણું કહેવામાં આવે છે. બેની વ્યાખ્યા થઈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭, પોષ વદ ૧૨, શનિવાર, તા. ૨૩-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ નં. ૨૨ થી ૨૬ પર પ્રવચન

આ 'સમયસાર નાટક', એની ઉત્થાનિકા—થોડી ભૂમિકા બનારસીદાસે સ્વતંત્ર કરી છે. જીવ અને અજીવનું વર્ણન કરવા પહેલાં, 'સમયસાર'નું વર્ણન તો જીવ, અજીવ અધિકાર શરૂ થાશે ત્યારે. એની ભૂમિકા પહેલા બાંધી. ૨૦ અને ૨૧ બે બોલ ચાલ્યા. જીવ કોને કહેવો એ આવ્યું ને કાલે. ચેતનવંત અનંતગુણ ચેતનસ્વરૂપ છે, આ આત્મા નિજ પોતાનો. એમાં અનંતગુણ છે સંખ્યાએ. જાણવું, દેખવું, આનંદ, સ્વચ્છતા, શાંતિ વિગેરે વિગેરે સંખ્યાએ એક આત્મામાં અનંતગુણ ને શક્તિ છે. પરજાય અનંત છે. જુઓ અહીં બદલે છે ઈ, તદ્દન કૂટસ્થ નથી. કૂટસ્થ હોય તો કાર્ય થઈ શકે નહિ. જીવની અવસ્થા વસ્તુ તરીકે કાયમ રહીને એની દશા બદલે છે. અધર્મ ટળીને ધર્મ થાય, દુઃખ ટળીને સુખ થાય—એ બધી પર્યાય એટલે અવસ્થામાં થાય છે. એ અવસ્થાઓ પણ એક ગુણની અનંતી છે. એક ગુણની શક્તિનું પણ સામર્થ્ય પણ અનંત છે. જેનો સ્વભાવ છે એની શક્તિનું શું કહેવું? એવું જીવદ્રવ્ય છે. એ અનંત શક્તિ છે.

અલખ છે—ઈન્દ્રિયોથી જણાય એવો નથી. અતીન્દ્રિય ભગવાન છે આત્મા. અતીન્દ્રિય મહા પદાર્થ છે અને અતીન્દ્રિય જ્ઞાન દ્વારા એ અનુભવમાં આવી શકે. શરીર, ઈન્દ્રિય, મન કે વિકલ્પ, રાગ દ્વારા એ અનુભવમાં ન આવે એવો આત્મા છે. અખંડિત છે, અખંડ એક વસ્તુ છે. એમાં ખંડ ભેદ નથી. અનંતગુણ હોવા છતાં વસ્તુ તરીકે અખંડ એક છે. સર્વગત છે—સર્વને જાણનાર છે. લોકાલોક જગતનાં સર્વ પદાર્થ એને એક ક્ષણમાં જાણવાના સ્વભાવવાળું એ જીવદ્રવ્ય છે. આવો જીવદ્રવ્ય જે છે, એને અંતરના રાગના વિકલ્પ રહિત અનુભવ કરવો એનું નામ ધર્મ છે. કહો શેઠ! આ ધર્મ. ભારે ધર્મની વ્યાખ્યા ભાઈ! આ તો ચારે કોર ધર્મ, ધર્મ બહારથી બહુ કહેતા. જીવદયા પાળે તો ધર્મ ને આ પાળે તો ધર્મ, એમ બોલે છે ને લોકો.

આવો જે આત્મા એને ભગવાને આત્મા કહ્યો છે. એનું સ્વરૂપ બરાબર વસ્તુ, વસ્તુની શક્તિઓ અને તેની દશા—એને સમજી અને અંતરમુખ દૃષ્ટિમાં અભેદ જીવ ઉપર દૃષ્ટિ મુકતા પર્યાય એટલે અવસ્થામાં આનંદના અનુભવ સહિત જે પ્રતીત થાય તેને ધર્મ કહે છે. આરે! ભારે વાતું. પંડિતજી! તમારા સંસ્કૃતના પ્રોફેસરમાં આવ્યું હતું આવું? સંસ્કૃતમેં ક્યા કહા? સંસ્કૃત, ભાષા આવે સંસ્કૃતની. આવો ભગવાન જીવ આત્મા અંદર

સચેત, સચેત, સચેત બિરાજે છે. આહાહા! કોઈ દિ' એની એને ખબર નથી.

પછી એની સામે પુદ્‌ગલ છે. જેવી જીવ એક વસ્તુ છે આત્મા, એવી આ પુદ્‌ગલ જડ આદિ સામે બીજી ચીજ છે. બીજી ચીજ ન હોય તો એનાથી જુદું પડવું કે એમાં એકતાબુદ્ધિ કરવી રહેતી નથી. પુદ્‌ગલ આ પરમાણુ છે. વાણી, શરીર, આ બધું. લક્ષ્મી, મકાન. એ કહે છે કે રંગ, ગંધ, વર્ણ, સ્પર્શ સહિત છે. આકાર છે એનો, ચોખુણો ચોખુણો આકાર છે એ કાલ કહ્યું'તું. છોકરાઓને યાદ નહોતું આવ્યું. છોકરાઓ પૂછ્યું'તુ. ક્યાં ગયો અતુલ? નરદ–પાસ–સંઠાન છે એમાં ક્યાં? એટલે શું? ચોપાટના પાસા જુઓ, અંદર લખ્યું છે. અર્થની પેલી કોર છે અંદર ઉપર ઉપર.

ચોપાટનો પાસો હોય છે ને આમ. પાસા નાખે નહીં? છ બાજુ હોય છે એને. આ જુઓને આ એક, બે, ત્રણ, ચાર, પાંચ અને એક કટકો અહીંનો છ, ભાગનો છ એક કટકો અહીં ખરોને. એવો એક એક પ્રદેશ પરમાણું પોઈન્ટ અને એટલો પ્રદેશ જેટલો પહોળો આત્માનો એક પ્રદેશ છે. એવા આકાશનો, ધર્માસ્તિ આદિ છયે દ્રવ્યનો પ્રદેશ એક (એવડો હોય). ચોપાટના પાસા જેવું છે. છ પાસા જેવું છે. એવું સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વસ્તુ છે આ. અદ્ધરથી કલ્પનાથી નહીં. આવો સ્વભાવ છે જગતનો, એમ સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમાં આ જોયું. એવી ઈચ્છા વિના વાણી નીકળી. ૐ ધ્વનિ નીકળી. એ ધ્વનિમાં આ બધું પદાર્થનું સ્વરૂપ આવ્યું. હવે એ તો કાલ આવી ગયું'તું આપણે.

હવે બાવીસમો, ધર્મ દ્રવ્યનું લક્ષણ. ધર્મ એટલે એક પદાર્થ છે. ધર્મ એટલે આ ધર્મ કરવો, એ નહિ. એક ચૌદ બ્રહ્માંડ છે. આમાં એક ધર્માસ્તિ નામનું એક તત્ત્વ છે કે જે જીવ અને જડ ગતિ કરે એ પોતાના કારણે, ત્યાં આમાં નિમિત્તરૂપે બીજી ચીજ છે. એને અહીંયા ધર્માસ્તિ નામનું એક તત્ત્વ કહેવામાં આવે છે વસ્તુ છે ઈ, અરૂપી એક વસ્તુ છે.

ધર્મ દ્રવ્યનું લક્ષણ (દોહરા)

जैसैं सलिल समूहमैं, करै मीन गति-कर्म।
तैसैं पुद्गल जीवकौं, चलनसहाई धर्म॥२२॥

શબ્દાર્થ :–સલિલ=પાણી. મીન=માછલી. ગતિ–કર્મ=ગમનક્રિયા.

અર્થ :–જેવી રીતે માછલીની ગમનક્રિયામાં પાણી સહાયક થાય છે, તેવી જ રીતે જીવ–પુદ્‌ગલની ગતિમાં સહકારી ધર્મ દ્રવ્ય છે. ૨૨.

**અર્થ** :–जिस प्रकार मछलीकी गमनक्रिया पानी सहायक होता है, उसी प्रकार जीव

पुद्‌गलकी गतिमें सहकारी धर्म द्रव्य है॥२२॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

सलिल—પાણીનો સમૂહ. करै मीन गति-कर्म. માછલું કર્તા થઈને ગતિની ક્રિયા રૂપી કાર્ય કરે. સમજાણું કાંઈ? દશ મિનિટ વાર લાગી. મોટર બોટર પરાધીન છે ને ભાઈ. આવતા વાર લાગી. કહો સમજાણું કાંઈ? છે દસ ફેર છે. ઘડિયાલ ફેર હોય જુદી વાત છે, તમે ઘડિયાલ જોઈ હોય ક્યાંક. जैसे सलिल समुह, બાવીસમો બોલ. એક સર્વજ્ઞ પરમાત્માએ એક જગતમાં ધર્માસ્તિ નામનું એક દ્રવ્ય તત્ત્વ જોયું છે. તે તત્ત્વનું એવું સ્વરૂપ છે કે જેમ પાણીના સરોવરમાં करै मीन મીન એટલે માછલી. પોતે કર્તા થઈને કરે. करै શબ્દ વાપર્યો છે ને! કર્તા થઈને ગતિકર્મ કરે. ગતિરૂપી ક્રિયાનું કાર્ય કરે. જુઓ કેટલું સમાવી દીધું છે એમાં!

'तैसे पुद्‌गल जीवको' તેમ આ પરમાણુઓ અને જીવ આમ ગતિ કરે. ઈ પોતે ગતિ કરવાના કર્તા થઈને ગતિનું કાર્ય કરે. 'चलन सहाई धर्म' તો ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે. જેમ પાણીમાં માછલું ગતિ કરે તેને પાણી નિમિત્ત કહેવાય. તેમ જીવ અને પુદ્‌ગલ ગતિ કરે (ત્યારે) ઉપાદાન પોતાનું છે. ત્યારે બીજી ચીજ એક છે, ધર્માસ્તિ નામનું તત્ત્વ કે જે ગતિમાં નિમિત્ત સહાય છે. નિમિત્ત કારણ છે. નીચે છે. उदासीन निमित्तकारण है, प्रेरक नहीं. ખુલાસો કર્યો નીચે પોતે. હલાવતો નથી. પાણી માછલીને હલાવતો નથી. હાલે તો નિમિત્ત કહેવામાં આવે. એમ ધર્માસ્તિ જીવ જડને ચલાવતો નથી કે ચાલ. પણ પોતે ગતિરૂપી ક્રિયા કર્મ કરે તો તે ધર્માસ્તિ નામનું તત્ત્વ નિમિત્ત છે. ઉદાસીન કારણ છે.

(શ્રોતા : નિમિત્તનો અર્થ કારણ નથી) ઈ પ્રશ્ન જ ક્યાં છે અહીંયા? અહીંયા પાણી તો છે. હવે માછલું ગતિ કરે તો પાણીને નિમિત્ત કહેવામાં આવે. પાણી બધે છે, એમ આખા લોકમાં ધર્માસ્તિકાય છે અરૂપી. આ લોકો શું કાંઈ કહે છે? પંડિતજી! ઈશ્વર, એને ક્યાં ભાન છે આ તત્ત્વ? પણ એવું કહે છે. ઈ ગતિ છે, ઈથર નામનું તત્ત્વ, પણ એ તો અદ્ધરથી કલ્પનાથી કહે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલું છે. ગતિ કરવાની ક્રિયા, જીવ અને પરમાણુ આમ ગતિ કરે. આત્મા આમ હાલે તો આ હાલે છે. ઈ પોતે કર્તા થઈને એ ક્રિયા કરે ત્યારે ધર્માસ્તિને નિમિત્ત કારણ ઉદાસીન કહેવામાં આવે છે. આમાં મોટા વાંધા છે. નિમિત્ત કરાવે, નિમિત્ત કરાવે.

(શ્રોતા : સહકારી છે ને) સહકારી નામ સાથે છેને. સાથે છે, જુઓને. સમજાય છે? ઉદાસીન નિમિત્ત કારણ-બેય ભેગા થઈને શું કરે? સહકારી એટલે સાથે એક છે, બસ. એ કંઈ બીજાને ગતિ, બીજાના કામમાં ગતિ કરાવે (એમ નહીં.) એમ ઉપર કહ્યું

છે. करै मीन गति करम. માછલું ગતિ કરવાના કાર્યને કર્તા થઈને કરે, ત્યારે પાણી તેને નિમિત્ત કહેવામાં આવે છે. પાણી તેને ગતિ કરાવે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યની કાંઈ ક્રિયા કરી શકે નહિ. આવી સ્વતંત્રતા એની પ્રસિદ્ધ છે. એની પ્રસિદ્ધ છે. લોકોને ખબર ન મળે, તત્ત્વ શું છે એની? સમજાણું કાંઈ?

जिस प्रकार मछलीकी गमनक्रियामें पानी सहायक होता है એમ લખ્યું છે ને, સહાયક શબ્દ છે ને! चलन सहाई. ઉસી પ્રકાર જીવ પુદ્‌ગલકી ગતિમેં, જીવ અને પુદ્‌ગલો ગમન કરે ત્યારે સહકારી નામ સાથે ધર્મ દ્રવ્ય એક નિમિત્તરૂપે કહેવામાં આવે છે. એમ એણે જાણવું, નક્કી કરવું જોઈશે. ઉપાદાન તરીકે સ્વતઃ ગમન કરે, ત્યારે એક બીજી ચીજ છે ને બીજી ચીજ. માછલું ગમન કરે ત્યાં પાણી ચીજ છે કે નહિ? એમ પાણીમાં તો અમુક ક્ષેત્રમાં પાણી મીનને નિમિત્ત હોય. આ તો આખા લોકમાં જડ, ચેતનની ગતિમાં ધર્માસ્તિ નામનો અરૂપી તત્ત્વ છે. એક સમજાણું કાંઈ? એ સહકારી તરીકે સાથે હોય છે બસ. બીજો બોલ, અધર્મ દ્રવ્ય. બીજો અધર્મ દ્રવ્ય છે. એ વસ્તુ છે અધર્મ, અધર્મ એટલે આ પાપ ઈ એ નહિ. ત્રેવીસ.

અધર્મદ્રવ્યનું લક્ષણ (દોહરા)

ज्यौं पंथी ग्रीषमसमै बैठै छायामाँहि।
त्यौं अधर्मकी भूमिमैं, जड़ चेतन ठहराँहि।।२३।।

શબ્દાર્થ :–પંથી=મુસાફર, ગ્રીષમસૈ=ગ્રીષ્મકાળમાં.

અર્થ :–જેવી રીતે ગ્રીષ્મઋતુમાં મુસાફર છાયાનું નિમિત્ત પામીને બેસે છે તેવી જ રીતે અધર્મ દ્રવ્ય જીવ–પુદ્‌ગલની સ્થિતિમાં નિમિત્ત કારણ છે. ૨૩

**अर्थ :**–जिस प्रकार ग्रीष्मकालमें पथिक छायाका निमित्त पाकर बैठते हैं उसी प्रकार अधर्म द्रव्य जीव-पुद्गलकी स्थितिमें निमित्त कारण है।।२३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ગ્રીષ્મ કાળ ઉનાળાનો ચૈત્ર મહિનો હોય, તડકો લાગ્યો હોય. પંથી ગમન કરતા, જ્યાં છાંયો મળે ત્યાં બેસે. છાંયો તેને બેસવાનું કહેતા નથી. છાંયો એને બેસવાની ક્રિયા કરાવતો નથી. બેસવાની ક્રિયા તો જડ ચેતન પોતાને સ્થિર રહેવાની ક્રિયા કરે ત્યારે, અધર્માસ્તિ નામનું નિમિત્ત (હોય છે). કર્તા થઈને જીવ અને પુદ્‌ગલ સ્થિર થવાની ક્રિયાનો કર્તા થઈને કરે ત્યારે અધર્માસ્તિકાય નામનું તત્ત્વ એક અજીવ તત્ત્વ છે. એને નિમિત્ત, કારણ સહકારી કારણ, ઉદાસીન કારણ, એક ઉપસ્થિત દ્રવ્ય એમ કહેવામાં આવે છે. છે ને 'बैठै

छायामाँहि' એમ લખ્યું છે ને. છાંયામાં એ બેસે. છાંયો તેને બેસાડતો નથી. ભાષા જોયું? ज्यों पंथी ग्रीषमसमैं, बैठ छायामांहि છાંયામાં બેસે. છાંયા નથી કહેતું કે અહીં બેસ. બેસે ત્યારે છાંયા નિમિત્ત કહેવામાં આવે.

'त्यों अधर्मकी भूमिमैं' એમ અધર્માસ્તિ નામનું તત્ત્વ છે. એમ આ જડ, ચૈતન્ય ઠહરે. એ પોતે ઠહરે ત્યારે અધર્માસ્તિ એને નિમિત્ત કહેવામાં આવે. આકાશ, (શ્લોક) ચોવીસ. એક આકાશ નામનો અરૂપી સર્વવ્યાપક પદાર્થ છે, આ લોક છે ૧૪ બ્રહ્માંડ અને ખાલી ભાગ ખાલી, ખાલી, ખાલી ખાલી, ખાલી, ખાલી, જેમાં આ જડ ચેતન છે નહીં. આકાશ (અલોકાકાશ) એક ભાગ છે. ખાલી દશે દિશા જેનો અંત નહિ, અંત નહિ, અંત નહિ. અંતમાં એવું અને લોક બધું આ વ્યાપક એક આખો આકાશ નામનો અરૂપી દ્રવ્ય છે. પદાર્થ છે. એનું શું સ્વરૂપ છે?

આકાશદ્રવ્યનું લક્ષણ (દોહરા)

**संतत जाके उदरमैं, सकल पदारथवास।**
**जो भाजन सब जगतको, सोई दरब अकास॥२४॥**

શબ્દાર્થ :–સંતત=સદા. ભાજન=પાત્ર.

**અર્થ :–જેના પેટમાં સદૈવ, સર્વ પદાર્થો રહે છે, જે સર્વ દ્રવ્યોને પાત્રની જેમ આધારભૂત છે, તે જ આકાશદ્રવ્ય છે. ૨૪.**

નોટ :–અવગાહના આકાશનો પરમ ધર્મ છે, તેથી તે આકાશદ્રવ્ય બીજા દ્રવ્યોને અવકાશ આપી રહ્યું છે તેમ જ પોતાને પણ અવકાશ આપી રહ્યું છે. જેમ :–જ્ઞાન જીવનો પરમ ધર્મ છે, તેથી તે જીવ અન્ય દ્રવ્યોને જાણે છે તેમ જ પોતાને પણ જાણે છે.

**अर्थ :**–जिसके पेटमें सदैव सम्पूर्ण पदार्थ निवास करते हैं, जो सम्पूर्ण द्रव्योंके पात्रके समान आधारभूत है; वही आकाश द्रव्य है॥२४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સદાકાળ જોયું ભાષા, સદાકાળ છે. કંઈ નવા આવ્યા છે આકાશમાં ને આકાશ નવું છે એમાં પછી નવાં આવ્યાં, એમ છે નહિ. (શ્રોતા : અમારે તો નવું કરવું છે તો પતી જાય) ઈ ક્યાં પ્રશ્ન છે. અહીંયા આકાશમાં છે અને ત્યાંય આકાશમાં છે. જે પરમાત્મા અશરીર થાય તે અહીં આકાશમાં છે ને ત્યાંય આકાશમાં છે. એમાં નવું ક્યાં થયું? હવે આ આકાશમાં નવું હોય, એમ છે? ઈ તો ક્ષેત્ર બીજું છે ત્યાં. આકાશ તો ઈ ને ઈ છે. સિદ્ધને, કોઈપણ દ્રવ્યને સ્વતંત્ર નિરંતર, છે ને સદાકાળ. सकल पदारथवास, જેના પેટમાં એટલે

જેની જગ્યામાં બધા પદાર્થો વાસ. सकल पदारथवास, પોતે વસેલા છે, એમ કહે છે. નિરંતર, પાછા એમ. સદાય નવા નથી કે આકાશ પહેલું થયું ને પછી થયા જીવ અને જડ એમાં રહ્યા.

(શ્રોતા : આધાર પહેલો આવે ને?) આધાર—આધેય બધા વ્યવહાર. આધાર શું? આકાશનો આધાર આકાશ. એમાં આ નિમિત્ત છે. બીજું શું? આધાર શું કોનો? પોતે પોતાનો આધાર છે. ઉપાદાન તો જડ ને ચેતન પોતે પોતાથી અવગાહનમાં આમ રહેલાં છે. એમ એકબીજું અવગાહન આકાશ નિમિત્ત છે, બસ એટલું છે. બીજું એક તત્ત્વ છે. 'जो भाजन सब जगतकौ' આખી દુનિયાના અનંત પરમાણુઓ અને અનંત આત્માઓ, એનું એ ભાજન છે. ઓલું પેટ કહ્યું'તું ને એનું એ ભાજન—રહેવાનું સ્થાન છે. पात्रके समान आधारभूत है લ્યો!

सोई दरब आकाश, એને આકાશ નામનો અરૂપી પદાર્થ ભગવાન અનાદિ અનંત વર્ણવે છે. એ બધાને જાણવાનો સ્વભાવ જીવ ભગવાન આત્માનો છે. એ પોતે હોય તો, આ છે એમ જાણી શકે છે. સમજાણું કાંઈ? अवगाहना आकाशका परम धर्म है. નોટ કરી છે ને આમાં! આકાશ નામનો અરૂપી પદાર્થ છે એમાં અવગાહવું એટલે બીજા જીવો, જડ એમાં આવે. એને આવે એને રહેવાનું સ્થાન દેવાનો આકાશનો સ્વભાવ છે. 'सो आकाश द्रव्य अन्य द्रव्योंको अवकाश दिये हुए है।' અન્ય દ્રવ્ય કો તો અવકાશ દિયે હુએ હૈ હી. એમ કે વળી નવું દેવું છે એમ નથી और अपनेको भी अवकाश दिये हुए है. આકાશ, આકાશમેં હૈ, આકાશ કિસમેં? આકાશ અરૂપી પોતે પોતામાં છે.

'जैसे ज्ञान जीवका परम धर्म है' સ્વભાવ આત્માનો જાણવું. ચૈતન્યપ્રકાશબિંબ ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ આત્મા, એ એનો સ્વભાવ છે. એ સ્વભાવ, 'सो जीव अन्य द्रव्योंको जानता है और अपनेको भी जानता है।' પોતાને જાણે. આકાશ બીજાને જગ્યા આપે અને પોતે પોતાને આપે. આહાહા! ભારે વાત! એમ આત્મા પર પદાર્થ શરીર, વાણી, મન, બીજા આત્મા—બધાને જાણે, એમ પોતાને પણ જાણે. જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચેતન દ્રવ્ય છું. એ દાખલો આપ્યો છે. આકાશને આધાર કોણ? કે ઈ પોતે. એમ આત્મામાં જ્ઞાનનું કારણ કોણ? કહે, જ્ઞાનનું કારણ પોતે. પોતે પોતાથી જાણે. સો જીવ અન્ય જીવકો જાનતા હૈ ઔર અપનેકો ભી જાનતા હૈ.

કાળ દ્રવ્ય—એક જગતમાં કાળ નામના અણુઓ સૂક્ષ્મ અરૂપી છે. તે જડ ને ચૈતન્ય બદલે છે, રૂપાંતર થાય છે, એમાં એ નિમિત્ત છે. ઓલું (ધર્મદ્રવ્ય) ગતિમાં નિમિત્ત, ઓલું (અધર્મદ્રવ્ય) સ્થિતિમાં નિમિત્ત. આ રૂપાંતરમાં નિમિત્ત. આ પરમાણુ બદલે છે ને

ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે હાલત. એમ જીવમાં પણ વિચારની ધારા આદિ અનેક (અવસ્થા) બદલે છે. એ બદલવાનું ઉપાદાન પોતે છે પણ એક બીજું દ્રવ્ય એનું નિમિત્ત છે. સ્વ હોય તે પરથી હોય? (નહિ)

કાળદ્રવ્યનું લક્ષણ (દોહરા)

**जो नवकरि जीरन करै, सकल वस्तुथिति ठानि।**
**परावर्त वर्तन धरै, कालदरब सो जानि॥२५॥**

શબ્દાર્થ :–નવ=નવીન. જીરન(જીર્ણ)=જૂનું.

**અર્થ :–જે વસ્તુનો નાશ ન કરતાં, સર્વ પદાર્થોની નવીન હાલતો પ્રગટ થવામાં અને પૂર્વ પર્યાયોના નાશ પામવામાં નિમિત્તકારણ છે, એવા વર્તના લક્ષણનું ધારક કાળદ્રવ્ય છે. ૨૫.**

નોટ :–કાળદ્રવ્યનો પરમ ધર્મ વર્તના છે, તેથી તે અન્ય દ્રવ્યોની પર્યાયોનું (પરિ)વર્તન કરે છે અને પોતાની પણ પર્યાયો પલટે છે.

**अर्थ** :–जो वस्तुका नाश न करके सम्पूर्ण पदार्थोंकी नवीन हालतोंके प्रगट होने और पूर्व पर्यायोंके लय होनेमें निमित्तकारण है, ऐसा वर्तना लक्षणका धारक काल द्रव्य है॥२५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે કે 'नवकरि जीरन'. જડ અને ચૈતન્યની અવસ્થા પુરાણી હોય, એને જૂનીને નાશ કરી નવી કરે. નવી અવસ્થા બદલે છે ને ક્ષણે ક્ષણે. આની આ પરમાણુની પહેલી અવસ્થા રોટલી દાળભાતની, પછી આ અવસ્થા લોહીની થઈ. લોહીની પછી રાખની થશે, પછી ઘઉં થાશે, વળી લોટ થાશે. રજકણ તો કાયમ રહે છે પણ અવસ્થા બદલે છે. એ અવસ્થા બદલવામાં કાળ નામનો અરૂપી એક દ્રવ્ય છે, તે બદલવામાં નિમિત્ત છે. ભાષા એમ છે કે 'नवकरि जीरन करै' (શ્રોતા : કરે) કરૈનો અર્થ પોતે આત્મા ને જડ, જૂની ટળીને નવી અવસ્થા ઉપજે છે. એ કર્તા થઈને બદલે છે ત્યારે કાળ નામનું દ્રવ્ય ઉદાસીન નિમિત્ત કારણ છે. આવો જગતના પદાર્થનો સ્વભાવ છે આહાહા! ધર્મ અને અધર્મ ને એ તો સર્વજ્ઞ સિવાય કોઈએ જાણ્યું નથી. સમજાણું કાંઈ?

नवकरि जीरन करै, जीरन जीरन કરે. 'सकल वस्तुथिति. पदार्थोंकी नवीन हालतोंके प्रगट होने और पूर्व पर्यायोंके लय होने', પૂર્વ અવસ્થા બદલી જાય....નવી અવસ્થા થાય. (વસ્તુ) ધ્રુવપણે કાયમ રહે. નિમિત્ત કારણ છે. 'ऐसा वर्तना लक्षणका धारक कालद्रव्य है।' લ્યો...એને ય ઓલા આકાશની પેઠે નાખ્યું. कालद्रव्यका परम धर्म वर्तना है. પોતાનો સ્વભાવ બીજા વર્તે, એને નિમિત્તરૂપે થાય. 'सो वह अन्य द्रव्योंकी पर्यायोंका

वर्तन करता है और अपनी भी पर्यायें पलटता है! કાળ પણ બદલે છે અરૂપી. ઝીણી વાત છે બહુ.

અસંખ્ય કાલાણુઓ ચૌદ બ્રહ્માંડની અંદર છે. અરૂપી છે, અનંતગુણનો પિંડ છે. અનંતી એક એક ગુણની પર્યાય થયા કરે છે. એવું કાળદ્રવ્ય પોતે પણ પોતાના બદલવામાં કારણ છે. બીજાને બદલવામાં કારણ છે અને પોતે પણ બદલે છે, તેમાં પોતે કારણ છે. જુઓ આવો સ્વભાવ છે આ. એ આનું જ્ઞાન કરે યથાર્થ, તે અનુભવમાં એને નિમિત્ત કહેવાય. વાસ્તવિક સત્ય છે ઈ. સત્‌નું જ્ઞાન સત્‌રૂપે થાય તો ઈ આત્મા, એ બધાનો જાણનાર છે. એવું એના સ્વરૂપમાં દૃષ્ટિ કરતા એને આત્માનો અનુભવ થાય, એને સમ્યગ્દર્શન થાય. આવા દ્રવ્યના સ્વભાવની ખબર ન હોય અને એકલો આત્માનો અનુભવ થઈ જાય, એમ ન હોય એમ કહે છે. કારણ કે એનો સ્વભાવ જ એવો છે કે એક સમયનું જ્ઞાન જગતના બધા પદાર્થોને જાણે ત્યારે પદાર્થ છે, એ પ્રમાણે જાણે. નથી એમ જો માને તો જ્ઞાનમાં બધાને જાણવાની તાકાતનું જ્ઞાન. પોતાનું જ્ઞાનેય ન રહ્યું સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ!

હવે આવ્યો, હવે આવ્યો આત્મા પાછો. ઓલું દ્રવ્યમાં જીવદ્રવ્ય હતું. હવે નવતત્ત્વમાં આત્મપદાર્થ. 'नवपदार्थोंका ज्ञान अनुभवके लिए कारण है अतः उनका विवेचन किया जाता है' હવે જીવનું વર્ણન. ઓલું જીવદ્રવ્યનું વર્ણન હતું. આ જીવતત્ત્વ એમ કહીને નવ ભાગ પાડવા છે ને. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. બહુ સૂક્ષ્મ વાત છે હવે આ.

નવ પદાર્થોનું જ્ઞાન અનુભવનું કારણ છે તેથી તેમનું વિવેચન કરવામાં આવે છે.
જીવનું વર્ણન (દોહરા)

**समता रमता उरधता, ग्यायकता सुखभास।**
**वेदकता चैतन्यता, ए सब जीवविलास॥२६॥**

શબ્દાર્થ :–સમતા=રાગ–દ્વેષ રહિત વીતરાગભાવ. રમતા=લીન રહેવું તે. ઉરધતા(ઊર્ધ્વતા)=ઉપર જવાનો સ્વભાવ. ગ્યાકતા=જાણપણું. વેદકતા=સ્વાદ લેવો તે.

અર્થ :–વીતરાગભાવમાં લીન થવું, ઊર્ધ્વગમન, જ્ઞાયકસ્વભાવ, સહજ સુખનો સંભોગ, સુખ–દુ:ખનો સ્વાદ ને ચૈતન્યપણું–એ બધા જીવના પોતાના ગુણ છે. ૨૬

**अर्थ** :–वीतरागभावमें लीन होना, ऊर्ध्वगमन, ज्ञायकस्वभाव, साहजिक सुखका सम्भोग, सुख-दुःखका स्वाद और चैतन्यता–ये सब जीवके निजगुण हैं॥२६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભગવાન આત્માનો વિલાસ એ છે કે समता–રાગદ્વેષ રહિત વીતરાગ ભાવ. આહાહા! લ્યો. શું કીધું ઈ? એનો સ્વભાવ જ એવો છે કે રાગદ્વેષ રહિત સ્વરૂપમાં લીન થવું, એવો જ એનો સ્વભાવ છે. આપણે આનો અર્થ કરી ને પછી શ્રીમદ્‌માંથી લઈએ. ભાષા એવી લીધી છે અહીં. समता–વીતરાગભાવમેં લીન હોના એનો સ્વભાવ છે. વિકારમાં લીન હોના, એનો સ્વભાવ નથી. શુદ્ધ ઉપયોગ જેનો સ્વભાવ છે. આવે છે ને અલિંગગ્રહણમાં! પુણ્ય-પાપના ભાવો વિકલ્પ છે, ઈ આત્માનો સ્વભાવ નથી. એ તો વિકાર વિભાવ છે, દોષ છે. આહાહા! ભગવાન આત્મા શુદ્ધ, રાગ અને પુણ્યના વિકલ્પથી રહિત શુદ્ધ, જેનો સ્વભાવ છે. એ શુદ્ધ સ્વભાવમાં એકાકાર થવું, એવો એનો સ્વભાવ છે. સમતાની ઈ વ્યાખ્યા કરી.

હવે આમાં (શ્રીમદ્‌માં) સમતાની બીજી વ્યાખ્યા છે. શ્રીમદ્ પોતે આ ગાથાનો અર્થ કરે છે. ઈ એમાં નહિ મળે. ૨૭૪મો પત્ર છે. ૨૬મું વર્ષ છે. 'समता-रमता उरधता ग्यायकता सुखभास, वेदकता चैतन्यता ए सब जीव विलास' શ્રી તીર્થંકર એમ કહે છે કે પોતે અર્થ કરે છે શ્રીમદ્ પોતે. શ્રી તીર્થંકર સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે કે આ જગતમાં આ જીવ નામના પદાર્થને, ભગવાન આત્મા નામના તત્ત્વને ગમે તે પ્રકારે કહ્યો હોય તે પ્રકાર તેની સ્થિતિમાં હો. તેને વિશે અમારું ઉદાસીનપણું છે. એમાં છે કે નહિ, એ અમારું કામ નથી. વસ્તુ છે ઈ અમે હવે કહેશું.

જે પ્રકારે નિરાબાધપણેથી જીવ નામનો પદાર્થ અમે જાણ્યો છે. સર્વજ્ઞ તીર્થંકર કહે કે જે પ્રકારે નિરાબાધપણે–બાધા વિઘ્ન વિના જેવું સ્વરૂપ છે, એવું અમે અમારા જ્ઞાનમાં ત્રણકાળનું જ્ઞાન થતાં એ જીવનો પદાર્થ અમે જાણ્યો છે. તે જીવ નામનો પદાર્થ અમે જાણ્યો છે. સર્વજ્ઞ તીર્થંકર કહે છે, તે પ્રકારે કરી અમે પ્રગટ કર્યો છે, તે પ્રકારે કહી તે અમે પ્રગટ કર્યો છે. આવો ભગવાન અંદર આત્મા છે. જે લક્ષણે કહ્યો તે સર્વ પ્રકારના બાધા કરી રહિત એવો કહ્યો છે. જે લક્ષણ કહીશું, ઈ કોઈપણ જાતની પ્રતિકૂળતા ને વિઘ્ન વિના પોતે છે, એમ કહે છે. અમે તે આત્મા એવો જાણ્યો છે. અમે તે આત્મા એવો જાણ્યો છે, જોયો છે, સ્પષ્ટ અનુભવ્યો છે. પ્રગટ તે જ અમે આત્મા છીએ. અનંત આનંદ, જ્ઞાન આદિ અમે આત્મા છીએ.

જુઓ, હવે સમતાની વ્યાખ્યા કરે છે. હજી તે આત્મા સમતા નામના લક્ષણે યુક્ત છે. છે ને પહેલો સમતા બોલ (શ્રોતા : પહેલો બોલ) સમતા નામના લક્ષણે સહિત છે. હવે સમતાની વ્યાખ્યા. આહાહા! વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્ય સ્થિતિ, જુઓ અહીં હવે આખો પ્રદેશ નાખ્યો છે. અસંખ્ય પ્રદેશ છે એના. સાંકળીને જેમ હજાર

મકોડા હોય ને છતાં સાંકળી તો એક છે, ઓલા મકોડા ભિન્ન ભિન્ન. એમ પ્રદેશ એક પરમાણુ જેટલી જગ્યાને રોકે ઈ જગ્યાને પ્રદેશ કહે, એવું અસંખ્ય પ્રદેશ ભગવાન આત્મા છે. એક કીડીમાં જાય તો સંકોચાઈ જાય, હાથીમાં જાય તો વિકાસ પામે છે. (છે) તો એટલો ને એટલો પણ સંકોચ વિકાસ થાય. આત્મા તો એનો એ છે. કીડીમાં જાય તો સંકોચાઈ જાય. ઓલા પ્રદેશ છે ને જેમ સોનાની સાંકળી છે. મોટા માણસના ડોકમાં નાખે તો પહોળા કડા કરવા પડે. નાનામાં નાખે તો ઝાઝા. છે તો ઈ ને ઈ એટલી ને એટલી. કડા સમજેને? સળીયું, સળીયું.

કહે છે કે વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશ સ્વરૂપ ચૈતન્ય સ્થિતિ તે આત્માની છે તે, તે પહેલાના એક, બે, ત્રણ, ચાર, ગયે કોઈ પણ સમય જુઓ તો તે તેવો જ છે. પહેલાના સમય બે, ત્રણ, ચાર, અનંતકાળ પહેલા. અસંખ્ય પ્રદેશી ચૈતન્ય સ્થિતિ અત્યારે જે છે, તે અનંતકાળથી છે. સંખ્યાત, અનંત સમયે હતી. જુઓ આનું નામ સમતા કહે છે. વર્તમાન એવી છે અસંખ્ય પ્રદેશી વસ્તુ, એવીને એવી પહેલા સમયે, બીજા સમયે, અનંત સમયથી અત્યાર સુધી એમને એમ છે.

હવે પછીના કાળના વિશે પણ તે પ્રકારે તેની સ્થિતિ છે. એવો ને એવો ભગવાન વર્ણ, રસ, ગંધ, સ્પર્શ વિનાનો, એકરૂપ રહેવું. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. અસંખ્ય જેવો પ્રદેશ એનો સ્વભાવ આનંદકંદ છે. સ્વભાવ ને ક્ષેત્રે તે સ્થિતિ છે. કોઈ પણ કાળે તેનો અસંખ્યાત પ્રદેશપણું, ચૈતન્યરૂપ. જુઓ, આટલા વિશેષણ આપ્યા એના અસંખ્ય પ્રદેશ છે. કોઈ વખતે ઓછા વત્તા થતા નથી. એક વાત, ક્યાંથી નાંખ્યું જોયું? સર્વજ્ઞથી. બીજાથી જુદું તત્ત્વ જાણ્યું છે ભગવાને, એ આવું તત્ત્વ છે.

અસંખ્ય પ્રદેશ છે. આ તો બધી અરૂપી ભિન્ન ભગવાન છે. જેમ પાણીના કળશામાં પાણી જુદું છે, કળશો જુદો છે. એમ આ (દેહ) કળશો છે કાશીઘાટનો છે. એમા આ અરૂપી ભગવાન જુદો છે એનો આકાર. આહાહા! કળશો હોય છે ને કળશો! એનો આકાર હોય છે ને! એવો જ આકાર પાણીનો, પણ બેયનો જુદો. પાણીનો આકાર પાણીને લઈને, કળશાનો આકાર કળશાને લઈને. એમ લોટાનો આકાર. શરીરનો આકાર શરીરને લઈને અને આત્માનો અરૂપી આકાર પોતાનો લઈને. બેય જુદી જુદી ચીજ છે. આહાહા!

અસંખ્ય પ્રદેશાત્મક, એક વાત. ચૈતન્યપણું, ચૈતન્યપણું પણ એવું ને એવું ગયા સમયે, વર્તમાન ને ભવિષ્યે એમ ને એમ રહેશે. અરૂપીપણું, અરૂપી તો ભૂતકાળે પણ અરૂપી હતો, અત્યારે અરૂપી છે અને ભવિષ્ય પણ એમને એમ રહેશે. એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી. ભાષા વાપરી જુઓ! એવો જે ભગવાન આત્મા ક્ષેત્રથી

અસંખ્ય પ્રદેશ, ગુણેથી અનંતરૂપ, કાળથી એવો ને એવો અનંતકાળથી ત્રિકાળ એવો ને એવો રહેશે. એવા સમસ્ત સ્વભાવ એ છૂટવા ઘટતા નથી. એવું જે સમપણું, પંડિતજી! એવું જે સમપણું, આ સમતાની વ્યાખ્યા કરી. સમ+તા શબ્દ છે ને, સમપણું એમ લીધું. તા શબ્દ છે ને समता એટલે સમ્ પણું–સરખાપણું એમ લીધું. અસંખ્યપ્રદેશી, અનંતગુણ સંપન્ન ચૈતન્ય, અરૂપી–આદિ જેના એવા ભાવ છે, છે, એમ ને એમ સમપણે ભૂતે, વર્તમાને અને ભવિષ્યે. એવો ભગવાન આત્મા, તેને સમપણું–સમતા તે જેનામાં લક્ષણ છે, તે જીવ છે. આવું જેનું લક્ષણ એને જીવ કહેવામાં આવે છે. જુદી જાતની ભાષા કરી દેખો.

એક તો અસંખ્ય પ્રદેશ સિદ્ધ કર્યા. ચૈતન્યપણું સિદ્ધ કર્યું. અરૂપીપણું એ આદિ અનંત સ્વભાવ એના છે. એ બધા ભૂતકાળે હતા, અત્યારે છે ને ભવિષ્યમાં એમ ને એમ રહેશે. ત્રિકાળપણે એકપણે રહેવું એનું નામ સમપણું. જીવનું લક્ષણ સમતા કહીને કહેવામાં આવ્યું છે. સમતા એમ શબ્દ છે? ને સમપણું એટલે જોર આપ્યું સમ ઉપર. ભાઈ! એટલું સમજાય છે?

અહીં સમતાનો અર્થ કર્યો છે. એમ સમતા શબ્દ છે ને સમપણું, સમતામાંથી સમપણું કાઢીને આવે છે. વજુભાઈ! સમતા એમ કરીને જુદું પાડીને સમજાવ્યું. સમપણું સમતા એમ ભેગું નહીં પણ સમપણું....શું કીધું? એ સાટું તો અર્થ કીધો છે અહીંયા. સમતામાંથી સમપણું કેમ કાઢ્યું? સમતા કેમ ન લીધી? સમપણું કાઢ્યું એમાં. એવું જેનું સ્વરૂપ છે એવું જેનું લક્ષણ છે. સમજાણું? એ સમતાની વ્યાખ્યા થઈ.

હવે 'રમતા.' (શ્રોતા : ચૈતન્યઘન એવું કાઢ્યું શેમાંથી?) કાઢ્યું એમાંથી. સમપણું નામ સરખાપણું. એ સરખાપણું ક્ષેત્રથી, ગુણથી, કાળથી સરખાપણું કાઢ્યું એમાંથી. એમ (શ્રોતા : ક્ષેત્રમાં લાગુ પાડી દીધું) ક્ષેત્રમાં લાગુ પાડી દીધું. એય વજુભાઈ! ક્ષયોપશમ શ્રીમદ્નો ઘણો હતો બહુ ક્ષયોપશમ. એ વખતે તે ક્ષયોપશમવાળો એ એક જ પુરૂષ હતો. પણ ગૃહસ્થાશ્રમમાં (હતા) એટલે એની બહુ કિંમત થઈ નહીં. ઓલો બાહ્ય ત્યાગ નહીં. લોકોને બાહ્ય ત્યાગની મહિમા છે. તત્ત્વની બહુ મહિમા નથી ને. બાયડી છોકરાં છોડે ત્યારે, હા, આ બાવો થઈને ત્યાગી થયો. ધૂળેય નથી સાંભળને! અંદર ભાન વિનાના બાવા થાય, એ બુદ્ધિ વિનાના બાવા છે.

'સમતા' મારું તો એમ કહેવું છે. (શ્રોતા : સમપણું) સમતા એટલે આખી સમતા શબ્દ ન લેતા. સમ+તા લીધું છે ને! રમ+તા, ઉર્ધ્વ+તા, જ્ઞાયક+તા એમ લીધું છે ને. એય દેવાનુપ્રિયા! લ્યો, એ ઠીક આવ્યું. આ કાઢ્યું આમાંથી.....જીવનું આ લક્ષણ અનાદિ અનંત છે, કહે છે. જીવ વસ્તુ છે પદાર્થ અસંખ્ય પ્રદેશી, એ એમને એમ છે, ભૂતકાળે,

વર્તમાને ને ભવિષ્યે. ચૈતન્યપણું એ મૂળ, ભાવ ચૈતન્યપણું અરૂપી, એના ભાવ, ક્ષેત્ર અને ભાવ જેવા છે એવા ગતકાળે, વર્તમાન ને ભવિષ્યકાળે એમાં કાળ આવ્યો, દ્રવ્ય આવ્યું, ભાવ આવ્યો, ક્ષેત્ર આવ્યો, બધું આવ્યું. સમજાણું કાંઈ? એય ચેતનજી! કાગળ તો તમે વાંચ્યો તો કેટલીય વાર. (શ્રોતા : બીજી રીતે) રામજીભાઈએ ખુલાસો કર્યો.

તીર્થંકર એમ કહે છે કે, જો ને એમ કહે છે, લખ્યું છે ને? સર્વજ્ઞ પરમાત્માને આમ કહેવું છે કે સમપણું જેનું લક્ષણ છે. એક જ પ્રકારે તે ગુણો, ક્ષેત્ર અને કાળથી એવો ને એવો છે તે પણ કેવા ગુણો? ગુણમાં લીધું. બાકી તો બીજું બીજામાંય હોય. ચૈતન્યપણું, અરૂપીપણું એવા ભાવ અને ક્ષેત્ર અને વસ્તુ ત્રિકાળી એકરૂપ છે. એને અહીંયા તીર્થંકરે જીવનું સમલક્ષણ કહેવામાં સમતાપણું કહ્યું છે. સમજાણું કાંઈ? એય, તમારા બાપુ શ્રીમદ્‌નું બહુ વાંચતા ચીમનભાઈ! વાંચતા ખરા શ્રીમદ્‌નું, પ્રેમ બહુ હતો. નવ્વાણુમાં આવ્યા ત્યારે એમ ઓળખાતા'તા, આ શ્રીમદ્‌ના ભગત છે. કેમ્પ ડેલામાં રહેતા ને ઓલી કોર આઘે રહેતા. ૯૯મા આવ્યા'તાને પહેલા-વહેલા. કહે, કોણ છે હિંમતભાઈ? એ શ્રીમદ્‌ના ભગત છે, એમ કહેતા. એ વખતે કંઈ ઓળખાણ નહિ. ઓઘે ઓઘે છે. (શ્રોતા : ઓઘે ઓઘે ઓઘે ઓઘે)

આવો ભગવાન આત્મા! તો કોઈ કહે, પરમાણુય એવો છે. અહીં તો અસંખ્ય પ્રદેશી ને ક્ષેત્રથી સમભાવ સરખો કરવો છે. (શ્રોતા : ચૈતન્ય લેવો છે.) ચૈતન્ય લેવો છે ને. ચૈતન્ય અસંખ્ય પ્રદેશી છે એના. અને એમણે પણ ઓલામાં એમ લખ્યું છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે ને. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યયઘન, સ્વયંજ્યોતિ સુખધામ, બીજુ કહીએ કેટલું કર વિચાર તો પામ.' ભગવાન આત્મા શુદ્ધ પવિત્રનું ધામ છે. શુદ્ધ બુદ્ધ છે, જ્ઞાનનો દરિયો છે, જ્ઞાયક છે જ્ઞાયક. આ ચેતનતા લીધી ને ચેતન્યપણું. જ્ઞાયકપણું હવે આગળ આવશે. એ પોતે જ્ઞાન સ્વભાવવાળું તત્ત્વ છે. અને ચૈતન્યઘન છે, એ ત્રીજો બોલ એમ છે. અસંખ્ય પ્રદેશ કર્યા છે અર્થમાં ઘન છે ઈ. અસંખ્યપ્રદેશી વસ્તુ છે.

શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ—પોતે પોતાને પ્રકાશે એવી જ્યોતિ છે. એના પ્રકાશ માટે બીજાની જરૂર નથી. સ્વયંજ્યોતિ અને સુખધામ એ આનંદનું સ્થાન છે, એ આત્મા. અતીન્દ્રિય આનંદનું સ્થાન આત્મા છે. અનંત સુખધામ એ છે. બીજામાં કાંઈ સુખ બુખ ધૂળમાંય નથી. આ પૈસા બૈસામાં સુખ નથી. બાયડીમાં સુખ નથી, એમ કહે છે. કલ્પના કરીને, ઉભું કરીને માન્યું છે માળે મૂર્ખ મૂર્ખાઈથી. સુખનું ધામ છે આગળ કહેશે. સુખધામ કહેશે. સમજાણું કાંઈ?

બનારસીદાસે કરેલા શબ્દાર્થ શબ્દો, એના અર્થ પોતે (શ્રીમદ્) કરે છે. એવો અર્થ એમાં ક્યાં છે? એ તો શબ્દો લખ્યા છે ભાઈ બનારસીદાસે, પણ એનો ધ્વનિ થઈ ગયો

સમતાપણું. સમ+તા એમ લીધું છે. ત્રિકાળપણે રહે સરખું એ. એ રીતે વીતરાગભાવમાં લીન છે, એ તો અમુક વખતે લીન થાય. સમજાણું કાંઈ? એ જેનામાં લક્ષણ છે તે જીવ છે, એને આત્મા કહેવામાં આવે છે. બીજો 'રમતા', वीतरागभावमें लीन होना ઈ રમતાનો અર્થ થ્યો. આમાં 'रमता'–લીન રહેના. એ બે ભેગું કરી નાખ્યું. વીતરાગભાવમેં લીન હોના એમ. પણ 'રમતા' રમવાપણું એમ કાઢ્યું એમાંથી. એ દેવાનુપ્રિયા! એ બે એકપણું કરી નાંખ્યું, એણે બે ભેગા કરી નાખ્યા. પણ અહીં તો સમતાપણું, સમપણું, રમપણું, રમવાપણું, (શ્રોતા : બેને જુદા જુદા) બે જુદા કરી નાખ્યા. જુદા છે ને એમાં બે? બહુ સરસ અર્થ કર્યો.

કહે છે કે બીજું રમતાની વ્યાખ્યા હવે. ભગવાન આત્મા રમતા, રમણપણું એમાં છે રમણપણું. 'તા' એટલે રમણપણું. રમ+તા એટલે રમણપણું. લીનતા નહિ પણ રમણપણું. શું રમણપણું? પશુ, પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે...પશુ હોય, પક્ષી હોય ગાય, મનુષ્યાદિ દેહને વિષે, એમ વૃક્ષાદિ દેહને વિષે, વૃક્ષાદિ એકેન્દ્રિય વનસ્પતિ આદિ એ પણ જીવ છે, અંદર. જે કંઈ રમણીયપણું જણાય છે. જુઓ, અહીં રમણીયપણું 'રમતા,' રમતા એટલે રમણપણું એમ કાઢ્યું એમાંથી. એ દેવાનુપ્રિયા! આ સાચું છે આ? ઓલો ટૂંકો અર્થ કર્યો છે. અહીં તો રમણતા, રમતા, રમણપણું, એમ કહેવું છે 'તા'માંથી 'પણું' કાઢ્યું. જુઓ ને, અર્થ કર્યો કેવો! સમજાણું?

ઓલામાં સમપણું કાઢ્યું. સમતા–સમપણું, રમતા–રમણપણું. જે કાંઈ રમણીયપણું જણાય છે. આ શરીરની અંદર જુદું તત્ત્વ, રમણીય જણાય છે. ચાહે એકેન્દ્રિયમાં હો, પંચેન્દ્રિયમાં હો, કીડીમાં હો, કાગડામાં હો, આત્મા જે અંદર છે એ તો રમણીયપણું જણાય છે. અથવા જેના વડે તે સર્વ પ્રગટ સ્ફૂર્તિવાળા જણાય છે એના વડે સ્ફૂર્તિવાળા, મડદાને આમ એવા નથી આમ સ્ફૂર્તિવાળા જણાય છે બધા. એવો જે અંદર રમણપણાનો સ્વભાવ. આહાહા! પ્રગટ સુંદરપણા સમેત લાગે છે. સર્વ પ્રગટ સ્ફૂર્તિવાળા જણાય છે. જેના પ્રગટ સુંદરપણા સમેત છે. સુંદરપણું એનું છે. તે રમણીયપણું છે. જોયું? રમવું, રમણીયપણું સુંદરપણા સમેત છે. સુંદરપણા સમેત છે. આહાહા! રમતા તે લક્ષણ છે તેનું લ્યો. રમતા જે લક્ષણ જેનું. રમણપણું જેનું લક્ષણ છે એનું. એવો આ આત્મા. આહાહા!

તે જીવ નામનો પદાર્થ છે. જેના વિદ્યમાનપણા વિના ભગવાન આત્માની હૈયાતી ન હોય તો આખું જગત શૂન્યવત્ સંભવે છે. પ્રકાશનો પ્રકાશ છે ભગવાન આત્મા જેની હયાતી વિના આખું જગત શૂન્ય, શૂન્ય, શૂન્ય મડદાં દેખાય છે. એવો એ આત્મા રમણીયપણું છે. કહો સમજાણું કાંઈ? જોવો આવો અર્થ પહેલા નથી થયો પહેલાં ક્યાં આમાં?? આ તો ગાથા આવી એટલે જરી અહીં (વાંચ્યું) આવે ત્યારે કહેવાયને. ક્યાં

પેલામાં આવે એમાં જે હોય ભાવ એનો વિસ્તાર થાય સમજાણું કાંઈ? જેના વિદ્યમાનપણા વિના, જેની હૈયાતી ભગવાન આત્માની હૈયાતી વિના આખું જગત શૂન્યવત્ સંભવે. એવું રમ્યપણું રમતા, રમતા નહિ પણ રમ્યપણું એમ. સમતા એટલે સમપણું, સમપણું એમ કાઢ્યું, સમજાણું કાંઈ?

બહુ ગંભીરતા શ્રીમદ્‌ના અંતરમાં ક્ષયોપશમની ઘણી. શબ્દમાંથી કેવા ભાવ કાઢવા એ પણ એની શક્તિ બીજી. લોકોએ એને બહારથી કલ્પી લીધા. કાં એની બહારથી એની ભક્તિ કરી એમાં મુક્તિ, એમ માને છે. ભક્તિ કરે એમાં શું? (એ તો) પુણ્ય છે. આ એની સામું જોઈને મુક્તિ થાતી હશે? એમણે તો ઈ કહ્યું છે કે તું તારા સામું જો, આવ્યું નહિ આપણે સ્વદ્રવ્યમાં? સ્વદ્રવ્યની રક્ષા કર એમ કહ્યું છે. એય! (શ્રોતા : પણ નાની ઉંમરના હતા.) નાની ઉંમરમાં થયા એટલે શું? જે છે ઈ છે. કહ્યું સાચું. સ્વદ્રવ્યની રક્ષા કર. ભગવાન આત્મા સ્વતત્ત્વ છે એની રક્ષા કર. રાગ, પુણ્ય, બંધ છોડી દે લક્ષમાંથી. એ કાંઈ તારી ચીજ છે નહિ. જુઓ સ્વદ્રવ્યની રક્ષા કર.

સ્વદ્રવ્યનો ધારક થા. સ્વદ્રવ્યનો વ્યાપક થા. સ્વદ્રવ્ય આત્મા આવો છે, એમાં વ્યાપક એમાં જા, પ્રસરી જા. પુણ્ય–પાપમાં પ્રસર્યો છે એ અજ્ઞાનતા છે, મૂર્ખતા છે, એમ કહે છે. આહાહા! એવો ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ! એમાં તું જા, વ્યાપક થા, એમાં પ્રસર, ફેલાવ, એમાં અંદરમાં જા ને ફેલાવ કર. પુણ્ય ને પાપ અને વિકલ્પ ને આ દેહ–એ તો બધા પર છે, જડ છે. એમાં તું વિસ્તાર ક્યાં કરવા ગયો? આહાહા! એવું છે સ્વદ્રવ્ય. રક્ષક વ્યાપક. પછી સ્વદ્રવ્યનું ધારક, ચોથો બોલ ધારક. સ્વદ્રવ્યને ધાર. આ હું છું ને પુણ્ય હું છું એને મૂકી દે, ઈ તારી ચીજ નથી પંડિતજી! એ અમદાવાદમાં કર્યો હતો અર્થ પહેલો વહેલો થોડો થોડો...લોકો ત્યાં સભા મોટી હતી. હમણાં જઈ આવ્યા ને પહેલું વહેલું હાથમાં આવ્યું. ભારે ભાઈ! આ તો!....થોડો અર્થ કર્યો'તો...ઘણાં માણસો ત્યાં સાંભળતા હતા. ભગત એક હતો એ પણ બોલ્યો. ભારે વાત ભાઈ આ! કહે છે વાત સાચી.

અમારી ભક્તિ કરશો તો તારું રક્ષણ થાશે, ત્યાં એમ આવ્યું છે? અમને ધાર. ત્યાં તો છેલ્લું એમ આવ્યું છે, પર દ્રવ્યનું રક્ષકપણું ત્વરાથી ત્યજી દે. પરવસ્તુ, આત્મા સિવાય પર વસ્તુની રક્ષા ત્વરાથી છોડી દે. પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી છોડી દે. રક્ષપણું નથી લીધું, ધારકપણું લીધું. પરદ્રવ્યને ધારી રાખ્યા છે એને છોડી દે લક્ષમાંથી. પરદ્રવ્યને જે તે રમણ એમાં કર્યું છે રમણ, તે છોડી દે તત્કાલ અને પરદ્રવ્યનું ગ્રાહક પકડી રાખ્યું, એ છોડી દે. રાગાદિ હું છું તે છોડી દે કહો સમજાય છે કાંઈ? અંદર આવે ત્યારે આવે ને કાંઈ એ વિશે લક્ષ જેને ઘટે તે જીવ છે. લ્યો, આને જીવ કહ્યો છે રમતાપણું, રમ્યપણું, સુંદરતાપણું જેને લઈને બધું રમ્ય લાગે, બાકી શૂન્ય લાગે. જેને લઈને રમ્ય લાગે, બાકી

બધું શૂન્ય લાગે. જુઓને કેવો અર્થ કર્યો છે! એય હિંમતભાઈ! સમજાણું?

(શ્રોતા : એ તો બાહ્ય લક્ષણ આવ્યું?) બાહ્ય ક્યાં લક્ષણ આવ્યું? અંતર લક્ષણ છે. (શ્રોતા : શરીરનું) શરીરનું નહીં. અંદરમાં સારું લાગે છે, એ શું ચીજ છે? એમ કહે છે. બહારમાં શરીર સુંદર સુંદર....શું છે અંદર જુઓને, આ આત્મા છે તો આ શરીર આમ રહ્યું છે. (આત્મા) નીકળે તો ડોકું આમ થઈ જાય ભફ. એ તો એના કારણે છે પણ અંદર દેખાય છે. આની સ્થિતિને લઈને, પોતાની સ્થિતિને લઈને આમ છે, એ પોતાની સ્થિતિને વર્ણવે છે. એની હૈયાતી ને મૌજુદગી વર્ણવે છે ત્યાં. એને લઈને આ છે, એમ પ્રશ્ન અહીં નથી. સમજાણું? એ ધૂળેય થાતું નથી એને લઈને, આમ થઈ જાય. ઈ જુદી ચીજથી....એક તો ઈ કાર્ય એનાથી નથી થયું. આત્મા છે માટે શરીર આમ રહ્યું, એમ નહીં. પણ એના આત્માની એવી અંદર સ્થિતિ છે કે એમાં આ હોય ત્યાં સુધી એનુ આમ ન થાય. ઈ પોતાના સ્વભાવને બતાવે છે. આનો સ્વભાવ એવો એ ભિન્ન છે, સમજાણું કાંઈ? આહાહા!

એમ તો કોઈ કહે કે આ આત્મા હોય ત્યાં સુધી શરીર સડે નહિ, ઈ તો વળી જુદી, સડી જાય છે આત્મા હોય તો અંદર (શ્રોતા : પરૂ થાય) પરૂ થાય, ઈયળું પડે. આત્મા ભિન્ન અંદર વસ્તુ ભગવાન આત્મા છે અને ઈયળું પડે. કાલ કહ્યું'તું નહીં? ઓલું આર્તધ્યાન. ઈયળું પડી'તી, નીકળી'તી....એ ઈયળું....કીડા....એક વખતે કીધું ને વાવડી છે અહીં...આહાર લેવા ગયા હતા. એક દિવસ અમારે રહેવું હોય...હેઠે ઉતર્યા હતા.... પણ ગંધાય શરીર, ગધેડું સડ્યું હોય એવું ગંધાતું'તું જીવતે હોં, આ બધું બધું સડી ગયેલું, ગોપાણી હતા, વિશાશ્રીમાળી, વાવડી ઘણા વરસની વાતુ છે હોં. મોતીવાડી, મોહનભાઈ, મોહન ત્રિકમ....રસ્તામાં છે ઘરનું ઘર સામું....

જુઓ ભગવાન તો અંદર હતો. આત્મા તો છે, પણ શરીરનો સ્વભાવ એવો છે કે સડ્યો. ગધેડુ ગંધાય એવું, ગધેડું હોય ને ગધ્ધા, સડી ગયેલું. એવું ગંધાતું હતું. બૈરાએ કહ્યું, આપણે બાધા લઈએ. મહારાજ એક દિ' આવ્યા છે, કાલ તો ચાલ્યા જશે. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા......(એ ભાઈ કહે)હમણાં નહિ, હમણા નહિ.....આહાહા! ગજબ છે ને! સડી ગયેલું શરીર હોં–ગંધાય છે મીંદડું સડી ગયેલું ગંધાય. મીંદડુ સડી ગયેલું ગંધાય....

ઈ તો વળી છોડીને...છોડીને લાઠીમાં....લાઠીમાં....ઓલો ડેલો છે અંદરમાં છોડી જુવાન હો બે વરસનું પરણેતર. એનો ધણી જુની પરણી'તી તે મરી ગયેલી ને નવી પરણ્યા. પરણ્યાને માતા નીકળ્યા માતા, દાણે દાણે ઈયળું, દાણે દાણે. આત્મા તો છે. જો એમ કોઈ કહે કે આ આત્મા હોય ત્યાં સુધી સડે નહીં (શ્રોતા : આત્મા હોય ત્યાં સુધી

પડી ન જાય) ઈ જુદી વાત છે. ઈ તો બેની એકતા બતાવે છે. એની અસ્તિત્વ બતાવે છે. એનું અસ્તિત્વ છે ત્યાં સુધી આ અહીંયા પોતાના કારણે આમ રહે છે.

ભાઈ જુઓને....પાણી પીતા હતા, આમ ડોક નાખી દીધી. એમ કરે છે ને વાતું. કાંઈ નહોતું. આમ ડોકી નાખી દીધી. કાંઈ નહોતું.....અત્યારે તો બહુ હાર્ટફેલ થાય છે. હાલતા ચાલતા હાર્ટફેલ, હાર્ટફેલ. ઈ તો ઉદય ભલે હોય. એની હારે સંબંધ નથી. આ તો એક દૃષ્ટાંત દેવો છે કે આત્મા છે છતાં શરીરમાં ઈયળું પડે, સડી જાય, એટલું સિદ્ધ કરવું છે. વળી અંદરમાં તેજી અને સ્ફૂર્તિ છે ઈ આત્માની છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઈ રમ્યપણું કહ્યું. ત્રીજો બોલ 'ઉર્ધ્વતા' ત્રીજો બોલ ઉર્ધ્વતા છે ને. અહીંયા ઉર્ધ્વતાનો અર્થ એટલો ઉર્ધ્વગમન, એટલો સાધારણ અર્થ કર્યો છે. આ ઉર્ધ્વતાની વ્યાખ્યા જુઓ.

ભગવાન આત્માનો ઉર્ધ્વ સ્વભાવ. આ તો કાયમનો સ્વભાવ. ઓલો તો અમુક વખતે થાય. ઉર્ધ્વગમન ને એ પણ પાછું એક સમય....અહીં ઉર્ધ્વતા કહ્યું છે ને ઉર્ધ્વપણું. ઉર્ધ્વ ક્ષેત્ર ત્યાં નહિ, ઉર્ધ્વપણું તેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? બનારસીદાસકી કડી હૈ ને ઉર્ધ્વતા. એનો અર્થ કોઈપણ જાણનાર ક્યારેય પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે, એમ બનવા યોગ્ય નથી. ભાષા જુઓ. ભગવાન ચૈતન્યનું વિદ્યમાનપણું ન હોય અને બીજો પદાર્થ જણાય, કોને જણાય? કોઈપણ જાણનાર લીધો હવે, એક વાત. ક્યારેય પણ એટલે કોઈ કાળે. કોઈ પણ પદાર્થને, સામે પદાર્થ લીધા. પોતાના વિદ્યમાનપણે. પોતે નથી એમાં જણાય? નથી એમાં જણાય શું? અવિદ્યમાનપણે જાણે, એમ બનવા યોગ્ય નથી.

પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે. કોઈ પણ ચીજ જાણવામાં પોતાની હૈયાતી ઘટે છે કે આ રાગ છે, આ શરીર છે, આ વાણી છે. એમાં વિદ્યમાનતા તો આત્માની છે. આત્મા જાણનાર છે. એને આત્માની વિદ્યમાનતા વિના જણાયું શેમાં? જુઓ ઉર્ધ્વતા, દરેક પદાર્થના જાણવા પહેલા એ જેની મુખ્યતા છે એવો ઉર્ધ્વતા સ્વભાવ જીવનો છે. આહાહા!......વિદ્યમાનપણું છે કોઈપણ આત્માનું આ કહે છે, એમ પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે. દરેકને જાણવામાં દરેક ક્ષણે, ભાઈ, આ રાગ મને થયો, આ દ્વેષ મને થયો, આ શરીર આમ થયું, ઢીંકણું આમ થયું—એ બધી ચીજોના જાણવાના કાળમાં જ્ઞાનપણા એવો આત્મા જો વિદ્યમાન ન હોય તો જણાય શેમાં? જાણનારાની મુખ્યતા બધામાં છે. સમજાણું કાંઈ? મુખ્યપણું, એમ છે ને છેલ્લું?....તે મુખ્યપણું લેવું છેને. મુખ્ય શબ્દ એમ છે. 'ઉર્ધ્વતા,' 'ઉર્ધ્વપણું' 'મુખ્યપણું' એમ.

અને કોઈપણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ

છે. ગ્રહણ–ત્યાગ. આ આવ્યું, આ ગયું, એના કાળમાં જ્ઞાન જાણે છે. આ ગયું, આ આવ્યું, એમ એટલું હોં! ગ્રહણ–ત્યાગાદિ કે ઉદાસીન....ગ્રહણના જ્ઞાનમાં, ત્યાગાદિના જ્ઞાનમાં ઉદાસીન જ્ઞાન, એમ લેવું. ગ્રહણત્યાગ કરી શકે, એ પ્રશ્ન અહીં નથી. ગ્રહણ એટલે કોઈ ચીજ આવવામાં જ્ઞાન જાણે છે કે આ આવ્યું. છૂટે તો જ્ઞાન જાણે છે કે ગયું. ઉદાસીન થયો એનાથી તો એવું જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? કોઈપણ પદાર્થનું ગ્રહણ વખતે કે ત્યાગ વખતે કે ઉદાસીન વખતે, એના જ્ઞાન થવામાં પોતે જ કારણ છે. પોતે જ્ઞાનમાં જાણનાર છે કે આ ગઈ, આ ચીજ રહી અને આ આવી, આ ગઈ. એ તો જાણનાર છે.....આવે છે ને આવે છે, જાણે છે પોતાના જ્ઞાનમાં કે આ આવ્યું એટલું જાણ્યું. પણ પોતાનું વિદ્યમાનપણું જાણ્યું છે. ગ્રહણ કર્યું નથી, છોડ્યું નથી. અને ઉદાસીન થયો, એમાં એને ઉદાસીન આમાંથી હટ્યો, એનું જ્ઞાન તો કરનાર પોતે છે. સમજાણું કાંઈ?

ગ્રહણ, ત્યાગાદિ જ્ઞાનનું પણ પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય. બીજા પદાર્થના અંગીકાર એટલે જાણવું, આ આવ્યું આદિ. તેના અલ્પ માત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય તે જ થઈ શકે, તો જ થઈ શકે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે અને દરેકમાં ગ્રહણ-ત્યાગ ઉદાસીન અને એના સંબંધે આવવું. અંગીકાર કરવો એટલે આ હું અંગીકાર કરું છું, આદરું છું. પણ આદરું છું એવું જ્ઞાન તો પોતાનું છે ને! એ થશે એવો સર્વથી પ્રથમ રહેનારો, જુઓ ભાષા! એવો સર્વથી પ્રથમ રહેનારો 'ઉર્ધ્વ' તે પદાર્થ તે જીવ છે. આનો વિશેષ ભાગ છે બાકી હોં. અત્યારે રહેવા દો. ઈ કાલ વળી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

---

અજીવનું વર્ણન

**तनता मनता वचनता, जड़ता जड़सम्मेल।**
**लघुता गुरुता गमनता, ये अजीवके खेल॥२७॥**

શબ્દાર્થ :–સમ્મેલ=બંધ, લઘુતા=હલકાપણું, ગુરુતા=ભારેપણું. ગમનતા=ગતિ કરવી તે.

અર્થ : તન, મન, વચન, અચેતનપણું, એકબીજાની સાથે મળવું, હલકા અને ભારેપણું તથા ગતિ કરવી—એ બધી પુદ્‌ગલ નામના અજીવ દ્રવ્યની પરિણતિ છે. ૨૭

**अर्थ :**–तन, मन, वचन, अचेतनता, एक-दूसरेसे मिलना, हलका और भारीपन तथा गति करना–यह सब पुद्गल नामक अजीव द्रव्यकी परिणति है॥२७॥

## પ્રવચન : ૮, રવિવાર, પોષ વદ ૧૩, તા. ૨૪-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ નં. ૨૮ થી ૩૦ પર પ્રવચન

'સમયસાર નાટક' એની ઉત્થાનિકા છે. ઉપોદ્‌ઘાત ચાલે છે. આ જીવ—અજીવ અધિકાર તો શરૂ થશે પછી. પાનું ૧૭ બોલ ૨૮ છે. ૨૭ સુધી હાલ્યું જીવ કોને કહેવો એનું વર્ણન ૨૬માં ચાલ્યું. ૨૬ અને અજીવ—આ જડ કોને કહેવું એ ૨૭માં ચાલ્યું. હવે પુણ્ય કોને કહેવું એ ૨૮માં છે.

પુણ્યનું વર્ણન

जो विशुद्धभावनि बंधै, अरु ऊरधमुख होइ।
जो सुखदायक जगतमैं, पुन्य पदारथ सोई॥२८॥

અર્થ :–જે શુભભાવોથી બંધાય છે, સ્વર્ગાદિની સન્મુખ થાય છે અને લૌકિક સુખ આપનાર છે તે પુણ્ય પદાર્થ છે. ૨૮.

**अर्थ** :–जो शुभभावोंसे बँधता है, स्वर्गादिके सन्मुख होता है और लौकिक सुखका देनेवाला है, वह पुण्य पदार्थ है॥२८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જેવો શુદ્ધ ભાવ—શુદ્ધ વિશુદ્ધ નામ શુભ ભાવ લેવો. હવે વિશુદ્ધ તો શુદ્ધના અર્થમાં પણ આવે છે. શુભના અર્થમાં પણ વિશુદ્ધભાવ આવે છે. પણ અહીં વિશુદ્ધ શબ્દે શુભ ભાવ—પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, ભગવાનનું નામ સ્મરણ એ બધો શુભ ભાવ-પુણ્ય છે. જેમાં રાગની મંદતાનો ભાવ એને અહીંયા શુભ ભાવ કહે છે, એને અહીં પુણ્ય કહે છે. વિશુદ્ધ ભાવ એટલે શુભ ભાવથી પુણ્ય બંધાય છે, એ ધર્મ નહીં. સમજાણું કાંઈ? 'विशुद्धभावनि बंधै'—રાગની મંદતા, ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, તપ એ બધો શુભ ભાવ છે, પુણ્ય ભાવ છે. એનાથી પુણ્ય બંધાય, ધર્મ નહીં. 'जो विशुद्धभावनि बंधै' એમ કહ્યું છે ને! 'अरु उरधमुख होई' આ ઉર્ધ્વમુખ—સ્વર્ગ આદિનું કારણ થાય છે ને! અહીં ઉર્ધ્વ એમ કહ્યું છે આ ઉર્ધ્વ. પાપ અધોમુખ ગણ્યું છે, નરક આદિમાં જવાનું કારણ. અને પુણ્ય છે ઉર્ધ્વ સ્વર્ગાદિ કે આ રાજા શેઠીયા થાય (તેથી) ઉર્ધ્વમુખ કહ્યું છે.

'મોક્ષમાર્ગપ્રકાશ'માં આવ્યું છે. શુભભાવ છે ને અહીંયા, રાગમાં એટલે રાગ છે એ ગતિને ઉંચે લાવે છે ગતિ, ચાર ગતિમાંથી એમ કહે. 'સમયસાર'માં આવે છે ને શ્લોકમાં છેલ્લે કે અશુભ ભાવ અધોગતિનું કારણ છે અને શુભભાવ ઉર્ધ્વગતિનું કારણ છે. હવે ત્યાં તો કહ્યું છે કે બેયનું–શુભભાવ ઉર્ધ્વગતિનું મોક્ષમાર્ગનું અનુસારી છે એમ કહ્યું. એય પણ કેમ? ક્યારે? કે ઈ શુભભાવના વિકલ્પથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે તે એમાં શુદ્ધતા પ્રગટે, ત્યારે તે શુભભાવને પણ ઉર્ધ્વગતિનું કારણ કહેવામાં આવે છે. આમ છે.

મોટો લેખ છે, હમણાં યાદ આવ્યું. ઉર્ધ્વનું છે ને એમાં શુભભાવ જરૂર ઉર્ધ્વમુખ કરે. કારણ કે એકેન્દ્રિયમાં જીવ છે એ બહાર આવે છે એ પણ પુણ્યના ભાવથી આવે છે. આ લીલોતરી, કીડા, કાગડા, પૃથ્વી, અગ્નિમાં જીવ છે, એ જીવ મનુષ્ય થાય. એ પુણ્યના રાગની મંદતાના ભાવથી બહાર આવે છે. ત્યાં કાંઈ જ્ઞાન ને કાંઈ શુદ્ધતા તો છે નહીં. એથી એને ઉર્ધ્વમુખ કહેવામાં આવે છે. ઉર્ધ્વમુખ એટલે ઉર્ધ્વ સન્મુખ. મોક્ષ પણ ઉર્ધ્વમાં છે ને, પણ એ સન્મુખ કહ્યું છે. સમજાણું કાંઈ? પણ એ શુભભાવમાં મોક્ષ માર્ગ નથી, બંધનું જ કારણ છે. પણ શુભભાવમાં એ શુદ્ધતાનો અંશ સિદ્ધ કરવો છે ને એથી તેને ઉર્ધ્વગામી ગણીને એને વિશુદ્ધભાવને શુભભાવમાં ગણી ઉર્ધ્વગતિનું કારણ કહ્યું છે. પણ એ ગતિ હોં, ધર્મ નહીં.

'विशुद्धभावनि बंधै' એ તો બંધાય છે. ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાનઘન, રાગ અને કર્મનાં વિવેક વિનાની ચીજ છે. એવું એનું સ્વરૂપ જ મુક્ત છે. સમજાણું કાંઈ? મુક્ત સ્વરૂપ ન હોય તો મુક્તની પર્યાય પ્રગટે ક્યાંથી? મુક્તદશા થાય, સિદ્ધપદ પરમાત્મદશા, એ દશા ક્યાંથી આવે? એ અંદરમાં મુક્તસ્વરૂપ જ છે. ચોસઠપહોરી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરેલી જ છે. તે તિખાશ ભરેલી તે બહાર આવે છે. તે પથરાના ઘસવાથી નથી આવતી. પથરાના ઘસવાથી આવે ચોસઠ પહોરી, તો તો લાકડા ને કોલસા ઘસી નાખે ને. એમાં ક્યાં હતી?

એમ આત્મા મુક્ત-શક્તિએ તો મુક્ત સ્વરૂપ જ છે. એના અંદરમાં સ્વભાવનો પૂર્ણ આશ્રય લઈને જે દશા પૂર્ણ થાય–પરમ આનંદની દશા પૂર્ણ–એને મુક્તિ, એને સિદ્ધિ, એને નિર્વાણ, એને મોક્ષ કહે. પણ એ મોક્ષદશા મુક્ત સ્વરૂપ દ્રવ્યમાંથી આવે છે. સમજાણું કાંઈ? અને અહીંયા જે શુભભાવ છે એને અહીં ઉર્ધ્વમુખ ગણીને, શબ્દ અહીં એ કીધો છે. સ્વર્ગાદિને સન્મુખ. સ્વર્ગાદિ એટલે મનુષ્યપણું મળે એને અહીં શુભભાવ એની સન્મુખ છે. ધર્મ નથી. એને સંવર અને નિર્જરા–કર્મનું અટકવું અને કર્મનું ટળવું, એ ભાવથી થાય નહીં. ઝીણું તત્ત્વ છે. સમજાણું કાંઈ?

'जो सुखदायक जगतमें' એમ છે ને. સંસારને સુખદાયક ગણવામાં આવે છે. હવે પાંચ–પચાસ લાખ, બે–પાંચ–દશ કરોડ રૂપિયા મળે, મોટરું મળે આવી વસ્તુઓ. શેઠ! (શ્રોતા : બંધ કા હી કારણ હૈ) બંધ કા હી કારણ હૈ. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : સુખદાયક તો કહ્યું) સુખ કીધું ને જગતને સુખદાયક કીધું. સંસાર ભાષા શું છે? 'સુખદાયક જગતમેં' આ સંસારી પ્રાણી એને સુખ માને એટલે જગતમાં સુખદાયી છે. આત્માનું સુખદાયી એ છે નહીં. ભાષા શું છે જુઓને. 'जो सुखदायक जगतमें' આ દુનિયા જ્યાં છે એને માને છે. પૈસા, આબરુ, કીર્તિ, સ્વર્ગ મળે. સ્વર્ગ અમર કહેવાય છે ને અમર સ્વર્ગને. અમર, અમર, અમર એટલે દેવ. ઘણાં અબજો અસંખ્યવર્ષનું આયુષ્ય છે. સાધારણ પ્રાણીને તો એ અમર જ લાગે, વૈકુંઠ ને અક્ષરધામ લાગે. સમજાણું કાંઈ? એવા બહારની અનુકૂળતા એટલી હોય છે ત્યાં, જીવે ત્યાં સુધી સ્વર્ગમાં, આ મનુષ્યપણામાં રાજા આદિ થાય પણ એ તો જગતમાં સુખદાયક છે. સમજાણું કાંઈ?

ગરીબ માણસો બિચારા હોય આમ તાકીને એક પૈસાવાળા સામું જુએ ને આમ આહાહા! કેટલી મોટરું ફરે, ઘોડાગાડી. પહેલા ઘોડા ગાડી હતી હવે મોટરું થઈ. પહેલાં તો ઘોડાગાડી, બે ઘોડાની (શ્રોતા : વિક્ટોરીયા) વિક્ટોરીયા હતી. મુંબઈમાં પહેલી વાર ગ્યા'તા પહેલીવાર ત્યારે મોટરું–બોટરું નહોતી. મોટર નહોતી ૬૪ની સાલે પહેલાં ઘોડાગાડી હતી. રેલમાંથી ઉતર્યા ત્યારે ઘોડાગાડીમાં બેઠા હતા. (શ્રોતા : એક ઘોડાની) લાંબી એક ઘોડાની ગાડી. મોટર–બોટર નહોતી તે દી' ૬૪ની વાત છે. પહેલાં મુંબઈ ગ્યા'તા (શ્રોતા : તે દિવસે કોલાબામાં હતી) ના, આ તો કોલાબા નહીં, આ તો રેલમાંથી આવ્યા. એ પછીની વાત પછી અમે પાલેજથી ગયેલા ને આ માલ લેવા પાલેજથી જતા'તા. ત્યારે મુંબઈ માલ લેવા જતા ત્યારે પહેલું ઘોડાગાડી ઉભી'તી મોટી બહારમાં. આવો આવો શેઠ, ત્યારે બેઠા બે આનામાં. પહેલા તો આ તો સંવત ૬૪ની વાત છે. ઘણાં વરસ થઈ ગયાં કેટલાં થયા? ૬૩. ત્રેસઠ વરસ પહેલાની વાત છે.

કહે છે કે દુનિયા એમ માને ને કે આહાહા! કેવી ઘોડાગાડી ને કેવા? દુનિયા, મૂઢ જીવો એને સુખ માને છે. મૂઢ જીવ છે ઈ સુખ માને છે જગતમાં. શેઠ! આ શેઠિયા છે, એ બહુ સુખી છે. લ્યો, કેટલી મોટરું ઘરે. બાહર શું કહેવાય? .....(શ્રોતા : જીપ ગાડીયું) જીપગાડીયું ઘણી એ લોકોને. જ્યાં ત્યાં હાલવું આડે અવળે ખેતરે ખેતરે....(શ્રોતા : છોકરાના કામમાં આવશે....એ તો વ્યવહાર છે ને) હવે એ છોકરાઓ કરે. આહાહા!

અરે! ક્યાં સુખ શોધે છે ભાઈ! એવા શુભભાવ તો અનંતવાર કર્યા છે, અનંતવાર. નવમી ગ્રૈવેયક સ્વર્ગમાં અનંતવાર ગયો છે. જૈન દિગંબર સાધુ થઈને નગ્ન

મુનિ લંગોટીનો તાણો નહીં. પણ આત્મા રાગથી રહિત નિર્લેપ છે એનું શરણ નહીં, રાગની ક્રિયાનું શરણ. અનંતવાર જૈન દિગંબર સાધુ થયો નગ્ન જંગલ વનવાસી. ‘મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો’ પણ આત્માનો આનંદ છે અંદર સચ્ચિદાનંદ પ્રભુ એ પુણ્યના વિકલ્પના રાગથી ભિન્ન છે, એને એ ભાસ્યું નહીં એને એનું શરણ લીધું નહીં. સમજાણું કાંઈ? આહા!

લ્યો, ‘जे सुखदाता जगतमें’ એમ ભાષા છે ને. એ તો કવિ છે, મહા હોંશિયાર. એના શબ્દમાં ફેરફાર પડે નહીં. અહીંયા ‘पुन्यपदारथ होइ’ એને પુણ્યપદાર્થ કહેવામાં આવે છે. પુણ્યભાવ, ભાવ દયાના ભાવ, ભક્તિ—ભગવાનની ભક્તિ, ગુરૂની ભક્તિ, શાસ્ત્રની ભક્તિ—એ બધો શુભ ભાવ છે, પુણ્ય પદારથ છે. એ ધર્મ નહીં, એ આતમ પદાર્થ નહીં. આહા! સમજાણું કાંઈ?

આ તો જીવ આત્મવસ્તુ છે. જડ વસ્તુ છે. બેયની.....વર્ણવી. હવે એની અવસ્થાઓને વર્ણવે છે. પુણ્ય પર્યાય, પાપ પર્યાય, આશ્રવ, બંધ—એ વિકારી પર્યાય. સંવર, નિર્જરા અને મોક્ષ—નિર્વિકારી દશા. એ દશાઓ વર્ણવે છે. કારણ કે નવ તત્ત્વ છે. એક કોર જીવ આખો આત્મા, એક કોર અજીવ. બેયના સંબંધે......વિયોગે અને સંબંધે આ સાત પર્યાય ઊભી થાય છે. કર્મના સંબંધથી પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ. કર્મના સંયોગના અભાવથી, પુરુષાર્થની જાગૃતિથી, સ્વભાવ સન્મુખતાથી સંવર, નિર્જરા અને મોક્ષ. એ સાત તત્ત્વનું વર્ણન કરે છે. આ બેનું થઈ ગયું. જીવ અને અજીવનું. સાતનું કરે છે. એ સાત પર્યાય શું ચીજ છે? આહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો પહેલો લઈ લીધો. ઈ તો મુખ્ય વસ્તુ છે આખી, જ્ઞાયક વસ્તુ છે. સુખરૂપ છે. વેદન કરનારો ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા છે. એ આત્મતત્ત્વ કહ્યું અને આ શરીર વાણી, મન, કર્મ આ બધું પૈસા, મકાન એ તન—મન ને વચન બધું જડ છે. હળવું ભારે એ બધી જડની ક્રિયાઓ જડની છે, આત્માની નહીં. એ અજીવ તત્ત્વ છે. ભગવાન જીવ તત્ત્વ છે. હવે બેયના સંબંધમાં દશા ઉત્પન્ન થાય એની આ વાત છે. આહાહા! કે કર્મનાં નિમિત્તનાં સંબંધમાં જતાં એને રાગની મંદતા પુરુષાર્થથી કરે છે, એવો વિશુદ્ધભાવ તે પુણ્ય પદાર્થ તેને કહેવામાં આવે છે. વિશુદ્ધભાવ કહ્યો છે ને પહેલાં પદમાં, ‘पुन्यपदारथ सोई’ એને પુન્ય પદારથ કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ આત્માને લાભદાયક નથી. એય! ધૂળમાંય નથી. લાભદાયક ક્યાં હતા? એ તો આ બધા તમને શેઠિયાઓ કહે છે. મકાનો મોટાં ચાલીસ હજારનાં ઊભા કર્યા ને ક્યાં ગયા ચીમનભાઈ? આવ્યાં છે કે નહીં? (શ્રોતા : લાભદાયક તમે કીધું'તું સુખદાયી.) તો

કોનું? આ જગતમાં માને છે, કલ્પના મૂઢ એનું. જગતમાં કહ્યું છે કે નહીં? રખડનારા પ્રાણીઓને સુખ, સુખ લાગે છે, છે નહીં આહાહા! એ પુણ્ય પદાર્થ છે. એ પર્યાય છે ને શુદ્ધ–વિશુદ્ધ, વિશુદ્ધિરૂપી શુભ. એ પર્યાય છે, અવસ્થા છે, જીવની વિકારી દશા છે. એને અહીંયા પુણ્ય પદાર્થ કહેવામાં આવે છે. પાપ હવે પાપ પદાર્થ.

પાપનું વર્ણન

संकलेश भावनि बंधै, सहज अधोमुख होइ।
दुखदायक संसारमैं, पाप पदारथ सोइ॥२९॥

અર્થ :–જે અશુભ ભાવોથી બંધાય છે, અને પોતાની મેળે નીચ ગતિમાં પડે છે તથા સંસારમાં દુઃખ આપનાર છે, તે પાપ પદાર્થ છે. ૨૯

**अर्थ** :–जो अशुभभावोंसे बँधता है तथा अपने आप नीच गतिमें गिरता है और संसारमें दुःखका देनेवाला है, वह पाप पदार्थ है॥२९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સંકલેશ ભાવ–આ હિંસાના, જૂઠાનાં, ચોરીનાં, ભોગના, આબરુનાં, કીર્તિનાં, ક્રોધનાં, માનનાં, માયાનાં, લોભનાં જે ભાવ છે એ સંકલેશ ભાવ છે. તીવ્ર મલિન ભાવ છે. પુણ્ય ભાવ એ મંદ મલિનભાવ છે. સમજાય છે કાંઈ?

'संकलेश भावनि बंधै' આત્મા એવા સંકલેશ પરિણામથી બંધનને પામે છે. 'सहज अधोमुख होइ'. એ પાપનાં ભાવથી હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, વાસના, આબરુ કીર્તિની પ્રીતિ–એવા જે ભાવ પાપ, એ તો નવા કર્મ પાપનાં બાંધે. એનું કારણ એ સંક્લેશ છે. આહા! આ રળવાનો ભાવ એ પાપ છે, કહે છે. એનાથી નવા કર્મ બંધાય છે સંગે, એમ કહે છે. એ સંક્લેશ પરિણામ છે. (શ્રોતા : આ તો પુણ્ય કર્યા હોય તો સ્વર્ગમાં જવાય). એ ચીજ પછી આવી પણ અહીં તો હજી પરિણામ સંક્લેશ છે એનું ફળ શું? એનું વર્ણન આવ્યું.

પૈસાથી પુણ્ય થાતાં હશે? પૈસામાં તૃષ્ણા ઘટે ને રાગ મંદ પાડે તો પુણ્ય થાય, તો એ પુણ્ય જગતના સુખનું કારણ કહેવામાં આવે. એમાં આત્માનું સુખને આત્માનું કાંઈ છે નહીં. એને લાડવા–બાડવા મળે. આ બ્રાહ્મણને લાડવા બહુ વહાલા હોય (શ્રોતા : હવે લાડવા જમાડનાર ય નથી). અમારે ઉમરાળામાં કહેવાતું કે ભાઈ થોડો લાડવો વધારે લો ને. ભઈ લાડવો લઈને પછી ગોળી લઈ લેજો. ગોળી ખાઈ શકીએ તો લાડવો ન ખાઈએ એટલો અમે?

પહેલાં તો ન્યાં લાડવા નહોતા કરતા. શું કહેવાય એ, છૂટી કાંઈ ભાષા. (શ્રોતા : ચૂરમો) ચૂરમો અને નામ કાંઈક કહેતાં થેપલી–થેપલી–થેપલી હતી થેપલી. (શ્રોતા : પછી માથે ઘી નાખતા) ઈ ચૂરમાનો લોટ હોય ને ચૂરમાનો લોટ હેઠે પતરાવળી હોય. પતરાવળી હેઠે પાણી નાખ્યું હોય. ગારો, ગારો હોય નીચે. ને એમાં પાણી ને એના પર પતરાવલી. ને એમાં એનો ચૂરમાનો લોટ નાંખે. એમાં પછી ઉપરથી ઘી તાંબોટીમાંથી નાંખે. વ્યવસ્થા બધી ખબર છે. એમાં જોડે રાખ્યાને.....એ થેપલી કહેવાય પછી. (શ્રોતા : પતરાવલી છોડી દે, પતરાવલી છોડી દેવાની હોય) ઈ વળી જુદું. આ તો ખાય છે ત્યારે. (શ્રોતા : પછી છોડી દેવાનું) લ્યો. પહેલાથી.

કહે છે અશુભભાવથી બાંધે, તથા તે 'अपने आप'. એમ ભાષા દેખો. 'अधोमुख होई' એમ નરકમાં નીચે જાય, ઢોરમાં જાય, પાપના ભાવવાળા. આહા! સમજાણું કાંઈ? આ બધા જે રાતા–પીળા અત્યારે દેખાય તેમ ઓલા પાપભાવને લઈને સ્હેજે હેઠે જાય. લોઢાનો ગોળો ભારે પાણી ઉપર મૂકે તો હેઠે જાય તળિયે. એને ભીંસ દેવી પડે નહીં. હેઠે જાય, ભારે ભાઈ! સહજ સ્વભાવે અપને આપ અધોમુખ હોઈ. 'दुःखदायक संसारमें', એ સંસારમાં દુઃખદાયક–પ્રતિકૂળ સંયોગો આપે, એમાં એ અવતરે. આવા અનંતીવાર પાપ કર્યા ને પ્રતિકૂળ સંયોગમાં અનંતવાર ગયો. 'पाप पदारथ सोइ, सोई' એટલે જે કહ્યું સંકલેશ ભાવ. સંકલેશ ભાવ–માઠાં પરિણામ એને પાપ પદાર્થ કહેવામાં આવે છે.

હવે આશ્રવ : એ પુણ્ય અને પાપનાં બેય ભાવ. એ નવાં કર્મનું કારણ છે.

આસ્રવનું વર્ણન

जोई करमउदोत धरि, होइ क्रिया रसरत्त।
करषै नूतन करमकौं, सोई आस्रव तत्त॥३०॥

**શબ્દાર્થ** :–કરમઉદોત=કર્મનો ઉદય થવો તે. ક્રિયા=યોગોની પ્રવૃત્તિ. રસરત્ત=રાગ રહિત. રત્ત=મગ્ન થવું. તત્ત=તત્ત્વ.

**અર્થ** :–કર્મના ઉદયમાં યોગોની જે રાગ સહિત પ્રવૃત્તિ થાય છે, તે નવીન કર્મોને ખેંચે છે, તેને આસ્રવ પદાર્થ કહે છે. ૩૦

**अर्थ** :–कर्मके उदयमें योगोंकी जो राग सहित प्रवृत्ति होती है वह नवीन कर्मोंको खींचती है, उसे आस्रव पदार्थ कहते हैं॥३०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આશ્રવ એટલે જે ભાવથી નવાં આવરણ આવે એવા ભાવને આશ્રવ–આવવું.

વહાણમાં, વહાણ હોય ને વહાણ. હવે એમાં કાણું હોય તો પાણી આવે અંદર છીદ્ર હોય તો. એમ આત્મામાં આ શુભ ને અશુભ ભાવ એ આશ્રવ છે. આ મર્યાદાએ સરવું એટલે નવા આવરણો એને કારણે આવે છે. એ ધર્મ નથી.

'जोई करमउदोत' જે કર્મનાં નિમિત્તનો ઉદય થતાં એમાં જોડાય છે ત્યારે એને પુણ્યને પાપનાં ભાવ થાય છે. સમજાણું કાંઈ? 'जोई करम उदोत धरि, होय क्रिया रसरत्त' એ શુભ અને અશુભભાવરૂપી રાગની જે ક્રિયા છે, એમાં જે એના રસમાં જે લીન છે એને આશ્રવ તત્ત્વ કહીએ છીએ, એમ કહે છે. ફરીને, જે ભગવાન આત્મા પોતાના આનંદ સ્વરૂપને ભૂલી અને કર્મ જડ છે તેના સંગમાં ચડી પુણ્ય અને પાપ, શુભ–અશુભ ભાવ કરે એ 'क्रियारसरत्त'—એ ક્રિયામાં રસરત્ત છે. એ રાગની ક્રિયામાં જેનો રસરત્ત છે–એકાકાર છે, સમજાણું કાંઈ?

'जोई कर्मउदोत धरि' એમ શબ્દ એવો છે ને અહીંયા! 'कर्मउदोत'—કર્મના ઉદય હોના. કર્મકે ઉદયમેં યોગોંકી જો રાગ સહિત થઈ પ્રવૃત્તિ, એમ કહે છે. એ રાગ છે એ પ્રવૃત્તિ. ચાહે તો દયા–દાન–ભક્તિની પ્રવૃત્તિ હો કે ચાહે તો હિંસા-જૂઠ-ચોરી-વિષયની પ્રવૃત્તિ હો. પણ બેય યોગની પ્રવૃત્તિ, રાગની ક્રિયા છે. એ આત્માની ધાર્મિક ક્રિયા નહીં. આહા! ખબર ન મળે, શું ધર્મની ક્રિયા ને શું અધર્મની ક્રિયા? કહે છે, કર્મનાં ઉદયરૂપ થતાં....આત્માનો ઉદય થતાં, એ તો આત્મા અંદર સ્વરૂપ છે એની દૃષ્ટિ થતાં તો આનંદ અને શાંતિની પ્રગટ દશા થાય. પણ આ તો કર્મનાં નિમિત્તનાં ઉદયમાં જોડાતાં, જે ક્રિયા રસસત્ત–જે પુણ્ય ને પાપની ક્રિયા–એમાં રાગનો રસ છે એટલે રાગનાં રસમાં લીન છે, એ ધર્મરસ નહીં.

'करषै नूतनकर्मको' એ ક્રિયા કર્મને ખેંચે છે. 'करषै नूतनकर्मको' કોણ? એ ક્રિયા હોં. શુભ–અશુભ જે વિકલ્પ છે ને, શુભ અશુભભાવ એ ક્રિયા રાગના રસવાળી એ નૂતન કર્મને એ ક્રિયા ખેંચે છે. નવાં કર્મ બંધાવામાં એ કારણ છે. આહા! સમજાણું કાંઈ? 'करषै नूतनकर्मको' કોણ? જે 'होई क्रिया रसरत्त' એ ક્રિયા. રાગનાં રસની ક્રિયા. ભારે કામ! આ બધા ભગવાનની ભક્તિ ને જાત્રા ને બધે ધમાલો છે ને, કહે છે કે એ બધી રાગની ક્રિયા છે, એમ કહે છે. સમ્મેતશિખર હાલો જાત્રા, કહે છે કે એ બધો શુભભાવરૂપી રાગનો રસ છે. એનાથી જે ક્રિયા કર્મને ખેંચવામાં નિમિત્ત છે, ધર્મ થવામાં નિમિત્ત નથી. કર્મ આવવામાં નિમિત્ત છે, એમ કહે છે. આહાહા! તત્ત્વ શું છે, એના જ્ઞાનમાં આવતું નથી. એટલે ઈ ગરબડી અનાદિથી ઉભી થઈ છે. શાસ્ત્ર ભણે, વાંચે છતાં એની ઓલી ગરબડ અંદરની જે એકાંત સ્વરૂપમાં....આહાહા!

'होइ क्रिया रसरत्त' એમ છે ને. યોગની ક્રિયામાં પ્રવૃત્તિ સહિત હોતી હૈ. શુભ–અશુભ વિકલ્પ વૃત્તિઓ ઉઠે છે, પુણ્ય-પાપની લાગણીઓ, એ રાગની ક્રિયા છે. એ ક્રિયા કર્મને ખેંચે છે. અર્થમાં છે ને! યહ નવીન કર્મકો ખીંચતી હૈ–એમ શબ્દ છે ને. ખીંચતી હૈ કોણ? ઓલી ક્રિયા. સમજાણું કાંઈ? શુભ-અશુભ વિકલ્પ જે છે એ ક્રિયા નવીન કર્મને ખેંચે છે. ખીંચતી હૈ એમ કીધું ને. ઓલું ક્રિયાનું છે ને વિશેષનું. આહા! સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ ત્રિકાળ શું છે? એની વર્તમાન દશામાં વિકૃત શું છે? અને વિકૃત કેમ અટકે એ શું છે? એની ખબર ન મળે. આહા! તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ ન મળે અને ધર્મ થાય એમ ત્રણ કાળમાં બને નહીં. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે એ ક્રિયા નૂતન કર્મને ખેંચે. નવા કર્મનાં આવરણમાં નિમિત્ત છે. કર્મ રોકવામાં એ કારણ નથી. 'सोइ आश्रव तत्त्' કોણ? જે કર્મોના ઉદયનાં નિમિત્તમાં જોડાતાં દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામ કે હિંસા–જૂઠું–ચોરી–વિષયનાં ભાવ, એ આશ્રવ તત્ત્વ છે. જે વડે નવાં કર્મ ક્રિયા ખેંચે, એ ક્રિયાને આશ્રવ તત્ત્વ કહે છે. આરે ભાઈ! સમજાણું કાંઈ? એ ૩૦મો બોલ થયો.

હવે સંવર. ધર્મ-ધર્મ કેમ થાય? હવે સંવર દશા. સંવર એટલે રાગ ને દ્વેષનાં પુણ્ય-પાપનાં પરિણામ ઉત્પન્ન ન થવા અને આત્માનો આશ્રય લઈને શુદ્ધતા–નિર્મળતા પ્રગટ થવી, એને સંવર-રાગનું અટકવું ને નિર્મળતાનું પ્રગટવું એને સંવર કહે છે. એ પુણ્ય-પાપનાં પરિણામ એ સંવર નહોતા. આહા! એ તો આશ્રવ હતા. બંધનું કારણ હતું.

जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त।
रोकै आवत करमकौं, सो है संवर तत्त॥३१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વિરત્ત = અલગ થવું તે.

**અર્થ :**–જે જ્ઞાન–દર્શન ઉપયોગને પ્રાપ્ત કરીને યોગોની ક્રિયાથી વિરક્ત થાય છે અને આસ્રવને રોકી દે છે, તે સંવર પદાર્થ છે. ૩૧

**अर्थ :**–जो ज्ञान-दर्शन उपयोगको प्राप्त करके योगोंकी क्रियासे विरक्त होता है और आस्रवको रोक देता है वह संवर पदार्थ है॥३१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! કહે છે કે સંવર એટલે ધર્મની નિર્મળ પવિત્ર દશા. એ પવિત્ર દશાનું શું સ્વરૂપ? કે 'उपयोग स्वरुप धरि' એ તો પુણ્ય–પાપનાં વિકલ્પ વિના આત્મા શુદ્ધ સ્વરૂપ છે. એનો વેપાર એનો ઉપયોગ ધરે, તેને અહીંયા ધર્મ અને સંવર કહે છે.

સમજાણું કાંઈ? આહા! આ તો બે–ચાર જોડા વ્રત લઈને બેઠા, કરો ને આ કરાવો સંવર. પચ્ચક્ખાણ દ્યો, થઈ ગયા સંવર. ધૂળેય નથી સંવર, મિથ્યાત્વ છે. રાગની ક્રિયા કરે છે અને માને છે કે અમારે ધર્મ થાય. મિથ્યાત્વ પોષે છે. સમજાણું કાંઈ?

'जो उपयोग स्वरुप धरि'—જ્ઞાન દર્શન ઉપયોગ. આત્મા જાણનાર, દેખનાર ચૈતન્ય બિંબ પ્રભુ છે. એનો વેપાર જાણવા, દેખવાનો. શુદ્ધ–નિર્મળ પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એનો નિર્મળ પરિણામ. વીતરાગી પરિણામ. અરાગી પરિણામ પોતાના શુદ્ધ સ્વભાવનો જે સ્વરૂપ ત્રિકાળ છે, જ્ઞાનદર્શન એનાં જ પરિણામ, નિર્મળ સ્વભાવને આશ્રયે થઈને જાણવા દેખવાના પરિણામ ને ઉપયોગને ધરે, એ સંવર તત્ત્વ છે. પંડિતજી! આરે! ભારે છે. આકરું પડે માણસને. મૂળ પ્રયોજન...પણ કોઈ દી' ખબર ધર્મ શું છે એની ખબર ન મળે. જીંદગીયું ગઈ એમ ને એમ અનંત. માન્યું'તું, ધર્મ કર્યો નહોતો, પણ માન્યું'તું કે ધર્મ કરીએ છીએ.

'जो उपयोग स्वरुप धरि' જે સ્વરૂપ છે આત્માનું ત્રિકાળી, એ ઉપયોગસ્વરૂપ થાય. 'ઉપયોગે ધર્મ ક્રિયાએ કર્મ' એમ આવે છે ને! એ શુભ-અશુભ ભાવ એ ક્રિયા છે, રાગ છે, એનાથી તો કર્મ આવે. અને 'ઉપયોગે ધર્મ' એટલે આત્મા શુદ્ધ અખંડ આનંદ પૂર્ણ પ્રભુ છે એમાં અંતર એકાગ્ર થઈને જાણવા દેખવાનાં શુદ્ધ પરિણામ પ્રગટ કરવાં, જેને શુદ્ધ ઉપયોગ કહે છે. શુદ્ધ ઉપયોગ તે સંવર છે. સમજાણું કાંઈ? આહા! ઓલાં પહેલાં બે તત્ત્વ કહ્યાં. શુભ ને અશુભ, એ આશ્રવ તત્ત્વ છે. આ સંવર તો શુદ્ધ ઉપયોગ ધારણ કરે તેને સંવર તત્ત્વ કહીએ.

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધર્મ ત્રિકાળી સ્વભાવ–'वस्तु सहावो धम्मो'. ભગવાન ચૈતન્ય પ્રભુ, એનું જે જાણવું ને દેખવું અને આનંદ–જે એનો અવિનાશી ત્રિકાળ સ્વભાવ, એમાં એકાકાર થઈને જાણવા દેખવા અને આનંદનાં શુદ્ધ પરિણામનું કરવું ને થવું અને ધરવું એને ધર્મ અને સંવર કહેવામાં આવે છે. સંવર એ પર્યાય છે. એ ગુણ, દ્રવ્ય નથી. પુણ્ય ને પાપ ને આશ્રવ એ વિકારી દશા છે. જીવ અને અજીવની વાત તો પહેલા કરી ગયા. બે દ્રવ્ય છે એ તો વસ્તુ. એમાં પુણ્યભાવ, પાપભાવ, આશ્રવભાવ ત્રણે વિકારી દશા છે, બંધનું કારણ છે. આ નિર્વિકારી છે. 'जो उपयोग स्वरुप धरि वरतै जोग विरत्त' જુઓ ભાષા. ઓલામાં જોગમાં રસમાં રત્ત હતો આશ્રવમાં. આ પુણ્ય-પાપનાં ભાવથી વિરક્ત છે ને! 'विरक्त होता है'. શુભ અશુભભાવથી વિરક્ત છે અને શુદ્ધભાવથી સહિત છે. સમજાણું કાંઈ? લ્યો, આનું નામ સંવર અને આનું નામ સમકિત અને ધર્મ. આરે! ભારે કરી ભાઈ.

આ બનારસીદાસે સાદા શબ્દ મૂક્યા છે 'સમયસાર નાટક'રૂપમાં. જગતનાં કાને સાચું તત્ત્વ શું છે એવા ઘણાં સાદા શબ્દોમાં, છે હિન્દી. આહા! ઓલા પુણ્ય–પાપને એમ કહ્યું'તું એ 'होइ क्रियारसरत्त' એમ કહ્યું'તું કે પુણ્ય–પાપનાં વિકલ્પો છે એ તો રાગ વસ્તુ છે, રાગની ક્રિયા છે. આ ઉપયોગ સ્વરૂપ ધરે છે શુદ્ધ ઉપયોગ. ઓલા પુણ્ય ને પાપના વિકલ્પ ને ભાવ એ અશુદ્ધ ઉપયોગ. એ આશ્રવને ખેંચવાની ક્રિયા અને આ સંવરની એટલે ધાર્મિક શાંતિની શુદ્ધ ઉપયોગરૂપ ક્રિયા, એને ભગવાન સંવર કહે છે. ઝીણું તત્ત્વ છે. એમ ને એમ બધું ધાર્યું છે અનંતભવથી. મૂળ તત્ત્વ સમજ્યો નથી. ઉપરથી જાણે આમ થઈ જશે, આહીંથી થઈ જશે. કરો જાત્રા ને કરો ભક્તિ ને કરો પૂજા. કરો વ્રત ને કરો સામાયિક ને કરો પોહા ને કરો પડિક્કમણા. એ તો બધી વિકલ્પની લાગણી રાગની છે. કરવું છે એમાં જીવનાં સ્વભાવનું હણાવું છે. માર્ગ એવો છે ભગવાન શું થાય? સંસાર રત્તને બહારમાંય હજી નવરો થાતો નથી અને બહુ નવરો થાય તો ઓલા પુણ્યનાં પરિણામ કરે, ત્યાં કહે કે ધર્મ થઈ ગયો મારે.

(શ્રોતા : આશ્રવમાં પુણ્ય ધર્મ એમ કીધું) ઈ ધર્મ એટલે પુણ્યધર્મ એટલે વ્યવહાર ધર્મ. વ્યવહાર ધર્મ એટલે ધર્મ નહીં, તેને ધર્મ કહે એનું નામ વ્યવહાર ધર્મ. ધર્મ એટલે પુણ્ય ધર્મ એટલે વ્યવહાર ધર્મ. વ્યવહાર ધર્મ એટલે ધર્મ નહીં, તેને ધર્મ કહે એનું નામ વ્યવહારધર્મ. (શ્રોતા : લાંબુ બહુ થઈ ગયું.) પણ વ્યવહારનાં લક્ષણ જ ઈ છે. જે જેનું સ્વરૂપ નથી તેને તે રીતે કહે, એનું નામ વ્યવહાર. આવે છે ને એ 'મોક્ષમાર્ગપ્રકાશ'– ટોડરમલજી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમ આનંદ અને અતીન્દ્રિય આનંદનો રસકંદ છે આત્મા. એ પરમ આનંદના રસનાં કુંડમાં એકાકાર થઈને જે શુભ અશુભ પરિણામનાં રાગથી વિરક્ત થઈને અને સ્વભાવમાં લીન થઈને જે પરિણામ પ્રગટ થાય શુદ્ધ ઉપયોગ, તેને ભગવાન ધર્મની શરૂઆત અને સંવર કહે છે. એને પાપ અટક્યાં. સંવરવું એટલે અટકી જવું. સમજાણું કાંઈ? આહાહા!

'जो उपयोग स्वरुप धरि' જે આત્માનાં જાણવા દેખવાનાં પરિણામરૂપી શુદ્ધ ઉપયોગને ધારે, પોતે ધારે એમ કહે છે. કાંઈક કર્મના ભાવ થાય ને ધારે, એમ છે નહીં. કહો સમજાણું કાંઈ? આહીં તો કહે, ભગવાનની ભક્તિ કરો ત્યાં તમારે નિર્જરા થાશે, પુણ્ય થાશે. ખૂબ ધૂન લગાવો ભગવાનની ભક્તિની. ભગવાન તો પરદ્રવ્ય છે. એની ભક્તિનો વિકલ્પ એ તો રાગ છે. એમાં ધૂન લગાવીને કર્તાપણું થાય તો મિથ્યા છે. આહાહા! માર્ગ જુદો બહુ ભાઈ! એણે અનંતકાળમાં એક સેકન્ડ પણ એ પ્રગટ કર્યો નથી એથી એને અંદરમાં મોંઘું લાગે છે અને અનાદિનો ટેવાયેલો રાગના રસે એવો એ કરે

જાય છે એટલે એને સહેલું લાગે છે. સમજાણું કાંઈ?

બે વાત કરી કે 'जो उपयोग स्वरुप धरि वरतै जोग विरत्त', આ નાસ્તિથી કરી. અસ્તિથી એમ કહ્યું. જાણનાર દેખનાર પ્રભુ આત્મા, જ્ઞાયકતા ને ચૈતન્યતા કીધું'તુ ને ત્યારે, એવો ચૈતન્ય ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગને ધારે અને પુણ્ય ને પાપનાં અશુદ્ધ ઉપયોગથી વિરક્ત થાય એને ધર્મની દશા, એને સંવર કહેવામાં આવે છે. કહો પંડિતજી, હૈ કિ નહીં ઉસમેં? (શ્રોતા : યહી ગાથા હૈ) આહાહા! ગજબ કરે છે ને અનાદિથી ઊંધા અર્થ કરે, ઊંધું માને અને વળી એમ કહે બરાબર છે. અમે અનેકાંતને માનનારા છીએ. આ એકાંત છે. આહાહા! વ્યવહારથી પણ ધર્મ થાય, નિશ્ચયથી પણ ધર્મ થાય, એ અનેકાંત કહેવાય. એકાંત નિશ્ચયથી ધર્મ એ એકાંત કહેવાય. આહાહા! અરે ભાઈ! તને ખબર નથી એકાંત—અનેકાંતની, શબ્દો લઈને ઝઘડા ઊભા કર્યા છે.

અહીં એ અનેકાંત સિદ્ધ કર્યું. શું કીધું જુઓને! 'जो उपयोग स्वरुप धरि' એ અસ્તિ કહ્યું અને 'वरतै जोग विरक्त' શુભ અશુભ વિકલ્પનો જોગ વેપાર છે, શુભ અશુભ એનાથી વિરક્ત થાય. આ અસ્તિ—નાસ્તિ ભાઈ, આ અનેકાંત સિદ્ધ કર્યું. આમાં જોગથી પણ ધર્મ થાય ને શુદ્ધ ઉપયોગથી ધર્મ થાય, એ અનેકાંત નહીં. શબ્દો કેવા ગોઠવ્યા છે જુઓને! કવિ છે ને મહાકવિ છે. છે કે નહીં વજુભાઈ? હોય એટલું તો જાણે, કાંઈ હિંમતભાઈ જેટલું ન જાણે. કાંઈક બહુ અને જાણે કાંઈકથી હોયને થોડું ઘણું. કહે છે આ બે લીટીમાં છે બધું. ધર્મ એટલે સંવર. સંવર એટલે વિકારની ઉત્પત્તિનું નહીં થવું અને નિર્દોષ દશાની ઉત્પત્તિનું થવું, એનું નામ સંવર ધર્મ કહેવામાં આવે છે.

જુઓ ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે મોંઘા હોય. આહાહા! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન; સેવ્યાં નહીં ગુરૂ સંતને, મૂક્યાં નહીં અભિમાન'. અભિમાન મૂક્યા નહીં અંદર. હું જાણું, મને ખબર, અમને ખબર. અમે શાસ્ત્ર જાણીએ છીએ શાસ્ત્રને. એ પંડિતજી! અને સંસ્કૃતનાં અમે ખાં છીએ. ધૂળેય ખાં નથી. કેમ પંડિતજી? પંડિતજી ના પાડતા'તા કે હવે ભાઈ સમજ્યો નહોતો ને હવે મૂકો ને.....હવે સંસ્કૃતનાં પ્રોફેસર પણ છતાં એ સંસ્કૃતનું ભણવું એ તો રાગભાવ છે. એમાંથી કાંઈ આત્માનો અર્થ શુદ્ધ પ્રગટ થાશે?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ, જેવો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જોયો અને તીર્થંકર દેવે કહ્યો, એવો જે આત્મા અનંત જ્ઞાનદર્શન ચારિત્ર આદિ સમાધિનો પિંડ પ્રભુ એનાં સન્મુખ થઈને જેણે શુદ્ધ ઉપયોગને ધાર્યો છે. આહા! આહીં તો પહેલેથી બાંધી દીધી છે ચોથે ગુણસ્થાનક આવ્યું, એને શુદ્ધ ઉપયોગ ન હોય શુભ હોય! અરે!

ભગવાન, તને ખબર નથી ભાઈ! નહીં પણ મુનિની વાત કાંઈ જુદી છે. એ તો અલૌકિક વાત છે. આહીં તો હજી શરૂઆતમાં શુદ્ધ ઉપયોગ ધરે તેને સંવર કહે છે. સમ્યક્દર્શન એ સંવર છે. ત્યાંથી શરૂઆત થાય છે.

આત્મા મહાપ્રભુ છે. અનંત અનંત આનંદનો રસનો કંદ છે. એમાં પુણ્ય ને પાપનાં વિકલ્પની ગંધ નથી વસ્તુમાં. આહા! વિરેન્દ્રભાઈ, વાત તો આવી છે ભાઈ, શું થાય પણ હવે? સત્ જ આવું છે ત્યાં થાય શું? સત્‌ને કેમ અસત્ કહે કે કહેવાય અને અસત્ ને સત્ કેમ મનાય? પુણ્ય-પાપનાં વિકલ્પો તો સ્વરૂપનાં સત્‌માં નથી. એ તેથી કહ્યું કે કર્મનાં ઉદયમાં ઉત્પન્ન કરે છે નવા. જોગ શુભ-અશુભ ભાવ એમ કહે છે. કહ્યું'તું ને, 'कर्मउदोत धरि'ને આશ્રવમાં એમ કહ્યું'તું, એ ભાષા એમ લીધી છે. 'जो इ कर्मउदोत धरि' સમજાણું કાંઈ? આહા! બેયનાં સાધારણ પુણ્ય-પાપનું વર્ણન કરીને એ બેયનું ભેગું કરીને કર્મનાં ઉદયનાં જોડાણમાં કરીને શુભ અશુભ ભાવ વિકારી ઉત્પન્ન કરે છે. એ સ્વરૂપમાં નથી. તેથી તે કર્મના ખેંચવામાં કારણ, એ ક્રિયા રાગની છે. શું થાય? વસ્તુસ્થિતિ જ આવી છે, ત્યાં બીજું કોઈ ગરબડ કરવા જાય તે ત્યાં હાલે એવું નથી.

'जो उपयोग स्वरुप धरि' ભાષા કેવી છે જુઓ! જે પોતાનો જાણવા દેખવા જ્ઞાતા દૃષ્ટા ભગવાન જગતનો સાક્ષી, જગતનો એકત્વપણે માનનારો નહીં. જગત એટલે પુણ્યને પાપનાં વિકલ્પ તે જગત. એનાથી જુદું વિરક્ત તત્ત્વ તે આત્મા છે. જગતમાં કીધું'તું ને ઓલામાં. જગતમાં સુખ ને સંસારમાં દુઃખ, એમ કહ્યું'તું ને ત્યાં. સંસારના સુખ ને ઓલા જગતના સુખને સંસારમાં દુઃખ એમ કહ્યું'તું. ભાષા બહુ સરસ. સમજાણું કાંઈ? પણ આશ્રવમાં એમ કહ્યું કે કર્મના ઉદયમાં જોડાઈ જવું. સ્વભાવમાંથી છૂટીને એવા શુભ-અશુભ વિકલ્પના ભાવને—ક્રિયાને રાગરસની ક્રિયા કહીને નવાં કર્મને ખેંચવામાં કારણ છે. કર્મને અટકાવવામાં એ કારણ નથી. સમજાણું કાંઈ?

'जो उपयोग स्वरुप धरि, वरतै जोग विरत्त' અહીં 'ધરિ' કીધું અને જોગ એટલે પુણ્યપાપની ક્રિયાથી છૂટો પડ્યો છે. જુઓ આ અનેકાંત, સંવર ધર્મની આ અનેકાંત. કહે, શુભભાવથી પણ ધર્મ થાય, સંવર થાય અને શુદ્ધથી પણ સંવર થાય તો એને અનેકાંત કહીએ. એમ અનેકાંત છે નહીં ભાઈ! તને ખબર નથી.

શ્રીમદે કહ્યું ને (સમ્યક્ એકાંત)—'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજ હેતુ સિવાય કોઈ ઉપકારી છે નહીં.' આમ હોય ત્યારે પછી સમ્યક્ સ્વભાવ તરફ ઢળ્યો અને શુદ્ધ ઉપયોગ થયો, ત્યારે પછી શુભ છે તેનું જ્ઞાન થાય છે એટલે એને અનેકાંત કહે છે. એ ટુકડો છે ને એની વ્યાખ્યા થઈ છે વવાણિયા (શ્રોતા : વવાણિયામાં વ્યાખ્યાન થયું છે)

કલાક. અહીંથી તો શરૂઆતમાં એક વનેચંદ શેઠ હતા વાંકાનેરના અને આ લીંટીનો અર્થ થયો કે આહા! શ્રીમદ્‌નું સમજવું હોય તો આહીં આવે છૂટકો, નહીંતર સમજાય એવું નથી કે આ. એ આ લીંટીનો અર્થ થયો હતો ઈ. આહીં વનેચંદ શેઠ હતા ને ત્રેવીસ સાલ પહેલાં, ટી.બી.માં ગુજરી ગયા.

બાપુ! એને વસ્તુને સમજવી જોઈશે. એમ તમારી કલ્પનાએ અર્થ કરો એમ ન હાલે. વસ્તુનો અભિપ્રાય, જે આચાર્યોનો છે તે અભિપ્રાયે અર્થ થાય તો તે વસ્તુની સ્થિતિ હાથ આવે. સમજાણું કાંઈ? સમ્યક્ એકાંત કીધું છે ને. અનેકાંત પણ ભલે પર્યાયનું જ્ઞાન હોય, રાગનું જ્ઞાન હોય, પણ સમ્યક્ આ બાજુ એકાંત થયા વિના એને રાગનું જ્ઞાન પણ યથાર્થ હોઈ શકે નહીં સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા જેમાં અનંતા સ્વભાવરૂપી ધર્મ ભર્યા છે એવા સ્વાભાવિક વસ્તુનો આશ્રય લઈને, જેણે શુદ્ધ પરિણામ, શુભ અશુભ પરિણામથી ભિન્ન પડીને ભેદ થઈને શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને શુદ્ધ ઉપયોગને ધાર્યો છે. 'रोके आवत कर्मको' પછી તો એમ ફળ કહ્યું કે જ્યાં શુભ અશુભ ભાવથી વિરક્ત છે એથી કર્મ આવતાં નથી, એને સંવર કહેવામાં આવે છે.

જામનગરમાં સવારે આવે, મહારાજ કરાવો સંવર લ્યો. બેસે પછી ૨૪ કલાક, સંવર થઈ ગયો, કહેશે. (શ્રોતા : દ્વેષનો ભાવ તો અટક્યો?) કાંઈ અટક્યો નથી ધૂળ, અટક્યું નથી. (શ્રોતા : બેઠો બેઠો ગપ્પાં મારે) દેહની ક્રિયા ને બે ગપ્પાં ય ન મારતો હોય પણ એ આવીને બેઠો, એ ક્રિયા મારી જડની છે અને હું નિવર્ત્યો છું પરનાં કામથી, એ માન્યતા જ મિથ્યાત્વ છે. પરથી નિવર્તવાનો અર્થ–'जोग विरत्त' એમ કીધું છે ને અહીંયા. શુભ અશુભ વિકલ્પ જે છે એનાથી નિવર્તવું અને સ્વભાવ સન્મુખ ઠરવું એનું નામ ધર્મ છે. નિવર્તવું હોય તો દુકાનમાં ધંધા કે દી' કરી શકે છે, નિવર્તે? એ તો જગતમાં જડની ક્રિયા છે દુનિયાની, એનાથી ક્યાં નિવર્તવું છે એને? આહા! જેનાથી નિવર્તે છે એનાથી નિવર્ત થવું એ તો શું કે પ્રવૃત્તિને માની પોતે પણ જોગમાં પ્રવર્તતો હતો. શુભ અને અશુભ રાગમાં પ્રવર્તતો હતો એ એની ક્રિયા પોતાની એ અજ્ઞાનની એમાં જોડાતો હતો, એનાથી વિરત્ત–વિરક્ત અને સ્વભાવમાં રક્ત.

નિવર્તવું અને સ્વભાવ સન્મુખ ઠરવું એનું નામ ધર્મ છે. નિવર્તવું હોય તો દુકાનનાં ધંધા કે દી' કરી શકે છે, નિવર્તે એ તો જગતના જડની ક્રિયા છે દુનિયાની, એનાથી ક્યાં નિવર્તવું છે એને? આહા! જેનાથી નિવર્ત છે એનાથી નિવર્ત થવું, એ તો શું કે પ્રવૃત્તિને માની પોતે. પણ જોગમાં પ્રવર્તતો હતો. શુભ ને અશુભ રાગમાં પ્રવર્તતો હતો, એ એની ક્રિયા પોતાની એ અજ્ઞાનની એમાં જોડાતો હતો. એનાથી વિરક્ત–વિરક્ત અને

સ્વભાવમાં રક્ત. એટલે શુદ્ધ ઉપયોગ એ કર્મ 'रोके आवत कर्मकौ' લ્યો.

જુઓ આ બનારસીદાસ, 'सो है संवर तत्' સો હૈ એટલે જે ઉપયોગ સ્વરૂપ ધરે તે એક સંવર તત્ એમ. સમજાણું કાંઈ? ભારેખમ લાગે. બીજાને તો એવું લાગે, માળો આ તો બધું વ્યવહારનો ધુમાડિયો વળે છે. છે વાત સાચી છે હોં એની! (શ્રોતા : અશુદ્ધ ભાવનો તો ધુમાડિયો જ વળવાનો છે ને) આહીં આ કહ્યું શું? 'वरतै जोग विरत्त' ક્રિયા જડની નહીં, શુભ અશુભ વિકલ્પ છે જોગનો વ્યાપાર એનાથી નિવર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

એની સ્થિતિનાં કથન હોય કે પાંચમાં ગુણસ્થાનવાળાં, મુનિનાં હોય કે કેવળીનાં, કથનમાં ક્યાંય ફેર હોય નહીં. એ તો સમકિતી કહે, તીર્થંકર કેવળી કહે અને કેવળી(કહે). એની પોતાની સ્થિરતામાં ફેર છે એ જુદી વાત છે. સમકિતીને સ્થિરતા ઓછી છે. ચારિત્રમાં આમ મુનિ આનંદકંદમાં ઝૂલતા હોય એની વિશેષ સ્થિરતા છે. કેવળીની પૂર્ણ સ્થિરતા છે. એ ચારિત્રનાં ભેદની અપેક્ષાએ ભેદ છે. વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ કોઈ ત્રણેયમાં ભેદ નથી. સમજાણું કાંઈ? જેવું કેવળી માને સ્વરૂપે એવું જ સમકિતી માને સ્વરૂપે. (શ્રોતા : આવી ગયું ગણધર જેવું) '–गणधर कौ सो' આવ્યું'તું ને.

બહુ સારું ગોઠવ્યું છે. કવિતા આઠમી છે ને. આઠમું 'जा कै घट प्रगट विवेक गणधरकौ सो' આઠમું પાનું 'जा कै घट प्रगट विवेक गणधरकौसो हिरदै हरखि महामोहकौ हरतु है' સમ્યક્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને, નારકીનો હોય કે પશુનો જીવ હોય. ગણધર જેવી જેની શ્રદ્ધા હોય છે, કહે છે. જે તીર્થંકરના વજીર, ધર્મરાજનાં દિવાન એની જેવી શ્રદ્ધા એવી સમકિતીની શ્રદ્ધા એવી જ હોય છે. એમાં ફેર છે? એ તો ચારિત્રની રમણતામાં કચાશ છે. છતાં આવ્યું છે ને 'છહ ઢાળા'માં. આમાંય આવ્યું'તું 'चारित्र मोहवश लेश न संयम पर सुरनाथ जजै है'.

ચારિત્ર મોહનાં તાબામાં થઈ જાય છે તો આસક્તિ એની છૂટતી નથી સમકિતીને. આસક્તિથી વિરત્ત છે. તેથી તો સમકિત છે પણ આસક્તિ છૂટી નથી માટે ચારિત્ર નથી. છતાં ચારિત્ર મોહના વશમાં આવે, તેથી સંયમ એને અંશે ઈ જાતનો ન હોય, છતાં 'सूरनाथ जजै है' આવે છે ને. ઇન્દ્રો જેને આદરે છે. આહા! સમજાણું કાંઈ? આહા! ભ્રમણામાં ભૂલ્યો છે ને અનાદિનો, એને સવળે રસ્તે આવવું ભારે કઠણ પડે છે. હવે બહારનું એને સારું લાગે માળું. કંઈક આ પ્રવૃત્તિમાં કાંઈક ક્રિયામાં, દુકાન છોડીને બેઠા ને ધર્મમાં આવ્યાને. કઈ દુકાન? (શ્રોતા : પ્રવૃત્તિ બધી નિવૃત્તિ માટે છે ને) ધૂળેય નથી. પ્રગટ પ્રવૃત્તિ તો જોગની પુણ્ય-પાપની કરે છે, એનાથી નિવર્તવું એનું નામ અહીં સંવર છે. સમજાણું કાંઈ?

જુઓ. 'रोके आवत कर्म कौ सो है संवर तत्' એનું નામ પર્યાય નિર્મળ વીતરાગી થવી. શુભ-અશુભ અશુદ્ધ રાગવાળી ક્રિયાથી રહિત થઈને એને અહીંયા સંવર તત્ત્વ—નિર્દોષ દશાને સંવર તત્ત્વ—ધર્મ તત્ત્વની શરૂઆત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'योगोंकी क्रियासे विरक्त होता है और आस्त्रवको रोक देता है'. રોક દેતા હૈ નો અર્થ આશ્રવ ઉત્પન્ન થતો જ નથી. રોક દેતા હૈ, એ તો ઓલો સંવર છે ને અટકાવે છે, એટલો અર્થ કર્યો. પણ અહીં આ પુણ્ય-પાપ થતાં હતાં એને અટકાવે છે એમ છે? (શ્રોતા : નહીં) પૂર્વે થતાં હતાં. એણે આત્માના સ્વભાવ સન્મુખ થયું એટલે પુણ્ય પાપ ઉત્પન્ન ન થયા, એને આશ્રવને રોક્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ, આશ્રવકો રોક દેતા હૈ 'रोके आवत कर्मकौ'. આ રજકણો આવ્યાં એને રોકે, એમ હશે? કર્મનાં રજકણો આવે છે એને રોકે, એમ છે અર્થમાં? (શ્રોતા : ન હોય). પણ પૂર્વે પુણ્ય ને પાપનાં વિકલ્પમાં હતો રાગમાં, ત્યારે કર્મ આવતાં હતાં. આહીં જ્યારે આત્માનાં અંતર શુદ્ધ ઉપયોગમાં આવ્યો ત્યારે પુણ્ય-પાપનાં વિકલ્પથી વિરક્ત થયો. તેથી કર્મ આવતાં 'હતાં એ ભાવથી.' એ ભાવ નથી તો કર્મ પણ આવતાં નથી. સમજાણું કાંઈ?

અરે ભારે! એક એક તત્ત્વનાં અર્થ સમજવામાં મોટો ફેર છે. પ્રગટે તો ક્યાંથી? પોતાની કલ્પનાએ અર્થ કરે અને મનાવે કે અમે બરાબર જાણીએ છીએ શાસ્ત્રને, બરાબર અમે શાસ્ત્રને જાણીએ છીએ. ભાઈ! એ શાસ્ત્ર જાણવા એ કોઈ આંખ્યું બીજી છે. સમજાણું કાંઈ? આહા! જુઓ, કેવી વાત કરી છે લ્યો. 'रोके आवत कर्मको'. હવે એનો અર્થ કરવો પડે પાછો કે કર્મ આવતાં હતા એને રોક્યા, એમ છે? પણ શુદ્ધ ભાવ આત્માનો પ્રગટ કર્યો એથી કર્મ આવવાનાં કારણો જ જ્યાં ઉત્પન્ન થયાં નહીં એટલે કર્મ આવવાનાં હતાં જ નહીં. હતાં નહીં એને રોક્યા, એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. ધરમચંદભાઈ, માર્ગ બહુ ફેર આહાહા! શું થાય? 'सो है संवर तत्' લ્યો ૩૧મો બોલ થયો. નિર્જરા તત્ત્વ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૯ ઉપલબ્ધ નથી

## પ્રવચન નં. ૧૦, પોષ વદ ૧૫ મંગળવાર તા. ૨૬-૧-૭૧
## ઉત્થાનિકા પદ નં. ૩૧, ૩૨, ૩૩ ઉપર પ્રવચન (હિંદી)

આ 'સમયસાર નાટક' ઉસકા ભૂમિકા અધિકાર હૈ, શરૂઆતની ઉત્થાનિકા હૈ.

ઉસમેં જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ ઉસકા અધિકાર આ ગયા હૈ. સંવર કિસકો કહેતે હૈ? ધર્મ કિસકો કહેતે હૈ? ધર્મ ઉત્પન્ન કૈસે હોતા હૈ? संवरका वर्णन— એકતીસ—એકત્રીસ

जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त।
रोकै आवत करमकौं, सो है संवर तत्त॥३१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વિરત્ત = અલગ થવું તે.

**અર્થ :**—જે જ્ઞાન—દર્શન ઉપયોગને પ્રાપ્ત કરીને યોગોની ક્રિયાથી વિરક્ત થાય છે અને આસ્રવને રોકી દે છે, તે સંવર પદાર્થ છે. ૩૧

**अर्थ :**—जो ज्ञान-दर्शन उपयोगको प्राप्त करके योगोंकी क्रियासे विरक्त होता है और आस्रवको रोक देता है वह संवर पदार्थ है॥३१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બનારસીદાસ કહેતે હૈ કે 'जो उपयोग स्वरूप धरि' જોગ અને ઉપયોગ ઐસા બે પ્રકાર હૈ. આત્મામેં પુણ્ય ને પાપ કા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કા ભાવ હોતા હૈ, વો પુણ્ય આસ્રવ તત્ત્વ હૈ ઔર હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના, કામ, ક્રોધ, માયા આદિ વો પાપરૂપી આસ્રવ તત્ત્વ હૈ.

એ રોકે 'जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त' વો શુભને અશુભ જો વિકલ્પના નામ ભાવ હૈ, ઉસકો રોકકર અથવા ઉસસે વિરક્ત હોકર, જો ઉપયોગ સ્વરૂપ ધરે—આત્મા જાનન-દેખન શુદ્ધ ઉપયોગી પરિણામ કો ધારણ કરે ઔર પુણ્ય-પાપ કા શુભ—અશુભ ભાવસે વિરક્ત હો, ઉસકા નામ સંવર હૈ. સમજમેં આયા? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ—વો શુભભાવ શુભજોગ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. ઔર

હિંસા જૂઠુ ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હરખ—એ અશુભ પાપભાવ હૈ. દો કો રોકકર અથવા વિરક્ત, વિરત્ત શબ્દ પડા હૈ ને! 'वरतै जोग विरत्त'. એ શુભ—અશુભ જોગ સે વિરક્ત—ભિન્ન હો કર, જો ઉપયોગ સ્વરૂપ ધરે. અપના આનંદ ને જ્ઞાન ચૈતન્યપૂર પ્રભુ આત્મા, એ ચૈતન્યકા જ્ઞાતા દૃષ્ટાકા શુભાશુભ પરિણામસે રહિત શુદ્ધભાવકો ધારણ કરે, ઉસકા નામ સંવર અને ધર્મ હૈ. આ બધી દાન—બાન ને દયા—બયા એ ધર્મ નથી, એમ કહેતે હૈ. તે રૂપ ભાવ આતે હૈ, શુભભાવ આતે હૈ, ઉસમેં ક્યા આયા? એય! લાલચંદજી! લાલચંદજીએ ઘણા પૈસા આપ્યા ત્યાં ખોટા કુશાસ્ત્ર લખવામાં, રજનીશકો. ઐસા સુના થા, આપણે ક્યાં લેવા ગયા હતા. કોઈ કહેતે થે, લાલચંદજી બહુ પૈસા.....હવે નીકળ્યા અજૈન નીકળ્યા. જૈન રહ્યાં નહીં. રજનીશ હૈ ને તુમ્હારા, મુંબઈમેં હૈ. બડી ગડબડી ચલાતે થે. ગીતાકા જ્ઞાન.....આહાહા!

વસ્તુ ક્યા હૈ ખબર નહીં. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા એમણે, જુઓ! આ આત્મા એમણે કહેલો જોયેલો હોં, અજ્ઞાની કહે તે નહીં. સમજાણું કાંઈ? એવો જે ભગવાન, શરીર, વાણી, કર્મના અજીવ તત્ત્વ સે તો ભિન્ન હૈ, પણ દયા-દાન-વ્રત-ભક્તિ, પૂજાના ભાવ ને હિંસા જૂઠુંના ભાવસે ભી ભગવાન ચૈતન્ય તત્ત્વ તો ઉસસે ભિન્ન હૈ. સમજમેં આયા? ઐસા પ્રભુ અપની ચૈતન્ય શક્તિકા મહાત્મ્ય કરકે; અંતરકા ભાવમેં શુદ્ધ ત્રિકાળી ભાવમેં એકાકાર લગાકર જો શુદ્ધ ઉપયોગ હો, રાગ કા મેલ કા અંશ રહિત અપના દ્રવ્ય સ્વભાવકી દૃષ્ટિ કરકે શુદ્ધ પરિણામ પુણ્ય-પાપકા વિકલ્પ સે રહિત હો, ઉસકા નામ પરમાત્મા સંવર તત્ત્વ કહેતે હૈ એ લાલચંદજી! માર્ગ ઐસા હૈ. દુનિયા માને એટલે કંઈ દૂસરા હો જાતા હૈ, ઐસા નહીં હૈ.

'जो उपयोग स्वरूप धरि'—ધરિ એટલે પુરૂષાર્થથી કહેતે હૈ. શેઠ! આ નાના શેઠ તો અહીં ઘણા વખતથી રહે છે અહીંયા અમારે. આહાહા! અરે! ભગવાન એને હજી ખબર નથી કે ધર્મ કેમ, કૈસે હોતા હૈ ને ધર્મ ક્યા હૈ? યહાં તો કહેતે હૈ કે શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવ-આનંદદળ ચૈતન્ય કા પ્રકાશકા પૂર આત્મા હૈ, વો તરફ કા સાવધાન સન્મુખ હોકર, આ શુભ ને અશુભ જો વિકલ્પ નામ રાગભાવ હૈ ઉસસે વિમુખ હોકર. સમજમેં આયા? અપના શુદ્ધ આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન હૈ; ઐસા પવિત્ર પ્રભુ ઉસકી સન્મુખ હોકર અપના શુદ્ધભાવ કો ધારણ કરે, ઉસકા નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સંવર કહેનેમેં આતા હૈ. ધર્મકી શરૂઆત ત્યાં સે હોતી હૈ. કહો પંડિતજી! આહાહા! ભારે વાત ભાઈ! દુનિયાને તો આ બધા બહારની ક્રિયાકાંડ ને એમાં ધર્મ હો ગયા. સમજમેં આયા?

'जो उपयोग', ઉપયોગ અંતર ચૈતન્યમાં ઉપયોગ સમીપ થઈ ને અંતરના શુદ્ધભાવ, પુણ્ય—પાપ કા રાગસે રહિત શુદ્ધકા ધારણ કરના ઔર 'वरतै जोग विरत्त'

અસ્તિ નાસ્તિ કીયા. પહેલે અસ્તિ કીયા, અસ્તિ—જ્ઞાનાનંદ સ્વભાવકા શુદ્ધ ભાવકા વ્યાપાર હોના હો અસ્તિ ઔર શુભ—અશુભ ભાવ જો વિકલ્પ રાગ હૈ ઉસસે વિરક્ત હોના વો નાસ્તિ. સમજમેં આયા? 'सो है संवर तत्त' એને પરમાત્મા સંવર તત્ત્વ કહેતે હૈ. હવે ક્યા હોતા હૈ કે 'रोकै आवत करमकौ' આ ત્રીજુંપદ આવ્યું. ઉસમેં ભી અર્થ ફેર હૈ. 'रोकै आवत करमकौ' કા અર્થ, વો કર્મ આતા થા ને રોકતે હૈ ઐસા હૈ? શબ્દ મેં તો ઐસા હૈ ઉસમેં. શબ્દ ક્યા હૈ?

'रोकै आवत करमकौ' કર્મ આતા થા ઉસકો રોકતે હૈ, તો કર્મ આતે થે ને રોકતે હૈ, ઐસા હૈ? વો ઉસકા અર્થ વો કે શુદ્ધ ઉપયોગ અપના જ્ઞાનાનંદ ચૈતન્યકા વીતરાગી પરિણામ ઉત્પન્ન હુઆ, તો પહલે જો શુભ અશુભ પરિણામ સે જો કર્મ આનેમેં નિમિત્ત થા પરિણામ, તો આતા થા. યહાં શુભ-અશુભ સે વિરક્ત હોકર શુદ્ધમેં આયા, તો કર્મ આને કા હૈ નહી, ઉસકો કર્મ આને કા રોક્યા ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ભારે ભાઈ! શબ્દનો અર્થ કરવો એમાં ફેર છે મોટો. ચાર શબ્દ છે, લ્યો. છે નું હૈ સમજી લેવું તમારે. શ્રોતા આવે ને કંઈક કાઠીયાવાડી ભાષા ગુજરાતી હૈ ને અમે એટલે ભાષા....સમજમેં આયા?

ચાર પદ હૈ પદ ચાર. એક પદ જુઓ શુદ્ધ ઉપયોગ સ્વરૂપ ધરે, સ્વરૂપ. સ્વરૂપ—શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપી ચૈતન્ય ભગવાન, ઉસકે સન્મુખ હોકર અપના વીતરાગી નિર્મળ પરિણામ કો ધારણ કરના ઔર શુભાશુભ રાગ પરિણામ સે વિરક્ત હોના, આ દૂસરા પદ કા અર્થ. તીસરા પદ ઉસસે પૂર્વમેં કર્મ આતા થા અભી આતા નહીં હૈ, તો ઉસકો રોક્યા કર્મ કો ઐસે કહને મેં આતા હૈ. સમજમેં આયા કે નહીં, લાલચંદજી? કર્મ આતે થે અહીંયા? કર્મ આતે થે ને ધક્કા માર્યા? શબ્દ તો ઐસા હૈ. (શ્રોતા : તે કાળ રોકાઈ જાય) કાંઈ ધૂળેય રોકાતું નથી.

એ તો નહીં થવાનો હતો ત્યારે ન થયો. ત્યારે કહેનારનું પહેલે આવ્યું. નહીં થવાનું પછી આવ્યું. એ નહીં થવાનું હતું એ આવ્યું, કહેનારને હાથે આવ્યું છે? પણ નો લે કોણ ને લે કોણ? એ તો જડની ક્રિયા છે. ઈનામકા એક એક રજકણ આના ઔર રોકના વો અપના અધિકાર કી બાત હૈ નહીં. વો તો જડ હૈ. આતે નહીં વો? દાણે દાણે ખાને પીને કા નામ લખ્યા હૈ, ક્યા કરતે હૈ? (શ્રોતા : દાને દાને પે લિખા ખાનેવાલે કા નામ) ઉસકા અર્થ ક્યા હૈ? ઉસકા અર્થ ક્યા? બોલે તો જાતે હૈ ને ઐસા? હમારે કાઠીયાવાડમાં ઐસે બોલતે હૈ, ખાનેવાલેકા નામ દાણે દાણે હૈ. ઉસકા અર્થ કા ક્યા? દાણે લખાતા હશે નામ ત્યાં? (શ્રોતા : નામ એને ખબર છે?) પણ ઉસકા અર્થ વો હૈ કે જો રજકણકા દળ પરમાણું જીસકે પાસે જો આનેવાલા હૈ વો આયેગા, આયેગા ને આયેગા અને નહીં આનેવાલા હૈ,

નહીં આયેગા. ઉસમેં આત્મા કા અધિકાર કુછ હૈ નહીં. મૈં આહાર લઉ, એ આત્મા કા અધિકાર હૈ નહીં. વિકલ્પ હો કે રાગ હો કે પરમાણુ આ, પણ આહાર આના, ઔર આહાર ન આના જડકી ક્રિયા હૈ.

અજ્ઞાની જડકા સ્વામી હોતા હૈ કે મૈં લેતા હૂં ને મૈં છોડતા હૂં, મિથ્યાદૃષ્ટિ હૈ. કોણ છોડતે હૈ ધૂળ? વો તો બહાર હી પડ્યા હૈ. ક્યાં છૂટ ગયા હૈ? વો તો બહાર હી હૈ. અડ્યા હૈ આત્મામેં? (શ્રોતા : ઈતના છોડ દિયા તો ભી....) ઘૂસ ગયા હૈ કોઈ ચીજ? અજીવ ચીજ જૂડતી હૈ આત્મા મેં? અજીવ તો અજીવ પણે રહા હૈ. આ શરીર, શરીર અજીવ પણે રહા હૈ કે જીવ પણે રહા હૈ? આ શરીર હૈ વો અજીવપણે હોકર રહા હૈ કે જીવપણે હો કર રહા હૈ? અજીવપણે હોકર રહા હૈ. એ તો માટી હૈ, જડ-અજીવ હૈ.

અજીવકી પર્યાય દ્રવ્યગુણ, વો અપની જીવ કી પર્યાયમેં નહીં આયી હૈ. એ તો ઉસકા હોકર રહા હૈ. અજ્ઞાની મૂઢ માનતે હૈ કે મેરા હૈ. શું કહેવાય? ઉઠાવગીર છે. કોકની ચીજ અપની માનતે હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. અજીવકો અપના માનતે હૈ, એમ કહેતે હૈ. (શ્રોતા : આયુષ્ય તો....એનું ખરૂ ને?) ધૂળેય નથી. એને કહ્યું ને આ શું કહ્યું? અજીવપણે રહા હૈ કે જીવ પણે રહા હૈ? સિદ્ધાંત નક્કી કરો. આ શરીર હૈ અજીવપણે હોકર રહા હૈ કે જીવ હોકર રહા? જીવ હોકર રહે તો અરૂપી હો જાય, આ તો રૂપી. હૈ શેઠ, બરાબર હૈ? હવે ના પડાય એવું નથી કાંઈ, એવી વાત છે. આહાહા!

વાણી અજીવ હોકર રહી હૈ ઔર યે ધૂળ, ધૂળ ક્યા સમજે? પૈસા. ઈ તો સમજે છે ને, આવે છે ને ઘણીવાર. એ તમારે પાંચ, પચાસ, સાઈઠ લાખ કરોડ ઈ ધૂળ, ઈ ધૂળ, ધૂળ જ હોકર રહી હૈ કે તમારી હોકર રહી હૈ? આહાહા! (શ્રોતા : કિસકી હોકર રહી હૈ?) અજીવ કી હોકર રહી હૈ? શેઠ કી હોકર રહી હૈ? તો તો અરૂપી હો જાય, તુમ તો આત્મા હૈ. એ ધૂળના બધા આવાને આવા વાતું બોલનારા છે બધા. આંહી તો પરમાત્મા તો એમ કહેતે હૈ કે શુભ–અશુભ રાગવાળા આત્મા માનના, વહી મૂઢ મિથ્યાદૃષ્ટિ હૈ? શરીરવાળા માનના ને પૈસાવાળા ને ક્યાં રહી ગઈ વાત. વહ તો અજીવ તત્ત્વ હૈ.

પણ આત્મામેં પુણ્ય ને પાપ કા વિકલ્પ ભાવ હોતા હૈ, વો આસ્રવ તત્ત્વ હૈ, મેલ તત્ત્વ હૈ, વિકાર તત્ત્વ હૈ. વો અપના નિર્વિકારી સ્વભાવમેં અપના માનના ઉસકા નામ મિથ્યાદૃષ્ટિ–અજૈન કહને મેં આતા હૈ. આહાહા! ભારે આકરું કામ માણસે ધર્મ ક્યા હૈ, સત્ ક્યા હૈ, સુના હી નહીં. એમ ને એમ અનાદિ ગડબડ, ગડબડ, ગડબડ અનાદિસે ઐસા ચલા હૈ. પંડિતજી! 'रोकै आवत करमकौ' કર્મ તો કર્મ અજીવ પણે રહા હૈ. યે અજીવપણે આના નહીં થા યહાં આત્મા કા શુદ્ધ ઉપયોગ હુઆ. શુદ્ધ....સૂક્ષ્મ બાત હૈ

પ્રભુ. લોકોએ અંતર ધર્મ અપૂર્વ ચીજ ક્યા હૈ, ઉસકે અંતરમેં સુનનેમેં આઈ નહીં. બહારસે આ ક્રિયા કરી, વ્રત લીયા, તપ લીયા ને અપવાસ કર્યા, જાત્રા બાત્રા કર દીયા હો ગયા ધર્મ. ધૂળ મેં હી ધર્મ નહીં. કોણ કહેતે હૈ ધર્મ હૈ ઉનમેં? વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા તો કહેતે હૈ કે વો શુભ–અશુભ પરિણામ કા રુકના, ઉસસે વિરક્ત હોના ઔર આનંદકંદ પ્રભુ મેં લીન હોના, યે સંવર હૈ. હૈ ઉસમેં દેખો? બનારસીદાસ કા શ્લોક હૈ. બનારસીદાસ હો ગયે ને 'સમયસાર નાટક' ઉસમેં હૈ.

'रोकै आवत करमकौ' અર્થાત્ શુદ્ધ સ્વરૂપની અંતર અનુભવ દૃષ્ટિ થતાં અતીન્દ્રિય આનંદકા આત્મામેં સ્વાદ આના, ઉસકા નામ શુદ્ધ ઉપયોગ–નામ શુદ્ધ પરિણામ, વ્યાપાર કહેનેમેં આતા હૈ, વો સંવર હૈ. સમજમેં આયા? એકત્રીસ, યે તો ચલ ગયા થા કલ. આ તો નિર્જરાની સાથે જરી સંબંધ કરવો છે ને એટલે વો લિયા. બત્રીસમાં નિર્જરા, સંવરપૂર્વક નિર્જરા હોતી હૈ એમ બતાના હૈ, સમજમેં આયા? જિસકો ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા હૈ ચૈતન્ય સ્વરૂપ તો વીતરાગ સ્વરૂપી આત્મા અનાદિ અનંત હૈ. ઉસમેં વીતરાગ ભાવકી દૃષ્ટિ કરકે વીતરાગ ભાવ હો અંદર; દૃષ્ટિ કરકે વીતરાગ ભાવકા અનુભવ પ્રતીત હુઆ, તો નયા કર્મ આતા રૂક ગયા. ઈતના હી સંવરકી ભૂમિકા કીયા.

હવે આગળ જૂના કરમ હૈ ઉસકા ક્યા કરના? વો બાત ચલતી હૈ. સંવરપૂર્વક નિર્જરા. જિસકો સંવર નહીં હૈ ઉસકો તો નિર્જરા કભી હોતી નહીં હૈ. જિસકી દૃષ્ટિ પુણ્ય ધર્મ હૈ, પાપમાં મજા હૈ ઐસી દૃષ્ટિ હૈ, ઉસકો તો સંવર નહીં તો ઉસકો નિર્જરા ઉપવાસ કરીને મર જાય, છ–છ મહિના અપવાસ કરે, કરોડો રૂપિયા, અબજના દાન કરે, ધર્મ નહીં, નિર્જરા નહીં. સમજમેં આયા? આહાહા!

કહે છે, પૂર્વનું કર્મ સત્તા મેં પડ્યા હૈ. નયા તો રોક્યા. આત્મા કા શુદ્ધ સ્વભાવ જૈસા હૈ, એ આત્મ તત્ત્વ કો પીછાન કર આત્મજ્ઞાન કરકે, સ્વસન્મુખકી–સ્વભાવકી અંતર દૃષ્ટિ કરકે, જો સમ્યક્દર્શન જ્ઞાન શુદ્ધ હુઆ, ઉસસે નયા કર્મ તો આયા નહીં. હવે પુરાના હૈ ઉસકા ક્યા કરના? ઉસકી બાત હવે નિર્જરામેં કહતે હૈ.

जो पूरव सत्ता करम, करी थिति पूरन आउ।
खिरबेकौं उधत भयौ, सो निर्जरा लखाउ॥३२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : થિતિ=સ્થિતિ. સત્તા=અસ્તિત્વ. ખિરવેકૌં=ખરવાને માટે. ઉદ્યત=તૈયાર, તત્પર.

**અર્થ :**–જે પૂર્વસ્થિત કર્મ પોતાની અવધિ પૂરી કરીને ખરવાને તત્પર થાય છે, તેને નિર્જરા પદાર્થ જાણો. ૩૨

**अर्थ** :–जो पूर्वस्थिति कर्म अपनी अवधि पूर्ण करके झड़नेको ततपर होता है उसे निर्जरा पदार्थ जानो।।३२।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પૂર્વની સત્તામાં પડ્યા જો કર્મ, પૂર્વે જો અજ્ઞાન ને વિકારભાવ સે બંધા થા કર્મ, વો હવે સમકિતી કો નિર્જરા કૈસે હોતી હૈ? સંવરપૂર્વક ઉસકો આત્મભાન કી દશામેં પૂર્વકા કર્મકા ખીરના, ઝરના, ટળના, ગળના, મરના કૈસે હોતા હૈ? કે 'पूरव सत्ता करम' સત્તામેં જો કર્મ પડ્યા હૈ. 'करी स्थिति' એની સ્થિતિ પૂર્ણ હો ગઈ, ખીરને કે લાયક હો ગયા વો. પૂર્ણ સ્થિતિ ઝરવાની તૈયારી ઉસકી હૈ. 'खिरवेकौ' એ તો ખરવામાં..... ઉસકી સ્થિતિ ઐસી હી હૈ. પણ 'उधत भयौ', ભગવાન આત્મા અપના આનંદ સ્વરૂપમેં પુરૂષાર્થ કરકે આયા, તો કર્મ ખીરતે હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ શેઠ!

આ પૈસા-બૈસા બહાર મળી જવાય ને એમાં કાંઈ ડહાપણ—બહાપણ કાંઈ કામ કરે એવું નથી તમારું હોં. તમે એમ કે હુશીયાર થયા માટે પેદા થયા. બુદ્ધિના બારદાન ઘણા જોયા છે અમે જીંદગીમાં. (શ્રોતા : લાલચંદજી બહોત ધ્યાન રખતે હૈ) ધ્યાન રાખે તો ધૂળેય મળે નહીં કાંઈ. એ તો પૂર્વના પરમાણું પડ્યા હોય સત્તામાં પુણ્યના, એ ગળવાની તૈયારી હોય ત્યારે આમ સંયોગ દેખાય, સોગઠી ગોઠવાઈ જાય. લાલચંદજી! કેટલાય કરોડોપતિ તમે જોયા છે. અબજોપતિ નથી હમણાં? સુના હૈ કે નહીં શેઠ? આપણે શાંતિલાલ ખુશાલ, ગોવા દો અબજ ચાલીસ કરોડ, વાણીયા હૈ આપણા. અહીંયા અમારી નાત છે ને દશાશ્રીમાળી. દો અબજ ચાલીસ કરોડ. ધૂળ છે પણ શું છે ઈ કાંઈ પુરૂષાર્થથી મળ્યું છે? પૂર્વના શાતાના પરમાણું બંધાયેલા કોઈક નિગોદ નરકમાંથી ક્યાંક હોય. લાલચંદજી! ઐસી બાત હૈ અહીંયા તો ભગવાન.

એ પરમાણુમેં પાકનો કાળ હોય, ફળમાં જેમ ફળ હોય ઝાડમાં. દીટીયું, દીટીયું કહતે હૈ ને ક્યા કહેતે હૈ? ગંથન કહેતે હૈ, ભાષા તમારી દીટીયું ગળી જાય, ખરી જાય હેઠે. એમ એ ખરવાની તૈયારી હોય પૂર્વના પુણ્યના પરમાણું, એ વખતે સોગઠીયું ગોઠવાઈ જાય કે આ વ્યાપાર થયો ને આ ફલાણું એવું બધું ગોઠવાઈ જાય ત્યાં. ઓલો માને કે મેં વ્યવસ્થા બરાબર જાળવી, મારા હાથમાં રાખ્યું પતંગ, પતંગ, પતંગ. હાથમાં રાખી તો ઉડવા ન દીધી આઘી. એ લાલચંદજી! મેં બરાબર વ્યવસ્થા રાખીને આ બધા છોકરાઓ ને ભાઈઓને પાંચ—છ જે કામ કરતા હોય. ચાર ને બે આ છ. એક જણા માંદા પડ્યા હોય. આમ બરાબર ધ્યાન રાખ્યું કહેવાય. શેઠ! ખોટી માન્યતા ભ્રમણાની છે તારી.

આહીં કહે છે કે વસ્તુ સ્થિતિ શું છે એની ખબર નથી. એ તો પૂર્વના પુણ્યના પરમાણુંનો પાક કાળ ખરવાનો હોતો હૈ, વો સમય ઐસી યોગ્યતાની સોગઠી ગોઠવાઈ જાય. એમાં આત્માનો પુરૂષાર્થ કાંઈ કામ કરતો નથી. કામ કરતે નહીં એમ થોડું સમજી લેવું. થોડું ગુજરાતી આવે છે ને.

અહીં કહે છે, ઓહો! પુણ્ય તો ભિન્ન ચીજ હો ગઈ, પાપ તત્ત્વ દૂસરી ચીજ હો ગઈ ઔર પુણ્ય-પાપ દો મિલકર આસ્રવ વો પણ દૂસરી ચીજ હો ગઈ. હવે વો પુણ્ય-પાપ કા ભાવ સે વિરક્ત હો કર પવિત્રતા કા સ્વભાવ મેં જ્યાં ઘૂસ્યા ઔર અંતર આત્માકા આનંદકા સ્વાદ આયા—અતીન્દ્રિય આનંદકા, ત્યારે સમ્યક્‌દર્શન હુઆ. ત્યારે ઉસકા નયા કર્મ મિથ્યાત્વકા આતા થા, વો રૂક ગયા. સમજમેં આયા? આહાહા! હવે પૂર્વ મિથ્યાત્વમેં બંધ પડા થા, કર્મકી સત્તા પડી હૈ ઉસકા ક્યા? વો કહેતે હૈ. 'पूरव सत्ता करम, करी स्थिति पूरन' ભાષા પાછી ક્રમસર જ લીધી છે. એની સ્થિતિ પૂરી થઈ છે ને ખરે છે, એને લઈને આ હૈ? એય! પંડિતજી.

કર્મની નિર્જરા હોતી હૈ. નિર્જરાકા પ્રકાર તીન હૈ. એક તો સ્વરૂપકા શુદ્ધ ઉપયોગ ચૈતન્યકી ઉગ્રતા કરના. એ શુદ્ધ ઉપયોગકો ભી નિર્જરા પંચાસ્તિકાયમેં ભગવાન કુંદકુંદ આચાર્ય કહેતે હૈ. દૂસરી, અશુદ્ધ જો પુણ્ય-પાપ કા પરિણામ હૈ ઉસકી ઉત્પત્તિ ન હોના, એ અશુદ્ધ ઉપયોગકા નાશ હોના ઉસકો ભી નિર્જરા કહેતે હૈ. તીસરી, વો કર્મ કા રજકણ હૈ વો ખીર જાના, વો જડકી નિર્જરા કહેનેમેં આતા હૈ. આહાહા! ફરીને સમજાય છે કે નહીં? તમારા ભાઈની વાત કરે છે ક્યાં ગયા? નથી સમજાતું મુંઝાય છે. કોઈ દી' અભ્યાસના પગથીયે ચડ્યા નથી, શું કરે? આ તો બધું અભ્યાસ કરે તો સમજાય એવું છે. આહાહા!

તીન પ્રકારકી નિર્જરા વ્યાખ્યા ચલી હૈ એક તો મુખ્ય નિર્જરા ઉસકો કહેતે હૈ, પવિત્રતાકી અંદરમેં પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગકી. પુણ્ય પાપકા ભાવ દો હૈ અશુદ્ધ ઉપયોગ, એ બંધકા કારણ હૈ. ઉસસે રહિત અપના નિર્મળાનંદ ચૈતન્ય ભગવાન સમ્યક્‌દર્શન-જ્ઞાનના પરિણામકી ઉત્પત્તિ નિર્મળ હોના, વો શુદ્ધ ઉપયોગકો નિર્જરા કહેતે હૈ. અસ્તિરૂપે, અસ્તિરૂપે પવિત્રતાકી ઉગ્રતા પ્રાપ્તિ ઉસકા નામ નિર્જરા એ, અસ્તિ થઈ. વો સમય પૂર્વકી અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપકા થા, વો ગળ ગયા, ખીર ગયા, વો નાસ્તિસે નિર્જરા અશુદ્ધ ઉપયોગકી કીયા. અપનેમેંસે હુઈ, ઐસા અશુદ્ધ કા નાશ હુઆ તો કર્મકી રજકણ અપની સ્થિતિ પૂરી કરકે ખીર જાતે હૈ, વો જડકી નિર્જરા હુઈ. આરે આ વાત જ (ક્યાંય નથી) સમજમેં આયા હૈ કે નહીં? આહાહા!

અશુદ્ધતા નાશ હો ગઈ ને કર્મ ઉસકે કારણ સે (નાશ હુઆ), આત્મા કર્મકો નાશ નહીં કરતા. કર્મ તો જડ હૈ. ક્યા જડકા આત્મા સ્વામી હૈ? કે જડકો બાંધે ને જડકો છોડે. એ તો અજીવ તત્ત્વ સ્વતંત્ર હૈ. જગતકા સ્વયંસિદ્ધ અજીવ તત્ત્વ સ્વયંસિદ્ધ હૈ. એ કોઈ કા સ્વામી, ઉસકા કોઈ સ્વામી હૈ કે કોઈ ઉસકા દાસ હૈ આત્માકા કર્મ, ઐસા હૈ નહીં. પણ યહાં આત્મામેં જ્યાં શુદ્ધ ઉપયોગકી દશા હુઈ, ધર્મકી દશાની ઉગ્રતા હુઈ. સંવરમેં ધર્મ દશા શુદ્ધ ઉપયોગ હુઆ, પણ હવે તો યહાઁ પૂર્વ કા કર્મમેં નાશ કરનેમેં નિમિત્ત, અશુદ્ધતાકા નાશ કરનેમેં કારણ ઐસા પવિત્રતા શુદ્ધ ઉપયોગ અતીન્દ્રિય આનંદકા રમના, જમ જાના અતીન્દ્રિય આનંદકા ભોજન કરના ભારે વાત! મેહસૂબ—બેહસૂબ (એ ભોજન) નહીં.

એ ખરવાની યોગ્યતા ઉસકે કારણસે ખીરતે હૈ. 'आतम उद्यत भयों' અપના શુદ્ધ ઉપયોગમેં ઉદ્યમ કરતે હૈ જીવ. રૂપચંદજીભાઈએ એવો અર્થ કર્યો છે. રૂપચંદજીએ એવો અર્થ કર્યો. એ અર્થ બરાબર છે પણ એ લોકોને એ વખતે ચર્ચા ચાલતી હશે ને. પાંચ જણા હતા ત્યાં બનારસીદાસ વખતે. પહેલે તો શૃંગારી પુરુષ હતા ને બહુ. બનારસીદાસ શૃંગારી—વ્યભિચારી બહુ હતા. પછી એમને રૂપચંદજીનો યોગ મળ્યો. સમાગમ, સમજણ પછી આ બનાવ્યું. એમાંથી રૂપચંદજીએ અર્થ કર્યો છે. રૂપચંદજીનું છે ને આમાં અર્થ. ઓલામાં ઈ શબ્દ છે પ્રકંડ રત્નાકર.

જુઓ નિર્જરા, નિર્જરા તત્ત્વકી પહેચાન કરાતે હૈ. જો પૂર્વકા વિશેષ સાત સત્તારૂપ કર્મ....એમ લીધું. આઠ આઠ કરમ વાળી સત્તા. ઓલું આયુષ્ય જુદું પડ્યું છે ને એટલે શબ્દ એમ કર્યો છે. આયુષ્ય શબ્દ પડા હૈ ને. 'करी स्थिति पूरन आउ' એમ શબ્દ એટલે આયુકર્મ વર્તમાન કાલમેં સત્તારૂપ હૈ તાકી સ્થિતિ પૂર્ણ કરકે પીછે 'निरस कर्मके विषय खिरवैको निरस कर्म' રસ બિનાકા કર્મકો જરનેમેં જીવો 'उद्यत भयों अपनेमें' ઉદ્યમ ભયો. ભાષા તો જાણે એમ, એને ખેરવામાં ઉદ્યમ છે. (શ્રોતા : પોતાના ભાવમાં ઉદ્યમ છે.) આહાહા!

આ અપવાસ—બપવાસ કરે ને નિર્જરા થાય, એમ નહીં એમ કહે છે. એમ કહેતે હૈ. સમજમેં આયા? ઐસે તો નવમી ગ્રૈવેયકે અનંત બૈર ગયે ને અનંતબાર ઐસી ક્રિયા કીયા હૈ. 'मुनिव्रत धार अनंतबेर ग्रैवेयक उपजायौ, आतम ज्ञान बीन लेश सुख न पायों' છ ઢાળામાં આતે હૈ, છ ઢાળા. મુનિવ્રત ધારણ કીયા, પંચમહાવ્રત લીયા, અઠ્ઠાવીસ મૂળગુણ લીયા. ચામડી ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે ઐસી ક્ષમા, (પર) ભાન આત્માકા નહીં. એ પુણ્યની ક્રિયા વો ધર્મ માનતે થે. સમજમેં આયા? આહાહા!

ઉસસે ભગવાન ભિન્ન, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર દેવે ઈન્દ્રો અને ગણધરોની

સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા આ કહા હુઆ હૈ. કુંદકુંદ આચાર્યદેવ. દિગંબર સંત સંવત ૪૯મેં ભરતક્ષેત્રમેં હુઆ. ભગવાન પાસે ગયે થે. સીમંધર પરમાત્મા વર્તમાન બિરાજે છે, કેવળી તીર્થંકરપણે મહાવિદેહ ક્ષેત્ર મેં, વો વખતે ભી થા. વો ૨૦૦૦ વર્ષ હુઆ. અભી ભી હૈ ઔર અબજો વર્ષ રહેગા હજી. આવતી ચોવીશીમેં મોક્ષ જાયેગા. આંહી બારમા તેરમા તીર્થંકર હોગા તબ મોક્ષ જાયેગા, ઈતની લંબી સ્થિતિ હૈ ઉનકી કરોડ પૂર્વકી સ્થિતિ, સીમંધર ભગવાનની. ઓ લાલચંદજી! કરોડ પૂર્વ કીસકો કહેતે હૈ ખબર હૈ? પૈસાની ખબર હૈ ઘરમાં કિતના હૈ, ખબર હૈ કે નહીં? કરોડ પૂર્વ કીસકો કહેતે હૈ? ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છે ને. ભગવાનદાસ જાણે છે? એ પણ નહીં જાણતો હોય. પૈસાની ખબર હોય કે મારી પાસે પચાસ સાઈઠ લાખ કે સીત્તેરલાખ (છે) ને લોકો કરોડપતિ કહે છે. ભલે કહે, પણ છે તો આટલા એમ જાણે. મનમાં ને મનમાં જાણે એ! શેઠ. આહાહા!

કરોડ પૂર્વકી ઐસી સ્થિતિ હૈ. કહી થી ઘણીબાર આઈ હૈ. એક પૂર્વમેં સીત્તેરલાખ કરોડ છપ્પન હજાર કરોડ, વર્ષ ચલા જાતા હૈ, એક પૂર્વમેં. કિતના? સીતેર લાખ કરોડ. ભગવાનકી આયુષ્ય કી સ્થિતિ ઈતની હૈ ત્યાં. એક પૂર્વ મેં સીતેર લાખ કરોડ. એક કરોડ, બે કરોડ, હજાર કરોડ એમ નહીં. સીતેર લાખ કરોડ ઔર છપ્પન હજાર કરોડ. ઈતના વર્ષકા એક પૂર્વ હોતા હૈ. ઐસા કરોડ પૂર્વ ઈસમેં ક્યા સ્થિતિ લગતી હૈ, થોડી હુઈ. અનંતકાળમેં ઈતની સ્થિતિ હૈ. આહાહા! સમજમેં આયા?

ભગવાન પાસે ગયે થે કુંદકુંદઆચાર્ય, સંવત ૪૯ મેં. આઠ દિવસ ત્યાં રહે થે પછી 'સમયસાર' બનાયા હૈ. ઉસકા 'કળશ' બનાયા અમૃતચંદ્ર આચાર્યે. હજી ૯૦૦ વર્ષ પહેલે. એ કળશમેંસે ટીકા બનાયી રાજમલજી ટીકા, એક રાજમલ હુઆ હૈ. છે ને ટીકા! પાંડે રાજમલ હૈ કે નહીં શેઠ? હૈ ઘરે તુમ્હારે. આ ઉસમેં સે નાટક બનાયા હૈ. રાજમલ ટીકા. પાંડે રાજમલ હુએ હૈ. હિંદીમેં ટીકા બનાયા હૈ. અહીંયા હજારો પુસ્તક હૈ. અહીં તો બહોત, સાડા સાત લાખ પુસ્તક બહાર પડ ગયા હૈ અહીંયા.

એ રાજમલ ટીકામેંસે આ 'સમયસાર નાટક' બનાયા હૈ, આગળ આયેગા. અહીં તો કહેતે હૈ, 'जीवों उद्यमवत भयों' પંડિતજી. શબ્દાર્થ ભલે એવો હોય પણ અહીંયા ભાવાર્થ આમ છે. તાત્ત્વિક અર્થ આ. કર્મ શું છે? કર્મ તો પરમાણુ જડ હૈ. ઉસકો તો ખીરનેકા, રહનેકા ઉસકા સમય થા. પણ યહાઁ આત્માએ અપના સ્વભાવ સન્મુખ જાગૃત દશામેં શુદ્ધતામેં વિશેષ શુદ્ધતા પ્રગટ કીયા, વો પુરુષાર્થ કિયા આત્માએ. પુણ્ય-પાપ કા વિકલ્પ સે હટકર નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન આત્મામેં ઉગ્ર પુરૂષાર્થસે અંદર જમ ગયા.

આ ઉસકા નામ જીવે અપના આત્મામેં પુરૂષાર્થ કીયા, તો કર્મ ખીરે, તો ઉસકો નિર્જરા કહેનેમેં આતી હૈ. સમજમેં આયા? આવું છે સ્વરૂપ ભાઈ! આહાહા!

અરે! અનંતબાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર ત્યાગી થયો, સાધુ થયો. પણ તત્ત્વ શું ચીજ ક્યા હૈ, પતા લિયા નહીં. બહુ સાધુ નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ અનંતવાર થયો. પંચમહાવ્રત, અઠ્યાવીસમૂળગુણ પણ એ તો વિકલ્પ છે, આસ્રવ છે. એ ક્યાં સંવર નિર્જરા ને ધર્મ હતો? સમજમેં આયા? યહાઁ તત્ત્વ ક્યા હૈ ઉસકી દૃષ્ટિ કે બિના કિંચીત ભી નિર્જરા ને સંવર ઉસકો હોતા નહીં. કહેતે હૈ કે એ તો 'खिरबेकौ उद्यत भयों' પરમાણુઓ સત્તામેં સે નીકલને કી તૈયારી હો ગઈ. સ્વભાવ મેં આત્મા અપને પુરુષાર્થમેં જુડ ગયા.આહાહા!

ચૈતન્ય મૂર્ત અપના સ્વભાવકા પૂર ઉસમેં ઘૂસ કર વિશેષ શુદ્ધતા પ્રગટ કીયા, ઉસકા નામ અપના જીવમેં પુરુષાર્થ કીયા કહનેમેં આતા હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! મોંઘી વાતો એવી લાગે ને. સાધારણ સમાજને માટે બિચારા એમને એમ રખડી મરે છે. એ લાલચંદજી! પૈસાવાળા ને શું હોય? પૈસા આપે તો દાનમાં ધર્મ થાય, એ ત્યાં રોકાઈ ગયા હોય. શરીરના બળવાળા ત્યાં રોકાયા હોય, ઉપવાસ-બપવાસ કરના—વ્રત કરના ઈ શરીરના બળવાળા. પૈસાના બળવાળા દાનમાં ધર્મ માને, આ શરીરની ક્રિયાથી ધર્મ માને. અને મનના બળીયા ક્ષયોપશમવાળા એકલા જ્ઞાન જેને ઉઘાડ હોય, એ વાતું કરીને ધર્મ માને. આહાહા!

અનાદિ આત્મા પ્રભુ ચોરાસીના અવતારમાં એક એક (જીવયોની)માં અનંત—અનંત અવતાર કર્યા. ભૂલી ગયો, ભૂલી ગયો એટલે કંઈ નહોતું! આહાહા! એ નરકની વેદના સાંભળી જાય નહીં. વેઠી એણે ને ભગવાને જાણી. એટલી અનંતવાર નરકમાં ગયો છે. પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિ થોડામાં થોડી, મોટી સ્થિતિ એક સાગરની. એક સાગર કીધું! એક સાગરમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય-અબજ વર્ષ થાય. ઓલા કરોડ પૂર્વ કીધા, પલ્યોપમના અસંખ્ય ભાગમાં એવા કરોડ પૂર્વ અસંખ્ય જાય.

(શ્રોતા : એ હિસાબ ગણવો કઈ રીતે?) ગણવો પડશે. આ તો વસ્તુની સ્થિતિ આમ છે. આહાહા! એવી સાતમી નરક, ૩૩ સાગર અનંતવાર ગયો. આત્માનું જ્ઞાન નહીં. સમ્યક્‌દર્શન શું ચીજ ક્યા હૈ, ખબર નહીં. માની લીયા, હમ જૈન હૈ, દેવગુરુશાસ્ત્રકો માનતે હૈ, નવ તત્ત્વ કો માનતે હૈ ને ઉસમેં હમ ધર્મી હૈં. ઉસમેં ધર્મ હૈ. ધૂળમેં ભી ધર્મ નહીં હૈ, સુન તો સહી! એ તો વિકલ્પ હૈ, રાગ હૈ. સમજમેં આયા?

અનંત અનંતબાર નરકમેં, અનંતવાર પશુમેં. નરક કરતા અનંતબૈર અસંખ્યગુણા અનંતબૈર તો સ્વર્ગમાં. નરકની સંખ્યા અનંતી, ઉસસે અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કિયા, જ્યાં એકલું પુણ્યનું ફળ. દુનિયા તો એમ માને કે આ અમર ને અક્ષરધામ વૈકુંઠ છે, એમ માને. એવા ૩૧ સાગરની સ્થિતિ એ અનંતવાર અનંતવાર ગયો. પણ ભગવાન આત્મા આનંદસ્વરૂપ પુણ્યપાપના રાગ વિનાની ચીજ, એને વિકલ્પના સહારાની અંતરધર્મને જરૂર નથી, એવી અંતર અનુભવ દૃષ્ટિ કરી નહીં. આહાહા! સમજાણું કાંઈ? એને સંખ્યાની જરૂર નથી, આટલા ઝાઝા માને તો સાચું. એ તો સત્ છે ઈ સત્ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ અનંત તીર્થંકરો કહી ગયા, ભગવાન વર્તમાનમાં કહે છે. તીર્થંકર દેવ મહાવિદેહમાં બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે. આ વાત પરમાત્મા કહે છે, એને અંતરમાં બેઠી નહીં. કાંઈક-કાંઈક બચાવ કરી, એ આમ થાય આમ થાય, કાંઈક આમ થાય ને! પાધરું ચડી જાતું હશે? પાધરી એને ગણાતા હશે? પહેલો એકડો ઘૂંટવો જોઈએ. ફલાણું કરી એમ કરી બચાવ કરી કરીને મરી ગયો માળો. સમજાણું કાંઈ પંડિતજી?

'खिरबैकौ उद्यत भयौ' નિર્જરાની વ્યાખ્યા તો એવી કરી છે ને ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં, એકદેશ બંધનો અભાવ. એક દેશ બંધનો અભાવ. સર્વદેશ બંધનો અભાવ, એ મુક્તિ. એક અંશેપણ બંધના અભાવરૂપી પવિત્રતા પ્રગટ થતા એક અંશે ખરેખર બંધનો અભાવ થાય, એને નિર્જરા—શુદ્ધતા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએ. લાંબુ ને મોટા મોટા પૂંછડા લંબાવે ને હોય ખોટે ખોટા ગપ્પેગપ્પ. સમજાણું કાંઈ? આહાહા!

'खिरबैकौ उद्यत भयों, सो निर्जरा लखाउ' એને નિર્જરા જાણો. લખાઉ એટલે જાણો. હજી તો તત્ત્વ કોને કહેવું સંવર નિર્જરા, એની ય ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. આરે! ભારે મારી નાખ્યા જગતને. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન સેવ્યા નહીં ગુરૂ સંતને'.....તત્ત્વ શું છે એવા સંતોએ જાણ્યું, એ વાત એને મળી નહીં એને. અભિમાનમાં ને અભિમાનમાં અમે પણ જાણીએ છીએ ને અમને આવડે છે, એમ કરીને એણે અનંતકાળ શાસ્ત્રના જ્ઞાનેય કર્યા અનંતવાર, એ કંઈ ચીજ નથી. ચીજ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા, એની અંતરમાં દૃષ્ટિ થઈને અંતરમાં સ્થિરતા થવી તેને અહીંયા નિર્જરા કહેવામાં આવે છે. આહાહા! બાકી બધા અપવાસ કરીને લાંઘણ્યું કરીને મરી જાય તો ય જરીયે નિર્જરા નથી. એય! માર્ગ આવો છે. બેસે ન બેસે જગતને ભાગ્યે. લાલચંદજી! આહાહા!

અહીં કાંઈ માખણ નથી, ભગવાન કહે, મારી પાસે કાંઈ. કહે, પૈસાવાળાને ધર્મ

થાય અને ગરીબને ન થાય, એવું કાંઈ નથી અહીંયા. (શ્રોતા : પૈસાવાળાનું ધાર્યું તો થાય) ધૂળેય થાય નહીં, અભિમાન થાય વધારે. 'પરમાત્માપ્રકાશ'માં કહ્યું છે યોગીન્દ્રદેવે. હવે સાંભળે તો ખરા. એકવાર કહ્યું'તું 'પરમાત્મા પ્રકાશ' છે કે નહીં? એ લાવો ને અહીંયા શાસ્ત્ર હોય તો. અમારે રામજીભાઈ કાયદો કાઢીને જજને બોલાવતા. એક જણો કહે, ધોળે દિવસે તારા બતાવે. રામજીભાઈ એવા હતા ને ત્યારે. રામજીભાઈનો જમાનો હતો એ વખતે. (શ્રોતા : એના માટે તો મોટી કાળી ચોકડી મારી) એ તો હોય પણ, આ તો વાત બહારની વાત છે, એ અપેક્ષાએ છે. વકીલો રાડ પાડતા રામજીભાઈ. ઓલા પાસે ૨૦૦૦નો દનિયારો હોય તો સામે રામજીભાઈ છે. કેટલામી છે ઈ? આમાં હશે મોઢા આગળ—પુણ્યનું ફળ વૈભવ. ૨૦૧, ૨૦૧ છે. ૨૦૧, શું હશે? પાનું હશે.

યોગીન્દ્રદેવ મહા મુનિ દિગંબર સંત જંગલમાં આનંદમાં વસનારા અતીન્દ્રિય, એમણે આ બનાવ્યું છે. 'पुण्णेव होई विहवो' પુણ્યથી વૈભવ મળે. આ પંચમ આરાના વૈભવ પૈસાવાળા કેવા છે, એમ વર્ણવે છે. પુણ્યથી વૈભવ મળે, વૈભવથી મદ ચઢે. એ સાઈઠમી ગાથા છે સાઠ('પરમાત્મપ્રકાશ અધ્યાય-૨'). 'ત્રિલોકપરિણતિ'માં પણ છે. આ બીજો અધિકાર છે, બે અધિકાર છે, 'ત્રિલોકપરિણતિ'માં છે. લખ્યું છે બધું લખ્યું છે. 'ત્રિલોકપરિણતિ' મોટો ગ્રંથ. ભાગ બીજો પાનું ૮૭૯, ગાથા બાવન 'ત્રિલોકપરિણતી' છે ને આ તો બધા શાસ્ત્ર જોઈને આમાં મેળવ્યું હોય ને લખ્યું હોય.

વિભવથી મદ 'मएण मइ मोहो' મતિ—ભ્રમ થઈ જાય છે, અમે કાંઈ મોટા છીએ એમ. ગરીબોને ગણે નહીં. સમજાણું કાંઈ! જુઓ અર્થ. 'પુણ્યસે ઘરમેં વૈભવ, ધન હોતા હૈ ઔર ધનસે અભિમાન હોતા હૈ ઔર બુદ્ધિ ભ્રમ હો જાતી હૈ. બુદ્ધિ કે ભ્રમ હોનેસે અવિવેક સે પાપ હોતા હૈ'. ઈસલિયે 'मइ-मोहेण य पावं तो पुण्णं अम्ह मा होउ' આચાર્ય કહે, એસા પુણ્ય હમારે ન હોવે; યોગીન્દ્રદેવ છે દિગંબર મુનિ સંત. (શ્રોતા : અત્યારની વાત લેવી કે?) પણ આ ગૃહસ્થ સાટુ કહે છે, કોને કહે છે? એય!

આત્માનો અનુભવ સમ્યગ્દર્શનપૂર્વકમાં શુભભાવ આવે અને પુણ્ય બંધાઈ જાય, એમાં એને શુભભાવનો આદર નથી. એથી એના ફળ વખતે આ મારા છે, એવું અભિમાન નથી. આ તો અજ્ઞાનીને માટે વાત કરે છે. સમજાણું કાંઈ? પરમાત્માપ્રકાશ છે શાસ્ત્ર. 'ઐસા પુણ્ય હમારે ન હોવે' ઠીક. 'અજ્ઞાની જીવ મિથ્યાદૃષ્ટિ સંસારી અજ્ઞાની જીવ ઉસને પહલે ઉપાર્જન કિયે ભોગોકી વાંછારૂપ પુણ્ય. ઉસકે ફલસે પ્રાપ્ત હુઈ ઘરમેં સંપદા (હોનેસે) અભિમાન (ઘમંડ) હોતા હૈ. અભિમાનસે બુદ્ધિ ભ્રષ્ટ હોતી હૈ. બુદ્ધિ ભ્રષ્ટકર પાપ કમાતા હૈ. પાપ સે ભવભવમેં અનંત દુઃખ પાતા હૈ. ઈસલિયે ઐસી મિથ્યાદૃષ્ટિકા પુણ્ય-પાપકા હી કારણ હૈ.' અર્થ કર્યો દોલતરામે. દોલતરામ છેને 'છ ઢાળા'ના કર્તા.

એણે અર્થ કર્યો. બહુ સારો અર્થ કર્યો છે. વંચાઈ ગયું છે. અહીં તો બધું વંચાઈ ગયું છે એકે એક (શાસ્ત્ર).

કહેતે હૈ, આને નિર્જરા કહે છે ભાઈ! રજકણના ને રાગના અંશથી પ્રભુ ભિન્ન છે. રજકણો છે તે અજીવ તત્ત્વ છે આ અને પુણ્યના–પાપના ભાવ તે રાગનો અંશ છે. ભગવાનઆત્મા તો રાગના આસ્રવતત્ત્વ ને અજીવતત્ત્વથી જુદો છે. સમજાય છે કાંઈ? એવો પરમાત્મા પોતે ચૈતન્યમૂર્તિ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો', એવા ચૈતન્ય સ્વરૂપમાં અંતર-દૃષ્ટિના અનુભવમાં ઉપયોગ ઉગ્રપણે શુદ્ધતા પ્રગટ કરે, એને અહીંયા નિર્જરા તત્ત્વ કહેવામાં આવે છે. એવા ભાવને લઈને કર્મ એને કારણે ગળી ને ખરી જાય છે–ખરી જાતે હૈ.

એ ૩૨, (હવે) ૩૩ એક એક તત્ત્વકી વ્યાખ્યા કરી છે આ. બંધકા વર્ણન. ૩૩ છે ને! સંવરમાં ક્યા કહા થા કે અપના શુદ્ધ સ્વરૂપકા અનુભવકી દૃષ્ટિસે શુદ્ધ ઉપયોગસે નયા કર્મ નહીં આતા. પુરાના કર્મ, અપના શુદ્ધ સ્વભાવ ગુણ અનુભવમેં અંતર સ્થિરતા આનંદ દ્વારા ખીર જાતા હૈ. તો હવે બંધ કૈસે હોતા હૈ? એ નવા જૂના બેયનું ભેગું કર્યું એમ, આનું કહેવું છે. ઓલા સંવરમાં નવા આવતા અટક્યા. નિર્જરામાં જૂના ખર્યા, તો અહીં જૂના સાથે નવાને જોડી દીધા, એનું નામ બંધ. એવી શૈલી લીધી છે. બહુ કવિ પણ જબ્બર કવિ.

जो नवकरम पुरानसौं, मिलै गांठि दिढ़ होइ।
सकति बढ़ावें बंसकी, बंध पदारथ सोइ॥३३॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ગાંઠિ=ગાંઠ. દિઢ(દઢ)=પાકી. સકતિ=શક્તિ

**અર્થ :**–જે નવાં કર્મ જૂનાં કર્મ સાથે પરસ્પર મળીને મજબૂતપણે બંધાઈ જાય છે અને કર્મશક્તિની પરંપરાને વધારે છે–તે બંધ પદાર્થ છે. ૩૩

**अर्थ :**–जो नवीन कर्म पुराने कर्मसे परस्पर मजबूत बँध जाता है और कर्मशक्तिकी परम्पराको बढ़ाता है, वह बन्ध पदार्थ है॥३३॥

---

## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

નીચે નોટ છે ને. બંધનું છે ને. (શ્રોતા : મોક્ષ પહેલા કેમ આવ્યું? આગળ કેમ ન આવ્યું?) ઓલા આસ્રવમાં પણ એણે કહ્યું છે ને ઓલું, રાગ સાંપરાયિક ક્રિયા છે એમ. આવ્યું'તુંને આસ્રવનો અધિકાર. 'યોગોંકી રાગસહિત પ્રવૃત્તિ હોતી હૈ.' એ સાંપરાયિક ક્રિયાની અપેક્ષાએ વાત કરી છે. એમ નીચે લખ્યું છે ને. એ ગૌણ છે. અહીં તો બગડો (૨) છે.

'બંધ કે નષ્ટ હોનેસે'......પુણ્ય-પાપ કા વિકલ્પ જો હૈ વો ભાવ બંધ હૈ અને પરમાણું જડ હૈ વો દ્રવ્ય બંધ હૈ. સમજમેં આયા? ભગવાન અબંધ સ્વરૂપ આત્મા. પુણ્યપાપકા ભાવ હૈ એ ભાવબંધ હૈ, ઉસકા નાશ હોના ઉસકા નામ મોક્ષ અથવા નિર્જરા. આ તો જે શુભભાવ અશુભ હોતા હૈ નયા....'બંધ કે નષ્ટ હોને સે મોક્ષ અવસ્થા પ્રાપ્ત હોતી હૈ ઈસસે મોક્ષકે પૂર્વ બંધ તત્ત્વકા કથન કિયા'. 'સમયસાર'ની શૈલી જ છે આમાં. 'સમયસાર'ની શૈલીએ જ આ વર્ણન કર્યું છે. 'આસ્રવકે નિરોધપૂર્વક સંવર હોતા હૈ'. પુણ્ય-પાપકા વિકલ્પકા રૂકનેસે અપને આનંદ સ્વરૂપમેં સંવર હોતા હૈ. 'ઈસલિયે સંવરસે પહલે આસ્રવ તત્ત્વકા કથન કિયા હૈ.' નીચે, નીચે નોટમેંસે...(૨)

'जो नवकरम पुरानसौं,' નવા કર્મ પુરાના કર્મે સાથે 'मिलै गांठि दिउ होइ' આહાહા! એ રજકણોના કર્મના બળ પાકા થાય. સ્વરૂપના ભાન વિના મિથ્યાદૃષ્ટિને અપના ચૈતન્યકી દૃષ્ટિકી ખબર નહીં. એ બિના મિથ્યાદૃષ્ટિને જૂના કર્મ કી સાથે નવા કર્મ 'मिलै गांठि दिठ होइ सकति बढावें बंसकी', જુઓ ગાંઠ પક્કી શક્તિ થાય છે ને. 'नवीन कर्म पुराने कर्मसे मिलकर मजबूत बंध जाता है' કર્મકી શક્તિ પરંપરાએ વંશ વધારે છે. કર્મનો વંશ વધારે છે. નિર્જરામાં શુદ્ધતાનો વંશ વધે. આહાહા! સંવરમેં ધર્મકી શરૂઆત હુઈ, નિર્જરામેં શુદ્ધતાકા વંશ વધે, બંધમેં પુરાનાકે સાથ નયા મિલકર કર્મકા વંશ બઢતે હૈ. આહાહા!

આ તો જેને ચાર ગતિમાંથી નીકળવું હોય, ચાર ગતિ દુઃખરૂપ લાગી હોય, એની વાત છે. બહારમાં મજા લાગતી હોય ક્યાંય પણ, એ તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વર્ગમાં પણ મજા માનતો હોય એ મૂઢ છે. સુખ તો આત્મામેં હૈ. સુખ કાંઈ લક્ષ્મીમેં, શરીરમેં, સ્વર્ગમેં, રાજાઈમેં, શેઠાઈમેં માને મૂંઢ છે, મૂંઢ હૈ. અપનામેં આનંદ હૈં. વો આનંદ પરમેં માનતે હૈ, એ તો મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસી ચારગતિકા દુઃખ જીસકો લગે, વો આત્મા કી શોધ મેં આવે. આ તો શક્તિ બઢાવે બંધકી. વસ્તુની ખબર ન મળે, પુણ્યને પાપના ભાવ વિકારી અપના માને. શરીર લક્ષ્મી આદિ પર દ્રવ્ય ભિન્ન હૈ, વો ભી અપના માને. ઐસા મિથ્યાદૃષ્ટિ પુરાના કર્મકી સાથ નયા કર્મકા મેળવીને પક્કા ગાંઠ, ગાંઠ પક્કી કરતે હૈ. આહાહા! વીતરાગકા તત્ત્વ દૂસરા હૈ ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરનું કથન તો અલૌકિક છે. દુનિયા સાથે કાંઈ મેળવવા માંગશે તો કાંઈ મળે એવું નથી. સમજાણું કાંઈ? 'जो नवकरम पुरानसौं', જેની આત્મામાં દૃષ્ટિ નથી, જેની દૃષ્ટિ પુણ્ય પાપના વિભાવમાં પડી છે–પડી હૈ ઔર જીસકી દૃષ્ટિ અજીવ કા સંયોગ મેરી ચીજ હૈ, ઐસા માનતે હૈ. ઐસા જીવ, પુરાના કર્મ તો પડ્યા

હી હૈ ઉસકી સત્તામેં, નયા મિથ્યાત્વકા કર્મ પાકા હોકર મિલા દેતે હૈ

'मिलै गांठि दिढ होइ सकति बढावें बंसकी', બંધના શક્તિ ને બંધનો વંશ વધારતે હૈ. કવિ પણ જબ્બર છે ને! બંધ પદાર્થ જુઓ, અહીં પદાર્થ શબ્દ વાપર્યો છે અહીંયા. ઓલામાં તત્ત્વ વાપર્યું હતું. એ તો તત્ત્વ કહો, દ્રવ્ય કહો, બોલ આવશે. બધા બોલ આવશે નામ. પદાર્થ કહો, તત્ત્વ કહો, દ્રવ્ય કહો, ભાવ કહો, ધન કહો, બધા નામ આવશે. એમ નહીં કે વળી દ્રવ્યને તત્ત્વ ન કહેવું ને તત્ત્વને દ્રવ્ય ન કહેવું, ઐસા હૈ હી નહીં. એ આવશે ૩૫માં પૈતીસ-પૈતીસ. 'बंध पदारथ सोइ'. પહેલું મથાળું એમ બાંધ્યું છે ઉપર. નવ પદાર્થ કા જ્ઞાન અનુભવ કે લિયે કારણ હૈ. ઉપર મથાળું બાંધ્યું'તું ને ૨૬ (શ્લોક) ઉપર. નવ પદાર્થનું જ્ઞાન અનુભવકે લીએ કારણ છે, ઉનકા વિવેચન કિયા જાતા હૈ. પાઠમાં તત્ત્વ તત્ત્વ લીધું, માથે પદાર્થ લીધો. પાઠમાં પણ પદાર્થ લીયો ને તત્ત્વ નામ લીયા હૈ. આહાહા! સમજમેં આયા?

આહીં તો શક્તિ ગમે તે હો....પદ્ય છે ને પદ્ય, પદ્યમાં મેળ આવે ને. કહો આ બંધ તત્ત્વ ઈસકો કહેતે હૈ. ભગવાન આત્મા ભાવબંધ ને દ્રવ્યબંધસે રહિત હૈ. ભાવબંધ કા અર્થ શુભ અશુભ વિકલ્પ જે રાગ હૈ, વો ભાવબંધ હૈ ઔર કર્મ કા રજકણ વો દ્રવ્ય બંધ હૈ. વસ્તુ તરીકે પ્રભુ, દ્રવ્ય ને ભાવબંધ સે રહિત હૈ. ઐસી દૃષ્ટિ હૈ નહીં અને 'ભાવબંધ સે દ્રવ્યબંધ સહિત મૈં હૂઁ' ઐસી મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ પુરાના કર્મ સાથે નયા કર્મ મિલાકર દૃઢ કરતે હૈ. બરાબર હૈ? આહાહા!

વો બંધ કી વ્યાખ્યા આ હૈ! 'પુરુષાર્થસિદ્ધઉપાય'માં લીધું છે ને!...ભગવાન આત્મા...અમૃતચંદ્ર આચાર્ય કા હૈ. આત્મા તો કર્મ ને કર્મના નિમિત્તથી થતો પુણ્ય-પાપનો ભાવ, ઉસસે રહિત હૈ. સહિત માનના ભવકા બીજ મિથ્યાત્વ હૈ. આહાહા! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', અમૃતચંદ્ર આચાર્ય. ભગવાન આત્મા. એ ૧૪મી ગાથા. આત્મા કર્મ, શરીર, અજીવ સે તો રહિત હૈ ઔર કર્મકા નિમિત્ત સે સબ હોનેવાલા પુણ્ય-પાપ કા વિકલ્પસે એ ભી રહિત હૈ 'असमाहितोऽपि युक्त एव प्रतिभाति' પણ એ રાગસે ને શરીરસે સહિત હૂં ઐસા ભાન, વો મિથ્યાત્વ હૈ. એ મિથ્યાત્વકા સંસારકા બીજ હૈ, વો બંધ કા કારણ હૈ. ઉસકો બંધ હોતા હૈ અજ્ઞાનીકો, એ બાત કરતે હૈં.

(પ્રમાણ વચન ગુરૂદેવ.)

## પ્રવચન નં. ૧૧, મહા સુદ ૧, બુધવાર, તા. ૨૭-૧-૭૧
## ઉત્થાનિકા પદ ૩૪, ૩૫, ૩૬ પર પ્રવચન

‘સમયસાર નાટક’ ઉત્થાનિકા-૩૪ બોલ હૈ ૩૪. મોક્ષકા વર્ણન. મોક્ષ તત્ત્વ કિસકો કહતે હૈં?

थिति पूरन करि जो करम, खिरै बंधपद भानि।
हंस अंस उज्जल करै, मोक्ष तत्त्व सो जानि॥३४॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ભાનિ=નષ્ટ કરીને, હંસ અંસ=આત્માના ગુણ.

**અર્થ :**–જે કર્મ પોતાની સ્થિતિ પૂર્ણ કરીને બંધદશાનો નાશ કરી નાખે છે અને આત્મગુણોને નિર્મળ કરે છે તેને મોક્ષ પદાર્થ જાણો. ૩૪

**अर्थ :**–जो कर्म अपनी स्थिति पूर्ण करते बन्धदशाको नष्ट कर लेता है और आत्मगुणोंको निर्मल करता है, उसे मोक्षपदार्थ जानो॥३४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મોક્ષ કિસકો કહેતે હૈં કે કર્મકી મર્યાદા જો સ્થિતિ હૈ ઉસકો પૂરન કરકે જો કર્મ ખિરતે હૈં. ખિરતે હૈં, ‘बंधपद भानि’ બંધભાવ કા નાશ કરકે. ધર્મમેં, પહેલી ધર્મની નિર્જરામેં યહ વ્યાખ્યા આઈ થી ન વો. ‘खिरबेकौ उधत भयो’ પ્રથમ ધર્મદૃષ્ટિમેં એક અંશ–દેશબંધ–બંધકા એક અંશ નાશ કરતે હૈં. ક્યા અર્થ? આત્મા આનંદસ્વરૂપ અબંધ સ્વરૂપ ભગવાન આત્મા હૈ. ઉસમેં જો રાગ આદિ બંધ ભાવ હૈ ઉસકા એકદેશ–એક અંશે બંધકા અભાવ, ઉસકા નામ નિર્જરા અથવા ધર્મ હૈ. સમજમેં આયા? અગમ્ય વાતુ છે. ક્યા કહા, સમજમેં આયા કિ નહીં?

એક અંશ બંધકા અભાવ, રાગ અને મિથ્યાત્વ આદિ ભાવ હૈ ઉસકા એક અંશ અભાવ. સર્વ અંશ અભાવ હો તો મુક્તિ (હૈ). એક ભાગકા–અંશકા અભાવ. આત્મા તો અબંધસ્વરૂપી ભગવાન આત્મા હૈ ઉસમેં જિતના રાગ અને દ્વેષ મિથ્યાત્વ હૈ, વો બંધ હૈ. ભાવબંધ. ભાવબંધમેંસે એક અંશ મિથ્યાત્વકા બંધ કા નાશ ઔર એક અંશ રાગ-દ્વેષકા અંશે નાશ, ઐસી નિર્મળ પરિણતિ અપની વીતરાગી અંદર ઉત્પન્ન હો, ઉસકા નામ નિર્જરા

અથવા ધર્મ કહેતે હૈં. (શ્રોતા : એક અંશ ભી હો તો ધર્મ?) એક અંશ કા નાશ. સર્વથા અંશ નાશ હો તો મુક્તિ હોતી હૈ. સમજમેં આયા? આરે! ભારે વાતું ભાઈ. જગતને ધર્મ કેમ (થાય એની ખબર નથી!) બહાર ગોતીને મરી ગયો તોય મળ્યો નહીં ક્યાંય.

અંતરસ્વભાવમેં આનંદ અને જ્ઞાન અનંત અનંત ધર્મથી સંપન્ન પ્રભુ આત્મા હૈ. પરમાત્મા હૈ નામ દેગા પીછે. ઐસા આત્મા સ્વરૂપ શુદ્ધ આનંદ અને અતીન્દ્રિયજ્ઞાનકા પિંડ, ઉસમેં જો રાગદ્વેષકા બંધન–ભાવબંધન હૈ. યે રાગદ્વેષ અંશે નાશ હોકર આત્માકા ઉજ્જવલ દશા વીતરાગી દશા પ્રગટ હો, ઉસકા નામ સંવર અને નિર્જરા ધર્મ કહેતે હૈં સમજમેં આયા? 'थिति' આવે એ મોક્ષ. 'खिरै बंध पद भानि' જો રાગ-દ્વેષ આદિ કંપન દોષ હૈ, વો સબ નાશ હો. બંધ પદકા નાશ હો.

'हंस अंस उज्जल करै' હંસ નામ ભગવાન આત્મા, જો હંસ સમાન ક્ષીર અને નીરકો ભિન્ન કરનેમેં (સમર્થ હૈ) હંસકી ચાંચમેં ખટાશ હૈ. સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા અપના નિર્મળ આનંદકા આશ્રયસે રાગ આદિ દ્વેષકા નાશ હોકર અપના પર્યાયમેં,૦૦ हंस નામ આત્માકી દશામેં अंस નામ ઉસકી દશા ઉજ્જવળ કરે. પૂર્ણ નિર્મળ દશા કરે ઉસકા નામ મોક્ષ કહનેમેં આતા હૈ. આહા! સમજમેં આયા? (શ્રોતા : આઠ કર્મનો અભાવ કહ્યો જેમાં....) ઈ ઈ, નિમિત્તકી બાત હૈ.

*'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ; સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ'* વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુએ, 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'–અપની વીતરાગી પરિણતિ નિર્મળ પૂર્ણ અનંતજ્ઞાનકી હો ઉસકા નામ મોક્ષ કહા. અપની પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા હો ઉસકા નામ મોક્ષ. અપૂર્ણ શુદ્ધતા હો ઉસકા નામ સાધક અને સમકિતી અને સંવર-નિર્જરા. સમજમેં આયા? અરે! એને પોતાનાં નિજ ઘરમાં ક્યા હૈ, ઉસકી કભી સંભાળ લિયા નહીં અને બહારમાં માથાફોડ કરીને મરી ગયો. સમજમેં આયા? ભગવાન આત્મા ઉસકા સારા અસંખ્યપ્રદેશ નિર્મળ આનંદઘન, ઉસમેંસે બંધ નામ રાગ–દ્વેષકા ભાવ-ઉસકા અભાવ હોકર વીતરાગી પર્યાય પૂર્ણ કેવળજ્ઞાન હોના ઉસકા નામ, 'हंस अंस उज्जल करै'.

આત્મા અપની પર્યાયમેં ઉજ્જવળતા પૂર્ણ પ્રગટ કરે, ઉસકા નામ મોક્ષ કહનેમેં આતા હૈ. આહાહા! પંડિતજી, (શ્રોતા : હા....હા.) અરે, હા પાડે છે. (શ્રોતા : કરવું છે તે કીધું છે. આપણે તો એમ છે) (શ્રોતા : કર્મ છે તે છૂટે.) ઈ કહે છે 'बंध भानि' ઈ એનો અર્થ ઈ છે. કર્મ છે એ વિકાર કર્મ છે ને. વિકારી કર્મ હૈ ને વો ભી કર્મ હૈ ભાવ, ભાવકર્મ હૈ. એ ભાવકર્મકા અંશે નાશ અને ભાવ શુદ્ધભાવકા અંશે પ્રગટ, ઉસકા નામ

ધર્મ સાધકપણા સમ્યક્દર્શન આદિ. ઔર પૂર્ણ રાગ-દ્વેષકા અભાવ ઔર પૂરન આત્માકી પર્યાયકી નિર્મળતા, ઉસકા નામ મોક્ષ. આહા! વાત તો એવી છે ભાઈ!

'મોક્ષ તત્ત્વ તું જાણ.' કહ્યું ને! ઈસકો તું મોક્ષતત્ત્વ જાણ. 'हंस अंस उज्ज्ल करै'—પરમાત્મા પોતે નિજસ્વરૂપમાં અનંત પર્યાયકી નિર્મળતા અંદર દશા પ્રગટ કરે, ઉસકા નામ મોક્ષ જાણ. આરે! સમજમેં આયા? ભારે! મોક્ષ એટલે સિદ્ધ થવું ને લટકવું ઉપર જઈને, એ પદ એ મોક્ષ નથી. અપની નિર્મળ પર્યાય; મલિન પર્યાયકા નાશ હોકર, નિર્મળપર્યાયકી પૂર્ણ પ્રાપ્તિ, ઉસકા નામ મોક્ષ. આહા! એ મોક્ષ તત્ત્વકી વ્યાખ્યા હુઈ. અપના નિજસ્વરૂપ મુક્ત સ્વરૂપ હી હૈ. વસ્તુ જે આત્મા હૈ, આત્મા દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ. એ તો મુક્ત સ્વરૂપ હૈ. પર્યાયમાં, હાલતમાં, દશામાં અજ્ઞાન અને રાગ-દ્વેષ હૈ, ઉસકા અભાવ કરકે જ્ઞાન ને વીતરાગતા પૂર્ણ પ્રગટ કરના, ઉસકા નામ મોક્ષ હૈ. વાત તો આ છે.

અરે! એકેય વાતની ખબર નહીં અને એને ધર્મ થઈ જાય. અનાદિથી ભ્રમમાં એણે ગાળ્યો અનંતકાળ. અનંત અનંતવાર સ્વર્ગનો દેવ થયો. અનંતવાર અબજોપતિ રાજા થયો. અનંતવાર રાંક(થયો). સો વાર માંગે ને એક વાર મળે ઐસા ભિખારી અનંત(બાર) હુઆ. ક્યોંકી નવી ચીજ (નથી). અપના આત્મા આનંદનો ધામ ભગવાન ઉસકા જ્ઞાયકભાવમેં ઘૂસના ઔર રાગસે, પુણ્યસે હટના, ઐસી બાત કભી ઉસને એક સમય પણ કિયા નહીં. આહા! યે કહતે હૈં. ભગવાન આત્મા પૂર્ણ નિર્મળ ચિદ્‌કંદ હૈ. ચિદ્ નામ જ્ઞાનકા કંદ હૈ. ઉસકી દશામેં મિથ્યાત્વ અને રાગદ્વેષકા નાશ હોકર મિથ્યાત્વકા સંપૂર્ણ નાશ, રાગદ્વેષકા અંશે નાશ—ઐસી આત્માકી નિર્મળદશા અરાગી—વીતરાગી નિર્વિકલ્પ વસ્તુ આત્મા એમાં નિર્વિકલ્પ દશા પ્રગટ કરના, ઉસકા નામ ધર્મ અને મુક્તિકા કારણ હૈ. સમજમેં આયા? આહા!

'સમાધિશતક'મેં તો પૂજ્યપાદસ્વામી કહતે હૈં પૂજ્યપાદસ્વામી હૈ ને! 'સમાધિશતક'—'મૈં દૂસરાકો સમજાઉં, ઐસા વિકલ્પ ઉન્માદ હૈ'. સમજમેં આયા? (શ્રોતા : ઉન્માદ કહ્યું) ઉન્માદ, રાગ હૈ ને! કિસકો સમજાઉં? વો ચૈતન્ય નિજપિંડ હૈ. દિખતે હૈં ઉસકો તો સમજે નહીં. ન દિખતે ઉસકો સમજાના. સમાધિશતક હૈ ને! પૂજ્યપાદ સ્વામી, જો 'સર્વાર્થસિદ્ધિ વચનિકા' લિખા હૈ. કયું કે આત્મા તો રાગ નામ વિકલ્પસે રહિત સ્વરૂપ હી ઉસકા હૈ. વો તો નિર્વિકલ્પ પ્રભુ આત્મા હૈ. પર વિકલ્પ ઉઠતે હૈં કિ દૂસરા કો સમજાઉં, મૈં સમજનેવાલેસે સમજાઉં—સમજું, તો યે વિકલ્પકો આચાર્ય ભગવાન ઉન્માદ કહેતે હૈં. આહાહા!

ક્યોંકિ આત્મામેં વાણી તો હૈ નહીં. વાણી તો જડકી નીપજ કહા હૈ ઔર વિકલ્પ ઉઠતે હૈં વહ તો રાગ હૈ, વિકાર હૈ. આહાહા! રાગ ક્યા સમજતે હૈં? અને રાગ ક્યા સમજાતે હૈં? આહા! માર્ગ ઐસા હૈ ભગવાન! નિર્વિકલ્પ ચૈતન્યબિંબ એ તો હૈ, જિસમેં સમજાનેકા વિકલ્પ અથવા દયા દાન વ્રતકા વિકલ્પકી ગંધ નહીં જિસમેં, ઐસી વહ ચીજ હૈ. એ ચીજમેં જો રાગ આદિ દ્વેષસે એકત્વ હોકર મલિનતા હુઈ હૈ, ઉસકો ભિન્ન કરકે અપની નિર્મળતા પ્રગટ કરના વહ પ્રથમ સંવર અને નિર્જરા ને ધર્મ હૈ. લાખ બાત કહે દુનિયા ગમે તે.

વો 'છહ ઢાળા' મેં આતે હૈ ભાઈ શેઠી, 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આનો' પંડિત દૌલતરામ વહ 'છહ ઢાળા' હૈં ને 'છહ ઢાળા'. આપણા નવનીતભાઈને કંઠસ્થ હૈ. નવનીતભાઈ હમણાં ગયેને બે મહિના રહી ગયા તો ઉસકો સારા કંઠસ્થ હૈ, બહોત વરસસે. ઉપાધિ તો બહુત હૈ લેકિન ધંધા સંચા હૈ અઢી કરોડકા (શ્રોતા : પાવર હાઉસ) પાવર હાઉસ લ્યો, તમારી ભાષા. (શ્રોતા : ઈલેક્ટ્રીક પાવર) ઈલેક્ટ્રીક પાવર હાઉસ. છહ ઢાળા કંઠસ્થ કિતને વરસે. નવનીતભાઈ સમિતિમેં દો દિન રહે. ભોપાલ જાના હૈ પાંચમકો. ઉસમેં હૈ વો તરત બોલે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આનો' તારી કરોડ વાતને અનંતવાર કર. પણ ભગવાન આત્મા પૂર્ણાનંદ નિર્લેપ—પુણ્ય ને પાપનાં રાગસે રહિત ભગવાન, ઉસકી અંતરદૃષ્ટિ કરના ને નિર્મળતા પ્રગટ કરના ઉસકા નામ ધર્મ અને મોક્ષકા માર્ગ હૈ, બાકી સબ વાતું હૈ. સમજમેં આયા?

ઔર પૂર્ણ નિર્મળ અંશ—વો કિસકો કહેતે હૈં કિ દૂધ અને પાણી એકઠા હો, ચાંચ ડાલે તો ભિન્ન હો જાય. દૂધકા પોપડા હો જાય, પાની નિકલ જાય. ઐસે ભગવાન હંસ તો પુન્ય-પાપકા વિકલ્પ વો પાણી—જળ સમાન હૈ. ભગવાન આત્મા જ્ઞાનાનંદ હૈ. તો જ્ઞાનાનંદમેં એકાકાર હોકર રાગદ્વેષકા જલ નિકલ જાના, ઉસકા નામ ધર્મ હૈ. વો ધર્મ કરનેવાલા આત્માકો હંસ કહેતે હૈં. હંસ કહાને હંસ! હંસ ને પરમહંસ હોતા હૈ ને! એ બધા નામ છે, ભાવ સમજ્યા વિના હંસ ને પરમહંસ ક્યાંથી આવ્યા? 'हंस अंस उज्जल करै मोक्ष तत्त्व सो जानि' લ્યો, એ તત્ત્વકા નામ હુઆ.

હવે વસ્તુકા નામ કહેતે હૈ. પદાર્થ હૈ ને છ દ્રવ્ય, ભગવાન તીર્થંકર પરમાત્માએ કેવલજ્ઞાનમાં એક સમયમાં ત્રિકાળ દેખા, ઉસમેં છ દ્રવ્ય દેખા ભગવાને. છ દ્રવ્ય—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સંખ્યાએ અનંત, જાતિએ છ. તો એ દ્રવ્યકો ક્યા નામસે કહનેમેં આતા હૈ, યહ બાત કહતે હૈ. 'સમયસાર નાટક' બનાના હૈ ને. નાટકમેં જો પહેલે ખેલ આવેને ત્યારે ભાઈ, પહેલાં બતાવી દે કે આ આવવાનું છે.

સમજમેં આયા? કે આ પાત્ર આવવાનું છે એમ બતાવે છે ને નાટકમાં (શ્રોતા : પ્રવેશ....પ્રવેશ પહેલો) પ્રવેશ પહેલો.

સબ દેખા હૈ ને હમ તો બરાબર હમ નાટક દેખા હૈ. વડોદરામાં મોટા થિયેટર ભી દેખા હૈ. વો જાતાં માલ લેનેકો જાતે થે તો નિવૃત્તિ હોય રાત્રિકો. તભી વૈરાગ્યના નાટક થા. અત્યારે તો સબ ગંદકી ફિલ્મ—ફિલ્મ (શ્રોતા : દેશ બહુ આગળ વધ્યો છે.) આગળ વધ્યો છે કે પાછળ ઘટી ગ્યો છે? નીતિનાં ઠેકાણાં ન મળે આહાહા! અરાજકતા, અનીતિ. એ વખતે નાટકો વૈરાગ્યવાળા, બહુ વૈરાગ્ય! સમજાય છે તેનું શું કહેવું. હંસલા...

(શ્રોતા : આવું તત્ત્વ ક્યાં હતું?) હવે તત્ત્વ નહોતું પણ એની લૌકિક નીતિ બહુ સાધારણ થી. ઐસા હવે અનીતિ હો ગઈ. કાળા બજાર—જૂઠ્ઠાં—ધર્મને નામે ઝઘડા. શેઠ! પચાસ વરસ પહેલાં હમ દેખા હૈ. સાઠ વર્ષ પહેલાની ચીજ. ઓહોહો. કેટલું નૈતિક જીવન હતું. ધર્મ-ધર્મ તો ખબર નહીં. ધર્મ કોને કહે છે સુના હી નહીં. અહીંયા તો કહે છે કે નાટક ધારતે હૈં ને તો ઉસમેં પહેલા પ્રવેશમેં પાત્ર બતાતે હૈં. એમ આ પહેલા પ્રવેશમેં પાત્ર બતાતે હૈ. નાટક હમેં બતાના હૈ આત્માકા, તો પ્રવેશમેં પાત્રકા નામ ક્યા ક્યા હૈ. 'वस्तु नाम'.

भाव पदारथ समय धन, तत्त्व वित्त वसु दर्व।
द्रविन अरथ इत्यादि बहु, वस्तु नाम ये सर्व॥३५॥

**મૂળ શાસ્ત્ર : અર્થ :**—ભાવ, પદાર્થ, સમય, ધન, તત્ત્વ, વિત્ત, વસુ, દ્રવ્ય, દ્રવિણ, અર્થ આદિ સર્વ વસ્તુના નામ છે. ૩૫

**अर्थ :**—भाव, पदार्थ, समय, धन, तत्त्व, वित्त, वसु, द्रव्य, द्रविण, अर्थ आदि सब वस्तुके नाम हैं॥३५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ છ દ્રવ્ય હૈ ને છ દ્રવ્ય ઉસકો વસ્તુ કહેતે હૈં. વસ્તુ ક્યોં કહેતે હૈં? કે પદાર્થ હૈ, ઉસમેં અનંતગુણ વસતે હૈં તો ઉસકો વસ્તુ કહેતે હૈં. કોઈપણ આત્મા હો, પરમાણુ હો, એ વસ્તુ ઉસમેં અનંત ગુણ વસતે હૈં માટે વસ્તુ કહેતે હૈં. વો 'ગોમ્મટસાર' મેં હૈ શ્લોક 'ગોમ્મટસાર'મેં વો સિદ્ધિ આજ નહીં કિયા. વસ્તુ કે નામ છ દ્રવ્ય હૈં ને છ દ્રવ્ય, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. ભગવાને છ(દ્રવ્ય) દેખા હૈ. ઈસકા નામ ભગવાને ઈતના પ્રકારકા કહા, વિશેષ વિશેષ નામ બહોત હૈ.

વસ્તુકો ભાવ ભી કહેતે હૈં, દેખો 'भाव' 'नमः समयसाराय' આવે છે ને! 'स्वानुभूत्या चकासते, चीत्स्वभावाय भावाय..' ભાવ અહીંયા દ્રવ્યનો અર્થ કર્યો છે પહેલા શ્લોકમાં. આગળ આવશે હમણાં. ભાવ અમૃતચંદ્ર આચાર્યે 'ભાવાય'. ભગવાન આત્મા ભાવ સ્વરૂપ હૈ, શુદ્ધ આનંદ અને જ્ઞાન એવા ભાવ સ્વરૂપ હૈ, તો પદાર્થકો ભાવ ભી કહનેમેં આતા હૈ. 'पदारथ—પદાર્થ કહેતે હૈં. આત્માકો, પરમાણુકો. છ દ્રવ્યકો પદાર્થ ભી કહેતે હૈં ઔર પદાર્થકો 'समय' ભી કહેતે હૈં सम + अय. સમ્યક પ્રકારે અપના પરિણમનમેં કરનેવાલા ઐસા છ દ્રવ્યકો સમય ભી કહેતે હૈં. सम + अय. દરેક પદાર્થ અપનેમેં સમ્યક્ પ્રકારસે પરિણમન કરતે હૈં, ઉસકો 'સમય' કહનેમેં આતા હૈ.

આત્મા—આત્મા અપનેમેં પરિણમન કરતે હૈં. જડ જડમેં પરિણમન કરતે હૈં. જડકા પરિણમન આત્માસે નહીં હોતા, આત્માકા પરિણમન જડસે નહીં હોતા. ઉસકો 'સમય' કહતે હૈં. પ્રત્યેક પદાર્થ, એક આ પોઈન્ટ હૈ. આ કંઈ મૂળ ચીજ નહીં હૈ. આ તો અનંતપરમાણુકા પિંડ હૈ આ. ઉસકા ટુકડા કરતે કરતે કરતે આખિર કા પોઈન્ટ રહે, ઉસકો પરમાત્મા તીર્થંકરદેવ પરમાણુ કહતે હૈં. વો પરમાણુ કો 'સમય' કહતે હૈં. ક્યોંકિ પરમાણુ અપની પર્યાયસે-અવસ્થાસે પરિણમન કરતે હૈં, આત્મા સે નહીં'. સમજમેં આયા? જુઓ, અંગૂલિ ચલતી હૈ યે આત્માસે નહીં. (શ્રોતાઃ અપને આપ સે). અપને આપસે હલતી હૈ ઉસમેં 'સમય' - ઉસકો 'સમય' કહતે હૈં.

અપનેસે પરમાણુ પરિણમન કરતે હૈં, મૂઢ લોગ એમ માનતે હૈં કે હમારાસે હાથ ચલતે હૈં. બીડી વાળતે હૈ કિ નહીં? આ તમારા વો સબ. લાલચંદજી,....ચિરૂટમાં વો ક્યા કહેતે હૈં ભાઈ? ઓપરેટ...શું કહેવાય ઈ? ચિરૂટ સિવાય શું કહેવાય? એક ફેર નાનું કાણું. (શ્રોતા : આપ્ટા) આપ્ટા આપ્ટા આપ્ટા હોતા હૈ ને! સબ દેખા હૈ ને હમ તો સબ. હમારે દુકાનમેં બહોત લાખો....આપ્ટા આપ્ટા નહીં હોતા? ઈતના છોટા પત્તા, છોટા પત્તા હૈં. (શ્રોતા : આપ્ટાકો કટના બોલતે હૈં હમારેમેં) વો તો છોટા પના આતા હૈ. (શ્રોતા : ડબલ પત્તા રહેતે હૈ) દો—તીન ચાર પાના બીડી હોતી હૈ. વો ચિરૂટ મેં એક પાને બીડી હોતી હૈ. અમારે ચિરૂટ બહોત આતે થે, ખબર હૈ.

આહીં કહતે હૈં કે 'સમય' કહતે હૈં સર્વ દ્રવ્યકો. આત્માકો ભી 'સમય' કહતે હૈં, પરમાણુકો ભી 'સમય' કહતે હૈં. ક્યોંકી આત્મા અપનેસે, सम + अय દો શબ્દ હૈ 'સમય'મેં, અપનેસે પરિણમન કરતા હૈ. અશુદ્ધ પરિણમન કહો કે શુદ્ધ કહો, પણ અપનેસે હૈ. પરસે બિલ્કુલ હૈ નહીં. સમજમેં આયા? એમ એક એક પરમાણુ—બીડી વળતે હૈં તો ઉસકે કારણસે હૈ. બીડી વાળનેકા વિકલ્પ હૈ તો બીડી ઐસી હોતી હૈ; ઐસા નહીં હૈ, એમ કહતે હૈં. લાલચંદજી! (શ્રોતા : અપના પરિણામ) અપના પોતે....આ તો

બીડી એક—એક સ્થાનસે દૂસરે સ્થાન તુમ્હારે લે જાતે હૈં ને. શું કહેવાય? (શ્રોતા : જીપગાડીમાં) જીપ....જીપ. જીપમેં લે જાતે હૈં કી નહીં? (શ્રોતા : એ તો ઘરની ગાડીમાં લઈ જાય છે.) ધૂળેય લઈ જાતે નહીં.

અહીં તો કહતે હૈં, એક એક પરમાણુ અપનેસે પરિણમન સમય સમયમેં કરતે હૈં. વો બાતસે ભગવાન ઉસકો 'સમય' કહતે હૈં. સમજમેં આયા? તત્ત્વકી ખબર નહીં, ક્યા ચીજ હૈ ને કૈસે હોતા હૈ? ભગવાન કહતે હૈં કી પ્રત્યેકકો હમ 'સમય' કહતે હૈં, પદાર્થ કહતે હૈં, ભાવ કહતે હૈં. ઔર વસ્તુકો 'ધન' કહતે હૈં દેખો હવે. આહાહા! ઉસકી માલિકીકી ચીજ હૈ ને! પરમાણુ પરમાણુકી માલિકીકી ચીજ હૈ. આત્મા આત્માકી માલિકી કી ચીજ હૈ, તો વસ્તુકો ધન કહતે હૈં. પૈસા ધન હૈ, વો તો રજકણ, રજકણકો ધન કહતે હૈં ઉસકી ચીજ. આત્માકો ધન નહીં. આ તો છ યે દ્રવ્યકો ધન કહતે હૈં. આહા! સમજમેં આયા?

વિષ્ટાકા એક રજકણ હૈ પોઈન્ટ ઉસકો ભી ધન કહતે હૈં ક્યોંકી અપની ચીજ અપનેસે રહેતી હૈ. અપની લક્ષ્મી, અપના ધનકી લક્ષ્મી અપનેસે હૈં. વો કારણસે દ્રવ્યકો ધન કહનેમેં આતા હૈ લક્ષ્મીકો હી ધન કહતે હૈં; ઐસા નહીં, એમ કહતે હૈં. ત્રણ શબ્દ આવ્યાને. છ યે દ્રવ્યકો ધન કહતે હૈં છયે કો. જીવાસ્તિકાય, અજીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ છ દ્રવ્ય સંખ્યાએ અનંત. સબકો ભગવાન ધન નામસે કહતે હૈં. ઉસકા ધન ઉસકી પાસ હૈ. આહા! આ માળો ધણી થઈ જાય કોક'નો પૈસા હૈ તે હમારા હૈ? દેતે હૈ તો કોણ દેતે હૈ પૈસા? (શ્રોતા : કોણ દે?)

અભી આયા હૈ અભી છાપામેં આયા થા. અગલે દો તીન દિન ચાર જગહ છાપામેં દેખા થા. ભગવાનદાસે ૨૨ હજાર દિયા. સાગર, શું કહેવાય તમારું સાગર. એ તો આવ્યું છાપામાં. આહીં તો છાપું હોય ને જૈનનું એમાં આવ્યું'તું જૈનમાં. કો'ક લાવ્યું'તું. આપણને કંઈ ખબર નથી. બે—ચાર દી' એ આવે છે. એ દિયા હૈ ઔર મનહરલાલજીકો વિનંતી કિયા, 'તુમ યહાઁ રહો હવે'. એક બાત આયી થી. આહીં તો વાંચી થી....(શ્રોતા : છાપામાં આવ્યું'તું). કહો સમજમેં આયા? કાંઈ ગુપત રહેતી નહીં હવે તો વાત, એક વાત હો તો ચારેકોર દિશામેં ચલી જાતી.

ધન કહતે હૈં ધન. આહાહા! કિસકો? પરમાણુકો ધન કહતે હૈં, આત્માકો ધન કહતે હૈં, કાળકો ધન કહતે હૈં, ધર્માસ્તિકાય ધન કહતે હૈં. ધર્માસ્તિકાય તત્ત્વ હૈ. ચૌદ બ્રહ્માંડકો માને. ગતિ—જીવ ગતિ કરતે હૈં ઈસમેં નિમિત્ત હૈ ધર્માસ્તિકાય અરૂપી, ઉસકો ભી ધન કહતે હૈં.

'तत्त्व' કહતે હૈં, લ્યો. છ યે દ્રવ્યકો તત્ત્વ કહતે હૈં. કોઈ કહે કે ભાઈ, તત્ત્વકો દ્રવ્ય ન કહેના ને દ્રવ્યકો તત્ત્વ નહીં કહેના. દ્રવ્ય જુદી ચીજ હૈ ને તત્ત્વ જુદી ચીજ. આહીં તો કહે, એક હી ચીજ હૈ. આહા! સમજમેં આયા? તત્ત્વકો દ્રવ્ય ભી કહો ને દ્રવ્યકો તત્ત્વ ભી કહો. આહાહા! સબ આ ગયા હૈ. છ યે દ્રવ્ય. છ યે દ્રવ્યકો તત્ત્વ કહતે હૈં. ઉસકા તત્ત્વ હૈ ને. ઉસકા સત્ત્વ હૈ ને. ઉસકા ભાવ હૈને. 'वित्त' કહતે હૈં લ્યો દૂસરા વિત્ત— પૈસા. અપની અપની લક્ષ્મી અપનેમેં સબ હૈ તો ઉસકો સબકો વિત્ત કહતે હૈં. (શ્રોતા : પૈસાને...) પૈસાને નહીં, સબ દ્રવ્યકો. આત્મા ભી વિત્ત હૈ, પરમાણુ ભી વિત્ત હૈ, ધર્માસ્તિ ભી વિત્ત હૈ. છ યે દ્રવ્યનાં નામ હૈ નેં!

'वसु'. વસુ વિનાનો નર પશુ. એમ કહતે હૈં ને લોકો. અહીંયા તો વસુનો અર્થ પૈસા હૈ, પણ આ તો વસુ તો આ છ યે દ્રવ્ય કો કહતે હૈં. આત્માકો વસુ કહતે હૈં, પરમાણુકો વસુ કહતે હૈં, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ કો ભી વસુ કહતે હૈં. ક્યોંકિ યે અપની લક્ષ્મી અપનેમેં રહેતી હૈ. પરકો દેતે નહીં ને પરસે કુછ લેતે નહીં. આહાહા!

'द्रव्य' કહતે હૈં, લો. દ્રવ્ય તો કહતે હૈં ને સિદ્ધ—પ્રસિદ્ધ હૈ છ દ્રવ્ય. છ દ્રવ્ય કહતે હૈં ને યે તો પ્રસિદ્ધ હૈ વીતરાગ માર્ગમેં. છ દ્રવ્ય. ગુણ અને પર્યાયકા સમુદાય વો દ્રવ્ય. વો તો આતા થા ઉસમેં, દ્રવ્ય કિસકો કહતે હૈં? આવે ને. ગુણકા પૂંજકો દ્રવ્ય કહતે હૈં. ઓલામાં આવે. શું કહેવાય? 'સિદ્ધાંત પ્રવેશિકા.' આવડે છે કે નહીં એ પણ? નથી આવડતું? શીખ્યું નથી? દ્રવ્ય કિસકો કહતે હૈં? પ્રશ્નોત્તરી મેં આતા હૈ યહ વ્યાખ્યા બહોત આતા હૈ સબકો. ગુણકા પૂંજકો દ્રવ્ય કહતે હૈં. તો પરમાણુ ભી ગુણકા પૂંજ હૈ, આત્મા ભી ગુણકા પૂંજ હૈ. ધર્માસ્તિ ભી ગુણકા પૂંજ હૈ તો ઉસકો દ્રવ્ય કહતે હૈં. આહા! દ્રવ્ય એટલે પૈસા, એમ નહીં એકલા. સમજમેં આયા?

વહાઁ હૈ ને યે 'દ્રવ્યદૃષ્ટિ ને સમ્યક્દૃષ્ટિ'. (શ્રોતા : પૈસાદૃષ્ટિ) સમજ્યા ને તમે બરાબર! 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ'. બડા અક્ષર હૈ. તો કોઈ ઐસે પૂછે—પૂછતે થે યહાઁ 'કે આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ ક્યા?' જૈન થા શ્વેતાંબર. એ પહેલે યહાઁ આયે થે. પહેલે યહાઁ થા, ચાતુર્માસ. બહાર બૈઠે થે. ઘણા વર્ષકી બાત હૈ. તે આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' ક્યા? અહીંયા બહોત કરોડપતિ આતે હૈં. બહોત લખપતિ આતે હૈં તો વો દ્રવ્યદૃષ્ટિ, વો સમ્યક્દૃષ્ટિ? કાંઈ ખબર ન મળે. લોકોને માળાને વાડામાં જન્મ્યા, મજૂરી કરીને મરી જાય. બિચારા. આ રાગદ્વેષની મજૂરી—રાગદ્વેષની મજૂરી હોં. બાહરકી તો કર સકતે નહીં. સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ મજૂરી કરકે મર જાય, આહાહા!

ક્યા આત્મા હૈ? ક્યા ધર્મ કૈસા હોતા હૈ? અધર્મ કૈસે? કાંઈ ખબર નહીં. બાહરની ક્રિયા–કલાપમાં પડ્યા. પૂછે કે આ શું, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ? કાંઈ લખ્યું આહીં ક્યાંથી આવ્યું? એ બરાબર, આ ગૃહસ્થ લોકો માટે? અરે! ન હોય આ. અરે ભાઈ, શું કહે આ! દ્રવ્યદૃષ્ટિ તે આ વસ્તુ જે 'આત્મા' હૈ. દ્રવ્ય ત્રિકાળી અનંત ગુણકા પુંજ પ્રભુ, ઐસા દ્રવ્યકી અંતરદૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યક્દૃષ્ટિ હૈ, હવે આ લક્ષ્મીવાળા સમ્યક્દૃષ્ટિ હૈ એ કોણે કહ્યા? આહા! ધૂળેય કરવું હોય એવું થાય. હોય એવું થાય કે ન હોય એવું થાય? (શ્રોતા : હોય એવું થાય).

દ્રવ્ય-આત્મા કો દ્રવ્ય કહતે હૈં ત્રિકાળી વસ્તુ અભેદ અખંડ એકરૂપ. ઉસકી અંતરદૃષ્ટિ કરકે રાગ એક સમયકી પર્યાયકી રુચિ છોડના ઔર દ્રવ્ય ત્રિકાળી અભેદકા અનુભવકી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યક્દર્શન હૈ. આ દ્રવ્ય છ યે દ્રવ્યકો કહતે હૈં યહાઁ. આહા! છયે દ્રવ્યકો દ્રવ્ય કહતે હૈં.

'द्रविन' યે ધનકા અર્થમાં આતા હૈ. 'द्रविन'. દ્રવિન શબ્દ હૈ ને! યે દ્રવિન. આપણે આવ્યું છે ૧૯૩. એકસો ત્રાણું 'પ્રવચનસાર'. ૧૯૩ ગાથામેં આયા હૈ. 'देहा वा दविणा' ૧૯૩ ગાથામાં આયા હૈ 'પ્રવચનસાર'. દેહ અને દ્રવિણ બધા સબ અધ્રુવ હૈ. સમજમેં આયા? દેહ અને દ્રવિણ એટલે લક્ષ્મી, સબ અધ્રુવ હૈ, નાશવાન ચીજ હૈ, અપની નહીં. ધ્રુવ તો અપના આત્મા અખંડાનંડ પ્રભુ કાયમ અવિનાશી રહેનેવાલા ચીજ, વો હી ધ્રુવ હૈ. એક સમયકી પર્યાય ભી ધ્રુવ નહીં. આહા! શું કરે? એક સમયકી ઉસકી દશા હૈ ને દશા-પર્યાય વો ભી ધ્રુવ નહીં. એ તો સમયે સમયે ઉત્પન્ન હોતી હૈ ને જાતી હૈ, હોતી હૈ ને જાતી હૈ. હવે આ લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ, એ તો બાહર રહી ગયા. શરીર ભી કહાં રહે, એ તો બાહર હૈ, યે તો જડ હૈ. આહાહા! કહતે હૈં કે 'द्रविन' છયે દ્રવ્યકો દ્રવિન નામ લક્ષ્મી કહેનેમેં આતા હૈ.

'अरथ' છયે દ્રવ્યકો અર્થ કહતે હૈં. 'પદાર્થ'. ઓલામાં આવ્યું ને 'પદ' પદ એટલે વાક્ય અને એનું અર્થ પદાર્થ એમ. વાચકનું વાચ્ય તે પદાર્થ. જેમ સાકર એ વાચક, ઉસકો પદાર્થ વો વાચ્ય, વો પદાર્થ. ઐસે પદાર્થ કહા થા. અહીંયા અર્થ કહા. છ યે દ્રવ્યકો અર્થ કહનેમેં આતા હૈ. આત્મા અર્થ હૈ, પરમાણુ અર્થ હૈ, ધર્માસ્તિ અર્થ હૈ. 'इत्यादि बहु' લ્યો. 'वस्तु नाम ये सर्व' એ વસ્તુનાં નામ સર્વ છે. હવે પ્રવેશ બતાવે છે પ્રવેશ. નાટક પીછે કહે કરેગા. આત્માકા, હવે ઈતના ઈતના દ્રવ્યકા નામ. હવે ઐસે કોઈ પણ નામ આવે તો સમજ લેના કે દ્રવ્યકા નામ હૈ.

હવે 'शुद्धजीव द्रव्यके नाम' લ્યો. શુદ્ધ જીવ દ્રવ્ય ભગવાન આત્મા. વિકાર નહીં,

સંયોગ નહીં. જૈસી અંદર ચીજ હૈ શુદ્ધ પરમાત્મ સ્વરૂપ નિજ પરમાત્મા અપના નિજ આત્મા શુદ્ધ દ્રવ્ય ઉસકા ક્યા નામ હૈ, વહ કહતે હૈં.

परमपुरुष परमेश्वर परमज्योति,
परब्रह्म पूरन परम परधान है।
अनादि अनंत अविगत अविनाशी अज,
निरदुंद मुकत मुकुंद अमलान है।।
निराबाध निगम निरंजन निरविकार,
निराकार संसारसिरोमनि सुजान है।
सरवदरसी सरवज्ञ सिद्ध स्वामि सिव,
धनी नाथ ईस जगदीस भगवान है।।३६।।

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–પરમપુરુષ, પરમેશ્વર, પરમજ્યોતિ, પરબ્રહ્મ, પૂર્ણ, પરમ, પ્રધાન, અનાદિ, અનંત, અવ્યક્ત, અવિનાશી, અજ, નિર્દ્વંદ્વ, મુક્ત, મુકુંદ, અમલાન, નિરાબાધ, નિગમ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર, સંસારશિરોમણિ, સુજ્ઞાન, સર્વદર્શી, સર્વજ્ઞ, સિદ્ધ, સ્વામી, શિવ, ધણી, નાથ, ઈશ, જગદીશ, ભગવાન. ૩૬

**अर्थ** :–परमपुरुष, परमेश्वर, परमज्योति, परब्रह्म, पूर्ण, परम, प्रधान, अनादि, अनन्त, अव्यक्त, अविनाशी, अज, निर्द्वंद्व, मुक्त, मुकुन्द, अमलान, निराबाध, निगम, निरंजन, निर्विकार, निराकार, संसार-शिरोमणि, सुजान, सर्वदर्शी, सर्वज्ञ, सिद्ध, स्वामी, शिव, धनी, नाथ, ईश, जगदीश, भगवान–ये सब शुद्ध जीवद्रव्यके नाम है।।३६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! હવે શુદ્ધ જીવદ્રવ્યના નામ કહતે હૈં યહાઁ. ભગવાન, આમ નહીં રાગવાળાં અમે તો પામર પ્રાણી છીએ ને એમ ભાઈ. અરે! સાંભળને હવે. માળા પામર કેવું? પામર તો તેં મિથ્યા માન્યતાને ઉધાર લિયા હૈ, વો ચીજ પામરતા તેરી ચીજ (નહીં હૈ.) આહાહા! હમ તો પામર હૈં ભૈયા. આહા! એ તો પર્યાયમેં મિથ્યા બુદ્ધિવાળા પામર માનતે હૈં, અજ્ઞાની. અપના દ્રવ્ય પામર હૈ (નહીં) સમજમેં આયા?

'परमपुरुष' ભગવાન આત્માકો પરમપુરુષ કહતે હૈં. પુરુષ શબ્દે આ શરીર એમ નહીં, પરમપુરુષ એટલે પરમ આત્મા. સમજમેં આયા? સ્ત્રીનો દેહ હોય પણ આત્મા તો પરમપુરુષ હૈ. શુદ્ધદ્રવ્ય તો પરમપુરુષ હી હૈ. જે દૃષ્ટિકા વિષય–સમ્યક્દર્શનકા ધ્યેય તે

પરમપુરુષ ભગવાન આત્માકો ભગવાન કહતે હૈં.

'परमेश्वर' લ્યો આત્માકો પરમેશ્વર કહતે હૈં. શુદ્ધ જીવ વસ્તુ હૈ વહ તો પરમેશ્વર હી હૈ. નિર્મળ દશા થઈ ગઈ એ તો પરમેશ્વર હૈ હી, પણ શુદ્ધ વસ્તુ હી પરમેશ્વર હૈ અપના. આહાહા! અપના કોઈ દૂસરા પરમેશ્વર હૈ નહીં. આહા! ભારે ભાઈ. અરે અમે પરમેશ્વર? હા, પરમેશ્વર તો પરમાત્મા તીર્થંકર થઈ ગયા. ભાઈ! તીર્થંકર તો પરમાત્મા પર્યાયે પરમાત્મા—દશાએ પરમાત્મા થયા. પણ તેરા સ્વભાવ તો પરમાત્મા ત્રિકાળ હૈ. આહા! પરમેશ્વર સ્વભાવ ન હો તો પરમેશ્વરતા પર્યાયમેં આયેગી કહાઁસે? કહાઁસે આયેગી? આહા!

પીપરમેં ૬૪ પહોરી તીખાશ રસ પડા હૈ, પીપર—છોટી પીપર એવી અંદર તીખાશ—તીખા નામ ચરપરા રસ પડા હૈ, તો ઘૂંટનેસે પ્રગટ હોતી હૈ. હૈ ઉસમેંસે આતી હૈ કે બાહરસે આતી હૈ? ૬૪ ઘૂંટતે હૈં ને ૬૪ પહર. ૬૪ પહર કહતે હૈં ને. ૬૪ પહોર ૬૪ પહોરી તીખાશ—ચરપરાઈ રસ કહાઁ સે આઈ? પથ્થરમેંસે આઈ? ખલસે ઘૂંટેને ખલસે, વો ૬૪ પહોરી કહાઁસે આયી? કાંકરા, ઘસ ડાલેને! કહાઁ સે આયી? હૈ નહીં ઉધર, કહાઁ સે આતી હૈ? પડી હૈ અંદરમેં પીપરમેં ૬૪ પહોરી. ચરપરાઈ પૂરી ભરી હૈ. કદે નાની, રંગે કાળી, રસે ૬૪ પહોરી હૈ લીંડી પીપર. તો ૬૪ પહોરી અંદર હૈ ૬૪ પહોરી એટલે રૂપિયો. ઈ તો હવે સો પૈસાનો રૂપિયો થઈ ગયો ને. (શ્રોતા :...ન ગણાય). ૬૪ ચોસઠ પૈસાનો રૂપિયો. ૬૪ પહોર કહો કે રૂપિયો કહો—સોળ આના કહો.

એમ આત્માને ઈ જેમ પીપરને ૬૪ પહોરી—રૂપિયે રૂપિયો ચરપરાઈ પૂરી પડી હૈ એમ આત્મામેં પૂરેપૂરું પરમેશ્વર પદ પડા હૈ. આહાહા! રાંકાં થઈને રાગે રોળી નાંખ્યું રતનને. રાગી છું ને દ્વેષી છું ને વિકલ્પની દૃષ્ટિ કરી. નિર્વિકલ્પ ભગવાન આત્મા પરમેશ્વર પદમેં પડા હૈ, ઉસકો યહાઁ આત્માકો હી પરમેશ્વર—પરમાત્મા કહતે હૈં. પર્યાય જો અવસ્થા હૈ ઉસમેં મિથ્યાત્વ અને અજ્ઞાન હો. એથી કાંઈ વસ્તુ પરમેશ્વરપણા છૂટ જાતા હૈ અંદરમેં? પીપરમેં ૬૪ પહોરી ચરપરાઈ હૈ ઔર બાહરમેં કાળી હૈ ને—અલ્પ ચરપરાઈ હૈ, તો કોઈ ૬૪ પહોરી ચરપરાઈ ચલી જાતી હૈ? (શ્રોતા : ના જી.) સમજમેં આયા? એમ ભગવાન આત્મા પરમેશ્વર હૈ. સબ અનંત આત્માઓ દ્રવ્ય તરીકે તો પરમેશ્વર હી હૈ.

'परम ज्योति' પરમ ચૈતન્યકા નૂરનું પૂર હૈ એ તો. આહાહા! આ ભગવાન તો ચૈતન્યનાથ જ્યોતિ હૈ. ચૈતન્યનાં પ્રકાશની અનંતજ્યોતિ હૈ. આહા! એક સમયમેં વિકાર હૈ એ સંસાર હૈ, વહ છોડ દે દૃષ્ટિ. તેરા ચીજ તો પરમજ્યોતિસે ભરા ઐસા, ચૈતન્ય

જ્યોતિ હોં. યે તેરી લક્ષ્મી ને વહ તેરી જ્યોત ને એ તેરા ગામ ને એ તારા સ્વધામ. આહા! ઉસકી અંતર્દષ્ટિ કરના ઉસકા નામ સમ્યક્દર્શન હૈ. પ્રથમમેં પ્રથમ ધર્મકી પ્રાપ્તિ ઐસે હોતી હૈ, બાકી બધા થોથે થોથા હૈ. આહાહા! ઐસા મનુષ્યપણા મિલા, ઈસમેં જો આ ભવકા અભાવ કી ચીજ દૃષ્ટિમેં ન લિયા(તો) કંઈ નહીં કિયા. સંસાર વૃથા જનમ લિયા ચાર ગતિમેં. આ પાંચ–પચીસલાખ મિલા ને રૂપિયા–બુપિયા મિલા અને બહારમાં નામ પડે તો કાંઈક પાછું રહે છે કે નહીં?

કહો શેઠ! આ બુંદેલખંડના બાદશાહ કહેવાય તમે તો. 'સમાજભૂષણ' મોટું બિરૂદ નથી આપ્યું?....'સમાજભૂષણ' તારણ સ્વામીમાં 'સમાજભૂષણ'નું બિરૂદ આપ્યું છે આ. (શ્રોતા : આત્મા તો 'સમાજભૂષણ' જ કહેવાય). આત્મા 'સમાજભૂષણ' નામ અનંત-ગુણકા સમાજકા ભૂષણ હૈ, એ 'સમાજભૂષણ' હૈ. પરમાત્મા કહતે હૈં તેરી ચીજમેં અનંત ગુણ પડ્યા હૈ. અનંત સંખ્યાએ હોં, અનંત. કાયમ રહેનેવાલી તો અનંતકાળે. એક, દો, તીન ઐસા અનંતગુણ હૈ આત્મામેં. તો યે સમાજ તેરા હૈ ઔર સમાજકા ભૂષણ તુમ સમાજકા સ્વામી હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! ગજબની ધર્મની વાત દુનિયાથી તદ્દન જુદી. વીતરાગ સર્વજ્ઞની વાત આખી દુનિયાથી જુદી. 'પરમ જ્યોતિ' જ્યોતની જ્યોત પરમાત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન પરમ જ્યોત હૈ. ઐસી અંતરમેં દૃષ્ટિ કરના, વહ શુદ્ધદ્રવ્યકી દૃષ્ટિ, વો સમકિત હૈ. વહ સમ્યક્દર્શન યથાર્થ હૈ.

'परमब्रह्म'–પરબ્રહ્મ–પરબ્રહ્મ–ઉત્કૃષ્ટ આનંદકંદ આત્મા ઉસકો પરમબ્રહ્મ કહતે હૈં. આત્માકો પરમબ્રહ્મ કહતે હૈં. સમજમેં આયા? આહા! પરબ્રહ્મ ઉત્કૃષ્ટ બ્રહ્મ આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદકા ભાન વો હી પરમબ્રહ્મ, આત્મા હી પરમબ્રહ્મ હૈ. પર્યાયમેં રાગદ્વેષકા બંધ કરતે હૈં વો ઉસકી ચીજ નહીં. નયા કૃત્રિમ ઉત્પન્ન કરતે હૈં ઔર દુઃખી હોતે હૈં. ઉસકા સ્વરૂપ તો પરમબ્રહ્મ હૈ. જુઓ આ 'સમયસાર નાટક'. બનારસીદાસ ઐસા પ્રવેશમેં બનાતે હૈ. હજી તો થોડા કહા પછી નાટક શુરૂ હોગા. 'પરબ્રહ્મ'–ભગવાન પરમબ્રહ્મ હૈ. પુન્ય પાપકા વિકલ્પ–રાગ ઉસસે રહિત ઉત્કૃષ્ટ બ્રહ્મસ્વરૂપ પ્રભુ આત્મા હૈ. ઐસા આત્માકો નિમિત્ત ઔર રાગ કે વહ એક સમયકી અવસ્થાકા લક્ષ છોડકર, પરમબ્રહ્મ ભગવાન આત્માકી દૃષ્ટિ કરના પ્રથમ વહ હી પ્રથમ સમ્યક્દર્શન હૈ. સમજમેં આયા?

'અપ્પા સો પરમઅપ્પા' આતે હૈં ને? બહોત? 'સમયસાર'મેં બહોત આતે હૈં. 'અપ્પા સો પરમઅપ્પા'. આત્મા જ પરમાત્મા હૈ. દૂસરા કોઈ ચીજ પરમાત્મા બાહરસે આતા નહીં હૈ. પણ આહીં બીડી વિના હાલે નહીં, તમાકુ વિના હાલે નહીં, એને આમ

માનીએ. એ લાલચંદજી! વો ઉડદકી દાલ–ઉડદકી, છાશ હોતા હૈ ને મઠ્ઠા સરખી ન હોય સરખી. દાલ ન ચડી હોય બરાબર–એકમેક ન હોય તો આમ ઢીંચણીયા ઉડે. અનાજ તો જ્યારે માંગતે હૈ તો લાતે હૈ ને ઐસા ધૂળ ધાન્યકા ધૂળ કર દિયા. હવે ધૂળ જ હૈ સુન તો સહી!

ઉડદકી દાલને લડ્ડુ ચૂરમાકા. એક માણસને એવી ટેવ હતી લડ્ડુ તો બનાયા હો પણ પીછે અધશેર ઘી જોઈએ. (શ્રોતા : ઉપરસે) ઉપરસે વાટકામાં. વાટકા સમજતે હૈં? ક્યા કહતે હૈં? (શ્રોતા : કટોરી) કટોરી. ચૂરમાના કટકા લે ને ઘીમાં બોળીને ખાય. આહીં તો કહેતે હૈં આત્મા આનંદકંદ પરમબ્રહ્મ હૈ પૂર્ણ. આહાહા! ભાઈ! યે તેરા ભોજન તો તેરી પાસ હૈ. આહાહા! અમૃતભોજન ભગવાન તેરે પાસ હૈ ખબર નહીં બિચારાને! એ બિચારા હૈ રાંકા એમ કહતે હૈં, શેઠ! પરમબ્રહ્મ પ્રભુ છે ને તું અને પણ પૂરન હૈ પૂરન. વસ્તુમેં તો પૂરન તેરી શક્તિ ને પૂરન સ્વરૂપ તેરા પડા હૈ. ઉસકો યહાઁ શુદ્ધ જીવકા નામ કહેનેમેં (શ્રોતા : આયા હૈ). પર્યાય અવસ્થામેં અપૂર્ણ ને વિકાર ને સંસાર હૈ. વસ્તુમેં કોઈ અપૂર્ણતા હૈ (શ્રોતા : નહીં....નહીં) આહાહા!

'पूरन-परम'–ઉત્કૃષ્ટ 'परधान' હૈ, લ્યો. પ્રધાન એટલે ઊંચી ચીજ. પ્રધાન એટલે દિવાનની વાત નથી હોં અહીંયા. અહીં પ્રધાન એટલે ઊંચી ચીજ. સબમેં ઊંચામેં ઊંચા ચીજ વો ભગવાન આત્મા હૈ. અતીન્દ્રિય મહાપદાર્થ. ૯૨માં આવ્યું'તું, પરમપ્રધાન છું આહા! ઐસી ચીજકી (મહિમા) સુનકર અંતરમેં દૃષ્ટિ કરના ઔર બહિર્દૃષ્ટિ છોડના, વો માટે આ કહતે હૈં. સમજમેં આયા?

'अनादि' હૈ. ભગવાન તો અનાદિ હૈ. સત્ હૈ ઉસકી આદિ ક્યા? હૈ ઉસકી આદિ ક્યા? હૈ ઉસકા નાશ ક્યા? હૈ ઉસકી ઉત્પત્તિ ક્યા? હૈ અનાદિ. આહાહા! સમજમેં આયા? અનાદિસે મૈં હૂઁ એટલે પહેલે તો પહેલે હુઆ હોગા કે નહીં? પહેલેમેં તો હુઆ હોગા તો દૂસરેમેં ભી થા. ફિર અસત્ કી ચીજ ઉસકા જાનનેવાલા હોગા કી નહીં? કિસકો બનાયે? હૈ ઉસકે અન્ય બનાવે? નહીં, હૈ ઉસકો કોણ બનાવે? અનાદિ ભગવાન આત્મા હૈ. ઉસકા કોઈ સમય દેખો દેખો દેખો એમ ભૂતકાળ તો હૈ..હૈ..હૈ..હૈ....એમ ચલે આતે હૈ. અનાદિકા હૈ. હૈ ઉસકી આદિ હોય જ નહીં. આહાહા! આ તો ચીજો આવે ને જાય બહારમાં ધૂળમાં ને. આ ભગવાન તો અનાદિ આત્મા હૈ. ઉસકી તો દૃષ્ટિ કિયા નહીં ને આ સાદિ શાંત ચીજ (પર્યાયો) મિલેગા. અરે! એક સમયકી પર્યાય ભી આતી હૈ ને જાતી હૈ. ઉસકી દૃષ્ટિ કરના વો ભી મિથ્યાત્વ હૈ. આહાહા! અનાદિ ભગવાન આત્મા.

ઔર 'अनंत' હૈ. હૈ ઐસા ને ઐસા રહેતે હૈં અનંતકાળ. કભી ઉસકા નાશ હોતા

હૈ? સત્ હૈ ઉસકા નાશ કભી હો? (શ્રોતા : નહીં) હૈ....હૈ....અનાદિસે હૈ. અનંત, અનંત, અનંત અનંત, અનંત, અનંત, અનંત ભવિષ્યકાળ. સબકાળમેં હૈ, હૈ ને હૈ. હૈ ઉસકા, નહીં હૈં, ઐસા કભી હોગા? (શ્રોતા : નહીં) આહા! એક એક શબ્દમેં એક એક દૃષ્ટિ, એક એક દૃષ્ટિકા વિષય ક્યા હૈ, બતાતે હૈં.

'अविगत'–અવિગત હૈ. ઉસમેં સબ જાનનેમેં આતા હૈ. જાનનેમેં ન આવે ઐસા નહીં. સબ જાનનેમેં આતા હૈ. આહાહા! ત્રણ કાળ ત્રણ લોક ઉસસે અનંતગુણા લોક ને અલોક હો, તો ભી ભગવાન આત્માકા જ્ઞાન સબકો જાને ઐસા આત્મા હૈ. સમજમેં આયા? 'અવિગત' વિ+ગત. વિશેષે જાણનાર નહીં, ઐસા નહીં હૈ. સબકો જાનનેવાલા હૈ. કોઈકો કરનેવાલા નહીં. પરકો કરતે નહીં. રાગકો કરનેવાલા નહીં આહા! શુભભાવ હોતા હૈ ને શુભભાવ. શુભભાવ કબ હોતા હૈ? કબ કર્તા માનતે હૈં? કે રાગ સહિત આત્મા માનતે હૈં વો રાગકા કર્તા માનતે હૈં. સમજમેં આયા?

જાનનેવાલા મૈં તો હું ત્રિકાળ. રાગકા કર્તા ભી નહીં ઔર ભોક્તા ભી નહીં ઔર રાગકા છોડતા ભી નહીં. આહા! છોડતા ભી નહીં. આહા! મૈં તો ત્રિકાળ અવિગત–વિશેષે જ્ઞાનકા ધન–'બિલકુલ ન જણાય કાંઈ કોઈ ચીજ', ઐસા મૈં હુઁ નહીં. મૈં તો સબકા જાનનેવાલા હુઁ. સમજમેં આયા? ઓહો! ઐસા આત્મા ઉસકી ખબર નહીં, ઉસકા જ્ઞાન નહીં, ઉસકી શ્રદ્ધાકી ખબર નહીં—ક્યા ચીજ કૈસે શ્રદ્ધાય? ઐસે ધર્મ વિના અનંતકાળ ગુમાયા. ધર્મકે નામમેં ભી અધર્મ કિયા ને ધર્મ કિયા, ઐસા માન્યા.

'अविनाशी' ઓલો અનંત રહનેકી અપેક્ષા થા. હવે ત્રિકાળ અવિનાશી આ. વો ચીજ અવિનાશી હૈ. અ+વિનાશ–વિશેષે નાશ નહીં. કંઈ પણ અંશકા નાશ નહીં. એટલે ધ્રુવ ચીજ હૈ અનાદિ અનંત, અવિનાશી ભગવાન આત્મા. શરીર આદિ વિનાશીક, મૈં અવિનાશીક. રાગ આદિ વિનાશીક, મૈં અવિનાશીક. એક સમય કી પર્યાય વિનાશીક, ક્ષણભંગુર આવ્યું'તું ને ભાઈ. એક સમયકી પર્યાય હોતી હૈ યે ક્ષણભંગુર હૈ. એક ક્ષણમેં ઉત્પન્ન હોતી હૈ ને દૂસરે ક્ષણમેં નાશ હોતી હૈ. ભગવાન આત્મા ધ્રુવ એ તો અવિનાશી હૈ. આહા! ઐસી ઉસકી ખબર લિયા નહીં કભી. દૃષ્ટિમેં લિયા નહીં. બાહરમેં મંથન કરકે મર ગયે. આહા!

'अज'–જન્મ વિનાકી ચીજ હૈ. અજ–જન્મના હૈ નહીં. આત્મા જન્મે નહીં. ક્યા જન્મે? એ તો અવિનાશી અનાદિ હૈ. આહાહા! (શ્રોતા :....મરણ ન રહ્યું?) મરણેય ક્યાં ને જન્મેય ક્યાં? આહા! (શ્રોતા : જનમ નહીં તો મરણ નહીં) પરમાત્મા અપના નિજસ્વરૂપ. અપની સત્તા અનાદિ અનાદિ....અનાદિ હૈ. ઐસે ને ઐસે હૈ. જન્મના-

મરના તો શરીરકા સંયોગસે કહેનેમેં (શ્રોતા : આતા હૈ) આત્મામેં કોઈ જન્મ–મરણ હૈ (શ્રોતા : નહીં) આહા! 'યોગસાર'મેં કહા હૈં યોગીન્દ્રદેવ–જનમ કલંક હૈ. શરીરકા સંયોગ હોના કલંક હૈ. જૈસે અંગૂલિ હોતી હૈ ને છઠ્ઠી છઠ્ઠી અંગૂલિ, વહ કાટનેકી ચીજ હૈ, રાખને કી નહીં. પંજા સરખા દિખે માટે કાટનેકી ચીજ. હવે શરીર આદિ રખનેકી ચીજ નહીં, અપની ચીજ નહીં. કલંક હૈ, કહતે હૈં આહા! રાગ-દ્વેષ અપનેમેં હોના, વહ ભી ચૈતન્ય ભગવાનનું કલંક છે. (શ્રોતા : પુણ્ય કલંક થયું) પુણ્ય કલંક છે. પુણ્યનો ભાવ હો. પુણ્યના ભાવમાં ધૂળ મળે એની વાત નથી, એ તો પરચીજ છે. આ તો પુન્યકા ભાવ-દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા શુભભાવ વહ ભી આત્મામેં કલંક હૈ. મેલ હૈ. આત્મા તો અજ હૈ. રાગકી ઉત્પત્તિ કરનેવાલા નહીં ને અપના સ્વરૂપ કદી કોઈસે ઉત્પન્ન હુઆ (નહીં) આહાહા! જુઓ કેટલા શબ્દ વાપર્યા દેખો.

'निरदेंदु'–દ્વંદ્વ ભી નહીં ઉસમેં. દો પ્રકારે ભી નહીં. એ તો અદ્વૈત ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા. આહા! 'નિર્દ્વંદ્વ'—પુન્ય ને પાપ, હરખ ને શોક ને ઐસા દ્વંદ્વ અંદર ઉસમેં હૈ નહીં. દ્વંદ્વ નથી. 'છોડી જગત દ્વંદ્વ ફંદ, વો આતે હૈ ને 'છહ ઢાળા'માં. છહ ઢાળામાં આવે છે. (શ્રોતા : લાખ વાતની....) 'લાખ વાત કી વાત નિશ્ચય ઉર આનો. છોડી જગત દ્વંદ્વ–ફંદ, નિજ આતમ ધ્યાવો.' એ છહ ઢાળામાં આતે હૈ. પણ અર્થ ન કરે અને એમ ને એમ હાંકે રાખે. બોલી જાય ઘડિયો. (શ્રોતા : મોં પાઠ) મોં પાઠ. હવે શેઠ....આહાહા! (શ્રોતા : મોં પાઠ....) મોં પાઠ કહતે હૈં ને વો. મોઢે બોલના. ભાવની ખબર નહીં. આહીં તો કહતે હૈં ભગવાન નિર્દ્વંદ્વ હૈ. દ્વંદ્વ કૈસા? એકરૂપ ચીજ ભગવાનમેં વળી દ્વંદ્વ–આ રાગ–દ્વેષ, સંસાર–ફંસાર કૈસા? એ વસ્તુકી ચીજમેં સંસાર અને દ્વંદ્વ હૈ નહીં. ઐસા ભગવાન આત્મા ઉસકો નિદ્વંદ્વ કહતે હૈં. વો છહ ઢાળામેં આતા હૈ ને પંડિતજી!

'मुकत' એ તો મુક્તસ્વરૂપી હૈ. બંધ અને મુક્ત, દો હી નહીં. એ તો ત્રિકાળી મુક્ત હૈ. આ પર્યાયકી મુક્તિ હોતી હૈ ને પર્યાયમેં બંધ હોતા હૈ, એ ઉસસે રહિત મુક્ત હૈ એમ કહતે હૈ. સિદ્ધકી પર્યાયકી પ્રાપ્તિ હોના, વહ તો પર્યાયમેં મુક્તિ હોના પણ દ્રવ્ય તો ત્રિકાળ મુક્ત હી હૈ. આહા! ભારે કામ ભાઈ. 'जो पस्सदि अप्पाणं अबद्ध' આતે હૈં ને વો. જિસકો આત્મા અબદ્ધસ્પૃષ્ટ દિખનેમેં આતા હૈ ઉસને જૈનશાસન દેખા. અબદ્ધ કહો કે બંધરહિત કહો કે મુક્ત કહો. ૧૫મી ગાથામાં આતા હૈ 'સમયસાર'. 'पस्सदि जिणसासाणं सव्वं' જિસને ભગવાન આત્માકો કર્મકા બદ્ધ નામ સંબંધ રહિત અપની દૃષ્ટિ કિયા ઔર વીતરાગ ભાવ સમ્યક્દર્શન પ્રગટ હુઆ ઔર ભાવશુદ્ધજ્ઞાન ઉપયોગ પ્રગટ હુઆ, જૈન શાસન સબ દેખા ઉસને. ઐસા ન દેખા ઉસને કંઈ દેખા (શ્રોતા : નહીં ) નહીં દેખા. સમજમેં આયા?

મુક્ત—મુક્ત. મુક્ત એવ આતા હૈ ને! પર્યાયમેં સમ્યક્દષ્ટિ થયો. મુક્ત તો એ હી હૈ. આ તો દ્રવ્ય મુક્ત કી બાત હૈ યહાઁ. આ વસ્તુ મુક્ત ત્રિકાળ, વસ્તુ કૈસે બંધ હો? વસ્તુ બંધ હો તો વસ્તુકા અભાવ હો જાય. ચૈતન્યદળ હૈ. ચૈતન્ય દળ—આનંદકંદ ધ્રુવ ઉસમેં બંધ કૈસા? વહ તો પર્યાય એક સમયકી પર્યાયમેં રાગ આદિ વિકાર આદિ બંધ હૈ, વસ્તુમેં બંધ—ફંદ હૈ (શ્રોતા : નહીં) આહાહા! ઐસા આત્મા હૈ. આ તો નવ તત્ત્વમેં ઐસા આત્મદ્રવ્ય ઐસા હૈ, એમ બતાતે હૈં. 'મુકત'

'મુકુંદ' મુક્ત કી દેનેવાલા મુકુંદ. એ મોક્ષકા દેનેવાલા આત્મા હૈ મુકુંદ. નામ પાડે છે ને મુકુંદ—મુકુંદ. હમણાં આવ્યા'તા મુકુંદભાઈ થા ને હમણાં. મુકુંદ ભગવાન પવિત્રધામ. એક સમયકી દશા રાગવાલી સંસાર સબ એક સમય હૈ. ઉસકો છોડકર વસ્તુ દેખો તો મુક્ત હી મુક્ત હૈ. વો હી મુક્તિકા દેનેવાલા હૈ. કોઈ વ્યવહાર મોક્ષમાર્ગ મુક્તિકો દેતે હૈ ને નિશ્ચય મોક્ષમાર્ગ દેતે હૈં. વહ ભી છોડ દિયા હૈં સબ. આહાહા! ક્યા કહતે હૈં? અપની મુક્તિ નામ પરમાત્મપદકો દેનેવાલા આત્મા હૈ. જિસમેં હૈ ઉસસે આતી હૈ ચીજ. તો વ્યવહાર સમ્યક્દર્શન આદિ રાગ હૈ ઉસસે તો મુક્તિ આતી નહીં પણ નિશ્ચય મોક્ષમાર્ગ જો સમ્યક્દર્શન હૈ ઉસસે ભી મુક્તિ નહીં. મુક્તિ દેનેવાલા દ્રવ્ય હૈ, એમ કહતે હૈં. આહાહા! ભારે પણ કોઈ વાત સાંભળતે હૈં. આવો પામર માન્યો છે ને એટલે એને નહીં મળે, કહે છે. અરેરે. આ શું બોલે છે આ? મુકુંદ હૈ. એ તો મુક્તિકા દેનેવાલા પરમાત્મા અપના નિજ સ્વરૂપ હોં. દૂસરા પરમાત્મા નહીં. વિશેષ કહેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૨, મહા સુદ ૨, ગુરૂવાર તા. ૨૮-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ ૩૬ પર પ્રવચન

परमपुरुष परमेश्वर परमज्योति,
परब्रह्म पूरन परम परधान है।
अनादि अनंत अविगत अविनाशी अज,
निरदुंद मुक्त मुकुंद अमलान है॥
निराबाध निगम निरंजन निरविकार,
निराकार संसारसिरोमनि सुजान है।
सरवदरसी सरवज्ञ सिद्ध स्वामि सिव,
धनी नाथ ईस जगदीस भगवान है॥३६॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–પરમપુરુષ, પરમેશ્વર, પરમજ્યોતિ, પરબ્રહ્મ, પૂર્ણ, પરમ, પ્રધાન, અનાદિ, અનંત, અવ્યક્ત, અવિનાશી, અજ, નિર્દ્વંદ્વ, મુક્ત, મુકુંદ, અમલાન, નિરાબાધ, નિગમ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર સંસારશિરોમણિ, સુજ્ઞાન, સર્વદર્શી, સર્વજ્ઞ, સિદ્ધ, સ્વામી, શિવ, ધણી, નાથ, ઈશ, જગદીશ, ભગવાન. ૩૬

**अर्थ** :–परमपुरुष, परमेश्वर, परमज्योति, परब्रह्म, पूर्ण, परम, प्रधान, अनादि, अनंत, अव्यक्त, अविनाशी, अज, निर्द्वंद्व, मुक्त, मुकुंद, अमलान, निराबाध, निगम, निरंजन, निर्विकार, संसारशिरोमणि, सुज्ञान, सर्वदर्शी, सर्वज्ञ, सिद्ध, स्वामी, शिव, धनी, नाथ, ईश, जगदीश, भगवान ये सब शुद्ध जीव द्रव्यके नाम हैं॥३६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ આત્મા વસ્તુ ક્યા હૈ ઔર કૈસા આત્માકો દૃષ્ટિ કરનેસે ધર્મ નામ સમ્યગ્દર્શન હોતા હૈ પ્રથમ, વો બાત ચલતી હૈ. ૩૬–૩૬ 'મુકુંદ' સુધી આવ્યું છે.

આ આત્મા વસ્તુ તરીકે તો 'अमलान' હૈ. છે ને ચોથો. ઉસકી વર્તમાન દશામેં રાગ–દ્વેષ આદિ હો, એ ઉસસે વો વર્તમાન દશામેં હીણી, કરમાયેલી, મોળી દશા દિખતી હૈ; વસ્તુમેં ઐસા નહીં. સમજમેં આયા? પર્યાયમેં–અવસ્થામેં રાગ–દ્વેષ, વિકાર, વિકૃત,

ઔર જાણે આત્માકા સ્વભાવ કમ હો ગયા, વિરુદ્ધ હો ગયા, મલિન હો ગયા. ઐસી વર્તમાન દશામેં પર્યાયદૃષ્ટિસે દેખનેસે ઐસા દિખતે હૈં, વસ્તુમેં નહીં. વસ્તુ અમલાન હૈ. ક્યા કહેતે હૈ તમારી હિન્દી ભાષામેં? કરમાઈ જાય ને વો. (શ્રોતા : મુરઝાના) મુરઝાના, મુરઝાના. વો શાક હોય ને તરકારી કચ્ચા વો મુરઝાતે હૈ ને! ઐસે આત્મા મુરઝાતા નહીં એમ કહેતે હૈં. પર્યાયમેં—અવસ્થામેં મુરઝાયા જૈસા દિખતે હૈં, પણ વો તો વર્તમાન અવસ્થા ઔર રાગ—દ્વેષ દિખનેસે દિખતે હૈં, એ વાસ્તવિક આત્મા નહીં.

આત્મા તો અમલાન હૈ. અખંડાનંદ પ્રભુ મુરઝાતે નહીં, કરમાતે નહીં, સૂકાતે નહીં, હીણા હોતે નહીં. આહાહા! ઐસી ચીજકી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ અને વો બિના સબ વ્યર્થ (હૈ), સમજમેં આયા? ઐસા આત્માકા અમલાન સ્વભાવ અંતરમેં ચિદાનંદ ભગવાન પૂર્ણ આનંદ હૈ તો ઉસમેં કમી નહીં, મુરઝાના નહીં, વિપરીતતા નહીં. ઐસા ત્રિકાળી સ્વભાવ ઉસકો યહાં જીવ દ્રવ્ય—તત્ત્વ અમલાન સે કહનેમેં આતા હૈ. મલાન હૈ તો અમલાન, મલાન પર્યાયમેં હૈ, અવસ્થા—દશામેં હૈ. દશામેં ન હો તો સંસાર કિસકા? પણ વસ્તુની દૃષ્ટિ કરનેસે, અંતર્મુખ ચૈતન્ય ભગવાનકો દેખનેસે પ્રભુ આત્મા તો અમલાન હી હૈ.

'निराबाध' હૈ. ભગવાન વસ્તુ હૈ અખંડ ચિદ્‌રસ.....ચિદ્‌રસ—જ્ઞાનકા રસ, ઐસા જો આત્મા નિરાબાધ—બાધા, પીડા કોઈ ઉસમેં હૈ નહીં. ઐસી ચીજ કો આત્મા કહેતે હૈં ને વો આત્માકી દૃષ્ટિ કરના, સબ દૃષ્ટિ છોડ દેના. નિમિત્તકી, રાગકી, એક સમયકી દશાકી યહ રૂચિ છોડકર ઐસા નિરાબાધ આત્માકી દૃષ્ટિ કરના વો શુદ્ધ જીવકી દૃષ્ટિ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? ધર્મ કરનેવાલાકો વો કરના હૈ. દૂસરા કોઈ કરના હૈ નહીં. જો અવસ્થામેં મેં રાગ-દ્વેષ આદિ દિખતે હૈં, ઈતના આત્માકો માનના, વો તો મિથ્યાદૃષ્ટિ હૈ. સંસારમેં રૂલનેવાલા હૈ વો તો.

જિસકો ધર્મ કરના હો, સંસારકા દુઃખ પરિભ્રમણકા અભાવ કરના હો તો નિરાબાધ ભગવાન, જિસકો બાધા નહીં, પીડા નહીં, વિરોધતા નહીં, ઐસી ચીજ ભગવાન પરમાત્મ નિજ સ્વરૂપ નિરાબાધ હૈ. આ ક્યાંથી ગોતવો ઈ શોધવો કહાંસે? કભી સુના નહીં. શેઠ! સૂના નહીં ને? સૂનાનેવાલા........એક વખતે કહતે થે સુનાનેવાલા મિલા નહીં. આહાહા! (શ્રોતા : યે પંડિતોકી ભૂલ હૈ) માનનેવાલેકી ભૂલે ય નહીં? સમજમેં આયા? અપની નિજ નિધાન ચીજ સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત, ચિદ્‌ઘન આનંદકંદ, વો તો નિરાબાધ ચીજ હૈ. પંડિતજી! આહાહા!

(શ્રોતા : આપ તો પંડિતોપે સારા બોજા ડાલ દિયા) ઐસે યહાં હુઆ થા એકવાર,

શેઠ આયે થે ને જબ વો સર હુકમીચંદ, તો એકવાર ઐસા હુઆ. વો......વો પુંજીલાલ કૌન? (શ્રોતા : પરશુરામ) એક પરશુરામ હૈ ને બ્રહ્મચારી ઇંદૌરમેં ઉદાસીન આશ્રમમેં, તો યહાં થા. તો ઉસને સૂના, ઉસકો સુનકર, 'ઓહોહો! ઐસી ચીજ તો હમ કોઈ કભી સુની નહીં. હમ બ્રહ્મચર્ય પાળતે હૈં ઐસા કહા અને વો આશ્રમમેં રહના હૈ ને તો શાસ્ત્ર-પાઠ તપાસ કરના, કલાક–ઘંટા એક–એક ઘંટા સબ બ્રહ્મચારીકો અનાજ સાફ કરના અને એમાં હમારા ટાઈમ જાતે હૈં. હમ તો સ્વાધ્યાય કરનેકો ન મિલે અને આ ચીજ? હાં, સચ્ચી હૈ, કહે.

પછી એકવાર બૈઠે થે વો દેવકીનંદજી. દેવકીનંદન છે ને ઇંદોરવાળા. (શ્રોતા : જો ઉનકે સાથમેં આયે થે) શેઠકે સાથ મેં આયે થે વો ત્યાં બેઠે થે. તો ઉસને (પરશુરામે) કહા, મહારાજ, ઉસને કહા હોં! (શ્રોતા : દેવકીનંદનજી). પરશુરામે, 'ક્યા કરે? પંડિત લોગ જૈસે હમકો સમજાયા ઐસા હમને સમજા' અને દેવકીનંદન ગુસ્સેમેં આ ગયે. હમારી પાસ તમે ક્યા દેવકીનંદન સબ......આપ કહેતે હૈં ઐસી બાત કોઈ પંડિત, કોઈ ત્યાગી પાસે હૈ હી નહીં. આપ કહેતે હૈં ઐસે પઢા હી નહીં હૈ, એમ બોલે. ભાઈ, દેવકીનંદને પોતે જ કહ્યા. ત્રીજી સાલમેં.

આપ કહેતે હૈં ઐસે પઢા હી નહીં. વસ્તુ તો કહાંસે લાવે? સબકે હમારી નિમિત્તપ્રધાનકી દૃષ્ટિ સબકી પઢાઈ ઐસી હૈ. વો હમારી પાસ કબૂલ કિયા. 'પંચાધ્યાયી'મેં ભૂલ કબૂલ કિયા. 'પંચાધ્યાયી'મેં લિખા હૈ ને ઉસમેં. કહાં? નિકાલો, કીધું, ઐસી ભૂલ હૈ લાવ બતાવો કહે વો. પરશુરામે જહાં કહા, પંડિતલોગ હમકો સમજાયા હમેં....પછી કહે, ક્યા તુમ હમારા દોષ નિકાલતે હૈં? હમારા ઉપકાર તો માનતે નહીં. આહા! વસ્તુ ક્યા! અપની યોગ્યતા હી નહીં ઉસકી ઔર સબ સમજનેવાલાકા સમજમેં ભૂલ હૈ. સારી પ્રવૃત્તિ સારી ઈસમેં લગ ગયા સારી દુનિયા, ધર્મને નામે. પૂજા કરના ને વ્રત કરના ને તપ કરના ને વિકલ્પો કરના ને ઐસા કરના ને ફૈસા કરના. સારી પ્રવૃત્તિ રાગકી પુણ્યકી નામે ધર્મકી માનકર કરતે હૈં. (શ્રોતા : ઉસીકો હી ધર્મ માન રહે થે) ધર્મ હી માનતે હૈં. હમકો તો ખબર હૈ ને બહોત. સમજમેં આયા?

આહીં તો કહેતે હૈં, નિરાબાધ ભગવાન શરીર–ફરીર નહીં, રાગ નહીં. દયા–દાનકા વિકલ્પ ભી આત્મામેં નહીં. ઓહોહો! (શ્રોતા : પર્યાયમેં સબ હૈ) હો, વિકલ્પમેં વિકલ્પ હો. મેરી ચીજ તો નિરાબાધ હૈ વસ્તુ! ઐસી અંતરમેં સમ્યક્દૃષ્ટિ કરના ઉસકા નામ પ્રથમમેં પ્રથમ ધર્મકી શરૂઆત કહેનેમેં આતી હૈ. કહો લાલચંદજી?

'निगम'. ભગવાન આત્માકો નિગમ કહેતે હૈં, નિગમ. આગમ–નિગમ આતે હૈં

ને? નિગમ. ઈન્દ્રિયસે ગમ્ય નહીં. ઔર અંદર દયા દાન વિકલ્પકા પુન્ય પરિણામ સે ભી વો ગમ્ય નહીં, ઐસા શુદ્ધ આત્માકો નિગમ કહેતે હૈં. સમજમેં આયા? 'નિગમ' અપના આત્માકો નિગમ કહેતે હૈં વસ્તુ. સિદ્ધ ભગવાન, અપના જૈસા સ્વરૂપ હૈ સિદ્ધકા, ઐસા હી અપના નિજ સ્વરૂપ અંદર સ્વરૂપ ઐસા હી હૈ. ઐસી અંતર દૃષ્ટિ કરના ઉસકો નામ પરમાત્મા સ્વીકાર આત્માકા કિયા, ઐસે કહનેમેં આતા હૈ. ઐસા શુદ્ધાત્મા પરિપૂર્ણ પ્રભુ. અંતરજ્ઞાનમેં જ્ઞેય બનાકર પ્રતિત કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન કા વિષય નિગમ હૈ, શુદ્ધાત્મા હૈ. આહાહા! સુજાનમલજી, આહાહા! (શ્રોતા : ટંકોત્કીર્ણ) હા, ટંકોત્કીર્ણ. ભારે વાતો ભાઈ આવી.

'निरंजन' અંજન—બંજન વસ્તુમેં હૈ હી નહીં, મેલ મેલ વો પર્યાય એક સમયકી દશામેં વિકાર અને વિકારકા નિમિત્ત કર્મકા સંબંધ, વો તો વ્યવહારનયકા વિષય હૈ, ધર્મકા વિષય નહીં વો. નિરંજન હૈ. અંજન નહીં, મેલ નહીં. નિર્મળાનંદ પ્રભુ! નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ હૈ, ઐસા હી આત્માકો યહાં આત્મા કહેતે હૈં.

'निर्विकार' 'ર'નો વ્યુત્સર્ગ થાય છે, વ્યુત્સર્ગ. નિઃવિકાર. સંસારકા વિકાર માત્ર આત્મામેં હૈ નહીં. આહાહા! ઉદયભાવ જિસકો કહેતે હૈં ને ચાર ગતિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વિકલ્પ, એ સબ વિકારસે ભગવાન આત્મા તો ભિન્ન નિર્વિકાર હૈ. યે નિઃવિકાર—'ર'નો વ્યુત્સર્ગ છે. નિઃવિકાર—શુદ્ધ ચિદાનંદ પ્રભુ અવિકારકા પિંડ હૈ ને વિકારસે રહિત હૈ, અસ્તિ—નાસ્તિ કરે છે. આહાહા! આ ચૈતન્ય દેવળમેં પરમાત્મા પોતે ભગવાન તન મંદિરમેં દેવ જિન. મંદિર, મૂર્તિ ને દેવ, એ તો બધા વ્યવહાર હૈ. પુન્યબંધકા ભાવમેં નિમિત્ત હૈ, ધર્મ નહીં. આ સમ્મેદશિખરકી જાત્રા ને પૂજા ને ભક્તિ, મંદિરકા ભક્તિ આતે હૈં. શુભ ભાવ જબ હો, અશુભ સે બચનેકો (શુભભાવ) હો, પણ વો ભાવ પુણ્યરૂપ ભાવ હૈ, ધર્મ નહીં. ધર્મ તો અપના આત્મા નિર્વિકારી ઐસી અંતરમેં નિર્વિકલ્પ દૃષ્ટિ કરનેસે જો સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસકા નામ ધર્મ કહનેમેં આતા હૈ. એ અનંતકાળમેં કભી યે કિયા નહીં. અને આ કરનેલાયક હૈ દૂસરા નહીં, ઐસી શ્રદ્ધામેં ભી લિયા નહીં. આહા! સમજમેં આયા?

'निराकार' જડકા આકાર ઉસમેં હૈ હી નહીં. અપના સ્વરૂપ હૈ તો ઉસકા ક્ષેત્ર હૈ. પણ જડકા આકાર જૈસા આકાર હૈ, ઐસા આકાર ઉસમેં આત્મામેં નહીં. હૈ, શરીર પ્રમાણે હૈ, પણ શરીરસે ભિન્ન હૈ. શરીરકા આકાર ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? શુદ્ધ ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન, એ અપના અપની અપેક્ષાસે અરૂપી આકાર હૈ. પણ શરીર અને કર્મે અને આ જડકા આકારસે આકાર ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? ઐસા આત્માકી

દૃષ્ટિ કરના, ઉસકા નામ આત્મા જાણ્યા, માન્યા કહેનેમેં આતા હૈ. બાકી બધા એકડા વિનાના મીંડા હૈ. એકડા વિનાના મીંડા ક્યા કહેતે હૈં? બિના એક કે બિંદી....બિંદુ. આહાહા! ભારે કામ. વીતરાગ દર્શન સમજવું બહોત કઠણ જગતને.

નિરાકાર......જૈસે કાશી ઘાટકા વો કળશા હોતા હૈ ને કળશા....કળશા (શ્રોતા : લોટા) લોટા. તો લોટાકા આકાર જુદા હૈ ઔર અંદર જલ ભરા હૈ ઉસકા આકાર ભિન્ન હૈ. લોટાકે આકાર જલ દિખતે હૈં, પણ જલકા આકાર લોટાસે તદ્દન ભિન્ન હૈ. એમ આ (દેહ) કાશી ઘાટકા કળશા હૈ આ, દેખો. ઉસકા આકાર જડકા—માટી—ધૂલકા આકાર હૈ આ તો અજીવ તત્ત્વકા આકાર હૈ ઔર ઉસમેં જ્ઞાન જલ સ્વભાવ ભગવાન આત્મા હૈ ભિન્ન, ઉસકા આકાર શરીર પ્રમાણે હોને પર ભી શરીરસે નહીં. આહા! ઉસકા હયાતી ભિન્ન હૈ. શરીરકા જૈસા જડ—માટી—ધૂળ, માંસ—હાડકા—ચામડા હૈ આ તો. ઉસકા જો આકૃતિ હૈ વો તો ઉસકી જડકી હૈ. ઔર ઉસમેં જલ ભરા હૈ જ્ઞાનાજલ, આનંદદળ. ઐસા આત્માકા આકાર શરીરકે આકારસે ભિન્ન હૈ. સમજમેં આયા? આ એના ઘરની ખબર હોય બધી કે આ આકારે બારી હોય ને આ આકારે ઐસા હોતા હૈ. ભગવાન આત્મા કૈસા હૈ? નિવૃત્તિ—નવરાશ ન મળે નવરાશ, ફૂરસદ નહીં. કામ બહુ! એ વકીલ છે. આહાહા!

'संसारशिरोमणि' દેખો. કહેતે હૈં કે આત્મા તો સંસારકા શિરોમણિ અદ્ધર રહેનેવાલા હૈ. એ પુન્ય ને પાપ ને કામ ને ક્રોધ ને દયા ને દાન, વિકલ્પ સંસાર હૈ, ઉસસે શિરોમણિ ભિન્ન રહેનેવાલા હૈ. સમજમેં આયા? આ સંસાર શિરોમણિ સંસારનો નાયક હશે? સંસારસે અધિક ભિન્ન પડા હુઆ આત્મા હૈ. સંસાર કિસકો કહેતે હૈં? રાગ—દ્વેષ ને મિથ્યાભાવ. બાયડી—છોકરા સંસાર નહીં, વો તો પરચીજ હૈ, એ સંસાર કહાંસે આયા? સમજમેં આયા? વો સંસાર હો તો દેહ છૂટનેસે દેહ ભી નહીં રહેતે. બાયડી, છોકરા તો ક્યાંક પડ્યા રહતે હૈં. જો વો સંસાર હો, દેહ છૂટનેસે સંસાર છૂટ ગયા, મુક્તિ હો જાય! સંસાર ઉસકો નહીં કહેતે હૈં પરમાત્મા. સંસાર ઈસકો કહેતે હૈં કે શરીર મેરા, રાગ મેરા, પુન્ય મેરા, પાપ મેરા, ભાવ મેરા વિકારી, ઐસી માન્યતા ને રાગ-દ્વેષ વો સંસાર હૈ. વસ્તુ ઐસી હૈ. સમજમેં આયા?

એ સંસારકા શિરોમણિ હૈ. 'પરમાત્મપ્રકાશ'માં લીધું છે ને યોગીન્દ્રદેવે, કે જો સિદ્ધમાં સર્વજ્ઞ ન હો તો લોક શિર ઉપર કેમ ધારતે હૈં ઉસકો? અગ્ર હૈ ને સિદ્ધ ભગવાન. આ ચૌદ રાજુ અગ્ર હૈ ને છેલ્લા આખિરમેં સિદ્ધ ભગવાન. જો સર્વગુણસંપન્ન ને શુદ્ધ ને આદરણીય ન હો, તો વે સર્વ સંસારી પ્રાણીસે અગ્ર ઉપર(ક્યોં) રહેતે હૈ? ચૌદ

રાજુ બ્રહ્માંડસે ઉપર સિદ્ધ ભગવાન, મુક્તિશિલા ઉપર, આગળ હોં, મુક્તિશીલા તો બહોત દૂર હૈ. ત્રણ હજાર નવસે જોજન દૂર હૈ. મુક્તિશિલા ઉપર તો નહીં હૈ પણ આખિર લોકને અગ્રે. એ સિદ્ધસમાન ભગવાન ભી શિરોમણિ હૈ. આહાહા!

વિકલ્પસે નિર્વિકલ્પ ચીજ તદ્દન ભિન્ન હૈ, એમ બતાના હૈ. તમારા મકાન—બકાન કિસકા? મકાન, મકાનકા. એને વાસ્તુ લેવું છે ને આ પરમ દિ'. પરમ દિ' નહીં, હવે પાંચમ. (શ્રોતા : રવિવારે) આ પાંચમના, પરમદિ' શેઠનો આહાર છે. કહો સમજમેં આયા? આહાહા! કિસકા મકાન, કિસકા શરીર, કિસકી વાણી, કિસકા બેટા, કિસકા બાપ? ભગવાન! તું તો આત્મા હૈ ને પ્રભુ. તો આત્મા તો સંસારકા વિકૃત વિકારસે ભી ભિન્ન હૈ. ઐસે આત્માકો, યહાં આત્મા પરમાત્મા ત્રિલોકનાથ કહેતે હૈં. એ આત્મા રાગ અને સંસારને વિકાર સહિત માનના વો મિથ્યાત્વ હૈ. વો મિથ્યાદૃષ્ટિ હૈ. કહો, સમજમેં આયા?

'सुजान' હૈ. સુ—જાન, બરાબર યથાર્થ જ્ઞાન કરનેવાલા હૈ વો તો. રાગકો રાગ તરીકે, શરીરકો શરીર તરીકે, અપનેકો અપને તરીકે. દો કા ભિન્ન જૈસા હૈ ઐસા જ્ઞાન કરનેવાલા હૈ વો તો. સમજમેં આયા? સુજાન છે ને! સુજાન શબ્દ હૈ ને ઉસમેં. 'सुज्ञान'. જાનનો અર્થ જ્ઞાન છે મૂળ તો, સુ—જ્ઞાન. અંતર એકલા જ્ઞાનકા ચૈતનરસકા પિંડ હૈ આત્મા, ચૈતન્યકા નૂર હૈ. આહાહા! ઉસમેં પુન્ય, પાપ, દયા, દાન, વ્રત આદિ વિકલ્પકી તો ગંધ નહીં અંદરમેં, ઉસકો યહાં આત્મા કહેતે હૈં. શુભ-અશુભ ભાવ તો આસ્રવ તત્ત્વ હૈ. શરીર, કર્મ તો અજીવ તત્ત્વ હૈ. ભગવાન તો સુજ્ઞાન તત્ત્વ હૈ. આહા! ખબર નહીં, ખબર નહીં. જ્યાં હૈ ત્યાં શોધતા નહીં. નહીં હૈ ત્યાં શોધતે હૈં, ગોતતે હૈં. રાગમેં ગોતે, પુન્યની ક્રિયામેં ગોતે કે મેરેકો ઉસમેં આત્મા મિલ જાયગા.

કહો શેઠ! વો ડોસીકા દૃષ્ટાંત દેતે હૈં એક ડોસી થી, ડોસી સમજે? બુઢ્ઢી......બુઢ્ઢિયા થી બુઢ્ઢી. ઉસકી સોય ખોવાણી. સોય, સોય હોતી હૈ ને! સુઈ-સુઈ ખોવાણી. ક્યાં ખો ગઈ? અંધારામેં. અંધારામેં. ગોતે-ગોતે, હાથ ન આયી. પડી ગઈ અંદર અંધારામેં. ફિર બાહર નિકલા, અજવાળામાં ગોતે. એક નિકલા જુવાન માણસ, માતાજી ક્યા કરતે હૈં આપ? બેટા, સોય ખોવાણી હૈ. ક્યાં હૈ? અંધારામેં ખોઈ હૈ પણ ત્યાં જડતી નથી એટલે અજવાળામાં ગોતું છું. પણ ન્યાં ક્યાં હૈ? ન્યાં ક્યાં અંધારા હૈ કે ખોવાઈ ન્યાં હૈ? ખોવાઈ તો અહીંયા હૈ અંધારામાં.

એમ અજ્ઞાનમેં ખોવાણા હૈ. તો ગોતે અજ્ઞાનમેં પાછા રાગમેં રાગ. અજ્ઞાનસે ખોવાણી ને અજ્ઞાનમેં ગોતે. રાગ ને દ્વેષ ને પુન્ય ને પાપ, વિકલ્પમેંસે કોઈ આત્મા મિલ

જાયેગા? આહાહા! ચૈતન્ય ભગવાન તો એકલા જ્ઞાનકા પિંડ હૈ, ચૈતન્ય સૂર્ય હૈ. ચૈતન્યપ્રકાશ પ્રકાશકા પ્રકાશક હૈ. સારી દુનિયાકા ઈન્દ્ર આ સૂર્ય–ચંદ્ર–તારાકા પ્રકાશ, મણિરતનકા પ્રકાશ, હીરાકા પ્રકાશ, સબકા પ્રકાશકા પ્રકાશક હૈ, જાનનેવાલા હૈ. પરકો અપના માનનેવાલા એ આત્મા હૈ નહીં. પરકો અપના માને, એ આત્મા નહીં. એ અનાત્મા જડ હૈ. આહા! સમજમેં આયા? 'સુજાન'.

'સર્વદર્શી' આહાહા! આ ક્રમબદ્ધનો આજ પ્રશ્ન આવ્યો છે ભાઈ એમાં. આ શું જૈન ગેઝેટ. ભઈ, આ પ્રમાણે તો પર્યાય હૈ, વો તો ક્રમસર હોતી હૈ, કાળ ક્રમસર. તો ક્રમબદ્ધમેં ક્યા હરકત હૈ? ઐસા પ્રશ્ન કિયા હૈ. રતનલાલે જવાબ આપ્યા હૈ, 'નહીં ઐસા નહીં'. (શ્રોતા : ઐસા મતલબ ક્રમબદ્ધ નહીં) નહીં ક્રમબદ્ધ ઐસા હોતા હી નહીં. જૈસા જૈસા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મિલે, ઐસી પર્યાય હોતી હૈ. (શ્રોતા : ઉસકા મતલબ વો મિલનેવાલા નહીં થા) પહેચાનતે હો કે નહીં તુમ રતનલાલજીકો? (શ્રોતા : જાનતે હૈં) જાને ને ઉસકો. ઉસને જવાબ દિયા હૈ જૈન ગેઝેટમેં. વો હી કહેતે હૈં પણ આ બરાબર પક્કા કર દિયા હૈ ઉસને. પર્યાય ક્રમસર હોતી હૈ એક પીછે એક, પણ આ જ હોતી હૈ, પીછે, ઐસે નહીં. અનિયત હૈ. આહાહા!

આ તો સર્વદર્શી કહાં રહા? સર્વદર્શી, ભગવાન સર્વદર્શી હૈ ને! તો ભગવાને સબ દેખા હૈ કી નહીં તીન કાલ તીનલોક? એક સમયમેં તીનકાળ તીનલોક દેખા ભગવાને, તો ઉસકા જ્ઞાનમેં આતા હૈ. આયા કિ નહીં કે આ દ્રવ્યકી આ સમય આ પર્યાય હોગી, આ દ્રવ્યમેં આ સમય આ પર્યાય હોગી. (શ્રોતા : હા, પણ 'જયધવલ'મેં સિદ્ધ કરે છે ને આ) શું સિદ્ધ કરતે હૈં? (શ્રોતા : ઈ વસ્તુ નથી) વસ્તુ નથી એ તો કઈ અપેક્ષા? (શ્રોતા : વર્તમાન પર્યાયે વસ્તુ ખરી). આહાહા! ઓલો ગપ્પે ગપ્પ. પ્રગટ નથી ને કાર્તિકસ્વામીનો દાખલો આપ્યો છે. એમ કે પર્યાય અંદર પડી છે ને પ્રગટ હોતી હૈ, ઐસા નહીં. અસત્ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. ઈ તો પૂર્વ નહોતી એ અપેક્ષાએ. અરે ભગવાન! શું થાય ભાઈ! મૂળમાં ગરબડ ઊઠી છે. આહાહા! સમજમેં આયા? ઉસમેં હૈ. બહોત લંબા હૈ. આજ આવ્યું છે.

આહીં તો કહેતે હૈં કે પરમાત્મા સબ તો સર્વદર્શી હૈ. ઉસકા સ્વભાવ સર્વદર્શી હૈ. ઉસકી દૃષ્ટિ કરનેસે એકાગ્ર હોનેસે સર્વદર્શીપણા પર્યાયમેં પ્રગટ હોતા હૈ. ક્યા કહા સમજમેં આયા? આ તો અધ્યાત્મ બાત હૈ, સૂક્ષ્મ બાત હૈ. કભી સૂના નહીં ઉસને યથાર્થ રુચિસે. ભગવાન આત્મા તો સર્વદર્શી પિંડ હૈ. સર્વદર્શી નામ સર્વદૃષ્ટા. એક સમયમેં તીનકાલ તીનલોક ઔર અપનેકો, હૈ ઐસી મહાસત્તા એક સમયમેં દેખતે હૈં. ઐસી શક્તિવંત હૈ ઉસકો આત્મા કહેતે હૈં.

અને વો આત્માકી અંતર્દષ્ટિ કરનેસે, 'સર્વદર્શી મૈં હૂં' ઐસી પ્રતીત અંદર હુઈ. 'મૈં વિકલ્પ નહીં, મૈં સમયકી પર્યાય ભી નહીં', ઐસી અંતર અનુભવમેં પ્રતીત હુઈ, ઉસકા નામ સમ્યગ્દર્શન કહેતે હૈં. ધર્મકી પહેલી શરૂઆત. ઔર ભી સર્વદર્શીમેં એકાકાર હોનેસે, જેમ ૬૪ પહોરી ચરપરાઈ પીપરમેં પડી હૈ તો ૬૪ પહોરી બહાર પ્રગટ હોતી હૈ, ઐસે સર્વદર્શીપણા આત્મામેં પડા હૈ, સર્વદર્શી કહો, ૬૪ પહોરી શક્તિ કહો. હૈ અંદર. હવે ખબર નહીં ને પણ કાંઈ. શક્તિરૂપે સર્વદર્શી હી આત્મા હૈ. ઉસકી અંતરમેં પ્રતીત સર્વદર્શી મૈં હૂં. રાગ નહીં, નિમિત્ત નહીં, અલ્પદર્શીપણાકી પર્યાય ઈતના ભી નહીં, આહાહા! શુદ્ધ જીવદ્રવ્યકા નામ લિયા નહીં દેખો. આહાહા!

'સર્વજ્ઞ'.....હવે આપણે વધારે વિશેષ આહીં લઈએ. સર્વજ્ઞ સ્વભાવ ઉસકા હૈ. 'જ્ઞ' સ્વભાવ હૈ ને 'જ્ઞ' સ્વભાવ. જેમ શક્કરકા મીઠાશ ઔર સફેદ સ્વભાવ હૈ, નમકકા ખારા સ્વભાવ હૈ, ખડીકા ધોળા સ્વભાવ હૈ, અફીણકા કડવા સ્વભાવ હૈ, એમ ભગવાન આત્માકા સર્વજ્ઞ સ્વભાવ હૈ. સર્વજ્ઞ હૈ ને! સર્વ+જ્ઞ. સર્વજ્ઞ સ્વરૂપ હી આત્મા હૈ આહાહા! ઐસા સર્વજ્ઞ સ્વભાવ અંદર હૈ. તો પહેલે તો સમકિત હોતા હૈ, તો મૈં સર્વજ્ઞ હી હૂં, ઐસી પ્રતીત આતી હૈ. વાહ રે ધર્મ વાહ! ભાઈ! મૂળ રીત આવી! સમજમેં આયા?

પીછે સર્વજ્ઞ સ્વભાવમેં એકાગ્ર હોકર એક સેકંડ કે અસંખ્યભાગમેં તીનકાળ તીનલોક દેખતે હૈં. ઐસી શક્તિમેંસે વ્યક્તિ પ્રગટ પર્યાય હોતી હૈ, ઐસા સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા હૈ. તો ત્રણકાળ તીનલોક દેખનેમેં ક્યા કમી હૈ? સર્વજ્ઞકો ખબર નહીં હૈ? પહેલેસે કે આ જીવકી આ સમય આ પર્યાય હોગી અને વો સમયમેં વો હી નિમિત્ત હોગા. તીનકાલ તીનલોક સર્વજ્ઞપદમેં ઐસા હી જાનનેમેં આયા હૈ. ત્યાં ફેરફાર હોગા? સમજમેં આયા? (શ્રોતા : ઉપદેશ શું કરવા આપો છો?) કોણ આપે છે ઉપદેશ? કોણ કહેતે હૈં કે ઉપદેશ આપે છે. એ તો વાણી હૈ, નિકલતી હૈ. સમજમેં આયા?

વો પ્રશ્ન હૈ ઉસમેં. સર્વજ્ઞ...સર્વજ્ઞ. ક્રમબદ્ધનું પુછ્‌યું છે ક્રમબદ્ધનું. અહીં બતાયા હૈ દેખો. ત્રીજા નંબરની શંકા હૈ, લ્યો. જિતની તીનોંકાલકી પર્યાય હૈ ઉતના હી દ્રવ્ય હૈ. ક્યા સમજે? શિષ્યકા પ્રશ્ન હૈ....જિતની એક સમયકી પર્યાય હૈ, દો સ્થિતિકી, ઐસા અનંત ત્રિકાળ પર્યાય હૈ, ઈતના દ્રવ્ય હૈ. પર્યાય એક–એક સમયકી, ઐસી તીનકાલકી પર્યાયકા પિંડ દ્રવ્ય હૈ. આરે આરે! જિતની તીનોંકાલકી પર્યાય હૈ ઉતના હી દ્રવ્ય હૈ. દ્રવ્ય નામ વસ્તુ. વે પર્યાય ક્રમસે હોતી હૈ. એક કે બાદ દૂસરી હુઆ કરતી હૈ. પર્યાય ક્યોંકે કાલક્રમસે હોતી હૈ, ઈસલિયે વે નિયત હૈ. અતઃ ઉનકો ક્રમબદ્ધ માનનેમેં ક્યા હાનિ હૈ?

આહીંકા પ્રશ્ન હૈ. કોઈ પ્રશ્ન કર્યો હશે. (શ્રોતા : ઈ તો પોતે ઊભું કરી લખ્યા કરે). માથે લખ્યું છે ને માનતે હૈ કોઈ. પર્યાયકા લક્ષણ ક્રમવર્તી હૈ, (ઉત્તર દેતે હૈં) એક પછી એક હોતી હૈ. પણ એક પછી આ હી હોતી હૈ ઐસા નહીં. (શ્રોતા : તો ક્રમ ક્યાં રહા?) ક્રમ વો તો આખો જવાબ મોટો. એ તો પહેલેસે આતે હૈ. પણ સર્વજ્ઞ કહો, એક સમયમેં સર્વકા જ્ઞાતા આત્મા કહો ને પ્રગટ હુઆ ઐસા કહો, તો તીનકાલ તીનલોક જૈસા હૈ, જહાં જહાં જો પર્યાય જૈસી હોતી હૈ વો સબ જ્ઞાનમેં આ ગયા. આગે–પીછે હોતી નહીં. ત્યારે કોઈ કહે કે ઐસા હો તો પછી પુરુષાર્થ કરના હમારે ક્યાં રહા? (શ્રોતા : અહીંયા ય મુશ્કેલીઓ ઉભી થાય છે.) કાંઈ મુશ્કેલી, ભાન ન મળે!

હમારે તો આ પ્રશ્ન પહેલે ય ઊઠ્યા'તા ૭૨કી સાલમેં. ૭૨, કિતના વરસ હુઆ? પંચાવન વર્ષ હુઆ. પચપન, પચાસ ઔર પાંચ. આહીં તો પહેલેસે બહોત ચલતી હૈ ને! ૫૮ વર્ષ તો આ દીક્ષિત કા ચલતે હૈં. તો પહેલે ૫૫ વર્ષ પહેલે ઐસા પ્રશ્ન ઊઠ્યા થા. હમારે ગુરુભાઈ સંપ્રદાયમેં થે. વો બહોત કહે.....કહા કરતે થે. હમ દીક્ષિત તો હુઆ, સીત્તેરકી સાલસે. સીત્તેર સમજતે હૈં ને? (શ્રોતા : સત્તર) સત્તર. પીછે વો સૂનતે થે ઐસા, ભગવાને દેખા હૈ ઐસા હોગા. અપના પુરુષાર્થ કુછ નહીં કામ કરનેવાલા. ભવભ્રમણ જબ નાશ હોનેવાલા તબ હોગા, ઐસા કહે. ઐસા વારંવાર કહ્યા કરે. તો દો વર્ષ તો સૂના. પણ એક વાર પીછે બોલ દિયા. નહીં તો બોલતે નહીં, બહોત કહેતે નહીં કુછ, ભલે જેમ ચાલતો હોય, આપણે શું?

ભાઈ જસદણ.... બતાવ્યું'તું. જસદણનો દરવાજો જસદણ હોય વો દરબાર ઉસમેં એ ગામ ક્યું? (શ્રોતા : ખરવા) ખરવા.....ખરવા. ખરવા ગામ છે. ખરવા રસ્તા ઉપર. ખરવામાં ઊતરેલા. ૭૨ની સાલ(ની) વાત હૈ ૭૨. ફાગણ સુદી અગિયારસ. ૫૫ વર્ષ હુઆ, પંચાવન. પ્રશ્ન ઐસા ચલા તો ઉસમેં ઐસી બાત કહી. ભગવાનકી વાણી ઐસી નિકલતી નહીં. ભગવાનકી વાણી તો જૈસા હમ હૈ ઐસા તુમ જાનો, તો ઉસકો પુરુષાર્થસે ઉસકો સમ્યગ્દર્શન હુયે બિના રહે નહીં. જિસકી દૃષ્ટિ સર્વજ્ઞ ઉપર હૈ કે સર્વજ્ઞ એક સમયમેં તીનકાલ તીનલોક દેખતે હૈં, ઐસી જિસકી પર્યાયમેં પ્રતીત આતી હૈ, વો સ્વભાવ સન્મુખ હોકર સમ્યગ્દર્શન હોતા હૈ ઉસકો. પંચાવન વર્ષ પહેલેકી બાત હૈ. યે બાતે ય કહાં? પ્રવૃત્તિ ક્રિયાકાંડ હી સબ ચલતી હૈ. સ્થાનકવાસી મેં યે હી, દેરાવાસીમેં યે હી, યહાઁ ભી યહી હૈ તુમ્હારે. એય શેઠ! હમકો તો, નહીં ભાઈ, અહીંયા તો સત્ય હો એમ એ બેસે. ઐસી અસત્ય બાત હમકો નહીં બેસે.

સર્વજ્ઞ ભગવાન એક સેકંડકે અસંખ્યમેં ભાગમેં તીનકાલ તીનલોક દેખે. તો ઐસી

સર્વજ્ઞકી પર્યાયમેં જૈસા હોનેવાલા હૈ ઐસી હી હોગા. પણ એ સર્વજ્ઞકો કબૂલ કરનેવાલા, સર્વજ્ઞ હૈ ઐસી કબૂલાત કરનેવાલા, ઉસકી દૃષ્ટિ આ સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાતી હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ વિષય બહુ. તત્ત્વની દૃષ્ટિ ઐસી સૂક્ષ્મ હૈ. પંડિતજી સમજમેં આયા? કે સર્વજ્ઞ હૈ એક સમય.....સમય કિસકો કહેતે હૈં? આંખ મીંચે ને ઊંચી કરે એમાં અસંખ્ય સમય જાય. એક 'ક' બોલવામાં અસંખ્ય સમય જાય. ઉસમેં એક સમય—કાળકા છોટા ભાગ. ઉસમેં તીનકાલ તીનલોકકો દેખે પરમાત્મા—સર્વજ્ઞ. ઐસી સર્વજ્ઞકી એક સમયકી મહાન પર્યાય તીનકાલ તીનલોક દેખે, ઐસા હી હોતા હૈ.

તબ વો સર્વજ્ઞકી પર્યાયકી પ્રતીત કરનેવાલા કે 'આ જગતમેં સર્વજ્ઞ હૈ', ઐસી પ્રતીત કરનેવાલા જીવ અપની પર્યાય ઉપર લક્ષ કરકે પ્રતીત નહીં કર સકતે હૈ. વિકલ્પ પર લક્ષ કરકે નહીં કર સકતે હૈં. દ્રવ્ય સ્વભાવમેં સર્વજ્ઞપદ પડા હૈ, વો દૃષ્ટિ કરનેસે સર્વજ્ઞકી પ્રતીત હોતી હૈ. સૂક્ષ્મ બાત હૈ થોડી. મૂળ અનંતકાળસે વાસ્તવિક તત્ત્વ ક્યા હૈ ઉસકી પિછાણ નહીં, બાકી સબ ક્રિયાકાંડ કરીને મર ગયે, સુકાઈ ગયે. આતે હૈં ને 'સમયસાર'મેં. ક્લેશ કરો તો કરો, અપવાસ ને વ્રત ને નિયમ ને તપ. આત્મા જ્ઞાનસે પ્રાપ્ત હોતા હૈ, એ કાંઈ આ ક્રિયાકાંડસે પ્રાપ્ત હોતા નહીં. સમજમેં આયા?

સર્વજ્ઞ સ્વભાવ દેખો. સર્વજ્ઞ હૈ? સર્વ+જ્ઞ, સર્વ+જ્ઞ. સબકો જાને, સબકો જાનનેમેં ક્યા બાકી રહા? તીનકાલ તીનલોક એક સમયમેં ભગવાનકો જ્ઞાનનેમેં આ જાતા હૈ. ઐસા તો આ આત્માકા અંદર સર્વજ્ઞ સ્વભાવ હૈ આહાહા! એ સર્વજ્ઞ સ્વભાવમેંસે પર્યાયમેં સર્વજ્ઞ પર્યાય આઈ. અંદરમેં ૬૪ પહોરી તીખાશ-ચરપરાઈ થી, વો બહાર આયી. એમ સર્વજ્ઞ એટલે ૬૪ એટલે પૂરો. રૂપિયે રૂપિયો સર્વજ્ઞ સ્વભાવ અંદર હૈ, ઉસમેં એકાકાર હોકર સર્વજ્ઞ પર્યાય પ્રગટ હુઈ. તો યે તીનકાલ તીનલોક દેખનેવાલી પર્યાય એક સમયકી પર્યાય જિસકો પર્યાય પ્રતીતમેં આતી હૈ, ઉસકા પુરુષાર્થ સ્વદ્રવ્ય તરફ ઝૂકે બિના સર્વજ્ઞકી પ્રતીત સચ્ચી હોતી નહીં. આરે! શું કહે છે આ સમજાણું કાંઈ? આહા! ભગવાન આમ સર્વજ્ઞ પ્રભુ! વો આતા હૈ કે નહીં વો 'પ્રવચનસાર'મેં ભાઈ! એંસી (૮૦) ગાથા નહીં. 'પ્રવચનસાર'—

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स भयं॥**

એ વખતે તો આ ગાથા ય વાંચી નહોતી. શાસ્ત્ર હાથમાં આવ્યું નહોતું. પણ અંદરથી બાત આતી થી. આ બોંતેરકી (૭૨) બાત હૈ. 'સમયસાર' તો પછી હાથમેં અઠ્યોતેર (૭૮)મેં આયા. ૭૮, ઓગણપચાસ વર્ષ હુઆ. પચાસમેં એક કમ. આ બાત

હૈ ૫૫ વર્ષ પહેલેકી, ૭૨ કી. અંતરસે આતી થી બાત કે આ નહીં. ક્યા કહેતે હૈં એ બાત. ગુરુકો કહા કે તુમકો ભી જો આ માન્ય ન હોય તો અમારે ગુરુ નહીં જોઈએ. આ સંપ્રદાય નહીં ચાહિયે. એમ તે દિ' આવતી એ વખતે. હમ વો બાત સૂનના ચાહતે નહીં કે સર્વજ્ઞ, જિસકો સર્વજ્ઞ કહેતે હૈં વો તીન કાલ તીનલોક દેખતે હૈં, ઐસી સર્વજ્ઞકી જિસકો શ્રદ્ધા હુઈ ઉસકો જનમ–મરણ ન મિટે ઐસા તીનકાલ મેં હોતા નહીં. સમજમેં આયા? આહાહા!

લોકોને શોધ નહીં, અંતર આત્મા ચીજ ક્યા હૈ એ શોધનેકી દરકાર નહીં. બહારમેં....બહારમેં એક તો સંસારકા પાપમેં પડ્યા હૈ. આ બીડીયું ધંધા ને ઐસા ને ફૈસા જેને જેને હોય ઈ. તમારે એ, આને વાસણનું. એય! તમારે શું છે? બીજું. જેને જે હોય એમાં જાણે ગુંચાણા હોય ૨૦–૨૦ કલાક. એમાં ય નવરાશ એકાદ–બે કલાક મિલે તો સૂનનેમેં મિલે અંધેરા. આ રાગ કરો ને ઐસા કરો ને પુન્ય કરો, તુમ્હારે કલ્યાણ હોગા. આહા!

આહીં તો કહેતે હૈં, પરમાત્મા કુંદકુંદઆચાર્ય કહેતે હૈં, ઉસકે યહાં 'સમયસાર' નાટકમેં પહેલે પ્રવેશમાં નામ લિયા હૈ. જીવતત્ત્વકા વર્ણન પીછે કરેગા. જો 'સમયસાર'મેં હૈ. વો પહેલે પ્રવેશ કરતે હૈં, પ્રવેશિકા બનાતે હૈં કે ઐસા જીવ શુદ્ધ દ્રવ્યકા નામ ઐસા કહેના. ભગવાન તો સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ હૈ, હોં. આહાહા! એ રાગવાળા નહીં, પુણ્યવાળા નહીં, શરીરવાળા નહીં, અલ્પજ્ઞ નહીં. ઐસા ભગવાન સર્વજ્ઞ સ્વરૂપી ઉસને જો જાણ્યા હૈ.

વો તો ઉસમેં ભી કહેતે હૈં, શ્વેતાંબરમેં યે સબ ભાષા કહેતે હૈં, અર્થકી ખબર નહીં. શ્વેતાંબરમેં વો આતા હૈ. સ્તુતિમેં આતા હૈ. દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ રાગ નીતિએ ચારજી રાગનીતિ હૈ. પછી.......આજ્ઞા. (શ્રોતા : કોઈ લોપે નહીં ભગવાનને). ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી, એમ શબ્દ હૈ. દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ, ગુણ રાગનીતિએ ચાર જી. ત્રાસ વિના જડ ચૈતન્યપ્રભુની કોઈ ન લોપે કારજી, કાર એટલે આજ્ઞા. ભગવાનની આજ્ઞા કોઈ લોપે નહીં. ભગવાનના જ્ઞાનમાં જૈસા દેખા હૈ ઐસી પર્યાય તે તે દ્રવ્યમાં તે તે સમયે હોગી. આ ભારે કામ આકરું! બાપુ, એમાં તેરા સ્વભાવકી મહાત્મદશા હૈ. ભગવાન તું કૈસા હૈ? તેરા અલ્પજ્ઞપણા ભી તેરા નહીં, યે રાગ તેરા નહીં, પુન્ય, તેરા નહીં, શરીર તેરા નહીં. તેરા તો સર્વજ્ઞ સ્વભાવ હૈ. સમજમેં આયા? એ સર્વજ્ઞકા તેરા પંથ હૈ. આહાહા!

સર્વજ્ઞ પ્રભુ, આ આત્મા જ સર્વજ્ઞસ્વરૂપ, આ આત્માકી બાત ચલતી હૈં કે નહીં?

(શ્રોતા : એના તો નામ છે) એક સેકંડકે અસંખ્યભાગમેં તીનકાલ તીનલોક એક સાથ જાણે ઐસી શક્તિમેં પડા હૈ ભગવાન, એ સર્વજ્ઞ સ્વભાવીકો આત્મા કહેતે હૈં. આહાહા! ભારે કામ ભાઈ આકરું! દુનિયાને આમ પહોંચવું અંદર હવે! હજી તો સાંભળવામાં આવે નહીં, ઈ વિચારે કે દિ', રુચિ કરે કભી ઔર પરિણમન કરે કભી. લાલચંદજી! આ બીડીઓમાં ને બીડીઓમાં જાય ધંધામાં, રસ્તામાં, જેને જે હોય ઈ. ટાણાં જ્યારે આવે, પછી શરીર નબળું પડી જાય. હાય! હવે કામ કરતા નહીં. કામ કરવાના કાળે કર્યું નહીં ને પછી હવે શરીર બેસતું નહીં. હમ બેસ શકતે નહીં, આંખમેં પાણી જાતે હૈં, કાનસે સૂનતે નહીં. તો પહેલે કર ને પહેલે. આહાહા!

આતે હૈં ને વો. 'છ ઢાળા'મેં આતે હૈ. (શ્રોતા : જબ લૌ ન રોગ.....) હા, જબ લૌ રોગ જરા ન જાગે, તબ લગ કરી લે આત્માકા કામ. નહીંતર પીછે નહીં હોગા. પુરુષાર્થ કમ હૈ તેરા. આહાહા! 'છ ઢાળા'મેં આતા હૈ દોલતરામજીકા, ક્યા કહા? 'જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં તબલૌં ઝટિતિ નિજ હિત કરા.' ઝટિતિ—ઝટ રોગ, વૃદ્ધાવસ્થા કે મરણ ન આવે એ પહેલે તેરા કામ કર લે, પછી એં...એં...થઈ જશે. શેઠ! આહીં તો ઐસા હૈ ભગવાન એ તો ભગવાન હૈ સબ આત્મા.

દેખો છેલ્લે કહેગા, ભાઈ છે ને છેલ્લો શબ્દ. છેલ્લો શબ્દ હૈ. યે તુમ્હારા નામ હૈ ઉસમેં દેખો. આખિર.....આખિર. ભગવાન.....નામ હોં, ભાવ નહીં. ભગવાન આત્મા હૈ. આહા! રાડ નાંખે અંદરથી અરરરર.......અરે સુન તો સહી પ્રભુ! અભી નહીં. અભી નહીં તો કભી નહીં. (શ્રોતા : ઘડપણ આવે ત્યારે કરે ને) ઘડપણ આવે ત્યારે, મરી જશે ત્યારે? થઈ રહ્યું. ચોર્યાશીના અવતાર મરે છે ને થાશે. જાય કાગડા, કૂતરા, કંથવા, ઢોરમાં અવતરશે. માયા ને કપટને કુટિલની વાત કહ્યા હોય, આડો થઈ જશે આમ આડા—આડા વાંકા. વો ઢોર વાંકા હોતા હૈ ને ઐસા. તીરછા હોતા હૈ ને પશુ, ગાય, ભેંસ, ઉંદર, ખીસકોલી, ઘોડા ઐસા હોતા હૈ. ઐસા નહીં આ મનુષ્ય ઐસા હોતા હૈ દેખો, ઐસા હોતા હૈ. ભગવાન કહેતે હૈં કે ક્યું ઐસા હુઆ? કે પૂર્વે ટેઢાઈ બહોત કરી થી ઉસને વંકાઈ, માયા, કપટ, કુટિલ ને દંભ, ઐસી ટેઢાઈ કરી થી કે ઉસકા શરીર ટેઢા હો ગયા. આત્મા તો ટેઢા હો ગયા, પણ શરીર ટેઢા હો ગયા ઉસકા.

'ગોમ્મટસસાર'મેં તિર્યંચ છે ને. તીરછા...તીરછા કહેતે હૈં. સમજમેં આયા? સર્વજ્ઞ સ્વભાવ આત્મા હૈ આહાહા! એક સ્વભાવ પણ કબૂલ કરે. મૈં તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા, ઉસકો ભગવાન આત્મા કહેતે હૈં. મૈં તો સર્વકા જાનનેવાલા હૂં, ઐસા મેરા સ્વભાવ હૈ. કોઈ વિકલ્પકા કરના કે પરકા કરના કે પરસે લેના એ કુછ મેરેમેં હૈ નહીં.

આહાહા! સંસારને મીઠાશથી સેવ્યો હોય ને. ચંદ્રકાંતજી! મીઠાશથી સેવે એને ઘા વાગે આ તો. પોપટભાઈ! (શ્રોતા : ઘા વાગે તો ક્યાંક દવા લેવા જાય) પણ ઘા વાગવા દેતો નથી માળો!

'સર્વજ્ઞ' એક સમય નામ સેકંડકે અસંખ્ય ભાગમેં ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી હૈ. આહા! શંકાકા સ્થાન ક્યાં ત્યાં? કે કબ મેરા કલ્યાણ હોગા? પણ કલ્યાણમૂર્તિ સર્વજ્ઞ સ્વભાવ હૈ તેરા. ઐસી દૃષ્ટિ હુઈ તો કલ્યાણકો કબ્જે કર લિયા. સમજમેં આયા? કલ્યાણમૂર્તિ પ્રભુ વીતરાગમૂર્તિ સર્વજ્ઞસ્વભાવી, ઐસા આત્માકી પ્રતીત અંતર્મુખ સન્મુખ હોકર કિયા, સારા કલ્યાણકો કબ્જે કર લિયા. આહાહા! પણ વો કભી સ્વ તત્ત્વકી ક્યા શક્તિ હૈ, ક્યા મહાત્મ્ય હૈ ઉસકી ખબર નહીં. બધી પરની વાતું, સ્વ મૂકીને. 'સર્વજ્ઞ' સ્વભાવી.

'સિદ્ધ' હૈ, લ્યો આત્મા સિદ્ધ હૈ. આહાહા! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આતે હૈં કે નહીં વો બનારસીદાસમાં. આવી ગયું આપણે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. મેરા સ્વરૂપ તો સિદ્ધ સ્વરૂપી હૈ. 'મોહ મહાતમ આતમ અંગ કિયો, પરસંગ મહાતમ ઘેરો'. પણ મૈં હૂં તો ઐસા પણ મેરી પર્યાયમેં રાગ અને પુન્ય આદિ વિકલ્પકો મેરા માનકર મૈં મહાતમ અજ્ઞાન ઊભા કિયા. 'મોહ મહાતમ આતમ અંગ કિયો. પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકળા ઊપજી અબ મૌકૂ.' મૈં તો સર્વજ્ઞ સ્વભાવી હૂઁ. રાગ નહીં, અલ્પજ્ઞ નહીં. જ્ઞાન સ્વભાવ.....ઊપજી જ્ઞાનકળા. કેવળજ્ઞાન નહીં પણ એ ત્યાં 'જ્ઞાનકળા ઊપજી અબ મૌકૂ, કહું ગુણ નાટક આગમ કેરો, જાસુ પ્રસાદ સધૈ શિવમાર્ગ, વેગે મિટે ઘટ વાસ બસેરો' આહાહા! વો પહેલે આ ગયા હૈ. સમજમેં આયા?

જુઓ સબ આયા હૈ. ૧૧ પદ અગિયાર(ઉત્થાનિકા). ૧૧ પદમેં આયા હૈ. દેખો, યે પાના હૈ નવ (૯) નવ પાના હૈ ને નીચે. 'चेतनरुप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ' લ્યો સિદ્ધ. આહીં પણ સિદ્ધ કહેના હૈ ને. આ સિદ્ધ હૈ આત્મા. શક્તિએ, દ્રવ્યે, સ્વભાવે સિદ્ધ હૈ આહાહા! ન હોય તો સિદ્ધપદ કહાંસે આયેગા? 'मोह महातम आतम अंग' પણ મૈં પરમેં અજ્ઞાનસે રાગકો અપના માનકર, મિથ્યાત્વકા અંગ અપના સ્વભાવમેં મિથ્યાત્વકા અંગ જોડ દિયા. 'कियो परसंग' મૈં પરસંગ કિયા. કર્મે તો કુછ નહીં કિયા નહીં હૈ. 'महातम घेरौ' અજ્ઞાનનો ઘેરો થયો.

**ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगमकेरौ।**
**जासु प्रसाद सधै सिवमारग, वेगि मिटै भववास बसेरौ॥**

લ્યો બનારસીદાસ પોતે કહેતે હૈં. સિદ્ધ આયા ને ઉસમેં, સિદ્ધ સમાન સદા પદ

મેરો, વો આ સિદ્ધ કહા, દેખો. સિદ્ધ જ મૈં હું, સ્વભાવમેં, વસ્તુ આહાહા! દષ્ટિકા વિષય તો આત્મા સિદ્ધસમાન સ્વરૂપ હૈ. દષ્ટિ સમ્યગ્દર્શનમેં અલ્પજ્ઞ અને રાગ આદિ ઉસકા વિષય હૈ નહીં.

'સ્વામી' છે એ તો. એ ત્રણલોકનો નાથ અનંતગુણનો સ્વામી આત્મા છે. શું કહે છે? મૈં તો અપના શુદ્ધ આનંદ સ્વરૂપ સ્વ અપના ધન ઉસકા મૈં સ્વામી હૂં. પત્નીનો પતિ હું નહીં, એમ કહે છે. લક્ષ્મીપતિ નહીં, લક્ષ્મીપતિ—લક્ષ્મી જડનો પતિ જડ! નૃપતિ—આ નર માણસનો પતિ રાજા કહે છે ને! ધૂળે ય નથી હવે સાંભળને! લક્ષ્મીપતિ ને ધૂળપતિ ને લાખપતિ એમ કહેતે હૈં કે નહીં? આમ ધણી જડનો ધણી!

આહીં તો કહે અપના આનંદ અને જ્ઞાન અનંતગુણકા સ્વસ્વામી મૈં હૂં. આહાહા! મૈં તો મેરા સ્વામી હૂં. મૈં તો રાગકા ય નહીં ને પુન્યકા નહીં ને પરકા સ્વામી હૂં (નહીં). ઐસા સ્વરૂપ ઉસકા હૈ. બહોત મકાન હૈ તમારે ત્યાં. મકાનકા સ્વામી નહીં? મકાનકા સ્વામી મકાન જડ. (શ્રોતા : મકાનના ક્યા ભાગના સ્વામી કહે) આખા મકાનના સ્વામી કહે, જુઓ. (શ્રોતા : .......ઘરના જેટલા જણ હોય એટલા કહે અમે સ્વામી) બધા કહે એને, બધા એને કહે કરોડપતિ છે. બધા એને કહે કરોડપતિ છે.

અને કન્યા જ્યાં વીસ વરસની હુઈ, સબ કહેતે હૈં કે મૈં કરોડપતિ.....કરોડપતિ. વીસ વરસની હુઈ અને જ્યાં સગાઈ કિયા, ખ્યાલમેં આયા કે વો.....વો મૂરતિયા હૈ વીસ વરસકી ઉંમર હૈ ઔર લાખ—દો લાખકી પૂંજી હૈ. બસ ખલાસ હો ગયા આ કરોડપતિ......કરોડપતિ માનતી થી, ફિર ગઈ દષ્ટિ. સંબંધ હુઆ, ફિર ગઈ દષ્ટિ. ક્યોં કહેતે હૈં સબ કહે છે, દીકરીને આપવું પણ આ આપે નહીં કાંઈ ઝટ દઈને ઝટ દઈને. પણ આ વહેંચણીમાં છોડીને આપવું એમ કહે છે ને દીકરીને—લડકીકો આપના. પણ એ આપે નહીં, એ તો બધા ભાગનું ખાય. (શ્રોતા : કાયદો એવો છે). કાયદો આવે તો આ બધા સંતાડી દે એવા છે બધા.

આહીં કહે છે કે એ લડકીને ખ્યાલ આવી ગયો. વીસ વરસની ઉંમરમેં જ્યાં સગાઈ હુઈ, આ લક્ષ્મી અમારી નહીં હવે. એ કાને પડી વાત ત્યાં ફેર પડી ગયો સ્વામીપણું. હવે તો એ વર અને ધણી એ, આ નહીં. ઘર અને વર આ, કે ખ્યાલમેં આ ગયા કે આ(કરોડ) તો (મારા) નહીં, દષ્ટિ ફરી ગઈ. એમ અજ્ઞાનીની દષ્ટિ થઈ કે મૈં રાગ હું અને પુન્ય હું. દષ્ટિ ગુંલાટ ખાઈ ગઈ(કે). મૈં રાગ નહીં. દષ્ટિ જિતના લડકીકી દષ્ટિ ફિરી ઐસા હી દષ્ટિ ફિર ગઈ. ઓહો! મૈં તો મેરા અનંત આનંદ જ્ઞાનકા મૈં સ્વામી હું, કે જો મેરી ચીજ હૈ. રાગ અને પુન્ય એ મેરા નહીં, મૈં ઉસકા સ્વામી નહીં. આહાહા!

કેટલી વાર લાગે? કાને પડી ક્યાંક અરે! હવે તો મા–બાપ, આપે એ ઘણું. પાંચ–પચાસ હજાર–લાખ બે લાખ. બાકી કંઈ આપણે એના સ્વામી નથી. ઘરની ઓલી.

એમ સમ્યગ્દર્શનમેં પહેલે જો અજ્ઞાનમેં રાગ અને પુન્ય ને ઈ મેરા સબ થા ને મૈં સ્વામી થા. દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. મૈં તો સર્વજ્ઞ સિદ્ધ સમાન હૂં. એ મેરી ચીજ ને ઉસકા મૈં સ્વામી હૂં. રાગાદિ મેરી ચીજ નહીં ને મૈં સ્વામી ઉસકા નહીં. સમજમેં આયા? ભારે....ભારે વાતું ભાઈ! આવી મોંઘી વાતું કહે. ઓલો કહે કે પચે નહીં વળી એમ કીધું એક જણો. આ સત્ય ન પચે તો અસત્ય પચે? અસત્ય તો પચ્યું છે અનાદિકાળસે. ફેરા મારી ગયો ચોર્યાશીના અવતારમાં ગોદાવા.

આહીં ભલે રાજા હોય, હીરાના ઓલામાં (ઢોલિયામાં) પડ્યો હોય, લ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તી ૧૬ હજાર દેવ સેવા, બત્રીસ હજાર રાજા ચામર ઢાળે. મરીને સાતમી નરકે ગયો બીજી ક્ષણે. ફડાક દઈને હેઠે ઊતર્યો નીચે. એ તો બહારની ચીજ સંયોગી છે એ ક્યાં રહ ગઈ તેરી. મમતા કર કે પાપ કિયા તો પાપનાં બોજા ચડ્યા તો ગ્યો હેઠે–નીચે. તેરી ચીજમેં તો કોઈ પુણ્ય ને પાપ કોઈ ચીજે ય નહીં ને. આહાહા! કિસકા સ્વામી? મેરા આનંદ જ્ઞાન પૂર્ણ સર્વજ્ઞ સર્વદર્શી સિદ્ધ સમાન, ઉસકા મૈં સ્વામી. ધર્મ હોતે હી ઐસી દૃષ્ટિ હો જાતી હૈ એમ કહેતે હૈં. બાકી બધા નામ લે ધરમ, ધરમ, ધરમ સ્વતંત્ર હૈ!

'શિવ' એ આત્મા શિવ હૈ. શિવ કોણ ઓલો શંકર નહીં. શિવનો અર્થ કલ્યાણમૂર્તિ. ઉપદ્રવ નહીં. શિવકા અર્થ ઐસા હૈ, જિસમેં કોઈ ઉપદ્રવ નહીં. ઉપદ્રવ વિનાકી ચીજ મૈં હૂં, ઉસકો શિવ કહેનેમેં આતા હૈ. એ 'નમોત્થુણં'માં આવે છે. 'સિવ મલય મરુ મણંત' આવે છે. શિવ હૂં. આ તો આત્માકો શિવ કહેતે હૈં, અનાદિ અનંત શિવ હૈ. સુખકા ધામ પરમાત્મા હૈ. ઉપદ્રવ નામ દુઃખ જિસમેં ગંધ નહીં, ઈસકો આત્મા કહેતે હૈં. તો શિવ હૈ લ્યો. 'ધની' હૈ. અપના સ્વરૂપકા ધનકા ધણી હૈ. એ ધની તો આત્મા કહેતે હૈં, આત્માકો. પૈસાવાળાને ધની, ધની કહેતે હૈં, એ તો મફતના જડ હૈ. કેવો ધની? અપના આનંદ આદિ અનંતગુણ વો અપના ધન હૈ ઔર અપના ધનકા વો ધણી હૈ. આહાહા! એ આત્મા. પરકા ધણી હો જાતા હૈ તો અનાત્મા–જડ હો જાતા હૈ. દૃષ્ટિ મિથ્યાત્ હોતી હૈ.

'નાથ' હૈ. નાથ આત્મા હૈ. નાથકા અર્થ કે અપના શુદ્ધ આનંદ સ્વરૂપકી દૃષ્ટિ હુઈ, એ પ્રગટ હુઆ કે મૈં તો નાથ, પહેલા અપના નાથ હી હું. ઔર નહીં પ્રગટ કરેલી પર્યાય પ્રગટ હોગી. વો હૈ ઉસકો રખતે હૈં અને નહીં હૈ ઉસકો મિલાતે હૈં, ઉસકા નામ નાથ કહેતે હૈં. આહા! ભગવાન આત્મા અપના નાથ હૈ. અપની સ્વરૂપ લક્ષ્મી કી પ્રતીત

હુઈ, જ્ઞાન હુઆ કે મૈં તો શિવ સ્વરૂપી નાથ હૂં તો ઈતની પર્યાય પ્રગટ હુઈ ઔર નહીં પર્યાય પ્રગટ હુઈ ઉસકો મિલાયેગા. અંતર હોકર ઐસી પર્યાય પ્રગટ હોગી તો, ઉસકો યહાં નાથ કહેનેમેં આતા હૈ. ક્ષણ-ક્ષણમેં ઉસકો નાથ કહેતે હૈં ને.

'ईश' મૈં ઈશ્વર હૂં. લો, અરર.......રાડ નાખે. આત્મા ઈશ્વર અપના આત્મા, ઈશ્વર હૈ. અપના કોઈ દૂસરા ઈશ્વર હૈ નહીં. હૈ નહીં તીનકાલમેં. કેમ બેસે? ઈશ હૈ ને ઈશ પછી 'जगदीश'. જગતકા મૈં ઈશ હૂં જાનનેવાલા હૂં જગતકા ત્રણકાળ ત્રણલોકકા મૈં જાનનેવાલા હૂં. ઔર 'भगवान' હૈ લો. મૈં ભગવાન હૂં. આત્મા ભગવાન હૈ આહાહા! 'ભગ' નામ જ્ઞાન અને આનંદકી લક્ષ્મી, 'વાન' નામ રૂપ. અપના જ્ઞાન અને આનંદની લક્ષ્મીકા રૂપ વો ભગવાન હૈ. ઐસા અંતર લિયા.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

ભાવકર્મ—ગુફામાં રાગદ્વેષમોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું શોધ. ભય ન કર ! નિઃશંક જાણી એ રાગદ્વેષમોહની દોરી સાથે જઈ ખોળ. જે પ્રદેશથી (એ રાગદ્વેષમોહની દોરી) ઊઠી એ જ તારો નાથ છે. દોરીને ન જો. જેના હાથમાં એ દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) પોતાના જ્ઞાનમહિમાને છુપાવીને બેઠો છે. તેને તું પીછાણ. આ ગુપ્ત જ્ઞાન થતાં એ નાથ છુપાઈ શકે નહિ, ત્યાં તું ચેતના પ્રકાશરૂપ ચિદાનંદરાજાને પામી સુખી થઈશ. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯)

## પ્રવચન નં. ૧૩, મહા સુદ ૩, શુક્રવાર તા. ૨૯-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ ૩૭ થી ૪૧ પર પ્રવચન (હિંદી)

चिदानंद चेतन अलख जीव समैसार,
बुद्धरूप अबुद्ध असुद्ध उपजोगी है।
चिद्रूप स्वयंभू चिनमूरति धरमवंत,
प्रानवंत प्रानी जंतु भूत भवभोगी है।।
गुनधारी कलाधारी भेषधारी विद्याधरी,
अंगधारी संगधारी जोगधारी जोगी है।
चिन्मय अखंड हंस अक्षर आतमराम,
करमकी करतार परम विजोगी है।।३७।।

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–ચિદાનંદ, ચેતન, અલક્ષ, જીવ, સમયસાર, બુદ્ધરૂપ, અબુદ્ધ, અશુદ્ધ, ઉપયોગી, ચિદ્રૂપ, સ્વયંભૂ, ચિન્મૂર્તિ, ધર્મવાન, પ્રાણવાન, પ્રાણી, જંતુ, ભૂત, ભવભોગી, ગણધારી, કળાધારી, વેશધારી, અંગધારી, સંગધારી, યોગધારી, યોગી, ચિન્મય, અખંડ, હંસ, અક્ષર, આત્મારામ, કર્મકર્તા, પરમવિયોગી–આ બધાં જીવદ્રવ્યના નામ છે. ૩૭

**अर्थ** :–चिदानन्द, चेतन अलक्ष, जीव, समयसार, बुद्धरूप, अबुद्ध, अशुद्ध, उपयोगी, चिद्रूप, स्वयंभू, चिन्मूर्ति, धर्मवन्त, प्राणवन्त, प्राणी, जन्तु, भूत भवभोगी, गुणधारी, कलाधारी, भेषधारी, अंगधारी, संगधारी, योगधारी, योगी, चिन्मय, अखण्ड, हंस, अक्षर, आत्माराम, कर्म-कर्ता, परमवियोगी–ये सब जीवद्रव्यके नाम हैं।।३७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** : પહેલું નામ તો હૈ 'चिदानंद'.....પહેલા નામ ચિદાનંદ હૈ. જ્ઞાનાનંદ ઉસકા નામ હી હૈ. ચિદ્ નામે જ્ઞાન+આનંદ. એ તો જ્ઞાન અને આનંદકા સ્વરૂપ આત્મા, એ આત્માકા નામ ચિદાનંદ આત્મા. સહજાનંદ આત્મા, આત્માકા નામ હી સહજાનંદ હૈ. 'चेतन'—એને ચેતન કહીએ. ચેતનારો છેને જાણનાર ચેતના. ચેતન પણ કહીએ. એ શુદ્ધ છે. 'अलख'—ઇન્દ્રિયથી જાણવામાં ન આવે એ રીતે અલખ પણ

કહેનેમેં આતા હૈ. અલખ—અલખ લખ્યો ન જાય. એ અલખ નામ જાણવામાં ઇન્દ્રિય અને વિકલ્પથી જાણવામાં ન આવે, ઐસા આત્મા હૈ. અલખ. 'જીવ'—વો તો સાધારણ નામ છે. જીવ—સ્વરૂપે જીવે તે જીવ. જીવ ઉસકા નામ હૈ.

'समैसार'—લ્યો. આત્માકા સમયસાર નામ હૈ. આ સમયસાર ગ્રંથ હૈ ને. સમયસાર—સમ્, અય્ અને સાર. જિસમેં દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મસે રહિત, ઉસકા નામ સમયસાર. નામ હૈ, સાડત્રીસ....સાડત્રીસ. ૩૭ શ્લોક તીન ઔર સાત. પાંચ નામ હો ગયા. 'समैसार' સમયસાર—સમ્, અય અને સાર. આત્મા કો સમયસાર કહતે હૈં. ક્યોંકિ સમ્યક્ પ્રકારે અપના આનંદ અને જ્ઞાનકા પરિણમન કરકે સાર નામ શરીર નોકર્મ, કર્મ જડકર્મ દ્રવ્ય અને પુણ્ય પાપકા ભાવ ભાવકર્મ, ઉસસે રહિત ઐસા આત્માકો સમયસાર કહેનેમેં આતા હૈ. આત્મા હી સમયસાર હૈ, એમ કહતે હૈં. આહા! આ તો વાચક શબ્દ હૈ. વાસ્તવમેં આત્મા સમયસાર હૈ. આહાહા!

'बुद्धरुप'—વો તો બુદ્ધરૂપ હૈ, જ્ઞાનકા પિંડ હૈ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શ્રીમદ્‌માં આવે છે. બુદ્ધરૂપ હૈ. બુદ્ધરૂપ એકલો જ્ઞાનસ્વરૂપી આત્મા હૈ. 'अबुद्ध'—યે અપના સ્વરૂપકો નહીં જાનતે હૈં તો અબુદ્ધ ભી હૈ જ્ઞાનમેં. પર્યાયમેં જબ લગ ન જાને આત્મા, તબ લગ અપના સ્વરૂપકા અબુદ્ધ હૈ. જાનનેવાલા નહીં, વો ભી આત્મા. ઐસે કહેના હૈ કે અબુધ જો જ્ઞાન હૈ, વો ભી આત્મા હૈ. ઔર જ્ઞાન પરસે હોતા હૈ કે પરકે કારણસે હોતા હૈ, ઐસા નહીં. અપની ચીજ જ્ઞાન અને આનંદકી નિધાન, ઉસકો ન જાને ઔર રાગ આદિ અપના માને, વો ભી અબુદ્ધ પણ આત્મા હૈ. આત્મા કી હૈ ને, યે કંઈ જડ નહીં હૈ. આહા! ઔર ઐસે કહેનેસે અજ્ઞાનપણા, રાગદ્વેષપણા રૂપ ભાવ હોતા હૈ, વો જીવકી દશામેં હોતા હૈ. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પણ યે ભૂલતે હૈં અપને સે ભૂલતે હૈં. કર્મસે, પરસે ભૂલતે નહીં. કેવુંક નામ ભાઈનું? ઓલા, એ નહીં. સામો, સામો. મેં કીધું ઓલા મેનેજર છે. સાંભળે તો ખરા હવે. મેનેજર નથી. બીજા કોઈ હશે.

'भवभोगी'—ભવકા ભોગનેવાલા ભી આત્મા હૈ. મનુષ્ય ગતિ, નરક ગતિ કી વિકારી દશા ભોગનેવાલા આત્મા હૈ, વો કોઈ જડ ભોગતે નહીં. આહા! સુખ—દુઃખકી કલ્પના, ઉસકા ભોગનેવાલા અજ્ઞાની આત્મા હૈ, વો આત્મા ભોગતા હૈ. શરીરકા ધર્મ દૂસરા હૈ અને આત્માકા ધર્મ ભોગને ઐસા....ભઈ, રોગ આદિ હૈ વો શરીરકા ધર્મ હૈ તો શરીર ભોગવે, વો તો દૂસરી ચીજ હુઈ. પણ રોગ વખતે પ્રતિકૂળતાકા અંશ દ્વેષ આતે હૈ, યે જીવ ભોગતે હૈં. શ્વાસ ચલતે હૈ ને બહોત, તો યે અજ્ઞાનપણે રાગ—દ્વેષકો ભોગતા ભવકા ભોક્તા જીવ હૈ. જેમ સિદ્ધ પરમાત્મકી દશાકા ભોક્તા જીવ હૈ, પરકા ભોક્તા

નહીં. જડકા લડ્ડુ, દાળ–ભાત–શાકકા ભોક્તા આત્મા તીનકાલમેં નહીં, વો તો જડ હૈ. જડકો ક્યા ભોગવે? પણ જડકે પ્રસંગમેં અનુકૂળમેં રાગ અને પ્રતિકૂળમેં દ્વેષ–મનુષ્યગતિ તો ગમ્ય અને અચ્છી હૈ, દેવગતિ અચ્છી હૈ, નરકગતિ ખરાબ હૈ, ઐસા રાગ અને દ્વેષકા ભવકા ભોગનેવાલા આત્મા હૈ. કહો સમજે?

'गुनधारी'—ગુણનો ધરનાર. અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણ છે, ઉસકા ધરનેવાલા આત્મા હૈ. ઉસકો ગુણધારી કહતે હૈ. ગુણધારી–ગુણકા ધરનેવાલા. 'कलाधारी'—આનંદ આદિ કળા, જ્ઞાન આદિ કળાકા ધરનેવાલા આત્મા હૈ. સમજમેં આયા? કળાધારી. 'भेषधारी'—સંવર, નિર્જરા, મોક્ષ, સંસાર રાગ આદિકા ભેખના ધરનેવાલા ભી આત્મા હૈ. સમજમેં આયા? રાગ–દ્વેષ ભી ભેખ હૈ ઔર સંવર, નિર્જરા ધર્મકી પર્યાય હો, વો ભી ભેખ હૈ–ત્રિકાળી દ્રવ્યકી અપેક્ષાસે. એ ભેખકા ધરનેવાલા જીવ આત્મા હૈ. શરીર, વાણી, મન પર હૈ. પરસે આત્મા નહીં અને આત્માસે શરીર નહીં. આહા!

જુઓ, આ 'સમયસાર નાટક' બનારસીદાસ જીવના ઈતના નામસે જાનનેમેં આતા હૈ. 'भेषधारी' 'विद्याधारी'—વિદ્યાકા ધરનેવાલા આત્મા હૈ. અજ્ઞાનકી વિદ્યા કે જ્ઞાનકી. સમજમેં આયા? એવું જ્ઞાનકી વિદ્યા ધરનેવાલા ભી આત્મા ઔર અજ્ઞાનકી વિદ્યા ધારનેવાલા ભી આત્મા, ઉસકો 'विद्याधारी' કહનેમેં આતા હૈ. 'अंगधारी'—શરીરકા અંગકા ધરનેવાલા નિમિત્તસે કહનેમેં આતા હૈ, 'अंगधारी' હૈ ને અંગ. શરીરકા ધરનેવાલા વ્યવહારસે હૈ ને! 'संगधारी'—રાગ આદિકા સંગકા ધરનેવાલા આત્મા હૈ. સ્ત્રી, કુટુંબકા સંગકા ધરનેવાલા નહીં. રાગ અને દ્વેષકા સંગ કહ્યા તો એ સંગકા ધરનેવાલા આત્મા હૈ. આહા!

'जोगधारी'—જોગ–મન, વચન ને કાયા, શરીર જડ નહીં, પણ અંદર કંપન. આત્મામેં મન, વચન ને કાયા જડકા નિમિત્તસે અપનેમેં અપને કારણસે કંપન હોતા હૈ, એ જોગકા ધરનેવાલા આત્મા હૈ. 'જોગધારી' ઔર 'જોગી' યે જોગને ધરનેવાલા જોગી. ધર્માત્મા કો જોગી ભી કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સવળી દૃષ્ટિ લ્યો તો અપના શુદ્ધ આત્મામેં યોગ કરકે નિર્મળ શ્રદ્ધા જ્ઞાન કરકે રહતે હૈં તો યે 'जोगधारी' હૈ. આ લોકો કહેતા, જોગ સાધન કરના–સાધન કરના યે બાત સબ જૂઠ હૈ. ધ્યાન....ધ્યાન કરો ધ્યાન. કિસકા પણ ધ્યાન? ચીજ ક્યા હૈ સમજમેં આયા નહીં, શ્રદ્ધામેં આયા નહીં તો ધ્યાન કિસકા?

તો 'जोगधारी' અપના જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ઉસમેં જોગ–જોડાણ કરકે રહેના વો 'જોગધારી' હૈ ઔર વો યોગી હૈ. આહાહા! શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાન ઉસકી શ્રદ્ધા જ્ઞાન કરકે શાંતિકા ધરનેવાલા યે 'जोगी'આત્મા હૈ. આત્માકો 'जोगी' કહતે હૈં. ભોગી ભી

આત્મા ને જોગી ભી આત્મા. રાગ–દ્વેષકા ભોગનેવાલા ભી આત્મા ને આનંદકા ભોગનેવાલા ભી આત્મા.

'चिन्मय' વો ચિન્મૂર્તિ હતી. આ 'चिन्मय'–એ તો જ્ઞાનમય વસ્તુ છે. જૈસી સક્કર મીઠાશરૂપ હૈ, ઐસે આત્મા જ્ઞાનમય હૈ. સક્કર મીઠાશમય હૈ, ઐસે આત્મા ચિન્–જ્ઞાનમય હૈ. કેટલા નામ દિયા હૈ. 'अखंड'—ભગવાન અખંડ વસ્તુ હૈ. ખંડ નહિ કંઈ. અસંખ્ય પ્રદેશ હોતે છતે અભેદ અખંડ હૈ. ટૂકડા નહીં હૈ ઉસમેં કે ભઈ, આ આંગળીકા આત્માકા પ્રદેશ ટુકડા ભિન્ન હૈ. યહાં કા ટુકડા ભિન્ન, સબ અખંડ પ્રદેશ અસંખ્ય પ્રદેશે અખંડ હૈ. 'हंस' હૈ. 'हंस' કહતે હૈં ઉસકો ક્યોંકિ રાગદ્વેષ ઔર સ્વભાવકો ભિન્ન કરનમેં તાકાત રખતા હૈ તો 'હંસ' કહનેમેં આતા હૈ. ભેદજ્ઞાન કરનેમેં તાકાત રખતે હૈં, તો હંસ હૈ હંસલા. ઉસકો કહતે હૈં ભજનમેં આતે હૈં. ભજન મેં ભી આતે હૈં. બહોત સુનતે થે ને પહેલે.

'મારો હંસલો નાનો ને દેવળ જૂનું થયું. જૂનું થયું રે દેવળ જૂનું થયું,' આ શરીર દેવળ. જીર્ણ હુઆ જુના નામ. સમજમેં આયા કે નહિ? નહિ આતે હૈં? શબ્દ તો તુમ્હારા હૈ. જૂના હૈ જીર્ણ હવે કયા શબ્દ? (શ્રોતા : પુરાના હુઆ) જીર્ણ હુઆ, પુરાના હુઆ. જીર્ણ હુઆ. દેખો આ ક્યા હૈ? 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું થયું.' પુરાનું થઈ ગયું. ઓલો હંસલો નાનો ઐસા ને ઐસા હૈ. ઉસમેં કંઈ વૃદ્ધાવસ્થા કે બાળ અવસ્થા હૈ નહિ. આહાહા! વો ભજન આતે હૈ. હમારે બહોત શીખતે હૈ ને. પહેલે ભજનમંડળી (મેં) ગાતે થે ને પહેલે. સમજમેં આયા?

ભગત પહેલેથી કહેવાતા હતા, નાની ઉંમરમાંથી. દુકાનનો ધંધો કરીએ તો ય કહેવાય ભગત. બહુ રસ નહિ ને ભગત છે ભગત એ. કહે છે કે હંસલો વો પ્રભુ આત્મા હંસ. હંસ ને પરમહંસ નહિ કહતે હૈં! યે પરમહંસ કિસકો કહતે હૈં, વો રાગ–દ્વેષ અજ્ઞાનસે હટકર અપના સ્વરૂપકા આનંદકા અનુભવ કરે ઉસકો નામ હંસ કહતે હૈં. અને વિશેષ વીતરાગ દશા પ્રગટ કરે ઉસકા નામ પરમહંસ હૈ. લૂગડા પહેરી લિયા બહારના રાતા અને પીળા ને હાથે લકડી હૈ, વો હંસ હૈ, ઐસા નહીં હૈ. સમજમેં આયા? 'હંસ'.

'अक्षर' લ્યો અક્ષરધામ આયા. 'अक्षर' હૈ કોઈ દિ' ખરે નહિ કભી. અનાદિઅનંત અવિનાશી ભગવાન આત્મા હૈ....હૈ....ક્ષીરના (ખીરના) નાશ હોના કભી હૈ નહિ. એ અક્ષરધામ આત્મા હૈ. સ્વામી નારાયણમેં કહતે હૈ ને અક્ષરધામમેં ગયા. અક્ષરધામ ન્યાં ક્યાં, એ તો આહીં છે અક્ષરધામ. (શ્રોતા : નામ રાખ્યું છે અક્ષરધામ) ન્યાં ક્યાં છે? આહીં તો અક્ષરધામ આત્મા હૈ (શ્રોતા : આ ભાવની વાત કરે છે) સમજમેં આયા?

આત્મા રાગ અને દ્વેષના પુન્ય પાપકા વિકલ્પકો છોડકર અપની અવિનાશી શક્તિ હૈ ઉસકી પ્રગટ કરે, વો હી અક્ષરધામ હૈ. આહાહા!

'आतमराम'—અપના સ્વરૂપમેં નિજપદ રમે સો રામ કહીએ. નિજપદ રમે. અપના જ્ઞાન અને આનંદસ્વરૂપ ઉસમેં રમે ઔર વિકારસે હટ જાયે, ઐસા ભાવકો ઐસા દ્રવ્યકો આતમરામ કહતે હૈં. કહો સમજમેં આયા? 'करमकौ करतार'—એ આત્મા જ પોતે ભાવકર્મ વિકારીકો કરનાર હૈ. કર્મ–બર્મ જડ ઉસકો વિકાર કરાતે હૈં, ઐસા હૈ નહીં. આહાહા! અજ્ઞાનપણે સ્વરૂપકા ભાન નહિ, મૈં જ્ઞાન અને આનંદ હૂઁ, ઐસી દૃષ્ટિકા અભાવમેં વો પુણ્ય–પાપ વિકલ્પકા કર્તા તો આત્મા હી હૈ. 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા'. જાનનહાર કરે નહિ અને કર્તા વો જાને નહિ. તો રાગ–દ્વેષકા કર્તા આત્મા હૈ. કર્મ હૈ ને કર્મ–કર્મ કો કર્તા વિકારીભાવકા કર્તા. જડકા કર્તા વ્યવહારસે કહેનેમેં આતા હૈ. ખરેખર તો અપના સ્વરૂપકો ભૂલકર વિકારી શુભ–અશુભભાવ જે હૈ દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભભાવ; હિંસા, જૂઠ, ચોરી અશુભભાવ–ઉસકા કરનેવાલા અજ્ઞાની આત્મા હી હૈ.

'परम' લ્યો પરમવિયોગી આખો શબ્દ લીધો છે. परमवियोगी–રાગસે તદ્દન પરમવિયોગી આત્મા હૈ. શુદ્ધ ચૈતન્યઘન એ રાગસે પુણ્યકી ક્રિયાસે પરમવિયોગી હૈ. ઉસમેં પરમવિયોગ હૈ. વિકારકા પરમવિયોગ એ ઉસકો યહાં આત્મા કહતે હૈં. લ્યો એટલા નામ સાધારણ દિયા. પહેલા કલ આયા થા 'શુદ્ધ'. હવે 'આકાશકા નામ'. આ તો પ્રવેશ કરાતે હૈં ને. કે ઐસા ઐસા નામ આયેગા ઉસમેં સમજ લેના આ નામ જીવકા હૈ, આ નામ આકાશકા હૈ ઐસા ભિન્ન–ભિન્ન નામ આયેગા.

આકાશ પદાર્થ હૈ અરૂપી લોકાલોક વ્યાપક. લોક ચૌદ બ્રહ્માંડ ઔર ખાલી. વ્યાપક આકાશ હૈ, અરૂપી હૈ, અનંતપ્રદેશી હૈ, એક વસ્તુ હૈ. ઉસકા નામ ક્યા સાથમેં ચલતે હૈં. ભિન્ન–ભિન્ન નામ ચલતે હૈં, એમ કહતે હૈં.

**खं विहाय अंबर गगन, अंतरिच्छ जगधाम।**
**व्योम वियत नभ मेघपथ, ये अकाशके नाम॥३८॥**

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–ખં, વિહાય, અંબર, ગગન, અંતરિક્ષ, જગધામ, વ્યોમ, વિયત, નભ, મેઘપથ–આ આકાશનાં નામ છે. ૩૮.

**अर्थ** :–खं, विहाय, अम्बर, गगन, अन्तरिक्ष, जगधाम, व्योम, वियत, नभ, मेघपथ— ये आकाशके नाम हैं॥३८॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'खं' ઉસકો આકાશકો 'खं' કહતે હૈં. 'ખ' એટલે આકાશ. ખગ્....ખગ્ પંખીકો કહતે હૈં. સૂર્યકો ખગ્ કહતે હૈં. ખ–આકાશ, ગ–ગમન કરનેવાલા. આકાશમાં ગમન કરે તે સૂર્ય. સૂર્યકો ખગ્ કહતે હૈં અને પક્ષીકો ભી ખગ્ કહતે હૈં. સમજમેં આયા? 'ખગ્ પદ ગગન, મીનપદ જળમેં જો ખોજે સો બોરા'. ખગ્ પદ ગગન–ખગ્ ખ નામ આકાશમાં ગમન કરનેવાલા પંખી. ક્યાં ચલા હૈ ઐસા પગ કોઈ ગોતે–શોધે, મૂરખ હૈ. ન્યાં પગ ક્યાં પડા હૈ નીચે?

ખગ્ પદ ગગન. ગગન આકાશમેં પંખીકા પગ અહીંયા ઉડ્યા'તા. અહીંયા પગ અહીંયા પડ્યા. મૂરખ હૈ ન્યાં ક્યાં પગ હૈ? ખગ પદ ગગન, મીન પદ જળમેં અને માછલાનાં પગ પાણીમેં શોધે. મચ્છી ચલી હોય, મૂરખ હૈ ન્યાં ક્યાં પગ હૈ? જો ખોજે સો બોરા. એમ આનંદઘન ચેતન અંદર ખેલે. આત્મા અખંડ આનંદ. યે રાગમેં ને પુણ્યમેં આત્મા શોધે, મૂરખ હૈ. સમજમેં આયા? જેમ આકાશમેં પંખીકા પગ શોધે એ મૂરખ હૈ. બોરા એટલે મૂરખ. જલમેં મચ્છીકા પદ ગોતે એ મૂરખ. ઐસે દેહ અને પુણ્ય-પાપકા રાગમેં આત્મા ગોતે, વો મૂરખ હૈ. ગોતે કહતે હૈં કે નહિ. શોધે–ઢૂંઢે ઉસમેં, મૂરખ હૈ. 'ખં' ઉસકો કહતે હૈં લ્યો આકાશકો.

'विहाय'—યે આકાશકા નામ હૈ. 'વિહાય'. 'अंबर' યે આકાશકા નામ હૈ. અંબર કહતે હૈં ને. દિગંબર–દિગંબર. આકાશ જિસકા અંબર હૈ. વસ્ત્ર નહીં ઉનકો. દિગંબર. 'દિગ્' નામ આકાશ 'અંબર' હૈ વસ્ત્ર અને અહીં 'અંબર' આકાશકો કહતે હૈં. 'गगन'– વો તો કહ્યા ગગન કહેવાય ને ગગ્, આકાશકો ગગન કહતે હૈં. 'अंतरिच्छ'—કોઈકા આધાર નહીં ઉસકો. આકાશકા આધાર આકાશ. અરૂપી મહાપદાર્થ સર્વવ્યાપી, જગત ઔર અલોકમેં વ્યાપક વો 'અંતરીક્ષ' હૈ.

'जगधाम'—યે જગતકા સ્થાન. આખી દુનિયા જિસમેં રહેતી હૈ વ્યવહારે, ઐસા આકાશકો 'જગધામ' કહતે હૈં. 'व्योम' આકાશકા નામ હૈ. 'वियत'—યે આકાશકા નામ હૈ. 'વિયત' એટલે વિસ્તાર. વિસ્તાર હૈ ને વિસ્તાર આકાશ. 'નભ' વો આકાશકા નામ હૈ. નભ. ઔર 'मेघपथ' એ મેઘના પથ. વરસાદકા રસ્તા. વાદળા ચલતે હૈ ને. એ અરુપી આકાશ હૈ ઉનમેં ચાલતે હૈં. મેઘપથ–વરસાદ મેઘકા વો પંથ પંથ હૈ. 'ये अकाशके नाम' લ્યો. 'अकाशके' નામ આંહી શબ્દ છે ને. આકાશ નામકા પદાર્થ હૈ હોં અરૂપી, ભગવાને દેખા હૈ. યે આકાશકા ઈતના નામસે પ્રસિદ્ધ હૈ, વિશેષ નામ બહોત હૈ. હવે કાળકા નામ.

जम कृतांत अंतक त्रिदस, आवर्ती मृतथान।
प्रानहरन आदिततनय, काल नाम परवान॥३९॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–યમ, કૃતાંક, અંતક, ત્રિદશ, આવર્તી, મૃત્યુસ્થાન, પ્રાણહરણ, આદિત્યનય–એ કાળનાં નામ છે. ૩૯.

**अर्थ** :–यम कृतांक, अन्तक, त्रिदश, आवर्ती, मृत्युस्थान, प्राणहरण, आदित्यतनय— ये कालके नाम हैं॥३९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जम'.....'जम' આ જમ આવે એ નહિ, એમ કહતે હૈં. જમ આતે હૈં ને લેનેકો. કૌન આતે હૈં ધૂળ! એ કાળકો હી 'જમ' કહતે હૈં. જે સમયે દેહ છૂટનેકા કાળ હૈ ઉસકો હી 'જમ' કહતે હૈં. આવે છે ને વો ફોટામાં આતે હૈ કંઈક નહિ. (શ્રોતા : જમ કે દૂત) જમકે દૂત અને વો શંકરકી લિંગ હૈ. તો ઉસમેં એક આદમી હૈ, તો જમ આયા પાડા ઉપર ચડકર. પાડા સમજે ભેંસા. ભેંસા ઉપર ચઢકર જમ આયા. આતે હૈં ફોટામેં આતે હૈ. દેખા હૈ ને હમેં તો બહોત દેખા હૈને સારા. ચિત્ર આવે છે. એક ભૈંસા થા. ઔર ભૈંસા ઉપર જમ વો બૈઠા હૈ. એક માણસકો લેનેકો (આતે હૈ). તો વો માણસ શંકરકે લિંગકો પકડ લિયા કે મને બચાવો. ઐસા ફોટા–બડા ફોટા. દેખ્યું છે ને કાંઈ? એમ જમ–બમ કોઈ લેને આતે નહીં, ધૂળેય લેને આતે નહીં. આહીં આમાં એમ કહે સ્વામી નારાયણ લેનેકો આતે હૈં. એઈ, છે ને! કોણ લેવા આવે? એ કાળની મુદત ઉસકો હી 'જમ' કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વસ્તુની સ્થિતિ ઐસી હૈ. 'जम'

'कृतांत'—લ્યો, કાળને 'કૃતાંત' કહતે હૈં. અંત આવ્યો ને કાળનો. અંત અંત એટલે પુરું કરનાર કાળ 'કૃતાંત્'. 'अंतक'—લ્યો, અંતનો કરનારો–અંતનો કરનારો. દેહની સ્થિતિ પૂરી થાય એ કાળ. કોઈ પણ મુદત થઈ એ અંત થયો. 'त्रिदस'—લ્યો, અહીંયા ત્રિદસ કહે છે કાળને. (શ્રોતા : તેરમું કરે છે ને) એ તો વળી લોકો તેરમું કરે છે. પણ આમ તો સમુચ્ચય આ શબ્દ. એ તો વૈષ્ણવમાં તેરમું કરે છે. વૈષ્ણવમાં તેરમું કરે. બાર દિ' પછી તેરમું દા'ડા કરતા હૈ દા'ડા સમજ્યા? મરી ગયાનું ભોજન. મૃત્યુ ભોજન અને આ ત્રિદસ આંહી વો શબ્દ હૈ. દેવને ત્રિદસ કહે છે.

'आवर्ती'—પરાવર્તન કરનેવાલા ઉનકો કાળ કહતે હૈં. આવર્તી જડ ને ચૈતન્યકો પલટતે હૈં. એ પલટનેકી પર્યાયકો ભી કાળ કહતે હૈં. આવે છે ને ભાઈ સ્વકાળ. આહાહા! નિશ્ચયકાળ એ છે. આત્મા અને જડ સમય–સમયમેં પરિવર્તન કરતે હૈં, ઉસકા

નામ હી કાળ હૈ. ભગવાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લિયા હૈ કે દરેક પદાર્થ અપના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસે હૈ ઔર પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસે નહીં હૈ. પ્રત્યેક પદાર્થ અપના, દ્રવ્ય એટલે વસ્તુ—ગુણપર્યાયકા પિંડ, ક્ષેત્ર નામ અવગાહન, કાળ નામ દશા, ભાવ નામ શક્તિ. આહાહા! બહુ થોડામાં સમાડી દીધું છે. વો સપ્તભંગીકા પહેલા બોલ હૈ. અપના સ્વચતુષ્ટયસે અસ્તિ, પરચતુષ્ટયસે નાસ્તિ. હૈ કે નહિ! વો અપની પર્યાય જો હૈ, વો હી સ્વકાળ હૈ. સમજમેં આયા? તો ઉસકો અહીંયા 'આવર્તો' કહતે હૈં 'આવર્તો'—બદલના.

'मृतथान'—લ્યો આવ્યું. એ મરવાનું સ્થાન એને કાળ કહે છે. કે કાળ ભઈ જમડા લઈ ગયા. કોણ જમડો લેતો'તો? જમડો આવે પીછે કોણ પકડે એને? આહા! એ તો અરૂપી છે ચૈતન્યઘન. ઉસકી મુદ્દત હોગી દેહની સ્થિતિ પૂરી ઉસકો 'मृतथान' કહતે હૈં. 'प्रानहरन'—લ્યો ઠીક. આ દસ પ્રાણ હૈ ને આ પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાય અને શ્વાસ, આયુષ્ય છૂટી જાય ઉસકો 'प्रानहरन' એ કાળકો 'પ્રાણહરણ' કહતે હૈં. આહાહા!

'आदिततनय' એ સૂર્યનો પુત્ર. 'આદિત્ય'—સૂર્ય. આદિત્ય હૈ ને આદિ આ દિવસની આદિ કરનાર હૈ ને. આ સૂર્ય હૈ તો દિવસની આદિ કરનાર. 'આદિત્ય—આદિત્ય' સૂર્ય આદિનો કરનાર. ઉસકે કાળકા માપ હોતા હૈ ને. તો 'आदिततनय' એ સૂર્યકા પુત્ર હૈ કાળ. સૂર્યની ગતિનું માપ દેવામાં નિમિત્ત માટે તેને 'આદિત તનય' કહનેમેં આતા હૈ. આ તો અધ્યાત્મની વાત હૈ ભૈયા. બહારની હારે કાંઈ મેળ ખાય એવું નથી. આહાહા! 'काल' 'नाम' 'परवान' લ્યો. 'काल नाम परवान' એ કાળકે નામ હૈં. 'परवान' હા, પ્રમાણ કાલનું પરવાન છે કાલ.

પુણ્યનાં નામ. હવે કિતને નામસે પુણ્ય પરખનેમેં જાનનેમેં આતા હૈ.

पुन्य सुकृत ऊरधवदन, अकररोग शुभकर्म।
सुखदायक संसारफल, भाग बहिर्मुख धर्म॥४०॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–પુણ્ય, સુકૃત, ઊર્ધ્વવદન, અકરરોગ, શુભકર્મ, સુખદાયક, સંસારફળ, ભાગ્ય, બહિર્મુખ, ધર્મ–એ પુણ્યના નામ છે. ૪૦.

**अर्थ** :–पुण्य, सुकृत, ऊर्ध्ववदन, अकररोग, शुभकर्म, सुखदायक, संसारफल, भाग्य, बहिर्मुख, धर्म—ये पुण्यके नाम हैं॥४०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

યે 'पुन्य' શુભ ભાવકો ભી પુણ્ય કહતે હૈં. ઔર પરમાણુ બંધાય ઉસકો પુણ્ય

કહતે હૈ. સવારમાં કહ્યું'તું નહિ? 'લક્ષ્મી ખરચે ખૂટે નહિ, પુણ્ય ખૂટે લક્ષ્મી ખૂટ જાતી હૈ' પૂર્વકા જો પુંજ પડા હૈ જડ પરમાણુ વો જો ખલાસ હો ગયા, પૈસા ખરચે બિના ખૂટ જાતા હૈ. ખરચે ખૂટતી નહિ. ઐસા પુણ્ય હૈ ઉસકો કહતે હૈં. પુણ્યકા દો પ્રકાર—એક દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામકો પુણ્ય કહતે હૈં ઔર ઉસસે પરમાણુ બંધે ઉસકો જડ પુણ્ય કહતે હૈં. આ ભાવ પુણ્ય અને વો જડ પુણ્ય. 'सुकृत' —શુભભાવ કો સુકૃત કહતે હૈં ને. લોકો સારા કામ કર્યાં, એમ કહે. પાપની અપેક્ષાએ શુભ ભાવ હૈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા વો સબ 'સુકૃત' હૈ. સુકૃત કહો કે પુણ્ય કહો. એમ જ કહેને લોકો ભઈ, આ ઠીક કર્યું. હૈ પુણ્ય, ધર્મ નહિ. સમજમેં આયા? કેટલા નામથી પિછાનતે હૈં, દેખો. ગૃહસ્થ હૈ તો.

'ऊरधवदन'—પુન્યભાવસે ક્ષેત્રસે ઊંચા હોતા હૈ એના મોઢું ઊંચું છે, કહે છે. સ્વર્ગમેં જાય, આ ધૂળના શેઠિયા થાય, એ બધું પુણ્યના કારણે માટે 'ऊरधवदन' કહેનેમેં આતા હૈ. પરમાર્થ નહિ હોં વ્યવહારકી બાત હૈ. લોકમાં તો એમ કહે ને આમ જુઓ. સર હુકમીચંદ નિકલતે થે બજારમેં ઇન્દૌર. કેટલી પૈસા નામ ખમ્મા....ખમ્મા. માણસો દુકાનદાર હોયને હેઠે ઊતરી જાય. ખમ્મા....વગર મુગટના રાજા, એમ કહે. ઇન્દૌર-સર હુકમીચંદ અહીંયા તો તીનવાર આ ગયે, તીનબાર આયે થે. એકકી સાલ, દોકી સાલ, તીન—એક દો તીન (સાલ) તીનબાર આયે થે. લોકોને....હાઈટ અને કપડાં—બપડાં એવા પહેરે જરી, ઓલી ટોપી જરીની, છત્રી, જરીનાં જોડા ઔર સત્તર લાખકા લીધેલા એક હાર ગળેમેં થા. બહોત ફોટા હૈ ઉધર.

પહેલા આયા થા ને જબ. એકકી સાલમેં આયા થા. છબીસ વર્ષ હુઆ. સત્તરલાખકા હાર થા, પણ સીત્તેરલાખમેં ન મળે ઐસા થા. અપને યહાં આયા થા ને નાનાલાલભાઈએ કીધું. આ એકોત્તર કી સાલમેં સત્તરલાખકા લિયા થા હાર—લીલા કટકા પથ્થરના કટકા લીલા. (શ્રોતા : ડોકમાં બોજો) આંહી બોજો લાગે મને તો, કીધું આ શેર—સવાશેર—દોઢ શેરાનો હાર. એય શેઠ! પાંચ—પાંચ છ દિ' રહે પાંચ દિ'. યે ત્રણવાર આયે થે. રાજકુમાર એક વાર આયે થે ઉસકા લડકા હૈ ને. આહીં તો કહતે હૈં કે આ ભઈ. ક્યા કહા? 'ऊरधवदन''—એ પુણ્ય દુનિયામેં ઊંચા કહનેમેં આતા હૈ. પુણ્યકા મુખ હી ઊંચા હૈ. શેઠાઈ, દસ—દસ—પંદર—વીસ હજારકા માસિક પગાર. કહો, એ બધા પુણ્ય 'ऊरधवदन'.

'अकररोग'—એ રોગ નહિ કરનેવાલા એ પુણ્ય. કંઈ પુણ્યસે કાંઈ રોગ હોતા હૈ? એ પુણ્યને અકરરોગ. અકર—નહિ કરનેવાલા, રોગ નહિ કરનેવાલા એ પુણ્ય. 'शुभकर्म'— એ શુભભાવ કો ભી શુભકર્મ કહતે હૈં ઔર શાતા વેદનીય બંધાય, એ શુભકર્મ કહતે

હૈં. આહા! વો છે ને ભાઈ એમ કહે છે હોં શાંતિલાલ ખુશાલ. ઈ કહે, હું ક્યાં મૈં ગોતને જાતા હૂઁ લક્ષ્મી, પણ મારે જ્યાં ત્યાં દેખાય તેમાં મૈં શું કરું?

વો શાંતિલાલ ખુશાલ ગોવા. પહેલા સાધારણ થા. આહીં લીંબડી પાસે ગામ એક થા પાનસણા. આપણો ભાઈ નહિ પ્રેમચંદભાઈ, એના મામાના દીકરા, સગા મામાના દીકરા. થોડા સાધારણ થા પીછે ચાલીસ કરોડ, હવે બે અબજ ચાલીસ કરોડ. તો કહતે કે હમ ક્યા કરતે લાનેકા. જમીનમેંસે નિકલતા હૈ પુણ્ય હમારા તો ક્યા કરે? સમજમેં આયા? એ શુભકર્મ હૈ, ધર્મ નહિ. માળા શુભકર્મમાં તો ફાટી જાય પ્યાલા કે અમે શું છીએ! આહાહા! ધૂળ હૈ. એ તો પુણ્ય હૈ અને પુણ્યકા ફળ સંયોગ મિલના. પુણ્યકા ફળ ક્યા આત્મા પ્રાપ્ત હોતા હૈ ઐસા હૈ પુણ્યમેં?

'सुखदायक'—દુનિયામેં હોં. સંસારફળ જુઓ. દુનિયામેં સુખદાયક હૈ. લોકો એમ માને છે કે અમે સુખી છીએ, પૈસે ટકે બાદશાહી છે, એમ કહતે હૈં ને લોકો. (શ્રોતા : છે તે કહે ને) છે, ના ધૂળેય નથી. હૈ ક્યાં? ઓલો પૈસા હોય તો ત્યાં શેઠને ઘરે આમ સડે ને હું....હું કરીને એમ પડ્યા રહેશે એકકોર. (શ્રોતા : હમણાં ઈસ્પિતાલમાં ગ્યા'તા) ગ્યા'તા હમણાં ઈસ્પિતાલમાં. પાપનો ઉદય થઈ એ સંયોગ એવા આવે, એમ કહતે હૈં. એ સંસારના ફળ છે ભાઈ. એમાં આત્માકા ફળ કુછ હૈ નહિ. આહાહા!

'भाग'—ભાગ્ય કહો કે પુણ્ય કહો, પુણ્ય કહો કે ભાગ્ય કહો. ભાઈ! હમારા ભાગ્યમેં લિખા થા તો મિલા, કહતે હૈં ને લોકો. ભાગ્ય નામ પરમાણુ હૈ પુણ્યકા, પણ પૂર્વે કોઈ શુભભાવ હુઆ હો, ઐસા શુભભાવ તો એકેન્દ્રિયમેં ભી હોતા હૈ. નિગોદકા જીવ હૈ કભી ત્રસ નહીં હુઆ. ઉસમેં ભી વો ભાગ્ય પુણ્ય પુણ્ય ભાવ હોતા હૈ. વો કંઈ નવી ચીજ (નહિ હૈ). આ બટાટા, સકરકંદ હોતા હૈ ને આલુ....આલુ. આલુમેં એક કટકીમેં અસંખ્ય તો શરીર હૈ. એક રાઈ જિતના ટુકડા લ્યો આલુકા તો અસંખ્ય ઔદારિક શરીર, ઔર એક શરીરમેં અભી તક સિદ્ધ હુઆ ઉસસે અનંતગુણા જીવ. ઉસકો ભી પુણ્ય હોતા હૈ અંદરમેં. શુભભાવ હૈ ને! ભલે મન નહિ, વાણી નહિ. આહાર દેનેકી ચીજ નહિ. કોઈ પાત્ર નહિ પણ ભાવ આત્માકા હૈ ન્યાં બહારકા ક્યા કારણ હૈ? આહા! ઐસા શુભભાવ ક્ષણમેં નિગોદ બાંધતે હૈં, ક્ષણમેં પાપ બાંધતે હૈં, ઐસા ભગવાનકા વચન હૈ. તો ત્યાં ભી પુણ્ય હૈ પણ એ શુભકર્મ હૈ.

'बहिर्मुख है' દેખો હવે. પુણ્યસે બહિર્મુખ દૃષ્ટિનો ભાવ હૈ અંતર્મુખ ભાવ નહિ. (શ્રોતા : વખાણ કરી કરીને પાછું છેકી નાખ્યું) છેકી નાખ્યું. ભગવાન આત્મા અંતર્મુખકા ભાવ સ્વભાવ સન્મુખ હો વો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, પરમાર્થધર્મ હૈ. પણ આ તો બાહ્ય

બહિર્મુખ હૈ. પર ઉપર લક્ષ કરનેસે રાગકી મંદતા બહિર્મુખ ભાવ હૈ, અંતર્મુખ ભાવ નહિ. આહાહા! કેટલું ચીતર્યું છે. વર્ણન વિસ્તાર અને 'धर्म'–પુણ્યકો ધર્મ કહતે હૈં, વ્યવહાર ધર્મ, બંધ કા કારણ. બંધકા કારણ ઐસા પુણ્યકો વ્યવહાર ધર્મ કહેનેમેં આતા હૈ, પરમાર્થ ધર્મ નહિ.

પાપકા નામ હવે પાપ....પાપ.

पाप अधोमुख एन अघ, कंप रोग दुखधाम।
कलिल कलुस किल्विस दुरित, असुभ करमके नाम॥४१॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–પાપ, અધોમુખ, એન, અઘ, કંપ, રોગ, દુઃખધામ, કલિલ, કલુષ, કિલ્વિષ અને દુરિત—એ અશુભકર્મના નામ છે. ૪૧

**अर्थ** :–पाप, अधोमुख, एन, अघ, कंप, रोग, दुखधाम, कलिल, कलुष, किल्विष और दुरित—ये अशुभकर्मके नाम हैं॥४१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના ઉસકો 'पाप' પરિણામ કહતે હૈં. ઔર ઉસસે પરમાણુ જો બંધ જાય ઉસકો પાપ–જડપાપ કહતે હૈં. 'अधोमुख'—પાપકે કરનેવાલા અધોમુખ જાતે હૈં. ઓલો ઉર્ધ્વગમન કહ્યું'તું. આહાહા! તીવ્ર પાપ કરતે હૈં તો નરકમેં જાતે હૈં. આ બધા રાજા મહારાજાઓ આમ ઉડાતે હૈં મૃગલાકો હરણીયા શિકાર કરતે હૈં. લાખ લાખ રૂપિયાકી મોટર, દો–દો લાખકી મોટર, વો મોટર આતી હૈ ને વો ક્યા કહેવાય? ઈમ્પાલા, કોણ જાણે હશે? પાલા હૈ પાપને પાલા.

'एन' એટલે પાપ જુઓ અહીયા. 'एन' આવશે આમાં. 'एन' એટલે પાપ છે જુઓ ત્રીજો બોલ હૈ. આહીં તમારા હૈને છોકરાં પાંહે શું ઈમ્પાલા છે? એક મોટી મોટર છે ને લાખ રૂપિયાની. કાંઈક નામ હતું સામો લઈને આવ્યો'તો નહિ ત્યાં મુંબઈ. કહે છે કે 'અધોમુખ' હૈ. આહાહા! પાપ તો 'અધોમુખ' હૈ.

'एन' કહતે હૈં દેખો, ભાષા હૈ ને પાપકો હી 'એન' કહતે હૈં. ઈમ્પાલા એ પાપનો પાલો છે. (શ્રોતા : એ તો કંપનીનું નામ છે અમેરિકામાં) એ તો હશે એની કંપનીનું નામ હશે ને. આહા! નામ આપે નવા. (શ્રોતા : જુદી જુદી જાતના). હા, મોટરના ઘણા નામ છે ને. પ્લીમાઉથને શું કહેવાય? ઓલી મોટરને. (શ્રોતા : પ્લાયમાઉથ) હા, હા, એકનું આવે છે. ઘણા નામ આવે છે. બધા ય પૂર્વનાં પુણ્યનાં ફળ, પણ એના પાપમાં વર્તમાન ભોગવવાનું પાપ, એ પાપ બધો અધોમુખ લેનારા છે. 'एन'

अघ એ પાપકો અઘ કહતે હૈં. 'कंप'—એ પાપ એ કંપ રોગ હૈ. કંપ....કંપન હૈ. અસ્થિરતા બહોત પાપ, એમ કહતે હૈં. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, માન, બડાઈ એ પાપકા પરિણામકો 'કંપ' કહતે હૈં. કંપ ઊઠ્યા હૈ, ઉસકો કહતે હૈં. ઐસા હોતા હૈ ને કંપવા. આત્મા પાપ ને કંપ ઊઠ્યા હૈ ઉસકો. આહાહા! 'रोग'—પાપકો રોગ કહતે હૈં. ઓલામાં અકરરોગ થા ને—એની સાથે રોગ પાપ રોગ પાપકા નામ રોગ હૈં. ક્યોંકે પાપસે રોગ આતા હૈ. ઔર પાપકો યહાં રોગ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? અશાતાકા ઉદય હો તો શરીરમેં રોગ આતા હૈ તો ઉસકી સાર—સંભાળ લાખ કરો તો પણ રોગ આયા બિના રહે નહિ. એટલે ઉસકો પાપકો હી રોગ કહતે હૈં.

'दुःखधाम'—લ્યો એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, કામ, ક્રોધ, માન (શ્રોતા : પાપ કરે ને પૈસા મળે તો દુઃખધામ કેમ કહેવાય?) પૈસા મળે, ક્યાં મળે છે? ભાવ કરે છે એ છે ભાવ. ભાવ તો પાપ હૈ દુઃખધામ હૈ. એ તો પૂર્વકા પુણ્યકા ફળ હૈ વો તો સંયોગ, એ તો જડ હૈ પણ એના ભાવમેં જો રળનેકા કમાનેકા ભાવ હૈ, વો તો દુઃખધામ હૈ. (શ્રોતા : કમાનેકા ભાવ એ દુઃખધામ કે રોટલા ખાવાના ભાવ?) રોટલા ખાવાનો ભાવ એ પાપ અને કમાનેકા ભાવ એ પાપ. આ વકીલાત કરનેકા ભાવ પાપ. (શ્રોતા : ઈ તો મોટું પાપ).

રામજીભાઈ ત્રીસ વર્ષ પહેલાં એક દિનકા ૨૦૦ રૂા. લેતે થે વકીલાતમેં કોર્ટમેં. ત્રીસ વર્ષ પહેલાં હોં, અભી વો કિંમત પૈસા ઘટ ગયા. દોસો રૂપિયા. વકીલાત થી વો પાપ થા એકલા. (શ્રોતા : અત્યારના પાંચ—છ હજાર) અત્યારે તો એમના દીકરા આઠ હજાર લાવે છે, તો ય કહે ના એના કરતાં હું વધારે લાવતો, એમ કહે છે. (શ્રોતા : એ તો મહિનાના આઠ, આ તો રોજના બસો ૨૦૦ રૂા.) રોજના બસો રૂપિયા. ઈ વાત સાચી. અત્યારે પૈસા ઘટ ગયા. પહેલાના સોળ લાખ અને અભીના એક લાખ, ઐસી કિંમત ઘટ ગઈ. (શ્રોતા : માણસની ય કિંમત ઘટી ગઈ) આહાહા! 'દુઃખધામ' આહાહા!

'સુખધામ અનંત સુશંત ચહી' આવે છે ને શ્રીમદ્‌માં. અહીંયા તો પાપ તો દુઃખધામ હૈ, દુઃખનાં સ્થાન હૈ, દુઃખને ઠેકાણે લઈ જનારા દુઃખધામ હૈ. આહાહા! કહો, આ બુદ્ધિયું અને કળા હૈ ને! બધા દેખો લ્યો. અમેરિકામાં એક વો હૈ ને વો કસાઈ, એક માઈલ—દોઢ માઈલમાં કારખાનું છે કસાઈનું અમેરિકામાં કાપવાનું (શ્રોતા : પણ એવી રીતે કાપે કે દુઃખ ન થાય) દુઃખ ન થાય એ હોય એ તો આમ, આમ મૂકે ફટ ઊંચા કરી લે. મહા પાપ દુઃખધામ હૈ. અત્યારે એને ભાન નથી પણ પરિણામ જ દુઃખધામ હૈ અને દુઃખનાં ધામમેં જાયેગા. આહાહા! સમજમેં આયા?

'कलिल'—મેલ હૈ. પાપ તો કલિલ–મેલ હૈ. 'कलुष'—કલુષ દુઃખદાયક પરિણામ હૈ. કલુષ મેલાં પરિણામ હૈ. 'किल्विष'—લ્યો કિલ્વિષ કહતે હૈં. વો હલકા દેવ હોતા હૈ ને ઉસકો કિલ્વિખ કહતે હૈં દેવ. આહીં કિલ્વિષ મેલાં પરિણામ. 'दूरित'—ભૂંડી રીત, ખોટી રીત, જૂઠ્ઠી રીત. પાપ એ જૂઠ્ઠી રીત હૈ. પુણ્યકો 'सुकृत' કહ્યા થા વ્યવહારે, છે ને! ઔર 'अशुभ' કરમકા નામ લ્યો, વો સબ અશુભ કર્મકા નામ હૈ. હવે

મોક્ષનાં નામ

सिद्धक्षेत्र त्रिभुवनमुकुट, शिवथल अविचलथान।
मोख मुकति वैकुंठ सिव, पंचमगति निरवान॥४२॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–સિદ્ધક્ષેત્ર, ત્રિભુવનમુકુટ, શિવથલ, અવિચળસ્થાન, મોક્ષ, મુક્તિ, વૈકુંઠ, શિવ, પંચમગતિ, નિર્વાણ—એ મોક્ષનાં નામ છે. ૪૨

**अर्थ** :–सिद्धक्षेत्र, त्रिभुवनमुकुट, शिवथल, अविचलस्थान, मोक्ष, मुक्ति, वैकुंठ, शिव, पंचमगति, निर्वाण–ये मोक्षके नाम हैं॥४२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'सिद्धक्षेत्र'—અપના આત્મા પૂર્ણ પવિત્ર હો જાય અપના ક્ષેત્ર, વો હી સિદ્ધક્ષેત્ર હૈ. ઔર ઉપર જાતે હૈં વો વ્યવહાર સિદ્ધક્ષેત્ર હૈ, લોકકે અંત. અહીંયા એ આત્મા મુક્તિ તો યહાં હોતી હૈ. શરીરમેં શરીરસે રાગસે ભિન્ન હોકર કેવલજ્ઞાન અને કેવલદર્શન આદિ પર્યાય તો યહાં હી હોતી હૈ. આત્મામેં પૂર્ણ, ઉસકા નામ યહાં સિદ્ધક્ષેત્ર કહતે હૈં. અપના અસંખ્ય પ્રદેશ એ સિદ્ધક્ષેત્ર નિર્મળ હૈ. ઔર યહાંસે ઉર્ધ્વગતિ જાતે હૈં સિદ્ધ લોકાંતે, વો વ્યવહાર સિદ્ધક્ષેત્ર હૈ. અરૂપી આનંદકંદ અપના અસંખ્યપ્રદેશમેં ત્યાં બિરાજતે હૈં આત્મા, વો સિદ્ધક્ષેત્ર હૈ. 'त्रिभुवनमुकुट'—વ્યવહાર લિયા. સિદ્ધભગવાન લોક કે અંતે હૈ. જૈસા ધૂમ હૈ વો ઉપર ચલે જાતે હૈં. ઐસે મૂંગફલી હો ઔર જબ ફલી તૂટે ઔર મૂંગ ફટ ઊંચે જાતા હૈ. ઐસે દેહ છૂટ જાયે તો આત્મા ત્રિભુવનમુગુટ ત્રણ લોક કે ઉપર રહતે હૈં.

ત્રિભુવન–અધો, મધ્ય અને ઉર્ધ્વ. ત્રણ ભવનનાં મુગટસે સિદ્ધકો મોક્ષ કહતે હૈં. આહા! વો ત્રિભુવનમુગટ છે શું ઓલા? ત્રિભુવનતિલક (શ્રોતા : હા મંદિર છે) મંદિર. મંદિર નહિ? (શ્રોતા : મુડબિદ્રિ) મુડબિદ્રિ. બડા મંદિર હૈં ને ત્રિભુવનતિલક. ગયેને દો બાર ગયે હમ તો ત્યાં. સારા સંઘ હિન્દુસ્તાનમેં ગયે સબ. કોઈક ક્ષેત્ર બાકી રહી ગયા હોગા કો'ક જાત્રાનો હોં. ત્રિભુવનતિલક નહીં? હતા કે નહિ? (શ્રોતા : ત્રિભુવનતિલક ચુડામણિ) હા, શું કીધું? ત્રિભુવનતિલક ચુડામણિ નામ છે, સાચી વાત છે. બડા મંદિર

હૈ ભગવાન (શ્રોતા : બહોત લંબા હૈ એક હજાર થાંભલા હૈ) બહોત ખંભા હૈ ત્રિભુવનતિલક ચુડામણિ કહે છે કે ત્રિભુવન મુગટ તો મોક્ષકો કહતે હૈં. સમજમેં આયા?

'शिवथल'—શિવ નામ આનંદકા સ્થળ. શિવ નામ શંકર નામ. શંકર નામ સુખ....સુખકા સ્થળ હૈ આત્મા, ઉસકો મોક્ષ કહતે હૈં. શિવ નામ નિરુપદ્રવ–જિસમેં રાગ આદિકા ઉપદ્રવ નહિ. એકલા આનંદકા ભાન અને અંતર રમના એ આત્માકો જહાં રહતે હૈં, ઉસકો યહાં 'शिवथल કહતે હૈં. પણ ઐસે આત્માકી દશાકો શિવથલ હોં. કાંઈ કોઈ દેવ–દેવીયાં ને હૈ ને ઐસા નહિ હૈ ત્યાં. 'अविचलथान'—એ થોડું કાલ હાલશે પછી એને પાંચમનું કાંઈ મુહૂર્ત કરવાનું છે. આ જીવ(દ્વાર)નું મુહૂર્ત તમારે ત્યાં થાશે, એમ લાગે છે. શરૂઆત આ....આ તો ભૂમિકા હૈ ને 'अविचलथान'—સિદ્ધક્ષેત્ર તો અવિચળથાન હૈ, ન્યાંથી કભી છૂટતે નહિ. આહાહા! ગતિ હૈ પણ એ આ ગતિ નહિ. ત્યાં જાતે હૈં ત્યાંથી નિકલતે નહિ. ઐસી આત્માકી પૂર્ણ દશા મોક્ષ શુદ્ધ પવિત્ર દશા ઉસકો અવિચલથાન કહતે હૈં, ઉસકો મોક્ષ કહતે હૈં, ઉસકો મુક્તિ કહતે હૈં.

લ્યો, આ ઉસકો 'वैकुंठ' કહતે હૈં. 'वैकुंठ' દૂસરા કોઈ ચીજ નહિ હૈ. આત્માકી પરમ શુદ્ધ આનંદ દશાકી પ્રાપ્તિ–જિસ સ્થળમેં રહતે હૈ ઉસકો વૈકુંઠ કહનેમેં આતા હૈ. ત્યાં કોઈ દેવ હૈ ને ઉસકી કોઈ સેવા કરતે હૈં ને ઐસા કોઈ હૈ નહિ. ઔર વો पंचमगति કહતે હૈં ઉસકો લ્યો. 'सिव...सिव' ને 'पंचमगति'. આ ચાર ગતિ હૈ ને નરકગતિ, પશુગતિ, મનુષ્યગતિ, દેવગતિ—ચાર ગતિ હૈ. ઉસસે પંચમગતિ હૈ વો. તદ્દન આત્મા અક્રિય રાગરહિત હોકર અપના પૂર્ણ આનંદકી પ્રાપ્તિ હોકર જો સ્થળમેં રહતે હૈં ઉસકો 'पंचमगति' કહતે હૈં ઔર ઉસકો 'निरवान' કહતે હૈં લ્યો. શીતળીભૂત હો ગયા શાંત આનંદમય. ઉપદ્રવ અને અકલ્યાણભાવ રહા નહિ. ઐસા ભાવકો મોક્ષકી પર્યાયકો મોક્ષ કહતે હૈં ને સ્થળ કો ભી મોક્ષ કહતે હૈં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

## પ્રવચન નં. ૧૪, મહા સુદ ૪, શનિવાર, તા. ૩૦-૧-૧૯૭૧
## ઉત્થાનિકા પદ નં. ૪૩ થી ૫૧ પર પ્રવચન

નાટક ચલતે હૈ, બનારસીદાસ. કુંદકુંદઆચાર્ય કા શ્લોક મેં સે ટીકા બનાયી અમૃતચંદ્રાચાર્યને. ઉન્હોંને કલશ બનાયે, કળશમેંસે યહ પદ્ય બનાયા. શરૂઆત હૈ ના આ તો! ઉત્થાનિકા-ભૂમિકા હૈ ભૂમિકા. જીવ અજીવ અધિકાર તો પીછે શુરૂ હોગા, આ તો ઉસકી ભૂમિકા પ્રવેશ કરતે હૈ કી ઐસે ઐસે નામ સે પિછાનના. મોક્ષકા નામ આ ગયા હૈ ૪૨ (શ્લોક) હૈ ન! તૈંતાલીસ (૪૩ શ્લોક) બુદ્ધિ કે નામ.

प्रज्ञाप्रज्ञा धिसना सेमुसी, धी मेघा मति बुद्धि।
सुरति मनीषा चेतना, आसय अंश विसुद्धि॥४३॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–પ્રજ્ઞા, ધિષણા, સેમુષી, ધી, મેઘા, મતિ, બુદ્ધિ, સુરતી, મનીષા, ચેતના, આશય, અંશ અને વિશુદ્ધિ–એ બુદ્ધિના નામ છે. ૪૩

**अर्थ** :–प्रज्ञा, धिषणा, सेमुषी, धी, मेघा, मति, बुद्धि, सुरती, मनीषा, चेतना, आशय, अंश और विशुद्धि–ये बुद्धिके नाम हैं॥४३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'प्रज्ञा', પ્રજ્ઞા બુદ્ધિ કા નામ હૈ. પ્રજ્ઞા છીણી, પહેલે શબ્દ આયા દેખો. જો જ્ઞાન સે રાગાદિ ભિન્ન હોતા હૈ, આત્મા ઉસકા નામ પ્રજ્ઞા. અપના સ્વભાવ ચૈતન્ય નિર્મળ ઔર પુણ્ય પાપ કે વિકલ્પમેં સંધી હૈ દો કે બીચમેં, ઉસમેં પ્રજ્ઞા(છીણી) પડતી હૈ. રાગસે અપના આત્મા ભિન્ન અનુભવમેં આવે ઉસકો પ્રજ્ઞા અથવા બુદ્ધિ કહેનેમેં આતા હૈ. દુનિયાની બુદ્ધિ એ નહીં, એમ કહતે હૈ. આ દુનિયાની, આ વકિલાતની, આની આ મોટરના પાર્ટ્સની અને આના આ વાસણની એ બધી બુદ્ધિ, બુદ્ધિ નહીં. આ શેઠની બીડીની, વાઘ બીડી. પ્રજ્ઞા-પ્ર-વિશેષે–જ્ઞ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મલ સ્વરૂપ રાગ સે ધિ દ્વારા ભિન્ન કરતા હૈ, ઉસકો બુદ્ધિ અથવા પ્રજ્ઞા કહેને મેં આતા હૈ. શાસ્ત્રમેં તો પહેલા બોલ દિયા હૈ. સમજમેં આયા? પંડિતજી! પ્રજ્ઞા ઇસકો કહતે હૈ; બુદ્ધિ કા નામ હૈ. પર બુદ્ધિ ક્યા? જો બુદ્ધિ અપને રાગાદિસે ભિન્ન કરકે અપને સ્વરૂપ કા અનુભવ કરે, વો બુદ્ધિ ઉસકો પ્રજ્ઞા કહતે હૈ.

'धिसना'. ધિ પણ બુદ્ધિ. 'धिसना' આખ્ખો શબ્દ લીધો છે. તમારા પંડિતજીએ ખુલાસો ન કર્યો 'धिसना'નો. કારણ અમારા પંડિતે સબને પૂછ્યા હૈ, શબ્દાર્થમેં, સબમેં. તો ઉસને પૂછા હૈ ધિષના ક્યા? ઉત્તર ન દિયા. 'धिसना' ધિ નામ બુદ્ધિ, જીસમેં રાગસે–પરસે ભિન્ન કરે, છણી નાખે, ઉસકા નામ 'धिसना' કહતે હૈ. સમજમેં આયા? ટોપરાપાક કરતે હૈ ને. ટોપરા, (શ્રોતા : ખમણી) ખમણ. ઉપરસે છાલા નિકાલ દેતે હૈ ઔર ભિન્ન ચીજ પડ જાતી હૈ. ઐસે રાગાદિ કો ભિન્ન કરને છણે જો બુદ્ધિ, રાગાદિકો નિકાલ દે છોથા ઔર અપના સ્વભાવકી દૃષ્ટિ કરે, ઉસકા નામ 'धिसना' કહને મેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? ક્યાં ગયા ભૂષણદાસ, ગયા? પાલીતાણા ગયા.

'सेमुषी', સેમુષી છે. આમાં છે સેમુષી સેમુષી—ઓલામાં સેમુસી કહ્યું છે. ધિસના ને સેમુષી—એનો કાંઈ અર્થ આપણને બરાબર આવડતો નથી, સેમુષી. શબ્દાર્થ, વ્યાકરણમેં. અમારા પંડિતજી વ્યાકરણવાળા હૈ, એ તો કહતે હૈ કે શબ્દ આતા હૈ, અચ્છા. સેમુષી–જીસકી બુદ્ધિસે અપના સ્વભાવ સન્મુખ હો, વો બુદ્ધિ કો સેમુષી કહતે હૈ. આહાહા! શરીર, વાણી મન તો જડ હૈ. પુણ્ય પાપ કા ભાવ રાગ હૈ વહ તો આસ્રવ હૈ, ઉસસે સન્મુખ રહેના વહ બુદ્ધિ નહીં. અપના સ્વભાવ સન્મુખ હોના, ઉસકો યહાઁ સેમુષી બુદ્ધિ કહતે હૈ. કહો શેઠ! આ બાળક બીડીમેં બુદ્ધિમેં લગાયી વહ બુદ્ધિ નહીં, એમ કહતે હૈ. ભાઈ લાલચંદજી! ઐસે હૈ ભૈયા! આહાહા! બધું કરીને કરના તો વો હૈ બુદ્ધિમેંસે. સ્વભાવ ચિદાનંદ ભગવાન અનાકુળ આનંદકા ધામ ભગવાન આત્મા હૈ, વો સન્મુખ બુદ્ધિ હો ઉસકા નામ સેમુષી બુદ્ધિ કહતે હૈ બુદ્ધિકો. આહાહા! સમજમેં આયા? રાગને, પુણ્યને, પાપને પર વો સન્મુખ બુદ્ધિ તો અનાદિસે ચલી આતી હૈ, વો અજ્ઞાન હૈ.

'धी' ધી કો હી બુદ્ધિ કહતે હૈ. ધી ધીરતી તે રિદ્ધિ અપના શુદ્ધ ચૈતન્યમેં જો બુદ્ધિ ધ્યેય કરકે રહે, ઉસકા નામ ધી કહતે હૈ. ધ્યેય જો ધી ધ્યેય ઉપર લક્ષ કરકે રહે ઉસકા નામ ધી. આહાહા! જુઓ, આ 'નાટક સમયસાર'. બનારસીદાસ પહેલે તો બહોત શ્રૃંગારી થે, વ્યભિચારી થે, પીછે સત્સંગ હુઆ, પલટ ગયે એકદમ. શ્રૃંગારી પુસ્તક ડાલ દિયા ગંગામેં. આહાહા! અંતરદૃષ્ટિસે બનાયા હૈ શાસ્ત્ર. કહતે હૈ કિ ધી, ધી નામ બુદ્ધિ. પણ વો ધી કીસકો કહતે હૈ બુદ્ધિકો? બુ....ધી, પર યહાઁ એકલા ધી રખા. અખંડ પરમાત્મા નિજ સ્વરૂપમેં જો બુદ્ધિકા ધ્યેય કરકે રહે, ધ્યેય બનાવે ઉસકા નામ ધી નામ બુદ્ધિ કહતે હૈ. શેઠ! આવો માર્ગ છે. કભી વાંચ્યા હીં નહીં આ, વાંચે નહીં....કભી વાંચ્યા હૈ 'સમયસાર નાટક'?

પહેલે તો બહોત થે ને ભૈયા, બહોત છપ ગયા હૈ પહેલે તો. બહોત વરસસે ચલતા હૈ. બનારસીદાસકા હૈ. બહોત છપતે હૈ. હમ તો બહોત વર્ષસે દેખા હૈ, ૭૮કી

સાલસે દેખા હૈ. 'સમયસાર નાટક' ૭૮કી સાલસે દેખા હૈ. ૭૮ કીતના બરસ હુઆ! ઓગણપચાસ વરસ હુઆ, પચાસમેં એક કમ. તબ દામનગરમેં થા, સારા દેખા, 'સમયસાર નાટક'. અભી નયા છપતે હૈ તો નઈ પુસ્તક છપતે હૈ, પર ભાવ તો, વો ચીજ તો પહેલે સે હી હૈ. આહાહા! કહતે હૈ કી ધી, વહ બુદ્ધિકા નામ હૈ ઉસકા નામ બુદ્ધિ કહતે હૈ. આહાહા! ભગવાન 'मेधा'—ડહાપણ. મેધા નામ ડહાપણ કહતે હૈ ને, બુદ્ધિકો ડહાપણ કહતે હૈ પણ વો જો ડહાપણ....ડહાપણ ક્યા કહતે હૈ હિન્દીમેં? શાણપણા.... શાણપણા ઈસકો કહતે હૈ બુદ્ધિકો, જો આત્માકા જ્ઞાન કરે વો બુદ્ધિકો શાણપણા કહતે હૈ. દુસરા કો પાગલપના કહતે હૈ. પાગલ પાગલ. સમજમેં આયા? આહાહા! 'मेधा'.

'मति' બુદ્ધિ કો મતિ કહતે હૈ. અહીં મતિ ધર્મકા અર્થ મેં હૈ હોં. નહીંતર વો મતિ આતે હૈ, આપણે ભાઈ અધ્યવસાયના નામમાં. બંધ અધિકારમાં. આઠ નામ આવે છે ને પણ એ અજ્ઞાનબુદ્ધિ, એ અજ્ઞાનની બુદ્ધિ, બેની એકતાની બુદ્ધિ. આ મતિ પરસે ભિન્ન પાડને કી બુદ્ધિ. આહાહા! મતિ—અંદર સ્વરૂપમેં જો મતિજ્ઞાન રાગસે ભિન્ન કર અપના સ્વરૂપમેં લગા દે, ઉસકા નામ બુદ્ધિકા નામ મતિ કહેનેમેં આતા હૈ ઔર મતિ ઐસી ગતિ. સમજમેં આયા? મતિ સ્વરૂપ તરફ હૈ તો ઉસકી ગતિ મોક્ષ હોગી.

જો રાગ તરફ મતિ હૈ, ઉસકો વહ મતિ યથાર્થ મતિ હૈ હી નહીં. વિકાર તરફ જો ગતિ હૈ ઉસકી મતિ વો ચાર ગતિ રખડને મેં હૈ. સમજમેં આયા? પણ 'પરમાર્થપ્રકાશ'માં આવે છે ને ભાઈ. 'પરમાર્થપ્રકાશ'માં, 'મતિ એવી ગતિ', શ્લોક હૈ. અપના શુદ્ધ સ્વરૂપકી ઓર મતિ ગઈ હૈ, વો રાગસે ભિન્ન કરકે, તો ઉસકી ગતિ મોક્ષ હી હોતી હૈ. આહાહા! જો મતિ રાગ દ્વેષમેં એકત્વ હો વહ મતિ કો કુબુદ્ધિ કહતે હૈ. પંડિતજી! શાસ્ત્રકા ભિન્ન ભિન્ન પ્રોફેસર, શું કહેવાય એ બધું તમારું સંસ્કૃત. ઐસી બાત હૈ ભગવાન! આહાહા!

'बुद्धि', લ્યો બુદ્ધિનું નામ બુદ્ધિ પાછું આવ્યું ને. 'બુદ્ધિ' વો, 'બુદ્ધતી ઈતિ બુદ્ધિ'. જો અપના આત્માકો જાણે ઉસકી બુદ્ધિ, બાકી પરકા આત્માકો જાણે વો બુદ્ધિ, વો બુદ્ધિ નહીં. સમજમેં આયા? 'सुरती' બુદ્ધિકા નામ સુરતી. અપના શુદ્ધ આનંદમેં રમે વો સુરતી, વો બુદ્ધિ કહતે હૈ. આહાહા! ભારે! નાટકકારે પણ, નાટકમેં આતે હૈ ન પહેલે પ્રવેશ. પ્રવેશમેં બતાતે હૈ, પાત્ર કો બતાતે હૈ, ઐસા હૈ, ઐસા હૈ. પીછે નાટક આતે હૈ. પહેલે નાટક દેખા થા. બહોત વર્ષ પહેલે. વડોદરા બડા નાટક થા. હમારા પાલેજમેં દુકાનથી ને! તો ત્યાં ગયે થે. બરોડા હૈ ન બરોડા, ત્યાં એ નાટક થા અનુસુયા, બડા નાટક થા. બડા થિયેટર થા. પણ ચૌસઠકી સાલકી બાત હૈ. ચૌસઠ, સંવત ઓગણીસો ચોસઠ. કિતના વર્ષ હુઆ? ત્રેસઠ હુઆ.

તો ત્યાં દુકાનથી ને હમારી, ત્યાં ગુજરાતમેં. ત્યાં ગયે થે એકવાર તો નાટક દેખા થા પહેલે આયા થા નારદ. નારદ આયા પહેલે બડા નાટક થા હોં બારહ આને કા ટિકિટ. પુસ્તક લેકર હમ નજીક બેઠતે થે. ક્યા બોલતે હૈ વો સમજ્યા વિના અમારે શું પણ નાટક જોવું? કીધું લાવો, ચોપડી લાવો, ચોપડી કી કિમત અંદર, બારહ આને કી ટીકીટ. એ વખતે હોં, ચોસઠકી સાલ. આ નારદ આયા. 'બ્રહ્માપુત્ર હું નારદ કહાઉં, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું,' એ પ્રવેશ એનો. ઐસે નાટકમેં ઐસે આતે હૈ પહેલે નાટકમેં. (શ્રોતા : સ્પષ્ટ વક્તા કહેવાય). બ્રહ્માપુત્ર હું નારદ કહાઉં. હાથમાં વિણા, ચોટલી, બ્રહ્મચારી હોં. જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું, ઐસા આયા થા.

એમ અહીંયા પ્રવેશ અહીંયા પ્રવેશમેં, મતિકા પ્રવેશ હૈ કે જ્યાં એકબુદ્ધિ હૈ ત્યાં મેં તોડા ડાલતા હું. ઉસકા નામ યહાઁ બુદ્ધિ કહનેમેં અથવા સુરતી કહેનેમેં આતા હૈ. આહાહા! સુરતી રાગમેં રતિ એ કુબુદ્ધિ હૈ. સ્વભાવમેં રતિ વો સુબુદ્ધિ હૈ. આહાહા! ગૃહસ્થાશ્રમમેં થે હોં આ બનારસીદાસ. પહેલે વ્યભિચારી થા પીછે સુધરી ગયા. બાયડી છોકરા થા, પીછે સબ ગુજરી ગયા. નવ બાળક થા, સબ ગુજરી ગયા. પણ ઐસા તત્ત્વકી દૃષ્ટિકા સ્પષ્ટ થા. બડે કવિ, જબ્બર કવિ, દિગંબર અધ્યાત્મ કવિ.

સુરતી 'मनीषा'–વિચારક. મનીષા હૈ ને મનીષા નામ વિચારક. મનીષ....મનીષ નામ નહીં દેતે હૈ. મનીષ હૈ ન આપણા રતિભાઈનો ભાણેજ છે. પ્રવીણભાઈનો દીકરો છે. અહીં લખે છે. નહીં? મનીષ નામ મનીષ. વિચારક મનીષી નામ વિચારક હૈ. મૈં કોણ? પર કોણ? ઐસા વિચાર કરનેવાલે કો મનીષ નામ બુદ્ધિવંત કહતે હૈ. 'चेतना', દેખો બુદ્ધિ કો ચેતના કહતે હૈ. અપના ચેતના સ્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવ ઉસમેં જો બુદ્ધિ ઘુસ જાયે તો ઉસકો ચેતના કહતે હૈ. સમજમેં આયા?

'आशय' જુઓ, આશય લીધો ભઈ આમાં. નહિતર આશય તો અભિપ્રાયનું નામ છે, પણ અહીં બુદ્ધિને આશય કહેવામાં આવે છે. મારો, મારો આશય આ છે, એમ કહતે હૈ ને! મેરા આશય આ હૈ, કહતે હૈ કિ નહીં. મેરા કહેનેકા અભિપ્રાય આ હૈ. એમ કીધુને ભૈયા! ભાષણ દેતે હૈ તો ઉસમેં કહતે હૈ, મેરા કહનેકા અભિપ્રાય યહ હૈ. એમ અહીં આશય મતિકો આશય કહતે હૈ. ઉસકા આશય અપના સ્વરૂપ કો પૂર્ણ માનના, ઉસકા નામ મતિ ને આશય કહનેમેં આતા હૈ.

'अंश' બુદ્ધિ અંશ હૈ ને ત્રિકાળી, ફિર ભી એક સમયની દશા. કેવળજ્ઞાન એક સમયકી દશા હૈ. તો મતિ જો સ્વ સન્મુખકી દૃષ્ટિ હૈ જ્ઞાનકી, વો ભી એક સમયકા અંશ હૈ, વો અંશ હૈ. પર્યાય કો અંશ કહનેમેં આતા હૈ. ઔર ત્રિકાળી ભગવાન અંશી હૈ.

પૂર્ણાનંદકા નાથ સ્વરૂપે અંશી હૈ ઔર જો મતિ બુદ્ધિ હૈ ઉસકો અંશ કહનેમેં આયા. પર વો અંશ, અંશી તરફ વળે તો અંશ કહેનેમેં આતા હૈ.

'વિશુદ્ધિ', જુઓ વિશુદ્ધિના ત્રણ પ્રકાર હૈ. એક વિશુદ્ધિ શુભ ભાવકો ભી કહતે હૈ; એક વિશુદ્ધિ શુદ્ધ ભાવકો ભી કહતે હૈ. સમજમેં આયા? તો અહીંયા તો શુદ્ધકા અર્થમાં વિશુદ્ધિ હૈ. અંતર તરફકી બુદ્ધિમેં વિશુદ્ધિ હો, નિર્મળતા, બુદ્ધિમેં અપના સ્વભાવકા અવલંબન લેકર વિશુદ્ધિ પર્યાયમેં હો, વો બુદ્ધિકો વિશુદ્ધિ કહેનેમેં આતા હૈ. બાકી શુભ કો વિશુદ્ધિ કહતે હૈ ઔર પૂર્ણ શુદ્ધ થાય ઉસકો ભી વિશુદ્ધિ કહતે હૈ. ૪૩ (શ્લોક).

૪૪ (શ્લોક) વિચક્ષણ પુરૂષના નામ. પંડિત પુરૂષના નામ. નિગમની વ્યાખ્યામાં આવી ગઈ છે. ભાઈ, 'નિગમ', નિગમ ભાઈ આપણને આમાં છે. નિગમકો નાટક પરમ પરમ હૈ રસ પોષ હૈ, એ પાછળ આવશે. એ પાછળ છેલ્લો બોલ છે ને? છેલ્લા બોલમાં એકાવનમાં. નિગમ કો નાટક નિગમ શબ્દ જ આત્મા છે. શુદ્ધ આત્માકો નાટક, છે ને! નિગમ ઈ નિગમ કહતે હૈ. આત્માકો નિગમ, પહેલે કહા થા ના! નિગમ–નિગમ નામ શુદ્ધ આત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદ આનંદકંદ ઉસકો હી નિગમ કહતે હૈ ઔર નિગમકા નાટક હમ કહતે હૈ. પરમ રસપોષ, પીછે આયેગા. અપના આનંદકા પોષક ઐસા સ્વભાવ, ઐસા આત્મા ઉસકા નાટક કહુઁગા. વો આત્મા કો નિગમ કહેનેમેં આતા હૈ.

**निपुन विवच्छन विबुध बुध, विद्याधर विद्वान।**
**पटु प्रवीन पंडित चतुर, सुधी सुजन मतिमान॥४४॥**

**कलावंत कोविद कुसल, सुमन दच्छ धीमंत।**
**ज्ञाता सज्ञन ब्रह्मविद, तज्ञ गुनीजन संत॥४५॥**

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–નિપુણ, વિચક્ષણ, વિબુધ, બુદ્ધ, વિદ્યાધર, વિદ્વાન, પટુ, પ્રવીણ, પંડિત, ચતુર, સુધી, સુજન, મતિમાન. ૪૪

કળાવંત, કોવિદ, કુશળ, સુમન, દક્ષ, ધીમંત, જ્ઞાતા, સજ્જન, બ્રહ્મવિત, તજ્ઞ, ગુણીજન, સંત–એ વિદ્વાન પુરુષનાં નામ છે. ૪૫

**अर्थ** :–निपुण, विचक्षण, विबुध, बुद्ध, विद्याधर, विद्वान, पटु, प्रवीण, पंडित, चतुर, सुधी, सुजन, मतिमान, कलावन्त, कोविद, कुशल, सुमन, दक्ष, धीमन्त, ज्ञाता, सज्ञन, ब्रह्मवित्, तज्ञ, गुणीजन और सन्त, ये विद्वान पुरुषके नाम हैं॥४४-४५॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ આ સંત પણ જ્ઞાનીકો કહેનેમેં આતા હૈ. 'निपुन'. એ પ્રવીણ હૈ અપના આત્મા ઔર વિકારકો ભિન્ન પાડ કરકે અપની પ્રવીણતા પ્રસિદ્ધ કીયા. આહાહા! ભાઈ ભારે! અભ્યાસ જોઈએ આ તો અભ્યાસ, દુનિયાનો અભ્યાસ ઈ તો દુસરા હૈ. આ તો દુસરી ચીજ હૈ. જીસકો જન્મ મરણ રહિત કરના હો ઔર દુ:ખસે ચૌરાશીકા અવતારમેં સે ભિન્ન કરના હો ઐસી બાત હૈ. અભ્યાસ નહીં તો ઉસકો યે સમજમેં વાર લાગે, સમજના તો પડેગા. આ બિના ઉસકા ઉદ્ધાર જન્મ મરણ સે હોતા નહીં. નિપુણ પુરુષ કહેનેમેં આતા હૈ. દેખો, આ સંસારના નિપુણ, ડાહ્યા, ડાહ્યા કહતે હૈ, એ નહીં. શાણા, સંસાર કા શાણા કહતે હૈ ને! એ ભગવાનદાસજી! તમને ઓલા પૈસાવાળાને બહુ માખણ ચોપડે લોકો. કેવા ડાહ્યા છે, શાણા છે ને બુદ્ધિવાળા છે ને. અહીં તો કહે, નિપુણ તો ઉસકો કહતે હૈ કે પરમાત્મા એ જો આત્મા આનંદસ્વરૂપ કહા, ઉસમેં જો નિપુણ નામ પ્રવીણ હો, ઉસે નિપુણ કહેનેમેં આતા હૈ. આહાહા!! સમજમેં આયા? વો નિપુણ હૈ. અપની કિંમત કરી જાણે. હીરાની, માણેકની કિંમત કરતે હૈ ને! પરખ્યા માણેક મોતીયા પરખ્યા હેમ કપૂર, એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ'. આત્મા ક્યા હૈ, ઉસકી પરીક્ષા કભી કીયા નહીં.

'નિપુણ', પહેલો શબ્દ આવ્યો. બુદ્ધિમાં પહેલી પ્રજ્ઞા હતી. આ તો નિપુણ પુરુષ છે. આ પ્રવીણ પુરૂષ છે, શાણા પુરૂષ છે. ઉસકા અર્થ, જો અપની ચીજ હૈ ઉસમેં નિપુણ હૈ. નિપુણતા, યે હી નિપુણતા હૈ ઔર બાકી નિપુણતા હૈ હી નહીં. આહાહા! દુનિયાના ડહાપણ કરે ને ઐસા ને ફૈસાને આ ને તે. કહો, આ કારીગરની બુદ્ધિયું. ચંદ્રકાન્તજી! બધું એ અનિપુણ હૈ. આહાહા! નિપુણતા તો ઉસકો કહતે હૈ, ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ ઘન, ઉસકી બુદ્ધિ પ્રગટ હુઈ વો નિપુણ પુરુષ હૈ. પીછે શાસ્ત્રકા જ્ઞાન ઓછાવત્તા હો થોડા ઘણાં, ઉસકે સાથ સંબંધ નહીં. આ આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જો કહા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એ આત્મામેં જો નિપુણ હુઆ જાણકાર હુઆ, વો નિપુણ હૈ, જુઓ આ સંસ્કૃત, વ્યાકરણ જાણકાર નિપુણ નહીં કહતે હૈ, ઈ તો ઐસે કહતે હૈ.

'विचच्छन', એ વિચિક્ષણ ઉસકો કહતે હૈ. દુનિયાની કળા કળી જાય, એ વિચિક્ષણ નહીં. અપની ચીજ કો કળી લે એ વિચિક્ષણ હૈ, એમ કહતે હૈ. આહાહા! વિચિક્ષણ પુરૂષ છે ભાઈ! (શ્રોતા : સમજાય નહીં એવો). અપના શુદ્ધસ્વરૂપ અનંત ગુણકા પીંડ ચૈતન્યપ્રભુ અતીન્દ્રિય આનંદ, ઉસકા જો જ્ઞાન રખતે હૈ ઉસકા નામ વિચિક્ષણ કહતે હૈ. દુનિયામેં તો બહોત વિચિક્ષણ કા નામ આતે હૈ. આ તો બડા વિચિક્ષણ હૈ, ઐસા ને વૈસા બધા વિચિક્ષણ, વિચિક્ષણ વો હી હૈ.

'વિબુદ્ધ'—વિશેષે જાનનેવાલા. વિ....બુદ્ધ, વો પંડિત કા નામ હૈ. વિબુદ્ધ હૈ, સમ્યગ્દૃષ્ટિ વિબુદ્ધ હૈ. આહાહા! જૈસે આત્મા ત્રિકાળશુદ્ધ રાગસે રહિત શરીરસે રહિત, ઉસકા બોધ કીયા વો વિબુદ્ધ હૈ, એ વિશેષે બુદ્ધિવાલા હૈ. આહાહા! આ તો સંસ્કૃત ભણતે હૈ, ભણે ઉસકો વિબુદ્ધ કહતે હૈ ને. પંડિતકો વિબુદ્ધ કહતે હૈ, એ નહીં. આ તો અંતર કા ભાન કરે ઉસકા નામ વિબુદ્ધ હૈ. 'बुद्ध', 'બુધ્યતે ઇતિ બુદ્ધ'. અપના શુદ્ધ આનંદ સ્વભાવકો જાણે, ઉસકા નામ બુદ્ધ પુરૂષ કહેને મેં આતા હૈ. 'विद्याधर' આ વિદ્યાધર, વો વિદ્યાધર હૈ વો નહીં. વો વૈતાલ પર્વત પર હૈ ને, વૈતાલ પર્વત પર વિદ્યાધર રહેતે હૈ, પંચાવન નગરી હૈ, એ વિદ્યાધર લૌકિકકા વિદ્યાધર. આ તો અપના વિદ્યા ચિદાનંદ સ્વરૂપકી વિદ્યમાન ચીજ ત્રિકાળી ધ્રુવ, ઉસકી વિદ્યા રખનેવાલા કો વિદ્યાધર કહતે હૈ. વિદ્યાધર, જો વિદ્યા વિદ્યમાન ચીજ ત્રિકાળી ધ્રુવકો જાણે, ઉસકા નામ વિદ્યા ને વો વિદ્યાકો ધરનેવાલા વિદ્યાધર. આહાહા!

'વિદ્વાન.' જુઓ આ ઉસકો 'विद्वान' કહતે હૈ, પ્રોફેસરજી! સમયસાર નાટક પ્રવેશ કરનેમેં ઐસા બોલ આયેગા, ત્યાં ત્યાં વિચક્ષણકા ઐસા અર્થ સમજના. વિદ્વાન—વિદ્+વાન—વિદ્યમાન ભગવાન આત્મા ઉસકા સ્વરૂપ જાણનેવાલાકો વિદ્વાન કહતે હૈ, 'पटु'—પટુ, પટુ. ડાહ્યા કહતે હૈ ને બહોત, ઈ પટુ ઈ. અપના સ્વરૂપકા પટુ વો પટુ. (શ્રોતા...) ઈ વળી જુદું, અહીં તો આ પટુ, અપના સ્વરૂપ ઓહોહો! જે પટુતા, સ્વભાવ તરફ વળે વો પટુતા. સમજમેં આયા? 'प्रवीण', લ્યો પ્રવીણ—પ્રવીણ. એ પ્રવીણ ભી હૈ યહાઁ. આમ 'સિદ્ધ સમાન સદા પદ મેરો, સિદ્ધ સમાન સદા પદ મેરા'. ઐસા સિદ્ધપદકા અપના પંડીત પ્રવીણ હૈ, ઉસકો પ્રવીણ કહતે હૈ. મૈં પામર હું, મૈં રાગવાળા હું, એ તો પ્રવીણ નહીં. આહાહા!

પ્રત્યાખ્યાન કરતે હૈ રોજ. એક દાખલો આપ્યો હતો આમાં. ક્યાંક ઉતર્યા હશે, આગ્રા ઊતર્યા હશે. બહારની જગ્યા હશે. એમાં રાતનો-ટાઈમ રાતકા ટાઈમ હુઆ. બહાર બાવા-બાવા બધાં ભેગાં થાય, રોવે, છાતી ફાટ રોવે. આ કહે, શું થયું? ક્યા હુઆ? કોઈ મરી ગયું કે શું થયું? બાવા સમજે? મઠમેં ઉતરેલા વો સાધુ થા સ્થાનકવાસી, આગ્રા વો લખ્યા હૈ ઉસમેં. હમ ગયે ત્યાં બધાં બિચારે સજ્જનતા બતાવી, આવો અહીંયા રહો. રાત્રિનું ટાણું થયું ત્યારે થોડો વખત...બધા ભેગા થઈને રોવે—રોવે, રોવે—રોવે, સમજતે હૈ? રૂદન. આ ક્યા હુઆ? અરે શું, ક્યાં હુઆ? ત્યાં એને પૂછ્યું બધાં રોઈ રહ્યા પછી કે આમ કેમ? કહે, અમે ભગવાન પાસે પશ્ચાત્તાપ કરીએ છીએ આ. પણ એકલા દોષને જ જોવાનું એ જ પશ્ચાત્તાપ કે સ્વરૂપને જોવાનું? એ તો ભૂલી ગયો આખો. એણે લેખ લખ્યો છે. આ તે શું છે?

એક ફેરી જોયું'તું. રાણપૂરમાં, ચૌર્યાશીમાં. લોટીયા વોરાની જગ્યા સામે. એ પણ બારણા બંધ કરીને રોવે, રોવા જેવું બોલે. તાબુતનું ટાણું હોય ને તાબુત. રોવે જ તે. રોવાની ભાષા, સાંભળતા અમે ત્યાં અપાસરામાં. આ શું કહે છે? બસ 'હે ભગવાન! હે ખુદા! ઐસા મૈં કિયા, ઐસા હુઆ', પણ એલા ખુદા! કીયા ક્યા? રાગકા ગાના ગાના હૈ કે વીતરાગકા ગાના ગાના હૈ? રાગકા ગાના તો ગાયા અભી (તક). રાગસે ભિન્ન કરકે અપના સ્વરૂપમેં પંડિત હો ઉસકો પ્રવીણ કહેનેમેં આતા હૈ. જુઓ પ્રવીણચંદ્ર આવે ને નામ બધા.

'पंडित', યે આત્માકો જાણે વો પંડિત. સ્વામી કાર્તિકેયમેં આતે હૈ, 'પરમાત્મપ્રકાશ'મેં આતે હૈ. પંડિત વો કહતે હૈ. નિજસ્વભાવકી જિસને કિંમત કિયા ઔર રાગાદિ કી કિંમત ઉડા દીયા, વો પંડિત હૈ. 'चतुर', ઉસકો ચતુર કહતે હૈ. જુઓ શાણા, શાણા તો વો હૈ. અપની ચતુરાઈ સ્વભાવ સન્મુખ હોકર પ્રગટ કીયા આત્મા કો, ઐસા ચતુરાઈ કો ધરનેવાલા કો ચતુર કહનેમેં આતા હૈ. પુરુષકી બાત હૈ ને.

'सुधी' સુ....ધી, સુ....ધી,–ભલી બુદ્ધિ. સુ નામ ભલી બુદ્ધિ. જીસકો ભલી બુદ્ધિ હૈ ઉસકો પુરૂષકો વિચક્ષણ કહતે હૈ. જગતકી બુદ્ધિ લાખવાર હો, ગમે એની હો, યે સબ કુબુદ્ધિ હૈ, સુબુદ્ધિ નહીં. આ તમારા મોટરના પાર્ટ્સ-બાર્ટ્સની ડહાપણ કુબુદ્ધિ હૈ, એમ કહતે હૈ. 'સુધી'. જ્યાં અપની સ્વરૂપકી આનંદ સત્તા, ઈસકા જીસને સ્વીકાર બુદ્ધિસે કિયા વો 'સુધી'. 'સુધી' વો બુદ્ધિકા, શુદ્ધચીજકા ધરનેવાલા કહનેમેં આતા હૈ. કહો, પોપટભાઈ! આ બધા લાદી લાદીના વિચિક્ષણ ઉડાવી દે છે અહીંયા. આ લાદીમાં આમ નાંખવું ને છાંટાં કરવાં. શું કહે એ નાંખે? ભાત–ભાત પડે છે ને લાદીમાં? ડિઝાઈન, આ જોઈ છે ને ડિઝાઈન ત્યાં. કો'ક છે ને વઢવાણવાળા નહીં? ત્યાં જામનગર, એક છે, ત્યાં ડિઝાઈન એટલી બધી ડિઝાઈન આમ, ઓહોહો! આ શું? કહે, અમે છાંટ નાખીએ. આમાં આમ નાખીએ ને આમાં આમ નાખીએ. કહતે હૈ કે એ 'સુધી' નહીં. એ તો જડકી ક્રિયા જડસે હોતી હૈ, અપને સે નહીં. આહાહા!

'सुजन'–લ્યો, ભલા જન. ભલા જન ઉસકો કહતે હૈ, જો આત્મા કા જ્ઞાન કીયા ઔર આત્માકી શુદ્ધિ કા પીછાન કીયા. આહાહા! 'मतिमान', ઉસકો મતિમાન કહતે હૈ. મતિકા વાળા–મતિવાળા. બુદ્ધિકો મતિ કહતે હૈ ને મતિમાન, મતિમાન. 'कलावंत' એ અપની કેવળજ્ઞાન કળા પ્રગટ કરે, ઐસા મતિ શ્રુતજ્ઞાન ધરનેવાલે કો કળાવંત કહતે હૈ. કળાવંત કહતે હૈ ને! કળાબાજ હૈ. બાજ નામકા પંખી હોતા હૈ ને બાજ, પકડેને, એમ કળાને ગમે તે કળાને પકડી લે. એ કળા, આત્માકી કળા પકડે એ કળાવંત હૈ. સમજમેં આયા?

'कोविद' વહ પણ વિચિક્ષણનું નામ છે. શાણા, 'કોવિદ', ડહાપણ. અપના સ્વરૂપકા ભાન... 'કોવિદ' પૈસા આપે કોવિદ કા નામ આપે, શું કહેવાય? ડિગ્રી 'કોવિદ'ની ડીગ્રી આપેને. 'કોવિદ'ની ડીગ્રી આપે ને હિંદીમાં 'કોવિદ', સંસ્કૃત શબ્દ હે, આતે હૈ ને. 'કોવિદ'કી પદવી આતે હૈ, પણ વો સંસ્કૃત ભણેલા કો 'કોવિદ'કી પદવી આતે હૈ. આ તો આત્માકા ભાન સંસ્કાર હુઆ વો 'કોવિદ' હૈ. (શ્રોતા : પ્રશ્ન કોવિદ છે ને આપણે) પ્રશ્ન 'કોવિદ' છે. હિમ્મતલાલ 'કોવિદ' છે.

'कुशल'. આ ઉસકા નામ કુશળ. આહાહા! કુશળ આત્મા હૈ. અપના આનંદ મેં અનંત ગુણ કા પિંડ પ્રભુ, ઉસકા જીસકો જ્ઞાન હુઆ વો સમકિતી કુશળ હૈ. કુશળ 'सुमन', સુમન–ભલા મન હૈ ઉસકા. જીસને સારા આત્મા પવિત્ર અખંડઆનંદ ઉસકો કબૂલ્યા ને પ્રતીતિ હુઆ એ સુમન પુરૂષ હૈ. લ્યો, આ તો સુમનભાઈ આવ્યા. નામ સુમન હૈ એમ કહતે હૈ. રામજીભાઈના દિકરાનું નામ છે ને સુમન. સુમન આ કહતે હૈ દેખો. આહાહા! પૂર્ણ શાંત રસકા પિંડ પ્રભુ શાંત...શાંત....શાંત, ઉસકી દૃષ્ટિ જો હુઈ ઉસકો સુમન કહતે હૈ, બાકી કુમન હૈ. આહાહા!

'दक्ष' દક્ષ. દક્ષ–ડાહ્યા, દક્ષ ડાહ્યા. આ માણસ દક્ષ હૈ, નહીં કહતે હૈ? માણસ આ ડાહ્યા હૈ, શાણા હૈ. ઈ આત્માકા ભાનવાળા કો દક્ષ કહતે હૈ. આવા આવા નામ આવે ત્યાં આત્મા વિચિક્ષણ પંડીત, એમ સમજના એમ પ્રવેશ કરતે હૈ. દક્ષ.

'धीमंत' લ્યો, શ્રીમંત ને ધીમંત. કહતે હૈ ને? શ્રી નામ લક્ષ્મીવાળા કો શ્રીમંત કહતે હૈ ઔર બુદ્ધિવાળા કો ધીમંત કહતે હૈ. કહેતા'તા આપણામાં એક પંચાણુમાં. ત્યાં તો એમની પાસે ધીમંત અને શ્રીમંત બધાં એકઠાં થયાં છે. ઓલા પાંજરાપોળવાળા પૈસા લેવા આવ્યા'તાને. (સંવત ૯૫), પણ ત્યાં મોટો સંઘ હતો સ્થાનકવાસીનો, રાજકોટ. ત્યાં પૈસા ન થયા અને અહીં તો થોડા વખતમાં કેટલા થઈ ગયા. ભાઈ! ત્યાં તો શ્રીમંત ને ધીમંત છે. એય! શ્રીમંત ભી ઉસકા નામ કહે, 'શ્રી' નામ સ્વરૂપકી લક્ષ્મીના જાણનેવાલા કો શ્રીમંત કહતે હૈ. આ શ્રીમંત શેઠ નામ હૈ ને ઉસકા. શેઠ! વાત ઐસી હૈ દુનિયાસે (શ્રોતા : નિરાલી...નિરાલી) 'ધીમંત' ધી નામ બુદ્ધિ. બુદ્ધિવાળા, ધી-બુદ્ધિ. બુદ્ધિકા ધરનેવાલા, અપના આત્માકી બુદ્ધિ કરનેવાલા ધીમંત હૈ.

'ज्ञाता' આહાહા! જાનનેવાલા, દેખનેવાલા આત્મા. રાગ આદિ કોઈ ક્રિયા કરનેવાલા નહીં. ભગવાન તો જાણને દેખનેવાલા હૈ. રાગ ઔર શરીરકી ક્રિયા કરનેવાલા આત્મા હૈ નહીં, ઐસા જાણે વો જ્ઞાતા હૈ. વો વિચિક્ષણ હૈ. સમજમેં આયા?

'सज्जन' સત્‌જન લ્યો, સત્ સજ્જન છે ને! સજ્જનમેં 'જ' માં દો 'જ' હૈ. યે સત્

જન—સજ્જન તો એક અડધા 'ત્' કા 'જ' હોતા હૈ. સત્ જન. આહાહા! સત્જન, સત્સ્વરૂપ ભગવાન આત્મા ઉસકા ભાન રખનેવાલા કો સત્જન કહતે હૈ. આમ નથી કહેતા? સજ્જન લૌકિકમાં. નીતિવાળા માણસો, સારી નીતિ કહતે હૈ. આ સજ્જન માણસ હૈ, કહતે હૈ કી નહીં? આ તો સત્જન, અવિનાશી ભગવાન આત્મા કો જાણે વો સજ્જન હૈ.

'ब्रह्मविद' બ્રહ્મ નામ આનંદકા જાણનેવાલા. આત્મા આનંદસ્વરૂપ હૈ ઉસકો જાણનેવાલા કો વિચિક્ષણ કહતે હૈ. બ્રહ્મવિદ્. બ્રાહ્મણ, બ્રહ્મવિદ કહતે હૈ ન! બ્રહ્મ સેવે, સો બ્રાહ્મણા. આહાહા! અપના સ્વરૂપ શુદ્ધ આનંદ, ઉસકો જાણે વો બ્રહ્મવિદ્ હૈ. 'तज्ञ' ત+જ્ઞ—તેના જાણનાર, તજ્ઞ—તેનો જાણનાર એટલે આત્મા કા જાણનારા ઔર 'गुणीजन'. યે આત્મા અનંત આનંદસ્વરૂપ હૈ, ઉસકા જાણનેવાલા ગુણીજન કહતે હૈ, ઉસકો ગુણીજન કહતે હૈ.

ઔર 'संत'. લ્યો છેલ્લા શબ્દ. 'શાંતિ પમાડે ઉસકો સંત કહીએ, એના દાસાનુદાસ થઈને રહીએ' એ ભજન આતે હૈ, ભજન આતે હૈ ભજન. 'શાંતિ પમાડે ઉસકો સંત કહીએ. ઉસકો દાસાનુદાસ થઈને રહીએ.' ઐસી ભક્તિ આતી હૈ. પણ વહ આ સંત હોં. બહારના બાવા ફાવા ફકીર, વો સંત નહીં. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એણે જો આત્મા કહા, ઉસકા અંતરબોધ કરકે શાંતિમેં રહેતે હૈ, ઉસકો સમકિતી કો સંત કહેનેમેં આતા હૈ. દેખો સમકિતી કો સંત કહતે હૈ. 'શાંત દશા, તિનકી પહિચાની' આવ્યું'તું. ઓલામાં સંત દશા આવી છે. રૂપચંદજી એ સંત દશા લીધી છે. એ તો ઠીક છે. 'मुनिश्वरके नाम'

मुनि महंत तापस तपी, मिच्छुक चारितधाम।
तजी तपोधन संयमी, व्रती साधु ऋषि नाम॥४६॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–મુનિ, મહંત, તાપસ, તપી, ભિક્ષુક, ચારિત્રધામ, યતી, તપોધન, સંયતી, વ્રતી, સાધુ અને ઋષિ–એ મુનિનાં નામ છે. ૪૬

**अर्थ** :–मुनि, महंत, तापस, तपी, भिक्षुक, चारित्रधाम, यती, तपोधन, संयमी, व्रती, साधु और ऋषी—ये मुनिके नाम हैं॥४६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

હવે 'मुनि' મુનિ. એ મુન્યતે તે મુનિ. અપના આનંદકો જાણકર, આનંદકા અનુભવ કરે વો મુનિ. 'महंत' મહંત હુઆ. આ બહારના બાવા બાવા, મહંત, એ મહંત નહીં. જેણે

અપની બુદ્ધિ પરમાત્મા અપના નિજસ્વરૂપમેં લગા દિયા હૈ, ઐસા આત્મા કો મહંત કહતે હૈ. દુનિયામાં તો સાધારણ હાથી ને ઘોડા(પર) ફરે ઉસકો કહે મહંત. એવું આવે છે, 'રાણી બીન રાજા ફરે, ઉસકો કહે મહંત' એવો શ્લોક આવે છે તુલસીદાસનો. અહીં તો કહતે હૈ કે અપના સ્વરૂપકા અધિષ્ઠાતા હો, ઉસકા નામ મહંત. કોઈ મંદિરકા અધિષ્ઠાતા હો ને મહંત કહતે હૈ, એ મહંત નહીં. આહાહા! રજકણ અને રાગકા કણસે ભગવાન ભિન્ન, ઉસકા અધિષ્ઠાતા હો, ઉસકા નામ મહંત કહનેમેં આતા હૈ. આહાહા! ભારે વાત કરે છે હોં! બનારસીદાસ ગોતીને નાટક કૈસા નિકાલા!

'तापस' તાપસ કહતે હૈ. અપના સ્વરૂપમેં સે ઈચ્છા નિરોધ કર અપના અમૃતસાગરકી દશાકા પ્રાપ્ત હોના, ઉસકા નામ તાપસ કહતે હૈ. સમજમેં આયા? અમૃતસ્વરૂપ ભગવાન, ઉસકી દશા પ્રગટ કરકે આનંદમેં રહનેવાલાકો તાપસ કહતે હૈ. બાહરકી તપસ્યા કરે, મરી જાય ક્રિયાકાંડ કરીને ઉસકો તાપસ કહતે (નહીં). કહો પ્રકાશદાસજી! આ બધા કિતના નામ આયા. આહાહા!

'तपी' તપી ઈસકો કહતે હૈ. કબીર કા સાધુ હૈ, ઈસમેં રસ લગ ગયા હૈ અભી. માર્ગ તો આ હૈ. સમજમેં આયા? ત્યાં આવે છે ને! રાજકોટ આવ્યા'તા, પ્રકાશદાસજી. ઉસકી રુચી જિજ્ઞાસા હુઈ હૈ, માર્ગ કોઈ દૂસરા હૈ. ઓલા તપી ને મહંત કરીને ફરતે હૈ ને, શું કહેવાય? તમારા મોટા મઠ ધરણાર મહંત. એય ઐસા મોટા શરીર, લાડવા ઉડાવે ને, મહંત કહતે હૈ. મહંત બહંત એ નહીં. આહાહા! પુણ્ય-પાપકા રાગસે મહામઠ ચૈતન્યભગવાનકા, ઉસકા સ્વામી હો ઉસકા નામ મહંત હૈ, ઉસકા નામ તપી હૈ, લ્યો. અપના સ્વરૂપમેં ઈચ્છા કા નિરોધ કરકે અમૃત સ્વરૂપ ભગવાન આત્મા પ્રગટ કિયા ઔર અમૃતસ્વરૂપ મોક્ષકી સન્મુખ હુઆ, ઉસકી દશાવંત કો તપ કહતે, તપી કહતે હૈ.

'भिक्षुक' આહાહા! ભિક્ષાસે ભોજન કરનેવાલા, વો ભિક્ષુક. અંતરમેં આત્માકા આનંદકા શોધ કરે, એષણા કરકે આનંદકા અનુભવ કરનેવાલા ભિક્ષુક. સમજમેં આયા? 'चारित्रधाम', આહાહા! મુનિ એટલે આત્મા કા આનંદ અને શાંતિનું ધામ એ તો આત્મા હૈ. અંતર શાંતિ ઈતની બઢ ગઈ હૈ કે ચારિત્ર નામ અંતરસ્વરૂપમેં રમનેકા તો સ્થાન પ્રગટ હો ગયા. આહાહા! નગ્ન હુઆ ને ૨૮ ગુણ પાળતે હૈ, એ મુનિ નહીં એમ કહતે હૈ. અંતર ભગવાન નિર્વિકલ્પ સ્વભાવ, ઐસા સ્વભાવમેં લીન હોકર અપના સ્થાન પ્રાપ્ત કર લિયા, અસંખ્ય પ્રદેશમેં અનંત ગુણકો, ઉસકા નામ ચારિત્રધામ હૈ. વાત જ દુસરી હૈ જગતસે ન્યારી હૈ.

'जति'. જો ઓલા જતિબાવા કહતે હૈ ને જતિ, એ જતિ નહીં. અપના આનંદ અને

સુખ સ્વભાવકી જતના—રક્ષા કરે વો જતિ. બહોત બાત અચ્છા આયા. આહાહા! 'જતિ', જતિ નામ આત્મા અનંતગુણકા સ્વરૂપ સામ્રાજ્ય રાજ જીસકા હૈ અંદર. ઉસકી જતના—રક્ષા કરે વો જતિ, રાગ અને પુણ્ય કી રક્ષા કરે વો અજતિ. કહો શેઠ! વ્યવહાર કી રક્ષા કરનેવાલા જતિ નહીં, એમ કહતે હૈ. આહાહા! અપના શુદ્ધ સ્વરૂપ પવિત્રધામ, વો તરફકી દૃષ્ટિ હુઈ, સ્વરૂપમેં રમણતાકા ક્ષેત્ર પ્રગટ હો ગયા. ચારિત્રધામ વીતરાગીભાવ ચારિત્રધામ, ઉસકો મુનિ કહતે હૈ, જતિ ઉસકો જતિ કહતે હૈ.

'तपोधन'. જીસકી પાસ ઈચ્છા નિરોધ કરકે અપના આનંદકા ભાવ પ્રગટ હુઆ, ઉસકે પાસ તપધન હૈ. આ ધૂળધન આ શેઠીયા પાસે કહતે હૈ. આ તપોધન મુનિ કે પાસ હૈ. તપોધન બ્રાહ્મણ ભી હોતા હૈ ને તપોધન એક. આવે છે ગઢડામાં છે તપોધન. તપોધન બ્રાહ્મણમાં આતે હૈ. આ તો તપોધન તો આ આત્મા, જેમાં આત્મા 'તપન્તિ ઈતિ તપઃ' સુવર્ણને જેમ જેને ગેરૂ લગાકર શોધતે હૈ. ઐસે ભગવાન આનંદસ્વરૂપકી શોભા અંતરદશા મેં બઢાઈ હૈ, ઈસકા નામ તપોધન કહને મેં આતા હૈ. ઉસકે પાસ તપ આનંદરૂપી ધન હૈ.

'संयमी' અર્ણિન્દ્રિય આત્મામેં લીન હૈ, ઉસકા નામ સંયમી. ભગવાન અર્ણિન્દ્રિય આત્મા—ઈન્દ્રિયસે ગમ્ય નહીં, વિકલ્પસે ગમ્ય નહીં, ઐસા અનિન્દ્રિય આત્મામેં રમનેવાલા કો સંયમી કહતે હૈ. 'व्रती' લ્યો, એને વ્રતી કહેનેમેં આતા હૈ. સ્વરૂપમેં અંદર આનંદમેં વિટાઈ ગયા હૈ. શુદ્ધ ચૈતન્યમેં વિટાઈ ગયા હૈ. વીટા ગયા ક્યા કહતે હૈ? લપેટ ગયા હૈ. અંદર સ્વરૂપમેં લપેટ ગયા હૈ ઉસકો વ્રતી કહતે હૈ. 'साधु' અપના સ્વરૂપકો સાધે વો 'साधु'. આહાહા! 'ऋषि' જીસકો આનંદકી દશા લબ્ધિ અંદરમેં પ્રગટ હુઈ હૈ, ઉસકો ઋષિ કહતે હૈ. આત્માકા સાક્ષાત્કાર હુઆ ઔર આનંદકી વૃદ્ધિ હુઈ, ઉસકો ઋષિ, સાધુ કહતે હૈ. અમથા મોટા કેશ લગાયા, ટીલા ટપકા કીયા માટે ઋષિ બુષિ નહીં. લ્યો, ઈ નામ છે એના.

હવે 'दर्शनके नाम',

दरस विलोकनि देखनौं, अवलोकनि दृगचाल।
लखन निरखनि जुवनि, चितवनि चाहनि भाल॥४७॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–દર્શન, વિલોકન, દેખવું, અવલોકન, દગચાલ, લખન, દૃષ્ટિ, નિરીક્ષણ, જોવું, ચિંતવન, ચાહન, ભાળવું–એ દર્શનનાં નામ છે. ૪૭

**अर्थ** :–दर्शन, विलोकन, देखना, अवलोकन, दृगचाल, लखन, दृष्टि, निरीक्षण, जोवना,

चितवन, चाहन और भाल-ये दर्शनके नाम हैं।।४७।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દેખવું, દેખવું, 'दर्शन', દેખના. સ્વપર સારા ચીજકો અંદર સત્તા, મહાસત્તા કો દેખના. ઉસકા નામ દર્શન હૈ. સબ ચીજ યે દેખના. ઉસકા નામ દર્શન વિલોકન હૈ. 'विलोकनि'—વિશેષે અવલોકવું. સ્વને પરનું બન્નેનું એક સાથે બરાબર આલોકવું. ઉસકા નામ વિલોકીની. દેખના વો ભી આયા, 'देखनौ' સ્વ પર સબ ચીજ હૈ, હૈ ઐસા દેખના. મેરે મેં પર હૈ, કે પર મેરે મેં હૈ, ઐસી બાત નહીં. હૈ ઐસા દેખના. 'अवलोकन'—અવલોકન કરના. અપના સ્વરૂપ અને પરકા જાનના, સત્તા કા દેખના ઉસકા નામ 'अवलोकनि' હૈ. દર્શન કો ભી અવલોકન. 'दृगचाल' અપના દર્શન કી ચાલ યે હૈ. દેખને કી ચાલ, સ્વ ને પર સબ હૈ, ઐસે દેખને કી ચાલ કો દર્શન કહતે હૈ.

'लखन' લ્યો, લક્ષણ, લક્ષણ, લક્ષણ હૈ. દર્શન હૈ વો ઉસકા લક્ષણ હૈ આત્માકા. જ્ઞાન જાનના, દેખના વો દેખના નામ સામાન્ય સત્તા કો દેખના વો ઉસકા લક્ષણ હૈ. 'दृष्टि' દૃષ્ટિ ભી કહતે હૈ. દર્શન ઉપયોગ કી બાત હૈ હોં. 'निरखनि'—નિરખના. 'जुवनि'—જોનાર. યે સબ દર્શનકા નામ હૈ. 'चिंतवनि'—ચિંતવન કરના અથવા સબ હૈ ઐસા ચિંતવન, વો દર્શન ઉપયોગ. 'चाहनि'—લ્યો, ચાહના. હૈ ઉસકો દેખના, ઉસકા નામ ચાહના. 'भाल'. ભાળવું—ભાળ દેખના, વો ભી ભાળ કા અર્થ દેખના હૈ. ભાળવું કહતે હૈ ને, ભાળવું નામ દેખના.

હવે જ્ઞાન અને ચારિત્ર કા નામ.

ग्यान बोध अवगमन मनन, जगतभान जगजान।
संजम चारित आचरन, चरन वृत्ति थिरवान।।४८।।

**મૂળ શાસ્ત્ર : અર્થ** :—જ્ઞાન, બોધ, અવગમ, મનન, જગત્‌ભાનુ, જગત્‌જ્ઞાન—એ જ્ઞાનનાં નામ છે. સંયમ, ચારિત્ર, આચરણ, ચરણ, વૃત, સ્થિરવાન—એ ચારિત્રના નામ છે. ૪૮

**अर्थ** :—ज्ञान, बोध, अवगम, मनन, जगत्‌भानु, जगत्‌ज्ञान—ये ज्ञानके नाम हैं। संयम, चारित्र, आचरण, चरण, वृत्त, थिरवान—ये चारित्रके नाम हैं।।४८।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ કાલ ચંદ્રકાંતભાઈને ત્યાં છે ને ઓલું મંગલિક. પૂર્ણાહુતિ આજે કરીને કાલે તમારે ત્યાં શરૂઆત થાય છે જીવ અધિકાર, નાટક અધિકાર. માગણી કરી છે. 'ज्ञान' નામ

હૈ લ્યો. જાનના વો 'ज्ञान'. 'बोध'કા નામ જ્ઞાન. 'अवगम' કરના, અવ—નિશ્ચયકી જાનના વો જ્ઞાન. 'मनन' કરના, જ્ઞાનમેં એકાગ્ર હોકર મનન કરના વો જ્ઞાન. 'जगतभानु'—જગત સૂર્ય. આહાહા! ચૈતન્યપ્રકાશ આત્મા જગતકા સૂર્ય હૈ. ઉસકો યહાં જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહા! 'जगजान' જગતકો જાનનેવાલા લ્યો. જ્ઞાનકા નામ જગતકો જાનનેવાલા. જગત હૈ, રાગાદિ ચીજ પરવસ્તુ સબ હૈ ઔર સ્વ ભી હૈ. દો કો જાણનેવાલાકો જગતભાનુ કહનેમેં (આતા હૈ). આ સૂર્ય તો સાધારણ, આ તો મહાસૂર્ય પ્રભુ!

'संयम', લ્યો, 'चारित्र'કા નામ આ ચારિત્ર. એ સ્વરૂપમેં સંયમ. ઈન્દ્રિયસે હટકર અતીન્દ્રિયમેં રુકકર રહેના, ઉસકા નામ જતિ નામ ચારિત્ર કહનેમેં આતા હૈ, 'चारित्र', સ્વરૂપમેં રમના, ચરના, ચરના. એ શુદ્ધ આનંદકા ભોજન કરના વો ચારિત્ર. આ તે ભારી વાત હૈ. 'आचरण' એ સ્વરૂપમેં રમના વો આચરણ. આ દયાદાનની ક્રિયા રાગ એ આચરણ, આચરણ નહીં, એ ચારિત્ર નહીં. જુદી છે (વાત) જગતથી જુદી છે.

'चरण' 'ચરણ'. લ્યો, ચરવું સ્વરૂપમાં ચરણ કરવું, રમવું અને 'वृत्ति' લ્યો, સ્વરૂપની વૃત્તિ—રાગ વિનાની વૃત્તિ સ્વરૂપનું પરિણમન. આહાહા! ચારિત્ર આત્મા આનંદની વૃત્તિ પરિણમન હૈ, ઉસકા નામ ચારિત્ર હૈ. પંચમહાવ્રતકા વિકલ્પ—વિકલ્પ નગ્નપના વો ચારિત્ર નહીં. આહાહા! અને 'थिरवान' લ્યો. સ્થિરવાન—સ્થિરપણું. અપના આનંદસ્વરૂપમેં સ્થિરપણા, ઉસકા નામ ચારિત્ર હૈ.

'सत्यके नाम' સત્યના નામ.

सम्यक् सत्य अमोघ सत, निसंदेह निरधार।
ठीक जथारथ उचित तथ, मिथ्या आदि अकार॥४९॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–સમ્યક્, સત્ય, અમોઘ, સત્, નિઃસંદેહ, નિરધાર, ઠીક, યથાર્થ, ઉચિત, તથ્ય–એ સત્યનાં નામ છે. આ શબ્દોની આદિમાં અકાર લગાડવાથી જૂઠનાં નામ થાય છે. ૪૯

**अर्थ** :–सम्यक्, सत्य, अमोघ, सत्, निःसंदेह, निरधार, ठीक, यथार्थ, उचित, तथ्य—ये सत्यके नाम हैं। इन शब्दोंके आदिमें अकार लगानेसे झूठके नाम होते हैं॥४९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સત્નું નામ 'सम्यक्'. એ જૈસા સ્વરૂપ હૈ વૈસા જાનના ઉસકા નામ સત્-સત્ય, 'सम्यक्' ઉસકા નામ સમ્યક્. ઉસકા નામ 'सत्य'. ઓહો! અનાદિ અનંત અવિનાશી ભગવાન આત્મા વો સત્ કા સાહિબા હૈ, ઉસકો સત્ કહતે હૈ. સત્ સાહેબ આતે હૈ કી

નહીં? તમારે કબીરમાં બહુ આવે સત્ સાહેબ, સત્ સાહેબ. સત્ સાહેબની વંદના. એ સત્ સાહેબ આત્મા. 'अमोघ' સફળપણા. અમોઘ નામ સફળ. રામચંદ્રજીનું બાણ અમોઘ થા. બાણ માર્યુ, તે માર્યુ પાછું ફરે નહીં. અમોઘ નામ સફળતા. બાણ માર્યા તે વાગે જ, એમ સત્ અમોઘ હૈ. જીસકા આત્મા પરમાનંદ સ્વરૂપમેં સત્પણા આયા, અમોઘ હૈ, હવે ફરે નહીં. મુક્તિકે પંથ મેં ચડ્યા વો ચડ્યા, ઐસા સત્ હૈ.

'सत्' સત્ય કા નામ સત્ હૈ. સત્ય વો હી સત્ હૈ, આત્મા સત્ સ્વરૂપ હૈ, વો હી સત્ હૈ. ઉસકા ખબર નહીં. જુઠા બોલના, ક્યા સે ક્યા બોલના. 'निसंदेह' સત્કા નામ નિઃસંદેહ. સંદેહ નહીં બિલકુલ ભગવાન આત્મા પૂર્ણ આનંદશુદ્ધ. એનું ભાન, એની ભાષા, ભાવ, ઉસકો નામ યહાં નિઃસંદેહ કહતે હૈ. 'निरधार'–નક્કી કરના, સત્કા નક્કી કરના વો નિર્ધાર. 'ठीक' લ્યો, ઠીક હૈ. સત્ કા નામ હી ઠીક હૈ.

'यथार्थ' સત્કા નામ હી યથાર્થ હૈ. વસ્તુ આત્મા ત્રિકાળદ્રવ્ય, ઉસકા ગુણ, ઉસકી પર્યાય–જૈસા હૈ વૈસા જાનના, ખ્યાલ કરના વો યથાર્થ. 'उचित' હૈ. યે સત્કો ઉચિત કહતે હૈ. 'तथ्य' જૈસા હૈ વૈસા. યે સત્ કે નામ. ઈન શબ્દો કે આદિમેં અકાર લગાને સે જુઠ કે નામ હોતે હૈ, લ્યો. અસમ્યક્, અસત્ય, અણમોધ અસત્, સંદેહ, નિર્ધાર નહીં એમ, અઠીક, અયથાર્થ, અનુચિત, અતથ્ય, એ મિથ્યાત્વ કે નામ હૈ, મિથ્યા કા નામ હૈ.

જુઠ કે નામ.

अजथारथ मिथ्या मृषा, वृथा असत्त अलीक।
मुधा मोध निःफल वितथ, अनुचित असत अठीक॥५०॥

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–અયથાર્થ, મિથ્યા, મૃષા, વૃથા, અસત્ય, અલીક, મુધા, મોઘ, નિષ્ફળ, વિતથ, અનુચિત, અસત્ય, અઠીક–એ જૂઠનાં નામ છે. ૫૦

**अर्थ** :–अयथार्थ, मिथ्या, मृषा, वृथा, असत्य, अलीक, मुधा, मोघ, निःफल, वितथ, अनुचित, असत्, अठीक—ये झूठके नाम हैं॥५०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'अजथारथ'–અયથાર્થ એટલે જથાર્થ નહીં, યથાર્થ નહીં. ઉલ્ટા વો અસત્ય હૈ. 'मिथ्या' જુઠા હૈ. 'मृषा' આદિ જુઠા હૈ. મિથ્યા મૃષા, 'वृथा', બકવાદ, જુઠા વો જુઠા. સર્વજ્ઞ પરમાત્મા એ જૈસા દ્રવ્ય ગુણ પર્યાય આત્માકા કહા, ઐસા ન માનકર ન કહે, વો સબ વૃથા હૈ 'असत्' હૈ. સતની સામે.

'अलीक' હૈ જુઠા હૈ, 'मुधा' હૈ, 'मूर्खा' હૈ, 'मोघ' હૈ મોઘ હૈ. જુઠાપણા મોઘ હૈ.

અમોઘ હૈ ન અમોઘ. આ મોઘ. 'निःफल'—જુઠા જો નિષ્ફળ—ઈસમેં ધર્મ કા કોઈ ફળ હોતા નહીં. 'वितथ' તથની સામે વિતથ. ઉચિતની સામે અનુચિત, સત્‌ની સામે અસત્, ઠીકની સામે અઠીક.

લ્યો 'નાટક સમયસાર' કે બાર અધિકારના નામ.

जीव निरजीव करता करम पुन्न पाप,
आस्रव संवर निरजरा बंध मोष है।
सरव विसुद्धि स्याद्वाद साध्य साधक,
दुवादस दुवार धरै समैसार कोष है।।
दरवानुयोग दरवानुजोग दूरि करै,
निगमकौ नाटक परमरसपोष है।
ऐसौ परमागम बनारसी बखानै जामैं,
ग्यानको निदान सुद्ध चारितकी चोष है।।५१।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : નિરજીવ=અજીવ. કરતા=કર્તા. દુવાદસ=દ્વાદશ(બાર). દુવાર=અધિકાર. કોષ=ભંડાર. દરવાનુજોગ=દ્રવ્યોનો સંયોગ. નિગમસૌ=આત્માનો.

**અર્થ :**—'સમયસારજી'ના ભંડારમાં જીવ, અજીવ, કર્તાકર્મ, પુણ્યપાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, સર્વવિશુદ્ધિ, સ્યાદ્વાદ અને સાધ્યસાધક—એ બાર અધિકાર છે. આ ઉત્કૃષ્ટ ગ્રંથ દ્રવ્યાનુયોગરૂપ છે, આત્માને પરદ્રવ્યોના સંયોગથી જુદો કરે છે અર્થાત્ મોક્ષમાર્ગમાં લગાડે છે, આ આત્માનું નાટક પરમ શાંતરસને પુષ્ટ કરનાર છે, સમ્યગ્જ્ઞાન અને શુદ્ધચારિત્રનું કારણ છે, એને પંડિત બનારસીદાસજી પદ્ય-રચનામાં વર્ણવે છે. ૫૧

**अर्थ :**—समयसारजीके भंडारमें जीव, अजीव, कर्ता-कर्म, पुण्य-पाप, आस्रव, संवर, निर्जरा, बन्ध, मोक्ष, सर्वविशुद्ध, स्याद्वाद और साध्यसाधक ये बारह अधिकार हैं। यह उत्कृष्ट ग्रन्थ द्रव्यानुयोगरूप है, आत्माको परद्रव्योंके संयोगसे पृथक् करता है अर्थात् मोक्षमार्गमें लगाता है। यह आत्माका नाटक परमशांतिरसको पुष्ट करनेवाला है, सम्यग्ज्ञान और शुद्धचारित्रका कारण है, इसे पंडित बनारसीदासजी पद्य-रचनामें वर्णन करते हैं।।५१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દેખો પરમાગમ, જો આપણે પરમાગમ હોતા હૈ ને બહાર.

ક્યા કહતે હૈ દેખો. જીવ અધિકાર કહેગા. પહેલે જીવ અધિકાર કહેગા. કલ શુરૂ

હોગા સવેરમેં જીવ અધિકાર. ચંદ્રકાંતભાઈ ને ત્યાં બહાર. નિર્જીવ અધિકાર, નિર્જીવ એટલે અજીવ. દૂસરા અજીવ. તિસરા કર્તા કર્મ. રાગ કા કર્તા આત્મા નહીં, ઐસા કર્તા માને, એ અજ્ઞાન હૈ. ઐસા કર્તા કર્મકા અધિકાર હૈ. પુણ્ય પાપકા અધિકાર. પુણ્ય-પાપ શુભ-અશુભ ભાવ દો હી બંધકા કારણ હૈ, ઉસકા અધિકાર કહેગા. આસ્રવ—પુણ્ય-પાપ દોનો મિલકર આસ્રવ હૈ. સંવર-આસ્રવકા રૂંધન કરકે સ્વભાવકી તરફ કી શાંતિકા પ્રગટ કરના સમકિત દર્શન આદિ સંવર હૈ. નિર્જરા અધિકાર—અશુદ્ધતાકા નાશ કરને સે કર્મકી નિર્જરા હોતી હૈ. ઉસકા અધિકાર કહેગા. બંધકા અધિકાર કહેગા ઔર મોક્ષકા અધિકાર લ્યો. સર્વવિશુદ્ધિ કહેગા. સર્વવિશુદ્ધિ હૈ ને છેલ્લા આખિરમેં. સ્યાદ્વાદ અધિકાર કહેગા. ઔર સાધ્ય-સાધક કહેગા.

સ્યાદ્વાદ અપેક્ષાએ અનેકાંત ધર્મ હોતા હૈ ને સાધ્ય નામ પૂર્ણસ્વરૂપ સાધ્ય હૈ ઔર સાધક—અપૂર્ણ દશા આત્માકી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર વો સાધક હૈ. દ્વાદશ બાર દ્વાર. બાર દ્વાર હૈ. આ બાર દ્વાર 'धरै समैसार कोष है', યે આત્માકા ભંડાર હૈ. અર્થમેં લીખા હૈ જુઓ. 'સમયસારજી' કે ભંડારમેં. આ 'સમયસાર'રૂપી ભંડાર હૈ. ઉસમેં ઐસા અધિકાર આયેગા, એમ કહતે હૈ. દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન કી બાત આયેગી. દ્રવ્યાનુયોગ હૈ, આ ચરણાનુયોગ ને કરણાનુયોગ નહીં. વસ્તુસ્વરૂપ જો હૈ ઉસકા અનુસાર અંતર હોના એ બતાનેવાલા દ્રવ્યાનુયોગ હૈ.

'दरवानुजोग दूरि करै'. વો દ્રવ્યાનુયોગ હૈ આત્માકો પરદ્રવ્યસે, સંયોગ સે પૃથક્ કરે. દ્રવ્યાનુયોગ, દ્રવ્યાનુયોગ, એમ દુરી કરે. 'निगमको नाटक परम रस पोष है'. શુદ્ધ આત્માકો નાટક છે આ. પરમરસ આનંદકા પોષનેવાલા હૈ, 'ऐसो परमागम बनारसी बखानै जामै, ग्यानकौ निदान' એ તો છે. આહાહા! અને 'सुद्ध चारितकी चोष है'. શુદ્ધ ચારિત્રકા આનંદ હૈ ઉસમેં. પરમશાંતિ રસ કો પુષ્ટ કરનેવાલા હૈ, એનો અર્થ કર્યો શાંતિ શાંતિ શાંતિ. અકષાય સ્વભાવકો પોષનેવાલા હૈ, વો નાટક કો હમ કહેગા. જીવ સમયસાર આ તો ઉસકા ઉત્થાનિકા હુઈ. પ્રવેશદ્વાર હુઆ. હવે મૂળ 'સમયસાર'કા જીવ અધિકાર જો ભગવાન આચાર્યને કહા હૈ, વો કલ સુબહમેં શુરૂ હોગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૫, મહાસુદ ૫, રવિવાર, તા. ૩૧-૧-૧૯૭૧
## જીવદ્વાર, પદ નં. ૧, ૨ પર પ્રવચન

જીવદ્વાર માંગલિક ચલતે હૈં, મંગલિક મંગલિક હૈ, દેખો. 'चिदानंद भगवानकी स्तुति'–વ્યવહાર વિશુદ્ધ હૈ. સમયસાર કળશકી(ટીકા) કળશકા યે ભાગ કુંદકુંદ આચાર્યે ગ્રંથ બનાયા. પીછે ટીકા બનાયી અમૃતચંદ્રઆચાર્યે, ઉસકા પહેલા શ્લોક હૈ. ઉસકા વો ભાવાર્થ નીચે શ્લોક હૈ.

नमः समयसाराय, स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय, सर्वभावांतरच्छिदे॥१॥

લ્યો આ માંગલિક કહ્યું. પહેલો આ તત્ત્વાર્થ કહ્યું છે ને એમણે. ક્યા અર્થ હૈ ઉસકા દેખો. 'स्वानुभूत्या चकासते' જે દૂસરા પદ હૈ ઉસકા પહેલા અર્થ કિયા હૈ. કૈસા હૈ આત્મા? 'शोभित निज अनुभूति जुत'. ટીકાસે હૈ ને પહેલા નમસ્કાર કર્યા, એનો અર્થ લિયા હૈ. 'स्वानुभूत्या चकासते'—આ આત્મા અપની અનુભૂતિસે પ્રકાશમાન હોતા હૈ. ક્યા કહા ઉસમેં? જો આત્મા હૈ અનંત અનંત આદિ જ્ઞાન સંપન્ન સ્વરૂપ, એ તો અપના અનુભવસે પ્રકાશમાન હોતા હૈ કિ મૈં તો હું. પુન્ય–પાપ, વિકલ્પસે કે નિમિત્તસે આત્મા પ્રસિદ્ધિમેં, અનુભવમેં આતા (શ્રોતા : નહીં). એ મંગલિક કરતે હૈં. ઉસકો દેવ કરકે સિદ્ધકી સ્તુતિ કરતે હૈં આહા! સમજમેં આયા?

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान।
सार पदारथ आतमा, सकल पदारथ जान॥१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : નિજ અનુભૂતિ = પોતાના આત્માનું સ્વસંવેદન જ્ઞાન. ચિદાનંદ (ચિત્+આનંદ)=જેને આત્મિક આનંદ હોય.

**અર્થ :**–તે ચિદાનંદ પ્રભુ પોતાના સ્વાનુભવથી સુશોભિત છે. સર્વ પદાર્થોમાં સારભૂત આત્મપદાર્થ છે અને સર્વ પદાર્થોનો જ્ઞાતા છે. ૧

**अर्थ :**–वह चिदानन्द प्रभु अपने स्वानुभवसे सुशोभित है। सब पदार्थोंमें सारभूत आत्मपदार्थ है और सम्पूर्ण पदार्थोंका ज्ञाता है॥१॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ આત્મા 'शोभित निज अनुभूति जुत' કહ્યું છે ને એ બધું સાથે લઈ લે છે. 'जुत चिदानंद भगवान'. ભગવાન 'भावाय' છે, ચિદાનંદ 'स्वभावाय' છે. એ એનાથી સહિત છે અને સ્વાનુભૂતિ સહિત છે. દો અર્થ હૈ ઉસમેં. ક્યા કહા? દેખો જરી સૂક્ષ્મ બાત હૈ. પહેલા શ્લોક હૈ ને!

અમૃતચંદ્ર આચાર્ય મુનિ દિગંબર સંત નવસો વર્ષ પહેલે હુઆ. ઉસને આચાર્ય કુંદકુંદઆચાર્યકી ટીકા (કરી). ઘણી ગંભીર ગૂઢ અધ્યાત્મના કળશ હૈ છેલ્લા આખિર એ બનાયી હૈ. કહતે હૈં કે આત્મા પહેલે મંગલિક કિસે વો કહા (શ્રોતા : આત્મા) ભગવાન આત્મા. વહ સમયસારની વ્યાખ્યા લિયા. સાર પદ આત્મા ઈ. એ ત્રીજો પદ છે. 'नमः समयसाराय:'. સાર પદાર્થ ભગવાન આત્મા હૈ એ પુન્ય ને પાપકા રાગસે રહિત હૈ. શરીર અને કર્મસે રહિત તો હૈ હી. ઐસા આત્મા, 'शोभित निज अनुभूति, प्रकाशते' કહ્યું ને એમાં શુદ્ધ શબ્દ લઈએ.

'प्रकाशते' ભગવાન આત્મા અપના શુદ્ધ આનંદ સ્વભાવ અને સંવેદનજ્ઞાનસે આત્મા પ્રસિદ્ધિ પામતે હૈં. સમજમેં આયા? 'स्वानुभूत्या चकासते'. ઓહો! પહેલે મહા મંગલિક કિયા. દિગંબર સંત થા જંગલમે વસનેવાલા. ઓહો! આ પ્રભુ આત્મા કૈસે ભાનમેં પ્રકાશમેં અનુભવ મેં આતે હૈં? કે 'स्वानुभूति चकासते'. અપના આનંદ અને જ્ઞાનસ્વરૂપ જો હૈ ઉસકી એકાગ્રતા કર અપનાકર અનુસરીને હોના. પુન્ય પાપ કા રાગસે અનુસરકે હોના વહ તો અનુસરતે હૈ, વહ તો અજ્ઞાન હૈ. સમજમેં આયા? અને સારા કથન હૈ.

'शोभित निज अनुभूति जूत-शोभित' નામ પ્રકાશતે ઓહો! નિજ સ્વરૂપકી પ્રાપ્તિ. ભગવાન આનંદ અને જ્ઞાન સ્વભાવ ધર્મીજીવકો સમ્યક્દૃષ્ટિકો અનુભૂતિસે આત્મા પ્રસિદ્ધિમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા! આનું નામ. ભારે ઝીણી!

સ્વભાવ હૈ પહેલા. 'सार पदारथ आतमा. વહ તો 'नमः समयसाराय का' અર્થ કીયા હૈ. 'समयसार-सम्+अय' અંદર આનંદમૂર્તિ ભગવાન, પુન્ય-પાપ કા રાગ ઔર શરીરસે રહિત ઐસા અપના સાર આતમા પદાર્થ જો હૈ વહ 'शोभित निज अनुभूति' અપના આનંદ તરફકા લક્ષ કરકે અપની વર્તમાન જ્ઞાનદશામેં ભગવાન જો ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય હૈ, એ અનુભૂતિ આનંદકા વેદન હૈ. આહાહા! પ્રથમ હોતા હૈ તો ઐસા હોતા હૈ. (શ્રોતા : યહી હોતા હૈ). અનુભૂતિ શુદ્ધ ચૈતન્ય આનંદકંદપ્રભુ વહ સમયસાર. સમ્+અય+સાર—પદાર્થ. 'स्वानुभूत्या चकासते'. ઉસકા સ્વભાવ હી ઐસા હૈ.

અલિંગગ્રહણમેં ઐસા આયાને! અપના સ્વભાવસે પ્રકાશમાન પ્રત્યક્ષ જ્ઞાતા હૈ. છઠ્ઠા બોલ હૈ—અલિંગગ્રહણ. અલિંગગ્રહણ ૨૦ બોલ હૈ. બહોત સૂક્ષ્મ વાત હૈ. આ તત્ત્વ તો ઐસી ચીજ હૈ કે જૈન(પંથ) નહીં એ તો વસ્તુકી સ્થિતિ હૈ. જૈન કોઈ દૂસરી ચીજ હૈ? જૈન સ્વરૂપ હી આત્મા હૈ. વીતરાગ નિર્વિકલ્પ—રાગ વિનાની ચીજ, ઉસકો યહાઁ જૈન અથવા આત્મા કહેતે હૈં. એ આત્મા અપના સ્વભાવ સન્મુખ હોકર, પુન્યપાપકા રાગસે વિમુખ હોકર, અપના અનુભૂતિસે આનંદકા વેદનમેં, સ્વસંવેદન જ્ઞાનકા વેદનમેં આ આત્મા ઐસી પ્રતીતિ હોતી હૈ. તબ ઉસકો આતમાકી પ્રતીતિ અને યથાર્થ શ્રદ્ધા હોતી હૈ. ઝીણી વાત છે આ પહેલી શ્લોકની.

(શ્રોતા : મંગલિક આવું જ હોય ને). આ મંગલિક છે વાસ્તુ, જુઓ આયા. એમ હમણાં નજર કરી કે હેમચંદજી ક્યાં છે? હમણાં પૂછ્યું હતું, મેં કીધું કેમ આયા નહીં? પુસ્તક આપો પુસ્તક. પુસ્તક દ્યો એક. હૈ? લો, દેખો તો ખરા એ ક્યા હૈ? વહ ચોપડા તો બહોત તપાસ્યા. આ ચોપડા દૂસરી જાતકા હૈ. (શ્રોતા : યે અંદરકા ચોપડા હૈ). દૂસરા ચોપડા હૈ યહાઁ (શ્રોતા : અંદરકા). પહેલા શબ્દ હૈ ને ભૈયા 'शोभित निज अनुभूति' ઉસકા અર્થ ચલતે હૈં.

ભગવાન કુંદકુંદઆચાર્ય મહાવિદેહમેં ગયે થે, આઠ દિન રહે થે ઔર ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા હૈ. એ શાસ્ત્રકા ટીકાકાર અમૃતચંદ્ર આચાર્યમુનિ અભી નવસો વર્ષ પહેલે હુએ. કુંદકુંદ આચાર્ય દો હજાર વર્ષ પહેલે સંવત ૪૯મેં હુએ. ઉસકી ટીકા કરનેવાલા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલવાસી આનંદમેં ઝૂલનેવાલા ઉસને આ ટીકા બનાયી, ઉસકા આ પહેલા શ્લોક હૈ. નીચે શ્લોક આયા નીચે શ્લોક હૈં ને. 'नमः समयसाराय स्वानुभूत्या चकासते। चित्स्वाभावाय भावाय सर्वभावांतरच्छिदे ॥' ઉસકા અર્થ ચલતે હૈં. મંગલિક હૈ મહામંગલિક. 'शोभित निज अनुभूति जुत' ઉપર.

કહેતે હૈં કે આત્માકો ધર્મ હોતા હૈ વહ અપના આનંદકા અનુભવ કરનેસે હોતા હૈ. આહાહા! ભારે! ધર્મ પહેલી કોઈ દૂસરી ચીજ હૈ. એ તો યે અધર્મ હૈ અનાદિસે. સમજમેં આયા? 'शोभित निज अनुभूति' ઐસા શબ્દ પડા હૈ. અપના નિજસ્વભાવ—જ્ઞાન સ્વભાવ—આનંદ સ્વભાવ ઐસા ભગવાન આત્મા અપના નિજ ઉસકી અનુભૂતિસે શોભિત હૈ. આહાહા! રાગકા અને પુન્યકા અનુભવસે તો વહ અશોભિત હૈ. આહા! માર્ગ અલૌકિક હૈ ભગવાન! યે માર્ગ જ દૂસરી ચીજ હૈ ધર્મ. લોકોને ધર્મ ક્યા ચીજ હૈ એ તો ઐસે કરો, બાહર કરો, સેવા કરો, ઐસે કરો ને ફૈસે કરો ને ઢૂંકડા કરો. ધૂળમેં ય હૈ નહીં. અપની ચીજ. સમજમેં આયા?

કહતે હૈં કે નિજ અનુભૂતિથી શોભિત હૈ. આહાહા! ભગવાન આત્માકી શોભા અથવા પ્રકાશના અથવા જાગૃત હોના, એ અપના નિજ સ્વભાવકી અનુભૂતિ કરનેસે જાગૃત હોતા હૈ. પહેલામાં પહેલે ધર્મકી બાત ચલતી હૈ. આહાહા! સમજમેં આયા? અનાદિસે શુભ અને અશુભ જો વિકલ્પ રાગ હૈ, વો તરફકા વેદન અને ઝુકાવકે કારણ મિથ્યાત્વભાવમેં ચાર ગતિમેં રુલતે દુઃખી હૈ. તો ધર્મ કૈસે ઉત્પન્ન હોતા હૈ? તો ભગવાન આતમા સારપદાર્થ જગતની અંદર, સારા અનંત પદાર્થ શોધો તો ઉસમેં સાર ભગવાન આત્મા હૈ. વહ વિકાર અને શરીર અને કર્મરહિત. શરીર એટલે નોકર્મ, કર્મ એટલે જડ (દ્રવ્યકર્મ) અને વિકાર એટલે ભાવકર્મ.

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ તીન શબ્દ હૈ. તો નોકર્મ નામ શરીર આદિ ઉસસે રહિત હૈ. કર્મ નામ જડકર્મ જો આઠ રજકણ આઠ કર્મ હૈ જ્ઞાનાવરણીય આદિ, ઉસસે ભી ભિન્ન હૈ. ઔર ભાવકર્મ—દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધકા વિકલ્પ જો હૈ, વો ભાવકર્મ વિકારભાવ હૈ. આહા! ઉસે ઉસકા તો અનુભવ અનાદિકા હૈ. પુન્યપાપકા, વિકારકા જો સ્વભાવમેં નહીં, સ્વભાવમેં નહીં, ઉસકા તો અનુભવ અનાદિસે અજ્ઞાનીકો હૈ. વહ ચીજ કંઈ યથાર્થ નહીં, યે શોભિત ચીજ નહીં, યે સુંદર નહીં, વહ ઉસકા શણગાર નહીં. આહાહા! સૂક્ષ્મબાત હૈ ભૈયા! અનંતકાળમેં સમ્યક્દર્શન ક્યા ચીજ હૈ, વો સુની નહીં. બાહરસે ઐસા હોગા ને ઐસા હોગા. સમજમેં આયા? 'शोभित निज अनुभूति जुत' એ અત્યારે મૂકો પડતું ઈ પછી. એ બંધ રાખો. દઈ દ્યો દઈ દેવું હોય તો. એ અત્યારે તો આહીં....આ કથા નથી, આ તો ધર્મકથા છે, આ વારતા નથી. આહાહા!

ભગવાન તેરા સ્વભાવમેં તો અનંત આનંદ ઔર અનંત જ્ઞાન, અનંત શાંતિ, શાંતિ નામ વીતરાગતા ઐસી તેરી ચીજમેં પડી હૈ અનાદિસે. એ તરફકા ઝૂકાવ કરનેસે જો આત્માકા આનંદકા અતીન્દ્રિય આનંદકા સમ્યક્દર્શન પ્રતીતમેં અનુભવ હોતા હૈ, વહ ધર્મ. ઝીણી વાત હૈ ભૈયા! સમજમેં આયા? વહ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા ઉસકો ધર્મ કહતે હૈં. 'धारयति ते धरम' વિકાર અને ચારગતિ સે નિકલનેકી ભાવના અંતરદશા ઉસકા નામ ધર્મ હૈ. સમજમેં આયા? કહતે હૈં કિ 'शोभित निज अनुभूति'—ભગવાન સર્વજ્ઞકી અનુભૂતિ એ નહીં, એમ કહતે હૈં. આહાહા! પંચ પરમેષ્ઠિ હૈ—અરિહંત સિદ્ધ....વો તો પરદ્રવ્ય હૈ. ભાઈ હેમચંદજી, એ તો પરવસ્તુ હૈ. અરિહંત, સિદ્ધ ભી પરવસ્તુ હૈ. અપને સે તો પર હૈ. તો ઉસકા અનુભવ હોતા નહીં. વો તરફ લક્ષ જાતે હૈં તો વિકલ્પ ઉઠતે હૈં, રાગ. આહાહા! સૂક્ષ્મ બાત હૈ પ્રભુ. એ આત્માકી ચીજ જ દૂસરી હૈ.

અરે, ભગવાન તરીકે બોલાતે હૈં આત્માકો. (શ્રોતા : આમાં બોલાવ્યો ચિદાનંદ ભગવાન) ચિદાનંદ દેખો ચિદાનંદ ભગવાન. હજી એનો અર્થ ચાલતો નથી. હજી તો

અનુભૂતિનો—પર્યાયકા અર્થ ચલતે હૈં. પર્યાયકા અર્થ ચલતે હૈં. અનુભૂતિ પર્યાય હૈ. પર્યાય નામ દશા હૈ, અવસ્થા હૈ. દ્રવ્ય-ગુણ નહીં, દ્રવ્યગુણ ત્રિકાળ હૈ. વર્તમાન દશામેં રાગ અને પુન્ય અને પાપકા વેદન અને અનુભવ મિથ્યાત્વભાવમેં અનાદિકા હૈ, એ અનાત્માકા વેદન હૈ, એ આત્માકા વેદન નહીં. ભગવાન આત્મા એ રાગસે રહિત ઐસા પૂર્ણાનંદ પ્રભુ અપના નિજસ્વભાવ, ઉસમેં અનુભવ અંતરમેં જાકર સ્વભાવકે અનુસરીને ભૂતિ—અનુભૂતિ.

સ્વભાવ જો ત્રિકાળ આનંદ અને જ્ઞાન હૈ, ઉસકો અનુસરકે આનંદકી અનુભૂતિ પર્યાયમેં હોતી હૈ, ઉસસે આ આત્મા પ્રકાશમાન આતા હૈ. ઉસકો આત્માકી પ્રતીતિ યથાર્થ આતી હૈ. આહાહા! ઝીણી વાત સમજાય છે કે નહીં? આહીં મકાન નાંખ્યું છે, પછી એને સમજવું પડશે કે નહીં હવે અહિંયા? (શ્રોતા : સમજશે ને) સમજશે. આ તો આવે છે ને. આ તો ભગવાન અંતરના માર્ગ હૈ પ્રભુ. શું કહે? વીતરાગ માર્ગ કોઈ અલૌકિક અચિંત્ય જગતની સાથે ક્યાંય મિલાન કરે તો ઐસા હૈ નહીં. બાહરમેં તો ઈતના કડાકૂટ હાલી છે બહારમાં. પ્રવૃત્તિ ને આ કરના ને આ કરના ઉસમેં ધર્મ, એ તો અનાદિસે રાગકો કરતે હૈં ને ધર્મ માનતે હૈં. આહાહા! વહ તો મિથ્યાત્વભાવ હૈ. નિગોદ અને નરકમેં જાનેકા સ્થાન ને ખાણ હૈ વો. આહાહા!

ભગવાન આત્મા! આ દેહ તો માટી—ધૂળ હૈ, અજીવ હૈ આ તો, વો જીવ નહીં. ઔર ઉસમેં પુણ્ય પાપકા વિકલ્પ ઉઠતે હૈ વહ ભી જીવ નહીં, વહ તો આશ્રવ હૈ. નવતત્ત્વમેં તો આશ્રવ તત્ત્વ હૈ. તો ઉસસે ભિન્ન ભગવાન અપના શુદ્ધ આત્મદ્રવ્ય સમયસાર સ્વભાવ ઉસકી અનુભૂતિ કરના આહાહા! વો સાર હૈ અને એ અનુભૂતિ વો હી આત્મામેં નમન હૈ. એ નમન હૈ ભૈયા. નમન—અપના શુદ્ધ આનંદ સ્વભાવ ઉસકા અનુભવ વો હી નમ્યા. આત્મામેં નમ ગયા, વહ હી આત્મામેં નમ ગયા. આહાહા!

આ નવું કાઢ્યું વળી. ઉસમેં હૈ તો નિકાલના હૈ ને? પછી ચીજમેં તો હૈ હી. એ અનુભૂતિ હી નમન હૈ. અપના શુદ્ધ સ્વભાવમાં અનુભવ અંતર કરના, વો હી આત્મામાં નમન હૈ. નમન નામ વલણ નામ વિનય નામ આત્માકા સત્કારકા આદર. અનુભૂતિ વહ હી ઉસકા આત્મામેં નમન કહનેમેં આતા હૈ. ઝીણી વાત ભગવાન! સૂક્ષ્મ બાત હૈ. સાધારણ જનતા ધર્મ પામે ઐસી ચીજ યહાઁ બહુ દુર્લભ હૈ. હૈ આત્મા પામે ઐસી, પણ સાધારણ માણસ ઐસે સમજ લે, ધર્મ ઐસી ચીજ નહીં, અલૌકિક ચીજ હૈ આ. અપૂર્વ હૈ.

અનંતકાળમાં કભી એક સેકંડ ભી આત્મા ક્યા હૈ, ઈસકા જ્ઞાનનો અનુભવ કભી હુઆ નહીં. એક વાર એક સેકંડ પણ અનુભવ હો, આ ઉસકી મુક્તિ હુએ બિના રહેતી નહીં. ચંદ્રકા બીજ ઉગે. બીજ કહતે હૈં ને દુઈ—દૂજી—દૂજ—દૂજ. બીજ—દૂજ ઊગે અને

પૂનમ ન હો, ઐસે બનતા નહીં. દૂજી ઉગે ઔર પૂનમ હોતે, હોતી હૈ અને હોગી. ઐસે જિસકો એકવાર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, વો તરફકા ઝુકાવસે આનંદકા—સમ્યક્દર્શનકા—સમ્યક્જ્ઞાનકા વેદનમેં અનુભૂતિ હુઈ....તો બીજ ઉગી, દૂજી—દૂજી. કેવળજ્ઞાન પૂર્ણમાં પૂર્ણિમા હોયે બિના રહેગા નહીં. એ કેવળજ્ઞાન લિયે છૂટકા હૈ. સમજમેં (આયે) પણ આ ધર્મ હો તો. સમજમેં આયા?

કહતે હૈં, 'शोभित निज अनुभूति'. આમ તો કહ્યું છે ને એમાં 'नमः समयसाराय स्वानुभूत्या चकासते' અને છે તો ઓલું 'स्वभावाय भावाय' એમ છે ને! ભાવ સ્વભાવસહિત છે. એટલે આમ જૂત નાંખવું ને આમે જૂત લેવું કે અનુભૂતિ સહિત હૈ 'जूत' એટલે સહિત અને ચિદાનંદ ભગવાન—ભગવાન એ भावाय કા અર્થ હૈ. ઉસમેં હૈ દેખો—'स्वानुभूत्या चकासते' એ પહેલા પદકા અર્થ હુઆ. પછી ભાવાય એ દૂસરા પદમેં હૈ ને. 'भावाय', चित्स्वभावाय भावाय'—એ ભાવાય ભગવાનકા અર્થ હૈ. અને 'चित्स्वभावाय' વો ચિદાનંદકા અર્થ હૈ. શબ્દમેં હૈ? સમજમેં આયા? આહાહા! ભગવાન આત્મા, ભાવાય—ભાવસ્વભાવ સ્વરૂપ, અભાવસ્વરૂપ નહીં હૈ વો ચીજ. પરકા અભાવ સ્વરૂપ હૈ. અપના સ્વભાવભાવ સ્વરૂપ આત્મા હૈ, ઉસકો યહાઁ ભાવાય કી વ્યાખ્યા ભગવાન કિયા. શબ્દકા અર્થ હૈ ઉસમેં.

ઔર 'चित्स्वभावाय' યે દૂસરા પદકા પહેલા શબ્દ. ઉસકા અર્થ કિયા ચિદાનંદ ભાઈ, આહાહા! દરબાર! આવી વાત છે. વાણિયા છો, એ દરબાર નથી. કોઈ કહે કે દરબાર કેમ કીધા? (શ્રોતા : એ વાણિયાના દરબાર છે). બડા શરીર હૈ ને. પૈસા ય બહોત હૈ અને શરીર ભી બહોત હૈ. સમજમેં આયા? કહતે હૈં કે આત્મા દરબાર હૈ અહીંયા તો. આહાહા! ઈસકા અંતરમેં અનંત આનંદ આદિ સામ્રાજ્ય પડા હૈ. ખબર નહીં ક્યા ચીજ આત્મા! ધર્મ કરનેવાલા આત્મા, પણ આત્મા કૈસા યે ખબર નહીં? કહાઁસે ધર્મ હોગા? કલ્યાણ કરનેવાલા આત્મા તો કલ્યાણ કરનેવાલા આત્મા, તો આત્મા હૈ કૈસા કે કલ્યાણ કર સકે? આ ખબર નહીં ને કલ્યાણ હો જાતા હૈ, માન લેતે હૈં અજ્ઞાની અનાદિસે.

અહીં તો કહતે હૈં ચિદાનંદ ભગવાન ભાવાય અપના દ્રવ્ય વસ્તુ—દ્રવ્ય એટલે પદાર્થ ઉસકો યહાઁ ભાવાય કહકે ભગવાન કહા હૈ. ઔર 'चित्स्वभावाय' તો વો તો આત્મવસ્તુ હુઈ ભગવાન વસ્તુ, વસ્તુકા સ્વભાવ ક્યા? સ્વભાવ ક્યા? કે 'चित्स्वभावाय' વો પાઠમેં પડા હૈ, તો ઉસકા યહાઁ અર્થ કિયા કિ ચિદાનંદ સ્વભાવાય. ઉસકા સ્વભાવ જ્ઞાનાનંદ હૈ. સમજમેં આયા? આત્માકા સ્વભાવ ચિદાનંદ હૈ. શેઠ! ઐસી બાત હૈ. આહાહા! રસ પડતે હૈ હોં. પહેલે વધારે વાર લેતે હૈં વખત તમારા કરતાં, પછી આ કહે

કે એમાંથી ભાગ લેશું થોડોક. ભાગ–બાગ એવું નથી ક્યાંય. કહો સમજમેં આયા? ક્યા કહા?

ભગવાન ચિદાનંદ. આહાહા! કહે, સ્વભાવ કૈસા હૈ ભગવાન આત્માકા? યે તો ચિદાનંદ સ્વભાવ હૈ ભાઈ. જ્ઞાન અને આનંદ ઉસકા સ્વભાવ હૈ. કોઈ પુન્ય પાપકા વિકલ્પ કે શરીર ઉસકા સ્વભાવ નહીં. આહાહા! બહુ શ્લોક સરસ આવ્યો છે. આ સમયસાર નાટક આ બીજીવાર કે ત્રીજીવાર વંચાય છે એમાં આ પહેલું હતું. (શ્રોતા : આ રીતે આ પહેલી વાર વંચાયું.) નહિતર આ રીતે ક્યાં હાલતુ'તું પહેલું કેમ પંડિતજી? રામજીભાઈ કહે છે બરાબર છે, આહાહા! (શ્રોતા : તમને સાંભળ્યા નહોતા તો શરૂ થયું ને?) શરૂ થયું ને અહીં. ચિદાનંદ ભગવાન ઈ શબ્દમાંથી નિકાલા હૈ હોં. વો નીચે શ્લોક હૈ ઉસમેંસે.

હવે, કહે છે કે જ્ઞાન અને આનંદ જિસકા સ્વભાવ હૈ. જૈસે શક્કરકા મીઠા અને સફેદ સ્વભાવ હૈ, અફીણકા કડવા ઔર કાળા સ્વભાવ હૈ, ઐસે ભગવાન આત્માકા જ્ઞાન અને આનંદ સ્વભાવ હૈ. આહા! સમજમેં આયા? ચિદાનંદ ભગવાન. પછી 'सार पदारथ आत्मा', વો સમયસાર કા વ્યાખ્યા કિયા. પહેલા પદમેં હૈ ને! 'नमः समयसाराय' ઉસકી વ્યાખ્યા સાર પદાર્થ આત્મા. યે સમય એટલે આત્માનો સાર કાઢ્યા ઉસમેંસે નિકાલા. હવે 'सर्वभावांतरच्छिदे' ચૌથા પદ હૈ નીચે. યે 'सकल पदारथ जान'. કૈસા હૈ ભગવાન આત્મા? તીન કાલ તીન લોકકા પદાર્થકો વો જાનનેવાલા હૈ વો. વો મોક્ષ બતાયા. સમજમેં આયા? પંડિતજી! વો શબ્દાર્થ હૈ. વો નીચે પાઠ હૈ ને ઉસકા વો ભાવ હૈ. જયચંદ પંડિત. 'सर्वभावांतरच्छिदे'. અપની અનુભૂતિ હુઈ. જુઓ ક્યા કહતે હૈં?

એક તો ભાવાય નામ દ્રવ્ય સિદ્ધ કિયા. દ્રવ્ય એટલે વસ્તુ. 'चित्स्वभावाय' નામ જ્ઞાન, આનંદ સિદ્ધ કિયા–'ગુણ'. દ્રવ્ય સિદ્ધ કિયા. ભાવાય નામ દ્રવ્ય–વસ્તુ. 'चित्स्वभावाय'—ગુણ. અનુભૂતિ ઉસકી પર્યાય. આહાહા! અનુભૂતિ ઉસકી દશા–અવસ્થા. આ તીન ચીજ હૈ. દ્રવ્ય, ગુણ અને પર્યાય. નામે ય આવડતાં ન હોય દ્રવ્ય-ગુણ-પર્યાયનાં અને જય જય ભગવાન. સમજમેં આયા? વો તીનોં નિકાલા ઉસમેંસે દેખો. ભગવાન વો દ્રવ્ય હૈ વસ્તુ. 'चिदानंद' વો ગુણ હૈ. 'स्वानुभूत्या' અનુભૂતિ વો પર્યાય હૈ. પણ વો સાધકકી નીચલી દશાકી પર્યાય હૈ, ધર્મકી પર્યાય હૈ. આનંદકા અનુભવ વો ધર્મકી પર્યાય હૈ. ઔર વો પર્યાયસે ક્યા પ્રગટ હોતા?

કે 'सकल पदारथ जान' સર્વજ્ઞ પદાર્થ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? વો અપના અનુભવ કરતે કરતે એક સમયમેં સર્વ પદાર્થ જાણ. ત્રણકાળ ત્રણલોકકા પદાર્થ

જાનનેમેં આવે ઐસી સર્વજ્ઞ પ્રગટ દશા, અનુભૂતિસે સર્વજ્ઞ પદ પ્રગટ હોતા હૈ. કોઈ રાગ કે વ્યવહારનય સે હોતા નહીં એ સિદ્ધ કરના હૈ. આહાહા! સમજમેં આયા? 'सकल पदारथ, स्वानुभूत्या चकासते हैं' ને!

'सर्वभावांतरच्छिदे हैं' ને! સર્વ ભાવ, અંતર એટલે અપના સિવાય સર્વ ભાવ જગતકા.—વો અપના તો અનુભવમેં આ ગયા. હવે સર્વ પદાર્થકો ભી 'च्छिदे' જાનનેવાલા હોગા. ઐસા આત્માકી સ્વભાવ દશા હૈ. હવે ઉસમેં ક્યા આયા દેખો. કે ભાવાય નામ દ્રવ્ય આયા. ચિત્સ્વભાવાય નામ ગુણ આયા. અનુભૂતિ ધર્મકી શરૂઆત કી પર્યાય આયી, સંવર-નિર્જરા આયા. યે 'स्वानुभूत्या चकासते' મેં સંવર, નિર્જરા આયા. યે સંવર-નિર્જરા હૈ. આહાહા! આ 'सर्वभावांतरच्छिदे' તો યે મોક્ષ આયા. બસ. અજીવ, આશ્રવ, બંધ તો ઉસમેં નહીં હૈ, તો વો લિયા હી નહીં. સમજમેં આયા? આત્મામેં પુણ્ય, પાપ, આશ્રવ, અજીવ, બંધ વો તો હૈ નહીં. નાસ્તિકી બાત કિયા હી નહીં, અસ્તિ ઐસા હૈ. સમજમેં આયા? 'भावाय, चित्स्वभावाय, स्वानुभूत्या चकासते, समयसारायः, सर्वभावांतरच्छिदे'. આહાહા!

દેખો, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલવાસીકા મંગલિક, સમયસાર ટીકા બનાનેમેં પહેલી શરૂઆત મંગલિક કિયા હૈ. સમજમેં આયા? ઐસી અલૌકિક ચીજ અભી ભરતમેં ઐસી ચીજ ક્યાંયે દૂસરે હૈ નહીં. સમજમેં આયા? ઐસા અમૃતચંદ્રાચાર્યે અદ્ભૂત અંદરમેંસે નિકાલકર સાર બનાયા હૈ. જૈસે ભેંસ કે ગાય હોતી હૈ ને. ઉસકે આઁવમેં દૂધ હોતા હૈ ને દૂધ. તો જો જોરદાર બાઈ હો, ઐસા મારકર દૂધ નિકાલતે હૈં. આંચળ હોતા હૈ ને વો. ઐસે ન લે વો ઐસે ન નિકલે. ઐસે ન નિકલે. આ ખાડો—ખડ્ડા હૈ ને, અંગૂઠા ઐસે રખે. અંદર રખે. અંદર ઉસકે....ખેંચે તો દૂધ નીકળે. આ તો હમકો તો સબ અનુભવ હૈ ને. દેખા હૈ ને ચારેબાજુસે. આ અંગૂઠાકા બળ અહીંયા બીચમેં લે, ખેંચે. અંદરમેં દૂધ હૈ, નિકાલતે હૈં. ઐસે શાસ્ત્રકા શબ્દમેં કસ હૈ, ખૂબ નિકાલતે હૈં આચાર્ય. શાસ્ત્રમેં ક્યા પડા ભરા હૈ ઉસકા અમૃતચંદ્રાચાર્ય જોર દેકર ટીકા કરકે બનાતા હૈ. (શ્રોતા : એનું જોર અહીં આપના વ્યાખ્યાન થાય છે) પંડિતજી! સમજમેં આયા? આહાહા! લ્યો, વો પહેલા શ્લોકકા અર્થ હુઆ.

દૂસરા શ્લોક સિદ્ધ ભગવાન મોક્ષકી—છેલ્લે આખિર કહાને મોક્ષ. 'सकल पदारथ जान'—એક સમયમેં ત્રિકાળ જ્ઞાન હોતા હૈ એ સર્વજ્ઞ કહો, મોક્ષ કહો. તો મોક્ષ કી પર્યાયકો સિદ્ધ ભગવાન કૈસા હૈ, ઐસા દૂસરા પદમેં બતાતે હૈં. એ એક ખાસ બનારસીદાસકી સ્વતંત્ર (શૈલી) હૈ. યે કળશને લગતી. ઐસા કળશ નહીં દૂસરા. હા, એક કળશમેં અંદર હૈ.

સિદ્ધ ભગવાનકી સ્તુતિ જિસમેં શુદ્ધ આત્મા કા વર્ણન. શુદ્ધ આત્માકા વર્ણન હૈ– શુદ્ધ.

जो अपनी दुति आप विराजत,
हे परधान पदारथ नामी।
चेतन अंक सदा निकलंक,
महा सुख सागरकौ विसरामी।।
जीव अजीव जिते जगमैं,
तिनकौ गुन ज्ञायक अंतरजामी।
सो सिवरूप बसै सिव थानक,
ताहि विलोकि नमैं सिवगामी।।२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : દુતિ(ધુતિ) = જ્યોતિ. વિરાજિત = પ્રકાશિત. પરધાન = પ્રધાન. વિસરામી(વિશ્રામી) = શાન્તરસનો ભોક્તા. શિવગામી = મોક્ષે જનાર સમ્યગ્દષ્ટિ, શ્રાવક, સાધુ, તીર્થંકર આદિ.

**અર્થ :**–જે પોતાના આત્મજ્ઞાનની જ્યોતિથી પ્રકાશિત છે, સર્વ પદાર્થોમાં મુખ્ય છે, જેમનું ચૈતન્ય–ચિહ્ન છે, જે નિર્વિકાર છે, બહુ મોટા સુખસમુદ્રમાં આનંદ કરે છે, સંસારમાં જેટલા ચેતન–અચેતન પદાર્થ છે તેમના ગુણોના જ્ઞાતા, ઘટઘટને જાણનાર છે તે સિદ્ધભગવાન મોક્ષસ્વરૂપ છે, મોક્ષપુરીના નિવાસી છે, તેમને મોક્ષગામી જીવ જ્ઞાનદષ્ટિથી જોઈને નમસ્કાર કરે છે. ૨

**अर्थ :**–जो अपने आत्मज्ञानकी ज्योतिसे प्रकाशित हैं, सब पदार्थोंमें मुख्य है, जिनका चैतन्य चिह्न है, जो निर्विकार हैं, बड़े भारी सुखसमुद्रमें आनन्द करते हैं, संसारमें जितने चेतन-अचेतन पदार्थ हैं उनके गुणोंके ज्ञाता घटघटकी जाननेवाले हैं, वे सिद्ध भगवान मोक्षरूप हैं, मोक्षपुरीके निवासी हैं; उन्हें मोक्षगामी जीव ज्ञानदृष्टिसे देखकर नमस्कार करते हैं।।२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ લ્યો. કેવી ટીકા, જુઓ. નાટકપદ્યકાર છે ને. કવિ–કવિ કેવા! 'विलोकी' ને હોં પણ આમ સિદ્ધ સ્વરૂપ જૈસા હૈ, ઐસા ભાન કરકે નમતે હૈં, એમ કહતે હૈં. ઐસા ઐસા સિદ્ધ–સિદ્ધ કરતે હૈં, નમો સિદ્ધાણં–નમો સિદ્ધાણં. પણ ક્યા સિદ્ધ પદ હૈ ને ક્યા સ્વરૂપ હૈ, ખબર નહીં. યે તો તુંબડીમેં કાંકરા જૈસા હૈ. તુંબડીમેં કાંકરા સમજતે હૈં? વો તુંબડી હોતી હૈ ને દૂધી, દૂધી. તુંબડી નહીં વો દૂધી નહીં હોતી હૈ? ક્યા કહતે હૈં? (શ્રોતા : ખીરા)

(શ્રોતા : દૂધી બોલતે હૈં....બોલતે હૈં 'लौकी') વો વો બડી સૂકી હોતી હૈ ને. સુકાઈ જાય ને તો ઉસમેં વો બીજ હોય ને બીજ સુકાઈ જાય તો અંદર છૂટા પડ જાય. ખખડે જાણે રૂપિયા હોય ઐસા ખખડે. રૂપિયા–બુપિયા હૈ નહીં એ તો બીજ હૈ. સૂકા અંદર રૂપિયા કોણ નાખે અંદર? બીજ કો ખખડાવે તો જાણે આ રૂપિયા હૈ કે બીજ હૈ ખબર–ભાન ન મળે.

એમ સિદ્ધ ભગવાન કા નામ લેતે હૈં પણ સિદ્ધ ભગવાનકા સ્વરૂપ કૈસા હૈ, ઉસે ખબર નહીં. (શ્રોતા : દરકાર કરી તો બતાયા કૈસા હૈ) દરકાર કૈસે? બીડીકા કૈસે દરકાર કિયા હૈ? કોઈએ બતાયું થે કોઈએ? કે ઐસા ધંધા કરો ને ઐસા રૂપિયા મિલાને કરો. રૂચિથી ઉસમેં. બરાબર હૈ કિ નહીં? (શ્રોતા : એ તો પુણ્ય પોકારતું હતું ને.) એ તો પૂર્વકા પુન્ય પડા હોય ને તો ઐસી અપને–ઉસકે કારણ સે નહીં પણ અપની બુદ્ધિ ઐસી સૂઝે કે ઐસા કરું, ઐસા કરું, ફૈસા કરું. પણ હોતા હૈ તો બહારસે હોં, હોનેવાલા કંઈ તુમ્હારે સે હોતા નહીં કુછ. આંખકી પાપણ ભી ફિરતી હૈ, યે અપનેસે નહીં. યે જડકી પર્યાય જડસે હોતી હૈં. આત્માસે કભી તીનકાલમેં હોતી નહીં. માને કે મેરેસે હોતી હૈ, મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. સમજમેં આયા?

યહાઁ હવે ઉસકા અર્થ કરતે હૈં દેખો. 'जो अपनी दुति आप विराजत'–સિદ્ધ ભગવાન, ઐસા આત્માકા સ્વભાવ હૈ. 'जो अपनी दुति' એટલે જ્યોતિ–'चैतन्य ज्योति आप विराजत'—ચૈતન્ય જ્યોતસે ભગવાન સિદ્ધ ભગવાન બિરાજતે હૈં. ઉસકી સિદ્ધ ભગવાન કોઈ દૂસરી ચીજ હૈ નહીં. કોઈ કા કર દેના, ઉસકા ભક્તિ કરે તો ઉસકો લાભ દેના, ઐસે હૈ કોઈ સિદ્ધમેં? (શ્રોતા : નહીં). હેમચંદજી! હૈ નહીં ભૈયા. આહા! નમો સિદ્ધાણં. નમસ્કાર હો સિદ્ધ ભગવાનકો. કિસકો નમસ્કાર? કૈસી ચીજ? ભાવમાં ભાસન હુઆ બિના કિસકો નમતે હૈં યે? ખબર તો હૈ નહીં ક્યા સિદ્ધ હૈ?

તો કહતે હૈં કિ 'अपनी दुति'–જ્યોત ચૈતન્ય જ્યોતિસે આપ બિરાજતે હૈં. ઉસે ચૈતન્યકા પ્રકાશકા નૂર પૂર્ણ પ્રગટ હો ગયા હૈ, ઉસકા નામ સિદ્ધ ભગવાન કહતે હૈં. ઐસા એક પ્રગટ હોનેકી શક્તિ આ આત્મામેં હૈં. સમજમેં આયા? સિદ્ધપણા પ્રગટ હુઆ, કહાઁસે પ્રગટ હુઆ? અંદરમેં હૈં. સમજમેં આયા? વો આગળ કહેગા. પહેલા આવી ગયું ને! પહેલાં આવી ગયું. પહેલું નહીં? ચેતનરૂપમેં આવી ગયું ને ભાઈ. (શ્રોતા : અનુપ અમૂરત હૈ) ચેતનરૂપમેં આવી ગયું પહેલું ને. (શ્રોતા : નવમું) નવમું. લ્યો, અગિયારમા બોલ હૈ. દેખો (શ્રોતા : નવમા પેજ હૈ) પેજ હૈ ને. (શ્રોતા : નવમું પાનું) આહાહા!

જુઓ, 'चेतनरूप अनूप अमूरति' મૈં ઐસા હૂઁ, એમ કહતે હૈં. ભૈયા હૈ? વો નવમે પાને. 'चेतनरूप अनूप अमूरति, सिद्ध समान सदा पद मेरौ', જુઓ, ધર્મી

અપના સ્વભાવ ઐસા જાનતે હૈં 'चेतनरूप अनूप अमूरति'—મેરા તો ચૈતન્ય જ્યોત સ્વરૂપ હૈ. 'अनूप'–કોઈકી ઉપમા હૈ (શ્રોતા : નહીં) કોઈકી ઉપમા ઉસે દે શકે નહીં ઐસી ચીજ હૈ. કિસકી ઉપમા દે? ચૈતન્ય પ્રકાશકા નૂર ભગવાન આત્મા. 'अमूरति'— ભગવાન આત્મામેં રંગ, ગંધ, રસ, સ્પર્શ હૈ હી નહીં, વો તો અમૂરતિ હૈ.

કૈસા હૈ? 'सिद्ध समान'—મેરા સ્વરૂપ તો સિદ્ધ સમાન 'सदा, सदा पद मेरौ' રાગ નહીં, પુન્ય નહીં, શરીર નહીં પણ અલ્પજ્ઞપણા ભી મૈં નહીં. સમજમેં આયા? સૂક્ષ્મ બાત ભગવાન! અપૂર્વ વાત અનંત કાળમેં કદી કિયા નહીં ઐસી બાત હૈ. એમ તો અનંત બૈર કિયા સબ, તો સબ કિયા વો ના વો કરે તો ઉસમેં તો કુછ અપૂર્વતા હૈ નહીં. આહાહા! દયા–દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા તો અનંત બૈર કિયા હૈ, વો તો રાગ હૈ, વિકલ્પ હૈ. આહા! વો કોઈ નવી ચીજ નહીં. ધર્મ નહીં. આહાહા! કહતે હૈં, 'सिद्ध समान सदा-तीनात-तीनकाल' મેરા સ્વરૂપ તો સિદ્ધ સમાન હી હૈ. સિદ્ધ સમાન હૈ ઉસકી દૃષ્ટિ એકાગ્ર કરનેસે એન્લાર્જ હોકર અપની પર્યાયમેં સિદ્ધ પદ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? જો આત્મા સિદ્ધ પદ સ્વરૂપ શક્તિ સત્ત્વમેં હૈ, સદાસે હૈ. આહા! વો ઉપરકી દૃષ્ટિ અનુભવ કરતે વર્તમાન દશામેં સિદ્ધ પદ પર્યાય એન્લાર્જ હો ગયા. અંદર હૈ એ પ્રગટ હો ગયા. સમજમેં આયા? આ તો ફોટા-બોટા....અહીંયા અંદરકી બાત હૈ. બહારના....ભૈયા.'

'मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ' અરે! મૈં મેરા સ્વરૂપકો ન જાનકર મોહ નામ મિથ્યાત્વકે કારણ 'मोह महातम'—અંધકાર. ઓહો! રાગ ને વિકલ્પ ને શરીર ને વાણી વો મેરા નહીં ને મેરે માન્યા, એ મહા મિથ્યાત્વ કે કારણ માન રખા. આહા! સમજમેં આયા? 'मोह महातम आतम अंग' ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સિદ્ધ સમાન હોને પર ભી, વર્તમાન દશામેં વર્તમાન પર્યાય–હાલતમેં, મૈં મહા મોહ મિથ્યાત્વકે કારણ આતમકી પર્યાયમેં વિકલ્પકો ઉત્પન્ન કિયા ઔર મિથ્યાત્વભાવસે ઘૈરો ઘાલ દિયા, અપના સ્વભાવમેં ઘેરા ડાલા, મિથ્યાત્વસે. આહા!

'कियो परसंग'—જે અપનેમેં નહીં થા ઐસા રાગ ને પુન્યકા મૈં સંગ કિયા તો 'महातम घैरो'—મહા અજ્ઞાનરૂપી અંધારા હો ગયા. કહો સમજમેં આયા? આહા! પીછે કહતે હૈં. 'ग्यानकला उपजी अब (मौकु) मोहि' બનારસીદાસ કહતે હૈં, મેરે હવે સમ્યક્જ્ઞાન હુઆ હૈ, મેરે આત્મજ્ઞાન હુઆ હૈ. દેખો, ગૃહસ્થાશ્રમમેં હૈ. 'ग्यानकला उपजी अब मोहि'—મૈં રાગ અને વિકલ્પસે રહિત, મેરા સ્વરૂપકા ભાન મેરે હો ગયા. 'कहौं गुन नाटक आगमकेरौ'—તો સમયસાર રૂપી આગમનો નાટક, એના ગુણ મૈં

કહુઁગા. આહા! આ સારા નાટક ઉસને બનાયા હૈ. 'जासु प्रसाद सधै सिवमारग'. એ સમ્યક્જ્ઞાન કળા દ્વારા મૈં નાટક કહુઁગા ઔર વો સમ્યક્જ્ઞાન રાગરહિત અપના સ્વસંવેદન દ્વારા 'जासु प्रसाद सधै सिवमारग'—ઉસકા પ્રસાદસે મોક્ષકા માર્ગ સધતે હૈં. પુન્ય પાપકી ક્રિયાસે મોક્ષમાર્ગ હૈ નહીં. આહા!

લોકરંજન હો ને. પુન્યકી ક્રિયા ને ઐસે ધર્મકો લોકરંજન હો. રાજી હો બહોત હોતા હૈ. (શ્રોતા : એમાં રંજન થાય લોક, પણ લાભ શું એમાં?) શેઠ, તારણસ્વામી કહતે હૈં ને. જન રંજન કરનેકો તો પુન્યસે ધર્મ ને સબસે ધર્મ મનાતે હૈં. જનરંજન કરનેવાલા હૈ નરકગામી હો તુમ, એમ કીધું. દુનિયા રાજી રહે—ખુશી રહે. આહાહા! ભારે વાત હવે. ઐસી કરો, શુભભાવ કરો, દયા-દાન-વ્રત-ભક્તિસે તેરે કલ્યાણ હોગા. કહતે હૈં કે જનરંજન માટે ઐસી બાત તુમ કરતે હો ઔર રાજીખુશી લોગ રહેતે હૈં. નરકમેં જાએગા તુમ, યાદ રખ. ઉલટા માર્ગ બતાકર દુનિયાકો રાજી રખતે હૈં ઔર દુનિયા ઉસમેં બહોત મળે—મિલ જાય. આમાં તો કો'ક હજી 'હા' એ પાડતાં પરસેવા ઉતરે. વો તો સબ બરાબર હૈ, બરાબર હૈ, બરાબર હૈ એ માર્ગ હૈ, ચલો ભૈયા. (શ્રોતા : શરૂઆતમાં તો એ જ જોઈએ....) પહેલા એ ચાહિયે. પહેલે યે ચાહિયે. આહાહા! સમજમેં આયા? આહીં તો સત્ય બાત ઐસી હૈ. બહોત તર્ક લિયા હૈ હોં ઉસને. હાં, જનરંજન કરનેવાલા નરકગામી હૈ, શેઠ! આહાહા!

'जासु प्रसाद सधै सिवमारग'—મોક્ષમાર્ગ. અપના સ્વરૂપ શુદ્ધ આનંદકા અનુભવ કરતે કરતે મોક્ષમાર્ગ સધેગા. 'वेगि मिटै भववास बसेरौ'. અરે! આ ભવ, દેહ-માટી એમાં વસના, આહાહા! કલંક હૈ, કહે કલંક હૈ. આ હાડકાં—ચામડાં. મેસૂબ હોતા હૈ ને મેસૂબ શું છે આ તમારે મેસૂબ છે? નથી. મેસૂબ હોતા હૈ ને મેસૂબ ઉંચા, એ મેસૂબને ગધેડાનાં ચામડાનાં મરેલું ચામડું હોય—ગદ્ધાકા ચામડા—ચામડા સમજતે હૈં ને? ગદ્ધાકા મરી ગયેલા તાજા; ઉસમેં મેસૂબ નાખે, ઐસે આ ભગવાન આત્મા આનંદમૂર્તિ મેસૂબ સરીખા હૈ. આ ચામડા—હાડકાં—ચામડામેં વસા હૈ ઐસા કલંક હૈ. આહાહા! તો છોડ દે હવે એ વાત.

'वेगि मिटै भववास बसेरौ' ભગવાન આત્માકા સન્મુખ હોકર અનુભવ કરતેં મોક્ષ માર્ગ સધેગા, ઘરમાં વસના છૂટ જાયેગા તેરા. ભવમાં વાસના છૂટ જાયેગા તેરા. હૈં ભૈયા. બહોત અચ્છી બાત હૈ એ તો. પહેલી સમજનેકી ચીજ સમજના ચાહિયે પહેલી, ક્યા હૈ? પીછે પ્રયોગમાં મૂક સકે. પણ હજી સમજનેમેં ભૂલ હૈ તો એ કહાં વીર્ય ફોરવે. કહાઁ સે હટના ને કહાઁ સે જાના વો તો ખબર નહીં.

તો યહાઁ (૫૬-૨) કહતે હૈં. 'जो अपनी दुति आप विराजत' 'सिद्ध' ઐસા અપના સ્વરૂપ હૈ. 'है परधान पदारथ नामी' ઓહો! સર્વોત્કૃષ્ટ પદાર્થ આત્મા સિદ્ધ પ્રભુ હૈ. 'पदारथ नामी' નામી પદાર્થ હૈ, કહે છે. આહાહા! લ્યો, અર્થ લિખા હૈ ને. 'अपने आत्मज्ञानकी ज्योतिसे प्रकाशित है, सब पदार्थोंमें मुख्य है. परधान' કીધું ને પ્રધાન. આહાહા! સિદ્ધ ભગવાન અશરીરી પ્રભુ સબ આ સબ પદાર્થમેં તો મુખ્ય–અગ્રેસર હૈ, મુખ્ય હૈ.

'चेतन अंक सदा निकलंक' આહાહા! કૈસા હૈ સિદ્ધ ભગવાન? જૈસા હૈ આત્મા. ચૈતન્ય જિસકા અંક નામ લક્ષણ નામ ચિહ્ન હૈ. ચૈતન્ય–જાનના, દેખના ઉસકા અંક નામ ટ્રેડ માર્ક હૈ ઉસમેં. જાનના–દેખના ઉસકા લક્ષણ હૈ. કોઈ પુન્ય-પાપ કે વિકલ્પ આદિ ઉસકા લક્ષણ (શ્રોતા : નહીં હૈ.) આહાહા! 'चेतन अंक सदा निकलंक'—ત્રિકાળ નિર્વિકાર સિદ્ધ, ઐસે આત્મા ભી ત્રિકાળ વસ્તુ તરીકે તો નિકલંક અને નિર્વિકારી હૈ. આહાહા! સમજમેં આયા?

'महा सुख सागरकौ विसरामी'. આહા! આ ભગવાન પણ મહા આનંદના સાગર આનંદનો સાગર છે. ઓ શેઠ! આ તમારા સાગર(ગામ) નહીં. આનંદસાગર હૈ. (શ્રોતા : નામ રખા હૈ આનંદ સાગર) ક્યાં? (બંગલામેં) બંગલામેં નામ રખા હૈ, અચ્છા. હવે આહીં આનંદસાગર હૈ, બંગલામેં ક્યા આનંદ સાગર? 'મહા સુખ સાગરકો વિસરામી'. દેખો ચોકડી કર્યાં છે ને. '(बड़े) भारी सुख समुद्रमें आनंद करते हैं' આહાહા! સિદ્ધ ભગવાન આનંદકા અનુભવ કરતે હૈં.

કોઈ ઐસે કરતે હૈં, પ્રશ્ન કિયા, વહાઁ જો સિદ્ધ હોતા હૈ કે જાતા હૈ, (વે) કોઈકા કામ કરતે હૈ કિ નહીં? હમ તો યહાઁ પાંચ–દસ–પચ્ચીસ માણસકા કામ કરીએ છીએ. ભગવાન કોઈ કીધું, હરામ હૈ કોઈ કા કામ નહીં કરતે. (શ્રોતા : ભલું તો કરે ને આપણું) ભલું–બલું કોઈકા કરતે નહીં. સિદ્ધ કિસકા ભલા કરે? અરે! તે એવા સિદ્ધ અમારે જોઈએ નહીં. ક્યાં છે પણ તું સાંભળને હવે!

એક ડહાપણવાળો માણસ હતો ડાહ્યો. વીસા શ્રીમાળી એ હીરાભાઈનાં મકાનમાં હતો. 'સિદ્ધ ભગવાન તમે કહો છો અશરીરી પરમાત્મા છે. કોઈકા કામ કરે?' હરામ કોઈકા(કરે), તું યે કોઈ કરતે નહીં. માનતે હૈં હમ પરકા કરતે હૈં. ત્યારે કહે, એવા અમારે ન જોઈએ. અચ્છા! હમ તો યે ગામ મેં હૈ તો કિતનાકા કામ કરતે હૈં. લો. ૨૫–૫૦ માણસ સંભાળીએ, ૧૦૦ માણસ, પાંચસો–હજાર, પાંચ દસ હજાર. ભાષણ દે. ઐસા હૈ, ઐસા હૈ. ધૂળમાં આવ્યું. ભૂંકે–ઊંટ ભૂંકે એમ ભૂંકે. તત્ત્વ કિસીકો ખબર ન

મળે. સમજમેં આયા? અહીંયા તો ઐસા સિદ્ધ હમારે ન જોઈએ. ક્યા હૈ પણ તેરે? રખડવાનો ભાવ હૈ તેરે. આહા! ભગવાન સિદ્ધ યહાઁ ભી તુમ કિસકો કર સકે? શરીરકા કર સકતે હૈં? હેમચંદજી! આ શરીરમેં ઐસે રોગ હોતા હૈ. મટા સકતે હૈં? ઉસકે કારણસે મટે? (શ્રોતા : વો તો ડાક્ટર મટા સકે) ડાક્ટરે ધૂળે ય મટા સકતે (નહીં). ડાક્ટર મર જાતે હૈં.

બડા ડાક્ટર ભાવનગરમેં હેમંતભાઈ, હેમંતકુમાર હેમંતકુમાર. સર્જન ડાક્ટર થા. દૂસરાકા ઓપરેશન કરતે થે. મેરે કો કુછ હોતા હૈ....બસ દેહ છૂટ ગયા. યહાઁ દો–તીન બાર આયે થે, બડા ડાક્ટર હૈ. ઈસ તરફ ભાવનગર ઉસકા બડા શું કહેવાય? મેડીકલ સર્જન, જુઓ તમારી ભાષા ભાઈ હોય ત્યારે. સર્જન થા તે આમ....ઓપરેશન કરતા થા....મેરે કો કંઈક....બસ ઐસે ત્યાં ખુરશી પર ખલાસ હો ગયા. એ દેહની સ્થિતિ–જિતને સમય જે ક્ષેત્રમેં હોનેકી હૈ ઐસે હોગી, હોગી ને હોગી. સારા ઈન્દ્ર ઉપરસે ઉતારે તો ફેર નહીં પડતા હૈ. સમજમેં આયા? આહાહા!

યહાઁ તો 'महा सुख सागरकौ विसरामी' તું હૈ ભગવાન. આહા! જુઓ આ વિસરામ–વિસરામ, આ વિરામ. શું કહેવાય તમારા આરામ. આરામ કરતે હૈ ને! આરામગૃહ છે ને. આરામગૃહ તો આ ભગવાન આત્મા હૈ. અંતર 'महा सुख सागरकौ विसरामी' એમ કહ્યું ને! મહાસુખ સાગરમાં છે, આનંદ કરનેવાલા છે, વિશ્રામ કરનેવાલા એમ. આહાહા! જુઓ એવા સિદ્ધ ભગવાનને પહેલે યાદ કિયા હૈ. અપને સિદ્ધ ભગવાન હોના હૈ ને? (શ્રોતા : પડા હી હૈ). ઉન્હેં તો ઉસકો યાદ કિયા. પ્રભુ, તુમ તો યહાઁ નહીં આતે. પણ હમ તો તુમ્હારે કો યાદ કરકે નીચે ઉતારતે હૈં. ક્યા સમજતે હૈ? 'वंदितु सव्वसिद्धे वंदितु सव्वसिद्धे' આહા!

રામચંદ્રજી થા. છોટી ઉમરમેં–દો બરસકી ઉંમર. વો તો મોક્ષગામી થે. વો દેહ છોડકર મોક્ષે (હુએ થે) હુઆ થા. રામચંદ્ર સાધુ–મુનિ હુએ થે. દો વર્ષકી ઉંમરમેં ઉપરમેં, શું કહેવાય તમારી? (શ્રોતા : અગાસી) અગાસી. છત–અગાસીમેં બૈઠે થે. ચંદા ઉપર થા અંદર. તો ચંદા સામું દેખકર ઐસે...ઐસે...ઐસે કરે. ચંદ્ર ઉતારે....જરી ગૂંજી મેં ગૂંજા થા. (શ્રોતા : જેબ) જેબમેં. ઐસા વહ...કારણ કે વહ મોક્ષગામી જીવ હૈ. વો ભવમેં મોક્ષ હૈ. તો યહાઁ સે પુત્ર કા લક્ષણ પારણેમે. ઐસા ચંદ્ર હેઠે ઉતારે. ચંદ્ર હેઠે ન ઉતરે તો રોવે.

પિતાજી દશરથ (કહે) 'દિવાન. આ રામચંદ્રજી પુરુષોત્તમ પુરૂષ ક્યોં રોતે હૈં?' ઈસકા દેખાવ તો પુન્યવંત દેખે જે કંઈ ભાગ્ય છૂપે નહીં–ભભૂત લગાયા તો પુન્યવંત–

મહા ઐસા પૂછે હૈ આ ક્યોં રોતે હૈં? જરી વો કહે. સાહેબ, મૈં દિવાનગીરી કરું ને છોકરાનેય રમાડું? ઉસકો ક્યા રોતે એ મૈં ધ્યાન રખું? જાન તો ખરા, એ મહાપુરુષ હૈ. હવે કહે, પણ મહાપુરુષ હૈ પણ ક્યું રોતે હૈં? સમાધાન કરો, દિવાનસાહેબ. આમ કર્યા કરે આમ રામચંદ્રજી. ઠીક! ઉસે ચંદ્રમાં ઉતારના હૈ. ક્યા કરના? એક લાવ અરીસા. અરીસા કહતે હૈં ને? (શ્રોતા : આયના) શીશા. ઐસા અરીસા દિયા, ચંદ્ર આયા ઉસમેં, જેબમેં નાંખ દિયા. ચંદા આયા. ઓલા આમ કહે ને જેબમેં આ ગયા. રોતા બંધ હો ગયા.

એમ આત્મા સિદ્ધ ભગવાનકો જબ યાદ કરતે હૈં, તો સિદ્ધ તો હેઠે આતે નહીં. પર સિદ્ધ સમાન મૈં હૂઁ, ઐસી અનુભૂતિ કરતે હૈં તો સિદ્ધ અબ અપના દ્રવ્યમેં આ ગયા, જેબમેં આ ગયા. સમજમેં આયા? આહા! મૈં હી સિદ્ધ સમાન સ્વરૂપ મેરા હૈ. મેરે મેં સિદ્ધ સ્વભાવ વસતે અનાદિ અનંત, ઐસી અનુભવ દૃષ્ટિ હો તો વહ સિદ્ધ તો હેઠે નહીં આતા પણ અપના આત્મા સિદ્ધ હો જાતા હૈ. કહો સમજમેં આયા?

'महा सुख सागरकौ विसरामी' આ સાગર–દરિયો તો અલ્પ હૈ અસંખ્ય યોજન મેં હૈ. ભગવાનકા આનંદકા અનંત આનંદસ્વભાવ હૈ, ઐસા સાગર જિસકી પર્યાયમેં ઉછલ ગયા હૈ. પર્યાયમેં આનંદ, આનંદ આ ગયા હૈ. દરિયા કે મધ્યમેં જો પાની થા. વો કાંઠે ભરતી આતી હૈ ને! ભરતી ક્યા બાઢ. બાઢ આતી હૈ ને? અંતરઆનંદ થા, વો પર્યાયમેં બાઢ આ ગયી હૈ. સમજમેં આયા? પૂર્ણાનંદકી દશા મહાસાગર વિસરામી હૈ, વિશ્રામકા સ્થાન હૈ. આહાહા!

વળી, 'सो शिवरूप'—એ સિદ્ધ ભગવાન શિવરૂપ હૈ, મોક્ષરૂપ હૈ. શિવ કહો, મોક્ષ કહો. પૂર્ણાનંદ, નિરુપદ્રવ, કલ્યાણમૂર્તિ ઐસી દશા આત્માકો પ્રગટ હુઈ. ઐસા મૈં પ્રગટ કરનેકા કામી આપકો વંદન કરતા હૂઁ, એમ કહતે હૈં. જુઓ આ મંગલિક. આહાહા! 'सो शिवरूप बसै शिवथानक' જુઓ, હવે આ. શિવથાનક હૈ ઉપર ઉપર, ત્યાં વસતે હૈં. બંગલા–બંગલા નહીં હોં ત્યાં. ઘરની ગાડી–ઘોડી–લાડી કાંઈ હૈ નહીં ત્યાં. ભગવાન આત્મા આનંદમેં રહે, ચિદાનંદ હૈ. વો વાડી–ગાડી–ઘોડી સે રાગ હૈ ને દુઃખ ઉત્પન્ન હોતા હૈ. કોઈ કહે, લ્યો, ભગવાન સિદ્ધ હુઆ તો લટકે રહેના ઉપર. તને ભાન ન મળે કાંઈ, ક્યા આયા હૈ તેરે. આહાહા! એ સંયોગી ચીજ ઉપર તો તેરે આકુળતા હોતી હૈ. એ આકુળતાકા નાશ હોકે અનાકુળતા ઉત્પન્ન હુઈ હૈ. ઐસા સિદ્ધ ભગવાનકો બહાર કી ચીજ કી જરૂર નહીં. અપના આનંદ શાંતિ ઉછળ ગયા હૈ અંદરમેંસે, ઉસકા અનુભવ હોતે હૈં. એ અપને સ્થાનકમેં રહેતે હૈં. આહાહા!

અસંખ્ય પ્રદેશ ઔર શિવલોક અને શિવથાનક 'ताहिं विलोकि नमैं सिवगामी' આહાહા! દેખો, 'मोक्षपुरीके निवासी है, उन्हें मोक्षगामी जीव ज्ञानदृष्टिसे देखकर' દેખો. અપના જ્ઞાનમેં પૂર્ણ સિદ્ધ જૈસા હે ઐસા જ્ઞાન–જ્ઞાનકળામેં આ ગયા. ધર્મીજીવકો સિદ્ધ મેરા સ્વરૂપ હૈ, ઐસી દૃષ્ટિ હુઈ ઔર સિદ્ધ પર્યાય ઐસી હૈ, ઉસકા જ્ઞાન હો ગયા. સમજમેં આયા? આહાહા! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' સિદ્ધ ભગવાન જ્યારથી સિદ્ધ હુઆ. સાદિ હુઈ ને! સાદિ એટલે શરૂઆત.

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન, અનંત સહિત જો. અપૂર્વ અવસર...'–અપૂર્વ અવસર ન્યાં આ ગાથામાં બોલે. શ્રીમદ્ રાજચંદ્ર હુઆ હૈ, સુના હૈ ભૈયા? શ્રીમદ્જી રાજચંદ્ર વવાણીયા અહીંયા મોરબી પાસે. સાત વરસ ઉંમરમેં જાતિસ્મરણ થા. દશા શ્રીમાળી વાણિયા થા. સાત વરસકી ઉંમરમેં. ઔર ૨૯ વર્ષમેં–૩૦ વર્ષમેં આ 'અપૂર્વ અવસર' બનાયા. એક ૧૬ વર્ષમેં તો મોક્ષમાળા બનાઈ થી. 'મોક્ષમાળા' ૧૦૮ પાઠ હૈ. ૧૦૮ મણકા હોતા હૈ ને માળા કા. ૧૦૮ પાઠ બનાકર 'મોક્ષમાળા' નામ દિયા. બહોત સૂક્ષ્મ. ૧૬ વર્ષકી ઉંમર. સોલહ વર્ષકી ઉંમર.

'હું કોણ છું ક્યાંથી થયો. શું સ્વરૂપ છે મારું ખરું,' સોલા વરસે કહતે હૈં ઐસા એક ૧૦૮ પાઠ હૈ. આ તો કડી હજી પુરી નહીં હુઈ હૈ. 'હું કોણ છું ક્યાંથી થયો.' ગુજરાતી હૈ. પણ સમજમેં આતી હૈં. 'શું સ્વરૂપ છે મારું ખરું, કોના સંબંધે વળગણાં એ રાખું કે એ પરિહરું, એનો વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા; તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.' 'હેમચંદજી! સોલહ વરસે. અભી આત્મામેં વરસ–બરસ ક્યા હૈ? સંવત ૧૯૨૪માં જન્મ થા ઔર સંવત ચાલીસમેં બનાયા, ૧૬ વરસે. આ એક કડી ઐસા પાંચ કડીકા એક પાઠ, ઐસા ૧૦૮ પાઠ. ભૈયા! ૧૦૮ પાઠ. સોલહ વર્ષ પણ દેહ કા સોલહ વર્ષ હોય, આત્મા તો અનાદિ અનંત હૈ. શું ઉસકી કભી ખબર નહીં ને કિંમત નહીં ક્યા ચીજ? દેહ એ હું, આ ય હું ધૂળેય હું. આહાહા!

ઉન્હોંને યે બનાયા. સમજે 'હું કોણ છું? મૈં કૌન હું? કહાઁ સે હુઆ? હોઉં કહાઁસે અનાદિ-અનંત-મેરા શુદ્ધ ખરા સ્વરૂપ ક્યા હૈ? નિર્દોષ આ ચિદાનંદ ભગવાન, ઐસા મેરા શુદ્ધ સ્વરૂપ હૈ. ઐસા સોલહ વરસે ગાયન બનાયા. કડી ઐસી, પાંચ કડીકા એક પાઠ. ઐસા ૧૦૮ પાઠ. તીન દિનમેં, તીન દિનમેં બનાયા થા. બહોત શક્તિ થી. 'આત્મ સિદ્ધિ' હૈ એક આપણે ગુજરાતીમેં હૈ. 'એનો વિચાર વિવેકપૂર્વક' જુઓ શબ્દ કેટલા નાંખ્યા હૈ. રાગ સે ને વિકલ્પસે ભિન્ન કરકે વિચાર કિયા તો આત્માકા સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં. આ આત્મા આનંદકંદ ને શુદ્ધ ચૈતન્ય હૈ ઐસા જ્ઞાનમેં આ ગયા.

આહીં કહતે હૈં કે સિદ્ધકા જ્ઞાન કરકે 'विलोकि' હૈ ને! 'ताहिं विलोकि' અપના જ્ઞાનમેં અપની અનુભૂતિ તો હુઈ, પણ અપના જ્ઞાનમેં સિદ્ધ હૈ કૈસા, ઉસકા વિલોકન–અવલોકન કરકે 'नमें सिवगामी'—મોક્ષગામી સમ્યક્દૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિસે દેખકર નમસ્કાર કરતે હૈં, લો. ઐસા સિદ્ધ ભગવાનકો નમો, ઐસા સમજકર નમસ્કાર કરતે હૈં. ઐસા–વૈસા કોઈ ખબર ન મળે, 'नमो सिद्धाणं' ક્યા હૈ? 'नमो अरिहंताणं' પણ કોણ હૈ અરિહંત એ? કોઈ પુરુષ હૈ? કોઈ રાજા હૈ? એ હૈ કોણ?

અપના સ્વરૂપકા ભાન હોકર જિસને 'अरि' નામ અજ્ઞાન અને રાગ–દ્વેષકો 'હંતા' નામ હણ દિયા ઔર વીતરાગ કેવળજ્ઞાન પ્રગટ કિયા, ઉસકા નામ અરિહંત કહેનેમેં આતા હૈ. ઔર સિદ્ધકો આઠ કર્મસે રહિત....અરિહંતકો ચાર કર્મસે રહિત અને ચાર કર્મ બાકી હૈ. મહાવિદેહમેં બિરાજતે હૈં સીમંધર પરમાત્મા, અત્યારે તીર્થંકર. અને સિદ્ધ ભગવાન તો આઠેય કર્મરહિત હૈ. ઉસકો અકેલા આત્મશરીર, ચિદાનંદ તન, ઈસકા જ્ઞાન એ તન, જ્ઞાન એ તન, આનંદ એ તન. ઐસા અનુભવમેં રહેતે હૈં. ઉસકો વિલોકન કરકે, બનારસીદાસ કહે, મૈં નમસ્કાર કરતા હૂઁ. મંગલિક કિયા ઉસને.

પ્રણામ વચન ગુરૂદેવ.

યોગીઓને પોતાના ધ્યાન વખતે જે શુદ્ધ આત્મા દેખાય છે તે જ પરમબ્રહ્મ છે, તે જ જિન છે, તે જ પરમ તત્ત્વ છે, તે જ પરમગુરુ છે, તે જ પરમ જ્યોતિ છે, તે જ પરમ તપ છે, તે જ પરમ ધ્યાન છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ કલ્યાણરૂપ છે, તે જ સુખનું ભાજન છે, તે જ શુદ્ધ ચિદ્રૂપ છે, તે જ પરમ શિવ છે, તે જ પરમ આનંદ છે, તે જ સુખદાયક છે, તે જ ઉત્કૃષ્ટ ચૈતન્ય છે અને સર્વ ગુણોનો ભંડાર પણ તે જ છે અર્થાત્ ધ્યાનમાં અનુભવમાં આવતો શુદ્ધ આત્મા તે જ જીવનું સર્વસ્વ છે. (–પરમાનંદ સ્તોત્ર, શ્લોક-૧૯)

## પ્રવચન નં. ૧૬, મહા સુદ ૫ રવિવાર, તા. ૩૧-૧-૧૯૭૧
## જીવદ્વાર પદ ૩, ૪ પર પ્રવચન (હિંદી)

'સમયસાર નાટક' જીવદ્વાર ચલતે હૈં, જીવ....જીવ. આત્મા કિસકો કહતે હૈં? ઉસકા કથન હૈ ઉસમેં. પહેલે મંગલિક કિયા થા. હવે ત્રીજા શ્લોકમેં જિનવાણીકી સ્તુતિ. પહેલા દેવ ઈસકો કહા આત્મા અથવા સિદ્ધ. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, ભક્તિમેં આતે હૈં પૂજામેં. પહેલે દેવકી સ્તુતિ કિયા પીછે આ શાસ્ત્રકી સ્તુતિ કરતે હૈં. ગુરુ તો પોતે હૈ અમૃતચંદ્ર આચાર્ય, પોતે મુનિ સંત હૈ. આ તો અમૃતચંદ્ર આચાર્ય દિગંબર સંત આનંદકંદ તીન કષાયકા અભાવ, જિસકી મુદ્રા નગ્ન દિગંબર એ ઉસકો યહાં જૈનદર્શન કહતે હૈં. ઉસકો જૈનદર્શન કહતે હૈં. 'અષ્ટપાહુડ'મેં આયા હૈ 'દર્શનપાહુડ'મેં. જૈનદર્શન કોણ ક્યા ચીજ હૈ?

એ અપના સ્વરૂપ વીતરાગ મૂર્તિ હૈ, ઉસકો અંતર આશ્રય કરકે તીનકષાયકા અભાવ કરકે વીતરાગતા પ્રગટ કિયા ઔર બાહ્યમેં મુદ્રા નગ્ન હૈ ઔર વસ્તુકા સ્વરૂપ સહિત, એકલી નગ્નમુદ્રા વો કોઈ ચીજ નહીં. સમજમેં આયા? માલસહિત બારદાન. બારદાન સમજતે હૈં? બારદાન—કોથળા. માલસહિત કોથળા. માલ વિનાના કોથળા વો કુછ નહિ ઉસકી કિંમત નહીં. એકલા નગ્ન દિગંબર હો કે ૨૮ મૂળગુણ પાળતે હો, વો તો બારદાન હૈ ખાલી. અંતર સ્વરૂપ આનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમાત્માએ જૈસા આત્મા દેખા, ઐસા આત્મા અંદર દેખકર દૃષ્ટિમેં અનુભવ ઔર સ્થિરતા પ્રગટ હુઈ હો, ઉસકો જૈનદર્શન કહેનેમેં આતા હૈ.

હવે 'जिनवाणी की स्तुति' બનારસીદાસ 'જીવ અધિકાર' શરૂ કરતે પહેલે મંગળિકમેં (જિન)વાણીકી સ્તુતિ કરતે હૈં.

**जोग धरै रहै जोगसौं भिन्न,**
**अनंत गुनातम केवलज्ञानी।**
**तासु हृदै-द्रहसौं निकसी,**
**सरितासम ह्वै श्रुत-सिंधु समानी।।**
**याते अनंत नयातम लच्छन,**
**सत्य स्वरूप सिधंत बखानी।**

बुद्ध लखै न लखै दुरबुद्ध,
सदा जगमाँहि जगै जिनवानी।।३।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : હૃદૈ-દ્રહસૌં=હૃદયરૂપી સરોવરમાંથી. બુદ્ધ=પવિત્ર, જૈનધર્મના વિદ્વાન. દુરબુદ્ધ=મિથ્યાદૃષ્ટિ, કોરા વ્યાકરણ, કોષ આદિના જ્ઞાતા પરંતુ નયજ્ઞાન રહિત.

**અર્થ** :–અનંત ગુણોના ધારક કેવળજ્ઞાની ભગવાન જો કે સયોગી છે તોપણ યોગોથી પૃથક્ છે. તેમના હૃદયરૂપ સરોવરમાંથી નદીરૂપ જિનવાણી નીકળીને શાસ્ત્રરૂપ સમુદ્રમાં પ્રવેશી ગઈ છે, તેથી સિદ્ધાંતમાં એને સત્યસ્વરૂપ અને અનંતનયાત્મક કહેલ છે. એને જૈનધર્મના મર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ ઓળખે છે, મૂર્ખ મિથ્યાદૃષ્ટિ જીવો સમજતા નથી. આવી જિનવાણી જગતમાં સદા જયવંત હો! ૩.

**अर्थ** :–अनंतगुणोंके धारक केवलज्ञानी भगवान यद्यपि सयोगी है तथापि योगोंसे पृथक् हैं। उनके हृदयरूप द्रहसे नदीरूप जिनवाणी निकलकर शास्त्ररूप समुद्रमें प्रवेश कर गई है, इससे सिद्धान्तमें इसे सत्यस्वरूप और अनंत नयात्मक कहा है। इसे जैनधर्मके मर्मी सम्यग्दृष्टि जीव पहचानते हैं, मूर्ख मिथ्यादृष्टि लोग नहीं समझते। ऐसी जिनवाणी जगतमें सदा जयवंत होवे।।३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ત્રીજા બોલ હૈ. બે બોલ સબેરેમેં ચલા થા. ત્રીજું કવિત્ત. ક્યા કહતે હૈં દેખો. 'जोग धरै रहे जोगसौं भिन्न' કેવળજ્ઞાની પરમાત્મા, એક સમયમેં જિસકો તીનકાળ તીનલોક જાનનેમેં આતા હૈ, ઐસે અરિહંત ભગવાન. અરિ નામ રાગ–દ્વેષ અને અજ્ઞાનકા નાશ કરકે અપના શુદ્ધ જો આનંદ જ્ઞાન સ્વરૂપ થા, વો હી પર્યાય નામ વર્તમાન હાલત નામ દશામેં સર્વજ્ઞોને અનંત આનંદ આદિ પ્રગટ કિયા, વો ઉસકો કેવળી કહતે હૈં. તો કેવળી જોગ ધરે, ઉસકો જોગ હોતા હૈ. મન, વચન ને કાયાકા કંપન. કાયા આ શરીર નહિ. શરીર તો જડ હૈ પણ આત્મપ્રદેશમેં વાણી નીકળતી હૈ, તો ઉસ સમય કંપન તો સ્વયં હોતા હૈ. પણ જોગ ધરે જોગ સો ભિન્ન, પણ અંતરવસ્તુ તો જોગસે ભિન્ન હૈ.

'जोग धरै'—શરીર સહિત હૈ, કેવળજ્ઞાન ઉત્પન્ન હુઆ હૈ. તીનકાલ તીનલોકકો જાને ઔર અનંત આનંદ, અનંત ચતુષ્ટય પ્રગટ હુઆ હૈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંતબળ, ઐસી દશા જિસકો પ્રગટ હુઈ હૈ. વસ્તુમેં તો હૈ હી. આત્માની શક્તિકે સ્વભાવમેં તો અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્ય-બળ હૈ, પણ જિસને ધ્યાન કરકે વર્તમાન દશામેં પ્રગટ કિયા ઉસકો અરિહંત કહતે હૈં. એ અરિહંત 'जोग धरै', જોગ હૈ, કંપન હૈ, પણ 'जोगसौ भिन्न', લ્યો. ઔર 'अनंत गुनातम केवलज्ञानी'—

અનંત ગુણકી દશા જિસકો કેવળજ્ઞાનમેં પ્રગટ હો ગઈ હૈ. ભલે વાણીકા યોગ હો, શરીરકા સંયોગ હો પણ અંતરમેં એક સેકન્ડકે અસંખ્યભાગમેં પૂર્ણ કેવળજ્ઞાન–દર્શન અનંતગુણ જિસકી દશામેં પ્રગટ હો ગયા હૈ. સમજમેં આયા?

ચોથે ગુણસ્થાનમેં સમ્યગ્દર્શન ધર્મમેં જિતના ગુણ હૈ ઉસકા અનંતમેં ભાગમેં અંશ તો ઉસકો ભી સબ ગુણોંકા અંશ પ્રગટ હોતા હૈ. ધર્મીકો ભી, જૈસે ચંદ્રકા બીજ ઊગે– દૂહી....દૂજી તો સારા ચંદ્રકા ઉસમેં આ જાતે હૈ સારા ભાન. ઐસે આત્માકા ધર્મ પહેલે સમ્યગ્દર્શન હોતે હૈં. ઉસમેં અનંત જિતના સંખ્યાએ ગુણ હૈ. ઉસકા સબકા વ્યક્ત અંશ પ્રગટ સમ્યગ્દર્શનકી દશામેં હોતા હૈ. કેવળજ્ઞાની પૂર્ણ હોતા હૈ, બસ ઈતના ફેર હૈ. સમજમેં આયા? 'अनंत गुनातम केवलज्ञानी'—જિતના અપની સંખ્યાએ અનંત શક્તિ હૈ, સંખ્યાએ હોં. અનંતકાળ હૈ વો તો ઠીક હૈ, પણ એક–દો જ્ઞાન, આનંદ, શાંતિ ઐસી ઐસી સંખ્યાએ અનંત શક્તિ આત્મામેં હૈ. તો સબ ગુણકી અંશ પૂર્ણ ઉસકો હો ગયા પ્રગટ. પરમાત્મા શરીર સહિત હોતે પર ભી અંતર પૂર્ણ આનંદ દશા પ્રગટ હુઈ.

'अनंत गुनातम केवलज्ञानी'—અનંતગુણોંકે ધારક કેવળજ્ઞાની ભગવાન યદ્યપિ જોગ ધરે. નીચે હૈં 'तेरहवें गुणस्थानमें मन–वचन–कायके सात योग कहै है, परंतु योगों द्वारा ज्ञानका अनुभव नहीं करतें' પરમાત્મા, આ આત્મામેં પરમાત્મદશા પ્રગટ હોતી હૈ તો શરીર સહિત હો તો કંપનજોગ હૈ, પણ જોગ દ્વારા જાનતે નહિ. જ્ઞાન દ્વારા પૂર્ણ તીનકાલ તીનલોકકો જાનતે હૈં. જોગકો ભી જાને, કર્મ આ ચાર બાકી રહ્યા હો ઉસકો ભી જાને, અપના જ્ઞાન દ્વારા જાનતે હૈં. પૂર્ણ કેવળજ્ઞાન દશામેં કંપન ભલે શરીર સહિત હૈ. હો, પણ વો જ્ઞાન દ્વારા જાનતે હૈં, જોગ દ્વારા જાનતે નહિ હૈ. સમજમેં આયા?

'जोग धरै रहे जोगसौं भिन्न.' જુદા. 'अनंत गुनातम केवलज्ञानी', અનંત ગુણ (કેવળજ્ઞાનીના) હવે. 'तासु हृदै–द्रहसौं निकसी'. એ ભગવાન પૂર્ણ જ્ઞાનરૂપી અંતર જ્ઞાનસરોવર, ઉસમેં સે વાણી નિકલી. નિમિત્તસે કથન હૈ ને. સમજમેં આયા? 'વીર હિમાચલ સે નિકસી ગુરુ ગૌતમકે ગુણ ધરી હૈ.' ભગવાનની વાણી આત્મા પૂર્ણ શક્તિકા પિંડ પ્રભુ, અંતરમેંસે પ્રગટ હુઆ પૂર્ણ, તો કહતે હૈં કે એ જ્ઞાનમેંસે નિમિત્ત હોકર વાણી 'हृदै–द्रहसौं निकसी' એમ કહ્યું છે. જ્ઞાનરૂપી સરોવર, પૂર્ણ કેવલજ્ઞાન આનંદ આદિ સરોવર ઉસસે નિકલી. નદી નિકળી–વાણી નિકળી. સરિતા હૈ ને જુઓ, ઉસમેં ભી હૈ.

'उनके हृदयरूपी द्रहसे नदीरूप जिनवाणी निकलकर....' નિમિત્તસે વાત હૈ હોં, કાંઈ જ્ઞાન વાણીમેં નહિ આતા. વાણીમેં જ્ઞાન આતા નહીં, જ્ઞાન વાણીમેં આતા નહિ. પણ પૂર્ણ જ્ઞાન હુઆ તો વાણી ઐસી નિકલતી હૈ, સર્વજ્ઞ અનુસારિ વાણી. સમજમેં

આયા? એ આવે છે ને એમાં સર્વજ્ઞ અનુસારી, કળશમાં. એ પણ પૂજ્ય છે એમ લિયા ન્યાં, કારણ છે કેમ? એ આંહી સર્વજ્ઞ અનુસારી કહેવું છે ને. નહીં તો વાણી તો જડ હૈ. પણ સર્વજ્ઞ પદ પ્રગટ હુઆ, પરમાણુ રજકણકી ભાષારૂપ પર્યાય ભી ઐસી નિકળતી હૈ કે સ્વ–પરકો બતાવે ઐસી વાણી નિકલતી હૈ. તો વો જ્ઞાનસરોવરમેંસે વાણી આયી, ઐસા નિમિત્તસે કથન હૈ. વાણી કાંઈ આત્મામેં ભરી નહીં હૈ, વાણી તો જડ હૈ.

આત્મા તો જ્ઞાન સરોવર ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ કેવળદશા સર્વજ્ઞદશા પ્રગટ હુઈ. પણ વો સમય વાણી નીકળતી હૈ તો જ્ઞાનસરોવરસે નિકલી, ઐસા કહેનેમેં આતા હૈ. પંડિતજી, આહા! 'तासु हृदै–द्रहसौं निकसी, सरितासम'—સરિતા નામ નદી. 'व्है श्रुत–सिंधु समानी' લ્યો 'ઐસે સિદ્ધાંતમેંસે નિકલકર શાસ્ત્રરૂપ સમુદ્રમેં પ્રવેશ કર ગયી' ઉસસે શાસ્ત્ર બના. વાણી નિકલી ઉસસે શાસ્ત્ર બન્યા. બાર અંગ ચૌદ પૂર્વકા આદિ રચના ગણધરોએ વો કરી. સમજમેં આયા? ઉસસે વો નિકલી ઔર સિદ્ધાંત હુઆ. બાર અંગ રચના ગણધરદેવે કરી.

'याते अनंत नयातम लच्छन,' કહતે હૈં કે વાણી અનંત નયકા લક્ષણવાળી હૈ. સમજમેં આયા? 'सिद्धांतमें इसे सत् स्वरूप और अनंत नयात्मक कहा'. વાણી સત્ય હૈ ઔર અનંત નયકા જ્ઞાનકો સમજાનેવાલી હૈ, તો ઉસમેં અનંતનયાત્મક હૈ વાણી. વાણીમેં અનંતનય હૈ. ઉપચારિકનય કહ્યા થા ને ભાઈ 'જયધવલ'માં. નયના બે પ્રકાર છે. એક વાસ્તવિક નય એ જ્ઞાનકા અંશ હૈ. ઔર વાણી એ ઉપચારિકનય હૈ. આ ઉપચારિકનયકી બાત ચલતી હૈ. જૈસા સર્વજ્ઞપદ હુઆ ઐસી વાણી નિકલે. વાણી વાણીકે કારણસે નિકલતી હૈ. જે પ્રાણી માંસ ખાતે ન હો, દારુ પીતે ન હો, બ્રહ્મચારી હો, તો ઉસકી વાણીમેં ઐસા....વાણી તો વાણી જડ હૈ. પણ ઉસકી વાણીમેં ઐસા નહીં આતે હૈ કે માંસ ખાનેલાયક હૈ. નિકલે?

બ્રહ્મચારીને એમ નિકળે કે વિષય સેવનેલાયક હૈ? એ વાણી જ ન નિકળે, વાણીકા યોગ હી ઐસા હોતા હૈ. આહાહા! વાણી તો વાણીકે કારણસે હૈ, પણ જૈસા અંદરમેં ભાવ હૈ ઐસી અનુકૂળ વાણી વાણીકે કારણસે પરિણમિત હોકર નિકલતી હૈ. આહા! સમજમેં આયા? વાણીકા કર્તા નહીં હૈ. વાણી તો જડ હૈ. ઓમ ધ્વનિ ઊઠતી હૈ ઐસા....ઓમ.... શરીરમેંસે નિકલતી હૈ. ઉસકા કર્તા નહીં હૈ. પણ વાણી ઐસી હી નિકલતી હૈ જિસમેં અનંતનય સ્વરૂપ હૈ, અનંતનય સ્વરૂપ. ઓહોહો! દેખો, નય એટલે જ્ઞાનકા એક અંશકો ગ્રાહક. પદાર્થકા એક અંશ ગ્રાહક નયકો જ્ઞાનકા અંશ કહતે હૈં. નય કિસકો કહતે હૈં? કે જ્ઞાનકા એક અંશકો નય કહતે હૈં. વો નય ક્યા કરતે હૈં? કે અનંતપદાર્થમેં જો અનંતગુણ હૈ, ઉસકો એક નય એક અંશકો ગ્રહણ કરતી હૈ. ઐસા અનંતનયાત્મક સ્વરૂપ

હૈ જીવકા. ઝીણું ભારે! સમજમેં આયા?

'अनंत नयातम लच्छन, सत्य स्वरूप सिधंत बखानी'—પરમ સત્યવાણી. છ દ્રવ્ય, મોક્ષમાર્ગ, બંધમાર્ગ ઐસે યથાર્થ વસ્તુ કહેનેવાલી જિનવાણી વીતરાગવાણી વીતરાગતા પ્રગટ હુઈ હૈ, તો વાણીમેં વીતરાગતા હી આતી હૈ. સમજમેં આયા? રાગ કરનેલાયક હૈ કે રાગમેં ઠીક હૈ, ઐસી વાણી જિનવાણીમેં નહિ આતી. ક્યોંકિ રાગરહિત આત્મદશા પ્રગટ હો ગઈ. સમજમેં આયા? વાણીમેં ભી સ્વ-પર કહેનેકી તાકાત હૈ. આત્મા(મેં) સ્વ-પર જાનનેકી તાકાત હૈ. આરે! આત્મા સ્વ-પરકો જાનનેકી તાકાત હૈ ઔર વાણીમેં સ્વ-પરકો કહનેકી તાકાત હૈ. એ વાણી સર્વજ્ઞની અનુસારિ વાણી હૈ તો સર્વજ્ઞકા દ્રહમેંસે નિકલી, એમ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા? 'अनंत नयातम लच्छन, सत्य स्वरूप सिधंत बखानी'—એ વાણીમેં સે સિદ્ધાંત પ્રગટ હુઆ, તો વાણી જાણે સિદ્ધાંતમાં પ્રવેશ કર્યો.

'बुद्ध लखै न लखै दुरबुद्ध'—સમ્યગ્જ્ઞાની વો વાણીકો યથાર્થ જાન સકતે હૈં. સમજમેં આયા? શ્રીમદ્‌માં આવે છે ને શ્રીમદ્‌માં નહિ છેલ્લું શું આવે છે નહિ કડી? 'અનંત અનંત નયનિક્ષેપે વખાણી હૈ' સોળવર્ષે 'મોક્ષમાળા' બનાયાને, ઉસમેં પીછે આખિરમાં પાઠ હૈ ૧૦૭. લ્યો એકસો સાત પાઠ જિનેશ્વરકી વાણી. સોળા વર્ષે બનાયા. 'મોક્ષમાળા' હૈ ને. ૧૦૮ પાઠ બનાયાને અને ૧૦૭ પાઠ આ છે. શરૂમેં એક કડી વો સડસઠ પાઠકી બની થી. સ્વયં કહે કે 'હું કોણ છું? ક્યાંથી થયો?' અડસઠ, આ એકસો આઠ છે.

'અનંત અનંત ભાવભેદથી ભરેલી ભલી....
અનંત અનંત ભાવભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે.
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજમતિ મપાઈ મેં માની છે.
અહો! રાજચંદ્રબાળ ખ્યાલ નથી પામતા
એ જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.'

'છે' શબ્દ 'હૈ' લેના ઐસે, ગુજરાતી હૈ ના! પોપટભાઈ, આ ૧૬મા વર્ષે એનો અર્થ સમજતાં સાઠ વર્ષના ને સોળનો સાઠમ કરી નાંખો. ૬૧, એકડો છે ને છ, છ ને

એકડો. કૈસે કહા હૈં દેખો. ભગવાનની વાણીમાં અનંત અનંત ભાવભેદ ભાવના પ્રકારથી ભરેલી છે. અહીં કહાને અહીંયા. 'અનંત નયાતમ લચ્છન'. અનંત નય સ્વરૂપ હૈ. સાધારણ અજ્ઞાની પ્રાણીકો તો ગોથા ખાતે હૈં વાણીમેં, ઉસમેંસે ન્યાય નિકાલ સકતે નહિ, વો કહતે હૈં દેખો. 'અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની.' અનંતા નિક્ષેપ આહાહા! 'સકળ જગત હિતકારિણી....' સકળ જગતનાં હિતનું કારણ ઐસી ભગવાનકી વાણી હૈ. સર્વજ્ઞની ઓમ ધ્વનિ ઊઠતી હૈ અંદરસે. પૂર્ણદશા પ્રગટ હો તો ઐસી વાણી નહીં હોતી. ભેદવાળી વાણી ઐસી નહીં નિકલતી. પૂર્ણ સર્વજ્ઞ તો ઓમ ધ્વનિ.

'સકલ જગત હિતકારિણી હારિણી મોહ.' વાણીમેં તો મોહકા નાશ કરનેવાલી વાણી હૈ. મોહકા કરના, રાગકા કરના, ઐસે વાણીમેં આતા નહીં. આહાહા! સોળ વરસે લખતે હૈં....કેટલા વર્ષ થયા તમને? (શ્રોતા : બાવન) બાવન થયા હજી તો ઠીક. એકસઠ (૬૧) નથી થયા હજી. (શ્રોતા : એ વનમાં છે) વનમાં છે. સોળ હોય ને સોળ તો પહેલા આમ પહેલો એકડો ને છગડો પછી, પહેલો છગડો ને એકડો કરે તો એકસઠ થઈ જાય. કહે છે 'તારિણી ભવાબ્ધિ'. ભવાબ્ધિ–ભવરૂપી અબ્ધિ–દરિયો જિનવાણી તારનાર છે, નિમિત્ત તરીકેની વાત છે ને. એમાં તો ભવનાં અભાવની જ વાણી છે. આહાહા! સમજમેં આયા?

'તારિણી ભવાબ્ધિ'—ભવ અબ્ધિ એટલે દરિયો. 'મોક્ષચારિણી પ્રમાણી' છે. મોક્ષની દેનારી પ્રમાણી છે. એ તો પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય એવી જિનવાણી છે. સોળ વરસે લિખતે હૈ શેઠ 'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ.' એને ઉપમા આપવી કે આવી વાણી આવી, એ ઉપમા આપનારો મપાઈ જાય છે, કહે છે. એનું માપ નથી. વાણીનું માપ હૈ નહિ, અનંત....અનંત....અનંત વાણી. આહાહા! 'ઉપમા આપ્યાની જેને તમા–ખ્યાલ રાખવો તે વ્યર્થ. આપવાથી નિજમતિ મપાઈ મેં માની.' તારું મતિનું માપ આવ્યું પણ ભગવાનની વાણીનું માપ આવતું નથી. ઐસી વાણીમાં અગાધ વીતરાગવાણી હૈ.

'અહો! રાજચંદ્ર!' પોતાનું નામ રાખ્યું છે. 'બાળ ખ્યાલ નથી પામતા' એમાં ભાઈ દોષ કાઢતા'તા આમાં મૂળચંદજી. જુઓ, અહો રાજચંદ્ર બાળ આયા હૈ, કહે બાળ છે પોતે. એ તો ભઈ...તમારે ઘણા પ્રકાર હૈ. (શ્રોતા : નાનાપણું બતાવે છે) એ તો ભાવ....ભાવ ખ્યાલ નથી એમ. (શ્રોતા : અજ્ઞાનનો) એમ કહે છે. ત્યારે કહે જુઓ આમાં આવ્યું ને બાળ. કહો આ માણસને...(શ્રોતા :....) નથી કરતા. આવ્યું ને દૂરબુદ્ધિ ખ્યાલ નથી કરતા. આવશે હજી વાર છે ને. 'અહો રાજચંદ્ર!' આશ્ચર્ય બતાવે છે. 'બાળ ખ્યાલ નથી પામતા એ, બાળ ખ્યાલ નથી પામતા એ' અજ્ઞાનીઓ વીતરાગની વાણીનો ખ્યાલ કરી શકતા નથી. 'જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.' ત્રિલોકનાથ સર્વજ્ઞની

વાણીમાં શું કહેવું છે? ક્યા કહેના હૈ? વો તો જાણી તેણે જાણી. અજ્ઞાનીઓનો પત્તો ખાતો નથી, વો કહતે હૈં દેખો અહીંયા.

'बुद्ध लखै न लखै दुरबुद्ध' એ જિનેશ્વરધર્મની વાણીનો મર્મ સમ્યગ્દષ્ટિ જાન સકતે હૈં, જુઓ ઉસમેં લિખા હૈ. સમ્યગ્દષ્ટિ જીવ પહચાનતે હૈં. આ શાસ્ત્રમેં લિખા, આ લિખા પણ કઈ નયકા કથન હૈ સમજે બિના? સમજમેં આયા? 'बुद्ध लखै न लखै दुरबुद्ध' અજ્ઞાની જિનવાણીકા ક્યા મર્મ હૈ, વો સબ સમજતે નહીં. અપની કલ્પનાસે અર્થ કરે, વ્યવહારસે નિશ્ચય હોતા હૈ ને નિમિત્તસે ઉપાદાનકા કાર્ય હોતા હૈ ને. ઐસા લખાણ આવે પણ ઉસકા કઈ અપેક્ષાએ (અર્થ હૈ) ઉસકો સમજે નહીં. તો કહતે હૈં 'बुद्ध लखै न लखै दुरबुद्ध' જૈનધર્મ કે મર્મી સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગકી વાણીકા મર્મકો પહેચાનતે હૈં. અજ્ઞાની પહેચાન સકતે નહીં.

'न लखै दुरबुद्ध' 'दुरबुद्ध' એટલે અજ્ઞાની, મૂર્ખ મિથ્યાદષ્ટિ લોગ નહીં સમજતે હૈં. સમજે નહિ એ બધા મૂર્ખ. જો વીતરાગભાવ આત્મા હૈ ઔર વીતરાગભાવ અપના વીતરાગભાવસે હી પ્રગટ હોતા હૈ. વો હી માટે તો વાણી હૈ. જિનવચનકા અર્થ જિનવાણી નામ વીતરાગકી વાણી. જિસમેં વીતરાગતા પ્રગટ કરના ને વીતરાગતા પોષક નિકલે, વો જિનવાણી. તો ઐસા વીતરાગકા પોષક ન નિકાલકર, રાગકા પોષક નિકાલે. પહેલે કરો ભાઈ રાગ, વ્યવહાર ધર્મ કરો, ક્રિયાકાંડ કરો, પીછે નિશ્ચય હોતા હૈ. શાંતિભાઈ, એ જિનવાણી નહિ. જિનવાણીકા મર્મકો જાનતે નહિ. સમજમેં આયા? આહા! કઠણ કામ છે, આ કાળે. વીતરાગકી વાણી ક્યા હૈ? ઉસકી પરીક્ષા કરકે સમજના ઉસકો વિચિક્ષણતા.

'बुद्ध लखै' એમ લખ્યું છે. તત્ત્વજ્ઞાની ઉસકો જાન સકતે હૈં. અજ્ઞાની પિછાન સકતે નહીં. ઔર मूरख मिथ्यादृष्टि लोग नहीं समझते हैं. 'सदा जगमाँहि जगै जिनवानी'. ઐસી જિનવાણી જગતમેં સદા જયવંત હો. જગે....જગે એટલે જયવંત હો. જગમાં એ જગમાંહી જગે. જયવંત હો જિનવાણી. આહાહા! દેખો જિનવાણીકી સ્તુતિ. વાણી તો વાણી હૈ હોં. વાણીમેં કાંઈ આત્માકે ભાવ નહિ હૈ, પણ ભાવ સમજાનેકી શક્તિરૂપ ઉસમેં ભાવ ભર્યા હૈ. હૈ ભાવ જડકા. સમજમેં આયા? પણ ઉસમેં ઐસા વાસ્તવિક સ્વભાવ કહેનેકી શક્તિ પાસ પરમાણુમેં હૈ. તો કહતે હૈં કે 'सदा जगमाँहि जगै जिनवानी'—જગતની અંદર એવી વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિ વો જયવંત રહો. સમજમેં આયા? જુઓ એણે જયવંત કહ્યું છે.

હવે કવિ અપની વાત કરતે હૈં દેખો. ચોથો શ્લોક. ત્રીજા શ્લોકનું જ છે. હવે

ચોથો. પણ ત્રીજા શ્લોક છે ને 'परपरिणतिहेतो' આ બાજુ ત્રીજા કળશનો અર્થ છે.

'परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः॥३॥

हौं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति।
पर परनति संजोग, भई जड़ता विसफूरित॥
मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ।
ज्यौं धतूर-रस पान करत, नर बहुविध नच्चइ॥

अब समयसार वरनन करत,
परम सुद्धता होहु मुझ।
अनयास बनारसिदास कहि,
मिटहु सहज भ्रमकी अरूझ॥४॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પર પરણતિ=પોતાના આત્મા સિવાય અન્ય ચેતન-અચેતન પદાર્થમાં અહંબુદ્ધિ અને રાગ-દ્વેષ. વિસફૂરિત(વિસ્ફૂરિત)=જાગ્રત. તિહુંકાળ=ત્રણે કાળ(ભૂત, વર્તમાન, ભવિષ્ય) રચ્ચઈ=રાગ કરવો. નચ્ચઈ=નાચવું. અનાયાસ=ગ્રંથ ભણવા વગેરેનો પ્રયત્ન કર્યા વિના. અરુઝ=ગૂંચવણ.

**અર્થ :**-હું નિશ્ચયથી સદાકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, પરંતુ પર પરિણતિના સમાગમથી અજ્ઞાનદશા પ્રાપ્ત થઈ છે. મોહકર્મનું પર નિમિત્ત પામીને આત્મા પર પદાર્થોમાં અનુરાગ કરે છે, એથી ધતૂરાનો રસ પીને નાચનાર મનુષ્ય જેવી દશા થઈ રહી છે. પં. બનારસીદાસજી કહે છે કે હવે સમયસારનું વર્ણન કરવાથી મને પરમ વિશુદ્ધિ પ્રાપ્ત થાવ અને વિના પ્રયત્ને જ મિથ્યાત્વની ગૂંચવણ પોતાની મેળે મટી જાવ.

**अर्थ :**-मैं निश्चयसे सदाकाल शुद्ध चैतन्यमूर्ति हूँ, परंतु परपरणतिके समागमसे अज्ञानदशा प्राप्त हुई है। मोहकर्मका निमित्त पाकर आत्मा परपदार्थोंमें अनुराग करता है, इससे धतूरेका रस पीकर नाचनेवाले मनुष्य जैसी दशा हो रही है। पं. बनारसीदासजी कहते हैं कि अब समयसारका वर्णन करनेसे मुझे परम विशुद्धता प्राप्त होवे और बिना प्रयत्न ही मिथ्यात्वकी उलझन अपने आप मिट जावे॥४॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં દેખો. 'हौं निहचै तिहुंकाल'. આત્માકી વ્યાખ્યા કરતે હૈં કે મૈં આત્મા 'तिहुंकाल'. 'सुद्ध चेतनमय मूरति, हौं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति, पर परनति संजोग'. ભાષા દેખો ભાઈ, પર પરણતિ સંયોગ કીધો છે, કર્મનો સંયોગ કીધો નથી. આહા! વિકારી પરિણતિ હો, એ સ્વભાવમેં સંયોગ હૈ. સમજમેં આયા? કળશટીકામાં એમ લીધું ભાઈ, કળશટીકામાં એમ છે. નિમિત્ત છે કર્મ, એ જુદી વાત છે. આમાં ય એમ છે જુઓ. 'મોહકર્મકા પર નિમિત્ત'. (કળશ ટીકા) નિમિત્ત છે. પરણતિ–હેતુ હૈ એ તો નિમિત્ત છે. અપના સ્વભાવ શુદ્ધ પરમાનંદ ઉસકો ભૂલકર અપની પર્યાય અવસ્થામેં અશુદ્ધતા પ્રગટ કિયા હૈ, એ અશુદ્ધતાકા સ્વભાવકી સાથ સંયોગ હુઆ. સ્વભાવમેં અશુદ્ધતા હૈ નહિ. વો કહા પહેલે.

'मैं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति।' અનંત આનંદ જ્ઞાન આદિ સ્વભાવ ચેતનની મૈં તો અનાદિ અનંત શુદ્ધ મૂર્તિ હૂઁ. પણ 'पर परनति संजोग, भई जड़ता विस्फूरति'. પણ રાગ-દ્વેષ અને અજ્ઞાનનાં સંયોગથી પરપરિણતિઓ–વિકારકી પરિણતિ, પરિણતિ નામ અવસ્થા. રાગ ને દ્વેષ અને અજ્ઞાનકી અવસ્થાકા સંયોગ હુઆ. 'भई जड़ता विसफूरति' આહાહા! જડતા ઉસમેં અહંબુદ્ધિ હોકર ચેતન–અચેતનમેં 'विसफूरति'—જાગૃત હુઈ, જડતા જાગૃત હુઈ. આહાહા! સમજમેં આયા? અજ્ઞાનદશા પ્રાપ્ત હુઈ. ક્યા કહતે હૈં કે મૈં તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ તો વસ્તુ હૂઁ, વો દ્રવ્યદૃષ્ટિ, એ વસ્તુદૃષ્ટિ. પર મેરી ચીજકો મૈં હી ભૂલકર અજ્ઞાનપણા ઉત્પન્ન કિયા. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ સબ અજ્ઞાનભાવ હૈ. એ અજ્ઞાન ભાવકા મેરે સંયોગ હુઆ. વો કારણ 'भई जड़ता विसफूरति'—જડતા જાગૃત હુઈ. આહાહા!

આનંદ અને શાંતિકી જાગૃતિ હોના ચાહિયે, સ્વરૂપ તો ઐસા હૈ. અજ્ઞાનકી સ્ફૂર્તિ હુઈ તો જડતા સ્ફૂર્તિ હુઈ. ભગવાન ચૈતન્યનાથ એની જાગૃતિ, તો આનંદ અને જ્ઞાનકી જાગૃતિ, વો ચૈતન્યકી જાગૃતિ હૈ. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ ઐસી જો અશુદ્ધ પરિણતિ, એ ચૈતન્ય સ્વભાવકા જિસમેં અભાવ, ઐસા જડકી જાગૃતિ હુઈ. આહાહા! પર્યાયમેં ઐસી હુઈ, એમ કહતે હૈં. વસ્તુ તો વસ્તુ હૈ શુદ્ધ ત્રિકાલ. આહા! સમજમેં આતે હૈં? દ્રવ્યદૃષ્ટિકા વિષય અને પર્યાયદૃષ્ટિકા વિષય દો હી બતાતે હૈં. 'पर परनति संजोग' ભાષા દેખો. મલિનદશાનો મેરા સ્વભાવ સાથમેં સંયોગ કિયા. મેં કિયા, કોઈ દૂસરા કરાતે નહિ. 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા. અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા'. મૈં હી અપના શુદ્ધ ચૈતન્ય આનંદકંદનો નાથ મૈં ત્રિકાળ ઐસા હૂઁ. છતે મેરી દશામેં મૈં હી વિકાર સંસાર, વિકાર સંસાર પ્રકૃતિ. વિકાર દશા એ સંસાર પ્રકૃતિકી જાગૃતિ કિયા, જડતા જાગૃતિ હુઈ. આહાહા!

પરમાણુકી બાત યહાં નહિ. વિકારભાવ પુણ્ય અને પાપ દો હી જડતા હૈ, જડ હૈ, ઉસમેં ચેતનતા નહિ. એ અચેતન કી જાગૃતિ હુઈ. હૂઁ તો ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છતાં દશામેં ઐસી અચેતનકી જાગૃતિ હુઈ. આહાહા! ઐસી હૈ અનાદિકી વો ભી સિદ્ધ કિયા. પર્યાયમેં શુદ્ધતા હી હૈ, ઐસે નહિ. પ્રકાશદાસજી! વસ્તુ શુદ્ધ હૈ ત્રિકાળ, પણ દશા અશુદ્ધ હૈ. સમજમેં આયા? પણ એ અશુદ્ધતા મૈં પ્રગટ કિયા. શુદ્ધતાકા ત્રિકાળી મેરા સ્વરૂપ ઉસકો ભૂલકર, દૃષ્ટિ નહિ દેકર; પર ઉપર દૃષ્ટિ દેકર અશુદ્ધતા મૈં પ્રગટ કિયા વો જડકી સ્ફૂર્તિ હુઈ. ચૈતન્યકી સ્ફૂર્તિ હોના ચાહિયે, તેના ઠેકાણે જડકી દશામેં સ્ફૂર્તિ પ્રગટ હુઆ. રાગ અને દ્વેષ, પુન્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાન, વ્રત ને અવ્રત એવા બધા વિકલ્પો જે રાગ, એ દશામેં પ્રગટ હુઆ.

'मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ' મોહકર્મ તો એક નિમિત્તરૂપે બાહ્ય ચીજ હૈ. એ 'हेतु निमित्त पाइ, चेतन पर रच्चइ'—આત્મા રાગકો રચે, જડકો રચે, આહા! અનાદિસે. પુણ્ય અને પાપકી ગલતી વો વિકલ્પોકોં રચતે હૈં અનાદિસે, કહતે હૈં. સમજમેં આયા? હૈ? જુઓ. 'मोहकर्मका पर निमित्त पाकर आत्मा पर पदार्थोंमें अनुराग करता है' રચે છે. મૂળ તો અપના સ્વરૂપકા ભાન નહિ, તો પરપદાર્થકા લક્ષ કરકે વિકારી દશાકો ઉત્પન્ન કરતે હૈં. આ 'चेतन पर रच्चइ.' શરીરકો રચે, વાણીકો રચે, એ તો બાત હૈ નહિ, વો તો જડ હૈ. વિકારકો રચે. આહા! નિર્વિકારી ભગવાન ત્રિકાળ પોતે હોને પર ભી વિકારકો રચે, એ દૃષ્ટિ મિથ્યાત્ હૈ, એમ કહતે હૈં. એ લાદી બાદી ન રચી શકે, એમ કહતે હૈં. (શ્રોતા : કરી દીધું એનું કામ) ક્યાં કરી'તી? માન્યતા કરી'તી. આહા!

'चेतन पर रच्चइ' ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યકી મૂર્તિ જ્ઞાનકા પ્રકાશ સ્વભાવ સ્વરૂપ, ત્રિકાળ જ્ઞાનકા પ્રજ્ઞા બ્રહ્મ આનંદ સ્વરૂપ, ઐસા હોને પર ભી અપનેકો ભૂલકર રાગ અને પુણ્ય–પાપકી રચના જો અજ્ઞાનભાવ ઉસકી કિયા રચના કિયા, ઉસસે સંસાર હૈ. બીડીયુંકી રચના નહિ કિયા. પરપદાર્થકા લક્ષ કર મમતાકી રચના કિયા. 'मोहकर्म पर हेतु पाइ', સ્વભાવમેં તો હૈ નહિ વિકારમેં નિમિત્ત હોનેકા, તો વિકાર ઉત્પન્ન કિયા અજ્ઞાનભાવ, મિથ્યાભાવ, મિથ્યાશ્રદ્ધા, રાગ–દ્વેષકા ભાવ, મોહકર્મકો નિમિત્ત....નિમિત્ત નામ સંયોગ દેખકર વિકારકી રચના કિયા ઔર દુઃખકો ઉત્પન્ન કિયા. આનંદકો ઉત્પન્ન ન કરકે દુઃખ ઉત્પન્ન કિયા. સમજમેં આયા?

'ज्यों धतूर–रस पान करत, नर बहुविध नच्चइ' લ્યો. ધતૂરાકા રસ પાન કરકે, સફેદ વસ્તુ ભી ધતૂરાકા પાન કરનેવાલે કો પીળી દેખતી હૈ. ધતૂરાકા રસ ચડી ગયા હૈ,

ઐસે મોહકા રસ ચડી ગયા અજ્ઞાનીકો. આહાહા! સમજમેં આયા? એમ છે ને અંદર. 'धतूरेका रस पीकर नाचनेवाले मनुष्य जैसी दशा हो रही है' 'धतूराका रसपान करत नर बहुविध नच्चइ' અસંખ્ય પ્રકારકા શુભરાગ, અસંખ્ય પ્રકારકા અશુભરાગ ઉસકી રચના કિયા. અપની ચીજકો ન દેખી. ધતૂરાકા પાન કરનેવાલા પીળી ચીજ દેખતે હૈં, પણ પીળી હૈ નહિ, હૈ તો સફેદ. એમ પર ચીજ પરમેં હૈં, અપની અપનેમેં હૈ ઐસે ન જાનકર, એ પરચીજ મેરી હૈ ને મૈં ઉસકા હૂઁ; ઐસા મિથ્યાદૃષ્ટિ અપના ધતૂરા પીકર જેમ સફેદકો નહિ દેખતે હૈં, ઐસે અપના અને પરકા ભિન્ન સ્વરૂપ દેખતે નહિ. સમજમેં આયા?

'अब समयसार वरनन करत'—અબ તો મૈં આત્માકા વર્ણન કરૂંગા. શુદ્ધ ચૈતન્ય ભગવાન, વર્ણન કરનેકે કાળમેં મેરા લક્ષ તો શુદ્ધ ઉપર હી હૈ. બનારસીદાસ કહતે હૈં કે ભગવાન જૈસે કહતે હૈં ઐસા સમયસાર મૈં કહૂંગા. સમયસાર નામ શુદ્ધ આત્મા. તેરી ચીજ જૈસી અનાદિ હૈ ઐસી. 'समयसार वरनन करत, परम सुद्धता होहु मुझ–वरनन करत, परम सुद्धतो होहु मुझ' ઐસા પાઠ હૈ. પાઠ મેં તો ઐસા હૈ ને વો. 'परपरिणति हेतोर्मोहनाम्नोऽनुभावा.....समयसार व्याख्य एव' શબ્દ પડા હૈ ને ભાઈ. 'समयसार-व्याख्ययैव' છે શબ્દ. ક્યા કહા હૈ? મૈં તો આત્મા શુદ્ધ હૂં, આનંદ હૂં ઐસી વ્યાખ્યા કરૂંગા, વો કાળમેં મેરી પરમ શુદ્ધિ હો જાઓ. થોડી અશુદ્ધિ હૈ મેરી પર્યાયમેં, તો સમયસારકી વ્યાખ્યા કરતે કરતે મેરા લક્ષ અંતરમેં ઘૂંટના હૈ, તો વો હી કાળમેં સબ અશુદ્ધતા નાશ હો જાઓ. સમજમેં આયા?

'परम शुद्धता होहु मुझ' પરમ શુદ્ધતા હોહું મુજ એમ. શુદ્ધતા તો હૈ. ત્રિકાળ શુદ્ધ હૂં ઐસી દૃષ્ટિ હુઈ હૈ ત્યાં પર્યાયમેં શુદ્ધતા તો હૈ, પણ પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા નહીં તો અશુદ્ધતા ભી સાથ મેં હૈ. આહાહા! તો કહતે હૈં 'પરમ શુદ્ધતા હોહુ મુજ.' મેરી જૈસી શુદ્ધતા પૂર્ણ દ્રવ્ય-ગુણમેં હૈ, ઐસી પર્યાયમેં—અવસ્થામેં પૂર્ણ શુદ્ધતા હો જાઓ. સમયસાર વ્યાખ્યાન કરતે કરતે ઐસા હો જાયે, એમ કહતે હૈં. કહો પંડિતજી! હવે સમયસાર વ્યાખ્યા કરના તો વિકલ્પ હૈ. વિકલ્પસે શુદ્ધ હોતા હૈ? પાઠ તો ઐસા હૈ દેખો. ઉસમેં તકરાર કરતે હૈં.

દેખો 'व्याख्या एव'—વ્યાખ્યા કરતે કરતે મેરી શુદ્ધ ભાવ હો જાઓ. ઉસકા અર્થ, મૈં આ આત્મા અનંત આનંદ શુદ્ધ આદિ કહૂંગા, ઉસમેં મેરી દૃષ્ટિ તો આનંદ અને જ્ઞાયક ઉપર હી હૈ. સમજમેં આયા? ચાહે તો વિકલ્પ હો અને વાણી નિકળો, પણ મેરી દૃષ્ટિકી સત્તા સ્વરૂપ જો હૈ ઉસકે ઉપર મેરી દૃષ્ટિ પડી હૈ. આહાહા! તો આ વ્યાખ્યાકે કાળમેં

મેરી દૃષ્ટિકા વિષય તો ધ્રુવ ઉપર મેરી દૃષ્ટિ પડી હૈ, તો પર્યાયમેં અશુદ્ધતા હૈ વો નાશ હો જાઓ. સમજમેં આયા? વો વ્યાખ્યાસે નાશ હો જાઓ, એ તો કહેનેમેં નિમિત્તકા કથન હૈ. વ્યાખ્યા તો વાણી એ નિકલતી હૈ અને વિકલ્પ હૈ તો રાગ હૈ.

'अनायास बनारसिदास कहि', બહોત શાસ્ત્ર પઢે લિખે બિના, એમ કહતે હૈં. સમજમેં આયા? છે? અર્થ છે કે? 'अनायास है એમ લખ્યા, એક હી અર્થ હૈ. 'ग्रंथ पढ़ने आदिका प्रयत्न किये बिना' હેઠે અર્થ છે શબ્દ. અર્થ હૈ નીચે હૈ. હા, વિશેષ પ્રયત્ન કરે બિના. મેરા ગ્રંથ બસ મૈં તો આત્માકા ગ્રંથ ખોલુંગા. એ ગ્રંથકા બહોત અભ્યાસ બહોત હો પણ મેરી શુદ્ધતા પ્રગટ હો જાઓ. મેરા અંદર દૃષ્ટિ તો મેરા સ્વભાવ ઉપર હૈ. આહાહા! વો દૃષ્ટિકા જોરમેં શુદ્ધતા પ્રગટ હો જાઓ, ક્ષણે ક્ષણે શુદ્ધતા પ્રગટ હોકર સ્વયં શુદ્ધતા હો જાઓ. શુદ્ધતા દ્રવ્યકી-ગુણકી સિદ્ધ કિયા. પર્યાયમેં થોડી શુદ્ધતા પ્રગટ હૈ— સમ્યગ્દર્શન હૈ, તો પ્રગટ હુઈ કહતે હૈં. તભી પણ અબ અશુદ્ધતા સબ ગઈ નહીં હૈ. તો વો કાળમેં મેરી અનુભૂતિ અંતરમેં એકાગ્ર હોકર અશુદ્ધતાકા નાશ હો જાઓ.

ત્યાં છે અંદર જુઓ. દુરબુદ્ધ અક્ષર આત્મા છે. 'मिथ्यादृष्टि कोरे व्याकरणकोष आदिके ज्ञाता परंतु नयज्ञानसे शून्य' આ બાજુ હૈ ૨૭ પાને (ત્રીજો શ્લોક) દુર્બુદ્ધકી વ્યાખ્યા. મિથ્યાદૃષ્ટિ—જિસકી દૃષ્ટિ હી ઊલટી હૈ. એ કોરે વ્યાકરણકોષ—વ્યાકરણ જાણે, કોષ જાણે....હૈ અંદર? આદિકે જ્ઞાતા પરંતુ નયજ્ઞાનસે શૂન્ય. પણ નિશ્ચયકા સ્વરૂપ ક્યા હૈ અને પર્યાયકો વ્યવહાર હૈ કે ક્યા હૈ? ખબર નહિ કંઈ. અંધે અંધા. નીચે લિખા હૈ.

'ऐसे लोगोको आदिपुराणमें अक्षर–म्लेक्ष कहा है' પંડિતજી, નીચે હૈ....૨૭ પાને હૈ ને નીચે....તદ્દન નીચે. 'ઐસે લોગોંકો આદિપુરાણમેં, જિનસેન આચાર્ય આદિપુરાણ, ઉસમેં અક્ષર—મ્લેચ્છ કહા હૈ.' વ્યાકરણમેં આ ઐસા ને ફૈસા ને આ શબ્દ ને શબ્દના ગોટાળામેં ઊઠતે હૈ સબ. ઐસા અર્થ હૈ ને ફૈસા અર્થ હૈ ને સબ, વો અક્ષર મ્લેચ્છ હૈ. અપના સ્વરૂપકો ભાન નહિ ને એકલા વ્યાકરણ આદિમેં અપના જ્ઞાન માન લેતે હૈં. વ્યાકરણ ને સંસ્કૃતમેં, વો અક્ષર મ્લેચ્છ હૈ. અક્ષરમાં મ્લેચ્છ જેવા ગાંડા પાગલ હો ગયા, એમ કહતે હૈં.

'આદિપુરાણ'માં લિખા હૈ, જિનસેન આચાર્ય. આ વાંચતે હૈ ને બહોત શું કહેવાય? વ્યાકરણ સંસ્કૃતકોષ. બીજા શું કહેવાય આ? કથાકોષમેં આતી હૈ ને બહોત કથા આતી હૈ. નામ ભૂલી ગયા. ઓલા બનાવે છે ને એમાં સબ—બધા ઊંચા ઊંચા, પુસ્તક નહિ બનાતે ઊંચી વ્યાકરણનાં ને. એક મુનિએ બનાવ્યું છે ને કાંઈ....નામ ભૂલી ગયા. નામ. એ આચાર્યનું બનાવેલું આમ પુસ્તક બનાવેલું નામ છે પુસ્તક એ શાસ્ત્રનું. શબ્દકોશ

મળે બહુ બનાવે, નહીં? એટલે કંઈ મળે શબ્દકોશ હવે ડિક્શનરી બીજું કાંઈ કહેવાય. (શ્રોતા : એનસાઈક્લોપીડિયા સિદ્ધાંત કૌમુદી 'સિદ્ધાંત કૌમુદી' તો એ છે. આ મ્લેચ્છવાળા, આ લોકોએ નથી બનાવ્યું.

આપણે આ આચાર્યે એકે તો બનાવ્યું છે. કુમુદ આચાર્ય કહેવાય એને. નામ આવે છે મોટું કાંઈક ભૂલી ગયા. બધા શબ્દો અંદર આ શબ્દનો અર્થ નથી. એમાં આમ કાવ્યો બનાવે કાવ્યો. કાવ્ય બનાવનાર, કવિતાઓ મોટી નથી લખતા? કાવ્ય, એ કાવ્ય....કાવ્ય આવે છે. મોટું કાવ્ય આવે છે. નામ ભૂલી ગયા. એ આવે છે. નામ હવે ભૂલી ગયા. કાંઈ બધા યાદ રહે છે કાંઈ. (શ્રોતા : સંપુકાવ્ય) લ્યો ઠીક. 'સંપુકાવ્ય' મોટો કાવ્ય છે. કાવ્ય એવું છે ને બહોત આમ શણગાર ને અલંકારને ઐસા બોલે ને ઐસા આમ જાણે કે આહાહા! કહે છે કે ઉસકા અક્ષર હી મ્લેચ્છ હૈ. અપની દૃષ્ટિ ક્યા હૈ અને સમ્યક્ ચીજ ક્યા હૈ, એ સમજે બિના ઐસા શાસ્ત્રમેં કાવ્યરચના કિયા ને બહોત હોંશિયાર હુઆ. ઓહોહો! એવા તો કાવ્યરચના કરકે ઐસા બનાયા.

'સંપુકાવ્ય'ને બીજું એક આવે છે, ઉસમેં ક્યા આયા? હા, એ આવે છે....આવે છે ને. મોટા કાવ્ય ને એમાં હુંશિયાર થઈ જાય ને જાણે આપણે થઈ ગયા, હો ગયા જ્ઞાની. આહીં કહતે હૈં કે અક્ષર મ્લેચ્છ હૈ. જિસકો અપના શુદ્ધ ચૈતન્ય આનંદ શુદ્ધ નિશ્ચયનયસે પકડનેમેં આતા નહિ ઔર ઐસા અક્ષર મ્લેચ્છમેં રોકાતે હૈં, એ દુર્બુદ્ધિ હૈ. આયાને ઉસમેં. 'ન લખે દુર્બુદ્ધ'. સમજમેં આયા? અને પહેલા 'સમયસાર'માં એક પહેલી કડી આવી ગઈને આપણે. 'શોભિત નિજ અનુભૂતિ જૂત ચિદાનંદ ભગવાન સાર પદાર્થ આત્મા' એ કંઈ આપણે કળશમાં લીધા છે ને ભાઈ. સાર લીધો છે ભાઈ કળશમાં. સાર, સાર એટલે કયા?

જુઓ ઉસમેં ઐસા લિયા હૈ. એક એક કળશમાં ક્યા હૈ કે આત્મા....અનંત આત્મા હૈ, પુદ્‌ગલ હૈ, ધર્માસ્તિ—અધર્માસ્તિ, આકાશ અને કાળ અને અશુદ્ધજીવ, ઉસકો સુખ નહિ, ઉસકો જ્ઞાન નહિ. સંસારી જીવ અજ્ઞાની અનંત જીવ ઔર પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. ઉસકો ઉસમેં જ્ઞાને ય નહિ અને ઉસકો સુખે ય નહિ ઔર ઉસકો જાનનેવાલેકો ભી જ્ઞાન નહિ ને સુખ નહિ, એમ લિયા હૈ. આહા! ક્યા કહા? ફિર, હા, એમાં પહેલામાં લીધી ઈ કહું છું. પહેલામાં સાર આહીં શબ્દ આવ્યો ને પહેલાં. સાર પદાર્થ આત્મા ને. ઈ સાર....હિતકારી તે સાર અને અહિતકારી તે અસાર. હિતકારી અપના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ વો સાર. તો અપના શુદ્ધ આત્મા ઉસકો જાનના ઉસકા નામ જ્ઞાન અને વો શુદ્ધ આત્મા જાને ઉસકો આનંદ હોતા હૈ, એ સાર હૈ. અશુદ્ધ આત્મા

અનંત નિગોદકા હૈ, પર જીવ હૈ, શરીર હૈ, કર્મ હૈ, આ આદિ.

આ કર્મકાંડ વાંચતે હૈ ને બહોત. કર્મકા અભ્યાસી. હમણાં એક મોટું પુસ્તક બનાવ્યું'તું લાખ રૂપિયાનું ખર્ચ્યું મોટું. કર્મપ્રકૃતિ રસખંડ ને ઉસમેં ક્યા આયા? એક કર્મપ્રકૃતિમેં જ્ઞાન અને સુખ નહિ અને કર્મ પ્રકૃતિકો જાનનેવાલો કો ભી જ્ઞાન અને સુખ નહિ. અપના શુદ્ધ સ્વરૂપકો જાને ઉસકો જ્ઞાન અને સુખ હૈ. સમજમેં આયા? વો કળશટીકામેં આયા પહેલે, પહેલા કળશમેં. વો કળશટીકા હૈ ને વો રાજમલજી. આહીં તો સાર–સાર લિયા ઉસમેં. એક સાર પદાર્થ આત્મા. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અશુદ્ધતાકા લક્ષ છોડકર, નિમિત્તકા લક્ષ છોડકર, અપના ત્રિકાળી શુદ્ધ સ્વભાવકો જાને, ઉસકો જ્ઞાન હૈ ઔર શુદ્ધ સ્વભાવકો જાને, ઉસકો સુખ હૈ. આહાહા! આખી દુનિયાને જાણે કે ન જાણે એની હારે કાંઈ (નિસ્બત નથી.) આહાહા! સમજમેં આયા?

વો પહેલા કળશમેં આયા હૈ 'કળશટીકા'મેં. 'કળશટીકા' હૈ ને. 'હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાનના કારણ કે અજીવ પદાર્થકો–પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળકો અને સંસારી જીવકો–સુખ નહિ, જ્ઞાન નહિ.' આહા! પર્યાયમેં જ્ઞાન નહિ, એ વાત હૈ ને. વસ્તુ ભલે જ્ઞાનમય હૈ ઉસકી (ક્યા બાત) આહાહા! સંસારીજીવકો જ્ઞાન નહિ. અશુદ્ધ હૈ ને અશુદ્ધ. અશુદ્ધ હૈ ને દશામેં. વસ્તુ તો વસ્તુ હૈ પણ દશા અશુદ્ધ હૈ. તો ઐસા અશુદ્ધ જીવકો સુખ નહિ, જ્ઞાન પણ નહિ. ઉસકા સ્વરૂપ જાનનેવાલા જાનનહારા જીવને પણ સુખ નહિ, જ્ઞાન નહિ. સમજમેં આયા? પર જીવ અશુદ્ધ ઉસકો જાને, ઉસમેં જ્ઞાન ક્યા આયા ઔર સુખ ક્યા આયા?

અપના ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉસકો અંતરદૃષ્ટિ દેકર જાને, તો એ જ્ઞાન અને ઉસમેં આનંદ હૈ. બાકી સબ પ્રાણી દુઃખી અને અજ્ઞાની, જ્ઞાન અને સુખ વિનાકે પ્રાણી હૈં. સમજમેં આયા? શાસ્ત્રને જાણે, છ દ્રવ્યને જાણે, અનંત નિગોદના જીવને જાણે. નિગોદ અનંત હૈ બટાટા–આલુ આદિ. તો ઉસમેં ક્યા હૈ? ઉસકો જ્ઞાન હૈ નહિ ને આનંદ હૈ નહિ પર્યાયમેં. તો ઉસકો જાનનેવાલાકો ભી જ્ઞાન ને આનંદ નહિ. વો તો પરલક્ષી જ્ઞાન હૈ, ઉસમેં આનંદ ક્યાં આયા? જ્ઞાન ક્યાં આયા? આહાહા! અપના શુદ્ધ આત્મા અર્થાત્ ધ્રુવ આત્મા અનંત અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ, ઉસકો જાનનેસે જ્ઞાન હોતા હૈ અને ઉસકો જાનનેસે આનંદ હોતા હૈ. તો જ્ઞાન અને આનંદ અપના જાનનેમેં હૈ, પરકા જાનનેમેં જ્ઞાન–આનંદ હૈ (નહિ.) આહાહા! સમજમેં આયા?

પહેલા બોલમેં એ લિયા. બીજા બોલમેં એ લિયા થા બીજી ગાથામેં કે વાણી સર્વજ્ઞ અનુસારિણી હૈ. વો લિયા ને અંદરમેં. આપણે આવ્યું ને કે વાણી કેવળજ્ઞાનના

મુખમેંસે નિકલી હૈ. આયા ને વો જોગ ધરેમાંથી. તો વાણી પણ વ્યવહારે પૂજ્ય હૈ ઐસા કહા ઉસમેં. ઓલામાં નિશ્ચયે ના પાડી છે વ્યવહારે પૂજ્ય હૈ. ભાવ હૈ, વિકલ્પ હૈ. વિકલ્પ આવે ઐસા. જિનવાણી ભી વીતરાગકી વાણી શુભ વિકલ્પસે પૂજ્ય, વ્યવહારસે ગિનનેમેં આતી હૈ. હૈ વિકલ્પ, પણ સર્વજ્ઞ અનુસારિણી વાણી. સર્વજ્ઞ પરમાત્માની ભૂમિકામેંસે વાણી જો નિમિત્તરૂપે નિકલી વો ભી પૂજ્ય ગિનનેમેં આતી હૈ. બીજા શ્લોકની હતી. પછી આ પર પરિણતિ હતી. અશુદ્ધતા પર પરિણતિ, એનો અર્થ થોડો વિશેષ કર્યો છે ને એમાં કે પરપરિણતિ જે અશુદ્ધતા હૈ, એ અશુદ્ધતાકા નિમિત્ત હોગા. અશુદ્ધતા હૈ વો બંધ હોગા ને બંધવાળા અશુદ્ધતામેં વો નિમિત્ત હોગા. સમજમેં આયા? એ અશુદ્ધતાકા બંધ પાપ હોકર શુદ્ધતામેં નિમિત્ત હોતા હૈ, ઐસા નહિ. આહાહા! ભારે કઠણ વાત! ઐસે તીન શ્લોકમેં ઐસા ભાવાર્થ નિકાલા થા. ચોથા શ્લોક પીછે આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્યશક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ-યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુએ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકાનો જ્ઞાતાદૃષ્ટા છે, જો તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ—પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે, તેની કીર્તિ ક્યાં નથી? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, પદ-૫૦)

## પ્રવચન નં. ૧૭, મહાસુદ ૬ સોમવાર તા. ૧-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૫, ૬ પર પ્રવચન

આ 'સમયસાર નાટક' જીવદ્વાર પાનું ૨૭ છે. એમાં નીચે કળશ છે. ૪થો કળશ એનો ભાષા અનુવાદ ૨૮ પર છે.

उभयनय विरोध ध्वंसिनी स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै–
रनवमनयपक्षाअुण्णमीक्षन्त एव।।४।।

એનું પદ છે ૨૮મે પાને. ૫મું (પદ) 'शास्त्रका माहात्म्य' કહતે હૈ. એમાં આત્માનું માહાત્મ્ય લીધેલું છે.

निहचैमें रूप एक विवहारमैं अनेक,
याही नै-विरोधमैं जगत भरमायौ है।
जगके विवाद नासिबेकौं जिन आगम है,
जामैं स्याद्वादनाम लच्छन सुहायौ है।।
दरसनमोह जाकौ गयौ है सहजरूप,
आगम प्रमान ताके हिरदैमें आयो है।।
अनैसौं अखंडित अनूतन अनंत तेज,
ऐसो पद पूरन तुरंत तिनि पायौ है।।५।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : નૈ=નય. દરશનમોહ(દર્શનમોહ)=જેના ઉદયમાં જીવ તત્ત્વ–શ્રદ્ધાનથી પડી જાય છે. પદ પૂરન(પૂર્ણપદ)=મોક્ષ

**અર્થ :**–નિશ્ચયનયમાં પદાર્થ એકરૂપ છે અને વ્યવહારમાં અનેકરૂપ છે. આ નય–વિરોધમાં સંસાર ભૂલી રહ્યો છે, તેથી આ વિવાદને નષ્ટ કરનાર જિનાગમ છે જેમાં સ્યાદ્વાદનું શુભ ચિહ્ન છે. જે જીવને દર્શનમોહનો ઉદય હોતો નથી તેના હૃદયમાં હોતો નથી તેના હૃદયમાં સહજ સ્વભાવથી આ પ્રામાણિક જિનાગમ પ્રવેશ કરે છે અને તેને તત્કાળ જ નિત્ય, અનાદિ અને અનંત પ્રકાશવાન મોક્ષપદ પ્રાપ્ત થાય છે. ૫.

**अर्थ** :–निश्चयनयमें पदार्थ एकरूप है और व्यवहारमें अनेकरूप है। इस नय-विरोधमें संसार भूल रहा है, सो इस विवादको नष्ट करनेवाला जिनागम है जिसमें स्याद्वादका शुभ चिन्ह है। जिस जीवको दर्शनमोहनीय उदय नहीं होता उसके हृदयमें स्वतः स्वभाव यह प्रामाणिक जिनागम प्रवेश करता है और उसे तत्काल ही नित्य, अनादि और अनंत प्रकाशवान मोक्षपद प्राप्त होता है।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? કે આ આત્મા જે છે વસ્તુ. દેહ ને આ તો રજકણથી ભિન્ન આત્મા છે. પણ એમાં નિશ્ચયથી એકરૂપ છે ઈ. શુદ્ધ જ્ઞાન આનંદ આદિ અનંતગુણરૂપે એક છે. નિશ્ચયથી તે એકરૂપ છે. સમજાણું? વ્યવહારમેં અનેક હૈ અનેક ગુણો ને અનેક અવસ્થાથી એક હોય તો વ્યવહારથી તે અનેક છે. ભગવાન આત્મા દેહમાં બિરાજમાન, એની ચીજમાં શું છે કહે એ? એ તો વસ્તુ તરીકે દેખો તો એકરૂપ છે અને એના ગુણો ને શક્તિ ને અવસ્થા તરીકે દેખો તો અનંત છે, અનેક છે. એક છે તે અનેક છે.

निहचैमैं रूप एक विवहारमैं अनेक. 'यही नै विरोधमें जगत भरमायो है' આ નયના ભાન વિના જગત ભ્રમમાં પડ્યા છે. આ એક જ સ્વરૂપ છે એમ માને, પણ ગુણને અવસ્થાથી દશાથી અનેક છે એમ ન માને તો ભ્રમ છે અને અનેક શક્તિએ આનંદ, જ્ઞાન આદિ ને દશા આદિ અનેક હોવા છતાં વસ્તુ તરીકે એક છે, એમ ન માને તો ભ્રમ છે. સમજાય છે કાંઈ? આ તો આત્મા શું ચીજ છે? એનું ભાન થવું, એનું જ્ઞાન થવું એનું નામ ધર્મ ને સમ્યક્દર્શન ને જન્મ-મરણ મૂકવાનો ઉપાય છે. પોતાની જાતમાં શું છે? જડ તો જડ છે. આ માટી, શરીર, વાણી, મન એ તો માટી જડ છે, આ તો પુદ્ગલ છે.

પોતાની ચીજમાં બે ભાગ છે. વસ્તુ તરીકે દેખો તો અવસ્થા ભિન્ન–ભિન્ન ને પદાર્થ એકરૂપ છે. વ્યવહાર મેં અનેકરૂપ છે. વ્યવહાર એટલે ભેદથી જોઈએ તો જ્ઞાન, દર્શન, આનંદ એની વર્તમાન અવસ્થા અનેક રૂપે છે. ભેદથી જોઈએ તો અનેક છે, અભેદથી જોઈએ તો એક છે. લાલચંદજી! ગુજરાતી સમજતે હૈ ને? થોડા થોડા સમજના, એ થોડા થોડા કરે છે. નિશ્ચયમેં એકરૂપ રાગ અને દ્વેષથી રહિત પોતપોતાની ચીજ જે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાનનો પિંડ ને આનંદનું રૂપ એનું છે. વસ્તુ તરીકે એક. જેમ સોના તરીકે સોનું એક પણ સોનામાં પીળાશ, ચીકાશ, ગુણ દશાઓ દેખો તો અનેક...

આ નયના વિરોધમાં જગત ભરમાયો હૈ. કોઈ આત્માને એકાંત અવસ્થાવાળો

દેખે—અનેકપણે દેખે. કોઈ આત્માને એકલો આત્મા અભેદ અખંડ જ દેખે, બેઉમાં ભૂલ છે. સમજાય છે કાંઈ? વસ્તુને એકાંતથી એક પક્ષની દૃષ્ટિથી જુએ તો તે ભ્રમમાં પડ્યા છે. વસ્તુ અભેદ, અખંડ, અનંત ગુણનો પિંડ એ રીતે છે. એને ન માને તો ભ્રમ છે. અને અવસ્થા ને ગુણ ને શક્તિઓ અનંત છે, અનેક છે. એવા એક, પોતે અનેક રૂપે ગુણપણે પણ છે. એમ ન માને તો એ ભ્રમ છે. અહાહા!

'यही नै विरोधमें' એ બે નય વિરુદ્ધ હુઆ, નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય કહે છે કે અભેદ એક છે. વ્યવહાર કહે છે ગુણના ભેદથી અનેક છે. એ નયમાં જગત ભરમાયો. કોઈ આત્માને એક અભેદ જ માન્યો, એના ગુણ ને આનંદ આદિ અનેક છે એને ન માન્યા. કોઈ એકલા અનેકને માન્યું ને એકને ન માન્યું, એકરૂપ સ્વરૂપ છે એને.

'जगके विवाद नासिबेकौ जिन आगम है' ભગવાનની વાણી સર્વજ્ઞ પરમેશ્વર જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન અંદર સ્વરૂપ છે, એવું જેને પ્રગટ થઈ ગયું, જેવું ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. ત્રણકાળ, ત્રણલોકને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. કોઈનો કરવાવાળો કે પરથી પોતામાં થાય એવો એ આત્મા નથી, જાણવાવાળો છે. એવા જાણવાવાળા આત્મામાં અંતરમુખની એકાગ્રતા દ્વારા જેને દશામાં, શક્તિમાં જે સર્વજ્ઞપણું ગુણપણે, સ્વભાવપણે, સત્વપણે, તત્ત્વપણે હતું, એ વર્તમાન દશામાં અનુભવ દ્વારા પ્રગટ કર્યું, એને સર્વજ્ઞ પરમેશ્વર કહેવામાં આવે છે. એની જે વાણી નીકળી તે નિશ્ચય ને વ્યવહારના વિરોધને મટાડનારી છે. પંડિતજી!

'जग के विवाद नासिबेको जिन आगम' વીતરાગ સર્વજ્ઞની વાણી તે વિરોધને મટાડનારી છે. કઈ રીતે? કે વસ્તુ તરીકે એક છે, દ્રવ્યદૃષ્ટિએ, તત્ત્વદૃષ્ટિએ, સામાન્યદૃષ્ટિએ અને ભેદદૃષ્ટિએ, વ્યવહારદૃષ્ટિએ અનેક છે, એમાં વિરોધ છે નહીં. જયંતીભાઈ બહુ ઝીણું ! એને પોતાની જાતને જાણવા કોઈ'દી પ્રયત્ન કર્યો નથી. જોનારો ઈ, જોવે બીજું. જાણનારો પોતે ને જાણે બીજાને, પણ પોતે કોણ છે ઈ? આ તો વર રહી જાય છે વર. વર વિનાની જાન જોડી દીધી.

કહે છે કે તું કોણ છો, ને કઈ રીતે છો? કે વસ્તુ તરીકે તો એક છું. દ્રવ્યદૃષ્ટિ નામ વસ્તુદૃષ્ટિથી એક છું અને ગુણના આનંદ, જ્ઞાન આદિના ગુણના ભેદ તરીકે તો અનેક છું. એ બેય દૃષ્ટિનો આ વિરોધ જે લાગે છે, એ વીતરાગશાસન એ વિરોધને મટાડે છે. કે દ્રવ્યદૃષ્ટિ એક જ હોય, ગુણદૃષ્ટિ અનેક હોય, એમાં વિરોધ છે નહીં. એક હોય તે અનેક કેમ હોય એમ? ને અનેક હોય તે એક કેમ હોય? પરસ્પર વિરોધ છે આ કેમ હોય? એને વીતરાગ દૃષ્ટિ જૈન આગમ એ વિરોધને મટાડે છે.

ભાઈ! સોનું સોનાપણે છે, એ એકરૂપે છે. પણ સોનામાં પીળાશ, સખત, ચીકાશ, વજન અને એના કુંડલ, કરણ આદિ દાગીનાઓની દશાઓ એનાથી તો અનેક છે. અનેક હોવા છતાં, એક સાથે વિરોધ નથી. એક હોવા છતાં અનેક સાથે વિરોધ નથી. સમજાય છે કાંઈ? કેમકે આત્માની જે શક્તિ જ્ઞાન ને આનંદ આદિનું રૂપ જે એક છે, એની દૃષ્ટિ કરતાં એની દશામાં સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન, શાંતિ, આનંદ આદિ અનેક દશાઓ પ્રગટ થાય અને વસ્તુ તરીકે એક છે. પર્યાય, અવસ્થા દૃષ્ટિથી દેખો તો અનેક છે, વસ્તુદૃષ્ટિથી દેખો તો એક છે. કહો બરાબર છે? અહાહા!

વીતરાગનું આગમ, સ્યાદ્વાદ અપેક્ષાથી જે વસ્તુ છે તે અપેક્ષાથી તે વસ્તુને સિદ્ધ કરે ને વિરોધ મટાડી દે. એકાંત માનનારા એકલો બસ અદ્વૈત જ છે, બીજું છે જ નહીં. ત્યારે વળી વિશેષ આદિના માનનારાઓ એકલી ગુણ ને પર્યાયના ભેદ સ્વરૂપ જ છે, અભેદ છે નહીં. બેયનો વિરોધ શાસન વીતરાગવાણી મટાડી દે. દ્રવ્યદૃષ્ટિએ જોઈએ તો એકરૂપ છે ભગવાન. શક્તિઓ ને એની દશા તરીકે જુઓ તો અનેક છે. પર્યાય દૃષ્ટિથી અનેક છે, વસ્તુદૃષ્ટિએ એક છે. એમ બેની વિરોધતા હોવા છતાં વસ્તુમાં વિરોધતા ટાળવાની આ દૃષ્ટિ શાસ્ત્ર આપે છે. સમજાણું કાંઈ? ભારે! મૂળ જાણવું આ હતું ક્યાં?

જો એક જ રૂપ સર્વથા હોય તો એમાં શ્રદ્ધા કરવી, જાણવું, આનંદ પ્રગટ કરવો, એવું અનેકપણું હોઈ શકે નહીં. અને અનેકપણું એકાંતે અનેકપણું હોય તો એનું એકરૂપ રત્નકંદ ક્રમપ્રવાહ આત્મા દ્રવ્યસ્વરૂપ અપના એનું એને ભાન નથી. એક વિના અનેકતા ધર્મની દશા પર્યાયમાં પ્રગટે નહીં અને અનેક વિના અનેકપણાની પર્યાય પ્રગટ છે તેની નાસ્તિ થાય છે. સમજાય છે કાંઈ? ઝીણું છે ભાઈ, માર્ગ બહુ ઝીણો છે! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો ને એના જ્ઞાનમાં સમાય એવો બુદ્ધિગમ્ય બેસી શકે એવો માર્ગ છે, પણ કોઈ દી' એ જાતનો પ્રયત્ન કર્યો નથી. સમજાણું કાંઈ?

'जगके विवाद नासिबैको जिन आगम है, जामै स्याद्वादनाम लच्छन सुहायो है' હવે એ કહે છે આગમનું લક્ષણ, સ્યાદ્વાદસે પહેચાના જાતા હૈ વીતરાગ આગમ. કથંચિત નિત્ય હૈ, કથંચિત અનિત્ય છે. ત્રિકાળ અપેક્ષાએ નિત્ય છે, પલટવાની અપેક્ષાએ અનિત્ય છે. વસ્તુ તરીકે એક છે, ગુણભેદ તરીકે અનેક છે. એમ જિનઆગમ પરસ્પર વિરોધ હોવા છતાં જિનઆગમ એ વિરોધ મટાડી દે છે. સ્યાત્ અપેક્ષાએ એમ કહીને. એકરૂપ છે એ સ્યાત્. સ્યાત્ એટલે દ્રવ્ય અપેક્ષાએ, વસ્તુ અપેક્ષાએ. અનેક છે એ સ્યાત્ ભેદ અપેક્ષાએ. ઝીણું છે આમાં હોં.

ઓલા રૂપિયામાં જેમ કર્યું એમ આમાં મગજ બહુ કામ કરે એવું નથી કાંઈ. આ

તો ઓલા પૂર્વના પુણ્ય હોય ને સોગઠી ગોઠવાઈ જાય. પછી શેઠ કહે કે અમે ડાહ્યા છીએ ને આ પૈસાદાર એય! લાલચંદજી? એમાં કાંઈ પણ ડહાપણ કામ કરતું નથી. ડહાપણ સમજેને, શાણપણ (શ્રોતા : શાણપણું કામ ન કરે પણ વિવેક તો કરે ને?) વિવેકનો અર્થ શું? એ ન દેવું-દેવું એ પણ અજ્ઞાન છે. કોને દે? કોણ દે? કોને દે? (શ્રોતા : કોણ દે? કોણ લે? એ બધી વાત ખોટી છે.) એ તો જડની સ્વતંત્રતા વસ્તુ છે. જડનું જવું આવવું એ જડને કારણે, આત્માને કારણે નથી. અહાહા! જ્યાં વિકલ્પ જ જેમાં આત્મામાં, અંતર સ્વરૂપમાં નથી તો લેવા દેવાની વૃત્તિ ઊઠે ક્યાંથી?

શેઠ! આ તો ઓલામાં પૈસા આપે કંઈ દશ હજાર, પંદર હજાર હાથમાં. દાન પુણ્ય શોભે ઓલાને...ખોટા શાસ્ત્રમાં નહીં લાલચંદજી? ખોટેખોટા ગપ મારે. લાવ બધું...પણ તમને ખબર નહીં, વેપારી માણસ રળી જાણે (શ્રોતા : રળી જાણે પણ કળી ન જાણે) (શ્રોતા : આપ કહો છો કે રળી યે જાણે નહીં) રળી જાણે પણ મનમાં માને આનું આમ કરું, આનું આમ મૂકું, બીડી આમ મુકવી, એને આમ મુકવું. શું કહેવાય? જીપ. જ્યાં રસ્તા સારા ન હોય તો જીપ મોકલાવે. સારો રસ્તો હોય તો મોટર મોકલાવો. એવું બધું વિચાર કરે વિકલ્પ. શેઠ! વિકલ્પ કરે કે નહીં? એમાં માને કે આ બધું બરાબર વ્યવસ્થા કરીએ, એ વાત જૂઠી છે. (શ્રોતા : તો બધું યે સ્વપ્નું) સ્વપ્નું નહીં, એ કરી શકતો જ નથી. સાચું છે, એ જવું–આવવું લક્ષ્મીનું સાચું છે પણ (પુદ્‌ગલને) એને કારણે. આત્માને કારણે જવાય–અવાય, એમ ત્રણ કાળમાં નથી. નવો ફરે જડનો, એ બની શકે નહીં.

મરતા નહીં, બાપુ, શું તમારે કંઈ કહેવું છે તો નવો ઓળંગી જાય. ઉં....થઈ જાય, વાચા બંધ થવાને લાયક થઈ જાય ને વાચા બંધ થઈ જાય. આ તો મરવા પડતો હોય ત્યારે છોકરાવને કહેતો જાય, કદાચિત વૃત્તિ એવી હોય કે અહીંયા આમાં એક બે લાખ ખરચજો હોં. છોકરો કહે, બાપુ અત્યારે એ યાદ ન કરીએ બહુ. (શ્રોતા : અત્યારે એ યાદ ન કરાય. ભગવાનનું નામ લ્યો) ભગવાનનું નામ લ્યો. કારણ કે બે લાખ દઈ દે, અત્યારે કહે છે, પાછળ દેવા પડશે. ઓલો સમજે પણ બોલી નહીં શકે. વાચા બંધ થવાની તૈયારી છે. આ તો જડ છે, ભાષા જડ છે. ખ્યાલમાં આવે, હું કહેવા માગું છું પણ કહી શકાતું નથી. હાથમાં સ્લેટ લે લ્યોને સ્લેટ, બોલે નહીં તો. આંગળીયે હાલે નહીં, આ યે જડ છે. એને હાલવું હોય તો હાલે. આડા અવળા લીટા થઈ જાય. પોપટભાઈ !

આપણે બનારસીદાસને થયું'તું ને ભાઈ. હા, આ લખાણમાં....બનારસીદાસને એવું થયું પંડિત જ્ઞાની હતા. પહેલા સમજ્યા પછી, મરતાં જીવ નીકળતાં વાર લાગી. આ

બનારસીદાસ કર્તા આના (નાટકના) જ્ઞાની ધર્માત્મા. તેને જીવ નીકળતાં વાર લાગી એટલે એને વાચા બંધ થઈ ગઈ. વાચા હાલી શકે નહીં. માણસ એક બીજી વાતું કરવા મંડ્યા કે પંડિતજીનો ક્યાંક જીવ વળગી રહ્યો છે. આમાં છે? આમાં ક્યાંક છે. એમાં છે મોઢા આગળ. આમાં છે? (શ્રોતા : ભૂમિકામાં છે) ભૂમિકામાં છે. ૧૨૪મું પાનું. પરમ વિદ્વાન ધર્માત્મા સમજકર ઉનકી વૈયાવચ્ચમેં લગ ગયે. બડી કઠિનતાસે લોગોંને ઉનકે સંકેત કો સમજા. જોયું? છે અંદર. જ્ઞાન કુતકકા હાથ.

શક્તિ બોલવાની રહી નહીં. બધા તર્ક કરવા લાગ્યા કંઈક કે પંડિતજીનો જીવ ક્યાંક રહી ગયો છે. છે ને અંદર? જીવિત નહીં રહેંગે....કંઠ રૂંધ ગયા થા. વે બોલ નહીં સકતે થે, જુઓ. ઔર અપને અંત સમયકા નિશ્ચયકર ધ્યાન અવસ્થામેં હો રહે થે ઔર લોગોંકો વિશ્વાસ હો ગયા થા, અબ ઘંટે દો ઘંટેસે અધિક જીવિત નહીં રહેંગે. પરંતુ જબ ઘંટે દો ઘંટે મેં કહીં ઉનકી ધ્યાન અવસ્થા પૂર્ણ ન હુઈ તો લોગ તરહ તરહ કે ખ્યાલ કરને લગે. મૂર્ખ લોગ કહને લગે કિ ઇનકે પ્રાણ માયા ઔર કુટુંબીઓમેં અટક ગયા હૈ. વાર લાગી પણ દેહની સ્થિતિ છે. પૂરી થાય ત્યારે થાય એ કાંઈ તોડી શકે છે કોઈ?

'જબતક કુટુંબીઓ ઊનકે સન્મુખ નહીં હોંગે ઔર દોલતકી ગઠડી ઊનકે સમક્ષ નહીં હોગી, તબતક પ્રાણ વિસર્જન નહીં હોંગે.' એવા તર્ક કરવા મંડ્યા. પ્રસ્તાવ પર સબને અનુમતિ પ્રગટ કી. કિસીને ભી વિરોધ નહીં કિયા. પર લોગોંકે મૂર્ખતાપૂર્ણ વિચાર કવિવર સહન નહીં કર શકે. ઉન્હોંને લોક મૂઢતાકા નિવારણ કરના ચાહા. એક પટ્ટીકા, સ્લેટ—સ્લેટ સમજ્યાને? પાટી ઔર લેખની લાને કે લિયે કહા. આમ ઈશારાથી, વાણી તો બંધ થઈ ગઈ હતી. જ્ઞાની હતા ધર્માત્મા. વાણી બંધ થઈ ગઈ ને આયુષ્ય પૂર્ણ થવાને વાર લાગી. વાર લાગે એ તો દેહની સ્થિતિ છે. જે સમય છૂટવાની સ્થિતિ છે એ પહેલા છુટી જાય?

બડી કઠીનતાસે લોગોંને ઉનકે સંકેતકો સમજા. તબ લેખની આ ગઈ. સ્લેટ, સ્લેટ તબ ઉન્હોંને દો છંદ લિખ દીયે. ઉન્હેં પઢકર લોગ અપની ભૂલકો સમજ ગયે. કવિવર કો પરમ વિદ્વાન ધર્માત્મા સમજકર ઊનકી વૈયાવચ્ચમેં લગ ગયે. 'જ્ઞાન કુતકકા હાથ, મારિ અરિ મોહના'. છે? 'જ્ઞાન કુતકકા'—આત્મા જ્ઞાન કુતકકા ભાલા લિયા હૈ, ને રાગસે ભિન્ન ઐસા ભાન છે. 'મારિ અરિ મોહના'—રાગરૂપી વેરી મારીને બેઠો છે. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા, એ મૈં હૂઁ. 'પ્રગટ્યો રૂપ સ્વરૂપ અનંત સુ સોહના'—આનંદ સ્વરૂપ અંદર પ્રગટ્યું છે, એ મારી અંતરની અનંતની શોભા છે. 'જા પરજૈકો અંત'-દેહની પર્યાયનો અંત આવ્યો છે. હવે સ્થિતિ પૂરી. 'સત્ય કર માનના. ચલે બનારસીદાસ ફેર નહીં આવના.'

આવા મૂરખના અવતાર. આવા કંઈક હોતા હશે? દેહને છૂટતા વાર લાગી ત્યાં ક્યાંક જીવ વળગ્યો છે, લાગે છે. આ અત્યારેય આમ થાય છે. પોપટભાઈ! ઓલા ઘરના માણહ ભેગા થઈને જીવ છૂટતો નથી. જીવ ક્યાંક અટક્યો હશે. અહીંયા આપણે દામોદરભાઈ હતા નહીં? દામોદર વકીલ હતા નહીં? ઉમરાળા. ડાહ્યો હતો, મગજવાળો.... હીરાભાઈના મકાનમાં. પછી કંઈ ઝીર્ણ થતા બહુ ઝીર્ણ થઈ ગયા, થોડી વાર લાગી હશે. પછી કોઈકને થયું, એનો નાનો છોકરો છે ને એને મોઢા આગળ બેસાડો, મોઢું બતાડો તો કંઈક આપણને કહેશે. લડકા છોટા બતાઓ. બતાવ્યો. સમજમેં આયા? ક્યા? નાનો છોકરો મૂક્યો, એણે સામું જ ન જોયું. એમ કે એને બતાવું તો કાંઈ કહેશે. આનું કાંઈ કરવાનું, આનું આ કરવું.

કરવા—ફરવાનું આંહી કાંઈ છે નહીં. સંભળાવશો પણ નહીં મને, એમ કહે, દેહ છૂટવાના કાળે સંભળાવશો નહીં. હમારા વિચાર (યહ હૈ કી) મુઝે કુછ સુનાના નહીં. પંડિતજી! સુનાના નહીં મેરેકો કુછ....સંભળાવશો તો મારું લક્ષ ત્યાં જશે. ના પાડી સંભળાવશો નહીં કોઈ મને. પણ હવે આ તો માણસ કંઈ રહે. બોલવા માંડ્યા, 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી'. મરવાની તૈયારી પછી શું કરે? ના ન પાડી. એમ ને એમ દેહ છૂટી ગયો. કોઈ એમ કહે ને કે ભાઈ! આ છોકરા પર આની બુદ્ધિ રહી ગઈ લાગે છે. બાયડીને કાંઈ કહેવું હશે. કંઈક કહેના હો છેલ્લી સ્થિતિમેં. ધુળેય કહેના નહીં. કોણ કહી શકે? ભાઈ! પણ આ તો વાણી જડ છે. વાચા બંધ થવાને કાળે બંધ થાય. બોલવાને કાળે પણ વાચા બોલે, આત્મા બોલે નહીં આહાહા!

તો કહે છે કે બનારસીદાસને એમ બની ગ્યું, લ્યો. આહીં કહે છે કે સ્યાદ્વાદ લક્ષણ સુહાવે. જ્ઞાની ખુલાસા કરતે હૈ...વાણી કે કારણે વાણી નિકળતી હૈ ને વાણી નિકલના ન હો, તો વાણી નિકળતી નહીં, એસા ઉસકો સમજાતે હૈ. આત્મા બોલ સકતે હૈ? કે નહીં, બોલવાની ક્રિયા જડની હૈ એમ જડ સ્વતંત્ર વો કારણે પરમાણુ પરિણમતે હૈ. આત્મા ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ, આત્માસે વાણી બનતે નહીં. સમજમેં આયા? આત્મા ન બોલે તો જીભ બોલતે હૈ? સુન તો સહી. બોલે કોણ બોલે એ બીજો. વો (વાણી) તો જડ હૈ. એક ખુલાસો વીતરાગના આગમે કે જડપદાર્થની સાબિત સિદ્ધ કરીને જડની અવસ્થા જડ સે થાય, આત્માની અવસ્થા આત્માથી થાય ને આત્માની અવસ્થામાં જડ નથી. જડની અવસ્થામાં આત્મા નથી. એ ખુલાસો વીતરાગ શાસન કરે. સમજાણું કાંઈ?

'जामैं स्याद्वाद नाम लच्छन सुहायौ है'. અપેક્ષાથી કથન જાનના ચાહિયે. આત્મા બોલે—ચાલે એમ કહેવું એ તો નિમિત્તના—વ્યવહારના કથન છે, એમ છે નહીં.

એનો ખુલાસો વ્યવહારથી કહેવામાં આવ્યું છે. આત્મા ન કરી શકે, આત્મા તો જાણે. કાં વિકલ્પ કરે, રાગ કરે રાગ. અરે! આ રહી ગયું ને આ રહી ગયું, આ કહેવું હતું ને રહી ગયું. વાચા થઈ ગઈ બંધ. જે રહી ગ્યું એ રહી ગયું. જાશે ચાર ગતિમાં રખડવા. કાંઈ રહી ગ્યું ય નથી, કહી ગયા ય નથી. હું તો આત્મા છું. હું તો જાણનાર ચૈતન્ય બ્રહ્મ. આનંદકંદ છું. મારે કહેવું ય નથી ને કોઈનું સાંભળવું ય નથી. અહાહા! સમજાણું કાંઈ?

'दरसनमोह जाकौ गयौ है सहजरूप' ભાષા દેખો. જે આત્મામાં અપના આ પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે, તેવું જ્યાં અંદર ભાન થઈ ગયું છે, તેને ભ્રાંતિનો નાશ થયો છે. જેને આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય વસ્તુ છે, એને જ્ઞાનમાં ભ્રાંતિ જે પહેલી હતી કે હું રાગનો કર્તા, શરીરની ક્રિયા કરું કે હું અનેક રૂપ જ છું, એવી એકાંત દૃષ્ટિ હતી તેનો નાશ થઈ ગયો. સહજરૂપ દર્શનમોહ ગયો, જુઓ ભાષા. કર્મ તો એને કારણે ગયું પણ અહીં પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થા. પોતાનો આનંદ જ્ઞાન સ્વભાવ એની દૃષ્ટિ થવી, એને ભ્રાંતિનો નાશ થાય છે, એને ધર્મ થાય છે.

'दरसनमोह जाकौ गयौ है सहजरूप, आगम प्रमान ताकै हिरदैमैं आयौ है' એને સર્વજ્ઞની વાણીની કઈ અપેક્ષા કથન છે, એ જ્ઞાનીના હૃદયમાં આવી જાય છે. તેને ભ્રાંતિ થતી નથી, મૂંઝવણ થતી નથી. આ કેમ છે? કૈસે હૈ? જેમ કહ્યું એ દૃષ્ટિ એમ જ છે. સમજાણું કાંઈ? આગમ પ્રમાણ. જુઓ 'स्वतः स्वभाव जिनागम प्रवेश करता है'. સર્વજ્ઞ પરમાત્મા જો શાસ્ત્ર કહા—કહ્યું, એ શાસ્ત્ર જ્ઞાનીના હૃદયમાં પ્રમાણગત લાગે છે, એને કાંઈ ભ્રાંતિ અસ્થિરતા લાગતી નથી. બરાબર, વસ્તુ તરીકે એક, પર્યાય તરીકે, અનેક, વસ્તુ તરીકે શુદ્ધ, અવસ્થામાં અશુદ્ધતા, એમ એની ત્રિકાળની અપેક્ષાએ નિત્ય, અવસ્થા બદલવાની અપેક્ષા અનિત્ય, એ રીતે સ્વભાવમાં ભાનવાળા ધર્મીને ભ્રાંતિનો નાશ થયો, એટલે ભ્રાંત થતો નથી.

'अनैसौ अखंडित' એ અર્થ રહી ગયો છે આમાં. એનો અર્થ નથી આવ્યો, એટલે અર્થ નથી આવ્યો 'अनैसौ अखंडित' એટલો અર્થ નથી આવ્યો. કુનયથી વસ્તુનું ખંડન થઈ શકે નહીં. અનય એટલે કુનય. કુનયથી કોઈ એકાંત આત્માને એક જ માને. આત્માને અનેક જ માને એક વસ્તુ તરીકે હોં, બધા થઈને નહીં. એવું જે સ્વરૂપ એનું છે, એનાથી વિરુદ્ધ કોઈ કુનયથી એ વસ્તુનું ખંડન થાય કે વસ્તુથી વિરોધતા આવે, એવું છે નહીં. અનૈસોં અખંડિત છે એ તો. એટલો અર્થ બાકી રહી ગયો છે એમાં. 'अनूतन અનાદિનો છે. ભગવાન અનૂતન છે. નૂતન નામ નવો નથી. છે છે ને છે. છે, છે, છે, છે, છે અનાદિ, અનાદિ, અનાદિ, અનાદિથી આત્મા છે એ નવો ઉત્પન્ન થાય એવો આત્મા (નથી) આત્મા ઉત્પન્ન થાય નવો?

એ તો અવિનાશી છે, અનાદિનો છે. આ ભવ પહેલા આ ભવ પહેલા, આ ભવ પહેલા, આ ભવ પહેલા, ભવ, ભવ, ભવ, અનૂતન—નવો નથી. તે અનંત જેનું તેજ છે. એ તો અનાદિ વાત કરી પણ વસ્તુ શું છે? અનંત જેનું જ્ઞાન ને આનંદનો તેજ છે. આત્મા. અહાહા! સમજાણું કાંઈ? એટલે બધાને જાણનાર છે, એમ કહેવું છે. અનંત જેનું તેજ છે. તે તો રાગ થાય તેને જાણે, શરીરની ક્રિયા જાણે, બધું જાણનાર જાણનાર જાણનાર એવું અનંત જેનું તેજ છે. અનાદિ છે ને અનંત જેનો પ્રકાશ છે. છે અર્થમાં એટલું પહેલું. જુઓ, નિત્ય અનાદિ અનંત પ્રકાશમાન, એટલો શબ્દ છે અર્થમાં. ઓલી કોર ૨૯ પાને तत्काल ही नित्य. તત્કાળનો અર્થ પૂર્ણ છે ને! પૂર્ણ છે. આહાહા!

જેને આત્માનો સ્વભાવ, શાસ્ત્ર કહે છે એ પ્રમાણે જેને અંદર બેસી ગયું કે હું તો ત્રિકાળ આનંદમૂર્તિ છું. રાગાદિ છે ખરા પણ એ મારી ચીજ વસ્તુમાં નથી અને કર્મ આદિ છે પણ એ એના સ્વરૂપમાં એ છે જડ આદિ, મારા સ્વરૂપમાં નથી. એમ જેને અંતરમાં બેઠું, એ કુનયથી એનો નાશ થઈ શકે નહીં. કુયુક્તિ અને કુતર્ક વડે કરીને ખંડન થાય એવું તત્ત્વ નથી.

'अनूतन (अनादि) अनंत तेज ऐसो पद पूरन तुरंत निति पायौ है'. અંતર ભગવાન આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, ઉસકી જિસકો દૃષ્ટિ થઈ, એને અલ્પકાળમાં મોક્ષનું પદ પ્રાપ્ત થાય છે. પૂર્ણ પદ કીધું છે ને! મોક્ષ...इक्षन्त છે ને છેલ્લે. 'अक्षुण्णम इक्षन्त' જેનો નાશ થાય નહીં, એવા પદને તે પ્રાપ્ત થાય છે. મોક્ષ આત્માની દશાને પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? આહાહા! આ એને કરવાનું છે. વસ્તુ અનંત આનંદ ને અનંત જ્ઞાનથી ભરેલી ચીજ, એનો અંતર અનુભવ કરવો ને રાગનો અનુભવ દૃષ્ટિમાંથી છોડી દેવો, એવા આત્માના અનુભવ દ્વારા ધર્મ પ્રાપ્ત કરીને એ પૂર્ણપદને નામ મોક્ષપદને પ્રાપ્ત થાય છે. એનું સંસાર પરિભ્રમણ રહેતું નથી. સમજાણું કાંઈ? ઈ ચોથા કળશનું પાંચમું પદ. કળશ તો ચોથો, પદ છે પાંચમું. હવે પાંચમો કળશ અને પદ છે છઠ્ઠું. આ બાજુ છે ૨૯ પાને નીચે.

(પાનુ ૨૯ શ્લોક ૫)

व्यवहारणनयः स्याद्यद्यपि प्राक्पदव्या
मिट निहितपदानां हन्ता हस्तावलम्बः।
तदपि परममर्थ चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्॥५॥

અહાહા! નિશ્ચયનયની પ્રધાનતાથી કથન. ૬ઠ્ઠું પદ

**निश्चयनयकी प्रधानता** (સવૈયા તેવીસા)

**ज्यौं नर कोउ गिरै गिरिसौं तिहि,**
**सोइ हितू जो गहै दिढ़बाहीं।**
**त्यौं बुधकौं विवहार भलौ,**
**तबलौं जबलौं शिव प्रापति नाहीं।।**
**यद्यपि यौं परवान तथापि,**
**सधै परमारथ चेतनमाहीं।।**
**जीव अव्यापक है परसौं,**
**विवहारसौं तौ परकी परछाहीं।।६।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ગિરિસૌં=પર્વત પરથી. બાહીં=હાથ. બુદ્ધ=જ્ઞાની, પ્રાપતિ=પ્રાપ્તિ.

**અર્થ :–**જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે, જો કે આ વાત સાચી છે તોપણ નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરને આશ્રિત કરે છે.

ભાવાર્થ :–જો કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહાર હોય છે, પરંતુ ઉપાદેય તો નિશ્ચયનય જ છે, કારણ કે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થ પ્રયોજનભૂત નથી.

**अर्थ :–**जैसे कोई मनुष्य पहाड़ परसे फिसल पड़े और कोई हितकारी बनकर उसकी भूजा मजबूतीसे पकड़ लेवे उसी प्रकार ज्ञानीयोंको जब तक मोक्ष प्राप्त नहीं हुआ है तबतक व्यवहारका अवलम्ब है, यद्यपि यब बात सत्य है तो भी निश्चयनय चैतन्यको सिद्ध करता है तथा जीवको परसे भिन्न दर्शाता है और व्यवहारनय तो जीवको परके आश्रित करता है।

**भावार्थ :–**यद्यपि चौथे गुणस्थानसे चौदहवें गुणस्थान तक व्यवहारका ही अवलम्बन है, परन्तु व्यवहारनयकी अपेक्षा निश्चयनय उपादेय है, क्योंकि उससे पदार्थका असली स्वरूप जाना जाता है और व्यवहारनय अभूतार्थ होनेसे परमार्थमें प्रयोजनभूत नहीं है।।६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કવિ પણ હુશિયાર અધ્યાત્મ કવિ હૈ ને અધ્યાત્મ.

'जैसे कोई मनुष्य पहाड़ परसे फिसल पडे' પહાડ પરસે ગિરે. 'जैसे नर कोउ गिरै गिरिसौं' પર્વત ઉપરથી ખસી જાય. 'सोइ हितू जो गहै दिढ़ बाहीं।' પણ જો એને કોઈ દઢબાહુથી પકડે તો રહી જાય, હેઠે પડે નહીં. 'और कोई हितकारी बनकर उसकी भुजा मजबूतीसे पकड लेवे।' ઝાડ–બાડ હાથ આવી જાય, મજબૂત ઝાડ હોય, પકડી લે ઝાડને પહાડ પરથી નીચે પડે ને ઝાડ સમજેને? ઝાડ નહીં સમઝતે હૈ? ઝાડ–વૃક્ષ, વૃક્ષ. લીમડા હોયને, લટકી જાય, રહી જાય ઉપર. એ તો નિમિત્ત રૂપે છે હોં, એનાથી એ અદ્ધર નથી. ફક્ત ત્યાં નિમિત્તપણું વૃક્ષનું હોય છે, એટલું સાબિત કરવું છે.

'सोइ हितू जो गहै दिढ़बाहीं। त्यौं बुधको विवहार भलौ'. તેમ જ્ઞાનીને જ્યાં સુધી પરમાત્મપદ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી એની દશામાં ભેદરૂપ પર્યાય છે, એ એને ભલી એટલે છે, એમ કહેવામાં આવે છે. નથી એમ નહીં. ૧૪મા ગુણસ્થાન સુધી પણ પર્યાય ભેદ છે એટલું. મોક્ષ થવાને પહલે સમય સુધી એને વ્યવહારની દશા ઉદયની, યોગના કંપનની છે. એટલી વાત, બસ એટલી વાત. ભલોનો અર્થ સારો છે ને આશ્રય કરવા લાયક છે, એમ નથી. એ તો એની હારે પદ છે ને મેળવવા માટે કહ્યું છે.

'त्यौं बुधको विवहार भलौ.' જ્ઞાની ધર્માત્મા પોતાના શુદ્ધ, આનંદ સ્વરૂપ અનુભવ દૃષ્ટિમાં એ એને ધ્યેય ને આલંબન તો દ્રવ્ય સ્વભાવ-વસ્તુનું છે. આરે, આરે! પણ જ્યાં સુધી પૂર્ણ મોક્ષ ન થાય ત્યાં સુધી એની દશામાં ભેદરૂપ અવસ્થા છે, છે એ જાણવાલાયક છે જાણવાલાયક છે, નથી એમ નહીં. સમજાય છે કાંઈ? અર્થ બધા કાઢે છે ઘણા. (શ્રોતા : કાઢે ત્યાં સુધી જોઈએ ને અહીં) જોઈએની ક્યાં વાત છે? છે એટલી વાત છે. ઈ કાઢશે. કહેશે, જુઓ. 'बुधको विवहार भलौ, तबलौ जबलौं शिवप्राप्ति नाहीं' શિવ નામ મોક્ષ. આત્માની પૂર્ણ આનંદ દશાની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી એની ઉણી અધૂરી દશા છે, એને જાણવી જોઈએ. એ જાણવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ?

ચૈતન્યના માર્ગ અનંતકાળથી એણે જોયા નથી, બહારમાં માર્ગની કડાકૂટમાં પડ્યો છે. આરા આવ્યા નહીં. આરાનો વારો ન આવ્યો. સંસારથી મુક્ત થવાનો આરાનો વારો ન આવ્યો, રખડવાના વારા રહ્યાં. આહાહા! કહે છે કે આત્મા સચ્ચિદાનંદ આનંદ સ્વરૂપ એની દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ. પણ જ્યાં સુધી ધર્મની દશા મુક્તરૂપ દશા ન થાય ત્યાં સુધી દશા છે, અવસ્થા છે, એમ જાણવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો જન્મ, જરા, મરણથી મુક્ત થવાના રસ્તાની વાત છે. આહાહા!

કહે છે. 'त्यौं बुधको विवहार भलौ.' પર્વતથી પડતો હોય અને કોઈ દઢબાહુ હાથ

પકડે તો એને આલંબન કહેવામાં આવે છે. રહે છે તો પોતાના કારણે પણ, નિમિત્ત છે ને આલંબન! જેમ મેડીએ ચડે મેડીએ, તો લાકડું છે ને લાકડું, ટેકો હોય ને લાકડું નથી રાખતા? લકડી બડી. એ લાકડી એને ચડાવતી નથી. ચડે છે તો પોતાના પ્રયત્નથી, પણ એટલો ત્યાં નિમિત્તનું આલંબન—આધાર હોય છે. એટલું હોય છે. કઠોડો—કઠોડો. કઠોડા કહેતે હૈ ને? બે બાજું. આપણે રાખીએ છીએ ને પગથિયા પાસે. પગથિયા ખુદે ન ચડે, નળ છે ને બે બાજુ. નળ પકડીને ચાલે. એમ આ આત્મા પોતાનો આનંદ ને જ્ઞાન અનંત સ્વભાવ, એની દૃષ્ટિ કરતાં એની જે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય, એનું નામ ધર્મ. એ પર્યાયની પરિપૂર્ણતા મુક્તિની ન થાય ત્યાં સુધી એ પર્યાય છે ભેદરૂપ, એને જાણવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. પંડિતજી! પાઠ તો ઐસા હૈ ને. આહાહા! અરે ભાઈ! માર્ગ બહુ ઝીણો!

'यद्यपि यों परवान'. કહે છે કે આત્માનું અંતરસ્વરૂપ અનંત અખંડ આનંદ પ્રભુ એનું સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપની રમણતા થઈ. પણ રમણતા આદિ દશા છે, ઈ અવસ્થા છે. એ અવસ્થા પૂર્ણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અપૂર્ણ અવસ્થાને જાણવી એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. ઓલામાં આવે છે ને સિદ્ધને વ્યવહાર નથી. ...ત્યાં સુધી વ્યવહાર છે એટલી વાત. યોગનું કંપન છે ને જ્યાં સુધી. ઉપયોગ શુદ્ધ હોય તોપણ ઉદય ભાવમાં શરીરની સ્થિતિ એટલી છે. ૧૪મા ગુણસ્થાન સુધી એટલો હજી વ્યવહાર છે, એમ જાણવું. સમજાણું કાંઈ? કહે છે, ભલે વ્યવહાર હો તો પણ 'परवान तथापि सधे परमारथ चेतनमांहीं'. પરમાર્થનું સાધન તો ભગવાન પૂર્ણાનંદ છે, એની દૃષ્ટિને એમાં એકાકાર થવું તે સાધન છે. વ્યવહાર—વ્યવહાર એ કાંઈ સાધન છે નહીં. સમજાણું કાંઈ?

આ ક્યાં માળા નવરાશ ક્યાં હોય આવી! મોટી કલ્પના, આ રખડવાના રસ્તા એ છે. આહાહા! આ પાંચ પચાસ લાખ મળતા હોય ને ધૂળ પેદા થાતી હોય ને એમાં જુઓ તમારે મશગુલ, સવારથી સાંજ સુધી દુકાનનો થડો સાચવે બરાબર. એને લઈને અમને પેદા થાય છે એમ માને, મૂરખ છે. શેની પણ.....(શ્રોતા : એના માટે ઊંઘમાં પણ....) અમારે થયું છે ને એક ફેરી. આ તો ખાતા ખાતા એક જણો રાખતો. આ તો થયું છે અમારે.

પાલેજથી માલ લેવા ગયા મુંબઈ. એક મગનભાઈ હતા મગનભાઈ. ત્યાં આડત કરતા ને અમે એને ત્યાં ઉતર્યા. આડતિયા હતા અમારા, અમે માલ લેવા ગયા ને ત્યારે એ ખાવા બેઠા'તા. આમ ફોન આવ્યો તો ઉઠ્યા, એલા પણ ખાવ તો ખરા સખણા, આ

તમને શેનું સખ છે. ૬૪—૬૫ની વાત છે. સંવત ૬૪—૬૫ (શ્રોતા : ત્યારથી અત્યારે કેટલું બધું બદલાઈ ગયું છે.)...અત્યારે બધું......આ તો ઘણું ફરી ગયું. ...મગનભાઈ હતા મગનભાઈ, પાલેજમાં હતાં. લાંબા, પાતળા, ધોળા....ખાતા-ખાતા અમે બધા સાથે ખાતા. મેડી પર બેસતા. શું છે પણ કીધું આ? આ ખાવા સાટું રળો છો ને ખાવામાં સરખાઈ નથી ને શેની માંડી છે આ તમે? શેની હોળી કરી છે?

ટેલિફોન આવ્યો છે. આવ્યા ટેલિફોન મરણના ટેલિફોન આવશે ત્યારે સાંભળવા ક્યાં જશો? આહાહા! આત્મા અખંડ આનંદ પ્રભુ જેનો આનંદ આત્મામાં છે. એ આનંદની પ્રતીતિ ને અનુભવ થતાં, એને જન્મ મરણના અભાવનો ભણકાર વાગે છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. એ ભણકાર વધતાં, વધતાં, વધતાં ફરી નિર્મળ પર્યાય પુર્ણ જ્યાં સુધી દશા ન થાય, ત્યાં સુધી અપૂર્ણ દશા એને છે એમ જાણવું, એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. છતાં એ સાધનમાં, કામમાં મદદ નથી. સાધન તો ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ, એને અંતર એકાગ્ર થઈને ચેતન છે ને?

'सधै परमारथ चेतनमाहीं' વ્યવહારમાં પરમાર્થ સધાતો નથી, એમ કહે છે. આહાહા! જુઓ, ભલો કહ્યો'તો ભાઈ, ત્યાં કઈ અપેક્ષાએ? પણ એમાંથી પરમાર્થ સધાતો નથી. આહાહા! વ્યવહાર વિકલ્પ હો, પૂર્ણ દશા ન હો ત્યાં સુધી વ્યવહાર છે, એમ જાણવું. પણ સાધન તો કહે છે કે 'सधै परमारथ चेतनमाहीं' જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્ય સ્વભાવ, એનો આશ્રય લઈને આત્માની શાંતિનું સાધન પણ થાય છે. બાકી શાંતિનું સાધન—બાધન બીજું કાંઈ છે નહીં. સમજાણું કાંઈ? ભારે આકરું કામ ભાઈ આ!

શું કહ્યું? 'यद्यपि यौं परवान' વ્યવહાર હોય છે ઈ ભલે પ્રમાણ છે, મારે માન્ય છે. તથાપિ 'सधै परमारथ चेतनमाहीं' એ અવસ્થા ને રાગથી પરમાર્થ માર્ગ સાધી શકાતો નથી. આહાહા! પૂર્ણ આનંદનો નાથ પ્રભુ આત્મા અનંત અતીન્દ્રિયનો સ્વામી છે. એવા અતીન્દ્રિય આનંદમાં દૃષ્ટિ આપતાં પરમાર્થ માર્ગ સાધી શકાય છે. પંડિતજી! આ ઉસમેં અનેકાંત નિકાલતે હૈં બહોત પંડિત...જુઓ, વ્યવહાર એ ભલો લ્યો, ઓલામાં ૧૪મું ગુણસ્થાન સુધી વ્યવહાર છે. આમાં છે.....છે. ભાવાર્થમાં છે. ૧૪માં ગુણસ્થાન સુધી વ્યવહાર આલંબન હૈ. આલંબન(એટલે) છે એટલી વાત છે.

પરમાર્થ વચનિકામાં આવ્યું છે ને...ચૌદમા સુધી સિદ્ધ થયા પછી વ્યવહાર કહેવાય છે, શું કામ છે એનું? અહીં તો આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એની ખાણમાં એ પડ્યું છે આત્મામાં. એવા સ્વભાવના અંતર સાધન કરતાં આત્માનો પરમાર્થ ધર્મ સાધી શકાય છે, વ્યવહારથી પરમાર્થ ધર્મ સાધી શકાતો નથી. (શ્રોતા : જ્ઞાની તો

થોડા છે.) પરમાર્થ ચેતન સધૈ પ્રમાણથી, ભલે વ્યવહાર હો, માર્ગ પ્રમાણ છે. મારે ક્યાં વ્યવહારની ના પાડવી છે.

'सधै परमारथ चेतनमांहीं'. ભગવાન અનંત આનંદ ને જ્ઞાનની ખાણ એના અંતરમાં જોતાં સાધન તો પરમાર્થ ચેતનના આશ્રય થાય છે, વ્યવહારને આશ્રયે પરમાર્થ સધાતો નથી. ભાઈ શું છે પણ વ્યવહારની? વ્યવહાર, વ્યવહારના સ્થાને જાણવાયોગ્ય છે. પણ નિશ્ચય સ્વરૂપ સાધન તો અંતર આત્મામાં અંદરમાં જવું તે છે. અંતર આત્મા કહે છે ને? અંતર ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ તેમાં એકાગ્ર થાય તે સાધન છે. સમજાણું કાંઈ?

'जीव अव्यापक है परसौं'. ખરેખર તો રાગથી આત્મા વ્યાપક જ નથી. વ્યવહારથી આત્મા વ્યાપક જ નથી એમ કહે છે. ત્રિકાળી વસ્તુ છે વ્યવહારથી વ્યાપક જ નથી. '....चैतन्यको सिद्ध करता है तथा जीवको परसे भिन्न दर्शाता है और व्यवहारनय तो जीवको परके आश्रित करता है'. વ્યવહાર પર આશ્રિત હૈ, નિશ્ચય સ્વ આશ્રિત હૈ. એમાં પંથની ખબર ન મળે. ભગવાન પૂર્ણ આનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ એનો આશ્રય કરવો એ સાધન ને મુક્તિનું કારણ છે. વ્યવહારનું સાધન તે મુક્તિનું કારણ છે નહીં. અહીં તો વ્યવહારથી અવ્યાપક છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'जीव अव्यापक है परसौं' પરઆશ્રિત વ્યવહાર છે ને. ખરેખર તો ધર્માત્માનો આત્મા પરથી વ્યાપક છે જ નહીં, એમ કહે છે, ઝીણું બહુ ઝીણું ભાઈ! સંસારમાં ચક્રવૃદ્ધિના વ્યાજ કાઢવા હોય તો કાઢે. પાંચ લાખ રૂપિયાનું છ આના ને...અત્યારે વધી ગયું છે. પહેલા છ આના હતું. હવે કાંઈક રૂપિયો ને દોઢ રૂપિયો થઈ ગયો છે વ્યાજનો. ઈ બધું વ્યાજ, દશ લાખ આપ્યા હોય તો એનું દરરોજનું વ્યાજ કાઢે. ઈ વ્યાજ કાઢીને પહેરાવે ઓલા દસ લાખમાં. ને એનું પાછું બીજા દિવસનું વ્યાજ કાઢે. એને ચક્રવૃદ્ધિવ્યાજ કહે. આત્મામાં શું છે? વ્યાજ નીકળે કેમ? અજ્ઞાન તોડે કેમ? ઈ શું ચીજ છે? નમો નમઃ

કહે છે, અવ્યાપક છે ને. અવ્યાપક નામ વ્યાપતો નથી એટલે સ્વભાવથી ભિન્ન છે, એમ કહે છે. એ દયા, દાન, વ્રત, વિકલ્પ છે એ ભલે હો, વ્યવહાર તરીકે, પણ આત્મા એનાથી ભિન્ન છે. આહાહા! અવ્યાપક છે એટલે શુદ્ધ ચૈતન્યની વસ્તુની દૃષ્ટિ થતાં ધર્મીજીવના આત્મામાં રાગ આવતો નથી, પ્રસરતો નથી. વ્યવહારમાં આત્મા પેસતો નથી. ભાઈ! આ તો અમુલ્ય કથન છે. કહે છે; 'जीव अव्यापक है परसौं विवहारसौं तो परकी परछाहीं' એ ભેદ ને વિકલ્પ તો પરની છાયા છે. સ્વનું પર્યાય ને સ્વની છાયા નથી. આહાહા! સમજાય છે કાંઈ? પદ્યમાં એટલું ગૂંથી લીધું છે.

...ગૃહસ્થાશ્રમમાં હતા, બાયડી છોકરા, કુટુંબ પણ હતા. એ અમે નહીં, એ એમાં અમે નહીં. એમાં વિકલ્પ ઉઠે ભગવાનની ભક્તિ આદિનો, એમાં અમે નહીં. આહાહા! અમે એમાં વ્યાપક નહીં. વ્યાપક નામ એમાં અમે ફેલાયેલા વ્યવહારમાં નહીં, વ્યવહાર ઈ અમારો વિસ્તાર નહીં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા! આ તો માટી છે, શરીર આ તો જડ ધૂળ છે. ધૂળમાંથી અવતર્યું ને ધૂળ થઈને ઊડી જશે, મસાણમાં રાખ થઈને. આ ક્યાં આત્મા હતો, આ તો માટી જડ છે. એમાં કર્મ માટી એ જડ છે. એમાં પુણ્ય–પાપના વિકલ્પ થાય તે વિકાર છે. છે એમ જાણવું તે બરાબર છે, કહે છે. પણ ધર્મી આત્મા ધર્મનો ભાવ પ્રગટ થતાં એની વીતરાગી પર્યાયમાં આત્મા વ્યાપે, અભેદ થાય પણ રાગના ભાવથી જીવ વ્યાપતો નથી, પણ વિરક્ત રહે છે. આહાહા! સમજાણું કાંઈ?

પરાશ્રિત તે વ્યવહાર, સ્વઆશ્રિત તે નિશ્ચય. કહે છે કે રાગ આદિ ઉત્પન્ન થાય, નિમિત્ત પણ હો, તે પરાશ્રિત ભાવ છે. જાણવા જેવો છે ખરેખર બસ. એથી આગળ જઈને એ લાભદાયક છે કે એનો આશ્રય કરવાથી ધર્મ વધે છે એમ છે નહીં. ભારે આકરું ભાઈ! જેવી રીતે સંસારમાં રસ છે...રસ 'જૈસી નિતિ હરામસે, ઐસે હરિસે હોય'. આવે છે ને તુલસીદાસનું! 'જૈસી નીતિ હરામસે, ઐસે હરિસે હોય, ચલા જાય વૈકુંઠમેં, તયા ન પકડે કોઈ.' એને પકડે કોણ? અંદરસ્વરૂપમાં આગળ જાય છે. જ્યાં રૂચિ જેવી પરમાં છે એવી રૂચિ જો અનિતિમાં રુચિનો પાર ન મળે. થડા પર બેઠો હોય ને પાંચ–પચીસ લાખ પેદા થતા હોય, એક લાખ આજ આવ્યા. એક લાખ આવ્યા ત્યાં કરો લાપસીના આંધણ (શ્રોતા : અત્યારે લાપસી પચે નહીં.)

ઓલા ભાઈ હતા ને આપણે, પોરબંદરવાળા કલ્યાણજી ગોવિંદ. ત્યારે વીસ લાખની મૂડી હતી. આ તો પહેલાની વાત. ૮૭નું ચોમાસું હતું ને! પોરબંદર, કેટલા વરસ થયા? ૪૦ વર્ષ પહેલા. તે'દી વીસ લાખ હતા. એમાં દસ લાખ વધ્યા. હવે જે દિવસે એને મરવું હતું, તે દિવસે એક લાખ પેદા કર્યા. લાખ પેદા કર્યા ને સાંજ જ્યાં થઈ. ત્યાં લક્ષ્મીચંદ સિદ્ધાંત.....'એ કલુ' એમ કીધું ત્યાં કલુ ઉડી ગયો. થઈર્યું, ગયો તે ગયો, મરી ગયો. એક લાખ એક દી'માં પેદા કર્યા હતા....ધૂળેય નથી એમાં હવે, તારા લાખમાં રાખ છે. ત્યાં એનો રસનો પાર ન મળે. આહાહા...! આજ તો ફાલ્યા છે ને. ...શું કહેવાય એ? ટોન, ટોન. એલા ટોન. તને તારો આવડ્યો નહીં ને આ આવડ્યો ઉંધો. એય! પોપટભાઈ. આહાહા...! (શ્રોતા : બજારનો ટોન આવડ્યો) ટોન આવડ્યો બજારનો.

અરે! તારો સ્વભાવ શું છે? તું કોણ છો એનો ટોન તને સૂઝતો નથી. આ જડના ટોન સૂઝે છે. રખડવાના રસ્તા છે બધા. સમજાણું કાંઈ? કેટલા પૈસા પેદા કરે? ગોવામાં

એક દી'ના ૨–૩ લાખ પેદા કરે. ઓલા શાન્તિલાલ ખુશાલ...ગોવામાં. એક દી'માં લાખ તો પેદા કરતો'તો ને ૨–૩ લાખ હમણાં આવ્યું. એલ્યુમિનીયમ નીકળે છે ને એલ્યુમીનિયમ. એના બનેવી કહેતા'તા. એક દી'માં ૨–૩ લાખ પેદાશ, પ્યાલા ફાટી જાયને વાણીયાના. રાજાય બિચારા અત્યારે હેઠા ઉતરી ગયા. પ્રેમચંદભાઈ નહોતા? અહીંયા બેસતા, એના મામાનો દીકરો છે. (શ્રોતા : લીમડીના દરબારની એટલી ઉપજ હશે) ના, ના. ઉપજ ક્યાંથી હોય એટલી? દસ લાખની ઉપજ હશે બાર મહિનાની. આ તો એક દી'ની બે લાખની પેદાશ. પણ શું ધૂળ છે એમાં? એ બધા પરની મમતાના રસ્તા, દુર્ગતિના પંથે જવાના રસ્તા છે. આહાહા...!

એ કંઈ સાથે આવે એવું છે? મરી જાય તો મરતા એને તાવડી મુકે મોઢે. કાઢતા ઠાઠડી કાઢે ને બારણામાંથી એ બારણામાંથી. કાઢે તો અડવા દેશો નહીં. બારણું હોય ને? બારણું. વો નનામી નીકળતે હૈં તો અડવા દેશો નહીં, કહે છે. જો અડશે તો ભૂત થઈને આવશે. એલા રળીને મરી ગયો તારા સાટું. પણ મરી ગયો ભલે. (શ્રોતા : મડદું શી રીતે ભૂત થઈને આવે?) કહે છે કે તાવડી મુકે અહીં...પાસે લોઢાની તાવડી. ભાઈસા'બ, આવીશ નહીં હો, આવીશ તો જો તાવડી મૂકી છે.

એય! પોપટભાઈ, આ બધા રસ્તા છે, એ બધા છ છોકરાઓ એમ કરશે. આ તો દાખલો. આ તો બધાને એમ જ છે ને....બાળે તોય ઠીકને દાટે તો ય આત્માને શું છે? એ તો મરીને ગયો એ ગયો, ચોરાસીના અવતારમાં રખડવા. પોતાની જાતને જાણી નહીં. હું કોણ છું એની કિંમત કરી નહીં. રાગને પુણ્યની કિંમત ટળી નહીં, પરની કિંમત ટળી નહીં ને સ્વની કિંમત થઈ નહીં. સ્વની કિંમત થાય એને પરની કિંમત રહેતી નથી. આહાહા! સમજાણું કાંઈ? 'विवहारसौं तो परकी परछाहीं' વ્યવહાર તો પરની છાયા છે, એ આત્માનો સ્વભાવ નથી. ભાવાર્થ વિશેષ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૮, મહા સુદ ૭ મંગળવાર તા. ૨-૨-૧૯૭૧**
**જીવદ્વાર પદ ૬, ૭, ૮ પર પ્રવચન.**

પાનું ૨૯ છે. 'સમયસાર નાટક'. પાનું ૨૯ નીચે ભાવાર્થ. એનું પદ આવી ગયું છે ૬નું. યદ્યપિ 'चौथे गुणस्थानमें चौदहवें गुणस्थान तक व्यवहारका ही आलंबन है,' એનો અર્થ. નથી આવ્યા ભાઈ, રતિભાઈ ગયા?...શું કહે છે? જરી ઝીણી વાત છે કે આત્મા આ વસ્તુ છે આત્મા અંદર, એ તો શુદ્ધ આનંદઘન આત્મા છે. એનો આનંદ એમાં પ્રસરેલો વિસ્તારરૂપે અનાદિ અનંત રહેલો છે. ગુણ છે ને ગુણ, એવા આત્માને અખંડ અભેદ ઉપર દૃષ્ટિ કરતાં, એને સમ્યગ્દર્શન એટલે શાંતિ અને ધર્મ થાય. શેઠ, પૈસાથી શાંતિ ન થાય, એમ કહે છે. ધૂળથી (શ્રોતા : પૈસાથી થોડી થાય) ધૂળેય થાય નહીં. પૈસેથી આકુળતા હોય, હોળી છે પૈસેથી. (શ્રોતા : ખરેખરી વાત છે.) ખરેખરી વાત છે?

તમારી આબરૂ મોટી ગણાય મુંબઈમાં, એમ માણસ કહેતો'તો. એની પાસે ૧૦ કરોડ રૂપિયા છે, એમ સાંભળ્યું છે. પાંચ કરોડ તમે બેઠા હતા ને કહ્યું હતું, ખબર છે ને? એ ધૂળ હોય તોય ધૂળમાં શું છે? એ તો ધૂળ છે. શરીરમાં રોગ આવે તો પૈસા મદદ કરી એવું છે કાંઈ? જાણે કે દાક્ટર-બાક્ટર લાવો. દાક્ટર શું કરતો'તો? દાક્તરેય મરી જાય એવો છે. આહાહા! શાંતિ પૈસે નથી, શરીરે નથી, બાયડી-છોકરાથી શાંતિ આત્મામાં બિલકુલ નથી, અશાંતિ છે, એનું લક્ષ કરે એટલે હોં. (શ્રોતા : લાકડી ફેરવી દ્યો) લાકડી ફરે ને પૈસા થાય છે, એમ કહે છે. આંહીં તો તત્ત્વદૃષ્ટિની વાત છે.....હોય....છોકરાને તો આઠ હજારનો પગાર થયો તમારે (શ્રોતા : આઠ કરોડનો થયો મારે શું?) બાપુજી કહે, પગે લાગે આવીને. (શ્રોતા : અવલંબન કાંઈને કાંઈ ખરો, દેહમાં રહે એને.) ધૂળમાંય નથી. આ માટી શરીર ધૂળ છે, માટી છે આ તો. ધૂળનું અવલંબન નહીં. એ રાગ અને દુઃખ છે. પરને લઈને છે શું પણ હવે?

અહીં તો આત્મલક્ષ્મી ભગવાન આત્મામાં અનંત જ્ઞાન અને અનંત શાંતિ અને અનંત આનંદ, શાંતિ, ચારિત્ર અને આનંદ એવો એમાં સ્વભાવ છે. એનું ભાન થાય તેને ચોથું ગુણસ્થાન. આ ચોથું ગુણસ્થાન છે ને ઈ. ભઈ ચોથું ગુણસ્થાન શું આવે છે, ઈ નવા માણસને લાગે. એને ચોથું ગુણસ્થાન એટલે સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન એટલે

સાચી દૃષ્ટિ. એટલે જેવો આત્મા પૂર્ણ શુદ્ધ છે, એવી અંતર દૃષ્ટિ થતાં શાંતિ અને આનંદ આવે, એવી દશાને ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે ચોથે ગુણસ્થાન સે ચૌદમા ગુણસ્થાન તક. એટલે કે સિદ્ધ ભગવાન ન થાય જ્યાં સુધી આત્મા, ત્યાં સુધી એની છેલ્લી અવસ્થા ચૌદમા ગુણસ્થાન એટલે પગથિયું છે. જેમ દાદરો ચડવામાં મેડી જવામાં પગથિયા હોય છે, એમ આ ચોથું પગથિયું અને પછી છેલ્લું ચૌદમું. ત્યાં સુધી હજી સિદ્ધપદ પરમાત્મા પદ નહીં. તો કહે છે કે ચોથે આત્માના ભાન થઈને જુઓ પહેલે કે બીજે વ્યવહાર નથી, એમ કીધું ભાઈ. એનો અર્થ શું કહ્યો, સમજાણું કાંઈ?

જેની શ્રદ્ધામાં રાગ ને પુણ્ય, એ ધર્મ છે ને રાગમાં લાભ છે, એવી માન્યતા (હોય તો) મૂઢ મિથ્યાદૃષ્ટિને નિશ્ચય નથી ને વ્યવહારેય નથી, એમ કહે છે. કહે છે કે જો કે ચોથે ગુણસ્થાનસે એટલે આત્માના શુદ્ધ આનંદની ભાન દશા-અવસ્થાથી ચૌદમા ગુણસ્થાન....છેલ્લી ચૌદમી અવસ્થામાં વ્યવહારકા આલંબન હૈ એટલે ત્યાં સુધી પર્યાયમાં—અવસ્થામાં ભેદ છે. વ્યવહાર એટલે વિકલ્પ ન હો ભલે પણ ઉદયભાવ છે, જોગનું કંપન છે. અરે, જોગનું કંપન ગયું તો પણ હજી અશુદ્ધતા છેલ્લે ગુણસ્થાને થોડી રહી છે. એને અહીંયા વ્યવહાર કહેવામાં આવે છે. છે એટલી વાત વ્યવહાર. (શ્રોતા : અવલંબનનો અર્થ શું?) અવલંબનનો અર્થ છે. હસ્તાવલંબ નાંખ્યું છે ને અંદર. હસ્તાવલંબ પાઠમાં છે ખરું, છે એટલું. 'परंतु व्यवहारनयकी अपेक्षा निश्चयनय उपादेय है' હવે જુઓ. એ વ્યવહાર હો, પણ એ આદરણીય નથી, ઉપાદેય નથી, શરણ નથી. સમજાણું કાંઈ? છે ને અંદર?

વ્યવહારનયની અપેક્ષા નિશ્ચયનય ઉપાદેય હૈ. ભગવાન આત્મા પૂર્ણ અવિરાગી અરાગી વીતરાગી સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન એ જ આદરણીય છે. જ્ઞાનઘન એ જ આદરણીય છે એ આશ્રય કરવા લાયક એ આદરણીય ને એ ઉપાદેય છે ધર્મીને. અજ્ઞાનીને તો રાગ ને એ ઉપાદેય છે, આદરણીય છે, પણ કહે છે કે, વ્યવહાર હોવા છતાં ચોથેથી ચૌદ સુધીની વાત છે હોં. પહેલે, બીજે, ત્રીજે, વ્યવહાર નહીં કેમ કે નિશ્ચય અંતર દૃષ્ટિ છે નહીં. નહીંતર એનેય છે ભેદ તો, પણ અભેદની દૃષ્ટિ થયા વિના ભેદને ભેદરૂપે જાણવો, એવું અજ્ઞાનીને હોતું નથી. ભાઈ, ભારે ઝીણું! કહે છે કે વ્યવહાર છે, ભેદ છે, પણ એ નયની એ આશ્રય કરવાની અપેક્ષાએ ઉપાદેય નથી. ચિદાનંદ ભગવાન આત્મા, પૂર્ણ અનાકુળ આનંદનો રસ તે આત્મા છે. એ આત્મા આદરણીય છે. વ્યવહાર આદરણીય નથી, એમાં આવી ગયું કે નહીં ભેગું? પણ અહીંયા આવ્યું ને આમાં જ આવી ગયું. વ્યવહારની અપેક્ષા નિશ્ચય ઉપાદેય છે ને વ્યવહાર ઉપાદેય નથી. સમજાણું કાંઈ? છે ખરો. સમજાણું?

'क्योंकि उससे अपने पदार्थका असली स्वरूप जाना जाता है' જુઓ કોનાથી? વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, ધ્રુવ-ધ્રુવ, એકરૂપ અખંડ આનંદકંદ સ્વરૂપ એ આત્માનું અસલી સ્વરૂપ છે. અંદર અસલ્ય સ્વરૂપ છે, એ મિંજ છે અંદરનું. એ એનાથી નિશ્ચય નામ સ્વનો આશ્રય કરવાની દૃષ્ટિએ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. એનાથી અસલી સ્વરૂપ જાણવામાં આવે છે. વ્યવહારથી અસલી સ્વરૂપ જાણવામાં આવતું નથી એટલે કે એની એક એક સમયની દશા રાગવાળી કે કંપનવાળી કે ઉદયવાળી, સમજાણું કાંઈ? એનાથી અસલ સ્વરૂપ ત્રિકાળી જાણવામાં આવતું નથી, માટે તે વ્યવહાર જુઠ્ઠો છે. કયો વ્યવહાર? આ તમારા ધંધાના વ્યવહારની વાત નથી આંહી. ઓ શેઠ! આ બીડીનો ધંધો ને આ લાદીનો. (શ્રોતા : એ તો સાચો ધંધો છે, ખોટો તો કહેવાય જ કેમ?) એની તો અહીં વાતે ય નથી આહાહા!

ભગવાનજીભાઈનું ન્યાં છે તમારે, નહીં? થાણામાં થાણામાં છે ને. ગયા હતા ને અમે. ઉતર્યા હતા ને ત્યાં ઓલી ભગવાનજીભાઈનું છે ને ત્યાં. ભગવાનજી કચરા લાદીમાં આંહી છે ને થાણામાં. છે ને કારખાનું આમનું કારખાનું પણ મોટું છે પંદર લાખનું. આમનું કારખાનું બેયનું. ઉતર્યા હતા ત્યાં પગલા કર્યા ત્યાં. ભગવાનભાઈ, ભગવાનજીભાઈ નથી આપણે? ત્યાં મકાનમાં ગયા હતાં. કહે છે કે એ કોઈ બહારની ચીજનો વ્યવહાર એની પાસે વાત જ નથી. આહાહા! ઠાઠમાઠ છે આ તમારે જુઓ ને બધા જીપું, મોટરું કેટલી? જુઓને આ મોટર બહાર કેવી રૂપાળી લાગે! બહાર ઉભી રહે છે મોટર, શેઠને બેસવાની આહાહા...લીલો રંગ...! મોટી...લાંબી!...હું દિશાએ નીકળું ત્યાં ઉભી હોય...ધૂળેય નથી. ત્યાં એ વ્યવહારની અહીં વાતેય નથી.

આહીંયા તો આત્મા પૂર્ણસ્વરૂપ અખંડ છે, એવો આનંદનો અનુભવ થવા કાળમાં એને દ્રવ્યનો, વસ્તુનો આશ્રય છે. કારણ કે એ વસ્તુ ત્રિકાળી અસલ સ્વરૂપ છે. એની દૃષ્ટિ થવી, તેનું નામ ધર્મ ને સમ્યક્ છે. પણ સમ્યક્ થવા છતાં હજી એને પર્યાય છે, રાગ છે, ભેદ છે, એવો વ્યવહાર જાણવા લાયક છે. આદરવા લાયક નથી, એમ કહે છે. ભારે ઝીણું છે. (શ્રોતા : બહુ ઊંચી વાત) ઊંચી વાત જ પહેલી આ છે ભાઈ. બાકી બધા એકડા વિનાના મીંડા છે. આહાહા! વસ્તુની એને ખબર નથી.

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપે છે. એ સિદ્ધ સ્વરૂપે પરમાનંદની મૂર્તિ, એ રાગ ને એક સમયની પર્યાયથી ભિન્ન છે ઈ. એ આદરણીય અને શ્રદ્ધા કરવાને ઉપાદેય છે, ધર્મીને માટે ધર્મ કરવો હોય તો. છતાં એવા નિશ્ચયના આશ્રય લેનારા અસલી સ્વરૂપને જાણનાર ભાનવાળાને પણ ભેદરૂપે વ્યવહાર વર્તે છે. ઈ છે ખરો, પણ આશ્રય કરવા લાયક અને ઉપાદેય છે નહીં. બરાબર હૈ પંડિતજી?

વ્યવહારનયથી એટલે કે વસ્તુ જે અખંડ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ પ્રભુ, એની અપેક્ષાએ વર્તમાન અવસ્થાનો જે વ્યવહાર છે, એ ઉપાદેય નથી. કેમ કે એનાથી અસલી કાયમનું સ્વરૂપ ચૈતન્યઘનનું શ્રદ્ધામાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવતું નથી, વ્યવહારથી. 'और व्यवहारनय अभूतार्थ होनेसे' એક સમયની પર્યાય હો, રાગ હો, એ તો અભૂતાર્થ નામ કાયમ નહીં રહનેવાલી ચીજ છે. પરમાર્થે પ્રયોજનભૂત નહીં, એ વ્યવહારનો વિષય પરમાર્થે પ્રયોજનભૂત નથી. આહાહા! ભારે ભઈ વાત એવી આકરી છે જગતની.

કોઈ દી' ખબર ન મળે મજૂરીયું કરી કરીને મરી જાય માણસ. પોપટભાઈ, આ પૈસાવાળા બધા મજૂર હશે કે નહીં? મોટા મજૂર. ઓલા મજૂર તો આઠ કલાક કામ કરે. સવારે આઠથી બાર, બપોરે બે થી છ ને આ તો સવારથી ઉઠે છ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી. વળી રાતે ફોન આવે એક વાગ્યે, બે વાગ્યે તે ઉઠે. એ ઘંટડી વાગી કાંઈ ઘંટડી વાગી. (શ્રોતા : એ તો ખાટલા પાસે રાખે. ચોવીસ ઘંટેકા મજૂર) ચોવીસ ઘંટેકા મજૂર. લ્યો ભાઈ અમારા શેઠ કહે છે. વાત તો સાચી છે હો...અંદર ફોન ક્યાંથી ફોન ગયોને. શેઠ આવ્યા ત્યાં કીધુને લાલચંદજીએ, ફોન લગાવ્યો છે...

આહીં તો કહે છે, ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત પ્રભુ એમ ફરમાવે છે કે તારું જે કાયમનું જ્ઞાનાનંદ સ્વરૂપ જે ધ્રુવ છે, એ તારે આદરણીય છે. અને એ આદરણીય હોવા છતાં વર્તમાનમાં પર્યાય ને રાગનો ભેદ છે, એ નથી એમ નહીં, જાણવા લાયક છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! ક્યાં આવી વાતમાં પડનારા ખાઈ પીને લહેર કરતાં હોય. એક જણો કહે સુખે ખાય પીને અમે લહેર કરતા હોઈએ એમાં તમે મારી નાખ્યા. એય! એ પરનું કરી શકે નહીં—પરનું કરી શકે નહીં...ધૂળેય કરે નહીં સાંભળને હવે. આંખની પાંપણ ફરવી એ જડને લઈને, આ તો માટી છે. એ તારાથી ફરે છે આ બધું? હું તો અરૂપી આત્મા. એ અરૂપી રૂપીને કરે શી રીતે? અડતો નથી જેને, ઈ કરે શી રીતે પરને? વિશાલભાઈ આ બધા ધંધા બંધા કરતા હશે મોટા તમે બધા. નૈરોબીમાં ઉથલપાથલ. કલ્પના કરે પરનું શું કરે? એ તો એને કારણે થવાનું હોય ઈ થાય.

આહીં તો કહે છે, જે ભગવાન આત્મા, તારે સુખી થવું હોય તો, સુખી થવું હોય તો, દુઃખને ટાળવું હોય તો અનંત આનંદનો ધામ આત્મા સ્વરૂપ શુદ્ધ ધ્રુવ છે, એની પર દૃષ્ટિ લગાવ. એ વિના સુખી થવાનો કોઈ બીજો ઉપાય નથી. સમજાણું કાંઈ? ત્યારે કહે દૃષ્ટિમાં આદરણીય એ, પણ વર્તમાનમાં કાંઈ વ્યવહાર છે કે નહીં? હોય છે. સમકિત દૃષ્ટિને ભક્તિનો આદિ રાગ હોય છે. એક સમયની પર્યાય છે, એય તે ખરેખર તો વ્યવહાર છે. પણ એ વ્યવહાર છે, એટલું જાણવા લાયક છે, આદરવા લાયક નથી.

'परमार्थमें प्रयोजनभूत नहीं है,' લ્યો એ છઠ્ઠો શ્લોક થયો. હવે સાતમો નીચે શ્લોક(પદ) છે. છઠ્ઠો છે જુઓ. ઈ છઠ્ઠા (પદ) ઓલા પાંચમા શ્લોકનું છઠ્ઠું પદ હતું. હવે આ છઠ્ઠા શ્લોકનું સાતમું પદ આવશે. હવે છઠ્ઠો શ્લોક નીચે છે. સંસ્કૃત

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह दव्यान्तरेभ्य पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयम्
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः ॥६॥

ઓલી કોર હવે એનું પદ સાતમું. સાતમું એ ત્રીસમેં પાને. એનું હવે પદ આવે છે, આગલું સસ્કૃતમાં હતું. હવે એનું હિન્દીનું પદ હિન્દી, એનો અર્થ છે. હિન્દી, એનો અર્થ. 'सम्यग्दर्शनका स्वरूप' જુઓ છે ને?

शुद्धनय निहचै अकेलो आपु चिदानंद,
अपनैही गुण परजायकौं गहतु है।
पूरन विग्यानघन सो है विवहारमांहि,
नव तत्त्वरुपी पंच दर्व मैं रहतु है॥
पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारौ लखै,
सम्यकदरस यहै और न गहतु है।
सम्यकदरस जोई आतम सरुप सोई,
मेरे घट प्रगटो बनारसी कहतु है॥७॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : લખૈ=શ્રદ્ધા કરે. ઘટ=હૃદય. ગહતુ હૈ=ધારણ કરે છે.

**અર્થ :**–શુદ્ધ નિશ્ચયનયથી ચિદાનંદ એકલો જ છે અને પોતાના ગુણ–પર્યાયોમાં પરિણમન કરે છે. તે પૂર્ણજ્ઞાનનો પિંડ પાંચ દ્રવ્ય, નવ તત્ત્વમાં રહ્યો છે એમ વ્યવહારથી કહેવાય છે. પાંચ દ્રવ્ય અને નવ તત્ત્વોથી ચેતયિતા ચેતન નિરાળો છે, એવું શ્રદ્ધાન કરવું અને એના સિવાય બીજી રીતે શ્રદ્ધાન ન કરવું તે સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન જ આત્માનું સ્વરૂપ છે. પં. બનારસીદાસજી કહે છે કે તે સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનું સ્વરૂપ મારા હૃદયમાં પ્રગટ થાવ. ૭

**अर्थ :**–शुद्ध निश्चयनयसे चिदानन्द अकेला ही है और अपने गुण-पर्यायोंमें परिणमन करता है। व्यवहारनयमें यह पूर्णज्ञानका पिण्ड वा पांच द्रव्य नव तत्त्वमें एकसा हो रहा है। पांच

द्रव्य और नव तत्त्वोंसे चेतयिता चेतन निराला है, ऐसा श्रद्धान करना और इसके सिवाय अन्य भांति श्रद्धान नहीं करना सो सम्यक्दर्शन है; और सम्यक्दर्शन ही आत्माका स्वरूप है। पं. बनारसीदासजी कहते हैं कि वह सम्यक्दर्शन अर्थात् आत्माका स्वरूप मेरे हृदयमें प्रगट होवे।।७।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહીં પ્રગટો કર્યું છે. અને ક્યાંય પ્રગટ્યો કર્યું છે ભાઈ, રૂપચંદજીની ઓલામાં પ્રગટ્યો કર્યું છે. પ્રગટ્યો જ છે એમ કે તું આત્મા છે ઈ. આ તો પ્રગટો એટલે ઈ પૂર્ણ થવાની માંગણી, પ્રગટ્યો છે પણ પૂર્ણ થયો નથી. સમજાણું કાંઈ?

હવે એનો અર્થ. 'शुद्धनय निहचै' છે ને? પહેલો શબ્દ. 'शुद्ध निश्चयनयसे चिदानंद अकेला ही है' એટલે શું? ભગવાન આત્મા, આ શરીર અને કર્મ નામ માટી જડ છે, એનાથી રહિત છે. તેમ પુણ્ય અને પાપના વિકલ્પનો ભાવ છે, એનાથી ભગવાન આત્મા તો અંદર રહિત છે. તેમ સમય સમયની પર્યાયથી પણ એ શુદ્ધ ચિદાનંદ આત્મા અકેલા હી હૈ. શુદ્ધ નિશ્ચય નામ શુદ્ધ સત્ય દૃષ્ટિથી દેખીએ તો, શુદ્ધ સત્ય, નિશ્ચય એટલે સત્ય. શુદ્ધ સત્ય દૃષ્ટિ સે જો આત્મા જોઈએ તો ચિદાનંદ અકેલા હી હૈ. જ્ઞાનાનંદ ભગવાન એકીલા આત્મા હૈ. (શ્રોતા : બધા જીવને) એક આ પોતાનો થઈને એક, બીજા તો સહુ ભિન્ન ભિન્ન છે અનંત આત્માઓ. 'શુદ્ધ નિશ્ચય 'शुद्धनय निहचै'' યથાર્થ શુદ્ધ જ્ઞાનના ભાવથી જોઈએ તો ચિદાનંદ ભગવાન એકીલો અનાદિ અનંત ધ્રુવસ્વરૂપ બિરાજે છે. આહાહા! સમજાય છે કાંઈ?

અત્યારે એમ જ છે. માન્યો છે કે હું રાગવાળો છું, શરીરવાળો છું. એ બધી ભ્રાંતિ, ભ્રમ, અજ્ઞાન, મુર્ખની મુર્ખાઈ છે. સમજાણું કાંઈ? ઓલા કરોડોપતિ મુરખ છે મોટા, એમ કહે છે આંહી. મોટા મુરખ. કોડા, કોડા નથી થાતા મોટા આવડા શંખલા. અમારે થયું'તું કીધું ને ભાઈ એક ફેરી નહીં? દામનગર જેઠાલાલ શેઠ હતા. જેઠાલાલ ત્રિભોવન ગૃહસ્થ, આ દામોદર શેઠના કાકા...અમારા ગુરૂ હતા સંપ્રદાયના હીરાચંદજી મા'રાજ. ઈ ઓલા પાતરા રંગે ને પાતરા સમજેને? ખાવાના. એને કોડો કહીએ. કોડો ઘસવા મોટો. રંગ કાઢવા. આ પાતરાં નથી સમજતે? ખાવાના પાત્ર ન હોય. (શ્રોતા : એમાં આહાર લઈ આવે એ) લાકડાના બર્તન...રંગ હોતા ન રંગ હોય ને? જુનાને કાઢી નાખવું પડે. કોડા લાવીને, કોડા હોય છે ને? કોડી નહીં. મોટા કોડા.

એટલે એને મહારાજ કહે કે કોડાની જરૂર છે. ત્યાં શેઠ બેઠા હતા. 'મારા'જ નાનો જોઈએ છે કે મોટો? મોટો હોય તો હું છું,' એ મશ્કરા હતા...પૈસાવાળા હતા, આબરૂવાળા, પૈસાવાળા.....શ્રાવક. 'મહારાજ નાનો કોડો જોઈએ કે મોટો? મોટો હોય તો હું છું', કહે

શરીર મોટું લાગતું, પૈસાવાળા હતા. એમ આ બધા કોડા છે, આત્માના ભાન વિના, એમ કહે છે. પોપટભાઈ! (શ્રોતા : આપની પાસે તો કોડા જ કહેવાય ને.) એ બધા રાંકા માણસ શેઠીયાને માને. જેને પૈસાની રૂચિ છે ને, એ જેના પાસે પૈસા છે, એ રૂચિવાળો પૈસાવાળાને મોટા માને. ભિખારા હોય એ પૈસાવાળાને મોટા માને. ધર્માત્મા તો મોટા એને માને કે જે ગુણમાં મોટા પરમાત્મા અરિહંત, સિદ્ધ એ મોટા છે.

શુદ્ધ નિશ્ચયથી જોઈએ, નિશ્ચય એટલે શુદ્ધ—સાચી દૃષ્ટિથી જોઈએ, તો ચિદાનંદ ભગવાન અંદર જ્ઞાનાનંદ અનાદિ અનંત, સંતોને અને ધર્માત્માને આદરણીય એવી ચીજ, અનાદિ અનંત ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મા છે. આહાહા! એ ક્યાં ગયો કહે? તે ભૂલ્યો ને તે ચૂક્યો છે એમાં, માટે તને દેખાતો નથી. પરને દેખવા ગયો, ત્યાં પોતાને દેખવું ભૂલી ગયો. પરને દેખવા ગયો આ પૈસાને, આ ધૂળને, આ ને આ હોળી સળગ્યો માળા. અંદર ચૈતન્ય શીતળ, શીતળ, શાંતરસનો કંદ પ્રભુ એ દૃષ્ટિમાં ખોવાઈ ગયો એને. જેની દૃષ્ટિમાં પુણ્ય ને પાપ ને એના ફળની મહત્તા અધિકાઈ દેખાય છે, એને આત્મા ચિદાનંદ એકીલો ખોવાઈ જાય છે. આહાહા! વસ્તુ અંદર વસ્તુ છે શુદ્ધ નિશ્ચયથી જુઓ. સાચી સત્ય ત્રિકાળ સ્વભાવને પકડનારી દૃષ્ટિથી જોઈએ (તો), ચિદાનંદ એકલો છે, એવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા!

'और अपने गुण-पर्यायोंमें परिणमन करता है, अपने ही गुन परजायको गहतु है' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન સમજનો અને આનંદનો પિંડ પ્રભુ પોતાના ગુણોની પરિણતિને ગ્રહે છે. એ રાગને કે વિકલ્પને—પરને ગ્રહતો નથી. એ પરિણમન ગુણની પર્યાયમાં કરે છે, એમ કહે છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ તીર્થંકરદેવે જે કહ્યો. આમ તો સચ્ચિદાનંદ ઘણાય કહે છે, પણ એના ભાવની ખબર નથી. સહજ અનાદિ અનંત એવો ભગવાન એકલો હોવા છતાં, કહે છે કે વર્તમાનમાં તેના નિર્મળ શક્તિ ગુણરૂપે પરિણમે છે, પરિણમે છે, તેને આત્મા કહીએ. રાગ ને પુણ્ય ને વિકારરૂપે પરિણમે, (એ) આત્મા નહીં. આહાહા! પરનું કરી લઉં, વેપાર ધંધામાં મશગુલ થઈને એમાં પૈસા વધારી દઉં, પેદા કરી લઉં, એ તો મૂઢ પરનો સ્વામી થઈને અણાત્મા થાય છે. પણ આહીં તો કહે છે, પુણ્ય અને પાપના રાગપણે પરિણમે છે, ઈ આત્મા નહીં, ભાઈ. આહાહા!

પાઠમાં જ છે ને? 'शुद्धनयतो व्याप्तुर्य दस्यात्मनः पूर्णज्ञान घनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक' પોતાને ગ્રહે છે, એમ કહે છે. પોતામાં વ્યાપ્ત છે એમ 'व्याप्तु' છે ને શબ્દ, વ્યાપે છે એમ. વસ્તુ છે ભગવાન આત્મા એ જ્ઞાન અને આનંદનો ધામ વસ્તુ અંદર છે. એ પોતે આનંદ અને જ્ઞાનરૂપે થાય, તેને આત્મા કહીએ. પરરૂપે તો થતો નથી, પરને કરતો તો નથી. પણ શુભ ને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને

હિંસા, જૂઠ્ઠ, ચોરી, વિષય, કમાવવુંના ભાવ એ વિકારપણે આત્મા પરિણમતો નથી. ઈ પરિણમે તેને આત્મા કહેતા નથી, એમ કહે છે, આહાહા! સમજમેં આયા? ધર્મનો માર્ગ બાપા જગતથી જુદી જાતનો પરમાત્મા તીર્થંકરદેવનો માર્ગ છે. લોકોની મળ્યો નથી એટલે એને એમ લાગે કે આ તો બહુ ઊંચી વાત છે. ઊંચી નહીં, પહેલી ધર્મની આ વાત છે. સુખી થવાની રીત અને પંથ હોય તો આ છે. બાકી બધા દુઃખી થવાના રસ્તે દોડી રહ્યા છે. મુઠ્ઠીયું વાળીને દોડ્યા છે.

કહે છે, 'अपनै ही गुन परजायकौं गहतु है।' શું કહે છે? ઈ વસ્તુ જે છે શુદ્ધ આનંદ ઘન તે વસ્તુ. અને એની દૃષ્ટિ થવી અંતર્મુખ સન્મુખ થઈને તે સમ્યગ્દર્શન. હવે એ આત્મા પોતાના ગુણ જે શુદ્ધ એના પણે ગ્રહે, પરિણમે છે, એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે એ આત્મા પરિણમે છે. પરિણમે છે એટલે સમજાય છે? એ રૂપે અવસ્થામાં થાય છે. આરે, ભારે ભાષા ભાઈ! સમજાણું કાંઈ? 'शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद'. અકેલો આપુ ચિદાનંદ, ચિદાનંદ નાખ્યુંને ભેગું...છતાંયે આપુ એટલે પોતે, એમ થઈ ગયું. શુદ્ધ નિશ્ચયનયથી એકલો આપ ચિદાનંદ છે પોતે.

'अपनैही गुन परजायकौं गहतु है।' અપને શુદ્ધ પર્યાયમાં પરિણમન કરતા હૈ દેખો. પાઠમાં છે ને. ગુણ પર્યાયમાં એટલે ગુણની અવસ્થાપણે પરિણમે, એમ કહેવું છે. ગુણ તો ગુણરૂપે ત્રિકાળ છે. વસ્તુ જે છે આત્મા, તે આનંદ અને જ્ઞાનનું પૂર્ણરૂપ અને એમાં જે જ્ઞાન અને આનંદ છે. એ જ્ઞાન અને આનંદપણે પરિણમે એટલે થાય, એ એના દ્રવ્ય, ગુણ અને પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ આમાં? દ્રવ્ય, ગુણ અને પર્યાય. આ શબ્દેય સાંભળ્યા ન હોય, કેટલા વરસ થયા? એય પ્રકાશદાસજી! દ્રવ્ય, ગુણ અને પર્યાય. સુના તો નહીં.

જુઓ, હજી ત્રણ ચીજ નાખી એમાં. આત્મા—તે વસ્તુ અને એનો ચિદાનંદ—એ ગુણ. એ ત્રિકાળી વસ્તુ છે એને સમ્યગ્દર્શન દ્વારા પ્રતીત કરવી. પ્રતીત થતાં, એ આત્મા ગુણપણે પરિણમે છે એટલે જ્ઞાન અને આનંદની પ્રતીતિ રમણતા—જ્ઞાનપણે પરિણમે છે, થાય છે. તો એ દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને એનું પરિણમવું તે શુદ્ધ છે. અશુદ્ધ પરિણમન તે આત્માનું નહીં. બાયડી, છોકરા તો એકકોર રહી ગયાં હવે. એના ધંધા ને મોટા ઉપાધિના ભગવાન, 'જડેશ્વર' જડનો ધણી માને, જડનો ધણી. આ બધું કરીએ, એ તો ક્યાંય રહી ગયું. આહીં તો કહે છે કે જે આત્મા થઈને આત્મા જાણ્યો. એ આત્મા તો પવિત્રના પરિણામપણે પરિણમવું એ રૂપ એનું છે. આહાહા! સમજાણું કાંઈ? એટલે?

શુદ્ધ જ્ઞાયક ધ્રુવ તત્ત્વ છે, એ ચિદાનંદ દ્રવ્ય છે. સ્વભાવવાળું—સ્વભાવવાન.

સ્વભાવવાળું–સ્વભાવવાન. એમ જ્યાં દૃષ્ટિ થઈ, ત્યારે કહે છે કે એનો સ્વભાવ જ એવો છે કે ગુણ એટલે શ્રદ્ધાપણે પરિણમવું, જ્ઞાનપણે થવું, ચારિત્રપણે થવું, આનંદપણે થવું, શુદ્ધતાપણે થવું, શાંતિપણે થવું, સ્વચ્છતાપણે થવું. એ એવું થાય તે, તે તે ગુણની તે પર્યાય, તે તેની છે. રાગાદિની અંદર વિકલ્પ થાય એ પણ એનો છે નહીં. જેઠાલાલભાઈ, આવો માર્ગ છે આ. માર્ગ તો આવો છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર અબજો દેવના સમુદાયમાં ઈન્દ્રોની હાજરીમાં ને ગણધરોની હાજરીમાં ભગવાન આમ ફરમાવતા હતા. એ વાત અહીંયા કુંદકુંદઆચાર્ય કહે છે. એ જ વાત અમૃતચંદ્રઆચાર્ય શ્લોક દ્વારા એનો અર્થ અહીંયા બનારસીદાસ પદ્યમાં હિન્દીના પદમાં કહે છે. આહાહા! હૈ ને અંદર હૈ કે નહીં? ઉસ શબ્દકા અર્થ હોતા હૈ કે નહીં? બઢીયા! આહાહા!

'शुद्धनय निहचै अकेलो आपु चिदानंद, अपने ही गुण' જુઓ, રાગાદિ અપના ગુણની પર્યાય નહીં, એમ કહે છે. એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ અપના પોતાના ગુણની પર્યાય નહીં. દેવ, ગુરૂ અને શાસ્ત્રને માનવાનો જે વિકલ્પ છે. એ પોતાની પર્યાય નહીં, ગજબ વાત છે ને! અરે, શુદ્ધનય ને કાંઈ શુદ્ધ પર્યાય હોય કે શુદ્ધ ને અશુદ્ધ હોય? એની ખાણમાં ક્યાં અશુદ્ધતા પડી'તી? એ તો પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા છે. પવિત્રતાના વીતરાગ નિર્દોષ દશાપણે થાય તે તેની પર્યાય છે. આહાહા! એનો અર્થ એ થયો કે દ્રવ્યને જે આદરે, તેને સમ્યગ્દર્શન ને જ્ઞાનરૂપે પરિણમન થાય. એવો જ એનો સ્વભાવ છે, એમ કહે છે. ભાઈ!

જે આવી ચીજ છે, એની જે દૃષ્ટિ કરે તો એ ગુણનો એનો દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ, આનંદપણે થવું એ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? બફમ જેવું લાગે નવા માણસને. ઓલા શું કહે છે આવો શબ્દ. ભગવાનના દર્શન કરવાને મંદિરે જાવું 'નમો અરિહંતાણં', 'નમો સિદ્ધાણં'. ભગવાનની સ્તુતિ કરવી. 'હે પ્રભુ! શિવ મગ અમને દેજો રે' મા'રાજ, શિવ પદ અમને દેજો.' ભગવાન પાસે છે તારું શિવપદ? આહીં તો કહે છે કે ઈ શિવ સ્વરૂપ ભગવાન આત્મા આનંદમૂર્તિ એમ જ્યાં શ્રદ્ધા કરી એટલે શ્રદ્ધાપણે પરિણમવું એ જ એનો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા! મિથ્યાત્વ અને રાગદ્વેષપણે પરિણમવું એ એનો સ્વભાવ નહોતો, પણ ઉઠાવગીરે રાગ મારો અને પુણ્ય મારું એમ પરિણમીને અજ્ઞાન ઊભું કર્યું હતું. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

નાની નાની ઉંમરના માણસો હાલ્યા જાય જુઓને. બે દાખલા હમણાં બની ગયાને, તમારે નહીં મહાજનમાં? કચરાભાઈની દીકરીનો દીકરો. કચરાભાઈ શું દેવશીભાઈ. ભગવાનજીભાઈના મોટા ભાઈ, એ છે એ બધા આવે છે ને. દીકરીનો,

દીકરીનો દીકરો ૨૨–૨૩ વર્ષનો લો છ મહિનાનું લગ્ન, શોર્ટ(ઇલેક્ટ્રીક શોક). એવું એક આહીં થયું...ચુડામાં લાલીયાદ...દરબાર, ગરાશીયો. એનો દીકરો ૨૩ વર્ષનો છ મહિનાનું લગ્ન અમેરિકા મોકલ્યો. અહીં કેટલોક ગરાસ વેચીને, ગરાસ વેચી વેચીને ભણાવ્યો. હુશિયાર છોકરો. છ મહિનામાં લગ્ને ત્યાં ગયો. ત્યાં એને શોર્ટ લાગ્યો, ખલાસ થઈ ગયો. આહાહા! અને એમાં હોય શું? ત્યાં જડનું એવું જ હોય. અરે! જેને કરવું હતું એ કર્યું નહીં અને નહીં કરવાના કરીને જીંદગી ખોઈને બેઠા. હવે એ જીંદગી ક્યારે મળે? આહાહા!

કહે છે કે 'अपनैही गुन परजायकौं ग्रहतु है' એને ભાષા ગોઠવી છે ને. એ ગ્રહણ કરે, ભગવાન આત્મા તો નિર્મળ પર્યાયને ગ્રહણ કરે છે, એમ કહે છે. વ્યવહારને ગ્રહે છે કે નિમિત્તને ગ્રહે છે, એવું એના સ્વરૂપમાં નથી. આહાહા! ભિન્ન વ્યવહાર ને નિમિત્ત છે, એને જાણે પણ ગ્રહે નહીં, ભારે કામ ભાઈ! આવો ધર્મ હશે વીતરાગનો? ભારે વાતુ છે! 'पूरन विग्यानघन सो है विवहारमांहि।' હવે કહે છે, પ્રભુ આત્મા તો પૂર્ણ ઘન છે. જેમ મોટી શીલા હોય ને બરફની, શીતળ બરફ. શીલા પાંચ મણની ને દસ મણની. એમ ભગવાન આત્મા તો શીતળ આનંદ અને શાંતિની શીલા છે. આ દેહના રજકણમાં જુદી અરૂપી શીલા છે. આનંદ અને શાંતિના રસથી ભરેલી શીલા છે.

કહે છે એ 'पूरन विग्यानघन' એટલું. 'सो है विवहारमांहि।'. ભેદમાં 'नव तत्वरूपी पंचदर्वमें रहतु है।' ભેદમાં સંવર ને નિર્જરા ને આશ્રવ ને બંધની પર્યાયમાં રહે છે વ્યવહારથી, નિશ્ચયથી એમાં રહેતો નથી. આહાહા! પાંચ દ્રવ્ય. જુઓ, 'पूर्णज्ञानका पिंड वा पांच द्रव्य नव तत्त्वमें एकसा हो रहा है' ભગવાન તો એકલા, એમ કહ્યું હતું ભિન્ન પણ વર્તમાન દશામાં રાગ, પુણ્ય, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ કે એનો અભાવ થઈને સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય થાય. એ નવપણે પર્યાયમાં થાય છે. પણ ખરેખર એનું દ્રવ્ય છે, વસ્તુ છે, એ નવપણે થતું નથી. ભારે વાત!

જુઓ. આ બનારસીદાસ, વ્યભિચારી શ્રૃંગારી હતાં. ગુલાંટ ખાઈ ગયા. સત્સમાગમ થયો, આખી દિશા પલટી ગઈ. અરે! અમે તો આત્મા છીએ, અમે અતીન્દ્રિય આનંદના ઘન પ્રભુ છીએ. અમારું પરિણમન તો શુદ્ધ હોય, છતાં વિજ્ઞાનઘનરૂપે હોવા છતાં વસ્તુદૃષ્ટિએ અવસ્થામાં આવા નવ ભેદો હોય છે. 'હું જીવ છું.' 'આ અજીવ છે', એવું જ્ઞાન કરીને ભેદ વ્યવહારમાં 'नव तत्त्वरूपी पंचदर्वमें रहतु है' ગતિ કરવાની પર્યાય, સ્થિર થવાની પર્યાય, નવી થાય એવી એવા પરિણમનની પર્યાય, એને રાગનો પર્યાય, એમ આ વ્યવહારથી રહે છે, એમ કહેવામાં આવે છે. 'पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारो लखे।' અહીં પાંચ દ્રવ્ય લીધા છે, કાળને લીધો નથી, કાળને

લીધો નથી. નીચે છે ને જિનાગમમાં, ''પ્રવચનસાર'માં આવે છે. નીચે લખ્યું છે.

જુઓ, 'जैनागममें छह द्रव्य कहे है, पर यहाँ कालद्रव्यको गौण करके पंचास्तिकायको ही द्रव्य कहा है। નીચે ઓલું લખન છે ને લખન. लखन, दर्शन, अवलोकन आदि शब्दोंका अर्थ जिनागममें कहीं तो देखना होता है जो दर्शनावरणीय कर्मके क्षयोपशमकी अपेक्षा रखता है और कहीं इन शब्दोंका अर्थ 'श्रद्धान करना' लिया जाता है, जो दर्शनमोहनीयके अनुदयकी अपेक्षासे है, सो यहाँ दर्शनमोहनीयके अनुदयका ही प्रयोजन है।'

દેખો ઈ. દર્શન ઉપયોગ મૂક્યો. ન્યારો લખે છે ને એમાં. ભગવાન આત્મા તો એક દ્રવ્ય; પાંચ—આકાશ(આદિ અજીવ), જીવ અંદર, અનંત આત્માઓ અરે! અનંત સિદ્ધો, ગુરૂ, શાસ્ત્રો એનાથી આ આત્મા તો તદ્દન ભિન્ન છે. પંચ દ્રવ્ય, નવ તત્ત્વ ન્યારે, એ બધા ન્યારા ભિન્ન છે. આહાહા! સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય પણ દ્રવ્યથી ભિન્ન છે. ભારે કઠણ ભાઈ! માણસને અભ્યાસ ન હોય ને. આ વસ્તુ એકરૂપ ચિદાનંદ પ્રભુ અનાદિ અનંત ધ્રુવ સત્ છે, એ કાંઈ નવ પર્યાયરૂપે થયો નથી. વ્યવહારમાં છે પણ નિશ્ચય થયો નથી. એ ન્યારે જીવ છે. એનાથી ભગવાન જુદો તદ્દન છે. ન્યારો લખે, લખે એટલે શ્રદ્ધે એમ લેવું એમ. સમજાણું? લખે છે ને લખે એટલે જાણે, એમ અહીં ન લેવું, શ્રદ્ધે એમ લેવું એમ.

'सम्यकदरस यहै और न गहतु है' એનું નામ સમ્યગ્દષ્ટિ કે જે અખંડ આત્મા નવ તત્ત્વ ને છ દ્રવ્ય, પાંચ દ્રવ્યથી ભિન્ન એવા આત્માને અંતરમાં શ્રદ્ધે, અનુભવે, માને એ સમ્યગ્દર્શન લ્યો. એનું નામ સાચી દૃષ્ટિ ને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. લ્યો, આ કહે દેવ, ગુરૂ, શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન. નવ તત્ત્વની શ્રદ્ધા કરવી. આહીં તો નવતત્ત્વથી ન્યારો શ્રદ્ધે, એમ કહે છે. પંડિતજી, હૈ કે નહીં ઉસમેં? આહાહા! ઓલા કહે છે, નવ તત્ત્વને માનવા. આમાં જ છે ને ઈ નવતત્ત્વનો અનુભવ એ મિથ્યાત્વ. આમાં જ છે કળશમાં.

કળશ ટીકા (શ્લોક) ૬માં એકત્વ નિયતસ્ય છે ને, ઈ છે જુઓ. નવ તત્ત્વ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પરભાવ સંપત્તિ અનાદિ સંબંધને છોડીને, કેમ કે સંસાર અવસ્થામાં જે દ્રવ્ય નવ તત્ત્વે પરિણમ્યું છે તે તો વિભાવ પરિણતી તે નવતત્ત્વ વસ્તુનો અનુભવ મિથ્યા છે. આ તો અશુદ્ધ લીધા છે, સંવર—નિર્જરાને. સમજાણું કાંઈ? હવે અશુદ્ધ લીધું. ઓલા સંવર, નિર્જરા ચોખ્ખાની વાત નથી. અનાદિની વાત છે ને. 'રાજમલ્લ ટીકા' શેઠ હૈ કે નહીં તમારે ઘેર? હૈ પછી જોયું છે કોઈ દિ'? નહીં એ નહીં. આમ પકડાઈ

જાય છે એમાં, રાખી રાખવાની ચીજ છે ઈ. દેખવાની જાણવાની ચીજ છે.

કહે છે, પાંચ દ્રવ્ય છે આકાશ, કાળ, વિગેરે. એનાથી આ ભગવાન જુદો છે તદ્દન. પોતાની હયાતિ, પોતાનું અસ્તિત્વ, પોતાનું હોવાપણું. બીજાના હોવાપણાને લઈને હોવાપણું નથી. આહાહા! બીજાના હોવાપણાથી આ ભગવાન આત્માનું કાયમનું હોવાપણું, તદ્દન નવ તત્ત્વ ને પાંચ દ્રવ્યથી નિરાળો હોવાપણું છે. 'सम्यक्‌दरश जोई' એને સમ્યગ્દર્શન કહે છે, એમ કહે. એને સમ્યગ્દર્શન કહે છે. 'છ ઢાળા'માં આવે છે ને 'છ ઢાળા'માં. અન્ય દ્રવ્યથી જુદો આત્મદ્રવ્ય...(શ્રોતા : પરદ્રવ્યસે ભિન્ન આપમેં રૂચિ સમ્યક્ત્વ ભલા હૈ) પરદ્રવ્યસે ભિન્ન અપના આત્મા...

કહે છે કે 'सम्यक्‌दरस जोई' તે સમ્યગ્દર્શન એમ 'आतम सरूप सोई' એ સમ્યગ્દર્શન છે એ આત્માનું સ્વરૂપ છે, એમ કહે છે. એનો સ્વભાવ છે, એ પરિણમ્યો છે, એ એનું સ્વરૂપ છે, એમ કહે છે. આહાહા! સમ્યગ્દર્શન આત્મા અખંડ પૂર્ણાનંદ છે, એમ જે ભાન થયું, શ્રદ્ધા થઈ, એ આત્માનું સ્વરૂપ ને સ્વભાવ જ છે એ તો. રાગ અને દયા, દાન ને વ્રત એ બધા વિકલ્પો, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? 'आतम सरुप सोई, मेरे घट प्रगटो बनारसी कहतु है।' મેરા જ્ઞાનમેં પૂર્ણ દશા પ્રાપ્ત થાવ. સર્વજ્ઞપદ પૂર્ણ એમ બનારસીદાસ સિદ્ધ પદને આમંત્રણ આપે છે પોતામાં. આવો, સિદ્ધપદ પૂર્ણ થાવ...થાવ છે ને અંદર ઈ? 'बनारसीदासजी कहते हैं कि वह सम्यग्दर्शन अर्थात् आत्माका स्वरूप मेरे हृदयमें प्रगट होवे' લ્યો, છઠ્ઠા શ્લોકનું સાતમું પદ થયું. હવે સાતમા શ્લોકનું આઠમું પદ.

**अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्तितत्।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुन्चति॥७॥**

આહાહા! અમૃતચંદ્રાચાર્યના કળશો. જીવકી દશા પર અગ્નિનું દ્રષ્ટાંત. આઠમું એ શ્લોકનું પદ છે. ભાવાનુવાદ.

**जैसें तृण काठ बांस आरने इत्यादि और,**
**ईधन अनेक विधि पावकमै दहिये।**
**आकृति विलोकित कहावै आग नानारूप,**
**दीसै एक दाहक सुभाव जब गहिये॥**
**तैसें नव तत्त्वमैं भयौ है बहु भेषी जीव,**
**सुद्धरुप मिश्रित असुद्ध रुप कहिये।**

जाही छिन चेतना सकतिकौ विचार किजै,
ताही छिन अलख अभेदरूप लहिये।।८।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : આરને=જંગલના. દાહક=બાળનાર. અલખ=અરૂપી. અભેદ=ભેદવ્યવહારથી રહિત.

**અર્થ :**–જેવી રીતે ઘાસ, લાકડા, વાંસ અથવા જંગલના અનેક ઇંધન આદિ અગ્નિમાં બળે છે, તેમના આકાર ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે, પરંતુ જો માત્ર દાહક સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવામાં આવે તો સર્વ અગ્નિ એકરૂપ જ છે, તેવી જ રીતે જીવ (વ્યવહારનયથી) નવ તત્ત્વોમાં શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપ થઈ રહ્યો છે, પરંતુ જ્યારે તેની ચૈતન્યશક્તિ પર વિચાર કરવામાં આવે છે ત્યારે તે (શુદ્ધનયથી) અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. ૮

**अर्थ :**–जैसे कि घास, काठ, बांस वा जंगलके अनेक ईंधन आदि अग्निमें जलते हैं, उनकी आकृतिपर ध्यान देनेसे अग्नि अनेकरूप दिखती है, परंतु यदि मात्र दाहक स्वभावपर दृष्टि डाली जाय तो सब अग्नि एकरूप ही है; उसी प्रकार जीव (व्यवहारनयसे) नव तत्त्वोंमें शुद्ध, अशुद्ध, मिश्र आदि अनेकरूप हो रहा है, परंतु जब उसकी चैतन्यशक्ति पर विचार किया जाता है तब वह (शुद्धनयसे) अरूपी और अभेदरूप ग्रहण होता है।।८।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પહેલી તો સમજણમાં વાંધા, હવે એને સમ્યક્ થાય કે દિ'? અરે! વાદ ને વિવાદ ને ઝઘડા. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ શું કહે છે, એની ય ખબર ન મળે. પોતાની કલ્પનાએ માને, થઈ ગઈ અમને શ્રદ્ધા અને અમને થઈ ગયો ધર્મ. એમાં મંદિર કાંઈ બનાવે બે લાખ, પાંચ લાખ, દસ લાખનું અને દસ લાખ ખર્ચ્યા હોય કોકે વળી એકવાર. હવે બે પાંચ કરોડની મૂડી હોય તો દસ લાખ આપે. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને! એ પોપટભાઈ! આહાહા! મંદિર કોણ બનાવતો હતો? કોણે બનાવ્યું છે? એ તો જડથી બન્યું છે. મંદિર જડથી બનતે હૈ પુદ્‌ગલસે, બનાવવાનો ભાવ જેનો હોય એની પાસે શુભ રાગ પુણ્યનો, તે પુણ્યભાવ છે. (શ્રોતા : ધર્મ ક્યાં?) આહાહા!...પંદર, આનંદ મંદિર આવે છે ને ક્યાંક સ્તવનમાં આનંદ મંદિર, આનંદ મંદિર ખોલો, મંગળમય મંદિર ખોલો. ભક્તિ કરે, અર્થ સમજે નહીં કાંઈ. આનંદમય મંગળ ખોલો. આત્મા આનંદ આનંદ સ્વરૂપ. આહાહા!

કહે છે, 'जैसे तृण काठ बांस आरने इत्यादि, ईंधन अनेक विधि पावकमें दहिये।'

છે ને. જૈસે કે કાઠની અગ્નિ, કાઠની અગ્નિ લાકડાની, વાંસની, જંગલ કે અનેક ઇંધન આદિ. ઓલો આવ્યો ને આરને એનો અર્થ કર્યો. આરને એટલે જંગલ. 'ईंधन आदि अग्निमें जलते हैं, उनकी आकृति पर ध्यान देनेसे अग्नि अनेकरूप दिखती है,' શું કહે છે? પાંદડા, લાકડા, છાણા, અડાયા. એ અગ્નિ એનો આકાર જુઓ તો ભિન્ન ભિન્ન લાગે. પણ એનો દાહક સ્વભાવ જુઓ તો દાહક, દાહક, દાહક, દાહક, દાહક એકરૂપ છે. દૃષ્ટાંત આપ્યો થોડો.

ઘાસ સળગેલું હોય, લાકડા સળગતા હોય, વાંસ હોય જંગલમાં અનેક અગ્નિમેં જલતે હૈ. એની આકૃતિ એટલે બહારનો આકાર જુઓ તો લાકડાના આકારે અગ્નિ. આ આકાર, આકાર, આકાર આવે. પાંદડાને આકારે અગ્નિ, એમ આકાર દેખાય પર્યાય ઉપર. उनकी आकृति पर ध्यान देनेसे अग्नि अनेकरूप दिखती है। એ તો ઉપરના આકાર ભેદથી અગ્નિ ભિન્ન, ભિન્ન દિખતી—દેખાય છે. આહાહા! સ્વભાવ તો એકલો અગ્નિ દાહક, દાહક, દાહક, દાહક, દાહક, દાહક. સમજાણું કાંઈ? છાણા હોય ને રોઢાં, સુકાઈ ગયેલા હોય અડાયા (શ્રોતા : અડાયાનો જુદો હોય) અડાયાનો જુદો આકાર હોય અડાયા હોય ને અડાયા એટલે જંગલમાં અમથા પડ્યા હોય ને સુકાઈ ગયેલા હોય. બાઈયું લઈ આવે ને સવારમાં અને છાણાં એટલે ઘરમાં લાવીને કુંવર નાંખીને બનાવે. ઈ એનો આકાર જુદો હોય બળે તો, કોલસાનો આકાર જુદો હોય, પાંદડાનો જુદો. આ છોતરાં શેરડીના ઈ બળે તો એનો આકાર જુદો હોય ઉપર આમ આકારથી.

એમ માણસ બળે તો ય શું એનો આકાર જુદો હોય સળગે બધું એ આમ. એ ઉપરથી એનો આકાર માણસ જેવો દેખાય અગ્નિનો, પણ ઈ ખરેખર અગ્નિનો સ્વભાવ નથી. અગ્નિનો તો દાહક સ્વભાવ. જેવો દાહક, દાહક, દાહક, દાહક એકરૂપ છે. સમજાણું કાંઈ? કેટલા દાખલા સહેલા કરીને પણ, એનું એકરૂપ સ્વરૂપ શું છે, ઈ બતાવે છે. પરંતુ યદિ 'पावकमैं दहिये' એમ દેખાય છે.

'आकृति विलोकित कहावै आग नानारुप, दीसे एक दाहक सुभाव जब गहियेे।' પણ અગ્નિ, અગ્નિ, અગ્નિ, અગ્નિ, અગ્નિ, અગ્નિ દાહક, દાહક, દાહક, દાહક દેખો તો એકરૂપ અગ્નિ છે. એનો આકાર-બાકાર ગૌણ થઈ જાય છે. સમજાણું કાંઈ? 'यदि मात्र दाहक स्वभाव पर दृष्टि डाली जावे तो सब अग्नि एकरूप ही है।' અગ્નિ છે સૌ. આકાર તો વર્તમાન દશામાં ગૌણ થઈ જાય છે. 'तैसे नवतत्त्वमैं भयो है, बहु भेषी जीव।' 'व्यवहारनयसे नवतत्त्वमें शुद्ध, अशुद्ध, मिश्र आदि अनेकरूप हो रहा है' સંવરરૂપ થાય, નિર્જરારૂપ થાય, મોક્ષરૂપ થાય, રાગરૂપ થાય, પુણ્યરૂપ થાય, આસ્રવરૂપ થાય, બંધરૂપ

થાય, શુદ્ધરૂપ થાય, અશુદ્ધરૂપ થાય ને મિશ્ર, સંવર, નિર્જરા, સંવર ને આસ્રવ.

'नवतत्त्व रूप भयो है बहु भेषी जीव। આવે છે ને 'સમયસાર'માં, મોક્ષ પણ એક ભેખ છે. અવસ્થા છે ને મોક્ષ, ગુણ નથી. સંવર નિર્જરા પણ એક આત્માની વીતરાગી દશાની અવસ્થા છે. તો કહે છે, 'नव तत्त्वमें भयो है, बहु भेषी जीव। ઘણા ભેખ જાણે ધારણ કર્યા હોય. 'सुद्धरूप मिश्रित असुद्धरूप कहिये। કેટલીક અવસ્થા નિર્મળરૂપે થાય, કેટલીક અવસ્થા મલિનરૂપે થાય, એવા નવપ્રકારે દેખાય. 'जाहीं छिन चेतना सकतिकौ विचार कीजे। પણ ચેતના, ચેતના, ચેતના, ચેતના, ચેતના, ચેતના, ચેતના જુઓ તો ત્રિકાળ એકરૂપ છે. સમજાય છે કાંઈ? ચેતન, ચેતન, ચેતન, ચેતન, ચેતન પૂર્ણ વિજ્ઞાનઘન, જ્ઞાનઘન, જ્ઞાનઘન, જ્ઞાનઘન, જ્ઞાનઘન બધામાં જુઓ તો એકરૂપ છે. ઓલા ભેદો બધા ગૌણ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'ताही छिन अलख अभेदरूप लहिये। અંતર ચૈતન્ય શક્તિનું સત્ત્વ દેખો તો તો છિન, જે ક્ષણે જુઓ. 'अलख अभेदरूप' તે વખતે અલખ નામ ભગવાન આત્મા વિકલ્પથી લખ્યો ન જાય, જાણ્યો ન જાય. એવો સ્વસંવેદનથી જાણ્યો જાય, એવો અલખ અભેદરૂપ છે. સમજાણું કાંઈ? જરીક કઠણ તો માર્ગ છે, પણ ભાઈ એણે જરી અભ્યાસ ન મળે, નહીંતર ભાષા તો સાદી આવે છે. આમાં કાંઈ મોટી સંસ્કૃત વ્યાકરણ ભણ્યો હોય તો સમજાય, એવું કાંઈ નથી.

વસ્તુ તરીકે અગ્નિને બળેલા લાકડા, પાંદડાને આકારે જુઓ તો આકૃતિ, આકૃતિ, આકૃતિ ભિન્ન ભિન્ન દેખાય. પણ અગ્નિ, અગ્નિ, અગ્નિ, અગ્નિ, દાહક, દાહક, દાહક દેખો તો એકરૂપ છે. તેમ આત્માને અજીવનો વિકલ્પ, જીવનો વિકલ્પ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરાની પર્યાયો, એમ દેખો તો નવરૂપે જાણે અવસ્થા છે, એમ દેખાય. પણ વસ્તુ ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય ચૈતન્ય દેખો તો એકરૂપ છે. સમજાણું કાંઈ? જુઓ, ભાષા અભેદ લીધી છે ને અહીંયા. 'चैतन्यशक्ति पर विचार किया जाता है तब वह (शुद्धनयसे) अरूपी और अभेदरूप' અલખનો અર્થ અરૂપી કર્યો. અલખ છે ને ત્યાં, એનો અરૂપી કર્યો. અભેદરૂપ હોતા હૈ. એકરૂપ અરૂપી ભગવાન ધ્રુવ, નિત્ય દૃષ્ટિ મેં આતે હૈ. દૃષ્ટિમાં આવે એને આત્મા કહેવામાં આવે છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૯, મહા સુદ ૮, બુધવાર, તા. ૩-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૯, ૧૦ પર પ્રવચન

સમયસાર નાટક જીવદ્વાર! આમા જીવદ્વાર લખેલ છે પાને પાને, પંડિતજી! ૯મું પદ થઈ ગયું. આઠમા શ્લોકનો નવમું પદ. હવે ૯માં શ્લોકનું ૧૦મું પદ, ૯મો શ્લોક ૩૨ પાનું છે ને નીચે.

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं।
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं।।
किमपरमभिदध्मो धाम्नि सर्वकषेऽस्मि।
न्नुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

૯મો (પદ) આખો બાકી છે. ક્યો? આખો બાકી છે!

जैसें बनवारीमैं कुघातके मिलाप हेम,
नानाभांति भयौ पै तथापि एक नाम है।
कसिकैं कसौटी लीकु निरखै सराफ ताहि,
बानके प्रवान करि लेतु देतु दाम है।।
तैसें ही अनादि पुद्गलसौ संजोगी जीव,
नव तत्त्वरूपमैं अरूपी महा धाम है।
दीसै उनमानसौं उदोतवान ठौर ठौर,
दूसरौ न और एक आतमा ही राम है।।९।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : બનવારી=કુલડી. લીકુ=રેખા. નિરખ=જુએ છે. બાન=ચમક. પ્રવાન=અનુસાર, પ્રમાણે ઉનમાન(અનુમાન)=સાધનામાં સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે, જેમ કે ધૂમાડાને જોઈને અગ્નિનું જ્ઞાન કરવું તે.

**અર્થ :**–જેમ સોનું કુધાતુના સંયોગથી અગ્નિના તાપમાં અનેકરૂપ થાય છે, પરંતુ તોપણ તેનું નામ એક સોનું જ રહે છે તથા શરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક પ્રમાણે કિંમત દે–લે છે; તેવી જ રીતે અરૂપી મહા દીપ્તિવાળો જીવ

અનાદિકાળથી પુદ્‌ગલના સમાગમમાં નવ તત્ત્વરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી સર્વ અવસ્થાઓમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મરામ સિવાય બીજું કાંઈ નથી.

**ભાવાર્થ :** જ્યારે આત્મા અશુભભાવમાં વર્તે છે ત્યારે પાપતત્ત્વરૂપ હોય છે, જ્યારે શુભભાવમાં વર્તે છે ત્યારે પુણ્યતત્ત્વરૂપ હોય છે અને જ્યારે શમ, દમ, સંયમભાવનામાં વર્તે છે ત્યારે સંવરરૂપ હોય છે, એવી જ રીતે ભાવાસ્રવ, ભાવબંધ આદિમાં વર્તતો તે આસ્રવ–બંધાદિરૂપ હોય છે તથા જ્યારે શરીરાદિ જડ પદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે ત્યારે જડસ્વરૂપ હોય છે પરંતુ વાસ્તવમાં આ સર્વ અવસ્થાઓમાં તે શુદ્ધ સુવર્ણ સમાન નિર્વિકાર છે. ૯.

**अर्थ :**–जिस प्रकार सुवर्ण कुधातुके संयोगसे अग्निके तावमें अनेकरूप होता है, परंतु तो भी उसका नाम एक सोना ही रहता है तथा सर्राफा कसौटीपर कसकर उसकी रेखा देखता है और उसकी चमकके अनुसार दाम देता-लेता है; उसी प्रकार अरूपी महा दीप्तिवान जीव अनादिकालसे पुद्गलके समागममें नवतत्त्वरूप दिखता है, परन्तु अनुमान प्रमाणसे सब हालतोंमें ज्ञानस्वरूप एक आत्मारामके सिवाय और दूसरा कुछ नहीं है।

**भावार्थ :**–जब आत्मा अशुभभावमें वर्तता है तब पापतत्त्वरूप होता है, जब शुभभावमें वर्तता है तब पुण्यतत्त्वरूप होता है, और जब शम, दम, संयमभावमें वर्तता है तब संवररूप होता है, इसी प्रकार भावास्रव भावबंध आदिमें वर्तता हुआ आस्रव-बंधादिरूप होता है, तथा जब शरीरादि जड़ पदार्थोंमें अहंबुद्धि करता है तब जड़स्वरूप होता है; परन्तु वास्तवमें इन सब अवस्थाओंमें वह शुद्ध सुवर्ण समान निर्विकार है॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જરી સૂક્ષ્મ બાત હૈ. કહે છે કે ‘जैसे बनवारीमैं कुधातके मिलाप हेम’–સોનું, સોનું. સોની છે ને એની કુલડી હોય ને કુલડી. ક્યા કહેતે હૈ વો? સોનું એમાં નાખીને અગ્નિના તાપે કરેને. ધરિયા વો, વો બસ વો. અહીંયા છે નામ ઉસમેં નામ હૈ, ધરિયા. બનવારી એટલે ધરિયા. ધરિયા સમજતે હૈ ને? કુલડી, એમાં સોનું ....કુલડી કહે. એમાં અગ્નિનો તાપ આપેને ‘जैसे बनवारी में कुधातके मिलाप हेम’ સોનામાં કથીર અને એને ચાંદીનો ભાગ હોય છે ત્યારે એને તાપ આપે છે, ત્યારે ‘नानाभांति भयौ’ સોનામાં અનેક પ્રકારના ભાગ પડે પર્યાયમાં, રંગમાં તેરવલું, ચૌદવલું, પંદરવલું, સોલવલું દેખાય છે ‘तथापि एक नाम है’ વસ્તુ તરીકે જુઓ તો સોનુ, સોનુ, સોનું સોનું. સોનું આ તો દૃષ્ટાંત છે હજી હોં. ‘नानाभांति भयौ’ એ સોનું કુલડીમાં અગ્નિના તાપને લઈને અનેક રંગ અવસ્થામાં આમ દેખાય ભિન્ન ભિન્ન રંગમાં, ‘तथापि एक’ નામ હૈ વસ્તુ તરીકે જુઓ તો સોનું, સોનું, સોનું,

સોનું, સોનું. આ તો દૃષ્ટાંત છે હોં.

'कसिकै कसौटी लीकु' શરાફ એનો લીક મારે, કસોટી કરે લીકું, લીકું છે ને રેખા શું કહેવાય? રેખા કસોટી ઉપર 'निरखै सराफ ताहि' શરાફ નિરખે તેમાં કેટલા વલું છે પંદરવલું, ચૌદવલું કેટલું થયું? એમ શરાફ દેખે. 'बानके प्रवान' એની ચમકના પ્રમાણમાં સોનાના ચમકના પ્રમાણમાં 'लेतु देनु दाम है' પૈસા લે દે એની ચમકના પ્રમાણમાં દામ દે કેટલાં વલો?

'तैसैं ही अनादि पुद्‌गलसो' હવે આત્મા સિદ્ધાંત આવે છે. આ ભગવાન આત્મા અંદર શુદ્ધ આનંદકંદ ધર્મી ધર્મ ચીજ કઈ બહુ અલૌકિક છે. આ આત્મા આનંદ સ્વરૂપ સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમાત્માએ આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યધાતુ એને આત્મા કહ્યો છે. પણ અનાદિ પુદ્‌ગલના સંયોગથી, જેમ ઓલા કથીરના સંયોગથી સોનું તેરવલું, ચૌદવલું, પંદરવલું દેખાય છે પણ સોનારૂપે દેખો તો સોનું, સોનું, સોનું, સોનું સોળવલું જ છે, એમ આ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે આ. એને પુદ્‌ગલના ને કર્મના સંયોગને લઈને નિમિત્તથી જીવ 'नवतत्त्वरूप मैं अरूपी महाधाम है' નવતત્ત્વમાં પર્યાયમાં નવ એવા ભેદ પડી જાય છે.

જીવ, આ અજીવ તેનું જ્ઞાન, રાગના પરિણામ દયાદાનના એ આશ્રવ, એ બંધ, રાગનો અભાવ થઈને સ્વભાવનો આશ્રય કરીને જેટલો સંવર નામ ધર્મ થાય એ પણ એક પર્યાય છે. શુદ્ધિની ઉત્પત્તિ થાય એ પર્યાય છે. શુદ્ધિની વૃદ્ધિ થાય એ નિર્જરા પણ એક પર્યાય છે. શુદ્ધિની પૂર્ણતા થાય એ મોક્ષ પણ એક પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત. (શ્રોતા : કૌનસે પર્યાયસે ચલતી હૈ?) કૌનસે પર્યાયસે ચલે ક્યા, અપને આશ્રયસે ચલતી હૈ. અહીં તો પર્યાય છે જે નવ પ્રકાર, એટલી વાત છે. કર્મના સંયોગના નિમિત્તે પુણ્ય, પાપ, આશ્રવ ને બંધ મલિન પરિણામના પ્રકાર દેખાય છે અને એનો અભાવ થઈને નિર્મળ સંવર, નિર્જરા અને મોક્ષ એવી પર્યાય દેખાય છે. પર્યાયમાં નવતત્ત્વ દેખાય છે એમ કહે છે, વસ્તુમાં નહિ. સમજાય છે કાંઈ?

'नवतत्त्वरूप मैं अरूपी महाधाम है'. જેમ એક સોનામાં તેરવલું, ચૌદવલું એવું સંયોગ ને લઈને એને નાનાભાંતિ અનેક પ્રકારે દેખાય છે. સોના, સોના તરીકે દેખો તો સોનું, સોનું, સોનું, સોનું, સોનું સોનું શુદ્ધ જ છે. એમ આત્મા જેને ધર્મ કરવો છે એને શું થાય? આહા! એને અંદરમાં પુણ્ય ને પાપના વિકલ્પો ઉઠે, એ પણ એની દશામાં દેખાય છે. એનો અભાવ થઈને સંવર નિર્જરા ને શુદ્ધિ એવી સંવર, નિર્જરા ને મુક્તિ એવી દશા પણ દેખાય છે. એવા 'नवतत्त्वगतत्वेऽपि' અરૂપી મહાધામ, વસ્તુ તરીકે જુઓ

તો ચૈતન્ય ઘન આનંદકંદ, અરૂપી, એકરૂપ છે. ધર્મ ભારે આકરો! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અંદર સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે જોયો, કેવળી જ્ઞાનીએ એ આત્મા કહ્યો તે આત્મામાં, સોનાને જેમ કથીરના પ્રસંગથી ભિન્ન ભિન્ન દશા તેમાં દેખાય છે, એમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તના સંબંધ ને અસંબંધમાં અધર્મની દશા અને ધર્મની દશા આ બે પ્રકારે આવી, લ્યો, એમ દેખાય છે નવ. અધર્મદશામાં પુણ્ય, પાપ, આશ્રવ ને બંધ, ધર્મની દશામાં સંવર, નિર્જરા ને મોક્ષ. સમજાણું કાંઈ? આહાહા!

પણ વસ્તુ તરીકે જુઓ, ચૈતન્યધામ આનંદકંદ એકરૂપ વસ્તુ છે. એની દૃષ્ટિ કરતા સમ્યગ્દર્શન અને ધર્મ થાય (છે). ભારે આકરું કામ! આ તો ધર્મ બહારથી થતો, એ બધું અટકી ગયું. ધૂળેય નહોતો થાતો, માનતો એ અજ્ઞાની. વસ્તુ પોતે સચ્ચિદાનંદ પ્રભુ સત નામ શાશ્વત જ્ઞાન અને આનંદ એવું એનું ત્રિકાળી સ્વરૂપ છે. એ સ્વરૂપમાં કર્મના સંબંધે નવ પ્રકારની દશાઓ ભેદરૂપ દેખવામાં આવે છે. છતાં તેને એકરૂપ જુઓ તો એમાં ભેદ છે નહીં. કહો સમજાય છે કાંઈ? શું કહે છે આવો ધર્મ, હાથ આવવો મુશ્કેલ પડે. આહાહા!

કહે છે કે નવ તત્ત્વરૂપ મેં અરૂપી તું મહાધામ છે. અખંડ આનંદકંદ, શુદ્ધ જ્ઞાન ને આનંદ આનંદ, આનંદ, આનંદ, આનંદ ને જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન. અનાદિ અનંત એનું જ્ઞાન અને આનંદ સ્વરૂપ એકરૂપ છે. પર્યાયમાં એના નવ પ્રકાર દેખાય (છે), એ વ્યવહાર છે, નિશ્ચય આ છે. પોપટભાઈ! ભારે વાત ભાઈ! ધર્મ કરવો હોય એને, આ ચોરાસીના અવતારના જન્મમરણનો દુ:ખોનો નાશ કરવો હોય એને, શું કરવું એ કહે છે. એ અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ છે, છે ને છે. આનંદ, આનંદ, આનંદ, આનંદ અતીન્દ્રિય આનંદ હોં. બહારના બધા માને છે કલ્પના, એ તો કલ્પના મૂઢ છે. પૈસામાં સુખ છે ને ધૂળમાં સુખ છે. પૈસા બૈસામાં સુખ છે એમ માને છે ને બધા? પાંચ–પચાસ લાખ થાય ત્યાં સુખી છીએ, ધૂળેય નથી. દુ:ખના દાળીયા છે, સાંભળ! ને ખબર ક્યાં છે એને ભાન વિના.

કહે છે કે એવી કલ્પના ભલે આ વિકારની હો પણ એ કંઈ વસ્તુનું ત્રિકાળી સ્વરૂપ ન થઈ જાય અને એ વિકારના પ્રકાર પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ અને તે અવિકારની અવસ્થા ટળીને સ્વભાવનો આશ્રય કરી એકરૂપ અખંડાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. આહાહા! એમાં ધીરજથી અંતરનો આશ્રય ને અવલંબન લેતા જે ધર્મની દશા પ્રગટ થાય, એના ત્રણ પ્રકાર. સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ,

મુક્તિ એટલે શુદ્ધિની પૂર્ણતા. પણ એ નવ પર્યાયો વ્યવહાર છે. આહાહા! શેઠ! આ તમારા વ્યવહારના ધંધાની વાત નથી આ. (શ્રોતા : એ તો આત્માની બહાર છે.) દૂર રહ્યું? આ બીડી બીડીના વ્યાપારનું કાંઈ ઘણું દૂર રહી ગયું, કહે છે. આહાહા! બલુભાઈ, આ તમારા દવા બવાના ધંધાની ક્રિયા તો જડમાં ગઈ પરમાં, આત્મામાં વ્યવહારેય નથી, એમ કહે છે. આહાહા!

ઈ આત્મા અંદર વસ્તુ તીર્થંકર દેવ, કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથે જે પ્રસિદ્ધ કરીને જગત પાસે બતાવ્યો, એ આત્મા અંદરમાં (એકરૂપ છે.) વર્તમાનદશાને અવસ્થાથી જોઈએ તો તેમાં તે નવ પ્રકારની દશારૂપે હોય, એમ દેખાય છે. પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. પણ જો એનું એકરૂપ જુઓ તો ત્રિકાળ જ્ઞાયક, જ્ઞાયક દેખાય. જેમ સોનામાં કથીરના નિમિત્તે અગ્નિનો તાપ દેતા કથીર ઘટતું જાય, સોનું નિર્મળ થતું જાય, એવા ભેદ પડે એની દશામાં. પણ સોના તરીકે જુઓ તો સોનું, સોનું, સોનું એકરૂપે (છે.) સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા અંદર વસ્તુ અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ, સમાધિ સુખથી બિરાજમાન પ્રભુ છે. એવો આત્મા એને અનાદિના કર્મના નિમિત્ત પદાર્થના સંબંધમાં દયા, દાન, વ્રત આદિના વિકલ્પો, હિંસા, જુઠ્ઠું, ચોરીની વિકલ્પ વૃત્તિઓ—એમાં અટકવું એવું બંધ અને બે થઈને આશ્રવ પુણ્ય-પાપ થઈને એવી દશાઓ એની વિકારની દેખાય છે અને જ્યાંસુધી પૂર્ણ સિદ્ધ ન થાય ત્યાં સુધી એને શુદ્ધિ, ધર્મની શુદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ પણ દેખાય છે, પણ પૂર્ણ શુદ્ધ થઈ જાય તો મોક્ષ. એ બધી દશાઓ વ્યવહારથી પર્યાયમાં અવસ્થામાં દેખાય છે પણ વસ્તુ તરીકે ત્રિકાળ જુઓ તો એમાં એકરૂપ દશા છે. સમજાણું કાંઈ?

આ માર્ગ છે. માણસને સાંભળ્યું ન હોય એટલે એને થઈ જાય કે આ તે કેવો ધર્મ હશે? આ જૈન ધર્મ હશે આ? એય બલુભાઈ! આ અપવાસ કરવા હોય ને વર્ષીતપ કરી નાંખે. લ્યો ફટ દઈને બાર મહિના કરી નાંખે લ્યો, કાંઈ એમાં સમજવાનું હતું? એ વખતે એને થઈ ગયું કે આ કંઈક બીજું થઈ ગયું ને માર્ગ છે બીજો. (શ્રોતા :....) લખાય ને આ શું લખાય? આત્મા શું છે એનું ભાન થયું એનું લખવું શું? આહાહા! ચૌરાસીના અનંતકાળના અવતાર એમાં એને કર્મના સંબંધે......અહીં તો સંવર આદી લેવું છે, ઓલા અનાદિના નવ છે તે ઓલામાં—બીજામાં ગયા. કહો સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એના વસ્તુમાં બે ભાગ, આત્મામાં હોં. પર, પરમાં રહી ગયું. કર્મ, કર્મમાં અને શરીર શરીરમાં, એ કાંઈ આત્મામાં છે નહીં. હવે આત્મામાં બે ભાગ.

એક એની દશાના ભાગમાં હાલત અવસ્થાના ભાગમાં નવ પ્રકાર દેખાય. 'હું જીવ છું' એવો વિકલ્પ, અજીવ છે એ મારામાં નથી એવું જ્ઞાન વિકલ્પ, પુણ્ય-પાપની વૃત્તિઓ એ બે થઈને આશ્રવ, બે થઈને અટકેલો બંધભાવ એ વિકાર દશા થઈ. એ દશાઓ છે, કોઈ ત્રિકાળી સ્વરૂપ નથી. એ દશાનો અભાવ, શુદ્ધ ચૈતન્યધાતુ આનંદકંદ પ્રભુ વસ્તુની દ્રષ્ટી કરતાં, જે દશામાં ધર્મની દશા પ્રગટ થાય એ પણ વ્યવહાર છે. નવી થઈને! અવસ્થા છે ને! એ તો કાંઈ ત્રિકાળી રૂપ નથી.

ફરીને કહીએ. ઠીક કહ્યું એ સારું કર્યું. પૂછવા જેવું છે આ. તાંબાના વાસણ કરતા તાંબાનું કે જે હોય એ. આ આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ આનંદમૂર્તિ ત્રિકાળી છે, એની દશામાં—હાલતમાં પુણ્ય ને પાપના આશ્રવ બંધ આદિ અવસ્થા થાય, તે એની દશામાં છે, એ વ્યવહાર છે. હવે ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ ધાતુ ધ્રુવ-ધ્રુવ અવિનાશી એમ ને એમ રહે છે ઈ. એની દ્રષ્ટી કરતાં એની દશામાં શુદ્ધિરૂપી ધર્મ શાંતિનો, આનંદનો અંશ આવે શુદ્ધિ, પણ એ વ્યવહાર છે. આમ વ્યવહાર તો ક્યાં ગયો તમારો બીડીઓનો ને વિકલ્પનો વ્યવહાર.

એક ફેરી વાત થઈ'તીને, ભાઈ, ઓલા જેસીંગભાઈના દીકરા મંગળભાઈને? હા, મંગળભાઈ કહે, 'મહારાજ તમે વ્યવહાર(ની ના પાડો) પણ અમારે વ્યવહાર કરવો ના પડે? રોગ થાય તો દવા ન લાવવી?' લ્યો. અરે! પણ શું તમે વાત કરો છો, એની અહીંયા વાતેય ક્યાં છે વ્યવહારની? મિલમાલિક છે ને? જેસંગભાઈ હતા ને મિલમાલિક. અત્યારે તો આઠ કરોડ—દસ કરોડ. એનો બાપ હતા. શાંતિલાલ, એના બાપ હતા જેસંગભાઈ ઉજમશી....ભાવનગર આવે ત્યારે અહીં આવે. પણ કાંઈ શેઠિયા પૈસાના કાંઈ ભાન વિના કાંઈ ન મળે? શેઠિયા તો મોટા મૂરખ હોય, એય!

આમ પૂછે હોં. કહે, 'વ્યવહારની ના પાડો છો, વ્યવહાર નહીં, વ્યવહાર નહીં. તો અમારે રોગ થાય તો દવા કરવી કે નહિ? એ વ્યવહાર નહીં. પણ એ વ્યવહારની વાત ક્યાં છે અહીંયા? (શ્રોતા : એ તો જડનો વ્યવહાર). એ તો બીજી વાત થઈ ગઈ. એ આત્મા ને એને તો સંબંધ જ નથી કાંઈ. આ તો આત્મામાં સંબંધવાળી દશાને વ્યવહાર કહે છે. એ લોકો કહે, એ વ્યવહાર જ નથી. કહો સમજાણું? આ બહારના વ્યવહારની વાત નથી. (શ્રોતા : બાપને દીકરાનો વ્યવહાર...) બાપને દીકરો કેવો ને બાપ કેવો? હાળા ધુળેધુળ કંઈ (સમજ નથી).

અહીં તો આત્મા વસ્તુ છે. પદાર્થ છે કે નહીં? આત્મા એક વસ્તુ છે કે નહિ? અને છે તો એ ત્રિકાળી છે કે નહિ? તો ત્રિકાળી જે વસ્તુ છે. છે તેની ઉત્પત્તિ નહિ, છે તેનો

નાશ નહિ ને છે તે સ્વભાવ વિનાની વસ્તુ હોય નહિ. એવો ત્રિકાળી સ્વભાવવાળું તત્ત્વ એને દ્રવ્ય કહેવાય કે વસ્તુ કહેવાય કે નિશ્ચય કહેવાય અને એની દશામાં, હાલતમાં, વર્તમાન પર્યાયમાં, વર્તમાન ભેદની દશામાં પુણ્ય–પાપ, આશ્રવ, બંધ એ વિકારી દશા એ વ્યવહાર, એ અસદ્ભૂત વ્યવહાર. ભાઈ! આહાહા! અને ભગવાન આત્મા વસ્તુ તરીકે ત્રિકાળી આનંદનો ધામ એમાં અંતર એકાગ્ર થતા, વસ્તુમાં એકાગ્ર થતાં, જે ધર્મની શાંતિ ને આનંદની દશા, સમ્યક્દર્શન જ્ઞાન થાય તે સદ્ભૂત વ્યવહાર છે. એક સમયનો પર્યાય પણ ભેદવાળો વ્યવહાર છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવને નવના ભેદો તે હેયપણે છે. આહાહા! બહુ ઝીણું! એકરૂપ ભગવાન ધ્રુવ નિત્ય અવિનાશી આત્મા, એ આદરણીય ને ઉપાદેય છે. આહાહા! શું થાય કોઈ દી' એ નજરે ગયો નથી, એ માર્ગમાં ગયો નથી, એ માર્ગ કેવો એની એને ખબરું ન મળે. આ બધા રખડવાના રસ્તાના ડાહ્યા થઈ ગયા બધા. આહાહા!

ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે ભાઈ તારામાં બે પ્રકાર હોં. પરને લઈને નહિ ને પરમાં નહિ ભાઈ! આંહી તો પરને લઈને નહિ, એમ સિદ્ધ કરવાનું છે પાછું. તારી દશામાં જ તારે કારણે પુણ્ય પાપના ભાવ એ આસ્રવ ને બંધ. તારે કારણે અંદર સ્વભાવમાં આશ્રવ થઈને સંવર, નિર્જરા ને મુક્તિ. શુદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ ને પૂર્ણની શુદ્ધિ તારી પર્યાયમાં તારે કારણે, પણ એ નવેય વ્યવહાર છે. આદરણીય નથી, હેય છે આહાહા! ભારે વાત ભાઈ! છે ખરું, પણ નથી એમ નહિ. નવ પ્રકાર છે ખરા.

છે ને જુઓ, 'नवतत्त्वरूप मैं' નવતત્ત્વરૂપ અવસ્થામાં છે. અરૂપી મહા ધામ આનંદકંદ પ્રભુ એકરૂપ જોતા, જેમ સોનું, સોનું, સોનું, સોળવલું, સોળવલું, સોળવલું, સોળવલું, સોળવલું એકરૂપ દેખાય, એમ ભગવાન આત્મા...આ તે શું છે આત્મા, તે સાંભળ્યું ન મળે. હું કોણ એના ખબર વિનાની વાતો બધી. આહાહા! ક્યાં પહોંચવું ને ક્યાં જાવું ને કેમ થાવું ખબરું ન મળે અને આ જીંદગી એમને એમ વ્યર્થ, ખતમ કરી ધૂળધાણી. કાંઈ મેળવ્યું હોય પાંચ–પચાસ લાખ એ તો પૂર્વના પુણ્ય બળી ગયા ત્યારે આવ્યું છે, એ કાંઈ પુરુષાર્થથી આવ્યું નથી. બલુભાઈ એમ હશે? પૂર્વના પુણ્યની નોટ જે પડી છે એ બળે છે ત્યારે દેખાય છે કે આ કરોડ–બે કરોડ આવ્યા. આવ્યા એટલે એના ઘરમાં નથી આવ્યા, ત્યાં છે નજીકમાં એટલું. એની પાસે આવ્યું શું? કે મારા, એ મમતા. આહાહા!

કહે છે, અહીંયા તો જ્ઞાનીની વાત છે હોં. ધર્મીને પણ જ્યાં સુધી પૂર્ણ શુદ્ધતા, પરમાત્મા દશા, મુક્તિ ન થાય ત્યાં સુધી એની દશામાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ દશા

વિકલ્પ હોય છે અને પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં સુધી આત્માના ત્રિકાળી વસ્તુના આશ્રયે શુદ્ધતામાં નિર્વિકલ્પતાના આનંદના અંશો જે પ્રગટે છે, એ હોય છે. અને પૂર્ણ આનંદની દશા પ્રગટે તે મુક્તિ એ પણ હોય છે. પણ એ બધો વ્યવહાર છે. ભેદ પડ્યો ને માટે વ્યવહાર છે (શ્રોતા : પૂર્ણદશા એ વ્યવહાર?) ક્યા કહેતે હૈં? એ વ્યવહાર, પર્યાય છે ને. સિદ્ધપદ, મોક્ષપદ અવસ્થા છે. સાદી અનંત અવસ્થા છે, એ કાંઈ ત્રિકાળી વસ્તુ નથી. સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે, હા રે હા કેવો ધર્મ માળો હશે આ! નવા માણસને તો એવું લાગે એ કરતા તો આ કરીએ, કરો, કરો, માથાકુટ કરીએ છીએ, મરો, કરો ને મરો. આ રે ભગવાન! ધર્મને નામે પણ ઉંધું વેતરાઈ ગયું છે આખું. આત્મા પ્રભુ વસ્તુ તરીકે, ધ્રુવ તરીકે, અનાદિ અનંત એ એકરૂપ વસ્તુ છે, એની દૃષ્ટિ કરતાં એના સન્મુખ થઈને પર્યાય રાગાદિથી વિમુખ થઈને અંતરની દૃષ્ટિ કરે, ત્યારે તેને ધર્મની પહેલી દશા સમ્યક્દર્શન, જ્ઞાન, સ્થિરતા, શાંતિ, આનંદ એ શરૂઆત થાય છે. પણ છે એ વ્યવહાર, ત્રિકાળીરૂપ નથી. સમજાણું કાંઈ? અને પૂર્ણ નિર્મળતા થાય, એ તો શરૂ થઈ ને પૂર્ણ નિર્મળ, કાંઈ ત્રિકાળી વસ્તુ નથી. મુક્તિ કાંઈ ત્રિકાળી વસ્તુ નથી. પોતે ત્રિકાળી છે તો મુક્ત સ્વરૂપ જ છે વસ્તુ તરીકે, પણ એની દશામાં મુક્તિ સિદ્ધપદ થાય તે તો નવું છે અને નવું છે માટે તે અવસ્થા છે. અવસ્થા માટે તે ત્રિકાળીનો એક ભેદ ભાગ છે આહાહા! ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ?

કહે છે, જેમ સોનાને એ કુલડીના અગ્નિનો તાપ દેતા, એને સોનાની વર્તમાન દશામાં અનેક રંગો દેખાય છે. એની અવસ્થામાં રંગ દેખાયને લાલ પીળો રાતો. એમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તના સંબંધમાં....એ સંબંધ તુટે તો એનો સંબંધ હતો, એમ એનો અર્થ છે. સંબંધમાં જીવ, અજીવ, આશ્રવ, બંધ, પુણ્ય એનો પર્યાય વિકલ્પ છે અને એનો સંબંધ તૂટીને સ્વભાવનો આશ્રય લઈને ધર્મની શરૂઆત આનંદ ને દશાના સ્વાદમાં પ્રગટ થાય એ પણ શરૂઆત થઈ અને એની વિશેષ શુદ્ધિ થાય એ વૃદ્ધિ થઈ. પૂર્ણ શુદ્ધિ થાય એ મુક્તિ થઈ. પંડિતજી! ભારે વાત ભાઈ! આવો ધર્મ માળો કહે, ભેજામાં પેસવો કઠણ પડે. અરે! ભગવાન બાપુ, સાંભળ્યું નથી વાત એમ છે. આહાહા! એના ઘરની શું ચીજ છે? સાંભળ્યા વિના મરીને રખડીને મરી ગયો ચોરાશીના અવતારમાં. બહારમાં ડાહ્યાના દિકરા મોટા કહેવાય. વાતો કરવા બેઠો હોય ત્યાં ઉપરથી અલકમલકની ઉપાડે અલકમલકની, પણ પોતાની શું છે એની ખબરું (નથી.) આહાહા!

કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો. તારામાં એક દ્રવ્ય એટલે વસ્તુ તરીકે છે અસ્તિ અને તારામાં એક અવસ્થા તરીકે છે અસ્તિ, હાલત તરીકે. એક વસ્તુ

તરીકે અને એક દશા તરીકે. એ દશાના પ્રકાર નવ. જીવ, અજીવ. વિકલ્પ ઉઠે ને એટલે નવ પ્રકાર ઈ વ્યવહાર છે કેમ કે ભેદરૂપ પ્રકાર છે માટે, એ અનાદિ અનંત વસ્તુ નહીં. આહાહા! પણ 'नव तत्त्वरूप में अरूपी महाधाम' જુઓ ભાષા લીધી છે. આહાહા! મહાધામ, ભગવાન આત્મા મોટો આનંદનું ધામ છે. અવિનાશી વસ્તુ છે, છે, છે, છે, છે, છે, છે, છે! એવું અવિનાશી આનંદ અને જ્ઞાનનું ધામ એ એકરૂપ છે, એ નિશ્ચયનો વિષય છે. એ ખરેખર વિષય, છે એમાં જુઓ? 'जिस प्रकार सुवर्ण कुधातुके संयोगसे अग्निके तावमें अनेकरूप होता है, परंतु तो भी उसका नाम एक सोना ही रहता है तथा सर्राफ कसौटी पर कसकर उसकी रेखा देखता है और उसकी चमकके अनुसार दाम देता-लेता है।'

એમ અરૂપી મહા દિપ્તવાન જીવ, ભગવાન ચૈતન્ય ચમત્કાર ભગવાન આત્મા આરે, આરે! અરૂપી મહા દિપ્તવાન ભગવાન અંદર ચૈતન્યના નૂરનું પૂર ચૈતન્યના પ્રકાશનો નૂર તેજ ભગવાન છે. કોણ જાણે ક્યાં હશે? તું છો એવો સાંભળને. 'महा दीप्तवान जीव अनादिकालसे पुद्‌गलके समागममें नवतत्त्वरूप दिखता है' ભેદરૂપ દિખે, 'परंतु अनुमान प्रमाणसे सब हालतोंमें ज्ञानस्वरूप एक आत्मरामके सिवाय....' અહીં અનુમાન લીધું ભાઈ! અનુમાન, અનુમાન પ્રમાણથી જુઓ તો બધી દશામાં જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન દિપ્તિમાન, ચમક જ્ઞાનની ચમક, આનંદની ચમક ઈ એકરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ઓલા તો કહે કે દયા પાળો, વ્રત કરો અને અપવાસ કરો. બલુભાઈ! જાઓ, કલ્યાણ થઈ જશે, વર્ષીતપ કરો, કલ્યાણ થઈ જશે. તે આ મફતના કરતા હશે આ બલુભાઈ જેવા માણસ તે? પૈસાવાળા માણસ આ વર્ષીતપ કર્યું'તું ખબર છે ને બલુભાઈએ? એની પાત્રતા હતી એટલે વાત રૂચી ગઈ આ. ભાઈ માર્ગ તો આ જ છે. આવો માર્ગ છે તેને સમજમાં તો લે. આહાહા! અરે ક્યાં એને જાવું? ક્યો માર્ગ એનો? ક્યાં અટકીને પડ્યો, રખડ્યો. સમજાણું કાંઈ?

કહે છે ભાઈ! તું એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છો, વસ્તુ છે ને વસ્તુ છે ને અવિનાશી છે ને. એની દશામાં ભલે નવ પ્રકાર, હું જીવ છું ને આ અજીવ છે એવા દેખાય નવ પ્રકાર. પ્રકાર હોવા છતાં એ તો દશાના હાલતના પ્રકાર છે. એ તો વ્યવહારનો વિષય છે, વર્તમાન નયનો વિષય છે. ત્રિકાળી નયથી જોઈએ અંદર એકરૂપ ચિદાનંદ ચિદ્, ચિદશક્તિનો ચમત્કાર એકલો ચિદ્‌શક્તિનો ચમત્કાર, ચિદ્ શક્તિનો ચમત્કાર ત્રિકાળ છે. આહાહા! ભારે વાત ભાઈ!

'दीसै उनमानसौं उदोतवान ठौर ठौर'. ઠૌર ઠૌર—ઠેકાણે ઠેકાણે જુઓ તો રાગને જાણનાર, શરીરને જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, એમ કહે છે. 'ઉનમાનસો

ઉદોતવાન ઠૌર ઠૌર'. જ્યાં જ્યાં જુઓ ત્યાં ચૈતન્યના ચમત્કારથી જાણનાર છે એ તો. આહાહા! એ રાગને જાણનાર, આશ્રવને ય જાણનાર, સંવરને ય જાણનાર, નિર્જરાને ય જાણનાર, મોક્ષને ય જાણનાર. આહાહા! જાણનાર, જાણનાર, ઠૌર ઠૌર. ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટા ચિદકંદ. અનુમાનસે ઉદ્યોતમાન ઠૌર ઠૌર. अनुमान प्रमाणसे सब हालतोंमें ज्ञानस्वरूप एक आत्मरामके सिवाय दूसरा कुछ है नहि. ત્રિકાળ જોતા જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન. એમાં ભેદ ભેદ હૈ (નહિ). આહાહા! કઠણ પડે માણસને. કોઈ દિ' અભ્યાસ ન મળે, સાંભળ્યું નથી. જાતને કદી જોઈ નથી પણ જોવું કેમ એની ખબરું નથી. સમજાણું કાંઈ?

'एक आत्मरामके सिवाय और दूसरा कुछ नहीं है।' એકરૂપ ચિદ્‌ઘન પ્રભુ, અતીન્દ્રિય અમૃતનો સાગર એકરૂપ અનાદિ-અનંત, એમાં કોઈ બીજી ચીજ છે નહિ. શરીર, વાણી તો નથી, કર્મ નથી, પૈસા નથી, આબરૂ નથી બહારની, એ ધૂળમાં ગઈ બહારમાં. પણ એમાં નવ ભેદે ય નથી, એમ કહે છે. આહાહા! કહો સમજાણું કાંઈ? માખણ છે વીતરાગ દર્શન! 'दूसरौ न और एक आतमा ही राम है' આતમરામ, આતમરામ, આતમરામ, ભગવાન આનંદ, આનંદ, આનંદ, આનંદ અતીન્દ્રિયનું ઢીમ, અતીન્દ્રિય આનંદનું ઢીમ, અતીન્દ્રિય જ્ઞાનનો ખજાનો એક રૂપ ત્રિકાળ છે. શું કહેવા ખજાનો કહે છે? સમજાણું કાંઈ? આહાહા! પર્યાય તારો વ્યવહાર અને દ્રવ્ય તારો નિશ્ચય, એમ કહે છે. આહાહા! પંડિતજી! આ સંવર, નિર્જરા, મોક્ષને વ્યવહારમાં નાખ્યા. ભેદ છે ને ભેદ. વ્યવહાર છે આહાહા!

ભાવાર્થ : 'जब आत्मा अशुभभावमें वर्तता है तब पापतत्त्वरूप होता है' ખુલાસો કર્યો છે. હિંસા, જુઠ્ઠ, ચોરી, વિષય વાસના એમાં હોય તો પાપતત્ત્વ છે. શુભભાવમે વર્તે, દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ પુણ્યભાવ છે. 'और जब शमदम संयमभावमें वर्तता है तब संवर है।' અંતરમેં—અંતરમાં રાગથી હઠીને સ્વભાવ તરફની એકાગ્રતા થાય ત્યારે તેને સંયમ રૂપી સંવર છે. શમ—સમતા જેવો એનો વીતરાગ સ્વભાવ છે આત્માનો, એવો જ વીતરાગ સ્વભાવ દશામાં પ્રગટ કર્યો એનું નામ સમતા, એનું નામ અતીન્દ્રિયમાં આવ્યો એટલે ઇન્દ્રિયનું દમન. સંયમ—એ સ્વરૂપમાં એકાગ્રતા થઈ એ સંયમભાવ તબ સંવર હોતા હૈ. સંવર નામ આવરણનો અભાવ, કર્મનો એને અભાવ થાય છે.

'इसी प्रकार भावास्त्रव भावबंध आदिमें वर्तता हुआ' એમ પુણ્યપાપમાં વર્તતો અને પુણ્યપાપમાં અટકતો. ભાવઆસ્રવ એટલે પુણ્યપાપના વિકલ્પમાં વર્તતો અને પુણ્યપાપના રાગમાં અટકતો એ ભાવબંધ. ભાવઆસ્રવ ને ભાવબંધ. મ્હો, માથું હાથ આવે એવું એમાં ક્યાંય છે નહીં. 'वर्तता हुआ आस्त्रव बंधादिरूप होता है।' પર્યાયમાં,

અવસ્થામાં પુણ્યપાપના ભાવમાં વર્તે, પુણ્યપાપમાં અટકે ત્યારે આસ્રવ બંધરૂપ થાય છે. આહાહા!

'तथा जब शरीरादि जड़ पदार्थोंमें अहंबुद्धि करता है' શરીર આદિ હું, હું, હું એમ કરે ત્યારે અજ્ઞાનથી જડ માને પોતાને. શરીર મારું, પૈસા મારા, ધૂળ મારી, આ માટી ધૂળ. આહાહા! પણ પૈસા હોય તો આ બધું થાય, ખર્ચ થાય લ્યો. આ જમણ બમણ ક્યાંથી થાય, પૈસા ન હોય તો? આ ગરીબ માણસ કરી શકે? કહો, શેઠ! પૈસાના કારણે પૈસા આવે, પૈસાને કારણે પૈસા (જાય). આત્મા કાંઈ કરી શકે નહિ પરનું. આહાહા! અરેરે! એક આંખની પાંપણ ફરે એને આત્મા કરી શકે નહિ, એ તો જડની દશા છે. અહંકાર કરે, એમ છે ને જુઓ! અહંબુદ્ધિ કરતે હૈ કરે. હું આ કરું છું આનું હું કરું છું. હું આનું કરું છું. 'तब जड़ स्वरूप होता है' જડ સ્વરૂપ નામ હું જડ છું, એમ માને છે એમ. પર્યાયમાં જડ બુદ્ધિ થઈ ગઈ ને. આહાહા! શરીર હું, રાગ હું, પુણ્ય હું, પાપ હું એ તો અચેતન બુદ્ધિ થઈ. આહાહા!

'परंतु वास्तवमें सब अवस्थाओंमें' પણ ખરેખર તો બધી દશાઓમેં 'वह शुद्ध सुवर्ण समान निर्विकार है', વસ્તુ તરીકે જુઓ તો નિર્વિકારી છે. સોનામાં ભેદો ન જોતાં સોનું—સોનું જુઓ તો ભેદ વિનાની ચીજ છે. તેમ આત્માના આવા ભેદ ન જોતા, ત્રિકાળી વસ્તુ જોતાં તે ચૈતન્યધામ આનંદકંદ છે, નિર્વિકારી છે એટલે એમાં કાર્ય થાય એવા શુદ્ધ અને અશુદ્ધના કાર્ય એમાં છે નહિ. આહાહા! ભારે આવું તે શું હશે? એ આતમ રામ દશામાં ભેદમેં વર્તે, વસ્તુએ અભેદ વર્તે, આવો છે કહે છે. સમજાણું કાંઈ? નિર્વિકાર છે સુવર્ણસમાન. હવે આવ્યું લ્યો અનુભવ કી દશામાં સૂર્યનું દૃષ્ટાંત ૯મું, ૯મું છે ને.

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मोयाति निक्षेपचक्रम्**
**किम परमभिदहमो धाम्नि सर्वकषेऽस्मि—**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।**

ઓલી પર્યાયના ભેદ કીધા ને. એને ઉડાડ્યા, કહે અદ્વૈત અનુભવમાં દ્વૈત-ફૈત છે (નહીં.) પર્યાયમાં ભેદરૂપ છે. અવસ્થા, એની હાલતમાં ભેદરૂપ, વર્તમાનરૂપ, અંશરૂપ, દશારૂપ છે, વસ્તુ તરીકે ત્રિકાળ જોતા એમાં ભેદ—ભેદ છે (નહિ). આહાહા!

**जैसैं रवि-मंडलके उदै महि-मंडलमैं,**
**आतप अटल तम पटल विलातु है।**

तैसें परमातममाकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है॥
नयकौ न लेस परवानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।
जे जे वस्तु साधक हैं तेऊं तहां बाधक हैं,
बाकी राग दोषकी दसाकी कौन बातु है॥१०॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : મહિ-મંડળ=પૃથ્વીતળ. વિલાતુ હૈ=નાશ પામી જાય છે. પરવાન=પ્રમાણ. વંસકો=સમુદાયનું. પરવેસ (પ્રવેશ)=પહોંચ.

**અર્થ :**–જેવી રીતે સૂર્યના ઉદયમાં પૃથ્વી ઉપર તડકો ફેલાઈ જાય છે અને અંધકારનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે જ્યાં સુધી આત્માનો અનુભવ રહે છે ત્યાંસુધી કોઈ વિકલ્પ અથવા નય આદિનો પક્ષ રહેતો નથી. ત્યાં નય–વિચારનો લેશ પણ નથી, પ્રમાણની પહોંચ નથી અને નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. પહેલાની દશામાં જે જે વાતો સહાયક હતી તે જ અનુભવની દશામાં બાધક થાય છે અને રાગ–દ્વેષ તો બાધક છે જ.

**ભાવાર્થ :** નય તો વસ્તુનો ગુણ સિદ્ધ કરે છે અને અનુભવ સિદ્ધ વસ્તુનો હોય છે, તેથી અનુભવમાં નયનું કામ નથી; પ્રત્યક્ષ–પરોક્ષ આદિ પ્રમાણ અસિદ્ધ વસ્તુને સિદ્ધ કરે છે ત્યાં અનુભવમાં વસ્તુ સિદ્ધ જ છે માટે પ્રમાણ પણ અનાવશ્યક છે, નિક્ષેપથી વસ્તુની સ્થિતિ સમજવામાં આવે છે ત્યાં અનુભવમાં શુદ્ધ આત્મ–પદાર્થનું ભાન રહે છે માટે નિક્ષેપ પણ નિષ્પ્રયોજન છે, એટલું જ નહિ આ ત્રણે અનુભવની દશામાં બાધા કરે છે. પરંતુ તેમને હાનિ કરનાર સમજીને પ્રથમ અવસ્થામાં છોડવાનો ઉપદેશ નથી. કેમકે એમના વિના પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. આ નય આદિ સાધક છે અને અનુભવ સાધ્ય છે, જેમ દંડ, ચક્ર આદિ સાધનો વિના ઘડાની ઉત્પત્તિ નથી થતી. પરંતુ જેવી રીતે ઘટ પદાર્થ સિદ્ધ થયા પછી દંડ, ચક્ર આદિ વિડંબનારૂપ જ થાય છે તેવી જ રીતે અનુભવ પ્રાપ્ત થયા પછી નય–નિક્ષેપ આદિના વિકલ્પ હાનિકારક છે. ૧૦

**अर्थ :**–जिसप्रकार सूर्यके उदयमें भूमंडल पर धूप फैल जाती है और अंधकारका लोप हो जाता है, उसी प्रकार जब तक शुद्ध आत्माका अनुभव रहता है तबतक कोई विकल्प व नय आदिका पक्ष नहीं रहता। वहाँ नय-विचारका लेश नहीं है, प्रमाणकी पहुँच नहीं है और निक्षेपोंका समुदाय नष्ट हो जाता है। पूर्वकी दशामें जो जो बातें सहायक थीं वे ही अनुभवकी दशामें बाधक होती हैं और राग-द्वेष तो बाधक हैं ही।

**भावार्थ :**–नय तो वस्तुका गुण सिद्ध करता है और अनुभव सिद्ध वस्तुका होता है,

इससे अनुभवमें नयका काम नहीं है, प्रत्यक्ष-परोक्ष आदि प्रमाण असिद्ध वस्तुको सिद्ध करते हैं सो अनुभवमें वस्तु सिद्ध ही है अतः प्रमाण भी अनावश्यक है, निक्षेपसे वस्तुकी स्थिति समझमें आती है सो अनुभवमें शुद्ध आत्म-पदार्थका भान रहता है अतः निक्षेप भी निष्प्रयोजन है, इतना ही नहीं ये तीनों अनुभवकी दशामें बाधाकारक हैं परंतु इन्हें हानिकर समझकर प्रथम अवस्थामें छोड़नेका उपदेश नहीं है, क्योंकि इनके बिना पदार्थका ज्ञान नहीं हो सकता। ये नय आदि साधक हैं और अनुभव साध्य है, जैसे कि दंड, चक्र आदि साधनोंके बिना घटकी सृष्टि नहीं होती। परंतु जिस प्रकार घट पदार्थ सिद्ध हुए पीछे दंड, चक्र आदि विडंबनारूप ही होते हैं, उसी प्रकार अनुभव प्राप्त होनेके उपरांत नय निक्षेप आदिके विकल्प हानिकारक हैं॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जैसे रवि-मंडलके उदै महि-मंडलमें जैसे सूर्यके उदयमें भूमंडल पर धूप फैल जाती है।' સૂર્ય ઉગે એટલે ધોળ સફેદ પૃથ્વી મંડલમેં સફેદાઈ ફેલાઈ જાતી હે. 'अंधकारका लोप हो जाता है। आतम अटल तम पटल विलातु है', પ્રકાશને કારણે અટલ—ફરે નહિ એવું અને તમ પટલ—અંધકારનો પડદો ત્યાં વિલાતુ હે. અંધકારનો નાશ થઈ જાય (છે.) સૂર્યનો જ્યાં પ્રકાશ પડે. ધૂપ ફેલતી હે અંધકાર કા લોપ હો જાતા હે 'तैसे परमातमकौ अनुभौ रहत जौलौं'. આહાહા! ભગવાન આત્મા પોતાનું નિજ આનંદ સ્વરૂપ એના અનુભવમાં જાય અંતરમાં.

'તૈસે પરમાતમાકો' આ પરમાતમા એટલે આત્મા, પરમસ્વરૂપ એમ. પરમાત્મા એટલે પરમસ્વરૂપ, નવ ભેદનું સ્વરૂપ નહિ પણ ત્રિકાળી સ્વરૂપ. 'પરમાત્માકો અનુભૌ'— એ પર્યાય. 'રહત જૌલો' આહાહા! ભગવાન આત્મા પોતના અંતર્મુખના અનુભવમાં રહે ત્યાં વિકલ્પ તૂટી જાય. નિર્વિકલ્પ આનંદના અનુભવમાં જ્યાં સુધી રહે 'तौलौ कहू दुविधा न कहूं पच्छपातु है અનુભવમાં સમ્યક્‌દર્શન જ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય. આહા! ત્યારે તેને આત્માના અનુભવમાં પ્રાપ્ત થાય સમજાણું કાંઈ?

'तैसे परमातमकौ अनुभौ रहत जौलौ' तोलों, જૌલો એટલે જ્યાં સુધી, તૌલો— ત્યાં સુધી. 'तौलौं कहूं दुविधा न कहू पच्छपातु है' અખંડ આનંદનો અનુભવ હોય ત્યારે તો હું દ્રવ્ય છું કે પર્યાય છું, એવા બે ભેદ પણ રહેતા નથી. આહાહા! એવો ચૈતન્ય સાહિબો પોતાના ઘરમાં જ્યારે પ્રવેશ કરે છે. પોતાનું અવિનાશી આનંદ સ્વરૂપ એને અનુસરીને ભવવું, આનંદનો અનુભવ થઈને નિર્વિકલ્પપણે જ્યારે અનુભવમાં આત્મા હોય છે. સમ્યક્‌દષ્ટીનો આત્મા. સમજાણું કાંઈ?

'तौलौं कहूं दुविधा' कोई विकल्प व नय आदिका पक्षपात नहीं रहता'. કોઈ

વિકલ્પ એટલે ભેદ નહિ દુવિધાના. વસ્તુ અનુભવ આનંદ. 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ' પોતાનું નિજ સ્વરૂપ ધ્રુવસ્વરૂપ અવિનાશી સ્વરૂપ, એમાં એકાગ્ર થઈને અનુભવમાં આત્મા હોય છે. ત્યારે આ વસ્તુ એક છે, પર્યાયે અનેક છે, એવા ભેદ અનુભવમાં હોતા નથી. આહાહા! જુઓ આનું નામ અનુભવ ને આનું નામ ધર્મ. જે સમજણમાંય ઠેકાણા ના મળે એને આ થાય ક્યાંથી ને આવે ક્યાંથી આ? અરે! ચોરાસીના અવતારમાં ભવ ફેરા ફરી ફરીને મરી ગયો. થાકતો નથી આહાહા!

બાયડી સાથે ફેરા ફરે તો ચાર ફરે, પાંચમો નહીં. આ તો પ્રકૃતિ સાથે ફેરા ફર્યા અનંતા તો ય માળો મૂકતો નથી. રાગ અને દ્વેષ. આ લગ્નમાં હોતા હૈ ને ચાર ફેરા ફરે ને, માટલી માટલીઓ ગોઠવી હોયને ચાર બાજું. ચાર બાજું....અહીંયા તો કહે છે કે એ ફેરા તો એકવાર એટલા ફર્યા, લ્યો ને ચાર કે સાત. આ તો અનંત, અનંત, અનંત, અવતાર આહાહા! મનુષ્ય દેહ, પ્રાણી દેહ, દેવ દેહ, નારકીનો દેહ, કીડી, કાગડા, કૂતરા, કંથવા આહાહા! ભૂલી ગયો છે માળો. જ્યાં માણસ થાય છે ત્યાં બધું ભૂલી ગયો, થઈ રહ્યું. એવા અવતાર ધારણ કર્યા. એ અવતાર ધારણ કરવાનો નાશનો ઉપાય આ છે. ભગવાન આત્મા સચેત જાગૃત સ્વરૂપ ત્રિકાળ, જ્ઞાનાનંદ સ્વભાવી ત્રિકાળ વસ્તુ છે, એના તરફ જતાં અમૃતનો સ્વાદ આવે. એ વખતે અનુભવમાં એને, આ અનુભવું છું ને આ અનુભવવા યોગ્ય આત્મા છે, એવો દુવિધા ભેદ નથી. સમજાણું કાંઈ? આહાહા!

'न कहुं पच्छपातु है' નયનો કે પ્રમાણનો કોઈ પક્ષપાત છે નહિ. સિદ્ધ તો એ કરવું છે ને. પક્ષપાત નથી. કે હું આ જ્ઞાન ગુણવાળો ત્રિકાળ છું, પર્યાયવાળો, વર્તમાનમાં છું, એવો કોઈ જ્ઞાનમાં એક ગુણને અંશ જાણનારો એવો નય, એવો પક્ષપાત ત્યાં છે નહિ. સમજાણું કાંઈ? 'नय कौ न लेश' ત્યાં નય વિચારતા લેશ નહિ. નય એટલે જે જ્ઞાનનો અંશ, એક ગુણ ઉપર લક્ષ કરે કે એક પર્યાય ઉપર લક્ષ કરે. એ નયનો ભેદ ત્યાં નય છે જ નહિ. ભેદ છે જ નહિ અનુભવ કરે ત્યાં શું છે? સમજાણું કાંઈ? અંતર અનુભવમાં નયનો લેશ નથી, કહે છે, પ્રમાણની પહોંચ નહીં. દ્રવ્ય ત્રિકાળી છે પર્યાય ભેદરૂપ છે એવો જે બેનું પ્રમાણ એવો ત્યાં વિકલ્પ છે (નહિ). સમજાણું કાંઈ?

'निक्षेपोंका समुदाय नष्ट हो जाता है। निच्छैपके वंसकौ विधुंस होत जातु है' લ્યો. નિક્ષેપ એટલે વસ્તુને સમજવાની રીત. ક્યાં કહે કે નામરૂપ છે, સ્થાપનારૂપ છે, દ્રવ્યરૂપ છે કે ભાવરૂપ છે. એવા ચાર પ્રકારે પદાર્થને જાણવાની રીત એ ત્યાં રહેતી નથી. જુઓ, આ કોઈ કહે છે કે આવો અનુભવ આત્માનો હોય, એમ નથી. આહાહા!

સમ્યક્દર્શન થતા અનુભવમાં આ વાત હોય છે. આહાહા! ભારે કામ ભાઈ!

'निच्छैपके वंसकौ' વંશ એટલે સમૂહ 'विधुंस होत जातु है'. આ આત્મા, નામ છે ને એની સ્થાપના છે ને એની યોગ્યતા છે ને એની વર્તમાન પ્રગટતા, એવા પ્રકારનો ત્યાં નાશ થઈ જાય છે. 'जे जे वस्तु साधक' એ નયથી વસ્તુ સિદ્ધ થતી હતી કે એક ગુણને જાણવા માટે નય છે અને આખા દ્રવ્યને જાણવા માટે પ્રમાણ છે. એ વસ્તુને સાબિત કરવા અજ્ઞાનીઓએ આત્મા કહ્યો, એનાથી સર્વજ્ઞે કહ્યો આત્મા, એને સિદ્ધ કરવા નય અને પ્રમાણ નિક્ષેપ અંદર આવે છે, પણ એ સાધક વસ્તુ કેવી છે, તે સિદ્ધ કરવા માટે આવે છે. આ તેવું ત્યાં બાધક હૈ. આહાહા!

તે પણ આત્માના અનુભવકાળમાં તે બધી વિઘ્ન કરનારી છે, કહે છે. નયનું વિકલ્પાત્મક જ્ઞાન પ્રમાણનું બધું વિઘ્ન કરનારું છે. આહાહા! સમજાય છે કાંઈ? 'जे जे वस्तु साधक' સાધકનો અર્થ આમાં લાંબો કરશે. લાંબો કહે છે એટલે કે નયથી આ વસ્તુ ત્રિકાળ છે એને અનંત ગુણ છે. એને એક એક ગુણને સાબિત કરવાનો એક નય હોય છે, જ્ઞાનનો એક અંશ. અને નિક્ષેપ એટલે કે જાણવા યોગ્ય વસ્તુના પ્રકાર વડે એ ચાર નામ, આકાર, યોગ્યતા અને ભાવ. એ બધા ત્યાં પહેલા સાબિત કરવા માટે હોય છે કે વસ્તુ આવી છે ભાવવાળી, દ્રવ્યવાળી, પણ અનુભવમાં પછી એ ચાર પ્રકાર રહેતા નથી. આહાહા! સમજાણું કાંઈ?

'जे जे वस्तु साधक हैं।' 'पूर्वकी दशामें जो जो बातें सहायक थी वे ही अनुभवकी दशामें बाधक होती है,' આહાહા! માલ તોળવા ટાણે, લેવા ટાણે ભાવ પૂછે, ખરું કે નહિ? કહે ભાઈ પાંચ રૂપિયાનો શેર છે કે કેટલા રૂપિયાનો? એય! મૈસૂબ આવ્યું હશે ને તમારે ત્યાંથી કંઈ. જામનગરવાળા થોડા ભાવ લે. કેટલો ભાવ? એક કેટલો લેવો છે? કહે પાંચ મણ. તોલા સારા છે કે નહિ? તોલા; તોલા, તોલા પાંચ શેરી ને બે શેરી, નક્કી કરે. અને કાટલા ઈ કાટલા બરાબર છે. અને પછી ધડો કરાવે. બરાબર છે કે નહિ એક બાજુ પાશેર–બાશેર લાખ ચોડી નથી ને આ બાજુ માલ તોલે. ભાવ, ન્યાં તમે ક્યાં ગયા હતા ન્યાં તો પડદા જેવું છે. પણ આ તો ભાવ લે. સોનું લે તો પોતે જાતે સંભાળે કે નહીં? ભાવ પૂછે, તોલા સાચા છે કે નહિ? ઓલા લાખ છાપવાળો, શું કહેવાય? તાંબાની છાપ હોય ને સરકારી અને કાંટાનો ધડો નક્કી કરે અને પછી ખાવા વખતે? ખાવા ટાણે હશે કે પાંચ પૈસાના શેર, પાંચ પૈસાના શેર, પાંચ પૈસાના શેર તોલા સાચા હતા ધડો. શેઠ! સમજમેં આયા?

એમ આત્મા એનો ભાવ શું છે ત્રિકાળ, એ અવસ્થા શું છે? એના જ્ઞાનમાં પહેલો

ઈ જાતનો નિર્ણય, વસ્તુની સ્થિતિની મર્યાદાને જાણવા એવું પહેલું હોય. પણ અનુભવ કાળે એ બધું હોતું નથી. એ ખાવા ટાળે ઓલું સંભારે નહિ, એમ અનુભવ કાળે આનંદનો અનુભવ કરે ત્યારે એ બધું હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આવો માર્ગ છે. માર્ગ તો આ જ છે. એને પહેલી શ્રદ્ધામાં જ્ઞાનમાં તો લેવું પડશે ને કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? 'जे जे वस्तु साधक हैं तेउ तहाँ बाधक है, बाकी रागदोषकी दसाकी कौन बातु हैं' બાકી રાગદ્વેષ કરવા, એ વાતું ત્યાં છે જ ક્યાં? આહાહા! પુણ્યની ક્રિયા આવી ને પાપની ક્રિયા આવી, દયા દાન આવા, એ તો ક્યાંય ગયું, એમ કહે છે. દયાનો ભાવ રાગ છે ને હિંસાનો ભાવ દ્વેષ છે, એ તો ક્યાંય ગયું, ત્યાં તો કામ એ નથી અંદરમાં, કહે છે. આહાહા!

પડદા ફાડ કરીને અંદર જાય છે. કહે છે, રાગને તોડી ને અંદરમાં ગ્યો, નિર્વિકલ્પમાં આવા બધા ભેદ–ભેદ હોતા નથી, એમ કહે છે. વાત સાંભળતા કઠીન લાગે માણસને આવો માર્ગ હશે વીતરાગનો આવો? અમે તો સાંભળ્યું છે કે કંદમૂળ ન ખાવા, લીલોતરી પ્રત્યેક હોય એ ખાય, અનંતકાય ન ખાવી, રાત્રે ચૌવિહાર કરવો, ઉપવાસ આઠમ–પાંખીના કરવા, હંમેશા બે ઘડી એક પાથરણું પાથરીને સામાયિક કરવી....ભાઈ! ઈ તો બધી વાતું બહારની છે, એ કાંઈ વસ્તુ છે નહિ. એ ધર્મ માનીએ છીએ એમ એ ધર્મ કરે, એમ કહે છે. આવો ધર્મ હોય? આવો કાંઈ ધર્મ નથી. તો શું અમે કાંઈ દુકાને બેસીને પાપ કરીએ છીએ?

સાંભળને ભાઈ ! એ રાગનો એક નય નિક્ષેપનો વિકલ્પ છે ને, એ કહે છે કે મારો છે અને એનાથી મને લાભ થાય, એ પણ મિથ્યાત્વભાવ છે. એ સાધક કહ્યો એ તો સિદ્ધ વસ્તુને સાબિત કરવા. સમજાણું કાંઈ? અનાદિથી એમ કર્યું છે ને બાપા એટલે નવું જ લાગે અરે! કરવાના ટાણા આવ્યા, માણસ ભવ મળ્યો, ભવમાંથી નીકળવાના ટાણા (આવ્યા). અહીંયા તો ટળવાની વાત છે. આહાહા! 'अनुभवकी दशामें बाधक होती हैं और राग-द्वेष तो बाधक हैं ही।' દયા દાન વ્રતના વિકલ્પો તો અનુભવમાં બાધક છે જ, સાધક નથી, એમ કહે છે. કષાયની મંદતાની ક્રિયા એ આત્માના અનુભવને મદદ કરે આહાહા! એય! આવી વાત છે. ભગવાન જ્યાં ચિંતામણી રત્ન પ્રભુ, સહજાનંદનો દરિયો, જ્યાં કલ્પવૃક્ષ જ્યાં ફાલ્યા, એમાં કહે છે કે એ ફાલમાં કોઈ રાગને નયના નિક્ષેપના વિકલ્પની જરૂર નથી. આહાહા! એ ૧૦મી થઈ, એનો ભાવાર્થ બાકી છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૦ મહા વદ ૯, શુક્રવાર, તા. ૧૯-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૧૦,૧૧ ઉપર પ્રવચન

જીવદ્વાર નવમો કળશ છે. બત્રીસમેં પાને છે. (શ્રોતા : બહુ ઓછું દેખું છું, મોતિયો આવ્યો છે.) હા, એ કાંઈક વાત કરી. નવમો કળશ. થોડું ચાલ્યું છે ભાવાર્થ, પણ ફરીને એને લઈએ.

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं।**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं॥**
**किम परमभिदध्मो धाम्नि सर्वकषेऽस्मि**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव॥९॥**

નવમો આંકડો સમભાવનો છે. નવ છે ને નવ. આત્માને સમ્યક્દર્શન થતાં પ્રથમ આત્માનું ભાન ને અનુભવ થતાં, શું હોય છે અને શું નથી હોતું, એમ કહે છે. સમજાણું? શું હોય છે અને શું નથી હોતું, બેય કહે છે. એનું પદ્ય અનુભવકી દશામેં સૂર્યકા દૃષ્ટાંત.

**जैसें रवि-मंडलके उदै महि-मंडलमैं,**
**आतप अटल तम पटल विलातु है।**
**तैसें परमातमाकौ अनुभौ रहत जौलौं,**
**तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है॥**
**नयकौ न लेस परवानकौ न परवेस,**
**निच्छेपके वंसकौ विधुंस होत जातु है।**
**जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,**
**बाकी राग दोषकी दसाकी कौन बातु है॥१०॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : મહિ-મંડળ=પૃથ્વીતળ. વિલાતુ હૈ=નાશ પામી જાય છે. પરવાન=પ્રમાણ. વંસકો=સમુદાયનું. પરવેસ(પ્રવેશ)=પહોંચ

**અર્થ :**—જેવી રીતે સૂર્યના ઉદયમાં પૃથ્વી ઉપર તડકો ફેલાઈ જાય છે અને અંધકારનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે જ્યાં સુધી આત્માનો અનુભવ રહે છે ત્યાંસુધી કોઈ વિકલ્પ

અથવા નય આદિનો પક્ષ રહેતો નથી. ત્યાં નય-વિચારનો લેશ પણ નથી, પ્રમાણની પહોંચ નથી અને નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. પહેલાની દશામાં જે જે વાતો સહાયક હતી તે જ અનુભવની દશામાં બાધક થાય છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ.

**ભાવાર્થ :–**નય તો વસ્તુનો ગુણ સિદ્ધ કરે છે અને અનુભવ સિદ્ધ વસ્તુનો હોય છે, તેથી અનુભવમાં નયનું કામ નથી, પ્રત્યક્ષ-પરોક્ષ આદિ પ્રમાણ અસિદ્ધ વસ્તુને સિદ્ધ કરે છે ત્યાં અનુભવમાં વસ્તુ સિદ્ધ જ છે માટે પ્રમાણ અને અનાવશ્યક છે, નિક્ષેપથી વસ્તુની સ્થિતિ સમજવામાં આવે છે ત્યાં અનુભવમાં શુદ્ધ આત્મ-પદાર્થનું ભાન રહે છે માટે નિક્ષેપ પણ નિષ્પ્રયોજન છે, એટલું જ નહીં આ ત્રણે અનુભવની દશામાં બાધા કરે છે પરંતુ તેમને હાનિ કરનાર સમજીને પ્રથમ અવસ્થામાં છોડવાનો ઉપદેશ નથી, કેમકે એમના વિના પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. આ નય આદિ સાધક છે અને અનુભવ સાધ્ય છે, જેમ દંડ, ચક્ર આદિ સાધનો વિના ઘડાની ઉત્પત્તિ થતી નથી. પરંતુ જેવી રીતે ઘટ પદાર્થ સિદ્ધ થયા પછી દંડ, ચક્ર આદિ વિડંબનારૂપ જ થાય છે તેવી જ રીતે અનુભવ પ્રાપ્ત થયા પછી નય-નિક્ષેપ આદિના વિકલ્પ હાનિકારક છે. ૧૦

---

**अर्थ :–**जिसप्रकार सूर्यके उदयमें भूमंडल पर धूप फैल जाती है और अंधकारका लोप हो जाता है, उसी प्रकार जब तक शुद्ध आत्माका अनुभव रहता है तबतक कोई विकल्प व नय आदिका पक्ष नहीं रहता। वहाँ नय-विचारका लेश नहीं है, प्रमाणकी पहुँच नहीं है और निक्षेपोंका समुदाय नष्ट हो जाता है। पूर्वकी दशामें जो जो बाते सहायक थीं वे ही अनुभवकी दशामें बाधक होती हैं और राग-द्वेष तो बाधक हैं ही।

**भावार्थ :–**नय तो वस्तुका गुण सिद्ध करता है और अनुभव सिद्ध वस्तुका होता है, इससे अनुभवमें नयका काम नहीं है, प्रत्यक्ष-परोक्ष आदि प्रमाण असिद्ध वस्तुको सिद्ध करते हैं सो अनुभवमें वस्तु सिद्ध ही है अतः प्रमाण भी अनावश्यक है, निक्षेपसे वस्तुकी स्थिति समझमें आती है सो अनुभवमें शुद्ध आत्म-पदार्थका भान रहता है अतः निक्षेप भी निष्प्रयोजन है, इतना ही नहीं ये तीनों अनुभवकी दशामें बाधाकारक हैं परंतु इन्हें हानिकर समझकर प्रथम अवस्थामें छोड़नेका उपदेश नहीं है, क्योंकि इनके बिना पदार्थका ज्ञान नहीं हो सकता। ये नय आदि साधक हैं और अनुभव साध्य है, जैसे कि दंड, चक्र आदि साधनोंके बिना घटकी सृष्टि नहीं होती। परंतु जिस प्रकार घट पदार्थ सिद्ध हुए पीछे दंड, चक्र आदि विडंबनारूप ही होते हैं, उसी प्रकार अनुभव प्राप्त होनेके उपरांत नय निक्षेप आदिके विकल्प हानिकारक हैं।।१०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અલૌકિક છે. જિસપ્રકાર 'रविमंडलके उदै', સૂર્યનો મંડળ ઉદય થાય. સૂર્ય ઉદય

થાય, પ્રકાશ, ભૂ મંડળ પર, 'ભૂ'નામ પૃથ્વી ઉપર. મંડળ એટલે પૃથ્વીનું ચક્ર, એમાં જ્યારે સૂર્ય ઉદય થાય ત્યારે 'आतप अटल', ત્યારે ધૂપ ફૈલ (છા) જાતી હૈ. (ફૈલ) જાતી હૈ અટલ તમ 'अटल तम पटल विलातु है' એના તમનો પટલ હોય, આતપ ટળે નહીં, એવો તમ પટલ વિલાતુ હૈ. એ અંધકારનું પડ, અંધકારનું પડ સૂર્ય વિકાસ થતાં તેનો નાશ થઈ જાય છે. 'तैसें परमातमकौ', જુઓ અહીં પણ પરમાત્મા પોતે પરમાત્મા, લ્યો. પોતાના નિજસ્વરૂપ પરમ આત્મા, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા આદિ પરમ સ્વરૂપ જે આત્માનું, એને અહીંયા પરમાત્મા કહેવામાં આવે છે.

'तैसें परमातमकौ अनुभव रहत जोलौ' જેમ સૂર્યના પ્રકાશકાળે, અંધકાર વિલય થઈ જાય છે, લોપ થઈ જાય છે અને પૃથ્વી ઉપર સૂર્યનો પ્રકાશ ફેલાય છે, ફેલાય છે. પ્રકાશ ફેલાય છે ને અંધકાર ટળે છે. એમ ભગવાન આત્મા, અર્થમાં શુદ્ધાત્મા લીધો છે પાઠમાં, પરમાત્મા છે એટલે આત્મા અખંડ, અભેદ, ચીજ, શુદ્ધ આનંદઘન એવું જે પોતાનું પરમાત્મ સ્વરૂપ, 'अनुभव रहत जोलौ' એનો આનંદના સ્વાદમાં, અનુભવમાં રહે ત્યાં સુધી, ત્યાં શું થાય? 'कहूँ दुविधा न कहूँ पच्छपातु है' બે નથી, ત્યાં 'હું આત્મા ને અનુભવ કરું છું', એવું બે પણું ત્યાં નથી. કોઈ વિકલ્પ નથી, એમ લખ્યું છે ને એમાં?

'तोलौ दुविधा न'. 'દુવિધા' નામ, વિકલ્પ, ભેદ નહીં. ઝીણી વાત છે. આત્મા અનંત આનંદનું ધામ પરમ સ્વરૂપ એને અંતરમાં અનુસરીને અનુભવ થતાં એટલે પ્રથમ આત્માનું જ્ઞાન ને સમ્યક્દર્શન થતાં શું થાય છે? કે એ આત્માનો અનુભવ જ્યાં સુધી રહે ત્યાં સુધી દુવિધા નહીં, વિકલ્પ નહીં, ભેદ નહીં. 'હું દ્રવ્ય છું કે પર્યાય છું કે હું અનુભવ કરવાવાળો છું' એવો ભેદ નહીં, એમ કહેવું છે. પોપટભાઈ! ભારે વાત. આહાહા!

तैसें परमातमकौ अनुभौ रहत जौलौं, तौलौं कहूँ दुविधा न कहूँ पच्छपातु है. જ્યાં આત્મામાં, કોઈ પ્રકારનો ભેદ હોતો નથી. અનુભવના કાળમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન —એવા ત્રણ પ્રકારના વિકલ્પનો ભેદ પણ ત્યાં હોતો નથી, એમ કહેવું છે. હું અનુભવ કરું છું, અનુભવ કરનાર—એવો ભેદ નહીં ને તેમ હું જાણનાર જ્ઞાતા છું અને જ્ઞાનવડે જાણું છું અને હું જ્ઞેય છું—એવો ભેદ પણ અનુભવના કાળમાં હોતો નથી. આ સમ્યક્દર્શન ભારે ભાઈ ઝીણી વાત! પંડિતજી! આ તો દુનિયા બહારનું માનીને બેઠા છે. આ દેવ, ગુરુ, શાસ્ત્રને માનવા ને નવ તત્ત્વ માનવા. ભારે! ભગવાન બાપુ! વસ્તુ બીજી છે. પરમાત્મા તીર્થંકર દેવ, એમણે સર્વજ્ઞપણામાં જે આત્માને જોયો, બધામાં હોં! એના આત્માનું એમ જોયું કે એ તો પરમસ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે, એવું એણે જોયું. એમ જ્યારે આત્મા પોતાને જોવાના અનુભવમાં હોય, ત્યારે એને દુવિધા નથી એટલે વિકલ્પ નથી.

દુવિધા એટલે 'હું અનુભવું છું કે હું જાણનાર છું', એવો રાગનો વિકલ્પ અનુભવના કાળમાં સૂર્યના પ્રકાશના કાળમાં સમજાણું? શું કહ્યું? શું આવ્યું છે? બસ આવી છે ને?....બે બસ છે. જાત્રાળુ છે, દેખાય છે. સમજાણું કાંઈ? આત્મા જ્યારે અંતરંગની જાત્રા કરતો હોય ત્યારે શું થાય, એની વાત છે. (શ્રોતા : આ જાત્રા છે) પંડિતજી! તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે આ આત્મા, અનંત જ્ઞાન, દર્શન ને આનંદનો પિંડ એવો આત્મા, એનું પહેલું જ્ઞાન કરે, જાણવું આદિ નય, નિક્ષેપ, પ્રમાણ એ આગળ કહેશે. છતાં એના અનુભવ કાળમાં કોઈ નય, નિક્ષેપ, પ્રમાણ કાંઈ છે નહીં. સમજાય છે કાંઈ?

આત્માનો અનાદિનો અનુભવ પુણ્ય ને પાપના રાગ ને દ્વેષનો અનુભવ છે, એ મિથ્યાત્ભાવનો અનુભવ છે. સમજાય છે કાંઈ? ભારે જૈનદર્શન ઝીણું! શક્તિનું વર્ણન હાલ્યું'તું. બોટાદ ને વિંછીયા બેય જગ્યાએ માંગ્યું હતું. અમારે શક્તિ સાંભળવી છે. ઘણું માણસ હોં, શક્તિ સાંભળવા...કાંઈક છે એવું થઈ ગ્યું. દુનિયાને. માળું આ કહે છે કાંઈક...શક્તિ એટલે આત્માનો સ્વભાવ. જે ત્રિકાળ એવી અનંત શક્તિનો પિંડ, એના અનુભવમાં પછી શક્તિ ને શક્તિવાન (એવો) ભેદ છે નહીં. એવા અનુભવના કાળમાં ભેદ તો નથી ને પક્ષપાત નથી. બે વાત છે ને? 'न कहूँ पच्छपातु'. પક્ષપાત એટલે કે પર્યાય એક સમયની છે વ્યવહાર નયે, ત્રિકાળ નિશ્ચયે નયે દ્રવ્ય છે. એવો ત્યાં પક્ષપાત રહેતો નથી. સમજાણું કાંઈ?

'नयको न लेस.' છે એમાં? જુઓ 'नय-विचारका लेश नहीं' એટલે કે આત્મા જ્ઞાયક, ત્રિકાળ ધ્રુવ, ચૈતન્યસ્વરૂપ, અભેદ એનું લક્ષ કરે તે જ્ઞાનને નિશ્ચય નય કહીએ અને જે વર્તમાન અવસ્થાને લક્ષમાં લે એને વ્યવહાર નય કહીએ. વિકલ્પાત્મકની વાત છે. એ નયનો ત્યાં અનુભવમાં, નયના લેશનો નિશ્ચય કે વ્યવહારના લેશનો પ્રવેશ નથી. આવો માર્ગ ત્યાં સાંભળ્યો હતો? આહાહા...! વીતરાગનો માર્ગ કાંઈક લોકોને કાંઈક પીરસાણો છે. (શ્રોતા : પાઠશાળાની જેમ.) પાઠશાળાની જેમ, જુઓ અમારા પંડિત કહે છે. આ પાઠશાળા જ નથી, ઊંધી પાઠશાળા છે. કહે છે, ભગવાન આત્મા! એ તો નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ આત્મા છે. જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનના ભેદ ન લેશ આવે છે ને 'છ ઢાળા'માં. એ આમાંથી આવ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે કે નયના વિચારનો લેશ નહીં. એ વસ્તુ જ પોતે અખંડ આનંદના અનુભવમાં આત્મા હોય. ચોથે ગુણસ્થાને હો, પાંચમેં હો કે સાતમે હો. સમજાણું કાંઈ? એ ટાણે અનુભવના આનંદના વેદનના કાળમાં...સૂક્ષ્મ વિષય હૈ. હૈ તો હિન્દી. દેખો ક્યા

કહતે હૈં? ભગવાન કુંદકુંદાચાર્યએ શાસ્ત્ર લખ્યાં. એની ટીકા કરી અમૃતચંદ્રાચાર્ય દેવે. ઉસકા ભાવ લેકર બનારસીદાસે પદ્ય બનાયા પદ્ય. આ વો પદકી વ્યાખ્યા ચલતી હૈ. કે જબ આત્મામેં, આત્મા આનંદ ને જ્ઞાયક સ્વરૂપ હૈ, ઐસી અંતરકી અનુભૂતિ હોતી હૈ. ઝીણું! ઉસકા અનુભવ, આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, ઉસકા અનુભવ નામ આનંદકા વેદન હો, વો ક્ષણમેં ધર્માત્માકો જ્ઞાનકા અંશકા નય હોતા નહીં કે 'મૈં નિશ્ચય નયસે ઐસા હૂં ને વ્યવહાર નયસે ઐસા હૂં', ઐસા હોતા નહીં. સમજમેં આયા? પંડિતજી! ભારે વ્યાખ્યા ભાઈ! 'नयकौ न लेश है'. ને?

**नयकौ न लेस परवानकौ न परवेस,**
**निच्छेपके वंसकौ विधुंस होत जातु है।।**
**जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,**
**बाकी राग दोषकी, दसाकी कौन बातु है।।**

પ્રથમ સમ્યક્દર્શન, સાચું સમ્યક્દર્શન શુદ્ધ ઉપયોગ કે કાળમેં હોતા હૈ. પંડિતજી! પુન્ય પાપકા વિકલ્પ કે કાલમેં એ અનુભવ હોતા નહીં. ઔર અનુભવ હોતા હૈ વો શુદ્ધ ઉપયોગ, પુન્ય પાપકા વિકલ્પ તો રાગ હૈ. 'रागसे रहित जिन सो ही आत्मा' વો આત્મા વીતરાગી સ્વરૂપ હૈ. ઉસકા અનુભવમેં, ઉસકો અનુસરીકે આનંદકી દશાકે કાલમેં ધર્મી જીવકો નય નામ જ્ઞાનકા એક અંશકા, એક અંશસે દેખનેવાલા જો નય ઉસકા લેશકા પ્રવેશ અનુભવમેં હોતા નહીં. ઝીણું ઝીણું બહોત હૈ કેશુભાઈ? (શ્રોતા : ના, ના ઉતરી જાય એવું છે.) રમણીકભાઈ! આ તો બનારસીદાસ સાદી ભાષામેં કહતે હૈં કે અંતરકા આત્માકા, સમ્યક્ દર્શન હોતા હૈ પહલે. પીછે અનુભવ હો ત્યાં. સમજમેં આયા? અનુભવ કે કાલમેં નયકા વિચારકા લેશ ઉસમેં હૈ નહીં. ખુલાસા ભાવાર્થમેં કરેગા હોં.

તહાઁ તક કોઈ વિકલ્પ નહીં, આત્માકી પહોંચ નહીં. પ્રમાણકી પહોંચ નહીં. ક્યા કહેતે હૈં? કોઈ અખંડ વસ્તુ હૈ અભેદ ઔર એક સમયકી, પર્યાય દો કા વિષય કરનેવાલા પ્રમાણ, વો પ્રમાણકા પ્રવેશ ઉસમેં હૈ નહીં. પ્રમાણની પહોંચ નહીં. પ્રમાણ ત્યાં પહોંચ શકતે નહીં. વિકલ્પાત્મક છે. રમણીકભાઈ! એવું તત્ત્વ છે. અધ્યાત્મ તત્ત્વકા અનુભવ, ઉસકા આનંદ ઉસસે ધર્મ હોતા હૈ, તબ સમ્યક્દર્શન હોતા હૈ. સમ્યક્દર્શન કે કાળમેં અપના આત્માકા અનુભવકી સ્થિતિમેં પ્રથમ ઉપશમ હોતા હૈ પીછે બીજા...અનુભવ હોતા હૈ.

'प्रमाणकी पहोंच नहीं और निक्षेपोंका समुदाय नष्ट हो जाता है।' ક્યા કહતે હૈં? કે જો જ્ઞેય હૈ ઉસકા ચાર પ્રકાર હૈ. નામ, નિક્ષેપ, સ્થાપના, યોગ્યતા ઔર વર્તમાન પ્રગટ ઐસા જ્ઞેયકા ચાર પ્રકાર, એનો અનુભવમાં તો ધ્વંસ થાય છે. નષ્ટ હો જાતા હૈ.

'निक्षेपोंके वंसको' છે ને? વંસનો અર્થ સમુદાય કર્યો. નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ. એ આત્માના અંતરના અનુભવના કાળમાં સમકિતીને પણ નિક્ષેપનો ત્યાં વંશ નામ સમુદાયનો નાશ થઈ જાય છે. પંડિતજી! ભારે આવું ધર્મનું રૂપ.

'पूर्वकी दशामें जो जो बातें सहायक थी,' શું કહે છે? સમજાય છે કાંઈ? પૂર્વની દશામાં જે જે સહાયક કહેવામાં આવતું હતું, શું સહાયક? આ નયજ્ઞાન, પ્રમાણજ્ઞાન, નિક્ષેપજ્ઞાન—એને સહાયક નિમિત્ત તરીકે કહેવામાં આવતું હતું, 'अनुभवकी दशामें बाधक होती है' પંડિતજી! જ્યાં અનુભવ પહેલાં નય-નિક્ષેપથી આત્માને જાણવો, એમ જે કહેવામાં આવતું હતું. એને સાધક એટલે એ આત્માને સિદ્ધ કરવા, સાબિત કરવાના સાધનો કહેતા હતા, તે સાધક છે એ અનુભવના બાધક છે. આહાહા! 'जे जे वस्तु साधक है तेऊ तहाँ बाधक है'. અંતર આનંદના અનુભવના કાળમાં નય, નિક્ષેપ ને પ્રમાણ પહેલાં વસ્તુને સિદ્ધ—સાબિત કરવા, એ જ્ઞાનનું પરલક્ષી જ્ઞાન કારણ કહેવાતું હતું. એ અનુભવકાળમાં તે તે બાધકપણે નીવડે છે. આહાહા! ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ?

'बाकी राग-दोषकी दसाकी कौन बातु है'. બીજા તો કહે, આ દયા પાળો ને આને સત્ય બોલો ને એવા જે રાગ અને દ્વેષ, એની વાત તો ત્યાં છે નહીં. સમજાય છે કાંઈ? બહુ ઊંચી વાત છે. આ ઊંચી નથી, આ સમ્યક્દર્શનના પ્રથમ અભેદના અનુભવ કાળમાં આવું હોય છે. પછી પણ જ્યારે જ્યારે અનુભવ સ્વરૂપનો જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય—એ ત્રણની ભિન્નતા ભૂલી જઈને એકલો આત્માનો અનુભવ હોય, સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ! લોકોને પહોંચ્યો નથી, ખ્યાલમાં આવ્યો નથી, અનાદિનો અભ્યાસ નથી એટલે આ બહારથી (ધર્મ) માની લે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, રાગ એ વિકલ્પ છે એને ધર્મ માને. આહાહા!

આ તો ભગવાન સર્વજ્ઞદેવ, પરમેશ્વર પરમાત્મા, તીર્થંકરદેવે જે આત્મા નિર્વિકલ્પ—રાગના લેપ વિનાનો, રાગ સહિત નહીં એવો શુદ્ધ ચૈતન્ય પદાર્થ એના અનુભવકાળમાં ધર્મીને આનંદનો સ્વાદ હોય છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે. એ અનુભવના કાળમાં, ભલે ચોથે ગુણસ્થાને હોય કે શ્રાવક પાંચમે હોય, સાચાની વાત છે હોં! વાડાની વાત નથી. કે મુનિ સાચા હોય આત્માના આનંદનો અનુભવ કરનારા, અતીન્દ્રિય આનંદના અનુભવમાં મનુષ્યપણાને માણતા હોય મનુષ્યપણાને અંતરમાંથી. કહે છે, આ વાતું કાંઈ બહારથી મળે એવી નથી. બહાર છે નહીં.

અંતરમાં ભગવાન પૂર્ણ શક્તિનો સાગર છે. સર્વજ્ઞે જેટલી શક્તિઓ પ્રગટ કરી પરમાત્માએ, એ બધી શક્તિઓ તારા પેટમાં, સ્વભાવમાં ધ્રુવમાં પડી છે. આહાહા! એવા

પરમાત્મા, પરમાત્મા લીધું છે ને માથે? 'परमातमाकौ अनुभौ रहत जौलौं'. એમ કીધું છે. એ પરમાત્મા કોણ? બીજા અરિહંત ને સિદ્ધ પરમાત્મા નહીં, પણ પુણ્ય ને પાપ મારા માનનારા બહિરાત્મા, સ્વરૂપ શુદ્ધ છે એવો માનનાર અંતર આત્મા અને એ અંતર આત્મા પૂર્ણ સ્વરૂપને અનુભવે તેને અહીં પરમાત્મા કહ્યો છે.

આત્માના ધ્યાનનાં પૂર્વ, એના અનુભવની પહેલી દશાઓમાં જે જે જ્ઞાનના બાહ્ય કારણો, આત્મા આવો ભગવાન કહ્યો, આવી દશા હોય, આવી વસ્તુ હોય; એવું ભગવાને કહ્યું. એવું જાણપણાનો ભાવ પહેલો હોય એને વ્યવહારે સાધકપણું કહેવામાં આવે છે. જે જે ત્યાં સાધક છે તે અનુભવમાં બાધક છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! આમાં બહારના વાડાને તો આવું લાગે કે આવો માર્ગ છે? આવું તો કોઈ સાતમે ગુણસ્થાને હોય ને મુનિ કેવળીને હોય, એમ માને. ધર્મની રીતની શરૂઆતની ખબર નથી ને? ધર્મની શરૂઆત કેમ ને કઈ રીતે થાય? સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે. અનુભવદશા ઔર રાગ-દ્વેષ તો બાધક હૈ હી. વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે, એ તો દોષદાયક છે, એ તો બાધક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે!

ભાવાર્થ—'नय तो वस्तुका गुण सिद्ध करता है'. શું કહે છે? નય એટલે જ્ઞાનનો અંશ. તે ત્રિકાળ દ્રવ્યને નિશ્ચય સિદ્ધ કરે ને વર્તમાન અવસ્થાને વ્યવહાર સિદ્ધ કરે. નય એક ધર્મને સિદ્ધ કરે. કાં પૂર્ણ વસ્તુ એ પણ એક ધર્મ છે ને અવસ્થા એ પણ ધર્મ છે. જ્ઞાનનો અંશ, વસ્તુના એક એક ધર્મને, વસ્તુના સ્વભાવને સિદ્ધ કરે. 'अनुभव सिद्ध वस्तुका होता है'. વસ્તુ સિદ્ધ થઈ એનો અનુભવ છે. હવે એમાં સિદ્ધ કરવાનું રહેતું નથી. આવી વાતો શું હશે આ? સંપ્રદાયના વાડાવાળાને તો શું કહે છે? સાચી વાત પણ કાંઈ બેસે નહીં. અરે! ભાઈ! વસ્તુની આવી સત્યતા જ એવી છે. સત્ય વસ્તુ, સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરે કહી, તે સત્ વસ્તુ જ આવી છે. જેને...આમ તો કહ્યું નહીં 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કે રાગ ને કર્મ ને શરીર સહિત આત્મા છે નહીં. છતાંય એને રાગ એટલે વ્યવહાર, વિકલ્પ છે એ. વિકલ્પ સહિત આત્માને માનવો એ તો મિથ્યાત્વ ચારગતિમાં રખડવાનું બીજડું છે. આહાહા...! માર્ગ એવો છે પ્રભુ!

ભગવાન આત્મા તો જિનસ્વરૂપ છે. વીતરાગની મૂર્તિ આત્મા છે. આત્મામાં જિનસ્વરૂપમાં પરમાર્થે ભેદ નથી. આહાહા! આ ઠેકાણે પહોંચવું, એની કેટલી યોગ્યતા ને કેટલી પાત્રતા હોય? સમજાણું કાંઈ? આ અનુભવ વિના સમ્યક્દર્શન હોય નહીં ને સમ્યક્દર્શન વિના બીજો કોઈ ધર્મ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, વસ્તુ જે ભગવાન આત્મા છે એ ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ છે ત્રિકાળી ધ્રુવ, એને

જાણનારા જ્ઞાનનો અંશ છે એને નિશ્ચય કહીએ. નિશ્ચયનય તો ધ્રુવ છે, એમ સાબિત કરે છે. એક વર્તમાન અવસ્થા છે નિર્મળ, એને વર્તમાન નય જાણનારી વ્યવહાર નય સિદ્ધ કરે છે કે એ અવસ્થા એમાં છે. પણ જ્યાં નયથી સિદ્ધ થયેલી વસ્તુ....હવે અનુભવ કરે છે ત્યાં સિદ્ધ થયેલી વસ્તુનો અનુભવ છે. સિદ્ધ કરવાનું ત્યાં રહેતું નથી. સમજાણું કાંઈ? આરે! ભારે!

માણસ પકવાન લેવા જાય બરફી, પેંડા કાંઈ પણ, તો પહેલા એનો ભાવ પૂછે, એને તોલે. તોલા, તોલા, સાચાં છે કે નહીં તે નક્કી કરાવે. ત્રાજવા, તોલા, ત્રાજવા ને ભાવ. પણ ખાતા વખતે ઓલી ત્રણ ચીજ રહે? કે આ પાંચ રૂપિયાનો શેર, પાંચ રૂપિયાનો શેર એમ ગોખતો ખાય? અને મેં બરાબર તોલાવીને લીધું છે તોલ કરાવીને અને ત્રાજવા બરાબર હતાં, ઈ બધું ભૂલી જાય ત્યારે ખાવાનું કામ થાય. આહાહા! એમ ભગવાન આત્મા પહેલાં નય, નિક્ષેપ ને પ્રમાણ. તોલા ત્રાજવા ને ભાવ. એની શક્તિ કેવી છે? કેવું છે? અવસ્થા શું છે? ત્રિકાળી શું છે? એનો આખો વિષય શું છે? અને એના ભાગ શું છે? નામથી કહેવાય, નિક્ષેપથી કહેવાય, સ્થાપનાથી કહેવાય, યોગ્યતાથી કહેવાય ને વર્તમાન પરિણતી, એને જાણવાકાળે આ પ્રકારો એના હોય છે. માલને અનુભવવા પહેલાં, પણ અનુભવના કાળમાં તો સાધક જે કહેવાતા તે પણ બાધક થઈ ગયા. એ પણ પ્રકાશદાસજી! આવો પ્રકાશ છે આત્માનો, એમ કહે છે. ભારે વાત ભાઈ! છે?

'अनुभवमें नयका काम नहीं है' થયું એ નયની વ્યાખ્યા કરી. 'प्रत्यक्ष-परोक्ष आदि प्रमाण असिद्ध वस्तुको सिद्ध करते है।' એ તો નથી સાબિત થઈ, નિર્ણય થયો નથી; એને એ પ્રમાણથી આખી ચીજ શું છે, એને સાબિત કરે છે. પણ જ્યાં અનુભવ કરે ત્યાં ઈ પ્રત્યક્ષ—પરોક્ષ પ્રમાણ રહે છે ક્યાં? ભારે વાત! સમજાણું કાંઈ? 'अतः प्रमाण भी अनावश्यक है' માટે પ્રમાણ જ્યાં (શ્રોતા : વિકલ્પ છે) એ પણ અનાવશ્યક એટલે એથી ત્યાં વિકલ્પ છે ત્યાં ભેદ ઉપર લક્ષ નથી ત્યાં. 'निक्षेपसे वस्तुकी स्थिति समझमें आती है' નિક્ષેપથી એટલે વસ્તુ છે કે આખી વસ્તુનો ભાવ છે કે પ્રગટ છે કે શક્તિ છે? એને નિક્ષેપ સિદ્ધ કરે છે પણ આ અનુભવમાં તો પછી કાંઈ છે નહીં. એ તો સિદ્ધ થયેલી વસ્તુનો અનુભવ. આહાહા! ભારે ઝીણું ભાઈ! આવું સાંભળવાય નવરા થાય નહીં. એ, નવનીતભાઈ!

અનુભવમાં નિક્ષેપની વસ્તુની સ્થિતિ સમજમેં આતી હૈ. 'सो अनुभवमें शुद्ध आत्म-पदार्थका भान रहता है' ભાવનું ભાન અનુભવ છે, પછી આ ભાવ ને આ દ્રવ્ય કાંઈ રહેતું નથી, એમ કહે છે. 'अतः निक्षेप भी निष्प्रयोजन है' આત્મામાં નિક્ષેપ પણ પ્રયોજન છે નહીં. 'इतना ही नहीं ये तीनों अनुभवकी दशामें बाधाकारक है'.

નિષ્પ્રયોજન છે એ તો ઠીક પણ વિઘ્ન કરનાર છે. 'इन्हें हानिकारक समझकर प्रथम अवस्थामें छोड़नेका उपदेश नहीं' એટલે શું? જાણવું હોય છે ત્યારે ભાવ શું છે? સામર્થ્ય કેટલું છે? આત્માના એક એક ગુણનું સામર્થ્ય કેટલું? એક એક ગુણની પર્યાય કેટલી? એક એક ગુણ અનંતગુણને મદદ કરે એવી એની તાકાત છે, વિગેરે ભાવને સિદ્ધ કરવો હોય તો તો પહેલું હોય. 'क्योंकि इनके बिना पदार्थका ज्ञान नहीं हो सकता। ये नय आदि साधक है' સાધક નામ વસ્તુને સાબિત કરવાનું જ્ઞાન. સર્વજ્ઞથી કહેલો આત્મા ને અજ્ઞાનીઓએ કહેલો આત્મા, એને જુદો પાડવા માટે આ સાધક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પરમેશ્વર તીર્થંકરદેવે કહેલો આત્મા ને અજ્ઞાનીઓએ કહેલો આત્મા, બેને જુદા પાડવા માટે આવા નય, નિક્ષેપ ને પ્રમાણની પહેલી જરૂર હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કહેતે હૈં, સાધકને 'अनुभव साध्य है जैसे कि दंड, चक्र, आदि साधनोंके बिना घटकी सृष्टि नहीं होती'. રૂપચંદજીએ એ અર્થ નાખ્યો જ નથી. એને જરૂરેય નથી, પણ આ લોકોએ નાખ્યો છે બુદ્ધિલાલે નાખ્યો છે એટલે એણે નાખ્યો છે. રૂપચંદજીએ નાખ્યો નથી. પહેલા રૂપચંદજીએ અર્થ કર્યા હતા ને. ઘટમાં દંડ, ચક્ર આદિ સાધનો એટલે નિમિત્ત છે. એના બિના ઘટકી ઉત્પત્તિ નહીં હોતી, નો અર્થ એ હોય છે એટલું. થાય ત્યારે ન હોય એમ નહીં પણ એનાથી થતો નથી. અરે! આવું ભારે...

શું કહેવાય? આ 'સન્મતિ સંદેશ', કો'કને હિતૈષી સાથે ચર્ચા થઈ હશે, એ એમાં આવી છે. 'નિમિત્ત વિના થાય નહીં.' હવે સાંભળને! કરનારો પોતાનું કાર્ય કરે છે તે કાળે નિમિત્ત આમ સામે ચીજ હોય છે. પણ કાર્યકાળ વિના નિમિત્ત થાય, નિમિત્તથી કાર્યકાળ થઈ જાય એમ છે? એમ વસ્તુ હોય નહીં ભાઈ! તને ખબર નથી. જે સમયે જે અવસ્થા જે તત્ત્વની જે કાળે એના સ્વકાળે થાય તે કાર્યકાળ છે. ત્યારે નિમિત્ત હોય છે બસ. નિમિત્ત આવ્યું માટે આ થયું, તો તો નિમિત્ત ઉપાદાન થઈ જાય છે. બહુ તકરાર વાંધા. નિમિત્ત–ઉપાદાનના, નિશ્ચય–વ્યવહારના અને ક્રમબદ્ધના, ત્રણ વાંધા.

મંગલભાઈ ગુજરી ગયા. આપણા મંગલભાઈ અમદાવાદ...આ તો ક્રમબદ્ધની વાત યાદ આવતાં આ વાત યાદ આવી ગઈ. ક્રમબદ્ધ નહોતું બેસતું ને છેલ્લે આ વાત કરીને ત્યારે બોલ્યા. દસ બોલ છે ને શ્રીમદ્‌ના. સ્વદ્રવ્યના રક્ષક થાવ. પરદ્રવ્યની રક્ષકતા ત્વરાથી છોડો. ભાઈ! મહારાજ કહે છે. પ્રેમ હતો બહુ ઘણા વરસ થઈ ગયા. હાર્ટ ફેલ થઈ ગયું મંગલભાઈ. બૈરા બિચારા નહોતા...હતું ને, પાવાગઢ ત્યાં ગયા હતા. એવું છે, હવે ઘડીકમાં થતાં વાર ન લાગે. આ મનુષ્યના દેહનો એક એક સમય, ચક્રવર્તીની સંપદા

કરતા કિંમતી, એણે સમય ન ગુમાવવો જોઈએ. સમજાણું કાંઈ? આત્માના કામ માટે એણે સમય ન ગુમાવવો જોઈએ. એના પોતાની જાતનો નિર્ણય કરવા, અનુભવ કરવા માટે આ કાળ એનો છે. સમજાણું કાંઈ? આંખ્યું મિંચાઈને ચાલ્યા જશે. શાંતિભાઈ વયા ગયા...અસાધ્ય થઈ ગયો હતો. ૪૯ વર્ષ ચાલ્યું. સાથે કોની સાથે ? આહાહા!

કહે છે, ચક્રાદિ સાધનો કે બિના ઘટકી ઉત્પત્તિ નહીં હોતી. એ તો નાસ્તિથી કથન છે, અસ્તિથી નહીં. ઘટના કાર્ય ઘટ કાળે થાય ત્યારે કુંભાર ને ચક્ર હોય બસ આટલું અસ્તિથી છે આ વાત. ન થાય એ પ્રશ્ન છે નહીં. ભારે કામ ભાઈ! પરંતુ 'जिस प्रकार घट पदार्थ सिद्ध हुए' ઘટ થઈ ગ્યો પછી 'दंड, चक्र आदि विडंबनारूप' વિડંબના એટલે નિમિત્તપણું પણ પછી હોઈ શકતું નથી. એમ 'अनुभव प्राप्त होनेके उपरांत'. ભગવાન આત્મા જ્ઞાતા સ્વભાવ પ્રભુ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ આત્માનો, એવા સર્વજ્ઞ સ્વભાવને અલ્પજ્ઞની પર્યાયે અનુભવ કરતાં 'उपरांत नय, निक्षेप आदिके विकल्प हानिकारक है' પછી એ નય, નિક્ષેપના વિકલ્પની જરૂર નથી. ક્યાંથી આવ્યા ભાઈ? દેશમાં? લીમડી. અચ્છા. પુસ્તક છે? પુસ્તક છે ને ભાઈ? આ તો ક્યા શબ્દનો અર્થ થાય છે. વાણિયા ચોપડા મેળવે કે નહીં પોતાના? આ તો ભગવાનના ચોપડા મેળવવાની વાત છે. આહાહા!

કહે છે, હવે 'शुद्धनयकी अपेक्षा जीवका स्वरूप'. એટલું મુહૂર્ત થઈ ગયું શરૂઆત. સમજાણું કાંઈ? હવે દસમો શ્લોક. નવમેથી શરૂ થયો. દસમો છે ને એ બાજુ તેત્રીસમે પાને. તેત્રીસમેં પાને નીચે દસમો શ્લોક છે.

**आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकं**
**विलीन सङ्कल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोभ्युदेति।।१०।।**

એ કળશ, એનું પદ ૧૧મું. કળશ ૧૦ ને પદ ૧૧મું છે.

શુદ્ધનયની અપેક્ષા જીવનું સ્વરૂપ પરમાનંદ મૂર્તિ ભગવાન તીર્થંકરે જોયો, એવો જે પવિત્રપ્રભુ આત્મા શુદ્ધનયથી, પર્યાયના ભેદથી ને રાગના ભેદથી એ તો અશુદ્ધનય છે. એકલો અખંડ શુદ્ધ પવિત્ર નયથી જુઓ તો કેવો છે?

ભગવાન આત્મા દેહમાં અરૂપી, રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ, અત્યારે અહીંયા કેવો છે? આહાહા...!

आदि अंत पूरन–सुभाव–संयुक्त है।
पर–सरूप–परजोग–कल्पनामुक्त है।।

सदा एकरस प्रगट कही है जैनमैं।
सुद्धनयातम वस्तु विराजै बेनमैं।।११।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : આદિ અંત=સદૈવ. જોગ=સંયોગ. કલ્પનામુક્ત=કલ્પનાથી રહિત.

**અર્થ** :–જીવ, આદિ અવસ્થા નિગોદથી માંડીને અંત અવસ્થા સિદ્ધપર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે, પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે, સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન છે એમ શુદ્ધનયની અપેક્ષાએ જિનવાણીમાં કહ્યું છે. ૧૧

**अर्थ** :–जीव, आदि अवस्था निगोदसे लगाकर अंत अवस्था सिद्ध पर्यायपर्यन्त अपने परिपूर्ण स्वभावसे संयुक्त है और परद्रव्योंकी कल्पनासे रहित है, सदैव एक चैतन्यरससे संपन्न है, ऐसा शुद्धनयकी अपेक्षा जिनवाणीमें कहा है।।११।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અહાહા! બહુ શ્લોક એકલા માખણ છે. વીતરાગ માર્ગના માખણ છે આ. કહે છે જીવ, અર્થ છે ને? (जीव) 'आदि अवस्था निगोदसे लगाकर', એની આદ્ય અવસ્થા નિગોદ છે. આદિ શબ્દ પડ્યો છે ને? નિગોદના જીવ એક શરીરમાં અનંતા. આ બટાટા, સક્કરકંદ, કંદમૂળ, લીલફૂગ—એ બધાં નિગોદ અવસ્થા એને કહેવાય છે. ત્યાં એની આદ્ય અવસ્થા છે. પહેલો ત્યાં હતો અનાદિનો, એમ કહેવું છે. અથવા જીવની નાનામાં નાની અવસ્થાથી આદિ માંડીને અંત અવસ્થા સિદ્ધ પર્યાય પર્યંત છે, ને 'आदि अंत पूरन सुभाव संयुक्त है'. આદિથી તે અંત સુધી. નિગોદની દશાથી માંડીને સિદ્ધની દશા સુધીમાં પૂર્ણ સ્વભાવ, વસ્તુ તો પૂર્ણ સ્વભાવસહિત છે. અવસ્થાને લક્ષ ન કરો તો દ્રવ્ય સ્વભાવ તો પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ ઈદમ્. સમજાય છે કાંઈ? માળે આવું ભારે ધર્મનું રૂપ! એય! છે કે નહીં પ્રકાશદાસ? ક્યા હૈ ઉસમેં દેખો. બહુત બઢિયા!

આદિ અવસ્થા નિગોદથી, આહાહા! અક્ષરના અનંતમાં ભાગ, એની વર્તમાન દશા નિગોદમાં હોય, પણ વસ્તુ તો છે એ છે. દ્રવ્ય જે વસ્તુ છે એ તો પૂર્ણમ્ ઈદમ્ પૂર્ણ છે. પૂર્ણ સ્વભાવ સહિત છે. એ નિગોદમાં પણ એક રાઈ જેટલી કટકી લીલફૂગની, બટાટાની, શક્કરકંદની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે, એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. ભગવાનની વાતું મોટી બહુ! એમાં એક જીવ છે, ભલે કહે છે એક શરીરમાં અનંત જીવ. રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર, છતાં એની પર્યાય જે છે નિગોદની એ તો નાની...નાની....નાની, આદ્યનો અર્થ નાની અને સિદ્ધદશા થાય એ પૂર્ણદશાની પર્યાય—દશા, પણ વસ્તુ જે દ્રવ્ય છે એ તો બધામાં એકસરખું પૂર્ણ

સ્વભાવથી ભરેલું છે ધ્રુવ, ધ્રુવ. આવી વ્યાખ્યા તત્ત્વની. એ જયંતીભાઈ! સંભળાય છે કે નહીં? સંભળાય છે, એમ કહું છું હોં! સમજાય છે એ પછીની વાત છે. બેય જયંતીભાઈ છે ને? આ કાકા ભઈજીના બેય. મોટા છે? એમ! શરીર ઢીંચકું લાગે છે. આહાહા...!

આંહી તો કહે છે, આ તે કાંઈ વાત છે! એક શરીર એમાં અનંત જીવ. એક કટકી રાઈની એમાં અસંખ્ય શરીર. એ એક શરીરમાં અનંત જીવ. એ જીવ, નિગોદના જીવની દશા, તેમાં પણ દ્રવ્ય તો સ્વભાવે પરિપૂર્ણ ધ્રુવ પડ્યું છે, એમ કહે છે. ભાઈ! આહાહા! જેને સદેશ સ્વભાવ કહે છે. સમજાણું કાંઈ? આવ્યું'તું, ત્યાં કળશમાં આવે છે ને? ઉત્પાદ-વ્યય-ધ્રુવશક્તિ શક્તિ પ્રમાણ પરિણામ એમાં આવે છે ને આલિંગન. ધ્રુવ થઈને ઉત્પાદ આલિંગિત સદેશ, વિસદેશ જેનું રૂપ છે એવી અસ્તિત્વ પરિણામમયી શક્તિ છે. ઓહો! ગજબ કામ કર્યા છે. ભલે લોકો સાંભળે. વિંછીયા જેવા ગામમાં હજારો માણસો. નવકારશી હતી, સાતે દિ'નું જમણ હતું. સાતે દિ' એક—એકનું જમણ. ગામમાં ઉત્સાહ, ઉત્સાહ, મહોત્સવ જેવો ઉત્સાહ. મોક્ષના મંડપની વાતું છે બાપા! આહાહા! ભાઈ! એ દુનિયાના બહારના મહોત્સવો ઘણા માણ્યા અજ્ઞાનમાં. બાપુ! આ ચીજ કોઈ જુદી છે.

કહે છે, તને હજી વિશ્વાસમાં આવવું કઠણ પડે. આહાહા! શું કહે છે કે અનંત આત્માઓ છે. ભગવાને કેવળજ્ઞાનમાં અનંત આત્મા જોયા છે. ભગવાને તો છ દ્રવ્ય જોયા છે પરમેશ્વરે, તીર્થંકરે. અનંત આત્મા, અનંત પરમાણું આ જડ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. તમારા મહેમાનને કઠણ પડે એવી વાત. પણ સાભળે તો ખરાને કે આપણા ઘરમાં છે કાંઈક છે જૈનમાં. મોચીમાં ક્યાંય હોય નહીં આ વાત. આહાહા! કહે છે, ભાઈ! એકવાર સાંભળ. કહે છે, તું આત્મા છો એવા અનંત આત્માઓ છે. અને અનંત આત્મામાં એક આત્માની નાની નાની દશા જે આદ્યની છે, અક્ષરના અનંતમાં ભાગની ઉઘાડ અવસ્થા, છતાં વસ્તુ તો એ પૂર્ણ સ્વભાવથી ભરેલી છે. પર્યાયના અંશને લક્ષમાં ન લે ને દ્રવ્યનો લક્ષ ધ્રુવ લે તો, ધ્રુવ તો પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ પડી છે. એય! આહાહા!

સદેશ શક્તિ. ઉત્પાદ, વ્યય, વિસદેશ છે. એમાં આવે છે. ઓલામાં ય આવે છે 'ધવલ'માં. આપણી ઓલી નહીં વિરોધ સિદ્ધ કરવા સાટું કાઢ્યું'તુંને ! પાઠમાં, ટીકામાં છે. ઓહો! આચાર્યે તો ગજબ કામ કર્યા છે હોં! હથેળીમાં બતાવી દીધા છે. આમ ભગવાન, હવે તારી નજર તો કર. કહે છે કે એ અવસ્થા નિગોદના જીવની અલ્પજ્ઞ છે અને સિદ્ધની દશા સર્વજ્ઞ છે, વચલી દશા ચાર જ્ઞાન મતિ અજ્ઞાન આદિ ઉઘાડ આદિ હો, એ અવસ્થાનું લક્ષ ન કરો તો 'अंत अवस्था सिद्धपर्यायपर्यंत अपने परिपूर्ण स्वभावसे संयुक्त है'.

એ તો ધ્રુવ સ્વભાવથી સહિત છે. એક સમયની પર્યાયનું લક્ષ છોડી દો પર્યાય દૃષ્ટિ, તો દરેક અનંત આત્માઓ ધ્રવ સ્વભાવથી સહિત છે. આહાહા! બરાબર હૈ પંડિતજી? અરે આ શું? ધ્રુવ સહિત છે. અમારે ભાઈ ધર્મ કરવો, એમાં આવી વાતનું શું કામ છે? પણ ધર્મ કરવામાં તારો સ્વભાવ કેવડો છે? ત્રિકાળ કેવડો છે? વર્તમાન કેવડો? જાણ્યા વિના ધર્મ કરીશ ક્યાંથી? પૂર્ણ સ્વભાવ છે એમાંથી ધર્મ નીકળે. વર્તમાન અવસ્થાના અંશમાંથી ધર્મ નીકળે? ધર્મ પોતે પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? એ અંશ છે. ધર્મની દશા પ્રગટી તે કાળમાં પણ વસ્તુ તો ધ્રુવ સ્વભાવ સહિત છે. સમજાણું કાંઈ? ચેતનજી! ચેતનજી આવ્યા'તા બોટાદમાં ત્યાં.

કહે છે. आदि अंत पूरन सभाव-संयुक्त है पर-सरूप, पर-जोग परकल्पना मुक्त है। અહાહા! 'परद्रव्योंकी कल्पनासे रहित है'. લ્યો. પરદ્રવ્યના નિમિત્તપણું છે અને એની કલ્પના રહિત વસ્તુ છે અને પરદ્રવ્યના લક્ષે થતાં વિકૃતભાવ, એનાથી પણ વસ્તુ રહિત છે અને પૂર્ણ ધ્રુવ સ્વભાવથી સંયુક્ત છે. એક સમયની પર્યાયથી રહિત છે અને ધ્રુવ સ્વભાવથી ભગવાન આત્મા સહિત છે. આહાહા! અરે! આવી અંદર ઓળખાણ થયા વિના સમ્યક્દર્શન ને શ્રદ્ધા ભાન વિના બધાં પ્રયાસ કરે, એકડા વિનાના મીંડા. વ્રત ને તપ ને આ હોળી બધા મીંડા છે. સમજાણું કાંઈ? આવો ભગવાન કેવી રીતે સિદ્ધ કર્યો છે ને!

'आत्मस्वभावआत्मस्वभावम् परभाव भिन्नम्' એની વ્યાખ્યા થઈ. અસ્તિ નાસ્તિ. આહાહા! વસ્તુ ભગવાન આત્મા દ્રવ્ય એટલે શક્તિવાન આખી ત્રિકાળ ધ્રુવ શક્તિવાન સ્વરૂપ, એ પૂર્ણ છે અને ધ્રુવ સ્વભાવ સહિત આત્મા છે. અને પરરૂપ, પરસ્વરૂપ કર્મનું નિમિત્ત ને સંયોગથી તો રહિત છે. 'પર સ્વરૂપ ઔર પર જોગ'. પરનો સંબંધ, પર સ્વરૂપને પરના સંબંધ એ વિનાની વસ્તુ છે. અહાહા! જુઓ આ સમ્યક્દર્શનનો વિષય, નિશ્ચયનયનો (વિષય) આ, શુદ્ધનયનું સ્વરૂપ. શુદ્ધનય સ્વરૂપે આત્મા આવો છે. સમજાણું કાંઈ? ઘણાં એમ માગે છે, આનાથી કાંઈ બીજું સહેલું છે? પણ સહેલું જે એમાં હોય ઈ સહેલું હોય કે એમાં ન હોય ઈ સહેલું હોય? સહેલામાં સહેલો પહેલો સમ્યક્દર્શન ધર્મ, પછી ચારિત્ર ને કેવળજ્ઞાન મહા ઉત્તમ ધર્મ. સમજાણું કાંઈ? મિથ્યાત્વ સમાન મહા પાપ નહીં, સમ્યક્દર્શન સિવાય મહા ધર્મની શરૂઆત નહીં. આહાહા! સમજાણું કાંઈ?

બેની કિંમત નથીને, એને મિથ્યાત્વનું પાપ શું છે એની ખબર નથી. એક સમયના અંશને સ્વીકારવો એ મિથ્યાત્વ છે, એમ કહે છે. પરદ્રવ્ય સહિત સ્વીકારવો એ મિથ્યાત્વ છે. અને 'પરના સંબંધમાં હું છું,' એ સ્વીકારવું એ પણ મિથ્યાત્ છે. અબદ્ધસ્પૃષ્ટ, પરથી

સંબંધ રહિત છે. અહાહા! સમજાણું કાંઈ? કેટલી ધીરજ જોઈએ આ સમજવા માટે. 'पर सरुप-परजोग-कल्पना' કલ્પનાથી મુક્ત છે, પર સંબંધ છે ઈ કલ્પનાથી પણ મુક્ત છે આહાહા! આ તો હજી. આહાહા! 'सदा एकरस प्रगट कही है जैनमें'. જૈનમાં, જિનવાણીમાં, વીતરાગની વાણીમાં ત્રિલોકનાથ પરમાત્મા, સર્વજ્ઞદેવની વાણીમાં સદા એકરસ પ્રગટ કહી. ત્રણેકાળ એકરૂપ પૂર્ણ આનંદકંદ શુદ્ધ ધ્રુવ એમ શુદ્ધનયનો વિષય, દ્રવ્યસ્વભાવને જૈનવાણીમાં એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

જૈનમાં, પરમેશ્વર વીતરાગ ત્રણકાળનું જેને જ્ઞાન સર્વજ્ઞ અરિહંતપરમેશ્વર, એની વાણીમાં સદા એકરસ પ્રગટ કહી છે. ધ્રુવ ધ્રુવ શુદ્ધનયનો વિષય સદા એકરસ પ્રગટ કહી છે. એ સદા પ્રગટ વસ્તુ પડી છે. આ તે શું કહે છે? દયા પાળવી, આ વ્રત કરવા, અપવાસ કરી નાખવા. પણ આ તારી દયા છે, ઓલી તો હિંસા છે સાંભળને! જીવદયા પાળવી છે કે નહીં તારે? જીવ છો કે નહીં? કેવડો છો? એક અંશ જેવડો માનવો એ જીવની હિંસા છે. રાગવાળો માનવો એ જીવની હિંસા છે. પ્રેમચંદજી! આહાહા! ભારે વાત ભાઈ! આવું તે જૈનમાં હશે? તેથી તેવું કહ્યું તેને, સમજાય છે? વીતરાગ માર્ગમાં પરમેશ્વરે એની વાણીમાં આવું સ્વરૂપ, 'सदा एकरस प्रगट, सदैव चैतन्यरससे संपन्न है' આત્મા જ્ઞાયક રસસે સંપન્ન હૈ. વસ્તુ 'विराजे बैनमें' લ્યો. 'ऐसा शुद्धनयकी अपेक्षा जिनवाणीमें कहा है' વીતરાગની વાણીમાં આવી વસ્તુ બિરાજે છે, એમ કહી છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ.)

---

જબતક પરમતત્ત્વકો ન જાને, ન શ્રદ્ધા કરે, ન અનુભવે તબતક કર્મબંધસે નહીં છૂટતા. ઈસસે યહ નિશ્ચય હુઆ કિ કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ, ઔર શાસ્ત્રકા જ્ઞાન ભી આત્મજ્ઞાનકે લિયે હી કિયા જાતા હૈ, જૈસે દીપકસે વસ્તુકો દેખકર વસ્તુકો ઉઠા લેતે હૈં ઔર દીપકકો છોડ દેતે હૈં; ઉસી તરહ શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે જો અધ્યાત્મશાસ્ત્ર ઉનસે શુદ્ધાત્મતત્ત્વકો જાનકર ઉસ શુદ્ધાત્મતત્ત્વકા અનુભવ કરના ચાહિયે ઔર શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે. શાસ્ત્ર તો દીપકકે સમાન હૈ, તથા આત્મવસ્તુ રત્નકે સમાન હૈ. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૮૨)

## પ્રવચન નં. ૨૧, મહાવદ ૧૦, શનિવાર, તા.૨૦-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ્ય ૧૨, ૧૩ પર પ્રવચન

न हि विद्धति बद्धस्पृष्टभावादयोऽमी।
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठां।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावं॥११॥

એનું બારમું (૧૨) પદ.

सद्गुरु कहै भव्यजीवनिसौं,
तोरहु तुरित मोहकी जेल।
समकितरुप गहौ अपनौं गुन,
करहु सुद्ध अनुभवकौ खेल॥
पुद्गलपिंड भाव रागादिक,
इनसौं नहीं तुम्हारौ मेल।
ए जड़ प्रगट गुपत तुम चेतन,
जैसैं भिन्न तोय अरू तेल॥१२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : તોરહુ=તોડી નાખો. ગહૌ=ગ્રહણ કરો. ગુપત(ગુપ્ત)=અરૂપી. તોય=પાણી.

**અર્થ :**–ભવ્ય જીવોને શ્રીગુરુ ઉપદેશ કરે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાખો, પોતાનો સમ્યક્ત્વ ગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાવ. પુદ્ગલ દ્રવ્ય અને રાગાદિક ભાવો સાથે તમારે કોઈ સંબંધ નથી. એ સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની પેઠે તેમનાથી જુદા છો. ૧૨.

**अर्थ :**–भव्यजीवोंको श्रीगुरु उपदेश करते हैं कि शीघ्र ही मोहका बन्धन तोड़ दो, अपना सम्यक्त्वगुण ग्रहण करो और शुद्ध अनुभवमें मस्त हो जाओ पुद्गल द्रव्य और रागादिक भावोंसे

तुम्हारा कोई सम्बन्ध नहीं है। ये स्पष्ट अचेतन हैं और तुम अरूपी चैतन्य हो तथा पानीसे भिन्न तेलके समान उनसे न्यारे हो।।१२।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભવ્ય જીવોંકો ગુરુ ઉપદેશ કહે છે. 'सद्गुरु कहै भव्यजीवनिसौं', ભવ્ય નામ પાત્ર જીવને માટે છે. અભવિ જીવને એ ઉપદેશ લાગુ પડતો નથી. આહાહા! 'सद्गुरु कहै भव्यजीवनिसौं, तोरहु तुरित मोहकी जेल' મોહનાં બંધનને તોડ પ્રભુ! આહા! રાગ અને દ્વેષ, વિકલ્પ એ મારાં છે, એવો જે મોહનાં મિથ્યાત્વ ભાવ એને તોડ. ઉપદેશનાં વાક્ય છે ને! આમ તો સ્વભાવ સન્મુખ થતાં એ તૂટી જાય છે. પણ ઉપદેશમાં તો એમ આવે ને! પાંચ મિનિટ મોડા આવ્યા ને એટલે ત્યાં બેસવા મંડતા હતા. કાંઈ કાંઈ અહીં ઘણી જગ્યા છે. સમજાણું કાંઈ? મોહની જેલમાં પડ્યો છે, એમ કહે છે. મોહની જેલમાં? આવા મોટા મકાન! આહાહા! (શ્રોતા : એ કેદખાનું ખાલી....) કહે છે કે પ્રભુ તારું સ્વરૂપ તો શુદ્ધ આનંદઘન છે ને. એને આ પુણ્ય–પાપનાં ભાવોની એકતાબુદ્ધિ એ મોહની જેલ પ્રભુ છે તને. આહાહા! સમજાણું કાંઈ?

'तोरहु तुरित मोहकी जेल'—શીઘ્ર તોડ એમ પાછું. પહેલું આમ કરવું ને આમ કરવું ને પછી આમ કરવું, એમ કાઢી નાખ્યું. આહાહા! પહેલો વ્યવહાર સુધારવો પછી કષાય મંદ કરવો. એય પણ વ્યવહાર સુધારો....વ્યવહાર છે જ ક્યાં આત્મામાં? વ્યવહાર એટલે શુભ ઉપયોગ. એ સહિત માનવું એ જ મિથ્યાત્વની જેલ છે, એમ કહે છે અહીં. આહાહા! સમજાય છે કાંઈ? એય! માણિકલાલભાઈ, સમજાય છે આ? આરે આવું ભારે! ચૈતન્ય રતનપ્રભુ એનો અનાદિ અનંત નિત્ય રસકંદ જ્ઞાનઘન, એવી ચીજને વિભાવ જે વિકલ્પ છે સૂક્ષ્મ પણ રાગ, એને એકત્વબુદ્ધિ એ જ મોટી મોહની જેલ છે, મિથ્યાત્વની જેલ છે. કહો સમજાણું કાંઈ?

'तोरहु तुरित मोहकी जेल' એટલે કે પરમાં સાવધાનીનો ભાવ એ જ મિથ્યાત્વભાવ છે. આ મોહ શબ્દ પડ્યો છે ને! ભગવાન આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવ, એની તરફનું સાવધાનપણું સ્વસન્મુખપણું છોડી અનાદિથી એને રાગના વિકલ્પના ભાવમાં સન્મુખપણું માન્યું છે અને 'એ હું છું, એ મારું છે' એમ પરમાં એની સાવધાની કરી છે, એ મોહ છે, મિથ્યાત્વ છે, એ અનંત સંસારની ઉત્પત્તિનું એ બીજડું મોહ છે. સમજાણું કાંઈ?

આહીં તો 'तोरहु तुरित मोहकी जेल' શીઘ્ર હી સ્વભાવ પોતાનો આનંદ અને જ્ઞાન સચ્ચિદાનંદ પ્રભુ, એના સન્મુખ થા અને રાગની પર તરફની એકતાની મિથ્યાત્વ

ભાવ તોડી દે. ભારે! કેટલાક કહે, હવે એવું આવ્યું'તું એમ કે પહેલે આમ જોઈએ પહેલો પ્રથમાનુયોગ, પહેલો આ યોગ જુઓ, એમ ચાલ્યું છે સાધારણ (શ્રોતા : આત્માનુયોગ જોઈએ) આહાહા! ક્રમ...ક્રમ ઉપદેશ એમ પહેલાના એમ કહે, મુનિનો ઉપદેશ પહેલો દેવો જોઈએ, આવે છે ને 'પુરુષાર્થસિદ્ધિ', પછી શ્રાવકનો દેવો. એમ અનુયોગમાં પહેલો પ્રથમાનુયોગ, એવું આવ્યું હમણાં આવ્યું છે એમાં. ઘણા ઘણા આવે છે પુસ્તકો તો આપણા હોં જૈન ગેઝેટનાં. આહાહા! ભગવાન પણ આયુષ્ય અચાનક ચાલ્યું જાય છે. એની મુદ્દત કેટલી? કે પહેલું પ્રથમાનુયોગ ને પછી દ્રવ્યાનુયોગ એના મુદ્દતનો ટાઈમ ખરો? આહાહા! વજુભાઈ આહા! કહે છે એનો કાળ કેટલો? એમાં અકસ્માત દેહ છૂટી ગયો તો? કામ જે હતું એ તો રહી ગયું. નવનીતભાઈ! આહાહા!

આહીં આચાર્ય તો 'तोरहु तुरित मोहकी जेल'. પહેલું આ વાંચવું ને આ સમજવું ને પછી આ કરવું તોડવાનું, એમ કાંઈ છે નહીં. પંડિતજી, હૈ ઉસમેં ઐસા? (શ્રોતા : ઐસા હી હૈ) ઐસા હૈ, આહા! (શ્રોતા : મોહને તોડ્યા પહેલા શું કરવું?) મોહને તોડવાનું ઈ કરવું, કરવું મોટું! પહેલાં તો કરે છે રાગની એકતા, ઈ તો કરે છે અનાદિથી. હવે કરવું શું એને? (શ્રોતા : એ તો કરી રાખ્યું છે). એ તો કરી રાખ્યું છે. (શ્રોતા : બેમાંથી કયો વિકલ્પ કરવો?) કયો, એકેય વિકલ્પ કરવો એ કર્તૃત્વ છે એનો? એના સ્વભાવમાં છે રાગનું કરવું એવું એને શક્તિ કોઈ ગુણ છે? ગુણ હોય તો રાગનું કરવું સદાય રહે અને કોઈ દી' શુદ્ધ થાય નહીં. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ, આહાહા!

(શ્રોતા : પ્રશ્ન છે કે પહેલો વિકલ્પ ક્યો કરવો?) કોઈ વિકલ્પ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? (શ્રોતા : એ તો વિકલ્પ હોય?) હોય એ જુદી વાત છે કે હોય તો ક્યાં છે એ પ્રશ્ન? હોય છેલ્લો એમ કે શુભ ઉપયોગ હોય ને? છેલ્લો ઈ હોય ને? અશુભ કાંઈ હોય? માટે પણ શુભ છેલ્લો કોને કહેવો? અંદર તોડે ત્યારે છેલ્લો રાગ હતો, એની એકતા હતી, એને તોડે તો એમ કહેવામાં આવે, એમ વાત છે. આહાહા! માર્ગ એવો છે ભાઈ, આ તો જેને જનમ—મરણનાં ફેરાથી છૂટવું હોય એની વાતું છે. જેને કાંઈ બચાવ કરવો હોય પોતાનો (એની વાત નથી.) બચાવ કરવો હોય કેસનો, તે ઈ તો આ લખે આમ હવે. આહા!

ભાઈ તો કહે છે ને સોગાની ન્યાલભાઈ, 'કરવું એ મરવું છે.' આહાહા! રાગનું કરવું એ મારું કર્તવ્ય, એ તો સમ્યગ્દર્શનનો નાશ છે. આ તો માર્ગની રીત આ છે ભાઈ. સમજાણું કાંઈ? 'तोरहु तुरित मोहकी जेल' શીઘ્ર હી મોહનાં બંધન તોડ દે. આહા! મોહ

એટલે સંસારનો કર્મ નહીં. આ ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વભાવ શુદ્ધ સ્વરૂપની સાવધાની છોડી, એને અશુદ્ધ એવા રાગની સાવધાની એને વિષય બનાવ્યો છે. એ સવારમાં આવ્યું'તું. એને સાવધાન છે. ભગવાન 'સમય વર્તે સાવધાન.' તો સમયના સ્વકાળમાં સ્વરૂપની સાવધાની એ સમય વર્તે સાવધાન છે. લગ્નમાં બોલે છે કે નહીં? ટાઈમ થઈ ગયો. આઠને સત્તર મિનિટ, એવું હોય છે ને કાંઈક? (શ્રોતા : કન્યા પધરાવો સાવધાન) કન્યા પધરાવો સાવધાન. અરે! આ મોક્ષની કન્યાની વાતું. હવે કાંઈ ધૂળની–હાડકાંની હારે સંબંધ ને હાડકે–હાડકાં. આહાહા! માંસના મંથનને સુખ માને મૈથુનમાં. અરે! પ્રભુ શું કરે છે? ક્યાં ગયો? આહાહા! એ જ મિથ્યાત્વ ભાવ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન તું તો ચૈતન્ય સ્વરૂપ છો ને પ્રભુ! આહાહા! આ જડનાં પરમાણુઓની જેટલી ક્રિયા સ્વતંત્ર થાય, એ કાંઈ તારી નથી ક્રિયા ને તારાથી થઈ નથી. તારાથી થઈ છે એક શું કે જે રાગ થયો તેની એકતાબુદ્ધિ મોહથી કરી, એ તારાથી થયું છે અજ્ઞાન ભાવમાં, એને તોડવાની વાત આંહી છે. રાખવાની તો રાખી છે એની. સમજાણું કાંઈ? જુઓ, આને આવી દયા પાળવી ને આવાં વ્રત પાળવા એમ તો કાંઈ આવ્યું નહીં એમાં. પણ દયા ને વ્રતનો વિકલ્પ જ રાગ છે. રાગની સાવધાની તે જ મિથ્યાત્વ ભાવ છે. આહાહા! માર્ગ તો એ ગજબ છે અંદર. (શ્રોતા : એમને એમ ઠીક, આ દયા-દાન ના પાડો છે ઈ જરાક.....) પણ એ દયા એટલે આ વિકલ્પની વાત આવે છે. જપ–તપ કહો, દયા–દાન કહો, પૂજા–ભક્તિ કહો. (શ્રોતા : સીધી વાત કરો તો કામનું......) ત્યારે! થોડું ખુલ્લું મૂકે કે આ દયા દાનના...દયા કોની પણ? પરની દયા અને પરનું દાન એ તો વિકલ્પ છે. આહા! એ વિકલ્પનો ભાગ છે, રાગનો ભાગ છે, એ તો વિભાવ છે. સ્વભાવને વિભાવતા એની એકતાબુદ્ધિ એ જ મિથ્યાત્વ ને મોહ છે. કહો સમજાય છે કાંઈ?

તો તોડવાનું કહ્યું ત્યારે એણે જોડ્યું હતું, ત્યારે તોડવાનું કહે છે ને? (શ્રોતા :......) તોડે એને સંધિ કરી હોય સોની....સવારમાં આવ્યું'તું ને. સાંધ મારી હોય, આમાં બધું એક થઈ ગયું પણ એને ખ્યાલ હોય કે આ ઠેકાણે.....જુઓ, આંહી જરીક ઢળતું છે ને ત્યાં સાંધ છે અંદર. ખુણામાં જરીક ક્યાંક ઢળતો અંશ રાખ્યો હોય, રહ્યું હોય એ રીતે અને અહીંયા સાંધ છે. બધું બરાબર સરખું દેખાય. એમ રાગ અને આત્માનાં સ્વભાવ વચ્ચે ભેદ છે એટલે કે જુદાઈ છે એટલે કે બે એક નથી. એક નથી તેને એક માન્યો એ જ મિથ્યાત્વભાવ છે. પ્રકાશદાસજી, આવી વાત છે. આહાહા! (શ્રોતા : અત્યારે તો ખોટા દેવ ને ખોટા ગુરુ ને ખોટા શાસ્ત્ર માને......) એ એનાં એ કરેલા ખોટા દેવ શું સાચા દેવ-ગુરુ ને માન્યા, એની વાત છે. એ તો પરદ્રવ્ય અનુસારી વૃત્તિ ને રાગનું વલણ છે.

તારા ભગવાનની સામે તે જોયું નહિ, પરની સામે જોઈને બેઠો કે મને આમાંથી કાંઈક મળી જશે! જ્યાં નથી ત્યાંથી મળી જશે. છે તો અંદર આત્મામાં બધું આનંદ ને શાંતિ ને અંતર. એના તરફની નજરું નજરબંધી કરી નહિ ને રાગ હારે નજરબંધી કરી. આ નથી લોકો કહેતા આ છોકરો નજરાઈ ગયો છે ક્યાંક. કહેતાને કાંઈ, કહેતા હવે તો બધું ઓછું થઈ ગયું છે. કહેતા પહેલા બહુ કહેતા, ક્યાંક કો'કની નજરમાં આવી ગયો છે. નજરાઈ ગયો છે એમ કહેતા પહેલા. (શ્રોતા : નજર લાગી ગઈ છે) નજર લાગી ગઈ છે. (શ્રોતા : એ ફલાણી બાઈની આંખ બહુ એવી છે) હા, ઈ તો પહેલા એવું સાંભળતા.

એક બાઈ એવી હતી કે આંખ એની કડક—આકરી અને પરણીને એક આવ્યો'તો જુવાન વીસ વરસનો, એમાં એ કાપડ લેવા ગયો ને એમાં આ બાઈ ગઈ. આમ.....જરીક કરે હાય....હાય! બાઈને એમ થઈ ગયું હોં. બાઈને અરરર! આંખ કડક થઈ ગઈ ત્યાં, હવે આ છોકરો મરી જશે બિચારો. આ કડક તરત આમ કરી નાંખી એણે ઓલા બગોડીયા તરફ, બગોડ ફાટી ગઈ ફડાક દઈને. એવી વાતું પહેલાં હાલતી, હોય એ ખરું સાચું ખોટું. (શ્રોતા : એ કો'ક વાર એવું થયું હોય.....) ના, એ વાતું સાંભળતા હોં ઘણી વાતું.....ના અમે તો સાંભળેલું બધું બરાબર. આંહી તો ઘણી વાતું સાંભળેલી પહેલા.

એ બાઈ એવી આકરી હતી આંખની એમ કે જાણે એવી કડક એની (નજર) એને એમ થઈ ગયું અરરર......અત્યારે.........થઈ ગ્યા'તા. આ છોકરો પરણીને આવ્યો અને મારી નજર કડક થઈ ગઈ અને ફટ આમ કરી નાંખ્યું એના ચૂડલા ઉપર, ચૂડલાના કટકા. એ તો એક બનવા યોગ્ય હોય અને એવું થાય.....એમાં શું એથી કરીને છે? ચૂડલો તો ભાંગેલો છે ને. આ મરે ત્યારે ભાંગે છે ને. ચૂડલો ભાંગ્યા વિના કાઢશો નહિ એ મડદાને, એમ કહે. (શ્રોતા : એક ચૂડલો ભેગો બાંધે ને એક તોડી નાખે). લે, ઈ વળી એ કહે. એક ચૂડલો ભેગો બાંધે કે લઈ જા આ તું. આરે....આરે ગજબ કરે છે ને! આહા!

ભગવાન તારો સ્વભાવ પ્રભુ! એ રાગની હારે તેં એકતા કરી છે ને, એ જ મહા મિથ્યાત્વ ને મહા મોહ ને પાપ છે, બંધન છે. પકડાઈ ગયો રાગમાં, એમ કહે છે. ભગવાન તો રાગરહિત એનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે. સમજાણું કાંઈ? આ બધું ઝીણું પડે તમારે. પણ હવે સાંભળે છે પ્રેમથી, સાંભળે તો ખરા કે આવું કંઈક છે આંહી. (શ્રોતા : બહુ સહેલી વાત છે) બહુ સાદી ભાષા છે હોં. ઘણું ભાગ્ય! તારા ઘરની વાત છે આંહી. આહા! અરે! તું ઝૂકી ગયો છે પ્રભુ ક્યાંક હો. જ્યાં ઝૂકવું ન જોઈએ ત્યાં ઝૂકી

ગયો છે. જ્યાં ઝૂકવું જોઈએ એને ભૂલી ગયો છો. રામજીભાઈ! આહાહા!

કહે છે કે ભાઈ 'तोरहु तुरित मोहकी जेल' કેટલાક શબ્દોમાં કેટલું સહેલું કરીને વાત કરે છે, લ્યો. તોડી નાંખ એનો અર્થ કે તેં બંધાયેલો રાગમાં એકત્વબુદ્ધિ તેં કરી છે. એ કરી ન હોય તો તોડવાનું હોઈ શકે નહીં. હવે આ ક્રિયાની એને બહુ કિંમત આવતી નથી. (શ્રોતા : જરાય આવતી નથી) આ વ્રત કરે ને અપવાસ કરે ને આયંબિલ કરે ને, ઓળી કરે ને હોળી સળગે. રાગની ને આ ક્રિયાઓ તો, આ કાંઈક કરે છે ભાઈ હોં. જુઓને બલુભાઈ અપવાસ કર્યા'તા કેવું આપણા બલુભાઈ નહીં મુંબઈ. ગૃહસ્થ માણસ ને એક દી' અપવાસ ને એક દી' ખાવું (શ્રોતા : વરસીતપ) ને એક દી' ખાવું. આવો ગૃહસ્થ માણસ આવું કરે, માણસ પછી સમજી ગયો હોં, ઓય માળા આ તો બધું.

બાપુ! હજી ઉપ નામ આત્મા સમીપમાં વસ્યા વિના એને ઉપવાસ કેમ કહેવો? વસે છો તો રાગની વાસનામાં. અને પછી અપવાસ કરે ને બે અપવાસ કરે ને પચ્ચીસ અપવાસ કરે.....લાંઘણું છે તારી. ભગવાન સ્વભાવથી તો દૂર છો. હવે તારે કરવું શું છે? દૂરનું કરવું છે ને એમાં તો આત્મા નથી. સમજાણું કાંઈ? કેમ છે આજ એને ઠીક છે? ઠીક છે નહીં? (શ્રોતા : સારું છે.) સારું એ વખતે સારું હતું. હું આવ્યો ત્યારે સારું હતું. કાલ જરાક મૂંઝારો થઈ ગયો'તો. આવ્યા'તા કાલે. એ વખતે ઠીક હતું પણ હવે નબળાઈ છે ભઈ. શરીરના ક્ષણમાં ભરોસા નથી. ક્યારે પડે ને ક્યારે થાય? તારું કરી લે પ્રભુ! આહાહા!

ભગવાન તીર્થંકરદેવ એમ કહે છે, પ્રભુ! તું.......એ મુનિ કહે, તીર્થંકર કહે, જ્ઞાની કહે, બધું એક જ છે હોં. આહાહા! ભાઈ! તારી જાત તો અંદર આનંદની–પરમાત્માની જાત છે પ્રભુ. તું પરમાત્માના કુળનો, જાતનો છો. એ સિદ્ધની ન્યાતની જાતનો આ રાગમાં રોકાય, એ તને કલંક છે નાથ! આહાહા! એ ભૂલ છે ભાઈ! એને હવે તોડ તું. હવે કાંઈક નવું કરવું છે કે નહીં? એ તો કર્યું છે અનાદિથી. આ જ કર્યું છે હોં. બીજું બાયડી–છોકરાનું કર્યું છે કે રળીને ઈ કાંઈ કર્યું નથી. (શ્રોતા : વ્યવહારે એ તો કહેવાય) વ્યવહારે બોલાય છે કોણ નિમિત્ત હતું? કરે કોણ વ્યવહાર ધૂળ! આહાહા!

એ પ્રશ્ન આવ્યો'તો ત્યાં હમણાં આમાંનો. આ રજકણોનું ભિન્ન ભિન્ન થવું, જેવા નિમિત્ત હોય તેવું થાય છે એને આવું જ પરિણમવું એ સમયે કેમ, આ વખતે આંગળીનું જ પરિણમન થાય, દાળ વખતે રોટલીના પરમાણુ આમ પલળી આમ થાય. માટે કંઈક અંદર પરનાં કારણે એમાં પલટો થાય. એને કારણે પલટો હોય તો તો એકરૂપ કેમ ન થાય? પણ એકરૂપ અવસ્થા હોય નહીં. આરે!

એય! તમારો ઓલો છગનલાલનો દીકરો છે ને! આમ ભારે આગ્રહી અને તે દી' પાછો થોડો પાવર હતો એટલે કીધું બીજે દિવસ. બાકી પ્રશ્ન બનાવટ કરી અત્યારે. શાંતિભાઈ ઓળખે છે નહીં? સુખલાલભાઈ. એના ભાઈ છે અને સુખલાલભાઈ.....એનો દીકરો ચુનીલાલ, એનો છોકરો છે. બાપુ, આ વાત કાંઈ. કીધું, ભાઈ અમારે તો કો'કની હારે પ્રશ્ન–ઉત્તર ના કરવા. તે દી' જરી બીજે દી' અમથો. એને એમ લાગ્યું, મારો ઉત્તર નહીં કરાવ્યો. આહા! ભાઈ! એ તારા નિજઘરની વાતું તું તને સમજમાં ન આવે. એથી તને એમ લાગે કે અમારી વાત અને અમે જે કહીએ છીએ એ વાત, આમ એ પ્રમાણે નથી આવતી આ. માટે એ વાત ખોટી છે, એમ તારે ઠરાવવું છે? સમજાણું કાંઈ?

'समकितरूप गहौ अपनौं गुन', લ્યો. સમ્યક્ગુણ અપના ગ્રહણ કરો. શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ અખંડ વિજ્ઞાનઘન એને ગ્રહણ કરો–એને પકડો. આહા! કહો સમજાણું કાંઈ? 'समकितरूप गहौ अपनौं गुन', એ સમકિત એ પોતાનો ગુણ છે. એટલે કે શ્રદ્ધા ગુણ ત્રિકાળ છે પણ પકડવાની પર્યાય વર્તમાન ગુણની દશા છે. આહાહા! સમજાણું કાંઈ? હવે આ ગુણની તો કાંઈ કિંમત નહીં. સમકિતી પણ જો ચારિત્ર પાળે તો સમકિત રહે, નહીંતર રહે નહિ, આવું તો કથન કરે. અરે! ભગવાન! શું કરવું છે તારે? એમાં 'પ્રવચનસાર'માં છે ખરું ને! છે ખરી પણ ઈ કઈ અપેક્ષાની વાત છે? 'પ્રવચનસાર'નું એમ કે એકલો સમકિત પણ જ્ઞાન અનુભવ ચારિત્ર વિના મુક્તિ નહીં. પણ એ કંઈ અપેક્ષાની વાત છે.

કહે છે, 'समकितरूप गहौ अपनौं गुन', અપનો ગુણ. વિભાવ અને રાગ કાંઈ અપનો ગુણ–પોતાનો ગુણ નથી. ચાહે તો ભગવાનની ભક્તિ હોય, એ ગુણ–ગુણીનો ભેદરૂપ રાગ હો, એ કાંઈ પોતાનો ગુણ નથી. એટલે પોતાની પર્યાય નથી. રાગની દશા તો પરની જડની દશા છે. આહાહા! રાગનો વિકલ્પ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ પણ અચેતન જડ છે. ભગવાન ચૈતન્યના રસનો કંદ છે આત્મા તો. સમજાણું કાંઈ? માણસને એવું લાગે આ તો બધી એલ.એલ.બી. (LLB)ને M.A.ની શું કહેવાય B.A.ની ને. ભાઈ! B.A.ની નથી બાપુ. તારા પહેલા નંબરની એકડાની વાત છે. હવે કોઈ દી' દરકાર કરી નથી ને! આહા!

'करहु सुद्ध अनुभवकौ खेल.....समकितरूप गहौ अपनौं गुन', દેખો, 'अपना सम्यक्त्वगुण ग्रहण करो और शुद्ध अनुभवमें मस्त हो जाओ.' છે ને! 'अनुभवकौ खेल' ખેલનો અર્થ ઈ કર્યો. આહાહા! ભગવાન જેવો તું રાગનો અનુભવ કરે છો, એ મિથ્યાત્વનો અનુભવ છે. આહાહા! પણ करहु सुद्ध લ્યો, આ કરવાનું આવ્યું પાછું. 'करहु

सुद्ध अनुभवकौ खेल'—જ્ઞાયક આનંદ અતીન્દ્રિય પ્રભુ એનો અનુભવનો ખેલ મસ્તી કરને! આ છોકરા નથી કરતા મસ્તી! એ તો બધા તોફાન કરે છે આ. મસ્તી કો'ક હારે નહિ, આ તારી હારે કરને મસ્તી. એ! પોપટભાઈ! આરે......આરે ભારે પ્રભુ!

પણ બહારના મારા આ રૂપિયા હોય ને દેખાય ને ઝાઝા. છોકરા સારા હોય, રૂપિયા સારા હોય. સારા માણસ માને છે ને. સારા તો કોઈ નથી. એ તો જગતની ચીજ છે. એમાં એવું લાગે માળાને! વહાલપ આવે પોતાના સ્વભાવની દુશ્મનાઈ આવે. હવે એની વહાલપ! વહાલપ, વહાલપ કરવા જેવી ચીજ તો તારી છે. ખેલ તો કર, કહે છે કે આહાહા! જુઓને. જુઓ આ ખેલ! અનુભવનો ખેલ! આહાહા! અનાદિથી રાગનો ખેલ કર્યો છે ને ભગવાન! રાગનો ખેલાડી છો તું. આહાહા! એ તો અધર્મનો ખેલાડી છો. આહા!

ચાહે તો વ્રત ને દેહ દમ પાળતો હોય વિકલ્પ, પણ એની એકતાબુદ્ધિ ને એ મારી ચીજ છે, એ તો અજ્ઞાનનો અધર્મનો ખેલાડી છે. સમજાણું કાંઈ? એ જરી ઓરા (પાસે) આવો થોડા. ઓલા ખુણામાં છે ને બધાં. બહુ પહોળા મોઢામાં બેસી જાય છે ને. સમજાણું કાંઈ? શું કહે છે? 'करहु सुद्ध अनुभवकौ खेल' લ્યો આ કરવાનું આવે છે આ. અમારે શું કરવું? કે રાગને પોતાનો કર્યો છે એ કરવું તો તું અનાદિથી કરે છો, હવે એને વ્યય કર. એ તો ઉપદેશમાં તો એમ જ આવે ને. આત્માના આત્મનમાં વળતાં અનુભવનો ખેલ થતાં એ રાગની એકતાનો ખેલ સમાપ્ત થઈ જાય છે. એ પડદો ત્યાં બંધ પડી જાય છે. સમજાણું કાંઈ? પણ વાતું બાપુ બહુ મોંઘી! આહાહા!

'पुद्‌गलपिंड भाव रागादिक', પુદ્‌ગલ દ્રવ્ય—આ શરીર આદિ વાણી આ બધાં રજકણો જગતના છે. આહાહા! અને રાગાદિભાવ એ પણ પુદ્‌ગલનું છે ખરેખર તો. પુણ્ય ને પાપની વૃત્તિઓ—વિકલ્પો એ પણ પુદ્‌ગલ જ છે. '(रागादिक) भावोंमें तुम्हारा कोई सम्बन्ध नहीं छे? इनसौं नहीं तुम्हारौ मेल'. આહાહા! બાયડી—છોકરા સાથે કેટલો મેળ હશે? મીંડા, પોપટભાઈ? ભાઈ! તારો મેળ રાગ સાથે અને શરીરના જડ સાથે ક્યાંય મેળ નથી. મેળ નથી એટલે? તું છો ચૈતન્ય આનંદ જાગૃત સ્વભાવનો રસ, એ છે અચેતન અજાગૃત ભાવવાળો જડ. બે નો ક્યાંય મેળ ખાય એવું નથી. વાતો સમજાય એવી છે ને વીરચંદભાઈ? (શ્રોતા : સાંભળવા પ્રેમથી આવ્યા છે.) સારું છે પ્રેમથી આવ્યા છે. (શ્રોતા : મારું—મારું કરીને મરી ગયા) મરી ગયા અનંતા. આહાહા! મારા ઊભા કર્યાં. વિકલ્પ ઊઠે છે દયા-દાન, વ્રત-ભક્તિનો, એ પણ મારો માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એ જૈનની એને ખબર નથી.

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની જે વાણીમાં, આવ્યું'તું ને કાલ નહીં? 'सुद्ध नयातम वस्तु बिराजै बैनमें, सदा एकरस प्रगट कहीए जैनमें' (૧૧મું પદ). સમજાણું કાંઈ? કહે છે, 'पुद्गलपिंड भाव रागादिक', ભાવ રાગાદિક હોં, પાછા ઓલો રાગ જડ કર્મ ને એ નહીં. આહા! પુણ્ય ને પાપની લાગણીઓ એ ભાવ રાગાદિક અને તું ચૈતન્ય જાગૃત જ્ઞાન અને આનંદનો સ્વભાવ, રાગાદિ દુઃખરૂપ ભાવ—પુદ્ગલ અચેતનભાવ, બે નો ક્યાંય મેળ અંદર નથી. બેનો ક્યાંય મેળ ખાય એવું નથી. 'इनसौं नहीं तुम्हारौ मेल'—એનાથી કાંઈ તમારે સંબંધ નથી.

'ए जड़ प्रगट गुपत तुम चेतन, जैसैं भिन्न तोय अरु तेल' ये स्पष्ट अचेतन है, દેખો. એ વિકલ્પમાત્ર રાગ એ અચેતન છે. આહાહા! આ તો રાગ મારો અને એનાથી મને વ્રત પાળીશ હું, એ વિકલ્પ છે, એનાથી મને ધર્મ થાય. અચેતનથી ચેતનને લાભ થાશે. આહાહા! પ્રકાશદાસજી, એમ કહેતે હૈં ને? (શ્રોતા : મિથ્યાદષ્ટિ ઐસે માનતે હૈ) ઐસે હૈ. શું કરે પ્રભુ! આહાહા! અરે! એના ઘરની વાતું એને સાંભળવા મળે નહીં, જીંદગીયું પૂરી થઈ જાય. અરે! એની દયા કોણ કરશે? સમજાણું કાંઈ? માણસને સાંભળ્યું મળે નહીં, એવું પણ લાગે. બાયડીયું છોકરાં બધા ઘણા માળું, ઈ બહુ હારું લાગે.

અપવાસ કર્યા છે, આજ અઢ્ઢાઈ કરી'તી. પછી એક પાથરણે દસ સામાયિકું કરી. અમારે ગામ ભાવનગરમાં તો એક પાથરણે ત્રીસ સામાયિક કાઢી'તી ચોવીસ કલાકની. (શ્રોતા : ચોવીસ કલાકમાં ત્રીસ!) અડતાલીસ મિનિટ થઈ ને ૪૮ મિનિટ એક સામાયિક હોતી હૈ ને! (શ્રોતા : એક મુહૂર્ત થાય). મુહૂર્ત, પછી ચોવીસ કલાકમાં ત્રીસ થઈ ગઈ ને. પોપટભાઈ હતા ને અહીંયા બોટાદ. પોપટલાલ હાજાવાળા, ત્રીસ—ત્રીસ કરતા. આખી રાત જાગે. આ તો ત્રીસ સામાયિકનું શું કહેવાય? (શ્રોતા : માસખમણ) માસખમણ..... માસખમણ કર્યું. અરે, ભગવાન! એ તારા સ્વભાવની તો તને ખબર નથી અને ત્રીસ સામાયિકું ક્યાંથી આવી તારા ઘરે? (શ્રોત : એકેય નહોતી આવી તો ત્રીસ ક્યાંથી આવે?) મનસુખભાઈ ઓળખે ને પોપટભાઈને? પોપટભાઈ હતા ને. જોયેલા અપાસરામાં જોયેલા. બહુ બિમાર સામાયિક કરતા ને પોષા કરતા.

'ए जड़ प्रगट'—જુઓ એ પુણ્યનો વિકલ્પ છે એ જડ પ્રગટ છે. એમાં ચૈતન્ય ભગવાન જ્ઞાનનાં પ્રકાશનાં નૂરનો એકેય અંશે ય નથી. આહાહા! એ પ્રકાશ અને અંધારાને ક્યાંય મેળ નથી. કેટલો મેળ હોય? બે છે એટલો મેળ હોય. બે છે, પણ બે એક છે એવો મેળ હોય નહિ સમજાણું કાંઈ? કહો મોહનભાઈ, આ મહેમાનને સમજાય છે કે નહિ? મોહનભાઈ. ઠીક છે બહુ સરસ આહાહા! (શ્રોતા : કઠણ લાગે છે) આ તો

હળવે હળવે આવે છે. સરળ વાત છે ભગવાન ચૈતન્ય. ચૈતન્યસૂર્યનો પૂંજ છે ને! એની અપેક્ષાએ તો જે રાગ ઊઠે છે દયા-દાન, વ્રત-ભક્તિનો, એ તો બધો અચેતન છે. એ ચેતન અને અચેતનનો મેળ શી રીતે હોય? બે નો ફેર એક હોય શકે (નહિ). સમજાણું કાંઈ? ભારે પણ કામ ભાઈ!

મોટા મોટા મહંત નામ ધરાવનારે ગોથાં ખાધા છે મિથ્યાત્વમાં અને દુનિયાને એ પીરસે છે ઈ. તો રાજી થઈ જાય કે આહાહા! શું મહારાજે ધર્મ બતાવ્યો આ. વ્રત કરવા, તપસ્યાઓ કરવી, આયંબિલ કરવા, આ કરવા, આહા! વર્ધમાન તપ આહા! એક અપવાસ ને એક આયંબિલ, બે આયંબિલ ને એક અપવાસ, ત્રણ આયંબિલ ને એક અપવાસ, ચાર આયંબિલ ને એક અપવાસ એમ જાળ ઠેઠ સુધી ચાલે છે કાંઈ. (શ્રોતા : ૧૦૦ આયંબિલ ને એક અપવાસ) ૧૦૦ આયંબિલ ને એક અપવાસ લ્યો. એને ખબર હોય આપણને એવી બધી ખબર નથી. લાંઘણું છે ભાઈ! તને ખબર નથી બાપા. એના સરવાળા અંધારા છે. ચૈતન્ય ભગવાન આનંદનો નાથ છે એની હારે, એ ક્રિયાઓનો વિકલ્પ ઊઠે એને તું એકત્વ માને છો, એ મહા મિથ્યાત્વ અને મોહ છે. એ જડ પ્રગટ છે, એમ કહે છે. લ્યો, આહીં તો પાછો ગુપત ઓલો ચૈતન્ય ગુપત છે, રાગની અંદર આગોપિત. આહાહા! એય પોપટભાઈ, આહા! પણ ભારે!

'ए जड़ प्रगट गुपत तुम चेतन'. તેરો પ્યારો ચૈતન્યનો સ્વભાવ રાગમાં આવ્યો નથી હોં, એમ કહે છે. એ રાગથી ભિન્ન ગુપ્ત છે. સમજાણું કાંઈ? કેમ? કે તુમ અરૂપી ચૈતન્ય હો અને એ તો અચેતન છે. આહાહા! સમજાણું કાંઈ? એ સ્પષ્ટ અચેતન છે. પ્રગટનો અર્થ કર્યો ને સ્પષ્ટ. 'तुम अरूपी चैतन्य हो' ભગવાન તુમ તો ચૈતન્ય પ્રકાશનો સૂર્ય છો અંદર. આહાહા! (શ્રોતા : ગુપતનો અર્થ) અરૂપી કર્યો. 'पानीसे भिन्न तेलके समान उनसे न्यारे हो' તેલ અને ઓલો અબદ્ધસ્પૃષ્ટ છે ને. પાણીમાં તેલનું બિંદુ પડ્યો હોય, એ પાણીમાં ન પ્રસરે. એ કોઈ દી' એક ન થાય. પાણીનાં પિંડમાં અધમણ પાણી હોય ને એક તેલનો બિંદુ નાંખો પણ ભિન્ન જ રહે. એમ तोय એટલે જલ એટલે જલ तोय અને તેલ, બે શબ્દ તત્તા રાખ્યા. तोय અને તેલ.

'जैसैं भिन्न तोय अरु तेल'—પાણી અને તેલ જુદાં કેમ કે તેલ છે એ ચિકાશ ભાગ છે. પાણી તો તેનાથી નિર્મળ સ્વચ્છ ભિન્ન છે. એમ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું નુરનું પૂર તદ્દન ગુપ્ત નામ રાગથી પાછળ અંદર ગુપ્ત છે અને રાગાદિ પ્રગટ છે આમ. આ ગુપ્ત છે તો આ પ્રગટ છે. આ અચેતન છે તો આ ચેતન છે. આ અરૂપી છે તો આ રૂપી છે. સમજાણું કાંઈ? લ્યો, એક બોલ થયો અગિયાર. બારમો પદ (હવે) બારમો કળશ. પદ તેરમું છે.

ધર્મીના વિલાસનું વર્ણન. ધર્મી શું વિલાસ કરે છે? જગતનાં પ્રાણી રાગ અને દ્વેષના વિલાસમાં રમી રહ્યા છે. આહાહા! આ બહારના બાગ–બગીચામાં કોઈ વિલાસમાં રમતો નથી. મલુકચંદભાઈ, નહિ રમતા હોય? તમારો ન્યાલ જેને જે બાગમાં બેસે મહિનો, દોઢ મહિનો (શ્રોતા : ત્યાં બહુ તબિયત સારી રહે છે.) ત્યાં આવી ચિંતા–બિંતા બહારની ન હોય અને ઓલા છોકરાઓ બાપુજી.....બાપુજી કરે ને અને એને હૂંફ ચડી ને એય.......બસ કોટ–પાટલુન પહેરીને બેસે અને ખુરશીયું હોય સારી. આહાહા!

કેટલુંય એને કીધું આવ.....આવ....વંચાવે એને ભાઈ પ્રવીણભાઈ તમારા ભાઈ. પણ વાત થઈ છે ને ખરીને કે ભઈ મહારાજને વંચાવો. મારું તો એટલું ઓલા પુસ્તકો છે ને એમાંથી કો'ક અમારે આપવું. જીવરાજભાઈ નથી ને એટલે પુસ્તકોને કોઈને ક્યાંય ઓલા ન કરવા, આહીં જ રાખવા. તમારે ચિંતા નહિ. હું તો એકલો વાંઢો વાંઝિયો, પણ લખાણ મોટું હતું. હા, મારે જીવે જ્યાં હોય ત્યાં આવું જ કર્યું'તું હોં. ઈ એનું કર્યું નથી હોં. ઓલો રાગની એકત્વબુદ્ધિ. પોપટભાઈ! આહાહા! કહે છે સમ્યગ્દષ્ટિનો વિલાસ–ધર્મીની રમતું–ધર્મી જીવની રમતની મોજુંનો વિલાસ. આહાહા!

**भूतं भान्तमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधीर्यधन्तः**
**किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।**
**आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते**
**ध्रुवं नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ।।१२।।**

ભગવાન દેવ શાશ્વત ચિદાનંદ ભગવાન બિરાજે છે. દિવ્ય શક્તિનો ધણી ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંત શક્તિ, સ્વચ્છતા એવી અનંતશક્તિનો ધરનાર દેવ બિરાજે છે આત્મા, ભાઈ! ખબર નથી. આહાહી! એનું પદ. આ તો ગદ્ય થયું.

सम्यग्दृष्टिका विलास वर्णन (સવૈયા એકત્રીસા)

**कोऊ बुद्धिवंत नर निरखे सरीर-घर,**
**भेदग्ज्ञानदृष्टिसौं विचारै वस्तु-वासतौ।**
**अतीत अनागत वरतमान मोहरस,**
**भीग्यौ चिदानंद लखै बंधमैं विलासतौ।।**
**बंधकौ विदारि महा मोहकौ सुभाउ डारि,**
**आतमाकौ ध्यान करै देखै परगासतौ।**

करम-कलंक-पंकरहित प्रगटरूप,
अचल अबाधित विलोकै देव सासतौ।।१३।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વિદારિ=નષ્ટ કરીને. પંક=કીચડ. ભેદજ્ઞાન=આત્માને શરીર આદિથી ભિન્ન જાણવો.

**અર્થ :**–કોઈ વિદ્વાન મનુષ્ય શરીરરૂપી ઘરને જુએ અને ભેદજ્ઞાનની દૃષ્ટિથી શરીરરૂપી ઘરમાં રહેનાર આત્મવસ્તુનો વિચાર કરે તો પહેલાં ભૂત, વર્તમાન, ભવિષ્ય એ ત્રણે કાળે મોહથી રંજિત અને કર્મબંધમાં ક્રીડા કરતા આત્માનો નિશ્ચય કરે, ત્યાર પછી મોહના બંધનનો નાશ કરે અને મોહી સ્વભાવ છોડીને આત્મધ્યાનમાં અનુભવનો પ્રકાશ કરે, તથા કર્મકલંકના કાદવથી રહિત અચળ, અબાધિત, શાશ્વત પોતાના આત્મદેવને પ્રત્યક્ષ દેખે. ૧૩.

**अर्थ :**–कोई विद्वान् मनुष्य शरीररूपी घरको देखे और भेदज्ञानकी दृष्टिसे शरीररूपी घरमें बसनेवाली आत्मवस्तुका विचार करे तो पहिले भूत, वर्तमान, भविष्यत् तीनोंकालमें मोहसे अनुरंजित और कर्मबंधमें क्रीडा करते हुए आत्माका निश्चय करे, इसके पश्चात् मोहके बन्धनको नष्ट करे और मोही स्वभावको छोड़कर आत्मध्यानमें अनुभवका प्रकाश करे; तथा कर्म-कलंकी कीचड़से रहित अचल, अबाधित, शाश्वत अपने आत्मदेवको प्रत्यक्ष देखे।।१३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

कोऊ बुद्धिवंत नर निरखै सरीर-घर, પાછું નરની હારે નિર અને ઘર—મેળવવું છે ને પાછું જુઓ. એ શાશ્વતદેવ ભગવાન આત્મા છે. આહાહા! આરે! પોતાના દેવની ખબર ન હોય ને ભૂતડું જો પ્રસન્ન થઈને આવે તો આહાહા! એની પાસે દેવ આવે છે હોં! હવે આ ચમત્કાર આ જગતના આંધળાઓને!.....(શ્રોતા : કંકુ કાઢે) કંકુ કાઢે, એ કંકુ કાઢે!.....(શ્રોતા : અને બહારના ચમત્કારને માને મિથ્યાત્વ) ફેર.

'कोऊ बुद्धिवंत-नर', કોઈ ડાહ્યો પુરુષ 'विद्वान मनुष्य घरको देखें', શરીરરૂપી ઘરમાં દેખે ત્યાં આત્મા ભેદજ્ઞાનથી જુદો દેખાય. 'भेदज्ञानकी दृष्टिसे शरीररूपी घरमें बसनेवाली आत्मवस्तुका विचार करें–भेदग्यानदृष्टिसौं'—શરીરમાં દેખતા અંતર એમ. 'कोऊ बुद्धिवंत–विद्वान माणस निरखै सरीर घर' શરીરમાં શું છે આ તે અંદર? ભેદગ્યાનદૃષ્ટિસૌં એ રાગ અને શરીરથી જુદો, એ ચૈતન્ય સ્વભાવથી ભરેલો એ વિચારે 'विचारै वस्तु वासतौ' શાશ્વત વસ્તુ ભગવાન આત્મા તો અવિનાશી શાશ્વત છે. છે.....છે ને છે. સમજાણું? આ 'विचारै वस्तु वासतौ', એમ કહ્યું છે. આહા!

'आत्मवस्तुका विचार करें' અંતરવસ્તુ શાશ્વત ચિદ્‌ઘન એ શાશ્વત વસ્તુ છે, ધ્રુવ છે ને! એનો જો વિચાર કરે તો 'अतीत अनागत वरतमान मोहरस' ગયા કાળે, ભવિષ્યમાં ને વર્તમાન મોહરસ 'भीग्यो चिदानंद लखै बंधमैं विलासतौ.' કહે છે, 'पहिले भूत वर्तमान, भविष्यत् तीनों कालमें मोहसे अनुरंजित और कर्मबंधमें क्रीडा करते हुए आत्माका निश्चय करें.' પહેલો તો કહે રાગમાં એકત્વબુદ્ધિ રંગમાં રંગાયેલો અંદર છે, એમ જોવે. છે શરીરથી જુદો પણ રાગમાં રંગાયેલો છે, એમ કહે છે ને! મોહસે અનુરંજિત છે. પરની એકતાથી રંગાયેલો છે. પર્યાયમાં, એની પર્યાયની વ્યાખ્યા કરી. અવસ્થામાં—હાલતમાં, ભૂતકાળ એટલે ગયો કાળ, વર્તમાન ને ભવિષ્ય જાણે રંગ—રાગથી રંગાયેલો હોય.

અને 'कर्मबंधमें क्रीडा करते हुए आत्माका निश्चय करें.' પહેલો તો અશુદ્ધ છે, એમ નિશ્ચય કરે, એમ કહે છે. પરને લઈને અશુદ્ધ છે, કર્મને લઈને અશુદ્ધ છે, એમ નહિ, એમ કહેવા માંગે છે. સમજાણું કાંઈ? 'भींग्यो चिदानंद' એમ. ભગવાન આનંદનો રસ પ્રભુ છે. એ રાગના રસે ભીંગ્યો—ભીનો દેખાય છે. આહાહા! ભારે વાત ભાઈ! ભાષા ય જુદી, ભાવ જુદા. 'भींग्यो चिदानंद लखै' લખે એટલે જાણે. 'बंधमें विलासतौ'. એટલે કે કર્મબંધમાં ક્રીડા કરતો વિલાસ કીધું ને. રાગમાં—બંધમાં ક્રીડા કરતો હુઆ આત્માનો નિશ્ચય કરે. રમતું...... રાગમાં રમત કરે છે ઈ આત્મા નિશ્ચયથી અશુદ્ધ પર્યાયમાં છે. શરીરની રમતું છે એની કે પરની રમતું એ (નથી). સમજાણું કાંઈ?

'રાણા રમતું છોડ કનક આવ્યો કિનારે' એ રાણપરમાં ઓલો ગઢ નથી, એનું ઓલું કનકનગર છે ને. કિનારા ઉપર ગામ નાનું છે. રાજા હતો રાજા, રાણો રાણપર પાસે. 'રાણા રમતું મેલ કનક આવ્યું કિનારે કટક.' કોઈનું લશ્કર આવ્યું કિનારા સુધી. માળો ખેલ કરતો હતો છે ને ઓલી કોર ખૂણે છે. નદીને ઓલે. અને રમતો'તો માળો. રાણીયું—રાજા અને અત્યારે સાધારણ....રમતો એમાં કીધું. અરે! 'રાણા રમતું મેલ, કનક કટક આવ્યું કિનારે'. એમ આત્માને પહેલો અશુદ્ધથી રમતો દેખે અને હવે છોડ એને કટક કે આવ્યું કિનારે. કાળ આવી ગયો તારો પામવાનો ધર્મ હવે. આહા!

મોટી લડાઈ થયેલી. રાજા પછી તો.....પણ રાજા કહે જુઓ આ મારી ધજા છે. જો નીચે પડે તો સમજો કે હું મરી ગયો. કુદરતે એવું થયું કે એ ધજા કો'કે પાડી માળે. આ જીવતા રાજાની હોં. કો'કે પાડી ત્યાં રાણીઓ હતી. કૂવો ત્યાં ગઢમાં સાડા ચારસો. એ કૂવામાં રાણી એક ભૂ.....ભૂ. પડીને મરી ગઈ. (શ્રોતા : ભમ્મરીયો કૂવો છે) હા છે ને કૂવો. જોઈ આવ્યા છે ને એક ફેરી. આહાહા! અનાદિનો કહે છે કે એ રાગની

ભમ્મરિયા કૂવામાં તું પડ્યો છે હોં. એ તો નક્કી કર એમ કે તારાથી બંધાયા છે કે? નક્કી કર, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા!

ઈસકે પશ્ચાત્ હવે આવે છે હોં. 'बंधकौ विदारि' આકરું કામ ભારે ભાઈ! રાગ ને આત્મા વચ્ચે પ્રજ્ઞારૂપી છીણી માર, કરવત માર કરવત. બે કટકા થઈ જાય રાગ અને આત્માના. આહાહા! ભારે આવી ક્રિયા ભાઈ! આ ક્રિયાની સૂઝ પડતી નથી અને અજ્ઞાનીને ઓલા રાગની ક્રિયા કરું છું અને એમાં મને ધર્મ થાય. અધર્મ સેવે ને માને ધર્મ. આહાહા! શું થાય? લૂંટવા લૂંટનારા મળ્યા ને લૂંટાઈ ગયા હાથે કરીને. (શ્રોતા : લૂંટારાને ફરિયાદ......)

ઓલો વાણિયો હતો ને એક માલ લઈ ગયો, નહોતો આવે છે ને? દસ—વીસ હજારનું કાપડ લઈને વાણિયો નીકળ્યો ગાડામાં. એમાં જોયા કે ઓલા ડાકુ આવે છે. ગાડું ઊભું રાખ્યું. પાથરી મોટી પછેડી. માલ ખડક્યો. ડાકુ આવ્યા, લ્યો ભાઈ માલ, લ્યો ભાઈ માલ. એ જાણે કે લઈ તો જશે. એય! એટલે ચોપડો રાખ્યો. લ્યો, ભાઈ લઈ જાઓ. જુઓ આ ભાવે છે. ઓલો જાણે કે આહીં ક્યાં પૈસા દેવા છે? આ જાણે કે નામ તો લખી લઈશ જમા, પછી વળી થાશે એમાં. આમ તો લઈ જશે ડાકુ, મારીને લઈ જશે એટલે પાથર્યું. એય શાંતિભાઈ! તર્કબાજ વાણિયો હતો ને પાછું વીસ—પચ્ચીસ હજારનું કાપડ ગાડામાં ભરેલું અને .....ઓલા આવ્યા'તા, હેઠે ઉતરી ગયો ડાકુ છેટે દેખ્યા ત્યાં. પછેડી પાથરી કાપડનાં ઢગલા કર્યા. જુઓ, ભાઈ કયો માલ જોવે છે લ્યો. કહે, આમ તો લઈ તો જવાનો છે. લઈ જાઓ. આ લ્યો.

એમાં જંગલમાં મીંદડો નીકળ્યો એક. જુઓ ઈ સહી (સાક્ષી) કોની આ મીંદડાની જુઓ. મીંદડો (શ્રોતા : સાક્ષી) મીંદડાની. ઓલા કહે પણ ક્યાં ગયો મીંદડો? .....લખી નાંખ્યું. નામ લખ્યું, ઠામ લખ્યું. મીંદડાની સાક્ષી આપી. એમાં પાછું નામ આપી એટલે વાણિયાએ કરી ફરિયાદ. લાવ્યા કોર્ટમાં ડાકુ. સાહેબ આ માલ લઈ ગયા છે આ જુઓ એનું નામ અને મીંદડાની સાક્ષી. પછી ઓલો વાણિયો ઘરનો મીંદડો હતો ત્યાં લઈ ગયો. ઓલાને જુઓ સાહેબ મીંદડાની સાક્ષી. તો ઓલો કહે આ મીંદડો નહોતો તો.....(શ્રોતા :.....) આ કહે વાંધો નહિ. અમારે કહે આ મીંદડાનું કામ નથી. આ મીંદડો નહોતો તો બીજો હતો ને? જાઓ. એવો વાણિયો કડક પાકો. એમ આ લૂંટાવે છે માળો હારો, કહે. હાથે કરીને જાણે આમાં લખી લઉં પછી મળશે. શું ધૂળ મળશે રાગમાં? સમજાય છે કાંઈ? ઓલામાં તો પાછું ફરિયાદ કરીને આવે, આમાં કાંઈ ફરિયાદ કરી આવે એવું નથી.

'बंधकौ विकार महा मोहकौ सुभाउ डारि', આહા! ડારિ, ભાષા જુઓ. બંધનો નાશ કરે, મોહી સ્વભાવકો છોડકર, શું કહે છે? ભગવાન જ્ઞાનનો સ્વભાવવાળો પ્રભુ. એને રાગનો મોહ જે એકત્વબુદ્ધિ એવો મિથ્યાત્વભાવ એનો સ્વભાવ છોડ. રાગનો '(मोही) स्वभाव छोड़कर आत्मध्यानमें अनुभवका प्रकाश करे' આહાહા! ચૈતન્ય મહાસત્તા ધ્રુવ ભગવાન, એના તરફના અંતર ઝૂકાવથી આત્માના સ્વભાવને વિષય ધ્યાનમાં લઈ અને એનો અનુભવ કરે, પ્રકાશે, તો પ્રકાશ દેખાય, એમ કહે છે મૂળ. સમજાય છે? 'देखै परगासतौ.' છે ને!

'आत्माकौ ध्यान करैं देखैं परगासतो'. અનુભવના આનંદનો પ્રકાશ એમાં આવે. સમજાણું કાંઈ? અનુભવકા પ્રકાશ કરે. રાગનો, વિકલ્પનો જે પ્રકાશ કરતો મોહજાળમાં, એને આત્મા તરફ ઝૂકાવ થતાં એ અનુભવનો પ્રકાશ કરે. એટલે અનુભવ પ્રગટે. સમજાણું કાંઈ? આ આનું નામ સમકિત અને એનું નામ ધર્મ. આરે.....આહાહા! ભારે ભાઈ સમકિતની વ્યાખ્યા! આને તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, અમને સાચાં માનો ને જાઓ તમને ધર્મ થશે, સમકિત થઈ ગયું જાઓ. ચોપડીમાં લખે બારવ્રતની હોય ને. ચોપડી આપે ને વ્રતની, એમાં એ ચોપડીમાં લખાવે. અમને માન્યું એ તમને સમકિત છે. હવે વ્રત લ્યો એ તમને ચારિત્ર થાય લ્યો. એય જાદવજીભાઈ! એવું હતું કે નહિ? (શ્રોતા : બધું હતું) બધું હતું એનો ન્યાં અગ્રેસર હતા-કલકત્તામાં, લ્યો. આહા!

ભાઈ! એ માર્ગ લૂંટારાનો બીજા હોં. આહાહા! આ વીતરાગનો માર્ગ બાપુ તને કાને પડ્યો નથી ભાઈ. ઓલા ગાય છે ને માળો કવિતા લખતો નથી. એ આપણને રાગેય બેસે નહિ હોં. પરમ દી' માળા બપોરે બોલ્યા'તા છોકરા. 'એય દોહ્યલો રે લાલ'. એમ કરીને બોલ્યા'તા નહિ રાતે? અને રાગ તળપદીનો. આપણને દેસી ન આવડે ને ઈ. પણ માળે એનો દેસી છે રમેશની. આહાહા! આવો મનુષ્યભવ હવે દોહ્યલો રે લાલ. એ બધું ચીઠ્ઠી લખી દીધી છે આપણને એય! આ નહોતું કાલે કહ્યું. આમાં છે કે નહીં? એવું બપોરે માળો બોલ્યો ને એવું એની દેસી પણ જરી ત્યાં. પ્રેમચંદભાઈના દીકરાનો દીકરો છે. શાંતિભાઈ, શાંતિભાઈના સાળાનો દીકરો છે. 'મારગ સાધુના જગને દોહ્યલાં રે લોલ. દોહ્યલી જો ને આતમ કેરી વાત. ચેતો જીવરા આ માનવભવ દોહ્યલાં રે લાલ. ચેતો જીવરા આ માનવભવ દોહ્યલાં રે લાલ.'

આહા! પણ એની દેસી જુદી આપણને એ કંઠ બંઠ નહીં ને હલક એની જુદી માળો એવું બોલે એવું બોલે. પરમ દી' બપોરે ભક્તિ પાછળ, હલાવી દે બધાને. પ્રેમચંદભાઈ નહિ તમારા વિછીંયાવાળા નથી બેસતા ઉપર બેસતા? એના દીકરાના

દીકરા. મુંબઈ ઘાટકોપર આપણે પાંચ–છ છોકરા, સાત છોકરા વિચારક જાગ્યા ત્યાં અને છ–આઠ છોકરા ભજનિયાં જાગ્યા પણ ભજનમાં આ છોકરો તો વિચાર સાથે છે માળો! હા, એવું એવું મીઠું બોલે છે ને. 'માનવભવ જગમાં દોહ્યલો રે લોલ. દુર્લભ દુર્લભ જૈન અવતાર', એની સાથેની....અહીં જૈન અવતાર અને એની દેસી કાંઈ બીજી હતી. પણ હવે યાદ કરીને ફટ આંહી ત્રીજા પદને એવી રીતે આમ ગોઠવી દેતો ક્યાંક એવી ભાષા, એની સાથે

'સદ્‌ગુરુ છાયા દોહ્યલી રે લોલ.
સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લોલ.
એ દોડે હાંફી ઝાંઝવાના જળની રે કાજ.
સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લાલ.
એ દોડે હાંફી ઝાંઝવાના જળની કાજ.
અરેરે! સાચા વારિ એને ના મળે રે લોલ.

વારિ એટલે પાણી. અરેરે! સાચા વારિ એને ના મળે રે લોલ.'

પંડિતજી નહોતા પરમ દિવસ? વયા ગયાને પંડિત તમે બેય વયા ગયા ચેતનજી. માળે પણ લલકાર્યું તું ને. એમ 'મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ.' એ મનનાં મૃગલાને તું પાછા વાળજો રે લોલ. જોડી દ્યો આતમ સરોવર આજ. એને મળશે આતમ સુખ અમુલા રે લોલ.' એને આત્માના સુખના અંદર અમોલા મળશે, કહે છે. હરિભાઈ તો હતા. હરિભાઈ હતા ને! એમ આખું ગાયું'તું. પાનું રાખ્યું છે. કોકને પાનું લેવું હોય તો લઈ લો આમાંથી. કહો સમજાણું આમાં? છોકરો માળો એવો જન્મ્યો છે ને. શાંતિભાઈ! એના બાપ ગુજરી ગયા છે પ્રાણલાલ. એનો છોકરો. જાણપણું નાનો હજી કુંવારો છે પણ ભારે! કહેણી સારી લ્યો ભાઈ, અમારે શાંતિભાઈ એના ફૂઆ થાય. કહેણી સારી, સાચી વાત. આહા! કહે છે, અરે! આ રીતે 'आतमाकौ ध्यान करै, देखै परगासतो' એ રાગની એકતાની જેલ તોડ, એનો વિલાસ મૂક અને આંહી ભગવાનના આનંદનો વિલાસ કર, તો તને સમકિત થાય અને તને મોક્ષના બીજડા આવે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

## પ્રવચન નં. ૨૨, મહાવદ ૧૧ રવિવાર તા. ૨૧-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૧૪, ૧૫ પર પ્રવચન

આ 'સમયસાર નાટક', જીવદ્વાર, ૩૫મું પાનું ૧૩મો કળશ છે. મૂળ કળશ હોં. પછી એનું પદ

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या,
ज्ञानानुभूतिरियमेव किलेति बुध्द्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

પદ ૧૪મું પદ છે. ૧૩મા કળશનો ગુણગુણી અભેદ હૈ.

'गुणगुणी अभेद है, यह विचारनेका उपदेश करते हैं'

सुद्धनयातम आतमकी, अनुभूति विज्ञान-विभूति है सोई।
वस्तुविचारत एक पदारथ, नामके भेद कहावत दोई।।
यौं सरवंग सदा लखि आपुहि, आतम-ध्यान करे जब कोई।
मेटि असुद्ध विभावदसा तब, सुद्ध सरूपकी प्रापति होई।।१४।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વિભાવ=પરવસ્તુના સંયોગથી જે વિકાર થાય તે. વિભૂતિ=સંપત્તિ.

**અર્થ :**–શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે, આત્મા અને જ્ઞાનમાં નામભેદ છે, વસ્તુભેદ નથી, આત્મા ગુણી છે, જ્ઞાનગુણ છે, તેથી ગુણી અને ગુણને ઓળખીને જ્યારે કોઈ આત્મધ્યાન કરે છે ત્યારે રાગાદિ અશુદ્ધ અવસ્થા નાશ પામીને શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :–આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે, એમનામાં વસ્તુભેદ નથી. જેમ અગ્નિનો ગુણ ઉષ્ણતા છે, જો કોઈ અગ્નિ અને ઉષ્ણતાને ભિન્ન પાડવા ઇચ્છે તો તે ભિન્ન થઈ શકતા નથી, તેવી જ રીતે જ્ઞાન અને આત્માનો સહભાવી સંબંધ છે પણ નામભેદ જરૂર છે કે આ ગુણી છે અને આ તેનો ગુણ છે.

**अर्थ :**–शुद्धनयके विषयभूत आत्माका अनुभव ही ज्ञानसम्पदा है, आत्मा और ज्ञानमें

नामभेद है वस्तुभेद नहीं है। आत्मा गुणी है ज्ञानगुण है, सो गुण और गुणीको पहिचान कर जब कोई आत्म-ध्यान करता है तब उसकी रागादि अशुद्धदशा नष्ट होकर शुद्ध अवस्था प्राप्त होती है।

**भावार्थ** :-आत्मा गुणी है और ज्ञान उसका गुण है, इनमें वस्तुभेद नहीं है। जैसे अग्निका गुण उष्णता है, यदि कोई अग्नि और उष्णताको पृथक् करना चाहे तो नहीं हो सकते। उसी प्रकार ज्ञान और आत्माका सहभावी सम्बन्ध है पर नामभेद अवश्य है कि यह गुणी है और यह उसका गुण है॥१४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જીવ દ્રવ્યની વ્યાખ્યા હાલે છે. જીવ દ્વાર છે ને. 'सुद्ध नयातम आतमकी'—આત્મા શુદ્ધ નયસ્વરૂપ દ્રવ્ય એ, શુદ્ધનય સ્વરૂપી જ છે. શરીર, મન વાણીથી રહિત, પુણ્ય–પાપના વિકલ્પની સ્થિતિથી રહિત, એક સમયની પર્યાયમાં પણ જેનો પ્રવેશ પર્યાયનો નથી. એક સમયની અવસ્થા એવી 'શુદ્ધ નયાતમ આતમ', ભગવાન ધ્રુવ સ્વરૂપ, નિત્યાનંદ સ્વરૂપ એવો જે શુદ્ધ નયસ્વરૂપ આતમ, એની અનુભૂતિ એ દ્રવ્ય લીધું. વસ્તુ, જે સમકિતનો વિષય, ધ્યાનનો ધ્યેય, એક સમયની પર્યાયનો આખું પર્યાયવાન વસ્તુ, શુદ્ધ નયસ્વરૂપ આત્મા છે. સમજાય છે કાંઈ? નવા માણસને આ બધું ગ્રીક–લેટિન જેવું લાગે. આવું શુદ્ધ નયસ્વરૂપ આત્મા, શું છે આ તે?

ભાઈ! વસ્તુ છે ને એ! આતમા છે ને! અસ્તિ છે ને! છે ને સત્તા! અનાદિ અનંત એક સદૃશ્ય સ્વભાવ, જે ધ્રુવ છે; તેને જ આ શુદ્ધ નયસ્વરૂપ આત્મા કહેવામાં આવે છે. એની 'अनुभूति विज्ञान विभूति है सोई'—એનો જે અનુભવ થવો એ પર્યાય છે, અવસ્થા છે. અનુભવ અવસ્થામાં હોય, અનુભૂતિનો વિષય ધ્રુવ છે, વિજ્ઞાન ઘન આત્મા. જેને ધર્મ પ્રાપ્તિ કરવી હોય, એને માટે કહે છે કે ધ્રુવ સ્વરૂપ જે ચૈતન્ય છે, એને અનુસરીને અનુભવ કરવો એનું નામ આત્માની પ્રાપ્તિ ને એનું નામ સમકિત કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

વસ્તુ છે ને સત્! પરમ સ્વભાવભાવ, એકરૂપ ત્રિકાળ, જ્ઞાન આનંદ આદિ વસ્તુ. આહીં વસ્તુ લઈને પછી જ્ઞાનનો અનુભવ કહેશે. એ તો વસ્તુનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો–બેય એક છે, એમ કહેશે. સમજાય છે કાંઈ? ગુણી એ વસ્તુ ને જ્ઞાન એ ગુણ. એ વસ્તુનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો, ગુણ ગુણી કાંઈ જુદા નથી. કહે છે 'અનુભૂતિ વિજ્ઞાન'. એ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ આનંદઘન એવા આત્માની–એવા આત્માની એમ, આતમ કહી છે ને. અનુભૂતિ, એના અનુસરીને આનંદનું પ્રગટ થવું. અવસ્થાના સ્વસંવેદનરૂપે આત્મા પ્રત્યક્ષ વેદનમાં આવે એને

અનુભૂતિ કહે છે, એને સમકિત કહે છે. અને એમાં આત્મા આવો છે, એવી પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ?

'सुद्ध नयातम आतमकी, अनुभूति विज्ञान विभूति है सोई'—ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ચૈતન્ય પોતાનો ભાવ ત્રિકાળ—એને આત્મા, એની અનુભૂતિ એ વિજ્ઞાન, એની વિભૂતિ હૈ, એ વિશેષે જ્ઞાન-આનંદ દશા થાય, એ આત્માની વિભૂતિ નામ સંપદા અને લક્ષ્મી છે. મલૂકચંદભાઈ! આ પૈસા—બૈસા, લક્ષ્મી—ધૂળ, એ ક્યાંય કાઢી નાખ્યું. રાગ એ વિકલ્પ, દયા-દાન-વ્રત એ એની લક્ષ્મી નહીં! આહાહા! ધર્મીના ધર્મની લક્ષ્મી ધર્મી એવો ભગવાન આત્મા, જેમાં પૂર્ણ જ્ઞાન દર્શન આદિ ધ્રુવ સ્વભાવ પૂર્ણ પડ્યો છે. એકરૂપ સદશ્ય છે, ધ્રુવ છે, નિત્ય છે, અચલ છે. એની અનુભૂતિ—એના સન્મુખ થઈને એનો અનુભવ થવો. એ અનાદિ પુણ્ય ને પાપના રાગની સન્મુખ થઈ, સ્વભાવના અનુભવની ઉત્પત્તિનો અભાવ અને વિકારની ઉત્પત્તિનો સદ્ભાવ—એ સંસાર, એ દુઃખ, અને એ મિથ્યાત્વ, એ નિગોદના પંથે જવાની રીત! આહાહા! સમજાણું કાંઈ?

આંહી તો ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ! એની અનુભૂતિ એ વિજ્ઞાન, એ વિજ્ઞાન એ વિભૂતિ, એ આત્માની લક્ષ્મી. શુદ્ધ સ્વસંવેદન આત્મા વસ્તુનું સ્વ નામ પોતાનું, સમ નામ પ્રત્યક્ષ વેદન. આત્માના આનંદનું, રાગને નિમિત્તના અવલંબન વિના, ત્રિકાળી દ્રવ્યના અવલંબનથી પ્રત્યક્ષ વેદન થાય, એને આત્માની પ્રાપ્તિ થઈ, એમ કહેવાય અને એ લક્ષ્મીને અહીં વિભૂતિ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? 'અનુભૂતિ વિજ્ઞાન', એમાં વિષયભૂત શબ્દ વાપર્યો છે. પાઠમાં શુદ્ધ નયાત્મક આતમ છે. અર્થમાં કંઈક વિશેષ શબ્દ વાપર્યો છે. પાઠમાં 'શુદ્ધ નયાતમ આતમ' બસ, અભેદ છે. શું કહ્યું ઈ?

'શુદ્ધ નયાતમ—શુદ્ધ નયસ્વરૂપ આતમ' એમ લીધું છે. અર્થ કહ્યો, પણ આણે એમ અર્થ બીજો કર્યો, પણ એ અર્થમાં ફેર કેમ પડે? એટલે વળી પછી. સમજાણું કાંઈ? એ તો એ સમજાવ્યું છે—સમજાવવાની રીત છે ને! જ્ઞાન, શુદ્ધ નય જે જ્ઞાનનો અંશ અને એનો વિષય—બે ભેદ પડતાં તો શુદ્ધ નયનો વિષય રહેતો જ નથી. આ શુદ્ધનય એટલે જ્ઞાનનો નિર્મળ અંશ અને આ એનો વિષય, એ તો ભેદ પડી ગયો. સમજાણું કાંઈ? પણ 'શુદ્ધ નયાતમ આતમ' શુદ્ધ નયસ્વરૂપ, ૧૧મી ગાથામાં એ કહ્યું છે ને, 'भूदत्थो देसिदो दु सुद्धणओ'

ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ તે શુદ્ધ નય છે. શું કહ્યું એ? ભગવાન આત્મા ભૂત ત્રિકાળદ્રવ્ય સ્વભાવ, પરમ પારિણામિક સ્વભાવ, સહજ સ્વભાવ, એકરૂપ સદશ્ય ભાવ એ શુદ્ધ નયસ્વરૂપ છે. શુદ્ધ નય અને એનો વિષય, એવા ભેદ એમાં છે નહીં. આહાહા!

ભારે ભાઈ! આવો ધર્મ તે શી રીતે હશે? સમજાણું કાંઈ? શુદ્ધ નયસ્વરૂપ ભગવાન આત્મા એટલે કે પવિત્રના સ્વભાવનું ધામ ચૈતન્ય પ્રભુ એવો જે આત્મા, એનો અનુભવ એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ આત્માના આનંદની વેદન દશા—સ્વસંવેદન પ્રત્યક્ષ દશા, એને અહીંયા અનુભૂતિ કહે છે. સમજાય છે?

આવો આ છે. આ તે ગુરુથી મળે એમ નથી, એમ કહે છે આંહી. ગુરુની ભક્તિ કરીએ તો આપણને મળશે. તો અહીં ના પાડે છે, એમ નથી. વસ્તુનો સ્વભાવ એવો નથી. એ ગુરુ પોતે જ, ગુરુદેવ છે. ગુરુ ને દેવ ભગવાન આત્મા પોતે જ છે. પૂર્ણ સ્વરૂપ તે દેવ છે. પૂર્ણ સ્વરૂપનું સાધન કરનારો પણ એ પોતે ગુરુ છે. એમાં બોલવું નથી આવતું. 'એ તેરમું ગુણસ્થાન તારું નહીં', એમ તલકચંદભાઈ કહેતાને. તેરમું ગુણસ્થાન તારું નહીં, એમાં આવ્યું છે. આહાહા! આહીં તો બે પદમાં બે ભાગ કર્યા. એક પદમાં વસ્તુ ધ્રુવ સ્વરૂપ, એ શુદ્ધ નયસ્વરૂપ અને એનો અનુભવ થવો. જે અનાદિનો પુણ્યને પાપના રાગનું, આકુળતાનું, દુઃખનું વેદન હતું, એ વેદન પલટીને સ્વભાવને આશ્રયે વેદન જે થયું એ અનુભૂતિ. અતીન્દ્રિય આનંદ ને રાગ વિનાનું સ્વથી પ્રત્યક્ષ વેદન થાય, જેમાં આત્મા પ્રત્યક્ષ થાય, એવા ભાવને અનુભૂતિ વિજ્ઞાન કહે છે. પોપટભાઈ! ભારે ઝીણી વાતું આ! એને ધર્મની ખબર ન મળે ને માળા ક્યાંકનું ક્યાંક લગાવી દીધું છે. આ ધર્મની પહેલી સીઢીની શરૂઆતની વાત છે. સમજાણું કાંઈ?

એ 'विभूति है सोई'—એ જ્ઞાન સંપદા છે એની. એ અનુભવની જ્ઞાન સંપદા એવી છે. આહાહા! ભારે નિરાલંબ વસ્તુ અંતરમાં હજી સાંભળીને અંદર બેસવી એને કઠણ પડે. કારણ કે અભ્યાસ નહીં ને ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ દેવની વાણીમાં તો આ આવ્યું છે કે, 'તારો આત્મા તે જ ભગવાન અને તેનો અનુભવ તે તારી વિભૂતિ અને તારું વિજ્ઞાનઘન સંપદા'. આ છોકરાં ને પૈસાની સંપદા એ તો ક્યાંય ધૂળમાં વહી ગઈ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ એની સંપદા નહીં, એમ કહે છે. જેનાથી નિશ્ચય થાય અને જેનાથી આ થાય ને એ બધી વાતું બાપા! નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ અને વ્યવહારથી વિરુદ્ધ નિશ્ચય. વિરુદ્ધથી અવિરુદ્ધ થાય, એમ અંદર નાખે છે. એનો અનુભવ સીધો, પ્રકાશદાસજી! આવું સ્વરૂપ છે. આહાહા! પછી માણસને એવું લાગે કે 'આ તો નિશ્ચયની વાત કરે છે. વ્યવહારની વાત કરતા નથી. વ્યવહાર પહેલો આવે છે.' વ્યવહાર પહેલો કહેવો કોને સાંભળને! પહેલા મીંડા ને પછી એકડો એમ છે? આહાહા!

ભાઈ! તને ખબર નથી. 'તીર્થંકર કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' એ કેવળીએ પ્રરૂપ્યો આ ધર્મ. સમજાણું કાંઈ? એ પૈસે બૈસે ધર્મ થાતો નથી, એમ કહે છે. પાંચ દસ

હજાર ખરચી નાખ્યા ને ધર્મ થઈ જાય? બિલકુલ નહીં. 'તો ન દેવાને?' પ્રશ્ન કર્યો' તો એક જણે. કો'કે કાંઈ કર્યો'તો નહીં? વીંછીયા, રતિભાઈ—પ્રેમચંદભાઈના દીકરા રતિભાઈએ નહીં ચીમનભાઈએ કર્યો હતો. એ માણસ હોશિયાર, પ્રશ્ન કર્યો હતો. આ આમ કહે છે, પૈસાથી ધર્મ ન થાય. 'હવે દેવા નહીં ને?' ખુલાસો માટે હોં (શ્રોતા : લોભ કરવો ને અમારે?) પણ રાખવા એ આત્માનો ધર્મ છે? રાખી શકે છે લક્ષ્મીને? દઈ શકે છે? જડની અવસ્થા ને જડનું તત્ત્વ દેવું, એ તો જડ મારા માન્યા, એટલે 'મેં' દીધું, એ તો મિથ્યાત્વભાવ થયો, અજીવને જીવ માન્યો. આહાહા! પણ તમારા જેવા પૈસાવાળાને પૈસા બે, પાંચ, દસ હજાર, વીસ હજાર ખરચી નાખે, લાખ બે લાખ. પણ એટલા બધા તો ન ખરચે. પણ થોડા ઘણા ખરચે. હવે એની પાસે મૂડી છે એટલાં ખરચી નાખે. અડધા કરતાં, દશમો ભાગ ખરચે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એવું આવે છે, લ્યો દસમો ભાગ આવે છે ને!(શ્રોતા : કમાણીનો દસમો ભાગ) વાત સાચી કમાણીનો આવે છે. મૂડી ભેગી થઈ છે તે કમાણી કરી કરીને થઈ છે ને.

वस्तु विचारत एक पदारथ, नामके भेद कहावत दोई,।
शुद्ध नयातम आतमकी, अनुभूति विज्ञान विभूति है सोई।।

એ જ્ઞાનનો અનુભવ કહો કે આત્માનો અનુભવ કહો, એમ કહે છે. આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો, બેય એક જ વિજ્ઞાનલક્ષ્મી છે એની. સમજાણું કાંઈ? 'वस्तु विचारत एक पदारथ,'. વસ્તુ—ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ અને એનું જ્ઞાન—એમ બે નામ ભલે પડો. જ્ઞાનની અનુભૂતિ અને આત્માની અનુભૂતિ—એવા શબ્દભેદ પડો, વસ્તુમાં ભેદ છે નહિ. સમજાણું કાંઈ? ભારે ભાઈ, ધર્મ આવો! આ લખે છે મનીષ, ઠીક છે, લખે છે તો ખરો. કહો સમજાણું કાંઈ? 'નામકે ભેદ કહાવત', આત્મા ગુણી અને એનું જ્ઞાનગુણ, એ ગુણીનો અનુભવ ને ગુણનો અનુભવ—એવા નામભેદ હો, વસ્તુભેદ છે નહીં, એમ કહે છે. ભારે વાત છે ભાઈ!

પણ આમાં કરવું શું પહેલું અમારે, એવું કાંઈક આવે છે? (શ્રોતા : આત્માની અનુભૂતિ કરવી, આવે છે) આ કરવું—આ કરવું નથી? કાંઈક ક્રિયા કરે, આ વ્રત કરે ને તપ કરે, દેરાસર માંડે, જાત્રા કરવા જાય ને તો કાંઈક કરે, તો કાંઈક કર્યું કહેવાય. ભાઈ! એ તો શુભ રાગનો વિકલ્પ છે અને ક્રિયા જડની—ચાલવાની હાલવાની એ તો જડની ક્રિયા છે. 'ત્યારે એ ભાવ ન કરવો ને?' પણ ન કરવાનો પ્રશ્ન ક્યાં છે? એ હોય છે, એને કરવો નથી પણ એ આવી જાય છે. શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો વિકલ્પ આવે છે. પણ આવી જાય, એ કરવા જેવો

છે, એ વસ્તુનું સ્વરૂપ છે, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

'यौ सरवंग सदा लखि आपुहि'. એ ગુણી એવો ભગવાન અને ગુણ એવું જ્ઞાન. જ્ઞાયકભાવ ને જ્ઞાયક ભાવ ધરનાર, બેયનો પિછાણ કરી, 'सरवंग सदा लखी' 'લખી' એટલે જાણી. 'આપુહિ' આ પોતે પોતાથી જાણવું, એમ કહે છે અને રાગને મનની જ્યાં અપેક્ષા નથી, વ્યવહારની જ્યાં અપેક્ષા નથી, એમ કહે છે. એ 'सरवंग सदा लखी', કાયમ પોતે ગુણ ગુણીનો અભેદ છે, એમ એનો અનુભવ પોતાથી કરવો. વ્યવહારની અપેક્ષા રાખીને કરવો, એમ નથી. સમજાણું કાંઈ? એ 'सरवंग...गुण और गुणीको पहिचानकर जब कोई आत्म-ध्यान करता है' 'સર્વાંગ'—આખું અંગ બુદ્ધિ—આત્મા ને જ્ઞાન સર્વાંગ એક સ્વરૂપ છે, એમ મૂળ કહેવું છે.

'सदा लखी' કાયમ એનું ધ્યાનમાં વિષય તો ગુણગુણીનો અભેદ, ભેદ ન પાડતાં અભેદ લક્ષમાં લઈને 'आपुहि आतम-ध्यान करै जब कोई'—પોતાના સ્વભાવથી પોતે પોતાની અપેક્ષા કરીને, રાગ ને વિકલ્પ ને નિમિત્ત ને રાગના સંગની ને મનના સંગની અપેક્ષા છોડી દઈને, 'आपुहि आतम-ध्यान करै'—પોતે આપ આત્મા, આત્મા કોને કહીએ? એ તો વીતરાગી વિજ્ઞાનઘન છે, તે આત્મા. એવો આપ આતમધ્યાન કરે, તે આત્માનું ધ્યાન કરે ને આત્મામાં એકાગ્ર થાય.

'जब कोई.....सुद्ध सरूपकी प्रापति होई' એને અશુદ્ધ રાગદ્વેષ આદિનો જે અનુભવ હતો, એનો એને નાશ થાય. સમજાણું કાંઈ? અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય. એટલે શું કીધું? કે અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પની—અનાત્માની પ્રાપ્તિ હતી. એ વસ્તુના સ્વભાવની દૃષ્ટિમાં જતાં, એને આત્મા આવો છે, એમ વેદનમાં આવતાં એને આત્માની પ્રાપ્તિ થાય છે. ભારે વાત ભાઈ! એનું નામ સમકિત ને એનું નામ ધર્મ કહેવાય છે. ભારે કામ ભાઈ!

'मेटि असुद्ध विभावदसा तब' એ તો નાસ્તિથી વાત કરે છે હોં! મેટિ અશુદ્ધ વિભાવદશા તબ—'सुनिष्प्रकम्प' છે ને એમ લીધું છે 'निवेश्य सुनिष्प्रकम्प'—એમાંથી લીધું છે જરી. છે તો આમ નિષ્કંપ—સ્થિર થવું પણ રાગના વિકલ્પથી છૂટી જઈને કોઈ પણ ગુણ ગુણીના ભેદનો જે વિકલ્પ રાગ ઊઠે, તે અશુદ્ધતા છે. એને છોડી દઈને, એટલે એનું લક્ષ છોડી દઈને, સ્વભાવના દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેણે રાગાદિ અશુદ્ધતા નષ્ટ હોકર....જુઓ ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ—ત્રણ સિદ્ધ કર્યા. સમજાય છે કાંઈ?

ભગવાન ધ્રુવ, શુદ્ધ નયસ્વરૂપ, એનું ધ્યાન કરતાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય, મલિન પર્યાય જાય, એ 'ઉત્પાદ્-વ્યય-ધ્રુવ યુક્તં સત્' દ્રવ્ય લક્ષણ છે. સમજાણું કાંઈ? આવો

માર્ગ વીતરાગનો હશે? વીતરાગનો માર્ગ તો ભઈ દયા પાળવી લ્યો. 'ઢુંઢત ઢુંઢત ઢુંઢ લીયો સબ વેદ પુરાણ કિતાબમેં, ઢુંઢત હૈ સબ યહ પાવત, બિન ઢુંઢે નહીં પાવત, ઢુંઢત હૈ સબ તબ એક ચીજ પાવત, જીવ વિના જીવ દયા બીન ધરમ નહીં હોઈ.' લો, પણ જીવ દયા કોની? તારી કે પરની? એનો અર્થ છે કાંઈ? ઈ આવે છે શ્લોક.

કહે છે, ભગવાન! તારી દયાની વાત, પરની દયા તો વિકલ્પ છે. એ તો વૃત્તિ પરસન્મુખ જાય તો એ વિકલ્પ ઊઠે છે. એ વિકલ્પ તો બંધનું કારણ છે. આહાહા! ચૈતન્ય ભગવાન પોતના સ્વભાવને અનુસરીને થાય, એમાં અશુદ્ધ દશા જાય અને શુદ્ધ સ્વરૂપની ઉત્પત્તિની પ્રાપ્તિ થાય, ધ્રુવપણું તો કાયમ રહે. લ્યો, આ ધર્મ પામવાની કળા અને રીત– ભાઈ! ભારે ધર્મ આવો! એઈ ચૈતન્યદાસજી, પ્રકાશદાસજી. શ્રોતા : (ચૈતન્ય ને પ્રકાશ બેય અભેદ આવ્યું.) આહાહા! એનો ભાવાર્થ લીધો છે આહીં હોં!

ભાવાર્થ :—'आत्मा गुणी है और ज्ञान उसका गुण है, उसमें वस्तुभेद नहीं'. પ્રદેશભેદ નહીં, એમ. કે જ્યાં સાકર છે ત્યાં ગળપણ છે. ગળપણના અંશો જુદા અને સાકરના જુદા, એમ નથી. એમ ભગવાન આત્મા અને એનો જ્ઞાનગુણ–એ જ્ઞાનગુણનું ક્ષેત્ર ને પ્રદેશ જુદા ગુણ અને ગુણીના પ્રદેશ ક્ષેત્ર જુદા, એમ છે નહીં. ભારે વળી! ગુણગુણીનું વળી ક્ષેત્ર! મકાન હોય કે અમારા રાજકોટમાં મકાન છે. ફલાણા એકર છે. એઈ! આ વસ્તુ છે ભાઈ! તારું ક્ષેત્ર તો આંહી અંદર છે. (શ્રોતા : તું પોતે જ છો) આહાહા! એ જ્યાં જે ભાગમાં આત્મા છે, તે જ ભાગમાં જ્ઞાન છે. જ્ઞાન અને આત્મામાં ક્યાંય ભિન્નતા અંદર છે નહીં. સમજાણું કાંઈ?

'जैसे अग्निका गुण उष्णता है'. અગ્નિનો ગુણ ઉષ્ણતા છે, એની હારે સમજાવ્યું છે. 'यदि कोई अग्नि और उष्णताको पृथक् करना चाहे तो नहीं हो सकते'. અગ્નિ અને ઉષ્ણતાને જુદા કરવા માગે તો થઈ શકે નહિ. ઉષ્ણતા જાય તો અગ્નિ નહિ રહે, અગ્નિ જાય તો ઉષ્ણતા નહીં રહે. 'यदि कोई..... उष्णताको पृथक्.....नहीं हो सकते; उसी प्रकार ज्ञान और आत्माका सहभावी सन्बन्ध है,' દેખો. ભગવાન આત્મામાં સાથે રહેવાનો જ્ઞાનનો સંબંધ છે. રાગ ને પુણ્યનો ને શરીરનો સાથે રહેવાનો સંબંધ નથી. આહાહા! સમજાણું કાંઈ? આત્માકા....અને જાણવું કયુ? એ આત્મગુણ હોં! પર્યાયની આંહી વાત નથી.

જાણવાનો જે સ્વભાવ, સ્વ-ભાવ, સ્વભાવ અને સ્વભાવવાન આત્મા, એમાં સહભાવી બેયને સંબંધ છે. જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન છે ને જ્ઞાન છે ત્યાં આત્મા છે. ભારે આવી વાતું! (શ્રોતા : ગુણ ગુણી અભેદ છે.) ગુણગુણી અભેદ હૈ. આત્મા, જેમ

અગ્નિની ઉષ્ણતા, એ ઉષ્ણતા ને અગ્નિ પૃથ્થક કરવા જાય તો પૃથ્થક નહીં હો સકે, એમ આત્મા અને જ્ઞાન સ્વાભાવિક સંબંધ હૈ. ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ દેશ અને એનો જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ ધ્રુવ—બેયનો સંબંધ એક છે. અનુભૂતિ આત્માની ને જ્ઞાનની બેયની એક કહી'તી ખરીને! દેહનો અનુભવ ને આત્માનો અનુભવ. તમે તો પહેલાં આત્માનો અનુભવ કહેતા હતા! આત્માનો અનુભવ કરવો, આત્માનો અનુભવ કરના, વળી પાછો જ્ઞાનનો અનુભવ કરવો, એમ કહો છો.

વળી એક જ છે વાત. આત્મા, અંદર દેહના રજકણ ને રાગથી ભિન્ન પરિણામી સ્વરૂપ દ્રવ્ય વસ્તુ કહો કે એનો જ્ઞાન ગુણ, અવિનાભાવી રહેલો ગુણ કહો. જ્ઞાન એ આત્માકા સહભાવી–સાથે રહેવાવાળો સંબંધ છે, પર નામ ભેદ અવશ્ય હૈ, નામભેદ છે. ગુણનું નામ જ્ઞાન ને ગુણીનું નામ ગુણી અથવા આત્મા, એવું નામભેદ છે. વસ્તુભેદ નથી. 'यह गुणी है और यह उसका गुण है', લ્યો. કહો સમજાય છે કાંઈ? ૧૩મા કળશનો અર્થ થયો. ૧૪મું પદ ને ૧૩મો કળશનો અર્થ. હવે ૧૪ કળશ.

**अखण्डितमनाकुलं 'ज्वलदनन्तमन्तर्बहि'–**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते,**
**यदेकर समुल्लसल्लवणखिल्यलीलायितं।।१४।।**

'ज्ञानियोंका चिंतवन' એ ૧૫મું પદ.

**अपनैंही गुन परजायसौं प्रवाहरूप,**
**परिनयौ तिहूं काल अपनै अधारसौं।**
**अन्तर-बाहर-परकासवान एकरस,**
**खिन्नता न गहै भिन्न रहै भौ-विकारसौं।।**
**चेतनाके रस सरवंग भरि रह्यौ जीव,**
**जैसे लौंन-कांकर भरयौ हे रस खारसौं।**
**पूरन-सुरूप अति उज्जल विग्यानघन,**
**मोकौं होहु प्रगट विसेस निरवारसौं।।१५।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ખિન્નતા=ન્યૂનતા. ભૌ(ભવ)=સંસાર. લૌન કાંકર=મીઠાની કણી. નિરવારસૌં=ક્ષયથી.

**અર્થ** :–જીવ પદાર્થ સદૈવ પોતાના જ આધારે રહે છે અને પોતાના જ ધારા–પ્રવાહ ગુણ–પર્યાયોમાં પરિણમન કરે છે, બાહ્ય અને અભ્યંતર એકરસખો પ્રકાશિત રહે છે, કદી ઘટતો નથી, તે સંસારના વિકારોથી ભિન્ન છે, તેમાં ચૈતન્યરસ એવો ઠાંસોઠાંસ ભર્યો છે જેવી રીતે મીઠાની ગાંગડી ખારાશથી ભરપૂર હોય છે. આવો પરિપૂર્ણ સ્વરૂપ, અત્યંત નિર્વિકાર, વિજ્ઞાનઘન આત્મા મોહના અત્યંત ક્ષયથી મને પ્રગટ થાવ. ૧૫.

**अर्थ** :–जीव पदार्थ सदैव अपने ही आधार रहता है और अपने ही धाराप्रवाह गुण-पर्यायोंमें परिणमन करता है, बाह्य और अभ्यन्तर एकसा प्रकाशवान रहता है कभी कमती नहीं होता, वह संसारके विकारोंसे पृथक् है, उसमें चैतन्यरस ऐसा ठसाठसा भर रहा है, जैसे कि नमककी डली खारेपनसे भरपूर रहती है। ऐसा परिपूर्ण स्वरूप, अत्यन्त निर्विकार, विज्ञानघन आत्मा मोहके अत्यन्त क्षयसे मुझे प्रगट होवे॥१५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બનારસીદાસ! પ્રગટ હો એ પૂર્ણ થાઓ એમ. પંડિતજી! 'अपनैं ही गुन परजायसौं प्रवाहरूप'. કૈસા હૈ ભગવાન આત્મા? પોતાના ગુણના ભેદથી પ્રવાહરૂપ છે. અભેદ વસ્તુ પણ ગુણના ભેદથી પ્રવાહ એમ ને એમ. દ્રવ્ય જેમ છે, એમ ગુણ પણ એમ ને એમ 'परिनयौ तिहूंकाल अपनै आधारसौं' 'પરિનયૌ'—એટલે પરિણામિક સ્વભાવ, એ પોતે પોતાના કાળ આધારથી પોતે રહેલો છે. સમજાય છે કાંઈ? પર્યાય, આંહી આ ભાષા એમ લીધી છે. ખરેખર, તો ગુણ પર્યાય પોતાના છે. એમાં લખ્યું છે અર્થમાં, 'प्रवाहरूप गुणपर्यायोंमें परिणमन करता है' પણ ખરેખર તો એ ગુણના ભેદરૂપ પરિણમનના સ્વભાવ કાયમ છે એનો.

'દ્રવ્ય આત્મલાભ હેતુક પરિણામ' નથી આવતું ભાઈ. 'પંચાસ્તિકાય' 'દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ' ભાષા તો એમ છે. આમાંય એમ લખ્યું છે. 'સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે.' 'પરિણમનથી ભરેલું' નો અર્થ પારિણામિક ભાવ સ્વરૂપ ત્રિકાળ ભરેલો છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ ઝીણું માર્ગ! આવો ઝીણો! સમાજને માટે આ કામનું હશે? સુખી થવું હોય એ જ વ્યક્તિને તો બધાને માટે આ જ છે. આહાહા! શું થાય! જગતને લૂંટ્યા છે ને! જગતના ધર્મને બહાને! લ્યો, ભાઈ અમારે કહે છે, વાત સાચી છે. ઐસા હી હુઆ.

ભગવાન! આવો મનુષ્યદેહ પામીને, મનુષ્યદેહની અંદર આવી વસ્તુ! આહાહા! 'દોહી દે' એમ આવ્યું'તું ને! 'દોહ્યલો માનવભવ', એમ આ 'દોહ્યલો આતમલાભ'. ભગવાન આત્મા, પોતાના ગુણના ભેદથી પ્રવાહરૂપ એટલે કે અભેદ ને ભેદ—બેય પ્રવાહ

સદા એમ ને એમ છે. 'परिनयौ तिहूंकाल अपनै आधारसौं'—પોતાના પરિણામિક ભાવથી ત્રિકાળ આધાર, એમ ને એમ છે. આહાહા! ભારે ભાઈ! આવી વ્યાખ્યા ધર્મની! એમ ને એમ છે. પોતાના દ્રવ્યનો આધાર છે અને ગુણ એમ છે, એમ કહે છે. ગુણ ને દ્રવ્ય એમ ને એમ આધાર, એમ ને એમ આધાર—આધેય એકરૂપ છે. ખ્યાલમાં તો લે કે વસ્તુ કેવી છે? સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે, એમ પ્રભુ એ આધાર અને એનો ભાવ આધેય. પણ એ બધા અભેદ છે હોં! એ પોતે અભેદપણે ત્રિકાળી એમ ને એમ. પરિણામિકભાવનો આધાર, પરિણામિકભાવ દ્રવ્યનો, એમ ને એમ વસ્તુ છે ત્રિકાળ. 'अपनैं ही गुन परजायसौं प्रवाहरूप, परिनयौ तिहूंकाल अपनै आधारसौं' अंतरबाहर प्रकाशवान एकरस એ શક્તિનું આખું તત્ત્વ અંતરમાં અને એનું બાહ્ય એટલે, અહીં બાહ્યનો અર્થ સાધન લીધું છે, જયચંદ પંડિતે.

વચન ને કાયા ને એવું લીધું છે. પણ અહીં તો ખરેખર ત્રિકાળ શુદ્ધ ધ્રુવ છે, એનું પ્રગટપણું પર્યાયનું છે, એ પણ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ એ અભ્યંતર અને એનો આશ્રય કરીને થતી નિર્મળ વીતરાગી દશા એ બાહ્ય. કેમ કે પર્યાય એ બાહ્ય તત્ત્વ છે. આવે છે ને! 'નિયમસાર'. સંવર—નિર્જરા મોક્ષ બાહ્ય તત્ત્વ છે, ઓલું અંતઃતત્ત્વ છે. ભારે ભાઈ! રાગને બહિર્તત્ત્વ કહેવું. બહિરાત્મા એને માને એમ કે હા, બહિર્તત્ત્વ છે. કહે છે, અંતર એકરૂપ તત્ત્વ તે અંતઃતત્ત્વ ને અશુદ્ધ દશા તે આખા અંતઃ અપેક્ષાએ બાહ્ય તત્ત્વ. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

'अन्तर-बाहर-परकासवान एकरस एकसा प्रकाशवान रहेता है' સદૃશ્ય ધ્રુવ અને એની નિર્મળ દશા, એ નિર્મળ એકસી એકસરખી પ્રકાશવાન રહેતા હૈ. એવું કહ્યું છે, બહારમાં બે ભેદ પાડ્યા ને એટલે (શ્રોતા : જયચંદ પંડિતે)....આ તો આટલો ભેદ પણ ખટકે છે. પ્રકાશવાન બાહ્ય અભ્યંતરનો અર્થ એકરૂપ વસ્તુ છે. અને એનો જે ગુણ છે. એ બેય બાહ્ય અભ્યંતર તત્ત્વ છે. અને બાહ્ય આમ કહો એનાથી આધેય રહેલો ગુણ છે. એ બેય એકરૂપે રહેલા છે. ત્રિકાળ સમજાણું કાંઈ? ઓલા ખારનો દાખલો આપશે ને! ખાર મીઠાની ગાંગડીમાં એકલો ખાર રસ જ ભર્યો છે. આવું અધ્યાત્મ તત્ત્વ છે. સાંભળવા મળે નહીં જગતને, બિચારા ક્યાં જાય? અરેરે! મનુષ્યભવ ચાલ્યા જશે હોં! આહાહા! ભગવાન આત્મા!

'अन्तर-बाहर-परकासवान एकरस' એમ છે ને જરીક એટલે 'खिन्नता न ग्रहे'—એમાં ખિન્નતા નથી. વસ્તુ સ્વરૂપ અખંડ દ્રવ્યરસ, ભાવરસ એ દ્રવ્યનો ભાવ હોં!

અંતરબાહ્ય, ઈ બધું અંતરનું અંતર. ખિન્નતા ન ગહૈ, છે ને અંદર? 'कमती नहीं होता है'. ખિન્નતાની વ્યાખ્યા. કમ(નહીં) અને ભિન્ન હૈ વો વિકારસે. કમી નહિ અને ભૌ નામ વિકારથી ભિન્ન રહે છે, એવું દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા, આતમ દ્રવ્ય, એમ જ્ઞાની પોતાના આત્માનો વિચાર કરે છે. ધર્મી જીવ આવા આત્માનો, આવો છે, એમ વિચાર કરે છે. 'હું કર્મના સંબંધવાળો છું, બંધવાળો છું, રાગવાળો છું, એને હું તોડું'–એમ નહીં, કહે છે. સમજાણું કાંઈ?

'अन्तर-बाहर-परकासवान एकरस, खिन्नता न गहै भिन्न रहै भौ-विकारसे'— ભવનો વિકાર, જેને સંસાર જેના સ્વભાવમાં નથી, એને અહીંયા આત્મ તત્ત્વ ને દ્રવ્ય કહીંએ. આહાહા! વસ્તુ મુક્ત સ્વરૂપ, અખંડ આનંદ ને જ્ઞાનનો સાગર પ્રભુ! 'ખિન્નતા ન ગહૈ'—એમાં કંઈ ખિન્નતા–કમી ન રહે. કમીપણું એમાં રહે નહીં, કમીપણું થાય નહીં. 'भिन्न रहै भौ-विकार'—એવો ભગવાન આત્મા, ભવના ઉદયભાવના વિકારથી તો ભિન્ન ત્રિકાળ રહે છે. રહેલો જ છે એવો, એમ કહે છે. એણે માન્યું છે, એ જુદી વાત છે. આહાહા! 'ભિન્ન રહે ભૌવિકાર' જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવપણે રહ્યો છે. 'પ્રવચનસાર'માં આવે છે ને ૨૦૦મી ગાથા બસો અન્યથા કલ્પ્યો છે. અધ્યવસાય કર્યો છે. 'હું રાગ ને શરીરવાળો છું' એવો અજ્ઞાનીને અનેરો અન્ય અધ્યવસાય–નિર્ણય, એણે ઉભો કર્યો ખોટો. સમજાણું કાંઈ? 'ભૌ વિકાર' છે ને અંદર જુઓ. 'संसारके विकारोंसे पृथक् है' વિકારનો અર્થ–જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવથી પણ ભગવાન તો ભિન્ન છે આત્મા. એને આત્મા કહીએ. ભવનો ભાવ એ આત્મા ક્યાં? એ તો અનાત્મા છે. સમજાણું કાંઈ?

આ 'સમયસાર નાટક' છે આ, નટનું નાટક છે. આ સાંભળવા મળે નહિ, વિચારે કે'દિ? અરેરે! જીંદગી જાય છે ભાઈ! મૃત્યુને સમીપ દેહની સ્થિતિ જાય છે. આવા અવસર મળવા દોહ્યલા છે બાપા! ચક્રવર્તિની સંપદા મળવી સહેલી છે, પણ આવા ચૈતન્યના આનંદરસના ઘોલનના કાળ, એ મળવો અનંતે કાળે મહાદુર્લભ છે. કહે છે, 'चेतनाके रस सरवंग भरि रह्यौ जीव'. જીવદ્વાર છે ને! જીવની વ્યાખ્યા છે ને! જીવ એને કહીએ. 'ચેતના કે રસ સરવંગ ભરી રહ્યો' જુઓ ગુણનો ભેદ પાડ્યો છે. પ્રવાહ એનો આ ચેતનારસ છે આ.

'चेतनाके रस सरवंग' સર્વાંગ. શેરડીના રસમાં સર્વાંગ મીઠાશ છે. શેરડી સમજતે હૈં? ગન્ના–ગન્ના. સાકરમાં સર્વાંગમાં મીઠાશ. મીઠાની ગાંગડીમાં સર્વાંગ ખારાશ છે. ભગવાન આત્મા, સર્વાંગ સર્વ અંગ સર્વ સ્વરૂપ, એમ ચૈતન્યરૂપ છે. ચૈતન્યમાં ભરેલો છે ઈ. ''चेतनाके रस सरवंग भरि रह्यौ जीव'.' ભરી રહ્યો ને ચેતના, નવો ભર્યો એમ

છે? આત્મામાં ચૈતનરસ ભરિ રહ્યો છે, અનાદિ છે એમ ને એમ. 'चैतन्यरस ऐसा ठसाठस भर रहा है' અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ કરે તો પણ તે રસમાં ખિન્નતા ન આવે, ખામી ન આવે. અપૂર્ણતા ન થાય. આહાહા! અરે! વિશ્વાસ તો લાવે અંદરથી. એમ ને એમ સંદેહ ને આ, આ આ ને ડામાડોળ! સમજાણું કાંઈ?

કહે છે, આ દેહમાં ભગવાન આત્મા ચૈતન્યના રસથી ભરેલું તત્ત્વ છે આ! વિકલ્પનો રસ છે ઈ ચૈતન રસ નથી. એ ચૈતન્યના વિકલ્પો ગતિ, રાગથી ભરેલા નથી. ઉદયભાવના બોલ છે ને શું કહેવાય, કેટલા? એકવીસ—એનાથી ખાલી છે, એમ કહે છે. એ ભગવાન ચૈતન્યનાથના રસના રસથી ભર્યો ભંડારવાળો છે અને ઉદયભાવના ભાવથી તદ્દન શૂન્ય છે. એવા આત્માને આત્મા કહીએ ને એ આત્માનો અનુભવ તેને ધર્મ કહીએ. ભારે મોંઘું ભાઈ! આવું ન સમજાય તો પછી કરવું શું અમારે? એ કરતાં અહીંયા સારું. સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા, અપવાસ કરવા, કાંઈક કરશું તો વળી...પણ આ સમજાય, ન સમજાય એ કોણ કહ્યું તને? ન સમજાય એવું કાંઈ શલ્ય રાખ્યું છે. એની જાત, પોતાની ગંધ પોતાને ન સમજાય? અને પોતે મૂકી આવે પોતાની ચીજને? પણ એની એણે દરકાર કરી નથી.

'चेतनाके रस सरवंग भरि रह्यौ जीव, जैसे लौंन–कांकर भरयौ है रस खारसौं' જેમ नमकको डली खारेपनसे भरपूर रहती है. નમક, નમક—મીઠું, એની ગાંગડી, ગાંગડો એકલો ખાર—રસથી ભર્યો છે. એમ ભગવાન આત્મા ચૈતન્યરસથી ભરેલો છે. સમજાણું કાંઈ? 'जैसे लौंन–कांकरसे भरयौ है खारसौं'—ખારને રસ કીધો અને ઓલાને ગાંગડી કીધી એટલો ફેર, નામભેદ પડ્યો. આત્મા ચૈતન્યરસથી ભરેલો છે, એમ નામભેદ કર્યું, બાકી ચૈતન્યરસ ને આત્મા એકરૂપ છે વસ્તુ. કોની વાત કરે છે આ? એ તારા ઘરની વાત છે. તારા ઘરમાં તું આવડો છે એની વાત હાલે છે આંહી. આહાહા! એની ખબરું ન મળે, એની ઓળખાણ ન મળે અને ધર્મ એને થઈ જાય! કરનારો ધર્મનો કરનારો આત્મા. ધર્મ તો પર્યાય છે અવસ્થા. હવે એ કરનારો કેવડો કેમ છે, એના ભાન વિના એની અવસ્થા નિર્મળ આવે ક્યાંથી? આહાહા! સમજાણું કાંઈ?

બાહ્યની આ ક્રિયાકાંડમાં માની ધર્મ, મનુષ્યપણા ખોયા એણે. આહાહા! વીતરાગનો માર્ગ, સર્વજ્ઞના પ્રભુનો પંથ એટલે સર્વજ્ઞ સ્વભાવી તારો પંથ—સર્વજ્ઞ સ્વભાવી તું તારા પંથમાં, અંતરમાં ધ્યાવું, એ શુદ્ધ પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ ધ્યાનમાં ભરેલો ભંડાર છે. સર્વજ્ઞ—જ્ઞાનના રસથી ભરેલો છે. સર્વજ્ઞ જાણવાના સ્વભાવથી ભરેલો છે. સમજાણું કાંઈ? 'पूरन सुरूप अति उज्जल विज्ञानघन'—કેવો છે ભગવાન આત્મા અંદર?

પરિપૂર્ણ સ્વરૂપ છે અંદર. 'અતિ ઉજ્જવલ છે—નિર્વિકાર', વિકારની એમાં ગંધ નથી, વાસના નથી.

'पूरन सुरूप अति उज्जल विज्ञानघन' એવો વિજ્ઞાનઘન, ભગવાન. જેમ ઘીમાં શિયાળામાં ઘીમાં, એવું ઘી જામી ગયું હોય, જેમાં આંગળીનો તો પ્રવેશ કરે નહીં, પણ તવેથો પ્રવેશ કરવો કઠણ પડે. તવેથો સમજે? ખુરપા, ખુરપા. જોયેલું હોં મેં ૮૨ની સાલમાં નહીં? ધર્મચંદભાઈના ઘરે, તમારા ધરમશીભાઈ. ડબ્બો ઓલો અડધું હોયને અડધું. અડધો મણ ઘી હતું એવું ઠંડુ ને માથે શિયાળો. આમ કાઢતા'તા એવું કઠણ, એવું કઠણ. ૮૨'ની સાલની વાત છે. આહાહા! એવો વિજ્ઞાનઘન આત્મા છે કે જેમાં વિકલ્પ ને ઉદયની, દયા દાનના વિકલ્પનો જેમાં પ્રવેશ નથી. સમજાણું કાંઈ? આહાહા! અત્યંત નિર્વિકાર વિજ્ઞાનઘન આત્મા! આહાહા!

'मोकौं होहु प्रगट विसेस निरवारसौ'—'मोहके अत्यन्त क्षयसे मुझे प्रगट हो', એમ. 'मोकौं होहु प्रगट विसेस निरवारसौ' એટલે મલિનતા ટળીને એમ. 'મારો આત્મા ભગવાન છે', એ પ્રગટ થાઓ. પ્રગટ પરિપૂર્ણ થાઓ. સર્વજ્ઞ પદને લેતું પ્રગટ થાય, એમ ધર્મીની ભાવના હોય છે. એને વ્યવહાર કરવો ને એવી ભાવના હોતી નથી, એમ બતાવે છે. સમજાણું કાંઈ? આવે એ જુદી વાત છે, પણ કરવા જેવો ને કરવાની ભાવના છે, એમ નહીં. મારું આવું સ્વરૂપ, ચૈતન્યરસથી ભરેલું, 'मोकौं होहु प्रगट विसेस निरवारसौ' મેલ કાઢીને એમ—નિખાલસ જે વસ્તુ છે ટોકી ટોકી. निरवारसौ—નો અર્થ કર્યો છે ને ક્ષયથી. 'मोकौं होहु प्रगट विसेस निरवारसौ'—રાગના ભાવનો ક્ષય થઈ, મારું ચૈતન્ય ઉજ્જવળ ભગવાન પૂર્ણ મને પ્રગટ (થાઓ), એમ ધર્મીની આવી વિચારણા અને ભાવના હોય છે. આથી વિરુદ્ધ ભાવના હોય, એ ધર્મીની ભાવના નથી. આહાહા! એમ કહે છે. ભારે વાતું ભાઈ! આ કરો, રાગ વધારો, ભાવના કરો. પણ આ જ કરવા જેવું શુભ છે, એવી ભાવના કરો તો આગળ વધાશે. મિથ્યાત્વમાં વધે છે એ.

આ તો સમ્યક્ સ્વભાવમાં અંતરમુખમાં ચૈતન્યરસથી ભરેલા ભગવાન સન્મુખ થઈને આવી ભાવના કે મારો આત્મા જેવો છે, એવો મને અશુદ્ધતા ટળીને પૂર્ણ પ્રગટ થાય. અશુદ્ધતાનો ક્ષય થઈને. સમજાય છે? 'નિરવારસૌં'નો અર્થ કર્યો છે, ક્ષય નહીં! 'નિરવારસૌં'નો અર્થ શું થાય? નિરવારીને, નિરવારીને, ટાળીને, ક્ષય કરીને, લ્યો એમ. 'विसेस निरवारसौ' એ રાગાદિ છે ને, 'निरवारसौ'—ખુલાસો કર્યો ને મોહનો. વિશેષ પ્રકાર રાગાદિ મોહ છે, એનો નિકાલ—નાશ કરીને. એકરસનું દળ अखिल्यलीलायितम् એનો અર્થ કર્યો છે. વિજ્ઞાનઘન આત્મા જેવો છે એવો મને દશામાં અશુભતા નષ્ટ થઈને, જેવું એનું સ્વરૂપ છે, ક્ષાયિકભાવે પ્રગટ થાવ, એવી ધર્મીની ભાવના હોય છે. આહાહા!

જુઓ એક એક કળશમાં કેટલું ભર્યું છે હો પરિપૂર્ણ એક એકમાં પરિપૂર્ણ, એમ ને એમ વાંચી જાય. 'સમયસાર' એક જણ કહેતુ'તું, પંદર દિ'માં વાંચી ગયો હું. ભાઈ પંદર દિવસ શું? રાત ને ૨૪ કલાક બેસે તો બે ચાર દિ'માં પૂરું થઈ જાય. અક્ષર જ વાંચવું છે ને તારે! સંસ્કૃત ટીકા...થઈ જાય પૂરું, એમાં શું છે પણ? પંદરસો, પંદરસો, બે હજાર શ્લોકનો સ્વાધ્યાય કરતા'તા. બે કલાકમાં અઢી કલાકમાં ઉનાળાનો દિ' હોય ને પોરસી, બે—અઢી ત્રણ કલાકની હોય ને પોરસી, રાત્રિ. સ્વાધ્યાય દોઢ બે હજાર શ્લોક, ૧૫૦૦—૧૫૦૦ કંઠસ્થ. હીરાજી મહારાજ બેસતા, ત્રણે જણા થઈને સજ્ઝાય બે હજાર શ્લોકની હોં! બે ત્રણ ને અઢી કલાકમાં કંઠસ્થ. પણ શું છે ઈ? ઈ તો બહારની ચીજ છે.

હીરાજી મહારાજ નિવૃત્તિવાળા બહુ. બહારથી કોઈ સાથે ચર્ચાવાર્તા નહીં, સ્વાધ્યાય કરે બસ. શાસ્ત્ર મોઢે કંઠસ્થ હોય ને. બે પાંચ હજાર શ્લોક હોય છે. એ ફેરવે, ભેગા થઈને. આત્મા શું ચીજ છે, એની ખબરું વિના ચોથા આરાના સાધુ કહેવાતા, લ્યો. એઈ! અમરચંદભાઈ ને આ બેઉ બેઠાં શાંતિભાઈ. ૭૪માં ૭૪, નાગનેશમાં આવતા. આવું જે ભગવાન સ્વરૂપ, અરે! એને કાને પડ્યું નહોતું હોં. આહાહા! એ વાત વિહામે પડી ગઈ હતી. વસ્તુ રહી ગઈ એકલી, વર મૂકીને જાન જોડી દીધી. પોપટભાઈ! આહીં તો 'मोकौं होहु प्रगट विसेस निरवारसौं'—રાગની દશા અશુદ્ધતાની ટળી, ક્ષય થઈને અમારો ભગવાન શુદ્ધતા જેવો છે, એવો અમને પ્રગટ થાવ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી), તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે (—થાય છે) કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે ઉગ્ર રીતે જીવ-પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવી પ્રકાશિત થતી નથી.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર—ટીકા, કળશ-૫૦)

## પ્રવચન નં. ૨૩, મહા વદ સોમવાર ૨૨-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૧૬, ૧૭, ૧૮ પર પ્રવચન

નાટક સમયસાર જીવદ્વાર પાનું ૩૮

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धमभीप्सुभिः।
साध्य—साधकभावेन द्विधैकः समुपास्यताम्॥१५॥

એનો પદ છે એનો.

સાધ્ય-સાધકનું સ્વરૂપ અથવા દ્રવ્ય અને ગુણ-પર્યાયોની અભેદ વિવક્ષા.

जंह ध्रुवधर्म कर्मछय लच्छन,
सिद्धि समाधि साधिपद सोई।
सुद्धपयोग जोग महिमंडित
साधक ताहि कहै सब कोई॥
यौं परतच्छ परोच्छ रूपसौं,
साधक साधि अवस्था दोई।
दुहुकौ एक ग्यान संचय करि
सेवै सिववंछक थिर होई॥१६॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ધ્રુવધર્મ=અવિનાશી સ્વભાવ. સાધ્ય=જે ઇષ્ટ, અબાધિત અને અસિદ્ધિ હોય. સુદ્ધપયોગ=વતરાગ પરિણતિ. સિવવંછક=મોક્ષનો અભિલાષી. થિર=સ્થિર.

**અર્થ :**—સર્વ કર્મ-સમૂહથી રહિત અને અવિનાશી સ્વભાવ સહિત સિદ્ધપદ સાધ્ય છે અને મન, વચન, કાયના યોગો સહિત શુદ્ધોપયોગરૂપ અવસ્થા સાધક છે. તેમાં એક પ્રત્યક્ષ અને એક પરોક્ષ છે, આ બંને અવસ્થાઓ એક જીવની છે, એમ જે ગ્રહણ કરે છે તે જ મોક્ષનો અભિલાષી સ્થિર-ચિત્ત થાય છે.

**ભાવાર્થ :**—સિદ્ધ અવસ્થા સાધ્ય છે અને અરહંત, સાધુ, શ્રાવક, સમ્યક્ત્વી આદિ અવસ્થાઓ સાધક છે, એમાં પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. આ બધી અવસ્થાઓ એક જીવની છે એમ જાણનાર જ સમ્યગ્દષ્ટિ હોય છે. ૧૬.

**अर्थ** :-सम्पूर्ण कर्म-समुदायसे रहित और अविनाशी स्वभाव सहित सिद्धपद साध्य और मन, वचन, कायके योगों सहित शुद्धोपयोगरूप अवस्था साधक है। उनमें एक प्रत्यक्ष और एक परोक्ष है, ये दोनों अवस्थाएँ एक जीवकी हैं, ऐसा जो ग्रहण करता है वही मोक्षका अभिलाषी स्थिर-चित्त होता है।

**भावार्थ** :-सिद्ध अवस्था साध्य है और अरहंत, साधु, श्रावक, सम्यक्त्वी आदि अवस्थाएँ साधक हैं; इनमें प्रत्यक्ष-परोक्षका भेद है। ये सब अवस्थाएँ एक जीवकी हैं ऐसा जाननेवाला ही सम्यग्दृष्टि होता है॥१६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સાધક અને સાધ્યની વ્યાખ્યા. સાધ્ય છે સિદ્ધપદ પૂર્ણ. जहं ध्रुवधर्म. એ સિદ્ધપદના ધ્રુવધર્મની વ્યાખ્યા છે આ. ધ્રુવ ત્રિકાળી છે, આ અત્યારે(એની) વાત નથી. આહીં તો સિદ્ધપદ એ સાધ્ય છે અને સમ્યગ્દર્શન જ્ઞાન આદિ સાધક છે. સાધક ને સાધ્યની વાત ચાલે છે. મુક્તિ—મોક્ષદશા એ સાધ્ય છે. ધર્મીને એ સાધ્ય છે અને ધર્મીની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ જે પર્યાય નિર્વિકારી નિર્દોષ દશા, એ સાધક છે. વ્યવહાર રત્નત્રય એ સાધક નથી એમ સિદ્ધ કરી અને અપૂર્ણ શુદ્ધતા તે સાધક છે અને પૂર્ણ શુદ્ધતા તે સાધ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

'जहं ध्रुवधर्म कर्मछय लच्छन' કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી આત્માની દશા; નિમિત્તની અપેક્ષાએ વાત કરી છે. લક્ષણ....કર્મક્ષય લક્ષણ એમ. વિકલ્પ આદિ કે રાગ આદિ કે શરીર કર્મ આદિનો ક્ષય છે, એવું જે સિદ્ધપદ સાધ્ય, તે તેનું લક્ષણ છે. સમજાણું કાંઈ? 'जेह ध्रुवधर्म कर्मछय लच्छन सिद्धि समाधि साधिपद सोई' એને સિદ્ધિપદ ને સમાધિપદ ને સાધ્યપદ કહેવામાં આવે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનું સાધ્ય તો વિકારભાવ છે. એ વિકારભાવ પૂર્ણ અને એનું સાધન મિથ્યાત્વભાવ છે.

ધર્મી જીવનું સાધ્ય સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે એમ કહ્યું. દેખો....કે ધ્રુવધર્મ જે આત્મામાં ધ્રુવ. આવે છે ને પહેલા પદમાં, 'ध्रुवमचलमणोवमं' સિદ્ધગતિ એની વ્યાખ્યા અત્યારે ચાલે છે. ધ્રુવ નિશ્ચલપદ પ્રાપ્ત થાય, પરમ શુદ્ધતા, 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' વીતરાગ પરમેશ્વરે આ માર્ગ કહ્યો. મોક્ષ કહ્યો નિજશુદ્ધતા—પોતાની શુદ્ધતા પરિપૂર્ણ પ્રાપ્ત થવી, એનું નામ સાધ્ય સિદ્ધ સમાધિદશા. પૂર્ણ સમાધિ થઈ એમ. આહાહા! ઓલા સમાધિ કરે છે ઈ નથી હોં આ. સમાધિ એટલે પૂર્ણ સમાધાન શાંત અને આનંદદશા જેને પ્રગટ થઈ ગઈ, એવી જે સાધ્યદશા તેને અહીંયા સાધ્ય કહેવામાં આવે છે. સાધ્યદશા એને સિદ્ધપદ કહેવામાં આવે

છે. સિદ્ધપદ ને સાધ્યપદ કહો એમ.

'सुद्धपयोग जोग महिमंडित' કહે છે કે શુદ્ધ ઉપયોગ એ સાધક છે પણ, 'जोग महिमंडित' હજી જોગનો તદ્દન અભાવ થયો નથી, એમ કહે છે. યોગોનું કંપન છે એમ કહેવું છે. મન, વચન ને કાયા, આ તો નિમિત્ત છે. પણ આત્મપ્રદેશોમાં; વસ્તુ છે એમાં કંપન છે, છતાં શુદ્ધઉપયોગ છે તે સાધક છે. કહો સમજાણું કાંઈ? શુભ ઉપયોગ....શુભ ઉપયોગ તે સાધક નથી, એમ કહે છે. એય! પ્રકાશદાસજી, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ જાત એ રાગ એ સાધક નહીં, એમ કહે છે. આહાહા! 'सुद्धउपयोग जोग महिमंडित' 'मन वचन कायके योगोसहित' એટલે આ કંપનસહિત એમ. પાછો શુદ્ધોપયોગ કહ્યો અને ત્યારે કંપન છે કે નહીં ત્યાં એમ. એમ કે શુભઉપયોગ નહીં પણ શુદ્ધઉપયોગ. એમાં કંપન છે કે નહીં? કંપન હો, કંપન છે એમાં કહે છે. પણ શુદ્ધ ઉપયોગ, અંતર આત્મા તરફનો શુભ—અશુભ વિકલ્પના રહિત શુદ્ધ આત્મવેપાર, તદ્દન નિર્વિકલ્પ વીતરાગી પરિણામ એને અહીંયા શુદ્ધઉપયોગ કહ્યો છે. તેથી જરી લઈ લીધું કે ભઈ, વીતરાગી પરિણામ આવા હોય તો ત્યાં કંપન છે કે નહીં? કંપન હો. કંપન તો કેવળીને ય હોય છે. સમજાણું કાંઈ?

'सुद्धपयोग जोग महिमंडित' 'अवस्था साधक है,' એને સાધક કીધી. 'साधक ताहि कहे सब कोई' જુઓ, આહીં તો ભાષા જ બીજી છે. આત્મા અખંડ આનંદ સ્વરૂપ, શુદ્ધ સ્વભાવની મૂર્તિ આત્મા છે. એનું અંતરમાં દર્શન-જ્ઞાન ને ચારિત્રનાં પરિણામ વીતરાગી નિર્વિકલ્પ દશા, એ અંશે શુદ્ધઉપયોગ ચોથેથી શરૂ થાય છે, સમ્યગ્દષ્ટિથી. અત્યારે કહેવાય છે કે 'ના, એ છટ્ઠે સુધી તો શુભ જ ઉપયોગ હોય'. પંડિતજી! આહાહા! શું થાય? વસ્તુ તદ્દન નિર્મળ આનંદ પ્રભુ છે, એનો માર્ગ અંદર સૂઝતો નથી. એથી એને આ શુભઉપયોગમાં પણ બધું ભાસે છે. જે શુભરાગ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પ રાગ છે એને અજ્ઞાની ધર્મ કહે છે અને સાધન મુક્તિનું કહે છે એનો નિષેધ છે વીતરાગ માર્ગમાં. આહાહા!

'सुद्धपयोग जोग महिमंडित' જોગ સહિત એમ. 'साधक ताहि कहे सब कोई' એમ ભાષા કેવી લીધી છે! સંતો ધર્માત્મા તો આને સાધક કહે છે. કોઈ બીજાને સાધક કહે તો એ ધર્મી જીવ છે જ નહીં. હે ઉસમેં હે? સબકોઈ છે? ક્યાં છે? હજી સૂઝ પડતી નથી એમને. એની કોર નથી, આની કોર છે. હજી કેની કોર છે એની ખબર નથી. એ સોળમું....૧૬મું. ઓલો પંદરમો કળશ હતો. પણ એનું પદ છે ને એ ૧૬મું છે. એ તો ઓલો પંદરમામાં ગોતવા ગયા. પંદર ઈ....પંદરમો ઓલો કળશ છે ઓલીકોર અને આ ૧૬મો એનો અર્થ છે, ભાષાનુવાદ સમજ્યા?

'साधक ताहि कहे सब कोई', લ્યો, એને તો બધા સાધક કહે છે. શબ્દ આ ફરી ગયો છે એમાં. સબ કોઈ એમ કહ્યું ને! બધા સાધક એને કહે છે, એ શબ્દ આ ફરી ગ્યો છે. કહે છે એમ એટલું. બસ, આ સાધક હૈ બસ, એટલું લખ્યું છે. પણ પદ્યમાં જોગ છે, ન્યાય છે. ભગવાન આત્મા વીતરાગી પિંડ છે. સ્વરૂપ એનું ધ્રુવ નિત્ય શુદ્ધ ધ્રુવ અવિકારી સ્વભાવ, જેવો ભગવાનને પ્રગટ્યો છે પર્યાયમાં, એવો જ એનો ત્રિકાળી સ્વભાવ છે. એવા સ્વભાવ સન્મુખની જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ શુદ્ધઉપયોગરૂપી ભાવ એ એને સાધક કહીએ. સાધકમાં સાધન એ છે. શુભભાવ અને દેહની ક્રિયા, એ કોઈ સાધન છે નહીં. સમજાણું કાંઈ? 'साधक ताहि कहे सब कोई' ઓલી પદ મેળવવા હાટુ. ઓલામાં સોઈ છે ને 'સાધિપદ સોઈ' એટલે 'કહે સબ કોઈ' એમ એની સામે કરવા હાટુ આહાહા!

'यौं परतच्छ परोच्छ रुपसौं, साधक साधि अवस्था दोई'. પૂર્ણ સ્વરૂપ તે પ્રત્યક્ષ છે, સાધ્ય. અપૂર્ણ સ્વરૂપ છે આ એટલે એને પરોક્ષ કહેવામાં આવ્યું છે. સાધક અવસ્થા પરોક્ષ છે. પરોક્ષ એટલે જ્ઞાનની પર્યાયમાં પૂર્ણતા અને અપૂર્ણતા આમ સીધું ભાસતું (નથી), પ્રત્યક્ષપણે નથી એટલી અપેક્ષા, જ્ઞાનની અપેક્ષા લીધી છે. બાકી છે તો એ પોતાનો પ્રત્યક્ષ ભાવ. (શ્રોતા :....) હા, પણ અહીંયા એને પરોક્ષ તરીકે લીધું છે. પૂર્ણજ્ઞાનમાં આખો આત્મા અને પર્યાય જણાતી નથી. એ અપેક્ષાએ વસ્તુ જે આત્મા, અનાકુળ આનંદનું સ્વરૂપ એનું, એનું સાધકનું આનંદનું વેદન થાય પણ આનંદ જણાય નહીં, એ અપેક્ષાએ પરોક્ષ કીધું છે. (શ્રોતા : કોની અપેક્ષાએ?) ઓલાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પૂર્ણની અપેક્ષાએ. (શ્રોતા : અજ્ઞાનીની અપેક્ષાએ તો....) અજ્ઞાનીની વાત જ ક્યાં છે આહીં. અહીં તો સાધક-સાધ્યના બેમાં પ્રત્યક્ષ-પરોક્ષ લેવું છે ને. સમજાણું કાંઈ?

આ પ્રત્યક્ષ ને પરોક્ષ ને શું આ કહે છે? ભાઈ! તારી જાતમાં અખંડાનંદ પ્રભુ તું છો. તારા આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ જ્યાં સડેલા તરણાં અને ઉકરડા લાગે. આહાહા! એવો તું આનંદનો નાથ છો, અતીન્દ્રિય સુખસાગર છો. એવા અતીન્દ્રિય સુખસાગર આત્મા, કેવળી સર્વજ્ઞે કહ્યો એવો હોં, બીજાઓ અજ્ઞાની અલ્પ કહે અલ્પજ્ઞાની એની વાત નથી અહીંયા. આહીં તો પરમેશ્વર તીર્થંકરદેવ કેવળી(એ કહેલો) જે આત્મા અનંતગુણનો પિંડ અસંખ્યપ્રદેશી પૂર્ણ બ્રહ્મ આનંદ, એની જેને અંતર્મુખની સ્વસન્મુખની દૃષ્ટિ છે, સ્વસન્મુખનું જ્ઞાન છે, સ્વસન્મુખનાં અંશથી વિશેષ સ્થિરતા છે. ચોથે અંશે છે ને વિશેષ પછી....એને અહીંયા સાધક કહે છે. એને અહીંયા પરોક્ષ કહે છે. સમજાણું કાંઈ? અને પૂર્ણદશા સિદ્ધની થાય એ પ્રત્યક્ષ છે કેવળજ્ઞાન. અસંખ્યપ્રદેશ, અનંતગુણ લોકાલોક બધું પ્રત્યક્ષ છે એને. કહો પોપટભાઈ! છ દ્રવ્યનો જ્ઞાન કરનારો છે

ઈ. છ દ્રવ્યમાં આવે એવો નથી. સમજાણું? છ છોકરાનું જ્ઞાન કરે એવો છે પણ છ છોકરામાં એ આવે એવો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

'साधक साधि अवस्था दोई' સાધક અવસ્થા અને સાધ્ય; બે અવસ્થાઓ છે, હાલત છે. એ દ્રવ્ય ગુણ નથી. દ્રવ્ય એટલે ત્રિકાળી શક્તિનો પિંડ અને ગુણ એટલે શક્તિ. ગુણ કહો કે શક્તિ કહો. વસ્તુ અને વસ્તુનો સ્વભાવ. ભગવાન આત્મા પદાર્થ અને એનો સ્વભાવ—જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણ, એ બેય ધ્રુવ છે, નિત્ય છે અને આ સાધક અને સાધ્ય બે અવસ્થા છે, એની પર્યાય છે, એની દશા છે. સમજાણું કાંઈ? આ તો દ્રવ્ય ગુણ ને પર્યાયની ય ખબર ન મળે અને ધર્મ કરીએ હાલો. ધૂળમાં ય ધર્મ નથી. હજી ધર્મ કોને કહેવાય એની ખબરું નથી. એ નેમચંદભાઈ, સામાયિક કરીએ હમણાં સવારમાં કહે છે, લ્યો પડિક્કમણાં કર્યા. શેના સામાયિક ને શેને પડિક્કમણાં? ઓલા આત્મા પોતે કોણ છે, એનું તો ભાન નથી. પરમેશ્વરે આત્મા કહ્યો તીર્થંકરદેવે, એ આત્મા અનંતગુણનો પિંડ નિર્મળાનંદ પ્રભુ છે. આખું દ્રવ્ય ને ગુણ બધું શુદ્ધ છે. એ શુદ્ધની શ્રદ્ધા-જ્ઞાન થાય તે શુદ્ધતા હોય છે, એને અહીંયા શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

હવે સાધક બસ, આઠમેથી સાધક હોય? એ શુદ્ધ ઉપયોગ આઠમે થાય....સાતમે થાય, ત્યારથી સાધક કહેવાય. (શ્રોતા : એ આઠ કહે વાંધો નહીં.) આઠ કહે વાંધો નહીં. બસ....સાતમું તો હોય, નહીં તો છઠ્ઠું ન હોય, પણ હવે ઈ શું વાળતા હશે ગોટા? (શ્રોતા : એ કો'કવાર હા પાડે) સાતમું ક્યાંથી આવ્યું પણ કો'કવાર? આહાહા! (શ્રોતા : કો'કવાર હા પાડે છે કો'કવાર ના પાડે છે. બે વાત કરે છે.) બેય કરે છે. અરે ભાઈ! મુનિપણા જુદી ચીજ છે, ભાઈ! તને ખબર નથી. હે પ્રભુ! મુનિપણું એટલે ઓહોહો! પરમેશ્વરપદ થયો એ તો એને. એની તો અંદરમાં ત્રણ કષાયનો નાશ, વસ્ત્ર ને પાત્ર લેવાના વિકલ્પનો જેને અભાવ અને જેની બાહ્ય દશા નગ્ન દિગંબર હોય એને પરમેશ્વર, મુનિ કહે છે. એને મુનિ કહે છે. આહાહા!

ઓલામાં તો એક કેવળી થયા, તે મા—બાપની સેવા હાટું રહી ગ્યા ઘરમાં (શ્રોતા : સેવા બાકી રહી ગઈ'તી?) સેવા કાંઈક કે બીજું કાંઈક, શું કાંઈક? શું કહેવાય સુરમા પુત્ર. એના સાટુ રહ્યા છે એમ કહે છે. ઘરમાં પુત્રને કેવળ થયું, એ ઘરમાં રહ્યા. એમાં ઘરમાં શાક લાવ્યા. હવે શાકની છરી ન મળે. છરી (શાક) મોરવા હાટુ. કેવળીએ બતાવ્યું કે એ છરી કોઠીની પાછળ છે. આરે! ભગવાન આ તે કેવા કેવળી? (શ્રોતા : કેવળીની ભૂલ....) એ ભૂલ બધી એ લોકો ક્યાં માને છે? (શ્રોતા : એ તો જીવદ્રવ્યને માનતા જ નથી) એ તો....આહાર કરે એ મુનિ પણ મુખ્ય તો આ ભાષા બોલે છે ને એવું છે. સ્ત્રી

બોલે, પૂછે, ભગવાન ઉત્તર આપે એવું બધું છે એમાં તો. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે સાધકજીવ ને સાધ્ય બેય દશા છે. દશા સમજાય છે? અવસ્થા છે, પર્યાય છે, વર્તમાન એની હાલત છે. અને દ્રવ્ય ને ગુણ ત્રિકાળી ધ્રુવ છે. ભગવાન આત્મા અને એની શક્તિઓ જે છે, એ તો ધ્રુવ છે. આ એનું અંતર એકાગ્ર થઈને ધ્યાન કર્યું અને સમ્યગ્દર્શન–જ્ઞાન આદિ પ્રગટ થાય તે તેની દશા છે. એને અહીં સાધકદશા કહેવામાં આવે છે. એને અવસ્થા શબ્દ અહીં વાપર્યો છે. સમજાણું કાંઈ? અને સાધ્ય પણ એક અવસ્થા છે, એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? અવસ્થા, સાધક સાધિ અવસ્થા, હવે સાધિ તો મેળ હાટુ કર્યું છે, બાકી સાધક ને સાધ્ય અવસ્થા હોઈ એમ.

'दुहुकौ एक ग्यान संचय करि' સાધક અને સાધ્યનું જ્ઞાન કરી, 'सेवै सिववंछक थिर होई.' શિવના મોક્ષની અભિલાષાવાળો પૂર્ણ શુદ્ધતાનો; શિવ એટલે નિરુપદ્રવ કલ્યાણમૂર્તિ આત્માની દશા સિદ્ધની એને અહીં શિવ એનો વંછક, મોક્ષનો અભિલાષી જીવ 'सेवै थिर होई.' એ સાધ્ય–સાધકનું એકપણું દ્રવ્યને સેવે, બેપણું લક્ષમાં રાખે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? 'માર્ગ આવો ભારે દોહ્યલો રે લોલ'નો અર્થ એ સરળ છે. આહાહા! જાદવજીભાઈ, જુઓને બહારના જોખમમાં તો કેટલું થાય લ્યો, પૈસાવાળાને માટે. પૈસા વળી ન્યાં લઈ ગયા હોય દિવસે, સાંજે ઘરે લઈ આવે પેટી, ન્યાં રખાય કાંઈ? કરવું હોય ઓલું કાંઈક....એમાં ઓલો માળો આવે જમૈયાવાળો.... રસ્તામાં લૂટવા, હાય હાય!

(શ્રોતા : અત્યારે તો કલકત્તામાં એવી જ સ્થિતિ છે) ઈ છે એમ ક્યાંક આવ્યું'તું, આમાં આવ્યું'તું. ક્યાંક આવ્યું'તું, આ વીરવાણીમાં આવ્યું છે. આ વીરવાણી છે એમાં. આઠ–દસ તો ખૂન દરરોજ થાય છે, એમ કહે. (શ્રોતા : આઠ–દસ તો છાપામાં આવે છે. ખરેખર તો વધારે થતા હશે). (શ્રોતા : રોજ ઓછામાં ઓછા ૨૫–૩૦) ઓલા પૈસાવાળાને ઝવેરાત, ઝવેરાતનો ધંધો હોય કે પૈસા, એને તો સવારે હડફો લઈ જાય ને ન્યાં સાંજે પાછો લઈ આવે ઘરે. ન્યાં કાંઈ પૈસા–બૈસા રખાય દુકાને? (શ્રોતા : બેંકમાં ખાનું રાખ્યું હોય ન્યાં મૂકી આવે) હા, ન્યાં મૂકી આવે. બહુ....બહુ લખ્યું છે ઈ. વીરવાણીમાં બહુ લખ્યું છે કે આ શું થયું છે, પણ આ અરાજકતા. એમ આ ધર્મ....ધર્મમાં અરાજકતા થઈ છે. આહાહા! રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી ધર્મ થાય એ બધી અરાજકતા, ખૂન છે આત્માનું. સમજાણું કાંઈ?

વીતરાગનો ધર્મ વીતરાગભાવથી શરૂ થાય છે. આ તો વીતરાગનો ધર્મ છે. એ વસ્તુનો સ્વભાવ છે. કહે છે 'दुहुकौ एक ग्यान संचय करि' અવસ્થા અધૂરી સાધક અને પૂરી એનું જ્ઞાન રાખે પણ 'सेवै सिववंछक थिर होई.' પણ સ્વરૂપમાં સ્થિર થઈને

આત્માની સેવા કરે. બે ઉપર લક્ષ રાખે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં બે વાત આવે પણ સેવવાનું એક આવે. આહાહા! સેવવું એટલે શું? એ સ્વરૂપશુદ્ધમાં એકાગ્ર થવું એ સેવવાનું. ઉપાસવાનું આવે છે ને છઠ્ઠી ગાથા નહીં? પર દ્રવ્યથી લક્ષ છોડી સ્વદ્રવ્યની ઉપાસના ને સેવા કરતાં શુદ્ધ એમ અભિલખતે, એને શુદ્ધ કહેવામાં આવે છે. એ શુદ્ધ, ઓલું દ્રવ્ય શુદ્ધ હોં ત્યાં. ત્યાં ધ્રુવ શુદ્ધ છે.

પરદ્રવ્યથી આત્મલક્ષ છોડી શુદ્ધ ચૈતનદ્રવ્ય જે ત્રિકાળી તેની સેવા કરવાથી એટલે તેના તરફ ઢળવાથી જે શુદ્ધતા પ્રગટે, એને આ ધ્રુવશુદ્ધ કહેવામાં આવે છે. આહીં તો શુદ્ધતાનાં પર્યાયો બે ભેદ છે. બેનું જ્ઞાન લક્ષમાં રાખે પણ સેવવું છે ત્રિકાળી ધ્રુવને. સમજાણું કાંઈ? આ સેવવું ને સેવનારને આમ કાંઈક....ઓલી તમારી એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, હાળું સમજાય તો ખરું! આમાં તો નોવેલ વાંચતા હોય, એમાં શું ધૂળ સમજાય, એ તો અજ્ઞાન છે બધું, સાંભળને! પરનું કરવું ને પરનું છોડવું એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? પરનાં ગ્રહણ–ત્યાગ શૂન્ય છે આત્મા તો. ગ્રહણ–ત્યાગથી તો શૂન્ય છે. પણ એની આ અનાદિની બાહ્ય ઉપર દૃષ્ટિ છે. બાહ્ય જરીક છોડે એટલે આ ત્યાગી થયો, મહિમા એની આવે.

આહીં કહે છે કે અંદરના શુદ્ધ સ્વરૂપ જે વીતરાગી પરમાત્મ સ્વરૂપ આત્માનું, એનામાં એકાગ્ર થઈને જે શુદ્ધતા, પુણ્ય-પાપનાં ભાવ એ તો અશુદ્ધ છે, એને છોડી એ શુદ્ધ સ્વભાવના આશ્રયથી જેમાં અવલંબન આત્માનું આવે. શુભભાવમાં અવલંબન આત્માનું નથી, એમાં તો પરનું નિમિત્તપણું અવલંબન છે. સમજાણું કાંઈ? 'सेवै सिववंछक थिर होई' લ્યો. 'ये दोनों अवस्थाएँ एक जीवकी है, ऐसा जो ग्रहण करता है वही मोक्षका अभिलाषी स्थिर-चित्त होता है' સ્વરૂપમાં સ્થિર થાય. ચૈતન્ય ભગવાન આહા! એ માર્ગમાં આવે અંદરમાં સ્થિર થાય, એને અહીંયા સાધક દશા, મોક્ષના ઉપાયને અહીંયા કહેવામાં આવે છે. અરે! આ તો વાત પકડવી કઠણ છે. શું કહે છે અને કેવો માર્ગ! પ્રવાહ બીજે બદલાઈ ગયો છે ને.

નદીનાં પ્રવાહ હોય છે ને! આ કાંઠે હોય તો બહુ ઠીક પડે ગામવાળાને. અમારા ઉમરાળામાં નદી મોટી. એટલે કોઈવાર વહેણ આની કોર પાણી આવે તો લોકોને ઠીક પડે. ઓલી કોર હોય તો કેટલું છેટે ભરવા જાવું વેળું ખુંદીને. પંડિતજી, એ બેય જોયું છે. મોટી નદી છે ને જબરી. બહુ....જો આની કોરના વહેણમાં હોય તો તો બાઈયું ખુશી થઈ જાય. હા, પાણી ભરવાનું નજીક છે આપણે. પણ જો વહેણું ઓલી કોર ગ્યું આઘું ઠેઠ તો.... પછી વીરડા–બીરડા ખોદીને કરે મજૂરી. આની કોર નજીક ન એટલું બધું ખૂંદીને જાવું પાછું. વીરડા ખોદે ને કરે એમ કરતા'તા. પાણી ઓલી કોર હાલ્યું હોય, પણ

આહીં શું કરવું? એટલે બધે જાવું તો પાછું બેડું ઉપાડીને પાછું આહીં લાવવું તો થડ નીકળી જાય. એમ આ વહેણ....વહેણ હોય જેના અજ્ઞાનમાં પરમાં, એ ઓલે કાંઠે ગ્યું એ તો. પણ જેનાં વહેણ સ્વભાવ તરફ વળે, એ આ કાંઠે નજીકમાં આવ્યો એ તો. સમજાણું કાંઈ?

એ બધું જોયેલું ને નાની ઉંમરમાં, તેર વરસ તો ત્યાં રહ્યા'તા ને ઉમરાળે. બધું જોયેલું થોડું....થોડું....થોડું. બહુ તૃષા લાગી હોય તો ન્યાં આસપાસ પાણિયાર ન હોય, તો ન્યાં જઈએ છોકરાઓને લઈને, નજીક જ નિશાળ. પાણીયાર નજીકમાં ન હોય, નિશાળનું પાણી આમ ભરનારી ન આવી હોય. તો છોકરા ન્યાં જાય ઓલા પાણી ભરતા હોય ને બાઈયું પાણિયાર, લાવો કહે પાણી પીવું છે ઓલો છાલિયો....છાલિયો હોય ને છાલિયો ભરીને આપે ઈ. નજીકમાં હોય એ. એય! પોપટભાઈ, (શ્રોતા : વીરડો) વીરડામાંથી આપે, વીરડામાંથી આપે.

આહીં કહે છે, મોટો વીરડો આત્મા છે ભાઈ. આહાહા! એ ઓલું પાણી ભરે એટલે વીરડામાંથી એક પટ નીકળતું જાય અંદરથી હોં. પાણી ભરેલું, આમ હોય આટલું ખાબોચિયું. પાણી એમાંથી ભરીને આખું બેડું બે મણનું છતાં પાછો તરત જ ભરાઈ જાય, તરત ભરાઈ જાય. મોટો પ્રવાહ પાતાળનો છે ને! એમ ચૈતન્ય ભગવાન અનંત આનંદ અને જ્ઞાનનો પાતાળકૂવો છે ઈ. એમાં દૃષ્ટિ રાખીને શુદ્ધતા કાઢે, એને અનુભવે....કાઢતાં કાઢતાં અનંતો અનુભવ થાય તોય ત્યાંય ખૂટે એવું નથી. સમજાય છે કાંઈ?

ઝઘડા....ઝઘડા....ઝઘડા! જો ને ઓલો કહે પરમાણુ વિના આપણે વિચાર ન કરી શકીએ પુદ્‌ગલ વિના, લે, આ ગજબ છે ને! આ ઉજ્જૈનનો આ મોટો વિદ્વાન કહેવાય છે એનામાં. આહીં કોણ દેખે છે? આહીં ક્યાં છે? દેખનારો તો જ્ઞાન છે. એક ભાઈએ પૂછ્યું'તું તે દિ' શેઠિયાએ વર્ણીજીને, 'આંખ વિના દેખાય નહીં, નાક વિના સૂંઘાય નહીં, ધર્માસ્તિ વિના ગતિ થાય નહીં, અધર્માસ્તિ વિના સ્થિર થાય નહીં, આકાશ વિના રહેવાય નહીં, કાળ વિના પરિણમે નહીં', બરાબર છે ને? કહે 'હા'. અરે ભગવાન! આ કહે છે આત્માના વિચાર, લખ્યું છે ને! વાંચ્યું ને! ન કહ્યું, વિચાર કે કોઈ એવો શબ્દ છે.

જુઓ....'પુદ્‌ગલકે બિના તો વિચાર ભી નહીં કર સકતે હૈં'. ઠીક 'હમ જિસ જગતમેં રહ રહે હૈં ઉસમેં જડ—પુદ્‌ગલકો ગ્રહણ કિયે બિના હમારા જીવન ચલ હી નહીં સકતા. ઈસ પૃથ્વી પર હમ રહ રહે હૈં. ભૂખ લગને પર અન્ન ખાતે હૈં, પ્યાસ લગને પર જલ પીતે હૈં. આવી વાતો! કોણ ખાય, કોણ પીવે, એ તો જડની ક્રિયા છે. એય! નેમચંદજી, આહીં તો નાના છોકરાંઓ કહે, આ ખાય કોણ? જડને ખાય આત્મા. જડને અડતો નથી, એને ખાય શી રીતે? (શ્રોતા : રાગને આત્મા ખાતો નથી) રાગનો અનુભવ એ જીવનો અનુભવ નથી. આહાહા!

એવું બધું ઘણું લખ્યું એમાં લ્યો. છે ને 'પૃથ્વી પર હમ'....છે ને. 'આકાશ મેં હમ અવગાહન સ્થાન લિયે બૈઠે હૈં. કાળ હમેં નયા–પુરાના બના રહે, કાળ બના રહે નયા–પુરાના. ચલતે હૈં તો ભી બહારસે પુદ્ગલકો ગ્રહણ કરકે ધર્માસ્તિકાયકી સહાયતાસે ચલતે હૈં.' આ બધો પ્રશ્ન ઉઠ્યો'તો શેઠિયાને. શું છે કીધું આ? 'અરે, બિના ઉન્હેં ગ્રહણ કિયે એક શબ્દ ભી નહીં બોલ સકતેં લ્યો. યહાં તક કે ચિંતન ઔર વિચાર ભી તભી કિયા જા સકતા હે જબ મનોવર્ગણાકે પુદ્ગલોંકો ગ્રહણ કિયા જાય. ઈસકા મતલબ યહ હુઆ કે પુદ્ગલકે સહયોગકે બિના હમ વિચાર ભી નહીં કર સકતે હૈં. સર્વથા હી ચૈતન્ય માત્ર કો પુદ્ગલકા સહારા લેના પડતા હે, લ્યો. જિસે પુદ્ગલકે ગ્રહણ કરનેકી આવશ્યકતા નહીં હોતી વો એકમાત્ર સિદ્ધ પરમાત્મા હૈ, અન્ય કોઈ નહીં.' જાઓ.

આહીં તો કહે છે કે સમ્યગ્દર્શનમાં અજ્ઞાની માને છે કે રાગવાળો છું, પુદ્ગલસહિત છું. પણ સમ્યક્ ભાન થતાં એ સહિત છું જ નહીં. રાગ સહિત નથી પછી પુદ્ગલનો સહારો લઈને બોલવું, એ છે ક્યાં? આહાહા! પંડિતજી, આરે ભગવાન! શું કર્યું તે આ? આહાહા!

ભાવાર્થ લીધો, 'सिद्ध अवस्था साध्य है और अरिहंत, साधु, श्रावक, सम्यक्त्वी आदि अवस्थाएँ साधक हैं', દેખો. સમકિતીને પણ સાધક કહ્યા અહીંયા (શ્રોતા :....) છે ને એમાં પાઠમાં એમ છે ને. પૂર્વ અવસ્થા સાધક અને ઉત્તર અવસ્થા સાધ્ય. ત્યાં ચૌદ ગુણસ્થાનમાં એમ લીધું છે. અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર એને ય સાધકમાં ગણ્યું, હજી એ પૂર્ણ નથી ને એટલે. સમજાણું? (શ્રોતા : સિદ્ધ અવસ્થા એ સાધ્ય) સાધુ આત્મજ્ઞાની ધર્માત્મા વીતરાગી નિર્ગ્રંથ મુનિ હોય છે; જંગલવાસી મુનિ હોય છે, એને પણ સાધક કહેવામાં આવે છે. શ્રાવક સમકિતી જ્ઞાની પાંચમા ગુણસ્થાન વાળા....શ્રાવક આ વાડાનાં શ્રાવક નહીં હો! એ વાડાનાં શ્રાવક, શ્રાવક જ નથી. (શ્રોતા : સાવજ) એય! (શ્રોતા : કહેતા માણસો....) હા...હા....કહેતા. એ બધું આવતું ખબર છે ને! સાવજ....સાવજ! શ્રાવક પંચમ અને સમકિતી ચોથાવાળા લ્યો. 'આદિ અવસ્થાએ સાધક હે'. સાધકમાં તો શુદ્ધ ઉપયોગ લીધો ત્યાં.

'सुद्ध उपयोग जोग महिमंडित, साधक ताहि कहे सब कोई' આહાહા! (સમકિતીને) ભલે શુદ્ધઉપયોગ ત્રિકાળી કાયમ ન રહે પણ ઈ શુદ્ધ પરિણતિ છે, એ જ શુદ્ધ ઉપયોગ છે. સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વભાવ પવિત્ર વીતરાગ સ્વરૂપ આત્માનો, એનો જે વેપાર શુદ્ધ છે, એ શુદ્ધ પરિણતિ એ જ શુદ્ધ ઉપયોગ છે. ભલે જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાન છોડીને એકાકાર ઉપયોગ થાય એ તો વળી બરાબર છે, પણ નહીંતર એ શુદ્ધ પરિણતિ છે શુદ્ધ અવસ્થા, જેવો દ્રવ્ય ને ગુણ છે એવી દશા, એને પણ શુદ્ધ ઉપયોગ

કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

'इनमें प्रत्यक्ष-परोक्ष का भेद है' સમકિતથી માંડીને અમુક સુધી પરોક્ષ છે અને પછી પ્રત્યક્ષ. 'ये सब अवस्थाएँ एक जीवकी हैं.' એક ભગવાન આત્માની દશા છે. ચંદ્રનો જેમ બીજ ઊગે અને પૂનમ થાય એ બધી દશા ચંદ્રની છે, એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક ભાવની પ્રાપ્તિથી માંડીને દશા અને સિદ્ધની, એ બધી જીવની દશા છે. એ કંઈ કર્મથી થયેલી દશા અને કર્મની છે, એમ છે નહીં. 'ये सब अवस्थाएँ एक जीवकी हैं ऐसा जाननेवाला ही सम्यग्दृष्टि होता है' આવા જાણવાવાળા તેને સમ્યગ્દષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે....'द्रव्य और गुण पर्यायों की भेद–विविक्षा' ૧૬મો શ્લોક. બેય લેવું છે ને પાછા અહીં. અભેદ ને ભેદ બેય બતાવવું છે આહીં. અહીં ખૂબીથી શબ્દ છે જુઓ.

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ॥१६॥**

એનો ૧૭મો શ્લોક. ૧૬મો કળશ છે અને ૧૭મો એનો ભાષાનુવાદ છે.

દ્રવ્ય અને ગુણ-પર્યાયોની ભેદ-વિવક્ષા (કવિત્ત)

**दरसन-ग्यान-चरन त्रिगुनागम,**
**समलरूप कहिये विवहार।**
**निहचै-दृष्टि एकरस चेतन,**
**भेदरहति अविचल अविकार।**
**सम्यकदसा प्रमान उभै नय,**
**निर्मल समल एक ही बार।**
**यौं समकाल जीव की परिनति,**
**कहैं जिनेंद गहै गनधार॥१७॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : સમલ=અહીં સમલ શબ્દથી અસત્યાર્થ, અભૂતાર્થનું પ્રયોજન છે. નિર્મલ=આ શબ્દથી અહીં સત્યાર્થ, ભૂતાર્થનું પ્રયોજન છે. ઉભૈ નય=બન્ને નય (નિશ્ચયનય અને વ્યવહારનય). ગનધાર=ગણધર (સમવસરણના પ્રધાન આચાર્ય).

**અર્થ :–**વ્યવહારનયથી આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર–એ ત્રણ ગુણરૂપ છે, આ વ્યવહારનય નિશ્ચયનયની અપેક્ષાએ અભૂતાર્થ છે, નિશ્ચયનયથી આત્મા એક

ચૈતન્યરસસંપન્ન, અભેદ, નિત્ય અને નિર્વિકાર છે. આ બન્ને નિશ્ચય અને વ્યવહારનય સમ્યગ્દષ્ટિને એક જ કાળમાં પ્રમાણ છે, એવી એક જ સમયમાં જીવની નિર્મળ અને સમળ પરિણતિ જિનરાજે કહી છે અને ગણધરસ્વામીએ ધારણ કરી છે. ૧૭.

**अर्थ** :–व्यवहारनयसे आत्मा दर्शन, ज्ञान, चारित्र तीन गुणरूप है; यह व्यवहारनय निश्चयकी अपेक्षा अभूतार्थ है, निश्चयनयसे आत्मा एक चैतन्यरससम्पन्न, अभेद, नित्य और निर्विकार है। ये दोनों निश्चय और व्यवहार नय सम्यग्दृष्टिको एक ही कालमें प्रमाण हैं; ऐसी एक ही समयमें जीवकी निर्मल समल परिणति जिनराजने कही है और गणधस्वामीने धारण की है।।१७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જિનેન્દ્ર તીર્થંકર દેવ કહેતા હતા અને સમોવશરણના સાધુના નાયક એવા ગણધરદેવ ઝીલતા હતા. સમોવશરણમાં ભગવાન; અત્યારે પણ મહાવિદેહમાં સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ બિરાજે છે અને ગણધરો સાંભળે છે અને ભગવાનની વાણી નીકળે છે. સમજાણું કાંઈ? હવે એનો અર્થ : 'दरसन-ग्यान-चरन त्रिगुनातम, આત્મામાં શુદ્ધ ધ્રુવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એવી ત્રણ પ્રકાર, મોક્ષનો જે માર્ગ ત્રણ ભેદ, એ ત્રણ ભેદ છે તેને સમલ કહીએ, કહે છે. સમલ કહો, મેચક કહો, વ્યવહાર કહો, ભેદ કહો. ત્રણ ભેદ છે ને! આહાહા! શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની અંતર્મુખની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર એવા ત્રણ ભેદ પડ્યા ને, ત્રણ પ્રકાર પડ્યા ને, ત્રણ પ્રકાર તેને અહીંયા મળ કહ્યો છે. મળ નામ વ્યવહાર કહ્યો છે. મળ નામ અભૂતાર્થ કહ્યો છે. જુઓ બીજી ભાષા અહીંયા, એ અર્થમાં આવશે. (શ્રોતા : ....) સાચી વાત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો નિશ્ચય. વ્યવહાર, વિકલ્પ–ફિકલ્પ એ કોઈ મોક્ષમાર્ગ છે જ નહીં. સમજાણું કાંઈ? આત્મા પૂર્ણ આનંદનું સ્વરૂપ અને પૂર્ણ જ્ઞાનનો પિંડ, એવો આત્મા, એની શ્રદ્ધા સમ્યક્ અનુભવ થઈને હોં, ભાનમાં આવીને શ્રદ્ધા! એવી વસ્તુ છે એનું જ્ઞાન થઈને શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં લીનતા, પણ ઈ ત્રણ પ્રકાર પડ્યા ને. ત્રણ પ્રકાર પડ્યા એટલે ભેદ થઈ ગયો. એથી એને વ્યવહાર કહ્યો અને એને અભૂતાર્થ કહીને એને મેલ કહ્યો. મેલનો અર્થ ભેદ. આરે! આવી ભાષા એવી જાતની. પાઠમાં છે ને જુઓ. 'समलरूप कहियै विवहार' કેમ કે અભેદ ચિદાનંદ આત્મા એનો આશ્રય કરવા જેવો છે, એને નિર્મળ કહીએ. ભેદનો આશ્રય કરવા જેવો નથી માટે એને વ્યવહાર અને મળવાળું કહ્યું છે. મળનો અર્થ ભેદ છે ત્યાં. આહાહા! સમજાણું કાંઈ?

વ્યવહાર, 'दरसन-ग्यान-चरन त्रिगुनातम, समलरूप कहीयै विवहार' આહાહા! નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહાર અને મળરૂપી કહ્યો, તો મળ સાધક અને નિર્મળ સાધ્ય?

કળશમાં ય એમ આવ્યું પણ કઈ અપેક્ષા વાત છે આમાં સમજો. અપૂર્ણ દશા છે અને એમાં ત્રણ પ્રકાર પડ્યા એ. ઈ, ત્રણ પ્રકાર પડ્યાને, દર્શન-જ્ઞાન ને ચારિત્ર. એ ભેદની અપેક્ષાએ તેને વ્યવહાર કહ્યો છે. સ્વરૂપની સાથે અભેદ થઈ જાય આત્માની સાથે, એ તો નિશ્ચય છે. ઝીણી વાતું ભારે ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞ દેવે કહ્યો, તીર્થંકર પરમેશ્વરે કહ્યો, એવો આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પણ એ શુદ્ધ એકરૂપ છે અને એની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રનાં ત્રણ ભેદ પડે છે. તેથી તેને વ્યવહાર કહી અને અભૂતાર્થ કહીને એને મળવાળું છે, એટલે આશ્રય કરવા લાયક નથી, એમ કહ્યું છે. નહીંતર તો ભેદનો આશ્રય કરવા જાય ત્યાં વિકલ્પ ઊઠે, માટે મેલ છે એમ. આહાહા! ભારે માર્ગ ભાઈ! સમજાણું કાંઈ? અને 'समलरूप कहीयै विवहार' છે ને! 'व्यवहार नयसे आत्मा दर्शन, ज्ञान, चारित्र तीन गुणरूप है; यह व्यवहारनय, निश्चयकी अपेक्षा अभूतार्थ है' ત્રિકાળ જ્ઞાયકભાવ....વસ્તુ આખી અખંડ અભેદ, એ નિશ્ચય છે. અને એમાં પર્યાયના ભેદ પડ્યા, એ પર્યાય પોતે વ્યવહાર છે, એમ કહે છે. ભારે ભાષા!

શબ્દાર્થમાં લીધું છે જુઓને. 'समल-यहाँ समल शब्दसे असत्यार्थ, अभूतार्थका प्रयोजन है' એમ શબ્દાર્થ છે. અહીંયા સમલ શબ્દસે અસત્યાર્થ, અભૂતાર્થ એટલે? ત્રણ ભેદ તે સાચા નથી. વસ્તુ અભેદ અખંડ છે, એમ કહે છે. આરે....આરે! સાધારણ વેપારીવાળાને તો આમાં મગજમાં પકડાવું કઠણ. એય! કારણ ત્યાં વેપારમાં કાંઈ બહુ મગજનું કામ ન હોય ન્યાં. (શ્રોતા : વેપારી તો બહુ ડાહ્યા હોય). હવે આ ડાહ્યા હોય, ડાહ્યા હોય કેટલાક, બાકી સમજવા જેવા હોય બધા. લે આ, જુઓ કહે છે. પણ એને ઓલા પૈસા—બૈસાનું જોર હોય ને, આબરૂ મોટી હોય એમાં હાલતું હોય બધું ગાડું. પછી ડાહ્યા કહેવાય દુનિયામાં. લોકો નથી કહેતા, પૈસાવાળાના છોકરા ડાહ્યા કહેવાય. પૈસા વિનાના છોકરા સારા હોય પણ ગણતરીમાં ન ગણાય એમ બહુ એટલે ગાંડા કહેવાય એમ એનો અર્થ. ત્યાં ડહાપણ નો (હોય તો ચાલે). આહીં ડહાપણ તો આ જોઈએ શાણાપણું એ. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે ઈ જુદું છે હોં. ત્રણ ભેદ કહેવાય, એક વસ્તુમાં ત્રણ ભેદ કહેવાય એ જુદા છે. ત્યાં વિકલ્પની આહીં વાત નથી. એ તો અસદ્‌ભૂત વ્યવહાર, ઈ તો અસદ્‌ભૂત વ્યવહાર એટલે નથી એની શું વાત કરવી? અસદ્‌ભૂત વ્યવહાર એટલે નથી એમ. આ તો છે એની વાત છે, અવસ્થા છે. અભેદના ભેદની વાત છે. ઓલું તો ક્યાં ગ્યું આખું એ અસદ્‌ભૂત છે, અસદ્‌ભૂત છે. વ્યવહાર રત્નત્રય તો અસદ્‌ભૂત એટલે કે એની

પર્યાયમાં ખરેખર નથી. આહાહા! હજી તો પર્યાય અને એમાં વળી અસદ્‌ભૂત એટલે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને એ એમાં નથી. શું કહે છે આ? સમજાય છે કાંઈ?

એ બધું સમજવું પડશે આકરું પડે તોય આ, ન્યાં વળી આ રૂપિયામાં ન્યાં એકદમ સહેલું પડી ગયું છે એટલે. એ તો પૂર્વનાં પુણ્ય હતા તે બધું સરખાઈ સરખી ચાલે છે બહારની. માની છે સરખાઈ, ધૂળમાંય નથી ત્યાં. કહો સમજાણું કે નહીં? એય! પોપટભાઈ, આ આકરું છે, ભાઈ કહે છે. વાત તો સાચી. એના માર્ગને તેં જોયો નથી તેં એને. આહાહા! એ 'दिट्ठ मग्गई' આવે છે ને. (શ્રોતા : કઠણ પડે છે....) આવ્યું છે ને કઠણ છે પણ અશક્ય નથી. આવે છે ને પણ અશક્ય નથી, એમ કહે છે. કઠણ તો છે ભાઈ, એમ તો કીધું છે ઈ, આની કોરનાં કળશમાં. કઠણ છે, કોણે ના પાડી? પણ ઈ કઠણ, ન થઈ શકે (એમ નથી.) (શ્રોતા : તને અનુભવ નથી એટલે કઠણ કહ્યું) હા, એમ નહીં. એની ખબરું નથી. દિશાના માર્ગ કેની કોર જાવા અને ક્યાં દોડી રહ્યો છે? મૃગલાં પાણીને માટે ઝાંઝવાના પાણીમાં વલખાં મારે. અરે પીવાનાં પાણી ત્યાં ન હોય ભાઈ, ઝાંઝવામાં ન હોય. સમજાણું કાંઈ?

આવ્યું નહીં? રમેશમાં (ભજનમાં) આવ્યું છે ને. 'મનના મૃગલાને પાછા વાળજો રે લોલ. એ સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં', એ ઝાંઝવાના જળમાં નાખે ઝાંવા, ઝાંઝવાના જળમાં નાંખે ઝાંવા, ન્યાં ક્યાં પાણી હતા? ખારીલી જમીનમાં સૂર્યના કિરણ નિમિત્ત ને આમ લાગે આમ જાણે. દોડી દોડીને આવ્યા તોય અહીંયા પાણી દેખાતું નથી. આ ઠંડી હવા આવતી નથી. ન્યાં ક્યાં પાણી હતું? એમ પુણ્ય-પાપની ક્રિયામાં દોડી–દોડી કરી–કરીને કર્યું પણ ક્યાંય શાંતિ આવી નહીં. ન્યાં ક્યાં શાંતો હતો? આહાહા! સમજાણું કાંઈ?

શાંતિ તો ભગવાન આત્મા પુણ્ય પાપનાં રાગના વિકલ્પથી રહિત એમાં શાંતિ છે. એની કોર તો જાતો નથી ને દોડ કરે આમ બધી. પુણ્યની ક્રિયાની દોડું કરે. 'દોડત–દોડત દોડ્યો જેટલી મનની દોડ, પ્રેમ પ્રતિક વિચારો ઢૂંકડી પણ ગુરુગમ્ય લેજો જોડ.' અંદરમાં પ્રેમ ભગવાન ઉપર આવવો જોઈએ એને. આ રાગમાં પ્રેમ જે અનાદિથી છે. દોડીને દોડતો સૂકાઈ ગયો પણ તોય પાણી આવ્યું નહીં. આહાહા! કહે છે કે ભગવાન આત્મામાં એ દર્શન-જ્ઞાન ને ચારિત્ર નિર્મળ હોં પર્યાય, પણ એના ભેદ થયા ને. ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડ્યો, ભેદ પડ્યો તેને અભૂતાર્થ કહેવામાં આવે છે.

'निहचै-दृष्टि एकरस चेतन, भेदरहित अविचल अविकार। निहचै–दृष्टि एकरस चेतन.....' અંતરદષ્ટિ નિશ્ચયથી જોતાં ભગવાન આત્મા એકરસ છે, એક અભેદ છે. ભેદરહિત 'निहचै–दृष्टि एकरस चेतन'–ભેદરહિત–એવા ભેદો જેમાં નથી. આહાહા!

સમજાણું કાંઈ? 'निहचै-दृष्टि एकरस चेतन, भेदरहित अविचल अविकार।' એમાં ભેદ નથી, ચળે એવો નથી, અવિકારી છે, ત્રિકાળી અભેદ. ઓલાને મળ ને એમ કહ્યું'તું ને. ભેદરહિત છે, અવિચળ છે. વસ્તુ અભેદ તો અવિચળ—ચળે નહીં એમાં ભેદ છે જ નહીં. અવિકારી છે એ તો. ભેદરૂપ વિકાર વ્યવહાર છે નહીં. ત્રિકાળ જ્ઞાયકભાવ એકરૂપ અવસ્થા, ત્રણની એકરૂપ અવસ્થા થઈ, એમ પાછું એમાં આવે છે ને. દ્રવ્યસંગ્રહમાં નથી આવતું? દ્રવ્યસંગ્રહમાં આવે છે. ત્રણનો ભેદ એને આત્મા હારે અભેદ થયું. ત્રણનો અભેદ થયું આમાં આત્મામાં, પર્યાયનો અભેદ થયું હોં, ઓલા ભેદ નહીં, એમ દ્રવ્યસંગ્રહમાં આવે છે. પણ આહીં તો અભેદ સ્વરૂપ એકરસ ચૈતન્ય છે, એ નિશ્ચય છે, એ ભૂતાર્થ છે, એ સત્યાર્થ છે. અને ત્રણ પ્રકાર છે તે અભૂતાર્થ છે, અસત્યાર્થ છે અને વ્યવહાર છે.

કહો, રાગનો વ્યવહાર કાઢી નાખ્યો, નિમિત્તનો વ્યવહાર કાઢી નાખ્યો. નિમિત્ત છે એ વ્યવહાર છે અને આત્મા એ નિશ્ચય. આત્મા નિશ્ચય અને ઓલો નિમિત્ત વ્યવહાર, એમેય નહીં. રાગ વ્યવહાર અને આત્મા નિશ્ચય, એમેય નહીં. આત્મા અભેદ નિશ્ચય અને નિર્મળ પર્યાય એનાં ભેદ તે વ્યવહાર, આહાહા! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય જેમ છે એમ એને જાણવું પડશે ને મોટું લાંબુ—લાંબુ ગમે એ હો પણ વસ્તુસ્થિતિ આવી છે. (શ્રોતા : સહેલું કરી ધ્યો ને) સહેલું તો થાય છે આ. કરવું એને, એમાં બીજો કોણ કરી દ્યે? કરનારાને કરવું છે કે સંભળાવનારાને કરવું છે? શું કહેતા નથી કે ગોર પરણાવી દે પણ ઘર હલાવી દે? હવે તમે પરણાવ્યા માટે ઘર હલાવો અમારું હવે. બે જણા થયા ને અમારે એનું ખરચ મહિને છે ને, એમ હશે પોપટભાઈ? લોકોમાં કહેવાય છે આપણે! એમ આહીં ભગવાન કહે છે. (શ્રોતા : ....) હા, ઈ તો ઠીક છે.

'सम्यकदसा प्रमान उभै नय,' શું કહે છે? પણ પ્રમાણજ્ઞાનથી જોઈએ તો વસ્તુ અભેદ છે એ નિશ્ચય અને પર્યાયનાં ભેદ પડે એ વ્યવહાર, બેયને એક સાથે જાણે એ પ્રમાણ. પ્રમાણજ્ઞાન નિશ્ચયને જાણે અને વ્યવહારને જાણે, એકસાથે જાણે તેને પ્રમાણ કહીએ. સમજાણું કાંઈ? આ કહે, આવી ધર્મકથા પણ આ કઈ જાતની? ઓલા જાય તો માળું સંભળાય, ઉપવાસ કરી નાખો આઠ, ચૌવિહારા કરો બહુ લાભ થશે. જાઓ કષ્ટ કરીને કરો. વરસીતપ કરો, એક એક દિવસ ખાઓ અને ન ખાઓ ને જાઓ. એક અપવાસે નિર્જરા અને અઠ્ઠમ કરી હોય એની ઉપર એક પોહો, શું કહેવાય પોરસી ચડાવે તો પાંચ અપવાસનો લાભ એમ કાંઈક છે....એવું કાંઈક. ધૂળેય નથી સાંભળને! એ લાંઘણું છે. એય! લાલજીભાઈ,

ભગવાન આત્મા અખંડ અભેદ છે, એની દૃષ્ટિ કરીને એમાં ઠરવું. એવા ભેદો પણ જેમાં નથી, કહે છે કે ઈ તો એકાકાર વસ્તુ છે. એનો આશ્રય નિશ્ચયનો અને વ્યવહારનું જ્ઞાન અને બેયનું જ્ઞાનનું નામ પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. હવે ઓલા વ્યવહારની આહીં વાત લીધી નથી. શક્તિમાં જ લીધી નથી. શક્તિમાં લીધી જ નથી. ૪૭ શક્તિમાં. જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, એની પર્યાયનું પરિણમન છે, એ વ્યવહાર છે, રાગ એ વ્યવહાર નથી. ત્યાં પ્રમાણજ્ઞાનમાં તો દ્રવ્ય અને નિર્મળ પર્યાય બેયને પ્રમાણજ્ઞાનમાં ગણી છે. આહીં યે એમ ગણ્યું છે જુઓ. (શ્રોતા : એક જ પ્રમાણ છે) હા. રાગ—બાગ—ફાગનો પ્રમાણજ્ઞાન ન હોય, ઈ તો અસદ્‌ભૂત. ભારે માર્ગ ભાઈ! એ સમોવશરણના પ્રધાન આચાર્ય....આહાહા! 'सम्यकदसा प्रमान उभै नय', સમ્યકદશા એટલે પ્રમાણ એનાથી 'उभै नय, निर्मल समल एक ही बार'—અભેદ વસ્તુ છે તેને નિર્મળ કહીએ, ભેદનાં પ્રકારને મળ—વ્યવહાર કહે અભૂતાર્થ, બેયનું એકસાથે જ્ઞાન, તેને પ્રમાણ કહીએ. સમજાણું કાંઈ?

'सम्यकदसा प्रमान उभै नय,'—બે નય, ઉભય એટલે, નિશ્ચય અને વ્યવહાર. 'निर्मल समल एक ही बार। यौं समकाल जीवकी परिनति....यौं समकाल जीवकी परिनति' 'ऐसी एक ही समयमें जीवकी निर्मल समल परिणति जिनराजने कही है' જોયું ઓલા નિર્મળ ને સમલને પરિણતિ શબ્દ વાપરી દીધો. 'निर्मल समल एक ही बार, यौं समकाल जीवकी परिनति'—ત્રિકાળ પરિણામિક ભાવ અને વર્તમાન પર્યાય બેયને પરિણતિ શબ્દ કહીને સમજાવ્યું છે. શબ્દે ય પકડે તો! ભરિત અવસ્થામાં નથી આવતું ભાઈ? સંસ્કૃતમાં આવે છે ને. ભરિત અવસ્થામાં અવસ્થા શબ્દ છે. પૂર્ણ સ્વરૂપ છે. એ ભરિત અવસ્થા. અવસ્થા એટલે પર્યાયની ક્યાં વાત છે? અવસ્થ....અવસ્થા અવસ્થ.... (શ્રોતા : ધ્રુવ ને ય અવસ્થા કીધી) હો, ધ્રુવ અવસ્થા છે અવ 'સ્થ'. ત્રિકાળી ધ્રુવ એને પણ અવસ્થા ને અવસ્થ કહેવામાં આવે છે.

'यौं समकाल जीवकी परिनति, (निर्मल–समल), कहैं जिनेंद्र'....વીતરાગ પરમેશ્વર ત્રિલોકના જિનેન્દ્રદેવ કહે, 'गहै गनधार' સંતોના નાયક, સમોવશરણના પ્રધાન આચાર્ય એને ગ્રહે છે કે નિર્મળપણું અભેદ છે, ભેદ તે મળપણું છે, બેયને એકસાથે ગ્રહવું તે પ્રમાણ છે. એમ સમકાલ બેયની પરિણતિને જાણનાર પ્રમાણજ્ઞાનવાળો કહેવાય, એમ તીર્થંકર કહે છે ને ગણધર ગ્રહે છે. 'कहे जिनेन्द्र गहै गनधार' પદ ગણધર મેળ કરીને 'गहै गनधार'. કહો સમજાણું કાંઈ? હવે ૧૮મો શ્લોક. આનો ૧૭મો. ૧૭મો કળશ છે ને નીચે, એનો ૧૮મો પદ છે.

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्त्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः॥१७॥

વ્યવહારનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

एकरूप आतम दरव, ग्यान चरन दृग तीन।
भेदभाव परिनामसौं, विवहारै सु मलीन॥१८॥

**અર્થ** :–આત્મદ્રવ્ય એકરૂપ છે, તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર–ત્રણ ભેદરૂપ કહેવું તે વ્યવહારનય છે–અસત્યાર્થ છે. ૧૮

**अर्थ** :–आत्मद्रव्य एकरूप है, उसको दर्शन, ज्ञान, चारित्र तीन भेदरूप कहना सो व्यवहार नय है–असत्यार्थ है॥१८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

લ્યો ભારે ભારે! 'आत्मद्रव्य एकरूप है.' આતમ દ્રવ્ય તો એકરૂપ છે. એકરૂપ આતમદ્રવ્ય છે ને. વસ્તુ....વસ્તુ અનંતગુણનો એક પૂંજરૂપ એક આત્મા છે. 'ग्यान चरन' उसको दर्शन, ज्ञान; चारित्र तीन भेदरूप कहेना' એકને ત્રણ કહેવો એ વ્યવહાર છે. ઠીક! અસત્યાર્થ છે. એનો અર્થ છે નીચે જુઓ.

'जेते भेद विकल्प है, ते ते सब विवहार;
निराबाध निरकल्प सो, निश्चयनय निरधार।

'જે તે ભેદ विकल्प है'—પર્યાયનો ભેદ અને એ બધો અને પર્યાયના પાછા ત્રણ પ્રકાર અને એ બધા....પર્યાય પોતે વ્યવહાર છે. અંશ છે ને અંશ. એમાં વળી ત્રણ પ્રકાર દર્શન, જ્ઞાન ને ચારિત્ર. 'जे ते भेद विकल्प है, ते ते सब विवहार' એને વ્યવહાર કહીએ. 'निराबाध निरकल्प सो' નિર્વિકલ્પ વસ્તુ તે નિરાબાધ–ભેદ બેદ છે નહીં. એવો નિર્વિકલ્પ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને નિશ્ચયનય, એને નિશ્ચયનય નિરધાર, નિર્ધાર–નક્કી કહીએ છીએ કે તે નિશ્ચયનય છે અને ભેદ પડીને સમજવું તે વ્યવહાર છે. રાગની હારે, નિમિત્તની હારે સંબંધ આહીં કાંઈ નથી. આહાહા! ફક્ત એનો ને એનો અભેદમાં ભેદ પડવો તે વ્યવહાર અને અભેદ તે નિશ્ચય, એમ બેયનું યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૨૪, મહાવદ ૧૩, મંગળવાર તા. ૨૩-૨-૭૧
## જીવદ્વાર પદ ૧૯, ૨૦, ૨૧ પર પ્રવચન

નાટક સમયસાર, જીવદ્વાર, એનો ૧૮મો કળશ.

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः ॥१८॥

એનું પદ. 'निश्चयनयसे जीवका स्वरूप'

जदपि समल विवहारसौं, पर्य-सकति अनेक।
तदपि नियत-नय देखिये, सुद्ध निरंजन एक॥१९॥

**મૂળ શાસ્ત્ર** : શબ્દાર્થ : નિયત=નિશ્ચય. નિરંજન=કર્મમળ રહિત.

**અર્થ** :–જો કે વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અનેક ગુણ અને પર્યાયવાળો છે તો પણ નિશ્ચયનયથી જોવામાં આવે તો એક, શુદ્ધ નિરંજન જ છે. ૧૯.

**अर्थ** :–यद्यपि व्यवहारनयकी अपेक्षा आत्मा अनेक गुण और पर्यायवान है तो भी निश्चयनयसे देखा जाये तो एक, शुद्ध, निरंजन ही है॥१९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જોકે 'समल विवहारसौं' આત્મા, ત્રણ ભેદથી દર્શન–જ્ઞાન અને ચારિત્ર એવા ત્રણ ભેદથી તેને જોઈએ તો એ મળ એટલે વ્યવહારરૂપ દેખાય છે. આવો ને, પુસ્તક દ્યો પુસ્તક....પાનું ૪૦. 'जदपि'—જો કે...જો કે...કહીને વ્યવહારનું ગૌણપણું–મંદપણું બતાવવું છે. જો કે 'समल विवहारसौं',—ભગવાન આત્મા, 'पर्यय सकति अनेक' વસ્તુ છે ને આત્મા વસ્તુ, અનંતગુણનું એકરૂપ. પણ જો એને ગુણ અને પર્યાયથી જોઈએ તો એ મળ નામ વ્યવહાર દેખાય છે. ભેદરૂપ વ્યવહાર છે. પણ એ વ્યવહાર; જો ભેદથી દેખિયે તો, જો કે દેખિયે તો વ્યવહાર છે. 'जदपि' શબ્દ પડ્યો છે ને. જો કે...એમ કે જો કે દેખિયે તો એમ, 'तदपि' પછી તો અહીં લેવું છે ને. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણનો અને પર્યાયનો એકરૂપ વસ્તુ છે. પણ એને ગુણો અને પર્યાયથી જોકે દેખીયે તો, મળ

નામ વ્યવહાર અને મેચક અને ભેદ છે, એમ દેખાય છે. 'पर्यय सकति अनेक' ભેદરૂપે એને અનેક ભાવોથી જણાય.

'तदपि नियत–नय देखिये'—પણ જો એને નિશ્ચયથી જોઈએ. આમ હોવા છતાં આમ જોઈએ તો, એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણો વિષય એકદમ છે ને. ભેદથી જોઈએ તો, 'હો, છે' એમ કહે. તોપણ, આમ હોવા છતાં પણ 'नियत–नय देखिये', વસ્તુ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ અનેક એકરૂપ જો જોઈએ તો એનો સ્વભાવ તો ભેદનો સર્વભાવાંતરનો નાશ કરવાનો સ્વભાવ છે. પાઠમાં એમ છે, આહીં સામાન્ય વાત કરી છે ને. સમજાણું કાંઈ? સંયોગ નહીં, પુણ્ય–પાપનાં વિકલ્પે ય નહીં. ફક્ત આ જ્ઞાન–દર્શન ને ચારિત્ર એવી પર્યાયોનાં ભેદથી જોઈએ તો 'છે અનેકપણું' એમ જોઈએ, એ તરફથી જોઈએ તો. તો પણ આ તરફથી જોતાં, સમજાણું કાંઈ? (શ્રોતા : વજન છે ને?) વજન અંતરનું આપીએ—અપાય છે. સમજાય છે કાંઈ? આમ હોવા છતાં, આમથી જોઈએ તો, એમ કહે છે.

વસ્તુ જે આત્મા એકરૂપ અભેદ છે, એ દૃષ્ટિએ જોઈએ તો, 'नियत–नय देखिये' વસ્તુની સત્તા એકરૂપ છે એ દૃષ્ટિએ જોઈએ તો 'शुद्ध निरंजन एक' એ તો મેલ વિનાની, ભેદ વિનાની શુદ્ધ એકરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ? એ નિરંજનમાં ભેદ અને વ્યવહાર આવી જાય. ભેદ અને વ્યવહાર અંજન છે, એનાથી રહિત જોઈએ તો એ નિરંજન એક છે. સમજાણું કાંઈ? કલ્યાણજીભાઈ, આવો માર્ગ છે. સંપ્રદાયની હારે ક્યાંય મેળ ખાય એવું નથી હોં. નહીં? નહીં. વસ્તુની સ્થિતિની ખબર નથી ને પછી શું થાય? વસ્તુ જેવી છે તેનો પરિચય નથી, ને વસ્તુ નથી તેનો પરિચય છે. આ તમારી ભાષા આવી, પ્રકાશદાસજી! પહેલા એમ કહેતા કે પહેલાં વસ્તુનો પરિચય કરાવો, એમ કહેતા. બરાબર છે? આહાહા! વસ્તુ એવી આત્મા છે. સમજાણું કાંઈ?

આમ ભાષા આકરી લીધી કે આમ જોઈએ તો આમ, પણ આમ જોઈએ તો તો એકરૂપ છે. એટલે 'सर्वभावान्तरध्वंसि' એમાં ઉડી ગયું ને એમાં આવી ગયું એમાં. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? આ તો ધીરજની વાતો છે ભાઈ. આહાહા! વસ્તુ...વસ્તુ...વસ્તુ ધ્રુવ, અભેદ, એક, નિરંજન, ભેદરૂપી અંજન નથી જેમાં, વ્યવહારરૂપી મેલ નથી, એમ કહેવું છે. ઓલા મેચકને મેલ કહ્યો છે ને ભાઈ! વ્યવહારને મેલ કહ્યો છે ને. ઈ મેલ હોં, ઓલા રાગ–દ્વેષની વાત નથી. આહાહા! (શ્રોતા : ભેદ પાડવો) ભેદ પાડવો એ અંજન છે, મેલ છે, મેચક છે, ભેદ છે, વ્યવહાર છે. ચંદુભાઈ! આવું છે આહાહા!

ભગવાન! કહે છે કે તું અંતરથી જો, તો તો ઈ વસ્તુનો સ્વભાવ એવો છે કે શુદ્ધ છે, ભેદ અને વ્યવહારનાં મેલ-ભેદ વિનાનો છે, એ નાસ્તિથી કીધું, પણ એ એક છે. ઝીણું ભારે! નવરંગભાઈ એ સમ્યક્‌દર્શનનો વિષય છે. આ રીતે અભેદને, ભેદ તરફના

વ્યવહાર તરફના પર્યાયો અનેકપણાનાં સત્‌નાં લક્ષને છોડી, લક્ષને છોડી એ પણ એ વ્યવહારનાં પક્ષનું છે. પણ આહીં જ્યાં અભેદમાં જાય છે ત્યાં આ લક્ષણ છૂટી જાય છે. એટલે અભેદ, વ્યવહારનાં નાશ કરવાવાળો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા!

ચૈતન્ય આનંદનો ધામ ભગવાન, શુદ્ધ એક સ્વભાવ જેનો ધ્રુવ છે. એનાં તરફ નજર નાખતા, એને જોતાં; વ્યવહાર અને ભેદનો તો નાશ થાય છે. અથવા એ નિશ્ચયને જોતાં, એ વસ્તુનો નિશ્ચય સ્વભાવ એવો છે કે વ્યવહારનો ધ્વંસ કરનાર છે ઈ. એ ધ્વંસ કરનાર છે ને ઈ જરી અસ્તિથી એ વાત એમ ન લીધી પણ ધ્વંસ કરવો એ પણ જરી....(શ્રોતા : ભેદ છે) ભેદ....સમજાણું કાંઈ? પાઠ તો ઈ છે. 'सर्वभावान्तरध्वंसि'—સર્વ ભાવાંતર—પોતાના ભાવથી અનેરા ભાવ એમ, સર્વભાવાંતર છે ને. પોતાનો એકરૂપ સ્વભાવ—અભેદભાવ, એનાથી ભાવાંતર—સર્વ ભાવ પોતાના એનાથી અનેરા અંતર ભાવો—વ્યવહાર, પર્યાયભેદ આદિ, એનો તો ધ્વંસિ સ્વભાવ છે આ. એનો તો નાશ કરવાનો એનો સ્વભાવ 'एकक' છે. અમેચક છે ઈ તો આહાહા! નેમીચંદજી, આ માર્ગ છે આરે આ તો ભારે આકરો હો!

જ્ઞાનનાં બે અંશો—એક વ્યવહારને જુએ, એક અંશ નિશ્ચયને જુએ. જો કે વ્યવહાર જો જોવે તો ત્રણ રૂપ દેખાય. એને હળવું બનાવવા, જો કે દેખે તો, તો આમ જો દેખે તો. શુદ્ધ ચૈતન્ય ભગવાન, અનંત આનંદનો અનંત અને ત્રિકાળી, એવો પણ જેમાં ભેદ નથી. આહાહા! સમજાણું કાંઈ? એવું જે સ્વરૂપ 'तदपि नियत–नय देखिये' પણ જો કે ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ છે. નિત્ય અવિનાશી એ વસ્તુ એકરૂપ વર્તમાનમાં છે. એવી જો દેખીયે, આહીં નિયતનય દેખીયે કીધું છે. નિયત નય દેખિયે એટલે જ્ઞાનનો અંશ નિયત છે, એમ દેખિયે નહીં. પાઠ તો એમ છે. 'तदपि नियत–नय देखिये' એનો અર્થ કે ધ્રુવ સ્વરૂપ તે નિયત નય છે. સમજાણું કાંઈ? અધ્યાત્મમાં નય અને નયનો વિષય એવો ભેદ રહેતો નથી. સમજાણું કાંઈ? વાત તો બહુ એના ઘરની છે એટલે ઝીણી તો પડે, પણ બીજી કોઈ રીત નથી. ભાઈ, આહાહા ! નવરંગભાઈ !

'तदपि नियत–नय देखिये', પણ એનો વાસ્તવિક એકરૂપ સ્વભાવ, એને જોતાં, એટલે નયને નહીં પણ નયનો વિષય તે ને નય, બે એક થઈને જોવે શુદ્ધ નિરંજન, ભેદ અને વ્યવહાર વિનાનો એકરૂપ સ્વરૂપ છે. તેથી પછી એક દેખીને, ન્યાં એમ લેશે પછી એનાં કળશમાં, એની હારે સંધિ લઈને. સમજાણું કાંઈ? આ બધું જાણવું પડશે હોં, જેને જનમ—મરણનો નાશ કરવો હોય એને, સ્વભાવની સિદ્ધિ કરવી હોય દૃષ્ટિમાં. આ જાણ્યા વિના બીજો કોઈ ઉપાય છે નહીં.

'सुद्ध निरंजन, अनेक गुण और पर्यायवान है तो भी' એમ છે ને,

'निश्चयनयसे देखा जाय तो एक, शुद्ध निरंजन ही है', લ્યો. ન્યાં બીજું નાંખ્યું જુઓ. ઓલા સંસ્કૃતમાં છે ને. 'एककः–एक एवः' તે બે અર્થ કર્યા છે. ઈ કરી નાંખ્યું છે. બે કર્યા સંસ્કૃતમાં એમ. મૂળ તો 'एककः' શબ્દ પડ્યો છે ને 'एककः, कः' માં શું વજન થાય છે એમાં? તો કહે કે—બે અર્થ કર્યા છે. આમાં હોં, ૪૧ છે ને. જુઓ આ રહ્યું. 'आत्मा एककः एक' એટલે સંજ્ઞા, 'एकः प्रत्यय एवानाम અથવા एक एव एककः, एक एव एककः' એક જ છે એથી 'एककः' કહ્યું છે આહીં.' (શ્રોતા : પહેલો અર્થ) एककः છે. कः ને પછી એક કહ્યું ને સાધારણ એમ કે.... અથવા 'एक एव एककः एकः' પડ્યું છે આહીં. વિદ્યમાન ભાવો એને લીધું છે.

શુદ્ધ નિરંજન એક જ છે. 'एक शुद्ध निरंजन ही है'. જુઓ એમાં લખ્યું છે ને. 'एक एव ही है' એમ. વસ્તુ દૃષ્ટિમાં વિષય તો એકરૂપ છે. ગુણ અને પર્યાયો એમાં, અભેદ દૃષ્ટિમાં ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ દેખાય તો અભેદ રહેતું નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું ભાઈ આકરૂ આ તો! ભગવાન.... ભગવાન.... ભગવાન....ભગવાન કરે, એ પણ નહીં. કુંવરજીભાઈ, ભગવાન ભગવાન જાપ કરે, ત્યાં રામ....રામ....રામ....રામ....જાઓ, જાપ કરો તો કલ્યાણ થઈ જશે. આત્માનો સાક્ષાત્કાર, કહે છે ને ઓલા....રમણ મહર્ષિનો શિષ્ય નહીં? આહીં આવ્યા નહોતા? કાંઈ નામ લીધું હતું સાધુ.

અહીંયા આવ્યા'તા પછી કહે, આ ધૂન બોલો. રામ....રામ....રામ....જેની ધૂનમાંથી મને આટલો સાક્ષાત્કાર થયો છે. રામ ધૂનથી. ધૂળેય ન થાય સાંભળને! રામ કેવો? અંદર રમતો રામ એકરૂપ છે એની દૃષ્ટિ કર તો સાક્ષાત્કાર થાય. રામ...રામ... ભગવાન...ભગવાન કરે, આત્મા...આત્મા...આત્મા કરે તો ય નહીં મળે, (શ્રોતા : નૌકારસી) નૌકારસી ગિનતે રહો ચકરાવામાં, વિકલ્પ છે. એ તો સ્થૂળ છે. આહાહા! નમો અરિહંતાણં. નમો સિદ્ધાણં. નમો લોએ સવ્વ સાહૂણં, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં આડા અવળા ગણે. મન સ્થિર થાય. એ ૧૮મો કળશ અને ૧૯મું પદ થયું. હવે ૧૯મો કળશ.

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा॥१९॥**

शुद्ध निश्चयनयसे जीवका स्वरूप

एक देखिये जानिये, रमि रहिये इक ठौर।
समल विमल न विचारिये, यहै सिद्ध नहि और॥२०॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : રમિ રહિયે=વિશ્રામ લેવો. ઇક ઠૌર=એક સ્થાન.

**અર્થ :**–આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ–સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી.

**ભાવાર્થ :**–આત્માને નિર્મળ–સમળના વિકલ્પ રહિત એકરૂપ શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે, એકરૂપ જાણવો તે સમ્યક્જ્ઞાન છે અને એકરૂપમાં જ સ્થિર રહેવું તે સમ્યક્ચારિત્ર છે, એ જ મોક્ષનો ઉપાય છે. ૨૦

**अर्थ :**–आत्माको एकरूप श्रद्धान करना वा एकरूप ही जानना चाहिए, तथा एकमें ही विश्राम लेना चाहिए, निर्मल समलका विकल्प न करना चाहिए। इसीमें सर्व सिद्धि है, दूसरा उपाय नहीं है।

**भावार्थ :**–आत्माको निर्मल समलके विकल्प रहित एकरूप श्रद्धान करना सम्यग्दर्शन है, एकरूप जानना सम्यक्ज्ञान है और एकरूपमें ही स्थिर होना सम्यक्चारित्र है, यही मोक्षका उपाय है।।२०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વીરજીભાઈ બહુ બોલતા આ કળશ. આ તો અસ્તિ–નાસ્તિ બેય કર્યું.

બીજી રીતે આત્માની મુક્તિ અને સિદ્ધિ થાતી નથી. આહાહા! 'एक देखिये जानिये' આત્મા તો એકરૂપ વસ્તુ. વસ્તુ તરીકે એકરૂપ દેખવાથી, શ્રદ્ધાન કરના. 'देखिये'નો અર્થ શ્રદ્ધાન કરના. ઔર 'जानिये' એકરૂપ જાનિયે. વિકલ્પથી એ એકરૂપ ન જણાય. નિર્વિકલ્પથી એક રૂપ, એનો અર્થ, આ એક છે એમ નહીં, પણ અનેક ભેદ તરફથી લક્ષ છૂટીને અંતર્મુખ જાય એટલે એ વસ્તુ એક જ દૃષ્ટિમાં રહે. આ એક છે અને હું એને પકડું છું, એમ નથી. સમજાણું કાંઈ? અરે ભારે! આ એક વસ્તુ થઈ ગઈ. પ્રભુ, તારી પર્યાયમાં એક છે ને પર્યાયમાં બે ભેદ પડી ગયા, એમ નથી. સમજાણું કાંઈ? આ ભારે માર્ગ વીતરાગનો! વીતરાગનો માર્ગ એ માર્ગ છે, બાકી માર્ગ બધા ખોટા. આહાહા! મોટી મોટી વાતું કરે ને જરી આમ તેમ ફલાણું....બધી થોથાં છે.

ભગવાન અખંડ એક, એકને પાછા બધા થઈને એક નહીં આ. એક દેખિયે એટલે બધાને એક દેખો, એમ નહીં. આરે! એમાં ય વળી ઉંધું ચત્તુ કરે. 'आत्माको एकरूप श्रद्धान करना' પોતે ભગવાન આત્મા અનંત શક્તિ અને એક એક શક્તિનો અનંત સામર્થ્ય, એવો જેમાં ભેદરૂપ ભાવ છે, પણ તેને અભેદ દેખવો. 'एकरूप श्रद्धान करना'. ભેદ ઉપર લક્ષ રાખવું નહીં. આ અનતંગુણ છે એને લઈને છે. આત્મા છે અને આ

અનંતગુણ છે, એમ ભેદ થયો, એય નહીં. એકરૂપ વસ્તુ, વસ્તુ તરીકે 'एक देखिये जानिये' અને 'रमि रहियै इक ठौर'—ત્રણે ય આવી ગયું. 'रमि रहियै इक ठौर' એ ધ્રુવની શ્રદ્ધા, ધ્રુવનું જ્ઞાન અને ધ્રુવમાં રમવું. આ સમ્યક્દર્શન જ્ઞાન ને ચારિત્ર. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

આવો તો હજી કાને પડ્યો નહીં, સાંભળ્યો ન હોય, હવે એને. આહાહા! પોષા કરો, પડિક્કમણ કરો ને સામાયિક કરો, અપવાસ કરો, આયંબિલ કરો, અઠ્ઠાઈ કરો લે. હવે આમાં આ વાત ક્યાં આવે એમાં! એય પ્રકાશદાસજી! અણુવ્રત કરો ને મહાવ્રત કરો, એને તો વળી ઈ અર્થમાં. પછી બહુ તો આગળ વધીને તમે મહાવ્રતમાં આવી જાઓ અને અણુવ્રતનું આંદોલન કરો, નહીં તો પછી મિથ્યાત્વી. આહાહા! ભગવાન તારા હિતની વાતમાં વાત છે હો આ! એનાં તિરસ્કારની વાત નથી આ. વસ્તુ ઈ શું થાય હવે?

અણુવ્રત ને મહાવ્રત અને એ બધા તો વિકલ્પો છે, રાગ છે. એ તો એની વાત નથી. પણ વસ્તુ એક છે, એને ત્રણ પ્રકારે જોવી, એ ભેદ એ પણ વિકલ્પ છે. આહાહા! પર તરફનાં લક્ષવાળો ભાવ, આ ભાવ ને અણુવ્રત ને દયા ને સત્ય બોલવું અને એ તો બધો રાગ—સ્થૂળ રાગ છે. પણ એક વસ્તુ ધ્રુવ અનંતગુણનું એકરૂપ એને જોતાં, તે ત્રણનાં પ્રકાર અને ભેદ એ પણ એક વિકલ્પનું કારણ છે. રાગ ત્યાં થાય છે, કહે છે. આહાહા! ત્યાં દૃષ્ટિમાં સમ્યક્તા આવતી નથી, વિપરીતતા થઈ જાય છે. સમજાણું કાંઈ? 'एकरूप श्रद्धान करना एकरूप जानना चाहिए'. જુઓ 'देखिये' શબ્દ પડ્યો છે, પણ ત્યાં શ્રદ્ધાના અર્થમાં લેવું. એટલે આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર પહેલું આવે છે ને એટલે.

'समल विमल न विचारीये', લ્યો, વિકલ્પ કહે છે. વ્યવહાર છે, આ નિશ્ચય છે, આ અમેચક છે ને આ મેચક છે, અનેક છે ને એક છે, તેવા બેયનાં વિકલ્પ ન રાખવા. આવો માર્ગ છે. જુઓ, ભગવાનની ભક્તિથી, ગુરૂભક્તિથી મોક્ષ થાશે, સમકિત થાશે. એની હરામ વાત કરે છે, આહીં ના પાડે છે. આહાહા! વીતરાગ કહે છે કે 'તું તારી સામે જો. આ મારી સામું જોવાનું મુકીને તારી સામું જો. તું ભગવાન પોતે છો.' આહાહા! કેમ બેસે આવી મોટી વાત! એ બાપું બેસે નહીં, ગયા અનંતવાર મૂર્તિની પાંહે. હા. એવી વાત છે ને. એનો સ્વભાવ જ એવો છે. આહાહા! (શ્રોતા : ....) નથી, નાસ્તિ એટલે બીજો એમાં નથી. એમાં નથી એમ નહીં. જગતમાં જગત નથી એમ નહીં. જગત ચૈતન્યમાં નથી, એમ એનો અર્થ છે.....તદ્દન ખોટી વાત છે. આહીં તો એક આત્મા એકરૂપ છે, એને ગુણ અને પર્યાયથી જુઓ તો અનેકરૂપ છે. પણ એ અનેકરૂપ છે એ મેલ છે અને વ્યવહાર અને ભેદ અને મેચક છે. આહાહા! એને જોતાં વિકલ્પ ઉઠે છે અને લાભ માને તો ત્યાં મિથ્યાત્વ થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'एकमें ही विश्राम लेना चाहिए–ठौर', માં 'निर्मल समलका विकल्प न करना चाहिए' મેચક–અમેચકનો બે લક્ષ–ભેદ ન કરવો જોઈએ. હવે આ અમેચક એકરૂપ છું અને આ ગુણ અને પર્યાય અનેક, એ બેયનાં વિકલ્પો કરવા જેવા નથી, 'अलं'. સમજાણું કાંઈ? 'अलं' છે ને! 'आत्मनिश्चिन्तयैव अलं' બસ થાઓ. એવો પદ હો કે હું એકરૂપ છું કે અનેકરૂપ છું, એવા વિકલ્પથી પણ બસ થાઓ. તેથી શું? આવે છે ને 'સમયસાર'માં આવે છે (ગાથા)૧૪૨. તેથી શું? આત્મા અમેચક છે એટલે શુદ્ધ છે. પર્યાયથી ભેદ છે, અશુદ્ધ છે. તેથી શું? એ બેય વિકલ્પો છે. આહાહા! તેથી તારું શું થાય ત્યાં! વિકલ્પ છે ને વિકલ્પનો કર્તા થઈને વિકલ્પ કરે છે, તો વિકલ્પ એનું કાર્ય અને એ કર્તા એ અજ્ઞાન છે. આહાહા!

'विकल्पः कर्ता विकल्पः कर्म' આવે છે ને શ્લોક કર્તા આવે છે. વિકલ્પ જે ઉઠે છે, ગુણ–ગુણીનો ભેદ, વૃત્તિ કે વ્યવહારની વૃત્તિ એ 'विकल्पः' એને કહીએ કે જે એનો કર્તા થાય તે વિકલ્પ અને એ વિકલ્પ તેનું કર્મ છે અજ્ઞાનીનું. સમજાણું કાંઈ? કેમ કે એની દૃષ્ટિ ઓલા ભેદ ઉપર અને રાગ ઉપર છે. એટલે વિકલ્પ કર્તા અને વિકલ્પ તેનું કાર્ય. જ્ઞાનીનો એ વિકલ્પ અને અવિકલ્પ જે નિર્મલ છું અને મલિન છું, એવો બેય ભેદનો વિકલ્પ છોડીને, એકરૂપ સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાનમાં રમે એ મુક્તિનો ઉપાય છે.

'इसीमें सर्वसिद्धि है' જુઓ. એમાં સર્વની સર્વસિદ્ધિ–શ્રદ્ધા સિદ્ધ થાય છે, જ્ઞાન સિદ્ધ થાય છે, ચારિત્ર સિદ્ધ થાય છે, અને એને લઈને કેવળજ્ઞાન સિદ્ધિ થાય છે. આહાહા! ભારે! સમજાણું કાંઈ? આ વળી એક જણો એમ કહેતો'તો 'આવું ન થાય ત્યાં સુધી કરવું શું?' પણ બધું તો કરે છો, હવે આ કરને પ્રયત્ન તો કર! (શ્રોતા : સમજવું) આહાહા! એને રાગનું કરવું છે એ એને દૃષ્ટિમાંથી છોડવું ગોઠતું નથી. આહા! એકતાબુદ્ધિ છે ને કરવું....કરવું....કરવું. 'કરવું ત્યાં મરવું' એમ ભાઈ લખે છે ને. નિહાલભાઈએ લખ્યું છે એક ઠેકાણે, એક બોલમાં. 'વિકલ્પ કરવો એ ત્યાં મરવું છે.' આહાહા! 'કરના સો મરના હૈ, ધરના આત્મામાં એ જીવના હૈ.' સમજાણું કાંઈ? આ

આની ચર્ચા શું થાય? આનો વાદ–વિવાદ શી રીતે કરવો? કરો ચર્ચા, આંખ ઔર ચશ્મા વિના દેખાય છે કે? પૂછો. અરે ભગવાન! કોની હારે વાત કરવી બાપુ! 'બીજાને સમજાવો છો અને અમને નહીં?' તમે ક્યાં સમજવા આવ્યા છો? તમે તો ખોટું ઠરાવવા આવ્યા છો. ચંદ્રશેખર ત્યાં દિલ્હીમાં આવ્યા'તા....ભાઈ એને દમ ચડે છે. એક ભાઈ કહેતા'તા દવા ને કોઈ ઓલા એક જણ કહે, કોણ ભાનુભાઈ? ભગુભાઈ એમની સાથે બકુભાઈના દીકરા એને કંઈક....બધી ચર્ચા ભાઈ કરતા હતા. આહાહા! 'આંખ્યું ને ચશ્માં હોય તો દેખાય.' અરે! આંખ હોય તો દેખાય એની ના પાડે છે. આહીં તો એક

સમયની પર્યાયને દેખવાની ના પાડે છે. આહાહા! પોપટભાઈ, ચશ્મેથી દેખવું તો છોડ; આંખ્યુંથી દેખવું એ છોડ; એક સમયની પર્યાયથી દેખાય છે, છોડ, એ છોડ. ભગવાન આખો અભેદ પડ્યો એને પર્યાયથી ત્યાં ફાડ. એકમાં એ દેખવું સાચું ને એ શ્રદ્ધા સાચી. આહાહા! કહો સમજાય છે કાંઈ?

'इसीमें सर्वसिद्धि है', લ્યો 'यहै सिद्धि नहि और' ભગવાન આત્મા અંતર્મુખ ચૈતન્યનું ધ્રુવપણું તેમાં અંતરદૃષ્ટિ દેતાં, એકપણાનો અનુભવ થાય, એની એમાં સર્વસિદ્ધિ છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની અને કેવળજ્ઞાનની સિદ્ધિ એનાથી છે. સમજાણું કાંઈ? કહો, સમજમેં આતા હૈ કે નહીં? ગુજરાતી સમજતે હૈં થોડા થોડા? ત્યાં તમારે ચાલતું હશે! સમજતે હૈં. મંદિર કરાવ્યું'તું ....આપણે ન જાણીએ....ભાઈને પૂછો. એય! આહીં તો આત્મામાં જવાની વાત છે. પંડિતજી! માળા તો વાતું કહે આવડી મોટી અને પાછા મોટા વરઘોડા, દિલ્હીમાં. કહો, મલૂકચંદભાઈ, (શ્રોતા : ....) તમારે દાન શું કહેવાય ઈ? ઈ ઈ જગ્યાને શું કહેવાય? (શ્રોતા : ખાડિયા) ખાડિયાનું મંદિર આ ....વખાણ કર્યા કૈલાસચંદજીએ.

બહુ ભાઈ! ઊંચા આટલા ઊંચા જોયું છે? લ્યો. એવું કાનજી સ્વામીએ કામ કર્યું છે, એવાં કોઈએ કર્યા? કોણ કરે ભગવાન? વિકલ્પે ય કોણ કરે? એ તો બોલાય, તે વખતે નિમિત્ત કોણ હતું, એવું જ્ઞાન કરાવવા માટે એ વાત છે. કરાવે.... કરે એવી સિદ્ધિની માટે એ વાત નથી. પંડિતજી, આહાહા! કહે છે કે 'यहै सिद्धि....दूसरा उपाय नहीं है' લ્યો નાસ્તિ કરી. અભેદ ઉપર આશ્રય કરવાથી મુક્તિ થાય, અને સમ્યક્દર્શન જ્ઞાન થાય. એ સિવાય બીજી કોઈ રીત હોય, એ છે જ નહીં. સમજાણું કાંઈ? 'दूसरा उपाय नहि.....नहि और' और यही અભેદથી સિદ્ધિ છે. ભેદ અને વિકલ્પથી કંઈ પણ આત્માને લાભ છે નહીં. આહાહા!

ભાવાર્થ : 'आत्माको निर्मल समलके विकल्परहित....' દેખો. અભેદ છું, એક છું, અનેક છું, એ ય વિકલ્પ નહીં. 'विकल्परहित एकरूप श्रद्धान करना सम्यग्दर्शन है', આનું નામ સમ્યક્દર્શન છે. આહાહા! આ તો કહે, નવ તત્ત્વને જાણો અને નવ તત્ત્વ છે એવા જરી શ્રદ્ધો, તમને સમકિત જાઓ. પણ નવ તત્ત્વ જેવાં છે તેવા જાણે ત્યારે એની દૃષ્ટિ આત્મા ઉપર જાય. સમજાણું કાંઈ? આમ ભેદથી શ્રદ્ધે તો એ તો અનાદિનો ભાવ છે, એ તો મિથ્યાત્ ભાવ છે. નવ તત્ત્વનો અનુભવ જ મિથ્યાત્ભાવ છે લે. કળશમાં આવે છે ને, 'કળશટીકા'માં આવે છે. ભેદ ભાવ છે. ત્યારે કે, આહીં કહ્યું છે ને. 'મોક્ષમાર્ગપ્રકાશ'માં કે 'નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યક્દર્શન.' એ તો એકરૂપ આત્માને જાણતાં બીજાં તત્ત્વો એમાં નથી, એવું જ્ઞાન થતાં એને નવનું જ્ઞાન છે, એમ કહેવામાં

આવે છે. અરે! આહાહા! એવી વસ્તુ છે પ્રભુ, શું થાય? વસ્તુ જ એવી છે. સમજાણું કાંઈ?

એકરૂપ ભગવાન આત્મા એનું ભાન—જ્ઞાન થતાં, નાસ્તિથી બીજી પર્યાયો અને અજીવ એમાં નથી. એવું જ્ઞાન થાય એને જ્ઞાનપ્રધાન અને નવતત્ત્વની શ્રદ્ધા કહેવામાં આવે છે. લ્યો, ભાઈ આવ્યું વળી આમાં પાછું. જ્ઞાનપ્રધાન છે ને નવમાં છે. વસ્તુમાં ભેદ નથી. પણ સમજવા જરી ભેદ એટલું છે. આહાહા! અસ્તિ—નાસ્તિ બે થઈ ગયું ને ભેગું. સમજાણું કાંઈ? આરે....આવી શ્રદ્ધા (શ્રોતા : પછી શ્રદ્ધાપ્રધાન....) એ કહેવાય સમકિતી એ તો. આહીં તો આ નવનું જ્ઞાનપ્રધાન (કથન) સમજવું અને કોઈ વખતે નવને એકરૂપ શ્રદ્ધે, તેને શ્રદ્ધા કહેવાય. એકરૂપ આત્મા અખંડ અભેદ છે ને એમાં આ નથી, એમ કરીને શ્રદ્ધા એકની શ્રદ્ધા કરે, એમાં ઓલા ભાગ આવી ગયા. આહાહા! સમજાણું કાંઈ? 'आत्माको निर्मल समलके विकल्परहित एकरूप श्रद्धान करना सम्यग्दर्शन है' જુઓ આ સમ્યક્દર્શનની આ વ્યાખ્યા, વીતરાગનાં માર્ગની. ઓલા શ્વેતાંબરમાં છે, ત્યાં આવે છે ને ટોડરમલમાં 'અરિહંતો મહાદેવો.... નવતત્ત્વ 'सम्मतं मए' શ્રદ્ધા નામ એ 'सम्मतं' 'जिणपण्णत्त' આમાં આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં. છે ને પાંચમો....પાંચમો અધ્યાય.

अरहंतो महादेवो जावज्जीवं सुसाहणो गुरुणो।
जिणपण्णत्तं तत्तं ए सम्मत्तं मए गहियं॥

તેઓ સમ્યક્દર્શનનું સ્વરૂપ આવું કહે છે, એ વાત એમ નથી. એ સૌનું ....પણું છે. સમજાણું કાંઈ? 'अरहंतो महादेवो' અરિહંત ભગવાન મોટા મહાદેવ છે. 'जावज्जीवं सुसाहणो'—ભલા સાધુ 'सुसाहणो' હવે સાધુ કેવા એની ખબર ન મળે. અરિહંતની ખબર ન મળે. 'जिणपण्णत्तं तत्तं'—જિને કહેલાં તત્ત્વની સ્થિતિ શું એની ખબર ન મળે. 'ए सम्मत्तं' જાઓ. એમ કહે છે એ લોકો, સમજાય છે? કોણે લખ્યું? પક્ષને છોડીને સમજવું બહુ કઠણ....જે પક્ષમાં અવતાર થયો હોય, જે પક્ષમાં એના જે સંસ્કાર-ગંધ ગરી ગઈ હોય. એ ગંધ બહુ આકરી, છોડવી. સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ, શું કીધું ઈ? (શ્રોતા : જે પક્ષમાં જન્મ થયો હોય....) હં, જ્યાં જન્મ એ ગંધ ગરી ગઈ હોય. અનાદિની છે બધી.

આવે છે ને ગ્યાસતેલની એમ. ગ્યાસતેલનો સીસો હોય છે ને ગ્યાસતેલનો સીસો. એમાં હેઠે હેઠે હોય છે ને એમાં (શ્રોતા : દટ્ટો) દટ્ટો. અને હેઠે અંદરમાં ને અંદરમાં ચારેકોર પોલાં હોય થોડીક એ. એ ગ્યાસતેલનો હોય, એને સાફ કરવું ભારે કઠણ. તેજાબ નાંખીને પછી લોઢાનો સળિયો નાંખે ને નીકળે વાસ....ઓલા આપણે હોય ને....એ

દાખલો છે. ત્યાં તો હોં. સમજાણું કાંઈ? એ લાલચંદજી, આહાહા! ઉથલ–પાથલ વાત છે ને એ બધી. સંપ્રદાયની દૃષ્ટિ છોડવી અને આ દૃષ્ટિ થવી, આહાહા! મહાન કામ થયું. એક તો વાત બેસે નહીં, એટલે છોડે ક્યાંથી? હજી ઓલી વાત આ દયા, આ ખોટું અને આ સાચું એમ બેસે નહીં, એ વિના છોડે ક્યાંથી? (શ્રોતા : થોડા ઘણા નથી જાણતા) એ ક્યાં છે? થોડા ઘણા નહીં, એય બરાબર છે, આ યે ઠીક છે. આ ઊંચી વાત છે, ઓલી વાતે ય બરાબર છે. નહીં દેવચંદભાઈ, બે વાત બરાબર હશે? આહાહા!

કહે છે 'निर्मल समलके विकल्परहित एकरूप श्रद्धान करना सम्यग्दर्शन है, एकरूप जानना सम्यग्ज्ञान है' દેખો, શાસ્ત્રોને જાણવાં એ નહીં. આત્માને એકરૂપ જાણવો. એકરૂપ અભેદ જ્ઞાન થવું એનું નામ જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ? 'एकरूपमें स्थिर होना' એક વસ્તુ ધ્રુવમેં સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. એ પંચમહાવ્રતનાં વિકલ્પ ઉઠે અને એ કંઈ ચારિત્ર નથી, એ તો વિભાવ છે, વિકાર છે, રાગ છે, દુઃખ છે, દોષ છે, ઝેર છે. આરે....આરે....આ ભારે વાત આકરી. સમજાણું કાંઈ? 'एकरूपमें ही स्थिर होना सम्यक्चारित्र है, यही मोक्षका उपाय है' બે ગાથા થઈ હવે ૨૦મી. કળશ ૨૦મો. શ્લોક થયા ને બે.

**कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः**
**अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्**
**सततमनुभवमोऽनन्तचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ॥२०॥**

આહા! શુદ્ધ અનુભવની પ્રશંસા. આ અનુભવ તે મોક્ષનો માર્ગ છે. શુદ્ધ આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ તે જ મોક્ષ માર્ગ છે. બાકી કોઈ મોક્ષમાર્ગ છે નહીં.

जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान. અનંતનો અર્થ અનંત આમ છે (કાળ પ્રમાણે) એમ નહીં. પણ જ્ઞાન એટલું બધું છે. અનંત એટલે જેનો અંત નહીં એવી એકતા એમ. સમજાણું કાંઈ? આ અનંત જ્ઞાન છે, અનંત છે, એ પણ ભેદ પડી જાય છે. પણ અનંત એટલે એવી ચીજ છે કે જેમાં જ્ઞાનનાં સ્વભાવની મર્યાદા....હદ નથી, એવું એકલું જ્ઞાન (શ્રોતા : અમર્યાદિત અસ્ખલિત....) હા, એવું વસ્તુસ્વરૂપ છે ને. સ્વભાવની શું વાત કરવી?

શુભ અનુભવની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

**जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान**
**विमल विकासवंत ज्योति लहलही है।**

यद्यपि त्रिविधरूप विवहारमैं तथापि
एकता न तजै यौ नियत अंग कही है॥
सो है जीव कैसीहूं जुगतिकै सदीव ताके,
ध्यान करिबेकौं मेरी मनसा उनही है।
जाते अविचल रिद्धि होत और भांति सिद्धि,
नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है॥२१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : જુગતિ=યુક્તિ, મનસા=અભિલાષા. ઉનહી હૈ=તૈયાર થઈ છે. અવિચલ રિદ્ધિ=મોક્ષ. ધોખો=સંદેહ.

**અર્થ :–**આત્મા અનંત જ્ઞાનરૂપ લક્ષણથી લક્ષિત છે, તેના જ્ઞાનની નિર્મળ પ્રકાશવાળી જ્યોતિ જગી રહી છે. જો કે તે વ્યવહારનયથી ત્રણરૂપે છે તોપણ નિશ્ચયનયથી એક જ રૂપ છે, તેનું કોઈ પણ યુક્તિથી સદા ધ્યાન કરવાને મારું ચિત્ત ઉત્સાહી બન્યું છે, એનાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે અને કોઈ બીજો ઉપાય કાર્ય સિદ્ધ થવાનો નથી! નથી!! નથી!!! એમાં શંકા કોઈ શંકા નથી, બિલકુલ સત્ય છે.

**अर्थ :–**आत्मा अनंत ज्ञानरूप लक्षणसे लक्षित है, उसके ज्ञानगुणकी निर्मल प्रकाशवान ज्योति जग रही है, यद्यपि यह व्यवहारनयसे तीनरूप हे तो भी निश्चयनयसे एक ही रूप है, उसका किसी भी युक्तिसे सदा ध्यान करनेको मेरा चित्त उत्साहित हुआ है, इसीसे मोक्षप्राप्त होती है और कोई दूसरा तरीका कार्य सिद्ध होनेका नहीं है! नहीं है!! नहीं है!!! इसमें कोई सन्देह नहीं है बिलकुल सच है॥२१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઓલામાં 'यद्यपि' અને 'तद्यपि' કહ્યું'તું. અહીંયા છે. 'उनहि है'—તત્પર લીધું. તત્પર થઈ છે. છે ને અંદર છે.

ત્રણ વાર નકાર કર્યો. દર્શન–જ્ઞાન ને ચારિત્ર. આહાહા! 'जाकै पद सहित सुलच्छन अनंत ग्यान—आत्मा अनंत ज्ञानरूप लक्षणसे लक्षित है।' એટલે? જુઓ અહીં જ્ઞાનથી વાત લીધી. જ્ઞાન... સ્વભાવ....સ્વભાવ અનંત એટલે જેની શક્તિનો અંત-મર્યાદા-માપ નથી, એવું જ્ઞાન. (શ્રોતા : લક્ષણ લેવું ત્યારે જ્ઞાન જ લેવાય ને) સમજાણું? અહીંયા લક્ષણસે લક્ષિત કીધું છે ને! 'जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान' લક્ષણ લીધું છે ને. (શ્રોતા : सुलच्छन) 'सुलच्छन' આહાહા! 'जाके पद सोहत'—જેનું પદ શોભે છે. 'सुलच्छन अनंत ग्यान'—જે જ્ઞાન સ્વભાવથી જેનું પદ શોભે છે એવી વસ્તુ.

સ્વભાવ અને સ્વભાવવાન એવા ભેદ પણ જ્યાં નથી. સમજાણું કાંઈ?

'जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान विमल विकासवंत ज्योति लहलही हैं' એ (उसके) ज्ञानकी निर्मल ज्योति जग रही है' એ ચૈતન્યસૂર્ય જગી ઝગમગ ઝગમગ થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? અંદર ભગવાન ચૈતન્યની જ્યોતથી ઝગમગી રહ્યો છે. 'लहलही' રહ્યો છે એમ કીધું ને! 'लहलही' 'लहलही' હૈ, એનો અર્થ ઝગમગી રહ્યો છે એમ. એકલો ચૈતન્યપ્રકાશ....ચૈતન્ય પ્રકાશ આત્મા, એ પણ ભેદથી કથન છે. આહીં તો ચૈતન્ય પ્રકાશ એવી નિર્મળ પ્રકાશવાન જ્યોતિ ઝગ રહી હૈ. 'यद्यपि त्रिविधरुप विवहारमैं तथापि' જોકે વ્યવહારથી ત્રણપણું ગણવામાં આવે છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર. નીચે અર્થ કર્યો છે, વ્યવહારનયસે તીનરૂપ હૈ ને. અરે! દર્શનજ્ઞાન ને ચારિત્રનાં ભેદ પણ જ્યાં પાલવતા નથી. આહાહા! એને રાગ અને નિમિત્ત પાલવે અને હોય તો જ્ઞાન થાય. એનામાં ગુણ હોય છે, એમ પર્યાય હોય છે, છતાં એ ભેદ પણ જેને ખટકે છે. આહાહા! સમજાણું કાંઈ?

'यद्यपि त्रिविधरुप विवहारमैं तथापि एकता न तजै यौ नियत अंग कही है.' છતાં વસ્તુ તો એકરૂપ છે. એ કોઈ દી' છૂટી નથી. ત્રણરૂપે થઈ નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આ શેનો અધિકાર....જીવદ્વાર છે આ. જીવ કેવો છે આખો એની વાત છે આ. આહાહા! સમજાણું કાંઈ? જીવ કોને કહેવો? એકરૂપ છે એને જીવ કહેવો. ભેદરૂપને જીવ ન કહેવો, એમ કહે છે. આહાહા! (શ્રોતા : હવે જામી બરાબર). આહાહા! જામી છે, ભાઈ કહે છે. આહાહા! આહીં તો એનો જીવદ્વાર પાછો, અધિકાર ઈ હાલે છે ને. જીવદ્વાર છે. જીવદ્વાર, અજીવદ્વાર, એમ બધા બોલ લીધા છે ને. તો જીવદ્વાર એટલે જીવનાં સ્વરૂપનું કથન. તો જીવ કોને કહેવો? આહાહા!

કહે છે 'एकता न तजै' એકરૂપ ન તજે એને જીવ કહેવામાં આવે છે. આહાહા! કહો વજુભાઈ! જેની નજરું એકતા ઉપર પડી, એ એકતા અને નજર, બે નો પણ જ્યાં ભેદ નથી. ઈ એકતા ભેદરૂપમાં આવતી નથી. આહાહા! સમજાણું કાંઈ? એ એકરૂપ પ્રભુ આત્મા, એ વ્યવહારમાં આવતો નથી. એણે તો એકરૂપ કોઈ 'દિ છોડ્યું નથી. વ્યવહારરૂપે થયો નથી, ભેદરૂપે થયો નથી, અનેકરૂપે થયો નથી, એમ કહે છે. રાગરૂપે તો થયો નથી. આહાહા! સંયોગરૂપે તો થયો નથી. હવે અહીં એવી વાતો બધી....પુદ્‌ગલનાં સહારાથી આત્માનું કામ બધું હાલે, અરે ભગવાન! અમરચંદજી લખે છે ને પણ....ભાઈ, ઈ બહારની વિદ્વતા નહીં તારે જીવને. દુનિયા એમ કહે કે આહાહા....બહુ આવડે છે, બહુ આવડે છે. એ તારું રૂપ નથી ભાઈ! એ એણે એકરૂપ છોડ્યું નથી, એ પુદ્‌ગલનો સહારો લે ને બોલે, વિકલ્પનો સહારો લે ને કામ થાય,

વિકલ્પના સહારાથી જાણવું થાય, એવુ એમાં કોઈ'દી થયું નથી. સમજાણું કાંઈ?

એકદેશથી હાલ્યું આવે છે ઓલામાંથી. શુદ્ધ નિરંજન એકદેશ ને આહીં પાછું એક લીધું, છેલ્લું એકતાનું પદ એ. સમજાય છે કે નહીં દોશી? તમારા ચિરંજીવે લખ્યું દોશી કુટુંબ. કહો સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ. એ લાલચંદજી! સમજાય છે કે નહીં આ? હવે બધી બહારથી ને ભક્તિથી કેટલું થાય? (શ્રોતા : કશું ન થાય) ન થાય! (શ્રોતા : થાય....થાય. લાભ થાય. ) થાય તો ખરું. ....એ વાત. હોય પણ એનાથી વૃદ્ધિ થાય. આહા! જેણે એક છોડીને બે થયો નથી, કહે છે આહીં તો. આહાહા! ગુણી ને ગુણ એવા ભેદરૂપે થયો નથી, કહે છે. સમજાણું કાંઈ?

'एकता न तजै यौ नियत अंग कही है' નિશ્ચયનાં અંગ એટલે નિશ્ચયનાં સ્વરૂપમાં તો એકપણું છોડ્યું નથી, એમ નિશ્ચયનય કહે છે. આશ્રવનય એમ કહે છે. આશ્રવજ્ઞાન એમ કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? '...तो भी निश्चयनयसे एक ही रूप है, तीनरूप है तो भी निश्चयनयसे एक ही रूप है' એમ સાધારણ વાત કહી. એ હું કહીશ એમ લીધું. 'सो है जीव कैसी हुं जुगतिकै सदीव ताके; ઓહો! उसका किसी भी युक्तिसे सदा ध्यान करनेको चित्त उत्साहित हुआ है' યુક્તિ એટલે અંતર્મુખ થવાને માટે મારો પ્રયત્ન જાગૃત છે. સમજાણું કાંઈ?

'सो है जीव' આહીં 'सो है जीव नियत अंग' એ 'सो है जीव' એમ. 'एकता न तजै यौ नियत अंग कही है सो है जीव' અહીં જીવ એટલે, આનું નામ જીવ. આનું નામ સાચો જીવ. હવે જીવમાં ય સાચો ને ખોટો બે? હા, ભેદ ને પર્યાય એ ખોટો આત્મા છે જીવ. આરે! સમજાણું કાંઈ? 'सो है जीव कैसी हूं जुगतिकै सदीव ताके' પણ, આ નિરંતર એ આત્મા તરફનું વલણ મારું હવે તૈયાર થઈ ગયું છે. આહાહા! 'कैसी जुगति से' એટલે અંતર્મુખ વળવાની યુક્તિ સે 'सदीव'—નિરંતર ધર્મીનું એકરૂપ દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? 'किसी भी युक्तिसे सदा ध्यान करनेको मेरा चित्त उत्साहित हुआ है 'जुगतिसे सदीव ताकै' સદા.

વસ્તુ ભગવાન આત્મા એકરૂપ છે. એના તરફનું ધ્યાન અને એકાગ્રતા, એ જ વસ્તુની પ્રતીત અને એ જ વસ્તુનો પ્રયત્ન છે. નિરંતર, એમાં કોઈ પ્રમાણમાં ભેદ મુખ્ય થઈ જાય, એમ છે નહીં. આહાહા! કોઈક ક્ષણમાં વ્યવહાર મુખ્ય થઈ જાય, એમ નથી. નિશ્ચય સદા સદૈવ નિરંતર તેનું ધ્યાન કરવા એટલે ધ્યેય બનાવીને સ્થિર થવાનો મારો ઉત્સાહ છે. મારો એ ઉત્સાહ છે. જુઓ આ કરવાનું, ભગુભાઈ!

'ध्यान करिबेकौ मेरी मनसा उनही है' તત્પર થઈ છે એમ. એનો ઉત્સાહ છે

ને! તત્પર થયો છે, ઉત્સાહ થયો છે. 'उनही है' એના તરફ ઢળવું. વસ્તુ ધ્રુવ છે, એકરૂપ છે એ જીવ, એના ઉપર મારો ઉત્સાહ છે. ભેદ અને વ્યવહાર ઉપર મારો ઉત્સાહ નથી. આહાહા! નેમીચંદજી! દેખો આ જીવકા સ્વભાવ. આહાહા! અજાણ્યા માણસને તો ગ્રીક લેટીન જેવું લાગે. આવો ધર્મ વીતરાગનો હશે? આ જૈન ધર્મ હશે? આહા! બાપુ, જૈન ધર્મ જ આ છે. એ સિવાયનાં બીજી રીતે કોઈ જૈન ધર્મ છે નહીં. 'જૈન એટલે જીતવું.' નાસ્તિથી કથન છે. ભેદ અને વ્યવહાર ને જીતવો. એનો અર્થ કે અભેદની દૃષ્ટિ કરવી, એનું નામ જૈન. કારણ કે અભેદ જીવ જ અભેદ સ્વરૂપ છે. એણે અભેદપણું કોઈ 'દિ છોડ્યું નથી, એમ કીધું ને. આહાહા!

'जाते अविचल रिद्धि होत' જેથી એવા અપૂર્વ ઉત્સાહિત એકરૂપ સ્વભાવ તરફ ઝૂકવાથી 'अविचल रिद्धि होत' ત્યારે એને મોક્ષ પ્રાપ્ત થાય. 'अविचल रिद्धि' એટલે મોક્ષ. 'और भांति सिद्धि' 'और दूसरा तरीका कार्य सिद्ध होनेका नहीं है' લો. 'अविचल रिद्धि होत' આહાહા! એ મોક્ષની પદવી—મોક્ષની પૂર્ણ દશા. આ સ્વની એકતાનાં ઉત્સાહિતથી થાય છે. સ્વની એકતાનાં ઉત્સાહિતથી અવિચલ રિદ્ધિ મુક્તિની પર્યાય પ્રાપ્ત થાય છે.

'और भांति सिद्धि नाहीं नाहीं नाहीं' આહાહા! કોઈ રીતે વ્યવહાર અને ભેદને લક્ષે મુક્તિ થાય, અરે, ભેદ અને વ્યવહારને લક્ષે સમકિત પણ મુક્ત દશા છે ઈ. આહાહા. સમજાણું કાંઈ? ભેદ અને વ્યવહારને લક્ષે સમકિત થાય, એમ નહીં, નહીં ને નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? 'नाहीं नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है' હોં એ, નથી શ્રદ્ધા, નથી જ્ઞાન, નથી ચારિત્ર....એક નિશ્ચય સિવાયનાં આશ્રયે વિના બીજું ન જ હોય. 'इसमें कोई संदेह नहीं है' 'धोखो'નો અર્થ કર્યો. ન્યાં યે કર્યો અર્થ, શબ્દ આવે છે. 'धोखो' એટલે સંદેહ. 'कोई संदेह नहीं है, बिलकुल सच है' કોઈ સંદેહ નહીં. બિલ્કુલ સત્ય હૈ. આહાહા! આમાં સંદેહનું સ્થાન નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

# પ્રવચન નં. ૨૫, મહા વદ ૧૪, બુધવાર તા. ૨૪-૨-૧૯૭૧
## જીવદ્વાર ગાથા ૨૨, ૨૩ પર પ્રવચન

૨૧મો કળશ, (નાટક) સમયસાર જીવદ્વાર

कथमपि हि लभन्ते भेदविज्ञान मूला-
मचलितमनुभूति ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नाऽनन्त भावस्वभावै-
र्मुकुरवदविकारा संततं स्युस्त एव॥२१॥

એ શ્લોક છે. એનું પદ છે. 'ज्ञाताकी अवस्था'. ધર્મી જીવની દશા. ધર્મી હોય એની દશા કેવી હોય, એનું વર્ણન છે.

જ્ઞાતાની અવસ્થા (સવૈયા એકત્રીસા)

कै अपनौं पद आप संभारत,
कै गुरुके मुखकी सुनि बानी।
भेदविज्ञान जग्यो जिन्हिकै,
प्रगटी सुविवेक-कला-रसधानी॥
भाव अनंत भए प्रतिबिंबित,
जीवन मोख दसा ठहरानी।
ते नर दर्पन ज्यौं अविकार,
रहैं थिररूप सदा सुखदानी॥२२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : રસધાની=શક્તિ. જીવને મોખ દશા=જાણે અહીં જ મોક્ષ પ્રાપ્ત કરી ચૂક્યા.

**અર્થ :**–પોતાની જાતે પોતાનું સ્વરૂપ સાંભળવાથી અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગ્રત થયું છે અર્થાત્ સ્વપર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે, તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંત ભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે. ૨૨.

**अर्थ** :–अपने आप अपना स्वरूप सम्हालनेसे अथवा श्रीगुरुके मुखारविंद द्वारा उपदेश सुननेसे जिनको भेदज्ञान जाग्रत हुआ है अर्थात् स्वपर विवेककी ज्ञानशक्ति प्रगट हुई है, उन महात्माओंको जीवनमुक्त अवस्था प्राप्त हो जाती है। उनके निर्मल दर्पणवत् स्वच्छ आत्मामें अनंत भाव झलकते हैं परंतु उनसे कुछ विकार नहीं होता। वे सदा आनंदमें मस्त रहते हैं।।२२।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ 'कैं अपनौं पद आप संभारत,' કોઈ જીવ પોતાનો આનંદ સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે આત્માને જોયો, એ આત્મા આનંદસ્વરૂપ છે, દરેક. એમાં જ્ઞાનાનંદ—એનો સ્વભાવ જ્ઞાન છે અને અતીન્દ્રિય આનંદ છે. 'कैं अपनौं पद आप संभारत,' અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પો, રાગ, શરીરાદિ જે પરચીજ છે, એનું એને પોતાનું માનીને સ્વરૂપનું એને વિસ્મરણ છે અનાદિથી. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જ્ઞાનાનંદ સ્વરૂપ જોયો, એને ભૂલીને અનાદિથી આત્માના સ્વભાવમાં નથી એવા શુભ ને અશુભ પુણ્ય ને પાપના ભાવ અને એના ફળરૂપે આ ધૂળ આદિ સંયોગો—ચારગતિ, ઈ મારી માને છે ને હું એનો છું, એ ભ્રમ અજ્ઞાન અને પાખંડ અને અધર્મ છે. પોતાની જાત અંદર શુદ્ધ ચૈતન્યધાતુ, એવું પરમેશ્વરે કહ્યું છે ને એવો એ છે.

'कै अपनौं पद' પોતાનું પદ જે છે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ. આ ધર્મી થાય ત્યારની વાત છે. અધર્મ તો અનાદિનો કરી રહ્યો છે. પોતાના નિજપદને—નિજ સ્વભાવની શાંતિનો સાગર ભગવાન આત્મા—એને ભૂલીને આ શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ મારા અને અંદરમાં થતો પુણ્ય ને પાપનો વિકલ્પનો ભાવ—વિભાવ, એ મારા માનીને અજ્ઞાનપણે દુઃખી છે પ્રાણી. સમજાય છે કાંઈ? આગળ લેશે એ સુખદાની, છેલ્લો છે ને? સુખદાની. આ દુખદાની છે અનાદિનો, ખબર નથી એને હું કોણ છું? ક્યાં છું? કેનો છું? પોપટભાઈ, આ તમારા પૈસાવાળાને બધા સુખી કહે છે. (શ્રોતા : હવે આ પૈસાવાળા નથી, એમ દાંડી પીટીને કહે છે.).......ધૂળમાંય નથી.

અજ્ઞાની સ્વરૂપની હિંસા કરીને, પોતાની હિંસા કરીને પરમાં સુખ છે, એમ માને છે, આહાહા! એમ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર કહે છે. એ આત્માની હિંસા છે. ભગવાન તારું સ્વરૂપ તો આનંદ છે ને. આનંદ ને જ્ઞાન, આ વળી એક ટૂકડો છે ને! શું કહેવાય? જ્ઞાનાનંદ સ્વભાવી. જ્ઞાનાનંદ સ્વભાવી છું. આ હુકમચંદનું છે ને જયપુરનું આ તમારે 'मैं ज्ञानानंद स्वभावी हुँ' એમાંથી જરી વિચાર તરી આવ્યો. એ જ્ઞાનાનંદ સ્વભાવી હું, એવું ભાન થાય ત્યારે જ્ઞાનાનંદ સ્વભાવી હું. આમ ઓઘે ઓઘે જ્ઞાનાનંદ સ્વભાવી, માને એ વસ્તુ છે નહીં. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જેવો સિદ્ધ ભગવાનનો આત્મા છે એવો જ આ આત્મા છે, વસ્તુ તરીકે. મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હું. મારો સ્વભાવ જાણવું ને આનંદ એ મારો સ્વભાવ. પણ એ સ્વભાવ ક્યારે માને? કે એ પુણ્ય પાપના ભાવની રુચિ છોડી અને જ્ઞાનાનંદના સ્વભાવની દૃષ્ટિ કરી અને જ્ઞાન ને આનંદની વ્યક્ત અંશે દશા બહાર આવે, એ દ્વારા હું જ્ઞાનાનંદ સ્વભાવી છું, એમ ભાન થાય. આહાહા! એને સમ્યક્દૃષ્ટિ જૈનનો પહેલો એકડો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, હેમચંદજી! તમારા બધાને ખૂબ પૈસાવાળાઓને સુખી કહે છે, લ્યો. દસ દસ લાખના મકાનો ઘરે. વીસ વીસ લાખના મકાનો મોટા મોટા વેપાર, પાંચ-પાંચ, દશ-દશ લાખની પેદાશું (શ્રોતા : દસ લાખના મકાન ને ઘરના મકાન જુદા) પણ ઈ મકાનનો નહીં. મોટું મકાન કરાવ્યું છે દિલ્હીમાં નહીં ? ત્યાં પગલા કર્યા હતા.

ચાલીસ લાખનું મકાન છે ને ત્યાં ગોવામાં. એક મકાન ૪૦ લાખનું. (શ્રોતા : મકાન મકાનમાં છે.) પણ મકાન જડનું છે કે તારું છે? તારું હોય તો જુદું કેમ રહે? અને જુદી ચીજ એ તારી (હોય નહીં.) ભારે ભ્રમ જગતને અનાદિથી. કાંઈ ચાલીસ લાખનું મકાન હોય. એ મલુકચંદભાઈ! આમ હિંડોળે હિંચકતો હોય! અને આ શું કહેવાય બધું બહારનું.....એમના (મલુકચંદભાઈના) દીકરા પાસે પાંચ કરોડ રૂપિયા છે. એક બે કરોડ વાળો ત્યાં સ્વિત્ઝર્લેન્ડ રહે છે ને ત્રણ કરોડવાળો મુંબઈ રહે છે. ડોહો આંહી રોટલા ઘરના કરીને ખાય. (શ્રોતા : ડોહો ઘરના જ રોટલા ખાય ને કાંઈ બહારના ખાય.) છોકરા સેવા કરવા માટે નથી. ઓલો ન્યાં રળે ને ઓલો ન્યાં રળે.

અરે! ભગવાન તારામાં સુખ ને જ્ઞાન ભર્યું છે. એ સુખ તારું કાંઈ બહારથી આવતું નથી. પણ અનાદિથી મિથ્યાત્વમાં ઊંધી શ્રદ્ધાથી આત્મામાં જ્ઞાન ને આનંદ ન માનતાં પરથી મને સુખ થાય એવી માન્યતા ભ્રમ, મિથ્યાત્વ અને આત્માના સ્વરૂપની ઘાતક છે. નવનીતભાઈ! સમજાણું કાંઈ? એવા તો અબજોપતિ તો ઘણાય છે અત્યારે તો. અબજોપતિ અરે! ધૂળ હો કરોડનો, એક અબજ. એમાં એના ક્યાં થાતા હતા? એ તો જડના છે. આંહી કહે છે એ પદને બહારને ભૂલી પહેલું, અનાદિનું નિજપદને ભૂલીને એ પદ મારા એમ માન્યતા હતી, એ અધર્મ દશા હતી. આહાહા!

નિજ 'कै अपनौं पद आप संभारत'. 'અરે! હું તો જ્ઞાન ને આનંદ જ છું. મારા સ્વભાવ, સત્તામાં જ્ઞાન ને આનંદ જ ભર્યું છે.' એમ જે કોઈ ધર્મી જીવ, અનંતકાળનું વિસ્મરણ સ્વરૂપનું હતું, એને અંતરમાં દૃષ્ટિ લઈને સ્મરણ કરે છે. એને અહીંયા સમ્યક્દૃષ્ટિ, ધર્મી, સુખને પંથે પડ્યો એમ કહેવામાં આવે છે. બરાબર હૈ? આ બધા દુઃખને પંથે રખડે છે માળા. (શ્રોતા : સુખ માને છે ને) માને તો છોકરો માને લાકડીના ઘોડાને ઘોડો, કહે તો એ હાલવામાં કામ આવે? લાકડીના ઘોડાને ઘોડો નથી માનતો?

લકડી રખતે હૈ ન. લાવો ઘોડો. ઘોડો જરીક પગ તૂટે કે વીંછી કરડ્યો હોય, ઘોડો હાલવામાં કામ આવે ઈ? આહાહા!

અરે! અજ્ઞાનીની મૂર્ખતા એના જેવું છે. અહીં પરમાત્મા વીતરાગદેવ એમ કહે છે કે ભાઈ! જે કોઈ જીવ પોતાનું નિજપદ, એ પુણ્ય ને પાપના ભાવથી રહિત, શરીરથી રહિત, ધૂળથી તો રહિત ધૂળ એટલે લક્ષ્મી, એનાથી તો રહિત તારી ચીજ છે પણ પુણ્ય ને પાપના રાગથી પ્રભુ તારી ચીજ છે. એ કોઈ દિ' તારી નિધિને, તારા નિધાનને કોઈ દિ' તે સંભાર્યુ નહીં. તારું નથી એને સંભારવા રોકાઈ ગયો પણ તારા નિધાનને સંભાર્યા નથી. સમજાણું કાંઈ?

'कै अपनौं पद आप संभारत, कै गुरुके मुखकी सुनि बानी।' પહેલા નિસર્ગજ સમકિત કહ્યું. આ અધિગમજ એટલે ગુરુએ એને કહેલું. જુઓ, 'गुरुके मुखकी सुनि बानी' ગુરુની વાણી કેવી હોય? કે એ રાગ ને વિકલ્પથી ભિન્ન બતાવે તે ગુરુની વાણી. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપી, જે સિદ્ધ ભગવાન, 'નમો લોએ સવ્વ સિદ્ધાણં' થયા એ બધા અંતર સ્વરૂપમાંથી થયા છે. આ કાંઈ બહારની કોઈ ક્રિયાથી થયા નથી. કહે છે 'गुरुके मुखकी सुनि बानी।' પણ અહીં તો વાણી સાંભળી, એમાં શું હતું? વળી જરી કહેવું છે.

भेदग्ज्ञान जग्यौ जिन्हि कै घट. ગુરુએ એને એમ કહ્યું'તું. સંત સાચા હોં! આત્મજ્ઞાની ધર્માત્મા જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, એવા ધર્મી સંત ધર્માત્મા એને એમ કહે છે, ભાઈ! ભેદવિજ્ઞાન. પ્રભુ તારામાં આનંદ ને જ્ઞાન છે અને રાગનો વિકલ્પ જે ઊઠે છે, દયા, દાનનો, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ છે અને હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના એ પાપ છે. બેયથી તું જુદો કર, એમ ગુરુની વાણી હતી. નેમચંદભાઈ! અરે કાને વાત પડે નહીં સાચી અને જીંદગીયું હાલી જાય છે ઝંઝાળમાં. આહાહા!

એના જીવતર ઈયળું ને ગલુડિયા ને કાગડા જેવા અવતાર છે. સમજાણું કાંઈ? જેણે આત્મા ક્યા, શું ચીજ પરમેશ્વર કહે છે અને એ આ આત્માની કેમ પ્રાપ્તિ થાય, એને જેણે સાંભળ્યા નથી. તે રીતની રીત–પદ્ધતિ સાંભળી નથી. સમજાય છે કાંઈ? તો એને સમજણમાં તો ક્યાંથી આવે? અરે! એવા અવતાર અનંતવાર એવા તો કર્યા. ને મર્યો. એ કાંઈ અવતાર મનુષ્યના સાચા કહેવાય નહીં. 'भेदविज्ञान जग्यौ जिन्हिकै'. શરીર, વાણી, મન તો જડ થઈને રહ્યા છે. આ તો માટી થઈને રહ્યા છે. આત્માના થઈને રહ્યા છે? આત્મા તો અરૂપી છે. જો આત્માના થઈને આ રહે તો આ અરૂપી થઈ જાય.

આત્મા એનો થઈને રહે તો આત્મા જડ થઈ જાય. આહાહા! બરાબર હૈ?

શરીર, શરીરપણે રહ્યું છે, અજીવ પણે આ તો રહ્યું છે. લક્ષ્મી પણ અજીવપણે અજીવની થઈને રહી છે. જીવની થઈને જીવપણે રહી નથી. એવું જેને અંતરમાં અજીવ લક્ષ્મી, અજીવ શરીર અને અજીવ કર્મ ને પુણ્ય ને પાપ, એ અચેતન વિકાર રાગ. એનાથી જેને ભેદ અંતર પડે છે, જુદાઈ થાય છે, એને ભેદજ્ઞાની, ધર્મી અને સમકિતી ધર્મની પહેલી શરૂઆતવાળો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કેમ? ભેદવિજ્ઞાન એટલે બે જેમ જુદા હતા તેમ જુદા જાણ્યા.

ચૈતન્ય ભગવાન આત્મા આનંદ ને શાંતિનું સ્વરૂપ છે એનું અને રાગાદિ એ વિકાર ને દુઃખરૂપ છે, એમ બે હતા એને બે રીતે ભેદજ્ઞાન કરીને જાણ્યાં. ભેદ કહ્યો છે ને ભાઈ આમાં? ઓલો દુઃખરૂપ હતો, આ આનંદરૂપ છે. એ અજ્ઞાન હતું, આ જ્ઞાન છે. એ અચેતન હતું, આ ચેતન છે. એ અણાત્મા હતો, આ આત્મા છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? એમ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ ધર્મસભામાં ઈન્દ્રોની સમક્ષમાં ફરમાવતા હતા. મોટા અર્ધ દેવલોકના સ્વામી શક્રેન્દ્ર, બત્રીસ લાખ વિમાન, એના એક એક વિમાનમાં અસંખ્ય દેવ. સુધર્મ દેવલોક છે અને ઈશાનદેવ, એવા (દેવોની) સમીપમાં તીર્થંકરની વાણીમાં આ આવ્યું છે. અરે! સમજાય છે કાંઈ? આ ગુરુની વાણી કહો કે તીર્થંકરની વાણી કહો. એ વાણીમાં ભેદજ્ઞાન આવ્યું છે, એમ કહેવું છે. ત્યારે એને ભેદજ્ઞાન કહ્યું. સમજાય છે કાંઈ?

આવો કઈ જાતનો (ધર્મ)! આવો ધર્મ હશે, કોણ કહે છે? ભાઈ! ભગવાનનો આ ધર્મ, બાપુ! તને ખબર નથી. ભાઈ! તને એ રીતની ખબર નથી. સમજાય છે કાંઈ? કહે છે, કાં પોતાની મેળે સંભારે કાં ગુરુથી. એનો અર્થ કે ગુરુથી સાંભળ્યું છે અને ન સાંભળ્યું હોય તો પોતાના સ્વભાવથી પ્રગટ્યું છે, પણ પ્રગટ્યું ભેદવિજ્ઞાન. ભેદવિજ્ઞાન એટલે બેનું બે પણે જ્ઞાન. આત્મા આનંદમૂર્તિ છે એમ એનું જ્ઞાન ને રાગનો વિકલ્પ, શરીરાદિ બધા દુઃખરૂપ ને અચેતન પર છે, એમ જ્ઞાન. પર અને સ્વનું જેવું સ્વરૂપ છે, તેવું તેને પરથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન થતાં પરનું પણ જ્ઞાન થયું કે રાગાદિ અચેતન મારી ચીજ નહીં. કહો પંડિતજી! ભારે વાત ભાઈ! આવો માર્ગ.

'भेदविज्ञान जग्यौ जिन्हिकै'. જેના હૃદયમાં, જેના અંતરમાં એ રાગનો વિકલ્પ છે, પુણ્યનો અને પુણ્યનું બંધન જે છે અને એના ફળ તરીકે આ ધૂળ આદિ મળે છે. એ બધાથી આત્મા જુદો ત્રણે કાળે જુદો રહ્યો છે. એવું જેને 'भेदविज्ञान जग्यौ' એટલે શું કહ્યું? કે અનાદિથી ભેદવિજ્ઞાન નહોતું, અભેદ જ્ઞાન હતું. રાગ ને પુણ્ય ને વિકલ્પ

મારા એમ એકપણાનું જ્ઞાન હતું. અજ્ઞાન હતું એ. 'भेदविज्ञान जग्यौ' આ રાગના વિકલ્પથી ને શરીરથી ભિન્ન મારું સ્વરૂપ છે, એવું જેને ભાન થયું તેને ભેદવિજ્ઞાન ઉત્પન્ન થયું. અનાદિથી નહોતું એવું ઉત્પન્ન થયું. 'जिन्हिकै जग्यौ' જેને અંતરમાં ચૈતન્ય નિર્મળ જ્યોતિ. ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા, પ્રકાશ ચૈતન્યના પ્રકાશના નુરનું પુર પ્રભુ આત્મા છે. આહા! કેમ બેસે? નવનીતભાઈ! આ બહારમાં સલવાણો માળો એવો તે...આહાહા...!

એ પુરુષાર્થ નથી હજી અંદરમાં. એ બેઠી (તેની) હા પાડે ઓઘે. ભાઈ? ઓઘે એટલે વસ્તુ દેખ્યા વિના આ અમને બેઠી છે, એ શી રીતે કહેવાય?... બધાને ઓઘે ઓઘે છે. આમ છે વાત, એ ચેતનજી! ચેતનજીનો પક્ષ શુદ્ધ નયનો પક્ષ કરે તો...હા, ઓઘે ન હાલે. આ આત્મા જ્ઞાનસ્વરૂપ ને આનંદ સ્વરૂપ છે. એવી સત્તાનો સ્વીકાર ક્યારે થાય? એવી સત્તાને અંદર સ્પર્શે ને એકાકાર થાય ત્યારે અંશ પ્રગટે ત્યારે જ્ઞાનાનંદ સ્વભાવી છે, એમ શ્રદ્ધા થાય. એ તો પહેલું કહ્યું'તું. પહેલી સમજમાં આ વાત લે કે આ પ્રમાણે જ હોવું જોઈએ. બીજો માર્ગ છે (નહીં.) વીતરાગ તીર્થંકરના માર્ગમાં બીજો માર્ગ નથી. સમજાણું કાંઈ?

'जिन्हकै प्रगटी सुविवेक कला–रसधानी' જેને સુવિવેક કળારૂપી રાજધાની. અરે! સ્વરૂપનો ઈશ્વર થયો. અનાદિથી જે પુણ્ય ને પાપના ફળનો ઈશ્વર માનતો મૂઢ. સમજાણું કાંઈ? પોપટભાઈ! મૂઢ હશે એ? (શ્રોતા : પૂરેપૂરો, એક પોઈન્ટ પણ ક્યાં ઓછો) પાંચ પાંચ દસ દસ લાખના પૈસા પેદા...(શ્રોતા : તમે કહો છો...) તમે કહું છું એટલે શું? અંશે કોને કહેવું? એના ભાગ પડતા નથી. વસ્તુ એવી ભગવાન ઝીણી વાત છે ભાઈ! એવા અનંતકાળ થોથા કર્યા એણે તો. અંદરમાં જ્ઞાન ને આનંદનો નાથ આત્મા છે. એકલો અતીન્દ્રિય જેવો સિદ્ધ ભગવાન ને આનંદ છે, જેવો અરિહંત પરમેશ્વર ને આનંદ છે, એવો આનંદ મારામાં છે. એ આનંદના સ્વરૂપ તરફ સન્મુખ થઈને વ્યક્તપણે આનંદની દશા થાય અને તેનું જ્ઞાન થાય, ત્યારે એને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે એમ પ્રતીતમાં આવે. આમ છે ભાઈ. બાકી વાતું કરીને ખુશી થાવું હોય...સમજાણું કાંઈ?

કહે છે 'प्रगटी सुविवेक कला–रसधानी' આહા! પોતાનું રાજ મળ્યું એને. અનંત અનંત આનંદ ને અનંત જ્ઞાનનો સ્વભાવ આત્માનો એવી રાજધાની આત્માની, સમ્યક્દૃષ્ટિને એટલે કે ભેદજ્ઞાનીને એટલે કે રાગ ને પુણ્યની એકતા તૂટીને સ્વભાવનું ભાન થતાં ચૈતન્ય મહારાજા આનંદનો નાથ છે, એવી રાજધાની એને મળી. એનો રાજા થયો. એ રાગનો રાજા અનાદિથી મૂઢ માનતો હતો. ગુલામ દાસ છે, ભિખારા છે. એય! એક ફેરી કહ્યું'તુ ને ઘણા વરસની વાત છે, ૮૧–૮૨ની. એક જણે પૈસા આપ્યા હશે

૮૨ની સાલમાં. ચાલીસ પચાસ હજાર આપ્યા હશે. તે દિ' કોઈ પાઠશાળામાં. લીમડી હતા ને ત્યારે દરબાર આવ્યા હતા. દરબાર નહીં? કેવું નામ? દોલતસિંહ દાદભા. દસ લાખની ઉપજ રાજની બાર મહિને. પછી એક દિ' વ્યાખ્યાનમાં આવ્યા હતા. દર બીજે દિવસે આવવું. કીધું, હું તો જ્યાં એક દિ' મારું નક્કી હોય ત્યાં રહું. હું તો વધારે (અહીં રહેવાનો નથી.) રાજા આવે કે મોટો આવે, એના ઘરે રહ્યો. હું કાંઈ બીજે દિવસે રહેવાનો નથી. સવારે ઊઠીને અંકેવાળીયાની બહાર બેઠો હતો. ત્યાં આવ્યા હતા.

'મહારાજ! આ પૈસાવાળાનો ધર્મમાં ક્યાંય અધિકાર ખરો?' એમ પ્રશ્ન પૂછ્યો. એ નવરંગભાઈ! પૈસાવાળા નહીં તે દિ' નહીં? મણિયાર, પૈસાવાળા છે ને? તે દિ' ચાલીસ હજાર કાંઈક આપ્યા હતા. ઓઘડચંદભાઈ નહીં, પણ નાનો હતો. મોહન— મોહન, નાનો કેશવ બધા મળેલા હતા. પૈસાવાળા તે દિ' હતા ને ઘણા. ચાલીસ હજાર તે દિ' '૮૨માં આપ્યા હતા. કીધું, જુઓ પૈસાવાળાનો અધિકાર ધર્મમાં નથી. એ નેમચંદભાઈ! (શ્રોતા : ખરી વાત છે...) પૈસા તો જડ છે અને પૈસામાં લક્ષ જાય છે, એ પાપનું (કારણ છે). આ મારા એ પાપ છે અને કદાચ રાગ ઘટાડવાનો ભાવ આવે દયા, દાનનો તો એ પુણ્ય છે, એ વિકાર છે. એ કાંઈ આત્માની ચીજ છે (નહીં.) ભેદજ્ઞાન કહેવું છે ને. સમજાણું કાંઈ? ભારે ભાઈ! વીતરાગનો માર્ગ અલૌકિક માર્ગ છે ભાઈ! આહાહા!

'जिन्हकै प्रगटी सुविवेक कला–रसधानी' છે ને ઈ એ એમ કહે છે. એક ફેરી કહ્યું'તું ને. ગોવામાં નથી તમારે? શાંતિલાલ ખુશાલ. બે લાખ ૪૦ કરોડ રૂપિયા, બે લાખ શું? બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે અત્યારે. ગોવામાં શાંતિલાલ, શાંતિલાલ ખુશાલ દશાશ્રીમાળી વાણીયા. પ્રેમચંદભાઈના મામાના દીકરા. પ્રેમચંદભાઈના સગા મામાના દીકરા. બે અબજ ચાળીસ કરોડ રૂપિયા. બસે ચાલીસ કરોડ રૂપિયા છે. પછી એક ફેરી કહેતા'તા બીજાને ભાઈ, તમે આ શું કરો છો? 'અમે વેપાર કરીએ છીએ, શું મફત કરીએ છીએ? અમે સાત—આઠ હજાર માણસને નભાવીએ છીએ.' એ મલુકચંદભાઈ!(શ્રોતા : આપણે વેપાર કરીએ તો ઓલા નભે ને!) ધૂળેય નભાવતો નથી. મફતનું અભિમાન કરે છે માળા.

એય! પોપટભાઈ! આ તમારા કારખાના ચાલતા હશે ને બધાને નભાવતા હશે. અભિમાન છે. હમણાં તો છે હજી પૈસા. પંદર લાખનું કારખાનું છે થાણામાં. ત્યાં છે મોટું કારખાનું મુંબઈમાં. એક જણ કહેતો હતો પોપટભાઈ પાસે પાંચ કરોડ છે. ભાઈ હશે કોણ જાણે? શું કરવું છે સાંભળને! પાંચ કરોડ હોય કે ધૂળ કરોડ હોય. શું એમાં છે શું

ધૂળમાં? (શ્રોતા : એમાં ફસ્યા પોપટભાઈ) અરે ભગવાન! એક જણો કહેતા'તા. આપણા ભાઈ કહેતા જેન્તીભાઈ, છે કે નહીં ગયા? (શ્રોતા : ઝાડ પર ચડાવે છે પોપટભાઈને) ચઢાવતા હોય, આબરૂ મોટી દેખાય. પૈસા પંદર—પંદર લાખના બે કારખાના. નક્કી મોટા બે કરોડ હશે ને પાંચ કરોડ. હોય તો પણ આત્માને શું? એ તો એ મારા, એ માન્યતા દુઃખની દાયક મિથ્યા માન્યતા છે. ધર્મી થતાં ઈ માન્યતા છૂટી જાય. પછી ભલે ચક્રવર્તીના રાજમાં દેખાય. પણ એ રાજ ને લક્ષ્મી મારી નહીં. રાગ ઉત્પન્ન થાય શુભનો દયા, દાનનો, એય મારો નહીં. ત્યારે ભેદજ્ઞાન કહ્યું ને અહીંયા. આહાહા!

'प्रगटी सुविवेक' સુવિવેક કીધો છે. સુવિવેક એટલે બરાબર રાગથી ભિન્ન પડીને અંતર પ્રગટ્યું છે આત્મમાં. 'कला-रसधानी' અહી શક્તિ કીધી, નહીં? જ્ઞાન શક્તિ પ્રગટ થઈ, એમ કીધું છે....એમાં કાંઈ નહીં. સુવિવેક કળા પ્રગટી અંદર. જેમ ચંદ્રમામાં બીજ ઊગે. એમ ધર્મી જીવને શરૂઆતમાં જે રાગનો વિકલ્પ છે દયા, દાન, વ્રત, પૂજા આદિનો ને કામ ક્રોધનો, એનાથી ભિન્ન એવું આત્માનું ભાન થતાં એને આત્માની કળા પ્રગટે છે, કેવળજ્ઞાન લેવાની કળા પ્રગટે છે. સમજાણું કાંઈ?

'भाव अनंत भए प्रतिबिंबित'. ઝીણી વાત છે ભગવાન! એ આત્મા જ્ઞાન ને ધર્મ પામે છે ત્યારે એનું જ્ઞાન નિર્મળ થાય છે. રાગની, વિકલ્પની વૃત્તિથી ભિન્ન, એવું સમ્યક્જ્ઞાન થતાં જ્ઞાન નિર્મળ થાય છે. અને એ જ્ઞાનમાં જગતના પદાર્થો જણાય છતાં તે જ્ઞાન મેલું થતું નથી. આહાહા! સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તી ભગવાનના પુત્ર, ઋષભદેવ ભગવાનના, ૯૬ હજાર સ્ત્રી હતી, ૯૬ કરોડ પાયદળ, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર, ૧ કરોડ હળ. એ મારા નહીં હોં! એ મારા નહીં. હું એમાં નહીં હોં! જ્યાં હું છું ત્યાં તે નથી ને જ્યાં તે છે ત્યાં હું નથી. એવું જેને અંતરમાં ભેદજ્ઞાન થાય એને સમકિતી ને ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'भाव अनंत भए प्रतिबिंबित' પેલામાં છે અંદર લખ્યું છે. 'उन महात्माओंको जीवन मुक्त अवस्था प्राप्त हो जाती है।' 'भाव भये...जीवन मोख दसा ठहरानी'. પહેલો અર્થ એમ કરી નાખ્યો. પહેલો કર્યો ઈ. સમ્યક્દર્શન થતાં એ વિકલ્પ પુણ્ય પાપની લાગણીથી ભિન્ન પડતાં, જીવનમુક્ત—જીવતો હોવા છતાં એ અંતર તો મુક્ત જ છે. એ આયુષ્યથી મુક્ત છે ધર્મી, પુણ્ય-પાપના રાગથી મુક્ત છે ધર્મી, એને અહીંયા જીવનુમુક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'भाव अनंत भए प्रतिबिंबित'. કહે છે કે જ્ઞાનમાં અનંત પદાર્થો જણાય. સંયોગો હોય એ જ્ઞાનમાં જણાય. સંયોગો મારા છે, એમ ન થાય. સમજાણું કાંઈ?

'भाव अनंत भए प्रतिबिंबित' —ઝળકે અંદર ભાન 'जीवन मोख दसा ठहरानी' એ આયુષ્ય ને રાગમાં રહ્યો એમ દેખાતો છતાં એનાથી મુક્ત છે. એને સમ્યક્દૃષ્ટિ અને એને ધર્મની શરૂઆત કરનારો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું મોંઘી ભાઈ! લોકોએ સોંઘી કરી નાખી છે ને એટલે આ વાત એને એવી બેસે. આ તો કોઈ L.L.B.ની વાતું છે. M.A.ની વાત છે. ભગવાન L.L.B. M.A.ની વાતો આઘી છે. અહીં તો હજી પ્રથમ સમ્યક્દર્શનની વાત છે. સમજાણું કાંઈ?

'अनंत भए' જુઓ! શબ્દ એમ લીધો છે. રાગ ને શરીર, પુણ્યના વિકલ્પથી પ્રભુ ચૈતન્ય ભિન્ન છે, એમ ભાન થતાં ધર્મી જીવને અનંત પદાર્થો જાણવામાં તો આવે. એ જ્ઞાનનો સ્વભાવ છે કે અનંતને જાણે. અનંતને માને મારા, એમ સ્વભાવ નહોતો, એ માન્યો'તો. એ અનંતને જાણે એવો સ્વભાવ જણાયો. સમજાણું કાંઈ? 'ते नर दर्पण ज्यों अविकार' દર્પણમાં બાહ્યના પદાર્થો અગ્નિ, બરફ, નારિયેલ, કોલસા એમ જાણે અંદર દેખાય છે, એ તો અરીસાની સ્વચ્છતા છે. એમાં અરીસાની મલિનતા નથી. અગ્નિ દેખાય. આમ અગ્નિ બહારથી અગ્નિ છે ત્યાં? એ તો અરીસાની સ્વચ્છતા છે.

એમ જ્ઞાનરૂપી અરીસો ભગવાન આત્મા ચૈતન્યબિંબ, જ્યાં ભાન થયું. અનંત પદાર્થો જણાય, એ જ્ઞાનની નિર્મળતાના કારણે જણાય પણ એથી મેલો થઈ જાય આત્મા, એમ નથી. 'ते नर दर्पण ज्यौं अविकार रहे थिररूप सदा सुखदानी 'उनसे कुछ विकार नहीं होता। वे सदा आनन्दमें मस्त रहते हैं।' એ ધર્મી તો પોતાનો આનંદ છે એમાં મસ્ત રહે છે. અજ્ઞાની પરમાં આનંદ માનીને ગાંડપણે પાગલ થઈને મસ્ત રહે છે. આહાહા! બહુ ફેર. પાગલ છે, કહે છે ઈ પાગલ.

'रहे थिर रूप' અંતર ભલે રાગાદિ હો, દેહ આદિની ક્રિયા હો, પણ એનાથી સ્વરૂપની દૃષ્ટિ થઈ છે અનુભવ, એથી એ આત્મામાં જ છે. એ રાગમાં ને શરીરમાં નથી આહાહા! ભારે વાતુ ભાઈ! એને સ્થિર રહે તો બોલવાની ક્રિયા નહીં થાતી હોય ત્યાં, હાલવાની નહીં થાતી હોય એમ? ખાય એ તો જડની ક્રિયા છે. આહાહા! જ્ઞાન એને જાણે કે આમ થાય છે. વાણી હું કરું છું, શરીરને હું હલાવું છું, એ બુદ્ધિ રહેતી નથી. એ બુદ્ધિ છે ત્યાંસુધી મિથ્યાત્વ ને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ ૨૨મું થ્યું. સદા છે ને 'सदा सुखदानी' ભાષા વાપરી છે (શ્રોતા : કેવળીને બધું જણાય એવો અર્થ...) ના, ના, આમાં એ તો...'स्वच्छ आत्मामें अनंतभाव झलकते हैं' અહીં તો દર્પણનું નાખી દીધું ચોખ્ખું.

'उनसे कुछ विकार नहीं होता। सदा आनन्दमें मस्त रहते हैं'. આ જ્ઞાન સ્વરૂપી ભાન થયું, એ આનંદમાં જ છે. આહાહા! દુઃખ તો વિકલ્પ છે. વિકલ્પથી તો

મુક્ત છે. ઝીણી વાત! સમજાણું કાંઈ? સમ્યક્દર્શન એ કાંઈ ચીજ સાધારણ નથી. આબાલ ગોપાલ માને છે સાધારણ, એવી કાંઈ ચીજ નથી. એ તો અનાદિનું માને છે અજ્ઞાની. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ, એવું જ્યાં પુણ્ય પાપના રાગથી, વિકલ્પથી ભિન્ન પડીને ભાન થયું, સુખમાં છે. ઈ સુખમાં છે, દુઃખમાં નથી. સુખમાં ને દુઃખમાં નથી. દુઃખમાં હોય તો એ તો વિકાર છે. વિકારમાં હોય તો પોતાનું સ્વરૂપ નથી. આહાહા! ભારે કામ ભાઈ! ગળે ઊતરવું કઠણ હજી તો, વાત સાંભળવી...એ ૨૨ થ્યું. કળશ થ્યો ૨૧. પદ થયું. ૨૨. હવે ૨૨ મો કળશ.

त्यजतु जगदिदानी मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

ઓહોહો! ભેદવિજ્ઞાનની મહિમા. જેને વિકલ્પમાત્ર દુઃખરૂપ લાગે છે અને એનાથી ભગવાન આનંદ સ્વરૂપ છે, એવી ભેદજ્ઞાનની મહિમા ગાવામાં આવે છે.

ભેદજ્ઞાનનો મહિમા (સવૈયા એકત્રીસા)

याही वर्तमानसमै भव्यनिकौ मिटौ मौह,
लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं।
उदै करै भेदज्ञान महा रुचिकौ निधान,
उरकौ उजारौ भारौ न्यारौ दुंद-दलसौं।।
जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि,
कबहू अपनपौ न कहै पुदगलसौं।
यहै करतूति यौं जुदाई करैं जगतसौं,
पावक ज्यों भिन्न करै कंचन उपलसौं।।२३।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : નિધાન=ખજાનો. દુંદ(દ્વંદ)=સંશય. ઉપલ=પત્થર. મહારુચિ=દૃઢ શ્રદ્ધાન. જગત=જન્મ-મરણરૂપ સંસાર.

**અર્થ :**—આ સમયે જ ભવ્ય જીવોનો અનાદિકાળથી લાગેલો અને કર્મમળથી મળેલો મોહ નષ્ટ થઈ જાવ. એ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશય-સમૂહને મટાડનાર, દૃઢ શ્રદ્ધાનની રુચિ-સ્વરૂપ ભેદ-વિજ્ઞાન પ્રગટ થાય છે. એનાથી સ્વરૂપમાં

વિશ્રામ અને અનુભવનો આનંદ મળે છે તથા શરીરાદિ પુદ્‌ગલ પદાર્થોમાં કદી અહંબુદ્ધિ રહેતી નથી. આ ક્રિયા તેમને સંસારથી એવી રીતે ભિન્ન કરી નાખે છે જેમ અગ્નિ સુવર્ણને કિટ્ટિકા (પત્થર)થી ભિન્ન કરી દે છે. ૨૩

**अर्थ** :–इस समय भव्यजीवोंका अनादिकालसे लगा हुआ और कर्ममलसे मिला हुआ मोह नष्ट हो जावे। इसके नष्ट हो जानेसे हृदयमें महा प्रकाश करनेवाला, संशय समूहको मिटानेवाला, दृढ श्रद्धानकी रुचि-स्वरूप भेदविज्ञान प्रगट होता है। इससे स्वरूपमें विश्राम और अनुभवका आनन्द मिलता है तथा शरीरादि पुद्गल पदार्थोंमें कभी अहंबुद्धि नहीं रहती। यह क्रिया उन्हें संसारसे ऐसे पृथक् बना देती है जिस प्रकार अग्नि स्वर्णको किट्टिकासे भिन्न कर देती है॥२३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વીતરાગ પરમેશ્વરનું માખણ છે આ તો. याही वर्तमान સમયમાં, જુઓ ભાષા. આ કાળમાં પણ, એ આ વર્તમાન સમયમાં પણ भव्यनिकौ—ભવ્ય જીવ લાયક પ્રાણી છે. એનો मिटौ मोह—મોહ ગયો. સમ્યક્ દર્શન થતાં, રાગથી ભિન્ન આત્માને....આ વસ્તુ આમ છે પહેલી સમજમાં તો લે. માર્ગ આ છે. બીજો કોઈ માર્ગ છે (નહીં.) પરલક્ષી સમજ તો કરે આ વાત છે. એને હજી તો પરલક્ષી સમજમાં ય ભૂલ (થાય છે), એને સ્વલક્ષી થાય શી રીતે? याही वर्तमान समै भव्यनिकौ मिटौ मौह હેઠે છે. 'इस समय भव्यजीवोंका अनादिकालसे लगा हुआ....'

मोह, लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं. 'और कर्ममलसे मिला हुआ मोह नष्ट हो जाए'। કર્મના નિમિત્તમાં જે પરમાં પોતાપણું માનીને મિથ્યાત્‌ભાવને સેવતો હતો, એ મિથ્યાત્વ ને કર્મથી જુદો આત્માને પામતા ધર્મીનો તે મોહ નષ્ટ થઈ જાય છે અને ભેદજ્ઞાન સમકિતની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? હોંશુ ઊડી જાય એવું છે. એય! જઈ આવ્યા કે નહીં તમારા દીકરાને ત્યાં? એનો દીકરો રહે છે ત્યાં સ્વીટ્‌ઝર્લેન્ડ, બે કરોડ રૂપિયા. એકેય દીકરો નથી, પણ રાગ વધ્યો. બાગ બગીચા ને એનો વૈભવ જુઓ તો રાજા જેવો. ધૂળમાંય નથી ત્યાં સુખ. પછી અહીં આવે તો રોવે.

ન્યાલચંદભાઈ છે ને, એનો મોટો દીકરો. અહીં આવે ત્યારે રોવે. મહારાજ! અરે! ત્યાં મને નામ તમારું સાંભળતાં મને રૂદન આવી જાય. અરર! ક્યાં પડ્યા છીએ? ત્યાં દુઃખી છીએ. અહીંયા આવવું છે. તમે તો જઈ આવ્યા સાક્ષાત્ હેરાન થઈ આવ્યા. કેટલા વખત રહ્યા? પોણા બે. પોણા બે મહિના રહ્યા. બોલાવ્યા હતા, કહે જોવા તો આવો તમારા દીકરાનો વૈભવ. શું છે? ધૂળેય નથી ત્યાં સાંભળને! એમ તો છોકરો ડાહ્યો છે,

કાંઈ ગાંડો નથી. વિશ્વાસ છે, વાત તો સાચી આ છે. પણ સુખ છે નહીં, એમ કહે. ડાહ્યો છે એમ. મોટો ડાહ્યો છે. નાનો સાધારણ પણ એની પાસે પૈસા ત્રણ કરોડ. આની પાસે બે કરોડ.

એ તો પૂર્વના ધૂળ પુણ્યના પરમાણુને લઈને દેખાય. એમાં તારા ક્યાં હતા એ પૈસા? પોપટભાઈ! શું હશે આ બધું? ભ્રમ હશે આ બધું? કહે છે, लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं. અનાદિથી રાગ ને હું, બે મેળ માન્યા હતા, એ મટી ગયો. ભગવાન આત્મા જ્ઞાનનું ભેદજ્ઞાન થયું, રાગથી પર પડ્યું જુદું એટલે રાગની એકતાનો મિથ્યાત્વ મોહનો વ્યય થઈ ગયો. 'उदै करे भेदज्ञान' અને રાગથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન પ્રગટ કરે છે. જે જ્ઞાન રાગની એકતામાં રોકાયેલું હતું અનાદિથી અજ્ઞાનીને, એ રાગના વિકલ્પથી ભિન્ન પડીને પહેલામાં પહેલો સમકિતી ધર્મની શરૂઆત કરનારો, એની અહીં વાત છે. મુનિ ને કેવલીની વાતો તો કોઈ અદ્‌ભુત, અલૌકિક વાતો છે. બાપુ! એ તો કોઈ અલૌકિક વાતુ છે. આ તો ચોથા ગુણસ્થાનની સમ્યક્‌દર્શનની વાત છે. સમજાણું કાંઈ?

'उदै करे भेदज्ञान' લ્યો. ભેદજ્ઞાન પ્રગટ થાય છે. અને છે ને? 'इनके नष्ट हो जानेसे हृदयमें महाप्रकाश करनेवाला, संशय समूहको मिटानेवाला, दृढ श्रद्धानकी रुचि स्वरूप भेदज्ञान प्रगट होता है।' મહારુચિ નિધાન, જ્ઞાનાનંદનો દરિયો પ્રભુ, એની રુચિ નિધાનની થઈ, સમ્યગ્દર્શન થયું, રાગથી ભેદજ્ઞાન થયું. મહારુચિનો નિધાન મોટા નિધાનની રુચિ જેને પ્રગટી. રાગની રુચિ હતી તે ગઈ. સમજાણું કાંઈ? આહા! હું રાગી છું, પુણ્યવાળો છું એવો જે મિથ્યાત્‌ભાવ તે ગયો અને 'भेदज्ञान महारुचिकौ निधान' એને પ્રગટ્યું.दृढ श्रद्धानकी रुचि स्वरूप भेदज्ञान प्रगट हुआ 'उरकौ उजारौ' પોતાનો પ્રકાશ, કર્યો છે ને હૃદયમાં પ્રકાશ, મહાપ્રકાશ. એ ચૈતન્યનો પ્રકાશ અનુભવમાં આવ્યો ત્યારે એને ધર્મી કહેવામાં આવે છે. ત્યારે એને સમકિતીનું ભેદજ્ઞાન થયું, એમ કહેવામાં આવે છે.

'उरकौ उजारौ' અંદરમાં જ્ઞાનનો પ્રકાશ દેખાય. 'भारौ न्यारौ दुंद–दलसौं' સંશયના દળથી ભિન્ન પડી જાય છે, સંશય રહેતો નથી. સમજાણું કાંઈ? 'दुंद–दलसौं' નો અર્થ કર્યો છે ને અંદર, દ્વંદ્વ, સંશય અથવા દુવિધા. પુણ્યપાપના વિકલ્પના દ્વંદ્વથી જુદો પડી જાય છે. ભારે ધર્મની વ્યાખ્યા! કોઈ કહે, આ વળી ભગવાનની હશે આ? પણ ન્યાયથી તો કહેવાય છે તને. ન્યાયથી, તુલનાથી તો વાત કરે છે. હવે સાંભળ, સમજ તો તને ખબર પડે. આ જ વીતરાગનો માર્ગ છે.

'उरकौ उजारौ भारौ न्यारौ दुंद–दलसौं' સંશયને જ્યાં સ્થાન નથી. પૂર્ણાનંદનો નાથ આત્મા જ્યાં શ્રદ્ધા જ્ઞાનમાં પ્રગટ્યો, દ્વંદ્વપણું નથી. એક આત્મા એકરૂપ છે, એવું

ભાન થયું. આ જેને જનમ મરણના દુઃખોથી મુક્ત થવું હોય તો આ કર્યે છૂટકો છે. બાકી ચોર્યાશીના અવતારના ધોકા ખાઈને અનાદિથી અબજોપતિ અનંતવાર થયો અને સો વાર માગે ને કોળિયો એક વાર મળે એવો ભિખારી પણ થ્યો. ઈ તો બહારની કર્મની રમતું છે, એ કંઈ આત્મા છે (નહીં). આહાહા! સમજાણું કાંઈ?

'जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि', વિકલ્પના ભેદથી જુદો પડ્યો છે. અને 'थिर रहे' સ્વરૂપમાં અંતર સ્વરૂપમાં....સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપમાં સ્થિર રહે, અનુભવમાં. અનુભવ કરીને સ્થિર રહે, એમ કહે છે. સમજાય છે કાંઈ? વિલાસ—અનુભવનો વિલાસ ગહૈ. આનંદ સ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસ ધર્મની પહેલી દશા પ્રગટ થતાં ધર્મી આનંદનો વિલાસ કરે, ગહૈ. 'फिर कबहू अपनपौ न कहै पुद्‌गलसौं' હવે ફરીને શરીર મારું, લક્ષ્મી મારી, રાગ મારો, એ ધર્મી કદી કોઈ દિ' માનતો નથી. ભારે વાત ભાઈ! કાજળ કોટડીમાં રહેવું ને પગને ડાઘ લગાડવા દેવો નહીં, એમ નથી. આ તો આનંદની કોટડીમાં રહેવું ને રાગનો લેપ લાગવા દેવો નહીં. એ લાલચંદજી !

આ એની વાત હાલે છે. અજ્ઞાનીની ક્યાં વાત છે અહીં? અજ્ઞાની તો અનાદિથી મર્યા પડ્યા છે. તે સાધુ થ્યો તોય ભાન નથી આત્માનું, એ મર્યા પડ્યા બિચારા. રાગની ક્રિયાથી, દેહની ક્રિયાથી ભિન્ન છે (એવું) ભાન નથી. એ બધા મર્યા પડ્યા છે, ચારગતિમાં રખડનારા છે. આહાહા! સમજાણું કાંઈ? જીવતો થયો છે કે દિ? (શ્રોતા : સંસારી છે) મુડદા છે મુડદા. શાસ્ત્રમાં કહ્યું છે ને. રાગથી ને પુણ્યના ભાવથી ભિન્ન ભગવાન આત્માનું જ્યાં જ્ઞાન, શ્રદ્ધાન, અનુભવ નથી, એ ચાલતા મડદા છે. 'અષ્ટપાહુડ'માં કહ્યું, ચાલતાં મડદા છે. ઓલા ઉપાડીને હાલે ઠાઠડીએ, આ ચાલતાં મડદા છે. ભાન ન મળે, જીવતો જીવ કેવી ચીજ છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ લાગે, નહીં? પ્રકાશદાસજી? પેલા મહાવ્રત પાળવા ને અણુવ્રત પાળવા ને કાંઈ મહેનત હતી આમાં? આહાહા...!

કેવો તારો માર્ગ બાપા! કહેશે આગળ હોં! 'જિન સો હી આત્મા અન્ય સો હિ કર્મ. આગળ આવશે. 'જિનપદ નાંહી શરીરકો, જિનપદ ચેતન માંહી'. સત્યાવીશમાં આવે છે 'જિનપદ નાહી શરીરકો' આ શરીર ક્યાં જિનપદ છે? જિનપદ તો ચૈતન્યમાં છે. સત્યાવીસમું પદ છે, સત્યાવીસમું. કહે છે, 'जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि कबहू अपनपौ न कहै पुद्‌गलसौं' પુણ્ય ને પાપનો વિકલ્પ પણ પુદ્‌ગલ છે, જડ છે, અચેતન છે. એને જ્ઞાની ધર્મી કોઈ દિ' મારા છે, એમ માનતો નથી. ભારે ભાઈ મોંઘો આ ધર્મ, કહે છે. બાપુ અપૂર્વ વાત છે ને! અનંતકાળમાં ઈ કર્યું નથી બાકી તો બધું અનેકવાર, અનંતવાર બધું થયું છે.

ધર્મી જીવ પોતાના જ્ઞાન ને આનંદ સ્વભાવનો અનુભવ કરતો, એ વિલાસમાં રહેતો, આ વિલાસ એનો? આ જીવનમાં વિલાસ નથી કરતા? બાગબગીચા ને વિલાસ ને એય, બે પાંચ લાખના બાગ હોય. સાંજે નવરા થઈ ખુરશીમાં બેસે. હવાપાણી, ખુરશી—બુરશી નાખે ને બધા સાત—આઠ—દસ મિત્રો ભેગાં ગપ્પાં મારે ને પછી મજા કરીએ છીએ અને શિખંડ, પૂરી ને પત્તરવેલિયાં ઉડતા હોય એ વખતે. ઉના—ઉના પતરવેલિયા ને શિખંડ, સુખી છીએ. હોળી પ્રગટી, તું દુઃખી છો સાંભળને! તને કોણ સુખી કહે છે? (શ્રોતા : એની નાતના) એની નાતના પાગલ સુખી કહે એને. એય! સમજાણું કાંઈ?

એય! નેમચંદભાઈ, આ બધા તમને પૈસાવાળા સુખી કહે છે ત્યાં. મોટા દસ દસ લાખના બંગલા ઘેરે છે, એય મોટા. સુખી છે ભાઈ પૈસાવાળા, એમ કહે છે લોકો. આ સુખ ક્યાં ધૂળમાં હતું? આબરૂમાં સુખ હતું? બહુ અભિનંદન આપે, વખાણ કરે. ઓહોહો! તમે તો બાહુબળે ભેગું નહોતું ને (ભેગું કર્યું) હોં! ધૂળેય નથી સાંભળને! એ તો પૂર્વના પુણ્યના રજકણો હતાં, એ બળી ગ્યાં ને બહાર દેખાણું તારી પાસે. એમાં તારું ક્યાં છે ઈ? પૂર્વના શાતા વેદનીય આદિ રજકણો પડ્યા હશે. ક્યાંક, એકેન્દ્રિય આદિમાં શુભભાવ થયો હોય. એમાં પુણ્ય પરમાણુ પડ્યા હોય, એનો પાક કાળ આવે તો સોગઠી ગોઠવાઈ જાય ને ક્યાંક પાંચ—પચાસ (લાખ) બે—પાંચ કરોડ ભેગા થાય. ભેગા કોની સાથે? એ તો જડમાં ભેગા થયા છે. તારી સાથે ક્યાં ભેગા થયા'તા? એ તો ચૈતન્ય ને એ તો જડ. પોપટભાઈ! બરાબર હશે આ? પણ છ છોકરામાં બેઠા હોય બંગલામાં ત્યાં, ત્યારે આવું યાદ રહે? શું કહેવું છે, એમ કહે છે. આહાહા!

'न कहै पुद्गलसौं' હવે સાદિ અનંત ધર્મી રાગ, શરીર ને પુદ્ગલ છે એને પોતાના માને (નહીં). (શ્રોતા : નામ.) નામ સુખેય નથી. ત્યાં માને નામ, મફતનું નામ આપ્યું છે. લોકો સુખ કહે છે. સુખ હતું કે દિ' ધૂળમાં? શરીર સુખ છે ને આ પૈસા સુખ છે. આ તો જડ માટી છે. તારું સુખ ન્યાં છે? એ જ એને પરમાં અજીવમાં સુખ માનીને મિથ્યાત્વને સેવ્યું છે. મિથ્યાત્વના પાપને સેવે ને પછી કાંઈ દયા, દાનની કરણી કરે ને એનાથી ધર્મ થઈ જાય એમ માને. ધૂળેય ધર્મ નથી સાંભળને!

કહે છે 'यहै करतूति यौं जुदाई करैं जगतसौं' જુઓ, ભાષા લીધી. આખા જગતથી જુદો પાડે છે, એમ કહે છે. 'शरीरादि पुद्गल पदार्थोंमें कभी अहंबुद्धि नहीं रहती। यह क्रिया उन्हें संसारसे पृथक् बना देती है।' આ ક્રિયા, એ શરીર ને પુણ્ય પાપના ભાવથી જુદું પાડવાની જે ક્રિયા, એનું નામ ક્રિયા. એ ધાર્મિક ક્રિયા. ભારે વાત!

સમજાણું કાંઈ? 'यहै करतूति यौं जुदाई करैं जगतसौं' આખી દુનિયાથી જુદું કરે પોતાને. ક્રિયા ઉન્હેં સંસારસે...સંસાર શબ્દ વાપર્યો છે અહીં. પાઠમાં જગત્ શબ્દ છે ને. અર્થમાં સંસાર વાપર્યો, આખો સંસાર. પુણ્યના પરિણામ, શુભથી માંડીને આખો સંસાર. ધર્મીને એનાથી જુદું પોતાનું સ્વરૂપ ભાસે છે. આહા! સમજાણું કાંઈ?

'यहै करतूति यौं जुदाई करै जगतसौं, पावक ज्यौं भिन्न करै कंचन उपलसौं'. અગ્નિ, જેમ પત્થર ને સોનાને જુદું કરે. પથરા આવે છે ને સોનાના? ખાણમાંથી નીકળે પથરા સોનું મિશ્રિત. અગ્નિ લગાડે, સોનું જુદું પડી જાય, પથરા જુદા પડી જાય. એમ અનાદિનો પુણ્ય ને પાપના રાગની ખાણમાં ચૈતન્ય દેખાતો હતો, એને જુદો પાડ્યો. કંચન સમાન ભગવાન આત્મા ને પથરા સમાન પુણ્ય ને પાપના વિકલ્પ ને કર્મ ને શરીર. સાંભળતાં એને રાડ નાખી જાય છે. આવો વીતરાગ માર્ગ? અહીં તો સોંઘો કરીને મુક્યો જગતે. મંદિર બનાવો, જાવ ધર્મ થઈ ગયો. પાંચ લાખ ખર્ચો ત્યાં ધર્મ, ધૂળેય નથી સાંભળને! પૈસાથી ધર્મ થાય તો રાંકાને રોવું પડે. રાંકાને પૈસા ગોતવા પડે, એમ છે નહીં.

કહે છે, અગ્નિ જેમ ભિન્ન કરે કંચન ને પથરા. 'अग्नि स्वर्णको किट्टिकासे भिन्न कर देती है।' મેલથી ભગવાન આત્માને જુદો કરી નાખે છે. એમ જ્ઞાનાદિ ભેદજ્ઞાન અગ્નિ, પર તરફના વલણવાળા વિકલ્પનો ભાવ ને સ્વ તરફની અંતરની શાંતિ, બેને જુદું પાડીને ભગવાન આત્મા સ્વભાવમાં એકત્વપણાને પામે છે. સમજાણું કાંઈ? આનું નામ સમ્યક્દર્શન, આનું નામ સમ્યક્જ્ઞાન, આનું નામ ભેદજ્ઞાન, આનું નામ ધર્મની વીતરાગ માર્ગમાં શરૂઆત. ભિન્ન કર દેતી હૈ, લ્યો. અનુવાદ છે ને...અનાદિથી જેમ, જન્મ મરણનું અનાદિ કર્યું છે ને. અનાદિથી રાગ ને પુણ્ય બેય એકપણે માન્યા હતા, એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ. એને જુદા પાડીને જાણ્યા આત્માને, એ સમ્યક્ દૃષ્ટિનું લક્ષણ. અને આ સમ્યક્દર્શન વિના જે કાંઈ વ્રત, તપ ને નિયમ ને દાન- દયા કરે એમાં શુભભાવ હોય, પુણ્ય બંધાય, ધર્મ નહીં. જનમ મરણના અંત એમાં આવે, એવી ઈ ચીજ છે નહીં. જનમ મરણનાં અંતનો તો આ ઉપાય છે. વિશેષ કહેશે...

(—પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૨૬, મહા વદ ૧૫ ગુરૂવાર તા. ૨૫-૨-૭૧
## જીવદ્વાર પદ ૨૪ થી ૨૮ પર પ્રવચન

કહે છે કે ૨૩મો કળશ છે. ૨૪મું પદ છે.

अपि कथमपि मृत्या तत्त्व कौतूहली सन्
अनुभव भव मूर्ते पार्श्ववर्ती मुहूर्तम् ।
पृथगथ विलसन्तं स्व समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ।।२३।।

હવે એનું પદ

પરમાર્થની શઈક્ષા (સવૈયા એકત્રીસા)

बानारसी कहै भैया भव्य सुनौ मेरी सीख,
कैहुं भांति कैसैंहूंके ऐसौ काजु कीजिए।
एकहू मुहूरत मिथ्यातकौ विधुंस होइ,
ग्यानकौं जगाइ अंस हंस खोजि लीजिए।
वाहीरौ विचार वाकौ ध्यान यहै कौतुहल,
यौं ही भरि जनम पर रस पीजिए।
तजि भव-वासकौ विलास सविकाररूप,
अंतकरि मौहकौ अनंतकाल जीजिए।।२४।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : કૈહૂં ભાંતિ=કોઈપણ ઉપાયથી. કૈસૈં હૂંકૈ=પોતે કોઈ પ્રકારનો બનીને. હંસ=આત્મા. કૌતૂહલ=ક્રીડા. ભવવાસકો વિલાસ=જન્મ-મરણમમાં ભટકવું. અનંતકાળ જીજિએ=અમર થઈ જાવ અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરો.

**અર્થ :**–પં. બનારસીદાસજી કહે છે–હે ભાઈ ભવ્ય! મારો ઉપદેશ સાંભળો કે કોઈ પણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારનો બનીને એવું કામ કર જેથી માત્ર અંતર્મુહૂર્તને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગ્રત થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય, જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમરસનું પાન કરો અને

રાગ–દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. ૨૪

**अर्थ** :–पं. बनारसीदासजी कहते हैं–हे भाई भव्य! मेरा उपदेश सुनो कि किसी प्रयत्नसे और कैसे ही बनकर ऐसा काम करो जिससे मात्र अंतर्मुहूर्तके लिए मिथ्यात्वका उदय न रहे, ज्ञानका अंश जाग्रत हो आत्मस्वरूपकी पहिचान होवे। यावज्जीव उसहीका विचार, उसहीका ध्यान, उसहीकी लीलामें परमरसका पान करो और राग-द्वेषमय संसारकी भटकना छोड़कर तथा मोहका नाश करके सिद्धपद प्राप्त करो।।२४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આચાર્ય કહે છે અને એના પછી બનારસીદાસ પોતે કહે છે, એમ લીધું છે. શ્લોકમાં તો આચાર્ય કહે છે. 'बनारसी कहे भैया भव्य सुनो मेरी सीख'. હે! ભવ્ય મારો ઉપદેશ–શિખામણ એકવાર સાંભળ. માખણની તદ્દન વાત છે. 'बनारसी कहे भैया भव्य सुनो मेरी सीख, कैहु भांति' કોઈ પણ પ્રકારે અને 'कैसे ही प्रकार' બનીને, 'कैसेहुंकै.' किसी प्रयत्न से और कैसे ही बनकर' 'ऐसो काजु किजिए', એ કાર્ય મનુષ્ય દેહમાં કરવાનું આ છે. બધું કોલાહલ છોડીને આ કર, કહે છે. 'एकहू मुहूरत मिथ्यातकौ विधुंस होई' એક અંતરમુહૂર્ત પણ મિથ્યાત્વનો નાશ કર તો 'ग्यानकौ जगाइ अंस हंस खोजि लीजिए', જુઓ આ. એ જ્ઞાન સ્વરૂપ ભગવાન જ્ઞાન સ્વભાવ છે, એને ખોજીને એને પ્રગટ કર. આત્મા એકલો ચૈતન્ય સ્વરૂપ છે, એમ અંતર અનુભવ કરતાં મિથ્યાત્વનો અંતરમુહૂર્તમાં નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'एकहू मुहरत मिथ्यातकों विधुंस होइ, ग्यानकौ जगाइ'. ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનનો પૂંજ પ્રભુ છે, એને જગાડી દે. જ્ઞાન સરોવર જ્ઞાનસ્વરૂપ. કહો સમજાણું? ઓલા ભાઈએ લખ્યું છે ને 'સરોવર કાંઠે મૃગલાં તરસ્યાં' (શ્રોતા : પાછા પડ્યાં) કોણ પાછા પડ્યા? (શ્રોતા : મૃગલા) મૃગલા સરોવરથી પાછા શું લઈ આવ્યાં? 'સરોવર કાંઠે મૃગલાં તરસ્યાં' રમેશભાઈએ લખ્યું છે. છપાવ્યું છે કોકે છપાવ્યું છે. 'કમલ' ઉપનામ છે. છાપીને આવ્યું છે હમણાં હોં. છપાવ્યું છે, હરિભાઈએ છપાવ્યું છે, સારું છે. કેટલા છપાવ્યા? (શ્રોતા : એક હજાર) ઠીક કાંઈ સારા અક્ષર મોટા, એમાં છે.

'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યાં રે લોલ. દોડે હાંફી ઝાંઝવાના જળની રે કાજ. અરે રે! સાચા વારિ એને ના મળે રે લોલ.' છપાવ્યું છે, એક એક આપી દેજો ભઈ એમને. 'અરેરે! સાચા વારિ એને ના મળે રે લોલ. દોડે હાંફી ઝાંઝવાના જળની કાજ. એમ મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ.' ભગવાન મનરૂપી મૃગલો પુણ્ય–પાપના વિકલ્પોમાં જાય છે, એ બહિર્મુખ જાય છે. હેરાન થાય છે, દુઃખી છે. 'એ મન મનના રે મૃગલા ને પાછા

વાળજો રે લોલ.' આ અંતર્મુખ કરજો, એમ વ્યાખ્યાનમાંથી એણે જોડી લીધું. 'જોડી લ્યો આત્મ સરોવર રાજ, એને મળશે આત્મ સુખ અમુલા.'

કહે છે અહીં એમ કહે છે. 'ग्यानकौ जगाई अंस हंस खोजि लीजिए'. શબ્દો ટૂંકા પણ ભાવ મોટા, પુરુષાર્થ માગે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાન સરોવર ચૈતન્યનો દરિયો છે. આહાહા! અનંત અનંત જ્ઞાનના સ્વભાવનો એક સાગર આત્મા છે. એ પુણ્ય ને પાપના વિકલ્પો, એની ગંધમાં નથી. એમાં છે નહીં ભાઈ! શરીર વાણી આ તો જડ બાહ્ય બાહ્ય પદાર્થો એને કારણે આવ્યાં અને એને કારણે ટક્યાં અને એને કારણે જશે. પણ શુભ અને અશુભ ભાવ, એમાં હંસલો નથી. એ રાગની વિક્રિયાનો વિકલ્પ એનાથી ભગવાન જ્ઞાન સ્વભાવ જ્ઞાન સ્વભાવ....એ જ્ઞાન ને વર્તમાન પર્યાયે પકડી જ્ઞાનનો 'अंस जगाई हंस खोजि लीजिए', આત્માને ખોજ. એ આત્મા ત્યાં છે, અંતરમાં જ્ઞાન સ્વરૂપમાં. હવે આ ધંધા કરવા કે આ કરવું, શું કરવું આમાં? એય! પોપટભાઈ.

ભાઈ બાપા! એ કામ ધંધા-ફંધાના તો કરી શકતો નથી. સંકલ્પ વિકલ્પ કરે અને દુઃખી થાય ને ભ્રમણ કરે. અરે ભાઈ! એક વાર તો જો તારી ચીજમાં શું છે? એ કોણ છે? શું છે? કેમ પ્રાપ્ત થાય? કહે છે કે એની અંતરમાં જ્ઞાન સ્વભાવ હાજર પડ્યો છે. એને જગાડ્ય, જગાડ્ય એને અંતરમાં. અંશ—એના જ્ઞાનનાં અંશ દ્વારા એને જગાડ. હંસ એવો જે આત્મા ખોજી લિજીયે. આત્માને ગોત ભાઈ! બાપુ એમાં શાંતિ છે, એમાં આનંદ છે. આ ભાષાની વાત નથી હોં. આ ભાવની વાત છે. સમજાણું કાંઈ?

જે પુણ્ય અને પાપ બહિર્મુખ લાગણીઓ, એમાં મનનો મૃગલો ભટક્યા કરે છે. ભગવાન એક વાર અંતરમાં જ્ઞાન સ્વભાવને જગાડને, કરવાનું આ છે. બાકી બધા થોથે થોથા, સોજા થવાના બધા રસ્તા છે. સમજાણું કાંઈ? ભગવાન! તારામાં તો આનંદ છે ને અને એ જ્ઞાનથી અવિનાભાવી આનંદ છે. જ્યાં જ્ઞાન સ્વભાવ છે, ત્યાં આનંદ છે. એવા ભગવાન આત્માને અંતર્મુખ શોધ કરીને હંસલાને જગાડ તો તને સમ્યક્દર્શન થાય ને ધર્મની શરૂઆત થાય. આ વસ્તુ છે. કહો પંડિતજી! બધું ભણ્યો હોય, ગણ્યો હોય આ ફલાણું ફલાણું, બધા મીંડા વાળ. અહીં જા. આહાહા...!

'एकहू मुहरत मिथ्यातको विधूस होइ' નાશ કીધો છે ને. બહુવચન છે ને. 'अनुभव भव मूर्ते पार्श्ववर्ती मुहूर्तम्' 'ग्यानकौ जगाई अंस हंस खोजि लीजिए' 'वाहीकौ विचार वाकौ ध्यान यहै कौतूहल' આહાહા! એનો જ વિચાર કર. જ્ઞાન સ્વરૂપ ભગવાન, ચૈતન્યના તેજનો ભંડાર ભગવાન છે. એવા ચૈતન્યના તેજને અંતર વિચાર એમાં કર.

वाकौ ध्यान. આહાહા! એને જ્ઞાનમાં ધ્યેય બનાવીને ધ્યાન એનું કર. સમજાણું કાંઈ? પણ આ મારા બહારના બધા લોચા ક્યાં નાખવા? માન્યા છે ને બધા બાયડી ને છોકરા ને શરીર ને આ બધું. આહાહા! ભાઈ! તું ક્યાં છો ત્યાં? ત્યાં તો જડપણું છે, અચેતનપણું છે, તારો જેમાં વિરહ છે. એ રાગમાં, શરીરમાં, બાયડી છોકરામાં, તારો એમાં વિરહ છે, એમાં તારાપણું એમાં છે નહીં. આહાહા! ભારે વાતું ભાઈ! આ કરવું, એમ કહે છે. પહેલું શું કરવું? પહેલું આ કરવું. સમજાણું કાંઈ? એને જ્ઞાનમાં ને શ્રદ્ધાના લક્ષમાં તો કહે કે આ વસ્તુ અંતર્મુખ જતા જ સ્વરૂપની પ્રાપ્તિ થતા સમ્યક્ થાય ને ધર્મ થાય. એ વિના ધર્મ થતો નથી. આહાહા..!

ધમાલ...ધમાલ આમ મોટી બહાર હાલે ને ધર્મ ધર્મ શું કીધું? ચેતનજી. ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાન માર્ગ રહ્યો દૂર. આહાહાહા! યશોવિજયજી કહે છે હોં. જ્ઞાન માર્ગ રહ્યો દૂર પ્રભુ! અહો! કેટલી ધીરજ? કેટલી ખોજ? કેટલો પર તરફથી વળવાનો પુરુષાર્થ? પાછો વળવાનો હોં અને કેટલો અંતર્મુખ જવાનો પ્રયત્ન? ભાઈ! એ વિના પ્રાપ્ત નહીં થાય આત્મા. એ વિના જનમ મરણનાં દુઃખ નહીં ટળે. ક્યાં રૂપાળું શરીર દેખાય ને જુવાની દેખાય ને પાંચ પચ્ચાસ લાખ પૈસા દેખાય, ધૂળે ય નથી સ્મશાનની રાખું છે બધી ભાઈ! સ્મશાનમાં મડદા રોળાય છે. એમ એવી ચીજમાં આત્મા મારો માનીને રોળાઈ ગયો. જ્યાં સ્વરૂપ છે તેને જાણ્યું નહીં ને એના વિના પર છે એને પોતાનું જાણી, માણ્યા. આહાહા! ભાઈ! હવે એક તો કર હવે, આવું તો બધું અનંત વાર કર્યું હો. હવે થાક.

ભગવાન! તારામાં તો આનંદ છે ને પ્રભુ! અતીન્દ્રિય આનંદની ખોજ કર. ત્યાં પડ્યો છે, એ મળશે. કાંઈ પુણ્ય ને પાપના રાગમાં, શરીર, સ્ત્રી કુટુંબમાં ક્યાંય સુખ છે (નહીં). સુખનું હોવાપણું તો પ્રભુ તારા સ્વભાવમાં છે. જુઓ, જ્ઞાનથી વાત કરી છે. 'ग्यानकौ जगाई अंस हंस खोजि लीजिए' જુઓ હંસ શબ્દ આપ્યો છે. રાગ, વિકલ્પ, વિકાર અને અવિકારી જ્ઞાન સ્વભાવ, બે ને જુદા પાડ. હંસલો થા એકવાર. આ દૂધ અને પાણીમાં ચાંચ હંસની પડતાં એ પાણી અને દૂધ જુદા પડી જાય છે. દૂધનો ઓલો થઈ જાય છે શું કહેવાય એ? પોપળું, દૂધનું પોપળું વળી જાય છે, પાણી છુટું પડી જાય. ભાઈ! કરવાનું તો આ છે. હિતરૂપને ઠીક રૂપ કરવું હોય તો આ છે. બાકી બધું એકડા વિનાના મીંડા છે. બરાબર હશે આ?

'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો (કહો),' પણ માને માળો એવો હોં. કરોડ બે કરોડ રૂપિયા થાય ને આ છોકરા એવા લાંબા મોટા પાંચ પાંચ હાથના પાકે અને એ પણ પાછા રળાઉ પાકે મોટા શું કહેવાય? તમારી ફેક્ટરીયું, ફેક્ટરીયું કરે અને કમાઉ દીકરા પાક્યા આહા! જોઈ લો એનો બાપ પછી. ઉદ્યોગપતિ, લ્યો કહે ભાઈ સાચી વાત.

ઉદ્યોગપતિ પાકે, પાપનાં ઉદ્યોગપતિ અરે! પ્રભુ! પોપટભાઈ! આહાહા! પ્રભુ કહે, તારા આત્માને ખોયો છે હોં. હવે ગોતને જ્યાં છે ત્યાં.

'बाहिकौ विचार वाकौ ध्यान यहै कौतूहल' જુઓ, કુતૂહલ તો કર. આ તે શું ચીજ છે આ? આત્મા આત્મા કરે છે ને એમાં આનંદ છે. એમાં જ્ઞાન તે કેટલું ભર્યું છે કે અનંત છે. આ ક્ષેત્ર આટલું ને આ અનંત જ્ઞાન છે શું આ? કુતૂહલ તો કર! પરદા પાછળ રાણી હોય, રહેતી હોય ને ત્યારે કેવા રાણી સાહેબ હશે? કેવા રાણી સાહેબ હશે? પરદો ખોલે ત્યારે ખબર પડે, કેવા રાણી સાહેબ હશે. અત્યારે ઘણાં પરદા મૂકી દે છે. ને અત્યારે ભાવનગરની રાણીએ પરદો મૂક્યો'તો. લોકો જોવા નીકળે. ધૂળેય નથી સાંભળને! આ પરદો છોડ. પુણ્ય અને પાપના રાગના પરદા પાછળ પ્રભુ તારો આત્મા છે. આહાહા! ત્યાં આનંદ છે, ત્યાં મોજું છે, ત્યાં મજા છે. એને ખોજ અને એનો વિચાર કર, એનું ધ્યાન કર.

'यही कौतुहल' એને કૌતુહલ કર. સમજાણું? 'विचार ध्यान उसहीकी लीलामें परमरसका पान करो' એમ અર્થ કર્યો. કૌતુહલ એટલે લીલા 'यौंही भरि जनम परम रस पीजिए।' એમ જનમ ભર, એમ કહે છે. અરે! જીવે ત્યાં સુધી આ કર, ભાઈ! હવે આ કરવાનું છે. આહાહા! પછી આ બાયડી છોકરાને ક્યારે સાચવવા? બાલચંદભાઈ! ભાઈયું ભાઈયુંને ક્યારે સાચવવા? મુરખ થઈને માનવી પાગલ થઈ ને પડ્યો છે. આહાહા! અરે! ભાઈ હેરાન છો હોં તું હેરાન છો. એક વાર આનો કુતૂહલ તો કર. શું છે આ? રજકણ અને રાગથી જુદી ચીજ, વિજ્ઞાનઘનનો પીંડ આત્મા એને 'ભર જનમ જનમ' ભર આખી જીંદગી હવેથી, એમ કહે છે. 'परम रस पीजिए' આત્માના આનંદની લીલા કર ને હવે, કહે છે. આત્માના આનંદ રસને પી, નિર્વિકલ્પ રસ પીજીયે. આહાહા! ભારે વાતુ ભાઈ!

કેટલાક કહે, વાતું મોટી મોટી કરે પણ પહેલું સાધન શું છે એ બતાવતા નથી, એમ વળી દિગમ્બર(નો) આક્ષેપ છે. ભાઈ! આ સાધન નથી આ. આહાહા! જ્યાં તારી દૃષ્ટિ છે પરમાં, એ દૃષ્ટિને બદલ હવે. અંતરમાં એ કરવાનું શીખ, પણ એ કરવાની સૂઝ પડતી નથી. આ બધું ધમાધમ મરીને હેરાન થયા, ફુ થઈને ચાલ્યા જાય. પછી ઠાંઠડીએ બાંધે ઊંચું કપડું, ચાર નારિયેલ ને ઓહ...કરીને હાંક્યા (શ્રોતા : એ તો વયા ગયા) ઓલો તો ગયો ક્યાંક ગતિમાં રખડવા. અને પાછળથી નારિયેલને કરે. તે 'દિ નહોતું થયું. ખીમચંદભાઈ, નહીં ભાઈ રાજકોટ (શ્રોતા : ફોટોગ્રાફર) ફોટોગ્રાફી, નેવ્યાસીની સાલ. અમે બહાર હતા સામે કાંઠે. ભાઈ નહીં મોરબીવાળાનું મકાન આરોગ્યભુવન. એમાં એ નીકળ્યું. સાઠ હજારનું મકાન કરાવ્યું હતું તે દિ'. તે દિ' હોં ૮૯ની સાલ. પછી એનો

કોઈ દિવાન હશે જૂનાગઢનો મિત્ર, જોવા લાવ્યા હતા. જોતા હતાં ત્યાં મને કાંઈ થાય છે. એ સૂતાં ને થોડી વાર થયું ને ખલાસ.

લ્યો, વાસ્તુ ય પડ્યા રહ્યા ને ફોટોગ્રાફરના પૈસા પેદા થઈને મોટું સાઠ હજારનું તે દિ સાઠ હજાર એટલે નેવુંમાં. અત્યારે કેટલા વર્ષ થયા? ૩૭ વર્ષ થઈ ગયા. એમની નીકળી ઠાઠડી ત્યારે દેખાતું હતું ઉપર નાખેલો, શું કહેવાય? સાટીન...સાટીન...સાટીન ચકચક સાટીન ઠાંઠડી ઉપર આમ નાખે ને માણસો દોડે ને શું છે કીધું આ...ત્યાં ઓલા ગુલાબચંદભાઈ પારીખ, ગુલાબચંદ પારીખ છે ને, એ આવ્યા. એ આ ખીમચંદભાઈ મરી ગયા કેમ? એમ બતાવવા હતાં, એમાં હાર્ટફેલ થઈ ગયું. લ્યો વર્ષ ૪૮ની ઉંમર.

જ્યોતિષી એ કહેલું ૮૪ વર્ષ જીવશો. જ્યોતિષીએ કહ્યું, ૮૪ વર્ષ જીવશો. (શ્રોતા : ૮૪ના ૪૮ થયા ) આંકડો ફરી ગયો. લોકો કહે, અરે મહારાજનો જોગ છે. ભઈ હું ગયો છું મહારાજ પાસે સાંભળવા, પણ અત્યારે મારે આ જોગ આવી ગ્યો છે. ને ઉંમર હજી જ્યોતિષીએ ૮૪ વર્ષની કીધી. ઠીક એ ૮૪ના થઈ ગયા ૪૮. આહાહા! કહે છે, આ કરને ભાઈ હવે. આહાહા! પણ ભારે આકરું કામ બતાવ્યું તમે. દિશા બદલાવવી, દશા પલટે ત્યારે એને આત્માનું જ્ઞાન થાય ને આત્મા પ્રાપ્ત થાય.

'यौंही भरि जनम परम रस पीजिए' એક વાર પણ આનંદને શોધ ને જ્ઞાનને જગાડ, બસ એ કરવાનું છે. બધું ભણીને ઈ કરીને બધું કરીને આ કરવાનું છે. પરમરસ—આનંદ રસ, હવે અહીં નાખ્યું જ્ઞાન ને જગાડ્યું હતું ને. આનંદ રસ પી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે. બાપુ! કોઈ દિ' તે લીધા નથી. ભાઈ! તારા સ્વાદ તે કોઈ દિ' લીધા નથી. 'परम रस पीजीए, तजि भववासकौ विलास' ભવના વાસનો વિલાસ—વિકાર છોડ. 'राग-द्वेषमय संसारकी भटकना छोडकर' પુણ્ય ને પાપના વિકલ્પો. 'मोहका नाश करके सिद्धपद प्राप्त करो' 'अंतकरि मोहकौ अनंतकाल जीजिए अनंतकाल जीजिए'—અમર હો જાવ, સિદ્ધપદ પ્રાપ્ત કરી અનંત કાલ અમર થઈ જાવ. એ ત્રેવીશ કળશનો ચોવીશમો પદ કહ્યું.

હવે ૨૪, કળશ ૨૪, પદ પચ્ચીસ. હવે શું કહે છે કે ભાઈ, તમે આત્મા—આત્મા આવો આવો કરો છો. પણ શાસ્ત્રમાં તો શરીરનાં વખાણ કરીને આત્માના વખાણ કર્યા છે. તીર્થંકરના શરીરના વખાણે વખાણ કર્યા છે. માટે શરીર તે જ આત્મા. વળી આત્મા તે અંદર જુદો, એવું અમને તો લાગતું નથી. અમારા શાસ્ત્રમાંય એમ લખ્યું છે, ભગવાન આવા, ભગવાન આવા, એ તો બધા શરીરના વખાણ છે. શરીરના વખાણ એ આત્માના વખાણ. અમારે શરીર ને આત્મા એક છે. ભણ્યું છે ઊંધું, કાઢ્યું ક્યાંકથી લાકડું ઊંધું.

એમ કહે લ્યો, આ આચાર્યના વખાણ, તીર્થંકરના વખાણ. એ બધા પુણ્યના વખાણ કર્યા, એ ક્યાં લખ્યું છે? એના વખાણ કર્યા એટલે મને તો એમ લાગે શરીર અને આત્મા, જૈન પણ એક માને છે.

दिव्यने ध्वनिता सुखं श्रवणयोः साक्षात्कारन्तोऽमृतं
वन्धास्तेऽष्टराहचलक्षण धरास्तीर्थे श्वराः सूरयः ।।२४।।

આમાં શિષ્ય વતી આ પ્રશ્ન છે. જુઓ, આ તમારા શાસ્ત્રમાં તો શરીર ભગવાનનું આવું ને આવી દિવ્યધ્વનિને બધા વખાણ આવ્યા છે. જુઓ, 'तीर्थंकर भगवानके शरीरकी स्तुति' શરીરની સ્તુતિ. એમ તમારામાંય એમ છે, માટે શરીર તે આત્મા અમને લાગે છે.

તીર્થંકર ભગવાનના શરીરની સ્તુતિ (સવૈયા એકત્રીસા)

जाके देह-द्युतिसौं दसौं दिसा पवित्र भई,
　　　　जाके तेज आगैं सब तेजवंत रुके हैं।
जाकौ रूप निरखि थकित महा रूपवंत,
　　　　जाकी वपु-वाससौं सुवास और लुके हैं।।
जाकी दिव्यधुनि सुनि श्रवणकौं सुख होत,
　　　　जाके तन लच्छन अनेक आइ ढुके हैं।
तेई जिनराज जाके कहे विवहार गुन,
　　　　निहचै निरखि सुद्ध चेतनसौं चुके हैं।।२५।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વપુ-વાસસૌં=શરીરની ગંધથી. લુકે=છુપાઈ ગયા. ઢુકે=પ્રવેશ કર્યો. ચુકે=જુદા.

**અર્થ :**–જેમના શરીરની આભા (તેજ)થી દશે દિશાઓ પવિત્ર થાય છે, જેના તેજ આગળ બધા તેજવાળાઓ લજ્જિત થાય છે, જેમનું રૂપ જોઈને મહારૂપવાન હાર માને છે. જેમના શરીરની સુગંધ પાસે બધી સુગંધ છુપાઈ જાય છે, જેમની દિવ્યવાણી સાંભળવાથી કાનોને સુખ થાય છે, જેમના શરીરમાં અનેક શુભ લક્ષણો આવી વસ્યાં છે; એવા તીર્થંકર ભગવાન છે. તેમના આ ગુણો વ્યવહારનયથી કહ્યા છે, નિશ્ચયનયથી જુઓ તો શુદ્ધ આત્માના ગુણોથી આ દેહાશ્રિત ગુણો ભિન્ન છે. ૨૫

**अर्थ :**–जिसके शरीरकी आभासे दशों दिशाएँ पवित्र होती है जिसके तेजके आगे सब तेजवान लज्जित होते हैं, जिसका रूप देखकर महारूपवान हार मानते हैं, जिसके शरीरकी सुगंधसे

सर्व सुगन्ध छिप जाती हैं, जिसकी दिव्यवाणी सुननेसे कानोंको सुख होता है, जिसके शरीरमें अनेक शुभ लक्षण आ बसे हैं; ऐसे तीर्थंकर भगवान हैं। उनके ये गुण व्यवहारनयसे कहे हैं, निश्चयनयसे देखो तो शुद्ध आत्माके गुणोंसे ये देहाश्रित गुण भिन्न हैं।।२५।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શરીરની વાત છે. આ પરમાત્મા થાય, અરિહંત થાય ત્યારે એનું શરીર આવું હોય છે. સાધારણ શરીર ન રહે. એને સર્વજ્ઞ પદ થાય, ત્રિકાળી જ્ઞાનનો વિકાસ થાય ત્યારે શરીર આવું હોય છે. સમજાણું કાંઈ?

કહે છે 'जाके देहद्युति'—દેહનો પ્રકાશ આભા. જેવા અરિહંત સર્વજ્ઞ થાય, એનું શરીર પરમ ઔદારિક થઈ જાય. આહાહા! સમજાણું કાંઈ? એ કેસર છે એ ડાબલે રહે, કોથળે ન રહે. એવું કેવળ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પરમાત્મા દશા થાય, એના શરીરમાં એટલા તેજ હોય છે કે આ દશોં દિશાએ પવિત્ર હો જાય એટલે પ્રકાશ...પ્રકાશ...પ્રકાશ. કહો સમજાણું કાંઈ? એવું તો એનું શરીર હોય છે. પૂર્ણ પરમાત્મા દશા પ્રગટ થાય ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન અને અનંત આનંદ અને અનંત વીતરાગતા પ્રગટ થઈ, એને શરીરમાં તેજ એટલા હોય કે જેના પ્રકાશથી દશે દિશા પવિત્ર ભઈ, એમ ભાષા, જુઓ. પવિત્ર એટલે ઉજ્જ્વળ કરે એમ, ચારે કોર પ્રકાશ...પ્રકાશ...પ્રકાશ.

'जिसके तेजके आगे सब तेजवान लज्जित होते है। जाके तेज आगै सब तेजवंत रुके है' સૂર્ય, ચંદ્રમા આદિ. આહાહા! આત્માની તો શું વાત કરવી? પરમાત્માના આત્માની તો શું કહેવું? પણ એમનું શરીર આવું હોય છે. માટે શરીરના વખાણ એ આત્માના વખાણ થાય, એમ અમે તો માનીએ છીએ. ઓલો શિષ્ય પ્રશ્ન કરે છે. સમજાણું કાંઈ? ચંદ્ર અને સૂર્યના તેજ પણ તેજવંત પણ ત્યાં ઝાંખા પડી જાય છે. એટલા શરીરની કાંતિ...કાંતિ...કાંતિ...

'जाकौ रुप निरखि थकित महा रुपवन्त' ઈન્દ્ર અને કામદેવ પણ ભગવાનના રૂપ દેખીને પણ થાકી જાય છે. એટલું સુંદર રૂપ શરીરનું અને બધી નમણાઈ અંગે અંગના અવયવોની. એટલી નમણાઈને એટલી કાંતિ અને એટલા તેજ ને એટલી પણ ગોઠવાયેલી ચીજ હોય છે કે રૂપવાન પણ ત્યાં થાકી જાય આહાહા! આ તે શું છે? જુઓ, એટલું તો એને પુણ્ય હોય છે. સમજાણું કાંઈ? એને ક્ષુધા લાગે ને તૃષા લાગે ને રોગ થાય, એવું ન હોય, એમ કહે છે. ભગવાનને હજી રોગ થાય એ પછી દવા લઈ આવે ને પછી દવા ખાય, એ વાતું. ભગવાનને તેં હજી જાણ્યા નથી. એના પુણ્યને પણ તેં જાણ્યા નથી. આહાહા! સમજાણું કાંઈ?

'जाकौ रुप निरखि थकित महा रुपवन्त' જેનું રૂપ દેખી મહા રૂપવાન કોણ? ઈન્દ્ર, કામદેવ આદિ હાર માનતે હૈ. પુણ્યની પૂર્ણ પ્રકૃતિ જ્યાં મહા પરમ ઔદારિક શરીર એ દાબલો જ એવો તેજવાન થઈ જાય. ચૈતન્યના તેજ જ્યાં અંદર પ્રગટ્યાં, કેવળ જ્ઞાન, ત્યાં શરીરનો દાબલો જડનો એવો થઈ જાય. સમજાણું કાંઈ? 'जाकी वपु वाससों'—જેના શરીરની ગંધથી 'सुवास और लुके...' મંદાર, સુપારિજાત આદિ પુષ્પો છે, એની સુગંધ પણ ત્યાં થાકી જાય, એટલી તો જેના શરીરમાં સુગંધ હોય. શ્વાસ નીકળે, સુગંધ. અંતર તો પૂર્ણાનંદ સર્વજ્ઞ પદ પ્રગટ્યું છે. શરીરની દશા એવી થાય, જે તે ભગવાન મનાવે છે કે અમે ભગવાન છીએ, એમ હોઈ શકે (નહીં), એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? 'वपु वास'—શરીરની ગંધસે 'और लुके, सुवास और लुके'. બીજા શરીરની સુગંધ એ 'सर्व सुगंध छुप जाती है'. બધાની આ ફૂલ ફૂલ આદિ.

'जाकी दिव्यधुनि सुनि' એવો અવાજ નીકળે દિવ્યધ્વનિ ૐ...એવો અવાજ. પૂર્ણ સર્વજ્ઞ પદ હોય એને આવી વાણી ન હોય. આમ બોલીએ એવી વાણી ન હોય એમને. સમજાણું કાંઈ? ૐ ધ્વનિ છૂટે જેની 'दिव्यधुनि सुनि श्रवणकौ सुख होत', લ્યો. સાંભળનારને સાંભળીને કાને સુખ હોતા હૈ. સુખ શબ્દે શુભ ભાવમાં...ઓલું આનંદનું સુખ ક્યાં છે? પણ જરી શાતા થાય. ઓહોહો! એવી મીઠી મધુરી ધ્વનિ ઊઠે ૐ, આખા શરીરમાંથી. સર્વજ્ઞ પરમેશ્વર થાય એને આવો ઓમકાર હોય છે. એવી દિવ્ય ધ્વનિ એને હોય છે. આહાહા! સમજાણું? 'श्रवणको सुख होत, जाके तन लच्छन अनेक आइ ढुके है।' શરીરમાં એક હજાર આઠ લક્ષણ હોય. સમજાણું? નીચે છે, કમળ, ચક્ર, ધ્વજા, કલ્પવૃક્ષ, સિંહાસન, સમુદ્ર આદિ ૧૦૦૮. શરીરમાં એવા લક્ષણ હોય એના. 'तन लच्छन अनेक आइ ढुके है' એવા લક્ષણ આવી ને પ્રાપ્ત થાય છે, શરીરમાં હોં.

'तेई जिनराज जाके कहे विवहार गुन' આ જિનરાજના શરીરના વ્યવહારના ગુણ કહ્યાં. 'निहचै निरखि सुद्ध चैतनसौ चुके है। 'निश्चयनयसे देखो तो शुद्ध आत्माके गुणोंसे देहाश्रित गुण भिन्न है।' આત્માના ગુણ ને શરીરના ગુણ તદ્દન ભિન્ન છે. સમજાણું? આ બધી શરીરની વ્યાખ્યા થઈ અને ભગવાન જે આત્મા અંદર છે. એ આનાથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? તીર્થંકરનું, અરિહંતનું, પરમાત્માનું, સર્વજ્ઞનું સ્વરૂપ સાધારણ પ્રાણી કહે કે સાધારણ માણસ હોય એ પણ ત્રિકાળ જાણે અને ખાતો હોય, પીતો હોય, લુગડા પહેરતો હોય, ઘોડે ચડતો હોય, તે પરમેશ્વર, ત્રણ કાળમાં જૂઠી વાત છે. પરમેશ્વર એવા હોઈ શકે નહીં, એમ કહે છે. શરીરના લક્ષણનું એને ભાન નથી, કહે છે. આત્મા પૂર્ણાનંદ સર્વજ્ઞ કેવા હોય એની તો એક કોર રાખ, શરીર કેવું એનું (એનું પણ ભાન નથી) સમજાણું કાંઈ? લ્યો એ તો વ્યવહારનું છે. 'निहचै निरखि सुद्ध

चैतनसौं चुके है। આત્માના ગુણસે દેહાશ્રિત ગુણ ભિન્ન છે, એમ કહેવું છે. કહો સમજાણું કાંઈ?

એ ચૌવીસ થઈ, કળશ હોં. હવે ૨૫ (કળશ)....૨૫મો ત્યાં લીધું 'प्राकारक नित्यंविकार' નિત્યમ-વિકાર છે ને એ તો પહેલો. છવ્વીસ. પછી પચ્ચીસ કરી નાંખ્યું. 'प्राकारक....એ તો ऊँचे ऊँचे 'गढके कंगुरे' પણ આ જિનપદનું અહીંથી નાખ્યું છે થોડું. ફેરફાર થઈ ગયો છે.

नित्यमविकार सुस्थितसर्वांगमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति॥२६॥

ઈ છવ્વીસમું ઈ છે માથે ફેરવી નાખવું. એ તો આંકડો ફેરવ્યું લ્યો.

जामैं बालपनौ तरुनापौ वृद्धपनौ नाहिं,
आयु-परजंत महारूप महाबल है।
बिना ही जतन जाके तनमैं अनेक गुन,
अतिसै-विराजमान काया निर्मल है॥
जैसें विनु पवन समुद्र अविचलरूप,
तैसें जाकौं मन अरु आसन अचल है।
ऐसौ जिनराज जयवंत होउ जगतमैं,
जाकी सुभगति महा सुकृतकौ फल है॥२६॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : તરુનાપૌ=યુવાની. કાયા=શરીર. અવિચળ=સ્થિર. સુભગતિ=શુભભક્તિ.

**અર્થ :**–જેમને બાળ, તરુણ અને વૃદ્ધપણું નથી, જેમને જીવનભર અત્યંત સુંદર રૂપ અને અતુલ બળ રહે છે, જેમના શરીરમાં સ્વતઃ સ્વભાવથી જ અનેક ગુણો અને અતિશયો બિરાજે છે તથા શરીર અત્યંત ઉજ્જવળ છે, જેમનું મન અને આસન પવનની લહેરોથી રહિત સમુદ્ર સમાન સ્થિર છે, તે તીર્થંકર ભગવાન સંસારમાં જયવંત હો, જેમની શુભભક્તિ ઘણા મોટા પુણ્યના ઉદયે પ્રાપ્ત થાય છે. ૨૬.

**अर्थ :**–जिनके बालक, तरुण और वृद्धपना नहीं है, जिनका जन्मभर अत्यन्त सुन्दर रूप और अतुल्य बल रहता है, जिनके शरीरमें स्वतः स्वभाव ही अनेक गुण व अतिशय विराजते हैं, तथा शरीर अत्यन्त उज्ज्वल है, जिनका मन और आसन पवनके झोंकोसे रहित समुद्रके समान स्थिर है, वे तीर्थंकर भगवान संसारमें जयवन्त होवें, जिनकी शुभभक्ति बड़े भारी पुण्यके उदयसे प्राप्त होती है॥२६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जामैं बालपनौ तरुनापौ वृद्धपनौ नाहिं', કેવા છે સર્વજ્ઞ પરમેશ્વર? જેને ત્રિકાળી જ્ઞાન ને અનંત આનંદ પ્રગટ્યું છે, એનું શરીર કેવું છે? એની વાત ચાલે છે. 'जामैं बालपनौं' બાળપણું ન હોય એનામાં. 'बालकवत् अज्ञानता, युवावत् मदांधपना और वृद्धवत् देह जीर्ण नहीं होती।' નીચે અર્થ છે. સર્વજ્ઞ લાખો કરોડો વર્ષ રહે પણ વૃદ્ધપણું ન દેખાય. એના શરીરમાં રોગ ન હોય. બાળપણું નાહીં, તરુણપણું નાહી, વૃદ્ધપણું નાહીં. 'आयु परजंत महा रुप महाबल है. 'नित्यम' કહ્યું છે ને. નિત્ય-નિત્ય. નિત્યનો અર્થ કે કાયમ રહે ત્યાં. શરીરની જે સ્થિતિ છે એવી કાયમ એની રહે છે.

૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હોય, બહુ લાંબી વાત છે. (સીમંધર) ભગવાનનું કરોડ પૂર્વનું આયુષ્ય છે અત્યારે મહાવિદેહમાં. અહીંયા ઋષભદેવ ભગવાનનું ૮૪ લાખ પૂર્વનું હતું. ૮૪ લાખ પૂર્વ કોને કહે? ૧ પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર ક્રોડ વર્ષ જાય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ ૫૬ હજાર કરોડ વર્ષ જાય, એવું ૧ પૂર્વ. એવા ૮૪ લાખ પૂર્વ આયુષ્ય હતું. પણ એ છેક સુધી વૃદ્ધાવસ્થા ન દેખાય, યુવાની ન દેખાય અને બાળપણ ન દેખાય, એવી સ્થિતિ શરીરની. સમજાણું કાંઈ?

ઓલો કહે જુઓ, આ શરીરના વખાણ એમના. તમે પણ આમ વખાણ કરો છો શરીરના. વળી કહો છો, આત્મા ને શરીર જુદા. સાંભળને હવે, એ તો શરીરની વ્યાખ્યા, એ આત્માની વ્યાખ્યા નથી. આયુ પર્યંત છે ને નિત્ય શબ્દ પડ્યો છે ને. નિત્ય રહે છે એમ. નિત્ય મહારૂપ મહાબલ હૈ. મહા સુંદર શરીર. ઈન્દ્ર હજારો ચક્ષુથી જોવે તો પણ તૃપ્તિ થાય નહીં, એવા તો જેના પુણ્ય હોય છે. એના આત્માના પવિત્રતાની સર્વજ્ઞની વાત તો શું કરવી? 'आयु परजंत महा रुप महाबल है. 'सर्वांग' છે ને.

'बिना ही जतन जाके तनमैं अनेक गुन' લ્યો, સર્વાંગ સુંદર હોય છે. લાવણ્યતા હોય છે. શરીરની શોભા જાણે કારીગરે કરી એવી હોય છે. એ શરીર જ એટલું શોભે. કપડાં, દાગીના કાંઈ નહીં. આ તો બધા કપડાં દાગીના નાખીને શોભા કરે છે આ. પણ શરીર જ એવું ભગવાન અરિહંતનું હોય છે, એ વગર કપડે, વગર (દાગીને) લાવણ્યતા નામ એકલું શરીર જ શોભે. સમજાણું કાંઈ? 'बिना ही जतन जाके तनमैं अनेक गुन' (બહારના) અનેક ગુણ હોય છે, લાવણ્યતા, લાવણ્યતા આદિ.

'अतिसै–विराजमान' ૩૪ અતિશય સહિત છે. ૩૪ અતિશય હોય છે ભગવાનને, અરિહંતને, તીર્થંકરને. લોકોએ સાંભળ્યું ન હોય તે માણસ ને એમ થાય કે આ તે શું છે? આ તો ઓલો શાસ્ત્રનો જાણનાર છે. એનું (તીર્થંકરનું) શરીર આવું હોય, એવું એણે

જાણ્યું છે. એ કહે છે, તમે શરીરના વખાણ કરો એ જ આત્માના છે, અમને તો એમ લાગે છે. અરે! એ તો શરીરની સ્થિતિનું વર્ણન છે. એ શરીરની સ્થિતિથી આત્માનું વર્ણન (થાય નહીં), આત્મા તદ્દન જુદો છે. દાબલો બહુ ઊંચો શણગારેલો હોય, તેથી અંદરનું ભરેલું કેસર એવું હોય છે? સમજાણું કાંઈ? દાબલા ઊંચા રાખે છે ને કેટલાક જુઓ ને! ઘડિયાળના ડબ્બા ઊંચા રાખે ફલાણું રાખે, તેથી કરીને ઘડિયાળ એવી થઈ જાય? ડબ્બો એવો હોય તો. સમજાણું કાંઈ? શરીર આવું હોય, તેથી આત્મા એવું છે નહીં.

'जैसे विनु पवन' જુઓ કાયા નિર્મળ હોય છે, એમ કહે છે. ઉજ્જ્વળ છે. ૩૪ અતિશય કરી નિર્મળ છે. 'पवन समुद्र अविचल' પવન વિના પાણી સમુદ્રનું જેમ ચળ્યા વિના સ્થિર હોય છે. એમ એ ભગવાનનું શરીર આમ સ્થિર, કુતૂહલતા નહીં, શાંત ગંભીર, ગંભીર, ગંભીર, ગંભીર. સમજાણું? એક છોકરો જોયો છે, અમદાવાદમાં હતો ૮૦ની સાલમાં. આવ્યો હતો ત્યાં. આ તો આઠ દસ વર્ષનો હશે માંડ, બારનો હશે. બોટાદ રહેતો. બેઠો હોય તો એવું લાગે ગંભીર અને બિલ્કુલ ચપળાઈ નહીં, બાળક છતાં. એનો બાપ લઈને આવ્યો હતો.

૮૦ની સાલમાં બોટાદ. સામાયિક કરીને બેસે પણ શાંત શાંત શાંત ચપળાઈ કાંઈ નહીં આમ જોવું, આમ જોવું. આ તો સાધારણ માણસની વાત છે બાળક બિચારા. આ તો તીર્થંકરનું શરીર, શાંત...શાંત. ચકલા હોય છે ને ચકલા હાલે ને આમ આમ આમ. બહુ કષાય હોય છે ને આમ અસ્થિર થઈ જાય. શરીર પણ આમ કંપાય આમ આમ થતાં, એ કષાયનું લક્ષણ છે. જ્યાં વીતરાગતા પ્રગટી છે અંદર, એના શરીર પણ લાવણ્યતાની શોભાથી શાંત, ચળે નહીં એનું એવું શાંત. જાણે બધું પી ગયા હોય જગતને, નવું કાંઈ જોવાનું હોય નહીં, એવી એની સ્થિતિ શરીરની લાગે.

સમુદ્રનું પાણી પવન વિના સમુદ્ર અવિચલ 'तैसें जाकौ मन अरु आसन अचल है।' જેનું મન ને શરીર આસન અચલ થઈ જાય. 'ऐसौ जिनराज जयवंत होउ जगतमैं' આવા જિનરાજ વીતરાગ જયવંત હો જગતમેં. 'जाकी सुभगति महा सुकृतकौ फल है।' એવા ભગવાનની ભક્તિ પણ સુકૃતનું ફળ છે. એવા ભગવાન મળવા, એ પણ મહા પુણ્ય હોય ત્યારે મળે છે. 'जिनकी शुभभक्ति बड़े भारी पुण्य के उदय से प्राप्त होती है।' સત્યાવીસમો એની નીચે અર્થ ઉપરના વધારામાં છે, અનુસંધાનમાં

જિનરાજનું યથાર્થ સ્વરૂપ

**जिनपद नांहि शरीरकौ, जिनपद चेतनमाँहि।**
**जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि॥२७॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ઔર=બીજું. જિન=જિતે તે જિન અર્થાત્ જેમણે કામ-ક્રોધાદિ શત્રુઓને જીત્યા છે.

**અર્થ :**–આ(ઉપર કહેલું) જિન-વર્ણન નથી, જિન-વર્ણન એનાથી ભિન્ન છે; કારણ કે જિનપદ શરીરમાં નથી, ચેતનાર ચેતનમાં છે. ૨૭

**अर्थ :**–यह (ऊपर कहा हुआ) जिन वर्णन नहीं है, जिन वर्णन इससे निराला है; क्योंकि जिनपद शरीरमें नहीं है, चेतियता चेतनमें हैं।।२७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जिन पद नाहीं शरीरकौ, जिनपद चेतन माँही।' હવે ઉત્તર દે છે, 'जिनपद नाहीं शरीर कौ'. એ શરીરના વખાણ કર્યા પણ એ જિનપદ—આત્મપદ નહીં. પણ હોય તો એવું જ હોં પાછું એમ નહીં કે (ગમે તેવી સ્થિતિ હોય). 'जिनपद नाहीं शरीरकौ (અને) जिनपद चेतन माँही.' અખંડ આનંદ ને જ્ઞાનનો દરિયો એ ચૈતન્યમાં જિનપદ છે. એ કાંઈ પુણ્યમાં અને બાહ્યની ક્રિયા શરીરના લાવણ્યતામાં કે ૧૦૦૮ લક્ષણમાં કે શરીરના પ્રકાશના તેજમાં આત્મા નથી. સમજાણું કાંઈ? 'जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांही' એ શરીરના વર્ણન કર્યા, હો શરીર એવું. છે એવું, છતાં એ જિનપદ આત્માનું વર્ણન નહીં.

જિનપદ તો ચૈતન્ય સ્વરૂપ વીતરાગ મૂર્તિ આત્મા. પુણ્ય ને પાપના રાગરહિત સ્વરૂપ છે, એવી દશા જેને પ્રગટી છે, એવો વીતરાગ ભાવ તે આત્મા છે. એ આવી સુંદરતા શરીરની, એ કાંઈ આત્મા નથી. આહાહા! માટે કેવળીને ગમે તેવું શરીર હોય ને કેવા હોય, એમે ય નહીં પાછું. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીને આવું શરીર હોય તીર્થંકરને, છતાં એ શરીર એ આત્મા નહીં. આહાહા! એને ગમે એવું શરીર હોય, ગમે એવું આમ હોય, આત્મા જાગ્યો પછી શું છે? ખોટી વાત છે. જેને કેવલજ્ઞાન સર્વજ્ઞપદ થાય, એનું શરીર આવું જ થઈ જાય પહેલું કહ્યું એવું, પણ એ આત્માનું સ્વરૂપ એ નહીં. આહાહા! કહો, ધીરુભાઈ!

આ બધા ઘણા કહે છે ને કે ભગવાનને રોગ થાય, ક્ષુધા લાગે, તૃષા લાગે, આહાર લેવા જાય. જુઓ આવ્યું ભગવતીમાં. ભગવાનને રોગ થયો હતો, ગોશાળાએ મારી'તી તેજો લેશ્યા. લોહી ખંડ ઝાડો થયો, છ મહિના સુધી ઝાડો થયો. ઝાડા સમજતે હૈ? લોહી ખંડ ઝાડા. લોહી ખંડ નહીં જાનતે? છ માસ થયા પીછે. છ માસ રોગ. રોગ આવે તો પછી લાંબો કાળ હોય ને. સાધુને રોટલીયું આહાર નાખે. જાવ આહાર લઈ આવો. આહાર લઈ આવ્યા. આહાર ખાધો. શરીર થઈ ગયું નિરોગી. દેવ દેવીઓ બધા

ખુશી થઈ ગયેલા. હજી ભગવાનને રોગ ને રોગ મટે. અરે! (શ્રોતા : શરીર સારું થયું એમાં ખુશી થયા) એવો પાઠ છે હોં. પંદરમાં શતકમાં.

એક જણે તો લખ્યું છે, કો'ક દાક્તર હશે. લખ્યું છે આ પંદરમું શતક બધું ખોટું છે. ભગવતી સૂત્ર, એનું નામ ભગવતી સૂત્ર. પંદરમું શતક આવી બધી અંદર વાતું ખોટી (શ્રોતા : હમણાં છાપામાં આવ્યું હતું) આવ્યું'તુ'ને. દાક્તરનું આવ્યું હતું. પંદરનું બધું ખોટું છે. વાત તો સાચી પણ હવે....સંપ્રદાય બાંધેલા એમાંથી ખસવું, આકરી વાત છે. ભગવાનને રોગ હોય નહીં, શરીરનો રોગ ન હોય. શરીરના રજકણ એવા સ્ફટીક જેવા થઈ જાય. ક્ષુધા હોય નહીં; તૃષા હોય નહીં, આહાર પાણી લે કોણ? અરે, અમૃતના ઓડકાર અનુભવ થઈ ગયા. અતીન્દ્રિય આનંદનો અનુભવ પૂર્ણ થઈ ગયો, એને ક્ષુધા–તૃષા રોગ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

'जिन पद नाहीं शरीरकौ' આ શરીરના આટલા વખાણ કર્યા પણ એ આત્મપદ નહીં, એમ કહે છે. 'जिनपद चेतनमांहि जिनवर्नन कछु और है यह जिनवर्नन नांहीं.' શરીરનું વર્ણન એ કોઈ આત્માનું વર્ણન નથી. અંતર આત્મા ભગવાન પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો વીતરાગી આનંદનો અનુભવ કરનાર, એવા આત્માનું આ વર્ણન હોઈ શકે (નહીં.) કહો સમજાણું કાંઈ? આ તો મુનિને કહ્યું છે, શરીર સુગંધી થઈ જાય, નહીં? 'સમયસાર નાટક'માં આગળ આવે છે. મુનિનું શરીર, મુનિ સાચા મુનિની વાત છે. ગુણસ્થાનમાં છે ને, અહીં વર્ણન છે ને આમાં, છઠ્ઠે ગુણસ્થાન હશે. છઠ્ઠે ગુણસ્થાન. જુઓ આ રહ્યું ૮૦ મો બોલ છે, ૩૯૨ પાને, ૩૯૨ પાનું. જુઓ મુનિ આવા હોય બહારમાં પણ, એમ કહે છે.

'मंजन न करै केश लुंचै तन वस्त्र मुंचै त्यागे दंतवन पै सुगंध खास वैनको' જુઓ છે! ૮૦, ૮૦, ૮૦ પદ. 'दंतबन नहीं करते तो भी वचन और श्वासमें सुगंध ही नीकलती है।' ૩૯૨ પાનું ને ૩૯૩ એનો અર્થ. એમાં લખ્યું છે, એ બરાબર લખ્યું છે. મુનિ જેને આત્મજ્ઞાન એના ઉપરાંત સ્વરૂપની રમણતા એવી જામેલી હોય છે, બહારમાં નગ્ન દશા હોય છે. એમાં એને શ્વાસ અને વાણી સુગંધી નીકળે. આ વીતરાગતા ઘણી પ્રગટી છે. પૂર્ણ વીતરાગતાની વાત શું કરવી, પણ આટલી વીતરાગતા પ્રગટે એને આવું હોય છે. છે પંડિતજી?

'त्यागे दंत वन पै सुगंध स्वास वैनकौ, है? ठाडौ करसे आहार लघुभुंजी एकबार, अट्ठाइस मूलगुनधारी जती जैनको.' એને જૈનના સાધુ વીતરાગ માર્ગના કહીએ. એકવાર આહાર, ઊભા ઊભા આહાર, જેના શ્વાસ ને વાણીમાં સુગંધ નીકળે.

આ તો દાંત સડેલા ને ગંધ મારે ને આ ગંધ મારે, એની ટીકાઉં થાય બહારમાં. એ થયું છે એક ફેરી, નહીં? પૈસો ચોટે. દાંતમાં એવા મેલ હોય કે પૈસો ચોંટી જાય. શું કે મૂળ તો સમકિતી નથી, મિથ્યાદૃષ્ટિ છે અને બહારની નગ્ન ક્રિયા લઈ લીધી છે. સાધુ સાચા જેને વીતરાગ કહે છે. એને તો આત્માના અનુભવ ઉપરાંત ચારિત્રની દશા—વીતરાગ દશા એટલો આનંદ જાગ્યો હોય છે કે, જેની વાણી ને દાંતમાં શ્વાસ નીકળે, ગંધ, સુગંધ, જુઓ. આહાહા! એ બાલચંદભાઈ! સમજાણું કાંઈ?

આ તો જે તે મહારાજ જય નારાયણ. આપણા કરતાં સારા છે ને, એમ કહે. એ ખોટા મુનિ કહેવાય. બગડેલું દૂધ તો મોળી છાશમાંથી જાય. મોળી છાશમાં રોટલો હાલે, બગડેલા દૂધમાં ન હાલે. સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વની ભાન ન મળે, સાધુપદ કોને કહેવું એની ખબરું ન મળે. એ બધી બાહ્ય ક્રિયામાં જોડાય અને સાધુ નામ ધરાવે, એ તો બગડેલા દૂધ છે. સમજાણું કાંઈ? લ્યો હવે સત્તાવીસમાં કહ્યું. અહીં અર્થ કર્યો છે. જિન એટલે 'जीते सो जिन, जिन्होंने कामक्रोधादि शत्रुओंको जीता है' એટલો અર્થ કર્યો છે સત્યાવીસનો.

'यह (उपर कहा हुआ) जिनवर्णन नहीं है.' શરીરનું વર્ણન આવ્યું ને કાંતિ હોય, આમ હોય, ફલાણું હોય, ફલાણું ન હોય, એ પણ જિનનું વર્ણન નહીં. 'जिनवर्णन इससे निराला है क्योंकि जिनपद शरीरमें नहीं है. चेतयिता चेतनमें है.' ઓલી કોર સત્યાવીશ. સમજાણું? ચેતયિતા—જાગૃત ભગવાન આત્મા એ ચેતનમાં હૈ, ચેતનમાં છે, બીજું એમાં છે નહીં. જાગૃત જ્યોત ભગવાન વીતરાગ સ્વરૂપ કેવળજ્ઞાનથી જાગી જાગૃત જ્યોત થઈ ગઈ છે અંદર. જેને ચૈતન્યના પ્રકાશના ભાગમાં લોકાલોક તો એક સમયમાં જણાઈ જાય. ત્રણ કાલ—ત્રણ લોક એક સમયમાં જણાય. એવો જેનો પ્રકાશ, એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? શરીરના તેજ નહીં પણ આત્માના તેજ. હવે ઓલું આવ્યું પચ્ચીસમું. આંકડો ફેર છે જરી. પચ્ચીસમાં આમાં આવ્યું. 'ऊँचे ऊँचे गढके कंगुरे' એ અઠ્ઠાવીસમું છે.

**प्राकारकवलितांबरमुपवनराजीनिगीर्ण भूमितलं।**
**पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्॥२५॥**

કહે છે કે એના નગરના વર્ણનથી કંઈ રાજાનું વર્ણન હોઈ શકે નહીં. એમ શરીરના વર્ણનથી કાંઈ આત્માનું વર્ણન જિનપદ વીતરાગનું આત્માનું વર્ણન હોઈ શકે નહીં, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જુઓ આ જીવનો અધિકાર આ! જીવનો અધિકાર પૂર્ણ અખંડ આનંદ કંદ જ્યાં પ્રગટ્યું તે જીવના અધિકારની વાત છે. શરીરની

સ્થિતિ ગમે તે હોય. ગમે તે હોય એટલે આવી તેજવાળી આદિ હોય, પણ એને આત્મા ને એને (શરીરને) કાંઈ સંબંધ નથી. ગમે તેવી હોય, એમ નહીં પાછી. સમજાણું કાંઈ? કહો તંબોલી કહે કરો ચર્ચા. ભગવાન કોન હારે ચર્ચા કરે છે. ભાઈ! આહાહા! 'નિયમસાર'માં કહ્યું છે ને. જ્ઞાન નિધિ પાય નહીં. કોઈની હારે વાદ વિવાદ કરીશ નહીં. આ વાત નહીં બેસે. આહાહા! જેનો મનનો સંગ નથી વિકલ્પનો સંગ નથી, એવી ચીજ અખંડ વસ્તુનું ભાન, એનું જ્ઞાન એનું નામ ધર્મ. એ વાત સાધારણ પ્રાણી હારે વાદ કરવા જઈશ, નહીં બેસે, અથડાઈ જઈશ. એ કરતાં તારું જ્ઞાન અને નિધિ એક કોર બેસીને અનુભવ. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં આવે છે. આ સજ્ઝાય હતી ને આજ.

पुद्‌गल और चैतन्यके भिन्न स्वभावपर द्रष्टांत (સવૈયા એકત્રીસા)

ऊँचे ऊँचे गढ़के कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है।
सोहै चहूँ ओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लीयौ है॥
गहिरी गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयौ है।
ऐसो है नगर यामैं नृपकौ न अंग कोऊ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कीयौ है॥२८॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ગઢ=કિલ્લો. નભલોક=સ્વર્ગ. આનન=મોઢું.

**અર્થ :**–જે નગરમાં મોટા મોટા ઊંચા કિલ્લા છે, જેના કાંગરા એવા શોભે છે જાણે કે સ્વર્ગને ગળી જવાને માટે દાંત જ ફેલાવ્યા છે, તે નગરની ચારે તરફ સઘન બગીચા એવા શોભી રહ્યાં છે જાણે મધ્યલોકને જ ઘેરી લીધો છે અને તે નગરની એવી મોટી ઊંડી ખાઈઓ છે કે જાણે તેમણે નીચું મુખ કરીને પાતાળલોકનું જળ પી લીધું છે, પરંતુ તે નગરથી રાજા ભિન્ન જ છે તેવી જ રીતે શરીરથી આત્મા ભિન્ન છે.

ભાવાર્થ :–આત્માને શરીરથી સર્વથા ભિન્ન ગણવો જોઈએ. શરીરના કથનને આત્માનું કથન ન સમજવું.

**अर्थ :**–जिस नगरमें बड़े-बड़े ऊँचे किले हैं जिनके कंगूरे ऐसे शोभायमान होते हैं मानों स्वर्गलोक निगल जानेके लिए दांत ही फैलाये हैं, उस नगरके चारों ओस सघन बगीचे इस प्रकार सुशोभित होते हैं मानों मध्यलोक ही घेर रक्खा है और उस नगरकी ऐसी बड़ी गहरी खाईयाँ

हैं मानों उन्होंने नीचा मुँह करके पाताल लोकका जल पी लिया है, परन्तु उस नगरसे राजा भिन्न ही है उसी प्रकार शरीरसे आत्मा भिन्न है।

**भावार्थ :**–आत्माको शरीरसे सर्वथा निराला समझना चाहिए। शरीरके कथनको आत्माका कथन नहीं समझ जाना चाहिए।।२८।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ તો નગરની વ્યાખ્યા કરી, રાજાનો કાંઈ અંશ છે (નહીં). એમ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદ એનાથી શરીરના તેજ આદિ પણ છે બધું ભિન્ન. બેય એક છે નહીં.

'ऊँचे ऊँचे गढके कंगूरे यों विराजते हैं'. લ્યો નગરમાં બડા બડા ઊંચા કિલ્લા...દરેક કિલ્લા હોય છે ને મોટાં. ઓલા વિંછીયામાં અંદર નથી. જે રાણીઓ ને રહેવાનું બહુ ઠેઠ બહુ ઊંચું કામ કર્યું છે. અંદર રહેવાનું મકાન વિંછીયામાં છે ને. કેટલું લાંબુ અંદર, આપણે વ્યાખ્યાન વાંચતા'તાને એની અંદર હશે મોટા મોટા...ઠેઠ એ બાઈ બહાર નજર ન કરી શકે. એવા ગઢ છે. મોટા ગઢ પાકા તે'દિ'ના હોં પથ્થરા. પણ એ તો ઊંચે ઊંચે ગઢકે એને કંગુરા. 'कंगूरे ऐसे शोभायमान होते है मानो स्वर्गलोक निगल जानेके लिए दांत ही फैलाये हैं।' માનો નભ લોક એવા ઊંચા હોય અંદર જાણે સ્વર્ગને પી જવા માટે દાંત પહોળા કર્યા હોય. ઉપમા છે ને ઉપમા તો કરે ને. એવા ગઢ મોટા હોય જાણે આ પાતાળમાં આવ્યું હોય આ. પાતાળ ને કોળિયો કરી જાય એટલા મોટા ગઢ એમ, પણ એ તો નગરની વ્યાખ્યા. નગરનો રાજા છે, એ એમાં ક્યાં આવ્યું? એ રાજાના વખાણ નથી. રાજા તો ઉદાર હોય, આવો હોય, બ્રહ્મચર્ય સેવન, સત્ય બોલવું. એવા જ હોય લૌકિક તરીકે, એ ગુણ કહેવાય રાજાના. આ કાંઈ ગુણ કહેવાય?

'सोहे चहूँ ओर उपवनकी सघनताई' વળી નગરની ચારે બાજુ એટલો, મધ્યલોક છે ને? સઘન બગીચા ને ઈસ પ્રકાર સુશોભિત હોતે હૈ. બગીચા ચારે કોર મોટા મોટા. લ્યો આવ્યું આમાં મલુકચંદભાઈ! આ બગીચા બગીચા આવ્યા. બગીચા હોય એના વખાણ કરે, એ એમાં અંદર રહેતો હોય, એના વખાણ છે એ? એ તો ધૂળના બહારના છે. એમાં રાજાના વખાણ ન હોય. (શ્રોતા : બગીચા કોના? એના કે બીજાના?). કોના બાપના? ધૂળના. મલુકચંદભાઈ અમદાવાદ રહે છે, ન્યાલભાઈ ત્યાં રહે છે, એમ કહે છે. ધૂળેય નથી, ન્યાલભાઈના નથી અને મલુકચંદભાઈના નથી. એ તો જડના છે, ધૂળના છે. આહાહા! (શ્રોતા : એમ કરીને સંતોષ કરાવી દ્યો છો આપ) પણ એવું છે ને. હાથે કરીને એમાં પડ્યો હોય તો આમ મરી જાય લ્યો.

ઓલો જ્યોર્જ નહોતો જ્યોર્જ એડવર્ડ? સાડા ત્રણ કરોડનો મોટો બંગલો. મરી ગયો રાતે સૂતો'તો ત્યાં, સવારે મડદું જોયું. હવે એના તો મોટાં મોટાં મળનારા હોય ડોક્ટરો. સાડા ત્રણ કરોડનો બંગલો તે દિ'ની વાત છે હોં. ઘણા વરસની અત્યારે તો...સૂતો તો' ત્યાં ડોક્ટર જોઈને બધું સૂતો'તો, ત્યાં સવારે મરી ગયો ત્યાં ને ત્યાં. કોણ હતું જ્યોર્જ એડવર્ડ? (શ્રોતા : જ્યોર્જ) ધૂળમાંય નથી. સાડા ત્રણ કરોડમાં હેં હેં ફૂ કરીને પોતે મરી ગયો. જાવ, જાવું એને હેઠે. કહે છે, નગરની આસપાસ જાણે નગર આખું ઘેરાઈ ગયું હોય એટલું ઉપવન હોય બહાર, એમ કહે છે. પણ એ તો નગરનું વર્ણન છે. એ કાંઈ એના રાજાનું વર્ણન નથી. એમ શરીર ને વર્ણન એ કાંઈ આત્માનું વર્ણન નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

---

નિશ્ચય સ્વરૂપના જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાલય અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતા નથી, તોપણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતા નથી. અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ એકપણું છે એમ માનતા નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતા નથી. પરંતુ ભિન્ન-ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે—એમ આચાર્ય માને છે. (શ્રી જયસેનાચાર્ય, પંચાસ્તિકાય—ટીકા, ગાથા-૪૫)

## પ્રવચન નં. ૨૭, ફાગણ સુદ ૧ શુક્રવાર તા. ૨૬-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ ૨૮ થી ૩૨ ઉપર પ્રવચન

કળશ ચાલ છે. નગરનું વર્ણન કાંઈ રાજાનું વર્ણન નથી. એમ શરીરનું વર્ણન એ કાંઈ આત્માનું વર્ણન નથી, એમ સિદ્ધાંત સિદ્ધ કરે છે. થોડુંક ચાલ્યું છે. ફરીને લઈએ.

પુદ્‌ગલ અને ચૈતન્યના ભિન્ન સ્વભાવ ઉપર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

ऊँचे ऊँचे गढ़के कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है।
सोहै चहूँ ओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लीयौ है॥
गहिरी गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयौ है।
ऐसो है नगर यामैं नृपकौ न अंग कोऊ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कीयौ है॥२८॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ગઢ=કિલ્લો. નભલોક=સ્વર્ગ. આનન=મોઢું.

**અર્થ :**–જે નગરમાં મોટા મોટા ઊંચા કિલ્લા છે, જેના કાંગરા એવા શોભે છે જાણે કે સ્વર્ગને ગળી જવાને માટે દાંત જ ફેલાવ્યા છે, તે નગરની ચારે તરફ સઘન બગીચા એવા શોભી રહ્યા છે જાણે મધ્યલોકને જ ઘેરી લીધો છે અને તે નગરની એવી મોટી ઊંડી ખાઈઓ છે કે જાણે તેમણે નીચું મુખ કરીને પાતાળલોકનું જળ પી લીધું છે, પરંતુ તે નગરથી રાજા ભિન્ન જ છે તેવી જ રીતે શરીરથી આત્મા ભિન્ન છે.

ભાવાર્થ :–આત્માને શરીરથી સર્વથા ભિન્ન ગણવો જોઈએ. શરીરના કથનને આત્માનું કથન ન સમજવું.

**अर्थ :**–जिस नगरमें बड़े-बड़े ऊँचे किले हैं जिनके कंगूरे ऐसे शोभायमान होते हैं मानों स्वर्गलोक निगल जानेके लिए दांत ही फैलाये हैं, उस नगरके चारों ओर सघन बगीचे इस प्रकार सुशोभित होते हैं मानों मध्यलोक ही घेर रक्खा है और उस नगरकी ऐसी बड़ी गहरी खाईयाँ

हैं मानों उन्होंने नीचा मुँह करके पाताल लोकका जल पी लिया है, परन्तु उस नगरसे सदा भिन्न ही है उसी प्रकार शरीरसे आत्मा भिन्न है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

નગરમાં મોટાં મોટા ઉંચા કિલ્લા ને કાંગરા હોય, એનાથી નગર શોભે, એમ નગરની વ્યાખ્યા થાય, એ કાંઈ અંદરમાં રહેલા રાજાની વ્યાખ્યા નથી. 'मानो स्वर्गलोक निगल जाने के लिए दांत ही फैलाये है'. આ કિલ્લા ને કાંગરા છે મોટા, કે જાણે આખો પાતાળ પી ગયા હોય ઉપરનો, એવી એની ઉપમા આપી છે. એટલાં કિલ્લા મોટાં હોય છે. સમજાણું શું? કિલ્લા મોટાં કાંગરા જાણે જગતને પી ગયું પાતાળને, પાતાળ ચાલ્યું ગયું (એમ) ઉપમા આપી છે. 'नगरके चारों ओर सघन बगीचे हैं' ચારે કોર ગહન બગીચાં. આમ ઘણા ઉગેલાં ઝાડ પાન આદિ....'इस प्रकार सुशोभित होते हैं मानो मध्यलोक ही घेर रखा है' જાણે કે મધ્યલોક ઘેરાઈ ગયો છે.

'उस नगरकी ऐसी गहरी खाईयाँ है'। નીચે હવે ખાઈ, 'मानो उन्होंने नीचा मुँह करके पाताललोकका जल पी लिया है' ઊંડી ખાઈ એમ કહે છે. 'परंतु उस नगरसे राजा भिन्न ही है'. એ વખાણ કાંઈ રાજાનાં નથી, એ તો નગરનાં છે. 'उसी प्रकार शरीरसे आत्मा भिन्न है'. શરીરની જેટલી વ્યાખ્યા કહીયે, આવા સુંદર અને આવા દિવ્ય ધની ને. એ તો નગરનું વર્ણન, એમાં કાંઈ આત્માનું વર્ણન આવ્યું નહીં. 'आत्माको शरीरसे सर्वथा निराला गिनना चाहिये'. ભગવાન તો આ શરીરનાં રજકણની એક એક પર્યાયથી તદ્દન જુદો છે. 'शरीरके कथनको आत्माका कथन नहीं समझ जाना चाहिए' જુઓ હવે સ્તુતિ કરે છે સાચી, 'तीर्थंकरके निश्चय स्वरूपकी स्तुति'

તીર્થંકરના નિશ્ચય સ્વરૂપની સ્તુતિ (સવૈયા એકત્રીસા)

जामैं लोकालोकके सुभाव प्रतिभासे सब,
जगी ग्यान सकति विमल जैसी आरसी।
दर्सन उद्योत लीयौ अंतराय अंत कीयौ,
गयौ महा मोह भयौ परम महारसी।।
संन्यासी सहज जोगी जोगसौ उदासी जामैं,
प्रकृति पचासी लगि रही जरि छारसी।
सोहै घट मंदिरमैं चेतन प्रगटरूप,
ऐसौ जिनराज ताहि बंदत बनारसी।।२९।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રતિભાસે=પ્રતિબિંબિત થાય છે. દર્શન=અહીં કેવળદર્શનનું પ્રયોજન છે. છારસી=રાખ સમાન.

**અર્થ :**–જેમને એવું જ્ઞાન જાગ્રત થયું છે કે જેમાં દર્પણની પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે, જેમને કેવળદર્શન પ્રગટ થયું છે, જેમને અંતરાયકર્મ નાશ પામ્યું છે, જેમને મહામોહકર્મનો નાશ થવાથી પરમ સાધુ અથવા મહાસંન્યાસી અવસ્થા પ્રાપ્ત થઈ છે, જેમણે સ્વાભાવિક યોગો ધારણ કર્યા છે તોપણ જે યોગોથી વિરક્ત છે, જેમને માત્ર પંચાસી પ્રકૃતિઓ બળી ગયેલી સીંદરીની રાખની પેઠે લાગેલી છે, એવા તીર્થંકરદેવ દેહરૂપ દેવાલયમાં સ્પષ્ટ ચૈતન્યમૂર્તિ શોભાયમાન થાય છે, તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨૯

**अर्थ :**–जिन्हें ऐसा ज्ञान जाग्रत हुआ है कि जिसमें दर्पणके समान लोक-अलोकके भाव प्रतिबिबित होते हैं, जिन्हें केवलदर्शन प्रगट हुआ है, जिनका अंतरायकर्म नष्ट हुआ है, जिन्हें महामोह कर्मके नष्ट होनेसे परम साधु व महासंन्यासी अवस्था प्राप्त हुई है, जो स्वाभाविक योगोंको धारण किये हैं तो भी योगोंसे विरक्त हैं, जिन्हें मात्र पचासी प्रकृतियाँ जरी जेवरीकी भस्मके समान लगी हुई है; ऐसे तीर्थंकर देव देहरूप देवालयमें स्पष्ट चैतन्यमूर्ति शोभायमान होते हैं, उन्हें पं. बनारसीदासजी नमस्कार करते हैं॥२९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દેહમાં રહ્યો છતાં ભગવાન ભિન્ન કેમ છે? ને એનું સ્વરૂપ શું છે? અરિહંત થાય સર્વજ્ઞ પરમાત્મા, એની વાત છે. 'जामैं लोकालोकके सुभाव प्रतिभासै' જ્ઞાનથી લીધું. જેનાં જ્ઞાનની એવી નિર્મળતા પ્રગટ થાય, ભગવાન અરિહંતને અને એનું શરીર ભલે પરમ ઔદારીક આદિ રોગ વિનાનું હો, પણ આત્મામાં કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી એની શક્તિનો વિકાસ થઈ ગયો છે. એને અરિહંત અને જિનરાજ પરમેશ્વર કહીયે. સમજાણું? 'जगी ग्यान सकति विमल जैसी आरसी' આરસી જેમ વિમળ હોય અને એમાં સ્વચ્છ વસ્તુનું બધું ભાસે, એમ કેવળજ્ઞાનની સ્વચ્છ શક્તિ પ્રગટ થઈ છે, એ આત્માના ગુણ છે. શરીરની સુંદરતાં આદિ એ કાંઈ આત્માનાં ગુણ નથી. 'दर्शन उद्योत लीयौ' બીજો દર્શનાવરણીય લીધો. દર્શન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક, એક સાથે સત્તામાં સત્તાનો ઉપયોગ થાય, જણાય એને દર્શન કહ્યું. એવું દર્શન જેને—ભગવાનને પ્રગટ થયું છે.

'अंतराय अंत कीयौ' અને અંતરાયનો અંત થઈ ગયો, એને વિઘ્ન કોઈ છે નહીં. 'गयौ महामोह भयौ परम महारसी' હવે મોહની વાત કહી. પહેલું જ્ઞાન, બીજું દર્શન, ત્રીજુ અંતરાય, ચોથો મોહ. 'गयौ महामोह' ભગવાન આત્મા સર્વજ્ઞ ને જિનરાજ

પરમેશ્વર થાય છે, ત્યારે તેનો મોહ અંશે પણ રહેતો નથી. 'भयौ परम महारसी'. આનંદનો પરમ અનુભવી થઈ જાય છે. શુદ્ધતા રહી છે ને. મોહ જવાથી આત્મામાં પરમ અતીન્દ્રિય આનંદનો અનુભવ પરમેશ્વરને હોય છે. એને ખોરાકનો આનંદ ને પાણીનો, એવું હોતું નથી. આહાહા! કહે છે, 'जिन्हैं महामोह कर्मके नष्ट होनेसे परम साधु व महासंन्यासी अवस्था प्राप्त हुई है', લ્યો. 'महारसी संन्यासी'—ત્યાગી થયો. એક વિકલ્પ પણ જેમાં રહ્યો નથી, એવી દશા સર્વજ્ઞની એક સમયમાં પ્રગટ થાય, એને પરમાત્મા ને એને જિનરાજ ને એને અરિહંત કહેવામાં આવે છે.

'सहज जोगी', સ્વભાવિક સ્વરૂપની એકાગ્રતા ત્યાં વર્તે છે. હવે કાંઈ નવું કરવાનું રહેતું નથી. સ્વભાવિક જોગી 'जोगसौं उदासी' આત્માનાં પ્રદેશ કંપે છે, હજી સિદ્ધ થયા નથી એટલે, પણ છતાં જોગથી તો ભિન્ન ઉદાસ છે. એને તીર્થંકર ને જિનરાજ અને કેવળી અને પરમેશ્વર કહીયે. જેને તેને પરમેશ્વર માને છે, એમ સ્વરૂપ છે નહીં. 'प्रकृति पचासी लगि रही जरि छारसी' ચાર કર્મનો નાશ થયો છે, ચાર કર્મ હજી બાકી છે અઘાતી. એને લઈને પંચ્યાસી પ્રકૃતિ બળી દોરડી જેવી ત્યાં રહી ગઈ છે. શ્રીમદ્‌માં આવે છે ને. 'વેદનીય આદિ ચાર કર્મ વર્તે જહાં. બળી સીંદરી વત્ આકૃતિ માત્ર જો, તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે, આયુષ્ય પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો'. સર્વજ્ઞ પરમેશ્વર જેની દશામાં ચાર કર્મ હજી બાકી છે અંદર, પણ કેવાં? પંચ્યાસી પ્રકૃતિ લગી રહી છે સત્તામાં પણ બળી રાખ જેવી છે ભસ્મ. દોરડી જેમ બળેલી હોય, એ દોરડી બાંધવામાં કામ ન આવે. એમ એ પ્રકૃતિ કંઈ આત્માને નુકશાન કરે એવું છે નહીં. ઈ પંચ્યાસી નો અર્થ(નામ) નીચે છે.

'सोहै घट मंदिरमैं चेतन प्रगटरूप' સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, શુદ્ધતા પૂર્ણ અને અંતરાય રહિત અનંતવીર્ય જે હતું એ બધું પ્રગટ થઈ ગયું છે. 'એ ઘટમંદિરમેં ચેતન પ્રગટ'. શરીર હોવા છતાં એમાં ભગવાન આત્મા તદ્દન જુદો. કેવળજ્ઞાન, કેવળદર્શનથી શોભાયમાન છે. સમજાણું કાંઈ? 'ऐसो जिनराज ताहि बंदत बनारसी'. વીતરાગ દેવ, એ જિનરાજ કોઈ સંપ્રદાયની ચીજ નથી, વસ્તુનો સ્વભાવ એવો છે. સમજાણું કાંઈ? જેણે અજ્ઞાન અને રાગદ્વેષ ટાળીને જ્ઞાન ને વીતરાગતા પૂર્ણ પ્રગટ કરી, એને કહે છે, પંચ્યાસી પ્રકૃતિ હજી અરિહંત છે તેને બાકી છે, બળી દોરડીવત્. 'ऐसो जिनराज ताहि बंदत बनारसी'. એને બનારસીદાસ પગે લાગે છે.

એ પંચ્યાસી પ્રકૃતિનું નીચે કથન છે. ભગવાનને હજી પંચ્યાસી પ્રકૃતિ હોય છે, કેવળીને. ૧૪૮ પ્રકૃતિ છે, આઠ કરમ છે, એનાં પેટાં વિભાગ ૧૪૮(પ્રકૃતિ). પણ તીર્થંકરને. કેવળીને પંચ્યાસી બાકી છે, બળી સીંદરીનાં આકાર જેવી. સમજાય છે કાંઈ?

(પંચ્યાસી પ્રકૃતિના નામ) અશાતા વેદનીય હોય છે એમને, જુઓ પહેલું નાંખ્યું. અશાતા વેદનીય સત્તામાં પડી છે. એટલે આ ગણવામાં (આવે), પણ અશાતા વેદનીયના ઉદયથી રોગ થાય શરીરમાં, એવું અશાતા વેદનીય સર્વજ્ઞને હોય નહીં. શાતાવેદનીયને ય લેશે. પહેલાં ત્યાંથી ઉપાડ્યું છે, અશાતા-અશાતા. દેવગતિ, દેવગતિ સત્તામાં પડ્યું હોય છે. અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ થાય છતાં દેવગતિ બળી સીંદરીવત અંદર પ્રકૃતિ હોય છે. પંડિતજી! બીજી લીધી. પહેલી વેદનીયનો લીધો ભાગ (પછી) નામકર્મનો લીધો, ગતિ છે ને પાંચ શરીર હોય છે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્મણ પ્રકૃતિ. સત્તામાં પ્રકૃતિ હજી ઉદય પડી છે. એને અહીંયા અરિહંત ને જિનરાજ ને વીતરાગને કેવળી સર્વજ્ઞ કહેવામાં આવે છે. પાંચ બંધન ઔદારિક, વૈક્રિયિક, આહારીક, તૈજસ, કાર્મણ એ પાંચ બંધન છે પ્રકૃતિનાં.

પાંચ સંઘાત છે ઔદારિક, વૈક્રિયિક, આહારિક, તૈજસ, કાર્મણ, એ એનું સંઘાત છે. રજકણો ગ્રહે એવી એક પ્રકૃતિ હોય. છ સંસ્થાન હોય છે. છે ને નામસહિત જોઈ લેવા. છ સંસ્થાન-આકાર છે. એને આકાર થાય એ પ્રકૃતિ હો અંદર. અરિહંત ને આકારસહિત સમચતુરસ્ર જ સંસ્થાન હોય છે, પણ એની સત્તામાં છ સંસ્થાન પ્રકૃતિ પડી હોય છે. એમ છ સંહનન. અરિહંતને તો વજ્રનારાચ સંહનન જ શરીર હોય છે, પણ સત્તામાં પડેલી છ પ્રકૃતિ છે. આ તો પ્રત્યક્ષ સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. આહાહા! એ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોતી નથી. સમજાણું કાંઈ? બળી દોરડીવત્ કહ્યું છે ને એ પણ દિગંબર શૈલી છે એમાં. સનાતન પરમ સત્ય, બીજામાં એમ નથી કહ્યું. (શ્રોતા : વાંધો? વાંધો કાઢ્યો છે.) આહાહા! શું કરે? એવો માર્ગ એમ વાંધો કાઢ્યો છે ને! કહે નહીં બળી દોરડી હોય નહીં.(શ્રોતા : કર્મના ઉદયને અનુભાગમાં બળી દોરડી કેવી?) બળી દોરડી જ છે સાંભળને હવે.

છ સંસ્થાન છે. છ સંહનન છે, હાડકાની મજબૂતાઈ, પ્રકૃતિ હોં, સંહનન એક હોય, પ્રકૃતિ. પાંચ વર્ણ હોય છે પ્રકૃતિ. કાળો વર્ણ બે ગંધ હોય છે પ્રકૃતિ. પાંચ રસ હોય છે પ્રકૃતિ. આઠ સ્પર્શ હોય છે પ્રકૃતિમાં હોં, પછી દેવગતિ પ્રાયોગ્યાનૂપૂર્વ હોય છે. છે ને દેવગતિ પહેલી આવી ગઈ છે. આ દેવગતિ પ્રાયોગ્ય અનુપૂર્વ, અનુપૂર્વ પડી હોય એની અંદર સત્તામાં. અગુરુલઘુ પ્રકૃતિ હોય છે. ઉપઘાત પ્રકૃતિ હોય છે. પરઘાત પ્રકૃતિ હોય છે લ્યો, ઉચ્છ્વાસ પ્રકૃતિ હોય છે. શ્વાસ પ્રશસ્ત વિહાયોગતિ હાલવાની ગતિ પ્રશસ્ત એ પ્રકૃતિ હોય છે. અપ્રશસ્ત પણ પ્રકૃતિ હોય છે અંદર. અપર્યાપ્ત પ્રકૃતિ હોય છે. પોતે પર્યાપ્ત છે શરીર, પણ અંદર પ્રકૃતિ અપર્યાપ્ત. પ્રત્યેક શરીરની પ્રકૃતિ હોય છે. કર્મ સ્થિર પ્રકૃતિ. અસ્થિર પ્રકૃતિ એ શુભઅશુભ પ્રકૃતિ.

દુર્ભગ પ્રકૃતિ લ્યો. પાંચમે ગુણસ્થાનથી દુર્ભગ પ્રકૃતિનો ઉદય ન હોય. સત્તા છે કેવળીને પણ. આરે! આ બધું જાણપણું કરવું પડતું હશે? સાચા વીતરાગ સર્વજ્ઞ કેવાં હોય, એને આ બધું જાણવું જોઈશે. જે તે બધા પરમાત્મા નામ ધરાવીને સર્વજ્ઞ થઈ જાય, એમ ન હાલે એમાં. વસ્તુની સ્થિતિ આગળ કહેશે. 'પરિચિત તત્ત્વૈ' છે ને શબ્દ. નીચે અર્થ કર્યો છે, પરિચિત તત્ત્વૈ–સમસ્ત પ્રકારે જેને જ્ઞાનમાં આ બધું તત્ત્વ જણાઈ ગયું છે. ત્રણકાળ, ત્રણલોક પછી આવશે. એ પરિચિતનો અર્થ જ સર્વજ્ઞ કર્યો છે પરિચિત. પરિ એટલે સમસ્ત પ્રકારે ચિત્ત એટલે જ્ઞાન. જેને ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનમાં જણાય જાય છે અને શરીરની પ્રકૃતિ સુંદર ને આકૃતિ સુંદર હોય છે, છતાં સત્તામાં આવી પ્રકૃતિ કર્મની પડી હોય છે. એ અગુરુલઘુની વાત થઈ ગઈ.

અપ્રશસ્ત, અપર્યાપ્તિક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ દુર્ભગ લ્યો. દુર્ભગ કેવળી ને પણ દુર્ભગ નામની પ્રકૃતિ સત્તામાં પડી છે. આમ દુર્ભગનો ઉદય પાંચમેથી ના હોય. ક્યા કહા પંડિતજી? દુર્ભગ, અનાદેય, અપજશ ત્રણ પ્રકૃતિનો ઉદય પંચમ ગુણસ્થાન સુધીનો હોય ને છતાં આ પ્રકૃતિ સત્તામાં તેરમે સુધી હોય. સમજાણું કાંઈ? આ તીર્થંકરને હોય એટલે બધાને(હોય). આહીં તો તીર્થંકરની વાત કહી છે. પડી છે અંદર પંચ્યાસી. પંચ્યાસી હોય છે જુઓને. કોઈ કોઈને નહીં, એમ નહીં. શું લખ્યુ જુઓ ને! 'प्रकृति पचासी लगी रही जरि छारसी'. હોય છે અંદર સત્તામાં, એ અર્થ જ જણાવે છે. સુસ્વર પ્રકૃતિ હોં, દુસ્વર પ્રકૃતિ, અનાદેય લ્યો. અનાદેયનો ઉદય પાંચમે ન હોય, પણ પ્રકૃતિ પડી હોય તેરમા કેવળજ્ઞાનીને, ફળ ન આપે કાંઈ અંદર. અપયશ કીર્તિ હોય લો એ પણ પાંચમે ઉદયમાં હોય. નિર્માણ, શરીર જ્યાં જ્યાં ત્યાં ત્યાં અવયવો નિર્માણ થાય.

નીચ ગોત્ર છે, જોયું. એ સત્તામાં નીચ ગોત્ર, ઉચ્ચ ગોત્ર બેય છે. શાતા(વેદનીય), પહેલી અશાતા કીધી, વેદનીય બેય હોય છે. સમજાણું કાંઈ? મનુષ્યગતિ હોય છે. પ્રકૃતિ, મનુષ્ય આયુ, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યગતિ પ્રાયોગ્યનુપૂર્વ ત્રસ, બાદર, પર્યાપ્તક, સુભગ, આદેય, લ્યો અને યશકીર્તિ અને તીર્થંકર અને ઉચ્ચ ગોત્ર. એ પંચ્યાસી પ્રકૃતિ દોરડી બળેલી જેવી, ત્યાં પ્રકૃતિ હોય છે. જો ઈ જાય તો તો સિદ્ધ થઈ અશરીરી પરમાત્મા– શરીર રહિત થઈ જાય. શરીર, (શ્રોતા : તીર્થંકર પ્રકૃતિ પણ દોરડી જેવી એક જગ્યાએ પડી છે.) બીજું શું છે? (શ્રોતા : એનું કાંઈ જોર હોતું નથી?) જોર શું હોય? પ્રકૃતિ તો જડ છે. બળી સિંદરીવત્ કીધી ને તીર્થંકર પ્રકૃતિને ય એમ કીધું. એય ચેતનજી! બળી દોરડી જેવી, પ્રકૃતિ છે. ઉદય આવે, સંયોગ આવે, એનું શું છે? આત્મા ને કાંઈ છે નહી.

'ऐसो जिनराज ताहि बंदत बनारसी'. અહો! બનારસી કહે છે, હે નાથ! એવા જિનરાજ વીતરાગ આત્મામાં પ્રગટ દશા વાળા જેને પંચ્યાસી પ્રકૃતિ હજી ચાર કર્મની

બાકી છે, એને હું વંદન કરું છું, ઓળખીને વંદન કરું છું. આવા અરિહંત ને જિનરાજ, નમો અરિહંતાણં. એ આ અરિહંત. એમ નામ.... નમો અરિહંતાણં. ચાર કર્મરૂપી અરિ એનો નાશ છે, ચાર કર્મ બળી દોરડી વત્ પડ્યાં છે અને અનંત જ્ઞાન દર્શન આદિ પ્રગટ્યાં છે, એવા અરિહંત ભગવાનને ઓળખીને હું વંદન કરું છું. (શ્રોતા : પરમ મહારસીનો અર્થ ન આવ્યો આમાં) એ ન આવ્યો, એમાં અદ્ધરથી નાંખ્યું છે. ખબર છે, એ ઉપરથી કર્યો છે, નથી....કોક રહી ગયું છે. મહામોહ જવાથી એને પરમ રસ થાય છે. પરમ આનંદરસ. એ ઉપરથી કર્યો છે અર્થ, એમાં નથી. ક્યાંક કોક શબ્દ રહી ગયા હોય. હવે ૨૭મો કળશ, ૨૭મો છે ને? ૪૮ પાને ૨૭મો કળશ

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया**
**न्नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या नततत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्येव सैवंभवे–**
**न्नातस्तीर्थंकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः ।।२७।।**

નિશ્ચય અને વ્યવહારની અપેક્ષાએ શરીર અને જિનવરનો ભેદ (કવિત્ત)

तन चेतन विवहार एकसे,
निहचै भिन्न भिन्न हैं दोइ।
तनकी थुति विवहार जीवथुति,
नियतदृष्टि मिथ्या थुति सोइ।।
जिन सो जीव जीव सो जिनवर,
तन जिन एक न मानै कोइ।
ता कारन तनकी संस्तुतिसौं,
जिनवरकी संस्तुति नहि होइ।।३०।।

**મૂળ શાસ્ત્ર : અર્થ** :–વ્યવહારનયમાં શરીર અને આત્માની એકતા છે, પરંતુ નિશ્ચયનયમાં બન્ને જુદા–જુદા છે. વ્યવહારનયમાં શરીરની સ્તુતિને જીવની સ્તુતિ ગણવામાં આવે છે પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિથી તે સ્તુતિ મિથ્યા છે. નિશ્ચયનયમાં જે જિનરાજ છે તે જ જીવ છે અને જે જીવ છે તે જ જિનરાજ છે. આ નય શરીર અને આત્માને એક નથી માનતો એ કારણે નિશ્ચયનયથી શરીરની સ્તુતિ તે જિનરાજની સ્તુતિ થઈ શકતી નથી.

**अर्थ** :–व्यवहारनयसे शरीर और आत्माकी एकता है, परंतु निश्चयनयमें दोनों जुदे-जुदे

हैं। व्यवहारनयमें शरीरकी स्तुति जीवकी स्तुति गिनी जाती है परन्तु निश्चयनयकी दृष्टिसे वह स्तुति मिथ्या है। निश्चयनयमें जो जिनराज है वही जीव है और जो जीव है वही जिनराज है, यह नय शरीर और आत्माको एक नहीं मानता इस कारण निश्चयनयसे शरीरकी स्तुति जिनराजकी स्तुति नहीं हो सकती।।३०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનું પદ છે ૩૦મું. 'तन चेतन विवहार एकसे' લોકવ્યવહાર શબ્દ બહાર મૂક્યો છે, ઓલામાં 'અધ્યાત્મ તરંગીણી'માં. ઓલામાં આવે છે ને 'દ્રવ્યસંગ્રહ'માં, લોક વ્યવહારમાં બોલવામાં આવે છે. શરીર ને (આત્મા) એક, બાકી વસ્તુ છે નહીં. તદ્દન જુદી જુદી છે. 'અધ્યાત્મતરંગીણી'માં, લોક વ્યવહારથી બોલવામાં આવે છે. વસ્તુથી શરીરને રહિત કીધી છે. 'तन चेतन विवहार एकसे, निहचै भिन्न भिन्न है दोइ'. ચૈતન્ય ભગવાન તો આનંદ ને જ્ઞાનનો દરિયો ભિન્ન છે. શરીરનાં રજકણોનું તત્ત્વ તે તદ્દન ભિન્ન. બેય તદ્દન જુદેજુદાં છે. કહો સમજાણું કાંઈ? શરીરનાં સારા વિના તો વિચારે ય ન થાય, એમ આવી ગયું. આવી ગયું અમરચંદજીનું (લખાણ). આહાહા! એટલો ફેરફાર થઈ ગયો છે. માણસને જેમ પોતાને ગોઠે ને એ વાત લઈ લે ને ન ગોઠે એ છોડી દે. સત્ય શું છે? એની દરકાર નથી. આહાહા!

'निहचै भिन्न भिन्न है दोइ'. આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શક્તિ જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ અને શરીર જડ અજીવ તત્ત્વથી ભરેલું, બે તદ્દન જુદે જુદા છે. આહાહા! तनकी थुति विवहार जीवथुति'. જુઓ, વ્યવહાર સ્તુતિ છે કે નહીં? એ વ્યવહાર લોક માત્ર કહેવા માત્ર છે. तनकी थुति विवहार जीवथुति, नियत द्रष्टि मिथ्या थुति सोई'. શરીરના વખાણ કરે આત્માના વખાણ, એ મિથ્યાત્વ સ્તુતિ છે. આહાહા! ખરેખર તો વિકલ્પ સહિતની સ્તુતિ એ પણ મિથ્યા છે, એમ સિદ્ધ કર્યું છે. સર્વજ્ઞ પરમેશ્વર એનાં તરફનાં વલણનો વિકલ્પ, એ સ્તુતિ વ્યવહાર છે, એ સાચી સ્તુતિ છે નહીં.

'नियत द्रष्टि मिथ्या थुति सोइ'. નિશ્ચયથી જુઓ, તો વ્યવહાર છે તે મિથ્યા—જુઠો છે. આહાહા! 'जिन सो जीव जीव सो जिनवर, तन जिन एक न माने कोई'. જિન સો જીવ—વીતરાગ સ્વરૂપનું બિંબ પ્રભુ એને જીવ કહીએ, એને જિન કહીયે, એને જીવ કહીયે. એકલો વીતરાગી ગોળો, રાગથી ભિન્ન, શરીરથી તો ભિન્ન. એ શરીર ને કાયા ને બધું રાગ આદિ બધી એ કાયા જ કહેવાય છે. રાગ શરીર—કાયાથી ભિન્ન. ઈ કાયા શબ્દે રાગ આદિ એ કાયામાં જાય છે. સમજાણું કાંઈ?

'जिन सो जीव जीव सो जिनवर, तन जिन एक न माने कोई' જ્ઞાન સ્વરૂપી

ભગવાન આત્મા, એમાં તનનું તદ્દન (ભિન્ન અસ્તિત્વ) શરીરની સ્તુતિ તે એની સ્તુતિ, આત્માની કહેવાય (નહીં.) જૂઠી સ્તુતિ છે, કહે છે. 'तन जिन एक न माने कोइ। जो जिनराज है वह जीव है और जो जीव है नही जिनराज है' निश्चयनयकी दृष्टिसे वह स्तुति मिथ्या है' વ્યવહારથી આપી છે ને. પણ વ્યવહારથી આપી એનો અર્થ શું? આ નહીં. વ્યવહાર નય અન્યથા કહે છે. આહાહા! હજી તો અરિહંત સર્વજ્ઞ કેવા હોય એની ખબર ન મળે, એને આત્મા કેવો હોય(એની શું ખબર હોય?) આહાહા! જેવો અરિહંતે પ્રગટ કર્યો એવો જ આ આત્મા છે. આત્મા કાંઈ ફેર નથી.

'જિન સોહી જિનવર ને જિનવર સો જીવ, તન જિન એક ન માને કોઈ'. શરીર ને આત્મા જિનવર સ્વરૂપ આત્માનું અવિકારી નિર્દોષ વીતરાગનો પિંડ પ્રભુ આત્મા, એને અને શરીરને એક ન કોઈ માને. જોયું, આમાં તો ન કોઈ માને, એમ કહે છે, માનનારા મૂઢ છે, કહે છે. સાચા હોય એને માને નહીં. 'ता कारण तनकी संस्तुतिसौं' શરીરના વખાણથી, 'जिनवरकी संस्तुति नाहि होइ' એથી આત્માનાં જે ગુણો છે એની સ્તુતિ એ છે નહીં. નગરનાં વર્ણનથી રાજાનું વર્ણન થઈ શકતું નથી. એમ શરીરની સ્તુતિથી ભગવાન આત્માનું સ્વરૂપ થઈ શકતું નથી. આહાહા! સમજાણું કાંઈ? શબ્દ પડ્યા છે ને 'तु पुनः कायात्मनोनिश्चया' સંસ્કૃતમાં. કાયા ને આત્માનો અર્થ જ, એકલો વીતરાગી સ્વરૂપ તે આત્મા ને રાગ આદિ એ બધું કાયામાં જાય છે. સમજાય છે કાંઈ? એ આત્મા નહીં. આહા....!

'वस्तु स्वरूपकी प्राप्तिमें गुप्त लक्ष्मीका द्रष्टांत' ૩૧ ૫૬, એનું કળશ ૨૮, નહીં? ૨૮. ૨૭મું આવી ગયું ૩૦માં. ૨૮ (કળશ)નું ૩૧ (૫૬)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नय विभजन युक्त्यात्यन्तमुच्छादितायाम्
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव॥२८॥

એનું પદ્ય. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિમાં ગુપ્તલક્ષ્મીનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

ज्यौं चिरकाल गड़ी वसुधामहि,
भूरि महानिधि अंतर गूझी।
कोउ उखारि धरै महि ऊपरि,
जे दृगवंत तिन्हैं सब सूझी॥

त्यौं यह आतमकी अनुभूति;
पडी जड़भाउ अनादि अरूझी।
नै जुगतागम साधि कही गुरु,
लच्छन-वेदि विचच्छन बूझी।।३१।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ભૂરિ=ઘણી. ગૂઝી=છુપાયેલી. મહિ=પૃથ્વી. અરૂઝી=ગુંચવાયેલી. વિચ્છન (વિચક્ષણ)=ચતુર. લચ્છનવેદિ=લક્ષણોના જાણનાર, બૂઝી=સમજ્યા.

**અર્થ :**–જેવી રીતે ઘણા સમયથી પૃથ્વીની અંદર દટાયેલ ધનને ખોદીને કોઈ બહાર મૂકી દે તો દૃષ્ટિવાળાઓને તે બધું દેખાવા લાગે છે, તેવી જ રીતે અનાદિકાળથી અજ્ઞાનભાવમાં દબાયેલ આત્મજ્ઞાનની સંપત્તિને શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવી છે, તેને વિદ્વાનો લક્ષણ વડે ઓળખીને ગ્રહણ કરે છે.

વિશેષ :–આ છંદમાં 'દગવંત' પદ આપ્યું છે, તે જેવી રીતે બહાર કાઢેલું ધન પણ આંખોવાળાને જ દેખાય છે–આંધળાઓને નથી દેખાતું તેવી જ રીતે શ્રીગુરુ દ્વારા બતાવવામાં આવેલું તત્ત્વજ્ઞાન અંતર્દૃષ્ટિ ભવ્યોને પ્રાપ્ત થાય છે, દીર્ઘ સંસારી અને અભવ્યોની બુદ્ધિમાં નથી આવતું. ૩૧

**अर्थ** :–जिस प्रकार बहुत समयसे पृथ्वीके अंदर गड़े हुए बहुतसे धनको उखाड़कर कोई बाहर रख देवे तो नेत्रवानोंको वह सब दिखने लगता है उसी प्रकार अनादिकालसे अज्ञानभावमें दबी हुई आत्मज्ञानकी सम्पदाको श्रीगुरुने नय, युक्ति और आगमसे सिद्ध कर समझाया है, उसे विद्वान लोग लक्षणसे पहिचानकर ग्रहण करते हैं।

विशेष :–इस छन्दमें 'दृगवन्त' पद दिया है, सो जिस प्रकार बाहर निकाला हुआ धन भी नेत्रवालोंको ही दिखता है–अंधोंको नहीं दिखता, उसी प्रकार श्रीगुरु द्वारा बताया हुआ तत्त्वज्ञान अंतर्दृष्टि भव्योंको ही प्राप्त होता है, दीर्घ संसारी और अभव्योंकी बुद्धिमें नहीं आता।।३१।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કેવા પદ બનાવ્યા છે જુઓને! 'ज्यों चिरकाल गड़ी वसुधामहि'. જેમ બહોત સમયસે પૃથ્વીની અંદર દાટેલી ઘણા ધનને ઉખાડકર. લક્ષ્મી અંદર પડી હોય.

એલા! તારા બાપે અહીં પાંચ કરોડ દાટ્યાં છે અહીં, આવે છે ને ઓલું શંકરના દેવળમાં.(શ્રોતા : ચોપડાના પુંઠે) ચોપડાના પુંઠે લખેલું કે તારા બાપે પાંચ કરોડ શંકરના દેવળમાં દાટ્યા છે. શંકરનું દેવળ જોડે હતું. (શ્રોતા : ઈંડામાં) શંકરનું દેવળ હોય ને પછી ઈંડુ હોય ને એમાં દાટ્યા છે. એનો બાપ મરી ગયો. હવે એનાં બાપના મિત્રને પૂછ્યું, 'હવે શું કરવું?' એમાં શંકરનું દેવળ લીધું આખું વેચાતું અને એમાંથી ઈંડા એક એક ખોદ્યુ પણ

નીકળ્યું નહીં ત્યારે એણે એનાં બાપનાં મિત્રને પૂછ્યું કે 'આ મારા બાપે દાટ્યું'? તો કહે, તારો બાપ કાંઈ ગાંડો છે કે ઇંડા હેઠે દાટે? ત્યાં દાટે? એનો અર્થ ઈ છે કે ચૈત્ર સુદ આઠમે આઠ વાગે ઇંડામાં દાટ્યું છે, એમ લખ્યું'તુ. એનો અર્થ એ છે, કે ઈ ઇંડાનો તડકો છાંયો (પડછાયો) ચૈત્ર સુદ આઠમે આઠ વાગે આવે ઈ તારા ફળિયામાં છે, ત્યાં ગોત્ય. મૂળમાં નથી, આ તો દાખલો છે. ખોદે કોણ?

ઓલા મણીભાઈ હતા ગાંધી, બોટાદ. શાસ્ત્રમાં આવ્યું ને એક વાત, ભાઈ! વનસ્પતિમાં પણ પરિગ્રહ સંજ્ઞા છે, એવો શાસ્ત્રમાં પાઠ છે, ધવલમાં છે. આમાંય છે. પરિગ્રહ સંજ્ઞા છે. જે ઝાડ ઉગે વેલો, જ્યાં લક્ષ્મી હોય એની કોર વેલો આમ જાય. હેઠે દાટ્યું હોય ને એની કોર વેલો જાય. એવું સાંભળીને ઘરમાં વાવ્યો વેલો. મણીલાલ ગાંધી, મણીલાલ રાયચંદ ગાંધી. પછી ખોધ્યું આખું. ભાઈ કહેતા'તા અમે ખોદનારાં હતાં. ભાઈ મનમોહનદાસ, બેચરભાઈના દીકરા, અમે ખોદનારાં સાથે હતાં. કાંઈ ધૂળે ન નીકળ્યું. અહીં કહે છે, જેમ ઘણા સમયથી પૃથ્વીની અંદર દાટેલી ''बहुतसे धनको' પાછું એમ. ઘણું ધન, ઘણી લક્ષ્મી. સમજાણું કાંઈ? 'उखाड कर कोई बाहर रख देवें'. જુઓ! આ લક્ષ્મી. આ તો દાખલો છે, હોં. લક્ષ્મીનું અહીં કામ નથી. 'तो नेत्रवानोंको वह सब दिखने लगता है' કોણ દેખે? આંખ્યુવાળા દેખે, આંધળા દેખે? એમ કહે છે.

કરોડો રૂપિયાની મૂડી અંદર પડી હોય, હવે તો કરોડની ગણતરી બહુ ઓછી થઈ. હવે તો ઘણાં પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ ને લાંબુ લપ્પ થઈને મમતા વધી ગઈ છે. સમજાણું કાંઈ? (શ્રોતા :.....) વીસ ગણી, પચ્ચીસ ગણી લ્યોને, ત્રીસ ગણી. પૂર્વનાં એક લાખ હોય ને અત્યારે ત્રીસ લાખ હોય ત્યારે સરખા ગણાય. પૈસાની કિંમત ઘટીને બીજા ભાવ વધી ગયાં. કહે છે, એ લક્ષ્મી કરોડો હો ને અબજો હો આંકડો ગણવો છે ને. નીચે દાટી હોય ને ખોદીને કાઢીને મૂકે. આમ, આંખ્યુંવાળો જોવે. આંધળા કાંઈ દેખતાં હશે? આંખ્યું જેની ફુટી ગઈ છે. શું કહે છે સમજાણું? પોપટભાઈ, 'नेत्रवानोंको वह सब दिखने लगता है, उसी प्रकार अनादिकालसे अज्ञानभावमें दबी हुई, त्यों यह आतमकी अनुभूति'. રાગ ને વિકલ્પ વિનાનો આત્માનો અનુભવ, એ અનુભવમાં આત્માની લક્ષ્મી જોઈ અને બીજાને કહે કે જુઓ, આ અનુભૂતિમાં આત્મા આવો હોય. પણ જેના નેત્ર ખૂલ્યાં હોય એ જોઈ શકે પણ આંધળા જોઈ શકે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ?

'जे दृगवंत तिन्है सब सूझी'. એમ બધું સુઝ પડી એને. ઓલી લક્ષ્મીનો દાખલો આપ્યો. 'त्यों यह आतमकी अनुभूति' આત્માનાં સ્વભાવને અનુસરીને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય, એણે દાટેલી લક્ષ્મીને નજરે જોઈ. કર્મને રાગમાં ઢંકાઈ ગયેલી

ભગવાન આત્માની લક્ષ્મી, એ રાગ અને કર્મથી ભિન્ન પડીને અનુભવ થતાં આ આત્મા સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સ્વરૂપ છે, એમ એની દૃષ્ટિમાં આવ્યું. કહો સમજાણું કાંઈ? ગુરુએ બતાવ્યું કહે છે જુઓ આવો આત્મા હોય. (શ્રોતા : ....) નથી આવ્યું. દગવંત ભાવે, એમ કીધું આમાં. જુઓને, શું કીધું? 'जे दृगवंत तिन्है सब सूझी' એમ આ પણ અનુભૂતિ અનાદિની અરુચીથી પરમાં ઉલ્લસીત થઈ, પુણ્ય, પાપ, વિકલ્પ, નિમિત્તમાં ઉલ્લસીત થઈ છે ને!

'नै जुगतागम साधि कही गुरु'. પણ નિશ્ચયનયનું સ્વરૂપ બતાવીને વાસ્તવિક ભગવાન તો નિર્વિકલ્પ આનંદનો ધામ છે. એમ નિશ્ચયનયની યુક્તિથી કહીને 'સાધિ' ગુરુ કહી, 'આ વસ્તુ તારી આમ છે. અનંત કેવળજ્ઞાન ને અનંત આનંદનો ધામ તારો સ્વભાવ છે. રાગ તો નહીં પણ અલ્પજ્ઞપણું પણ તારું સ્વરૂપ નહીં. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી આહાહા! સવારનાં ઓલું જ્ઞાનનું આવ્યું'તું ને. કષાયની ક્રિયાનું આવે ત્યાં જ્ઞાનનો બેઉનો ભૂવાણીયો વાળ્યો ત્યાં. આહાહા....! ભગવાન વસ્તુ તો એમ છે. આહાહા....! અનુભૂતિ તે જ્ઞાન, એમ કહે છે સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ આખું ચૈતન્યદળ, એને અનુસરીને અનુભવમાં આત્મા આ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે, એમ સુઝ પડી. અને બીજાને બતાડ્યું, જો આ પ્રમાણે સુઝ કર. પણ ઓલો સુઝ કરે તો સુઝે નહિતર સૂઝે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? કૈલાસચંદજીએ લખ્યું છે ને જરીક વિરૂદ્ધનું, નથી આવ્યું? હવે એ લોકો સામેવાળા એ છપાવે છે. જુઓ, કૈલાશચંદજી પણ આમાં એમને માટે કહે છે. હવે કૈલાસચંદજી શું બધા લાખ કહે, સાંભળને! એમ કહીને બધા પત્રિકા છાપામાં આવ્યું'તું. ઓલાએ નાંખ્યું'તું જૈનસંદેશમાં, એમાંથી કાઢીને બીજે છપાવ્યું છે. જુઓ, આ સોનગઢવાળા માટે એમનાં પંડિત દિગંબરના પણ કહે છે. દિગંબરના પંડિત હતાં કે દી'? એય! આહાહા! વીતરાગી ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વઆશ્રય કરીને અનુભવ કરે એણે એને સમકિતી ને એ દિગંબરનો પંડિત કહેવાય. સ્વામી કાર્તિકમાં આવે છે તે એને પંડિત કહીએ આહાહા! ભારે કામ ભાઈ આ! સમજાણું કાંઈ?

રાગના અંશને રજકણથી ભિન્ન ભગવાન રાજધાની એની....ઈશ્વરની સત્તાપૂર્તિ પોતે છે. આહાહા! રાજધાનીમાં આવ્યું'તું ને. 'રજધાની' રાજધાની ભગવાનનો રાજ શુદ્ધ તેવું રાજધાની. પૂર્ણજ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, સ્વચ્છતા એવી અનંત શક્તિઓનો સંગ્રહ, એનો સંગ્રહ કર્યો. માળા આ બહારનો સંગ્રહ કરે છે. બહારનો સંગ્રહ પૈસા, બંગડીયું, નાનો છોકરો. દુઃખી. હવે દુકાન પર બેસે ત્યારે ત્યાં પહોળો થાય, પહોળો ત્યાં નિરાંતે આમ બેઠો હોય આમ બાપુજી, બાપુજી કરે 'ભાઈ આમાં આમ કરશું'. ના પાડે

કે બાપુજી અહીં બહુ જરૂર નથી તમારી. પણ આવીને બેસીશ. આખો દી' ગોઠે નહીં. બે કલાક તો આવું બેસવા (શ્રોતા : પણ ઘરમાં બેસે તો કેદખાના જેવું લાગે, કરવું શું?)

આ અહીં અંદર ઘરમાં જાય તો કાંઈ લાગે નહીં કેદખાનું. એ ઘર કે દી' હતું એનું? આહાહા! નવરો થઈને અંદરમાં નિવૃત્તિ ઘરને જોવેને! અનુભૂતિથી તે જણાય એવો છે, એમ કહે છે. આહા....! કોઈ વ્યવહારની ક્રિયા ને દયા, દાન, વ્રત ને ભક્તિથી કહે, પણ જણાય એવો નથી. આવો મોંઘો માર્ગ, કાંઈ સોંઘો નહીં હોય? પણ માર્ગ જ આ વળી, મોંઘો–સોંઘો ક્યો કહેવો? માર્ગની રીત ને પડખું જ આ છે. આહાહા....! પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ અનંત તીર્થંકરો એક જ અવાજે આ કહી ગયા છે. સમજાણું કાંઈ? તારો ભગવાન અંદર પડ્યો છે ને પ્રભુ! એની સામું જો ને એનો અનુભવ કર તો તને આત્માની લક્ષ્મી પ્રતીતિમાં આવે. કહ્યું ને ઓલું ખોદીને કાઢીને બહાર મુકી. પણ આંખ્યું વિનાના (શ્રોતા : શું કરે?) આહાહા....!

'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રતન તણાતાં જાય,
ભાગ્યવાન કર વાવરે, એની મોતીએ મૂઠ્યું ભરાય.'

એમ અહીં કહે છે, અનાદિનો આત્મા જેમ ખાડ્યમાં કરોડો–અબજો રૂપિયા હતાં, દબાઈને પડેલા. ખબર પડી કે અરે! આમાં તો પૈસા છે આ તો આ. આહાહા....! અને એ કાઢતાં જેમ કાઢીને બહાર મૂકે રતન અને દેખતાં આંખ્યુંવાળા જુએ, એમ આત્માની લક્ષ્મી ભાઈ! એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીતરાગતા સ્વચ્છતાનો નાથ તું છો. તું અપૂર્ણ ન માન. તું અપૂર્ણ નથી, તું રાગવાળો નથી, શરીરવાળો નથી. આહાહા....! આ લક્ષ્મીની કેટલી કિંમત હશે આમાં હવે. મીંડુ. મલુકચંદભાઈ! એનો આવવાનો છે એનો હમણાં ન્યાલભાઈ એના બાપને થયા પછી આવ્યો નથી ને. મરી જાત તો ભલે મરી જાત. (શ્રોતા : દીકરીની સગાઈ કરી) લ્યો, એના સાટુ આવે છે, કહે છે હોં. તમારા સાટું નહીં, એમ કહે છે. અરે! બધા સ્વાર્થનાં પુતળાં છે. એ! પોપટભાઈ આહાહા!

ભગવાન તારું સ્વરૂપ તો અંદર અનંત અનંત આનંદનો નાથ, અનંત આનંદથી ભરેલો પદાર્થ, લક્ષ્મી છે. ગુરુએ એને નિશ્ચયનાં સ્વરૂપ બતાવીને રાગથી ને અલ્પજ્ઞથી ભિન્ન બતાવ્યો, પણ જેની આંખો ઉઘડી એણે જોયું. આહાહા....! સમજાણું કાંઈ? 'नै जुगतागम' એમ કહે છે. જોયું, 'श्रीगुरुने नय, युक्ति और आगमसे सिद्ध कर समझाया है'. ભાઈ! આત્મા વસ્તુ છે, પદાર્થ છે. એમાં જ્ઞાન ને આનંદ છે અને આનંદ ને જ્ઞાન એકરૂપ છે. એકરૂપ એટલે પૂર્ણ છે. વસ્તુ પૂર્ણ છે એનો સ્વભાવ પણ પૂર્ણ છે. એ ચીજ

ઉપર દૃષ્ટી આપતાં તને આત્માની લક્ષ્મી પ્રાપ્ત થશે. આહાહા! પણ માણસ એમ કહે છે કે પહેલું શું કરવું? એય! કહે છે નય ને યુક્તિ ને આગમથી એને સાધ્ય બતાવી. બતાવ્યું જુઓ, આગમથી આ પ્રમાણે છે. પરમાત્મા કહે છે, યુક્તિથી સિદ્ધ થાય છે, નિશ્ચયનયથી એવો છે. સમજાણું કાંઈ? આહાહા....!

ભાઈએ લખ્યું છે ને રમેશ નહીં? માળે, ભારે! ઓલો દાખલો. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, એ દોડે ઝાંઝવાના પાણીને કાજ, અરે! એ એને સાચા વારિ દોહ્યલા રે લોલ—માળો છે તો ભારે હોંશિયાર. એ ત્યાં છે ઘાટકોપર. આપણે વિંછીયાનો. આ પ્રેમચંદભાઈનો પૌત્ર છે. પ્રેમચંદભાઈ ગણે નહીં એને બહુ. એનો દાદો કહેવાય ને. પણ છોકરો માળો એ બોલે જાણે....સભા તો આમ એક શાંત થઈ જાય. 'એને સાચા વારિ મળવા દોહ્યલા રે લોલ' એ ઝાંઝવાનાં પાણીમાં મૃગલા દોડે, એને પાણી ત્યાં નહીં મળે. એમ પુણ્ય—પાપનાં વિકલ્પમાં પરમાં આત્મા ગોતવા જાય ત્યાં નહીં મળે પ્રભુ!

રતિભાઈ ઓળખો તમે? વિંછીયાનો. રતિભાઈ નહોતા આવ્યા, ઘરેથી બૈરા આવ્યા, ખબર છે. દેરાસરની સામે છે ને. ઈ ને આ બહેનો આવ્યા'તા બેય, મુલુકચંદભાઈની. એ ત્રણેને જોયા, કીધું આ ત્રણ કોણ? સામે છે ને સામે રતિભાઈને ઘરેથી આવ્યા....રમાબેનને લઈ ગયા હતા ત્યાં. દેરાસર સામે છે ને. પણ એ બિચારાને ખબર નહીં અડવા દેતાં નહીં. એ ચંદુભાઈની વહુ છે તે આડે અવળે ગયા હશે. એલા, આ તો જાણે ભ્રષ્ટ થઈ ગયાં હોય એમ. આહાહા! દેરાસર ને આવું કરે....પ્રભુ! તને ખબર નથી હોં તને વસ્તુની ખબર વિના લૂંટાઈ ગયાં. કુગુરુએ ઉંધું બતાવ્યું ને માન્યું એમાં આત્માની લક્ષ્મી ખોઈ ગયો. એમાં ને એમાં અટકી ગયો, રોકાઈ ગયો. આહા....!

આહીં તો આચાર્ય કહે છે 'आत्मज्ञानकी संपदाको श्रीगुरुने नय, युक्ति और आगमसे सिद्ध कर समझाया, उसे विद्वान लोग लक्षणसे पहिचानकर ग्रहण करते हैं' 'લચ્છન—વેદિ' એમ છે ને. 'लच्छन-वेदि विचच्छन बुझी'. આહાહા! વિચિક્ષણ તો એને કહીએ કે જેને ચૈતન્યના અનુભવ ને દૃષ્ટિ પડે તેને. એ બધા દુનિયાનાં ડાહ્યા કહેવાય. બાકી આ દુનિયાનાં ડાહ્યાં રખડવાના, એ તો સંસારમાં સમજો ઉંડા ઉતરવાનાં છે એ! પોપટભાઈ! લાદીમાં એવી છાંટ નાખી હોય આવી છાંટ નાખવી આમ....છાંટ કહેવાય ને તમારે શું કહેવાય?....લાદી કરતા હોય, કાંઈક નાંખે છે અંદર. ઉતર્યા હતા ને ત્યાં ઉતર્યા હતા ને એના સંચા....ફેક્ટરી તો પ્રભુ તારી પાસે છે હોં. આનંદનો ખજાનો તારો છે. એ પુણ્ય ને પાપનાં ક્રિયાકાંડના રાગમાં નહીં મળે પ્રભુ! એ તો ઝાંઝવાનાં પાણી છે હોં. એ ઝાંઝવાનાં પાણી સાચાં નહીં મળે તને આહાહા....!

અનંતકાળ એમ ને એમ છેતરાણોં છે. સાચી વાત આવે ત્યારે, લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે હું મોઢું ધોઈ આવું. હવે આ કરવા દેને હવે, મોઢું ધોયા વિના. પછી નહીં આવે ફરીને. સમજાણું કાંઈ? એમ આવી તત્ત્વની વાતું બાપા અનંતે કાળે મળવી મુશ્કેલ છે, એમ કહે છે. કહે છે, નૈ જુગત, યુક્તિ ને આગમ ત્રણ કીધા ને. ગુરુએ નયથી સમજાવ્યું, ભાઈ! પર્યાયમાં અલ્પજ્ઞતા રાગાદિ તો વ્યવહાર છે, એ વ્યવહાર જૂઠો છે. સાચું તો તારું તત્ત્વ પરમેશ્વર પ્રભુ પૂર્ણ સ્વરૂપ આનંદને જ્ઞાનથી ભરેલો, એમ નયથી સિદ્ધ કરી દીધું. યુક્તિથી સિદ્ધ કરી દીધું. વસ્તુ હોય તે પુરણ જ હોય. સમજાણું કાંઈ? આગમથી સિદ્ધ કર્યું. આગમ પણ નિશ્ચયથી વસ્તુ ને આવી બતાવે છે. સમજાણું કાંઈ?

'लच्छन-वेदि' જે કોઈ લક્ષણનો જાણનાર ચૈતન્ય તો જ્ઞાન લક્ષણે પ્રાપ્ત થાય છે. એનું લક્ષણ તો જ્ઞાન છે. એનું લક્ષણ કાંઈ દયા, દાન, વ્રતનો વિકલ્પ એ કાંઈ એનું લક્ષણ નથી. લક્ષણ તો એને કહીયે કે જે લક્ષ્યને પહોંચે. સમજાય છે કાંઈ? એમ એને 'लच्छन-वेदि'—લક્ષણનાં જાણનાર, 'विच्छन बुझी'—જાણી, સમજ્યા વિચિક્ષણ લ્યો,

વિશેષઃ इस छंदमें 'दृगवंत' पद दिया है—દેખો, એણે ખુલાસો કર્યો છે. ઓલો છે ને 'जे दृगवंत तिन्है सब सुझी' છે ને? 'सो जिस प्रकार बाहर निकाला हुआ धन भी नेत्रवालोंको ही दिखता है, अंधोंको नहीं दिखता' છતી ઋદ્ધિ પણ આંધળાને નજરે પડે નહીં.'उसी प्रकार श्रीगुरु द्वारा बताया हुआ तत्त्वज्ञान अंतर्दृष्टि भव्योंको ही प्राप्त होता है' જોયું! કેટલું સરસ લખ્યું છે. એવો ભગવાન આત્મા અંતરદષ્ટિ, બહિરદષ્ટિ છોડી ને અંતરજ્ઞાનનાં ધામ આનંદનો સ્વરૂપ, એમાં એને ઝુકાવ થતાં અંતર લક્ષ્મીનું ભાન એને થાય, એને સમકિત ને સમકિત જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે આ સમ્યક્‌ની ખબર ન મળે ને વ્રત ને તપ ને બાળવ્રત ને બાળતપ. આહાહા! આકરું લાગે માણસને. એથી અહીંની વાતને (ઉડાડે). અહીંની વાત નથી પ્રભુ! આ તો વીતરાગની વાત છે. આહાહા! તને ખબર નથી ભાઈ! તને ઉંધે રસ્તે લઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : અપવાસ કરી શકતા નથી) હા, કરી શકતા નથી અપવાસ માટે ના પાડે છે. હે! પ્રભુ! આહાહા! આ એવી લાંઘણું તો અનંતવાર કરી. આત્મા શુદ્ધ સ્વભાવનો દરિયો, ભંડાર એનાં સમીપમાં જઈને રહેવું એનું નામ ઉપવાસ છે. બાકી બીજાનું નામ તો અપવાસ છે. રાગમાં રહેવું એ તો અપવાસ—માઠોવાસ છે. શું થાય? દુનિયાને ઉંધે રસ્તે દોર્યા છે ને.

મૃગલાનો એક દાખલો આવે છે. મૃગલાં દોડતા'તાં, શિકારી એને હાંકતો'તો ઉગમણે. એનાં ઓલા હતાં ત્યાં, શું કહેવાય? પકડવાનાં 'જાળ'. મૃગલાને હાંકતો'તો

પાછો. એમાં દયાળું કો'ક આવ્યો, એણે મૃગલાને પાછા વળવા હાટું આમ કર્યું, એનાથી શંકા ઉઠી એને. એને શંકા ઉઠી, આ માળા....એવો શ્લોક આવે છે સંપ્રદાયમાં....વેગે ચડેલાં મૃગલાઓ કરી તાણે....ઓલો પોકાર કરે છે કે એની કોર નહીં હોં. કાં આમ આવ કે કાં આમ જા, કાં આમ જા એમાં શંકા કરે છે. નહીં એ શું? દોડીને ત્યાં જાય છે. આહાહા....! ....શંકાના સ્થાનમાં શંકા કરતો નથી. અશંકાના સ્થાનમાં શંકા કરે છે. આહાહા....! કાંતિભાઈ.

કહે છે, એ તત્ત્વજ્ઞાન ધર્માત્મા ગુરુએ બતાવ્યું એને ભાઈ! તારી ચીજમાં પરની અપેક્ષાની જરૂર નથી. ગુરુ કહે છે, અમારી પણ તને જરૂર નથી હોં! ઈ તો એણે જણાવ્યું, એમ કીધું એટલું. પણ જણાયું શું? કે મારી તરફનું (લક્ષ) પણ તને જરૂર નથી, એમ જણાવ્યું એને. ઈ નય પ્રમાણથી એમ જણાવ્યું નયમાં કે નિશ્ચયનોં સ્વાશ્રય કર તો તને જણાશે. અમારી સામે જોશે તો જણાશે નહીં, એમ નિશ્ચયનયથી શ્રીગુરુએ એને કહ્યું. પ્રકાશદાસજી! 'अंतर्दृष्टि भव्योंको ही प्राप्त होता है, दीर्घ संसारी और अभव्योंकी बुद्धिमें नहीं आता।' અનંત સંસાર જેને રખડવાની દષ્ટી છે, એને નહીં. રખડવાવાળો સ્વભાવ કેમ દષ્ટિમાં આવે? આહાહા....! કેમ બેસે....? સમજાણું કાંઈ?

અને અભવ્ય, બે લીધા. ભવ્યમાં પણ દીર્ઘ સંસારી જીવ, મિથ્યાત્વને લઈને દીર્ઘ સંસારી છે. અભવ્ય તો લાયક જ કોઈ દી' નથી. એણે ભગવાન આત્મા...જિન ને જિનવર સ્વરૂપે એક જ છે, આમ અંતર એની ચીજ તરફની સંભાળ કરી નહીં અને કરનાર નહીં, તે દીર્ઘ સંસારી ને અભવી જીવ છે. આહાહા....! 'બુદ્ધિમેં નહીં આતા.'–એને ખ્યાલમાં આવતો નથી. એ ૨૮મું આવ્યું ને ઈ. ૨૮માં કળશનું ૩૧મું પદ. ૨૮નાં કળશનું. એમાં બરાબર શબ્દ નથી આવ્યા. કહે છે, 'न बोधो बोधोमेवाध कस्य'. કોને એ સમ્યક્ જ્ઞાન ન થાય, એમ. આહાહા....! એક આવ્યું....આવું જેને ભિન્ન પાડીને હથેળીમાં જેમ બતાવે, એમ બતાવ્યો આત્મા, એ કોને ન ખ્યાલમાં આવે તે, એમ કહે. છે ને, બોધજ્ઞાનથી વાત લીધી છે. જ્ઞાન ને આત્મા અભેદ છે એમ કરીને આવું જ્ઞાન કેમ ન થાય? કેમ ન થાય? કોને ન થાય? અજ્ઞાની હોય દીર્ઘ સંસારી, વાત જુદી છે બાકી તો થયા વિનાં રહે નહીં, એમ કહે છે. આહા....! સમજાણું કાંઈ? ૨૯ કળશ–કળશ ૨૯ હોં.

अवतरति न यावद्व त्तिमत्यन्तवेगा—
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्दभूव ।।२९।।

આરે ! માખણ પીરસ્યું છે. 'भेदविज्ञानकी प्राप्तिमें धोबीके वस्त्रका दृष्टांत'

ભેદવિજ્ઞાનની પ્રાપ્તિમાં ધોબીના વસ્ત્રનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसें कोऊ जन गयौ धोबीके सदन तिन,
पहिर्‌यौ परायौ वस्त्र मेरौ मानि रह्यौ है।
धनी देखि कह्यौ भैया यह तौ हमारौ वस्त्र,
चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है।।
तैसें ही अनादि पुद्‌गलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभाव तामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब
न्यारौ परभावसौं स्वभावनिज गह्यौ है।।३२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : સદન=ઘર. વિભાવ=પરવસ્તુના સંયોગથી જે વિકાર થાય તે.

**અર્થ :**–જેમ કોઈ મનુષ્ય ધોબીના ઘેર જાય અને બીજાનું કપડું પહેરીને પોતાનું માનવા લાગે, પરંતુ તે વસ્ત્રનો માલિક જોઈને કહે કે આ તો મારું કપડું છે, તો તે મનુષ્ય પોતાના વસ્ત્રનું ચિહ્ન જોઈને ત્યાગબુદ્ધિ કરે છે, તેવી જ રીતે આ કર્મસંયોગી જીવ પરિગ્રહના મમત્વથી વિભાવમાં રહે છે અર્થાત્ શરીર આદિને પોતાનું માને છે પરંતુ ભેદવિજ્ઞાન થતાં જ્યારે સ્વ–પરનો વિવેક થઈ જાય છે તો રાગાદિ ભાવોથી ભિન્ન પોતાના નિજ–સ્વભાવનું ગ્રહણ કરે છે. ૩૨.

**अर्थ :**–जैसे कोई मनुष्य धोबीके घर जावे और दूसरेका कपड़ा पहिनकर अपना मानने लगे, परंतु उस वस्त्रका मालिक देखकर कहे कि यह तो मेरा कपड़ा है, तो वह मनुष्य अपने वस्त्रका देखकर त्यागबुद्धि करता है; उसी प्रकार यह कर्मसंयोगी जीव परिग्रहके ममत्वसे विभावमें रहता है, अर्थात् शरीर आदिको अपना मानता है परंतु भेदविज्ञान होनेपर जब निज-परका विवेक हो जाता है तो रागादिक भावोंसे भिन्न अपने निज स्वभावको ग्रहण करता है।।३२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

દેખો, કર્મને લઈને નહીં. સંગનાં મમત્વને લઈને, કર્મની મમતાને લઈને એ વિભાવમાં આવ્યો છે. આહાહા!

એકલું જીવદ્રવ્યનું વ્યાખ્યાન. આ જીવનો અધિકાર છે. જીવ કોને કહેવો? ભગવાને જીવ કોને કહ્યો અને એ જીવની શ્રદ્ધા કોને કહેવી? સમજાણું કાંઈ? જીવ એને

કહેવો કે જે શરીર, કર્મથી રહિત અને રાગનાં વિકલ્પથી રહિત (છે) સમજાણું કાંઈ? પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એને જીવ કહેવામાં આવે છે. આહાહા....! આ ૫૬૩ ભેદ જીવના આવે છે ને, એ જીવ નહીં, એ તો વ્યવહારની વ્યાખ્યા છે બધી. સાચાં પરમાર્થ જીવ તો ભગવાન એક સમયમાં પરિપૂર્ણ શક્તિનો સાગર ભગવાન. જ્ઞાને પૂરો, દર્શને પૂરો, આનંદે પૂરો, વીર્યે પૂરો, સ્વચ્છતાથી પૂરો. અનંત અનંત શક્તિનું એક સત્ત્વ, એકરૂપ સત્ત્વ એવો આત્મા, એને જીવ કહીયે. એ જીવની દૃષ્ટિ—અનુભવ થાય ત્યારે આવો જીવ જણાય, ત્યારે એને જીવ માન્યો કહેવાય. આહાહા....! સમજાણું કાંઈ?

'जैसे कोऊ बन गयौ धोबी कै सदन तिन' ધોબીને ઘેર ગયો. લૂંગડાં આવ્યાં હશે ધોવાં. સદન એટલે ઘેર 'पहिरयौ परायौ वस्त्र', પોતાનો વસ્ત્ર ભૂલી ગયો ને કોકનું લઈ લીધું. ઓછાડ, બોછાડ કે કોટ. 'पहिरयौ परायो वस्त्र मेरो मानि रह्यो है' એ વસ્ત્ર છે કો'કનું, પણ કો'કને બદલે કો'કનું લીધું. પોતાનું હાથમાં ન આવ્યું, એ લઈ લીધું. આ મારું વસ્ત્ર છે. પોતાનું હાથ ન આવ્યું. આ જ મારું છે, એમ કહે છે. 'जैसे कोऊ जन गयौ धोबी कै सदन तिन पहिच्यौ परायौ वस्त्र मेरो मानी रह्यौ है। धनी देखि कहयौ भैया यह तौ हमारौ वस्त्र' એ વસ્ત્રનો ધણી આવ્યો. ઓઢીને સુતો'તો ચાદર ખેંચી. ભાઈ! મારું નામ છે જો, એમાં છેડે. આહાહા! પછેડી મારી છે.

કોટ ને કરે છે ને પાછળ નિશાની આમ. એસ.વી., ફલાણું, ઢીકણું. એસ.વી. બીજા પણ એવા એસ.વી. બીજા ઘણા હોય ને. આહાહા....! ઓલો કહે 'જો ભૈયા તે જોયા વિના (લઈ લીધું)'. ધણી આવ્યો, એ ધોબી ને ત્યાં ગયો. ધોબીને કહે 'મારું વસ્ત્ર?' હમણાં એક જણો લઈ ગયો, એ તમારું લાગે છે. ચાલ ત્યારે, જઈને એના ઘરે, જુઓ આ વસ્ત્ર પર નામ મારું છે. મારું આ નિશાન 'भैया यह तो हमारो वस्त्र, चीन्हैं पहिचान'. એનાં લક્ષણથી જો. જો તારે બરાબર બહારમાં બેસતું નથી, ઓઢવામાં ઘણી નાની છે આ....આવી છે. ફલાણું છે, ઢીકણું છે. એવા લક્ષણો.... 'भैया यह तो हमारो वस्त्र, चीन्हैं पहिचान'. એનાં લક્ષણથી જો. જાણ્યું કે ઓહોહો! આ વસ્ત્ર મારું નહીં. દૃષ્ટિમાં ત્યાગ થઈ ગયો. ઓઢેલું પડ્યું છતાં હવે ત્યાગ થઈ ગયો, એમ આત્મામાં શું છે એ વાત કહે છે.

પ્રમાણ વચન ગુરુદેવ....

## પ્રવચન નં. ૨૮, ફાગણ સુદ ૨, શનિવાર, તા. ૨૮-૨-૧૯૭૧
## જીવદ્વાર પદ નં. ૩૨, ૩૩, ૩૪ પર પ્રવચન

નાટક બનારસીદાસ ઉસકા અધિકાર જીવદ્વાર. આવ્યા છે મેરઠવાળા આવ્યા છે. તેઓ હિન્દી કહેતા'તાને મેરઠ, મેરઠ. નથી આવ્યા? ઈ આવશે. એ કહે, અમારે હિન્દી કરો. ભાઈ બપોરે જોશું....આ સમયસાર નાટકનો જીવ દ્વાર અધિકાર. કેવો જીવ છે? કે એને માને, અનુભવે સમકિત થાય. ધર્મની પહેલી દશા, એની વ્યાખ્યા છે. અર્થ છે ને ૩૨ કળશનો.

जैसें कोऊ जन गयौ धोबीके सदन तिन,
पहिर्‌यौ परायौ वस्त्र मेरौ मानि रह्यौ है।
धनी देखि कह्यौ भैया यह तौ हमारौ वस्त्र,
चीन्हें पहिचानत ही त्यागभाव लह्यौ है।।
तैसें ही अनादि पुद्‌गलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभाव तामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब
न्यारौ परभावसौं स्वभावनिज गह्यौ है।।३२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : સદન=ઘર. વિભાવ=પરવસ્તુના સંયોગથી જે વિકાર થાય તે.

**અર્થ :**–જેમ કોઈ મનુષ્ય ધોબીના ઘેર જાય અને બીજાનું કપડું પહેરીને પોતાનું માનવા લાગે, પરંતુ તે વસ્ત્રનો માલિક જોઈને કહે કે આ તો મારું કપડું છે, તો તે મનુષ્ય પોતાના વસ્ત્રનું ચિહ્ન જોઈને ત્યાગબુદ્ધિ કરે છે, તેવી જ રીતે આ કર્મસંયોગી જીવ પરિગ્રહના મમત્વથી વિભાવમાં રહે છે અર્થાત્ શરીર આદિને પોતાનું માને છે પરંતુ ભેદવિજ્ઞાન થતાં જ્યારે સ્વ–પરનો વિવેક થઈ જાય છે તો રાગાદિ ભાવોથી ભિન્ન પોતાના નિજ–સ્વભાવનું ગ્રહણ કરે છે. ૩૨.

**अर्थ :**–जैसे कोई मनुष्य धोबीके घर जावे और दूसरेका कपड़ा पहिनकर अपना मानने लगे, परंतु उस वस्त्रका मालिक देखकर कहे कि यह तो मेरा कपड़ा है, तो वह मनुष्य अपने

वस्त्रका देखकर त्यागबुद्धि करता है; उसी प्रकार यह कर्मसंयोगी जीव परिग्रहके ममत्वसे विभावमें रहता है, अर्थात् शरीर आदिको अपना मानता है परंतु भेदविज्ञान होनेपर जब निज-परका विवेक हो जाता है तो रागादिक भावोंसे भिन्न अपने निज स्वभावको ग्रहण करता है॥३२॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जैसे कोई मनुष्य धोबीके घर जावे'—ધોબીને ઘરે ગયો. 'दूसरेका कपडा पहनकर अपना मानने लगे'. કપડું બીજાનું હતું, પણ એણે પોતાનું કોટ જાણીને લઈ લીધો. 'परंतु उस वस्त्रका मालिक देखकर कहे कि यह तो मेरा कपडा है'. વસ્ત્રનો જે માલિક હતો, તે ન્યાં ધોબીને ન્યાં ગયો. 'ભાઈ, મારું કપડું આહીં ક્યાં છે? આમાં નથી ભાઈ.' એ કો'ક લઈ ગયું હમણાં, ત્યાં હોય તો. ત્યાં જુએ કાંઈ કપડું એનું હતું. ઓલો (સૂઈને) ઓઢીને સૂતો હતો. પહેરીને કે ગમે તેમ 'तो वह मनुष्य वस्त्रका चिह्न देखकर त्यागबुद्धि करता है'. અરે! આ વસ્ત્ર મારું નહીં. એમાં ચિહ્ન હોય છે ને સહુના. શું કાંઈક આમ બધું પાછળ લગાવે છે ને કોટને, પછેડીને. (શ્રોતા : પટ્ટી મારી હોય). પટ્ટી મારી હોય. કેટલાંક પટ્ટી મારે છે. આહાહા! (શ્રોતા : ધોબીનો માર્કો) માર્કો (ધોબીનો). એ વળી ધોબી. આ તો મનુષ્ય કરે પોતાનું. એને એમ કે જોયું બીજાએ કે આ કપડું તો ભાઈ મારું છે. (ઓઢીને) અડીને જો આ લક્ષણ મારાં છે બધાં નામ લખેલાં કરેલા. ઓલો ઓઢ્યું છતાં છોડી દીધું, દૃષ્ટિમાંથી છુટી ગયું. આ મારું (શ્રોતા : નથી). દૃષ્ટાંત છે.

'उसी प्रकार कर्मसंयोगी जीव' શું કહે છે? આ ભગવાન આત્મા તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે. પણ કર્મનાં સંયોગે એમાં જે પુણ્ય પાપનાં વિકલ્પ ને રાગ થાય છે, એ આત્માની ચીજ નથી. આ બાયડીયું—છોકરાં, કુટુંબ, પૈસા, મકાન તો જડના થઈ ગયા, આત્માનાં નથી. બરાબર હશે? દૂર રહે. (શ્રોતા : નજીક આવી ગયા) આહાહા. આહીં તો ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે, 'ભાઈ! તને લક્ષણ તારાં લક્ષણની તને ખબર નથી. તું તો જ્ઞાન ને આનંદ લક્ષણે લક્ષિત તત્ત્વ છો. અહીંયા શરીર વાણી-મન, આ બીજાં તત્ત્વો જડ, એ સ્ત્રી—કુટુંબ—પરિવાર એ તો પર તત્ત્વો છે. એ તો કર્મનાં સંયોગે, અંતર ને બાહ્ય આવતી ઉપાધિ છે. એ શું કહ્યું? કર્મનાં સંયોગી જીવ એમ. 'परिग्रहके ममत्वसे विभावमें रहता है'.

એક તો અઘાતિ કર્મ છે એનાં કારણે આ પૈસા, શરીર, આ બધું બાયડી, છોકરાં નિમિત્ત કર્મના સંયોગથી દેખાય છે. અંદરમાં ઘાતિ કર્મનાં સંયોગથી પુણ્ય ને પાપ ને હીણી જ્ઞાનની દશા આદિ દેખાય છે, એ વાસ્તવિક આત્માની નહીં. એ વિભાવમેં રહે છે. અનાદિકાળથી વિકલ્પો, શુભને અશુભ રાગ, પુણ્ય ને પાપનાં વર્તમાન થતા ભાવ, એ હું

છું, એમ માન્યું છે એણે. જેમ કો'કનું કપડું કો'કે ઓઢીને પોતાનું માન્યું. બરાબર હશે આ? આ બધા છોકરાઓ બધા કોના? છોકરા, છોકરાનાં? આ રે આ! (શ્રોતા : છોકરા હતા કે'દી જીવના) આહાહા! ભાઈ, તને ખબર નથી. તારામાં શું છે અને તારામાં શું નથી? તારામાં આનંદ ને જ્ઞાન સ્વરૂપ, એ તું ને આત્મા કહેવાય છે. અંતરનાં કર્મનાં સંબંધે વિભાવ પરિણામ પુણ્ય ને પાપનાં થાય. એ તારી ચીજ નહીં. એ તો ક્રમે ક્રમે બદલતી સંયોગીરૂપ ઉપાધિ છે. આહાહા!

અને બહારની આ સંયોગી ઉપાધિ શરીર ને વાણી ને આ બધું. એ તો શરીર શરીરરૂપ થઈને રહ્યું છે, કંઈ તારા રૂપે થઈને રહ્યું નથી. આ તો જડ થઈને રહ્યું છે કે તારા રૂપે થઈને રહ્યું છે? લક્ષ્મી આદિ છે, એ તો જડરૂપ થઈને રહી છે. એ કંઈ તારા રૂપે થઈને રહી નથી અને તું એના રૂપે થઈને રહ્યો (શ્રોતા : નથી) બરાબર છે? ....આ વસ્તુ એવી આકરી છે એય! (શ્રોતા : સમજે છે તોય....) વાત ખરી. વ્યવસ્થિત કહે છે. આ સમજ્યા વિના નિવેડો આવે એવું નથી. આહાહા! જનમ–મરણનાં ચોર્યાશીનાં અવતાર એણે સહ્યાં ને કર્યાં, ભગવાને જાણ્યા. એવા અવતાર અનંતવાર એણે કર્યાં, એને લઈને એ દુઃખી છે. સમજાય છે કાંઈ?

કહે છે, 'शरीर आदिको अपना मानता है'—એ શરીરને પોતાનું માને છે. પુણ્ય–પાપનાં ભાવ થાય એને પોતાનાં માને છે, એ એનાં નથી. 'परंतु भेदविज्ञान होने पर...' આહાહા! **'અરે! હું તો આત્મા છું. મારું સ્વરૂપ તો શુદ્ધ આનંદ ને ઘન–જ્ઞાનઘન છે. ચિદ્‌ઘન એ મારું સ્વરૂપ છે આનંદઘન, એ 'હું' છું કે જે સ્વરૂપ મારાથી જુદું હોઈ શકે નહીં. આ પુણ્ય ને પાપનાં વિકલ્પો, શરીર, વાણી, મન અને પૈસા આદિ, લક્ષ્મી આદિ એ તો સંયોગી–જગતની ચીજ છે. એને મારી માની હતી, એ જ મિથ્યાત્વ અને અનંત સંસારનું કારણ હતું'.** ભારે કામ! પણ જ્યારે ભેદવિજ્ઞાન થાય છે, એટલે કે તીર્થંકર દેવ પરમેશ્વરનાં વાણીનાં સાંભળવાથી. ભગવાને એમ કહ્યું, 'ભાઈ! તારું સ્વરૂપ તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાનનો ઘન છે. અંતર્મુખ જો, તો તારું સ્વરૂપ તો પુણ્ય-પાપનાં વિકલ્પ ને રાગથી રહિત છે, એ તારી ચીજ છે.' કહો સમજાણું કાંઈ? તારી નથી એને તેં (તારીં) માની, તારી છે તેને તે (તારી) માની નથી. (શ્રોતા : એને ભૂલી ગયો) આહાહા! અનંતકાળથી (રખડ્યો). સમજાણું?

શરીર આદિ કો માનકર, 'परंतु भेदविज्ञान होने पर जब निज-परका विवेक हो जाता है' પોતે આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે અને પુણ્ય પાપનો રાગ ને વિકલ્પ એ વિભાવ ને પર છે. શરીર તો પર છે જ, એ તો જડ છે. એ તો ખબર નથી પડતી

માણસને? જીવ નીકળી જાય અને આ તો શરીર(ના) રજકણો પડ્યાં રહે, રાખ થઈને ઉડી જાય છે. આ તો જડ—અજીવ છે, એ ક્યાં તારું છે અને તારું થઈને આવ્યું છે ક્યાં? એ તો જડ થઈને આવ્યું છે. આહાહા! ભારે! સમજાણું કાંઈ?

પણ કાંઈ નિરોગી શરીર હોય અને પાંચ-પચાસ લાખ-બે લાખ પચ્ચીસ કરોડ બે-ચાર કરોડ હોય. પાંચ—પચાસ લાખ તો સાધારણ માટે. કરોડ—બે કરોડ હોય—પાંચ કરોડ રૂપિયા હોય ત્યારે કંઈક આહાહા! પણ એ, ભગવાન! એ તો જડનાં છે ને તારાં ક્યાંથી આવ્યા? (શ્રોતા : ઘરે આવ્યા) ઘેરે ક્યાં આવ્યા હતા? ઘરે આવે તો આત્મામાં ગરી જાય. ઘરે આવે તો આત્મામાં ગરીને આત્મામાં એ પરમાણુઓ અરૂપી થઈ જાય. એ તો રૂપી થઈને રહ્યા છે, આત્મામાં આવ્યાં નથી. (શ્રોતા : તિજોરીમાં તો આવ્યાં ને કે એમાં ય ન આવ્યા?) તિજોરી. કોનો બાપનો હતો? તિજોરી આહાહા!

ભગવાન! તારી તિજોરીમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા પડી છે, એને આત્મા કહીએ. એને નિજ સ્વરૂપ ને નિજ નિધાન કહીએ. આહાહા! સમજાણું કાંઈ! એ નિજ—પરનો જ્યારે વિવેક થાય છે ત્યારે ‘રાગાદિભાવસે ભિન્ન’. શરીર ને કર્મ તો જુદાં છે, એને કારણે રહ્યાં છે અને ઉભાં છે. પણ તારા કર્મ સંયોગ ને લક્ષથી, જે નહોતા સ્વભાવમાં એવા, શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના—એ બેય ભાવ ઉપાધિ—મેલ ને દુઃખ ને તારાં નહીં. સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપનાં નહીં. આહાહા! લોકોને બહારથી માનીને બેઠા છે અહીંયા. આ દયા પાળીએ ને વ્રત પાળીએ ને ભક્તિ કરીએ ને પૂજા કરીએ તો ધર્મ થઈ જાય. અરે, ભગવાન! બાપુ તારી ચીજ જુદી છે, ભાઈ! સમજાણું કાંઈ?

‘અરેરે! સાચા વારિ રે એને ન મળે’, લખ્યું છે ભાઈએ. ઓલા કાગળિયામાં આવ્યું છે ને (શ્રોતા : ભજનમાં, ભજનમાં) ભજનનું કાગળિયું. એમાં રમેશભાઈએ લખ્યું છે. આહાહા! મૃગલાં દોડે ને હાંફે. ઝાંઝવાના પાણીમાં પાણી છે એમ માને છે. ‘અરેરે! એને સાચા વારિ—પાણી ન મળે.’ એમ અનાદિનો અજ્ઞાની ઝાંઝવાનાં પાણી જેવાં પુણ્ય ને પાપનાં રાગ અને ફળ શરીર આદિ, એમાં પોતાપણું ગોતવા જાય છે, પણ એમાં પોતાપણું છે નહીં. આહાહા! પણ પૈસા—બૈસા હોય તો દાન થાય, મંદિર બનાવાય. કહો, એથી કાંઈ લાભ થાય કે નહીં? (શ્રોતા : એ નક્કી કરવાની જરૂર છે). એય! ચંદ્રકાંતભાઈ, લે આ તો ચક્કર કહે છે. એય! પોપટભાઈ, પાસે પૈસા હતા તે આ મકાન થાય છે, થાશે. આ છોકરા આવ્યાં છે ત્રણે ન્યાંથી. કાંઈક અમદાવાદ કામે આવ્યા હશે, દર્શન કરી આવીએ.

અરે! આહીં તો કહે છે, પ્રભુ! તારું ક્ષેત્ર તો આહીં છે ને. અસંખ્યપ્રદેશી પ્રભુ આત્મા, એ તારું ખેતર (ક્ષેત્ર) ને એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ તારો ભાવ. એને જ્યાં સુધી ઓળખી ને પ્રતીત ને અનુભવ ન કર ત્યાં સુધી ચોર્યાશીનાં અવતારનાં રખડવા, રઝળવાં તારાં નહીં મટે. આહાહા! સમજાણું કાંઈ! પ્રકાશદાસજી, શું કરવું આમાં! (શ્રોતા : બરાબર હૈ) બરાબર હૈ? આહાહા! કહે છે 'रागादि भावोंसे भिन्न अपने निज स्वभावको ग्रहण करता है'. ધર્મી એને કહીએ, સુખી એને કહીએ, લક્ષ્મીવાન એને કહીએ કે જે આત્માનાં આનંદ ને જ્ઞાનની લક્ષ્મી પોતાની માની અને વિકારને દૃષ્ટિમાંથી છોડી દે છે. એને ધર્મી કહીએ ને એને સુખી કહીએ. બાકી બધા હેરાન હેરાન આ બધા કરોડપતિઓને દુઃખી—દુઃખી છે. બિચારા. બિચારા છે હોં, ભિખારી છે. આરે આરે ભારે! (શ્રોતા : જ્ઞાનપતિ મટીને કરોડપતિ થાય તો એમ જ થાય ને) આહાહા!

ભગવાન આત્મા કરોડપતિ છે. કરોડ એટલે જડ ને જડનો પતિ જડ છે. મલૂકચંદભાઈ! આહાહા! (શ્રોતા : આજે મલૂકચંદભાઈને પસંદ કર્યા). એનાં બે છોકરા પાસે પાંચ કરોડ રૂપિયા છે એટલે જરી સંભાર્યા. આહીં આવવાના છે, ન્યાલભાઈ આવવાના છે. નહીં? કોઈ કહેતું હતું. આહીં એના બાપનાં નામે પણ આવશે ખરો આહીં. સ્વિટ્ઝર્લેન્ડ છે ને, ન્યાલભાઈ આના મોટા દીકરા. નાનો ત્યાં છે તમારે મુંબઈ. પૂનમચંદ, એની પાસે ત્રણ કરોડ છે. આની પાસે બે કરોડ. પાંચ કરોડ એનાં છોકરા પાસે હોં. આના ન મળે ઈ. (શ્રોતા : એના ય નથી એમ કહો છો પછી એમાં) આ તો ઓલા માને છે મારાં. આ તો એમ ન માને કે મારાં છે. છોકરાં મારા છે, એમ માને. (શ્રોતા : ભૂલથી માને.) એ આહીં છે નહીં.

મહેન્દ્રભાઈ! આત્મામાં છે નહીં, એમ કહે છે. આહાહા! ભગવાન તારા (શ્રોતા : પ્રેમ તો હૈ કિ નહીં) પ્રેમ એ તો રાગ હૈ, રાગ છે, એ તો દુઃખ છે, ઝળહળતી અગ્નિ છે. આહાહા! અશુભ રાગ એ તો ઝળાહળ ભઠ્ઠી. આ શુભરાગ (શ્રોતા : એ નાની ભઠ્ઠી) એ છે તો ભઠ્ઠી—કષાય અગ્નિ છે. આહાહા! સમજાણું કાંઈ? શુભ અને અશુભ રાગ અને દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો હોં પણ એ છે તો કષાય અગ્નિ હોં! એ તારું સ્વરૂપ નહીં ભગવાન, તને ખબર નથી. એ ભઠ્ઠીએ સળગી રહ્યો પણ માને છે કે મારા! માળા, આ તે કંઈ ગજબ છે ને. પાગલનું કંઈ પ્રમાણ હોય? પોપટભાઈ! આવી વાત છે ભાઈ આહીં તો.

પરમાત્મા કહે છે, ભિન્ન અપને સ્વભાવકો જબ ગ્રહણે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદસ્વરૂપ તે હું, ત્યારે એ સુખી થાય ને ત્યારે એને ધર્મી કહેવાય. પુણ્ય પાપનાં ભાવ અને એનાં ફળ તરીકે બંધન ને એનાં ફળ તરીકે સંયોગી(ચીજ), એ ચીજ મારી નહીં, મારામાં નહીં, મારી નહીં. મને ને એને કાંઈ સંબંધ નથી. મારો સ્વભાવ—ચૈતન્ય સ્વભાવ

નિરાળો, રાગથી ને શરીરથી છે, એમ જે અંતરમાં ગ્રહણ કરે અને રાગ આદિની દૃષ્ટિમાંથી છોડે કે મારી ચીજ નહીં, એને અહીંયા આત્મપ્રાપ્ત કહીએ, એને ધર્મી કહીએ, એને શુદ્ધ ચૈતન્યની લક્ષ્મીનો સ્વામી કહીએ. આહાહા! ભારે કામ ભાઈ! તીર્થંકરદેવ પરમેશ્વર, ઈન્દ્રોની સમક્ષમાં ધર્મસભામાં આમ ફરમાવતા હતા, તે આ મુનિ આહીં કહે છે. આહાહા! ૩૦મો શ્લોક, નીચે પદ છે ને.

**सर्वतः स्वरसनिर्भरभावं चेतये स्वयमहं स्वमिहैकम्।**
**नास्ति नास्ति मम् कश्चन मोहः शुद्धचिद्धनमहोनिधिरस्मि॥३०॥**

જુઓ માથે શ્લોક એનું. પ્રકાશદાસજી! વો કહત અવનિધિ, વો આયા દેખો, ૩૩.

નિજાત્માનું સત્ય સ્વરૂપ (અડિલ્લ છંદ)

**कहै विच्छन पुरुष सदा मैं एक हौं।**
**अपने रससौं भर्‌यौ आपनी टेक हौं॥**
**मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है।**
**सुद्ध चेतना सिंधु हमारौ रूप है॥३३॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ટેક=આધાર. મમ=મારું. સિંધુ=સમુદ્ર.

**અર્થ** :–જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું. પોતાના જ્ઞાન–દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું, ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી! નથી!! મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે. ૩૩.

**अर्थ** :–ज्ञानी पुरुष ऐसा विचार करता है कि मैं सदैव अकेला हूँ अपने ज्ञान-दर्शनरससे भरपूर अपने ही आश्रय हूँ। भ्रमजालका कूप मोहकर्म मेरा स्वरूप नहीं है। नहीं है!! मेरा स्वरूप तो शुद्ध चेतनासिंधु है॥३३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! 'कहै विचच्छन पुरुष'. ધર્મી જીવ એને કહીએ, સુખને પંથે પડ્યો એને કહીએ. આહાહા! દુઃખનાં પંથને જેણે વિસાર્યા છે. આહાહા! પુણ્ય પાપનાં વિકલ્પોનો પંથ એ તો દુઃખનો પંથ છે. પ્રતિકૂળ સંયોગ એ નહીં, પ્રતિકૂળ સંયોગ તો બહાર પર ચીજ છે. અંદરમાં પુણ્ય ને પાપનાં શુભ-અશુભભાવ, એ જ પ્રતિકૂળ અને એ જ દુઃખરૂપ છે. એને જેણે વિસાર્યાં છે અને જેણે આત્મા–'(ज्ञानी) पुरुष विचार करता है कि मैं सदैव अकेला हूँ'. મારા–મેરા સ્વભાવમેં શુદ્ધતા, ચૈતન્યતા, આનંદતા પડી છે. આહાહા! ભારે કામ આકરું. 'मैं सदैव अकेला हूँ'. મૈં તો ચૈતન્યપદ અકેલા કૈસા? 'अपने ज्ञानदर्शनरससे भरपूर

अपने ही आश्रय हूँ'. સહારા કહ્યું છે ને સહારા—એ આશ્રય લીધો અહીંયા. હું તો જાણનાર દેખનાર, રાગથી માંડીને આખી દુનિયાનો હું તો જાણનાર દેખનાર. એ ચીજ મારી છે એવો માનનાર 'હું' નહીં. આહાહા! ભારે કામ આકરું છે ભાઈ!

'कहे विचच्छन पुरुष सदा मैं एक हौं। अपने रससौं भरयौ'. નિજ સ્વરૂપ ભગવાન આત્મામાં તો જ્ઞાન દર્શન ને આનંદ પડ્યો છે. એ મને સહારો અને એ મારો આશ્રય છે. રાગ અને પુણ્ય એ મારો સહારો નહીં, એ મારો આશ્રય નથી. આહાહા! છ ખંડના રાજ્યમાં પડ્યો હોય ભરત ચક્રવર્તી—રૂષભદેવ ભગવાનનાં પુત્ર, જેને ૯૬ હજાર રાણી હતી, ૯૬ કરોડ પાયદળ—આ 'હું' નહીં હોં, આ નહીં. 'હું' છું ત્યાં આ નહીં ને એ છે ત્યાં 'હું' નહીં. સમજાણું કાંઈ? એને ભેદવિજ્ઞાન કહેવાય ને એનું નામ સમકિતી ને ધર્મી કહેવાય. બાકી વ્રતને તપ ને બધું તપસ્યા ને ભક્તિ પૂર્ણ આદિ કરે. પણ એ ક્રિયા રાગ છે એ પોતાની માને છે અને એનાથી મને ધર્મ થાય છે, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા! સમજાય છે કે નહીં? આ અહીં આવું છે આ. આહાહા!

આહાહા! અપને જ્ઞાન દર્શન રસ, જાણક સ્વભાવ, દેખન દૃષ્ટા સ્વભાવ, આનંદ સ્વભાવ એવા નિજરસ—નિજશક્તિ—નિજસ્વરૂપ ભરપૂર પાછા પરિપૂર્ણ છે. આહાહા! જેનો સ્વભાવ જાણવું, દેખવું ને આનંદ છે, એ સ્વભાવમાં અપૂર્ણતા ને વિપરીતતા કેમ હોય? જુઓ આ સમ્યક્દર્શનનાં વિષયનું તત્ત્વ, જીવ આવો માને છે જે. આવો જીવ માને ત્યારે તેણે જીવને માન્યો, અનુભવ્યો, પ્રાપ્ત કર્યો કહેવામાં આવે છે. આહાહા! કહો ભીખાભાઈ! બહુ આઘે જવાનું પણ આ. હીરાભાઈ ક્યાંય રહી ગયા, લક્ષ્મી ક્યાંય રહી ગઈ. આરે! આરે! (શ્રોતા : આ તો રાગે ય કાઢી નાખ્યા) આ તો રાગ છે ઈ શુભ, ભગવાન ત્રણ લોકનાં નાથ પરમેશ્વરની ભક્તિનો રાગ, એ તારો નહીં. (શ્રોતા : ભ્રમકૂપ કહ્યો એને) ભ્રમનો કૂવો છે ઈ તો રાગ. આહાહા! આકરી વાત છે ભાઈ!

જગતે બહારથી મનાવી લીધું છે ને. હવે આ બહુ પાપ કરતા હોય પછી છોડવા અહીંયા આવે અને પાંચ—પચીસ હજાર ખરચવા...દાન આપો તમારે ધર્મ થાશે, ધૂળેય નથી ધર્મ સાંભળને હવે! મારી નાંખશે તને એમાં. એય! એ ભ્રમણાનો કૂવો છે. રાગ આવ્યો શુભ ને એમાં તને કલ્પના થઈ કે આ મારું કર્તવ્ય છે અને આ મને લાભદાયક છે, મિથ્યાત્વનો કૂવો છે, એમ કહે છે. 'भ्रमकूप है' એમ છે ને. ભ્રમ—ભ્રમણાનો કૂવો છે ઈ. ભગવાન આનંદનો દરિયો છે. આહાહા! શું કહે છે સમજાય છે કાંઈ? 'भरपूर अपने ही आश्रय'—હું તો મારા સ્વરૂપના આશ્રયે છું. મારે કોઈ પુણ્ય પાપનો વિકલ્પ શરીર, વાણી, લક્ષ્મીનો આશ્રય મને નથી. એ આશ્રય મારો નથી. એ તો પર ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ?

'भ्रमजालका कूप मोहकर्म मेरा स्वरूप नहीं है' એટલે શું કહ્યું? ચૈતન્ય ભગવાન આનંદ ને જ્ઞાન સ્વભાવી વસ્તુ એમ જાણતાં, માનતાં, ધર્મ થતાં એને શુભભાવ પણ ભ્રમણાનો કૂવો લાગે. માળા આ ભરમાઈ ગયા કે શુભ છે ને, શુભ મારો છે ને! મને લાભ છે ને! એમ મિથ્યાત્વનો કૂવો છે, શુભને એકતા માનતાં, એમ કહે છે. આહાહા! શુભ હોં, અશુભની તો વાત જ શી કરવી? આ વેપાર ને દયાનો ને વેપારનાં ધંધાને એમાં પાંચ–દસ લાખ મળે. સવારે ઉઠે ત્યાં, હે ભગવાન! આજ ચાર થાળી હોય. શંકરનું ....શું કહેવાય? મોઢા આગળ.... લાકડું (શ્રોતા : ઉંબરો) દુકાનનો ઉંબરો, પગે લાગે ને ઉંબરે. આજ ભરપૂર ભરાશે છે ને હોળી આ પૈસાની. આરે! હોળી આ બધું. ઓલા લાકડા ને પગે લાગે, ઉંબરો હોય ને ઉંબરો. આજે સારો દિ' જજો, સારો કોને કહેવો? સાંભળને! ધૂળ મળી પાંચ–દસ લાખની, એ સારું કહેવાય? કોણે કહ્યું તને આવું? ભૂતાવળ લાગી છે તને. સમજાણું કાંઈ?

કહે છે, આ શબ્દ શું છે? 'मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है' અર્થાત્ મોહકર્મ જડ તો ઠીક, પણ એના લક્ષે થતો વિકારીભાવ શુભ કે અશુભ એ તો ભ્રમણા, મારો છે એમ માને, ભ્રમણાનો કૂવો છે. (શ્રોતા : કૂવામાં પડ્યો છે.) ભ્રમમાં પડ્યો છે હોં. પ્રશસ્ત રાગ તો છે ને. (શ્રોતા : સાચું માને છે) આ શાસ્ત્રમાં પ્રશસ્ત રાગ છે ને. પણ પ્રશસ્ત રાગ છે, રાગ-વિકાર-દુઃખ છે. ભગવાનની ભક્તિમાં રાગ છે ને. અમારે એમાં ક્યાં અમારો ઉપયોગ કષાયવાળો છે. અમારું લક્ષ તો ભગવાન ઉપર છે. અમારું લક્ષ ક્યાં બાયડી–છોકરાંઓ પર છે? એય! કાંતિભાઈ!

(શ્રોતા : પોતાને ચૂકી ગયો છે) પોતાને ચૂકી ગયો છે. એકલો શુભ રાગમાં જોડાઈ જાય છે, ભ્રમણાનો કૂવો છે ઈ. આહાહા! ભારે ભાઈ આકરી વાત. જગતને વીતરાગનું સત્ તત્ત્વ સાંભળવું મુશ્કેલ થઈ ગયું, એને રૂચવું અને ગોઠવું તો ક્યાં રહી ગયું? આહાહા! જીંદગી ચાલી જાય છે ભાઈ! આયુષ્યની જેટલી મુદ્દત છે એ પ્રમાણે શરીર રહેશે, તારા રાખ્યા નહીં રહે. જે સમયે છૂટવાનો નક્કી થઈને આવ્યું છે. આહાહા! મૃત્યુની સમીપ જાય છે. આહીં કહે છે કે આત્માના સમીપનું જ્યાં ભાન થાય એને રાગનું સમીપપણું પોતાનું છે, એમ ભાસતું નથી. સમજાણું કાંઈ? એને ધર્મ કહીએ.

ભ્રમજાળનો કૂવો–મોહકર્મ. આહાહા! બે વાત લીધી આમાં. એક કોર મોહકર્મથી ઉત્પન્ન થયેલા વિકારભાવ વ્રત, પુણ્ય-પાપ. એકકોર ભગવાન આનંદનું ધામ–આનંદનો નિધાન. હવે જ્યાં જાવું હોય તો ત્યાં જા. (શ્રોતા : નિધાનમાં જ જાય ને). આહાહા! ભારે મીઠાશ લાગે છે ભાઈ આમાં. અમે વ્રત પાળીએ છીએ, ઉપવાસ કરીએ છીએ, વરસીતપ કર્યા. હોય રાગની મંદતા કદાચિત્, મિથ્યાત્વસહિત. આહાહા! મારી નાંખ્યા છે તને.

ઓલ્યા ય મનાવે માથે બેઠેલા. ભ્રમણાનો કૂવો છે, મરી જઈશ એમાં સાંભળને! એ વિકલ્પની વૃત્તિઓની વાસના, એ આત્મા નહીં. આત્મા તો જ્ઞાન ને આનંદનો કંદ છે. એની અંતરની આમ એકાગ્રતા, એ આત્માની ક્રિયા છે. સમજાણું કાંઈ? બહિર્મુખી આ વૃત્તિઓ બધી મારી છે, એમ થઈ જાય છે. ભ્રમણાનો કૂવો છે, કહે છે. એમ ભ્રમ થઈ જાય છે તને ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

'શુદ્ધ ચેતના સિંધુ' જુઓ ત્યાં ભાષા વાપરી છે. એ પુણ્ય ને પાપની લાગણીઓ એનાથી રહિત. ૭૨મી ગાથામાં આવે છે ને 'એ તો પીપરનો ખો છે'. ભાઈએ નાખ્યું છે રમેશભાઈએ. પીપરનું ઝાડ હોય ને એમાં લાખ થાય એ તો પીપરને નાશ કરે. એમ ભગવાન આત્મા જ્ઞાનને આનંદનું ધામ વસ્તુ છે. એમાં પુણ્ય ને પાપ તો લાખ સમાન, આત્માની શાંતિનો ખો કરે છે. સમજાણું કાંઈ? ઓલાએ નાંખ્યું છે એમાં હોં! કાગળિયું છે ને એમાં ક્યાંક હશે આમાં. (શ્રોતા : કવિતા) કવિતાનું કાગળિયું હશે ને ક્યાંક. બધાને આપ્યા હતા બધા જુઓ.

એ લખ્યું જુઓ. 'જેમ ખો પીપર તણો ઘાત જ બને રે લોલ.' ખો એટલે લાખ. લાખ હોં ત્યાં. જેમ લાખ પીપર તણો ખો. ખો શબ્દ વાપર્યો છે સમુચ્ચયે. 'જેમ ખો પીપર તણો ઘાત જ બને રે લોલ, એમ આશ્રવ આ જીવને જણાય. જુદે જુદા જ અનાદિથી જાણજો રે લોલ.' એ આશ્રવ છે. પુણ્ય ને પાપનાં ભાવ નવાં આવરણનાં કારણ છે. ભગવાનની ચાહે તો ભક્તિ હો કે પંચમહાવ્રતનાં પરિણામ હો, નવાં આવરણનું કારણ છે, ધર્મનું કારણ છે નહીં. આહાહા! કહો સમજાણું કાંઈ? ભારે કામ આકરું ભાઈ! આહાહા! છે?

'વાઈના વેગે રે એ તો આવતાં રે લોલ' વાઈ આવે ને વાઈ. વાઈ નથી આવતી? ફીણ આવી જાય. એમ પુણ્ય ને પાપનાં ભાવ તો વાઈનાં વેગ જેવાં છે આહાહા! (સ.સાર ગાથા) ૭૪ 'શુભ ને અશુભ ભાવ એથી જુદો આતમદેવ જાણજો રે લોલ.' શુભ ને આ અશુભ ભાવ એથી જુદો આતમદેવ જાણજો. છોકરાંએ બનાવ્યું આહીંનું સાંભળીને. (શ્રોતા : વીંછીયામાં સાંભળેલું) તમે હતા? આ વીંછીયામાં કર્યું છે. પ્રતાપભાઈ થોડું ઓલું લાંબું છે એનું ઘણું. જુઓ ત્યાં આવ્યું'તુંને પહેલું.

'માર્ગ સાધુનાં જગ ને દોહ્યલાં રે લોલ, દોહ્યલી જો ને આતમકેરી વાટ. એ તો જીવડા માનવભવ દોહ્યલા રે લોલ. માનવભવ જગમાં દોહ્યલો રે લોલ! દુર્લભ–દુર્લભ જૈની અવતાર. એની સાથે રહે સદ્ગુરુ છાયા દોહ્યલી રે લોલ.' સાચાં જ્ઞાની મળવા, સાંભળવા મળે એ દોહ્યલું છે, કહે છે. પૈસા કરોડો અબજો, રાજ મળે, પણ સાચી વાત

કાને પડવી બહુ દુર્લભ છે ભાઈ! આ છોકરે બનાવ્યું છે સાંભળીને. પ્રેમચંદભાઈનો છે, દીકરાનો દીકરો–પૌત્ર, ઘાટકોપર છે. એ ભજનમંડળી નથી? ન્યાં આપણે ભજનમંડળી કરી હતી ઘાટકોપરવાળા. છે છે....આ તો ભાઈનાં છોકરાઓનું ઘર. પોપટભાઈના ખબર છે કે નહીં? એને ઈ કહું છું. પૈસાની ખબર છે તો આની ખબર છે કે નહીં? ત્યાં. ભજનમંડળી એક છે. છે ને? આહાહા!

'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યાં રે લોલ.' અરે! ચૈતન્ય સરોવર, આ પાણીનાં સરોવર કાંઠે તરસ્યાં તરફડે અને ક્યાં જાય છે? 'દોડે આખી ઝાંઝવા જળની કાજ અરેરે! સાચાં વારિ એને નાં મળે રે લોલ!' ઝાંઝવાનાં જળમાં મૃગલા દોડી મરે, પણ ન્યાં કોઈ પાણી મળે નહીં. એમ પુણ્યને પાપનાં ફળ અને પુણ્ય પાપનાં ભાવ ઝાંઝવાનાં પાણી છે. એમાં દોડીને ધર્મ થાય, એમ મૂર્ખ માને છે.

સ્વરૂપચંદભાઈ, આ કાગળ આવ્યું છે કે નહીં તમને? નથી મળ્યું? ઠીક. આહીં છે ને એક. કેટલાક છે આપણે? (શ્રોતા : હરિભાઈ પાસે) હરિભાઈ પાસે છે. એ આપજો પછી એકાદ ફેરા. કેટલા છે? (શ્રોતા : આઠ) આઠ. કામાણીને આપો. લઈ તો જાય આ થોડુંક. આહીં આહીં છે થોડા. આવ્યા છે ને હોંશથી. આપ્યું ને? કોનું હતું? લઈ લ્યો. જેનું હોય એનું, દઈ દ્યો. આહીં આ હરિભાઈએ મોટી લ્હાણી કરી છે. હજાર છપાવ્યાં છે. તમને આપ્યું? આપ્યું ને ભાઈ. લ્યો, આ લ્યો. ત્રણે છોકરાંને આપો ભાઈ જુઓ. તો ખરા અંદર આ તમારા બાપ તો પૈસાની ધૂળનો વારસો આપે. આ બીજો વારસો. આ લ્યો, છે?

'એ સરોવર કાંઠે રે મૃગલા તરસ્યાં રે લોલ.' ત્રીજી કડી છે ત્રીજી. 'દોડ્યાં તે ઝાંઝવા જળની કાજ, અરેરે! સાચાં વારિ એને નહીં મળે રે લોલ.' વારિ એટલે પાણી. આ તો મળતું નથી ત્યાં. ઝાંઝવાનાં પાણીમાં શું હોય? ખારીલી જમીન, સૂર્યનું કિરણ એમાં નિમિત્ત, દેખાય પાણી જેવું. ધૂળેય નથી ત્યાં. એમ ભગવાન આત્મા સિવાય પુણ્ય ને પાપનાં વિકલ્પમાં સુખ છે ને મને લાભ કરશે, ઝાંઝવાનાં પાણીમાં પડ્યો છે મૃગલો. પોપટભાઈ, (શ્રોતા : એ સાચી વાત છે.) એ જુઓ, 'એમ મનના એ મૃગલાને પાછાં વાળજો રે લોલ'. એ ઝાંઝવાનાં પાણીમાં કાંઈ નથી, ધૂળેય નથી. 'જોડી દ્યો આતમસરોવર રાજ, એને મળશે આતમસુખ અમુલા રે લોલ'. માળે ગોઠવ્યું છે એવું સરસ. સમજાણું?

કહે છે, આહીં તો વધારે શું કહે? 'મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ' આહાહા! એ શુભ પરિણામ મારાં, એમ તને ભ્રમણા થઈ જાય છે, એમ કહે છે. પ્રશસ્ત રાગ થાય છે ને. એ તો એને બેસે કે આ મારો છે હોં, આમાંથી નથી, ભ્રમનો કૂપ છે. મગનભાઈ,

આહાહા! ધર્મી હોવા છતાં એવો ભાવ આવે ખરો, પણ એને માને દુઃખરૂપ અને હેય. અશુભથી બચવા એવા શુભનો કાળ હોય તો થાય, પણ છે એ રાગ ને કષાયની અગ્નિ છે. જગતને સત્ય સાંભળવું દુર્લભ થઈ પડ્યું છે. વીતરાગનો માર્ગ અનાદિ પરમેશ્વર તીર્થંકરનો. અહીંયા ગિરનારની જાત્રા, ને સમ્મેતશિખરની જાત્રા, કહે છે એ બધો શુભભાવ છે. (શ્રોતા : આપ અમને તેડી ગયા હતા ત્યાં)

કહ્યું ને ભાવ તો હોય છે. પણ એ દુઃખરૂપ છે પણ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણવીતરાગ ન થાય ત્યારે અશુભથી બચવા એવી સ્થિતિ હોય–ઉભી છે પણ છે હેય. આહાહા! આવાં માપ અંદરથી કાઢવા ભારે, અનંતકાળે કઠણ છે. ઓહોહો! દુઃખી–દુઃખી ઝાંઝવામાં દુઃખી આમ ઝાંઝવાના જળમાં. ભગવાન પડ્યો છે સરોવર આનંદ પ્રભુ એની દૃષ્ટિ કરતો નથી, એની સામું જોતો નથી. જ્યાં પડ્યો છે પિંડ ત્યાં પોતે પરવા એની કરતો નથી. અને જેમાં નથી પુણ્ય ને પાપનાં વિકલ્પ ને બંધ એમાં પોતે નથી, સુખ નથી, ત્યાં ઝાંઝવાનાં જળમાં ચોંટ્યો છે ઈ. કહો ભીખાભાઈ! આહાહા! ભાઈ, ત્યાં આ સાચાં શાંતિ નહીં મળે ત્યાં.

'शुद्ध चेतना सिंधु हमारौ रूप है' છે? ઓલો કૂપ છે ભ્રમણાનો. આ રાગ મારો મારો આમ ભ્રમણા થઈ ગઈ છે તને. પ્રશસ્ત તો છે ને! શુભ તો છે ને! (શ્રોતા : અશુભથી તો બચ્યા છે) અશુભથી બચ્યા છે, પણ મિથ્યાત્વ છે ત્યાં અશુભથી ય બચ્યો નથી. મિથ્યાત્વ છે એ મોટું પાપ છે. આહાહા! એ શુભથી મને લાભ થાય, એવો મિથ્યાત્વભાવ પડ્યો ત્યાં અશુભથી બચ્યો છે ક્યાં? મિથ્યાત્વ મોટું પાપ છે, એની તો ખબર નથી. આહા, એવી વાતું છે. માળું આ તો ભારે કઠણ વીતરાગ. વીતરાગ પરમેશ્વર કહે, 'અરે, મારું સાંભળવા બેઠો પણ તને વિકલ્પ છે હોં. આવે ખરો પણ વિકલ્પ છે, ધ્યાન રાખજે' (શ્રોતા : એમાં ફસાઈ જાતો નહીં) એમાં ફસાઈ જઈશ નહીં. ભ્રમ છે. અટવાઈ જઈશ, એમ કહે છે. પંડિતજી, આહાહા!

પ્રકાશદાસજી! બાપુ પ્રકાશનો પિંડ પ્રભુ છો. એ તારામાં એક કણ અશુભનો પણ શોભતો નથી. એનાં માર્ગ જુદા છે. 'शुद्ध चेतना सिंधु हमारौ रूप है'. ધર્મી અને વિચિક્ષણ સમકિતી એમ માને છે, અમે તો જ્ઞાનનાં–જાણક સ્વભાવનાં દરિયા છીએ. જેમાંથી જાણવું, જાણવું, જાણવું, જાણવું નીકળ્યા કરે, પણ ખૂટે નહીં. રાગ ને પુણ્ય કાઢે ઈ આત્માનાં સ્વભાવમાં નથી. ભારે વાતું ભાઈ! એય! મુનીમજી, આવો માર્ગ છે. ભારે! હવે ગિરનારની જાત્રા કરો, માન સમારંભ કરો તો કહે, શુભભાવ છે, લે. (શ્રોતા : એ ધર્મ છે?) આ બધી મહેનતું કરે છે ન્યાં માન–સમારંભ. આહાહા! મોટા પંચકલ્યાણક

કરે, ગજરથ કાઢે, કરોડો રૂપિયા ખરચે. હવે ખરચે કોણ? સાંભળને! એ તો જડ છે. જડનો સ્વામી થઈને તું બેસે તો એ તો મિથ્યાત્વ લાગે છે. આહાહા! મોહની ભૂતાવળ છે બધી. સમજાણું કાંઈ? 'मेरा स्वरूप तो शुद्ध चेतना सिंधु है'. આહાહા! ધર્મી જીવની દૃષ્ટિ તો આત્માનાં આનંદ ઉપર હોય છે. એટલે જ્ઞાનનો દરિયો પ્રભુ આત્મા, જાણવાનાં સ્વભાવનો સિંધુ–દરિયો, એમાં એની દૃષ્ટિ હોય છે, એને પોતાનું માને છે. આહાહા! ભારે કામ પણ. જગતથી તો ઊંધું લાગે બહુ હોં! લ્યોં એ ૩૩મું થયું.

એકત્રીસમો (૩૧ મો) કળશ નીચે છે.

इति सति सह सर्वैरन्यभावैर्विवेक स्वयमयमुपयोगो विभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृतैः कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः॥३१॥

એનો ૩૪મો પદ. એ ૩૧મો પદ છે. એનો આહીં હિન્દીનું પદ્ય છે. ઓલું સંસ્કૃતનું પદ્ય છે. ૩૪ છે ને.

तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन,
दृग ज्ञानचरन त्रिविध परिनयौ है।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है॥
कहत बनारसी गहत पुरुषारखकौं,
सहज सुभावसौं विभाव मिटि गयौ है।
पन्नाके पकाये जैसैं कंचन विमल होत,
तैसैं सुद्ध चेतन प्रकासरूप भयो है॥३४॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રતીતિ=શ્રદ્ધાન. વિશદ=નિર્મળ. વિસરામ(વિશ્રામ)=ચેન. સોધિ=ગોતીને. પન્નાકે પકાયે જૈસૈં કંચન વિમલ હોત=અશુદ્ધ સોનાના નાના નાના ટુકડા કરીને કાગળ જેવા પાતળા બનાવે છે તેને પન્ના કહે છે. તે પન્નાઓને મીઠું, તેલ, વગેરે રસાયણથી અગ્નિમાં પકવે છે તેથી સોનું અત્યંત શુદ્ધ થઈ જાય છે. આ રીતે શુદ્ધ કરેલું સોનું નેશનલ, પાટલો વગેરે કરતાં ઘણી ઊંચી જાતનું હોય છે.

**અર્થ :**–તત્ત્વશ્રદ્ધાન થતાં સ્વ–પર ગુણની ઓળખાણ થઈ જેથી પોતાના નિજ ગુણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમન કર્યું છે, નિર્મળ ભેદ–વિજ્ઞાન થવાથી ઉત્તમ વિશ્રામ મળ્યો અને પોતાના સ્વરૂપમાં જ પોતાનો સહાયક ગોતી લીધો. પં. બનારસીદાસજી કહે છે કે આ પ્રયત્નથી પોતાની મેળે જ વિભાવ પરિણમન નષ્ટ થઈ ગયું અને શુદ્ધ આત્મા એવો

પ્રકાશિત થયો જેમ રસાયણમાં સોનાના પત્તા પકાવવાથી તે ઉજ્જવળ થઈ જાય છે. ૩૪.

**अर्थ** :–तत्त्वश्रद्धान होनेसे निज-पर गुणकी पहिचान हुई जिससे अपने निज गुण सम्यग्दर्शन, ज्ञान, चारित्रमें परिणमन किया है, निर्मल भेदविज्ञान होनेसे उत्तम विश्राम मिला और अपने स्वरूपमें ही अपना सहायक खोज लिया। पं. बनारसीदासजी कहते हैं कि इस प्रयत्नसे स्वयं ही विभाव परिणमन नष्ट हो गया और शुद्ध आत्मा ऐसा प्रकाशवान हुआ जैसे रसायनमें स्वर्णके पत्र पकानेसे उज्ज्वल हो जाता है॥३४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

તત્ત્વની પ્રતીતિ–શ્રદ્ધા. 'હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છું. પુણ્ય–પાપનાં વિકલ્પ અને એના ફળમાં હું ક્યાંય નથી'. એવી આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ એને સમ્યક્દર્શન કહે છે. આહાહા! સાચી પ્રતીતિ. જેવો છે એવો આત્મા. જેવો શુદ્ધ પૂર્ણ છે એવો આત્મા, જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરી એને સાચી પ્રતીતિ કહેવામાં આવે છે. આ એની સાચી રીત અને સાચે પડખે ચડેલાંનો આ માર્ગ. આહાહા! 'तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन—तत्त्वश्रद्धान होनेसे निज-पर गुणकी पहिचान हुई'. આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ એ નિજ અને શુભ અશુભ વિકલ્પ એ પર વિભાવ, એ તત્ત્વનાં ભાનથી બેયની ભિન્નતાનું ભાન થયું. આહાહા!

'दृग ज्ञानचरन त्रिविधि परिनयौ है' જુઓ, અહીં તો સમ્યક્દર્શન થતાં ત્રણેય પરિણમ્યા, એમ કહી દીધું. તત્ત્વની પ્રતીતિ કીધી છે ને એમાં. આહાહા! હું જ્ઞાન છું, જ્ઞાયકભાવ શુદ્ધ ચેતનાનો સિંધુ છું, એમ સ્વરૂપ તરફની દૃષ્ટિ થતાં, શ્રદ્ધા–જ્ઞાનને ચારિત્ર ત્રણેય પરિણમન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? અર્થમાં લીધું છે કે ભાઈ આ તો તમે એકલા સમ્યક્દર્શનની વ્યાખ્યામાં આ ત્રણ ક્યાં નાંખ્યા? કહે, ત્રણે આવી જાય છે, આવી જાય છે. સમ્યક્દર્શન થતાં, વસ્તુના પરિપૂર્ણ તત્ત્વની શ્રદ્ધા અનુભવમાં, જ્ઞાન, શ્રદ્ધા ને સ્થિરતાનો અંશ ભેગો હોય છે. એકલું સમ્યક્દર્શન એટલે શ્રદ્ધા અનુભવમાં એક, એટલું નહીં. એની અંદર સ્થિરતા પણ આનંદની દશા અને અનંતાનુબંધીના અભાવના સ્વરૂપઆચરણ પણ સમકિતીને હોય છે. સમજાણું કાંઈ?

'तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन, दृग ज्ञान (चरन).' દૃગ નામ શ્રદ્ધા. જ્ઞાન નામ સ્વનું જ્ઞાન. ચરણ નામ સ્વરૂપમાં રમણતા, એ ત્રિવિધિ परिणत—ત્રણપણે પરિણમ્યો છે. આહાહા! ભારે લુખ્ખી લાગે વાત. ઝાઝાં માણસો હોય ને પાંચ, પાંચ, દસ દસ હજાર એમાં આવી વાત, એ શું કહે છે આ? આ તો બધો વ્યવહાર ઉથાપે છે. વ્યવહારમાં કંઈ ધર્મ તો મનાવતા નથી. (શ્રોતા : હતો કે દી' કે મનાવે?) આટલું આ

કરીએ, ને બિચારા કેટલા સવારથી ઉઠે, ગીરનાર પર્વત જાય, ઉપર ચડે, ચાર વાગે થાકીને આવે અને મુનિમને થડ કાઢી નાખે, 'લાવો પાણી, લાવો લાકડા, લાવો, થાકીને આવ્યા છીએ.' (શ્રોતા : ઈ જાત્રા નહીં?) જાત્રા, એવી જાત્રા એની હોય! અને 'ઉતાવળ કરો. સાંજ પડી જાય છે. લાવો એ મુનિમ, લાકડાં લાવો. પાણી લાવો. ફલાણું કરો' પણ હવે શાંતિ તો રાખ, આ એની જાત્રા. આહાહા! હોય છે શુભભાવ, પણ એની મર્યાદા હોય ને! મારા સ્વરૂપથી હું બહાર જરી ગયો ત્યારે મને શુભભાવ આવ્યો છે. સમજાણું કાંઈ? (શ્રોતા : વ્યવહાર સંસારફળ) એ વ્યવહાર પોતે સંસાર ઉદયભાવ છે. ઉદયભાવ પોતે સંસાર છે. આહાહા! ભારે! ભાઈ!

'विसद विवेक आयौ आछौ विसराम पायौ' જુઓ, 'निर्मल भेदविज्ञान होनेसे उत्तम विश्राम मिला' આહાહા! કહે છે, શુભ ને અશુભ રાગમાં રહેતો હતો, એમાંથી ખસીને સ્વરૂપની દૃષ્ટિ થતાં विसराम—વિશ્રામ મળ્યો. 'आछौ विसराम पायौ'. આહાહા! નિર્મળ આત્મામાં વિશ્રામ મળ્યો. પુણ્યને પાપનાં રાગમાં અનાદિથી અવિસરામ—વિષમભાવ હતો. આહાહા! એનાથી ખસીને ભગવાન આનંદ ને જ્ઞાનસ્વભાવમાં—ધામમાં આવે છે સમકિતી, ત્યારે એને વિશ્રામ મળે છે, અનાદિનો થાક ઉતરી જાય છે. કહો પોપટભાઈ! આ વિશ્રામ હોં. આહાહા! પાંચ—પચીસ લાખ મળે. હવે નિરાંત, હવે આપણે નિરાંત. હવે હાલો નિરાંત છે આપણને હવે, છોકરાઓ રળશે ને આપણે નિરાંતે ધર્મ કરશું વિશ્રામ, એ કંઈ વિશ્રામ નહીં.

(શ્રોતા : એ તો અહીંયા જ સાંભળવા મળે. બીજે તો બધા કહે પૈસા હોય તો જ....) પૈસા હોય તો થાય. વાત સાચી. (શ્રોતા : પૈસા હોય તો ધર્મ થાય, તો તમો મોક્ષમાં જાશો.) ધૂળેય નહીં જાય. મોક્ષ હેઠે છે. એમાં માનેલો મોક્ષ એટલે મનુષ્યપણું. મુક્તથી રહિત થઈ જશે. શ્રદ્ધા જ્યાં મિથ્યાત્ છે ત્યાં એના ફળમાં નિગોદ છે. ઓલા માખણ ચોપડવા હાટું તમારા પૈસાવાળા બધાને, એમ કહે. ૧૦—૨૦ હજાર જ્યાં ખર્ચે, ઝાઝા ખર્ચે જાત્રા કાઢે.

કાઢ્યું'તું ને તમારે કોણ? (શ્રોતા : એ આહીં છે) આવ્યો છે ઈ. એણે કાઢ્યું'તું ને, વગર પૂછ્યે. (શ્રોતા : માફી માગી લીધી ને આપની) ઈ વળી તો આપે, આ વાત. જાણવાની વાતમાં ક્યાં વાંધો છે? (શ્રોતા : જાત્રા કરાવો તો મોક્ષમાં જશો. બીજાએ સમજાવ્યું એ પ્રમાણે કર્યું એણે.) કર્યું એણે, એનો ઓલો ભાઈબંધ મળી ગયો. ના, પણ આવીને પછી એને માઠું લાગ્યું. (શ્રોતા : પછી પસ્તાવો થયો....) એ તો હોય, થાય. (શ્રોતા : એટલે પહેલાં સાંભળેલું નહીં આહીંનું સાંભળ્યા પછી ખબર પડી કે આ તો

ખોટું કર્યું). હોય છે શુભભાવ, પણ ઈ શુભ છે, ધર્મ નહીં. અશુભથી બચવા જાત્રા– ભક્તિ ભાવ હોય છે. પણ એને ધર્મ માનવો અને આનાથી મને ધર્મ થશે, મોટું મિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? આહાહા!

કાંતિભાઈ–કાંતિભાઈને? વઢવાણવાળા. ઈ અમારે કિશોરનો ભાઈબંધ છે ને ઈ. કિશોર નહીં કિશોર. ઓલા ભૂપેન્દ્રભાઈ, ઈ યે ભાઈબંધ છે. એમાં કંઈ ખોયા છે એણે, કિશોરે. આહાહા! એ તો પહેલાં તો મોટી દુકાન હતી ત્યાં. પણ બધા માળા મોટું કરવા જાય ને જાણે હવે. પાંચ હજારની પેદાશમાંથી દસ હજારની પેદાશ મળે. ધૂળમાંથી ય નથી હવે પુણ્ય વિના ઈ રજકણ આવે એવો નથી. આ પુરુષાર્થથી થાય છે આ, આત્માનો ધર્મ પુરુષાર્થથી થાય છે. બહારના લક્ષ્મી મેળવવાનો પુરુષાર્થ જરી ય કામ કરતો નથી. 'હુન્નર કરો હજાર, ભાગ્ય વિન મિલે ન કોડી' એ તો પૂર્વના પરમાણુ પડ્યા એ બળે ત્યારે બહાર મળે, એમ કહેવામાં આવે છે, બળે ત્યારે હોં! આહાહા! આ તમારા પાંચ– પચાસ લાખ થયા છે માટે એમને પૈસાવાળા, એટલું પુણ્ય લઈને તમારા બાપ આવ્યા હતા એ બળી ગયું અને તમે ય એટલું પુણ્ય લઈને આવેલા છો. આહાહા! ભારે હવે. વાત સાંભળવી કઠણ પડે. ઓલા બધા માખણ ચોપડે (શ્રોતા :.....). માખણ ચોપડ્યા છે ને બધાંને. હવે પુણ્ય પણ થોડું કે દી' કર્યુ છે એણે? આહાહા! ભાઈ!

આ તો વીતરાગનો માર્ગ છે. ત્રણકાળમાં ત્રણલોકમાં સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, એ માર્ગ છે. આમાં કોઈની સિફારશ હાલે નહીં. અમે મોટા છીએ માટે અમારે...ધૂળેય નથી સાંભળને હવે! ધૂળેય હાલે નહીં. હવે પોતે મરીને ક્યાં જવાનો એનું ભાન નથી, હવે શું ચિઠ્ઠી લખી દેવી? એ તો કીધું' તુ ને એક્યાશીમાં. આ .... મણિયાર મણિયાર, લીમડીનાં મણિયાર. પૈસાવાળા ૩ ભાઈઓ છે ને. એક્યાશીની સાલની વાત હતી. પછી એ આવ્યા'તા વ્યાખ્યાનમાં આવત! પણ એક દિવસ આવ્યા. દરબાર આવ્યા પોતે. દાદભા કહે, ભાઈ અમારે સાંભળવું છે હોં તમારું. કીધું, અમારી મુદત પૂરી થઈ ગઈ હવે. રાજા હોય કે મહારાજા, અમારે કોઈ બીજે દી' અમે નહીં રહીએ. સવારે પૂછ્યા વિના હાલ્યા ગયા અને ભાઈ હતા, મોહનભાઈ....મોહનભાઈ આવ્યા'તા, 'મહારાજ, અમારા આ પણ આપ ધર્મની વાતું કરો છો. તેમાં પૈસાવાળાનું કાંઈક... (શ્રોતા : સ્થાન ખરું કે નહીં) સ્થાન ખરું કે નહીં?'

લીમડીથી ઉઠીને અંકેવાડીયા ગયા. અંકેવાડી નથી? ચાર માઈલ છે. ત્યાં અમે પાછા, ટાઈમ થાય ત્યારે ગામમાં જઈએ, વહેલાં ન જઈએ. ત્યાં અમે બહાર બેઠા હતા. 'મહારાજ, આ પૈસાવાળાનું ક્યાંય આ ધર્મમાં સ્થાન ખરું?' બિલ્કુલ નહીં. પૈસાવાળો

એટલે શું? 'પૈસાવાળો હું છું' એ માન્યતા અજ્ઞાન ને ભ્રમણા છે. જડવાળો આત્મા છે? (શ્રોતા : એ બધું ઠીક, પણ અમને બરાબર પાકું કરાવી દ્યો). પાકું કોણ કરે? ભાઈ કહે છે ને કે ભાઈ એ અમારી ભૂલ થઈ ને હવે....ઈ પાકું કંઈ કોઈક કરાવે? (શ્રોતા : ગુરુ મળ્યા તો ગુરુનું ય કાંઈ કામ તો હોય ને?) ગુરુ શું કરે? બ્રાહ્મણ પરણાવે, કાંઈ એનું ઘર હલાવી દ્યે? આહાહા! સમજાણું કાંઈ?

એને સમજાય કે આ માર્ગ છે, એને સમજવું તો એને છે કે બીજાને? આહાહા! ભાઈ! તેં અનંતકાળ ગાળ્યો આમ ને આમ જન્મારો, અરે રે! ક્યાં અવતાર એનાં થાશે? એ વંટોળિયાનાં તણખલાં ઉડીને ક્યાં પડશે? એમ જેને પુણ્યનાં–પાપનાં ભાવ મારા એવું મિથ્યાત્વભાવ, એનાથી મને લાભ થાય. એ મિથ્યાદૃષ્ટિ ક્યાં જઈને રખડી નિગોદ આદિમાં જશે. સમજાણું કાંઈ? ભાઈ, તને ભવભ્રમણનું દુઃખ નથી લાગતું. (શ્રોતા : પ્રભુ, આ બધું અમે સાંભળ્યા જ નથી). સાંભળ્યા નથી, વાત સાચી બાપુ. એમ છે વાત તો એવી છે. આહાહા!

અરે, પ્રભુ! તે દુઃખ એવા વેઠ્યાં છે. તું જાણ ને ભગવાને જાણ્યાં છે ભાઈ! હવે એ જાણે, ભગવાન એને શું કહીએ? અહીં જરી થોડું કાંઈક બહારનું મળ્યું ત્યાં, આહાહા! હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ. એય! આ મોટા ત્રણે છે (કે) વચલા? કોણ છે? (શ્રોતા : મોટા) મોટા ત્રણે એમ લાગ્યું'તું ખરું આ મોટા. ઓલા ત્રણ નાના રહી ગયા, પછી ત્યાં પાસ કરે ત્યારે બધું થાય ને આહાહા! ચૈતન્ય સૂર્ય તારો તે પાસ નથી કર્યો અનંતકાળમાં હોં!, એમ કહે છે. અરે! એના પાસ વિના તું નાપાસ છો. સ્વરૂપચંદભાઈ! (શ્રોતા : બિલ્કુલ બરાબર છે). બરાબર છે? આ દુનિયાનાં કામઢાં, આહાહા! પાંચ–દસ કરોડ હોય ત્યાં, ઓહોહો! શું પણ કરમી જાગ્યો છે ને કુટુંબમાં. કરમી જાગ્યો કહે ને? (શ્રોતા : પણ ધર્મી નહીં) ધર્મી નહીં. કર્મનો કરનારો કૂવામાં જાય ને અમે પડશું ભેગા એની હારે એમ. સ્વરૂપચંદભાઈ, આહાહા! પ્રભુ!

કહે છે, જ્યાં આત્મા પોતાના સ્વભાવને ભૂલીને, ભ્રમણામાં પુણ્ય ને પાપની શ્રદ્ધા મારાં એનું જ્ઞાન ને એમાં રમણતા, એ સંસારનાં કારણ હતા. એમાંથી ભિન્ન પડ્યો. અરે! મારી ચીજ આ નહીં, પહેલું શ્રવણમાં આવ્યું, એના લક્ષમાં આવ્યું. પછી અંતરમાં ઉતર્યો અંદર ઓહો! ચૈતન્ય સ્વભાવવાળો તત્ત્વ તે હું છું, એવી અંદર શ્રદ્ધા રાગથી ભિન્ન પડીને થઈ, એ આત્માનું જ્ઞાન થયું અને આત્મામાં સ્થિરતાનો અંશ આવ્યો. એ ત્રણેનું એને પરિણમન થયું. એની દશામાં એ સુખરૂપ દશા થઈ ત્યારે તેને ધર્મી અને સુખને પંથે પડેલો કહેવાય છે. સમજાણું કાંઈ?

विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनी सहारौ सोधि लयो है।

દેખો....અરે, વાત તો વાત. 'आपुहीमैं आपकौ सहारौ सोधि लयो है' મારો સ્વરૂપ તો આનંદ ને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એકલું જ્ઞાનનું ઘોલન અને આનંદના ઘોલન સ્વરૂપ છું, એમ અંતરના સ્વભાવને ખોજી, પોતે પોતાથી ખોજ્યો. એને નિમિત્તની અને પુણ્ય–પાપનાં વિકલ્પની અપેક્ષા છે (નહીં). આહાહા! સમજાણું કાંઈ? છે? 'आपुहीमैं आपकौ सहारौ सोधि लयो है' દેખો. મારો મદદગાર પુણ્યનાં પરિણામ વ્યવહાર નહીં, એમ કહે છે. પંડિતજી! કલશમેં હૈ? બનારસીદાસ કહેતે હૈં, દેખો. શાસ્ત્રનો સાર કાઢીને મૂક્યો છે. મૂળ કળશ આચાર્યનો છે, એનો આ સાર.

બનારસીદાસ ગૃહસ્થાશ્રમી હતા, શૃંગારી હતા, વ્યભિચારી હતા, પછી ધર્મ પામ્યા ત્યારે આ શ્લોક બનાવ્યા છે. એ તો હોય સંસાર છે જાગ્યા ત્યારે, ઓહોહો! 'आपुही मैं आपकौ सहारो सोधि लयो है'. ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ. હજી સમજણમાં ઠેકાણાં ન મળે. બાહ્યલક્ષીનાં જ્ઞાનનાં સાચાં ન મળે, એને ખોજવાની દૃષ્ટિ ક્યાંથી જાગે? શું કહ્યું દેખો! 'अपने स्वरूपमें ही अपना सहायक खोज लिया' એ સાધન પણ મારો સ્વભાવ છે. પુણ્ય ને વ્યવહાર વિકલ્પ પણ મારો સાધન નથી. એમાં નિકલતે હૈં ઐસા? 'आपुहीमैं आपनी सहारौ सोधि' લીધો. શોધી લીધો. આહાહા!

'कहत बनारसी गहत पुरुषारथकौ,' એ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ, વિભાવનાં સન્મુખનો પુરુષાર્થ છોડી દઈ, જેણે અંતર્મુખ પુરૂષાર્થ કર્યો, 'सहज सुभावसौं विभाव मिटि गयौ.' સહજ સ્વભાવનો અનુભવ થતાં, પુણ્ય ને પાપનાં વિકલ્પ મારામાં નથી, એમ વિભાવ છૂટા પડી ગયા. દાણામાંથી કાંકરા જેમ કાઢી નાંખે, એમ વિભાવ–કાંકરા કાઢી નાખ્યા. મારો માલ તો આ છે. જુઓ એનું નામ સમ્યક્દર્શન ને ધર્મીની પહેલી સીઢી. આહાહા! આનું ભાન નહીં ને મોટા મોટા વ્રતધારીઓ ને મહાવ્રતધારીઓ ને તપસ્વી મહિના મહિનાના અપવાસ, ધૂળેય નથી બધા. એકડા વિનાના મીંડા છે. પછી દાખલો છે જરી. વિશેષ વખત આવ્યે.

પ્રમાણ વચન ગુરુદેવ

## પ્રવચન નં. ૨૯, ફાગણ સુદ ૩ રવિવાર તા. ૨૮-૨-૧૯૭૧
## જીવદ્ધાર પદ ૩૪–૩૫ પર પ્રવચન

આ જીવદ્વાર ચલતે હૈં. ઉસકા ૩૪વાઁ પદ હૈ પદ. ઉસકા અર્થ કેટલાક હો ગયા હૈ. ફરીને લઈને જુઓ.

तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन,
दृग ज्ञानचरन त्रिविध परिनयौ है।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है।।
कहत बनारसी गहत पुरुषारथकौं,
सहज सुभावसौं विभाव मिटि गयौ है।
पन्नाके पकाये जैसैं कंचन विमल होत,
तैसैं सुद्ध चेतन प्रकासरूप भयो है।।३४।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રતીતિ=શ્રદ્ધાન. વિશદ=નિર્મળ. વિસરામ(વિશ્રામ)=ચેન. સોધિ=ગોતીને. પન્નાકે પકાયે જૈસૈં કંચન વિમલ હોત=અશુદ્ધ સોનાના નાના નાના ટુકડા કરીને કાગળ જેવા પાતળા બનાવે છે તેને પન્ના કહે છે. તે પન્નાઓને મીઠું, તેલ, વગેરે રસાયણથી અગ્નિમાં પકવે છે તેથી સોનું અત્યંત શુદ્ધ થઈ જાય છે. આ રીતે શુદ્ધ કરેલું સોનું નેશનલ, પાટલો વગેરે કરતાં ઘણી ઊંચી જાતનું હોય છે.

**અર્થ :**–તત્ત્વશ્રદ્ધાન થતાં સ્વ–પર ગુણની ઓળખાણ થઈ જેથી પોતાના નિજ ગુણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમન કર્યું છે, નિર્મળ ભેદ–વિજ્ઞાન થવાથી ઉત્તમ વિશ્રામ મળ્યો અને પોતાના સ્વરૂપમાં જ પોતાનો સહાયક ગોતી લીધો. પં. બનારસીદાસજી કહે છે કે આ પ્રયત્નથી પોતાની મેળે જ વિભાવ પરિણમન નષ્ટ થઈ ગયું અને શુદ્ધ આત્મા એવો પ્રકાશિત થયો જેમ રસાયણમાં સોનાના પત્તા પકાવવાથી તે ઉજ્જવળ થઈ જાય છે. ૩૪.

**अर्थ :**–तत्त्वश्रद्धान होनेसे निज-पर गुणकी पहिचान हुई जिससे अपने निज गुण सम्यग्दर्शन, ज्ञान, चारित्रमें परिणमन किया है, निर्मल भेदविज्ञान होनेसे उत्तम विश्राम मिला और

अपने स्वरूपमें ही अपना सहायक खोज लिया। पं. बनारसीदासजी कहते हैं कि इस प्रयत्नसे स्वयं ही विभाव परिणमन नष्ट हो गया और शुद्ध आत्मा ऐसा प्रकाशवान हुआ जैसे रसायनमें स्वर्णके पत्र पकानेसे उज्ज्वल हो जाता है।।३४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સૂક્ષ્મ બાત હૈ. અનાદિકા અણઅભ્યાસ હૈ ને, એટલે ક્યા ચીજ કહતે હૈં જરીક સમજનેમેં કઠણ લગે. આ આત્મા હૈ, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર દેવ, એણે જો આત્મા દેખા હૈ આ આત્મા, તો એ આત્માકી પ્રતીતિ કૈસી હોતી હૈ, એમ કહતે હૈં કે 'तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन', મૈં તો જ્ઞાન ને આનંદ હૂઁ ઔર પુન્ય–પાપકા ભાવ વિકલ્પ રાગ હૈ એ પરવિભાવ દુઃખરૂપ હૈ. આ લક્ષ્મીનો રાગ, લક્ષ્મી દાન દેવાનો રાગ એ બધો દુઃખરૂપ છે, એમ કહતે હૈં. (શ્રોતા : શું લક્ષ્મી દરિયામાં નાંખી દેવી?) કોની લક્ષ્મી હતી? પણ એની ક્યાં હતી? એના બાપની ક્યાં હતી? એ તો જડની છે. લક્ષ્મી તો જડની–અજીવપણે રહેકર રહી હૈ (શ્રોતા : હવે આપના મતે લક્ષ્મી સાચવવી તો ખરી.) સાચવે કોણ? રાખે કોણ? (શ્રોતા : સાચવવી હોય તો ય સચવાય નહીં). જે સચવાય નહીં લ્યો, એ તો જડ હૈ. જડ અપના માનના અને જડકી ક્રિયા મૈં કર સકતા હૂઁ ઐસે માનના, ચૈતન્યકા બડા ભ્રમ અને આત્માકી હિંસા હૈ. ઐસી બાત હૈ.

અરે! કભી ઉસને અંતરકા માર્ગ ભગવાન સર્વજ્ઞે કહા ઐસા સુના નહીં. અરે! ઐસા મનુષ્ય દેહ અનંતબૈર મળ્યા, વ્યર્થ ગુમાયા. સમજમેં આયા? ભગવાન આત્મા, કહતે હૈ કે જબ તત્ત્વકી પ્રતીતિ હોતી હૈ તબ નિજપરગુન ભિન્ન જાનતે હૈં. શરીર, વાણી, મન તો હૈ હી, પણ અંદર શુભ–અશુભ વિકલ્પ ઉઠતે હૈં રાગ, શુભ-અશુભ દોનો હી, વો પર હૈ. મૈં શુદ્ધ ચૈતન્ય ધાતુ આનંદ હૂઁ. ઐસા તત્ત્વકી, દો તત્ત્વકી પ્રતીતિમેં ભેદજ્ઞાનસે ઐસા ભાન હોતા હૈ. ભારે વાત!

'दृग ज्ञानचरन त्रिविधि परिनयौ है'. ત્યારે ભગવાન આત્મા અપના નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન હૈ, ઐસી અંતર શ્રદ્ધા ઔર ઉસકા જ્ઞાન ઔર ઉસકા ચારિત્રકા પરિણમન, તીન દશારૂપે આત્મા પરિણમતે હૈં, હોતા હૈ. રાગરૂપે ભી હોતા નહીં પીછે ભેદ પડનેસે, એમ કહતે હૈં. આહાહા! શરીર ને આ તો માટી જડ ધૂળ હૈ, એ રૂપે તો હુઆ નહીં. જમીન, મકાનરૂપ, પૈસારૂપ હુઆ હૈ કભી? (શ્રોતા : તો જડ થઈ જાય). જડ થઈ જાય. હુઆ હી નહીં કભી. યહાઁ તો કહતે હૈં કે તત્ત્વકી પ્રતીતિ જબ ઉત્પન્ન હોતી હૈ, જીવદ્વાર હૈ ને, તો જીવ તો ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ આનંદ જ્ઞાતા–દૃષ્ટાકા સ્વભાવસે ભરા પડા ભગવાન આત્મા ઔર પુન્ય-પાપકા વિકલ્પ એ પરવિકાર વિભાવ દુઃખરૂપ, ઐસી

તત્ત્વકી પ્રતીતિ ઉત્પન્ન હોતી હૈ તો નિજ–પરકા ગુણકા ભેદજ્ઞાન હોતા હૈ. આહાહા! વિકલ્પ પર. નિજસ્વરૂપ જ્ઞાન ચૈતન્યપુંજ પ્રકાશ, ચૈતન્યનો પ્રકાશનું નૂર, પ્રકાશસ્વરૂપ, એ આત્મા. ઔર શુભ અને અશુભ રાગ; શરીર, વાણી, મન તો પર હૈ પણ રાગકા પ્રતીતિ હુઈ તત્ત્વકી તો રાગ તો પર તત્ત્વ હૈ. આહાહા! સમજમેં આયા? નહીં આયા? બહોત અચ્છા. વન્સ મોર **(once more)** કહતે હૈં વો. નાટકમેં કરતે હૈં ને વો.

ક્યા કહા? કે આત્મા જો હૈ, વો તો શુદ્ધ જ્ઞાન આનંદસ્વરૂપ અતીન્દ્રિયજ્ઞાનની મૂર્તિ ઐસા અતીન્દ્રિય આત્મા હૈ. તો જબ સ્વકી અને પરકી પ્રતીતિ યથાર્થ હોતી હૈ, ધર્મ જબ હોતા હૈ તો સમ્યક્દર્શનમેં સ્વ ઔર પરકા ભિન્ન ભાન હોતા હૈ. એ રાગ જો હૈ; અશુભ રાગ તો ભિન્ન હી હૈ, પણ શુભરાગ દયા-દાન-વ્રત-ભક્તિ–પૂજા આદિ નામસ્મરણ એ પણ વિકલ્પ હૈ, રાગ હૈ, વાસના હૈ. ઉસસે ભી મૈં ભિન્ન હૂઁ ઔર મેરેસે વો રાગ ભી ભિન્ન હૈ. આહાહા! (શ્રોતા : વાસના ક્યા?) વાસ–ગંધ. આ ગંધ નહીં હોતી હૈ વાસણમેં. કસ્તૂરી જિસમેં પડી હો, તો કસ્તૂરી લે લિયા પણ ગંધ ઉઠતી હૈ ને અંદરમેં, ઐસા રાગકી ગંધ હૈ ઉસમેં. રાગ મેરા હૈ, ગંધ હૈ. દુર્ગંધ હૈ આહાહા! ભાઈ, ધર્મની ચીજ ઐસી હૈ. આહીં સુધી પહોંચવું (બહુ કઠણ!)

આ કોઈ વાંચનેમેં એ વિચાર એવા આવ્યા ન્યાં. એમાં એ લખાણ આવ્યું છે કે ભઈ! આ બુદ્ધ તો કોળી હતા હજી કોઈક....અને એમ કે દ્રોણાચાર્યે, હિન્દુ ધર્મમાં દ્રોણાચાર્યે....ઓલી કથા આવે છે ને ભાઈ. ઓલો શિષ્ય શીખી ગયો એક, પછી ઓલા દ્રોણાચાર્ય નીકળ્યા અને કૂતરો ભસ્યો દ્રોણાચાર્યને, બધા તો ઓલે બાણ માર્યા કૂતરાને. મોઢું બંધ થઈ ગયું, મર્યો નહીં. આવી વિદ્યા કોની આ? ઐસી વિદ્યા કિસકી? કે અર્જુન સિવાય આ તો વિદ્યા હોય નહીં, તો આ કૌન હૈ? બોલાવો. (એકલવ્ય :) 'મૈં હૂઁ'. કહાઁસે વિદ્યા શીખી? કહે, આપકી પાસસે. મૈં તો આયા હી નહીં તુમ્હારે પાસ. તુમ હમારે પાસ આયા નહીં. (એકલવ્ય :) આપકી મૂર્તિ રખકર વિદ્યા સાધી. (દ્રોણાચાર્ય :)અરે! અર્જુન સિવાય મેરા તો વચન હૈ કે અર્જુન સિવાય ઐસી વિદ્યા કોઈકો નહીં મિલતી(મિલેગી). લાવો અંગૂઠા લાવો જમણા. (શ્રોતા : એકલવ્ય) હાઁ, વો ભાઈ કહેતા, હતું કંઈક એમાં એમાં નામ છે. હાં, એકલવ્ય. અંગૂઠા કાપી દીયા. તો લિખતે હૈં વો લોગ એમાં કાંઈક, અરે! આવા હિન્દુ ધર્મવાળા ઐસા કરતે હૈં? યે ધર્મ હમારે હિન્દુ નહીં ચાહિયે. આહા....!

આવા ને આવા લોકો અને દશરથનંદન રામ, જેણે શંબૂક કો માર દિયા. એ એક આવે છે કથા. શું એ ઓલા શંબૂકને આવે છે ખરું બહુ....બહુ ખ્યાલ નથી. પણ વાંસ....વાંસનું ઝાડ છે ને વાંસનું. બડા વાંસકા વન હોતા હૈ ને વાંસ, ઉસમેં વો સાધતે

થે તરવાર. કેવી નામ ચંદ્ર કે....(શ્રોતા : ચંદ્રહાસ) ચંદ્રહાસ, કોણે કહ્યું? (શ્રોતા : નેમીલાલભાઈએ) હા, ચંદ્રહાસ ખડગ સાધતા હતા શંબૂક. સાથે સાથે લક્ષ્મણ આ ગયા. લક્ષ્મણ જ છે ઘણું કરીને. લક્ષ્મણજી આ ગયા. ઉસને ખડગ લેકર વાંસના બીડામેં વો શંબૂક થા, સાધતે થે, વો તો બહોત બડી વિદ્યા થી. તો લક્ષ્મણજીએ ઉપર ઐસા માર્યા તો શંબૂક મર ગયા. દેખો રામ(દશરથ)કા નંદન....દશરથકા રામ. પછી એણે રામ નાંખ્યું. ઐસા કિયા. નહિ ઐસા ધર્મ હોતા હી નહીં, હિન્દુ ધર્મ ઐસા નહીં. ભઈ! એ તો રામ તો મહાપુરુષ હતા, તને ખબર નથી ભાઈ! આહાહા! એ તો વિકલ્પ હોતા હૈ પણ જ્ઞાની ધર્માત્મા હતા. એ તો આત્માકા આનંદકા ભાનમેં રહેતે થે. 'આવા હિન્દુધર્મ', કરીને એમ કહે, 'હિન્દુ ધર્મને બહિષ્કાર કરો. અમારે ઐસા હિન્દુ ધર્મ ચહિયે નહીં', એમ લખ્યું છે આમાં કોઈ સોલંકી છે.

અરે ભાઈ! રામ તો કોણ છે? 'નિજપદ રમે સો રામ'. એ તો અપને જ્ઞાન ને આનંદમેં રમનેવાલા રામ થા. જરીક વિકલ્પ થા રાગ ને, પણ વો ભી હેય માનકર અપનામેં વો માનતે નહીં થે. રાગ અપનેમેં નહીં માનતે થે. આહાહા! તો ઐસે લિખા હૈ કે ઐસા હિન્દુ ધર્મ હમારે ન ચાહિયે. આ બૌદ્ધ ચાહિયે. બૌદ્ધસે....બૌદ્ધમેં ધૂળમેં આહાહા! એવું આ વાંચીને થયું કે અરેરે...! આ લોકોને આ આત્મા આવો અનંત ગુણકા પિંડ વો રાગસે ભિન્ન, પહોંચના વાત (શ્રોતા : બહુ કઠણ). આહાહા! રામ જેવા પુરુષને માટે આવું કહીને હિન્દુ ધર્મ અમારે ન ચાહિયે. આમાં છે કાંઈ એ. કો'ક આ આંબેડકર છે ને. એ ગુજરી ગયા ને એના નામનો આ પત્ર કાઢ્યો. પત્ર કાઢતા હશે, આ પહેલેથી આમાં છે ને? ક્યાં ગયું પાનું?

આ રહ્યું. 'યદિ યહ સહી હૈ કે દ્રોણાચાર્યને એકલવ્યકા અંગૂઠા કટવા દિયા થા ઔર દશરથનંદન રામને શંબૂકકા વધ કિયા થા તો ઐસે કઠોર, નિર્દય, નિર્મમ હિન્દુ સમાજમેં રહેનસે અચ્છા હમ નમસ્કાર કર ઉસે અપના ઓજસ બતા દે. આવા ને આવા અરેરે! અને આ હજી આ હિન્દુ ધર્મની આ શૈલી એને બેસતી નથી, તો આ તો આત્મા (કેમ બેસે?) આહાહા! પ્રભુ તારી ચીજમેં તો વિકલ્પ ઉઠતે હૈં વો ભી દુઃખરૂપ હૈ. સમજમેં આયા? સમ્યક્‌દર્શન હોતા હૈ. આત્માકા ભાન આત્મજ્ઞાન તબ તો રાગ શુભ હોતા હૈ વો ભી દુઃખરૂપ લગતે હૈ. પરતત્ત્વ લગે ઔર મેરા તત્ત્વ તો શુદ્ધ જ્ઞાનઘન આનંદ હૈ. ઐસા ભાન વિના સબ જ્ઞાન થોથા હૈ. સમજમેં આયા? હેમંતકુમાર એમ. સોલંકી છે કો'ક લખનાર. હશે કોઈ આવા, અત્યારનાં માથાનાં ફરેલા ઘણા નીકળે છે. આહાહા! (શ્રોતા : કુમારપાળ સોલંકી, એ કુરાન માનતો થઈ ગયો) મુસલમાન થઈ

ગયો? આહાહા....અરેરે! ભાઈ.

આ આત્માની બાત હૈ. તો કહતે હૈં, 'तत्त्वश्रद्धान होनेसे निज-पर गुणकी पहिचान हुई जिससे अपने निज गुण सम्यग्दर्शन, ज्ञान, चारित्रमें परिणमन किया है, निर्मल भेदविज्ञान होनेसे उत्तम विश्राम मिला' 'विसद विवेक आयौ आछौ विसराम पायौ' આહાહા! શુભ અશુભરાગમેં જો રહતે થે, એ ભ્રમ થા, દુઃખ થા. આહાહા! ઝેરકા પ્યાલા પીતે થે. પણ આત્મા આનંદમૂર્તિ રાગસે પૃથક, ઐસા અપના ભાન હુઆ, 'विसद विवेक आयौ' રાગસે સ્પષ્ટ ભિન્ન આત્માકા જ્ઞાન હુઆ. સમજમેં આયા? आछौ विसराम पायौ. અંતર આનંદધામ ભગવાન ચૈતન્યમૂર્તિ, વો રાગસે પૃથક કરકે અપના સ્વરૂપ જબ જાના, વિશ્રામ મિલા. આનંદધામમેં વિશ્રામ મિલા આહાહા!

અનાદિકાળ વિકારમેં થાક થા, દુઃખ થા એ છૂટ ગયા. કહો પોપટભાઈ! આવી વાત છે ઝીણી. આહાહા! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. હજી તો એને સમજવું તો ક્યાં....નહીં? સાંભળવા ન મળે, બધા માખણ ચોપડે તમને આ બધા પૈસાવાળાને. આ પૈસા ખરચો અહીંયા ૨૫—૫૦ હજાર, તમને ધર્મ થાશે. ધૂળેય નહીં થાય સાંભળને! પૈસા ક્યાં તારા બાપના....બાપનાં નહીં પણ તારાં ક્યાં હતા? (શ્રોતા : બાપનાં તો ખરા) બાપનાં ય ખરાં નહીં. બાપ પડ્યો'તો આહી અને ઈ વાપરે છે ન્યાં. પછી ખબર પડી કે હાલો બાપા ન્યાં પાલીતાણે, હું જાઉં છું. કેમ પોપટભાઈ? એમ થ્યું'તું કે નહીં? પણ પછી એણે ફેરવી નાંખ્યું પાછું. બાપ ક્યાંક માને અને તમે ક્યાંક માનો....રઝળો આ ક્યાં વાત થઈ આ મેળ ખાતો? સમજાણું કાંઈ? આહાહા.

આહીં તો કહે છે કે વીતરાગ માર્ગ સર્વજ્ઞદેવ, સનાતન વીતરાગ જૈન દિગંબર ધર્મ, ઉસમેં ભી ધર્મકા નામસે દાન કી આદિ ક્રિયા કરે, તો ભી એ રાગકી મંદતાકા ભિન્ન ભાવ હૈ. આ સિવાય દૂસરામેં કરે વો તો મિથ્યાત્વકા પોષક હૈ. આહાહા! સમજમેં આયા? કહતે હૈં 'आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है' આહાહા! ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન ચૈતન્યના નૂરનો પૂર પડ્યો છે અંદર, એને અંતરનાં સ્વભાવથી શોધી લિયા, રાગ ને પુણ્યનાં આશ્રય વિના. અરે! ધર્મ તે કંઈ અપૂર્વ હોતા હૈ કે કંઈ ધર્મ સાધારણ આમ લોકો માની લે એમ ધર્મ? સમજમેં આયા? સામાયિક કરી ને પોષા કર્યા ને પડિક્કમણાં કર્યા ને ધર્મ થયું. હવે એવું ધર્મ કરતાં આવડ્યું નથી અનંતકાળમાં? આહા! ધર્મની તને ખબર નથી! જયંતિભાઈ!

આહીં તો કહતે હૈં પરમાત્મા, સંત કહતે હૈં, પરમાત્મા કહતે હૈં, જ્ઞાની કહતે હૈં, સબ એક હી બાત હૈ. ભગવાન! તારી ચીજમેં તો અમૃત ભર્યા હૈ, અમૃત હોં. પરમાત્મા

સ્વરૂપી આત્મા હૈ. આહાહા! ભારે! કેમ બેસે? પામરને પરમાત્મા કહેવો! ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત થયા. એ બધું અનંત જ્ઞાન અને અનંત દર્શન એક સમયમાં આવ્યું, આયા, કહાઁ સે આયા? બાહર સે આયા હૈ? અંદરમેં હૈ. ખબર ન મળે. સ્વસન્મુખની સમૃદ્ધિ, ઉસકી ખબર નહીં અને બહારમાં ગોતવા જાય. આહાહા! સમજે? સમજમેં આયા? કહતે હૈં કે 'आपुहीमैं आपनौ सहारौ,' દેખો રાગકા, નિમિત્તકા સહારા નહીં. સ્વભાવકા સહારા—શુદ્ધજ્ઞાનકા સહારા સે અપને કો શોધ લિયા. ઉસકા નામ સમ્યક્દર્શન અને ઉસકા નામ સમ્યક્જ્ઞાન, ઉસકા નામ ધર્મ. આહાહા!

'कहत बनारसी गहत पुरुषारथकौं'—અપના નિજસ્વરૂપ સન્મુખકા પુરુષાર્થ ગ્રહણ કરનેસે 'सहज सुभावसौं विभाव मिटि गयौ है।' વિભાવ નામ પુણ્ય અને પાપનાં વિકલ્પની ગંધ જો હૈ, અપના સ્વભાવકા ભાન સે ઉસકો દૂર કર દિયા. આહાહા! સમજમેં આયા? ભારે માર્ગ! આવો માર્ગ સાંભળ્યો ન હોય, એણે સૂના નહીં કભી. સૂને તો આ ક્યા કહતે હૈં, આ ગ્રીક—લેટિન જેવી વાત! ઓલું તો સમજાય ઝટ. ભઈ આ ૨૫ હજાર ખર્ચ્યા, ૫૦ હજાર ત્યારે ત્યાં કાંઈક કાંઈક કાંઈક થાશે ને ઓલામાં, પાપ કરે ઈ કરતાં કોઈક ધર્મ થાશે કે નહીં આમાં? ઉસમેં ધર્મ હોગા કે નહીં? ધૂળેય ધર્મ નહીં હોગા, સુન તો સહી! ઔર ઊંધી શ્રદ્ધાવાળાકો પોષણ કરના વો તો મિથ્યાત્વકા પોષણ હૈ. ભીખાભાઈ! (શ્રોતા : નવા લાકડા ઘાલ્યા) નવું લાકડું ઘાલ્યું હશે. આહાહા! ભાઈ, તારા મારગડા જુદા પ્રભુ! વાંચ્યું નહિ ઓલું, કાગળ આપ્યા છે ને ત્રણ, વાંચ્યું ને આખું? (શ્રોતા : હા.) ઠીક બહુ હારું (સારું)

'એ સાધુના મારગ રે જગતથી જુદા દોહ્યલા.' આહાહા! કામાણી, એ વાંચ્યું ને કાગળ. એ આપણે વિંછીયાના, વિંછીયાના ભાઈ છે ને ડોસા. એ પ્રેમચંદ, એનાં દીકરાનાં દીકરા. માળું પણ એવું ગજબ કરે ને એવું કરે. હજી તો કુંવારો છે, પરણ્યો નથી. લલકારે....સભામાં તો આમ....એક મિનિટ થંભી જાય. જૈન ને અન્ય એક વારમાં સમજી જાય હોં. ઘણું માણસ ત્યાં બોટાદમાં વ્યાખ્યાન હતું ને પ્રવચન, બહોત વહાઁ જૈન—જૈનેતર આતે હૈં. આ શક્તિકા વર્ણન થા. ૪૭ શક્તિયાઁ હૈ ને. આત્માકી શક્તિકા વર્ણન. આ અમરચંદભાઈનું ગામ હતું એ. ધૂન લગાવે પાછળથી એક ગાયન બોલે ને ધૂન લગાવે. આહાહા! એ જગતથી ધર્મના મારગડા જુદા છે. ભાઈ! તને ખબર નથી. બેખબરો થઈને તું પડતે હૈ, સંસારમેં રખડતે હૈં. ચોર્યાશી કાય યોનિમેં દુઃખી દુઃખી છે. એ દુઃખનાં રાગથી, અપના સ્વરૂપ શોધકર, ભિન્ન કરકે વિભાવ મિટિ ગયો. ત્યાં સુધી તો આયા થા કલ.

'पन्नाके पकायें जैसें कंचन विमल होत'—સોનાની વો ભટ્ઠી લગાતે હૈં ને. એ

નીચે હૈ દેખો. 'अशुद्ध सोनेके छोटे छोटे टुकडे करके कागजके समान पतला पीटते है, (उसे पन्ना कहते है)' પતલા બનાતે હૈં ને. આ બરફીમેં નાંખતે હૈં વરખ....વરખ. પતલા બનાતે હૈં ને. પન્ના, અહીં પન્ના લખ્યું છે ને. 'कागजके समान पतला पीटते है उन पन्नोंको तेल आदिकी रसायनसे अग्निमें पकाते है तो सोना शुद्ध हो जाता है। इस रीतिसे शोधा हुआ सोना नेशनल पाटला आदिसे बहुत उच्चतम होता है'. ઐસે આત્મામેં રાગસે ભિન્ન કરનેકી ધ્યાનાગ્નિસે ઐસા આત્મા શુદ્ધ બના દિયા, જિસમેં રાગ આદિ મળ, અપના અનુભવ સે ભિન્ન કર દિયા. આહાહા! સમજમેં આયા? વીતરાગકા માર્ગ આ હૈ ભાઈ. રાગમેં ધર્મ મનાતે હૈં, એ વીતરાગ માર્ગ હી નહીં. અજૈનમાર્ગકો જૈન કહતે હૈં લોકો. સમજમેં આયા? 'जैसे रसायनमें स्वर्णके पत्र पकानेसे वह उज्जवल हो जाता है' લ્યો. એ ૩૪(૫૬) હુઆ. હવે ૩૧ ઈ આવી ગયું ને. ૩૧ આવી ગયું. હવે ૩૨ છેલ્લો આ કળશ જીવદ્વારનો. ૩૨ હૈ એ બાજુ આખિર પાને બાવન પાને નીચે હૈ. નીચે કળશ હૈ.

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानबोधसिन्धुः।।३२।।**

'प्रोन्मग्न....' પ્ર+ઉન્મગ્ન ઉછળ્યો. ઉન્મગન–નિમગ્ન. આહાહા! જુઓ, કેટલી વાર સિન્ધુ આવ્યું. એય પ્રકાશદાસજી! જુઓ સિંધુ આયા. ભગવાન સિંધુ આત્મા! આહાહા! એને રાગથી અને પુણ્યથી ધર્મ માને, પામર થઈને મિથ્યા થઈને ભ્રમણામાં ભમતે હૈં. ૩૫. 'वस्तुस्वभावकी प्राप्तिमें नदीका दृष्टांत' એમાં ખરેખર નટી જોઈએ. ખોટી વાત છે. નદી ન જોઈએ, નટી જોઈએ. નટનો દાખલો હતો, ઉસમે નદીકા દૃષ્ટાંત નહીં હૈ. નટી....નટી....નાચનેવાલી નટી આતી હૈ ને. ઉસકા દૃષ્ટાંત દેકર....નટી હૈ. માથે હં, નદી જૂઠ હૈ. છાપવામાં ફેર પડી ગયો.

વસ્તુસ્વભાવની પ્રાપ્તિમાં નટીનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

**जैसैं कोऊ पातुर बनाय वस्त्र आभरन,**
**आवति अखारे निसि आड़ौ पट करिकैं।**
**दुहूँ ओर दीवटि संवारि पट दूरि कीजै,**
**सकल सभा के लोग देखैं दृष्टि धरिकैं।।**

तैसें ग्यान सागर मिथ्याति ग्रंथि भेदि करि,
उमग्यौ प्रगट रह्यौ तिहूं लोक भरिकैं।
ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव,
सुद्धता संभारै जग जालसौं निसरिकैं॥३५॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પાતુર(પાત્રા)=નટી, નાચનારી. અખારે=નાટ્યશાળામાં. નિશિ=રાત્રિ. પટ=વસ્ત્ર. ગ્રંથિ=ગાંઠ. નિસરિકૈં=નીકળીને.

**અર્થ :**–જેમ નટી રાત્રે વસ્રાભૂષણોથી સજ્જ થઈને નાટ્યશાળામાં પડદાની પાછળ આવીને ઊભી રહે છે તો કોઈને દેખાતી નથી, પરંતુ જ્યારે બન્ને તરફના દીવા ઠીક કરીને પડદો ખસેડી લેવામાં આવે છે તો સભાના બધા માણસોને સ્પષ્ટપણે દેખાય છે, તેવી જ રીતે જ્ઞાનનો સમુદ્ર આત્મા જે મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ રહ્યો હતો તે પ્રગટ થયો જે ત્રણલોકનો જ્ઞાયક થશે. શ્રીગુરુ કહે છે કે હે જગતના જીવો! આવો ઉપદેશ સાંભળીને તમારે જગતની જાળમાંથી નીકળીને પોતાની શુદ્ધતાની સંભાળ કરવી. ૩૫.

એ પ્રમાણે રંગભૂમિકા પૂર્ણ થઈ.

**अर्थ :**–जिस प्रकार नटी रात्रिमें वस्त्राभूषणोंसे सजकर नाट्यशालामें परदेकी ओटमें आ खड़ी होती है तो किसीको दिखाई नहीं देती, परंतु अब दोनों ओरके शमादान ठीक करके पर्दा हटाया जाता है तो सभाकी सब मंडलीको साफ दिखाई देती है, उसी प्रकार ज्ञानका समुद्र आत्मा जो मिथ्यात्वके परदेमें ढँक रहा था सो प्रगट हुआ जो त्रैलोक्यका ज्ञायक होवेगा। श्रीगुरु कहते हैं कि हे जगवासी जीवों! ऐसा उपदेश सुनकर तुम्हें जगज्जालसे निकलकर अपनी शुद्धता सम्हालना चाहिए॥३५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

उमग्यो.... આ ઉમગ્યો. प्रोन्मग्न ને. प्रोन्मग्नનો અર્થ उमग्यौ કર્યો. પંડિતજી! ઉમગ્યો–ઉછળ્યો. આહાહા!

આ બનારસીદાસકા હૈ, શેઠીજી, બનારસીદાસકા હૈ. વો શુરુ કિયા હૈ અભી. જેમ કોઈ पातुर એટલે નટી, જુઓ લખ્યું છે पातुर એટલે (पात्रा)—નટી, લખ્યું છે અંદર. 'नटी बनाय वस्त्र आभरन'—લૂગડા લૂગડા બરાબર કપડા પહેરે. 'आभरन'—ઝવેરાત. 'आवति अखारै' બહાર આવે, પણ પડદો આડો હોય, પડદા. છે ને. 'जिस प्रकार नटी रात्रिमें वस्त्राभूषणोंसे सजकर नाट्यशालामें परदेकी ओरसे आ खड़ी होती है तो किसीको दिखाई नहीं देती' આડા પડદા હૈ ને બીચમેં, તો દિખાઈ નહીં દેતી. 'दूहुँ और

दीवटि संवारि पट दूर कीजै' ઔર પટ દૂર કિયા આડા ઔર દો બાજુ દો દીવા લગાયા. ઓહોહો! નટી તો શણગાર અને આભૂષણ પહેરકર અચ્છી બની હૈ. આ તો દૃષ્ટાંત હૈ હોં.

'सकल सभाके लोग देखैं दृष्टि धारिकैं' બધી સભાના લોગ દૃષ્ટિમેં ધરકે નટીકો શણગાર અને આવરણસે દેખતે હૈં. 'तैसैं ग्यान सागर मिथ्याति ग्रंथि भेदि करि.' આહાહા! 'मज्जन्तु निर्भरममी सममेव लोका, आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण' એ એની સાથે આવ્યું પાછળ. આહાહા! એ શુભરાગકે પડદેમેં ભગવાન ભિન્ન પડા હૈ અંદર. એ શુભરાગકી એકતાકા પડદેમેં આત્મા દિખતે નહીં. પડદા નાંખે છે ને.

આ એક અમારે ત્યાં પાલેજમાં બન્યું'તું....એનો હતો ને મેનેજર, એ પિંગળા થયો'તો. થતો'તો અંદર(તૈયાર). પીંગળા...પિંગળા...ભતૃહરિનું નાટક હતું. પિંગળા નથી? ભતૃહરિમાં, રાણી એની. નાટક હતું. પાલેજમાં દુકાન બંધ કરી રાત્રે આવે નાટક જોવા જઈએ. ન્યાં ઘણા જોયેલા એવા પણ એ વખતે વૈરાગ્યનાં નાટક હતા હોં. આ બધું અત્યારે ફિલમ ફિલમ....મારામારી ને ભ્રષ્ટાચાર ને વ્યભિચાર. આહાહા! એ પિંગળા એનો જે મેનેજર હતો ને ઈ પિંગળાનો વેષ પહેરતો'તો. પણ અહીં થઈ તકરાર. કાંઈક આમ વ્હોરા છે મુસલમાન. ઓલો મફત બેસતો'તો હવે, ઘણા મફત બેસવા આવે. પૈસા દે નહીં માથાનાં ફરેલા. તકરાર થઈ તે એમ ને એમ બહાર નીકળ્યો પડદામાંથી. પડદામાં હતો ત્યાં સુધી દેખાતો નહીં સમજ્યાને. આહાહા!

એ કપડાં પહેરતો'તો ને આમ કપડાં બાંધ્યા'તા. એમ ને એમ, ઓલી તકરાર મોટી થઈને બહાર નીકળ્યો. અરે! આ તો મેનેજર કીધું. આ પિંગળા થઈને આવવાની હતી! પછી બહાર નીકળ્યા ને લોકો શાંત થયા. પાલેજની વાત છે. ઘણા વર્ષોની વાત છે. ૬૪–૬૫ની વાત હશે. સંવત ૬૪–૬૫. કેટલા વરસ થયાં? ૬૩. એ વરસની વાત છે. પણ પડદો આડો આ નાખ્યા'તા. અંદર પહેરવેશ પહેરતો'તો એ મેનેજર. કપડું ને હજી કપડું રાખ્યું'તું ને ઓલો. આમ કપડાનો ડૂચો નાખતો હતો અંદરનાં કપડામાં અને આમ કરીને બધું પહેરીને બહાર એકદમ આવવું પડ્યું ને. અરે, કીધું, આ તો મેનેજર!

એમ આત્મા, રાગ ને પુણ્યનાં પ્રેમમાં જે આત્મા અંદર સલવાઈ ગયો, અટકી ગયા હૈ. આહાહા! એ તો અનંત આનંદ અને અંતરશાંતિસે શણગાર સે ભર્યા હુઆ હૈ. ભારે કામ! કહતે હૈં 'तैसें ग्यान सागर' ચૈતન્ય ભગવાન અંતર્મુખમેં દેખનેસે તો મહાસાગર જ્ઞાનકા દરિયા–સમુદ્ર હૈ. આ દુનિયાસે વિરુદ્ધકી બાત સબ હૈ ઈજનેર. આ દુનિયાસે ભિન્નકી બાત હૈ. હમારે ઈજનેર હૈ આ વો ભી, વજુભાઈ, વાંકાનેરકા બડા,

રાજકા ઈજનેર....ઠીક પણ ન્યાં એ બહુ દુઃખી હતા બધા. રાજા હારે રાગ...રાગ...રાગ...રાગ...રાગ...ઐસા બના. એમાં એ આંહી આવી પડ્યા. આમાં ય જરી સલવાણા છે. ભઈ, સંસાર તો એવો છે. આ મકાન બનતે હૈં ને, ૧૨ લાખ કા ત્યાં અંદર તકરાર ઊઠી છે. હવે એનું કામ એનું બધું છે એ. વજુભાઈને માથે, વજુભાઈએ સબ લિયા હૈ. ક્યા કરના? લ્યો.

કહતે હૈં એ 'जब दोनों ओरके शमादान ठीक करके' એટલે દીવા....દીવા 'ठीक करके पर्दा हटाया जाता है तो सभाकी सब मंडली दिखाई देती है उसी प्रकार ज्ञानका समुद्र आत्मा'....આહાહા! એ રાગ અને પુન્ય ને પાપકા વિકલ્પકી મીઠાશ, ઐસા જો મિથ્યાત્વ ભાવ. સમજમેં આયા? મિથ્યાગ્રંથિ, શુભરાગ કે અશુભરાગ ઉસમેં એકત્વબુદ્ધિ, એ મિથ્યાત્ ગ્રંથિ હૈ. 'ग्यान सागर मिथ्याति ग्रंथि भेदि करि'—એ અજ્ઞાની એવા રાગની એકતાના ગ્રંથીને જુદી પાડી—જુદા પાડકર. ભારે ક્રિયા ભઈ! આ ક્રિયા ધર્મની. કહો, સ્વરૂપચંદભાઈ, આ ધર્મની ક્રિયા. આ ભારે આકરી વાત! બહારથી કંઈ થાતું હશે કે નહીં? આહાહા! અંદર ચૈતન્ય સાગર હૈ ને પ્રભુ, જેમાં અનંત અપરિમિત જ્ઞાન ને આનંદ પડા હૈ, ઉસકો આત્મા કહતે હૈં. ઐસા આત્મા સન્મુખ દૃષ્ટિ કરનેસે, રાગકી એકતાકી બુદ્ધિ ગાંઠ ગળ જાતી હૈ, મિથ્યાત્વકા નાશ હોતા હૈ. દૂસરા કોઈ ઉપાય ઉસકા હૈ નહીં. સમજમેં આયા?

'मिथ्याति, मिथ्यात्वके परदेमें ढँक रहा था, सो प्रगट हुआ'. પર્યાયબુદ્ધિમેં રહા થા, તો દ્રવ્યબુદ્ધિ નહીં થી વસ્તુબુદ્ધિ, એમ કહતે હૈં મૂળ તો. એક સમયકી અવસ્થા ઔર રાગકી બુદ્ધિમેં પડા થા, સારી ચીજ ઢંક રહી થી. હૈ મહાસત્તા, ઉસકો ભી માનતા નહીં. શાસ્ત્રમેં (આતા હૈ), 'હમ તો રાગી હૈ, દ્વેષી હૈ, ક્રિયા કરનેવાલા હૈ, અલ્પજ્ઞ હૈ', હમ તો એ ભણ્યા હૈ, ઐસી દૃષ્ટિ મિથ્યાત્ હૈ. મહા આત્માકા સ્વભાવસે વિપરીત બુદ્ધિ હૈ. એ જબ જ્ઞાનસાગર ભગવાન ચૈતન્ય સ્વરૂપ, એ તરફકા ઝુકાવસે જબ 'मिथ्याति ग्रंथि भेद करिकै उमग्यो' ભગવાન ચૈતન્યજળસે ઉછળ્યો. 'प्रोन्मग्न'—प्र—પ્રકૃષ્ટ ને ઉન્મગ્નં. જે ઢંકા ગયા થા વો પ્રગટ હુઆ, એમ કહતે હૈં. કહો શેઠી, ભાષા તો હિન્દી હૈ તમારી. આહાહા!

અરે! આત્મા કૈસા હૈ અને ક્યા હૈ ખબર નહી. આ બધું આ...આ...આ...ધૂળ... ધૂળ...ધૂળ. બહુ તો પુણ્ય ને પાપનાં, પાપનાં ભાવ ન કરે અને પુણ્યનાં કરે કદાચ. તો એ આત્મા....ધૂળેય નહીં હૈ, સૂન તો સહી! તેરે આત્માકી ક્યા ચીજ હૈ? ઉસમેં કૈસી લક્ષ્મી અને સંપદા—સમૃદ્ધિ હૈ? ઉસકી તેરે ખબર નહીં અને ઐસા ખબર વિના ચાહે તો

પંચમહાવ્રત પાળે સાધુ હોકર, નગ્ન હોકર, ક્રિયાકાંડમેં ૨૮ મૂળગુણ પાળે તો ભી એ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' ઐસા મહા થોથા ક્રિયાકાંડકા કરકે મર ગયો. પણ આત્મા એ ક્રિયાનાં રાગસે ભિન્ન હૈ, ઐસા સ્વભાવ તરફકા સન્મુખ દૃષ્ટિ કિયા નહીં. રાગસે ભેદ ન કિયા. ભારે કામ ભાઈ આવું. વીતરાગનો માર્ગ આવો ઝીણો! દેરાસર બનાવવા હોય, પૂજા–ભક્તિ કરવી હોય, સામાયિક પોહા (પોષા) પડિક્કમણાં કરવા હોય તો વાહ વાહ કરવી નાંખીએ. હાલો. ચાલો. તમારે કહેતા'તા ને કે અમારા બાપ ઝાઝા ધર્મી, સામાયિક કરીને બેસી જાય, આમ બેસી જાય. ભાન વિનાની સામાયિક–અજ્ઞાન; મૂર્ખાઈ ભરેલી સામાયિક. આહાહા!

કહતે હૈં 'ग्यान सागर मिथ्याति'—એ હતો'તો મિથ્યાતિ પહેલા, એમ કહતે હૈં. પણ 'ग्रंथि भेद करि' એ વિકલ્પ સન્મુખ દૃષ્ટિ થી, તો વિકલ્પકી એકતા બુદ્ધિ થી. સમજમેં આયા? પરસન્મુખ જો વૃત્તિ ઉઠતે હૈં રાગ, વો તરફ બુદ્ધિ થી તે એકતા બુદ્ધિ થી. તો વો સ્વભાવકી એકતા કરનેસે વો એકતા તૂટ જાતી હૈ. આહાહા! માર્ગ પણ ભારે! (શ્રોતા : વિધિ બતલાઈયે) આ વિધિ કહા. શીરા ઐસા હોતા હૈ. શીરા–શીરા, હલવા કહતે હૈં ને હલવા. આ મોંઘુ પડે પણ શીરા તો ઐસા હોતા હૈ. પહેલે ઘી મેં આટા શેકના, પીછે સક્કર–ગુડકા પાની ડાલના. તો ઘી પી જાતે હૈં આટા. તો ક્યા કરના? પહેલે ગુડકા–સક્કરકા પાનીમેં આટા શેકના. પીછે નાંખના ઘી. તારા ત્રણેય જાશે, સાંભળને. એ પોટીસે ય નહીં થાય.

પોટીસ સમજતે હૈં? ગૂમડું થયું હોય ત્યાં પોટીસ (લગાવે), પોટીસ ઐસે ન થાય. ઈ સ્ત્રીઓ વાતું કરે ઈ સાંભળ્યું હોય. આપણે ક્યાં કર્યું છે? કે જુઓ જાતું–વળતું ઘી નાંખવું, એમ કહે બાઈ, એની વહુને કે દીકરીને કહે. પોટીસ કરજે, પોટીસ કરના પોટીસ. ક્યા કરના? જાતું–વળતું ઘી નાંખવું. અમારી ગુજરાતી ભાષા. જાતું–વળતું એટલે ઘી બહુ પડે નહીં અને પડ્યા વિના રહે નહીં. પણ એ ડાહીની દીકરી એમ નીકળે, કે હાળું આ તો ઘી પી જાય છે આખા. માટે આપણે પહેલું ગોળનાં પાણીમાં આટા સેકે, પછી ઘી નાંખો. ધૂળે ય નહીં થાય. તારા ત્રણેય જાશે. લોટ, ગોળ ને ઘી. વિધિની રીત છે એની તેરે ખબર નથી અને શીરા હો જાયેગા?

એમ આત્મામેં રાગ અને વિકલ્પસે ભિન્ન આત્માકી શ્રદ્ધા કરના ઉસમેં અનંત પુરુષાર્થ હૈ. આહાહા! ઐસા અનંત પુરુષાર્થકી સૂઝ પડતી નહીં. લાવો, પુન્યકી ક્રિયાસે

આપનકો ધર્મ હો જાયેગા. પોટીસ નહીં હોગી. ચાર ગતિમેં રૂલના પડેગા, સૂન તો સહી. સમજમેં આયા? આહાહા! ભારે! આ શેઠિયાનાં પિતાજીકા નામકે આમ લાખ–દો લાખ ખરચી નાંખે તો કુછ હોગા કે નહીં પિતાજીકો? ભઈ, આ પાપ કરીને પૈસા એકઠા કિયા હૈ તો પછી પાંચ લાખ રૂપિયા દેનેકા વિચાર હુઆ હૈ મેરે મૃત્યુ વખતે. મૃત્યુ વખતે હોય ને એવા વિચાર. ૬૦–૭૦ લાખ થયા હોય તો પાંચ લાખ દેના હો, મેરા વિચાર ઐસા હૈ. પણ એમાં છેલ્લી બોલી ઐસી હો ગઈ હોય, વાચા બંધ ન હોય પણ તૈયારી હોય વાચા બંધની. એટલે કહે, ઓલો કહેતો હોય તો, ઓલા છોકરા બધા એમ કહેશે હોં છેલ્લે (શ્રોતા : શું કહેશે?) આહા!

'બાપુજી, અત્યારે ધરમ સંભારો. આ બધા બેઠા છે ને પાંચ લાખ કહો, અમારે આપવા શી રીતે'? (શ્રોતા : પૈસાની વાત ન કરાય. મહારાજ કહે પૈસાની વાત ન કરો) મહારાજ કહેતા'તા કે પૈસામાં ધર્મ નથી. ભાઈ, આવું બને છે ને આવું. (શ્રોતા : એમ જ બને છે.) હા....પછી ભાષા ન હોય, વચન બંધ થઈ ગયેલું હોય માળા. આ ઊંધું લેતા'તા કહે. મેં તો કહ્યું કે ભઈ, આ મારા પાપ કર્યાં મેં, પૂર્વકા પુન્ય જલ ગયા, ત્યારે ઈતની લક્ષ્મી કરોડ કે ૭૦ લાખ–૮૦ લાખ હુઆ. તો પછી પાંચ લાખ તો મારે નામે આપવા. તમારા ભાગ પાડશો છએ જણાનાં તો એક એક એમાં આવશે આટલા. તો શું સાતમો ભાગ મારો તો પાડ. આહાહા! અરે! દુનિયા પણ સ્વાર્થના પૂતળાં છે બધી હોં. આહાહા!

આહીં તો કહતે હૈં કે ઐસા ભાવ કિયા કદાચિત અને દેવામાં ન આયા તો ભી ઉસકો તો પુન્ય હોગા અને દેનેમેં આવે પીછે તો ભી ઉસકો જે ભાવ હુઆ, ઉસકા પુન્ય હૈ. ધરમ–બરમ નહીં બિલ્કુલ. જનમ–મરણકા અંત ઉસસે નહીં હૈ. સમજમેં આયા? 'प्रगट रह्यो तिहूँ लौक भरिकै' જુઓ, ત્રણ લોકકા જ્ઞાતા–દૃષ્ટા હો ગયા. આ સમ્યક્જ્ઞાન હુઆ તો સબ લોકકા જ્ઞાતા–દૃષ્ટા આત્મા હો ગયા. કોઈકા કર્તા અને કોઈકો અપના માનના વો છૂટ ગયા સબ. આહાહા! ભાઈ, આ બધા પૈસાવાળા છે જુઓ બધાં, પણ પાછળથી બધું આ થાય છે હોં, ઈ કરતાં પહેલાં જીવતાં કાંઈક મમતા ઘટાડવી.

આહીં તો કહે, ભગવાન! તેરી પૂંજીમેં અંતરમેં અનંતજ્ઞાન અને અનંતઆનંદ પ્રભુ સત્તામેં તેરી પડી હૈ. તેરી સત્તા વો હૈ, પુન્ય પાપકા વિકલ્પ એ તેરી સત્તા નહીં. તેરી સત્તામેં નહીં, તેરી સત્તા નહીં અને તેરી ચીજ નહીં. આહાહા! વીતરાગ તીર્થંકર પરમેશ્વર ઈન્દ્રોની સમક્ષ આ વાત કરતા હતા. ઉર્ધ્વલોકનાં સ્વામી ઈન્દ્ર. ભગવાન બિરાજે છે એ સીમંધર પરમાત્મા. ઈન્દ્રો આવે છે ભગવાનનાં દર્શન કરવા. આ....ત્યાં ભગવાનની વાણી આહીંથી નીકળતી હતી. વો કુંદકુંદ આચાર્ય ત્યાં ગયે ને ઐસે આ (વાણી) લાયા.

આ ભાથું લાયા ભાથું. ભાથું લાવે ને કે બાપા ક્યાં ગ્યા'તા? કંઈ લાવ્યા મારી માટે? ઘડિયાળ. આ શું કહેવાય ઇન્ડિપેન કોઈ સારી લાવ્યા કે નહીં? ભાઈ લાવ્યો.... લાવ્યો તારા સાટુ લે. પછી બેસે બધા સામું જોવા, ક્યાં છે ને કેમ છે? એમ આ ભગવાન પાસે ગ્યા'તા, તે આ લાવ્યા છે. જુઓ, આ તારે માટે ભાથું! આહાહા! ભાથા કહતે હૈં, ક્યા કહતે હૈં? (શ્રોતા : ભાથા) ભાથે. એમ આહીં પરમાત્મા સંત કુંદકુંદ આચાર્ય ઉસકા શ્લોકકા અર્થ કરનેવાલી ટીકા ઔર ઉસકા અર્થ કરનેવાલા રાજમલજી, આ ઉસકા પદ બનાનેવાલા બનારસીદાસ....

ભગવાન એમ ફરમાતે હૈં, ભાઈ! તેરા સ્વરૂપ વિકલ્પસે ભિન્ન કરકે, અંતર્મુખ દૃષ્ટિ કરનેસે આત્મા 'उमग्यौ'–ચૈતન્ય સ્વભાવસે ઉછળતે હૈં. જ્ઞાતા–દૃષ્ટા હોકર પરકા જાનનેમેં કામ લે ઐસા ઉછળતે હૈ. આહાહા! પછી રાગ હોતા હૈ, રાગકા ભી જાનનેવાલા રહેતે હૈં. ઉસકા નામ ધર્મ અને સમ્યક્દર્શન હૈ. આહા! 'उमग्यौ प्रगट रह्यौ तिहूँ लोक भरिकै'–ત્રણકાળ ત્રણલોકકો જાનનેવાલા રહ ગયા. સમજાય છે કાંઈ! 'त्रैलोक्यका ज्ञायक होवेगा' જુઓ અંદર.

જાણનાર ચૈતન્ય ભગવાન, પીછે રાગમેં દિખે, તો ભી રાગ અને સ્ત્રી અને સ્ત્રી પ્રત્યેનો વિકલ્પ, સબકા જ્ઞાતા–દૃષ્ટા રહેતે હૈં. આહાહા! સમજમેં આયા? ક્યોંકિ એ તો જ્ઞાનસાગર આત્મા હૈ. જ્ઞાન ઉછળ્યા, જ્ઞાન પ્રગટ હુઆ—'प्रोन्मग्न'–ઉછળ્યા. વો રાગમેં ઢંકા ગયા થા. રાગસે ભિન્ન પાડકર જબ સમ્યક્ હુઆ, ઓહો! અપરિમિત જ્ઞાન, અપરિમિત આનંદ ઐસા ભંડાર મૈં હૂઁ, ઐસા જ્ઞાતા હુઆ, લોકાલોકકા જાનનેવાલા હો ગયા. કોઈકો કરનેવાલા નહીં અને પરકો અપના માનનેવાલા નહીં. લ્યો, ઉસકા નામ સમ્યક્દર્શન હૈ. આહાહા! આ ચોથા ગુણસ્થાનકી બાત હૈ. પીછે સ્વરૂપમેં ઠરકર ત્રિકાળ કેવળજ્ઞાન ઉત્પન્ન હો જાતા હૈ, તો એ કેવળી હોતા હૈ. પહેલી ઐસી દશા હુએ બિના કેવળજ્ઞાન અને ચારિત્ર્ય હોતા નહીં. જીવ અધિકાર હૈ ને જીવ અધિકાર.

'ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव', હે! જગતના જીવો. 'ऐसौ उपदेस सुनि'—આવો ઉપદેશ સુનકર 'शुद्धता संभारै'. આહાહા! જે શુદ્ધતા વિસ્મરણ હૈ અને જે અશુદ્ધતા સ્મરણમેં હૈ. આહા! મૈં દયા પાળી, મૈં વ્રત કિયા અને ભક્તિ કિયા, ઐસા અશુદ્ધતાકા સ્મરણ હૈ, એ છોડ દે. 'शुद्धता संभारै' ઓહો! મૈં તો શુદ્ધ ચૈતન્યઘન એ મૈં હૂઁ, ઐસે 'शुद्धता संभारै जग जालसौं निसरिकै' એ વિકલ્પની જગજાળસે છૂટો હોકર અપની શુદ્ધતાકો યાદ કરતે હૈં, એ શુદ્ધતાકો અનુભવતે હૈ, આ ઉસકા નામ ધર્મ અને સમ્યક્દર્શન કહનેમેં આતા હૈ. ભારે મોંઘું ભાઈ કહે આ! હવે એને આહીં પહોંચવું. હવે

આવા માળા નીકળ્યા, જુઓને કહે, બૌદ્ધ લખાવો, બૌદ્ધ લખાવો. કહે, આંબેડકર આવા હતા અને આ હિન્દુમાં ધર્મનું ઠેકાણું નહોતું. હવે તને ખબર ન મળે કંઈ. એમાં આ રસ્તે આવવું ભારે કઠણ! ઓહોહો! મનનાં મૃગલાને પાછા વાળજો, આવ્યું'તું ને હમણાં. એ સરોવરકાંઠે રે મૃગલાં તરસ્યાં. પાણીનું ભરેલું સરોવર દેખાય નહીં. એને ખારીલી જમીનનાં ઝાંઝવાનાં પાણી દિખનેમેં આતા હૈ. ત્યાં શાંતિ મળે નહીં, તૃષા તૂટે નહીં અને પાણી મળે નહીં આહાહા!

એમ ચૈતન્ય સરોવર ભગવાન એને ભૂલકર આ સંભાર્યું છે ને. ભૂલકર પુણ્ય અને પાપનાં રાગમાં સાવધાન સંભારતાં એને શાંતિ ન મળે ક્યાંય, એને ધર્મ મળે નહીં. આહાહા! હજી તો આ વાત સાંભળતાં મુશ્કેલ પડે. આ શું કહે છે પણ આવી વાત, આવો ધર્મ! એ તો બાવા થઈ જાય ત્યારે આ બેસે. બાવો જ છે સૂનને! કઈ ચીજ તેરેમેં હૈ દૂસરી? રાગસે રહિત, શરીરસે રહિત, કર્મસે રહિત, પરસે ખાલી તુમ બાવા હી હૈ પરસે તો. સમજમેં આયા? આહાહા! અપના જ્ઞાન સાગરસે ભર્યા હૈ, એમ લખ્યું છે ને. 'ऐसा उपदेश सुनकर तुम्हें जगज्ञालसे निकलकर', એ જગજાળ. નામ રાગથી માંડીને સબ સંસાર—એ જગજાળ. આહાહા! પદ પણ બનાવ્યા છે ને. આહાહા!

અંદર ચૈતન્યબિંબ સાગર ભરા હૈ તો વિકલ્પકી જાલસે છૂટકર ન્યાં જા. ઐસા ઉપદેશ સુનકર એ કરના હૈ તેરેકો. જુઓ આ કરના હૈ, એ ક્રિયા નહીં? આ સત્‌ક્રિયા આવી'તી હવે આમાં. આ સત્ ક્રિયા હૈ. ભારે આકરું પડે પણ હોં માણસને. આ વાડાવાળાને તો એવું લાગે. આ....આ ધર્મ એવો કાઢ્યો છે આણે. કાઢ્યો નથી, એ તો ભગવાનનો હતો, એ આવ્યો છે બહાર. આહાહા! સમજાણું કાંઈ? આ નહીં, 'ઠીક, તુમ્હારે. ખાવા—પીવાને ત્યાગ કરવો નહીં ને ધર્મ થઈ જાય', એમ હવે એમ બોલે કેટલાક. એ રતિભાઈ, એ તમારે બધા એવું બોલે ન્યાં સામાં. મલૂકચંદભાઈ, (શ્રોતા : ....) હા, કીધું ત્યાં. એક નહીં ઘણા, એવું જ છે. આ શું થાય? એની દિશા ભૂલ્યો છે ને મૃગલો દિશા ભૂલ્યો. એને ભૂલનાં ભાંગનારા મળે તો એમાં શંકા પડે એને. શંકા પડે ઉસકો, નહીં....નહીં, એ નહીં, એ નહીં આપણે કહતે હૈ ને એ બરોબર હૈ. પાધરા એમ ને એમ પરીક્ષા થઈ જતી હશે એકડિયા શીખ્યા વિના? સ્વરૂપચંદભાઈ, ઐસે કહતે હૈં ને? અરે! એકડા હી હૈ. સૂન તો સહી. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં 'शुद्धता संभारै' છેલ્લો શબ્દ આ આવે બસ. 'जग जालसौ निसरिकैं'—જગજાળથી નાસ્તિ ઔર સ્વભાવકી અસ્તિકા જ્ઞાન. બસ ઉસકા નામ 'शुद्धता संभारै', કહેનેમેં આતા હૈ. એ અનેકાંત હૈ. અશુદ્ધતા સે ભી ધર્મ હોતા હૈ અને શુદ્ધતાસે ભી ધર્મ હોગા, એ અનેકાંત નહીં હૈ, એ તો ફૂદડીવાદ હુઆ. આહાહા! ભારે કામ છે.

એ વાત સાંભળવા તો પુણ્ય હોય તો મળે. ઔર હા પાડના તો અનંતા પુરુષાર્થ ચહિયે ત્યાં. આહા સમજમેં આયા? જીવ અધિકાર પૂરા હુઆ.

હવે પ્રથમ અધિકારકા સાર. આતમ પદાર્થ ઐસા હૈ અંદર, 'शुद्ध' હૈ. પુન્ય–પાપકા વિકલ્પ વો આત્મા નહીં, આત્મા નહીં. આત્મામેં હૈ હી નહીં. આહાહા! 'बुद्ध' હૈ. એ તો જ્ઞાનકા સમુદ્ર હૈ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન....આવે છે ને. શ્રીમદ્‌માં આતે હૈ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ; બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' સમજમેં આતે હૈં? આહાહા! શુદ્ધ બુદ્ધ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ ઔર બુદ્ધ નામ જ્ઞાનકા સાગર ચૈતન્યમૂર્તિ આત્મા આહાહા! એ ચૈતન્યસૂર્ય હૈ. 'निर्विकल्प'. અભેદ હૈ. રાગ હૈ નહીં ઉસમેં. અભેદ હૈ. અભેદ બતાના હૈ. શુદ્ધમાં ઉસે રહિત બતાયા, પણ અભેદ હૈ. એક સ્વરૂપ અખંડ આનંદમૂર્તિ પ્રભુ. સમજમેં આયા? નિર્વિકલ્પ હૈ.

'देहातीत' હૈ.' દેહ સે અતીત હૈ, રહિત હૈ 'चिच्चमत्कार' માત્ર હૈ આહાહા! જ્ઞાનકા ચમત્કાર ઉસમેં હૈ. એકક્ષણમેં ત્રણકાળ ત્રણલોકકો જાને ઐસા ચિત્તચમત્કાર, યે હી ચમત્કાર હૈ. સમજમેં આયા? કેટલાક એમ કહે ને અહીંયા આવે એને પૈસા થાય. પણ આમાં એ ચિત્યમત્કાર નહીં, ધૂળેય નથી સાંભળને હવે! સાંભળે છે ને એવું. આ ચાલે છે કે નહીં? હા, ઘણા ય કહે છે. લાકડીમાં કંઈક છે, એમ કહે છે. બધા આવે મુંબઈ ને બધે ઠેકાણે. આ લાકડીમાં કંઈક છે હોં. આમ માથે ફરે ને પૈસા થઈ જાય. પણ અહીં ગરીબે ય ઘણાં છે સાંભળને! આ તો હાથમાં પસીનો આવે, એને શાસ્ત્રને અડે તો આશાતના થાય એ સારૂં છે આ. ખોવાઈ જાય, કોઈ લઈ જાય ખાનગી. (શ્રોતા : એવું બનેલું છે.) આ બન્યું છે સોનાવત ને? (શ્રોતા : સોનાસન) સોનાસન. આ લાકડી પહેલી હતી ને ઓલી સુખડની. કો'ક લઈ ગયું કે મા'રાજની લાકડીમાં કાંઈક છે. ઈલમ હૈ ઈલમ. કરોડપતિ હોય એ એની પાસે આવે છે, આવા આવા ગૃહસ્થો. અરે ભગવાન! ચિત્‌ચમત્કાર આ આત્મા છે આહીં તો. એ ચમત્કાર–ફમત્કારનું શું કામ તારે આહીં? આહાહા! સમજમેં આયા?

દેખો, ક્યા શબ્દ પડા હૈ? ચિત્‌ચમત્કાર. આહાહા! એક ક્ષણમેં સબકો જાને ઔર રાગ ન હો, ઐસા ચૈતન્ય ચમત્કાર ભગવાન આત્મા હૈ. શ્રદ્ધામાં ખબર નહીં, જ્ઞાનમેં ખબર નહીં અને ધર્મ કરના. ધર્મ કરનેવાલા કૌન હૈ આત્મા ઈસકી ખબર નહીં. ધર્મ કરો. ક્યા ધર્મ હોગા? ધૂળમેં ય નહીં હોગા સુનને સમજમેં આયા? 'विज्ञानघन'. વિજ્ઞાનઘન લો. એ ચિતચમત્કાર કહી એ વિજ્ઞાનકા ઘન હૈ. આત્મામેં સંસારકા વિકલ્પ કા પ્રવેશ નહીં. આહાહા! દેહકા પ્રવેશ નહીં, વાણીકા પ્રવેશ નહીં, પુન્ય–પાપકા વિકલ્પ

રાગકા અંદર પ્રવેશ નહીં, ઐસા વિજ્ઞાનઘન આત્મા હૈ. સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે ઐસા આત્મા કહા હૈ. આહાહા! આહીં તો કહતે હૈં કે રાગ ઉસકો સ્પર્શતે નહીં. તો રાગસે આત્માકો ધર્મ હો, કહાઁ સે આયા? 'વિજ્ઞાનઘન.'

'आनंदकन्द' વો જ્ઞાનઘન હૈ સાથમેં આનંદ અતીન્દ્રિય આનંદકા પિંડ હૈ. શક્કરકંદમેં જૈસે મીઠાશ ભરી હૈ ઐસે આત્મામેં અતીન્દ્રિય આનંદ ભરા હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકો આત્મા કહતે હૈ. પુન્ય–પાપકા વિકલ્પ અને દુઃખ ઉસમેં હૈ નહીં. વ્યવહાર હૈ નહીં, એમ કહતે હૈં. આહાહા! હવે હજી આવા આત્માકી સુનનેમેં આવે નહીં. કે દિ' કભી સમજ કરે ને કભી શ્રદ્ધા ને અનુભવ કરે અને અનુભવ બિના ધર્મ હોતા નહીં.

'परमदेव' હૈ, લ્યો. ઓહોહો! એ તો પરમદેવ આત્મા હૈ. આવી ગયું ને, આગળ આવ્યું'તું. દિવ્યશક્તિકા ધરનેવાલા આત્મા પરમદેવ હૈ. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, ઐસી શક્તિયાઁ ૪૭ લિયા હૈ ઐસી અનંત શક્તિયાઁ....અનંત શક્તિકા દેવ હૈ. દિવ્ય શક્તિકા ધરનેવાલા દેવ હૈ, ઐસા પરમદેવ આત્મા. આહાહા! સમજમેં આયા? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ઐસી અનંત શક્તિયાઁ દૈવશક્તિ, દિવ્યશક્તિ, ઐસા દિવ્ય શક્તિકા ધરનેવાલા આત્મા વો પરમદેવ હૈ. દેવ નહીં પણ પરમદેવ હૈ, એમ કહા. આહાહા!

'सिद्ध सदृश'. જૈસા અશરીરી પરમાત્મા, 'નમો લોએ સવ્વસિદ્ધાણં' આવે છે ને. નમો સિદ્ધાણં આવે છે. પણ 'લોએ' છે એમાં મૂળ તો. નમો લોએ સવ્વસિદ્ધાણં આપણે. એ છેલ્લો શબ્દ છે ને છેલ્લો આખિરમેં નમો લોએ સવ્વસાહૂણં. એ 'લોએ' શબ્દ બધે લાગુ પાડના, પાંચેયમાં. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આયરિયાણં, નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. પણ છેલ્લા પદમાં એકમાં રાખ્યું, પણ ચારેયમાં સમજ લેના. પંડિતજી! (શ્રોતા :....) આ અંતદીપક હૈ. અંતદીપક છેલ્લા આખિરમેં. આહાહા! ઐસા ભગવાન સિદ્ધ સદૃશ હૈ. સિદ્ધ જૈસા હૈ. જૈસા સિદ્ધ ભગવાન, ઐસા હૈ. તો આદર્શ તરીકે સિદ્ધને લક્ષમાં લે. કે સિદ્ધમેં નહીં, એ મેરેમેં નહીં. સિદ્ધમેં હૈ, એ મેરેમેં હૈ. ઐસા આત્માકો અંતર્દૃષ્ટિ કરકે સમજના, ભેદજ્ઞાન કરના, અનુભવ કરના ઉસકા નામ સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન કહેનેમેં આતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૩૦, ફાગણ સુદ ૪ સોમવાર તા. ૧-૩-૧૯૭૧
## જીવદ્વારના સાર ઉપર પ્રવચન

### પ્રથમ અધિકારનો સાર

આત્મપદાર્થ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, દેહાતીત, ચિચ્ચમત્કાર, વિજ્ઞાનઘન, આનંદકંદ, પરમદેવ સિદ્ધસમા છે. જેવો તે અનાદિ છે તેવો અનંત પણ છે અર્થાત્ ન તે ઉત્પન્ન થયો છે અને ન કદી નષ્ટ પણ થશે. જો કે તે પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે પરંતુ સંસારી દશામાં જ્યારથી તે છે ત્યારથી અર્થાત્ અનાદિકાળથી શરીરથી સંબદ્ધ છે અને કર્મકાલિમાથી મલિન છે. જેમ સોનું ખાણની અંદર કાદવ રહિત રહે છે પણ ભઠ્ઠીમાં તપાવાથી શુદ્ધ સોનું થઈ જાય છે અને કાલિમા જુદી થઈ જાય છે તેવી જ રીતે સમ્યક્તપ–મુખ્યપણે શુક્લધ્યાનની અગ્નિ દ્વારા જીવાત્મા શુદ્ધ થઈ જાય છે અને કર્મકાલિમા જુદી થઈ જાય છે. જેવી રીતે ઝવેરી કાદવવાળા સોનાને ઓળખીને સોનાની કિંમત દે–લે છે તેવી રીતે જ્ઞાનીઓ અનિત્ય અને મળથી ભરેલા શરીરમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય પરમાત્માનો અનુભવ કરે છે.

જ્યારે કપડા ઉપર મેલ જામી જાય છે ત્યારે મલિન કહેવાય છે, લોકો તેનાથી ગ્લાનિ કરે છે અને બતાવે છે, પરંતુ વિવેક દૃષ્ટિથી વિચારવામાં આવે તો કપડું પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે, સાબુ–પાણીનું નિમિત્ત જોઈએ. બસ! મેલસહિત વસ્ત્રની જેમ કર્દમસહિત આત્માને કર્મકાલિમાથી જુદો જ ગણવો તે નિશ્ચયનયનો વિષેય છે. અભિપ્રાય એ છે કે જીવને ખરેખર કર્મકાલિમા લાગતી નથી. કપડાના મેલની જેમ તે શરીર આદિથી બંધાયો છે, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપ જળ દ્વારા તે સ્વચ્છ થઈ શકે છે. તાત્પર્ય એ છે કે જીવને દેહથી ભિન્ન શુદ્ધ–બુદ્ધ જાણનાર નિશ્ચયનય છે અને શરીરથી તન્મય રાગ–દ્વેષ–મોહથી મલિન, કર્મને આધીન કહેવાવાળો વ્યવહારનય છે ત્યાં પ્રથમ અવસ્થામાં આ નયજ્ઞાન દ્વારા જીવની શુદ્ધ અને અશુદ્ધ પરિણતિને સમજીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું એનું જ નામ અનુભવ છે. અનુભવ પ્રાપ્ત થયા પછી નયોનો વિકલ્પ પણ રહેતો નથી તેથી કહેવું પડશે કે નય પ્રથમ અવસ્થામાં સાધક છે અને આત્માનું સ્વરૂપ સમજ્યા પછી નયોનું કામ નથી.

**(જીવદ્વારના સારનો ત્રીજો પેરેગ્રાફ પ્રવચન નં. ૩૧ની શરૂઆતમાં મુકેલ છે.)**

## प्रथम अधिकारका सार

आत्मपदार्थ शुद्ध, बुद्ध, निर्विकल्प, देहातीत, चित्‌चमत्कार, विज्ञानघन, आनंदकंद, परमदेव, सिद्ध सदृश है। जैसा वह अनादि है वैसा अनंत भी है अर्थात् न कभी उत्पन्न हुआ है और न कभी नष्ट होगा। यद्यपि वह अपने स्वरूपसे स्वच्छ है परंतु संसारी दशामें जबसे वह है तभीसे अर्थात् अनादिकालसे शरीरसे संबद्ध है और कर्मकालिमासे मलिन है। जिस प्रकार कि सोना धाऊकी दशामें कर्दभ सहित रहता है परन्तु भट्टीमें पकानेसे शुद्ध सोना अलग हो जाता है और किट्टिमा पृथक् हो जाती है उसी प्रकार सम्यक्‌तप मुख्यतया शुक्लध्यानकी अग्निके द्वारा जीवात्मा शुद्ध हो जाता है और कर्मकालिमा पृथक् हो जाती है। जिस प्रकार जौहरी लोग कर्दम मिले हुए सोनेको परखकर दाम लेते-देते हैं उसी प्रकार ज्ञानी लोग अनित्य और मलभरे शरीरमें पूर्ण ज्ञान और पूर्ण आनंदमय परमात्माका अनुभव करते हैं।

जब कपडे पर मैल जम जाता है तब मलिन कहा जाता है, लोग उससे ग्लानि करते हैं और निरुपयोगी बतलाते हैं, परन्तु विवेकदृष्टिसे विचारा जावे तो कपड़ा अपने स्वरूपसे स्वच्छ है, साबुन पानीका निमित्त चाहिए। बस! मैल सहित वस्त्रके समान कर्दम सहित आत्माको मलिन कहना व्यवहारनयका विषय है और मैलसे निराले स्वच्छ वस्त्रके समान आत्माको कर्मकालिमासे जुदा ही गिनना निश्चयनयका विषय है। अभिप्राय यह है कि, जीव पर वास्तवमें कर्मकालिमा लगती नहीं है। कपड़े मैलके समान वह शरीर आदिसे बँधा हुआ है, भेदविज्ञानरूप साबुन और समतारसरूप जल द्वारा वह स्वच्छ हो सकता है। तात्पर्य यह कि जीवको देहसे भिन्न शुद्ध-बुद्ध जाननेवाला निश्चयनय है और शरीरसे तन्मय, राग-द्वेष-मोहसे मलिन कर्मके आधीन करनेवाला व्यवहारनय है। सो प्रथम अवस्थामें इस नयज्ञानके द्वारा जीवकी शुद्ध और अशुद्ध परिणतिको समझकर अपने शुद्ध स्वरूपमें लीन होना चाहिए इसीका नाम अनुभव है। अनुभव प्राप्त होनेके अनंतर फिर नयोंका विकल्प भी नहीं रहता इसलिए कहना होगा कि नय प्रथम अवस्थामें साधक हैं और आत्माका स्वरूप समझे पीछे नयोंका काम नहीं है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ સમયસાર નાટક. એનો જીવ દ્વાર એનો સાર, જીવદ્વારનો સાર થોડું આવ્યું છે, ફરીને.

આ આત્મા છે. જેવો જીવને અંતરમાં અનુભવ થાય ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય. જડ બધા પદાર્થો છે. એ છે, એ આત્માના નથી ને આત્મામાં નથી. આત્મ પદાર્થ તો શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે. ચૈતન્ય સ્વભાવ જ્ઞાન દર્શન આનંદ આદિ એ ત્રિકાળ

શુદ્ધ છે. આતમ પદાર્થ જ શુદ્ધ છે, એને આત્મા કહીએ. પર્યાયમાં અશુદ્ધતા છે, એ આત્મા નહીં, એ તો અનાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે, એ તો જ્ઞાનનો સૂર્ય છે, ચૈતન્યપૂંજ છે. આવી રીતે એને નજરમાં જ્યારે આવે, ત્યારે તેણે આત્મા જાણ્યો અને પ્રાપ્ત કર્યો કહેવામાં આવે. (શ્રોતા : કંઈક પહેલા તો જોઈએ ને) પહેલા કાંઈ નહીં મળે. પહેલાં આવી ગયું સવારમાં. નવનીતભાઈ કહે છે...નિરપેક્ષ આવ્યું'તું ને ભાઈ, પરમ નિરપેક્ષ વસ્તુ એવી છે. એનો સ્વભાવ જ સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા એનું સ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? એય! સ્યાદવાદ ક્યાં ગયું પણ તમારું? હમણાં સ્યાદ્વાદ નાખ્યું'તું પાછું. (શ્રોતા : સ્યાદ્વાદ....) પ્રશ્ન નારદ છે ને ઈ. ત્યાં એ કરતા હશે નારદાઈ વેડા. મુંબઈમાં પ્રશ્ન કરતા હશે. પ્રશ્નમાં નારદ જેવા....પણ જરી બહારમાં રખડવાની પ્રકૃતિ છે ને. જ્યાં ત્યાં ભટકે. એને સંભાર્યા.

ભાઈ! તું જ્યાં છો ત્યાં તો એકલો જ્ઞાનનો સાગર છે ભાઈ! એમાં નથી પુણ્ય પાપ નો રાગ, નથી શરીર, નથી કર્મ, એવો બુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા છે. બુદ્ધ એટલે ઓલા બુદ્ધ ભગવાન નહીં હોં! 'बुद्ध' એટલે જ્ઞાન ચૈતન્ય સૂર્ય પુણ્ય–પાપના વિકલ્પના રાગની પાછળ એકલો ચૈતન્ય સૂર્યપ્રભુ એને અહીં આત્મા કહેવામાં આવે છે. એ 'निर्विकल्प' છે, અભેદ છે. અભેદ એટલે એમાં ગુણ ગુણીનો ભેદ પણ છે નહીં. વસ્તુ તો અભેદ જ છે. (શ્રોતા : પ્રમાણની વાત ચાલે છે.) એ તો પર્યાય અંશ છે, એ ગુણગુણીનો પર્યાયનો ભેદ વિશેષ કરે તો વ્યવહાર નયનો વિષય છે. પણ એ અભૂતાર્થ છે, સત્યાર્થ છે (નહીં), એમ વાત છે. ભેદ સ્વરૂપ એ જીવ સ્વરૂપ જ નહીં. આંહી તો ઈ જ લેવું છે. એક સમયની પર્યાય છે, એ પણ જીવ સ્વરૂપ નહીં. મગનભાઈ, ભારે! ભગવાન. એવી ચીજ છો તું ભાઈ! તને ખબર નથી.

એ આનંદનો ધામ ભગવાન છે. એમાં અતીન્દ્રિય આનંદની એ શિલા છે. 'निर्विकल्प' અભેદ; ગુણ ગુણીનો ભેદ નહીં, એક સમયનો પર્યાયભેદ, પણ એ તો વ્યવહાર છે. વ્યવહાર છે, એ અભૂતાર્થ છે. ત્રિકાળની અપેક્ષાએ જીવ વ્યવહાર જુદો છે. આહાહા! 'देहातीत' છે. ભગવાન તો આ શરીરથી જુદો તદ્દન છે. 'જેમ નિર્મળતા એ સ્ફટિક તણી તેમ જીવ સ્વભાવ.' સ્ફટિક રત્ન હોય છે, એકલો સ્વચ્છ અને નિર્મળ. ઈ જડ છે, આ ચૈતન્ય સ્ફટિક રત્ન છે. કેમ બેસે? રાંકો થઈને રઝળે, પામર થઈને પરિભ્રમણ કરે, એને આ વસ્તુ આવી છે, તેમ બેસતી નથી. સમજાણું કાંઈ? જેમ નિર્વિકલ્પ....શું કહ્યું?

જેમ નિર્મળતા સ્ફટિક તણી એમ જીવ સ્વભાવ, એ જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે....જેમ નિર્મળતા એ સ્ફટિક તણી, તેમ જીવ સ્વભાવ રે, તે જિન

વીરે ધર્મ પ્રકાશિયો' સર્વજ્ઞ ને પરમાત્મા જિનેન્દ્રવીર દેવે કહ્યું, 'ભગવાન' તારું સ્વરૂપ તો અભેદ, દેહથી રહિત છે. એની દૃષ્ટિ કરતા તને સમ્યગ્દર્શન થાય'. કેમ કે આત્મા એવો છે. પરની અપેક્ષા રાખે તે આત્માનું ભાન થાય, એવો આત્મા જ નથી. આહાહા. સવારના આવ્યું તું ને! પરમ નિરપેક્ષ! મગનભાઈ. ભાઈ! એવો છે હોં. તું પાંગળો નથી કે લાકડીના આધારે ચાલ. તું વિકલ્પ ને વ્યવહારને આધારે તારું ભાન થાય એવો તું નથી. એવો તું નથી ને એવો એને માનવો, ભ્રમ છે ઈ. આહાહા! જેઠાભાઈ! સૂક્ષ્મ વાત છે ભગવાન. અનંતકાળથી એની જાતને જિનેન્દ્રદેવ કહે છે, એવો જ જિનેન્દ્રદેવ આત્મા છે.

કહે છે કે દેહાતીત છે. શરીરના, જડના રજકણોથી તદ્દન નિરાળો અતિત નામ જુદો અંદર ચૈતન્ય છે. દેહને અને ભગવાન આત્માને કાંઈ સંબંધ નથી. આ માટીનું પુતળું રજકણો થઈને ગોઠવાણા છે. એ કાંઈ તારી ચીજ નથી. એ તારામાં નથી. એનાથી તારી ચૈતન્ય ચમત્કાર....એ પછી આવે છે. 'चिच्चमत्कार'. ભગવાન તારો ચમત્કાર તો ચૈતન્યનો છે.' એ જગત તું તને જાણ અને તારામાં રહીને પરના આશ્રય વિના જગતના લોકાલોક પદાર્થને જાણવાની ચમત્કારિક શક્તિ તારામાં છે. આહાહા! સમજાણું કાંઈ? ચિત્ ચમત્કાર વિજ્ઞાનઘન છે ઈ, વિશેષે જ્ઞાન—ગુણનો ઘન છે ઈ.

જેમ શિયાળાનું ઘી નિવડ હોય. એમાં આંગળી તો પેસતા વાગે ઈ. શું કહેવાય? ફાંસ પછી એને છ—છ મહિના સુધી વેદન થાય. આંગળીમાં ઘીનો ફાંસ વાગે એવી કઠણ. હવે તો આ બધું કાળા બજાર થઈ ગયા છે, બધો ફેરફાર થઈ ગયો છે. પહેલાનાં....પહેલાનાં ઘી એવા હતા. જોયું' તું ને અમે આમ ઘીનું તમારે ધરમશી ભાઈ બાખરા આટલો અડધો ડબ્બો રાખતા ને ગોળ સહિત નાંખે હાથમાં, કે દોઢ પાશેર અધશેર ઘી. તે દી' ક્યાં કિંમત હતી? હવે અહીં તમારે કેટલું કંઈક કહે છે. બાર રૂપિયા કિલો ને (શ્રોતા : ૧૭ રૂા. કિલો), ૧૭ રૂા. કિલો હવે હોય તે ખરુ. તે દી' તો અઢી રૂપિયાનું શેર....સમજાણું?

જેમ ઈ શિયાળામાં કઠણ ઘીમાં આંગળી તો. પ્રવેશ ન કરે પણ તવેથો પ્રવેશ ન કરે, તવેથો વળી જાય. તવેથો સમજ્યા? તવેથો સમજને હૈ ખૂરપા, ખૂરપા! એમ ભગવાન 'विज्ञानघन' આત્મા છે, જેમાં પુણ્ય ને પાપના વિકલ્પનો પ્રવેશ નથી. કર્મ અને શરીરનો તો પ્રવેશ નથી પણ જેમાં જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવનો સ્વરૂપમાં પ્રવેશ નથી. આહાહા! એવો 'विज्ञानघन' આત્મા છે. એને જાણવો પડશે, જો હિત કરવું હોય તો અને જાણીને 'આવો આત્મા' એના પર નજર નાખતાં વાસ્તવિક સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! જોયું 'विज्ञानघन'.

'आनंदकंद' છે ઈ તો. આહાહા! અતીન્દ્રિય આનંદનો સાગર છે. એને પીતાં પીતાં અતીન્દ્રિય આનંદ પીતાં પાર ન આવે. અનુભવમાં અતીન્દ્રિય આનંદ, પીતાં પાર ન આવે એવો અતીન્દ્રિય આનંદ, કેમ બેસે? આહાહા! અહીં વલખા નાંખે છે. બહારમાં પૈસામાં આનંદ સુખમાં બહારમાં સુખ બાયડીમાં સુખ, આબરૂમાં સુખ, ધૂળમાં ય(સુખ) નથી. ભગવાન! ભૂલો પડ્યો છો તું. જ્યાં આનંદ છે ત્યાં તને ખબર નથી. સમજાણું કાંઈ? 'आनंदकंद' છે. કંદ–કંદ સકરકંદ હોય છે ને જેમ સકરકંદ મીઠો! મીઠો! એમાંય જ્યાં એને બાફીને સાકર નાંખીને...પોતે જ મીઠો છે. એમ ભગવાન આત્મા આનંદનો કંદ છે. કંદ છે, દળ છે. આહાહા! આ રજકણના અંદર ભિન્ન અતીન્દ્રિય આનંદનો રસ કંદ દળ છે. આહાહા! છોકરાઓને આઈસ્ક્રીમ નથી ચૂસતા! શું કહેવાય? કુલ્ફી. આ તો અતીન્દ્રિય આનંદને ચૂસવાલાયક ચૈતન્ય છે. અહાહા!

એવો આનંદનો ધામ ભગવાન પરમ દેવ છે ઈ. પરમ દેવ એક એક શક્તિ દિવ્ય શક્તિ, એવી અનંતી શક્તિનો સ્વામી પરમદેવ છે. જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદ વિગેરે અનંત શક્તિઓ એ શક્તિ દિવ્ય શક્તિઓ છે. એવી અનંત શક્તિનો ભગવાન દેવ સ્વામી એ પરમદેવ છે. જુઓ ને આ જ્યાં ત્યાં લખાણ આવ્યું છે, પદ્માવતીનું ભાઈ, એ તકરાર પંડિતોની એવા હાલે છે. મખનલાલજી...પદ્માવતીને માનવા આ ને આ, એ શું બાપા....દેવનો દેવ તું! એને કઈ દેવી કોણ હોય? ભાઈ! વીતરાગ પરમ દેવ માનવા એ પણ એક વિકલ્પ છે. એવા પદમાવતી ને ફદમાવતી દેવી માનવા, એ જૈનના લક્ષણ નથી, એ તો વ્યભિચારીના લક્ષણ છે. પંડિતજી અરે! જૈનમાં પણ ક્યા ચાલ્યા ગયા?

શિકોતેર અંબાજી. તમારે કાંપમાં અંબાજી બહુ માને છે. મગનભાઈ! એને ખબર છે જ્યાં ત્યાં. ૮૨નું ચોમાસું હતું ને વઢવાણ વહોરવા ગયા. ભગવાન.... ભગવાનજીભાઈ, સુંદરવાળાના અપાસરામાં શેઠ ભગવાનદાસ. ચુનીભાઈના ભાઈ નાના. વહોરવા હું ગ્યો'તો, મને કાંઈ ખબર નહીં, ઈ રસોડામાં બ્રાહ્મણ કુટતા'તા. ઓલા ડોસા. ઓલાથી લાકડાની મોગરીથી. એલા આ શું? કહે, આ માનતા કરી છે. અરર! આ ભગવાન શેઠ ઈ સુંદરવાળાના અપાસરાવાળા શેઠ (શ્રોતા : શેઠ એવા જ હોય એવા) બધાય શેઠ એવા હોય? (શ્રોતા : ઈ જાતના શેઠ....) ઈ જાતના બીજી વાત છે. નવનીતભાઈ જેવા શેઠ લ્યોને....એ પણ શેઠ બહારમાં તો કહેવાય ને....

ભાઈ! તું દેવનો દેવ છે હોં! તારે માટે બીજો દેવ હોઈ શકે નહીં, ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ પણ તારે માટે તો વ્યવહાર છે, ભાઈ! આહાહા! નિશ્ચય તું અનંત શક્તિનો ધણી છો ભાઈ! ચૈતન્ય ચમત્કારની શક્તિઓ જે અનંતી છે, સંખ્યાએ હોં. એક

એક શક્તિ દિવ્ય શક્તિ ને એક શક્તિમાં અનંતો સાગર. જેનો સ્વભાવ છે એને શું કહેવું. જેનો સ્વભાવ છે, શક્તિ છે, સત્ત્વ છે, તત્ત્વનું તત્ત્વ છે, સત્‌નું સત્વ છે. એવી એક એક શક્તિની અનંતતા, અપરિમિતતા, બેહદતા એ દિવ્ય શક્તિ છે. એવી અનંતી શક્તિનો તું પરમદેવ છો. સમજાણું કાંઈ? આ દેવ પ્રસન્ન થઈ જાયને કોઈ વ્યંતરને ભૂતડું. આહાહા! અમારે દેવ આવે. અરે ભાઈ! શું છે તને! તું અનંતવાર વ્યંતર ને મોટો વૈમાનિકનો નવમી ગ્રૈવેયકનો દેવ થયો. ભાઈ! એ દેવ નહીં, દેવ તો દિવ્ય શક્તિનો ધરનાર ભગવાન પોતે દેવ છે. એવા આત્માને અંતર ઓળખીને અંદર અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી શરૂઆત છે.

'सिद्ध सदृश' હે જેવા સિદ્ધ ભગવાન છે, એવો જ અહીંયા અંદર છે. સિદ્ધ સ્વરૂપ સદા પદ મેરો. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'जैसा वह अनादि है', એવું સ્વરૂપ તો એનું અનાદિ છે, છે ને છે. ભાઈ! તારા નજરમાં તને નથી આવ્યું. નજરમાં ન આવે એટલે કે વસ્તુ છે ઈ વઈ જાય સમજાણું કાંઈ? આહાહા! કહે છે....એ તો બે ચાર બે જણા કહે! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવની વાણીમાં આત્માનું સ્વરૂપ આ આવ્યું છે. એ તારી જાતને આવી રીતે ભગવાને ભાળી છે. (શ્રોતા : હોય ઈ ભાળેને ભગવાન). ભાણો ભાળે એવું ભાખે. આવે છે ને બારોટમાં. ભાણો બારોટ હતો. એને કોકની હારે વાતો કરતા કરતા એમ કે આવું કેમ કહે છે? 'ભાણો ભાળે એવું ભાખે'. આવે છે ને બારોટમાં કાઠીને ગરાસિયા પાસે ગ્યો હશે. કાંઈક બોલ્યો હશે કાંઈક એની ઉઘાડ દશા ભાણો ભાળે એવું ભાખે. ત્રણે ભભ્ભા. એમ ભગવાન ભાળે એવું ભાખે.

સ્વરૂપચંદભાઈ! ભગવાને આ ભાળ્યું છે પ્રભુ તારા સ્વરૂપને ભાઈ! તું તો અનાદિનો શુદ્ધ આનંદઘન છો. અનાદિનો છો, તારી ઉત્પત્તિ છે નહિ. 'अनंत भी है अर्थात उत्पन्न न हुआ और न कभी नष्ट होगा'. અવિનાશી ભગવાનની ઉત્પત્તિ ક્યાં છે અને નાશ ક્યાંથી? અરે! એના ઘરના ઘરેણાની ખબર નથી કે મારે ઘરે ઘરેણું કેવું છે? કો'કનું ઘરેણું જોયે તો, આહા! આહા! શું છે આ ભાઈ! તારા ઘરમાં તો અનંત ચૈતન્ય રત્ન પડ્યા છે. એવો જે ભગવાન અનાદિનો છે, એમ અનંતકાળ રહેનારો છે. જો કે 'यह अपने स्वरूपसे स्वच्छ है' જો કે અપના નિજ સ્વરૂપથી તો શુદ્ધ અને સ્વચ્છ જ ભગવાન છે આત્મા.

આ દેહમાં પરમાત્મા સ્વરૂપ આત્મા, એ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એમ જોઈને કહ્યું, 'ભાઈ તું તો આવો છો હોં! તને તારી ખબર નથી. તું ક્યાં રોકાઈ ગયો છે? જ્યાં જાવું ત્યાં જતો નથી'. કાં દયાને દાન ને વ્રતને વિકલ્પને મારા (એમ કરીને) રોકાઈ ગયો. વસ્તુ પડી રહી. કાં એક સમયની દશા જેટલો

હું. વસ્તુ રહી ગઈ ભગવાન. આહાહા! જેવો છો એવો અનાદિ સ્વચ્છ જ છો. 'परन्तु संसारीदशामें-' અનાદિ પર્યાયમાં સંસાર દશામાં 'जबसे वह है तभीसे-' જ્યારથી અનાદિ સંસાર દશા છે ત્યારથી અનાદિકાળથી 'शरीरसे संबद्ध' અનાદિનો શરીર સાથે નિમિત્ત સંબંધ છે. વસ્તુ સ્વભાવ સાથે કાંઈ છે નહીં. આહાહા! પર્યાયમાં એ શરીરનો સંબંધ દેખાય છે. બાપુ! એ તું નહીં. આહાહા!

છાણાનું મોઢું મોટું હોય. સમજાય છે કાંઈ! એમાં જેમ સર્પ રહેતો હોય પણ એ તો કડવો તીખો ઝેરવાળો. કેટલાકને મોઢવામાંથી સર્પ કરડે છે ને. આમ હાથ સવારમાં છાણા લેવા જાય. કટકી એમાંથી નીકળે ને કરડે, ઊંઘેય મરી જાય બહારની. એમ આ શરીરના મોઢવામાં અમૃતરૂપી આત્મા આનંદ પડ્યો છે, કહે છે. એ અનાદિનો એવો છે, નવો છે નહીં. એમ એની ભૂલ પણ અનાદિની છે દશામાં. અનાદિથી શરીરસંબંધ અને 'कर्मकालिमासे मलिन है'. પુણ્ય–પાપના મિથ્યાત્વના ભાવથી, અશુદ્ધ નિશ્ચયે મલિન છે. કર્મથી અસદ્‌ભૂત વ્યવહારનયે એ મલિન છે, એમ કહેવામાં આવે છે. શરીર સંબંધ હૈ.

'जिस प्रकारसे सोना...' સોનું, ધાતુની દશામાં....પત્થરમાં સોનું દેખાય, ખાણમાંથી જ્યારે કાઢે, ત્યારે એ દશામાં કર્દમ સહિત રહે છે. સોનું અંદર માટી સહિત દેખાય, પણ એ માટીથી તો સોનું તદ્દન ભિન્ન છે. ત્યારે એને અગ્નિ મૂકતા ઓગાળીને માટીથી જુદી કરે છે. આહાહા! શું બરાબર છે? ઓલું આવ્યું છે અગ્નિથી બાળવાનું એટલે. પણ આવું જ્યાં માને એટલે એ અગ્નિ લાગી એને, એમ કહે છે. આવો ભગવાન આત્મા છે. અરે! એના મહાત્મ્ય જ્યાં અંદર આવ્યા અને અંતર્મુખ જ્યાં ગયો, મિથ્યાત્વના ભૂક્કા અને રાગદ્વેષનો નાશ થઈ જાય છે. એવી ચીજ છે, પણ એ ચીજની એને ખબર નથી. આહાહા! (શ્રોતા : ખબર પડ્યા પછી શું કરવું?) ખબર પડ્યા પછી કરવું શું પ્રશ્ન? ખબર પડ્યા પછી ખબર થઈ ગઈ કે આવો છે, હવે એમાં સ્થિરતા થાય ઈ. શું કરવું છે? (શ્રોતા : વ્યવહાર કરવો છે) વ્યવહાર ક્યાં આવ્યો? એમાં વિકલ્પ આવે, આવે ઈ જાણે. જાણેલો પ્રયોજનવાન છે, વચ્ચે વિકલ્પ આવે એ જાણેલો પ્રયોજનવાન છે. આદરણીય કરેલો પ્રયોજનવાન છે નહિ.

એ! દેવાનુપ્રિયા, પ્રશ્ન નારદ છે ઈ. ત્યાં હિંમતભાઈને બહુ ઉખેડતા હશે મુંબઈ. કહો સમજાણું કાંઈ? છાપ તમારી એવી પડી છે. નવનીતભાઈ કહેતા હતા, હવે તમે એકલા છો. છોડી દ્યો ને બધું, રહોને(અહીંયા). એને ક્યાં પાલવતું, એને ખાવા પીવાની સગવડતાની ગૃદ્ધિ હોય ત્યાં, આંહી બધું મળે નહીં. વચ્ચે કીધું નવનીતભાઈએ, તો બાઈ રાખવી. તો ઈ યે પાલવે નહીં. સરખુ કરે ન કરે. એય! (શ્રોતા : હવે વિચાર કરશું

સાહેબ આગળ) આ તો નવનીતભાઈએ બહુ કહ્યું'તું નહીં અંદર તમને? અહાહા!

માર્ગ તો જોડિયા બળદ જેવો છે ને! સાંગડા નાખે ઉભો થાય ત્યાં પડે. અમારે ગઢડામાં ચોમાસું હતું ને બોટાદમાં ૮૧માં. મહાજનનું નહીં, જમણ હતું માણસોનું. મહાજનનું ઓલામાં વંડામાં ત્યાં વ્યાખ્યાન સાંભળીને તે ઉતરે માણસો બધાય એટલે....બધા ઢોર ને ભેગા કરેલા. હેઠા ઉતરીને ઉભા કરી દીધા પણ પગમાં કસ ન મળે...સમૂળગા ધૂ થઈને પડે, સમુકલુ વાગે. એમ જેને અંતરમાં વીર્યની જાગૃતિ સ્વભાવ સન્મુખ નથી. એને સાંગડા નાંખીને શબ્દ કરીને ઉભા કરે (શ્રોતા : પાછા પડે). એ ટકે ક્યાં સુધી? જેઠાભાઈ! આહાહા!

સોના ધાતુની દશામાં કર્દમ સહિત હોતા હૈ, પરંતુ 'भट्टीमें पकानेसे शुद्ध सोना अलग हो जाता है.' માટીથી શુદ્ધ સોનું ભિન્ન પડી જાય છે. 'और किट्टिमा पृथक् हो जाती है', કાલિમા જુદી પડી જાય છે. પરંતુ ઉસી પ્રકાર સમ્યક્ તપ....આહીં તો છેલ્લી છે ને, લેવી છે ને....શુક્લધ્યાન આખું લઈ લીધું છે. પહેલેથી અંતર અગ્નિ લગાવવી, ધર્મ ધ્યાનરૂપી પહેલી અગ્નિ. શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને એકાગ્ર થતા, ઈ પુણ્ય ને પાપ ને કર્મ ભિન્ન પડી જાય છે. રહે છે, પણ ભિન્ન પડી જાય છે. પછી સ્વરૂપમાં ધ્યાનાગ્નિ લગાવતા, એ અસ્થિરતા નાશ થઈને એકલો ભગવાન સોના સમાન સોળવલું થઈ જાય છે. કહો સમજાણું કાંઈ? સોનેસે (કાલિમા) પૃથક્ હો જાતી હૈ. 'जिस प्रकार जौहरी लोग कर्दम मिले हुए सोनेको परखकर दाम लेते-देते हैं'.એ સોનાનું દામ દે, ઈ કાંઈ કથીર એને આપે?

સોનાનો દાગીનો હોય ને પાંચ શેર દસ શેરનો પહેલા એવો રિવાજ હતો પેલા લાખ નાંખતા ને અંદર. પછી સાધારણ ઘર થઈ જાય ને દાગીનો પડ્યો હોય, ૨૫–૫૦ હજારના વેચવા નીકળે તો લાખ અંદર હોય. પેલી દુકાને જાય સોનીની. કેટલું સોનું છે આમાં? કાપ્યા વિના તોળજો. કારણ કે અમારે પાછું બીજે બતાવવું છે. કાપ્યા વિના તોળે સોની. બે ત્રાજવા લે ને બેય ત્રાજવા નાંખે પાણીમાં. એમાં પાણીમાં લાખ અને સોના બેય પડ્યા હોય. તોલ આવે સોનાનો ને લાખનો તોલ ન આવે. સોનીએ આની કોર કાપી લે, તો પછી મારે કોને બતાવવું? મારે બીજે ઘરે બતાવવું છે કે ઈ શું આપે છે? ત્રીજે ઘરે બતાવવું છે, કેટલું સોનું છે, લાવ આમાં? ભાઈ! પાંચ શેર છે સોનું ને ત્રણ શેર છે લાખ લ્યો. તોલું આવ્યું પાંચશેરનું. લાખનો તોલ ન આવે. એમ આત્મામાં પુણ્ય પાપની કિંમત ન આવે. એને સમ્યગ્જ્ઞાનથી તોળતા પુણ્ય પાપની કાલિમા એ આત્માની કિંમત નહીં એમાં. આહાહા! ભારે વાત! સમજાય છે કાંઈ?

ચૈતન્ય બાદશાહ અનંત આનંદનો ધામ વિજ્ઞાનઘન ચિત્ચમત્કાર પ્રભુ, એની કિંમત જ્ઞાનીને આવે છે. ઝવેરી ઓલા સોનાની કિંમત આપે. ઓલું કથીર હોય, એક વલ્લુ, બે વલ્લુ, એની કિંમત આપે? 'सोनेको परखकर दाम लेते-देते हैं उसी प्रकार ज्ञानी लोग अनित्य और मलभरे शरीरमें'...પુણ્ય પાપના ભાવ વિકલ્પ અનિત્ય છે, આ મળ ભરેલું શરીર ધૂળ છે, એમાં 'पूर्ण ज्ञान और पूर्ण आनंदमय परमात्माका अनुभव करते हैं.' ઓલો સોનાનો દામ આપે ઝવેરી, કથીરની કિંમત ન આપે. એમ ભગવાન આત્મા ધર્મી અનુભવ કરતા શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે, એ રાગનો અનુભવ કરે નહિ! આહાહા! વ્યવહારનો અનુભવ ન કરે, એમ કહે છે. શું કરવું? આ ઈ જ કહે છે, જુઓને.

જ્ઞાની લોગ અનિત્ય ને મળ ભરે શરીર મેં. શરીર ને અનિત્ય કહેવાય છે, પણ પુણ્ય પાપના વિકલ્પો એ અનિત્ય છે. ઉત્પન્ન થાય ને આ શરીર એમાં ભગવાન રહેલો પૂર્ણ જ્ઞાનનો પિંડ પ્રભુ ચૈતન્ય સૂર્ય આખો અને પૂર્ણ આનંદમય. બે વાત થઈ, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ. આહા આવો કહે છે. પૂર્ણ જ્ઞાન સ્વભાવ છે એ પૂર્ણ જ છે. એનો અને આનંદ સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદનો રસ. અમૃત રસ ઈ પણ પૂર્ણ જ છે ઈ પૂર્ણ આત્મા સ્વરૂપની કિંમત આપીને અનુભવ કરે છે, એમ કહે છે. પર્યાય ઉપર દૃષ્ટિ ન રાખતા, વ્યવહાર ઉપર દૃષ્ટિ ન રાખતા, નિમિત્ત ઉપર દૃષ્ટિ ન રાખતા, એકલો પરમાત્મા પૂર્ણ સ્વરૂપ જ્ઞાન ને આનંદ એનો અનુભવ કરે એની કિંમત કરે છે. આહાહા!

ભાઈ! આવો ધર્મ માળો ઝીણો પડે. ઓલા કરતા બિચારા સામાયિક ને પોષા ને પડિકમણા ને જાત્રા ને ભક્તિમાં આ ક્યાં આવ્યું પણ આમાં? ભાઈ! એ તારો ધર્મ નહીં ભાઈ! ભાઈ તને ખબર નથી. એ તો શુભ રાગની ક્રિયાઓ છે પુણ્યની. એ આત્માની ક્રિયા ને ધરમની નહીં....તને ખબર નથી. તારી ક્રિયા તો પૂર્ણ જ્ઞાન ને આનંદમાં અંતર રહેવું, અંતરનું ધ્યાન કરીને અનુભવ કરવો, એ ધર્મની ક્રિયા છે. ભારે આકરી વાત! કહો સમજાણું કાંઈ?

પરમેશ્વરના માર્ગમાં જાવું હોય તેના બારણા ખખડાવવા પડશે પહેલા એમ આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે, એને અંતર નિર્ણયમાં લેવો પડશે. પછી અનુભવ થશે. સમજાણું કાંઈ? (શ્રોતા : સ્વ ઉપલબ્ધિ તો પ્રસિદ્ધિ છે.) પ્રસિદ્ધિ છે એટલે? (શ્રોતા : છે ચોવીસે કલાક) કે દી' હતી? ધૂળેય નથી, અજ્ઞાનની ઉપલબ્ધિ છે. (શ્રોતા : ચોવીસે કલાક) ચોવીસે કલાક અજ્ઞાનની છે. રાગ તે હું અને એની ક્રિયા મારી, એ અજ્ઞાનની ઉપલબ્ધિ છે. આત્માની ઉપલબ્ધિ ક્યાં હતી? આત્માની ઉપલબ્ધિ તો તેને કહીયે કે જેમાં આનંદ ને શાંતિની પ્રાપ્તિ થાય. અતીન્દ્રિય આનંદ અને શાંતિની પ્રાપ્તિ, એ આત્માની એ ઉપલબ્ધિ

છે. સમજાણું કાંઈ?....ના ના ઈ તો નારદ છે એટલે પુછે. (શ્રોતા : જ્ઞાન સ્વરૂપ આત્મા છે પછી?) છે એટલે શું? કોને પણ? કોને? ઈ જ કીધું. એની (આત્માની) સેવા કરે એને. રાગની સેવા કરે એને જ્ઞાન સ્વરૂપ આત્મા છે?

ઈ પ્રશ્ન આવ્યો છે આમાં જીવ અધિકારમાં નહીં? શિષ્યે કહ્યું, 'મહારાજ એ તો જ્ઞાન સ્વરૂપ છે એની સેવા કરવાનું શું તમે કહો છો? અનાદિથી એ તો અનાદિનો છે જ કીધું ને.' અરે! સાંભળને! જ્ઞાન સ્વરૂપ ને આનંદ હોવા છતાં એની સેવા કોઈ દી' કરી નથી. દૃષ્ટિ ફેરવી નથી, દશા બદલી નથી. ક્યાંથી આવી તારે ઉપલબ્ધિ આત્માની? સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા, આવો આત્મા છે એવું જ્યાં અનુભવમાં આવે, દશામાં—અનુભવમાં આવે ત્યારે, તેને આત્મા જાણ્યો ને ઉપલબ્ધિ થઈ એમ કહેવામાં આવે. એમ ને એમ વાતું કરે એમાં કાંઈ હાલે? આહાહા!

અતીન્દ્રિય આનંદમય છે, અતીન્દ્રિય જ્ઞાનમય છે. મય એટલે અભેદ છે. એવી અભેદ ઉપર દૃષ્ટિ પડતા એને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે એને સમ્યગ્દર્શનમાં આત્માની ઉપલબ્ધિનો અંશ પ્રગટ થયો, એમ કહેવાય. આમ (અનુભવ) વિનાનો પડ્યો અભવીને પણ છે, એમાં શું થયું? સમજાણું કાંઈ? આવ્યું છે ને ક્યાંક? જીવ અધિકારમાં આવ્યું છે ૧૯ ગાથામાં. આત્મા તો જ્ઞાન સ્વરૂપ જ છે. વાંચ્યું છે ને, મારે વચ્ચે એક પ્રશ્નનો ગોળો. ઈ પ્રશ્ન નારદ છે. કીધું સમજાણું? ઓલા નારદ છે ને! (શ્રોતા : એ કજીયા કરાવે) કજીયા કરાવે. આ નારદ છે ને ચાલતી વાતમાં પ્રશ્ન કરે, બખેડો નથી કહેતો. અમારે નવનીતભાઈ એમ કહ્યું, પ્રવાહ પૂરે એમ કહ્યું. ભાઈ ખબર છે ને અંગત કહ્યું. નવનીતભાઈ કહે, ચાલતા પ્રશ્નમાં પ્રવાહ પૂરે છે.

નાટકમાં આવે છે, સાંભળ્યું છે ને? વડોદરા નાટક જોવા ગયા'તા ૬૪—૬૫ ની વાત હશે. (સંવત) પાલેજ. ૧૮—૧૯ની ઉંમરે. બપોરે માલ લીધો પછી નવરાશ હોય લાવ ને જોવા જઈએ. એમાં મોટું નાટક હતું, મોટું નાટક અનુસૂયાનું હતું. તે'દી બાર આનાની ટિકીટ લીધેલી ને ચોપડી લઈને, આપણને કાંઈ સમજ્યા વિના નહીં બેસીએ કીધું, એટલે લાવો ચોપડી, શું બોલે છે. ચોપડી પાછી વેચાતી લીધેલી. એમાં નારદ પહેલા આવ્યા 'બ્રહ્મા સુત હું' (શ્રોતા : બ્રહ્મા ને સુત કેવો?) 'નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું. બ્રહ્મા સુત હું'. એલા પણ બ્રહ્મા સુત આવો હોય? 'નારદ કહાવું જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું'.

રામચંદ્રજી જેવાને પણ દીકરા. હારે કુસંપ કરાવ્યાં'તા, નારદે. લવ ને શું કહેવાય? લવ ને (શ્રોતા : લવ-કુશ ને) લવ-કુશને. કારણ કરે એનો જનમ થયો બીજે. એને તો

(સીતાજીને) દેશવટો આપ્યો'તો રામચંદ્રજીએ, વનવાસ આપ્યો'તો. ધર્માત્મા હતા સીતાજી આત્મજ્ઞાની આનંદ....આનંદવાળા હતા. હવે એને બીજે પ્રસવ થયો છોકરાવનો બીજે. છોકરાવને ખબર પડી કે મારા પિતાજીએ એમ કર્યું છે. મારી માતાજીને (દેશવટો આપ્યો) 'સીધા અમે નહીં જઈએ, પહેલી લડાઈ કરીશું પછી અમે જશું. મારી માને આમ કર્યું એમણે?' લડાઈ, નારદે ગોઠવ્યું હો! એય! લડતા....લડતા....લડતા. રામચંદ્રજી લક્ષ્મણજી ઉત્તમ પુરુષો છે.

રામચંદ્રજી તો મોક્ષગામી એ જ ભવમાં મોક્ષ થઈ ગયો છે, પરમાત્મા થયા છે. પણ જ્યાં સુધી વિકલ્પ છે. રાગનો ત્યાં સુધી રાગ. આમ લડતા...લડતા...લડતા... બધા હથિયાર(બાણ) નાંખ્યા એ ખાલી ગ્યા. નારદે કીધું છોકરાવને કે ધ્યાન રાખજો એ તમારા પિતાજી છે, હા. આને ખબર નહીં કે આ મારા દીકરા છે. એવી રીતે બાણ નાંખે કે પિતાજી બચી જાય. બીજે બાણ જાય. આ શું? મારા બાણ બધા ખલાસ થઈ જાય છે. રામને થયું, બીજા લક્ષ્મણ ને રામ પાક્યાં? ભગવાન તો ના પાડે છે. (લક્ષ્મણ) વાસુદેવ ને બળદેવ એક જ હોય. બીજા થઈ શકે નહીં, શું થયું આ? એમ જ્યાં શંકા પડી. ત્યાં નારદે છોકરાવને કહી દીધું, 'બંધ કરો. હથિયાર લડાઈ બંધ કરો. જાવ એ તમારા પિતા છે પગે લાગો હેઠે ઉતરી'. (શ્રોતા : આ તો કુસંપ હતો તો સંપ કરાવ્યો) પણ પહેલા તો કુસંપ કરાવ્યો ને? એય....પેલો કરાવ્યો કે નહીં બાપને? બાણ ઉપર બાણ. ઈ તો રાજકુમાર હતા ને! ભણેલા હતા. બાણ છોડે છે. 'આ કોણ છે? ....અમારા બાણ સામા ખાલી જાય છે. અરે કોઈ બીજા પાક્યા?' એવી શંકા પડી. એવું નારદે કીધું, 'શંકા પડી છે તમારા પિતાજીને બીજા કોઈ બળદેવ–વાસુદેવ? જાવ પગે લાગો.' હેઠે આવી. અરે પિતાજી! અમે તો આપના ચિરંજીવી પુત્ર છીએ. અમારા માતાજીને આમ કર્યું એટલે જરી. પછી મળે છે. પછી તો દીક્ષા લઈ લે છે. લક્ષ્મણજીને દેહ છૂટે છે. લક્ષ્મણજીને રામચંદ્રજી છ મહિના સુધી ફેરવે છે. લવ ને કુશ બે દીકરા : 'પિતાજી, રજા આપો અમને દીક્ષા લેશું' આનંદકંદમાં રમવા માટે વનવાસી થશું. અમારે આ જોઈતું નથી. દીક્ષા લેશું'. આહાહા! એ ધન્યકાળ, ધન્ય અવસર! આ દશા આત્માની એ કરવાનો કાળ છે, આમ કહે છે. આહાહા! બીજું કાંઈ કરવા જેવું નથી. સમજાણું કાંઈ? માળો હાલ્યો તો ક્યાંક સલવાઈ ગયો. ક્યાંક, ક્યાંક, ક્યાંક, પોપટભાઈ! (શ્રોતા : સાચી વાત) ક્યાંક છોકરાવ થાય, ક્યાંક પૈસા થાય, ક્યાંક શરીર થાય, ત્યાં હલવાણો. એ તો જડ છે, પર છે, ભૂતાવળ છે.

જબ, હવે દાખલો આપે છે. 'जब कपडे पर मैल जम जाता है तब मलिन कहाता है, વાસ્તવિક કપડુ મલીન (શ્રોતા : નથી). 'जब कपडे पर मैल जम जाता

है तब मलिन कहाता है लोग उससे ग्लानि करते हैं'. શું કહે છે? મલિન કપડાની લોકો ગ્લાનિ કરે, મેલું હોય તો. પણ વસ્તુ તો મેલી નથી, એ તો સ્વચ્છ છે. મેલ તો બીજી ચીજ છે. 'निरुपयोगी बतलाते है.' ઈ કપડા પહેરવા જેવા નથી, મેલ છે, જુટ છે, ગંધ મારે છે. 'परंतु विवेकदृष्टिसे विचारा जावे तो कपडा अपने स्वरूपसे स्वच्छ हैं'. ઈ તો સ્વચ્છ જ છે. મેલ જુદી ચીજ છે. અંદર દેખાય છે. 'साबुन पानीका निमित्त चाहिए.' લ્યો, આ નિમિત્ત આવ્યું. એટલે હોય છે. એ મેલ જ્યારે નીકળવો હોય ત્યારે એ સાબુનું પાણી હોય છે. કરે છે ને ધોવે છે ને છોકરાવ આદમી. બે પગ ઉપર મારે એમ કે ઝપટ કરે છે ને. મેલ જુદો પડે. પછી પાણીમાં તારવે એટલે મેલ જુદો પડી જાય. મેલ જુદો હતો ઈ જુદો પડે. એમાં અંદર એકાકાર ક્યાં હતો? કપડાની હારે કાંઈ મેલ તન્મય નથી, તન્મય હોય તો જુદો પડે ક્યાંથી? કેમ બરાબર હે પંડિતજી?

'बस मैल सहित वस्त्रके समान कर्दम सहित आत्माको मलिन कहना व्यवहारनयका विषय है.' આહાહા! મેલ સહિત ને કપડું કહેવું. એને નિરુપયોગી કહેવું અને ગ્લાનિ કરવી એ વ્યવહારનય છે. બાપુ! ઈ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા! છે ખરું હોં! જાણવા લાયક છે, પણ આદરવા લાયક નથી. (શ્રોતા : વ્યવહાર નય એ સમ્યગ્જ્ઞાન છે?) ધૂળેય નથી વ્યવહારનય, સમ્યગ્જ્ઞાન. એકલો વ્યવહાર તો મિથ્યાજ્ઞાન છે. આત્માનો અનુભવ થયા પછી જાણે, એનું નામ ઈ વ્યવહાર જ્ઞાન છે, ઈ વ્યવહાર ને જાણે. એકલો અજ્ઞાનીનો વ્યવહાર ઈ ક્યાંથી આવ્યું એને? એકલા અશુદ્ધને જાણે ઈ તો અજ્ઞાન છે, મૂઢ છે. ઈ અશુદ્ધતા રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્ય છું એનો અનુભવ થતાં, નિશ્ચયનું ભાન થતાં, પર્યાયમાં જરી રાગ આદિ દેખાય છે. ઈ વ્યવહાર છે, અભૂતાર્થ છે, એમ જાણે છે. સચ્ચો—સાચો સ્વભાવ મારો એમાં નથી. એને લઈને મારું મલિન થઈ ગઈ છે, વસ્તુ એમેય નથી. આહાહા! જેઠાભાઈ! કહો સમજાણું કાંઈ? આહાહા!

ચૈતન્ય બાદશાહની વાત ચાલે છે. ભાઈ! અરે! પામર થઈને પડ્યો, એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. આહાહા! ઉની ઉની રોટલી હરખી, તાવડીમાંથી સીધી પડતી ન હોય ત્યાં, લાવો ઓસામણ ઉના ઉના લાવો. ધૂળેય નથી હવે સાંભળને! આહાહા.! અમૃતના ઓડકાર આવે એવી ચીજ આત્મા, એને આવા ગંધના ઓડકાર લઈને બેઠો છો તું. એમ મને ઠીક પડે છે, મૂઢ છે. સમજાણું કાંઈ? જુઓ ને મુંબઈમાં તો એમ થાય ને લગનમાં. સવારે કરે જમાડે ને બપોરે કરે લગન, સાંજે કરે શું કહેવાય તમારું? પાર્ટી સત્કાર સમારંભ. રાત્રે થઈ રહ્યું વળાવી દે. લ્યો, ઉકલે ઝટ લગન, એમ કરે છે ને. મુંબઈમાં ઉકલી ગયા બધું. આ લગન છે ને ત્રિભોવનભાઈના પૌત્રના, સાંજે ને સાંજે વિદાય. આરે આરે ભારે આ.

અરે! ભગવાન કોની હારે કર્યા? બાપુ! આત્મા આનંદ સ્વરૂપ છે. અરે! એનો સંગ છોડીને આ સંગના ક્યાં સંબંધ કર્યા? આહાહા! ભાઈ! તારા સ્વરૂપમાં ઈ છે નહીં. સંગનો રાગ પણ તારું સ્વરૂપ નથી. 'मैलसे निराले स्वच्छ वस्त्रके समान आत्माको कर्मकालिमासे जुदा ही गिनना निश्चयनयका विषय है' સાચો વિષય આ છે. રાગ ને કર્મની મલિનતાથી મારો પ્રભુ નિર્મળ છે, ભિન્ન છે. એ ભેદજ્ઞાન એનું નામ જ્ઞાન. એ રાગનો વિકલ્પ ઉઠે દયા—દાન—વ્રત, એ પણ મેલ છે. આહાહા! ભારે બેસે! એનાથી મારી ચીજ તદ્દન પ્રભુ! ભિન્ન છું, નિર્મળ છું, નિર્મળ છું. એવું પરલક્ષી જ્ઞાન થાય એ પણ જ્ઞાન નહીં. એને સ્વનો આશ્રય કરીને જે નિશ્ચયનું જ્ઞાન થાય એને જ્ઞાનને સાથે આનંદ આવે, એને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'अभिप्राय यह है कि जीव पर वास्तवमें कर्मकालिमा लगती नहीं है'. ખરેખર તો આ વસ્ત્રમાં સ્વચ્છતામાં મેલ અંદર પેઠો જ નથી. એમ ગંધ લગતી નહિ. 'कपड़े मैलके समान वह शरीर आदिसे बँधा हुआ है'. કપડાથી મેલ જેવો જુદો, એમ શરીર ને ભગવાન આત્મા. કપડા સહિત દેખાય મેલ. શરીર આદિસે બંધા હુઆ. 'भेदविज्ञानरूप साबुन और समतारूप जल द्वारा वह स्वच्छ हो सकता है' 'ભેદજ્ઞાન સાબુ ભયો', સમતા નિર્મળ સમતા રસ આવે છે ને! 'નિર્મલ સમરસ નીર, નિર્મલ સમરસ નીર'.

પુણ્ય-પાપના ભાવથી, ભગવાન નિર્મળાનંદ પ્રભુ એને જુદો અંદર જાણતા, જે સમતા પ્રગટે વીતરાગી દશા, એ નિર્મળ નીર ને રાગથી ભિન્ન પાડવો તે ભેદજ્ઞાન, એ સાબુ અને એમાંથી નિર્મળ જળમાં એને તારવે કરે, શું કહે નહીં? (શ્રોતા : તારવે તારવે.) નહીં ઓલા પાણીમાં બાયું કરે છે ને? (શ્રોતા : લૂગડા તારવે) લૂગડા ધોવે ને પહેલા, છૂટો મેલ પડી જાય પછી પહોળું લૂગડું કરીને પાણી જેને હોય ને એને. અમારે તો પાણી બહુ હતા ને ત્યાં ઉમરાળામાં નહીં. એય પાણી હાલ્યું જાય એમાં બાયું પછી ધોવે. પછી એની ભાષા કાંઈક છે. નિખારે, એવું કાંઈક છે. તે વખતની ભાષા કાંઈ યાદ નથી આવતી. તારવે, મેલ છૂટો પડી જાય.

એમ રાગથી, પુણ્યથી ભિન્ન આત્માને જાણતા સમતા પ્રગટે એનાથી આત્મા ને મેલ છૂટો પડી જાય. અહાહા! આ વસ્તુ છે. કહો! સમજાણું કાંઈ? આનું નામ સામાયિક છે. ત્યાં ભાન વિનાના સામાયિક બધા એકડા વિનાના મીંડા છે, રખડવાના ભાવ છે. ભારે કામ ભાઈ! ચૈતન્ય ચક્રવર્તી મહારાજા એનું જેને ભાન નથી, રાગથી ભિન્નનું ભેદજ્ઞાન નથી, ભેદજ્ઞાન થતા આત્મામાં શાંતિ પડે એવી સમતા નથી, એને મેલ કેમ ધોવાય? અને મેલ કેમ જાય? સમજાણું કાંઈ? હજી રીતની ખબર ન મળે. 'तात्पर्य यह कि जीवको देहसे भिन्न शुद्ध बुद्ध जाननेवाला निश्चयनय है' દેખો. સાચું જ્ઞાન તો એને કહીયે કે

દેહ ને રાગથી ભિન્ન આત્માને જાણે તેને સાચું જ્ઞાન કહીયે. સમજાણું કાંઈ? બીજાને સમજાવવું એ પણ વિકલ્પ છે. અને ઈ (ક્ષયોપશમ) જ્ઞાન છે, ઈ જ્ઞાનેય નથી. જ્ઞાન તો અંતર જ્ઞાનાનંદ સ્વભાવ તરફનો ઝુકાવ થઈ 'देहसे भिन्न शुद्ध बुद्ध जाननेवाला' એવી જ્ઞાન ને આનંદની દશા સહિતનું જ્ઞાન, એને નિશ્ચય નય કહેવામાં આવે છે.

'और शरीरसे तन्मय-' શરીરની હારે એક મેક માનવું. 'राग द्वेष मोहसे मलिन कर्मके आधीन करनेवाला व्यवहारनय है', દેખો. આ વ્યવહારનય આ. માને છે વ્યવહાર છે અજ્ઞાની, શરીર સે તન્મય, રાગ-દ્વેષ મોહ સે મલિન. 'પુણ્ય-પાપથી મલિન છું અથવા પુણ્ય-પાપ વાળો જીવ છું', એ તો વ્યવહાર નયનો વિષય, અભૂતાર્થ જુઠી દૃષ્ટિનો વિષય છે. આહાહા! 'सो प्रथम अवस्थामें इस नयज्ञानके द्वारा जीवकी शुद्ध और अशुद्ध परिणतिको समझकर', દેખો. પહેલી દશામાં આત્મા ત્રિકાળ શુદ્ધ છે, (એવું) વિકલ્પવાળું જ્ઞાન અને પર્યાયમાં અશુદ્ધતા છે એમ જાણે. સમજાણું?

'अशुद्ध परिणतिको समझकर अपने शुद्ध स्वरूपमें लीन होना चाहिए', લ્યો. અશુદ્ધ પર્યાય–દશા રાગી છે એને છોડીને શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવો, એનું નામ આત્માનું જ્ઞાન, દર્શન ને ધર્મ કહેવામાં આવે છે. ભારે ધર્મ ભાઈ આવો! આવો જિનનો ધર્મ હશે? (શ્રોતા : બીજો કોઈનો ન હોય) ઓલા તો કંદમૂળ ન ખાવા, ચૌવિહાર કરવા, છ કાયની દયા પાળવી લ્યો, એવી વાતું હાલે છે અત્યારે તો. કોણ પાળે? સાંભળને! જગતના જીવો એને પાળે, પણ એ તો એને કારણે રહ્યા છે. જીવે તોય એને કારણે ને મરે તોય એને કારણે. તું એને પાળ ને જીવાડ, એ માન્યતા ભ્રમ છે અજ્ઞાનીની. સમજાણું કાંઈ?

તત્ત્વની ભિન્નતા ને અનેકતાની તને ખબર નથી, અનેક તત્ત્વો અનેકપણે પોતાના કારણે રહ્યા છે. એને બીજો એને રાખે ને મારે, એ વસ્તુના સ્વરૂપમાં છે નહીં. એનામાં રાગ ને અજ્ઞાન થાય કે આને મારી શકું, આની દયા પાળી શકું અને દાન દઉં પૈસાના, એવો ભાવ ઈ મિથ્યાત્વનો રાગ છે. અહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? 'सो प्रथम अवस्थामें समझकर', જાણવું જોઈએ. 'अपने शुद्ध स्वरूपमें लीन होना चाहिए'. પણ જાણીને કરવું શું? ઈ રાગ છે એમ જાણીને પણ અંતરમાં ઉતરવા માટે જાણવું જોઈએ. મારું સ્વરૂપ એ છે નહીં, એમ. આહાહા! સમજાણું કાંઈ? 'नयज्ञानके द्वारा जीवकी शुद्ध और अशुद्ध परिणतिको समझकर अपने शुद्ध स्वरूपमें लीन होना चाहिए, इसीका नाम अनुभव है.' પર્યાયમાં રાગની મલિનતા છે એટલું જ્ઞાન કરીને એનાથી ખસીને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ભગવાન એનો અનુભવ કરવો, એ એનું તાત્પર્ય ને સાર છે. જીવ જાણ્યાના સાર આ છે.

ભારે આકરું! સાંભળ્યું નો હોય એને તો એવુ લાગે કે આ શું કહે છે આ? આવો માર્ગ વીતરાગનો હશે? કેમ ચંપકભાઈ! સંપ્રદાયમાં તો એ મળે, પોષા કરો, અપવાસ કરો, આઠમના આ કરો, કંદમૂળ ન ખાવ, ચોવિહાર કરો. અત્યારે તો દેશને માટે બચારા ધમાલ ધમાલ. એક જણ આવ્યો'તો દેશ હાટુ આવ્યો'તો 'મહારાજ કાંઈક શાંતિ થાય એવું આપો પુસ્તક'. હિંમતભાઈના સાળા, ક્યાં ગયા? રવિન્દ્ર, તારા મામા આવ્યા'તા. આ એટલું બોલ્યા, 'આ ધમાલમાં આ યુદ્ધમાં પડ્યા છે તોયે શાંતિ થઈ નહીં'. તોયે એક આપ્યું'તું ભગવાનદાસનું છે ને આઠ પ્રવચન અષ્ટપાહુડનું. આ છે કીધું અંદર વાંચો, પણ કઠણ પડશે. પણ એમ કહ્યું હોં, ધૂળમાં પડ્યા છે તો શાંતિ થાય. ધૂળમાંય નથી બહારમાં. મારા મરીને હેરાન થાય છે. આને વોટ દેવા રાડે રાડ્યું પાડે. આહા! હેરાનના રસ્તા માને કે અમે કાંઈક સારું કરીએ છીએ.

કહે છે, એ શુદ્ધ સ્વરૂપમાં લીન હોના એનું નામ અનુભવ છે. 'अनुभव प्राप्त होनेके अनंतर फिर नयोंका विकल्प भी नहीं रहता' લ્યો. પછી આ અશુદ્ધ પર્યાય છે ને ત્રિકાળી શુદ્ધ છું, એવો ભેદરૂપ વિકલ્પ પણ અનુભવમાં રહેતો નથી. કહો ભીખાભાઈ! કેટલો આશ્રય હશે પરનો? (શ્રોતા : રહેતો જ નથી સાહેબ). ત્રણ લોકના નાથ તીર્થંકર ફરમાવે છે કે 'મારું તને શરણ નથી કામનું ભાઈ! તું વીતરાગ મૂર્તિ આત્મા છો ભાઈ! તારા શરણને માટે તું છો બસ!' પામર થઈને બેઠો ને ઝાંવા નાંખે બહારમાં. બહારથી કાંઈક આવી જશે, કો'ક આપી દેશે, કો'કની કૃપા થઈ જાય. મોક્ષ તો કો'કની કૃપા થઈ જાય, મોક્ષ મળી જાય લ્યો. ધૂળેય મળે નહીં સાંભળને! તારા પુરુષાર્થના કાર્ય બીજા કરી દે, કેમ બને?

ઈ કહે છે, અનુભવમાં હું શુદ્ધ છું ત્રિકાળી ને પર્યાયમાં અશુદ્ધ છું, એ વિકલ્પ ભાવ પણ રહેતો નથી પછી. સમજાણું કાંઈ? (શ્રોતા : શ્રીમદે પંદર ભવમાં સમ્યક્ત્વ મારી પાસેથી લઈ જજે.) ઈ વાતું છે વાતું બધી. મારી પાસેથી લઈ જજે, એટલે કે આ દશા થાય તો તને પંદર ભવથી વધારે ન હોય એમ કહે છે. મારી પાસેથી લઈ જજે. ન્યાં ક્યાં એની પાસે હતું? (શ્રોતા : યાદ રાખે છે બરાબર) યાદ રાખે ને ઈ પ્રશ્ન નારદ છે ને! એમ કે આ પ્રમાણે હું કહું છું, એ પ્રમાણેનો અનુભવ કર. સોળમો ભવ ન થાય, પંદરે મુક્તિ થઈ જશે. જો એમ પ્રયત્ન હોય તો. પણ એમ મારી પાસેથી લઈ જજે(એટલે) તારે કાંઈ મળ્યા વિના રહેશે નહીં, એમ કહે છે. મગનભાઈ! એણે વાંચ્યું છે ઘણું ને ઘણું વાંચ્યુ છે. પછી આવા ટુચકા મુકે વચ્ચે.

'नय प्रथम अवस्थामें साधक है'. શું કહે છે? એ તો સર્વજ્ઞ પરમેશ્વરે, આત્મા અનંત ગુણ કેમ છે? કેમ હોવા જોઈએ? એની અવસ્થા કેમ છે? એનું એક રૂપ શું છે?

એને જાણવા માટે નય એટલે જ્ઞાનના અંશો પહેલે હોય છે. સમજાણું? અવસ્થાને સાધક કહેવાય, યથાર્થ વસ્તુને સિદ્ધ કરવાની અપેક્ષાએ, વસ્તુ હજી તો હોં, અનુભવ નહીં. 'और आत्माका स्वरूप समझे पीछे नयोंका काम नहीं है.' અંતર અનુભવમાં તો, મૈં આત્મા શુદ્ધ હૂઁ, પર્યાયે અશુદ્ધ, એ કોઈ પણ નયનું જ્ઞાન ત્યાં કામ કરતું નથી. સમજાણું કાંઈ? 'गुणोंके समूहको द्रव्य कहते है.' હવે વ્યાખ્યા, દ્રવ્ય ને પર્યાયની વ્યાખ્યા કરે છે. આ આત્મા જે દ્રવ્ય જેને કહીયે વસ્તુ, એ તો ગુણનો પિંડ ગુણનો સમુહ છે. એ તો આમાં આવે છે નહીં? સિદ્ધાંત પ્રવેશિકા, સિદ્ધાંત પ્રવેશિકા. દ્રવ્ય કોને કહેવાય? એય! રવિન્દ્રજી (શ્રોતા : ગુણોના સમૂહને) ગુણોના સમૂહને દ્રવ્ય કહેવાય. છોકરાવને શીખવે છે પહેલું. ગુણ શું, દ્રવ્ય શું? એની ભાન ન મળે. શબ્દની જ ખબર ન મળે. પાઠશાળામાં ય હાલે નહીં....ગોખો પાઠ....આંહી તો, તું દ્રવ્ય કોને કહેવું? દ્રવ્ય એટલે પૈસો નહીં હોં! આહા!

વસ્તુ, રજકણ હો કે આત્મા હો. ગુણોના સમૂહને દ્રવ્ય કહતે હૈં. સમજાણું? નિશાળમાં શીખવે છે. આપણા નિશાળમાં હોં પાઠશાળા. 'जीवके गुण'. હવે ગુણનો સમૂહ કહ્યો દ્રવ્ય, વસ્તુ જે ભગવાન આત્મા છે તે ગુણોનો પિંડ છે. હવે તો ગુણ કોને કહેવા? 'गुण चैतन्य, ज्ञान, दर्शन'. ચૈતન્ય સામાન્ય. ચેતનનો ચૈતન્ય ગુણ છે. આત્માનો ચૈતન્ય ગુણ છે. ઉપયોગ એના બે ભેદ-જ્ઞાન અને દર્શન આદિ હૈ. એ અનંત ગુણો છે. વસ્તુ એક ગુણનો પિંડ, ગુણ અનંત. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા–વિભુતા વિગેરે.... આહા! ઘરમાં કેટલા પૈસા હોય એની બધી ખબરું હોય એને. આટલી પેદાશ થઈ, આટલા ખર્ચ ખાતે ગયા, આટલા વધ્યા ને. પોર (પહેલાં) સાઠ લાખ હતાં. પાંચ લાખ વધ્યા, દસ લાખ વધ્યાં. એકેક ધૂળની ખબર હોય એને, ધૂળની. એના ઘરમાં શું છે એની ખબર ન મળે. આહાહા! ચૈતન્ય, જ્ઞાન, દર્શન, આનંદ, વીતરાગતા આદિ ગુણ છે ત્રિકાળ. હમણાં પ્રશ્ન આવ્યો તો કો'કનો. 'ત્યાં ગુણ તો અનંત છે. વળી તેમ સમકિતને પર્યાય કહો છો, વળી શ્રદ્ધા ને ગુણ કહો છો'. અરે! સાંભળને હવે. આવ્યો હતો કો'ક. અરે! ભગવાન વસ્તુ છે. ઈ તો ત્રિકાળ છે. એની શક્તિઓ છે. તે ગુણ છે. હવે એની હાલત થાય વર્તમાનમાં, એને પર્યાય કહેવાય. ઈ વાત લાંબી થોડી છે.

પ્રમાણ વચન ગુરુદેવ

## પ્રવચન નં. ૩૧, ફાગણ સુદ ૫ મંગળવાર તા. ૨-૩-૧૯૭૧
## જીવદ્વારનો સાર, અજીવદ્વાર પદ ૧, ૨ પર પ્રવચન

**(જીવદ્વારના સારનો પહેલો-બીજો પેરેગ્રાફ પ્રવચન નં. ૩૦માં જોઈ લેવો.)**

ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જીવના ગુણ ચૈતન્ય, જ્ઞાન, દર્શન આદિ છે. દ્રવ્યની હાલતને પર્યાય કહે છે. જીવની પર્યાયો નર, નારક, દેવ, પશુ આદિ છે. ગુણ અને પર્યાયો વિના દ્રવ્ય હોતું નથી અને દ્રવ્ય વિના ગુણ પર્યાય હોતા નથી. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાયોમાં અવ્યતિરિક્ત ભાવ છે. જ્યારે પર્યાયને ગૌણ અને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય દ્રવ્યાર્થિક કહેવાય છે અને જ્યારે પર્યાયને મુખ્ય તથા દ્રવ્યને ગૌણ કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય પર્યાયાર્થિક કહેવાય છે. દ્રવ્ય સામાન્ય હોય છે અને પર્યાય વિશેષ હોય છે, તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષયમાં સામાન્ય-વિશેષનું અંતર રહે છે. જીવનું સ્વરૂપ નિશ્ચયનયથી આવું છે, વ્યવહારનયથી આવું છે, દ્રવ્યાર્થિકનયથી આવું છે, પર્યાયાર્થિકનયથી આવું છે, વ્યવહારનયથી આવું છે, પર્યાયાર્થિકનયથી આવું છે અથવા નયોના ભેદો શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય, સદ્‌ભૂત વ્યવહારનય, અસદ્‌ભૂત વ્યવહારનય, ઉપચરિત વ્યવહારનનય ઇત્યાદિ વિકલ્પ ચિત્તમાં અનેક તરંગો ઉત્પન્ન કરે છે, એનાથી ચિત્તને વિશ્રામ નથી મળી શકતો, તેથી કહેવું જોઈએ કે નયના કલ્લોલ અનુભવમાં બાધક છે પરંતુ પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણવા અને સ્વભાવ-વિભાવને ઓળખવામાં સહાયક અવશ્ય છે. તેથી નય, નિક્ષેપ અને પ્રમાણથી અથવા જેમ બને તેમ આત્મસ્વરૂપની ઓળખાણ કરીને સદૈવ તેના વિચાર તથા ચિંતવનમાં લાગ્યા રહેવું જોઈએ.

गुणोंके समूहको द्रव्य कहते हैं, जीवके गुण चैतन्य, ज्ञान, दर्शन आदि हैं। द्रव्यकी हालतको पर्याय कहते हैं, जीवकी पर्यायें नर, नारक, देव, पशु आदि हैं। गुण और पर्यायोंके बिना द्रव्य नहीं होता और गुण-पर्याय बिना द्रव्यके नहीं होते, इसलिए द्रव्य और गुण-पर्यायोंमें अव्यतिरिक्त भाव है। जब पर्यायको गौण और द्रव्यको मुख्य करके कथन किया जाता है तब नय द्रव्यार्थिक कहलाता है और जब पर्यायको मुख्य तथा द्रव्यको गौण करके कथन किया जाता है तब नय पर्यायार्थिक कहलाता है। द्रव्य सामान्य होता है और पर्याय विशेष होता है, इसलिए द्रव्यार्थिक और पर्यायार्थिक नयके विषयमें सामान्य-विशेषका अन्तर रहता है। जीवका स्वरूप

निश्चयनयसे ऐसा है, व्यवहारनयसे ऐसा है, द्रव्यार्थिकनयसे ऐसा है, पर्यायार्थिकनयसे ऐसा है, अथवा नयोंके भेद शुद्ध निश्चयनय, अशुद्ध निश्चयनय, सद्भूत व्यवहारनय, असद्भूत व्यवहारनय, उपचरित व्यवहारनय इत्यादि विकल्प चित्तमें अनेक तरंगें उत्पन्न करते हैं, इससे चित्तको विश्राम नहीं मिल सकता, इसलिए कहना होगा कि नयके कल्लोल अनुभवमें बाधक हैं परन्तु पदार्थका यथार्थ स्वरूप जानने और स्वभाव-विभावके परखनेमें सहायक अवश्य हैं। इसलिए नय, निक्षेप और प्रमाणसे अथवा जैसे बने तैसे आत्मस्वरूपकी पहिचान करके सदैव उसके विचार तथा चिंतवनमें लगे रहना चाहिए।

---

આ નાટક સમયસાર. જીવદ્વાર અધિકારનો સાર. ત્રીજો પેરેગ્રાફ, નીચે છે.

'गुणोंके समूहको द्रव्य कहते हैं'. શું કહે છે? આત્માને ઓળખવો છે ને! તો આત્મા દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એનું જ્ઞાન કરવું જોશે ને! એમને એમ ઓઘે ઓઘે આત્મા કરે એમ ન ચાલે, એમ કહે છે. (શ્રોતા : ઓઘે ઓઘે એટલે શું?) ઓઘે એટલે સમજ્યા વિના, આ આત્મા છે, આ ગુણો છે, શું સમજવું આમાં? ઓલા સ્વભાવ રત્નત્રય ઠેકાણાં, સ્વભાવ રત્નત્રય છે. બપોરે કહે, સ્વભાવ રત્નત્રય. સ્વભાવ રત્નત્રય તો પર્યાય છે, પર્યાય છે. સ્વભાવ રત્નત્રય ત્રિકાળની વાત નહોતી. આને સમજાણું શબ્દ, સ્વભાવ રત્નત્રય છે. એટલે એને સમજવું જોઈએ, એમ કહે છે. સવારના આવ્યું તું ને! (શ્રોતા : અમને બધાને લાગુ પડે છે ને) એમ નહીં, જરી જરી એ ડહાપણ કરે છે ને એ થોડું, એટલે એને કહેવાય. આંહી તો કહે છે કે સ્વભાવ રત્નત્રય જે ધર્મ છે ને, ઈ શું ચીજ છે? આમ ધર્મ ધર્મ કહે છે, પણ ધર્મ છે શું? એ કાંઈ વસ્તુ છે? કે વસ્તુની ગુણ શક્તિ છે? કે વસ્તુની પ્રગટ અવસ્થા છે? સમજાણું કાંઈ?

એક જણાને પૂછ્યું તું ઘણા વરસ પહેલા. સુંદરવડાના અપાસરે ૭૬ની સાલમાં. કીધું, આ સામાયિક એટલે શું? દ્રવ્ય હશે, ગુણ હશે કે પર્યાય હશે? સાધુ હતો સાધુ. (જવાબ આવ્યો) 'મારા ગુરુએ મને શીખવ્યું નથી કાંઈ'. પોતે સંયમી. પોતે ધોયેલ મૂળા જેવા. કીધું, સામાયિક કહેવાય આ, એને દ્રવ્ય કહેવું? ગુણ કહેવું, પર્યાય કહેવી? કાંઈ ખબરૂ વિના એમને એમ આંધળે આંધળા. (શ્રોતા : દ્રવ્ય ગુણ પર્યાય શબ્દેય સાંભળ્યો ન હોય) કહે છે, પંડિતજી! દ્રવ્ય કોને કહે છે? આત્મા....આ સુંદરવડાના અપાસરે હતું. વીરમગામનો હતો નહીં? મોહનલાલ પાસે દીક્ષા લીધી હતી. ૭૬ ની વાત છે, ઘણા વર્ષ થઈ ગયા, ૫૧ વર્ષ.

આ આત્મા છે ને આ પરમાણુ રજકણ—પોઈન્ટ. આ તો ઘણા રજકણનો પિંડ છે, કંઈ ગુણ નથી. એક રજકણ કટકો કરતા છેલ્લો કટકો રહે, એને દ્રવ્ય કહીએ, જડ દ્રવ્ય.

આ આત્મા જે છે અંદર એ અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિનો પિંડ એને દ્રવ્ય કહીએ. ગુણોના સમૂહકો દ્રવ્ય કહતે હૈં. એમ જીવમાં...હવે એની વ્યાખ્યા કરે છે. 'जीवके गुण चैतन्य, ज्ञान, दर्शन आदि है'. જીવમાં ગુણ જાણવું, દેખવું, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભુતા વગેરે અનંત ગુણો જીવદ્રવ્યની અંદર છે. જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ આદિ છે. તેમ આત્મામાં એના ગુણો જાણવું, દેખવું, આનંદ વગેરે અનંતા ગુણો છે. આવું કોણ જાણે ક્યાં, સામાયિક કરો ને પડિકમણા કરો, થઈ ગયું. ધૂળધાણી નથી તારી સામાયિકને પડિક્કમણા બધા રણમાં પોક મૂકવા જેવા છે. સમજાણું કાંઈ? વસ્તુ શું છે ઈ જ્યાં ખબર નથી. ધર્મ કરનારો એને દ્રવ્ય કેમ કહેવું? એને શક્તિ કેમ કહેવી? એની દશા કેમ કહેવી? એની ખબર ન મળે. પોપટભાઈ! (શ્રોતા : આવતું નહોતું) નહોતું આવતું લ્યો. આ બધું કર્યું છે, પંડિતજીની હારે.

ગુણોં કે સમૂહકો દ્રવ્ય કહતે હૈં, સમજાય છે? જેમ સોનું, એ સોનું દ્રવ્ય કહીએ વસ્તુ અને પીળાશ, ચીકાશ વજન એ એના ગુણો કહીએ. એમ આત્મા દ્રવ્ય કહીએ, વસ્તુ એટલે કે અનંત શક્તિનું એક રૂપ એને દ્રવ્ય કહીએ. અને એના ગુણો કાયમ રહેનારા ચૈતન્ય, જાણવું, દેખવું, આનંદ આદિ એના ગુણો અંદરમાં અનંત છે. 'द्रव्यकी हालतको पर्याय कहते हैं'. એ વસ્તુ જે છે ભગવાન આત્મા, એની દશા-હાલત-પર્યાય-અવસ્થા એને અહીંયા પર્યાય અવસ્થા કહે છે. 'जीवकी पर्यायें नर, नारक, देव पशु आदि है' ઓલો ખુલાસો કરવો પડ્યો ને ગુણને ચૈતન્ય, જ્ઞાન, દર્શન આદિ પણ એની પર્યાય. આ મનુષ્યની ગતિનો ભાવ, નરકની ગતિનો ભાવ, દેવ, પશુ, રાગ-દ્વેષ અને જ્ઞાન દર્શન ચારિત્રની પ્રગટ અવસ્થા, એ બધાને પર્યાય અવસ્થા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ગુણ અને આ જ્યાં વસ્તુની ખબર ન મળે. (અને) આત્મા આત્મા કરે પણ આત્મા શું ચીજ છે?

'गुण और पर्यायोंके बिना द्रव्य नहीं होता'. આ આત્મા વસ્તુ છે એ જાણવું, દેખવું, આનંદ આદિ ગુણો ને એની વર્તમાન દશા, હાલત. એ ગુણ એટલે કાયમ રહેનારી શક્તિ ને અવસ્થા—વર્તમાન દશા. એ ગુણ ને હાલત વિના એ વસ્તુ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે કહે, આ આત્મા છે ને આ સમ્યક્દર્શન ને આ પર્યાય, પણ આ પર્યાય શું છે? એની સ્થિતિ કેટલી? ગુણની સ્થિતિ કેટલી? દ્રવ્યની સ્થિતિ કેટલી દ્રવ્ય તે ત્રિકાળી રહેનાર છે. એનામાં જે જ્ઞાન, દર્શન, આનંદ ગુણો એ પણ ત્રિકાળ રહેનાર છે. અને પર્યાય છે. તે વર્તમાન એક સમયની હાલત છે. સમજાણું કાંઈ? 'और गुण-पर्याय बिना द्रव्यके नहीं होते' ગુણ, પર્યાય બિના દ્રવ્ય કે નહીં હોતે. દ્રવ્ય વિના ગુણ, પર્યાય હોય નહીં. 'इसलिए द्रव्य और गुण-पर्यायोंमें अव्यतिरिक्त भाव है'. એ

માટે દ્રવ્ય એટલે આત્મા અને એના ગુણ એટલે શક્તિઓ અને એની ધર્મ કે અધર્મની દશા અવ્યતિરિક્ત નામ જુદા છે નહીં. અવ્યતિરિક્ત એટલે જુદા નથી.

સોનામાં વસ્તુ સોનું એમાં પીળાશ, ચીકાશ, વજન એના ગુણો સોનાથી જુદા નથી. તેમ કુંડલ, કડાની અવસ્થાઓ સોનાની, એ પણ કાંઈ સોનાના દ્રવ્યથી જુદી નથી. સમજાણું કાંઈ? એમ આત્મા વસ્તુ છે, એનો ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ-શક્તિ-ગુણો છે. એની અવસ્થાનું ભાન ન હોય એટલે રાગ ને પુણ્ય એ મારા એવી અવસ્થા, તે મિથ્યાત્વની અવસ્થા છે. સમજાણું કાંઈ? અને આત્મા અનંત આનંદમય ધ્રુવ સ્વરૂપ છે, એવું અંતરમાં ભાન થતાં, ધર્મની દશા સમ્યકદર્શન જ્ઞાન પ્રગટે, એ પર્યાય છે. સિદ્ધપદ પણ પ્રગટે એ પર્યાય છે. ઈ ગુણ નથી. સમજાણું કાંઈ? ગુણ, પર્યાય અવ્યતિરિક્ત....

'जब पर्यायको गौण और द्रव्यको मुख्य करके कथन किया जाता है'. જાણવાની અપેક્ષાએ વાત છે. અવસ્થા જે આત્મામાં હોય દશાઓ, એનું મુખ્યપણું ન કરતાં એને ગૌણ કરીને અંતર વસ્તુને જ્યારે જણાવવી હોય, દ્રવ્ય એટલે વસ્તુ, એના કથનને 'नय द्रव्यार्थिक कहलाता है'. એ જ્ઞાનના અંશને, દ્રવ્યનો પ્રયોજન જેને જ્ઞાનમાં છે, એથી એને દ્રવ્યાર્થિક નય કહેવામાં આવે છે. એણે આત્માને સમજવાની ભાંજગડ કોઈ દિ' કરી નથી. આ રખડવાના ભાવ કર્યા એણે. આહાહા! ગુરુ ન મળે, એણે કર્યું નથી, માટે ગુરુ મળ્યા નથી. એમ તો તીર્થંકર અનંતવાર મળ્યા. સભામાં અનંતવાર ગયો તીર્થંકરની સભામા. શું થાય? એ પોતે ન સમજે ત્યાં એને કોણ સમજાવે? કારણ કે એની અવસ્થાનો બદલો એ ન કરે તો બીજો શી રીતે કરાવે? સમજાણું કાંઈ?

કહે છે, આત્મા વસ્તુ છે. દરેકમાં એમ છે, પણ અહીં તો આત્માની આ વ્યાખ્યા છે. જીવદ્વાર હતો ને! એટલે આત્મા જે પદાર્થ છે અંદર વસ્તુ, તે ત્રિકાળ છે અવિનાશી. એમાં જ્ઞાન દર્શન આદિ ગુણો અનંત આનંદ છે, એ પણ અવિનાશી ધ્રુવ છે. એની વર્તમાનમાં દશા થાય, હાલત થાય એને પર્યાય અવસ્થા કહેવામાં આવે છે. તો મોક્ષનો માર્ગ પણ પર્યાય છે. દાંત કાઢે છે. સ્વભાવ રત્નત્રય નહીં એમ કરીને....ત્રિકાળમાં સ્વભાવમાં રત્નત્રય પડ્યું છે. ત્યાં પણ સ્વભાવ રત્નત્રયની વ્યાખ્યા જ ત્યાં નથી. ત્યાં સ્વભાવ રત્નત્રય તો પર્યાયની વ્યાખ્યા છે. કાલ સવારમાં આવ્યું તું ને! પછી ત્યાં આવ્યું, એ ધ્રુવ આવ્યું'તું. પણ મગજ આમ ફર્યા કરતું હોય ને. જ્યાં ત્યાં રખડાઉ ને પેઠે. શું કીધું?

અંદર વસ્તુ જે કીધી...એ બે મિનિટમાં આવ્યુંને. જે સહજ પરમપારિણામિક ભાવે

સ્થિત એ દ્રવ્ય કીધું. એમાં સ્થિત અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધ જ્ઞાન ચેતના પરિણામ જે, તે નિયમ છે, એમ આવ્યું હતું. આટલો શબ્દ આવ્યો હતો. ઝીણી વાત છે! એમ ગોખે ને એમને એમ સાંભળે રાખે ને જાઓ સમજી ગ્યા. સમજી ગ્યા? શું સમજે? ભગવાન સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે જે...નિયમસાર છે ને? કે નિયમ કોને કહેવો? જે ભગવાન આત્મા પરમ પારિણામિક સહજ સ્વભાવભાવ ત્રિકાળ, એમાં રહેલા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંતવીર્ય એ રૂપ, ચારનું એકરૂપ ગણીને એને શુદ્ધજ્ઞાન ચેતના પરિણામ, ગુણને કહેવામાં આવ્યા છે. પ્રેમચંદભાઈ રતિભાઈ! સવારે એની વાત હતી. આહા!

વસ્તુ ભગવાન આત્મા, અનાદિ અનંત જે નિત્ય ધ્રુવ એને અહીંયા પરમ સ્વભાવભાવ, પરમ પારિણામિક ભાવ કહ્યો. શબ્દેય સાંભળ્યા નહીં હોય. જૈનમાં જનમ છતાં જૈનમાં વસ્તુના ગુણ શું? પર્યાય શું? એની ખબર (નથી.) ભાઈ! ઊનાં પાણી પીવા, અપવાસ કરવા, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવું, જાવ થઈ ગ્યો ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને! હજી ધર્મનો કરનાર કેવડો, કેમ, કેવી શક્તિ, કેવી દશા? એનું તો ભાન નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! ઈ તો એ ય વખત હતો ને એક. આહાહા! કહે છે કે વસ્તુ જે છે આત્મા, જેને દ્રવ્ય એટલે ત્રિકાળી રહેનાર કહેવામાં આવે એ, દ્રવ્યને સ્વાભાવિક પરિણામિકભાવ કહેવામાં આવે છે. એમાં રહેલા અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય ને અનંતઆનંદ એને ગુણ કહેવામાં આવે છે. દ્રવ્યમાં રહેલા. આ, પરમ પારિણામિક ભાવમાં સ્થિત કહો કે દ્રવ્યમાં રહેલા કહો.

સવારે કહ્યું'તું. તમે કીધું ને એટલે પૂછ્યું. આત્મધર્મ મંગાવો છો? કહે, 'ના, એ તો મને આવડે છે.' બહુ સારી વાત. ના, હવે મંગાવે છે. પહેલા મંગાવતા હતા કે નહીં? ના, એ તો વ્યાખ્યાનમાં આવે છે. પણ હવે હરિભાઈનું કંઈ ઠીક લખાણ છે. એટલે હવે મંગાવું છું....એય! કીધું'તું કે નહીં? (શ્રોતા : બધાની વચમાં તો ન પૂછવું) આપણે અહીં ક્યાં ખાનગી છે? ખાનગી કોનું રાખવું? આહાહા! શું કહ્યું? અહીં દ્રવ્ય કોને કહ્યું?

સવારના (વિષય મુજબ), જે સહજ પારિણામિક ભાવે એમાં સ્થિત ઈ દ્રવ્ય કહેવાય. એમાં રહેલા અનંત ચતુષ્ટય, અનંત જ્ઞાન, અનંત દર્શન આનંદ ને વીર્ય એ ગુણ છે. એ દ્રવ્યમાં, પરમ સ્વભાવમાં રહેલા અનંત ગુણો, એમાં ચાર ચતુષ્ટય રૂપ શુદ્ધજ્ઞાન ચેતના, પાછું સંભારીને જ્ઞાનમાં નાખી દીધું. ચારનું એક રૂપ ગણો તો શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ તે ગુણ છે. એ શુદ્ધ સ્વભાવમાં રહેલા ગુણ છે. ચંદુભાઈ! શું થાય? માણસને આત્માને શું વસ્તુ ભગવાન કહે એની ખબર ન મળે અને આ ધર્મ કરીએ ને સામાયિક

કરીએ ને પોહા કરીએ ને પડિક્કમણા બધા કરીએ. એ ધૂળ છે બધી તારી સાંભળને! એ તો બધો વિકલ્પ છે. એ વિકલ્પ શું છે? ક્રિયા જડ શું છે ને એનો જાણનાર કોણ છે? એની તો તેને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! એ વસ્તુમાં....આહા! કેવી વાત કરી એ અહીં કહે છે, જુઓ.

વસ્તુ જે છે ત્રિકાળ એને ત્યાં સહજ પારિણામિક ભાવ કહ્યો'તો. અને અહીં જે ગુણ કહ્યા'તા, અહીં કહેવાય છે, એ એમાં રહેલી શક્તિઓ ધ્રુવ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. એનું એકરૂપ પછી ગણીને, છે તો ધ્રુવ, શુદ્ધજ્ઞાન ચેતના પરિણામ શુદ્ધ જ્ઞાન ચેતના રૂપ ભાવ એકરૂપ ભાવ, તેને નિયમ કહેવામાં આવે છે. આ નિયમની કેવી વ્યાખ્યા? એને ત્રિકાળી વસ્તુને નિયમ કહેવામાં આવે છે. ઓલો સ્વભાવરૂપ રત્નત્રય જુદી, ન્યાંથી લઈ ને આવ્યા'તા અંદર ભાઈ, અંદર ફેરફાર પડ્યો ને ઈ લઈને આવ્યા'તા. આ એકાદ વાર સમજવું પડશે કે નહીં એને? આ ઈ સ્વભાવ રત્નત્રય હતો, ઈ તો પર્યાયની વ્યાખ્યા છે, પ્રગટ દશાની વાત છે. આ જે નિયમની વાત છે તે ત્રિકાળી ગુણોનો પિંડ, જેમાં અનંત આનંદ, જ્ઞાન સ્વરૂપ છે, એવો દ્રવ્ય સ્વભાવ એ દ્રવ્ય ગુણ વિના હોય નહીં, ગુણ દ્રવ્ય વિના હોય નહીં. સમજાણું કાંઈ?

જબ પર્યાયકો ગૌણ કરકે દ્રવ્યકો મુખ્ય કરે, સવારે એ કહ્યું'તું. પર્યાય જે મોક્ષમાર્ગ છે ઈ અવસ્થાને મુખ્ય ન કરતાં, મુખ્યપણું જ્યારે દ્રવ્યનું આપવામાં આવે કે ત્રિકાળી જ્ઞાયક ભાવ શુદ્ધ ચેતના પરિણામરૂપ સ્વરૂપ એ દ્રવ્ય છે, એ નિયમ છે, એ કારણ નિયમ છે, એ કારણ પરમાત્મા છે. સમજાણું કાંઈ? સાંભળ્યું ય ન હોય, કારણ પરમાત્મા ને આ શું છે? સમજાય છે કાંઈ? અને એનું જે કાર્ય જે નિયમ સાર શબ્દ છે પર્યાય, એને નિયમ કહેશે, એ અહીં પર્યાય કહેવાય છે. એ નિર્મળ સમ્યક્, દર્શન, જ્ઞાનની પર્યાય, સ્વદ્રવ્યને આશ્રયે થાય, તે પર્યાયને ગુણ વિનાનું દ્રવ્ય ન હોય ને દ્રવ્ય, ગુણ-પર્યાય, વિનાનું ન હોય.

હવે આટલું તો સ્પષ્ટ થાય છે પણ હવે પકડે નહીં, પછી કહે, અમને સમજાય નહીં, એ ઝીણી વાત મને પકડાય નહીં. ભારે! સંસારમાં જો દોઢડાહ્યા થવા બેઠા હોય તો ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે. આઠ આના તરીકે ને હમણાં હવે વાંધો. તમે આઠ આના તરીકે આપો છો, નહીં એક રૂપિયે તરીકે અત્યારે પૈસા મળે છે. કો'ક કહેતું હવે ક્યાંક કાગળમાં હતું. એક રૂપિયાનો ટકો હાલે છે ને અત્યારે પાછું, દોઢ હાલે છે. ક્યાંક એવું સાંભળ્યું છે. દોઢ હાલે છે, જે હોય તે. પછી એનું વ્યાજ ચડાવે દસ લાખ આપ્યા હોય. દોઢ ટકાનું વ્યાજ ચડાવે દિવસનું અને એના ઉપર પૈસાને વ્યાજનું વ્યાજ કાઢે, ચક્રવૃદ્ધિ વ્યાજ. ઈ બધા ડાહ્યા ત્યાં. રખડનારો ચક્રવર્તી છે.

ઓલો તો 'ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં નમોત્થુણં' આવે છે. નહીં? કર્યું' તું કે નહીં? આહાહા! નમ્મોત્થુણંમાં આવે છે. 'ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં'. પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા તો ધર્મના પ્રધાન, ચારગતિનો અંત કરનારા ચક્રવર્તી છે. એવો જ આત્મા છે. એને ભવના વિકલ્પનો અંત કરવાવાળો એનો સ્વભાવ છે, એ ત્રિકાળી સ્વભાવ છે અને એની અવસ્થા વર્તમાન થાય, ધર્મની કે અધર્મની એ અવસ્થા છે. એ અવસ્થા ને ગુણ વિના વસ્તુ ન હોય ને વસ્તુ ગુણ ને અવસ્થા વિના હોય નહીં. સમજાણું કાંઈ? એટલે કે આત્માની પર્યાય પોતાના દ્રવ્ય વિના ન હોય, પણ પર વિના ન હોય એમ હોય(નહીં), એમ કહે છે. શું કીધું ઈ વળી? આત્મા વસ્તુ છે, એની શક્તિઓ અનંત ભગવાને કહી છે, એમ છે. શક્તિ કહો કે ગુણ કહો. એ ગુણ વિના ગુણી ન હોય ને ગુણી વિનાનો ગુણ ન હોય. ને એની વર્તમાન દશા, અજ્ઞાનની કે જ્ઞાનની કે સમ્યક્‌ની કે મિથ્યાત્વની, એ અવસ્થા દ્રવ્ય વિના ન હોય, પર વિના ન હોય એમ નહીં, પર વિના જ હોય. આહાહા! પંડિતજી!

'जब पर्यायको मुख्य तथा द्रव्यको गौण करके कथन किया जाता है तब नय पर्यायार्थिक कहलाता है' પણ જ્યારે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ, ગુણસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એને મુખ્ય ન કરતાં, વર્તમાન દશાનું જ્ઞાન કરાવવું હોય તો, મુખ્યપણે પર્યાયનું જ્ઞાન કરીને ત્રિકાળને ગૌણ કરવામાં, પેટામાં રાખવામાં આવે છે. 'द्रव्य सामान्य होता है और पर्याय विशेष होता है'. શું આ બધા શબ્દો? અભ્યાસ ન મળે. ભગવાન પરમાત્મા, સર્વજ્ઞદેવ એમ કહે છે કે વસ્તુ છે તે સામાન્ય છે. દ્રવ્ય સામાન્યમાં ભેદ નથી. અને ગુણ છે તે પર્યાય વિશેષ છે. પર્યાય એની અવસ્થા છે, હાલત–દશા. સમજાણું કાંઈ?

આ જડ-બડ તો ક્યાંય રહી ગ્યા બહાર, આ તો માટી છે. (દ્રવ્ય તરીકે) એની ય વાત છે, પણ આ તો જીવદ્વારની વ્યાખ્યા છે એટલે એની વ્યાખ્યા કરી નથી. આ પરમાણુ છે, આ રજકણ–પોઈન્ટ–ટુકડો, તે વસ્તુ છે. એની વર્ણ, સ્પર્શ, રસ, ગંધ શક્તિ છે, તે ગુણ છે અને એની આ હાલત દેખાય છે, તે પર્યાય છે, એ હાલત છે. આ હાલત ને ગુણ વિનાનું પરમાણું ન હોય અને પરમાણું ગુણ ને પર્યાય વિના ન દેખાય. સમજાણું કાંઈ? દ્રવ્ય સામાન્ય હોતા હૈ. સોનું ને સોનાના ગુણ જે છે ને, પીળાશ, ચીકાશ, વજન તે સામાન્ય સદ્દેશ રૂપે ત્રિકાળ રહે. એમ આત્મા દ્રવ્ય છે તે સદ્દેશ રૂપે કાયમ રહે, એને સામાન્ય કહીએ. અને એની અવસ્થાઓ બદલાય તે વિસદ્દેશ છે તેને પર્યાયો કહીએ. સમજાણું કાંઈ? આ સમજાવીને કહેવું છે શું? કે પરની પર્યાય ને કારણે તારામાં પર્યાય થાય છે, એમ નથી. અને તારી પર્યાયને કારણે પરમાં પર્યાય થાય છે, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

'द्रव्य सामान्य होता है और पर्याय विशेष होता है'. ગ્રીક લેટિન જેવું લાગે જેને કાંઈ અભ્યાસ ન મળે એકડાનો. વીતરાગનો માર્ગ શું છે? પણ કોઈ માણસ એમ કહેવા માગે ને કે મારે ધર્મ કરવો છે લ્યો, એક દાખલો. ત્યારે ધર્મ કરવો છે એનો અર્થ એ થયો કે એની દશામાં ધર્મ નથી. ધર્મ નથી તો એની દશામાં અધર્મ છે ને (ધર્મ) કરવો છે. એનો અર્થ એ છે કે અધર્મ દશા ટાળવી છે ને ધર્મ દશા કરવી છે. એ પર્યાય છે. ટાળવી અને કરવી તે અવસ્થા છે. એ ગુણ નથી. ગુણ તો કાયમ રહે છે. એને ટાળવું ય નથી, ઉત્પન્ન કરવું નથી, નવું થવું નથી, નાશ થતું નથી. વસ્તુ ને વસ્તુના ગુણો, ત્રિકાળ અવિનાશીપણે રહે એને સામાન્ય કહીએ ને એની હાલત દશા થાય, એને વિશેષ કહીએ. સિદ્ધ પણ પર્યાય એક વિશેષ છે, એનો આત્મા ત્રિકાળી છે તે દ્રવ્ય છે.

બીજી રીતે, આ આત્મા જે છે સામાન્ય તે દ્રવ્ય છે, સદૃશ અને એની દશા તે એની વિશેષ છે. એનું વિશેષ શરીર, વાણી, કર્મ ને બાયડી, છોકરાં એનું વિશેષ કેમ નથી? કહો સમજાણું કે નહીં? શું કીધું? શાંતિભાઈને ઘણો પુરુષાર્થ કરવો પડે (મોહ) તોડવા માટે. અમારે સહેજે બાયડી મરી ગઈ તે સહેજ છૂટી ગ્યો, ત્યાગ થઈ ગ્યો. ધૂળેય નથી ત્યાગ. સમજાણું કાંઈ? ઈ કહે છે, હોય તો એને કારણે ઈ છે. ન હોય તો એને કારણે ઈ છે. એને આત્મા ને કાંઈ સંબંધ નથી.

આંહી તો કહે છે, સામાન્ય અને વિશેષ. સામાન્ય વસ્તુ ત્રિકાળી ને એની વિશેષ એની દશા—હાલત એને વિશેષ કહીએ. એનું વિશેષ શરીર, કર્મ બાયડી છોકરા, દેશ, એનું વિશેષ (નથી). જેઠાભાઈ! સમજાય એવી વાત છે હોં. ભાષા બહુ સાદી આવે છે, ભાવ ભલે આકરા છે પણ ભાષામાં કાંઈ બહુ આકરાશ નથી, જો ધ્યાન રાખે તો. કોઈ દિ' એને સમજમાં સાંભળ્યું નથી. એમ ઓઘે ઓઘે ગાંડે—પાગલે જીંદગી ગુમાવી. ધર્મને બહાને બધા સાધુ ભાન વિનાના અંદરમાં એમને એમ જીંદગી ગુમાવે છે બધા, એમ કહે છે. કાંઈક આપણે વિશેષ કરવું તો પડે ને! એમ કહે છે. એ દેવાનુપ્રિયા! શું વિશેષ? તારી દશા એ વિશેષ કરવાની છે. પરનું વિશેષ કરવાનું છે કાંઈ? આહાહા! મગનભાઈ!

'द्रव्य सामान्य होता है और पर्याय विशेष होता है' इसलिए द्रव्यार्थिक और पर्यायार्थिकनयके विषयमें सामान्य-विशेषका अंतर रहता है।' શું કહે છે? ભગવાન આત્મા ત્રિકાળ દ્રવ્ય રહે છે તે સામાન્ય ને અવસ્થા તે વિશેષ, બેમાં ફેર પડે છે. કાયમ રહેનારા ને સામાન્ય કહીએ. અવસ્થા બદલે તેને વિશેષ, એ બેમાં આવો આંતરો છે. સદૃશ છે તે વિસદૃશ (નથી). પર્યાયમાં સદૃશ રહે છે, એમ નથી ને પર્યાય વિસદૃશ બદલે છે માટે દ્રવ્ય પણ બદલે છે, એમ નથી. દ્રવ્ય ને પર્યાય, બેમાં વિશેષતા, આંતરો છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવું!

આવું વીતરાગના માર્ગમાં હશે? કહે છે. વીતરાગમાર્ગમાં જ હોય બીજે ક્યાંય છે જ નહીં. સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણકાળ, ત્રણલોક જ્ઞાનમાં જોયા જાણ્યા, એ પર્યાયમાં જાણ્યા. ગુણ તો દ્રવ્ય ત્રિકાળ છે. એ સમજાણું કાંઈ? દ્રવ્યનું વિશેષ તો એની દશા છે અને વિશેષનું સામાન્ય એનું દ્રવ્ય છે. વિશેષનું સામાન્ય એનું દ્રવ્ય, એ વિષયનું બીજું કોઈ દ્રવ્ય છે, એમ નથી. આહાહા! સમજાય છે કાંઈ? જુઓને બુદ્ધિલાલે કર્યું છે ને બધું આ. સામાન્ય વિશેષકા અંતર રહતા હૈ. ભગવાન આત્મા કાયમ રહેનારી ચીજ–દ્રવ્ય અને વર્તમાન અવસ્થા વિશેષ, બેમાં ફેર છે. બેમાં એકતા નથી. આ બેમાં અંતર, બેમાં આંતરો પડે છે, કહે છે. જેઠાભાઈ!

'जीवका स्वरूप निश्चयनयसे ऐसा है'. શું કહે છે? ભગવાન આત્માનું સ્વરૂપ નિશ્ચય નયથી તો દ્રવ્ય છે, ધ્રુવ છે, સામાન્ય છે. 'व्यवहारसे ऐसा है'. પર્યાય છે, ભેદ છે, એ વ્યવહાર નયનો વિષય છે. અહીં તો કહે છે, એ બધા વિકલ્પોમાં આત્મા નહીં પ્રાપ્ત થાય, એમ કહે છે. સમજવા માટે તો પહેલું સમજવું, પણ પછી આ દ્રવ્યાર્થિક નયે ત્રિકાળ ધ્રુવ છે, પર્યાયાર્થિક અવસ્થાએ અનિત્ય છે, વિશેષ છે. છે ભલે એમ, પણ એના વિકલ્પોનું રાગમાં રોકાવું તો એને આત્માની પ્રાપ્તિ થશે નહીં, એમ કહે છે. આહાહા! વ્યવહાર રત્નત્રયથી તો પ્રાપ્તિ ન થાય, પણ આવા નયના વિકલ્પ દ્વારા પણ આત્માની પ્રાપ્તિ ન થાય, એમ કહે છે. ધર્મ ન થાય એમ કહે છે. ભારે વાત ભાઈ! (શ્રોતા : નયોની લક્ષ્મી ઉદય પામતી નથી) નથી, 'ઉદયતિ નય નિક્ષેપ' ઈ આ વાત છે. એ બધાનો અર્થ કર્યો છે ને અહીં.

'द्रव्यार्थिकनयसे ऐसा है, पर्यायार्थिकनयसे ऐसा है'. દ્રવ્ય નામ ત્રિકાળ દૃષ્ટિથી જોઈએ તો તે ધ્રુવ છે, પર્યાય દૃષ્ટિથી જોઈએ તો તે અધ્રુવ ને વર્તમાન અવસ્થા છે. 'अथवा नयोंके भेद शुद्ध निश्चयनय, अशुद्ध निश्चयनय'. શુદ્ધ નિશ્ચય નયથી જુઓ તો ત્રિકાળ જ્ઞાયક ભાવ છે. અશુદ્ધ નિશ્ચયથી જુઓ તો તે વિકારી પર્યાયમાં છે, તે અશુદ્ધ નિશ્ચય છે. એનામાં છે માટે નિશ્ચય, પણ મલિન છે માટે અશુદ્ધ. વિકારી પર્યાય છે તે અશુદ્ધ, નિશ્ચય એની છે માટે અશુદ્ધ નિશ્ચય. ત્રિકાળી વસ્તુ છે શુદ્ધ નિશ્ચય. સમજાણું કાંઈ?

'सद्‌भुत व्यवहारनय, असद्‌भुत व्यवहारनय' અહીં ભેદ પાડ્યા. ગુણ ને ગુણીનો ભેદ પાડવો એ સદ્‌ભૂત વ્યવહાર છે. આત્મા ગુણી છે ને એમાં આનંદ આદિ ગુણ છે, એવો ભેદ પાડવો એ સદ્‌ભૂત વ્યવહાર છે. છે એના ભેદ પાડવા તે ભેદ છે વ્યવહાર છે. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય. આત્મામાં રાગ આદિ, પુણ્ય આદિના ભાવ એ અસદ્‌ભૂત ઉપચાર છે. અસદ્‌ભૂત વ્યવહાર છે. કેટલું યાદ રાખવું આમાં? અભ્યાસ ન

મળે અભ્યાસ. લોકોને મૂળ તત્ત્વની ખબર ન મળે અને તત્ત્વની દૃષ્ટિ વિના હાલી નીકળ્યા ધર્મ કરીએ અમે. ક્યાં ધર્મ કરતો'તો? સાંભળને હવે!

ઉપચરિત વ્યવહાર નય એટલે રાગ જાણવા છતાં મારો છે, એમ એને ઉપચરિત વ્યવહારનય કહીએ અને આત્મામાં જણાય નહીં એવો રાગ, એ અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નય કહીએ. આટલા બધા ભેદ પાડ્યા છે. પંચાધ્યાયની શૈલી છે ને '...इत्यादि विकल्प चित्तमें अनेक तरंगे उत्पन्न करते है'. એટલા બધા વિકલ્પ નામ રાગના ભાગ આત્મામાં તરંગ ઊઠે રાગનો. 'इससे चित्तको विश्राम नहीं मिल सकता' એમાં આત્માનો અનુભવ સમ્યક્દર્શન, એવા વિકલ્પોને આશ્રયે થતું નથી. આહાહા!

આત્માને સમ્યક્દર્શન ધર્મની પહેલી દશા, આવા બધા નયના ભેદોના વિચારના વિકલ્પમાં રોકાવું, એનાથી એને સમ્યક્દર્શન થતું નથી. કહો સમજાણું કાંઈ? આ વિકલ્પ આવે છે ને એમ કહ્યું, એય! વિકલ્પ, વિકલ્પ કહે છે. એ વિકલ્પ હોય પણ એ આત્માની પ્રાપ્તિનું કારણ નથી. જ્યાં સુધી વસ્તુ આમ પૂર્ણ છે, પર્યાય છે, એવું જ્ઞાન કરવામાં વિકલ્પથી નયને વિચારે છે. ત્યાં સુધી એને સ્વરૂપનો અંતર વિશ્રામ (સમ્યક્દર્શનની) પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી ચિત્તમાં વિકલ્પના ડામાડોળમાં પડ્યો છે. ભારે માર્ગ ભાઈ! સમજાણું કાંઈ! કહો જેઠાભાઈ! આહાહા!

વસ્તુ ત્રિકાળી ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એ દ્રવ્યનો વિષય, દ્રવ્યાર્થિક નયનો, શુદ્ધ નિશ્ચયનો (વિષય). અને પર્યાયનો વિષય વ્યવહારનયનો અને વિકારનો વિષય અશુદ્ધનિશ્ચયનયનો ને ત્રિકાળનો વિષય શુદ્ધ નિશ્ચયનયનો. એવા ભેદ પાડીને જાણવા માટે પહેલું હોય, પણ આ ભેદના વિકલ્પમાં જો રોકાય તો એને સમ્યક્દર્શન નહીં થાય. કહો મગનભાઈ! આહાહા! (શ્રોતા : ....) નથી, છે અંદરમાં. વસ્તુ જે ચૈતન્ય ભગવાન, સર્વજ્ઞ સ્વભાવી પૂર્ણ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા! એના તરફનો ઝુકાવ થતાં વિકલ્પોનો આશ્રય રહેતો નથી. ત્યારે એને સમ્યક્દર્શન થાય હજી તો, સમ્યક્જ્ઞાન ને ચારિત્રની વિશેષતા તો હવે પછી. સમજાણું કાંઈ?

નયો એટલે જ્ઞાનના અંશોના પ્રકારો; એના ભેદમાં રોકાવાથી, અટકવાથી એને આત્મામાં ઠરવાનો વિશ્રામ સમ્યકદર્શન થતું નથી. એને ઠેકાણે આ બહારના વિકલ્પો, આ ભક્તિ, પૂજા, દયા, દાન ને એનાથી ધર્મ થાય, તદ્દન દૃષ્ટિ મિથ્યા છે. આહાહા! એ મારગડા વીતરાગના જુદા છે ભાઈ! સાંભળ્યા નથી, સાંભળવા મળતા નથી ને મળે એ બધું ઊંધું મળે છે. 'इससे चित्तको विश्राम नहीं मिल सकता,' કિસસે? કૈસા? કે આત્મા છે ઈ તો છે જ ત્રિકાળી આનંદ મૂર્તિ પ્રભુ, અનંત ગુણનો વિશ્રામ ઠામ અને એની દશા હાલતમાં અવસ્થા છે.

એ અવસ્થા વિશેષ છે, વસ્તુ સામાન્ય છે, વગેરે નયોનાં જ્ઞાનને વિચારતાં, અટકતાં, ત્યાં આત્મામાં અંદર સ્થિર શાંતિની પ્રાપ્તિ એનાથી થતી નથી. તો પછી વ્યવહારના બીજા વિકલ્પો, એનાથી સમ્યક્દર્શન થાય, એ ત્રણકાળમાં નથી. ભાઈ! ભ્રમણાનો રોગ થયો છે ભાઈ! તને ખબર નથી વસ્તુની. કહે છે 'चित्तको विश्राम नहीं मिल सकता. इसलिए कहना होगा कि नयके कल्लोल अनुभवमें बाधक है'. એ નયનું જ્ઞાન વિકલ્પવાળું, આ શુદ્ધ છું ને પર્યાય વિશેષ અશુદ્ધ, વિકાર આદિ છે કે નિર્મળ આદિ પર્યાય છે, એવા બે પ્રકારના ભેદના રાગના કલ્લોલોમાં એ તો અનુભવને વિઘ્ન કરનાર છે. આત્માનો અનુભવ સમ્યક્દર્શન. આત્માનો અનુભવ 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.'

આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એનો અંતરમુખ થઈને અનુભવ થવો, એમાં આ નયના વિકલ્પો તો વિઘ્ન કરનારા છે. આહાહા! 'परन्तु पदार्थका यथार्थ स्वरूप जानने और स्वभाव-विभावके परखनेमें सहायक अवश्य है'. વાસ્તવિક સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા ગુણને દશા જાણવા માટે જે કહ્યું, તે માટે એને પહેલી ભૂમિકામાં જાણવાનો ભાવ હોય છે. માલ લેવા જાય બરફી, તો પહેલો ભાવ પૂછે કેટલા રૂપિયે શેર! પાંચ રૂપિયે, દશ રૂપિયે જે હોય તે અને તોલા પણ પરખે. સરકારના છાપવાળા છે કે નહીં તોલા? ત્રાજવાને ધડો કરાવે કારણ કે જેની કોર માલ નાખે, એની કોર લાખ તો નથી ચોંટાડીને શેરની. પણ એ બધું માલ લીધા પહેલાની વ્યાખ્યા છે. પણ એ માલ જ્યારે ખાય ત્યારે ઈ ગોખે નહીં, કે દસ રૂપિયાના શેર છે, આ તોલાનો આ મેં કર્યું હતું ને ધડો મેં કરાવ્યો તો ને. એ વખતે હોય? ગોખે તો ખાય નહીં ને ખાય ત્યારે ગોખવાનું રહે નહીં. ઝીણી વાત છે ભગવાન! આહાહા!

તારી મહિમાનો પાર નથી પણ એની એને સૂઝ પડતી નથી. કહે છે, પહેલા વિચારમાં એને જરૂર કરવું. એમને એમ ખાવા માંડે તો ખાવા દે ઓલા. ભાઈ! ભાવ તો પૂછ. કેટલું લેવું છે ને? કેટલે ભાવે મણે આપે છે? એ પૂછ તો ખરો. એમ આત્મા, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો. અજ્ઞાનીઓ ય આત્મા આત્મા કરે ને પરમેશ્વરે આત્મા આત્મા કહ્યો, બેમાં ફેર છે. સમજાણું કાંઈ? એ માટે એના ફેર ભાંગવા માટે, આત્મા દ્રવ્ય શું છે? ગુણ શું છે? એની દશા શું છે? એવા જ્ઞાનના અંશો દ્વારા એને જાણવો જોઈએ. બરાબર હૈ પંડિતજી! પણ એને જાણવાના કાળમાં એને વિકલ્પ હોય છે. અંતર દશા થવામાં અનુભવમાં એ પછી વિકલ્પ હોતા નથી. આહાહા! સમ્યક્ દર્શન થતાં એ નય ને નિક્ષેપ રહેતાં નથી.

'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं એમ આવે છે ને. એની તો વ્યાખ્યા કરી. મૂળ તો વ્યાખ્યા કરી છે એની. આહાહા! 'इसलिए नय, निक्षेप और प्रमाणसे....' નય એટલે જ્ઞાનના એક એક અંશો, ધર્મોને જણાવનારો જ્ઞાનનો અંશ, પ્રમાણ એટલે આખી ચીજને જણાવવાનો જ્ઞાનનો અંશ, પ્રમાણ એ પણ અંશ છે ને, પર્યાય છે અને નિક્ષેપ એટલે જાણવાની ચીજ, નામરૂપે છે? આકારરૂપે છે? યોગ્યતારૂપે છે? યથાર્થભાવરૂપે છે? એને માટે પહેલું જાણવું જોઈએ. સમજાણું કાંઈ?

'जैसे बने तैसे आत्मस्वरूपको पहिचान....इसलिए नय, निक्षेप और प्रमाणसे अथवा जैसे बने तैसे' એમ. યથાયોગ્ય શક્તિથી યથાશક્તિ, આત્મા એના ગુણો, એની દશા, એના નય, નિક્ષેપ અને પ્રમાણથી જાણવું જોઈએ. અહીં તો નય, નિક્ષેપ પ્રમાણ શું એની ખબર ન મળે. 'અંધારે પણ ગોળ ગળ્યો લાગે ને', કહે છે. એમ વળી વાત બહાર આવી છે. પણ ગોળને ઠેકાણે ગોબર આવી જાય તો? સમજાણું કાંઈ? ગોબર એટલે છાણ. બાપુ! એમ ન હાલે વીતરાગમાર્ગમાં, એની સમજણ જોઈએ. આત્મા ભગવાને કહ્યો એ કેવો? ભગવાને ગુણ કહ્યા એ કેવા? એની દશા કેવી જ્ઞાનની ને અજ્ઞાનની? અજ્ઞાનીઓ આત્મા કહે છે એ આત્મા કેવો? બેનો એણે આંતરો પાડીને યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. સમજાણું કાંઈ?

નહીં તો આત્મા આત્મા તો બધાય કરે છે, નાસ્તિક સિવાયના. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જેવો આત્મા જોયો એવા અનંત આત્મા, એમણે એના અનંતગુણો જોયા અને એની દશાઓ અનંતી જોઈ, એને બરાબર નક્કી કરવું જોઈએ. આ 'पहिचान करके सदैव उसके विचार तथा चिंतवनमें लगे रहना चाहिए', લ્યો. એય! આમાં રહેવું જોઈએ, કહે છે. મને આવડે છે લ્યો. આવડ્યાનું ઓલું થઈ ગ્યું પાછું, અજીર્ણ. આવડ્યું કોને કહીએ? એય! અહીં તો બીજી વાત છે ને!

આત્મા અખંડ નિર્વિકલ્પ છે, એનું જ્ઞાન થાય, એને આવડ્યું કહેવાય. સમજાણું કાંઈ? આહાહા! સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા તરસ્યા, તરસ્યા. અનાદિ કાળથી નિજ નિધાન આત્મા, એ સર્વજ્ઞે કહેલો આ આત્મા નિધાનના ભાન વિના, એ જૈનના વાડામાં રહ્યા એ તરસ્યા હાલ્યા જાય. કહો સમજાણું? ચોપાનિયું મળ્યું છે કે નહીં? નહીં મળ્યું હોય. નહોતા બોલ્યા. મોહનભાઈ કાલે નહોતા નહીં? ત્યારે નહોતા. બપોરે આવ્યાતાને? એ રમેશભાઈ છે, પ્રેમચંદભાઈના દીકરાના દીકરા. નહીં? ઓલા ભજન કરે છે.

સરોવર કાંઠે રે મૃગલા તરસ્યાં રે લોલ
એ દોડે હાંફી ઝાંઝવાના પાણીને રે કાજ

એને રે અરેરે! એને સાચા પાણી વારિ મળવાં દુર્લભ.
સાચા મળવા રે એને દોહ્યલા રે લોલ.

એ ઝાંઝવાના પાણીમાં રોકાય છે પ્રભુ. આહાહા! એ વિકલ્પની ઝાળું, નયોની (ઝાળું) એ ઝાંઝવાના પાણી છે.

એને સાચા વારિ રે એને નહીં મળે રે લોલ.
પાણીના સાચા સરોવર કાંઠે નહીં જાય રે લોલ.
મનના મૃગલાને પાછા વાળજો રે લોલ.

મનના મૃગલાને આ બહાર ફર્યા કર કરે છે ને. (શ્રોતા : હા જી) લે, હા પાડે છે. મનના મૃગલાને પાછા વાળજો રે લોલ. એ નયના વિકલ્પ પુણ્ય–પાપ થાય, એનાથી પાછો વળ, એમ કહે છે. આહાહા! ઓલું સાંભળીને બનાવ્યું છે હોં. સાંભળીને તરત બનાવે માળો. ધીરૂભાઈ! તમારા સાળાનો દીકરો છે ને. ઈ હતા ત્યાં સભામાં તો શાંત કરી નાંખે માળો એવો કંઠ એનો કંઠ. આંહી કહે છે, કંઠ હોં, પણ છે ઈ જડને.

કહે છે, ભગવાન આત્માનું સ્વરૂપ જે દ્રવ્ય, ગુણ ને પર્યાય જેમ છે એમ, પહેલું નય, નિક્ષેપ ને પ્રમાણથી જ્ઞેયોના ભેદવાળું જ્ઞાન કરીને નિક્ષેપવાળું અને જ્ઞેયને જાણવાના નયોના અંશે એને જાણીને, પછી એ આત્માના અંતરમાં જાવું. 'सदैव उसके विचार', દેખો. સદૈવ એનો વિચાર રાખવો. 'चिंतवनमें लगे रहना चाहिए'. ધૂન લાગે ને એની, ત્યારે આત્મા તરફ વારંવાર એનું વલણ થયા જ કરે. એવી અંતરમાં ધૂન લાગવી જોઈએ. ત્યારે એને આત્માનું સમ્યગ્દર્શન થાય, એવી વાત છે બાપા. લ્યો, જીવ અધિકાર પૂરો થયો.

અજીવ દ્વાર હવે. હવે અજીવની વ્યાખ્યા જીવ સામે અજીવ કેવો કહેવાય?

# अजीव द्वार

## अजीव अधिकार वर्णन करनेकी प्रतिज्ञा

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित लाय।।१।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ચતુર=વિદ્વાન. ચિત્ત=મન. લાય=લગાડીને.

**અર્થ :**–આ પહેલો અધિકાર જીવતત્ત્વનો સમજાવીને કહ્યો, હવે અજીવતત્ત્વનો અધિકાર કહે છે, હે વિદ્વાનો! તે મન દઈને સાંભળો. ૧

**अर्थ** :–यह पहिला अधिकार जीवतत्त्वका समझाकर कहा, अब अजीवतत्त्वका अधिकार कहते हैं, हे विद्वानों! उसे मन लगाकर सुनो! १

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :** આ જીવનો અધિકાર પહેલો કહ્યો. कहयौ प्रगट समुझाय. પ્રગટ સમજાવીને બતાવ્યો છે. 'अब अधिकार अजीवकौ सुनहु चतुर चित्त लाय'. હે! ડાહ્યા પુરુષો, વિદ્વાન પુરુષો ચિત્ત લગાવીને–મન લગાકર સુનો.

'मंगलाचरण–भेदज्ञान द्वारा प्राप्त पूर्णज्ञानकी वंदना'. નીચે શ્લોક છે પહેલો.

जीवाजीवविवेक पुष्कलदृशा प्रत्यावयत्पार्षदाः
नासंसार निबद्धबन्धनविविध्वंसाद्विशुद्धं स्फुटत्
आत्मारामअनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनोह्लादयत्॥१॥

આહલાદ કરતું, આનંદને અનુભવ કરતું જ્ઞાન ઉદય થાય છે. એનું પદ છે આ. પેલો શ્લોક હતો, આ એનું આ પદ છે.

અજીવ અધિકારનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા (દોહરા)

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावना विदारी है।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है॥
करमकौ नासकरि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता सँभारी है।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौ वंदना हमारी है॥२॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રતીતિ=શ્રદ્ધાન. વિભાવના=મિથ્યાદર્શન. વિદારી=નાશ કર્યો. નિરવારી=દૂર કરી. હિએમૈં=હૃદયમાં. હરખિ=આનંદિત થઈને. ઉદ્ધતા=ઉત્કૃષ્ટતા. વિલાસ=આનંદ.

**અર્થ** :–ગણધર સ્વામી જેવું દૃઢ શ્રદ્ધાન ઉત્પન્ન કરીને, અનાદિકાળથી લાગેલ અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું અને ભેદજ્ઞાનની દૃષ્ટિથી જ્ઞાનની શક્તિ સિદ્ધ કરીને જીવ–અજીવનો નિર્ણય કર્યો, પછી અનુભવનો અભ્યાસ કરીને કર્મોનો નાશ કર્યો તથા હૃદયમાં

હર્ષિત થઈને પોતાની ઉત્કૃષ્ટતા સંભાળી, જેથી અંતરાયકર્મ નાશ પામ્યું અને શુદ્ધ આત્માનો પ્રકાશ અર્થાત્ પૂર્ણજ્ઞાનનો આનંદ પ્રગટ થયો તેને મારા નમસ્કાર છે. ૨

**अर्थ :**–गणधरस्वामी जैसा दृढ श्रद्धान करके, अनादिकालसे लगे हुए अन्तरंगका मिथ्यात्व नष्ट किया और भेदज्ञानकी दृष्टिसे ज्ञानकी शक्ति सिद्ध करके जीव-अजीवका निर्णय किया, पश्चात् अनुभवका अभ्यास करके कर्मोंको नष्ट किया तथा हृदयमें हर्षित होकर अपनी उत्कृष्टताको सम्हाला, जिससे अंतरायकर्म नष्ट हुआ और शुद्ध आत्माका प्रकाश अर्थात् पूर्णज्ञानका आनन्द प्रगट हुआ। उसको मेरा नमस्कार है॥२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :** અજીવ અધિકાર શરૂ કરતાં સમ્યક્ જ્ઞાન આનંદ સહિત પ્રગટ્યું, એને અહીં વંદન ને આદર કરે છે. 'परम प्रतीति उपजाय गणधरकिसी'. આહાહા! શું કહે છે? ભગવાન આત્મા, પરમ શુદ્ધ ચૈતન્યધામ અનંતગુણનો વિશ્રામ આતમરામ, એની સન્મુખ થઈને વિકલ્પ ને નિમિત્તને એક સમયની અવસ્થાથી વિમુખ થઈને, સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ એવો જે આત્મા, એની એને સન્મુખ થઈને પ્રતીતિ થાય, સમ્યક્દર્શન થાય. કેવું? ગણધર જેવું. જેવું ગણધરને સમકિત એવું સમકિત અવગાઢ સમકિત લખ્યું છે. ઓલી કોર લખ્યું છે. નીચે લખ્યું છે જુઓ. 'गणधरस्वामीके अवगाढ़ सम्यक्त्व कहा है' નીચે લખ્યું છે. ઓલે પાને. ગણધરની ઉપમા આપી છે ને! સમજાણું કાંઈ?

આત્માનુશાસનમાં ગણધર મહારાજ તીર્થંકરના દિવાન, વઝીર, પ્રધાન એને અવગાઢ સમકિત કહ્યું છે. એવું....'प्रतीति उपजाय गणधरकिसी' અહો! ભગવાન આત્મા અનાકુળ શાંતિનું ધામ સુખરૂપ. બીજે ક્યાંય વિકલ્પમાં સુખ નથી, શાંતિ નથી એવા પોતાના આનંદના ધામને અનુભવમાં લઈને એની પ્રતીત શ્રદ્ધા કરવી....એની એ શ્રદ્ધા ગણધર જેવી હોય. આહાહા! કહો સમજાણું કાંઈ? અજીવથી જીવ સ્વભાવને જુદો જાણી, પરિપૂર્ણ પોતાના પરમાત્મા પરમ સ્વરૂપે ધ્રુવ બિરાજમાન, એના સન્મુખ થઈને એવી પ્રતીતિ હોય કે ગણધર જેવી પ્રતીતિ સમકિતીને હોય, એમ કહે છે. એવી ઉપમા આપી છે. કહો સમજાણું કાંઈ?

'गणधर स्वामी जैसा दृढ श्रद्धान उत्पन्न करके' એમ. ગણધર જેવું દૃઢ શ્રદ્ધાન, દૃઢ શ્રદ્ધાન એટલે આત્માનો અનુભવ, પ્રતીતિ એ દૃઢ શ્રદ્ધાન. આમ ભગવાન સાચા ને આત્મા, એમ નહીં. આત્મા અખંડ આનંદ સ્વરૂપ, એનો આનંદનો સ્વાદ લઈને એમાં પ્રતીતિ થવી, એનું નામ પ્રતીતિ ગણધર જેવી કહેવામાં આવે છે. આ તો ભગવાન સાચા, નવતત્ત્વ સાચા. લ્યો અમારું સમકિત. ધૂળેય સમકિત નથી સાંભળને! સમજાણું કાંઈ?

'परम प्रतीति उपजाय'. નવી ઉપજાય એમ છે ને? સમ્યક્દર્શન તો નવું ઊપજે છે. મિથ્યાદર્શન તો અનાદિનું છે. આ 'परमप्रतीति उपझाय गणधरकिसी'—ગણધર જેવી પ્રતીતિ ઉપજાવે છે. કહો સમજાણું?

'अंतर अनादिकी विभावता विदारी है'. જુઓ, અહીં વિભાવ શબ્દે મિથ્યાત્વ કહ્યું છે. શ્રીમદ્‌માં આવે છે ક્યાંક વિભાવનું, મિથ્યાત્વના અર્થમાં (શ્રોતા : તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દુર થાય) ઈ, ઈ. તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. વિભાવ એટલે મિથ્યાત્વ એ આંહી વિભાવ એટલે મિથ્યાત્વ, આવે છે એમાં? 'કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય, તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય', અર્થની ખબરું ન મળે, હાંકે રાખે ગોખે. સ્વરૂપચંદભાઈ! પહેલા અભ્યાસ કર્યો હશે તમે ય તે. 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય. એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.' જુઓ, ત્યાં જ્ઞાન કીધું ભાઈ. આહાહા!

'अंतर अनादिकी विभावता विदारी है'. રાગ, પુણ્ય, દયા દાનના વિકલ્પ મારા અને મને લાભદાયક એવો જે મિથ્યાત્વભાવ એને અંતર આનંદકંદ પ્રભુની પોતાની દૃષ્ટિ કરતાં, એ મિથ્યાત્વને જેણે વિદારી નાખી છે, રહેંસીને જુદી પાડી દીધી, એમ કહે છે અને સમ્યગ્દર્શન ઉત્પન્ન કર્યું. ઓલો વિકારીનો વ્યય કીધો ને પ્રતીતિ ઉપજાય કીધી, ધ્રુવ તો ત્રિકાળ જ્ઞાયકભાવ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત આનંદનો કંદ, એની પ્રતીતિ ઉપજાવી તે નવી પર્યાય, મિથ્યાત્વનો નાશ કર્યો ને ધ્રુવનો આશ્રય ત્રિકાળ છે. એને અહીં સમકિતી ને જ્ઞાનીને ધર્મની દશાની શરૂઆત થઈ, એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૩૨, ફાગણ સુદ ૬, બુધવાર તા. ૩-૩-૧૯૭૧
## અજીવ દ્વાર પદ ૨, ૩, ૪ પર પ્રવચન

અજીવ અધિકાર છે ને.

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावना विदारी है।
भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है।।
करमकौ नासकरि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता सँभारी है।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौ वंदना हमारी है।।२।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રતીતિ=શ્રદ્ધાન. વિભાવના=મિથ્યાદર્શન. વિદારી=નાશ કર્યો. નિરવારી=દૂર કરી. હિએમૈં=હૃદયમાં. હરખિ=આનંદિત થઈને. ઉદ્ધતા=ઉત્કૃષ્ટતા. વિલાસ=આનંદ.

**અર્થ :**–ગણધર સ્વામી જેવું દૃઢ શ્રદ્ધાન ઉત્પન્ન કરીને, અનાદિકાળથી લાગેલ અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું અને ભેદજ્ઞાનની દૃષ્ટિથી જ્ઞાનની શક્તિ સિદ્ધ કરીને જીવ–અજીવનો નિર્ણય કર્યો, પછી અનુભવનો અભ્યાસ કરીને કર્મોનો નાશ કર્યો તથા હૃદયમાં હર્ષિત થઈને પોતાની ઉત્કૃષ્ટતા સંભાળી, જેથી અંતરાયકર્મ નાશ પામ્યું અને શુદ્ધ આત્માનો પ્રકાશ અર્થાત્ પૂર્ણજ્ઞાનનો આનંદ પ્રગટ થયો તેને મારા નમસ્કાર છે. ૨

**अर्थ :**–गणधरस्वामी जैसा दृढ श्रद्धान करके, अनादिकालसे लगे हुए अन्तरंगका मिथ्यात्व नष्ट किया और भेदज्ञानकी दृष्टिसे ज्ञानकी शक्ति सिद्ध करके जीव-अजीवका निर्णय किया, पश्चात् अनुभवका अभ्यास करके कर्मोंको नष्ट किया तथा हृदयमें हर्षित होकर अपनी उत्कृष्टताको सम्हाला, जिससे अंतरायकर्म नष्ट हुआ और शुद्ध आत्माका प्रकाश अर्थात् पूर्णज्ञानका आनन्द प्रगट हुआ। उसको मेरा नमस्कार है।।२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? ક્યા કહતે હૈં? 'परम प्रतीति उपजाय गणधरकीसी'. ગણધર જે

તીર્થંકરના વજીર, ધર્મ પ્રધાન (છે). એને જેવી શ્રદ્ધા છે, એવી શ્રદ્ધા, આ આત્મા-જડના વિકલ્પથી ભિન્ન પાડીને (કરવી). અજીવ અધિકાર છે ને! પુણ્ય પાપના વિકલ્પો એ બધા અજીવ છે. વિભાવ માત્ર અજીવ છે. શરીર, વાણી, મન તો અજીવ છે પણ શુભ ને અશુભ ઉપયોગ છે, એ પણ વિભાવ—અજીવ છે. એનાથી જુદું પાડી અંતર અનાદિથી વિભાવતા વેદાય છે. 'હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ છું.' વાત તો અલૌકિક ને અપૂર્વ છે. આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદનો સ્વરૂપ તે જીવ અને પુણ્ય પાપના ભાવ તે અજીવ. બે ને ભિન્ન પાડીને 'પરમ પ્રતીતિ ઉપજાય' ગણધર જેવી. 'अंतर अनादिकी विभावता विदारी है' રાગનો ભાવ પરલક્ષી જે વિભાવ, એને અંતરની અનાદિથી વિભાવ એકતાબુદ્ધિ છે, એને વિદારી નામ નાશ કરી દીધો. કહો, આ કરવાનું છે.

જીવ ને અજીવ, એને અજીવથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરવો. 'भेदग्यान दृष्टिसौ'. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદના સ્વભાવ સ્વરૂપ એ જે જીવ સ્વરૂપ છે અને પુણ્ય પાપના વિકલ્પ—જે અજીવ ને દુઃખરૂપ છે, એને ભેદજ્ઞાન કરી બેને જુદા પાડી, 'भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि'—રાગ ને વિકલ્પથી જુદી સ્વભાવની શક્તિનું સાધન કહ્યું. ભારે વાતું ભાઈ! જુઓ આ ધર્મ! માળો ધર્મ કઈ રીતે કરવો? છે ને અંદર? અર્થમાંય એમ છે જુઓ! 'भेदग्यानकी दृष्टिसे ज्ञानकी शक्ति सिद्ध करके'—અર્થમાં છે. 'भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि'. આત્મા ચૈતન્ય જ્યોત આનંદ સ્વરૂપ, એને પુણ્ય પાપના રાગથી ભિન્ન પાડી અને ભેદજ્ઞાનની શક્તિના સાધનથી આત્માના ચૈતન્યનો અનુભવ કરવો. શબ્દો તો બહુ થોડા અને ભાવ તો ઘણા મોટા છે. સમજાણું કાંઈ?

'चेतन अचेतनकी दसा निरवारी है'–દૂર કરી. ભગવાન આત્મા શાંત અધિકારી સ્વભાવ, એ ચૈતન્યસ્વરૂપ છે અને પુણ્ય પાપનો વિકલ્પ એ અજીવ વિભાવ સ્વરૂપ છે, એને (વિભાવને) દૂર કરી છે. સ્વભાવથી વિભાવને, અંતરમાં સ્વભાવનો આશ્રય લઈને દૂર કરવું. એ એનું નામ ભેદજ્ઞાન ને સમ્યક્જ્ઞાન છે. એનું નામ જ્ઞાનકળા છે. આવી વાતું! 'करमकौ नास करि'.—અચેતન છે ને અહીંયા એની વ્યાખ્યા. ભગવાન આત્મા જાગતી જ્યોત ચૈતન્ય સ્વભાવથી ભરેલો, એને પુણ્ય—પાપના ભાવથી ભિન્ન પાડીને ચૈતન્યનો અનુભવ કરતાં કર્મનો નાશ થાય છે. કહો સમજાણું કાંઈ?

'करमकौ नासकरि अनुभौ अभ्यास धरि'—પછી પણ ભિન્ન પાડીને પણ અનુભવનો અંતરમાં અભ્યાસ કરી, આત્માના અતીન્દ્રિય આનંદનો અભ્યાસ કરી, 'हिएमैं हरखि'. આત્માના આનંદના અનુભવમાં આનંદિત થઈ. 'જુઓ આ ધર્મ, ભારે ધર્મ

ભાઈ! કહો ભીખાભાઈ, હવે આમાં શું કરવું? ક્યાંથી આપવું? આહાહા! 'हिएमैं हरखि'–આત્મા આનંદ અતીન્દ્રિય સ્વરૂપ છે. એને જ્યારે વિભાવના અજીવથી જુદો પાડ્યો અને જ્ઞાન સ્વભાવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. અતિન્દ્રિય આનંદનો સ્વાદ આનંદિત થઈને, દુઃખી થઈને એમ નહિ, એમ કહે છે. આ બધા ઉપવાસ ને ક્રિયા કષ્ટમાં બહુ દુઃખ થાય ને, ઈ કાંઈ આત્માનો અનુભવ નથી. એ કષ્ટ તો રાગ છે, આર્તધ્યાન છે.

કહે છે કે ભગવાન આત્મા અંદર ચૈતન્યદળ આનંદ પ્રભુ પડ્યો છે ઈ. આહાહા! એને કેમ બેસતું નથી ને! એ વિશ્વાસમાં આવતો નથી એને. અનાદિથી રાગ ને અલ્પજ્ઞપણાના જોરમાં એને પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા છે, એ વાતમાં એની દૃષ્ટિ જતી નથી. સમજાણું કાંઈ? આહાહા...! 'हिएमैं हरखि निज उद्धता संभारी है'. પોતાની ઉત્કૃષ્ટ સ્વચ્છ સ્વભાવ. ઉદ્ધતા એટલે સ્વભાવ, ઉત્કૃષ્ટ જ્ઞાન ને આનંદનો જેનો ઉત્કૃષ્ટ નામ ઊંચામાં ઊંચો અંતર સ્વભાવ એને 'ઉદ્ધતા સંભારી'–એનો અનુભવ કરી. સમજાણું કાંઈ?

'अंतराय नास भयौ'—એટલે સ્વરૂપના અનુભવમાં વિઘ્નરૂપ જે રાગની એકતા આદિ અસ્થિરતા હતી, એ નાશ થતાં શુદ્ધ આતમ પ્રકાશ થયો. ચૈતન્ય ઝળહળ જ્યોતિએ ઝળહળ જાગ્યો. ઝગમગ જ્યોતિ એ ચૈતન્ય ભગવાન, રાગના ને પુણ્યના વિકલ્પથી જુદો પડીને, જે રાગથી 'હું' છું, એમ અજ્ઞાનપણે જાગતો ને પ્રકાશતો, રાગની પર્યાયબુદ્ધિ છોડીને અંતરબુદ્ધિમાં આવ્યો. તો કહે છે કે 'शुद्ध परकास थयौ–જ્ઞાનની શુદ્ધતા આનંદ સહિત જ્યાં પ્રગટ થઈ. આહાહા...! ભારે ધર્મક્રિયા! પોપટભાઈ, પહેલાં પડિક્કમણા કરવા એટલે પહેલા ઘરે આવીને પાથરણું કરીને કરી નાખીએ. લ્યો, 'ઈચ્છામિ પડિક્કમણું ઈરિયા લહિયા વિરાહણાએ' ભઈ! આ ખોટો ઉપદેશ છે. આહાહા...! બાપુ! તે પડિક્કમણું કર્યું નથી કોઈ દિ', ઈ કહે છે. વિભાવમાંથી પાછું ફરવું અને સ્વભાવમાં આવવું, એનું નામ પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? એય છોકરાઓ વાતું આહીં ન થાય હોં. અંદર આવી જાઓ અંદર બહારથી...મોટા છોકરાઓએ ધ્યાન રાખવું જોઈએ.

'ग्यानकौ विलास ताकौ वंदना हमारी हैं' ઓહો! પ્રભુ આત્મા! પોતાની જ્ઞાનની શુદ્ધિને સમૃદ્ધિથી જ્યાં ઉછળ્યો ને જેની દશામાં પૂર્ણ આનંદ ને જ્ઞાન પ્રગટ્યું–એવો જ્ઞાનનો આનંદનો 'विलास ताकौ वंदना हमारी है'–એને હું વંદન નામ નમસ્કાર કરું છું. બધી ભાષા ગ્રીક લેટીન જેવી લાગે એને. એય! પ્રકાશદાસજી! ઓલા અણુવ્રત કરવા, મહાવ્રત પાળવા, આ કરવાં, સહેલું સટ અજ્ઞાન. આહાહા! એ તો બધું અજ્ઞાન છે.

(શ્રોતા : અણુવ્રત ને મહાવ્રતની વ્યાખ્યા કોને ખબર છે?) મહાવ્રતની ખબર કોને છે? અણુવ્રત કોને કહેવાય? મહાવ્રત કોને કહેવા? આહાહા! પણ મહાવ્રત તો મોટા પુરૂષો પાળે તેને મહાવ્રત કહીએ. (શ્રોતા : ...ન પાળે એને મોટા કેમ કહેવા?)

બાપુ! પણ તું જાગ્યો નથી ત્યાં એ વંટોળવું, વળવું એમાં...ઈ ક્યાંથી આવ્યું? પોતે ચૈતન્યમૂર્તિ પરમાત્મા સ્વરૂપ છે. પરમાત્માના સ્વરૂપમાં ને પ્રગટ પરમાત્માના શક્તિરૂપમાં કાંઈ ફેર નથી. આહાહા...! 'ग्यानकौ विलास'. અહીં તો અજીવ અધિકાર છે ને. પુણ્ય પાપના અજીવ ભાવથી ભિન્ન પાડીને સ્વભાવનું શરણું લીધું, ત્યારે એને જ્ઞાનનો વિલાસ નામ આનંદ પ્રગટે છે. અજીવના પુણ્ય પાપના ભાવમાં હતો ત્યાં સુધી એને દુઃખ થાતું, દુઃખી હતો. સમજાણું કાંઈ? આરે! ભારે ઝીણું! શુભાશુભ ભાવમાં હતો, ત્યાં સુધી દુઃખી હતો. એનાથી ભિન્ન પડીને ભગવાન જેવો છે તેવો શુદ્ધ ઉપયોગે પ્રકાશ્યો. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે 'ग्यानकौ विलास'. એ જ્ઞાનનો, આનંદિત થઈને આનંદનો અનુભવ કર, એમ કહે છે.

બે શબ્દ આવ્યા હતા ને! 'હરખિ', 'હિએમૈં હરખિ'. એ આનંદ છે પણ આનંદિત થઈને આનંદનો અનુભવ કર એમ. દુઃખી થઈને આનંદનો અનુભવ કરે, એમ નથી. સમજાય છે કાંઈ? (શ્રોતા : સુખી હોય તો જનમનો અંત આવે.) એનો ક્યાં અનુભવ? દુઃખનો અનુભવ પણ દુઃખી ક્યાં છે? એમ કે બહુ કષ્ટ પડે ને બહુ કષ્ટ પડે ને, એને ધર્મ બહુ થાય. (શ્રોતા : ધૂળેય નહીં. પાપ બંધ છે.) ઈ માટે કહે છે, એ અપવાસ— ઉપવાસ ખૂબ કરે, તરસ્યા લાગ્યો હોય, ગળા સૂકાણા હોય, ચૈત્ર મહિનાના તડકા પડ્યા હોય, (શ્રોતા : આકુળતા) આકુળતા, પાણી પીતો નથી, ગળું સૂકાય તોય, રોટલા ખાતો નથી, એમ ને એમ નભાવે છે ૨૪ કલાક. (શ્રોતા : આકુળતા છે) આકુળતા છે રાગની, ત્યાં ક્યાં નિર્જરા ને ધર્મ હતો? સમજાણું કાંઈ?

અહીં તો 'ग्यान विलास ताकौ वंदना' એકલો ચૈતન્યપૂર્ણ જાગ્યો, એમ કહેવું છે. અજીવથી જુદો પડીને આત્માના ભાનની જાગૃત દશામાં આવીને અનુભવ કરતાં કરતાં, સ્થિર કરતાં રાગનો સર્વથા નાશ થઈ એકલી ચૈતન્ય જ્યોતિ જાગૃત થઈ. કહો સમજાણું કાંઈ? પહેલેથી છેલ્લે સુધી એ વાત લીધેલી છે. વિકલ્પની જાત છે, પર તરફના વલણવાળો એનાથી જુદો પડીને સ્વરૂપ તરફની દૃષ્ટિનો અનુભવ થયો, ત્યારે એને જ્ઞાનનો વિલાસ જાગ્યો. પણ હજી પૂર્ણ અનુભવ કરતાં, કરતાં, કરતાં, કરતાં જ્યારે રાગ સર્વથા જાય અને જ્ઞાન સ્વભાવ સર્વથા વિકાસને પામે, એને પૂર્ણ જ્ઞાની પરમાત્મા કહે છે. એવા જ્ઞાનને વંદના—આદર કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

એક કળશ થયો. હવે કળશ બીજો 'श्रीगुरुकी पारमार्थिक शिक्षा' બીજો કળશ નીચે છે.

विरम किमपरेणाकार्यकोलाहलेन,
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।।२।।

આહાહા...! પુણ્ય—પાપના ભાવ એ તો અકાર્ય છે, એમ કહે છે. એનું પદ્ય; આ કળશ હતો.

શ્રી ગુરુની પારમાર્થિક શિક્ષા (સવૈયા એકત્રીસા)

भैया जगवासी तू उदासी व्हैकें जगतसौं,
एक छ महीना उपदेश मेरौ मानु रे।
और संकलप विकलपके विकार तजि,
बैठिकें एकंत मन एक ठौरु आनु रे।
तेरौ घट सर तामें तूही है कमल ताकौ,
तूही मधुकर व्है सुवास पहिचानु रे।
प्रापति न व्है है कछु ऐसौ तू विचारतु है,
सही व्है है प्रापति सरूप यौंही जानु रे।।३।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : જગવાસી=સંસારી. ઉદાસી=વિરક્ત. ઉપદેશ=શિખામણ. સંકલપ-વિકલપ(સંકલ્પ-વિકલ્પ)=રાગ-દ્વેષ. વિકાર=વિભાવ પરિણતિ. તજિ=છોડીને. એકંત(એકાન્ત)=એકલો, જ્યાં કોઈ અવાજ, ઉપદ્રવ વગેરે ન હોય ત્યાં. ઠૌરુ=સ્થાન. ઘટ=હૃદય, સર=તળાવ. મધુકર=ભમરો. સુવાસ=પોતાની સુગંધ. પ્રાપતિ(પ્રાપ્તિ)=મિલન. ह्वैहै=થશે. સહી=ખરેખર. યૌંહી=એવું જ.

**અર્થ :**—હે ભાઈ, સંસારી જીવ, તું સંસારથી વિરક્ત થઈને એક છ મહિના માટે મારી શિખામણ માન અને એકાન્ત સ્થાનમાં બેસીને રાગ-દ્વેષના તરંગો છોડીને ચિત્તને એકાગ્ર કર, તારા હૃદયરૂપ સરોવરમાં તું જ કમળ બન અને તું જ ભમરો બનીને પોતાના સ્વભાવની સુગંધ લે. જો તું એમ વિચારે કે એનાથી કાંઈ ન મળે, તો નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે; આત્મસિદ્ધિનો એ જ ઉપાય છે.

વિશેષ :—આ પિંડસ્થ ધ્યાન છે. પોતાના ચિત્તરૂપ સરોવરમાં સહસ્રદળનું કમળ કલ્પિત કરીને પ્રાણાયામ કરવામાં આવે છે જેથી ધ્યાન સ્થિર થાય અને જ્ઞાનગુણ પ્રગટ થાય છે. ૩.

**अर्थ** :–हे भाई! संसारी जीव! तू संसारसे विरक्त होकर एक छह महिनेके लिए मेरी सीख मान और एकान्तस्थानमें बैठकर राग-द्वेषकी तरंगे छोड़के चित्तको एकाग्र कर, तेरे हृदयरूप सरोवरमें तू ही कमल बन और तू ही भौरा बनकर अपने स्वभावकी सुगंध ले। जो तू यह सोचे कि इससे कुछ नहीं मिलेगा, सो नियमसे स्वरूपकी प्राप्ति होगी; आत्मसिद्धिका यही उपाय है॥३॥

विशेष : यह पिंडस्थ ध्यान है। अपने चित्तरूप सरोवरमें सहस्रदलका कमल कल्पित करके प्राणायाम किया जाता है जिससे ध्यान स्थिर होता है और ज्ञानगुण प्रगट होता है॥३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'भैया जगवासौ तू उदासी व्हैकैं जगतसौं, एक छ महिना उपदेस मेरौ मानु रे।'

'भैया जगवासी तू उदासी'. પાછા કવિ છે ને, એટલે ભાષા પણ એમ જ આવે. (શ્રોતા : ગાવઠી, ગાવઠી) ભૈયા એમ કહ્યું, કહે છે, લ્યો. જગવાસી–જગમાં રહેલો, રાગમાં રહેલો, સંસારમાં રહેલો, એને જગવાસી કહીએ અમે. 'उदासी व्हैके जगतसौ'—પણ 'જગત' શબ્દે એ વિકલ્પ ને રાગથી માંડીને જગતથી પાછો ફર. આહાહા...! 'एक छ महिना उपदेश मेरौ मानु रे'—એક છ મહિના મારો ઉપદેશ માન. છ મહિના લઢણ કર અંદર. સમજાણું કાંઈ?

અને વળી બદામનું તેલ કાઢે ને બદામનું તેલ. લસોટે, બે ચાર લસોટા મારીને વળી પાણી પીવા ઊઠે, ત્યાં તેલ બધું પી જાય, પછી છૂટું તો પડે નહિ. સમજાણું કાંઈ? વળી બે ચાર લસોટા મારીને વળી વાતું કરવા માંડે કોઈક આવ્યું હોય તેની હારે. વળી તે કે'દિ તેલ નીકળે બહાર? પણ બરાબર લસોટે. અમારી કાઠિયાવાડી ભાષા છે ને આ! 'લસોટવું' એટલે બરાબર ઘસવું. ઉપરા ઉપર ઘસે. એમ છ મહિના એકવાર આત્માના તરફના લક્ષને ઘસ. આ તો બધા બોલ આવ્યા'તાને આઠ–દસ, કોઈ અધ્યાવસાયને કર્મ માને, જીવ માને, એમનો આ કળશ છે. (શ્રોતા : ૨૯ બોલનો ઉકરડો) અધ્યવસાનને કોઈ જીવ માને, કોઈ રાગને માને, કોઈ આને માને, કોઈ રાગનો કર્તાપણાનો અનુભાગ જીવ છે એમ...('સમયસાર' ગા. ૫૦ થી ૫૫) એ બધા બોલ છે, એનો આ કળશ છે.

'एक छ महिना उपदेश मेरौ मानु रे'—છ મહિના તો ઉપદેશ મારો માન કહે. આ તો મધ્યમ વાત કરી છે. સમ્યગ્દર્શન તો અંતર્મુહૂર્તમાં થાય, ન થાય તો અનંતકાળે પણ ન થાય. પણ મધ્યમ વાત કરીને એને આકરું ન લાગે એટલે જરીક વિસામે રાખ્યો છે એ વાતને. 'और संकलप विकलपके विकार तजि'–ઔર આત્માના સ્વભાવની અંતરદૃષ્ટિના અનુભવ સિવાય જે કંઈ સંકલ્પ વિકલ્પને છોડી દે, તે 'तजि'. દુનિયાનું કરી દઉં, દુનિયાને સંભળાવી દઉં, દુનિયાને સમજાવી દઉં, એ બધા સંકલ્પ વિકલ્પ છોડ.

'और संकलप विकलपके विकार तनि, बैठिकैं एकंत मन एक ठौरु आनु रे।' આહાહા! છે? જુઓ. 'तू संसारसे विरकत होकर'..... સંસારથી વિરક્તનો અર્થ, રાગરૂપી વિકલ્પ જે છે, એ સંસાર છે. આમ બાયડી છોકરા છોડીને બહાર બેસી જાય એટલે સંસાર છોડ્યો છે, એમ નથી. આહાહા! જેને હજી પંચ મહાવ્રતના વિકલ્પના રાગ સાથે પણ એકતાબુદ્ધિ છે, એ પાકો સંસારી છે. સમજાણું કાંઈ?

કષાય ને કાયા સાથે એકત્વબુદ્ધિ આવી છે ને. આશ્રવ ને અજીવ બે, 'પ્રવચનસાર', આશ્રવ ને અજીવ. પુણ્ય આદિના પરિણામ તે આશ્રવ છે, શરીર આદિ તે અજીવ છે. બેમાં જેની એકત્વબુદ્ધિ છે, એ તો પાકો સંસારી છે. ભલે બાહ્ય ત્યાગી થઈને નગ્ન મુનિ થઈને ફરતો હોય, તો પણ એ પાકો સંસારી છે. આહાહા! આકરી વ્યાખ્યા લાગે. કેટલું સહન કરે બિચારા! બાહ્ય વિભાવમાં, બાયડી છોકરામાં, સગવડતા ખાવાપીવાની. આ ઊના ઊના દાળભાત, રોટલી, શાક, અથાણું (એની) મમતા છોડીને સાધુ થાય, તો કહે છે કે 'તું સંસારી છે' લે! એ તો છૂટેલા જ પડેલા જ છે. છોડવાનું અભિમાન છે એ તો! છૂટા જ હતા. તું તો રાગમાં એકત્વપણે બંધાયેલો હતો, એ સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ?

પરમ સ્વભાવ ભગવાન આત્મા, એને રાગના ઉદય ભાવની એકતા એ સંસાર છે. એનાથી વિરક્ત થઈને (પુરુષાર્થ કરવો). ભાષા તો સહેલી છે. પણ અંદર વિરક્ત થવું, એ પુરુષાર્થ અનંતો માગે છે. એય! 'संकल्प विकल्पके विहार तजि, बैठिकै एकंत मन एक ठौरु आनु रे'—મનને આત્મા તરફ વાળ. 'એક ઠૌર આન'—એક આત્મા આનંદ સ્વરૂપ એની બાજુ વાળ. સમજાણું કાંઈ? ભાઈએ લખ્યું છે ને રમેશભાઈએ. નથી? એ કાગળિયામાં આવ્યું છે ને. 'મનના મૃગલાને પાછા વાળજો રે લોલ'. મૂળ વ્યાખ્યાનમાંથી તે 'દિ બનાવ્યું છે. 'મનના મૃગલાને પાછા વાળજો રે લોલ, જોડજો આત્મ સરોવરને સાથ, એ તને આતમ સુખ મળશે અમુલા રે લોલ.'—આત્માનો આનંદ તને બહુ મળશે.

વ્યાખ્યાનમાં આવ્યું'તુ ને તો ગોઠવી દીધું. કહો, સમજાણું કાંઈ? બાઈયુંનો રાગ છે ને ઈ રાસડાનો, રાસડાનો રાગ. બાઈયું ગાય ને રાસડા, ઈ રાગ છે ઈ. લોલ, લોલ કરીને. સમજાણું કાંઈ? નહિ? નહીં ભાઈ? બાઈયું ગાય ને રાસડા, ત્યારે આવું બોલે લોલ રે લોલ કરીને. એને એમ જ જોડી દીધું. ઓલી એને શ્વાસને મહેનત ન પડે, દેશી બોલતા. અંદર શ્વાસમાં ઢબને શ્વાસ જોઈએ ત્યારે મળી રહે ને દેશી હાલે. 'बैठिकैं एकंत मन एक ठौरु आनु रे' લ્યો આ કરવાનું. ઓહોહો...! આખું જગત. એ જ સંકલ્પ વિકલ્પનો વિકારથી, વિકલ્પથી માંડીને આખી દુનિયા એ તારાથી જુદી ને એનાથી તું જુદો! આહાહા...!

'तैरौ घट सर तामैं तू हीं है कमल ताकौ', તેરે હૃદયમેં સરોવર, જ્ઞાન સરોવર ભર્યું છે ભાઈ! આહાહા! આનંદ સરોવરમાં પડ્યો છો પ્રભુ તું! તું આનંદ સરોવર છો. આહાહા! સવારે એમાંય આવ્યું, નહીં?...ત્યારે અત્યારે ક્યાંથી આવ્યું?...શું કહ્યું? કે એક છ મહિના મારો ઉપદેશ માન, આચાર્ય કહે છે. ભગવાન આત્મા, 'तैरौ घट सर तामैं'—તેરા શરીરના અંદરમાં ચૈતન્ય સરોવર ભર્યો છે! આહાહા...! આનંદનો સરોવર છે ઈ! સમજાણું કાંઈ? 'तैरौ घट सर तामैं तू हीं है कमल ताकौ',—ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો સરોવર છે, તે તું પોતે કમળ છો! એની સુગંધ તું લે! આરે! આરે! ભારે વાત. જેઠાભાઈ! અરે, ભગવાન! તેં પુણ્ય ને પાપના સંકલ્પ વિકલ્પના ભાવની સુગંધું ઝેરની લીધી. સમજાણું કાંઈ? ત્રીજો શ્લોક છે ને...એ ચાલે છે.

तैरौ घट सर तामैं तू हीं है कमल ताकौ, तूही मधुकर व्है सुवास पहिचानु रे। આહાહા! શું કહે છે? તારા અંતર હૃદય સરોવરમાં ભગવાન અંતર આનંદ મૂર્તિ પ્રભુ તું છો. એ હૃદય સરોવરમાં કમળ, તેવું અંદર કમળ વન છે. આનંદના પાકનું એ બધું ભગવાન આખું વન છે. એને 'तू ही भँवरा बनकर'—તૂ હી ભમરો થઈને એની સુગંધ લે! સમજાણું કાંઈ? આહાહા! 'तू ही भौंरा बनकर' 'भँवरा'—એટલે ભમરો. 'अपने स्वभावकी सुगंध ले।' ભગવાન આત્મા સચ્ચિદાનંદ, સત્ ચિત્ આનંદ સ્વરૂપ શુદ્ધ જ્ઞાન ઘન એ આત્મ સરોવર. એ સરોવરમાં તું અંદર એકાગ્ર થા કમળ એની સુગંધ તું લે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ભારે આવી બધી વાતું! સમજાય છે કાંઈ?

ભાઈએ નાખ્યું છે ને, રમેશે નાખ્યું છે આંહી. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, દોડી હાંફી ઝાંઝવાના જળને રે કાજ, અરેરે! સાચા રે વારિ રે એને નહિ મળે રે લોલ.' વિંછીયા, પ્રેમચંદભાઈના દીકરાનો દીકરો છે ને પેલો કારકુન રમેશ, રમેશ. એણે ગાયન બનાવ્યા સાત દી' રહ્યાં ને વિંછીયા. સાત દિ'માં ગાયન બનાવીને લાવ્યો હતો માળો. એના બાપને દેવું હતું. આ દાદાને તો એમ કે તે કો'કના બનાવેલા ગોખતો હશે અહીંયા. એમ કે, ઓલા કમલ નામ છે ને. એનું નામ રમેશ છે, પણ 'કમલ ઉપનામ રાખ્યું છે. સમજ્યા ને? એ કાગળ આપજો એક-બે. તમારે એણે બનાવ્યું. 'આ દોડે હાંફી ઝાંઝવાના જળની રે સાથ,' અરે! સાચા વારિ એને ના મળે રે લોલ'. વારિ એટલે પાણી. એ દેવાનુપ્રિયા, આ લીધું છે કે નહિ? લીધું છે ને. આ આપ્યું ને. નથી આપ્યું? નારદ રહી ગયા. કહો સમજાણું કાંઈ? 'અરેરે! સાચાં વારિ રે એને ના મળે રે'.

જુઓ, આ સરોવર ચૈતન્ય સરોવર. આનંદનો નાથ એને મૂકીને પુણ્ય-પાપનાં ઝાંઝવાના જળમાં ભટક્યો, એ ત્યાં સાચાં પાણી નહીં મળે તને. સમજાણું કાંઈ? શું કીધું?

એ ખાવાની સગવડતા ને ત્યાં વિકલ્પમાં રોકાણો, કહે છે કે ત્યાં પાણી નથી સાચાં, એમ કહે છે. (શ્રોતા : આત્મામાં છે ને? ઈ એમ કહે છે. આત્મા ત્યાં છે કે નથી?) આત્મા છે તેની ખબર ક્યાં છે એની? આહાહા! જોયું? (શ્રોતા : સોનગઢમાં જ આત્મા છે, ત્યાં નથી?) એ અહીંયા ન બોલે એટલું, તમારી પાસે બોલે થોડું થોડું. સમજાણું કાંઈ? આરે...! જુઓ ઈ આ સરોવર. ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને પદાર્થ સચ્ચિદાનંદ સ્વરૂપ 'સત્' નામ શાશ્વત, 'ચિદ્' નામ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો ભરેલો ભંડાર પ્રભુ છે. કેમ બેસે? કોઈ દિ સંભાર્યું નથી ને, બહારની ધૂળ ધમાલને એ. પુણ્ય ને પાપના સંકલ્પને વિકલ્પની આડમાં એને ભગવાનને ભાવવા નવરો થયો નથી. આહાહા! સમજાણું કાંઈ?

'એ મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ' રાસડાનો રાગ. 'જોડી દ્યો આતમ સરોવર ને આજ, એને મળશે આતમ સુખ અમુલા રે લોલ' ભગવાન! તું તો અતીન્દ્રિય આનંદનો સરોવરથી ભરેલો તું વસ્તુ છો. અરે! એ વસ્તુ તરફ જા અને આ પુણ્ય પાપના વિકલ્પ ઝાંઝવાના દોડમાં દોડ નહિ. મૃગલા જેવો થા નહિ. મૃગલા ઝાંઝવાના જળમાં જાય પણ ત્યાં જળ-પાણી મળે નહિ. એમ અજ્ઞાની પુણ્ય ને પાપના વિકલ્પમાં જાય, ત્યાં પાણી—આત્માની શાંતિ નહિ મળે તને. સમજાણું કાંઈ? આ બોર્ડીંગ—બોર્ડીંગના પૈસા ઉઘરાવવા એ બધા વિકલ્પ, એ ઝાંઝવાના પાણી છે, એમ કહે છે. બોર્ડીંગ ઓલા કોલેજમાં...ત્યાં એ ખાસ આવતા બહુ વખતથી...પ્રેમથી. કહો સમજાણું કાંઈ? આહાહા!

અરે ભગવાન! આવો મનુષ્યનો દેહ, એમાં તારી ચીજ શું છે? એને સમજવાની કોશિશ—પ્રયત્ન કર્યો નહિ, બધું ધૂળ ને ધાણી છે ભાઈ! સમજાણું કાંઈ? સરોવર, આતમ સરોવર જુઓ, ઈ અહીંયા લેવું. 'तैरौ घट सर तामैं तू हीं है कमल ताकौ' આહાહા! ભગવાન આત્મા! એ બાળ ગોપાળ શરીરનાં મડદાં પડ્યાં શરીરનાં, એમાં અમૃત ભગવાન બિરાજે છે. આવે છે ને? 'મૃતક ક્લેવરમાં અમૃત ભગવાન મૂર્છાણો છે.' આ તો મૃતક ક્લેવર—ચામડાં સડેલા છે. અમૃત સરોવર ભગવાન આત્મા, અનાકુળ આનંદના અમૃત સ્વરૂપથી ભરેલો, મૃતક ક્લેવરમાં મૂર્છાણો. અમૃતમૂર્તિ મૃતક ક્લેવરમાં મૂર્છાણો. એ દુઃખના દાળિયા બાપા, દુઃખના વેદન છે ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

'तैरौ घट सर तामैं तू हीं है कमल ताकौ'—એ સરોવર પણ તું અને તેનું કમળ પણ તું! એની ખીલવટમાં કારણ તારું છે. 'तूही मधुकर व्है सुवास पहिचानु रें'—તું મધુકર નામ ભમરો થઈ અંદર આનંદ સરોવરના કમળનો એ તું ભમરો થઈને સુવાસ લે ભાઈ! આ પુણ્ય પાપના સંકલ્પ વિકલ્પની દુઃવાસમાં ઝેરની વાસનાઓ તો તેં અનંતકાળ કરી છે, એ કાંઈ નવી છે નહિ. સમજાણું કાંઈ? 'तु ही मधुकर व्है सुवास

पहिचानु रे, भैया जगवासी तू उदासी व्हैके जगतसौ, एक छ महिना उपदेश मेरौ मानु रै' ઉપર પહેલી કડી છે. એમાં ઉપર છે ભૈયા. એક છ મહિના હું કહું એ વાત કરને ભાઈ! આ હોળી તો બધી કરી છે તે અનંતવાર. સમજાણું કાંઈ?

'प्रापति न व्है है कछु ऐसौ तू विचारतु है'. અરેરે...! 'આ વસ્તુ કેમ મળે?' એમ તું વિચાર કરે છે. એમ તું રહેવા દે ભાઈ! તારી ચીજ તારી પાસે છે, એ નહિ ગોપવે. તું અંતરમાં સાવધાન થઈને જઈશ તો તને મળી રહેશે. આહાહા! શું કહે છે અહીંયા? 'અજીવ અધિકાર' છે ને! એટલે પુણ્ય પાપના ભાવ, જે શુભ અશુભ છે, એમાં એની પ્રાપ્તિ નથી. એનાથી રહિત પ્રાપ્તિ કેમ થશે? એમ ન માન. એના રહિતનું ફળ(મોક્ષ), એ પ્રાપ્તિ તને થશે. આહાહા! સમજાય છે કાંઈ? ભારે ભાઈ! આવી ધર્મની વ્યાખ્યા કેવી? ઓલું તો કહે, પૈસા ખર્ચો, દાન કરો, દયા કરો, વ્રત પાળો, અપવાસ કરો, કોલેજ બનાવો, પૈસા ઉઘરાવો, પૈસાવાળા પાસેથી લ્યો. ધંધો કરીને અમે પાંચ લાખ ઉઘરાવ્યા, લ્યો કાંઈ નફો તો મળશે કે નહીં અમને? (શ્રોતા : મિથ્યાત્વનો મળી ગયો) મળી ગયો, એ રાગ છે એ આકુળતાનો નફો મળ્યો. સમજાય છે કાંઈ?

'प्रापति न व्है है कछु' કહે છે, जो तू यह सोचे कि इससे कुछ नहीं मिलेगा', એમ રહેવા દે. આહાહા! 'सो नियमसे प्राप्ति होगी'. શું કહે છે? આહાહા! બહુ ટૂંકા શબ્દમાં ભાવને ભર્યા છે. ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, અનાદિ અનંત છે, શાશ્વત વસ્તુ છે અને એમાં શાંતિ અને આનંદ—આદિ શક્તિઓ શાશ્વત પડી છે. ઈ કહે છે, ન પ્રાપ્ત થાય એમ હોઈ શકે નહિ, એમ કહે છે. ભાઈ! તને આ શું થયું છે તને? 'હું' મને પ્રાપ્ત થઈશ કે નહિ? 'હું' મને પ્રાપ્ત થઈ શકીશ નહિ? ઈ શું થયું છે ભાઈ! કહો, સમજાય છે કે નહિ? દેવાનુપ્રિયા! (શ્રોતા : આત્માની શંકા કરે, આત્મા પોતે આપ) એ વળી જુદી વાત થઈ છે. આત્માના અસ્તિત્વનો નાશ થઈ જશે. એ આત્માની શંકા ઈ તો શું આત્મા છે કે નહિ? એની વાત છે. આ તો આત્મા આવો છે. એની પ્રાપ્તિ થયા વિના તને રહેશે જ નહિ. વાંચ્યું છે ને એટલે મૂકે ક્યાંક.

કહે છે કે 'प्रापति न व्है है कछु ऐसौ तू विचारतु है' ભગવાન શું થયું તને આ? આહાહા! 'હું' નથી, પણ 'હું' નથી ત્યાં જ 'તું' છે, એમ નિર્ણય થયો. 'હું' નથી, એનો નિર્ણય કોણે કર્યો? 'હું' નથી, એ કઈ ભૂમિકામાં 'હું' નથી એવો નિર્ણય થયો? ચૈતન્યની ભૂમિકામાં 'હું' નથી, ત્યાં 'હું' છું—એમ નક્કી થઈ ગયું એ તો. સમજાણું કાંઈ? એની કળા તો છે સહેલી પણ એણે કળા સાંભળી નથી અને એ લક્ષમાં લીધી નથી. આહાહા! સાધુ થયો, બાવો થયો, યતિ થયો, મરી ગયો, ક્રિયા કરી કરીને સૂકાઈ ગયો. કહો, પ્રકાશદાસજી! ઉઘાડે પગે હાલ્યા, ઊના પાણી પીવે, લોંચ કરાવ્યા, ઘેટા કરાવે

એવો! આહાહા! ભાઈ! ઈ ચીજથી તો આ ચીજ જુદી છે! આહાહા!

આ તો સહજ આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એ દુઃખરૂપ નહિ, વિકલ્પરૂપ નહિ, અજીવરૂપ નહિ. એને અજીવથી જુદો પાડી અને તારા આનંદના સ્વભાવના સરોવરમાં કમળ તું થઈને, તું ભમરો થઈને એની સુગંધ લે. આહાહા! એ આનંદની વાસના સુવાસ લે. અંતર સ્વભાવના અતીન્દ્રિય આનંદ ભર્યો છે ધ્રુવ! એની સુવાસ લે. આમ બહારમાં નથી કહેતા કે, અમારે આની બહુ સુવાસ છે. પણ ધૂળેય સુવાસ નથી ત્યાં, સમજ્યા! આબરૂ કહે એને સુવાસ કહે છે ને! એની બહુ સુવાસ છે. એમ કે જ્યાં હોય ત્યાં એના વખાણ થાય. મૂર્ખા જેવા પણ પાગલો એના વખાણ કરે, એ સુવાસ કેવી કહેવાય? એ પોપટભાઈ! પાગલ જેવા માણસ પાસેથી અભિનંદન લેવા એના? સમજાણું કાંઈ? આહાહા! હા, બહુ જાણે છે હોં, બહુ આવડે છે હોં, પાગલ જેવા એની પરીક્ષા કરીને એને સારો કહે. ભાઈ! તારા સારાપણાની વાતો બીજી છે, પ્રભુ! આહાહા!

અહીં તો એમ કહેવા માંગે છે કે પુણ્ય પાપનો ભાવ છે ને એમાં સુખ નથી, એમાં દુઃખ છે, એ અજીવ ભાવ છે. એ જીવતી જાગતી જ્યોતનો ભાવ, એ (નથી). આહાહા! તો જેમ શરીરથી જુદો છે, એમ એ પુણ્ય પાપની વૃત્તિઓ ઊઠે છે, એ પણ અજીવ છે. એમાં ચૈતન્યની જાગૃતિનો અભાવ છે. માટે એનાથી જુદો એવી સ્વરૂપની દૃષ્ટિ કરતાં, પ્રાપ્ત થશે કે નહિ? છોડી દે શંકા. થશે જ! સમજાણું કાંઈ? આહાહા! 'प्रापति न व्है है कछु ऐसौ तू विचारतु है, सही व्है है प्रापति सरुप यौंही जानु रे।' જુઓ, 'सौ नियमसे स्वरूपकी प्राप्ति होगी आत्मसिद्धिका यही उपाय है' આ બીજો અર્થ છે. જુઓ આ ઉપાય. કહો સમજાણું કાંઈ? સંકલ્પ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ–ઈ બધું ઉપાય નથી. જે માન્યો એ નથી. આહાહા! સમજાણું કાંઈ?

વિશેષ : હેઠે અહીંયા નાખ્યું છે. 'यह पिंडस्थ ध्यान है'. પિંડસ્થ એટલે આ શરીરરૂપી પિંડમાં આત્મા છેને જુદો, એનું ધ્યાન એમ. ઈ ધ્યાનની વ્યાખ્યા કરી છે, એમ કહ્યું છે. પિંડ એટલે શરીર. પિંડે એ બ્રહ્માંડે ને બ્રહ્માંડે તે પિંડે. આ ભગવાન શરીર પિંડમાં પ્રભુ ચૈતન્ય જ્યોત બિરાજે છે. તે 'તું' છો! આહાહા! એક શેર ઉપાડ થાય ત્યાં રાજી થાય. જરીક સારો કહેતાં ફુલાઈ જાય. અરે! આને આ વાત કેમ બેસે? પોપટભાઈ! પાંચ પચ્ચીસ લાખ મળે એને દુનિયા કહે, 'આહાહા...! પરમેશ્વરે આપ્યું ને ખાય ભોગવે ને વળી દાને ય કરે પાછા.

(શ્રોતા : કમાઈયે જાણ્યું ને વાપરીયે જાણ્યું.) કમાઈયે જાણ્યું ને વાપરીયે જાણ્યું ઓલા માણસ મરેને 'જીવીયે જાણ્યું ને મરીયે જાણ્યું', એમ કહે. બોલો. (શ્રોતા : બીજા

પાસે સેવા ન કરાવી) સેવા ન કરાવે મરતા, એકદમ મરી જાય. ઓલો, વહેલા વહેલા મરી જાય. રોટલા વખતે મરે તો વાંધો આવે પણ છ સાત વાગે મરી ગયો હોય ને પછી નહાઈ ધોઈને આવે ને રોટલા ટાણે મળે. ભાઈ, એણે જીવીએ જાણ્યું ને મરી યે જાણ્યું, શું આપણને કાંઈ મહેનત પડી નહીં, રાતના ઉજાગરા કરવા પડ્યા નહિ. રમેશભાઈ!

એ માળા સ્વાર્થના પૂતળા આમ બોલે હોં, મરતાં પછી. જીવી ક્યાં જાણ્યું'તું? શું આત્મા છે? આત્મા આનંદ સ્વરૂપ ને જીવનમાં એની જ્યોતમાં આનંદ પ્રગટ કરીને જીવો–એ જીવ્યું છે. ધૂળનાં જીવન એ જીવન કેવાં? માળા જીવનનો નાશ કરી નાખ્યો છે. આત્માને. આહાહા! કહો ભીખાભાઈ! છોકરા થયા, પૈસા થયા, આબરૂ થઈ, મકાન થયા. બાપા! એની તો (શ્રોતા : આકુળતા ઊભી થઈ.) હવે ઓલો ત્રીસ રૂપિયાના પગારમાં ક્યાં દશ–દશ હજારની પેદાશ થાય, વીસ–વીસ હજારની. એની એમાં તો કાંઈ (ગણત્રી ન મળે). કહો સમજાણું કાંઈ?

'अपने चित्तरुप सरोवरमें सहस्त्र दलका कमल कल्पित करके (એ નાખ્યું) प्राणायम किया जाता है, जिससे ध्यान स्थिर होता और ज्ञानगुण प्रगट होता है' ઈ તો આ વસ્તુ આમ છે. (શ્રોતા : નિમિત્તની વાત છે.) ઓહો! ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને! વસ્તુ છે તો એની શક્તિ સ્વભાવગુણ હોય છે ને! તે એના અનંત અનંત સંખ્યાએ ગુણ છે. અહીંયા શક્તિનું માપ કાઢ્યું ને. ૪૭, એવી અનંત શક્તિ છે આત્મામાં. અનંત શક્તિનો સાગર આત્મા. એમાં એનો જે કમળ ઊગે, એની દૃષ્ટિ પડતાં, તેની ઉગ્રતા જાગૃતિ થાય.

એની સુગંધનો સ્વાદ તું લે, એમ કહે છે. કનુભાઈ, ભારે ધર્મ આવો માળે આ તો! અત્યાર સુધી સોંઘો હતો, કરી નાખ્યો મોંઘો માળે, એમ કેટલાક કહે છે. જેઠાભાઈ! ઊનાં પાણી પીધાં, ઉપધાન કર્યા, ઓલા કંઈક કર્યા, લ્યો. હવે કહે, ઈ ધર્મ નહિ. જેઠાભાઈ! ભગવાનને જગાડ્યા વિના તારી ક્રિયા કરી એ બધી ખોટી છે. આહાહા! ચોથું પદ, કળશ ત્રીજો. કળશ છે ને નીચે. અહીંયા હેઠે કર્યું છે નીચે. 'यहाँ पाठमें जो छ महिना कहा है.' નીચે નોટ છે. 'सो सामान्य कथन है' છ મહિના આ ઉપદેશ માન, એમ કહે છે ને.

છ મહિના એક કોર બેસીને આત્માના સંકલ્પ–વિકલ્પ છોડીને એમાં ધ્યાન કર. 'सम्यकर्शनकी प्राप्तिका जघन्यकाल अन्तर्मुहूर्त'. આત્માનુભવ તો અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટની અંદર જ થઈ જાય. ઉત્કૃષ્ટકાળ અનંત. ન થાય તો અનંત કાળે ય ન થાય, પણ થાય એમ. અનંત કાળે પણ થાય, એમ લેવું છે અહીં. 'शिष्यको मार्गमें लगानेकी दृष्टिसे

जघन्य और उत्कृष्ट काल न बताकर छ महिनेके लिये प्रेरणा की है. छ महिनेमें सम्यक्दर्शन उपजे ही उपजे ऐसा नियम नहिं.' પુરુષાર્થ કરે તો થાય. કાળની મર્યાદા જાણીને એને (ઉપદેશ આપ્યો).

ભાઈ, એક કોર બધાની જેમ લગની લગાડી છે સંસારની, એવી આત્માની લગની લગાડ એકવાર ધૂન...ધૂન...ધૂન. સમજાણું કાંઈ? આનંદ સ્વરૂપને શોધવા ધૂન લગાડ. એ ધૂન છ મહિના કર તો તને આત્માનું ભાન થયા વિના રહેશે નહિ. આહાહા! (શ્રોતા : સામાન્ય કથન...) સામાન્ય કથન નહીંતર આમ અંતર્મુહૂર્ત, અંતર્મુહૂર્તમાં અંતર્મુહૂર્ત એક સમયમાં, એક સમયમાં, સમયાંતરમાં જ્ઞાન થઈ જાય પૂર્ણ ફાટ. એક જે સમયે રાગ અને પુણ્ય ઉપર બાહ્ય દૃષ્ટિ છે, એને છોડીને અંતર દૃષ્ટિ કરી, ઈ જ સમયાંતરમાં આત્મભાન થઈ જાય. પણ એને ગતિ ને વિધિની રીતિ આવડવી જોઈએ. આહાહા...! સમજાણું કાંઈ?

પિંડસ્થધ્યાન સંસ્થાનવિચય ધ્યાનનો ભેદ છે એ, પિંડસ્થ કહ્યું'તું ને! પિંડસ્થ એટલે આ શરીરમાં રહેલો ભગવાનનું ધ્યાન કર એમ. એટલે એને પિંડસ્થ કહ્યું, એમ. 'पिंडस्थ, पदस्थ, रुपस्थ और रूपातीत–इस तरह चार प्रकारका संस्थानविचय ध्यान होता है.' આત્મા શરીરમાં રહ્યો છે, તો એનું ધ્યાન કરે એ પિંડસ્થ કહેવાય. પદસ્થ–પાંચ પદ છે ને, અરિહંત, સિદ્ધિ આદિ એનું ધ્યાન કરે એ પદસ્થ કહેવાય. રૂપસ્થ–રૂપી શરીરમાં રહ્યો છતાં અરૂપીનું ધ્યાન કરવું એને રૂપસ્થ કહેવાય. રૂપાતીત–શરીર રહિતનું ધ્યાન કરવું એને રૂપાતીત કહેવાય.

ત્રીજો કળશ નીચે છે ૫૭ પાને

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पोद्गलिका अमी।।३।।

પદ ચોથું છે અંદર.

જીવ અને પુદ્ગલનું લક્ષણ (દોહરા)

चेतनवंत अनंत गुन, सहित सु आतमराम।
यातैं अनमिल और सब, पुद्गलके परिनाम।।४।।

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : આતમરામ=નિજ સ્વરૂપમાં રમણ કરનારા આત્મા. यातैं=એનાથી. અનમિલ=ભિન્ન.

**અર્થ :**–જીવ દ્રવ્ય, ચૈતન્યમૂર્તિ અને અનંતગુણસંપન્ન છે, એનાથી ભિન્ન બીજી બધી પુદ્ગલની પરિણતિ છે.

ભાવાર્થ :–ચૈતન્ય, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ આત્માના અનંત ગુણ છે અને આત્માના ગુણો સિવાય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે શબ્દ, પ્રકાશ, તડકો, ચાંદની. છાંયો, અંધકાર, શરીર, ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ તથા કામ, લોભ, મોહ માયા આદિ જે કાંઈ ઇન્દ્રિય અને મનગોચર છે તે બધુ પૌદ્ગલિક છે. ૪

**अर्थ** :–जीव द्रव्य, चैतन्यमूर्ति और अनंतगुणसंपन्न है, इससे भिन्न और सब पुद्गलकी परिणति है।

**भावार्थ** :–चैतन्य, ज्ञान, दर्शन, सुख वीर्य आदि आत्माके अनंत गुण है और आत्मगुणोंके सिवाय स्पर्श, रस, गंध, वर्ण वा शब्द, प्रकाश, धूप, चांदनी, छाया, अंधकार, शरीर, भाषा, मन, श्वासोच्छ्वास तथा काम, क्रोध, लोभ, माया आदि जो कुछ इन्द्रिय और मन गोचर हैं वे सब पौद्गलिक हैं।।४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! 'चेतनवंत अनंत गुन सहित सु आतमराम'—એ અનંત જ્ઞાન દર્શન આદિ ગુણથી આત્મા સહિત છે. 'यातैं अनमिल और सब—એ એનાથી અણમળતા પુણ્ય ને પાપના ભાવ એ આત્માના સ્વભાવથી અણમળતા ભાવ છે. આહાહા...! સમજાણું કાંઈ? 'અણમળતા.' એવા શબ્દો બહુ આવે છે એમાં, કળશ ટીકામાં આવે છે. કળશ ટીકામાં બે ત્રણ ઠેકાણે 'અણમળતા.' અહીંયા એમાંથી કાઢ્યું છે ને! એમાં એક એક શબ્દો હોય. કળશ ત્રીજો. જીવ દ્રવ્ય તો ચૈતન્યમૂર્તિ છે ભગવાન! જાણક સ્વભાવનો નૂરનો પૂર ચૈતન્ય છે.

'यातैं अनमिल और सब पुद्गलके परिनाम'. દેખો, શરીર વાણી જડ એ તો અણમળતા છે, એ તો જડ છે. પણ ચૈતન્યના આનંદ સ્વભાવની પાસે, જ્ઞાનના જ્ઞાતા સ્વભાવની આગળ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ અણમળતા, અમેળવાળા છે. આહાહા...! સમજાણું કાંઈ? બધું કાઢી નાખ્યું ને મૂળ પાઠમાં આમ છે ને 'चिच्छक्तिव्याप्तसर्वस्वसारो' એટલો જીવ છે. 'अतोऽतिरिकता सर्वेऽपि भावा' અહીં તો પુદ્ગલ કહી દીધા છે. એ પાંચ મહાવ્રતના પરિણામ, દયા, દાનના ભાવ એ બધા પુદ્ગલ જડ છે. એય! પ્રકાશદાસજી. હવે મહાવ્રતને... (શ્રોતા : બધાય જડ) છે શબ્દ જુઓ. 'પુદ્ગલકે પરિણામ' ૪થું છે પદ. ૪થું પદ છે ને! બધાં પુદ્ગલના પરિણામ કહ્યાં છે. ૨૮ મૂળગુણ મૂળમાંથી. આહાહા!

ભગવાન તો ચૈતન્ય જ્યોત જ્ઞાનનો કંદ પ્રભુ છે, એ વસ્તુને આત્મા કહીએ અને પુણ્ય ને પાપના વ્રત–અવ્રતના વિકલ્પ ઊઠે, શુભ અશુભ રાગ થાય—એ બધાં પુદ્ગલના પરિણામ છે, એ તારા પરિણામ નથી. આહાહા...! ભારે આકરું કામ પડે. જે ભાવે

તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ પુદ્‌ગલના છે, એમ કહે છે. એય! ષોડષ કારણ ભાવના. એય, ચૈતન્યજી! ષોડષ કારણ ભાવના ભાય દર્શનવિશુદ્ધિ, આવે છે ને. કહે છે, અરે ભગવાન! એ વિકલ્પ છે, એ તો રાગ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ તો રાગ છે. રાગ છે તે પુદ્‌ગલ છે કારણ કે રાગનું બંધન પુદ્‌ગલ ને પુદ્‌ગલનો સંયોગ પુદ્‌ગલ. એમાં કાંઈ ચૈતન્ય બૈતન્ય સ્વભાવ છે નહીં. આકરું જગતને ભારે કઠણ પડે.

બહારમાં માની લીધું છે ને. આ વ્રત કર્યા ને આ અપવાસ કર્યા ને આ પર્યુષણમાં આઠ અપવાસ કરે તો આહાહા! ભારે નિર્જરા થાય ભારે અપવાસ કરે તો. 'અપવાસ' છે, તારા ઉપવાસ ક્યાં હતા? ઉપવાસ તો આત્મા આનંદ સ્વરૂપમાં સમીપમાં જઈને આનંદની શાંતિ વેદે, એને 'ઉપવાસ' કહીએ, બાકી તો 'અપવાસ' છે. એ ક્રિયાના રાગની મંદતાનો કદાચિત ભાવ હોય તો પણ તે અપવાસ—માંઠો વાસ છે. શુભ ભાવ તે આત્માનો સ્વવશપણુંથી પરવશપણું છે, કાયોત્સર્ગમાં આવે છે ને, 'નિયમસાર' આહાહા...! સંયમી હોવા છતાં શુભભાવ છે. એ પરવશપણું છે, એવો શબ્દ આપ્યો છે ત્યાં. ઓહોહો!

પંચમહાવ્રત જેવા પરિણામ, જેને દુનિયા એમ કહે કે, 'આહાહા! બાપા! પંચ મહાવ્રત મેરુ ઉપાડ્યો એણે તો.' દીક્ષા લે અને ન લેવાય તો દીક્ષા લે એને અનુમોદે, ઘરેથી કાઢે. શું કહેવાય? વરઘોડો. એટલો તો લાભ લ્યો, આપણે ઘરે છોકરાઓ દીક્ષા નથી લઈ શકતા. કો'કનાએ લીધો. ખરચો દશ હજાર, ઘરેથી કાઢો વરઘોડો. વરમાં લઈ જાય લ્યો, ફલાણાભાઈને ઘરે, પોપટભાઈના ઘરેથી વરઘોડો નીકળ્યો છે. ઓહોહો! (શ્રોતા : પૈસાદાર હોય તો કાઢે.) શેના વરઘોડા હતા? વર 'ઘોડા' છે ઈ બધા! વર જોવા છે બધા! આહાહા...! ઓલી વર-ઘોડાની દીક્ષા થાય. દીક્ષા આ થાય. અરે બાપા! તને દીક્ષા શું એની ખબરું નથી.

આત્મા જ્ઞાન સાગર પ્રભુ અંતર આનંદની મૂર્તિ, એને પુણ્ય પાપના વિકલ્પના અજીવથી જુદો પાડીને ઠરવું, એમાં એનું નામ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. અને પછી સ્વરૂપના આનંદની રમતામાં રમવું, એનું નામ દીક્ષા ને ચારિત્ર છે. આ લુગડાં ફેરવ્યાં ને થઈ ગયા ચારિત્ર. એ પ્રકાશદાસજી! એ વાત નહોતી તમારે પકડવામાં, રહી ગયું. આહાહા! વસ્તુની ખબર ન મળે તને.

'यातैं अनमिल और सब' આ એક ચૈતન્ય સ્વરૂપના જ્ઞાન, દર્શન, આનંદના ગુણ સિવાય જેટલા વિકલ્પની લાગણી હો, સબ આત્માના સ્વભાવથી અણમળતા ભાવ છે. અણમળતાને કારણે તેને જીવ નહિ કહેતાં, તેને અજીવ પુદ્‌ગલ કહેવામાં આવે છે.

સોમચંદભાઈ! બહુ, બાપુ ભાઈ! આહાહા...! આવો માર્ગ!

લોકો કહે છે કે આવો તો આ વીતરાગમાર્ગ આમ કહેતા હશે? આ તે શું કોણ કહે છે આ? તાકાત નથી બીજાની કોઈ. સર્વજ્ઞ પરમેશ્વરને સંતો વીતરાગી મુનિ, એ સિવાય તાકાત નથી કે રાગને 'જડ' કહે ને 'પુદ્‌ગલ' કહે. મહાવ્રતના પરિણામને 'પુદ્‌ગલ જડ' કહે! આહાહા...! રાગ છે ને ઈ! એનાથી પુદ્‌ગલ કહે તો એના...લ્યો. 'अनंत गुण संपन्न है इससे भिन्न और सब पुद्‌गलकी परिणति है'. એ તો પુદ્‌ગલની દશા (છે). એમ આત્માના આનંદ સ્વરૂપ એવા અનંત ગુણમાં એકાકાર થઈને શ્રદ્ધા પ્રાપ્ત કરવી અને રમણતા પ્રાપ્ત કરવી, એનું નામ ધર્મ છે. બાકી ધર્મ-બર્મ, વ્રત, તપ ને એવા વિકલ્પમાં ધર્મ છે (નહીં).

(પ્રમાણ વચન ગુરુદેવ)

કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથાકાળના પુણ્યવંત નર ચક્રવર્તી આદિક તેમને હતો અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી. પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢુંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે; ત્યારે સ્વરૂપનાં પરિણામ કરે તો કોણ રોકે છે ? પરપરિણામ સુગમ, નિજપરિણામ વિષમ બતાવે છે, દેખો અચરજની વાત ! પોતે દેખે છે– જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી ! સંસાર ચાતુરીનો ચતુર, પોતાને જાણવામાં શઠ, એવી હઠ–ધિઠતા પકડી પકડીને જ પરવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવશુદ્ધિ વિસારી ભારે ભવબંધન કરી આંધળો બની, અંધ ધંધમાં ધાયો, પોતે ઓળખાયો નહિ.

(શ્રી અનુભવપ્રકાશ, દીપચંદજી, પાનું–૫૭)

## પ્રવચન નં. ૩૩, ફાગણ સુદ ૮ ગુરૂવાર તા. ૪-૩-૧૯૭૧
## અજીવદ્વાર પદ ૪, ૫, ૬, ૭ પર પ્રવચન

'સમયસાર નાટક' ૪થા પદનો ભાવાર્થ. કળશ ત્રીજો છે. એનું ચોથું પદ છે. આ 'અજીવ અધિકાર'.

ચૈતન્ય જે આત્મા ચૈતન્ય છે. ચેતન છે આત્મા, આત્મા અંદર. એમાં 'चैतन्य, ज्ञान, दर्शन, सुख, वीर्य आदि आत्माके अनंत गुण है'. એમાં અનંતગુણ છે. આત્મામાં ચૈતન્યનો જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિનો ગુણ છે અનાદિ. અનંતા ગુણ સ્વરૂપ આત્મા છે. 'और आत्मगुण सिवाय' જેટલાં સ્પર્શ છે. આ સ્પર્શ શરીરનો, રસ, ગંધ, વર્ણ(રંગ) શબ્દ એ બધાં જડ છે, એ અજીવની સત્તા ધરાવે છે. પ્રકાશ, ધૂપ, ચાંદની, ચંદ્રની છાયા, અંધકાર, શરીર, ભાષા ને મન, શ્વાસ, એ બધું અજીવ છે, એ આત્મામાં નથી. શરીર, ભાષા ને મન અને શ્વાસોચ્છ્‌વાસ આ જડ છે, અજીવ તત્ત્વ છે, જીવમાં એ નથી. કહો, શ્વાસની ક્રિયા પણ કરવી એ આત્માના અધિકારની વાત નથી, એવી વાત છે.

(શ્રોતા : એ જડ છે પણ આત્માને આધીન નથી, એમ એમાં નથી) પણ એમાં શું થયું? ઈ જડ છે એનો અર્થ શું થયો? ઈ અજીવ છે. અજીવ છે, ઈ જીવથી કાંઈ પણ એની સત્તા હોતી નથી. આહા! જગતને આ વાત બેસવી કઠણ. અજીવ તત્ત્વથી જીવ તત્ત્વ જુદું બતાવવું છે ને અહીંયા. પહેલાં જીવમાં હૈયાતિથી વાત કરી'તી. આ અજીવમાં આ જીવમાં આ નથી....નથી....નથી એમ કરીને જીવની વાત બતાવે છે. નથી નો અર્થ એ કે એ જીવથી એમાં કાંઈ થાતું નથી. કર્તા-કર્મમાં એમ આવે, પણ અહીં અસ્તિત્વ બતાવવું છે ને. આહાહા!

શરીર ઈ આત્મામાં નથી, ભાષા નથી, મન નથી, અને શ્વાસોચ્છ્‌વાસ, ઈ બધાં અજીવ છે. અજીવની હૈયાતિમાં જીવની હૈયાતિ નથી. જીવની હૈયાતિમાં ચૈતન્ય જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ છે. એની હૈયાતિમાં ભાષા, મન, શ્વાસ નથી અને ભાષા મન ને શ્વાસમાં આત્મા નથી. હવે એ કોનું કરે? બીજાનું કરી દે કે નહીં કાંઈક? બીજાનું કલ્યાણ કરે કે નહીં આત્મા? કોણ શું કરે? એ કહેશે હમણાં વિશેષ. શરીર, ભાષા, મન, શ્વાસ એ બધાં અજીવ છે. એ અજીવને લઈને એમાં બધું પરિણમન નામ દશા થઈ રહી છે, જીવને લઈને નહીં. પણ આ કામ વાસના, ક્રોધ, લોભ અને કપટ એ જે ઇન્દ્રિય અને

મનને ગમ્ય છે. ઇન્દ્રિય મનને ગમ્ય છે, પુણ્ય-પાપનાં વિકલ્પો કામ-ક્રોધ આદિ એ પણ પુદ્‌ગલિક છે. આહાહા! એ ચૈતન્યનાં (નથી), ચૈતન્યમાં (નથી,) ચૈતન્ય એમને આધારે રહેલો નથી.

આ શરીર સાધન છે ને ધર્મ કરવામાં, શરીર ન હોય તો....આવ્યું'તું ને એક ફેરી ક્યાંક નહીં. વિચારી શકે નહીં. આહા...! શરીર પુદ્‌ગલ ન હોય તો આત્મા વિચારી શકે નહીં. પુદ્‌ગલ ન હોય તો કાંઈ કામ કરી શકે નહીં અને પુદ્‌ગલનો જ આખો'દિ સંસારનો સાર હોય છે. આયા થા ને....(શ્રોતા : યાદ રાખ્યું) યાદ રાખ્યું ને. એને ભઈ જોયા'તા ને. બધા પાસે ચોખા મૂકી આવ્યા. (શ્રોતા : બધા બેઉનાં જોઈ લીધા) જોઈ લીધા. આહાહા! ભગવાન તારી ચીજ એવી છે કે જેમાં તો જાણવું દેખવું ને આનંદ ભર્યો છે. એ ચીજમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ ને આ ભાષા, મન, થવાનો કોઈ પ્રસંગ ત્યાં અંદર છે નહીં. (શ્રોતા : એને સહકારી કારણ તો 'પ્રવચનસાર'માં કહ્યું છે)

સહકારીનો અર્થ શું? જડ છે બસ. એમાં આ નિમિત્ત કહેવાય. એની ક્રિયા થાય ત્યારે નિમિત્ત, એનો અર્થ કે એમાં નથી અને એનાથી થાતું નથી. એનો એ અર્થ ઈ છે. આહાહા! ઉપાદાન—નિમિત્તમાં આવ્યું'તું સવારમાં નહીં સજ્જાયમાં? આહીં તો એણે એમ કહ્યું, ઇન્દ્રિય અને મનને ગમ્ય જેટલી ચીજ છે એ બધી પુદ્‌ગલિક છે. પુણ્ય અને પાપનાં ભાવ પણ ઇન્દ્રિય અને મનથી ગમ્ય છે, વિભાવ છે એ અજીવ છે. (શ્રોતા : ક્રોધ એ તો જીવમાં ઉત્પન્ન) ઈ ઉત્પન્ન થાય છે એ અજ્ઞાનદશામાં થાય છે, વસ્તુમાંથી (ઉત્પત્તિ) નથી. ઠીક કહે છે પંડિતજી. શેઠી! ઉત્પન્ન થાય છે તો જીવમાં થાય છે, એમ કે કામ—ક્રોધ આદિ. જીવદ્રવ્યમાં નહીં, જીવવસ્તુના સ્વભાવમાં નહીં. એની પર્યાયમાં એ પુદ્‌ગલિક ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો ચૈતન્યસ્વરૂપ આનંદ સ્વરૂપ છે. એનું પરિણમન થાય તો જાણવું દેખવું ને આનંદરૂપે થાય. એ કાંઈ રાગરૂપે થાય એવું એનું સ્વરૂપ છે નહીં. એ અજ્ઞાનભાવે અંશબુદ્ધિમાં, પર્યાયબુદ્ધિમાં, સ્વભાવબુદ્ધિનો અનાદર કરીને અજ્ઞાનપણે વિકાર કરે, એ એની ચૈતન્યની અશુદ્ધ દશા છે. પણ સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ એનું કાર્ય છે (નહીં.) આહાહા! સમજાણું કાંઈ? કામ, ક્રોધ, લોભ, માયા, માન આદિ, હરખ-શોક, એ કુછ ઇન્દ્રિય ઔર મન ગમ્ય હૈ. એ સબ અજીવ—પુદ્‌ગલ—અચેતન છે. આહાહા!

ચૈતન્યનો સાગર ભગવાન આત્મા એને એ વિકલ્પો અને શરીર, વાણી, મન ને શ્વાસ અડ્યા એ નથી. આવી દૃષ્ટિ કરવી અંતર ચૈતન્યમાં, ચૈતન્યને ચેતન્ય તરીકેનો ભાવ

છે એને દૃષ્ટિમાં લેવો અને આ ભાવ દૃષ્ટિમાંથી છોડી દેવો. સમજાણું કાંઈ? એનું નામ જીવને જાણ્યો અને જીવને માન્યો અને એને આત્મજ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહાહા! એ ચોથું થયું. હવે સંસ્કૃત શ્લોક ૪થો, ઓલી કોર શ્લોક ૪થો પદ પાંચમું.

**सकलमपि विहायाह्माय चिच्छक्तिरिक्तम्**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं।**
**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तं।।४।।**

એનું પદ ૫મું. 'आत्मज्ञानका परिणाम'

આત્મજ્ઞાનનું પરિણામ (કવિત્ત)

**जब चेतन सँभारि निज पौरुष,**
**निरखै निज दृगसौं निज मर्म।**
**तब सुखरूप विमल अविनासिक,**
**जानै जगत सिरोमनि धर्म।।**
**अनुभौ करै सुद्ध चेतनकौ,**
**रमै स्वभाव वमै सब कर्म।**
**इहि विधि सधै मुकतिकौ मारग,**
**अरु समीप आवै सिव सर्म।।५।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પૌરુષ=પુરુષાર્થ. નિરખૈ=જુએ. દૃગ=નેત્ર. મર્મ=અસલપણું. અવિનાસી=નિત્ય. જગતસિરોમનિ=સંસારમાં સૌથી ઉત્તમ. ધર્મ=સ્વભાવ. રમૈ=લીન થાય. વમૈ=ઉલટી કરે(છોડી દે). ઇહિ વિધિ=આ રીતે. મુકતિ(મુક્તિ)=મોક્ષ. સમીપ=પાસે. સિવ(શિવ)=મોક્ષ. સર્મ=આનંદ.

**અર્થ :**–જ્યારે આત્મા પોતાની શક્તિને સંભાળે છે એ જ્ઞાનનેત્રોથી પોતાના અસલ સ્વભાવને ઓળખે છે ત્યારે તે આત્માનો સ્વભાવ આનંદરૂપ, નિર્મળ, નિત્ય અને લોકનો શિરોમણિ જાણે છે, તથા શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરીને પોતાના સ્વભાવમાં લીન થઈને સંપૂર્ણ કર્મમળને દૂર કરે છે. આ પ્રયત્નથી મોક્ષમાર્ગ સિદ્ધ થાય છે અને નિરાકુળતાનો આનંદ નિકટ આવે છે. ૫.

**अर्थ :**–जब आत्मा अपनी शक्तिको सम्हालता है और ज्ञाननेत्रोंसे अपने असली स्वभावको परखता है तब वह आत्माका स्वभाव आनंदरूप, निर्मल, नित्य और लोकका शिरोमणि

जानता है, तथा शुद्ध चैतन्यका अनुभव करके अपने स्वभावमें लीन होकर सम्पूर्ण कर्मदलको दूर करता है। इस प्रयत्नसे मोक्षमार्ग सिद्ध होता है और निराकुलताका आनंद निकट आता है।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! બહુ માખણ ને ઝીણી વાત સૂક્ષ્મ. 'जब चेतन सँभारि निज पौरुष'. અનાદિનો પુણ્ય અને પાપનાં રાગ–વિકલ્પો, શરીર, વાણીને સંભારતો કે આ હું છું, એ અજ્ઞાન છે. જબ આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપમાં જાણક સ્વભાવ, આનંદ સ્વભાવ, દૃષ્ટા સ્વભાવ–એવા સ્વભાવને સંભારે છે. પોતાના પુરુષાર્થથી, એમ કહે છે દેખો. કોઈ કર્મ–બર્મ માર્ગ આપે તો થાય. ઈ તો પુરુષાર્થથી આ જણાય છે. સમજાણું કાંઈ? જૈન ધર્મની કળા–રીત જ કોઈ અલૌકિક છે. લોક પાસે એવી રીતે કદરૂપે મુકાણી છે કે ધર્મનો રૂપ એક બાજુ રહી ગયો.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ, એના સ્વભાવ સન્મુખ જઈને પોતાના સ્વભાવને સંભારે છે પોતાનાં પુરુષાર્થ વડે. પોતાનો વીર્ય જે પુરુષાર્થ છે એ સ્વભાવ સન્મુખ વાળતાં પોતાની યાદગીરીને સંભારવું, આ સંભારણું થાય છે. વર્તમાન જ્ઞાનની દશાને અને પુરુષાર્થની દશાને અંતરમાં વાળવી એ પુરુષાર્થ. કહો સમજાણું કાંઈ? ભારે ભાઈ. 'जब चेतन सँभारि निज पौरुष' પોતાનો પુરુષાર્થ, એમ કહે છે ને. 'अपनी शक्तिको सम्हालना है', લ્યો.

'निरखै निज दृगसौ निज मर्म'—પોતાનાં જ્ઞાનનેત્ર દ્વારા પોતાનો મર્મ જે શુદ્ધ આનંદ સ્વરૂપ છે એને એ પરખી લે છે. આહાહા! નિરખે. 'निरखै निज दृगसौ निज मर्म' નિજ દૃગ નામ જ્ઞાનનેત્ર. જ્ઞાનની નિર્મળ પર્યાય–જ્ઞાનનેત્ર, એ દ્વારા અંતરમાં નિરખે. 'निज दृग' પોતાની દૃષ્ટિથી જ્ઞાનનેત્ર નિજ મર્મ (નિરખે). ધર્મ કે અસલી સ્વભાવકો પરખતા હૈ. મર્મ એટલે શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ અસ્તિ હૈયાતિરૂપે આનંદ અને જ્ઞાનાનંદ એના સન્મુખ થઈને પુરુષાર્થથી જ્યારે આત્માને યાદ કરે છે, ત્યારે પોતાના અસલી ધર્મ–સ્વભાવને પરખીને ઓળખી લે છે. આહાહા! દુનિયાને બહારથી આ વ્રત ને અણુવ્રત ને આ ને તે ને. અરે! ભગવાન, એ વ્રત ને અણુવ્રતનાં વિકલ્પો અચેતન છે, જડ પુદ્‌ગલ છે. આહાહા! અને વાતનો નિવેડો કરતાં વાર લાગે માણસને. આહાહા! હજી એને બેસતાં વાર લાગે. અંદરમાં જતાં અનુભવ કરતાં તો કેટલી વાર લાગે!

કહે છે. 'निरखै निज दृगसौ निज मर्म' પુણ્ય ને પાપનાં વિકલ્પોને સંભારીને જે ધર્મ કરું છું એમ જે અજ્ઞાનમાં માનતો હતો, એ નિજ નેત્ર અંતર જ્ઞાનના દ્વારા અંતર નિરખતાં ધર્મનું અસલી સ્વરૂપ તેની દૃષ્ટિમાં ધર્મીને આવે છે. ભારે વાતું ભાઈ! સમજાણું

કાંઈ? આ તો શુભ ઉપયોગને તો અચેતન કહ્યો. આહાહા! હવે એ સાધન કહ્યું. (શ્રોતા : વ્યવહારે) હા, ભગવાન શું થાય! એ નથી એને ઉપમા આપીને પોતાનો સ્વભાવ સાધન કરે છે ત્યારે ઓલો શુભ ઉપયોગ ભૂમિકામાં કેટલી જાતનો કેવો હોય, એવું જણાવવા એને સાધનની ઉપમા આપી છે. ભાઈ! વાત તો આમ છે. સમજાણું કાંઈ?

'तब सुखरूप विमल अविनासिक' પોતાનો સ્વભાવ ભગવાન આત્મા અંતર્મુખનાં પુરુષાર્થ દ્વારા ધર્મનાં અસલી મર્મ ને અંતર પરખતાં સુખરૂપ વિમલ અને અવિનાશીરૂપ અનુભવે છે. હું તો આનંદરૂપ છું. અતીન્દ્રિય આનંદરૂપ છું, નિર્મળ છું, અવિનાશી છું. સુખ આનંદ અને જ્ઞાન એ કાયમ ટકનારાં અવિનાશી છું, એવું ધર્મીને સ્વભાવનાં સંભારમાં, સંભારવામાં, યાદગીરીમાં આવો એને સ્વાદ અને જ્ઞાનની પ્રગટ દશા થાય છે. ભારે ધર્મની વ્યાખ્યા આવી. સમજાણું કાંઈ? બહારમાં લાગે, બહારમાં કેવું લોકોને. અણુવ્રત પાળો. ભાઈ! અણુવ્રત શું હશે ચીજ, ભાઈ! તને ખબર નથી. એ વિકલ્પ—વૃત્તિ ઉઠે છે કે આ અણુવ્રત, એ વિકલ્પ છે, એ તો રાગ છે ભાઈ! એ તારા ચૈતન્યનો આભાસ દેખાય છે તને એમાં, એ ચૈતન્ય છે (નહીં.) આહાહા!

કહે છે, 'जब चेतन सँभारि तब सुखरूप विमल अविनासिक' ભાનમાં આવે એમ કહે છે. છે ને શબ્દ—जब, तब આત્માકા સ્વભાવ આનંદરૂપ, વિમલ અને નિત્ય. જ્યારે સંભારે ત્યારે તે ચૈતન્યનું ભાન આમ થાય છે, કહે છે, સંભારે તો....સમજાણું કાંઈ? જડ-ચૈતન્યની ભિન્નતા ભાસતાં ભગવાન આત્મા આનંદમય, નિર્મળ જ્ઞાનમય અને કાયમ ટકતો તત્ત્વ અવિનાશી એવો ધર્મનો સ્વભાવ ધર્મીને ભાસે, ત્યારે એને ધર્મ કહેવામાં આવે છે. ભારે કામ! કહો આમાં ઉપધાન ને બધા તપ ક્યાં ગયા? પહેલી ભૂમિકામાં તો એ આવે ને? હોય કે નહીં? પહેલી કોને કહેવી? પહેલી જ આ કહેવાય. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ એણે જે આત્માને કહ્યો એવો આત્મા અંદર જોવા માંગે. જબ જોવે તબ એ આત્માના આનંદ અને જ્ઞાનનું ભાન એને આવે, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો પોપટભાઈ, જુઓ.

'जब चेतन सँभारि निज पौरुष, निरखै निज दृग सौं निज मर्म। तब सुखरूप विमल अविनासिक जातै जगत सिरोमनि धम' જગતનો શિરોમણિ. હું આત્મા છું એવું એને ભાન થાય. કહો સમજાણું કાંઈ? વિકલ્પ છે દયા-દાન-વ્રતનો, એનાથી ભિન્ન શિરોમણિ આત્માનો ધર્મ ભિન્ન છે. આહાહા! કહો પંડિતજી. ઉસમાં આ વ્યવહાર ક્યાં આયા? અરે વ્યવહાર તો ભિન્ન રહ ગયા ભગવાન. આહાહા! એને તો અહીંયા અચેતન—પુદ્‌ગલ—અજીવ કહ્યો. આહાહા! એ અજીવ અચેતન એ ચૈતન્ય મદદ કરે? ભારે કામ છે બાપા! તારો પણ, જન્મ-મરણ મટવાનાં ઉપાય જ આવા જ હોય ને.

ચોર્યાસીના અવતાર ઘાણીમાં પિલાય છે. જન્મે-જન્મે દુઃખી થઈને ફરે છે. 'जन्म दुखं जरा दुखं जराए मरणानि अहो विषै संसारे जत किसंतिजंतुणो'. જનમનાં દુઃખ, મરણનાં દુઃખ, જરાનાં દુઃખ, રોગના દુઃખ, અહો દુઃખો સંસારો! જ્યાં કલેશમાં પડ્યો જીવ ક્લેશ ચિત્તને અનુભવે છે, ત્યાં આત્મા નથી એમાં. ભગવાન આત્મા એવા ક્લેશનાં ભાવની વૃત્તિઓથી તદ્દન જુદો અને અંતરના યાદગીરી સ્વભાવને ભૂલેલો, અનાદિનો, એને સંભારતાં આનંદ જ્ઞાન અને અવિનાશી એવો ધર્મનું ભાન એને થાય છે. શિરોમણિ ધર્મ પાછો એમ કીધું. ઓલાએ શિરોમણિ જાનતા હૈ. લોકના શિરોમણિ પોતાને જાણે એમ. આહા!

'अनुभौ करै सुद्ध चेतनकौ', પછી આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ એનો અનુભવ કાયમ જાળવી રાખે. આ કરવાનું ને આ ધરવાનું. આરે આરે! ઓલા કહે, આ ઠીક કાંઈ કરવા–ધરવાનું કાંઈ નથી, એમ બોલતા આગ્રામાં એક પંડિત હતા પંડિત. માણસ બારસ ચૈત્ર સુદ તેરસ નહોતી નહીં, બારસ હતી. બારસ હતી. તેરસે તો ઉપડી ગ્યા'તા આગે. માણસ તો ઘણું હજારો માણસો ઘણાં. એક પંડિત ઉભો થઈ ગયો એક અમથો. 'બડા આનંદ હૈ, કરના–ધરના કુછ નહીં અને બડા આનંદ હૈ'. અરે ભગવાન! આગ્રા. અરે! પ્રભુ. આ કરના–ધરના આ નહીં ભાઈ!

રાગનાં વિકલ્પથી ભિન્ન પ્રભુને પાળવો એમાં ધારી રાખવો ભાવને એ કરના–ધરના નહીં? (શ્રોતા : એ જ કરના–ધરના છે.) બીજું શું છે? પંડિતજી. એ આગ્રાનો પંડિત હતો. શું નામ, નામ શું? નામ હતું કાંઈ. લાંબા હતા. એટલા બધા માણસોમાં બીજું તો શું કહે એ? આ તો સાંભળવા તો મોટા ઘણાં માણસો આવેલા. તો કહે. 'બડા આનંદ હૈ, કરના–ધરના કુછ નહીં.' ચંદુભાઈ. ભગવાન! એ કરવું એટલે આમ કાંઈ વિકલ્પ કરવો કે ક્રિયા કરવી ને ઈ કરવું અને એને ધારવું એમ. ભાઈ! વિકલ્પ અને ક્રિયા જડની એ તારામાં છે જ નહીં. અરે! કેમ બેસે? અનંતકાળથી એની એ વાતને બેસાડી નથી. આહાહા!

કહે છે 'अनुभौ करै सुद्ध चेतनकौ' શરીર, વાણી, મનનું અસ્તિત્ત્વ છે. પુણ્ય-પાપના વિકલ્પોની હૈયાતિ છે. એ ચૈતન્યનાં હૈયાતિમાં એની ગંધ નથી. એની હૈયાતિમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ એવા સ્વભાવનો અનુભવ કરી અને 'सुद्ध चेतनकौ' જુઓ, 'अनुभौ करै सुद्ध चेतनकौ' અશુદ્ધ પરિણામ–વિકલ્પને છોડી, શુદ્ધ ચૈતનનો અનુભવ કરે. 'रमै स्वभाव वमै सब कर्म–रमै स्वभाव वमै सब कर्म' પોતાના નિજ આનંદમાં રમે તો કર્મ અને રાગ–દ્વેષ વમે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાં જો રમે તો પુણ્ય-

પાપનાં વિકલ્પને વમે. આહાહા! ભાઈ, માર્ગ તો આ છે આવો. છેતરાઈ ગયો છે માળો. એવા મળ્યા છે ને.

પિરસણું એવું કર્યું માળે. પથરા મૂકી ગયા ભાણામાં (શ્રોતા : સોનેરી વરખ લગાડીને) સોનેરી વરખ લગાવીને. સોને નહીં, એક ઊંટના ઈંડા થાય છે ને. એ ઈંડા ઉપર જરીક સાકર ચોપડી અને આવડા આવડા લાડવા લાગે, ઊંટના ઈંડા, ઈંડા શું ઓલા શું કહેવાય ઈ? (શ્રોતા : લીંડા) લીંડા, લીંડા, ઊંટના લીંડા. આવડા આવડા લીંડો હોય ને મોટા. જરી ઉપર સાકર....પિરસ્યા. ખુશી થઈ ગયો, ભાંગે ત્યાં લાદ. આહાહા! એમ શુભની ક્રિયાના રંગ ચડાવી પિરસ્યાં એને કે જુઓ આ ધર્મ છે. ધૂળેય નથી સાંભળને. તોડે, ત્યાં વિકાર ધૂળ જડ છે એમાં તો. એવું આવે છે હોં હવે. એવા....રેવડી....રેવડી નથી થાતી. તલની રેવડી. આવડી આવડી તલની રેવડી. આ ય મોટા આવડા આવડા ત્યાં પિંડલા થાય એના હોં.

અમારે દુકાન પાલેજમાં હતીને. જોડે અમારે ઉમરાળાનો એક હતો કાસિમભાઈ–એ કરતા ત્યાં. ઉમરાળાનાં કાસિમભાઈ હતા, એ કરતાં બધું જોયેલું ત્યાં. ત્યાં ઈ ઘરમાં બધા ખુશ થાય જુઓ આપણા ગામના શેઠિયા છે. મોટા રેવડીનાં મોટા....વાળા. આવડા લાંબા લાગે. પછી એના કટકા કરે. એમને એમ રેવડી ને સાકર ખવડાવે, એમ લીંડા અને સાકર ખવડાવે. આરે....આરે....આહા! એમ આ ધર્મના નામે શુભભાવ-દયા-દાન ને વ્રત એ તો લીંડા છે. એમને નામે ધર્મ ચડાવ્યો માથે. લે આ ધર્મ. અરે! ભગવાન, છેતરાઈ ગયો છો હોં. પણ માળું સારું લાગે ઈ હો, કહેનારા એવા મળે ને. હા ભાઈ હા. આ આત્મા આવો છે અને એમાં વળી અનુભવ કરવો, ક્યાંયે નથી. મોં માથું હાથ નહીં આવે ત્યાં કહે ધર્મ આમ થાય. એ પોપટભાઈ! બાપુ માર્ગ તો આ છે ભાઈ.

'रमै स्वभाव वमै सब कर्म' કર્મનો નાશ થઈ જાય છે. (જ્યારે) આત્મા પોતાના રમણતામાં આવે. એ જેટલો રમે એટલા કર્મનો નાશ. બીજી કોઈ બાહ્ય ક્રિયાકાંડે કર્મનો નાશ થાય છે, એમ છે નહીં. 'इहि विधि सधै मुकतिकौ मारग' દેખો, આ રીતે મુક્તિનો માર્ગ સાધી શકાય. બાકી બીજી રીતે મુક્તિનો માર્ગ કહે તો એ માર્ગ છે નહીં. છે? 'इस प्रयत्नसे मोक्षमार्ग सिद्ध होता है', એમ કીધું, વિધિ છે ને. બાકી આ રીતથી, આવા પ્રયત્નથી સ્વભાવ સન્મુખનાં પ્રયત્નથી, અનુભવથી, સ્વભાવમાં રમવાથી કર્મનો નાશ થાય, એ એની વિધિ છે. એ મુક્તિનો માર્ગ આમ સધાય. આહા! ભારે કામ પણ!

ઓલા રાતે કહેતા'તા, એક જણા ડોહા આવ્યા'તા ને આ વૃદ્ધ. છોકરા વખાણ કરતા'તા. બહુ વૃદ્ધ હતા ઈ ભોગીભાઈ. બાપ–ભાઈ મોટાભાઈ. આ એમ કહેતા'તા કે

સિદ્ધગિરિનું નામ આવે ત્યાં કૂદે છે એમ કહે. અત્યારે પગ ઓલો થઈ ગયો છે. (શ્રોતા : લંગડો) લંગડો થઈ ગયો છે. અરે, ભગવાન! સિદ્ધગિરિ તો આત્મા છે આહીં. અનંતા સિદ્ધની દશાનું સમૂહ સંગ્રહાલય, સંગ્રહાલય આત્મા છે. આહાહા! અનંતા સિદ્ધની દશાઓ જે છે, એવી અનંતી અનંતી સિદ્ધની દશાનો સંગ્રહાલય આત્મા છે. આહાહા! એ સિદ્ધગિરિ ઉપર જા. તારી સિદ્ધિ થશે. બાકી આ સિદ્ધગિરિમાં જઈને કહે જ્યાં જાત્રા કરી. જાઓ કલ્યાણ થશે. છેતરાઈ ગયો છે ભાઈ!

હા. આમાં આવ્યું નહોતું 'યોગસાર'માં? તન મંદિરમાં જીવ જિન....તન મંદિરમાં જીવ જિન. શરીરમાં ભગવાન જિન સ્વરૂપ તે તીર્થ છે. નિજ તીર્થને જાણે નહીં ને બહારનાં તીર્થમાં ભટકા–ભટક કરે. (શ્રોતા : મને તો હાસ્ય ઉપજે છે એમ આચાર્ય કહે હસવું આવે છે.) હસવું આવે છે. હા, હા, આચાર્ય કહે છે. મોટો ચક્રવર્તી જેવો માંગે મૂર્તિ પાસે. ભાન થયા પછીનો શુભ વિકલ્પ હોય છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? પણ ભાન ન મળે, હું કોણ છું? સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ સિદ્ધગિરિ તો હું છું. કહો ભીખાભાઈ, શું હશે આ બધું?

ઈ વ્યવહાર હોય છે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન બને. પણ એ કોઈ ચીજ નથી. ચીજ તો ભગવાન આનંદનો નાથ પ્રભુ નિર્વિકલ્પ સ્વભાવ ઉપર આરૂઢ થાય, આ એણે તીર્થની યાત્રા કરી. પ્રકાશદાસજી! આરે આ! એકકોર મંદિર કરવા અને એકકોર આવું પાછું કહે. અરે, ભગવાન! સાંભળને ભાઈ. કોણ કરે ભાઈ! એ તો શુભભાવ હોય એટલે પર ઉપર લક્ષ જાય, તે તે પ્રકારનાં શુભ ભાવનાં પ્રસંગ હોય ત્યાં. બાકી વસ્તુ તો અંતરમાં આરૂઢ થાય, ત્યારે મુક્તિનો એ માર્ગ સાધે.

'अरु समीप आवै सिव सर्म' મોક્ષરૂપી લક્ષ્મી નજીક આવે. 'शिव' નામ મોક્ષનો, 'सर्म' એટલે સુખ. કહો, 'निराकुलताका आनंद निकट आता है सर्म' છે ને સુખ. પૂર્ણ આનંદ એવી સિદ્ધની પરમાત્માની દશા પોતાની, આવા અંતર સ્વભાવ સન્મુખની રમણતાથી પૂર્ણ આનંદની દશા નજીકમાં આવે છે. એ નજીકમાં એ પરમાત્મા થાશે, પણ આ વિધિએ છે. સમજાણું કાંઈ? આનંદ સમીપ આતા હૈ. લો, છે ને? નજીક આવે. એમાં ક્રમ ક્યાં રહી ગયો, નજીકમાં આવે એમાં. (શ્રોતા : એમાં ક્રમ આવ્યો) એ દેવાનુપ્રિયા! ક્રમબદ્ધ ક્યાં આવ્યું એમાં? (શ્રોતા : ઈ ટાઈમે થવાનું હતું તે આવ્યું) ઈ તો ભાષા થઈ, પણ ક્રમબદ્ધ એમાં ક્યાં આવ્યું? આહીં તો સમીપ આવે, એમ કીધું છે. એનો અર્થ થયો કે આત્માના સ્વભાવ તરફ થાય એટલે પર્યાય પ્રગટ થવાને કાળ જ થોડો હોય એને, એમ કહે છે. પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થવાને કાળ જ કોઈ હોય, કંઈ થોડો હોય.

એમ 'समीप आवै सिव सर्म'. આનંદના ઉભરા અતીન્દ્રિય આનંદનો નાથ પર્યાયમાં પૂર્ણ થઈને પ્રગટશે. એને મોક્ષ નજીક છે, એમ કહે છે, હવે દૂર છે નહીં. (શ્રોતા : 'જો જો દેખી વીતરાગને સો સો હોસી વીરા') ઈ પણ આ રીતે ને. ઈ આત્માનાં સ્વભાવ સન્મુખ જોવે, એને જે જે દેખ્યું, તે તે દેખવામાં એને આવે. (શ્રોતા : પણ સિર્ફ આત્મા જ યાદ રાખવો પડે ને) રાખે એમાં શું દાળિયા થયા? 'જે જે દેખી વીતરાગને, તે તે હોંસી વીરા, અનહોની કબ હુ ન હોસી, કાહે હોત અધીરા' પણ એનો અર્થ શું? જે વીતરાગે દેખ્યું, તે વીતરાગ અને સર્વજ્ઞ પદ એની પ્રતીતમાં આવ્યું. આવ્યા વિના દીઠું ક્યાંથી માન્યું?

'જે જે દેખ્યું વીતરાગને, તે તે હોસી વીરા' ઈ સર્વજ્ઞ પર્યાય; વીતરાગ દશા અને દીઠું તે એ બધી પ્રતીતમાં આવે ત્યારે એને વાત બેઠી કહેવાય કે એમને એમ બોલે એમાં બેઠી—બેઠી કહેવાય. આહાહા! ઈ ભાળે છે. ભાળે છે તો ઈ એમ તો. આહાહા! વીતરાગ-ભાવ જેના એક સમયની પર્યાયમાં આવ્યો અને સર્વજ્ઞભાવ જેની પૂર્ણદશા એક સમયમાં પ્રગટી, એણે દીઠું. પણ આ ભાવ છે એ પ્રતીતમાં આવે ત્યારે એણે દીઠું સાચું માને ને. તો એ ભાવ જ્યાં બેસાડવા જાય તો એને સ્વભાવ જ્ઞાયક સ્વભાવ તરફ સન્મુખ થયા વિના એ ભાવ બેસે નહીં કોઈ રીતે. સમજાણું કાંઈ? આહાહા!

એ ૫મો થયો ૫દ. ચોથાનો—ચોથો કળશ ને ૫મું ૫દ. હવે 'जड चेतनकी भिन्नता' ૫મો કળશ નીચે.

**वर्णाद्या वा रागमोहादयो वा भिन्ना भावाः सर्व एवास्य पुंसः।**
**तेनैवान्तस्तत्वतः पश्यतोऽमी नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्॥५॥**

જડ-ચેતનની ભિન્નતા (દોહરા)

**वरनादिक रागादि यह, रूप हमारौ नांहि।**
**एक ब्रह्म नहि दूसरौ, दीसै अनुभव मांहि॥६॥**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : બ્રહ્મ=શુદ્ધ આત્મા. દીસૈ=દેખાય છે.

**અર્થ :**—શરીર સંબંધી રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ અથવા રાગ–દ્વેષ આદિ વિભાવ સર્વ અચેતન છે, એ અમારું સ્વરૂપ નથી, આત્મનુભવમાં એક બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ નથી ભાસતું. ૬

**अर्थ :**—शरीर सम्बन्धी रूप, रस, गंध, स्पर्श आदि वा राग-द्वेष आदि विभाव सब अचेतन हैं, ये हमारे स्वरूप नहीं है; आत्मानुभवमें एक ब्रह्मके सिवाय अन्य कुछ नहीं भासता॥६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

वरनादिक रागादि यह—વર્ણ આદિ જડ તદ્દન સ્પષ્ટ અને રાગાદિ અચેતન સૂક્ષ્મ.

આહાહા! દેખો. અરે, આ વાતે વાતની વાતે ઘસાઈ ગઈ. વાત રહી ગઈ અને માળે...માળે ચડાવી દીધા બધે. આહાહા! બાપુ એમાં ભવનાં અંત નહીં આવે. એ દુનિયા વખાણ કરે અને દુનિયા ચડાવી દે માથે, એ નહીં શરણભૂત થાય ત્યાં. સમજાણું કાંઈ? 'शरीर सम्बन्धी रूप, रस, गंध, स्पर्श आदि' વર્ણાદિનું છે, ૨૯ બોલનું હતું પહેલા(શ્રોતા : ઉકરડો). રંગ, ગંધ, રસ, સ્પર્શ બધું જડ એની સાથે રાગ અને પુણ્ય—પાપનાં ભાવ એ જડ, લે. 'राग-द्वेष आदि विभाव सब अचेतन है'. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ અચેતન. એ મહાવ્રતનો ને અણુવ્રતનો વિકલ્પ ઉઠે તે અચેતન. આહાહા!

જગતને અંતરમાં શું ચીજ છે એ એનાં અચેતનથી ભિન્ન. 'અજીવ અધિકાર' છે ને. એ બધાં અજીવ છે. આહાહા! કહો શેઠી! ઉત્પન્ન તો હોતા હૈ આત્માકી પર્યાયમેં. (શ્રોતા : આત્માકી પર્યાય હૈ હી નહીં) ઈ આત્માકી પર્યાય ખરેખર નિશ્ચયથી હૈ હી નહીં. પુદ્‌ગલકી પર્યાય હૈ. આહાહા! (શ્રોતા : ઉસ પર્યાયકો પુદ્‌ગલકા સંબંધ જો હો ગયા) સંબંધે ય હો ગયા, એ પુદ્‌ગલકા હી હૈ. આહાહા! સમજાણું કાંઈ? કોને? જેને રાગ અને વિકલ્પથી ભગવાન આત્માની ભિન્નતા ભાસે તેને. આમ ભિન્નતા ભાસ્યા વિના રાગ પુદ્‌ગલનો છે. પુદ્‌ગલનો ગમે તેમ થાઓ, અમારે શું? મોહ નાચો તો નાચો. એ દેવાનુપ્રિયા!

દૃષ્ટિ છે સ્વભાવથી વિરુદ્ધ, અનુભવ દૃષ્ટિ નહીં અને રાગ અને વિકલ્પ ઉપર દૃષ્ટિ અને કહે મોહ નાચે તો નાચો પણ ક્યાંથી? નાચનારો જુદો પાડ્યા વિના નાચો આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા! એવો માર્ગ છે ભાઈ. બે—ચાર—દસ—પચ્ચીસ—પચાસ લાખની મૂડી હોય, એકનો એક છોકરો હોય, ૬૦ ની ઉંમર થઈ હોય, વીસ વર્ષે પરણ્યો હોય, પરણીને જ્યાં છ મહિના થયા અને એમ નિદાન થયું કે આને તો કેન્સર છે અન્નદાનીમાં અને એ કેન્સરમાં સડતો હોય, અંદર બળે દુઃખ, ઘરમાં છાવ થઈ જાય. શાંત....શાંત....કૃત્રિમ શાંતિ દેખાય. ઉદાસ....ઉદાસ.

અરે, આ પણ કન્યા પાંચ લાખ લઈને આવી છે ને. આ વરનાં લગ્ન વખતે દસ લાખ ખર્ચ્યાં'તાં ને. અરે! વીસ વરસનો જુવાન જેનાં કાળાં વાળ, હજી ધોળા ફૂટ્યા નથી. માંડ હજી મૂછ્‌યું ફૂટી છે. આહાહા! એકનો એક દીકરો હોય અને એ મરે, મરવાની તૈયારી આમ થઈ જાય છેલ્લા શ્વાસ હોં. જુઓ એ ઘરમાં દશા. ઉદાસ....ઉદાસ....ક્યાંય હરખનો હડકો ન દેખાય ક્યાંય. દેખાય? (શ્રોતા : આ પરની સાથે એકત્વ બુદ્ધિ). આહાહા. ના, ના, એ વાત ચાલતી નથી. બીજી વાત ચાલે છે આહીં એમ. આહીં તો કહે છે કે એવી સ્થિતિમાં

એને ક્યાંય પણ ઉદાસ સિવાય હડકો હરખનો ન આવે એમ.

એમ આત્મામાં રાગ–દ્વેષ આદિ મરી ગયેલાં છે ને આત્મા ચૈતન્યજ્યોત છે. એમ જ્યાં જાગીને જોયું ત્યાં બધો ઉદાસ....ઉદાસ....ઉદાસ....વૈરાગ્યથી ઉદાસ. ઓલા અજ્ઞાનથી ઉદાસ હતા, સમજાણું કાંઈ? ભર્યા ઘર બધાં સારા ન લાગે એ વખતે. એકનો એક દીકરો હોય અને આમ બધું ભર્યું હોય અને બબ્બે, ૧૨–૧૨ મહિનાથી તો લાડકે લાડુ ખવરાવ્યા હોય ને, આવે છે ને પહેલાં એવું હતું. હવે તો ક્યાંય અત્યારે તો એક દી' ન હોય. ચચ્ચાર દિનનાં લગન કર્યા હોય. ૪–૪–પાંચ 'દિ નવટંક જમાડતાં ને પહેલાં. નવટંકમાં એ વરસીતપ વરસી. તપ શું પણ વરસી. (શ્રોતા : વરોંઠી) શું કહેવાય? વરોંઠી....વરોંઠી. વરોંઠી કરે. તે વળી એક 'દિ વધારે દેવું પડે પાછું. આહાહા!

એ જુઓ, એ હોંશના હડકા વાગતા હોય ત્યાં. માનનાં હોંશનાં હડકા છે ઈ બધાં. એમાં એ મરવા પડે ને હાય! હાય! અરે, અમારા બધાં સાધનો અમે કર્યા એ નકામાં ગયા. અમારી માવતું માવજતી કાંઈ કામ ન કરી બેટા, એમ કરીને રોવે. પછી એની માં ય રોવે. શેનાં રોવે તું? રોનાર કે 'દિ રહેનારી રોવે, હવે સાંભળને. તારે એ રસ્તે જાવું છે. એમ ભગવાન આત્મા પોતાના પંથે પડતાં આખી દુનિયા ઉપરથી ઉદાસીન વૈરાગ થઈ જાય. સમજાય છે કાંઈ? એમ કહે છે અહીંયા જુઓને. વર્ણાદિ અને રાગ–દ્વેષ આદિ (શ્રોતા : બેય આવી ગયા.) બેય થયા. આહાહા!

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એવો ભગવાન સર્વજ્ઞે પરમેશ્વરે જોયો. એવા આત્માના અનુભવની અનુભવમાં પ્રતીતિ આવી. ત્યાં કહે છે કે એ બધું ય જડ–અચેતન છે. આહાહા! એ વ્યવહાર રત્નત્રય અચેતન. આહાહા! એ ભગવાનની ભક્તિ ને ગુરુની ભક્તિનો ભાવ અચેતન. આહાહા! બાપા, તારા નિરાળા રસ્તા નિરાળા છે ભાઈ! સમજાણું કાંઈ? અરે! શાસ્ત્રનાં ભણતર પણ બધા મૂર્ખાઈ જેવા છે, એમાં કંઈ સાર નથી. સવારમાં નહોતું આવ્યું? શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે. ઈ શાસ્ત્રપાઠી તો ઓલો વિકલ્પ અને પરલક્ષી છે, એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા! આત્મા તો એ પરલક્ષી જ્ઞાનનાં ભાવથી પણ એ ખરેખર તો એ અચેતન ભાવ છે, લ્યો. ચેતન હોય તો ભેગો આનંદ જોઈએ. એ આનંદ નથી માટે અચેતન છે. આહાહા! સમજાણું કાંઈ?

'वरनादिक रागादि यह, रुप हमारौ नांहि। एक ब्रह्म नहि दूसरौ', હું તો એ આનંદમય આત્મા બ્રહ્મસ્વરૂપ છું. આહાહા! 'ब्रह्म चिन्हैसौ ब्राह्मणा' બાકી બધા (અબ્રાહ્મણા). અબ્રામણા આહાહા! ભગવાન બ્રહ્માનંદ પ્રભુ, આત્માનુભવમેં એક બ્રહ્મકે સિવાય અન્ય કુછ નહીં ભાસતા, દેખો. આહાહા! આત્માનો અનુભવ થતાં એટલે જેવો

છે તેવો જ્ઞાનમાં આવીને પ્રતીત થતાં, રમણતા થતાં કહે છે કે ત્યાં તો એકલો બ્રહ્માનંદ પ્રભુ આત્મા છે, બીજી કોઈ ચીજ છે નહીં. આહાહા! વ્યવહારનોય અભાવ, નિમિત્તનો અભાવ, મહાપ્રભુનો સદ્‌ભાવ. વાતું બાકી બહુ મોટી પણ હોં. આહાહા!

એને એમ લાગે આવી વાત હોય કાંઈ. પહેલું તો ધર્મી પહેલો ધર્મ હવે કેમ કરતા હશે? ચલણગાડી હાલે તો પછી હલતાં હલતાં શીખે ને ચલણમાં. એવું નહીં? છોકરાને ઓલી નથી ચલણગાડી આપતા લાકડાની, પછી છોડાવી દે. એમ પહેલું ચલણગાડી તો આપો. આ ચલણગાડી જ આ છે. સાંભળને. આહાહા! ભગવાન આત્માનાં સન્મુખ થઈને અનુભવ કરવો ઈ જ એની ચલણગાડી, હવે હાલવા માંડ્યો, કરતાં કરતાં કેવળજ્ઞાનને પામશે. આહાહા! સમજાણું કાંઈ? ભારે કામ આકરું! હવે બહારમાં દેખાય, એવું આવે છે ને. 'પરમાર્થવચનિકા'માં નહીં? આગમની ક્રિયા બહારમાં દેખાય, આવે છે ને? 'પરમાર્થવચનિકા'માં. એમ કે આગમની ક્રિયા વ્યવહાર, વ્રત, આ ખાવું–પીવું, વ્રત–વ્રત, આગમ પદ્ધતિ દેખાય અને આત્માનો વ્યવહાર અનુભવ એ પણ ઝીણું પડે, કહે છે ન્યાં તો. આહાહા! સમજાણું કાંઈ?

'एक ब्रह्म नहि दूसरौ'—એક બ્રહ્મ પોતે હોં. બધાં થઈને એક બ્રહ્મ આત્મા એમ નહીં. એકલો ચૈતન્ય ભગવાન જ્ઞાનનો સૂર્ય આનંદનો સાગર શુદ્ધ અભેદ ચીજ, એ ઉપર દૃષ્ટિ પડતાં, અનુભવમાં એકલો આત્મા હોય, બીજી ચીજ હોય નહીં. એ અનુભવને ધર્મ કહે છે. આહાહા! કેટલાક કહે કે માળા સોનગઢવાળાએ સમકિત મોંઘું કર્યું. વળી એમ કહે છે કેટલાક. (શ્રોતા : સોંઘુ ય મળે તો ભલે લઈ આવે) આહાહા! ભાઈ, સોનગઢવાળાનો ને ફલાણાનો સમકિતનો એમ બે પ્રકાર ક્યાં છે? જ્યાં વ્યવહાર સમકિત એ સમકિત નથી ત્યાં વળી બીજો પ્રકાર ક્યાંથી આવ્યો? આહા! અનાકુળ આનંદ...., એને કેમ બેસે કંઈ! ગંધે ય આવી ન હોય. સાંભળવામાં આવ્યું હોય, વિચારમાં આવે નહીં. આવો મોટો પદાર્થ અંદર, આહાહા! શું કરે છે વાત આ?

૧૦–૧૦ મણના પથરા ચડાવ્યા હશે પાલીતાણા ઉપર. કામ થયું હશે ત્યારે નહીં? 'શેત્રુંજય'. હવે એને કીડીને કહે કે આ મોટા પથરા ઉપાડનારા ઉપાડીને માથે આ મંદિરો બનાવ્યા. ના, આ તો એમ કે આવા મોટા ૧૦–૧૦ મણના પથરા એમ. એને બેસે નહીં એને કીડીને. આહાહા! આ ૧૦ મણના પથરા ઉપર ચડતા હશે. કહે છે. એ તો ઉપરથી હશે ક્યાંક, હેઠેથી શું ચડે? એમ જેના હૃદય ટૂંકા અલ્પ છે એને આ વાત કે આહાહા! આવો આત્મા! અનંત આનંદના ચોસલાં જ્યાં પડ્યાં છે કહે છે કે આહાહા! અનંત અનંત બેહદ જેનો જ્ઞાન જેનો સ્વભાવ છે. જ્ઞાનની હદ નથી એવા સ્વભાવવાળું

તત્ત્વ એક જ દૃષ્ટિમાં આવતાં એને આત્મધર્મ શું છે એનું ભાન થાય. એ બાકી કોઈ ચીજ એમાં છે (નહીં). કહો સમજાણું કાંઈ? એના ઉપર દૃષ્ટાંત આપે છે. છઠ્ઠો કળશ.

**निर्वर्त्यने येन यदत्र किंचित्तदेव तत्स्यान्न कथं च नान्यत्**
**रुक्मेण निर्वृत्तमिहासिकोशं पश्यन्ति रुक्मं न कथंचनासिंम्।।६।।**

દેહ અને જીવની ભિન્નતા ઉપર દાખલો.

દેહ અને જીવની ભિન્નતા પર બીજું દૃષ્ટાંત (દોહરો)

**खांडो कहिये कनककौ, कनक-म्यान-संयोग।**
**न्यारौ निरखत म्यानसौं, लोह कहैं सब लोग।।७।।**

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : ખાંડો=તલવાર. કનક=સોનું. ન્યારૌ=જુદી. નિરખત=જોવામાં આવે છે.

**અર્થ :–**સોનાના મ્યાનમાં રાખેલી લોઢાની તલવાર સોનાની કહેવામાં આવે છે. પરંતુ જ્યારે તે લોઢાની તલવાર સોનાના મ્યાનમાંથી જુદી કરવામાં આવે છે ત્યારે લોકો તેને લોઢાની જ કહે છે.

**ભાવાર્થ :–**શરીર અને આત્મા એકક્ષેત્રાવગાહ સ્થિત છે. સંસારી જીવ ભેદવિજ્ઞાનના અભાવથી શરીરને જ આત્મા સમજી જાય છે; પરંતુ જ્યારે ભેદવિજ્ઞાનમાં તેમની ઓળખાણ કરવામાં આવે છે ત્યારે ચિચ્ચમત્કાર આત્મા જુદો ભાસવા લાગે છે અને શરીરમાંથી આત્મબુદ્ધિ ખસી જાય છે. ૭

**अर्थ :–**सोनेके म्यानमें रक्खी हुई लोहेकी तलवार सोनेकी कही जाती हैं; परंतु जब वह लोहेकी तलवार सोनेके म्यानसे अलग की जाती है तब लोग उसे लोहेकी ही कहते हैं।

**भावार्थ :–**शरीर और आत्मा एकक्षेत्रावगाहस्थित हैं। सो संसारी जीव भेदविज्ञानके अभावसे शरीरहीको आत्मा समझ जाते हैं। परंतु जब भेदविज्ञानमें उनकी पहिचान की जाती है तब चित्चमत्कार आत्मा जुदा भासने लगता है और शरीरमें आत्माबुद्धि हट जाती है।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સોનાના મ્યાનમાં રખી તલવાર લોઢાની, સૌ બધા એમ કહે કે સોનાની તલવાર....સોનાની તલવાર....સોનાની તલવાર નથી એ તો મ્યાન છે. આહા સમજાણું કાંઈ?

'खांडो कहिये कनककौ, कनक–म्यान–संयोग' લોઢાની તલવાર સોનાની કહી

જાતી હૈ. છે તો લોઢાની તલવાર. પણ સોનાનાં મ્યાનને કારણે તલવારને સોનાની કહેવામાં આવે છે. जब वह लोहेकी तलवार सोनेके म्यानसे अलग की....અક્ષર ફેર પડી ગયો છે છાપવામાં. તલવા....ર આની કોર જોઈએ, એને ઠેકાણે ભેગો આમ કરી નાંખ્યો છે. એમ છે ને બધે? જોડાઈ ગયો છે. સુધારી લેવું જોઈએ, હશે. લોહે કી તલવાર સોને કી મ્યાનસે અલગ કી જાતી હૈ. ત્યાં ખેંચીને બહાર આમ જોવે, એ તો લોઢાની છે. સમજાણું કાંઈ? મ્યાન સોનાનું માટે તલવાર સોનાની એમ છે નહીં. તદ્દન ભિન્ન છે.

શ્રીમદ્‌માંય આવે છે ને. (શ્રોતા : જેમ અસિ ને મ્યાન) 'જેમ અસિ ને મ્યાન' પણ એના પહેલાં? 'ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન, પણ તે બંને ભિન્ન છે. જેમ અસિ ને મ્યાન.' પણ ઈ દેહની ભિન્નની અર્થમાં રાગ અને દ્વેષ બધા દેહ જડમાં જાય છે. આહાહા! સમજાણું કાંઈ? 'ભાસ્યો દેહાધ્યાસથી ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન, પણ તે બંને ભિન્ન છે. જેમ અસિ ને મ્યાન.' તલવાર ને મ્યાન બે જુદાં, એમ ભગવાન આત્મા અને દેહ અને રાગ બે જુદાં. એકલો દેહ ન લેવો ત્યાં. પુણ્ય પાપનાં વિકલ્પ પણ બધા દેહ—કાર્મણ શરીરમાં જાય છે બધા.

(શ્રોતા : દૃષ્ટાંત તો સાહેબ બરાબર સમજાય છે.) દૃષ્ટાંત બરાબર સમજાવવા માટે દૃષ્ટાંત સમજાવવા માટે દાખલો નથી. સિદ્ધાંત સમજાવવા માટે દાખલો છે. હવે દાખલો સમજાવવા માટે છે કે ઓલો સિદ્ધાંત સમજાવવા માટે દાખલો છે? આહા! જેમ તલવારમાં ઉપર મ્યાન સોનાનું, એથી એ મ્યાન તલવારની એમ કહેવાય. પણ જ્યાં ભિન્ન પાડીને જોવે, તલવાર તો લોઢાની છે. એમ રાગ અને દ્વેષ શરીરવાળો આત્મા કહેવાય, પણ ઈ આત્મા એવો છે નહીં. રાગ અને વિકલ્પના દેહથી જુદો જાણતાં એ તો લોઢાની તલવાર જેવો ચૈતન્ય ભિન્ન છે. આહાહા!

કહો, આ તો છોકરા—બાયડી હારે તો સંબંધ નથી, પણ રાગ સાથે ય સંબંધ નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પણ સંબંધ વિનાનો છે ત્યારે જુઓને એમ, દેહને આમ છોડીને હાલ્યા જાય છે આમ. આહાહા! પાળી—પોષીને દેહ એવા કર્યા હોય, નવરાવી—નવરાવીને આમ સાબુનાં ઓલાં કરીને. ઘરમાં એની બધી ઘરવખરીયું ભેગી કરી હોય. એનાં નામનું બધું જુદાં જુદાં હોય અને પરની ઉપર પાછા નામ હોય. ત્યારે કોઈ ચોરી જાય તો ખબર તો પડે એમ. (શ્રોતા : પત્તો લાગી જાય.) પત્તો લાગી જાય. નામ જાણે આમ આવી, આમ આવી ક્યાંથી? હાલ્યાં, કોઈ સાથે આવ્યાં નહીં. એનાં નહોતાં ને સાથે ક્યાંથી આવે? એમ ખરેખર તો પુણ્ય ને પાપ એનાં નહોતાં તે સાથે

ક્યાંથી આવે? એ પલટીને બીજાં વિકલ્પો થાય. એ કંઈ મૂળ ચીજ એની નથી. આહાહા!

'सोनेके म्यानमें रक्खी हुई लोहेकी तलवार (सोनेकी कही जाती है) परंतु जब वह लोहेकी तलवार सोनेके म्यानसे अलग की जाती है, तब लोग उसे लोहेकी कहे।' લોગ તો પછી એને કહે, લોઢાની છે બાપા આ તો. 'शरीर और आत्मा एक क्षेत्रावगाह स्थित है' એક ક્ષેત્રે ભેગાં દેખાય માળા આહા! 'तो संसारी भेदविज्ञानके अभावसे शरीरको ही आत्मा समझ जाते है' સંસારીને રાગ અને શરીરથી ભગવાન ચૈતન્ય જુદો છે, એના ભાનના અભાવે, 'शरीरको ही आत्मा समझ जाते है' શરીર જ હું, રાગે ય હું, પુણ્ય ય હું, વ્યાપાર ય હું. 'परन्तु जब भेदविज्ञानमें उनकी पहिचान की जाती है तब चित्‌चमत्कार आत्मा जुदा भासने लगता है' એનું નામ ધર્મ અને એનું નામ સમ્યક્‌દર્શન કહેવામાં આવે છે. આહાહા! 'और शरीरमें आत्मबुद्धि हट जाती है' રાગ અને પુણ્યમાં આત્મબુદ્ધિ હટ જાય અને ભગવાન ચૈતન્ય આનદમાં આત્મબુદ્ધિ થઈ જાય ત્યારે રાગથી આત્મા ભિન્ન ભાસે, ત્યારે સાચું જ્ઞાન અને સાચું દર્શન કહેવામાં આવે.

(—પ્રમાણ વચન ગુરુદેવ.)

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ પણ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે. અર્થાત્ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એનાથી વિપરીત જો રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન પણ હોય તોય તે કદી સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. યોગ્ય જ છે—સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત મનુષ્ય જો ચાલવામાં મંદ પણ હોય તોય તે ધીરે ધીરે ચાલીને ઈચ્છિત સ્થાને પહોંચી જાય છે પણ એનાથી વિપરીત જે અન્ય મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ખૂબ ઝડપી હોય તો પણ ઈચ્છિત સ્થાને પહોંચી શકતો નથી.　　　(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ અધિ-૧, શ્લોક-૭૪)

## નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનના

છ ભાગના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૧૦૦૦૦૦=૦૦**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

**રૂા. ૫૧૦૦૦=૦૦**

શ્રી અંજુબેન માણેકલાલ (કૌશિકભાઈ), મુલુંડ

ડૉ. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા

શ્રી ઈવેટ મીલન શાહ, એન્ટવર્પ

**રૂા. ૧૫૦૦૦=૦૦**

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ધીરજબેન દાદભાવાળા

શ્રી રંજનબેન શાહ

શ્રી મંજુલાબેન ગાલા

ડૉ. હીરાબેન સી. શાહ

શ્રી પ્રસન્નભાઈ બ્રોકર

શ્રી મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી

શ્રી વિપુલભાઈ ભરવાડા

શ્રી સરોજબેન

શ્રી કનકબેન અનંતરાય શેઠ પરિવાર

શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર

શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર

શ્રી મીરા અનીલભાઈ શાહ, મસ્કત

શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર

શ્રી એક મુમુક્ષુબેન

**રૂા. ૭૫૦૦=૦૦**

શ્રી નીતાબેન મધુભાઈ દોશી પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી દક્ષાબેન બાબુલાલ ગાંધી

શ્રી ચંદ્રમણિબેન મણિયાર

શ્રી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા (ઘાટકોપર)

શ્રી ઉષાબેન કીર્તિભાઈ કોઠારી

શ્રી દેવાંગ

શ્રી મમતાબેન ભાવીન શાહ

શ્રી હસમુખભાઈ વસાણી

શ્રી કસુંબાબેન અમૃતલાલ શેઠ,
હ. સુધાબેન રજનીકાંત શેઠ

શ્રી હીરાબેન મણિલાલ શાહ

શ્રી દિવાળીબેન ભાણજીભાઈ ગડા

શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ

શ્રી લાભુબેન મનુભાઈ કામદાર, પરિવાર

શ્રી કનકબેન કે. શાહ, કે. કે. શાહ

શ્રી મીતાબેન નીતિનભાઈ ઉદાણી

શ્રી ચંદ્રાબેન

શ્રી ઈન્દુબેન એમ. શાહ

શ્રી રૂપાબેન બ્રોકર

શ્રી નયનાબેન સંઘવી

શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ

શ્રી રજનીભાઈ શાહ

શ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી લીનાબેન સંઘવી

શ્રી તરુબેન વી. શાહ

શ્રી ઈન્દુબેન જસવંતભાઈ મહેતા

શ્રી કાંતાબેન માસ્તર,
હ. મધુરીબેન નંદુ, સોનગઢ

શ્રી વસુમતી બાબુલાલ મોદી

શ્રી સેજલબેન મહેતા

શ્રી મીતેશ જે. મહેતા

શ્રી ઈન્દુભાઈ પીપલીયા, હ. મહેન્દ્ર પીપલીયા,
મનીષ પીપલીયા

શ્રી લક્ષ્મીબેન સાવલા

**રૂા. ૩૦૦૦=૦૦**

શ્રી ઝરણા કેતન શાહ

શ્રી બેલા કેતન દફતરી

શ્રી જ્યોતિબેન પ્રવીણભાઈ મહેતા

શ્રી હર્ષાબેન જનકભાઈ ટીમ્બડીયા

શ્રી ઈન્દિરા ધીરજલાલ શાહ

શ્રી નીકિતા ઋષભ મહેતા

**રૂા. ૨૫૦૦=૦૦**

શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ

શ્રી રંજનબેન પ્રવીણભાઈ અજમેરા

શ્રી બચુભાઈ પારેખ

શ્રી શાંતાબેન કે. શાહ

શ્રી રૂપાબેન કિરીટભાઈ જોબાળિયા

શ્રી પ્રતીભાબેન છેડા

શ્રી પૂર્ણિમાબેન રોહિત માલીયા

શ્રી ભારતીબેન સાવલા

શ્રી રસિલાબેન આર. કે. શાહ

**રૂા. ૨૧૦૦=૦૦**

શ્રી પ્રીતિબેન સંજીવભાઈ કોઠારી

**રૂા. ૧૧૦૦=૦૦**

શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ

શ્રી ભાનુબેન સૂર્યકાંત કામદાર

**રૂા. ૧૦૦૦=૦૦**

શ્રી કલ્પના ઉદય ગોસલીયા

શ્રી દેવીબેન નીતિનબાઈ અજમેરા

શ્રી રીદ્ધિ ઋષભ વોરા

શ્રી અંકિતા કિરણ દેસાઈ

**રૂા. ૫૦૦=૦૦**

ડૉ. દીપક શેઠ

શ્રી નલીની મિલન સંઘવી


શ્રી ભારતીબેન દિ. દોશી

શ્રી અંશ દેવેન દોશી

શ્રી અર્હન કૈનેશ શાહ

શ્રી પૂનમ પરાગ દેસાઈ

શ્રી હર્ષાબેન શાહ



શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર
(વિલે પાર્લા) મુંબઈ